

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# પ્રતિમાશતક

## શબ્દશઃ વિવેચન

## (ભાગ-૪)

: વિવેચક :

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# પ્રતિમાશતક
## શબ્દશઃ વિવેચન
ભાગ-૪

✤ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ✤

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

✤ આશીર્વાદદાતા ✤

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
**શ્રી મોહજિતવિજયજી મહારાજા** તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
**પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✻ સંકલન-સંશોધનકારિકા ✻

સ્વ. પરમપૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના સામ્રાજ્યવર્તી તથા
પરમપૂજ્ય પ્રવર્તિની સાધ્વીજી **રોહિતાશ્રીજી** મહારાજના
શિષ્યરત્ના સાધ્વીજી **ચંદનબાલાશ્રી**

✤ પ્રકાશક ✤

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા


વીર સં. ૨૫૩૫ વિ. સં. ૨૦૬૫

આવૃત્તિ : પ્રથમ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૨૧૦-૦૦


卐 આર્થિક સહયોગ 卐

પરમપૂજ્ય પરમોપકારી પૂજ્યપાદ શ્રીમદ્વિજય શ્રી **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન અધ્યાત્મયોગી પરમપૂજ્ય પંન્યાસપ્રવર શ્રી **ભદ્રંકરવિજયજી** મહારાજાના શિષ્યરત્ન પરમપૂજ્ય હાલારરત્ન શ્રી **કુંદકુંદસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન પરમપૂજ્ય પંન્યાસ શ્રી **વજ્રસેનવિજયજી** મહારાજના સદુપદેશથી **ઓશવાળ ચેરીટીઝ** – જામનગર તરફથી **ઓશવાળ યાત્રિક ગૃહ** – પાલીતાણામાં પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં થઈ રહેલ અનુષ્ઠાન-આરાધનાદિમાં થયેલ જ્ઞાનખાતાની ઉપજમાંથી નાદુરસ્ત તબિયતમાં કરી રહેલ વિદુષી સાધ્વી શ્રી **ચંદનબાલાશ્રીજી મહારાજની** શ્રુતભક્તિની અનુમોદનાર્થે આ ગ્રંથ પ્રકાશન કાર્યમાં ઉદારતાપૂર્વક સંપૂર્ણ લાભ લીધેલ છે.


: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

❖ મુદ્રક ❖

નવરંગ પ્રિન્ટર્સ

આસ્ટોડીયા, અમદાવાદ-૧. ફોન : (મો.) ૯૪૨૮૫૦૦૪૦૧ (ઘર) ૨૬૬૧૪૬૦૩

# પ્રાપ્તિસ્થાન

✤ **અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

**શ્રી નટવરભાઈ એમ. શાહ (આફ્રિકાવાળા)**
ફ્લેટ નં. ૫૦૧, બ્લોક-એ, રિદ્ધિવિનાયક ટાવર,
વિજયનગર રેલ્વે ક્રોસિંગની પાસે, નારણપુરા,
અમદાવાદ-૧૩.
☎ (૦૭૯) ૨૭૪૭૮૫૧૨

✤ **મુંબઈ :**

**શ્રી નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની
ઉપર, મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

✤ **જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

✤ **સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

✤ **રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

✤ **Bangalore :**

**Shri Vimalchandji**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross,
Bangalore-560053.
☎ (080) (O) 22875262, (R) 22259925

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, અનેક શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# ગીતાર્થ ગંગાના પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનના પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનના પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. जैनशासन स्थापना
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૯. प्रश्नोत्तरी

२०. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
२१. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-१
२२. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
२३. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?
२४. Is Jaina Order Independent Religion or Denomination ?
२५. Status of religion in modern Nation State theory
२६. ગૃહજિનાલય મહામંગલકારી
२७. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

## संपादक :- प. पू. गणिवर्य श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| १. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| २. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| 3. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ४. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ५. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ६. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ७. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |

## ગીતાર્થ ગંગા અંતર્ગત ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

१. ધર્મતીર્થ ભાગ-१
२. ધર્મતીર્થ ભાગ-२

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનના ગ્રંથો

### વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન

૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા–૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા–૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકા–૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા–૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા–૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા–૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા–૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા–૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા–૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા–૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા–૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા–૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા–૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા–૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા–૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા–૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા–૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા–૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા–૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા–૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન

# પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪ના સંકલન-સંપાદનની વેળાએ પ્રાક્કથન

ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ, સારસ્વતપુત્ર મહોપાધ્યાયજી **શ્રીયશોવિજયજી મહારાજા**ની એક અજોડ અનુપમ સ્વોપજ્ઞવૃત્તિ સહિત અણમોલકૃતિરૂપ **પ્રતિમાશતક** ગ્રંથરત્ન, આપણા સૌના અતિપરમ સદ્ભાગ્યને કારણે આપણને આ દુઃષમકાળમાં પણ સ્થાપનારૂપે રહેલ પરમાત્માના સ્વરૂપને પીછાણવા માટે પ્રાપ્ત થયેલ છે. જિનબિંબ અને જિનાગમ એ જૈનશાસનની મહામૂલી મૂડી છે.

**"દુષમકાળે જિનબિંબ જિનાગમ ભવિયણકું આધારા"**

આપણને પ્રાપ્ત થયેલ જ્ઞાનનિધિના ખજાનામાં પ્રતિમાશતક ગ્રંથરત્ન એ મહાકીમતી રત્ન કરતાં શ્રેષ્ઠ રત્નસ્વરૂપ છે. ન્યાયવિશારદ **ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી** મહારાજાની તર્કપરિકર્મિતબુદ્ધિ અને કલમે સર્જાયેલા અનેક ગ્રંથોમાંનો આ એક અતિ અદ્ભુત ગ્રંથ છે. આ ગ્રંથરત્નમાં પ્રાચીન સંદર્ભોના રહસ્યોને અનેક આગમપાઠો અને યુક્તિઓપૂર્વક નવ્યન્યાયની શૈલીથી ઓપ અપાયેલ છે. આવો મહામૂલો કીમતી ગ્રંથરત્ન અનેક જીવોને વાંચવામાં ઉપયોગી થાય એ માટે આ ગ્રંથરત્નનું ટીકા-ટીકાર્થ સહ શબ્દશઃ વિવેચન તૈયાર કરી **ગીતાર્થ ગંગા** સંસ્થાના ઉપક્રમે પ્રકાશિત કરવામાં આવેલ છે. ખાસ તો મારી નાદુરસ્ત રહેતી તબિયતમાં પ્રસન્નતા જળવાઈ રહે અને મુખ્યતાએ સ્વ-આત્મપરિણતિની નિર્મળતા થાય, આવા ઉત્તમ ગ્રંથરત્નના પદાર્થોના ચિંતન-મનન-નિદિધ્યાસન દ્વારા પરમ સુખાસિકાનો અનુભવ થાય તથા આત્માના સાચા સુખની પ્રાપ્તિ થાય એ રૂપ સ્વ-ઉપકારના લક્ષ્યથી આ નાનકડો પ્રયાસ કરેલ છે તે સાર્થકતાને પામે એવું ઇચ્છું છું.

**પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧, ભાગ-૨ અને ભાગ**-૩ના પ્રકાશન પછી **ભાગ**-૪ના પ્રકાશન માટે અનેક વિદ્વાનવર્ગની સતત માંગણી આવતી જ રહી છે કે **ભાગ**-૪નું પ્રકાશન ક્યારે થશે ? પરંતુ તબિયત અત્યંત નાદુરસ્ત રહેતી હોવાને કારણે ઘણો વિલંબ થયો છે. **પ્રતિમાશતક ભાગ**-૪ના સંપાદનનું આ સંપૂર્ણ કાર્ય અત્યંત નાદુરસ્ત તબિયતમાં કરેલ છે, અને તે ત્રિલોકનાથ પરમાત્માની અસીમ કૃપાદૃષ્ટિથી પરિપૂર્ણ થયેલ છે તેનો અતિ આનંદ અનુભવાય છે.

ખરું કહું તો, મારી નાદુરસ્ત તબિયતના કારણે રાજનગર મુકામે પૂજ્યોની આજ્ઞાથી સ્થિરતા કરવાનું બન્યું એ અરસામાં યોગ-અધ્યાત્મગ્રંથમર્મજ્ઞ **પંડિતવર્ય શ્રીપ્રવીણભાઈ ખીમજીભાઈ મોતા** પાસે યોગગ્રંથો અને અધ્યાત્મગ્રંથોના વાચનનો સુઅવસર સાંપડ્યો તેને મારા જીવનની સોનેરી ક્ષણો ગણું છું. એમાં પણ જ્યારે મહાકીમતી રત્ન કરતાં પણ શ્રેષ્ઠ રત્નસ્વરૂપ, મહામૂલા નજરાણા જેવા પ્રતિમાશતક ગ્રંથરત્નના વાચનનો અવસર સાંપડ્યો ત્યારે તો ભૂખ્યાને ક્ષુધા સંતોષવા પરમાન્નનું ભોજન મળે, તરસ્યાને

તૃષા છિપાવવા શીતળ જળનું પાન મળે અને જે તૃપ્તિનો, આલ્લાદનો અનુભવ થાય એનાથી પણ વિશેષ તૃપ્તિનો-આલ્લાદનો અનુભવ થયો છે. આ ગ્રંથરત્નના વિવેચન લખવાની ક્ષણોમાં એકાગ્રતાની અનુભૂતિ થઈ છે અને આંશિક સંવેગના માધુર્યનો રસાસ્વાદ ચાખવા મળ્યો છે તેના કારણે અશાતાવેદનીયકૃત શરીરની પીડામાં કાંઈક હળવાશનો અનુભવ થયો છે. અન્યથા શરીરવિષયક આર્તધ્યાનથી નવા અનેક કર્મોની હારમાળા સર્જાતી રહેત. પંડિતવર્ય **શ્રી પ્રવીણભાઈ** ગ્રંથવાચન કરાવતા તે વખતે રોજેરોજના પાઠની સંકલના સ્વસ્વાધ્યાય માટે નોટરૂપે તૈયાર કરેલ. ત્યારપછી અનેક જ્ઞાનપિપાસુ, તત્ત્વજિજ્ઞાસુ વર્ગની ભાવના-ઇચ્છા-માંગણીને અનુરૂપ એ વિવેચનની પુનઃ સુવાચ્ય અક્ષરરૂપે ટીકા-ટીકાર્થ-વિવેચન સહ ગોઠવણી કરી, પ્રેસકોપી કરી. તેમાંથી **શ્લોક-૧થી શ્લોક-૨૯**ની સંકલના **પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧** અને **શ્લોક-૩૦થી શ્લોક-૬૦**ની સંકલના **પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨** તથા **શ્લોક-૬૧થી શ્લોક-૬૯**ની સંકલના **પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩** રૂપે પ્રકાશિત થયેલ છે. હવે **શ્લોક-૭૦થી શ્લોક-૧૦૪**ની સંકલના તૈયાર કરી છે તે **પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪**રૂપે પ્રકાશિત કરવામાં આવે છે, જેમાં પૂ. ધર્મસાગરજી મહારાજના મતની અઘટમાનતાનું વિવરણ, દ્રવ્યસ્તવમાં ભક્તિરૂપ ધર્મ અને હિંસારૂપ અધર્મ માનનાર પાર્શ્વચંદ્રમતનું નિરાકરણ, દ્રવ્યસ્તવમાં માત્ર પુણ્યરૂપતા સિદ્ધ કરવાપૂર્વક દ્રવ્યસ્તવને અકરણીય બતાવનાર મતનું નિરાકરણ કરી દ્રવ્યસ્તવનું ગાંભીર્ય બતાવી જિનપ્રતિમાની વિશિષ્ટરૂપે સ્તુતિ કરેલ છે અને અંતે પ્રતિમાશતક ગ્રંથકર્તાની પ્રશસ્તિ અને પ્રતિમાશતક ગ્રંથના ટીકાકારની પ્રશસ્તિ કરેલ છે.

તબિયત વધુ નાદુરસ્ત રહેતી હોવાથી જ્યારે જ્યારે કાર્ય કરવાનો ઉત્સાહ મંદ પડી જતો ત્યારે ત્યારે પ્રવચનપ્રભાવક પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રીમદ્વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પંડિતવર્ય **શ્રી પ્રવીણભાઈ ખીમજીભાઈ મોતા** અને એલ. ડી. ઇન્ડોલોજીના નિયામક **શ્રી જિતેન્દ્રભાઈ બાબુલાલ શાહે** સતત ઉત્સાહવર્ધક પ્રેરણા કરેલ છે. અને અવારનવાર પૃચ્છા કરતા કે, **પ્રતિમાશતક ગ્રંથરત્ન ભાગ-૪**નું કાર્ય કેટલું આગળ વધ્યું ? આ પ્રેરક પરિબળ ઉપર **પ્રતિમાશતક ગ્રંથરત્ન ભાગ-૪**નું કાર્ય પરમાત્માની અચિંત્ય કૃપાશક્તિથી અનેક ગુરુ ભગવંતોના આશીર્વાદ અને ઉપબૃંહણાથી તથા તત્ત્વજિજ્ઞાસુવર્ગની શુભ ભાવનાથી પરિપૂર્ણ થયું છે. અને **શ્લોક-૭૧થી ૧૦૪**ની સંકલનારૂપ **પ્રતિમાશતક ગ્રંથરત્ન ભાગ-૪** ગીતાર્થ ગંગા સંસ્થાના ઉપક્રમે પ્રકાશિત કરવામાં આવે છે.

જિનપ્રતિમાના ગુણગાન કરતાં આ ગ્રંથમાં પ્રાયઃ શાર્દૂલવિક્રીડિતછંદમાં રચેલા મૂળ કાવ્યો ૧૦૪ છે અને તે સંસ્કૃતભાષામાં છે. શ્રેષ્ઠ કાવ્ય માટે આવશ્યક પદલાલિત્ય, અલંકારો, અર્થગાંભીર્ય, પ્રાસ વગેરે ભૂષણોથી મનોરમ બનેલાં આ કાવ્યો પરમાત્મા-જિનબિંબની ભક્તિ-બહુમાનરૂપ સ્તુતિઓરૂપ છે અને અનેક અલંકારો વગેરેથી સુગ્રાહ્ય બનેલાં આ કાવ્યોમાં ગ્રંથકાર શ્રીમદ્ ઉપાધ્યાયજી **શ્રી યશોવિજયજી મહારાજા**એ જિનેશ્વરદેવો પ્રત્યેનો પોતાનો ભક્તિભાવ વ્યક્ત કરીને કાવ્યોને જીવંત બનાવ્યા છે. જેથી આ કાવ્યો માત્ર પઠનીય કે શ્રવણીય ન રહેતાં સ્મરણીય, મનનીય, ધ્યાતવ્ય પણ બની ગયાં છે. જિનપ્રતિમાની

આવશ્યકતા, પૂજ્યતા અને શ્રેષ્ઠતા દર્શક આ કાવ્યો ભક્તિરસ અને અધ્યાત્મરસથી ભરપૂર હોવાથી કમનીય છે, જેનો એક નમૂનો આ રહ્યો.

**"त्वद्बिम्बे विधृते हृदि स्फुरति न प्रागेव रूपान्तरम्,**
**त्वद्रूपे तु ततः स्मृते भुवि भवेन्नो रूपमात्रप्रथा ।**
**तस्मात्त्वन्मदभेदबुद्ध्युदयतो नोयुष्मदस्मत्पदो-**
**ल्लेखः किञ्चिदगोचरं तु लसति ज्योतिः परं चिन्मयम्"।।९९।।**

**"અન્ય દેવોના દર્શન થતાં પૂર્વમાં જ તમારું બિંબ હૃદયમાં વિશેષથી ધારણ કરાયે છતે અન્ય દેવોના આકારો સ્ફુરણ થતા નથી=દેવબુદ્ધિથી ઉપાસ્યરૂપે ઉપસ્થિત થતાં નથી. તમારા બિંબરૂપ આલંબનના ધ્યાન પછી, તમારું રૂપ સ્મરણ કરાયે છતે=ભગવાનનું સર્વોત્કૃષ્ટ દેહસૌંદર્યનું ધ્યાન કરાયે છતે, જગતમાં રૂપમાત્રની પ્રથા થતી નથી=જગતમાં અન્યનું સુંદર રૂપ છે, એવી વિચારણામાત્ર થતી નથી. આ રીતે તમારા રૂપના ધ્યાનથી તમારામાં અને મારામાં અભેદબુદ્ધિનો ઉદય થવાથી તમે અને હું જુદા છીએ એ પ્રકારના પદનો ઉલ્લેખ થતો નથી, પરંતુ કાંઈક અગોચર જ્ઞાનમય એવી પ્રકૃષ્ટ જ્યોતિ ઉલ્લસિત થાય છે".**

આ રીતે શ્રેષ્ઠ પ્રતિમાની પૂજ્યતાની સિદ્ધિ **પ્રતિમાશતક** ગ્રંથરત્નમાં ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી મહારાજાએ** અનેક આગમપાઠોની સાક્ષી આપવાપૂર્વક તર્ક-યુક્તિઓ દ્વારા કરેલ છે.

**પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન** ભાગ-૪માં નીચે મુજબના મુદ્દાઓની છણાવટ ગ્રંથકારશ્રીએ કરેલ છે. તે આ પ્રમાણે–

* વિધિકારિત પ્રતિમાની જ પૂજ્યતા સ્વીકારનાર ધર્મસાગરમતની અઘટમાનતાનું વિવરણ **શ્લોક-૭૦થી ૭૮**માં કરેલ છે. તેમાં

* **શ્લોક-૭૦**માં વિધિકારિત પ્રતિમામાં જ પૂજ્યતા સ્વીકારનાર ધર્મસાગરજીના મતનું નિરાકરણ કરેલ છે.

* **શ્લોક-૭૧**માં યોગ, આરાધના, બહુમાન અને અદ્વેષથી કરાયેલી ત્રુટિત ક્રિયાની પણ ઉચિતતા બતાવી ગુરુકારિત, વિધિકારિત આદિ આગ્રહને છોડીને સર્વ પ્રતિમાની પૂજ્યતામાં યુક્તિ બતાવેલ છે.

* **શ્લોક-૭૨**માં નિશ્રિતચૈત્ય અને અનિશ્રિતચૈત્યમાં વંદનની વિધિથી વિધિકારિત પ્રતિમાથી અન્યની પણ પૂજ્યતાનું સ્થાપન કરેલ છે.

* **શ્લોક-૭૩**માં ગચ્છાંતરલિંગની અવંદનીયતાની જેમ ગચ્છાંતર ચૈત્યની અવંદનીયતા કહેનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ કરેલ છે.

✻ **શ્લોક-૭૪**માં સાધુલિંગની વંદ્યતામાં ભજનાની અને પ્રતિમાની એકાંતે વંદ્યતામાં યુક્તિ બતાવેલ છે.

✻ **શ્લોક-૭૫**માં અવિધિકારિતપ્રતિમાને વંદનીય સ્વીકારવાથી પ્રતિષ્ઠાવિધિના વૈયર્થ્યની પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ કરેલ છે અને મુખ્ય પ્રતિષ્ઠાનું સ્વરૂપ, પ્રતિષ્ઠાવિધિથી ક્ષયોપશમભાવરૂપ અદૃષ્ટની આત્મામાં પ્રાપ્તિ, પ્રતિષ્ઠાવિધિથી પરંપરાએ મોક્ષફળની પ્રાપ્તિ, પરમપ્રતિષ્ઠાનું સ્વરૂપ ઇત્યાદિ પદાર્થોનું વર્ણન કરેલ છે.

✻ **શ્લોક-૭૬**માં પ્રતિષ્ઠાવિધિથી આત્મામાં નિજભાવની પ્રતિષ્ઠા સ્વીકારવાને કારણે અપ્રતિષ્ઠિતત્વની અને પ્રતિષ્ઠા કરાવનારના અદૃષ્ટના ક્ષયથી પ્રતિમાની અપૂજ્યતાની આશંકાનું નિરાકરણ કરેલ છે.

✻ **શ્લોક-૭૭**માં તીર્થાંતરીય પરિગૃહીત પ્રતિમાની જેમ પાર્શ્વસ્થપરિગૃહીત પ્રતિમાને પણ અવંદનીય કહેનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ કરેલ છે.

✻ **શ્લોક-૭૮**માં પરંપરાથી અને શાસ્ત્રયુક્તિથી સ્વગચ્છની અને પરકીયગચ્છની પ્રતિમામાં ભેદનો અભાવ બતાવેલ છે.

✻ **શ્લોક-૭૯-૮૦**માં પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજાએ ભક્તિથી જિનપ્રતિમાની સ્તુતિ અને જિનપ્રતિમાનું સ્વરૂપ બતાવેલ છે.

✻ **શ્લોક-૮૧થી ૯૨**માં દ્રવ્યસ્તવમાં ભક્તિરૂપ ધર્મ અને હિંસારૂપ અધર્મ માનનાર પાર્શ્વચંદ્રમતના નિરાકરણની ચર્ચા કરેલ છે.

✻ **શ્લોક-૯૩**માં દ્રવ્યસ્તવમાં માત્ર પુણ્યરૂપતા સિદ્ધ કરવાપૂર્વક દ્રવ્યસ્તવને અકરણીય બતાવનાર મતના નિરાકરણની ચર્ચા કરેલ છે.

✻ **શ્લોક-૯૪**માં લોકોત્તરપૂજા ધર્મરૂપ અને લૌકિકપૂજા પુણ્યરૂપ છે, તેનું વિધાન કરેલ છે.

✻ **શ્લોક-૯૫**માં નિશ્ચયનયથી મોક્ષના કારણભૂત અને પુણ્યબંધના કારણભૂત ધર્મનું સ્વરૂપ બતાવેલ છે.

✻ **શ્લોક-૯૬**માં દ્રવ્યસ્તવનું ગાંભીર્ય અને પરમાત્મભક્તિની ઉત્તરોત્તર ભૂમિકાઓ બતાવેલ છે.

✻ **શ્લોક-૯૭**માં પાર્શ્વનાથ ભગવાનની વિશેષતા, વ્યવહારનય અને નિશ્ચયનયથી પરમાત્મભક્તિનું સ્વરૂપ, નિશ્ચયનયની ભક્તિ અંતર્ગત સંપ્રજ્ઞાતસમાધિ, અસંપ્રજ્ઞાતસમાધિનું સ્વરૂપ, ધ્યાનદશામાં નિશ્ચયનયની ભક્તિ અને વ્યુત્થાનદશામાં વ્યવહારનયની ભક્તિનું સ્વરૂપ બતાવેલ છે.

✻ **શ્લોક-૯૮થી ૧૦૩**માં જિનપ્રતિમાની વિશિષ્ટ રીતે સ્તુતિ અને ગ્રંથકારશ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજને પ્રતિમાના દર્શનથી પ્રાપ્ત થયેલ ફળનું વર્ણન કરેલ છે.

✻ **શ્લોક-૯૯**માં પરમાત્માના અવલંબનથી નિરાલંબન ધ્યાનની પ્રાપ્તિ, જિનપ્રતિમાના દર્શનથી નિરાલંબન સુખની પ્રાપ્તિ, પરમાત્માના ધ્યાનથી પ્રાપ્ત સમાપત્તિનું સ્વરૂપ, પરમાત્માને હૃદયમાં સ્થાપન કરવાથી યાવત્ અનાલંબનયોગ સુધીની ક્રમસર ચિત્તની ભૂમિકાઓનું સ્વરૂપ અને નિર્વિકલ્પજ્ઞાનનું સ્વરૂપ બતાવેલ છે.

✻ **શ્લોક-૧૦૦**માં તાત્ત્વિક પરમાત્માના સ્વરૂપને બતાવનાર પ્રતિમાનું સ્વરૂપ, સિદ્ધના સ્વરૂપનું વર્ણન, નિર્વિકલ્પઉપયોગમાં બ્રહ્મવિષયક જિજ્ઞાસાના અભાવની યુક્તિ બતાવેલ છે.

✻ **શ્લોક-૧૦૧**માં સંસારના સુખની સાથે સિદ્ધના સુખની તુલના, કેવલજ્ઞાનની પ્રાપ્તિ સુધી હૃદયમાં જ્ઞેયાકારે પરમાત્માના પરિણામની આવશ્યકતા જણાવેલ છે.

✻ **શ્લોક-૧૦૨**માં પ્રતિમાના દર્શનથી પ્રતિમાની પૂજ્યતા સ્વીકારનાર અને નહિ સ્વીકારનારને થતા ભાવોનું વર્ણન કરેલ છે.

✻ **શ્લોક-૧૦૩**માં જિનપ્રતિમાનું સ્વરૂપ અને જિનપ્રતિમાને નતિનું=નમસ્કાર કરવાનું, સ્વરૂપ બતાવેલ છે.

✻ **શ્લોક-૧૦૪**માં ગ્રંથકર્તાની પ્રશસ્તિ અને ગ્રંથની વિશેષતા બતાવેલ છે.

છેલ્લે **પ્રતિમાશતક** ગ્રંથના ટીકાકારની પ્રશસ્તિ આપેલ છે તેમાં વીર પરમાત્માની સ્તુતિ, તપાગચ્છની પાટપરંપરાનું સ્વરૂપ, ક્રિયોદ્ધારક પૂજ્ય આનંદવિમલસૂરિ મહારાજ સાહેબથી પ્રારંભીને પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબ સુધીની પાટપરંપરા બતાવી તત્ત્વના શ્રમરૂપ પ્રતિમાશતક ગ્રંથ રચવાનું પ્રયોજન બતાવેલ છે.

**પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪માં આવતા આગમ-પ્રકરણ પાઠો :-**

**શ્લોક-૭૧**માં :-

✻ વિધિના યોગ, આરાધન અને શંસન આદિથી ક્રિયાની અદુષ્ટતા - શ્રાદ્ધવિધિવૃત્તિનો પાઠ.

✻ આભોગદ્રવ્યસ્તવરૂપ અમૃતઅનુષ્ઠાન અને અનાભોગદ્રવ્યસ્તવરૂપ તદ્ધેતુઅનુષ્ઠાનના સ્વરૂપનું ઉદ્ધરણ

✻ ભવાભિનંદીને ગુણદ્વેષની પ્રાપ્તિ - શ્રાદ્ધવિધિવૃત્તિનો પાઠ.

✻ પૂજા માટે યોગ્ય પ્રતિમાના સ્વરૂપ વિષયક ભિન્ન-ભિન્ન મતો - સમ્યક્ત્વપ્રકરણ, કલ્પભાષ્ય, શ્રાદ્ધવિધિવૃત્તિનો પાઠ.

✻ અનુમોદનરૂપ દોષના અભાવની યુક્તિ - વિંશતિવિંશિકા.- આઠમી વિંશિકાનો પાઠ.

✻ અવસ્થિતપક્ષની ભજના - વ્યવહારભાષ્યનો પાઠ.

**શ્લોક-૭૩માં :-**

* દ્રવ્યલિંગી સાધુની વંદનીયતાને પ્રતિમાના દૃષ્ટાંતથી સિદ્ધ કરનાર પૂર્વપક્ષીના આક્ષેપ અને સમાધાનનો આવશ્યકનિર્યુક્તિનો સટીક પાઠ.

**શ્લોક-૭૬માં :-**

* પ્રતિષ્ઠાવિધિની સામગ્રીના અભાવમાં મનથી પણ પરમાત્માના સ્વરૂપની પ્રતિષ્ઠા કરીને પૂજાફળની નિષ્પત્તિનો પાઠ - વિંશતિવિંશિકા - આઠમી વિંશિકાનો પાઠ.

**શ્લોક-૭૭માં :-**

* અન્યતીર્થિક પરિગૃહીત ચૈત્યોની અવંદનીયતાનો પાઠ.

**શ્લોક-૮૩માં :-**

* કેવલી સુધી દ્રવ્યાશ્રવની પ્રાપ્તિનો પાઠ.

**શ્લોક-૮૬માં :-**

* ક્વચિત્ એકદેશમાં અને ક્વચિત્ ઉભયમાં વિધેયત્વની પુષ્ટિનો પાઠ - સ્યાદ્વારત્નાકર.

**શ્લોક-૮૭માં :-**

* નિહ્નવોના સંયમમાં અધર્મરૂપતાનો પાઠ.

**શ્લોક-૮૮માં :-**

* નિશ્ચયનયથી એક કાળમાં ભિન્ન વિષયક ક્રિયાદ્વયના નિષેધનો પાઠ.

**શ્લોક-૮૯માં :-**

* નિશ્ચયનયની વિવક્ષાથી શ્રુતભાવભાષામાં મિશ્રભાષાનો અસ્વીકાર તથા વ્યવહારનયની વિવક્ષાથી દ્રવ્યભાવભાષામાં મિશ્રભાષાના સ્વીકારનો ભાષારહસ્યનો પાઠ.

**શ્લોક-૯૦માં :-**

* મિશ્રકર્મબંધના અભાવનો સ્થાપક વિશેષાવશ્યકભાષ્યનો પાઠ.

* કર્મગ્રહણકાળમાં જ શુભ-અશુભરૂપે પરિણમનની જેમ પ્રદેશના અલ્પબહુત્વના ગ્રહણનો કર્મપ્રકૃતિ-સંગ્રહણીનો પાઠ.

**શ્લોક-૯૧માં :-**

* વાગ્વ્યવહારથી મિશ્રપક્ષનો નિશ્ચયનયથી ધર્મપક્ષમાં જ અંતર્ભાવના વિવરણનો સટીક સૂયગડાંગ-સૂત્રનો પાઠ.

**શ્લોક-૯૨**માં :-

✳ વિશેષ પરિજ્ઞાનના અભાવમાં પણ સર્વવિરતિના અસ્તિત્વનો ભગવતીસૂત્રનો પાઠ.

✳ સ્યાદ્વાદને નહિ જાણનારમાં સમ્યક્ત્વનો સ્વીકાર નહિ કરનાર નયનું ઉદ્ધરણ. સંમતિતર્કપ્રકરણ, ઉત્તરાધ્યયનસૂત્રનો પાઠ.

✳ ભાવસ્તવ અને દ્રવ્યસ્તવમાં દ્રવ્યસ્તવની મહાનતાના પૂર્વપક્ષીના કથનના નિરાકરણનો આવશ્યક-નિર્યુક્તિનો પાઠ.

✳ દ્રવ્યસ્તવમાં સંપૂર્ણ સંયમની અનુપપત્તિનો આવશ્યકનિર્યુક્તિનો પાઠ.

**શ્લોક-૯૩**માં :-

✳ સમ્યક્ત્વથી જનિત અતિશયવાળી દાનાદિ ક્રિયામાં અને દ્રવ્યસ્તવમાં મોક્ષહેતુતા - વિંશતિવિંશિકા - છઠ્ઠી વિંશિકાનો પાઠ.

**શ્લોક-૯૪**માં :-

✳ દ્રવ્યસ્તવમાં લૌકિક, લોકોત્તર ભેદ - ષોડશક-૭નો પાઠ.

✳ ક્ષમાના લૌકિક-લોકોત્તર ભેદ - વિંશતિવિંશિકા - અગિયારમી વિંશિકાનો પાઠ.

**શ્લોક-૯૫**માં :-

✳ શુદ્ધ નિશ્ચયનયને અભિમત ધર્મના અંગમાં પણ વ્યવહારનયથી ધર્મરૂપતાનો ધર્મસંગ્રહણીનો પાઠ.

✳ એવંભૂતનય દ્વારા ઋજુસૂત્રનયની જેમ કુર્વદ્રૂપત્વને જ હેતુ સ્વીકારવામાં યુક્તિ - પ્રવચનસારનો પાઠ.

✳ ધર્મના લક્ષણની વિચારણામાં કે ધર્મવિષયક તત્ત્વવિચારણામાં નયદ્વયના નિર્દેશની સંગતિ - આવશ્યકનિર્યુક્તિનો પાઠ.

✳ એકનયથી ધર્મના લક્ષણની પ્રરૂપણા વખતે વ્યવહારનયથી જ ધર્મનું લક્ષણ કરવામાં યુક્તિ - આવશ્યકનિર્યુક્તિનો પાઠ.

✳ ધર્મના લક્ષણના કથનની આવશ્યકતા - ષોડશકનો પાઠ.

✳ ધર્મના લક્ષણની ઉચિતતાનું ઉદ્ધરણ - આચારાંગસૂત્રનો પાઠ.

**શ્લોક-૯૭**માં :-

✳ પરમતના દૂષણથી જ પરમાત્મભક્તિની પ્રાપ્તિનો અન્યયોગદ્વાત્રિંશિકા અને ન્યાયકુસુમાંજલિનો પાઠ.

**શ્લોક-૯૯**માં :-

* પરમાત્માની વીતરાગમુદ્રાના દર્શન પછી અન્યમુદ્રાનું અનાકર્ષણ - અષ્ટસહસ્રીવિવરણનો પાઠ.

* સર્વ ઉત્કૃષ્ટ સ્વરૂપરૂપે જ પરમાત્માની ધ્યેયરૂપતાનો ષોડશકનો પાઠ.

* ભગવદ્રૂપના ધ્યાન વડે નિશ્ચયનયથી અભેદબુદ્ધિ - પ્રવચનસારનો પાઠ.

* કેવલજ્ઞાન પૂર્વે અનાલંબનયોગની પ્રાપ્તિ - ષોડશકનો પાઠ.

**શ્લોક-૧૦૦**માં :-

* સિદ્ધના સ્વરૂપનું ઉદ્ધરણ - આચારાંગસૂત્રનો પાઠ.

**શ્લોક-૧૦૧**માં :-

* સંસારના સુખની સાથે સિદ્ધના સુખની તુલનાનું ઉદ્ધરણ - આવશ્યકનિર્યુક્તિનો પાઠ.

* સિદ્ધના સુખોને બતાવવા માટે સર્વ કાળના સંપિંડનાદિની વિચારણાના વિશેષ તાત્પર્યનો પાઠ - વિંશતિવિંશિકા - વીશમી વિંશિકા.

વળી, આ ગ્રંથની કાવ્યમય રચના હોવાથી મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી મહારાજા**એ આ કાવ્યમાં અનેક અલંકારોનો પ્રયોગ કરેલ છે, અને એ અલંકારોના નિરૂપણ વખતે કલિકાલસર્વજ્ઞ પ. પૂ. આ. ભ. **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના કાવ્યાનુશાસન અને **મમ્મટ**ના કાવ્યપ્રકાશ ગ્રંથના ઉદ્ધરણો પણ ટાંકેલ છે.

આપણે અહીં માત્ર કાવ્યદૃષ્ટિએ **પ્રતિમાશતક** ગ્રંથરત્નમાં **શ્લોક-૭૦થી શ્લોક-૧૦૪**માં કયા-કયા અલંકારો નિરૂપાયેલા છે, તેનો માત્ર નામનિર્દેશ કરીએ છીએ; કેમ કે તે-તે અલંકારોનું નિરૂપણ તો ટીકાર્થ અને વિવેચનમાં કરેલ છે.

**શ્લોક-૭૯**માં :- રસનોપમાલંકાર.

**શ્લોક-૮૦**માં :- રૂપક અલંકાર.

**શ્લોક-૯૮**માં :- યમક અલંકાર.

આ રીતે તે-તે શ્લોકોમાં તે-તે અલંકારોનું યોજન ગ્રંથકારશ્રીએ કરેલ છે અને એના દ્વારા ગ્રંથકારશ્રીજીની વિશિષ્ટ કવિત્વશક્તિનું પણ આપણને દર્શન થાય છે.

વળી, **પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪**માં ન્યાયો અને કેટલાક વિશિષ્ટ પ્રયોગો દર્શાવેલા છે. તે આ પ્રમાણે –

**શ્લોક-૭૩**માં :- વ્યંજકત્વાખ્યવિષયત્વમાં સપ્તમી વિભક્તિના પ્રયોગનું સ્થાન **"लिङ्गे च प्रतिमासु दोषगुणयोः सत्त्वादसत्त्वात्तथा।।"** આ રીતે બતાવેલ છે.

શ્લોક-૮૪માં :- **"अप्राप्तप्रापणं विधिरनधिगताधिगन्तृत्वप्रमाणम्।"** આ રીતે વિધિ અને પ્રમાણ કોને કહેવાય ? તે માટે અનાદિમીમાંસાની વ્યવસ્થિતિ બતાવેલ છે.

શ્લોક-૮૬માં :- **"प्रवृत्तिहेतुं धर्मं च प्रवदन्ति प्रवर्त्तनाम्।"** આ રીતે શિષ્ટપુરુષોની ઉક્તિ બતાવેલ છે. તથા **"स्वशस्त्रं स्वोपघाताय"** એ ન્યાય બતાવેલ છે.

શ્લોક-૯૬માં :- **"पराभिसन्धिमसंविदानस्य"** જેમ અહીં **"असंविदान"** શબ્દ **'सम्+विद्'** ધાતુને પરસ્મૈપદનો **'शान'** પ્રત્યય લાગીને થયેલ છે તેની જેમ શ્લોક-૯૬માં કહેલ **'संविदानः'** પ્રયોગ પણ **'सम्+विद्'** ધાતુને પરસ્મૈપદનો **'शान'** પ્રત્યય લાગીને થયેલ છે.

વળી, પ્રતિમાશતક ભાગ-૪માં કેટલાક શબ્દોના સંદર્ભથી વિશેષ અર્થ પણ આપવામાં આવ્યા છે. તે આ પ્રમાણે –

શ્લોક-૭૧માં :- **'योगो विधिकर्त्रनुकूलपरिवारसम्पत्तिः'।**

**'आराधनम् आत्मनैव निर्वाहः'**

**'शंसनं च बहुमानः'**

શ્લોક-૭૩માં :- **'आग्रही अभिनिवेशमिथ्यात्ववान्'**

શ્લોક-૮૩માં :- **'शोको धर्मपक्षस्थानोच्छेदजनितवैकल्यलक्षणः'**

શ્લોક-૯૨માં :- **'दोषकृत्'='मिश्रत्वकृत्'**

શ્લોક-૧૦૦માં :- **'महः'='स्वप्रकाशज्ञानम्'**

વળી, ગ્રંથકારશ્રીએ ટીકામાં ઘણી જગ્યાએ અગત્યની ચર્ચા કર્યા પછી મનોહર પદ્યોની રચના કરેલ છે, તે પણ મનનીય છે.

જેમ **શ્લોક-૯૨**ના અંતે

**'अयमतिविशदो विचारमार्गः...'** થી લઈને **यद्वशं जयति परमेश्वरम्'।।८।।** આ પ્રમાણે આઠ શ્લોકોની રચના કરેલ છે.

**શ્લોક-૯૫**ના અંતે

**'द्रव्यस्तवे तदिह भक्तिविधिप्रणीते, पुण्यं न धर्म इति दुर्मतीनां कुबुद्धिः ।**

**तत्तन्नयैस्तु सुधियां विविधोपदेशः, संक्लेशकृद् यदि जडस्य किमत्र चित्रम्' ।।१।।**

**'अधर्मः पूजेति प्रलपति स लुम्पाकमुखरः, श्रयन् मिश्रं पक्षं तमनुहरते पाशकुमतिः ।**

**विधिभ्रान्तः पुण्यं वदति तपगच्छोत्तमबुधाः, सुधासारां वाणीमभिदधति धर्मो ह्ययम्' ।।२।।** આ પ્રમાણે બે શ્લોકની રચના કરેલ છે.

પ્રસ્તુત ગ્રંથસંપાદનની શૈલીમાં વાચકવર્ગને સુગમતા રહે તે માટે સૌ પ્રથમ અવતરણિકા અને અવતરણિકાર્થ આપેલ છે, અને જ્યાં અર્થમાં સ્પષ્ટતા થતી નથી ત્યાં નીચે તેનો ભાવાર્થ આપેલ છે. ત્યારપછી અમુક અમુક સંદર્ભો પ્રમાણે ટીકાના વિભાગો પાડી તેટલી તેટલી ટીકાનો અર્થ આપેલ છે, જેથી ગ્રંથ લગાડવામાં ઉપયોગી થઈ શકે. વિભક્તિ મુજબ ટીકાર્થ ખોલેલ છે. ઘણી જગ્યાએ કર્મણિ વાક્યરચના મુજબ અર્થ કરેલ છે અને તે તે ટીકાર્થ પછી તેનો ભાવાર્થ આપેલ છે. ક્યાંક ટીકાર્થની ભાવાર્થમાં પુનરુક્તિ પણ જોવા મળશે, પણ પદાર્થ ખંડિત ન થાય અને વિવેચન વાંચનાર સમજી શકે તે હેતુથી તે પુનરુક્તિ દોષરૂપ નહિ ગણાય. ટીકાર્થમાં પણ વચ્ચે-વચ્ચે ઉત્થાનો આપી આગળ આવતો પદાર્થ શા માટે કહેવા માંગે છે, તે સ્પષ્ટ કરેલ છે. ભાવાર્થમાં પણ ઘણી જગ્યાએ વચ્ચે ઉત્થાનરૂપ લખાણ આવે છે, પણ તે પદાર્થ વ્યવસ્થિત સમજી શકાય તે માટે આપેલ છે, તેથી પુનરાવૃત્તિ થવા છતાં ક્ષતિરૂપ નથી.

પ્રતિમાશતક ગ્રંથનું સંસ્કૃત વાંચન કરતી વખતે પાઠની સંગતિ કરતાં કોઈ-કોઈ સ્થાને પૂર્વ પ્રકાશિત પ્રત-પુસ્તકમાં અશુદ્ધિ જણાઈ છે તે અંગે અમને પ્રાપ્ત થયેલ, હાલ ગીતાર્થ ગંગા સંસ્થામાં જેની ઝેરોક્ષ નકલ વિદ્યમાન છે તે શ્રી **નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર, સુરતની પોથી નંબર-૫૧૮, પ્રત નંબર-૪૨૩૩, કુલ પાના-૧૫૪;** આ હસ્તલિખિત પ્રતના આધારે શુદ્ધ પાઠો ઉપલબ્ધ થતાં અને તે સંગત જણાતાં, તે મુજબ શુદ્ધિ કરેલ છે. ઉદ્ધરણ પાઠોમાં પણ જ્યાં જ્યાં અશુદ્ધિઓ જણાઈ છે, તે માટે તે-તે ગ્રંથોની મુદ્રિત પ્રત-પુસ્તક વગેરે જે ગીતાર્થ ગંગા સંસ્થાના જ્ઞાનભંડારમાં ઉપલબ્ધ છે તેના આધારે પાઠશુદ્ધિ કરેલ છે, અને જ્યાં પાઠ સંગત જણાતો ન હોય અને હસ્તલિખિત પ્રતમાં પણ સંગત જણાતો શુદ્ધ પાઠ મળેલ નથી ત્યાં આવો પાઠ ભાસે છે, એમ તે-તે ટીકાની નીચે નિશાની મૂકી નોંધ આપેલ છે અને મૂળ ટીકામાં પણ તે પાઠની બાજુમાં () કૌંસમાં સંગત જણાતો પાઠ મૂકેલ છે.

આ ગ્રંથના પ્રૂફસંશોધન અંગે ચાર પ્રૂફ કઢાવીને શુદ્ધિકરણ કરવાનો પ્રયત્ન કરેલ છે. આમ છતાં કોમ્પ્યુટર વગેરેના કારણે કે અનાભોગાદિથી અશુદ્ધિઓ રહી ગઈ હોય તો તેનું પરિમાર્જન કરી વાચકવર્ગ વાંચે તેવી ભલામણ છે.

પ્રસ્તુત **પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ**-૪ના પ્રથમ પ્રૂફના ગુજરાતી વાચનમાં **સાધ્વીજી શ્રી હિતરુચિતાશ્રીજી મ. સા.**નો સહયોગ સાંપડેલ છે તથા ગુજરાતી વાચનના પ્રૂફસંશોધનાદિ કાર્યમાં અને વાક્યરચના વગેરે માટે જરૂરી સૂચનો આપવામાં સુશ્રાવક **શાંતિલાલ શિવલાલ શાહ**નો અમને વિશેષ સહયોગ સાંપડેલ છે અને તેમણે પણ પોતાને આવા ઉત્તમ ગ્રંથરત્નના સ્વાધ્યાયની તક મળી તે બદલ કૃતાર્થતા વ્યક્ત કરેલ છે.

**પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧/૨/૩/૪**માં સંપૂર્ણ ગ્રંથનું વિવેચન પૂર્ણ થાય છે. છદ્મસ્થતાવશ આવા બૃહત્કાય ગ્રંથના વિવરણમાં કે સંકલન-સંશોધનાદિ કાર્યમાં અનેક ત્રુટિઓ રહેવાની સંભાવના છે. સર્વજ્ઞકથિત પદાર્થોનું ક્યાંય અવમૂલ્યન થઈ જાય નહિ તે માટે પૂરેપૂરો પ્રયત્ન કરેલ છે, છતાં

જિનાજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ ક્યાંય પણ પદાર્થનું નિરૂપણ થયેલ હોય તો તે બદલ મિચ્છા મિ દુક્કડં માંગું છું.

પ્રાંતે અંતરની એક જ મહેચ્છા છે કે, દેવ-ગુરુની અસીમ કૃપાથી સ્વ-આત્મપરિણતિની નિર્મળતા માટે કરાયેલો આ નાનકડો પ્રયાસ મને અને ગ્રંથ વાંચનાર-ભણનાર સૌ કોઈને નિર્જરાનું-લાભનું કારણ બનો અને ભગવાનની પ્રતિમાના દર્શનથી સાલંબનધ્યાન દ્વારા નિરાલંબનધ્યાનની પ્રાપ્તિ થાય અને વાણીને અગોચર એવી પરં ચિન્મય જ્યોતિ ઉલ્લસિત થાય અને સંસારના સર્વ સંગને નહિ સ્પર્શનાર એવો અસંગપરિણામવાળો જ્ઞાનનો ઉપયોગ પ્રગટે, આ રીતે વીતરાગભાવના પ્રતિસંધાન દ્વારા નિકટના ભવોમાં વીતરાગતાની પ્રાપ્તિ થાય અને સ્વાત્માના શુદ્ધ સ્વરૂપનું પ્રગટીકરણ થાય અને સંપૂર્ણ કર્મનો ક્ષય કરીને હું અને સૌ કોઈ ભવ્યાત્માઓ મુક્તિસુખના ભાગી બનીએ એ જ શુભ અભ્યર્થના...!

**'कल्याणमस्तु सर्वजीवानाम्'**

**આસો સુદ-૧૦, વિ. સં. ૨૦૬૪,**
**તા. ૯-૧૦-૨૦૦૮, ગુરુવાર**
**એફ-૨, જેઠાભાઈ પાર્ક,**
**નારાયણનગર રોડ,**
**પાલડી, અમદાવાદ-૭.**

**વ્યાખ્યાનવાચસ્પતિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સામ્રાજ્યવર્તી તથા પરમપૂજ્ય સમતામૂર્તિ પ્રવર્તિની સાધ્વીજી રોહિતાશ્રીજી મહારાજના શિષ્યરત્ના સાધ્વીજી ચંદનબાલાશ્રી**

# પ્રતિમાશતક ગ્રંથરત્ન ભાગ-૪માં આવતા પદાર્થોની સંક્ષિપ્ત સંકલના

ગ્રંથકાર મહોપાધ્યાય **શ્રીયશોવિજયજી** મહારાજાએ ભગવાનની પ્રતિમા પૂજ્ય છે તેનું **શ્લોક-૧થી** ૬૯માં સ્થાપન કરીને લુંપાકમતનું નિરાકરણ કર્યું. જેનું વિશદ વિવેચન **પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧-૨-૩માં** કરેલ છે. હવે પૂજ્ય ધર્મસાગરજીનો મત બતાવતાં કહે છે –

**શ્લોક-૭૦-૭૧-૭૨ :-**

પૂ. ધર્મસાગરજી પ્રતિમાને વંદ્ય સ્વીકારે છે, પરંતુ વિધિપૂર્વક કરાયેલી પ્રતિમા વંદ્ય છે, અન્ય નહિ અને વર્તમાનની પ્રતિમાઓ વિધિપૂર્વક કરાયેલી પ્રાયઃ પ્રાપ્ત થતી નથી, તેથી અવિધિથી કરાયેલી પ્રતિમાઓનું પૂજન કલ્યાણકારી નથી, માટે તેવી પ્રતિમાઓની પૂજા ઇંદ્રજાળ જેવી છે, તેમ ધર્મસાગરજી કહે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી **યશોવિજયજી** મહારાજા કહે છે કે કાળદોષને કારણે વર્તમાનમાં યતિધર્મ, પૌષધ વગેરે શ્રાવકની ક્રિયાઓ પ્રાયઃ વિધિપૂર્વક થતી નથી, તેથી તેને પણ નિષ્ફળ માનવાનો પ્રસંગ આવશે. આ રીતે કાળદોષને કારણે વિધિપૂર્વક પ્રતિમા કરાયેલી ન હોય તોપણ પૂજ્ય છે, આમ છતાં વિધિપૂર્વક કરાયેલી પ્રતિમા ઉત્સર્ગથી પૂજ્ય છે અને અપવાદથી અવિધિથી કરાયેલી પ્રતિમાને પૂજવાથી પણ લાભ થાય છે, તેમ ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કરેલ છે. વળી વિધિકારિતા, ગુરુકારિતા આદિ પ્રતિમાના વિકલ્પો બતાવીને કદાગ્રહ વગર જેઓ ભગવાનની ભક્તિ કરે છે, તેમને શુભભાવ થાય છે, તેમ **શ્લોક-૭૦-૭૧-૭૨માં** કહેલ છે.

**શ્લોક-૭૩-૭૪ :-**

જેમ અન્ય ગચ્છના સાધુઓ વંદ્ય નથી, તેમ અન્ય ગચ્છના ચૈત્યો વંદ્ય નથી, તેમ પૂ. ધર્મસાગરજી સ્થાપન કરેલ છે. તેનું આવશ્યનિર્યુક્તિના પાઠના બળથી અને યુક્તિથી ગ્રંથકારશ્રીએ **શ્લોક-૭૩-૭૪માં** નિરાકરણ કરેલ છે, તેથી અન્ય ગચ્છની પણ પ્રતિમા આકારમાં સામ્યને કારણે વંદ્ય છે, તેનું સ્થાપન થાય છે.

**શ્લોક-૭૫ :-**

જો અવિધિથી પણ પ્રતિષ્ઠા કરાયેલી પ્રતિમા વંદ્ય હોય તો પ્રતિષ્ઠાવિધિ વ્યર્થ થાય, તે શંકાનું નિરાકરણ કરીને પરમાર્થથી પ્રતિષ્ઠા શું છે તેનું માર્મિક સ્વરૂપ **શ્લોક-૭૫માં** ગ્રંથકારશ્રીએ બતાવેલ છે.

**શ્લોક-૭૬ :-**

પ્રતિષ્ઠાવિધિથી પ્રતિષ્ઠા કરાવનારના આત્મામાં પરમાત્માના સ્વરૂપની પ્રતિષ્ઠા થાય છે અને તે પ્રતિષ્ઠા પ્રતિમામાં ઉપચારથી કઈ રીતે થાય છે, તેનું સ્પષ્ટીકરણ **શ્લોક-૭૬માં** ગ્રંથકારશ્રીએ કરેલ છે.

વળી કોઈ તેવા સંયોગમાં જિનપ્રતિમા ઉપલબ્ધ ન હોય તો શુદ્ધ ભૂમિમાં માનસિક સ્થાપનાથી સિદ્ધાત્માનું સ્થાપન કરીને ભગવાનની પૂજા કઈ રીતે થઈ શકે, તેનું પણ વિંશિકાના વચનથી ગ્રંથકારશ્રીએ **શ્લોક-૭૯માં** સમર્થન કરેલ છે.

વળી કડવામતં કે દિગંબરથી પ્રતિષ્ઠિત પ્રતિમા કેમ પૂજ્ય નથી, તેનું પણ પૂ. આચાર્ય **હીરસૂરિ** મહારાજના વચનથી ગ્રંથકારશ્રીએ **શ્લોક-૭૯માં** સમર્થન કરેલ છે.

**શ્લોક-૮૧ :-**

શ્લોક-૮૧ થી ૮૮માં પાર્શ્વચંદ્રે કહેલા ધર્મ-અધર્મના મિશ્રવાદમાં (૧) ભાવ શુભ અને ભાવ અશુભ, (૨) ભાવ શુભ અને ક્રિયા અશુભ, (૩) ભાવ અશુભ અને ક્રિયા શુભ અને (૪) ક્રિયા શુભ અને ક્રિયા અશુભ - એ પ્રકારે ચતુર્ભંગી બતાવીને ક્રમસર તેનું નિરાકરણ કરીને મિશ્રપક્ષ સંગત નથી, તેનું સ્પષ્ટીકરણ કરેલ છે.

**શ્લોક-૮૨ :-**

દ્રવ્યસ્તવમાં ભાવથી ભાવનો મિશ્રપક્ષ એ પ્રાપ્ત થાય કે ભગવાનની ભક્તિરૂપ શુભભાવ અને દ્રવ્યસ્તવમાં થતા આરંભરૂપ અશુભભાવ, એને આશ્રયીને પ્રથમ ભાંગો સંગત થાય નહિ; કેમ કે એક સાથે શુભભાવ અને અશુભભાવ એ બેમાં ઉપયોગ રહી શકે નહિ.

વળી ભાવ ધર્મગત અને ક્રિયા આરંભગત એ બીજો ભાંગો પણ સંગત નથી; કેમ કે શુભભાવથી ક્રિયાગત અશુભભાવદ્વારકપણું ક્ષય થાય છે અને ક્રિયા અશુભભાવ દ્વારા કર્મબંધનું કારણ છે, તેથી શુભભાવ યુક્ત ભગવાનની પૂજાની ક્રિયા અશુભભાવ નિષ્પન્ન કરી શકતી નથી, માટે પૂજાની ક્રિયા અશુભ નથી, તેથી બીજો ભાંગો સંગત નથી, એ પ્રમાણે **શ્લોક-૯૨માં** ગ્રંથકારશ્રીએ કહેલ છે અને બીજા પક્ષના સ્વીકારમાં વાદીને શું અનિષ્ટાપત્તિ છે, તેની ચર્ચા યુક્તિપૂર્વક **શ્લોક-૮૩ થી ૮૬માં** કરેલ છે.

**શ્લોક-૮૭ :-**

પુષ્પાદિ જીવોની હિંસાને અનુકૂળ અશુભભાવ અને ભગવાનની પૂજારૂપ શુભક્રિયા એ પ્રકારનો ત્રીજો ભાંગો પણ સંગત નથી; કેમ કે ભાવ હિંસાનો હોય તો તે ક્રિયા પણ શુભ બને નહિ, તેથી હિંસાનો અશુભભાવ અને ભગવાનની ભક્તિરૂપ શુભક્રિયાને આશ્રયીને ત્રીજો ભાંગો યુક્તિયુક્ત નથી, એ પ્રમાણે ગ્રંથકારશ્રીએ **શ્લોક-૮૭માં** કહેલ છે.

**શ્લોક-૮૮ :-**

ભગવાનની ભક્તિરૂપ ક્રિયા હોવાથી ધર્મગત શુભક્રિયા છે અને પુષ્પાદિ જીવોની હિંસારૂપ ક્રિયા હોવાથી અધર્મગત અશુભક્રિયા છે, એ પ્રકારનો ચોથો ભાંગો પણ સંગત નથી; કેમ કે અશુભભાવને કરનારી અને શુભભાવને કરનારી એવી ભિન્ન ભિન્ન વિષયવાળી ક્રિયા એક કાળમાં હોઈ શકે નહિ, માટે ચોથો ભાંગો પણ સંગત નથી, એમ **શ્લોક-૮૮માં** ગ્રંથકારશ્રીએ કહેલ છે.

**શ્લોક-૮૯ :-**

નિશ્ચયનયની દૃષ્ટિથી શુદ્ધયોગ અને અશુદ્ધયોગ એક સાથે સંભવે નહિ. તેની વિશદ ચર્ચા **શ્લોક-૮૯માં** કરેલ છે.

**શ્લોક-૯૦ :-**

મિશ્ર કર્મબંધ નથી, તેથી ક્રિયા અને ભાવને આશ્રયીને મિશ્રપક્ષ સ્વીકારી શકાય નહિ. તેની વિશદ ચર્ચા વિશેષાવશ્યક ભાષ્યના વચનથી **શ્લોક-૯૦માં** કરેલ છે.

**શ્લોક-૯૧ :-**

દેશવિરતિધરમાં દેશથી વિરતિ અને દેશથી અવિરતિ છે, તેમ દ્રવ્યસ્તવમાં મિશ્રપક્ષ પાર્શ્વચંદ્ર સ્થાપન કરે છે. તેનું નિરાકરણ **શ્લોક-૯૧માં** ગ્રંથકારશ્રીએ કરેલ છે.

**શ્લોક-૯૨ :-**

દ્રવ્યસ્તવમાં માત્ર ધર્મપક્ષ છે, ધર્માધર્મ પક્ષ નથી. તેનું વિશેષ પ્રકારની યુક્તિથી ગ્રંથકારશ્રીએ **શ્લોક-૯૨માં** સ્થાપન કરેલ છે અને ત્યાં પ્રસંગથી શ્રમણોપાસકને દ્રવ્યસ્તવ નથી, તેમ બતાવવા અર્થે (૧) સર્વતો અવિરત, (૨) અવિરત, (૩) વિરતાવિરત, (૪) સર્વતો વિરતાવિરત, (૫) શ્રમણોપાસકદેશવિરત અને (૬) અવિરત, એમ છ પ્રકારના પુરુષને પાશમતવાળા જે સ્વીકારે છે, તેનું ગ્રંથકારશ્રીએ **શ્લોક-૯૨માં** નિરાકરણ કરેલ છે.

**શ્લોક-૯૩ :-**

જિનપૂજાદિ કૃત્યોને કેટલાક પુણ્યકર્મ કહે છે અને ચારિત્રની જેમ જિનપૂજાદિ ધર્મકૃત્ય નથી, તેમ સ્થાપન કરે છે. તેનું ગ્રંથકારશ્રીએ **શ્લોક-૯૩માં** ઉદ્ભાવન કરીને નિરાકરણ કરેલ છે.

**શ્લોક-૯૪ :-**

ભગવાનની પૂજા લૌકિક છે અને લોકોત્તર પણ છે અને જે લૌકિક પૂજા છે તે પુણ્યરૂપ છે અને લોકોત્તર પૂજા છે તે ધર્મરૂપ છે. તેમ સ્વીકારવામાં ષોડશકની સાક્ષી આપીને **શ્લોક-૯૪માં** ગ્રંથકારશ્રીએ તેનું સમર્થન કરેલ છે.

**શ્લોક-૯૫ :-**

પૂજા, દાન, પ્રવચનવાત્સલ્યાદિ સરાગકૃત્ય છે અને તપ, ચારિત્રાદિ વીતરાગકૃત્ય છે, એ પ્રકારના પૂ. આચાર્ય **હરિભદ્રસૂરિ** મહારાજના વચનને ગ્રહણ કરીને પૂજાને પુણ્યકૃત્ય સ્થાપન કરીને જેઓ ધર્મકૃત્ય સ્વીકારતા નથી, તેનું નિરાકરણ **શ્લોક-૯૫માં** ગ્રંથકારશ્રીએ કરેલ છે.

**શ્લોક-૯૬ :-**

પૂજાને ધર્માધર્મરૂપે સ્વીકારવી કે કેવલ ધર્મરૂપે સ્વીકારવી, એ પદાર્થ અતિગંભીર છે. તેની ગ્રંથકારશ્રીએ વિશદ ચર્ચા કરેલ છે. તેનો પરમાર્થ ગુરુપારતંત્ર્યથી પ્રાપ્ત થઈ શકે છે, તેથી શાસ્ત્રીય પદાર્થના બોધ માટે ગુણવાનને પરતંત્ર થઈને યત્ન કરવો ઉચિત છે, તે કથન **શ્લોક-૯૬માં** ગ્રંથકારશ્રીએ સ્પષ્ટ કરેલ છે.

**શ્લોક-૯૭ :-**

ગ્રંથકારશ્રીએ શ્રી **શંખેશ્વર પાર્શ્વનાથ** ભગવાનની પ્રતિમાને સંબોધન કરીને ભગવાનની સ્તુતિરૂપે પ્રસ્તુત ગ્રંથની રચના કરેલ છે. તેમાં વાદી એવા લુંપાક આદિના મતનું નિરાકરણ કરેલ છે, તે પણ પરમાર્થથી ભગવાનની ભક્તિરૂપે જ કરેલ છે. તેનું સ્પષ્ટીકરણ **શ્લોક-૯૭માં** ગ્રંથકારશ્રીએ કરેલ છે. વ્યવહારનયથી આત્માના શુદ્ધભાવને પ્રગટ કરવા અર્થે શાસ્ત્રના પદાર્થના મનનરૂપે ગ્રંથકારશ્રીએ ભગવાનની સ્તુતિરૂપે આ ગ્રંથની રચના કરેલ છે અને નિશ્ચયનયથી ભગવાનની ભક્તિ આત્મભાવમાં વિશ્રાંતિરૂપ છે. જે પ્રસ્તુત ગ્રંથરચનાનું ફળ છે.

**શ્લોક-૯૮ થી ૧૦૦ :-**

ગ્રંથકારશ્રીએ સાક્ષાત્ ભગવાનની સ્તુતિ **શ્લોક-૯૮થી ૧૦૦માં** કરેલ છે.

**શ્લોક-૧૦૧ :-**

પ્રતિમાશતક ગ્રંથની રચના કરીને પાર્શ્વનાથ ભગવાનની ગ્રંથકારશ્રીએ જે ભક્તિ કરી છે, તેનાથી પોતાને શું ઇષ્ટ છે, તેની પ્રાર્થનાથી યુક્ત એવી સ્તુતિ **શ્લોક-૧૦૧માં** ગ્રંથકારશ્રીએ કરેલ છે.

**શ્લોક-૧૦૨-૧૦૩ :-**

ભગવાનની પ્રતિમાને જોઈને લુંપાકને શું ભાવ થાય છે અને પોતાને શું ભાવ થાય છે ? તેનું સ્પષ્ટીકરણ **શ્લોક-૧૦૨-૧૦૩માં** ગ્રંથકારશ્રીએ કરેલ છે.

**શ્લોક-૧૦૪ :-**

ગ્રંથકારશ્રીની પ્રશસ્તિ **શ્લોક-૧૦૪માં** છે. અને છેલ્લે પ્રતિમાશતક ગ્રંથના ટીકાકારની પ્રશસ્તિ આપેલ છે.

આ વિવરણ કરવામાં છદ્મસ્થતાને કારણે અનાભોગાદિથી ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં માંગું છું.

**- પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**વિ. સં. ૨૦૬૪, આસો સુદ-૧૦,**
**તા. ૯-૧૦-૨૦૦૮, ગુરુવાર**
**૩૦૨, વિમલવિહાર,**
**સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**

# અનુક્રમણિકા


| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૭૦-૭૮. | **વિધિકારિત પ્રતિમાની જ પૂજ્યતા સ્વીકારનાર વૃષોદનુસારી અર્થાત્ ધર્મસાગરમતની અઘટમાનતાનું વિવરણ.** | ૧૧૮૯-૧૨૫૯ |
| ૭૦. | વિધિકારિત પ્રતિમામાં જ પૂજ્યતા સ્વીકારનાર ધર્મસાગરજીના મતનું નિરાકરણ. | ૧૧૮૯ |
| | વિધિકારિત પ્રતિમામાં જ પૂજ્યતાના સ્વીકારની ધર્મસાગરજીની યુક્તિ. | |
| | વર્તમાનમાં વિધિકારિત પ્રતિમાના અસંભવની સ્થાપક ધર્મસાગરજીની યુક્તિનું નિરાકરણ. | |
| | વર્તમાનમાં વિરતિરૂપ આચારોની વિદ્યમાનતાનો ધર્મસાગરજી દ્વારા સ્વીકાર. | ૧૧૮૯-૧૧૯૨ |
| ૭૧. | યોગ-આરાધના-બહુમાન-અદ્વેષથી કરાયેલી ત્રુટિત ક્રિયાની પણ ઉચિતતા. ગુરુકારિત, વિધિકારિત આદિ આગ્રહને છોડીને સર્વ પ્રતિમાની પૂજ્યતામાં યુક્તિ. | ૧૧૯૩ |
| | ‘યોગ’ શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ. વિધિપૂર્વકની ક્રિયામાં અપેક્ષિત યોગનું સ્વરૂપ. | |
| | ‘આરાધના’ શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ. વિધિપૂર્વકની ક્રિયામાં અપેક્ષિત આરાધનાનું સ્વરૂપ. | |
| | ‘શંસન’ શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ. વિધિના યોગ-આરાધન-શંસન આદિથી ક્રિયાની અદુષ્ટતાનું ઉદ્ધરણ. વિધિબહુમાનવાળા અને વિધિઅબહુમાનવાળા જીવોનું સ્વરૂપ. | |
| | વિધિસેવનના અભાવવાળામાં પણ વિધિપક્ષપાત આદિ ગુણોથી ધન્યતા. | |
| | આસન્નસિદ્ધિકોમાં વિધિનો પરિણામ અને અભવ્ય, દુર્ભવ્યમાં વિધિના ત્યાગ અને અવિધિની ભક્તિનો પરિણામ. | |
| | અનુષ્ઠાનવિષયક ઉચિત વિધિ | ૧૧૯૩-૧૧૯૬ |
| | અમૃતઅનુષ્ઠાનનું સ્વરૂપ. | |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | તદ્ધેતુઅનુષ્ઠાનનું સ્વરૂપ.<br>વિધિના અદ્વેષથી પ્રથમ યોગના અંગની પ્રાપ્તિ.<br>અમૃતઅનુષ્ઠાનમાં આભોગદ્રવ્યસ્તવરૂપતા, તદ્ધેહુતઅનુષ્ઠાનમાં અનાભોગદ્રવ્યસ્તવરૂપતા.<br>આભોગદ્રવ્યસ્તવરૂપ અમૃતઅનુષ્ઠાન અને અનાભોગદ્રવ્યસ્તવરૂપ તદ્ધેતુઅનુષ્ઠાનના સ્વરૂપનું ઉદ્ધરણ અને આભોગદ્રવ્યસ્તવ અને અનાભોગદ્રવ્યસ્તવનું સ્વરૂપ.<br>ભદ્રકજીવોને અનાભોગદ્રવ્યસ્તવથી બોધિનો લાભ.<br>ભવાભિનંદીને ગુણદ્વેષની પ્રાપ્તિનું ઉદ્ધરણ.<br>તત્ત્વજ્ઞોના સ્વરૂપનું ઉદ્ધરણ. | ૧૧૯૬-૧૨૦૦ |
| | ગુરુકારિત આદિ પ્રતિમાઓની પૂજ્યતાના આગ્રહને છોડીને અવિશેષથી સર્વ પ્રતિમાઓની ભક્તિથી બોધિની સુલભતા ઉદ્ધરણપૂર્વક.<br>'કૃતિવર' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ.<br>પૂજા માટે યોગ્ય પ્રતિમાના સ્વરૂપવિષયક ભિન્ન-ભિન્ન મતોનું સટીક ઉદ્ધરણ.<br>ગુરુકારિત આદિ પ્રતિમાની પૂજ્યતા વિષયક અવસ્થિતપક્ષનો અપવાદથી અભિગમ, ગુરુકારિત આદિ પ્રતિમાનો જ આગ્રહ કરવાપૂર્વક અન્ય પ્રતિમાઓની અવજ્ઞા કરવાથી સંસારના પરિભ્રમણની પ્રાપ્તિ.<br>અવિધિથી કરાયેલ પ્રતિમાની પૂજામાં અવિધિના અનુમોદનરૂપ દોષના અભાવની યુક્તિ - ઉદ્ધરણપૂર્વક. નિશ્રાકૃત-અનિશ્રાકૃત ચૈત્યમાં ભક્તિની વિધિ. | ૧૨૦૧-૧૨૦૪ |
| | ગુરુકારિત આદિ પ્રતિમાની પૂજ્યતાવિષયક અવસ્થિતપક્ષનો ઉત્સર્ગથી અભિગમ અને ભજના, અવસ્થિતપક્ષ દ્વારા વિધિકારિત પ્રતિમાનો જ ઉત્સર્ગથી સ્વીકાર. ગુરુકારિત આદિ પ્રતિમાના પૂજ્યતાવિષયક અવસ્થિતપક્ષની ભજનાનું ઉદ્ધરણ. | ૧૨૦૪-૧૨૦૭ |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | વિધિકારિત પ્રતિમાની અપ્રાપ્તિમાં અપવાદિક પ્રવૃત્તિ, અપવાદથી અવિધિથી કરાયેલ પ્રતિમાની પૂજામાં અવિધિની અનુમતિના અભાવમાં યુક્તિ. | |
| | વિધિકારિત પ્રતિમાની અપ્રાપ્તિમાં અપવાદિક પ્રવૃત્તિનું ઉદ્ધરણ. | ૧૨૦૭-૧૨૦૯ |
| ૭૨. | નિશ્રિત-અનિશ્રિત ચૈત્યમાં વંદનની વિધિથી વિધિકારિત પ્રતિમાથી અન્યની પણ પૂજ્યતાનું સ્થાપન. | ૧૨૧૦ |
| | 'ભજના' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ. | ૧૨૧૦-૧૨૧૧ |
| ૭૩. | ગચ્છાંતર લિંગની અવંદનીયતાની જેમ ગચ્છાંતર ચૈત્યની અવંદનીયતા કહેનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | ૧૨૧૨ |
| | 'આગ્રહી' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ. | |
| | વ્યંજકત્વાખ્યવિષયત્વમાં સપ્તમીવિભક્તિના પ્રયોગનું સ્થાન. | ૧૨૧૨-૧૨૧૫ |
| | દ્રવ્યલિંગી સાધુની વંદનીયતાને પ્રતિમાના દૃષ્ટાંતથી સિદ્ધ કરનાર પૂર્વપક્ષીના આક્ષેપ અને સમાધાનનું સટીક ઉદ્ધરણ. | |
| | પ્રતિમાના દૃષ્ટાંતથી ગુણ આદિની પરીક્ષા વિના સાધુવેશવાળાની વંદનીયતામાં પૂર્વપક્ષીની યુક્તિ. | |
| | 'ચિત્ત' અર્થમાં અધ્યાત્મ શબ્દનો પ્રયોગ. | |
| | સાધુવેશમાત્રને વંદનીય સિદ્ધ કરવા પૂર્વપક્ષીએ આપેલ પ્રતિમાના દૃષ્ટાંતનું દાર્ષ્ટાન્તિક સાથેના વૈષમ્યનું ગ્રંથકાર દ્વારા ભાવન. | |
| | પ્રતિમામાં સાવદ્યક્રિયાની જેમ નિરવદ્યક્રિયાનો અભાવ હોવાથી નમસ્કારના ફળના અભાવની સ્થાપક પૂર્વપક્ષીની યુક્તિ. | |
| | પ્રતિમામાં સાવદ્યક્રિયાની જેમ નિરવદ્યક્રિયાનો અભાવ હોવા છતાં નમસ્કારના ફળના સંભવની યુક્તિ. | |
| | પ્રતિમાની જેમ સાધુલિંગથી મનઃશુદ્ધિ સ્વીકારનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | |
| | પ્રતિમામાં જિનગુણના અધ્યારોપની યુક્તતા અને લિંગમાં સાધુગુણના અધ્યારોપની અયુક્તતાનું ભાવન. | |
| | પાર્શ્વસ્થ આદિમાં પણ સાધુગુણના અધ્યારોપની યુક્તતાની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | જાણીને પાર્શ્વસ્થ આદિને વંદન કરવાથી પ્રાપ્ત થતાં દોષો. | ૧૨૧૫-૧૨૨૮ |
| | ગુણના અધ્યારોપને ઉચિત સ્થાન. | |
| | ગચ્છાંતરીય પ્રતિમાની અવંદનીયતા સ્વીકારનાર પૂર્વપક્ષીના અનુમાનનું નિરાકરણ અને તે અનુમાનની ઉપાધિનું સ્વરૂપ. | ૧૨૨૮-૧૨૩૧ |
| ૭૪. | સાધુલિંગની વંદ્યતામાં ભજનાની અને પ્રતિમાની એકાંતે વંદ્યતામાં યુક્તિ. | ૧૨૩૨ |
| | સાધુલિંગની વંદ્યતાવિષયક ભજનાનું સ્વરૂપ. | |
| | પ્રતિમાની એકાંતે વંદ્યતામાં યુક્તિ. | |
| | ગચ્છાંતરીય સાધુની જેમ ગચ્છાંતરીય પ્રતિમાની અવંદ્યતાની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | ૧૨૩૨-૧૨૩૬ |
| ૭૫. | અવિધિકારિત પ્રતિમાને વંદનીય સ્વીકારવાથી પ્રતિષ્ઠાવિધિના વૈયર્થ્યની પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ. | |
| | મુખ્ય પ્રતિષ્ઠાનું સ્વરૂપ. | ૧૨૩૭ |
| | પ્રતિષ્ઠિત પ્રતિમાથી પૂજાફળની ઉપપત્તિમાં યુક્તિ. | |
| | પ્રતિષ્ઠાવિધિથી ક્ષયોપશમભાવરૂપ અદૃષ્ટની આત્મામાં પ્રાપ્તિ. | |
| | પ્રતિમાની પ્રતિષ્ઠાથી દેવલોકના દેવના આગમનની અયુક્તતામાં યુક્તિ. | |
| | પ્રતિષ્ઠાની પ્રતિમામાં પૂજાફળ પ્રયોજક શક્તિને સ્વીકારનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | |
| | પ્રતિષ્ઠાવિધિથી આત્મામાં નિષ્પન્ન થતું ફળ. | |
| | પ્રતિષ્ઠાથી પરંપરાએ મોક્ષફળની પ્રાપ્તિમાં યુક્તિ. | |
| | પરમાત્માની કરાતી પ્રતિષ્ઠાથી પરમપ્રતિષ્ઠાની પ્રાપ્તિ, પરમપ્રતિષ્ઠાનું સ્વરૂપ. | ૧૨૩૭-૧૨૪૪ |
| ૭૬. | પ્રતિષ્ઠાવિધિથી આત્મામાં નિજભાવની પ્રતિષ્ઠા સ્વીકારવાને કારણે પ્રતિમામાં અપ્રતિષ્ઠિતત્વની અને પ્રતિષ્ઠા કરાવનારના અદૃષ્ટના ક્ષયથી પ્રતિમાની અપૂજ્યતાની આશંકાનું નિરાકરણ. | ૧૨૪૪ |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | પ્રતિષ્ઠાની વિધિનું ફળ, આત્મામાં નિજભાવની પ્રતિષ્ઠા હોવા છતાં બિંબમાં પ્રતિષ્ઠાના વ્યવહારની સંગતિ. | |
| | પ્રતિમામાં પ્રતિષ્ઠિતત્વની ઉપસ્થિતિપૂર્વક કરાતી પૂજાથી વિશિષ્ટ ફળની પ્રાપ્તિમાં યુક્તિ, પ્રતિષ્ઠા કરાવનાર અધિકારીનું સ્વરૂપ. | |
| | પ્રતિષ્ઠાવિધિની સામગ્રીના અભાવમાં મનથી પણ પરમાત્માના સ્વરૂપની પ્રતિષ્ઠા કરીને પૂજાફળની નિષ્પત્તિ - સટીક ઉદ્ધરણ પૂર્વક. | |
| | વર્તમાનમાં પ્રતિમાની વંદનીયતા અને અવંદનીયતાની મર્યાદા, વર્તમાનમાં પ્રતિષ્ઠાકર્તૃગુણની પ્રાયઃ દુર્લભતા, અપવાદથી પ્રતિષ્ઠાવિધિના વચનમાત્રથી કરાયેલ પ્રતિમાની પ્રતિષ્ઠાનો સ્વીકાર. | |
| | દિગંબર આદિ ત્રણની પ્રતિમાઓની અવંદનીયતામાં યુક્તિ, દિગંબર આદિથી પ્રતિષ્ઠિત પ્રતિમામાં સાધુના વાસક્ષેપથી પૂજ્યતા. | ૧૨૪૪-૧૨૫૧ |
| ૭૭. | તીર્થાંતરીયપરિગૃહીત પ્રતિમાની જેમ પાર્શ્વસ્થપરિગૃહીત પ્રતિમાને પણ અવંદનીય કહેનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | ૧૨૫૨ |
| | અન્યતીર્થિકપરિગૃહીત ચૈત્યોની અવંદનીયતાનું ઉદ્ધરણ. | |
| | ચારિત્રીઓનું સામ્રાજ્ય હોતે છતે પાર્શ્વસ્થ આદિથી પરિગૃહીત પ્રતિમામાં અવંદનીયતા. | |
| | વિશિષ્ટ આચાર્યાદિ વડે કરાતા શુદ્ધ-અશુદ્ધનો વિવેક કરવામાં કલહ આદિની પ્રાપ્તિ. | |
| | વર્તમાનમાં પાર્શ્વસ્થ આદિની પ્રતિમાને અપૂજ્ય કહેવાથી ભક્તિના સંકોચની પ્રાપ્તિને કારણે મહાઅનર્થની પ્રાપ્તિમાં યુક્તિ. | ૧૨૫૨-૧૨૫૫ |
| ૭૮. | પરંપરાથી અને શાસ્ત્રયુક્તિથી સ્વગચ્છની અને પરકીયગચ્છની પ્રતિમામાં ભેદનો અભાવ. | ૧૨૫૬ |
| | પ્રતિમાના ભેદો. | |
| | 'ईक्षामहे' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ. | |
| | અવિધિથી કરાયેલ પ્રતિમાની ભક્તિથી કરાયેલ પૂજામાં અવિધિની અનુમતિના અભાવમાં યુક્તિ. | ૧૨૫૬-૧૨૫૯ |
| ૭૯. | પૂ. ઉ. **યશોવિજયજી** મહારાજ સાહેબે ભક્તિથી જિનપ્રતિમાની કરેલ સ્તુતિ. | ૧૨૬૦ |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | સ્વચિત્તથી પ્રતિમાના અત્યાગનો વિશિષ્ટ અર્થ. | ૧૨૬૦-૧૨૬૨ |
| ૮૦. | જિનપ્રતિમાનું સ્વરૂપ. | ૧૨૬૩-૧૨૬૫ |
| **૮૧-૯૨.** | **દ્રવ્યસ્તવમાં ભક્તિરૂપ ધર્મ અને હિંસારૂપ અધર્મ માનનાર પાર્શ્વચંદ્રમતના નિરાકરણની ચર્ચા.** | **૧૨૬૫-૧૩૭૫** |
| ૮૧. | દ્રવ્યસ્તવમાં ભક્તિરૂપ ધર્મ અને હિંસારૂપ અધર્મના અભાવની યુક્તિ, દ્રવ્યસ્તવમાં સ્વરૂપહિંસા હોવા છતાં એકાંતે ધર્મ. | ૧૨૬૫-૧૨૬૭ |
| ૮૨-૮૬. | દ્રવ્યસ્તવના મિશ્રત્વની ચતુર્ભંગીમાં પ્રથમ બે ભાંગાના નિરાકરણની ચર્ચા. | ૧૨૬૮-૧૩૦૩ |
| ૮૨. | દ્રવ્યસ્તવના મિશ્રત્વની ચતુર્ભંગીમાં પ્રથમ બે ભાંગાની અયુક્તતામાં યુક્તિ. | ૧૨૬૮ |
| | દ્રવ્યસ્તવમાં મિશ્રત્વની ચતુર્ભંગીનું સ્વરૂપ. | |
| | દ્રવ્યસ્તવમાં એક કાળે વ્યવહારનયથી પણ હિંસા આદિરૂપ આરંભ અને ભગવદ્ભક્તિરૂપ અનારંભસ્વરૂપ બે ઉપયોગના અભાવમાં યુક્તિ. | |
| | દ્રવ્યસ્તવના સ્થૈર્યયોગમાં અતિચારના ભયનો પણ અભાવ, સ્થૈર્યયોગથી પૂર્વના દ્રવ્યસ્તવના અયતનાકાળમાં અવિધિનો ઉપયોગ હોવાથી મિશ્રયોગનો સ્વીકાર. | ૧૨૬૮-૧૨૭૦ |
| | દ્રવ્યસ્તવમાં થતી હિંસાથી પણ કર્મબંધના અભાવમાં યુક્તિ. | |
| | 'અલ્પ' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ. | ૧૨૭૧-૧૨૭૪ |
| ૮૩. | દ્રવ્યસ્તવમાં શુભ ભાવ અને અશુભ ક્રિયાથી મિશ્રત્વ માનવામાં સાધુની નદી ઉત્તરણની ક્રિયામાં મિશ્રત્વ માનવાની આપત્તિ. | ૧૨૭૨-૧૨૭૪ |
| | કેવલી સુધી દ્રવ્યાશ્રવની પ્રાપ્તિનું ઉદ્ધરણ. | |
| | 'શોક' શબ્દનો સંદર્ભથી વિશિષ્ટ અર્થ. | |
| | કેવલજ્ઞાન સુધી દેશવિરતિ સ્વીકારવા માટેની સુંદરઋષિની યુક્તિનું નિરાકરણ, અયોગી ગુણસ્થાનકમાં ફળથી સર્વસંવર, પ્રમત્તગુણસ્થાનકમાં સ્વરૂપથી સર્વસંવર. | ૧૨૭૪-૧૨૭૬ |
| ૮૪. | સાધુને નદી ઉત્તરણમાં મિશ્રત્વના અભાવની અને દ્રવ્યસ્તવમાં મિશ્રત્વની સ્થાપક પૂર્વપક્ષીની યુક્તિ. | ૧૨૭૭ |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | વિધિ અને પ્રમાણના સ્વરૂપનું ઉદ્ધરણ. | |
| | ગૃહસ્થ અને સાધુના નદી ઉત્તરણની ક્રિયામાં હિંસા અને અહિંસારૂપ વ્યવહાર ભેદનું કારણ. | ૧૨૭૭-૧૨૮૦. |
| ૮૫. | ગૃહસ્થને દ્રવ્યસ્તવમાં મિશ્રત્વ સ્થાપક પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | ૧૨૮૧ |
| | સદ્વ્યવહારનયથી હિંસાનું લક્ષણ. | |
| | સ્વગુણસ્થાનક ઉચિત યતનાથી પ્રમાદપરિહારની સિદ્ધિ, રત્ન-રત્નાકર-દૃષ્ટાંતથી જિનકલ્પ અને સ્થવિરકલ્પની તુલ્યતા. | |
| | સ્વભૂમિકાને ઉચિત ધર્મકૃત્યમાં ગૃહસ્થ કે સાધુને હિંસાનો અભાવ. | ૧૨૮૧-૧૨૮૬ |
| | અપ્રમત્તભાવથી કરાતાં દ્રવ્યસ્તવમાં હિંસ્યમાં જ દ્રવ્યસ્તવની પ્રાપ્તિ હોવાથી કર્મબંધનો અભાવ, પ્રમાદભાવથી હિંસ્યમાં વર્તતી હિંસાની સ્વમાં પ્રાપ્તિ, અનાભોગ આદિથી થતાં પ્રમાદવાળા દ્રવ્યસ્તવની સદ્વ્યવહારમાં વિશ્રાંતિ. | ૧૨૮૬-૧૨૯૦ |
| | શ્રાવકના દ્રવ્યસ્તવમાં અને સાધુની નદીઉત્તરણની ક્રિયામાં ઉત્પાદ અને ઉત્પત્તિકૃત ભેદ બતાવીને વિષમતાનું સ્થાપન કરનાર પૂર્વપક્ષીનું નિરાકરણ. | ૧૨૯૦-૧૨૯૫ |
| ૮૬. | સાધુની નદીઉત્તરણની ક્રિયાને અપવાદરૂપે સ્વીકારી અને દ્રવ્યસ્તવને અપવાદતુલ્ય સ્વીકારીને દ્રવ્યસ્તવના યતનાભાગમાં વિધિનો અર્થ સ્વીકારી અને દ્રવ્યસ્તવની ક્રિયાને સ્વચ્છંદપ્રાપ્ત કહીને દ્રવ્યસ્તવમાં મિશ્રત્વની સંગતિ કરનાર પૂર્વપક્ષીનું નિરાકરણ. | ૧૨૯૬ |
| | વિધેયવાક્યથી પૂર્ણ અર્થમાં વિધેયતાનો અને એકદેશમાં વિધેયતાનો સ્થાનવિનિયોગ. | |
| | દ્રવ્યસ્તવને કહેનાર વિધિવાક્યથી યતનાવિશિષ્ટ દ્રવ્યસ્તવની ક્રિયામાં જ વિધેયતાની સ્થાપક યુક્તિ. | |
| | ક્વચિત્ એકદેશમાં અને ક્વચિત્ ઉભયમાં વિધેયત્વની પુષ્ટિનું ઉદ્ધરણ. | ૧૨૯૬-૧૩૦૧ |
| | દ્રવ્યસ્તવમાં યતના અંશને આશ્રયીને ધર્મ અને ક્રિયા અંશને આશ્રયીને અધર્મ સ્વીકારી મિશ્રત્વ માનનારને પ્રાપ્ત થતાં દોષો. | |
| | 'स्वशस्त्रं स्वोपघाताय' इति ન્યાય સંબદ્ધ. | ૧૩૦૧-૧૩૦૩ |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૮૭. | અશુભભાવ અને શુભક્રિયારૂપ મિશ્રતાના ત્રીજા ભાંગાનું નિરાકરણ. | ૧૩૦૩ |
| | નિશ્ચયનયથી અશુભભાવથી કરાતી શુભક્રિયામાં પણ અધર્મરૂપતા. | |
| | નિહ્નવોના ચારિત્રાચારમાં જ અધર્મત્વની સ્થાપક યુક્તિ, સ્થૂલથી મોક્ષના આશયપૂર્વક કરાતા નિહ્નવોના અનુષ્ઠાનમાં ગરાનુષ્ઠાનતા. | |
| | નિહ્નવોના સંયમમાં અધર્મરૂપતાનું ઉદ્ધરણ. | |
| | નિહ્નવોના દર્શનનું સ્વરૂપ. | ૧૩૦૪-૧૩૦૭ |
| | વિધિયુક્ત દ્રવ્યસ્તવમાં હિંસાના પરિણામના અભાવમાં યુક્તિ. | |
| | યતનાથી કરાતા દ્રવ્યસ્તવમાં અને સાધુની નદીઉત્તરણની ક્રિયામાં આનુષંગિક ઉદ્દેશ અને સાધ્ય હિંસારૂપ હોવા છતાં શાસ્ત્રથી અનિષિદ્ધ. | ૧૩૦૮-૧૩૧૧ |
| ૮૮. | દ્રવ્યસ્તવમાં શુભ-અશુભ ક્રિયારૂપ મિશ્રતાના ચોથા ભાંગાનું નિરાકરણ. | ૧૩૧૨ |
| | નિશ્ચયનયથી એક કાળમાં ભિન્નવિષયક ક્રિયાદ્વયનો નિષેધ - ઉદ્ધરણપૂર્વક. | |
| | અવિધિપૂર્વકની જિનાર્ચામાં વ્યવહારનય સંમત શુદ્ધ-અશુદ્ધ યોગના બળથી દ્રવ્યસ્તવમાં મિશ્રપક્ષને સ્વીકારનારની યુક્તિનું કાળભેદથી શુદ્ધ-અશુદ્ધ યોગનો સ્વીકાર કરનાર નિશ્ચયનયને આશ્રયીને નિરાકરણ. | |
| | વીર્યનું સ્ફુરણ આત્મામાં હોવાથી યોગ નિર્વિષય બની જવાને કારણે દ્રવ્યસ્તવમાં પણ યોગની શુદ્ધ-અશુદ્ધ વિષયતાની અસંગતિની શંકાનું નિરાકરણ, વ્યાપાર અનુબંધી વિષયતા નયથી યોગની શુદ્ધ-અશુદ્ધ વિષયતા. | ૧૩૧૨-૧૩૧૬ |
| ૮૯. | નિશ્ચયનયથી શુદ્ધ-અશુદ્ધ યોગરૂપ મિશ્રત્વનો નિષેધ. | ૧૩૧૭ |
| | દ્રવ્યયોગ અને ભાવયોગનું સ્વરૂપ. | |
| | નિશ્ચયનયથી એક કાળમાં શુભ-અશુભરૂપ મિશ્રભાવનો અભાવ. | |
| | નિશ્ચયનયથી અને નિશ્ચયનયના અંગરૂપ વ્યવહારનયથી પણ પરિસ્પંદનરૂપ દ્રવ્યયોગમાં મિશ્રતાનો અભાવ. | ૧૩૧૭-૧૩૧૮ |
| | દ્રવ્યભાવભાષામાં અશોકવનના કથનને મિશ્રભાવસ્વરૂપે કહેલ હોવાથી આવતાં વિરોધનો પરિહાર, નિશ્ચયાંગવ્યવહારનયથી "આ અશોકવન છે" એ પ્રયોગમાં મિશ્રભાષાનો અભાવ. | ૧૩૧૯-૧૩૨૦ |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | નિશ્ચયનયની વિવક્ષાથી શ્રુતભાવભાષામાં મિશ્રભાષાનો અસ્વીકાર તથા વ્યવહારનયની વિવક્ષાથી દ્રવ્યભાવભાષામાં મિશ્રભાષાનો સ્વીકાર - ઉદ્ધરણપૂર્વક. | ૧૩૨૧-૧૩૨૪ |
| ૯૦. | મિશ્રકર્મબંધનો અભાવ હોવાથી દ્રવ્યસ્તવમાં મિશ્રયોગનો અભાવ. | ૧૩૨૫ |
| | બંધની અપેક્ષાએ મિશ્રકર્મબંધનો અભાવ, સંક્રમની અપેક્ષાએ મિશ્રમોહનીયકર્મની પ્રાપ્તિ. | ૧૩૨૫-૧૩૨૮ |
| | **મિશ્રકર્મબંધના અભાવનું સ્થાપક ઉદ્ધરણ.** | **૧૩૨૮-૧૩૫૦** |
| | મિશ્રકર્મબંધના અભાવનું સાધક અનુમાન. | ૧૩૨૮-૧૩૩૧ |
| | મિશ્રકર્મબંધના અભાવની સાધક યુક્તિ. | ૧૩૨૯ |
| | કર્મબંધમાં મિથ્યાત્વ આદિ પાંચ કારણો હોવા છતાં યોગને જ બંધમાં હેતુરૂપે સ્વીકારવાની યુક્તિ. | ૧૩૨૯-૧૩૩૧ |
| | યોગનિમિત્તક એક સમયના કર્મબંધમાં શુભાશુભરૂપ મિશ્રત્વની સ્થાપક પૂર્વપક્ષીની યુક્તિઓનું નિરાકરણ. | |
| | વ્યવહારનયથી મન, વચન અને કાયાના શુભ-અશુભરૂપ મિશ્રયોગનું સ્વરૂપ. | |
| | દ્રવ્યયોગ અને ભાવયોગનું સ્વરૂપ. | |
| | વ્યવહારનયથી દ્રવ્યયોગમાં શુભ-અશુભરૂપ મિશ્રત્વ અને ભાવયોગમાં મિશ્રત્વના અભાવની સ્થાપક યુક્તિ. | |
| | 'કરણ' શબ્દનો યોગ અર્થમાં પ્રયોગ. | |
| | નિશ્ચયનયથી દ્રવ્યયોગમાં પણ શુભ-અશુભ મિશ્રત્વના અભાવની યુક્તિ. | |
| | અધ્યવસાયરૂપ જ ભાવયોગ. | |
| | આગમમાં ભાવયોગવિષયક નિશ્ચયનયના જ ગ્રહણનું વિશેષ તાત્પર્ય. | ૧૩૩૧-૧૩૩૬ |
| | ભાવયોગમાં મિશ્રત્વના અભાવનું ઉદ્ધરણ. | |
| | મિશ્રધ્યાન અને મિશ્રલેશ્યાનો અભાવ. | |
| | ભાવયોગનું સ્વરૂપ. | ૧૩૩૬-૧૩૩૭ |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | બંધથી મિશ્રમોહનીયકર્મની પ્રાપ્તિ, બંધની અપેક્ષાએ મિશ્રકર્મબંધનો અભાવ. | ૧૩૩૭-૧૩૪૦ |
| | સંક્રમણવિધિનું સ્વરૂપ. આયુષ્યકર્મમાં પરસ્પર સંક્રમનો અભાવ. દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયમાં પરસ્પર સંક્રમનો અભાવ. ધ્રુવબંધી પ્રકૃતિને આશ્રયીને પ્રકૃતિસંક્રમની વિધિ. અધ્રુવબંધી પ્રકૃતિને આશ્રયીને પ્રકૃતિસંક્રમની વિધિ. | ૧૩૪૦-૧૩૪૩ |
| | દ્રવ્યસ્તવમાં હિંસા હોવાને કારણે જ ધ્રુવબંધી પાપપ્રકૃતિનો બંધ સ્વીકારવાની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, દ્રવ્યસ્તવકાળમાં જ પુણ્યપ્રકૃતિ અને ધ્રુવબંધી પાપપ્રકૃતિબંધના નિયામક તત્ત્વો. શુભઅધ્યવસાયકાળમાં પણ શુભ કે અશુભ કર્મપ્રકૃતિના બંધમાં યુક્તિ. કર્મગ્રહણકાળમાં જ શુભ-અશુભરૂપે પરિણમનની જેમ પ્રદેશના અલ્પબહુત્વના ગ્રહણનું ઉદ્ધરણ. પરિણામના વશથી કર્મમાં પુણ્ય-પાપના વિભાગનું દૃષ્ટાંતથી ભાવન. | ૧૩૪૩-૧૩૫૦ |
| ૯૧. | દ્રવ્યસ્તવમાં મિશ્રપક્ષને સ્વીકારવાની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. વ્યવહારનયથી વિરત-અવિરત અને વિરતાવિરત એમ ત્રણ વિભાગ, સંગ્રહનયથી વિરતિ અને અવિરતિ એમ બે વિભાગ, સંગ્રહનયથી દેશવિરતિનો વિરતિમાં અંતર્ભાવ. દેશવિરતિમાં વિરતિ-અવિરતિરૂપ મિશ્રતા હોવા છતાં મિશ્રકર્મબંધનો અભાવ. | ૧૩૫૦-૧૩૫૨ |
| | વિરતિ-અવિરતિરૂપ મિશ્રપક્ષનો શુભબંધની અપેક્ષાએ ધર્મમાં જ અંતર્ભાવ, દેશવિરતિધરની પૂજા અને પૌષધમાં ધર્મરૂપે તુલ્યતા. | ૧૩૫૨ |
| | વાગ્વ્યવહારથી મિશ્રપક્ષનો નિશ્ચયનયથી ધર્મપક્ષમાં જ અંતર્ભાવના વિવરણનું સટીક ઉદ્ધરણ. | ૧૩૫૪-૧૩૭૪ |
| | અધર્મપક્ષનું સ્વરૂપ. પાપપ્રવૃત્તિને અનુકૂળ જીવના જુદા-જુદા ભાવો. સાધુની સુરકિલ્બિષાદિભાવનાનું સ્વરૂપ અને ફળ. ગૃહસ્થના અધર્મના ચૌદ સ્થાનો. | |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | 'અકેવલ' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ. | |
| | 'અસલ્લગત્વ' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ. | |
| | 'વિભંગ' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ. | |
| | સિદ્ધિ-મુક્તિ-નિર્વાણ-નિર્યાણ શબ્દના ભિન્ન-ભિન્ન અર્થો. | ૧૩૫૪-૧૩૫૯ |
| | ધર્મપક્ષવાળા જીવોનું સ્વરૂપ. | ૧૩૫૯-૧૩૬૦ |
| | અન્યદર્શનમાં રહેલા ગુણસ્થાનક બહિર્વર્તી જીવોની ભૂમિકા. | |
| | મિથ્યાદૃષ્ટિના પ્રાણાતિપાતવિરમણઆદિરૂપ ધર્મપક્ષની પણ અધર્મપક્ષમાં અંતર્ભાવની યુક્તિ. | |
| | મિથ્યાદૃષ્ટિઓને ધર્મથી કુદેવત્વ અને કુમનુષ્યત્વની પ્રાપ્તિ. | |
| | 'આવસથ' શબ્દનો વિશેષ અર્થ. | |
| | 'ગૃહ' અર્થનો વાચક વિશેષ શબ્દ. | ૧૩૬૦-૧૩૬૨ |
| | અધર્મપક્ષને આશ્રિત જીવોનું અને તેઓને પ્રાપ્ત થતા ફળનું વર્ણન. | |
| | નરકસ્થાનના સ્વરૂપનું વર્ણન. | ૧૩૬૨-૧૩૬૬ |
| | ધર્મપક્ષમાં રહેલા આત્માઓના જીવનનું અને તેઓને પ્રાપ્ત થતા ફળનું વર્ણન. | |
| | ધાર્મિક પક્ષવાળા જીવોને પ્રાપ્ત સુદેવગતિનું વર્ણન. | ૧૩૬૬-૧૩૬૮ |
| | સમ્યગ્દર્શનયુક્ત દેશવિરતિવાળા મિશ્રપાક્ષિક જીવોના જીવનના સ્વરૂપનું વર્ણન. | ૧૩૬૯-૧૩૭૦ |
| | ધર્મપક્ષ, અધર્મપક્ષ અને ધર્માધર્મપક્ષનું સંક્ષિપ્ત વર્ણન. | ૧૩૭૦-૧૩૭૧ |
| | સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ મિશ્રપક્ષનો ધર્મમાં અને મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ મિશ્રપક્ષનો અધર્મપક્ષમાં અંતર્ભાવ. | |
| | દેશવિરતિગુણસ્થાનકવર્તી જીવમાં વર્તતી દેશથી અવિરતિમાં વિવક્ષાવિશેષથી દ્રવ્યરૂપતા. | |
| | અવિરતસમ્યગ્દૃષ્ટિની ધર્મપક્ષમાં અંતર્ભાવની યુક્તિ. | |
| | પાખંડીઓનો અધર્મપક્ષમાં અંતર્ભાવ હોવાથી અર્થથી સમ્યગ્દૃષ્ટિની આચરણાઓનો ધર્મમાં અંતર્ભાવ. | ૧૩૭૨-૧૩૭૪ |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૯૨. | દ્રવ્યસ્તવમાં મિશ્રતાના અભાવની સ્થાપક યુક્તિ. | ૧૩૭૫ |
| | 'दोषकृत्' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ. | ૧૩૭૬ |
| | શ્રાવકોને દ્રવ્યસ્તવ નહિ સ્વીકારનાર પાર્શ્વચંદ્રમતથી કલ્પિત ષટ્પુરુષોના વિભાગનું સ્વરૂપ. | |
| | અવશ્ય ઉભય ટંક પ્રતિક્રમણ કરનારને અને જીવ-અજીવ આદિના ભેદના પરિજ્ઞાનવાળાને જ શ્રમણોપાસક દેશવિરતિધર સ્વીકારનાર પાર્શ્વચંદ્રમતની પુષ્ટિનું ઉદ્ધરણ. | |
| | દેશવિરતિધરને સાવદ્યપૂજા નહિ સ્વીકારનાર પાર્શ્વચંદ્રની યુક્તિનું નિરાકરણ. | |
| | હિંસાના પરિહારવાળી જ શ્રમણોપાસક દેશવિરતિધરની જિનભક્તિને સ્વીકારનાર પાર્શ્વચંદ્રમતની પુષ્ટિનું ઉદ્ધરણ. | ૧૩૭૬-૧૩૮૪ |
| | પાર્શ્વચંદ્રમતાનુસારી ષટ્પુરુષ વિભાગમાં રહેલી અસંગતતાનું ભાવન. | ૧૩૮૫-૧૪૪૧ |
| | અવિરતસમ્યગ્દૃષ્ટિને પણ મિથ્યાદર્શનની વિરતિ અને અન્યની અવિરતિરૂપ મિશ્રપક્ષ સ્વીકારનાર પાર્શ્વચંદ્રમતની પુષ્ટિનું ઉદ્ધરણ. | |
| | નિશ્ચયનયથી ભગવાનના એક વચનના સંદેહમાં પણ સંપૂર્ણ શ્રદ્ધાનો અભાવ. | ૧૩૮૫-૧૩૯૧ |
| | સંક્ષેપરુચિસમ્યક્ત્વનું સ્વરૂપ. | |
| | વિશેષ પરિજ્ઞાનના અભાવમાં પણ સર્વવિરતિના અસ્તિત્વનું ઉદ્ધરણ. | |
| | સ્યાદ્વાદને નહિ જાણનારમાં સમ્યક્ત્વનો સ્વીકાર નહિ કરનાર નયનું ઉદ્ધરણ. | |
| | ગૃહસ્થને સમ્યક્ત્વ નહિ સ્વીકારનાર સૂત્રનું વિશેષ તાત્પર્ય - નિશ્ચયનય - સંબદ્ધ. | |
| | સ્યાદ્વાદને નહિ જાણનારમાં સમ્યક્ત્વને નહિ સ્વીકારનાર નયનું ઉદ્ધરણ. | |
| | ભાવસમ્યક્ત્વનું સ્વરૂપ, વિસ્તારરુચિસમ્યક્ત્વનું સ્વરૂપ. | ૧૩૯૧-૧૩૯૭ |
| | જિનપૂજામાં આરંભને કારણે દેશવિરતિનો અભાવ સ્વીકારનાર પૂર્વપક્ષીનું નિરાકરણ. | ૧૩૯૭-૧૪૦૦ |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | વિરતાવિરત અને શ્રમણોપાસકનો અભેદ બતાવનાર ઉદ્ધરણ. | |
| | સમ્યગ્દૃષ્ટિ એવા દેવોમાં અવધિજ્ઞાનને કારણે આગમવ્યવહારીપણાનો સ્વીકાર. | |
| | દેવોને અચિત્તપુષ્પાદિથી પૂજા સ્વીકારનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | |
| | દ્રવ્યસ્તવમાં આરંભની શંકાથી દુરંતસંસારિતાનું ઉદ્ધરણ. | ૧૪૦૦-૧૪૧૦ |
| | દેવતાઓ વડે ઇન્દ્રઅભિષેકમાં મનુષ્યક્ષેત્રમાંથી જલાદિનું ગ્રહણ અને જિનપૂજામાં દેવલોકમાંથી જલાદિના ગ્રહણનું પ્રયોજન. | |
| | જિનમંદિરમાં સચિત્તપરિત્યાગરૂપ અભિગમવચનને ભોગાંગસચિત્ત-પરિહારવિષયરૂપ સ્વીકારવાનું પ્રયોજન. | ૧૪૧૧-૧૪૧૬ |
| | જિનપૂજામાં ધર્મ-અધર્મના સંકરને સ્વીકારનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | |
| | પૂજાકાલીન સંભવિત અસંયમનું સ્વરૂપ. | |
| | દ્રવ્યસ્તવમાં હેતુ-સ્વરૂપ-અનુબંધથી અસંયમની વિચારણા. | ૧૪૧૬-૧૪૧૯ |
| | અપ્રધાનત્વના કથનથી દ્રવ્યસ્તવને અનાદેય સ્વીકારનાર પૂર્વપક્ષીનું નિરાકરણ. | |
| | ભાવસ્તવ અને દ્રવ્યસ્તવમાં દ્રવ્યસ્તવની મહાનતાના પૂર્વપક્ષીના કથનના નિરાકરણનું ઉદ્ધરણ. | |
| | દ્રવ્યસ્તવમાં સંપૂર્ણ સંયમની અનુપપત્તિનું ઉદ્ધરણ. | |
| | ધનના પરિત્યાગથી દ્રવ્યસ્તવમાં શુભઅધ્યવસાય સ્વીકારનાર પૂર્વપક્ષીનું નિરાકરણ. | |
| | દ્રવ્યસ્તવ અને ભાવસ્તવની ક્રિયામાં મોક્ષકારણતાની અપેક્ષાએ સદૃશતા અને કાલકૃત ફળની અપેક્ષાએ વિસદૃશતા. | |
| | દ્રવ્યસ્તવની ક્રિયાને અસંયમરૂપે બતાવનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, પ્રણિધાનાદિપૂર્વકની જ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવની ક્રિયા સફળ, ઋજુસૂત્રનયથી પણ પ્રણિધાનાદિ આશયોથી જ ક્રિયામાં અતિશયતા, પ્રણિધાનાદિપૂર્વકના દ્રવ્યસ્તવથી શુભઅનુબંધ અને વિપુલ નિર્જરા. | |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | દ્રવ્યસ્તવમાં કૂપદૃષ્ટાંતનું વિશેષ રીતે યોજન. | ૧૪૧૯-૧૪૩૭ |
| | પાર્શ્વચંદ્રમતનું નિરાકરણ. | |
| | આગમના વચનોનું અવલંબન લઈને દ્રવ્યસ્તવનો લોપ કરનાર લુંપાક અને પાર્શ્વચંદ્રની બુદ્ધિની મૂઢતાનું ભાવન. | |
| | સર્વજ્ઞના વચનનું સ્વરૂપ. | ૧૪૩૭-૧૪૪૧ |
| ૯૩. | **દ્રવ્યસ્તવમાં માત્ર પુણ્યરૂપતા સિદ્ધ કરવાપૂર્વક દ્રવ્યસ્તવને અકરણીય બતાવનાર મતના નિરાકરણની ચર્ચા.** | **૧૪૪૨-૧૪૬૪** |
| | પુણ્યબંધનું કારણ હોવાથી દ્રવ્યસ્તવને ધર્મકૃત્યરૂપે નહિ સ્વીકારનાર પૂર્વપક્ષીનું નિરાકરણ, સરાગચારિત્રની જેમ દ્રવ્યસ્તવમાં પણ ધર્મત્વ. | ૧૪૪૨ |
| | વ્યવહારનયથી સરાગચારિત્રીની જેમ દ્રવ્યસ્તવમાં મોક્ષકારણતા. | ૧૪૪-૧૪૪૪ |
| | સ્વર્ગાદિની કામનાથી કરાતું હોવાથી દ્રવ્યસ્તવ પુણ્યકર્મરૂપ છે એ પ્રકારના પૂર્વપક્ષીના અનુમાનમાં હેતુની અસંગતિ, મોક્ષાર્થક દ્રવ્યસ્તવ હોવા છતાં દ્રવ્યસ્તવના ફળરૂપે સ્વર્ગાદિની પ્રાપ્તિના કથનનું પ્રયોજન. | |
| | મોક્ષાર્થક દ્રવ્યસ્તવ હોવા છતાં મોક્ષ-સ્વર્ગ સાધારણરૂપે જ દ્રવ્યસ્તવના ફળનું ઉદ્ધરણ. | |
| | દ્રવ્યસ્તવને અભ્યુદયએકફળવાળું સ્વીકારીને અકર્તવ્યરૂપે સ્થાપનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, દ્રવ્યસ્તવ અને સરાગચારિત્રમાં સ્વરૂપથી મોક્ષરૂપફળરૂપતા અને રાગાંશને આશ્રયીને અભ્યુદયરૂપ-ફળરૂપતા. | ૧૪૪૪-૧૪૫૧ |
| | મોક્ષના હેતુભૂત સરાગચારિત્ર અને દ્રવ્યસ્તવનો નિશ્ચયનયથી સ્વર્ગના હેતુરૂપે અસ્વીકાર, નિશ્ચયનયથી સરાગચારિત્ર અને દ્રવ્યસ્તવમાં વર્તતા યોગોમાં સ્વર્ગહેતુતા. | |
| | સમ્યક્ત્વથી જનિત અતિશયવાળી દાનાદિ ક્રિયામાં અને દ્રવ્યસ્તવમાં મોક્ષહેતુતા - ઉદ્ધરણપૂર્વક. | |
| | સરાગચારિત્રમાં શુદ્ધઉપયોગરૂપ ચારિત્ર અને દ્રવ્યસ્તવમાં ઇચ્છાયોગ આદિરૂપ ઉપયોગ મોક્ષનો હેતુ, સરાગચારિત્ર અને દ્રવ્યસ્તવમાં રાગાંશવાળા યોગો સ્વર્ગનો હેતુ, ભાવનયથી પૂજા-દાનાદિ ઉપયોગરૂપ જ્યારે દ્રવ્યનયથી પૂજા-દાનાદિ યોગરૂપ. | ૧૪૫૨-૧૪૫૭ |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૯૪. | લોકોત્તરપૂજા ધર્મરૂપ અને લૌકિકપૂજા પુણ્યરૂપ. | ૧૪૫૮ |
| | લોકોત્તરદ્રવ્યસ્તવનું સ્વરૂપ. | |
| | જિનપૂજામાં વર્તતા શુભઉપયોગનું સ્વરૂપ. | |
| | દ્રવ્યસ્તવમાં લૌકિક-લોકોત્તર ભેદનું ઉદ્ધરણ. | |
| | લોકોત્તરક્ષમા આદિમાં ધર્મરૂપતા અને લૌકિકક્ષમા આદિમાં પુણ્યરૂપતા. | |
| | ક્ષમાના લૌકિક-લોકોત્તર ભેદનું ઉદ્ધરણ. | |
| | લૌકિક અનુકંપાદાનાદિથી પુણ્યબંધ. | |
| | અવિધિથી કરાયેલ સૂત્રોપદિષ્ટ લોકોત્તરદાનાદિમાં અલ્પતર પાપબંધ અને બહુતર નિર્જરા હોવાથી પુણ્યાનુબંધીપુણ્ય અને નિર્જરારૂપ ધર્મ. | ૧૪૫૮-૧૪૬૩ |
| ૯૫. | નિશ્ચયનયથી મોક્ષના કારણભૂત અને પુણ્યબંધના કારણભૂત ધર્મનું સ્વરૂપ. | ૧૪૬૩-૧૪૬૪ |
| | શુદ્ધનિશ્ચયનયને અવલંબીને પૂજા-દાનાદિમાં સંજ્ઞાનયોગ નહિ હોવાને કારણે ધર્મત્વ નહિ સ્વીકારનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | ૧૪૬૪ |
| | પુણ્ય અને ધર્મવિષયક શુદ્ધનયનો અભિગમ. | |
| | નિશ્ચયનયના અંગરૂપ વ્યવહારનયનો ધર્મ અને ધર્મના ફળવિષયક અભિગમ. | |
| | શાસ્ત્ર દ્વારા સરાગસંયમના સ્વર્ગાદિરૂપ ફળના શ્રવણથી સરાગચારિત્રના પાલનમાં મોક્ષને અવ્યાઘાતક વ્યક્ત કે અવ્યક્ત ઇચ્છા. | ૧૪૬૪-૧૪૬૯ |
| | સરાગકર્મને ધર્મ નહિ સ્વીકારનાર અને વીતરાગકર્મને જ ધર્મ સ્વીકારનાર એવા શુદ્ધનિશ્ચયનયના એકાંત સ્વીકારમાં દોષનું ઉદ્ભાવન, શુદ્ધતરનિશ્ચયનયના મતે ચૌદમા ગુણસ્થાનકના અંતે જ ધર્મની પ્રાપ્તિ. | |
| | શુદ્ધનિશ્ચયનયને અભિમત ધર્મના અંગમાં પણ વ્યવહારનયથી ધર્મરૂપતા - ઉદ્ધરણપૂર્વક. | |
| | દ્રવ્યસ્તવમાં વ્યવહારનયથી ધર્મ. | |
| | નિશ્ચયનયથી ધર્મની પ્રાપ્તિમાં સરાગચારિત્રની આસન્નકારણતા હોવાથી અને દ્રવ્યસ્તવમાં દૂરવર્તીકારણતા હોવાથી દ્રવ્યસ્તવની | |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
| --- | --- | --- |
| | અનાદરણીયતા બતાવનાર પૂર્વપક્ષીનું નૈગમનયના સ્વીકારપૂર્વક નિરાકરણ. | ૧૪૬૯-૧૪૭૩ |
| | પરિણતિરૂપભાવગ્રાહકનિશ્ચયનયનો ધર્મવિષયક અભ્યુપગમ, એવંભૂતનય ઉત્થિત નિશ્ચયનયનું સ્થાન, પરિણતિરૂપભાવગ્રાહક-નિશ્ચયનયને અભિમત ધર્મથી પહેલાના ધર્મમાં વ્યવહારનયથી ધર્મરૂપતા. | |
| | એવંભૂતનય દ્વારા ઋજુસૂત્રનયની જેમ કુર્વદ્રૂપત્વને જ હેતુ સ્વીકારવામાં યુક્તિ - ઉદ્ધરણપૂર્વક. | |
| | ઉપયોગરૂપભાવગ્રાહકનિશ્ચયનયથી દ્રવ્યસ્તવમાં શુદ્ધધર્મના સ્વીકારમાં યુક્તિ, ઉપયોગરૂપભાવગ્રાહકનિશ્ચયનયનો ધર્મવિષયક અભ્યુપગમ. | |
| | દ્રવ્યસ્તવમાં વર્તતા શુદ્ધઉપયોગનું સ્વરૂપ. | ૧૪૭૩-૧૪૭૬ |
| | આત્મસ્વભાવને જ ધર્મરૂપે સ્વીકારતાં ધર્મપુરુષાર્થના અભાવની પ્રાપ્તિ. | |
| | આત્મસ્વભાવરૂપ ધર્મનું સ્વરૂપ. | |
| | દ્રવ્યસ્તવમાં આત્મસ્વભાવરૂપનિશ્ચયનયના શુદ્ધધર્મની સંગતિમાં યુક્તિ, દ્રવ્યસ્તવમાં ઋજુસૂત્રનય વિષયભૂત શુભપરિણામની પ્રાપ્તિ. | |
| | લક્ષણના અધિકારમાં કે તત્ત્વચિંતાના અધિકારમાં પદાર્થના લક્ષણ વિષયક મર્યાદા. | |
| | શબ્દનયથી દેશવિરતિધરના સામાયિકમાં ધર્મનો સ્વીકાર અને દેશવિરતિધરના દ્રવ્યસ્તવમાં ધર્મનો અસ્વીકાર. | |
| | સમભિરૂઢનયથી પ્રમત્તગુણસ્થાનકથી ધર્મનો સ્વીકાર. | ૧૪૭૭-૧૪૮૯ |
| | દ્રવ્યાસ્તિકનયથી ધર્મ વડે પરિણત આત્માને જ ધર્મરૂપે સ્વીકારમાં યુક્તિ - ઉદ્ધરણપૂર્વક. | ૧૪૭૯-૧૪૮૦ |
| | જિનપૂજામાં નિશ્ચયનયથી આત્મસ્વરૂપ જ ધર્મને સ્વીકારવાથી ધર્મ-પર્યાયને આશ્રયીને આત્માને ધર્મરૂપે અને અન્યપર્યાયને આશ્રયીને અધર્મરૂપે પ્રાપ્તિ. | |
| | આત્મા જ ધર્મ છે એ પ્રકારના લક્ષણમાં શંકાઓના ઉદ્ભાવનપૂર્વક નયદ્વયથી પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજકૃત ધર્મના લક્ષણની સંગતિ. | |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | ધર્મવિષયક દ્રવ્ય અને પર્યાય અન્યતર જિજ્ઞાસામાં દ્રવ્યાર્થિકનયથી આત્મા જ ધર્મ છે એ પ્રકારનું વચન. | |
| | ધર્મના લક્ષણની વિચારણા કે ધર્મવિષયક તત્ત્વ વિચારણામાં નયદ્વયના નિર્દેશની સંગતિ - ઉદ્ધરણપૂર્વક. | |
| | એક નયથી ધર્મના લક્ષણની પ્રરૂપણા વખતે વ્યવહારનયથી જ ધર્મનું લક્ષણ કરવામાં યુક્તિ - ઉદ્ધરણપૂર્વક. | |
| | સર્વઆશંકાના નિરાકરણ માટે નયદ્વયથી ધર્મના લક્ષણના કથનની આવશ્યકતા - ઉદ્ધરણપૂર્વક. વ્યવહારનય અને નિશ્ચયનયથી હિંસાનું સ્વરૂપ. | |
| | ધર્મના લક્ષણની ઉચિતતાનું ઉદ્ધરણ. | ૧૪૮૧-૧૪૮૯. |
| | વિધિ અને ભક્તિથી યુક્ત દ્રવ્યસ્તવમાં ધર્મરૂપતાની સ્થાપક યુક્તિ. | |
| | દ્રવ્યસ્તવના વિષયમાં લુંપાક, પાર્શ્વચંદ્ર વિધિભ્રાંત અને સિદ્ધાંતિકના ભિન્ન-ભિન્ન અભિગમોનું સ્વરૂપ. | ૧૪૮૯-૧૪૯૧ |
| ૯૬. | દ્રવ્યસ્તવનું ગાંભીર્ય, ગુરુપરતંત્રતાથી જ દ્રવ્યસ્તવના ગંભીર અર્થની પ્રાપ્તિ. | ૧૪૯૨ |
| | પરમાત્મભક્તિની ઉત્તરોત્તર ભૂમિકાઓ. | ૧૪૯૨-૧૪૯૪ |
| ૯૭. | પાર્શ્વનાથ ભગવાનની વિશેષતા. | |
| | લુંપાકમતના દૂષણમાં પરમાત્મસ્તુતિરૂપતાની યુક્તિ. | ૧૪૯૪-૧૪૯૬ |
| | વ્યવહારનય અને નિશ્ચયનયથી પરમાત્માની ભક્તિ. | |
| | શિષ્ટપુરુષો વડે થતી ભગવદ્ઉપાસનાનું સ્વરૂપ. | |
| | પરમતના દૂષણથી જ પરમાત્મભક્તિની પ્રાપ્તિનું ઉદ્ધરણ. | ૧૪૯૬-૧૫૦૦ |
| | નિશ્ચયનયની ભક્તિ અંતર્ગત સંપ્રજ્ઞાત-અસંપ્રજ્ઞાતસમાધિનું સ્વરૂપ. | |
| | ધ્યાનદશામાં નિશ્ચયનયની ભક્તિ અને વ્યુત્થાનદશામાં વ્યવહારનયની ભક્તિ. | ૧૫૦૦-૧૫૦૪ |
| **૯૮-૧૦૩.** | **જિનપ્રતિમાની વિશિષ્ટ રીતે સ્તુતિ.** | **૧૫૦૫-૧૫૪૫** |
| ૯૮. | પૂ. ઉ. યશોવિજયજી મહારાજને પ્રતિમાદર્શનથી પ્રાપ્ત થયેલ ફળ, ગુણસ્થાનકભેદથી દાન-દયાના સ્વરૂપનો ભેદ. | ૧૫૦૫ |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | પરમાત્મદર્શનથી પ્રાપ્ત થતાં શાંતરસનું સ્વરૂપ. | |
| | પ્રતિમાની પૂજ્યતાના અનિર્ણયમાં પ્રતિમાના દર્શનથી સુખ અને સમાધિની અપ્રાપ્તિ - ઉદ્ધરણપૂર્વક. | |
| | પ્રતિમાના દર્શનથી થતા ભાવપ્રકર્ષનું ફળ. | |
| | ભાવચારિત્રનું સ્વરૂપ. | |
| | જ્ઞાનઉત્કર્ષનું સ્વરૂપ. | |
| | પરમાત્મભક્તિથી થતી દયાનું સ્વરૂપ. | |
| | અનુગ્રાહ્ય એવા ભક્તિ કરનાર અને અનુગ્રાહક એવા પરમાત્માની તુલ્ય યોગ્યતાથી અનુગ્રાહ્યમાં પ્રવર્ધમાન ગુણસ્થાનકને અનુરૂપ પરમાત્માની દયાની પ્રાપ્તિમાં યુક્તિ - નિશ્ચયનય સંબદ્ધ. | |
| | યમકઅલંકારના લક્ષણનું ઉદ્ધરણ. | ૧૫૦૫-૧૫૧૪ |
| ૯૯. | પરમાત્મઅવલંબનથી નિરાલંબનધ્યાન, ધ્યાન માટે જિનપ્રતિમાની શ્રેષ્ઠ અવલંબનરૂપતા. | |
| | પરમાત્માની વીતરાગમુદ્રાના દર્શન પછી અન્ય મુદ્રાનું અનાકર્ષણ - ઉદ્ધરણપૂર્વક. | |
| | જિનપ્રતિમાના દર્શનથી નિરાલંબન સુખની પ્રાપ્તિ. | ૧૫૧૪-૧૫૧૭ |
| | સર્વોત્કૃષ્ટ સ્વરૂપરૂપે જ પરમાત્માની ધ્યેયરૂપતા - ઉદ્ધરણપૂર્વક. | ૧૫૧૭-૧૫૨૦ |
| | ભગવદ્રૂપના ધ્યાન વડે નિશ્ચયનયથી અભેદબુદ્ધિની પ્રાપ્તિ - ઉદ્ધરણપૂર્વક. | |
| | પરમાત્મધ્યાનથી પ્રાપ્ત સમાપત્તિનું સ્વરૂપ. | ૧૫૨૧-૧૫૨૨ |
| | પરમાત્માને હૃદયમાં સ્થાપન કરવાથી યાવત્ અનાલંબનયોગ સુધીની ક્રમસર ચિત્તની ભૂમિકાઓ. | |
| | નિર્વિકલ્પજ્ઞાનનું સ્વરૂપ. | |
| | ફલાવંચકયોગથી નિષ્પન્ન થતા અનાલંબનયોગના ઉપયોગનું સ્વરૂપ. | |
| | જિનપ્રતિમાના અવલંબનથી કેવલજ્ઞાનથી પૂર્વે જ પ્રાદુર્ભાવ થતાં અનાલંબનયોગની અપ્રાપ્તિની આશંકાનું નિરાકરણ, પરમાર્થથી | |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | અનાલંબનયોગની પ્રાપ્તિ કેવલજ્ઞાનથી પૂર્વે અને બીજરૂપે શ્રેણિની પૂર્વે પણ શુક્લધ્યાનની જેમ અનાલંબનયોગની પ્રાપ્તિ. | |
| | કેવલજ્ઞાન પૂર્વે અનાલંબનયોગની પ્રાપ્તિનું ઉદ્ધરણ. | ૧૫૨૩-૧૫૨૭ |
| ૧૦૦. | તાત્ત્વિક પરમાત્માના સ્વરૂપને બતાવનાર પ્રતિમાનું સ્વરૂપ. | ૧૫૨૭ |
| | 'किं किं' એ શબ્દ દ્વારા પ્રતિમાના સ્વરૂપની જિજ્ઞાસાથી ક્રમે કરીને સ્વપ્રકાશજ્ઞાનની પ્રાપ્તિ. | |
| | 'महः' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ. | |
| | સિદ્ધના સ્વરૂપનું ઉદ્ધરણ. | |
| | નિર્વિકલ્પઉપયોગમાં બ્રહ્મવિષયક જિજ્ઞાસાના અભાવમાં યુક્તિ. | ૧૫૨૮-૧૫૩૧ |
| ૧૦૧. | સંસારના સુખની સાથે સિદ્ધના સુખની તુલના. | ૧૫૩૨ |
| | કેવલજ્ઞાન સુધી હૃદયમાં જ્ઞેયાકારે પરમાત્માના પરિણામની આવશ્યકતા. | |
| | 'પરિવર્ત' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ. | |
| | સંસારના સુખ સાથે સિદ્ધના સુખની તુલનાનું ઉદ્ધરણ. | |
| | સિદ્ધના સુખોને બતાવવા માટે સર્વ કાળના સંપિડનાદિની વિચારણાનું વિશેષ તાત્પર્ય - ઉદ્ધરણપૂર્વક. | ૧૫૩૨-૧૫૪૦ |
| | સ્વલ્પબુદ્ધિવાળાને જ પ્રતિમાની ઉપયોગિતાના કથનથી પ્રતિમાની અનાદેયતાનું સ્થાપન કરનાર પૂર્વપક્ષીનું નિરાકરણ. | ૧૫૪૦-૧૫૪૨ |
| ૧૦૨. | પ્રતિમાના દર્શનથી પ્રતિમાની પૂજ્યતા સ્વીકારનાર અને નહિ સ્વીકારનારને થતાં ભાવો. | ૧૫૪૩-૧૫૪૪ |
| ૧૦૩. | જિનપ્રતિમાનું સ્વરૂપ, જિનપ્રતિમાને નતિનું સ્વરૂપ. | ૧૫૪૪-૧૫૪૫ |
| **૧૦૪.** | **પ્રતિમાશતક ગ્રંથકર્તાની પ્રશસ્તિ, પ્રતિમાશતક ગ્રંથની વિશેષતા અને ગ્રંથકર્તાનો પરિચય.** | **૧૫૪૫-૧૫૪૬** |
| | **પ્રતિમાશતક ગ્રંથના ટીકાકારની પ્રશસ્તિ.** | **૧૫૪૭-૧૫૫૭** |
| | વીરપરમાત્માની સ્તુતિ. | ૧૫૪૭ |
| | તપાગચ્છની પાટપરંપરાનું સ્વરૂપ. | ૧૫૪૮-૧૫૫૦ |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | લુંપાકમતના ઉત્પત્તિકાળમાં પૂ. આનંદવિમલસૂરીશ્વરજી મહારાજ વડે કરાયેલ ક્રિયોદ્ધાર. | ૧૫૫૦-૧૫૫૧ |
| | ક્રિયોદ્ધારક પૂ. આનંદવિમલસૂરિ મહારાજથી પ્રારંભીને પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સુધીની પાટપરંપરા. | ૧૫૫૧-૧૫૫૭ |
| | તત્ત્વના શ્રમરૂપ પ્રતિમાશતક ગ્રંથ રચવાનું પ્રયોજન. | ૧૫૫૬ |
| | **પરિશિષ્ટ-૧** | **1-2** |
| | **પરિશિષ્ટ-૨** | **3-6** |
| | **પરિશિષ્ટ-૩** | **7-13** |
| | **પરિશિષ્ટ-૪** | **14** |
| | **પરિશિષ્ટ-૫-૬-૭** | **15** |


❄ ❄ ❄

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

# महामहोपाध्याय-श्रीयशोविजयवाचकनिर्मित-स्वोपज्ञवृत्तियुत

# ‘प्रतिमाशतक’

**અવતરણિકા :-**

वृषोदनुसारिणो मतमुपन्यस्य दूषयति –

**અવતરણિકાર્થ :-**

वृषोदनुसारिणो=ધર્મસાગરજીના મતનો ઉપન્યાસ કરીને ગ્રંથકારશ્રી દૂષણ બતાવે છે –

**શ્લોક :-**

वन्द्याऽस्तु प्रतिमा तथापि विधिना सा कारिता मृग्यते,
स प्रायो विरलस्तथा च सकलं स्यादिन्द्रजालोपमम् ।
हन्तैवं यतिधर्मपौषधमुखश्राद्धक्रियादेर्विधे-
र्दौलभ्येन तदस्ति किं तव न यत् स्यादिन्द्रजालोपमम् ।।७०।।

**શ્લોકાર્થ :-**

**પ્રતિમા વંદ્ય હો તોપણ તે=પ્રતિમા, વિધિથી કરાયેલી ઈચ્છાય છે અને તે=વિધિ, પ્રાયઃ વિરલ છે અર્થાત્ નથી, અને તે રીતે=વિધિ પ્રાયઃ વિરલ છે તે રીતે, બધું=ભગવાનની પૂજા આદિ સર્વ ક્રિયાકલાપ, ઈન્દ્રજાળની ઉપમા જેવું છે.**

**આ રીતે=પ્રતિમામાં કહ્યું એ રીતે, યતિધર્મ, અને પૌષધ છે આદિમાં જેને એવી શ્રાવકની ક્રિયાદિની વિધિનું દુર્લભપણું હોવાને કારણે તે શું છે, જે તને=ધર્મસાગરજીને, ઈન્દ્રજાલની ઉપમા જેવું ન થાય ? અર્થાત્ યતિધર્મ, પૌષધાદિ સઘળું પણ ઈન્દ્રજાલની ઉપમા જેવું થશે. ।।૭૦।।**

✪ શ્લોકમાં हन्त અવ્યય છે તે પ્રત્યવધારણ અર્થમાં છે.

**ટીકા :-**

**'वन्ध्यास्तु' इत्यादिना :- ननु प्रतिमा वन्ध्याऽस्तु उक्ताक्षरशतैस्तथाव्यवस्थितेः, तथापि सा विधिना कारिता मृग्यते, सम्यग्भावितानामेव प्रतिमानां भावग्रामत्वेनाभिधानात्, स विधिः प्रायो विरलः, ऐदंयुगीनानां प्रायोऽविधिप्रवृत्तत्वस्य प्रत्यक्षसिद्धत्वात्, तथा च सकलं प्रतिमागतं पूजाप्रतिष्ठावन्दनादिकमिन्द्रजालोपमं स्यात् महतोऽप्याडम्बरस्यासत्यालम्बनत्वात्, हन्तेति प्रत्यवधारणे। एवं=प्रतिमावदेव, यतिधर्मः=चारित्राचारः, पौषधः=श्राद्धानां पर्वदिनानुष्ठानम्, तन्मुखा=तदादिर्या श्राद्धक्रिया, तदादिर्यो विधिः, आदिनाऽपुनर्बन्धकाद्युचिताचारपरिग्रहः, तस्य दुष्षमायां दुर्लभत्वेन तत्किमस्ति यत् तवेन्द्रजालोपमं न स्यात्, न्यायस्य समानत्वात्, न चेयं प्रतिबन्दिः सा चानुत्तरमिति वाच्यम्, तत्समाधानेन समानसौलभ्यस्य विवक्षितत्वात् ।।७०।।**

**ટીકાર્થ :-**

**ननु प्रतिमा ..... आलम्बनत्वात् । ખરેખર પ્રતિમા વંધ્ય હો ! કેમ કે આગમમાં કહેવાયેલ સેંકડો અક્ષરો વડે તે પ્રકારે=પ્રતિમા વંધ્ય છે તે પ્રકારે, વ્યવસ્થિતિ છે; તોપણ વિધિ વડે કરાયેલી તે=પ્રતિમા, ઈચ્છાય છે; કેમ કે સમ્યગ્ભાવિત જ પ્રતિમાનું ભાવગ્રામપણારૂપે અભિધાન છે=શાસ્ત્રમાં સમ્યગ્ભાવિત જ પ્રતિમાને ભાવગ્રામરૂપે સ્વીકારેલ છે, અને તે વિધિ પ્રાયઃ વિરલ છે=પ્રાયઃ નથી; કેમ કે આ કાળમાં પ્રાયઃ અવિધિપ્રવૃત્તત્વનું પ્રત્યક્ષસિદ્ધપણું છે, અને તે રીતે=આ કાળમાં પ્રાયઃ વિધિ નથી તે રીતે પ્રતિમાગત=પ્રતિમા સંબંધી, પૂજા, પ્રતિષ્ઠા, વંદનાદિ સકલ=સઘળું, ઈન્દ્રજાળની ઉપમા જેવું થાય; કેમ કે મોટા પણ આડંબરનું અસત્ય આલંબનપણું છે.**

પ્રસ્તુત શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું એ રીતે પ્રતિમા પૂજનીય છે, તે શાસ્ત્રવચનથી નક્કી થાય છે; તેમ સમ્યગ્ભાવિત પ્રતિમા જ પૂજનીય છે, તે પણ શાસ્ત્રવચનથી નક્કી થાય છે, પરંતુ વિધિ પ્રાયઃ વિરલ છે, માટે આ કાળમાં થતી પૂજા વગેરેની ક્રિયાઓ કલ્યાણનું કારણ બનતી નથી. આ રીતે ગ્રંથકારશ્રી પૂર્વપક્ષી ધર્મસાગરના મતનું સ્થાપન કરીને 'हन्त' થી તેનું નિરાકરણ કરતાં કહે છે –

**हन्तेति प्रत्यवधारणे - 'हन्त' અવ્યય પ્રત્યવધારણ=નિરાકરણ અર્થમાં છે અને તે નિરાકરણ આ રીતે છે –**

**एवं ..... समानत्वात्, આ રીતે=પ્રતિમામાં કહ્યું એ રીતે જ યતિધર્મ=ચારિત્રનો આચાર, પૌષધ=શ્રાવકોનું પર્વ દિને કરાતું અનુષ્ઠાન, અને તે છે આદિમાં જેને એવી વિધિ=પૌષધ છે આદિમાં જેને એવી શ્રાવકની ક્રિયા, અને તે છે આદિમાં જેને એવી વિધિ=શ્રાદ્ધક્રિયા છે આદિમાં જેને એવી વિધિ, અને તેનું=પૌષધ છે આદિમાં જેને એવી શ્રાવકની ક્રિયાદિ વિધિનું, દુષમકાળમાં દુર્લભપણું હોવાને કારણે, એવું તે શું છે કે જે તને ઈન્દ્રજાલની ઉપમા જેવું ન થાય ? કેમ કે ન્યાયનું સમાનપણું છે.**

✪ यतिधर्मपौषधमुखश्राद्धक्रियादि - અહીં आदि શબ્દથી અપુનર્બંધકાદિના ઉચિત આચારનું ગ્રહણ કરવું.

અહીં પૂર્વપક્ષી કહે કે પ્રતિમાને પૂજનીય સ્થાપવા માટે તમે યુક્તિ આપી નથી, પરંતુ આ પ્રતિબંદિ ઉત્તર આપ્યો તે કાંઈ ઉત્તર નથી કે જેથી પ્રતિમા પૂજનીય છે તેમ સિદ્ધ થાય. તેને ગ્રંથકારશ્રી કહે છે –

**न चेयं ..... विवक्षिततत्वात् ।। અને આ પ્રતિબંદિ છે તે અનુત્તર=ઉત્તર નથી, એમ ન કહેવું; કેમ કે તેના સમાધાન વડે=યતિધર્મ અને પૌષધાદિ શ્રાદ્ધક્રિયા માટે પૂર્વપક્ષી જે સમાધાન આપશે, તે સમાધાન વડે, સમાન સુલભપણાનું વિવક્ષિતપણું છે. ।।૭૦।।**

**ભાવાર્થ :-**

સ્થાનકવાસી ભગવાનની મૂર્તિને માનતા નથી, તેથી અત્યાર સુધીના પ્રસ્તુત ગ્રંથમાં તેનું નિરાકરણ કરીને મૂર્તિ પૂજનીય છે તેમ સ્થાપન કર્યું. હવે વૃષોદનુસારિમત=ઉપાધ્યાય ધર્મસાગરજીનો મત, મૂર્તિને પૂજનીય માને છે, તોપણ વિધિપૂર્વક કરાયેલી એવી મૂર્તિ પૂજનીય છે, એમ કહે છે અને વર્તમાનકાળમાં પ્રાયઃ વિધિનો અસંભવ છે, તેથી અવિધિથી કરાયેલી ભગવાનની પ્રતિમાની પૂજા કરવી, તેવી મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવવી, તેવી મૂર્તિઓને વંદનાદિ કરવું, આ બધું ઇન્દ્રજાળ જેવું છે અર્થાત્ જેમ ઇન્દ્રજાળમાં દેખાય બધું પણ હોય કાંઈ નહિ, તેમ વર્તમાનમાં જે ભગવાનની મૂર્તિની પૂજા, પ્રતિષ્ઠા, ભગવાનની મૂર્તિને વંદનાદિ ક્રિયાઓ ધર્મરૂપે દેખાય છે, તે વાસ્તવિક ધર્મ નથી; કેમ કે વિધિપૂર્વક કરાયેલી આ પ્રતિમા નથી અને તેથી અવિધિથી કરાયેલી પ્રતિમા પૂજનીય બની શકે નહિ; અને તેમાં પૂર્વપક્ષી યુક્તિ આપે છે –

શાસ્ત્રમાં સમ્યગ્ભાવિત પ્રતિમાને ભાવગ્રામરૂપે સ્વીકારેલ છે અને સમ્યગ્ભાવિત પ્રતિમા તે જ છે કે જેમાં વિધિપૂર્વક પ્રતિષ્ઠા થયેલી હોય; કેમ કે પ્રતિષ્ઠા કરનાર સમ્યગ્ વિધિપૂર્વક પોતાના આત્મામાં ઉપયોગ દ્વારા અરિહંતના સ્વરૂપને સમ્યક્ સ્થાપન કરે તે મુખ્ય પ્રતિષ્ઠા છે, અને પોતાના આત્મામાં સમ્યગ્ રીતે સ્થાપન કરાતું પરમાત્માનું સ્વરૂપ ઉપચારથી પ્રતિમામાં સ્થાપન કરવામાં આવે છે અને તેવી જ પ્રતિમા ભાવગ્રામ કહી શકાય=આત્માના કલ્યાણનું કારણ કહી શકાય, માટે જેઓ અવિધિથી પ્રતિષ્ઠા કરે છે તેવી પ્રતિમાની પૂજાથી કલ્યાણ સંભવે નહિ.

વળી ઉપાધ્યાય ધર્મસાગરજી પ્રતિમાને વંદ્ય સ્વીકારવામાં યુક્તિ આપે છે કે શાસ્ત્રમાં પ્રતિમાની પૂજ્યતાને કહેનારા સેંકડો અક્ષરો પ્રાપ્ત થાય છે, માટે પ્રતિમા પૂજનીય છે, તે અમને માન્ય છે; અને જેમ પ્રતિમા પૂજનીય છે, તે શાસ્ત્રવચનથી નક્કી થાય છે, તેમ સમ્યગ્ભાવિત જ પ્રતિમા પૂજનીય છે, તે પણ શાસ્ત્રવચનથી નક્કી થાય છે, માટે આ કાળમાં થતી પૂજા વગેરેની ક્રિયાઓ કલ્યાણનું કારણ બનતી નથી. આ પ્રકારે પૂર્વપક્ષનું પ્રસ્તુત શ્લોકના પૂર્વાર્ધથી સ્થાપન કરીને ગ્રંથકારશ્રી 'हन्त'થી તેનું નિરાકરણ કરતાં કહે છે –

પૂર્વે કહ્યું એ રીતે, વિધિપૂર્વક પ્રતિષ્ઠા થયેલ નહિ હોવાને કારણે અવિધિથી થયેલ પ્રતિમાને પૂર્વપક્ષી પૂજનીય સ્વીકારે નહિ તો વર્તમાનકાળમાં યતિધર્મ, શ્રાવકોની પૌષધાદિ ક્રિયાઓ અને અપુનર્બંધકાદિના ઉચિત આચારો પણ દુર્લભ છે. તેથી એમ જ કહેવું પડશે કે વર્તમાનમાં કોઈ સાધુ નથી, કોઈ શ્રાવક-

શ્રાવિકા નથી અને કોઈ અપુનર્બંધક નથી. જે દેખાય છે તે બધા ઇન્દ્રજાળ જેવા છે; કેમ કે અવિધિથી કરાયેલ પ્રતિમા પૂજનીય નથી તેમ કહેવામાં આવે તો અવિધિથી કરાતા સાધ્વાચાર, શ્રાવકાચાર કે અપુનર્બંધકાદિની ઉચિત ક્રિયાઓ જે પ્રકારે શાસ્ત્રમાં કહેલી છે, તેવી દેખાતી નથી; માટે વર્તમાનમાં સાધુ-શ્રાવક-શ્રાવિકા કે અપુનર્બંધક-માર્ગાનુસારી કોઈ નહિ હોવાથી ચતુર્વિધ સંઘ નથી, તેમ માનવાનો પ્રસંગ આવશે.

અહીં પૂર્વપક્ષી વૃષોદ અર્થાત્ ધર્મસાગરજી મ. સા. કહે કે પ્રતિમાને પૂજનીય સ્થાપવા માટે તમે યુક્તિ આપી નથી, પરંતુ આ પ્રતિબંદિ ઉત્તર આપ્યો અને તે કાંઈ ઉત્તર નથી કે જેથી પ્રતિમા પૂજનીય છે તેમ સિદ્ધ થાય. ફક્ત તમારા ઉત્તરથી એ સિદ્ધ થાય છે કે જો અવિધિના કારણે પ્રતિમા અપૂજનીય છે એમ સ્વીકારીએ તો વર્તમાનમાં સાધુ-શ્રાવક આદિના અસ્વીકારની આપત્તિ આવે; પરંતુ એટલા માત્રથી અવિધિથી કરાયેલી પ્રતિમા પૂજનીય છે તેમ સિદ્ધ થાય નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ ઉત્તર નથી એમ ન કહેવું; કેમ કે ચતુર્વિધ સંઘના અપલાપની જે આપત્તિ આવે છે, તેનું સમાધાન તમે જે રીતે કરશો તે જ સમાધાન પ્રસ્તુત પ્રતિમામાં પ્રાપ્ત થશે.

આશય એ છે કે જે જીવો આરાધક છે, તેઓ પણ સંયમ ગ્રહણ કરીને કાળદોષના કારણે ઘણા અતિચારોને સેવે છે, અને આરાધક શ્રાવકો પણ પૌષધ આદિ ક્રિયાઓ કરે છે છતાં કાળદોષને કારણે વિધિમાં દૃઢ યત્ન કરી શકતા નથી, અને અપુનર્બંધકાદિ જીવો પણ માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો બતાવ્યા છે, તેવી ઘણી ઉચિત આચરણાઓ કાળદોષને કારણે કરી શકતા નથી; તોપણ જે જીવોને વિધિ પ્રત્યેનો પક્ષપાત છે તેવા સાધુઓ કે શ્રાવકો વગેરે અવિધિથી સાધ્વાચાર કે પૌષધાદિ કરવા છતાં વારંવાર વિધિ પ્રત્યેના પક્ષપાતને કારણે કાંઈક યત્ન પણ કરે છે, અને પોતે કરેલી અવિધિની અનુમોદના કરતા નથી, પરંતુ નિંદા-ગર્હા કરે છે. તેવા સાધુઓ કે શ્રાવકો આદિથી ચતુર્વિધ સંઘ વર્તમાનમાં પણ છે, તેવું સમાધાન જો પૂર્વપક્ષી કરે તો તે જ રીતે ભગવાનની પ્રતિમાને વિધિપૂર્વક કરાવવાની વૃત્તિવાળા જીવો અવિધિથી પ્રવૃત્તિ કરતા હોય તોપણ તે ભગવાનની પ્રતિમા પૂજનીય છે તેમ માનવું પડે; કેમ કે કાળદોષને કારણે જીવોમાં તેવું સત્ત્વ નથી કે પરિપૂર્ણ વિધિપૂર્વક યત્ન કરી શકે, તોપણ વિધિના પક્ષપાતથી કરાયેલી પ્રવૃત્તિ ધર્મરૂપ છે માટે તેને ઇન્દ્રજાળ જેવી કહેવી તે ઉચિત નથી. **॥૭૦॥**

**અવતરણિકા :-**

**तदाह -**

**અવતરણિકાર્થ :-**

**તેને કહે છે=પૂર્વે શ્લોક-૭૦માં કહ્યું કે વર્તમાનમાં યતિધર્મ, પૌષધાદિ ક્રિયાઓ પણ અવિધિથી થાય છે, છતાં ચતુર્વિધ સંઘ છે. તેથી તેની સંગતિ માટે જે સમાધાન પૂર્વપક્ષી આપે તે જ પ્રતિમા માટે પણ સમાધાન છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –**

શ્લોક :-

योगाराधनशंसनैरथ विधेर्दोषः क्रियायां न चेत्?
तत्किं न प्रतिमास्थलेऽपि सदृशं प्रत्यक्षमुद्वीक्ष्यते ।
किञ्चोक्ता गुरुकारितादिविषयं त्यक्त्वाग्रहं भक्तितः,
सर्वत्राप्यविशेषतः कृतिवरैः पूज्याकृतेः पूज्यता ।।७१।।

શ્લોકાર્થ :-

**યોગ, આરાધન અને શંસન વડે વિધિ હોવાને કારણે ક્રિયામાં દોષ નથી, તો શું પ્રતિમાસ્થળમાં પણ સદૃશ પ્રત્યક્ષ કેમ તારા વડે જોવાતું નથી ? અર્થાત્ તારે જોવું જોઈએ, અને વળી ગુરુકારિતાદિ વિષય આગ્રહને છોડીને ભક્તિથી સર્વત્ર પણ અવિશેષથી મુખ્ય પંડિતો વડે પૂજ્યની આકૃતિની=ભગવાનની પ્રતિમાની, પૂજ્યતા કહેવાયેલી છે. ।।૭૧।।**

ટીકા :-

**'योग' इत्यादि :- योगो=विधिकर्त्रनुकूलपरिवारसंपत्तिः, आराधनम्=आत्मनैव निर्वाहः, शंसनं च बहुमानः, तैरूपलक्षणाद् अद्वेषश्च तैर्विधेरथ क्रियायां चेद् न दोषः ? तत्किं विधियोगादिनाऽदुष्टत्वं प्रतिमास्थलेऽपि सदृशं नोद्वीक्ष्यते? उद्वीक्षणीयमिदमपि ।**

**तदुक्तम् -**

"विहिसारं चिय सेवइ सद्धालू सत्तिमं अणुट्ठाणं ।
दव्वाइ दोसनिहओऽवि पक्खवायं वहइ तम्मि ।।१।।
धन्नाणं विहिजोगो विहिपक्खाराहगा सया धन्ना ।
विहिबहुमाणा धन्ना, विहिपक्खअदूसगा धन्ना ।।२।।
आसन्नसिद्धिआणं विहिपरिणामो हु होइ सयकालं ।
विहिचाओ अविहिभत्ती, अभव्वजीअदूरभव्वाणं ।।३।।

सर्वत्र सम्यग्विधिर्ज्ञेयः कार्यश्च सर्वशक्त्या पूजादिपुण्यक्रियायाम्, प्रान्ते च सर्वत्राविध्याशातनानिमित्तं मिथ्यादुष्कृतं दातव्यम्" **इति श्राद्धविधौ । [श्राद्धविधि गा. ६ वृत्तौ]**

ટીકાર્થ :-

योगो ..... इदमपि । **યોગ=વિધિ કરનારને અનુકૂળ પરિવારની સંપત્તિ, આરાધન=આત્મા વડે જ=પોતાના વડે જ નિર્વાહ, અને શંસન=બહુમાન, આ ત્રણે વડે=યોગ, આરાધન, શંસન વડે અને અદ્વેષ વડે જો ક્રિયામાં દોષ ન હોય તો પ્રતિમાસ્થળમાં પણ વિધિયોગાદિ વડે સદૃશ=સમાન,**

**અદુષ્ટપણું કેમ તારા વડે જોવાતું નથી ? આ પણ જોવું જોઈએ=પ્રતિમાસ્થળમાં પણ એ પ્રમાણે સમાધાન જોવું જોઈએ. ઉપલક્ષણથી યોગાદિ ત્રણના ઉપલક્ષણથી અદ્વેષનું ગ્રહણ કરવું.**

**तदुक्तं થી તેમાં સાક્ષી આપતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**તે કહેવાયેલું છે=યોગ, આરાધન, શંસન અને અદ્વેષ વડે વિધિ હોવાથી ક્રિયામાં દોષ નથી, એમ જે પૂર્વે કહ્યું તે આ પ્રમાણે શ્રાદ્ધવિધિ ગ્રંથમાં કહેવાયેલું છે.**

विधिसारं ..... तम्मि ।।१।। શક્તિવાળો શ્રદ્ધાળુ જીવ અનુષ્ઠાનને વિધિસાર જ સેવે છે, દ્રવ્યાદિ દોષથી નિહત=ગાઢ પીડિત, પણ તેમાં=વિધિમાં, પક્ષપાતને ધારણ કરે છે.

धन्नाणं ..... धन्ना ।।२।। ધન્ય પુરુષોને વિધિનો યોગ હોય છે=વિધિ કરનારને અનુકૂળ પરિવારની સંપત્તિ હોય છે અને વિધિ પક્ષના આરાધક સદા ધન્ય છે=પોતાના વડે જ વિધિનો નિર્વાહ કરનારા સદા ધન્ય છે, અને વિધિના બહુમાનવાળા ધન્ય છે=પોતે સમ્યગ્ વિધિનું સેવન કરી શકતા ન હોય તોપણ વિધિના બહુમાનવાળા છે માટે ધન્ય છે, અને વિધિપક્ષના અદૂષકો ધન્ય છે=વિધિ કરવાના અત્યંત બદ્ધ આગ્રહવાળા ન હોવા છતાં વિધિની પ્રરૂપણા સાંભળીને વિધિપક્ષને દૂષણ આપતા નથી, તેવા વિધિપક્ષના અદૂષકો ધન્ય છે.

आसन्नसिद्धिआणं ..... दूरभव्वाणं ।।३।। આસન્નસિદ્ધિકોને સદાકાળ=હંમેશાં, વિધિનો પરિણામ હોય છે, અભવ્ય અને દુર્ભવ્ય જીવોને વિધિનો ત્યાગ અને અવિધિથી ભક્તિ હોય છે.

सर्वत्र ..... दातव्यम्, **इति श्राद्धविधौ । સર્વ ઠેકાણે સમ્યગ્ વિધિ જાણવી અને સર્વ શક્તિથી પૂજાદિ** પુણ્યક્રિયામાં સમ્યગ્ વિધિ કરવી અને વિધિના અંતે સર્વત્ર=સર્વ અનુષ્ઠાનમાં, અવિધિ આશાતના નિમિત્તે મિથ્યા દુષ્કૃત આપવું, **એ પ્રમાણે શ્રાદ્ધવિધિ ગ્રંથ ગાથા-૬ની ટીકામાં કહેલું છે.**

✪ तदुक्तं થી જે કહ્યું તેનો इति श्राद्धविधौ સાથે અન્વય છે.

✪ विहिसारं ગાથા શ્રાદ્ધવિધિ ગ્રંથ ગાથા-૬ની ટીકામાં છે તે ધર્મરત્નપ્રકરણની ગાથા-૯૧મી છે.

**ભાવાર્થ :-**

શ્લોક-૭૦માં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે વર્તમાનમાં વિધિથી કરાયેલ પ્રતિમા નથી, તેથી પ્રતિમાની પૂજાદિ ક્રિયા ધર્મરૂપ નથી. ત્યાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે જો તેમ સ્વીકારવામાં આવે તો વર્તમાનમાં સાધ્વાચાર-શ્રાવકાચાર આદિ સર્વ ક્રિયાઓ પણ ધર્મરૂપ સ્વીકારી શકાશે નહિ. તેનું સમાધાન આપતાં પૂર્વપક્ષી કહે છે –

યોગ, આરાધના, પ્રશંસા અને વિધિનો અદ્વેષ હોય તો તે ક્રિયા દોષરૂપ નથી, તેમ શાસ્ત્રમાં સ્વીકારેલ છે. માટે વર્તમાનમાં તેવા પ્રકારનો યોગ કે આરાધના ન હોય તોપણ વિધિનું બહુમાન હોય કે વિધિનો અદ્વેષ હોય તેવી ક્રિયા પણ ધર્મરૂપે માન્ય છે. માટે વર્તમાનમાં તેવી ક્રિયા કરનારો વર્ગ છે. તેથી ધર્મનો ઉચ્છેદ થશે નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જે રીતે યોગાદિમાંથી કોઈક અંગ વડે તું ધર્મની ક્રિયામાં અદુષ્ટપણું સ્વીકારે છે તે રીતે તું પ્રતિમાસ્થળમાં પણ સદૃશ કેમ જોતો નથી ? અર્થાત્ પ્રતિમાસ્થળમાં પણ તારે તેમ જ જોવું જોઈએ.

આશય એ છે કે યોગ=વિધિ કરનારને અનુકૂળ પરિવારની પ્રાપ્તિ આ કાળમાં પ્રાયઃ દુર્લભ છે – જેમ શ્રાવકના ઘરની બધી વ્યક્તિ વિધિ કરનાર હોય તો એકબીજાની વિધિને જોઈને પોતે સારી રીતે વિધિ કરનાર બને, અને સાધુઓનો પોતાનો સમુદાય વિધિને કરનારો હોય તો એકબીજાની વિધિના પ્રયત્નથી પ્રેરણા પામીને વિધિની પ્રવૃત્તિ સહેલાઈથી થઈ શકે, એટલું જ નહિ પણ તેવા સુવિહિત ગચ્છમાં સારણા-વારણાદિ પણ સમ્યગ્ પ્રવર્તતા હોય છે. તેથી તેવો યોગ જે ચારિત્રીને મળ્યો હોય તેઓ સહજભાવે વિધિપૂર્વક ચારિત્રનું પાલન કરી શકે, પરંતુ કાળની દુર્લભતાને કારણે તેવો યોગ પ્રાયઃ મળતો નથી અને શ્રાવકોને પણ તેવો પરિવાર પ્રાયઃ મળતો નથી.

વળી આરાધન=શાસ્ત્ર વિધિ અનુસાર ક્રિયાનું સેવન, તે પણ આ કાળમાં પ્રાયઃ દુર્લભ છે. કોઈ જીવ અતિ વિધિનો અર્થી હોય તો સ્વપ્રયત્નથી વિધિનો નિર્વાહ કરે, અને તે અતિ સાત્ત્વિક જીવ માટે સંભવે છે; અને કાળની વિષમતાને કારણે તેવા જીવો પ્રાયઃ મળતા નથી.

વળી, શંસન=વિધિપૂર્વક અનુષ્ઠાન કરનારાની પ્રશંસા, તે પણ પ્રાયઃ આ કાળમાં દુર્લભ છે, છતાં શાસ્ત્રમાં વિધિનું વર્ણન સાંભળે ત્યારે જેમને વિધિ પ્રત્યે બહુમાન થાય છે અને હંમેશાં વિધિને જાણવા માટે, સમજવા માટે યત્ન કરતા હોય તેવા સાધુઓ કે શ્રાવકો કાળનો દોષ હોવા છતાં સર્વથા નથી, એમ નહિ. તેથી તેઓની ક્રિયા ધર્મરૂપ જ છે.

વળી, કેટલાક વિધિ પ્રત્યેના તેવા બહુમાનભાવવાળા નથી, તોપણ વિધિ પ્રત્યે દ્વેષ ધારણ કરતા નથી, અને વિધિ સાંભળે છે ત્યારે વિચારે છે કે આવું કૃત્ય તો આપણે કરી શકીએ તેમ નથી, જે કરી શકે તે શ્રેષ્ઠ છે. તેઓ જોકે શક્તિના પ્રકર્ષથી વિધિ પ્રત્યેના બહુમાનવાળાની જેમ વિધિ સમજવા આદિનો અભ્યાસ કરતા નથી, તોપણ વિધિ પ્રત્યે દ્વેષભાવ રાખતા નથી, તેઓની પણ ક્રિયા સર્વથા નિષ્ફળ નથી, પરંતુ દૂર-દૂરવર્તી ધર્મનું કારણ બને છે. માટે વર્તમાનમાં સર્વથા ધર્મ નથી, એમ કહી શકાય નહિ, એ પ્રકારે જો પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે –

તે રીતે વિધિને અનુકૂળ ઉચિત પરિવારની પ્રાપ્તિ અને વિધિનો પોતાના દ્વારા નિર્વાહ આ કાળમાં દુર્લભ હોવા છતાં જેઓ વિધિપૂર્વક પૂજા-પ્રતિષ્ઠાદિ કરવાના અર્થી છે અને આથી જ વિધિ પ્રત્યે બહુમાનભાવવાળા છે અને કેટલાક જીવો વિધિ પ્રત્યે અદ્વેષવાળા છે, તેઓને પ્રતિમાની પૂજા, પ્રતિમાની પ્રતિષ્ઠા કે પ્રતિમાને વંદનાદિ ક્રિયાઓ ધર્મરૂપ નથી, એમ નહિ; પરંતુ કાળદોષને કારણે જેમ સાધ્વાચાર કે શ્રાવકાચાર આદિ ક્રિયાઓ ધર્મરૂપ છે તેમ જિનપ્રતિમા, પ્રતિમાની પ્રતિષ્ઠા કે પ્રતિમાને વંદનાદિ ક્રિયાઓ પણ ધર્મરૂપ છે.

तदुक्तंથી જે સાક્ષી આપી તેનો ભાવ એ છે કે જે શક્તિશાળી શ્રદ્ધાળુ જીવ છે, તે અનુષ્ઠાનને વિધિપૂર્વક સેવે છે, અને દ્રવ્યાદિ દોષથી જે ગાઢપીડિત છે, તે પણ વિધિમાં પક્ષપાતને ધારણ કરે છે, અને ધન્ય જીવોને વિધિ કરવા માટે અનુકૂળ પરિવારની પ્રાપ્તિ થાય છે.

વળી, પોતાના વડે વિધિનો નિર્વાહ કરનારા સદા ધન્ય છે, અને પોતે સમ્યગ્ વિધિ કરી શકતા ન હોય તોપણ વિધિ પ્રત્યે બહુમાનવાળા છે તેઓ ધન્ય છે, અને જેઓ વિધિ કરવાના અત્યંત બદ્ધ આગ્રહવાળા

નહિ હોવા છતાં વિધિની પ્રરૂપણા સાંભળીને વિધિપક્ષને દૂષણ આપતા નથી, જોકે વિશેષ પક્ષપાત થતો નથી, પરંતુ સામાન્યથી તેઓને વિધિ સુંદર લાગે છે, એવા વિધિપક્ષના અદ્દૂષકો પણ ધન્ય છે.

વળી, આસન્નસિદ્ધિકોને સદાકાળ વિધિનો પરિણામ હોય છે, એમ કહ્યું ત્યાં વિશેષ એ છે કે ચરમશરીરી એવા જીવો પણ પૂર્વે માર્ગવિરુદ્ધ હોઈ શકે છે, અને વિધિના પરિણામવાળા જીવો પણ પાત પામીને યાવત્ અનંત સંસાર કરી શકે છે; તોપણ જ્યારે વિધિનો પરિણામ વર્તતો હોય ત્યારે સિદ્ધિને અનુકૂળ આસન્નભાવ છે, તેથી તે જીવો આસન્નસિદ્ધિક કહેવાય છે. માટે જે જીવોને વિધિનો પરિણામ વર્તતો હોય તે જીવો સિદ્ધિ પ્રત્યે સતત પ્રસર્પણ પામી રહ્યા છે, અને જો પૂર્વ ઉપાત્ત વિશિષ્ટ કર્મ પતનનું નિયામક ન બને તો તે જીવો થોડા ભવોમાં અવશ્ય સિદ્ધિને પ્રાપ્ત કરી લે છે, તેથી આસન્નસિદ્ધિકોને સદા વિધિનો પરિણામ હોય છે, તેમ કહેલ છે.

વળી, અભવ્ય, દુર્ભવ્ય જીવોને નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિની પૂર્વે દ્રવ્યથી નિરતિચાર ચારિત્ર હોય છે, તોપણ પ્રણિધાનાદિ આશયથી રહિત એવી બાહ્ય મન-વચન અને કાયાની આચરણારૂપ તેમની વિધિ હોય છે. માટે પ્રણિધાનાદિ આશય નહિ હોવાના કારણે વિધિનો ત્યાગ અને અવિધિની ભક્તિ તેમને હોય છે.

વળી, શ્રાદ્ધવિધિ ગ્રંથની સાક્ષી આપી, તેમાં કહ્યું કે સર્વત્ર વિધિ જાણવી જોઈએ અને પૂજાદિ પુણ્યક્રિયામાં શક્તિ પ્રમાણે વિધિમાં યત્ન કરવો જોઈએ અને સર્વત્ર ક્રિયાની સમાપ્તિ વખતે અવિધિ આશાતના નિમિત્તે મિચ્છા મિ દુક્કડં આપવું જોઈએ. તે રીતે વર્તમાનમાં પણ કોઈ શ્રાવક જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવતો હોય અને સમ્યગ્ વિધિ જાણવા માટે યત્ન કરતો હોય અને પોતાની શક્તિ પ્રમાણે વિધિ જાળવવા પણ યત્ન કરતો હોય, આમ છતાં કાળદોષને કારણે વિધિ પ્રમાણે કરી ન શકતો હોય, તોપણ અંતે અવિધિ આશાતના નિમિત્તે 'મિથ્યા દુષ્કૃત' આપતો હોય તો તેની જિનપ્રતિમાની પૂજા-પ્રતિષ્ઠા કે વંદનાદિ ક્રિયા ઇન્દ્રજાળ જેવી કહેવાય નહિ, પરંતુ તે ક્રિયા ધર્મરૂપ માનવી જોઈએ.

**ઉત્થાન :-**

શ્લોક-૭૦માં પૂર્વપક્ષીએ વિધિકારિત પ્રતિમા પૂજનીય છે, અન્ય નહિ, એમ કહીને પૂજા-પ્રતિષ્ઠાદિ સર્વ ક્રિયાઓને ઇન્દ્રજાળ જેવી બતાવી, તેનું નિરાકરણ ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત શ્લોક-૭૧માં પૂર્વે કર્યું. હવે તેને દૃઢ કરવા અર્થે અધ્યાત્મચિંતકો અમૃત અનુષ્ઠાન અને તદ્દહેતુ અનુષ્ઠાનને ઉપાદેય માને છે, તેથી વિધિના પક્ષપાતીનું કે વિધિના અદ્વેષીનું અનુષ્ઠાન આદેય છે, એમ બતાવીને તે રીતે કરાયેલી જિનપ્રતિમા પણ પૂજનીય માનવી જોઈએ, તે બતાવવા અર્થે કહે છે –

**ટીકા :-**

**विधिभक्त्युपयोगादिसाचिव्ये देवपूजादिकममृतानुष्ठानमेव, अन्ततो विध्यद्वेषस्यापि सत्त्वे प्रथम-योगाङ्गसंपत्त्याऽनुबन्धतो विधिरागसाम्राज्ये** "एतद्रागादिदं हेतुः श्रेष्ठो योगविदो विदुः" **[यो.बि. श्लो.-१५९ पूर्वार्द्धः] इति वचनात् तद्धेत्वनुष्ठानरूपम्, तद् द्वयमपि चादेयं भवति, विषगराननुष्ठानानामेव हेयत्वादित्यध्यात्मचिन्तात्मकाः, अत एवाभोगानाभोगाभ्यां द्रव्यस्तवस्य यद् द्वैविध्यमुक्तं ग्रान्थिकैस्तदुपपद्यते ।**

तदाहुः -

"देवगुणपरिन्नाणा तब्भावाणुगयमुत्तमं विहिणा ।
आयारसारं जिणपूअणेण(जिणपूअणं) आभोगदव्वथओ ।।१।।
एत्तो चरित्तलाभो होइ लहु सयलकम्मणिद्दलणो ।
ता एत्थ सम्ममेव हि पयट्टिअव्वं सुदिट्ठिहिं ।।२।।
पूआविहिविरहाओ अपरिन्नाणा उ जिणगयगुणाणं।
सुहपरिणामकयत्ता एसोऽणाभोगदव्वथओ ।।३।।
गुणठाणठाणगत्ता एसो एवं पि गुणकरो चेव।
सुहसुहयरभावविसुद्धिहेउओ बोहिलाभाओ ।।४।।
असुहक्खएण धणियं धन्नाणं आगमेसिभद्दाणं।
अमुणियगुणेवि नूणं विसए पीई समुच्छलइ ।।५।।

यथा शुकमिथुनस्यार्हद्बिम्बे ।

होइ पओसो विसए, गुरुकम्माणं भवाभिणंदीणं।
पत्थंमि आउराण व उवट्ठिए निच्छिए मरणे ।।६।।
एत्तो च्चिय तत्तन्नू जिणबिंबे जिणवरिंदधम्मे वा ।
असुहब्भासभयाओ पओसलेसं पि वज्जंति" ।।७।।

परकृतजिनार्चाद्वेषे कुन्तलाज्ञातम् ।। **[श्राद्धविधि गा. ६ वृत्तौ]**

✪ ગાથા-૧માં जिणपूअणेण છે ત્યાં जिणपूअणं ભાસે છે.

✪ ગાથા-૩માં सुहपरिणामकयत्ता છે ત્યાં શ્રાદ્ધવિધિ ગ્રંથમાં सुहपरिणामविऊत्ता પાઠ છે.

**ટીકાર્થ :-**

**विधिभक्ति ..... तदुपपद्यते । વિધિ-ભક્તિ ઉપયોગાદિની પ્રધાનતામાં દેવપૂજાદિક અમૃત અનુષ્ઠાન જ છે. અંતે વિધિઅદ્વેષની પણ વિદ્યમાનતામાં પ્રથમ યોગાંગની પ્રાપ્તિ હોવાને કારણે અનુબંધથી=ફળથી, વિધિરાગના સામ્રાજ્યમાં "આના રાગથી=સદ્અનુષ્ઠાનના રાગથી, આ=આદિધાર્મિક કાળભાવી કરાતું દેવપૂજાદિ અનુષ્ઠાન, શ્રેષ્ઠ=અવંધ્ય, હેતુ=કારણ છે, (એમ) યોગના જાણકારો કહે છે." એ પ્રકારે યોગબિંદુ ગ્રંથ શ્લોક-૧૫૯ પૂર્વાર્ધનું વચન હોવાથી તદ્હેતુ અનુષ્ઠાનરૂપ છે, અને તે બંને પણ= અમૃત અનુષ્ઠાન અને તદ્હેતુ અનુષ્ઠાન તે બંને પણ,આદેય છે; કેમ કે વિષ, ગર અને અનનુષ્ઠાનનું જ હેયપણું છે, એ પ્રકારે અધ્યાત્મચિંતકો કહે છે. આથી જ=અમૃત અનુષ્ઠાન અને તદ્હેતુ અનુષ્ઠાન એ બંને આદેય છે આથી જ, આભોગ અને અનાભોગ દ્વારા દ્રવ્યસ્તવનું જે દ્વિવિધપણું ગ્રંથકારો વડે કહેવાયું છે, તે ઘટે છે.**

✪ 'विधिभक्त्युपयोगादिसाचिव्ये देवपूजादिकममृतानुष्ठानमेव' - અહીં જોકે વિધિથી પરિપૂર્ણ વિધિ ગ્રહણ કરીએ તો ભક્તિ આદિનો વિધિમાં જ અંતર્ભાવ થાય છે, તોપણ ભક્તિ આદિનું પૃથક્ ગ્રહણ કરેલ હોવાથી વિધિથી બાહ્ય આચરણા જ ગ્રહણ કરવાની છે; અને તે શાસ્ત્રાનુસારી હોય તો વિધિપૂર્વકની છે, ભક્તિથી અંતરંગ બહુમાન ગ્રહણ કરવાનું છે, ઉપયોગથી પ્રણિધાનાદિ આશયપૂર્વકનો માનસ યત્ન ગ્રહણ કરવાનો છે, અને उपयोगादि - અહીં 'આદિ' થી ક્રિયામાં અપેક્ષિત લેશ્યા વગેરેનું ગ્રહણ કરવાનું છે.

**तदाहुः – તેને=આભોગ-અનાભોગ દ્વારા દ્રવ્યસ્તવના દ્વૈવિધ્યને, કહે છે –**

देवगुण ..... दव्वथओ ।।१।। દેવગુણના પરિજ્ઞાનથી=ભગવાનના ગુણના પરિજ્ઞાનથી, તદ્ભાવાનુગત=ભગવાનના બહુમાનના ભાવથી સહિત, વિધિ વડે કરીને ઉત્તમ, આચારપ્રધાન એવું જિનપૂજન આભોગ દ્રવ્યસ્તવ છે.

एत्तो ..... सुदिट्ठिहि ।।२।। આનાથી=આભોગ દ્રવ્યસ્તવથી, ચારિત્રનો લાભ થાય (અને) શીઘ્ર સકલ કર્મોનું નિર્દલન=કર્મોનો નાશ, થાય છે. તે કારણથી અહીંયાં=આભોગ દ્રવ્યસ્તવમાં, સુંદર દૃષ્ટિવાળાઓ વડે સમ્યગ્ જ પ્રવર્તવું જોઈએ.

पूआविहि ..... दव्वथओ ।।३।। પૂજાવિધિના વિરહથી અને જિનગત=જિનમાં રહેલા, ગુણોના અપરિજ્ઞાનથી અને શુભ પરિણામથી કરાયેલું હોવાથી આ અનાભોગ દ્રવ્યસ્તવ છે.

गुणठाण ..... बोहिलाभाओ ।।४।। આ રીતે પણ=પૂર્વે કહ્યું કે આ અનાભોગ દ્રવ્યસ્તવ છે એ રીતે પણ, ગુણસ્થાનકના સ્થાનપણાને કારણે આ=અનાભોગ દ્રવ્યસ્તવ, ગુણકર જ છે; કેમ કે શુભ-શુભતર ભાવવિશુદ્ધિનો હેતુ હોવાથી બોધિલાભનો હેતુ છે.

असुहक्खएण ..... समुच्छलइ ।।५।। ઘણા અશુભ કર્મના ક્ષયથી અને ભવિષ્યમાં જેમનું કલ્યાણ થવાનું છે એવા ધન્યોને, અમુણિત ગુણવાળાપણ=અજ્ઞાત ગુણવાળા પણ વિષયમાં ખરેખર પ્રીતિ ઉછળે છે.

यथा शुकमिथुनस्यार्हद्बिम्बे । જેમ - અરિહંતના બિંબમાં શુક મિથુનને=પોપટ યુગલને પ્રીતિ સમુલ્લસિત થઈ.

होइ ..... मरणे ।।६।। ગુરુ=ભારે કર્મવાળા ભવાભિનંદી જીવને વિષયમાં=ગુણવાળા એવા વિષયમાં, પ્રદ્વેષ થાય છે. જેમ નિશ્ચિત મરણ ઉપસ્થિત થયે છતે પથ્યમાં રોગિષ્ઠને પ્રદ્વેષ થાય છે.

एत्तो च्चिय ..... वज्जंति ।।७।। આથી જ=ભારે કર્મવાળા જીવને પ્રદ્વેષ થાય છે આથી જ, તત્ત્વજ્ઞ જીવ જિનબિંબ અને જિનેશ્વરના ધર્મમાં અશુભ અભ્યાસના ભયથી પ્રદ્વેષલેશ પણ વર્જન કરે છે.

परकृतजिनार्चाद्वेषे कुन्तलाज्ञातम् । પરકૃત=બીજા દ્વારા કરાયેલ જિનાર્ચાના=જિનપૂજાના, દ્વેષમાં કુંતલાનું દૃષ્ટાંત છે.

**ભાવાર્થ :–**

કોઈ ગૃહસ્થ દેવપૂજાદિ અનુષ્ઠાન કરતો હોય અને તે અનુષ્ઠાન કરવાની જે શાસ્ત્રીય મર્યાદા છે તેની વિધિના યથાર્થ બોધવાળો હોય અને પૂર્ણ વિધિપૂર્વક દેવપૂજાદિ અનુષ્ઠાનમાં યત્ન કરતો હોય અને ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિભાવ ઉલ્લસિત થતો હોય અને સ્થાન, સૂત્ર, અર્થ અને મૂર્તિના આલંબનમાં

ઉપયોગવાળો હોય અને તે વખતે તેમનું ચિત્ત તચ્ચિત્ત, તલ્લેશ્ય આદિ ભાવવાળું હોય તો તેનું દેવપૂજાદિ અનુષ્ઠાન અમૃત અનુષ્ઠાન થાય છે, અને તે સિવાય કંઈક ત્રુટિવાળું હોય તે સર્વ તદ્હેતુ અનુષ્ઠાન થાય છે, અને અંતે વિધિ પ્રત્યેનો અદ્વેષ હોવા છતાં પણ કોઈ ગૃહસ્થ દેવપૂજાદિ અનુષ્ઠાન કરતો હોય તો યોગનાં આઠ અંગોમાંથી પ્રથમ યોગના અંગની પ્રાપ્તિ થવાથી અનુબંધથી=ફળથી, તે જીવને વિધિરાગનું સામ્રાજ્ય પ્રગટ થશે; કેમ કે વિધિના અદ્વેષવાળા જીવો વિધિને સાંભળીને ધીરે ધીરે વિધિપૂર્વક કરવાની મનોવૃત્તિવાળા થાય છે. તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે –

આના રાગથી=સદ્અનુષ્ઠાનના ભાવબહુમાનથી, આ=આદિધાર્મિક કાળભાવી કરાતું એવું દેવપૂજાદિ અનુષ્ઠાન શ્રેષ્ઠ=અવંધ્ય, હેતુ=કારણ છે, એ પ્રમાણે યોગના જાણકારો કહે છે, એ પ્રકારે યોગબિંદુ ગ્રંથ શ્લોક-૧૫૯નું વચન છે. તેથી વિધિઅદ્વેષથી થતું અનુષ્ઠાન પણ તદ્હેતુ અનુષ્ઠાન છે અને આ બંને પણ= અમૃત અનુષ્ઠાન અને તદ્હેતુ અનુષ્ઠાન, આ બંને પણ, આદેય છે; કેમ કે વિષ, ગર અને અનનુષ્ઠાનનું જ હેયપણું છે, એ પ્રમાણે અધ્યાત્મચિંતકો કહે છે. માટે અમૃત અનુષ્ઠાન સિવાયના વિધિના રાગથી કરાતા અનુષ્ઠાન કે વિધિના અદ્વેષથી કરાતા અનુષ્ઠાનને પણ જો આદેય સ્વીકારીએ, તો તે રીતે કરાતી પ્રતિમાની પ્રતિષ્ઠા પણ અનાદેય નથી. માટે વિધિપૂર્વકની જ પ્રતિમા પૂજનીય છે, એવો એકાંતે નિયમ નથી.

વળી, અમૃત અનુષ્ઠાન અને તદ્હેતુ અનુષ્ઠાન બંને આદેય છે. આથી કરીને જ આભોગ અને અનાભોગ દ્વારા દ્રવ્યસ્તવના બે પ્રકાર ગ્રંથકાર વડે કહેવાયા છે, તે ઘટે છે.

આશય એ છે કે અમૃત અનુષ્ઠાન પરિપૂર્ણ શાસ્ત્રવિધિના ઉપયોગપૂર્વક થાય છે, તેથી તે આભોગ દ્રવ્યસ્તવ છે. તેથી જે ભગવાનની પ્રતિષ્ઠા પરિપૂર્ણ વિધિપૂર્વક કરાતી હોય તે આભોગપૂર્વકનું દ્રવ્યસ્તવ છે, અને જે ક્રિયામાં વિધિનો પક્ષપાત હોય અને શક્તિને અનુરૂપ વિધિમાં યત્કિંચિત્ યત્ન પણ હોય તે ક્રિયાઓ પણ તદર્થ આલોચનાદિ ભાવવાળી હોય તો તે આભોગપૂર્વકનું દ્રવ્યસ્તવ છે. પરંતુ જે ક્રિયામાં વિધિનો અદ્વેષ હોય અને તેના ફળરૂપે વિધિરાગનું સામ્રાજ્ય પ્રાપ્ત થાય તેમ હોય તે ક્રિયા પણ તદ્હેતુ અનુષ્ઠાન છે, એમ પૂર્વમાં સ્થાપન કર્યું તે અનાભોગ દ્રવ્યસ્તવ છે. તે આભોગ-અનાભોગરૂપ દ્રવ્યસ્તવ તો જ ઘટે કે અનાભોગથી કરાયેલા અનુષ્ઠાનને પણ ધર્મરૂપે સ્વીકારવામાં આવે, અને તેથી વિધિની ત્રુટિવાળી પણ પ્રતિષ્ઠાવિધિથી કરાયેલી જિનપ્રતિમા પૂજનીય છે, તેમ માનવું જોઈએ.

તદાહુઃથી તેમાં સાક્ષી આપતાં કહે છે –

પ્રથમ ગાથામાં ભગવાનના ગુણોનું જેમને જ્ઞાન છે અને ભગવાનના ગુણોમાં જે ઉપયોગવાળા છે અને વિધિથી જિનપૂજા કરે છે, તેઓનું આભોગ દ્રવ્યસ્તવ છે એમ કહ્યું. તેથી આ અનુષ્ઠાનથી પરિપૂર્ણ વિધિપૂર્વકની અને ક્રિયાકાળમાં સ્થાન, સૂત્ર, અર્થ અને આલંબનમાં પૂર્ણ ઉપયોગવાળી એવી ક્રિયા ગ્રહણ કરવાની છે અને તે અમૃત અનુષ્ઠાનરૂપ છે. આ રીતે કરાયેલા દ્રવ્યસ્તવનું ફળ બીજી ગાથામાં કહે છે -

આ દ્રવ્યસ્તવથી ચારિત્રનો લાભ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે અમૃતઅનુષ્ઠાન ચારિત્રમોહનીયકર્મનો ઉચ્છેદ કરીને આ જ ભવમાં કે અન્ય ભવમાં ચારિત્રની અવશ્ય પ્રાપ્તિ કરાવે છે અને સર્વ કર્મનો શીઘ્ર નાશ

કરાવીને મોક્ષફળની પ્રાપ્તિ કરાવે છે. તેથી જે જીવની અમૃતઅનુષ્ઠાન કરવાની શક્તિ છે, તેવા સુંદર દૃષ્ટિવાળાએ આ પ્રકારના આભોગપૂર્વકના દ્રવ્યસ્તવમાં સમ્યગ્ જ યત્ન કરવો જોઈએ.

ત્યાર પછી ત્રીજી ગાથામાં અનાભોગ દ્રવ્યસ્તવનું સ્વરૂપ બતાવે છે –

જે જીવને ભગવાનની પૂજાની વિધિનો બોધ નથી અને ભગવાનના ગુણોનું પણ પરિજ્ઞાન નથી, આમ છતાં ભદ્રક પ્રકૃતિને કારણે આ ભગવાનની 'હું પૂજા કરું' એ પ્રકારના શુભ પરિણામપૂર્વક દ્રવ્યસ્તવ કરે છે તે અનાભોગ દ્રવ્યસ્તવ છે. તે અનાભોગ દ્રવ્યસ્તવ કેવું છે, તે ચોથી ગાથામાં બતાવે છે -

આ અનાભોગ દ્રવ્યસ્તવ પણ ગુણીગુણસ્થાનકરૂપ પ્રથમ ગુણસ્થાનકનો પરિણામ હોવાથી આ રીતે પણ ગુણકર છે=ભગવાનના ગુણોનું જ્ઞાન નથી, વિધિ નથી, તોપણ ગુણકર છે; કેમ કે પ્રકૃતિભદ્રકતાને કારણે શુભ-શુભતર ભાવની વિશુદ્ધિ તે દ્રવ્યસ્તવથી થાય છે, અને તે દ્રવ્યસ્તવથી કર્મક્ષય થવાને કારણે બોધિલાભની પ્રાપ્તિ પણ થાય છે.

તેને જ સ્પષ્ટ કરવા માટે પાંચમી ગાથામાં કહે છે –

ભવિષ્યમાં જેઓનું ભદ્ર=કલ્યાણ થવાનું છે તેવા ધન્ય જીવોને, ઘણા અશુભ કર્મના ક્ષયથી, જેમના ગુણો જાણ્યા નથી તેવી પણ ભગવાનની પ્રતિમાના વિષયમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે.

જેમ – શત્રુંજય ઉપર અરિહંતબિંબની લોકોને પૂજા કરતા જોઈને પોપટયુગલે પ્રીતિપૂર્વક પૂજા કરી, જેના પ્રભાવે અન્ય ભવમાં રાજા-રાણી થઈને ભગવાનના શાસનને પામ્યા.

આ રીતે આભોગ-અનાભોગ દ્રવ્યસ્તવના સ્વરૂપનું ઉદ્ધરણ બતાવ્યા પછી ભગવાન પ્રત્યે જેમને દ્વેષ થાય છે, તેઓ ગુરુકર્મી છે, તે છઠ્ઠી ગાથામાં બતાવે છે –

ગુરુકર્મવાળા એવા ભવાભિનંદી જીવોને જિનપ્રતિમા આદિ વિષયમાં પ્રદ્વેષ થાય છે.

જેમ – કોઈ રોગી નક્કી મૃત્યુ પામવાનો હોય તેને પથ્યમાં દ્વેષ થાય છે, તેમ ભવાભિનંદી જીવને ભગવાનની પ્રતિમા પ્રત્યે દ્વેષ થાય છે, અને દ્વેષ થવાને કારણે દીર્ઘ સંસારમાં પરિભ્રમણ કરે છે.

ભગવાનની પ્રતિમા પ્રત્યેનો દ્વેષ અત્યંત અનર્થકારી છે, માટે તત્ત્વજ્ઞ જીવ તેનું વર્જન કરે છે. તે સાતમી ગાથામાં બતાવે છે –

ભગવાનની પ્રતિમા પ્રત્યેનો દ્વેષ અત્યંત અનર્થકારી છે. આથી કરીને જ જિનબિંબમાં કે જિનેશ્વરદેવના ધર્મમાં અશુભ ભાવના ભયથી તત્ત્વના જાણનારાઓ પ્રદ્વેષલેશને પણ વર્જન કરે છે; કેમ કે જિનપ્રતિમા પ્રત્યે કે જિનધર્મ પ્રત્યે કોઈ નિમિત્તને આશ્રયીને થયેલો લેશ પણ દ્વેષ દુર્લભબોધિ અને દીર્ઘ સંસારપરિભ્રમણનું કારણ બને છે.

પરકૃત જિનાર્ચાના વિષયમાં થયેલા દ્વેષમાં કુંતલારાણીનું દૃષ્ટાંત છે. તે આ રીતે –

જેમ – કુંતલા રાણીને ભગવાન પ્રત્યે ભક્તિ હોવા છતાં પોતાની શોક્ય એવી અન્ય રાણીઓની ભગવાનની પ્રતિમાને કરેલી સુંદર અંગરચના જોઈને જિનાર્ચા પ્રત્યે દ્વેષ થયો અને તેઓએ કરેલી સુંદર અંગરચનાવાળી પ્રતિમાને જોઈને ઉકરડામાં નંખાવે છે.

**ઉત્થાન :-**

પૂર્વે શ્લોક-૭૦માં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે અવિધિથી કરાયેલી જિનપ્રતિમા પૂજનીય નથી, તેથી તેવી જિનપ્રતિમાઓની કરાતી પૂજાદિ ક્રિયાઓ ઇન્દ્રજાળ જેવી છે. તેનું નિરાકરણ પ્રસ્તુત શ્લોક-૭૧માં પૂર્વાર્ધથી ગ્રંથકારશ્રીએ કર્યું અને સ્થાપન કર્યું કે અંતે જેમાં વિધિનો અદ્વેષ હોય તેવી પણ ક્રિયા તદ્હેતુ અનુષ્ઠાન છે. માટે વર્તમાનમાં વિધિના પક્ષપાતથી કે વિધિના અદ્વેષથી કરાતી પ્રતિષ્ઠાદિ વિધિઓ ઇન્દ્રજાળ જેવી નથી, પરંતુ ભગવદ્ભક્તિરૂપ છે. વળી, પૂર્વપક્ષીનો જે આગ્રહ છે કે વિધિપૂર્વકની જ પ્રતિમા પૂજનીય છે, અન્ય પ્રતિમા નહિ, તે ઉચિત નથી. તે બતાવવા માટે શ્લોકના ત્રીજા અને ચોથા પાદ વડે અભ્યુચ્ચયને=સમુચ્ચયને, ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

**अभ्युच्चयमाह, किञ्च, गुरुकारितादिविषयमाग्रहं त्यक्त्वा भक्तितो=भक्तिमात्रेण, सर्वत्रापि चैत्येऽविशेषतो=विशेषौदासीन्येन, कृतिवरैः=मुख्यपण्डितैः, पूज्याकृतेः=भगवत्प्रतिमायाः, पूज्यता उक्ता कालाद्यालम्बनेनेत्थमेव बोधिसौलभ्योपपत्तेः ।**

**तथा च – श्राद्धविधिपाठ :-**

प्रतिमाश्च विविधास्तत्पूजाविधौ सम्यक्त्वप्रकरणे इत्युक्तं -

"गुरुकारियाइं केइ अन्ने सयकारियाइ तं बिंति ।
विहिकारियाइ अन्ने पडिमाए पूअणविहाणं" ।। **[सम्यक्त्वप्र. गा. २५]**

व्याख्या-गुरवो मातृ-पितृ-पितामहादयस्तैः कारितायाः केचिदन्ये स्वयंकारिताया विधिकारितायास्त्वन्ये प्रतिमायास्तत्पूर्वाभिहितं पूजाविधानं ब्रुवन्ति कर्त्तव्यमिति शेषः । अवस्थितपक्षस्तु गुर्वादिकृतत्वस्यानुपयोगित्वान्ममत्वाग्रहरहितेन सर्वप्रतिमा अविशेषेण पूजनीयाः,सर्वत्र तीर्थकृदाकारोपलम्भेन तद्बुद्धेरुपजायमानत्वाद्, अन्यथा हि स्वाग्रहवशादर्हद्बिम्बेऽप्यवज्ञामाचरतो दुरन्तसंसारपरिभ्रमणलक्षणो बलाद्दण्डः समाढौकते, न चैवमविधिकृतामपि पूजयतस्तदनुमतिद्वारेणाज्ञाभङ्गलक्षणदोषापत्तिरागमप्रामाण्यात् ।

**तथाहि-श्रीकल्पभाष्ये -**

"निस्सकडमणिस्सकडे अ चेइए सव्वहिं थुई तिन्नि।
वेलं व चेइआणि य णाउं इक्किक्कया वा वि" ।। **[कल्पभाष्य गा. १८०४]**

निश्राकृते=गच्छप्रतिबद्धेऽनिश्राकृते च तद्विपरीते चैत्ये सर्वत्र तिस्रः स्तुतयो दीयन्तेऽथ प्रतिचैत्यं स्तुतित्रये दीयमाने वेलाया अतिक्रमो भवति, भूयांसि वा तत्र चैत्यानि ततो वेलां चैत्यानि वा ज्ञात्वा प्रति चैत्यमैकैकापि स्तुतिर्दातव्येति । **[श्राद्धविधि गा. ६ वृत्तौ]**

**ટીકાર્થ :-**

**अभ्युच्चयमाह - ..... उपपत्तेः । અભ્યુચ્ચયને=સમુચ્ચયને, ગ્રંથકારશ્રી કહે છે –**

**વળી ગુરુકારિતાદિ વિષયના આગ્રહને છોડીને ભક્તિથી=ભક્તિમાત્રથી, સર્વત્ર પણ ચૈત્યમાં અવિશેષથી=વિશેષના ઉદાસીનપણાથી=સામાન્યથી, કૃતિવરો વડે=મુખ્ય પંડિતો વડે, પૂજ્યની આકૃતિની= ભગવાનની પ્રતિમાની, પૂજ્યતા કહેવાયેલી છે; કેમ કે કાલાદિના આલંબન વડે આ પ્રકારે જ=વિશેષના ઉદાસીનપણાથી=સામાન્યથી જ, બોધિના સુલભપણાની ઉપપત્તિ=સંગતિ, છે.**

**तथा च - श्राद्धविधि पाठः - અને તે રીતે=પૂર્વે किञ्चथी કહ્યું કે, ગુરુકારિતાદિ વિષયના આગ્રહને છોડીને ભક્તિથી સર્વત્ર પણ ચૈત્યમાં અવિશેષથી ભગવાનની પ્રતિમાની પૂજ્યતા કહેવાયેલી છે તે રીતે, શ્રાદ્ધવિધિ ગાથા-૬ની ટીકાનો પાઠ છે.**

प्रतिमाश्च ..... इत्युक्तं - અને પ્રતિમા વિવિધ પ્રકારની છે, તેની=પૂજાની, વિધિમાં સમ્યક્ત્વપ્રકરણમાં આ પ્રમાણે કહેવાયેલું છે.

“गुरुकारियाइं ..... पूअणविहाणं” ।। કેટલાક ગુરુકારિત, અન્ય સ્વયંકારિત તેને=પ્રતિમાના પૂજનના વિધાનને, કહે છે. વળી અન્ય વિધિકારિત પ્રતિમાના પૂજનના વિધાનને (કહે છે.)

व्याख्या - गुरवो ..... शेषः ।। વ્યાખ્યા - ગુરુઓ માતા-પિતા-દાદા વગેરે, તેઓ વડે કરાયેલી, કેટલાક અન્ય સ્વવડે કરાયેલી, વળી બીજા વિધિથી કરાયેલી એવી પ્રતિમાના તેને=પૂર્વે કહેવાયેલ પૂજા વિધાનને=સમ્યક્ત્વપ્રકરણગ્રંથમાં પૂર્વે કહેવાયેલ પૂજાવિધાનને, કર્તવ્ય કહે છે.

સમ્યક્ત્વપ્રકરણ મૂળ ગાથામાં तं बिंति છે ત્યાં कर्तव्यम् એ પ્રમાણે શેષ=અધ્યાહારરૂપે સમજવું.

अवस्थितपक्षस्तु ..... समाढौकते, વળી અવસ્થિત પક્ષ=પ્રમાણ પક્ષ ગુરુ આદિ વડે કૃતપણાનું અનુપયોગીપણું હોવાને કારણે મમત્વ અને આગ્રહથી રહિત અવિશેષથી=સામાન્યથી, સર્વ પ્રતિમાઓ પૂજનીય છે (એમ કહે છે.) કેમ કે સર્વત્ર=બધી પ્રતિમાઓમાં તીર્થંકરના આકારના ઉપલંભથી=તીર્થંકરની આકૃતિની પ્રાપ્તિથી, તદ્બુદ્ધિનું ઉપજાયમાનપણું છે=તીર્થંકરની બુદ્ધિ થાય છે. અન્યથા=સર્વત્ર અવિશેષથી પ્રતિમાની પૂજ્યતા અસ્વીકારીને સ્વ આગ્રહના વશથી અરિહંતના બિંબમાં પણ અવજ્ઞાને આચરતા પુરુષને બળ=બળાત્કારથી દુરંત સંસારપરિભ્રમણસ્વરૂપ દંડ પ્રાપ્ત થાય છે.

न चैवम् ..... आगमप्रामाण्यात् । અને આ પ્રમાણે=અવિશેષથી સર્વ પ્રતિમાઓ પૂજનીય છે એ પ્રમાણે, અવિધિકૃત પણ પ્રતિમાની પૂજા કરનારને તેની અનુમતિ દ્વારા=અવિધિની અનુમતિ દ્વારા, આજ્ઞાભંગ સ્વરૂપ દોષની આપત્તિ આવશે એમ ન કહેવું; કેમ કે આગમનું પ્રામાણ્ય છે=સર્વ પ્રતિમાને અવિશેષથી સ્વીકારવામાં આગમવચનનું પ્રમાણપણું છે. તે આગમ પ્રમાણને ‘तथाहि’ થી બતાવે છે –

तथाहि - श्रीकल्पभाष्ये તે આ પ્રમાણે - શ્રીકલ્પભાષ્યમાં કહેલું છે -

“निस्सकड ..... वा वि” ।। નિશ્રાકૃત અને અનિશ્રાકૃત સર્વત્ર ચૈત્યમાં ત્રણ સ્તુતિ કરવી અને વેળા=સમય અને ચૈત્યોને જાણીને એક એક પણ સ્તુતિ કરવી.

निश्राकृते ..... स्तुतिर्दातव्येति । નિશ્રાકૃત=ગચ્છપ્રતિબદ્ધ અને અનિશ્રાકૃત=તેનાથી વિપરીત=અન્ય ગચ્છપ્રતિબદ્ધ, સર્વત્ર ચૈત્યમાં ત્રણ સ્તુતિઓ કરાય છે. દરેક ચૈત્યમાં ત્રણ સ્તુતિ કરતાં વેલાનો અતિક્રમ=સમયનું ઉલ્લંઘન થાય અથવા ત્યાં ઘણાં ચૈત્યો હોય તેથી વેળાને=સમયને અથવા ચૈત્યોને જાણીને દરેક ચૈત્યમાં એક-એક પણ સ્તુતિ કરવી. 'इति' શબ્દ ઉદ્ધરણની વ્યાખ્યાની સમાપ્તિ સૂચક છે.

✪ શ્રાદ્ધવિધિ ગ્રંથ ગાથા-૬ની ટીકામાંથી આ ઉદ્ધરણ લીધું છે અને તેમાં સમ્યક્ત્વપ્રકરણ ગાથા-૨૫ અને કલ્પભાષ્ય ગાથા-૧૮૦૪ના ઉદ્ધરણો છે અને તેની વ્યાખ્યા છે.

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી વિધિકારિત પ્રતિમા જ પૂજનીય છે, અન્ય પ્રતિમા નહિ એમ જે કહે છે તે ઉચિત નથી. તેમાં અભ્યુચ્ચયને=સમુચ્ચયને, બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગુરુકારિતાદિ વિષયના આગ્રહને છોડીને સર્વત્ર પણ ચૈત્યમાં=વડીલોથી કરાવાયેલ હોય કે પોતાનાથી કરાવાયેલ હોય કે વિધિપૂર્વક કરાવાયેલ હોય તે સર્વત્ર પણ ચૈત્યમાં, પક્ષપાત વગર ભક્તિમાત્રથી ભગવાનની પ્રતિમાની પૂજા કરવી જોઈએ, એમ પૂર્વના મહાપુરુષો કહે છે અને કહે છે કે, કાલાદિનું આલંબન લઈને=આ કાળ વિષમ છે અને વિધિથી કરાયેલી પ્રતિમા દુર્લભ છે ઇત્યાદિ આલંબન લઈને, આ રીતે જ=સર્વ પ્રતિમાઓમાં પક્ષપાત વગર ભક્તિપૂર્વક પૂજા કરવી જોઈએ એ રીતે જ, બોધિની સુલભતાની પ્રાપ્તિ થાય; અને જો તેમ કરવામાં ન આવે અને વિધિકારિત પ્રતિમાની જ પૂજા થાય, અન્ય પ્રતિમાની નહિ, તેવો પક્ષપાત કરવામાં આવે તો અન્ય પણ જિનપ્રતિમાના અનાદરને કારણે બોધિની દુર્લભતા થાય, અને વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરાયેલ પ્રતિમા ન મળે તો પૂજા પણ થાય નહિ, અને વિદ્યમાન પણ=વિધિની ખામીવાળી પણ પ્રતિમાની ઉપેક્ષા કરીને ભગવાનની પૂજા ન કરવામાં આવે તો બોધિની સુલભતા થાય નહિ. માટે વિષમકાળનું આલંબન લઈને પણ વિધિપૂર્વકની જ પ્રતિમાની પૂજા થાય તેવો આગ્રહ છોડીને સર્વત્ર ચૈત્યમાં જિનપ્રતિમાની ભક્તિ કરવી જોઈએ. તેમાં સાક્ષી આપતાં શ્રાદ્ધવિધિનો પાઠ આપેલ છે, તેનો ભાવ આ પ્રમાણે છે –

પૂજાની વિધિમાં વિવિધ પ્રકારની પ્રતિમાઓ હોય છે અને તેમાં સમ્યક્ત્વપ્રકરણગ્રંથની સાક્ષી આપેલ છે. તેનાથી એ બતાવવું છે કે કેટલાક કહે છે કે પોતાના વડીલોથી કરાયેલી પ્રતિમા પૂજનીય છે, તો કેટલાક કહે છે કે પોતે કરાવેલ પ્રતિમા પૂજનીય છે, તો વળી અન્ય કેટલાક કહે છે કે વિધિથી કરાવેલ પ્રતિમા પૂજનીય છે. આ ત્રણે પક્ષ અનુચિત છે, એમ બતાવીને અવસ્થિત પક્ષ=પ્રમાણ પક્ષ, બતાવે છે –

ગુરુ આદિથી કરાયેલાનું અનુપયોગીપણું છે. માટે મમત્વ અને આગ્રહ રહિત સર્વ પ્રતિમાઓને અવિશેષથી પૂજવી જોઈએ. આનાથી એ નક્કી થાય છે કે વિધિકારિતાદિ પૂજામાં અનુપયોગી છે. માટે વિધિકારિતાદિ હોય તો જ પ્રતિમાની પૂજા થાય, એવો આગ્રહ છોડીને બધી પ્રતિમાઓને સમાન રીતે પૂજવી જોઈએ; કેમ કે બધી પ્રતિમાઓમાં તીર્થંકરનો આકાર પ્રાપ્ત થાય છે. તેથી પ્રતિમાને જોઈને આ

તીર્થંકર છે, તેવી બુદ્ધિ થાય છે. આમ છતાં વિધિકારિત જ પ્રતિમા પૂજાય એવા આગ્રહને વશ થઈને અરિહંતના બિંબની અવજ્ઞા કરવામાં આવે તો અર્થાત્ આ પ્રતિમા વિધિકારિત નથી, માટે પૂજાય નહિ, એ પ્રકારની અવજ્ઞા કરવામાં આવે તો દુરંત સંસારના પરિભ્રમણ સ્વરૂપ અનર્થની પ્રાપ્તિ થાય.

અહીં કોઈને શંકા થાય કે આ રીતે અવિધિથી કરાયેલી પ્રતિમાની પૂજા કરવાથી તે અવિધિની અનુમતિ પ્રાપ્ત થશે. જેમ - કોઈ સાધુ સંયમ લઈને અસંયમમાં યત્ન કરતો હોય તો તેને વંદનાદિ કરવાથી તેના અસંયમની અનુમોદના થાય છે, તેમ અવિધિથી કરાયેલી પ્રતિષ્ઠામાં અવિધિની અનુમતિ પ્રાપ્ત થશે. તેનું નિરાકરણ કરતાં સમ્યક્ત્વપ્રકરણના પાઠની ટીકામાં કહેલ છે કે એ પ્રકારનો દોષ પ્રતિમામાં નથી; કેમ કે આગમનું પ્રમાણ છે.

આશય એ છે કે અવિધિથી પણ કરાયેલી પ્રતિમાને આગમમાં અપૂજ્ય તરીકે કહેલ નથી, પણ પૂજ્ય કહેલ છે. માટે અવિધિથી કરાયેલ પ્રતિમાની પૂજામાં અવિધિની અનુમતિનો દોષ પ્રાપ્ત થશે નહિ, અને તેમાં કલ્પભાષ્યની સાક્ષી આપેલ છે. તેનો ભાવ આ પ્રમાણે છે –

કલ્પભાષ્યમાં કહ્યું છે કે નિશ્રાકૃત અને અનિશ્રાકૃત સર્વત્ર દરેક ચૈત્યમાં ત્રણ સ્તુતિ આપવી=કરવી જોઈએ, અને સમય ઓછો હોય અથવા ઘણાં ચૈત્યો હોય તો એક એક પણ સ્તુતિ આપવી જોઈએ. ત્યાં નિશ્રાકૃતથી સ્વગચ્છવાળાએ કરાવેલ પ્રતિષ્ઠાવાળી પ્રતિમાનું ગ્રહણ થાય છે અને અનિશ્રાકૃતથી અન્ય ગચ્છવાળાએ કરાવેલ પ્રતિષ્ઠાવાળી પ્રતિમાનું ગ્રહણ થાય છે અને તેની વિધિ સ્વગચ્છ કરતાં જુદી હોવાથી અવિધિથી કરાયેલી તે જિનપ્રતિમા છે, તેમ નક્કી થાય છે, તોપણતે અર્હદ્ બિંબની ભક્તિ કરવાનું કલ્પભાષ્યમાં કહ્યું છે, માટે અવિધિથી પણ કરાયેલી પ્રતિમાની પૂજા કરનારને તે અવિધિની અનુમતિ પ્રાપ્ત થતી નથી, એ અર્થ કલ્પભાષ્યના પાઠથી નક્કી થાય છે.

**ઉત્થાન :-**

પૂર્વે શ્રાદ્ધવિધિનો પાઠ આપ્યો અને તેમાં કહ્યું કે સમ્યક્ત્વપ્રકરણમાં આ પ્રમાણે કહેવાયેલું છે, એમ કહીને તે પાઠ કહ્યો, તેમાં અવસ્થિત પક્ષ=પ્રમાણ પક્ષ, પ્રતિમાના વિષયમાં શું કહે છે, તેનું કથન કર્યું અને એ કથનનું તાત્પર્ય શું છે, તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકાર્થ :-**

**अत्रावस्थितपक्षो यद्यप्युत्सर्गतो विधिकारितत्वमेव, गुरुकारितत्वस्वयंकारितत्वयोरपि तद्विशेषरूपयोरेवोपन्यासात्, अत एव विषयविशेषपक्षपातोल्लसद्वीर्यवृद्धिहेतुभूततया तदन्यथात्वे च त्रयाणामपि पक्षाणां भजनीयत्वमुक्तं विंशिकाप्रकरणे हरिभद्रसूरिभिः, तथाहि –**

"उवयारंगा इह सोवओगसाहरणाण इट्ठफला ।
किंचि विसेसेण तओ सव्वे ते विभइयव्व" त्ति ।। **[विंशतिविंशिका-८, गा. १५]**

**ટીકાર્થ :-**

**अत्र ..... हरिभद्रसूरिभिः, અહીંયાં=પૂર્વે શ્રાદ્ધવિધિ ગ્રંથની સાક્ષી આપી અને તેમાં સમ્યક્ત્વ પ્રકરણમાં શું કહ્યું છે તે બતાવ્યું ત્યાં અવસ્થિત પક્ષે જે કહ્યું એ કથનમાં, અવસ્થિત પક્ષ=પ્રમાણ પક્ષ, જોકે, ઉત્સર્ગથી વિધિકારિતપણું જ છે, ગુરુકારિતત્વનું અને સ્વયંકારિતત્વનો પણ તદ્વિશેષ રૂપનો જ ઉપન્યાસ છે અર્થાત્ વિધિકારિત્વ વિશિષ્ટ ગુરુકારિતત્વનો અને વિધિકારિતત્વ વિશિષ્ટ સ્વયંકારિતત્વનો જ ઉપન્યાસ છે. આથી જ વિષયવિશેષના પક્ષપાત વડે ઉલ્લાસ પામતા વીર્યવૃદ્ધિના હેતુભૂતપણા વડે અને તદ્અન્યથાપણામાં=વીર્યવૃદ્ધિના હેતુભૂત ન થતા મમત્વાદિ રૂપ તદ્અન્યથાપણામાં, ત્રણેય પણ પક્ષોનું=વિધિકારિત, ગુરુકારિત અને સ્વયંકારિત એ ત્રણેય પણ પક્ષોનું, ભજનીયપણું વિંશિકા પ્રકરણમાં આચાર્યશ્રી હરિભદ્રસૂરિ વડે કહેવાયેલું છે.**

આચાર્યશ્રી હરિભદ્રસૂરિ વડે વિંશિકા પ્રકરણમાં ભજનીયપણું કહેવાયું છે તે ણતાહિ થી ગ્રંથકારશ્રી બતાવે છે –

**तथाहि – તે આ પ્રમાણે –**

"उवयारंगा इह ..... विभइयव्व" त्ति ।। અહીં=શ્રાવકની પૂજામાં, વિંશિકા પ્રકરણમાં પૂજાવિંશિકામાં પૂર્વે બતાવેલા વિધિકારિતાદિ સર્વ પક્ષો સ્વઉપયોગ સાધારણ એવાં અનુષ્ઠાનનાં ઉપકાર અંગો છે, એથી કરીને કિંચિત્ વિશેષથી ઇષ્ટફળવાળા છે. તેથી તે સર્વે પણ પક્ષો=વિધિકારિતાદિ પક્ષો, વિભક્તવ્ય છે. इति શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-**

પૂર્વે શ્રાદ્ધવિધિ ગ્રંથનો પાઠ આપ્યો કે પ્રતિમાઓ અનેક પ્રકારની છે અને તે પ્રતિમાની પૂજાવિધિમાં સમ્યક્ત્વપ્રકરણમાં આ પ્રમાણે કહેવાયું છે - કેટલાક પોતાના વડીલોથી કરાયેલી પ્રતિમા પૂજનીય છે એમ કહે છે, તો કેટલાક પોતે કરાવેલ પ્રતિમા પૂજનીય છે એમ કહે છે, તો વળી કેટલાક વિધિથી કરાવેલ પ્રતિમા પૂજનીય છે, એમ કહે છે. એ બતાવીને એ કથનમાં અવસ્થિત પક્ષ શું કહે છે તે બતાવતાં કહ્યું કે ગુરુ આદિથી કરાયેલાનું અનુપયોગીપણું હોવાથી મમત્વ અને આગ્રહ રહિત સર્વ પ્રતિમાઓને અવિશેષથી પૂજવી જોઈએ; કેમ કે સર્વત્ર તીર્થંકરના આકારની પ્રાપ્તિ થાય છે. એ કથનમાં વાસ્તવિક રીતે અવસ્થિત પક્ષ શું છે, તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

અવસ્થિત પક્ષ જોકે ઉત્સર્ગથી વિધિકારિત જ છે; કેમ કે ગુરુકારિતત્વનો અને સ્વયંકારિતત્વનો પણ તદ્વિશેષરૂપે જ ઉપન્યાસ છે.

આશય એ છે કે ગુરુકારિત અને સ્વયંકારિત જો વિધિકારિત ન હોય તો અવસ્થિત પક્ષ તેને ઉત્સર્ગથી પૂજનીયરૂપે સ્વીકારતો નથી, પરંતુ વિધિકારિત હોતે છતે ગુરુકારિત અને સ્વયંકારિત હોય તો તેને પૂજનીય રૂપે સ્વીકારે છે, તેથી અવસ્થિત પક્ષમાં ઉત્સર્ગથી વિધિકારિત જ પ્રતિમા પૂજનીય છે અને આથી જ=વિધિકારિત હોતે છતે ગુરુકારિત કે સ્વયંકારિત પ્રતિમા પૂજનીય છે, આથી જ, વિષયવિશેષના

પક્ષપાત વડે ઉલ્લાસ પામતા વીર્યવૃદ્ધિના હેતુભૂતપણા વડે અને વીર્યવૃદ્ધિના હેતુભૂત ન થતા મમત્વાદિરૂપ તદ્અન્યથાપણામાં ત્રણેય પણ પક્ષોમાં ભજના વિંશિકા પ્રકરણમાં બતાવેલી છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે વિધિકારિત હોતે છતે ગુરુકારિત કે સ્વયંકારિત પ્રતિમા હોય તો વીર્ય વિશેષ વૃદ્ધિ પામે છે. તેથી તે ત્રણેય પક્ષો આદરણીય બને છે; કેમ કે વિધિકારિત હોતે છતે ગુરુકારિત કે સ્વયંકારિત હોય તો ભાવની વિશેષ વૃદ્ધિ થાય છે. માટે ગુરુકારિત કે સ્વયંકારિતનો આગ્રહ દોષરૂપ નથી, પરંતુ વિધિકારિત હોય કે ન હોય તેવી વિચારણા કર્યા વગર ફક્ત ગુરુકારિત કે સ્વયંકારિતનો આગ્રહ હોય તો તે મમત્વનું કારણ બને છે. માટે તેવો આગ્રહ ઇષ્ટ નથી, એ અપેક્ષાએ વિંશિકામાં ત્રણે પણ પક્ષોમાં ભજના કહેલી છે, અને તેથી એ પ્રાપ્ત થાય છે કે ગુરુકારિત અને સ્વયંકારિત પણ વિધિકારિત હોય તો અવસ્થિત પક્ષમાં ઉત્સર્ગથી અભિમત છે.

तथाहिથી વિંશિકામાં-૮/૧૫ उवयारंगा इह ..... ગાથા કહી તેનો ભાવ આ પ્રમાણે છે –

વિંશિકાપ્રકરણમાં આઠમી પૂજાવિંશિકાની પંદરમી ગાથા પૂર્વે કહેવાયેલા વિધિકારિતાદિ સર્વ પક્ષો ઉપયોગ સાધારણ એવા અનુષ્ઠાનનાં ઉપકારભૂત અંગો છે=પૂજાકાળમાં વિધિકારિતાદિ પ્રતિમાને પૂજતી વખતે હું ભગવાનની ભક્તિ કરું છું, એ પ્રકારના વિશુદ્ધ ભાવરૂપ જે પોતાનો ઉપયોગ વિધિકારિતાદિ સર્વ પ્રતિમાઓને પૂજતી વખતે સાધારણ વર્તતો હોય તેવા પૂજાના અનુષ્ઠાનનાં ઉપકારનાં અંગો છે, એથી કરીને કાંઈક વિશેષથી ઇષ્ટ ફળવાળા છે. તેથી સર્વ પણ વિધિકારિતાદિ પક્ષો ભજનાએ છે અર્થાત્ વિધિકૃત સ્વકૃત કે વડીલકૃત સ્થાપનાદિ બુદ્ધિથી વિશેષ ભક્તિ ઉત્પન્ન થતી હોય તો તે સમીચીન છે, અને મમત્વ-કલહાદિ થતા હોય તો અસમીચીન છે.

અને આ કથન ષોડશક ૮/૪ની ટીકામાં પૂજ્ય શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજાએ કહેલ છે, તે મુજબ અત્રે ભાવ જણાવેલ છે. તે આ પ્રમાણે –

કોઈ ગૃહસ્થ આ પ્રતિમા વિધિકારિત છે એવી બુદ્ધિથી તે પ્રતિમાની પૂજા કરતો હોય ત્યારે વિશેષ ભક્તિ ઉત્પન્ન થાય તો તે લાભનું કારણ બને; પરંતુ આ પ્રતિમા વિધિકારિત છે તેથી આ પ્રતિમાની ભક્તિ કરવી જોઈએ, અને અમુક પ્રતિમા વિધિકારિત નથી માટે તે પ્રતિમાની ભક્તિ કરવી ઉચિત નથી, એ પ્રકારની બુદ્ધિ કરીને ત્યાં અનાદર બુદ્ધિ કરે અને કલહાદિ કરે તો તે ઉચિત નથી. વળી, વિધિકારિત પણ પ્રતિમા સ્વયંકારિત છે કે ગુરુકારિત છે, એવી બુદ્ધિથી વિશેષ ભક્તિ ઉત્પન્ન કરનારી થાય તો તે ઈષ્ટ બને, પરંતુ ભગવાન પ્રત્યે વિશેષ ભક્તિ થવાને બદલે ફક્ત સ્વયંકારિતાદિને કારણે તે પ્રતિમા પ્રત્યે મમત્વભાવ થાય તો તે અસમીચીન છે.

તેથી વિધિકારિતાદિ કે સ્વયંકારિતાદિ સિવાયની પ્રતિમા પ્રત્યે અપૂજનીયપણાની બુદ્ધિ થાય તો તે કર્મબંધનું કારણ છે.

આ પ્રમાણે વિધિકારિત, સ્વયંકારિત કે ગુરુકારિત એ ત્રણે પણ પક્ષોનું ભજનીયપણું કહ્યું. આનાથી એ પ્રાપ્ત થાય છે કે જે પ્રતિમા વિધિકારિત ન હોય, આમ છતાં સ્વયંકારિત કે ગુરુકારિતને કારણે ત્યાં પક્ષપાત

થાય તો તે મમત્વરૂપ જ છે. પરંતુ વિધિકારિત હોતે છતે સ્વયંકારિત કે ગુરુકારિત હોવાને કારણે વિશેષ ભક્તિ થાય તો તે પક્ષ આદરણીય બને, માટે ઉત્સર્ગથી વિધિકારિત જ અવસ્થિત પક્ષ છે, એમ નક્કી થાય છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં અવસ્થિત પક્ષમાં ઉત્સર્ગ શું છે તે બતાવ્યું. હવે અવસ્થિત પક્ષમાં અપવાદ શું છે તે બતાવે છે અર્થાત્ શ્રાદ્ધવિધિના પાઠમાં સમ્યક્ત્વપ્રકરણમાં જે અવસ્થિત પક્ષ બતાવ્યો, તે ઉત્સર્ગને અવલંબીને નથી, પરંતુ અપવાદને અવલંબીને છે. ઉત્સર્ગથી અવસ્થિત પક્ષ ત્યાં બતાવ્યો નથી, પણ તે અધ્યાહારરૂપે સમજવાનો છે, અને તે અહીં ટીકામાં શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજાએ કહ્યો તે ઉત્સર્ગથી વિધિકારિત જ પક્ષ અવસ્થિત પક્ષ છે, અને શ્રાદ્ધવિધિમાં પાઠમાં સમ્યક્ત્વપ્રકરણમાં કહેલ અવસ્થિત પક્ષ અપવાદથી છે, તેને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

**विधिकारितासंपत्तावपवाद(त)स्त्वाकारसौष्ठवमवलम्ब्य मनःप्रसत्तिरापादनीया न चैवमविध्यनुमतिरपवादालम्बनेन तन्निरासात्क्रमदेशनायां स्थावरहिंसाननुमतिवद्, भक्तिव्यापारप्रदर्शनेन दोषोपस्थितिप्रतिरोधाद्वा काव्य इव व्यक्तिप्रदर्शनेनेति शास्त्रस्थितिः। अत एवोक्तं व्यवहारभाष्ये -**

"लक्खणजुत्ता पडिमा पासाईआ सम्मत्तलंकारा ।
पल्हायइ जह व मणं तह णिज्जरमो विआणाहि" ।। **[व्य. भा. उ. ६/गा.१८९] त्ति ।।७१।।**

**ટીકાર્થ :-**

**विधिकारित ..... आपादनीया । વળી વિધિકારિતની અસંપત્તિમાં=અપ્રાપ્તિમાં, અપવાદથી આકારસૌષ્ઠવનું અવલંબન કરીને મનની પ્રસક્તિ=મનનો પ્રસાદ આપાદનીય છે.**

**न चैवमपि ..... अननुमतिवद्, અને આ રીતે=પૂર્વે કહ્યું કે વિધિકારિતની અસંપત્તિમાં વળી આકારની સુંદરતાનું અવલંબન લઈને મનની પ્રસન્નતા પ્રાપ્ત કરવી જોઈએ એ રીતે, અવિધિની અનુમતિ પ્રાપ્ત થશે એમ ન કહેવું; કેમ કે ક્રમદેશનામાં સ્થાવર જીવોની હિંસાની અનુમતિની જેમ અપવાદના આલંબનથી તેનો=અવિધિની અનુમતિનો, નિરાસ થાય છે.**

ઉપરમાં કહ્યું કે આ રીતે અવિધિની અનુમતિ પ્રાપ્ત થશે નહિ. તેમાં બીજો હેતુ કહે છે –

**भक्तिव्यापार ..... शास्त्रस्थितिः । કાવ્યમાં જેમ વ્યક્તિના પ્રદર્શનથી દોષની ઉપસ્થિતિનો પ્રતિરોધ થાય છે, તેમ ભક્તિના વ્યાપારના પ્રદર્શનથી દોષની ઉપસ્થિતિનો પ્રતિરોધ થાય છે. તેથી અવિધિમાં અનુમતિ નથી, એ પ્રકારની શાસ્ત્રની સ્થિતિ છે.**

**अत एव ..... व्यवहारभाष्ये – આથી કરીને જ=વિધિકારિત પ્રતિમાની અપ્રાપ્તિમાં આકારની સુંદરતાનું અવલંબન લઈને મનની પ્રસન્નતા પ્રાપ્ત કરવી જોઈએ, એ પ્રકારનો અપવાદ છે આથી કરીને જ, વ્યવહારભાષ્યમાં કહેવાયેલું છે –**

"लक्खणजुत्ता ..... विआणाहि" **त्ति ।।** પ્રાસાદિત=પ્રસન્નતાજનક, સમ્યગ્ અલંકારયુક્ત, લક્ષણ યુક્ત એવી પ્રતિમા જે પ્રકારે મનને પ્રસન્ન કરે છે, તે પ્રકારે નિર્જરા થાય છે, તેમ તું જાણ.

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે. ।।૭૧।।**

**ભાવાર્થ :-**

વિધિકારિતાદિની અપ્રાપ્તિમાં અપવાદથી પ્રતિમાની વીતરાગતાને બતાવનાર જે આકૃતિનું સુંદરપણું છે, તેને અવલંબીને પૂજાવિધિમાં મનનો પ્રસાદ આપાદન કરવો જોઈએ અર્થાત્ મનની પ્રસન્નતા પ્રાપ્ત કરવી જોઈએ.

અહીં કોઈને પ્રશ્ન થાય કે અવસ્થિત પક્ષ સર્વ નયને જોનારો છે, માટે ત્યાં ઉત્સર્ગ કે અપવાદરૂપ બે વિકલ્પો કઈ રીતે સંગત થાય ? તો તેનો ઉત્તર એ છે કે ગુરુકારિતાદિ સર્વ પક્ષને માનનાર હોવાથી તે અવસ્થિત પક્ષ છે; કેમ કે ગુરુકારિતાદિ સર્વ પક્ષો કોઈક કોઈક દૃષ્ટિથી પ્રવર્તે છે, તેથી તે નયસ્વરૂપ છે, અને તે સર્વ ગુરુકારિતાદિ પક્ષને સ્વીકારનાર દૃષ્ટિ અવસ્થિત પક્ષ છે અને તે સર્વ દૃષ્ટિને સ્વીકારનાર એવા અવસ્થિત પક્ષમાં પણ ઉત્સર્ગ અને અપવાદ એમ બે નયદૃષ્ટિ છે. તે આ રીતે –

(૧) અવસ્થિત પક્ષ ઉત્સર્ગથી કહે છે કે વિધિકારિત પ્રતિમા હોય અને ગુરુકારિત કે સ્વયંકારિતને કારણે તે ભક્તિના અતિશયની આધાયક બને છે. તેથી વિશેષરૂપે ભાવવૃદ્ધિનું કારણ બને છે.

(૨) અવસ્થિત પક્ષ અપવાદથી કહે છે કે વિધિકારિત પ્રતિમા ન હોય ત્યારે જે પ્રાપ્ત પ્રતિમા હોય તેમાં વીતરાગનો આકાર છે માટે પૂજનીય છે. તેથી તે પ્રતિમાને જોઈને ભક્તિનો ભાવ થાય તે રીતે યત્ન કરવો જોઈએ, પરંતુ આ પ્રતિમા વિધિકારિત નથી માટે પૂજનીય નથી, તેમ કરીને વીતરાગના આકારવાળી પ્રતિમા પ્રત્યે અનાદર કરવાથી પ્રતિમાની આશાતનાનું પાપ લાગે છે.

તેથી ઉત્સર્ગથી વિધિકારિતનો આગ્રહ કરવો તે ઉચિત જ છે, પરંતુ જ્યારે વિધિકારિતની અપ્રાપ્તિ હોય ત્યારે કારણિક ધર્મરૂપ અપવાદનો સ્વીકાર કરીને સર્વ પ્રતિમાને પૂજનીય કહેવી તે પણ ઉચિત જ છે. માટે અવસ્થિત પક્ષમાં પણ ઉત્સર્ગ અને અપવાદ બંને સુસંગત છે.

અપવાદથી અવિધિકારિત પ્રતિમાની પૂજામાં અવિધિની અનુમતિ નથી તે સ્પષ્ટ કરે છે –

ઉપદેશક પ્રથમ સર્વવિરતિનો ઉપદેશ આપે, પરંતુ શ્રોતા સર્વવિરતિ સ્વીકારવા માટે અસમર્થ જણાય ત્યારે દેશવિરતિનો ઉપદેશ આપે તે ક્રમદેશના છે, અને એ રીતે દેશના અપાયે છતે શ્રોતા દેશવિરતિને સ્વીકારે તો ઉપદેશક સાધુને સ્થાવર જીવોની હિંસાની અનુમતિ પ્રાપ્ત થતી નથી; કેમ કે તેના હિતનો આ જ ઉપાય છે. એ રીતે વિધિકારિત પ્રતિમાની અપ્રાપ્તિ હોય ત્યારે આકારની સુંદરતાનું અવલંબન લઈને

ભગવાનની ભક્તિ કરવી એ જ હિતનો ઉપાય છે. માટે અપવાદનું અવલંબન લઈને તે રીતે ભક્તિ કરવાથી અવિધિની અનુમતિ પ્રાપ્ત થતી નથી.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે જેમ અક્રમ દેશનામાં શ્રોતા દેશવિરતિ સ્વીકારે તો પણ ઉપદેશક સાધુને સ્થાવર જીવોની હિંસાની અનુમતિ પ્રાપ્ત થાય છે; કેમ કે સર્વવિરતિનો ઉપદેશ આપવાથી શ્રોતાને સર્વવિરતિની પ્રાપ્તિ થવાની સંભાવના હોવા છતાં અક્રમથી ઉપદેશ આપવાના કારણે તેણે દેશવિરતિ સ્વીકારી અને જે સ્થાવર જીવોની હિંસાની તેને પ્રાપ્તિ થઈ તેમાં ઉપદેશકને અનુમતિની પ્રાપ્તિ થાય; તેમ વિધિકારિત પ્રતિમાની પ્રાપ્તિ હોવા છતાં સર્વ પ્રતિમા આકારરૂપે સમાન છે, એમ ગ્રહણ કરીને, અવિધિકારિત પ્રતિમાને પૂજે તો અવિધિની અનુમતિ પ્રાપ્ત થાય.

આ રીતે અવિધિની અનુમતિ નથી, તેમાં भक्तिव्यापारથી शास्त्रस्थितिः જે બીજો હેતુ ગ્રંથકારશ્રીએ આપ્યો, તેનો ભાવ એ છે કે કાવ્યમાં કાવ્યની મર્યાદાના કોઈક દોષની ઉપેક્ષા કરીને કોઈ વ્યક્તિનું પ્રદર્શન સંભવિત હોય ત્યારે તે કાવ્યરચનાથી તે વ્યક્તિનું વાસ્તવિક સ્વરૂપ પ્રદર્શન થવાને કારણે દોષની ઉપસ્થિતિનો પ્રતિરોધ થાય છે=કાવ્યના જાણકારને તે કાવ્યથી આ રીતે જ તે વ્યક્તિનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે, તેવું જણાવવાથી આ કાવ્યમાં કોઈ દોષ છે, તેવી ઉપસ્થિતિ થતી નથી. તેમ વિધિકારિત પ્રતિમાની પ્રાપ્તિ ન હોય ત્યારે ભગવાનની ભક્તિ અન્ય રીતે અસંભવિત લાગવાથી પ્રતિમાના આકારની સુંદરતાનું અવલંબન કરીને ભક્તિ કરવામાં આવે ત્યારે પોતાના હૈયામાં વીતરાગ પ્રત્યેના ભક્તિનો વ્યાપાર વૃદ્ધિમદ્ થઈ રહ્યો છે તેમ દેખાય છે. તેથી અવિધિથી કરાયેલી પ્રતિમાની પૂજામાં અનુમતિનો દોષ પ્રાપ્ત થશે, એ પ્રકારની બુદ્ધિ થવારૂપ દોષની ઉપસ્થિતિનો પ્રતિરોધ થાય છે. આ પ્રકારની શાસ્ત્રની મર્યાદા છે.

વળી, વિધિકારિત પ્રતિમાની અપ્રાપ્તિમાં આકારની સુંદરતાનું અવલંબન લઈને મનનો પ્રસાદ કરવો જોઈએ, એ પ્રકારનો અપવાદ છે. આથી જ વ્યવહારભાષ્યમાં કહ્યું છે તે પ્રમાણે સમ્યગ્ અલંકારથી યુક્ત, લક્ષણથી યુક્ત, પ્રસાદની જનક એવી પ્રતિમાને જોઈને જે પ્રકારે જોનારને ચિત્તમાં આહ્લાદ ઉત્પન્ન થાય છે, તે પ્રકારે નિર્જરા થાય છે.

આનાથી એ ફલિત થાય છે કે વિધિકારિતાદિ પ્રતિમા ન હોય તે વખતે સુંદર આકારવાળી પ્રતિમાને જોઈને પણ ભક્તિ કરનારને જે પ્રકારનું વીતરાગભાવ પ્રત્યે બહુમાન થાય છે અને તેના કારણે મન આહ્લાદિત બને છે, તે પ્રકારે નિર્જરા થાય છે. આથી જ ગ્રંથકારશ્રીએ અપવાદથી અવિધિકારિત પણ પ્રતિમા વંદનીય છે, પરંતુ તેવી પ્રતિમાને વંદન કરવામાં અવિધિની અનુમતિનો દોષ નથી, તેમ સ્થાપન કરવા માટે વ્યવહારભાષ્યની સાક્ષી આપેલ છે; પરંતુ વ્યવહારભાષ્યમાં એમ કહેલ નથી કે અવિધિથી કરાયેલ પ્રતિમાને પૂજવાથી અવિધિની અનુમતિ પ્રાપ્ત થતી નથી. આમ છતાં વ્યવહારભાષ્યના વચનથી એ પ્રાપ્ત થયું કે ભગવાનની પ્રતિમાને જોવાથી વીતરાગ પ્રત્યે જે બહુમાનભાવ થાય છે, તેનાથી નિર્જરા થાય છે. તેથી અર્થથી એ પ્રાપ્ત થાય કે અવિધિથી કરાયેલી પ્રતિમાને પણ પૂજવાથી વીતરાગ પ્રત્યે બહુમાનભાવ થાય છે, તેનાથી નિર્જરા થાય છે, માટે ત્યાં અવિધિની અનુમતિ નથી. **॥૭૧॥**

**અવતરણિકા :-**

एतत्सर्वं मनसिकृत्याह –

**અવતરણિકાર્થ :-**

આ સર્વને મનમાં રાખીને ગ્રંથકારશ્રી કહે છે=પૂર્વે શ્લોક-૭૧માં કહ્યું કે વિધિકારિત પ્રતિમાની પ્રાપ્તિ હોય તો ઉત્સર્ગથી તે પૂજનીય છે, અને વિધિકારિત પ્રતિમાની અપ્રાપ્તિમાં અપવાદથી આકારની સુંદરતાનું અવલંબન લઈને સર્વ પ્રતિમા પૂજનીય છે, એ સર્વને મનમાં રાખીને ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

चैत्यानां खलु निश्रितेतरतया भेदेऽपि तन्त्रे स्मृतः,
प्रत्येकं लघुवृद्धवन्दनविधिः साम्ये तु यत्साम्प्रतम् ।
इच्छाकल्पितदूषणेन भजनासङ्कोचनं सर्वतः,
स्वाभीष्टस्य च वन्दनं तदपि किं शास्त्रार्थबोधोचितम् ।।७२।।

**શ્લોકાર્થ :-**

**ચૈત્યોના નિશ્રિત અને ઈતરપણાથી=અનિશ્રિતપણાથી, ભેદ હોવા છતાં પણ શાસ્ત્રમાં પ્રત્યેકને આશ્રયીને=નિશ્રિત-અનિશ્રિતનો વિભાગ કર્યા વગર દરેકને આશ્રયીને, લઘુ અને વૃદ્ધ વંદનની વિધિ નક્કી કહેવાયેલી છે. વળી, સાંપ્રત=વિષમ એવા દુષમકાળમાં, સામ્યમાં=પ્રાયઃ તુલ્યપણામાં= નિશ્રિત અને અનિશ્રિત એવી સર્વ પ્રતિમાઓના અવિધિકારિતત્વરૂપ તુલ્યપણામાં, ઈચ્છાથી કલ્પિત દૂષણ વડે જે સર્વથી ભજનાનું સંકોચન છે અને સ્વઅભીષ્ટનું વંદન છે, તે પણ શું શાસ્ત્રાર્થ બોધને ઉચિત છે ? અર્થાત્ ઉચિત નથી જ. ।।૭૨।।**

**ટીકા :-**

'चैत्यानाम्' इति :- 'खलु' इति निश्चये, चैत्यानां निश्रितेतरतया=निश्रितानिश्रितततया, भेदेऽपि, तन्त्रे=शास्त्रे, प्रत्येकं लघुवृद्धवन्दनविधिः स्मृतः, साम्ये तु=प्रायस्तुल्यत्वे तु, यत् सांप्रतं=विषमदुःषमाकाले, इच्छाकल्पितं यद् यद् दूषणमन्यगच्छीयत्वादिकं तेन भजनायाः=सेवायाः, सङ्कोचनं=संक्षेपणं, बहुभिरंशैर्लुम्पकसमानतापर्यवसायिस्वाभीष्टस्य=स्वेच्छामात्रविषयस्य, च वन्दनं, तदपि किं शास्त्रार्थबोधस्योचितम्? नैवोचितम्, कतिपयमुग्धवणिग्धन्धनमात्रफलत्वादिति भावः ।।७२।।

**ટીકાર્થ :-**

**'खलु' ..... इति भावः ।। 'खलु' શબ્દ શ્લોકમાં છે તે નિશ્ચય અર્થમાં છે. ચૈત્યોના નિશ્રિત અને ઇતરપણાથી=નિશ્રિત અને અનિશ્રિતપણાથી ભેદ હોવા છતાં પણ તંત્રમાં=શાસ્ત્રમાં, પ્રત્યેકને આશ્રયીએ લઘુ અને વૃદ્ધ વંદનવિધિ નક્કી કહેવાયેલી છે. વળી, સામ્યમાં=પ્રાયઃ તુલ્યપણામાં જે સાંપ્રત=વિષમ એવા દુષમકાળમાં ઇચ્છા વડે કલ્પિત અન્ય ગચ્છીયત્વાદિક જે જે દૂષણ છે, તેના વડે ભજનાનું=સેવાનું સંકોચન=સંક્ષેપ અને ઘણા અંશો વડે લુંપાકની સમાનતામાં પર્યવસાયી એવા સ્વઅભીષ્ટનું=સ્વેચ્છા માત્ર વિષયનું, વંદન તે પણ શું શાસ્ત્રાર્થ બોધને ઉચિત છે ? અર્થાત્ ઉચિત નથી જ; કેમ કે કેટલાક મુગ્ધ વણિકની બુદ્ધિનું અંધનમાત્રફળપણું છે, એ પ્રકારે ભાવ છે. ।।૭૨।।**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં નિશ્રિત અને અનિશ્રિત ચૈત્યો=પ્રતિમા, કહેલ છે. કેટલીક પ્રતિમાઓ અચલગચ્છની છે, કેટલીક પ્રતિમાઓ ખરતરગચ્છની છે, એ પ્રકારે ગચ્છથી પ્રતિબદ્ધ હોય તે નિશ્રિત પ્રતિમા છે, અને કેટલીક પ્રતિમા ગચ્છથી અપ્રતિબદ્ધ છે, તેમ કહેલ છે, અને તે દરેક પ્રતિમાને આશ્રયીને વંદનવિધિ કહેલ છે, તેથી નક્કી થાય છે કે સર્વ પ્રતિમાની આકારની સુંદરતાનું અવલંબન લઈને વંદન કરવું જોઈએ; અને વળી વિષમ એવા દૂષમ કાળમાં સર્વ ગચ્છની પ્રતિમાઓ પ્રાયઃ અવિધિકારિતરૂપ તુલ્ય હોય છે, ત્યારે આ પ્રતિમા અન્ય ગચ્છની છે, એ રૂપ ઇચ્છાથી કલ્પિત જે જે દૂષણ છે, તેનાથી ભગવાનની ભક્તિનું સંકોચન શાસ્ત્રાર્થ બોધને ઉચિત નથી અને સ્વઅભીષ્ટ પ્રતિમાને વંદન એ પણ શાસ્ત્રાર્થ બોધને ઉચિત નથી; કેમ કે તે ઘણા અંશે લુંપાકના સમાનપણામાં પર્યવસાન પામે છે=લુંપાક જેમ સર્વ પ્રતિમાઓને અવંદનીય કહે છે, તેમ પોતાના નિયત અભિમત ગચ્છ સાથે સંબંધિત પ્રતિમાને છોડીને અન્ય પ્રતિમાઓને લુંપાકની જેમ અવંદનીય કહેવી તે ઘણા અંશે લુંપાકની સમાનતારૂપ છે માટે તે ઉચિત નથી.

આશય એ છે કે શાસ્ત્રમાં ભગવાનની ભક્તિ અર્થે ઉત્સર્ગથી વિધિકારિત પ્રતિમા ન મળતી હોય ત્યારે સર્વ પ્રતિમાઓનો આકાર વીતરાગતાને બતાવનાર છે, તેથી તેની પણ ભક્તિ કરવાનું શાસ્ત્રમાં કહેલ છે; અને આથી જ કોઈપણ ગચ્છની નિશ્રિત પ્રતિમા હોય કે અનિશ્રિત પ્રતિમા હોયતો પણ ભગવાનની ભક્તિ કરવી જોઈએ તેમ કહેલ છે. આમ છતાં આ આપણા ગચ્છની પ્રતિમા છે માટે પૂજનીય છે અને આ અન્ય ગચ્છની છે માટે પૂજનીય નથી, તેમ કહેવું તે કેટલાક મુગ્ધ વણિકોને ઠગવા માત્રના ફળવાળી પ્રવૃત્તિ છે, પરંતુ શાસ્ત્રાનુસારી બોધને અનુસરનારી પ્રવૃત્તિ નથી. **।।૭૨।।**

**અવતરણિકા :-**

**उक्तार्थे काकुव्यङ्गमेव कण्ठेन स्पष्टीकर्तुमाह -**

**અવતરણિકાર્થ :-**

**ઉક્ત અર્થમાં=પૂર્વે શ્લોક-૭૨માં કહ્યું કે ઇચ્છાકલ્પિત દૂષણ વડે સર્વથી ભજનાનું સંકોચન અને**

**સ્વંઅભીષ્ટનું વંદન, તે પણ શાસ્ત્રાર્થ બોધને ઉચિત નથી=શાસ્ત્રસંમત નથી, એ રૂપ ઉક્ત અર્થમાં, કાકુથી વ્યંગ્યને જ=ધ્વનિથી અર્થાત્ અર્થથી વ્યંગ્યને જ, કંઠથી=સાક્ષાત્ શબ્દથી, સ્પષ્ટ કરવા માટે કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વે શ્લોક-૭૨માં સ્થાપન કર્યું કે જે કાળમાં નિશ્રિત અને અનિશ્રિત પ્રતિમાઓ પ્રાયઃ કરીને વિધિકારિત હોતી નથી, તે કાળમાં સ્વગચ્છ નિશ્રિત જ પ્રતિમા પૂજનીય છે અને અન્ય ગચ્છ નિશ્રિત પ્રતિમા પૂજનીય નથી, એમ કહેવું તે ઉચિત નથી.

એ કથનથી અર્થથી એ વ્યક્ત થાય છે કે અવિધિથી કરાયેલ પણ પ્રતિમાઓને અપવાદથી પૂજવામાં અવિધિની અનુમતિનો દોષ નથી. તેથી જેમ કોઈ સાધુવેશમાં હોય અને સંયમમાં શિથિલાચારી હોય તેને વંદન કરવામાં તેના શિથિલાચારની અનુમતિ પ્રાપ્ત થાય છે, તેમ અવિધિથી કરાયેલી પ્રતિમાની પૂજામાં અવિધિની અનુમતિ પ્રાપ્ત થતી નથી. આ કથન પૂર્વે શ્લોક-૭૨માં કહેલા કથનથી વ્યક્ત થાય છે, અને તેનાથી કાકુથી=અર્થથી, એ વ્યંગ્ય થાય છે કે જિનપ્રતિમા અને સાધુલિંગમાં સર્વથા સમાનતા નથી, પરંતુ કાંઈક વિષમતા છે, તેથી જ પાસત્થાને વંદન કરવામાં દોષની અનુમતિ પ્રાપ્ત થાય છે અને દૂષમકાળમાં વિધિપ્રાપ્ત પ્રતિમા ન હોય તો અવિધિથી કરાયેલી પ્રતિમાને અપવાદથી વંદન-પૂજનમાં દોષ નથી. તે જ વાતને સાક્ષાત્ શબ્દોથી સ્પષ્ટ કરવા માટે પ્રસ્તુત શ્લોકમાં કહે છે –

**શ્લોક :-**

चैत्यानां न हि लिङ्गिनामिव नतिर्गच्छान्तरस्योचिते-
त्येतावद्वचसैव मोहयति यो मुग्धान् जनानाग्रही ।
तेनावश्यकमेव किं न ददृशे वैषम्यनिर्णायकम्,
लिङ्गे च प्रतिमासु दोषगुणयोः सत्त्वादसत्त्वात्तथा ।।७३।।

**શ્લોકાર્થ :-**

**જેમ લિંગીઓને નતિ=નમસ્કાર-વંદન, ઉચિત નથી, તેમ ગચ્છાંતરના=અન્ય ગચ્છના, ચૈત્યોની નતિ=નમસ્કાર-વંદન, ઉચિત નથી. એ પ્રકારના આટલા વચનથી જ જે આગ્રહી જીવ મુગ્ધ લોકોને મોહ પમાડે છે, તેના વડે લિંગમાં દોષ અને ગુણનું સત્ત્વ હોવાથી અને પ્રતિમાઓમાં દોષ અને ગુણનું અસત્ત્વ હોવાથી વૈષમ્યનું નિર્ણાયક એવું આવશ્યક જ=આવશ્યકનિર્યુક્તિ નામનું શાસ્ત્ર જ, શું નથી જોવાયું ? ।।૭૩।।**

✪ શ્લોકમાં 'तथा' શબ્દ 'અને' અર્થમાં છે.

ટીકા :-

'चैत्यानां न हि' इति :- गच्छान्तरस्य चैत्यानां नतिर्न हि उचिता केषामिव? लिङ्गिनामिव गच्छान्तरस्येति संबध्यते, अवयवद्वयप्रदर्शनादत्र पञ्चावयवप्रयोग एवं कर्तव्यः "गच्छान्तरीया प्रतिमा न वन्दनीया गच्छान्तरपरिगृहीतत्वात्, यो यो गच्छान्तरपरिगृहीतः स सोऽवन्दनीयः, यथा अन्यगच्छ-साधुः" इति, एतावद्वचसैव यो मुग्धान् जनान् मोहयति=विपर्यासयति 'प्रमाणपाठिभिरस्मद्गुरुभि-र्यदुक्तं तत् सत्यम्' इति, यः कीदृशः? आग्रही=अभिनिवेशमिथ्यात्ववान्, तेन किम्? आवश्यकमेव= आवश्यकनिर्युक्त्याख्यं शास्त्रमेव, न ददृशे=न दृष्टम्, कीदृशं तत्? लिङ्गे च दोषगुणयोः सत्त्वात्, तथा प्रतिमासु तयोरसत्त्वाद् वैषम्यनिर्णायकं=वैसदृश्यनिर्णयकारि, लिङ्ग इत्यत्र व्यञ्जकत्वाख्यविषयत्वे सप्तमी ।

ટીકાર્થ :-

गच्छान्तरस्य ..... संबध्यते, ગચ્છાંતરના ચૈત્યોની નતિ=વંદન, ઉચિત નથી. કોની જેમ ? તો બતાવે છે - ગચ્છાંતરના લિંગીઓની જેમ ઉચિત નથી, તેની જેમ ઉચિત નથી. અહીં गच्छान्तरस्य એ પ્રમાણે સંબંધ કરાય છે=ગચ્છાંતરના લિંગીઓને વંદન જેમ ઉચિત નથી, તેમ ગચ્છાંતરના ચૈત્યોને વંદન ઉચિત નથી, એમ અન્વય કરવાનો છે; અને મૂળ શ્લોકમાં गच्छान्तरस्य છે તેનો અન્વય જેમ ચૈત્ય શબ્દ સાથે કરેલ છે, તેમ લિંગીઓની સાથે પણ સંબંધિત કરાય છે.

अवयवद्वय ..... इति, અહીંયાં=ગચ્છાંતરના ચૈત્યની નતિ ઉચિત નથી લિંગીઓની જેમ, એ પૂર્વે કહેલા કથનમાં, અવયવદ્વયના પ્રદર્શનથી પંચ અવયવનો પ્રયોગ આ પ્રમાણે કરવો –

गच्छान्तरीया प्रतिमा (પક્ષ) ગચ્છાંતરીય પ્રતિમા પક્ષવચન છે.

न वन्दनीया (સાધ્ય) વંદનીય નથી, એ સાધ્ય વચન છે.

गच्छान्तरपरिगृहीतत्वात् (હેતુ) કેમ કે ગચ્છાંતર વડે પરિગૃહીતપણું છે. એ હેતુવચન છે.

यो यो गच्छान्तरपरिगृहीतः स सो ऽवन्दनीयः (વ્યાપ્તિ) જે જે ગચ્છાંતરથી પરિગૃહીત છે તે તે અવંદનીય છે, એ વ્યાપ્તિ છે.

यथा अन्यगच्छसाधुः (દૃષ્ટાંત) જેમ - અન્ય ગચ્છના સાધુ એ દૃષ્ટાંત વચન છે.

इति શબ્દ પંચાવયવ પ્રયોગના કથનની સમાપ્તિ અર્થક છે.

✪ અહીં પ્રસ્તુતમાં ગચ્છાંતરના ચૈત્યોની નતિ ઉચિત નથી, તે એક અવયવ છે, અને લિંગીઓની જેમ તે દૃષ્ટાંતરૂપ બીજો અવયવ છે. એ રૂપ અવયવદ્વયનું=બે અવયવોનું, પ્રદર્શન કર્યું એનાથી અહીંયાં=અનુમાનમાં, પંચ અવયવનો પ્રયોગ સમજવાનો છે. યદ્યપિ અહીં=અનુમાનમાં, પાંચે અવયવો બતાવ્યા નથી તોપણ પ્રતિજ્ઞાવચનરૂપ એક અવયવ બતાવ્યો, ગચ્છાંતર પરિગૃહીતપણું છે એ રૂપ હેતુવચનનો બીજો અવયવ બતાવ્યો અને હેતુ અને

સાધ્યની વચ્ચે વ્યાપ્તિ બતાવીને જેમ - અન્ય ગચ્છના સાધુ, એ પ્રમાણે દૃષ્ટાંત બતાવ્યું. આ રીતે ત્રણ અવયવ બતાવેલ છે અને અર્થથી બાકીના બે અવયવ ઉપનય અને નિગમન સમજી લેવા.

**एतावत् ..... सप्तमी । આટલા વચનથી જ જે મુગ્ધજનોને મોહ પમાડે છે=વિપર્યાસ પમાડે છે, તે આ રીતે-પ્રમાણપાઠીવડે=અનુમાન પ્રમાણને કહેનારા એવા અમારા ગુરુઓ વડે જે કહેવાયેલું છે, તે સત્ય છે=મુગ્ધ લોકોને અનુમાન પ્રમાણના પંચાવયવ બતાવવાથી એમ લાગે કે પ્રમાણને કહેનારા અમારા ગુરુ છે. તેથી તેઓ વડે જે કહેવાય છે કે અન્ય ગચ્છનાં ચૈત્યો=પ્રતિમાઓ વંદનીય નથી, તે સત્ય છે, એ પ્રકારનો મુગ્ધજીવોને મોહ થાય છે.**

**'इति' કથનની સમાપ્તિ સૂચક છે.**

**જે મુગ્ધજીવોને આ પ્રકારના વચનથી મોહ પમાડે છે, તે કેવા છે, તે બતાવતાં કહે છે - આગ્રહી= અભિનિવેશ મિથ્યાત્વવાળા છે.**

**તેના વડે શું ? તેથી કહે છે - આવશ્યક જ=આવશ્યકનિર્યુક્તિ નામનું શાસ્ત્ર જ, તેના વડે જોવાયું નથી.**

**તે=આવશ્યક નિર્યુક્તિ નામનું શાસ્ત્ર, કેવું છે ? તે કહે છે - અને લિંગમાં દોષ અને ગુણનું સત્ત્વ હોવાથી=વિદ્યમાનતા હોવાથી, અને પ્રતિમામાં તેનું=દોષ અને ગુણનું અસત્ત્વ હોવાથી=અવિદ્યમાનતા હોવાથી, વૈષમ્યનું નિર્ણાયક=વૈસદૃશ્યનો નિર્ણય કરનાર, આવશ્યક નિર્યુક્તિ નામનું શાસ્ત્ર છે=લિંગ અને પ્રતિમાના વૈસદૃશ્યનો નિર્ણય કરનાર એવું આવશ્યકનિર્યુક્તિ નામનું શાસ્ત્ર છે તે શાસ્ત્રને જ પૂર્વપક્ષીએ જોયું નથી, એમ અન્વય છે.**

**लिङ्गे એ પ્રકારના શબ્દમાં જે સપ્તમી વિભક્તિ છે, તે વ્યંજકત્વાખ્યવિષયપણામાં સપ્તમી છે.**

**ભાવાર્થ :-**

આવશ્યકનિર્યુક્તિના પાઠમાં કહ્યું છે કે સાધુના લિંગમાં દોષ અને ગુણ બંને છે, તેથી ગુણ હોય ત્યાં વંદન થાય અને દોષ હોય ત્યાં વંદન થાય નહિ, અને પ્રતિમામાં દોષ પણ નથી અને ગુણ પણ નથી; કેમ કે પ્રતિમા પુદ્ગલાત્મક છે. તેથી પ્રતિમાની મુદ્રામાં આહાર્ય આરોપ કરીને વીતરાગતાની ઉપસ્થિતિ કરી શકાય છે. માટે અન્ય ગચ્છીય પ્રતિમાને પણ વંદનીય સ્વીકારવામાં કોઈ દોષ નથી. આ પ્રકારનું પ્રતિમામાં અને લિંગમાં વૈષમ્ય હોવા છતાં પૂર્વપક્ષી સ્થાપન કરે છે કે જેમ ગચ્છાંતરના સાધુ વંદનીય નથી, તેમ ગચ્છાંતરની પ્રતિમા વંદનીય નથી, આ પ્રકારનું પૂર્વપક્ષીનું અનુમાન આવશ્યકનિર્યુક્તિના વચનને જાણ્યા વગર અભિનિવેશને કારણે કહેવાયેલ છે. વાસ્તવિક રીતે તો લિંગમાં દોષ હોવા છતાં વંદન કરવામાં આવે તો તે દોષની અનુમતિ પ્રાપ્ત થાય. જ્યારે પ્રતિમામાં દોષ નથી, માટે પ્રતિમાને નમસ્કાર કરવાથી દોષની અનુમતિ પ્રાપ્ત થતી નથી, અને લિંગમાં ગુણ હોય તો વંદન કરવાથી ગુણની અનુમોદના થાય છે અને પ્રતિમામાં ગુણ નહિ હોવા છતાં સદૃશ આકારને કારણે આહાર્ય આરોપ કરીને વંદન થઈ કરવાથી વીતરાગની ભક્તિ થાય છે.

અહીં પૂર્વપક્ષી કહે કે પ્રતિમા પુદ્ગલાત્મક છે તેથી તેમાં ગુણ-દોષ નથી, તેમ સાધુ લિંગ પણ પુદ્ગલાત્મક છે, તેથી તેમાં ગુણ-દોષ નથી, માટે લિંગમાં દોષ-ગુણ છે, તેમ કહી શકાય નહિ. તેથી ગ્રંથકારશ્રી કહે છે --

પ્રસ્તુત શ્લોકમાં લિંગમાં દોષ-ગુણનું સત્ત્વ છે, એમ કહ્યું ત્યાં લિંગ શબ્દને જે સપ્તમી વિભક્તિ છે, તે વ્યંજકત્વાખ્ય વિષયતાઅર્થક છે. તેથી એ પ્રાપ્ત થાય કે લિંગ પુદ્ગલાત્મક હોવાથી દોષ-ગુણ લિંગમાં રહેતા નથી, પરંતુ લિંગને ધારણ કરનાર સાધુમાં જે દોષ-ગુણ રહેલા છે, તેનું વ્યંજક લિંગ છે. તેથી લિંગમાં વ્યંજકત્વાખ્ય વિષયતા છે. માટે લિંગમાં દોષ-ગુણનું સત્ત્વ છે, એમ કહેવામાં કોઈ દોષ નથી.

લિંગમાં દોષ-ગુણનું વ્યંજકપણું આ રીતે છે –

કોઈ ગૃહસ્થે સાધુનો વેશ ધારણ કરેલો હોય અને સમ્યગ્ આલય-વિહારાદિ કરતો ન હોય ત્યારે જે પ્રતિજ્ઞા સ્વીકારીને તેણે લિંગનું ગ્રહણ કરેલ છે, તેનું તે પાલન કરતો નથી, તેથી તેમાં દોષ વર્તે છે એ વાત તેના લિંગથી જ અભિવ્યક્ત થાય છે. આથી જ સાધુની જેમ આલય-વિહારાદિમાં યત્ન નહીં કરનાર શ્રાવકને જોઈને તેણે પ્રતિજ્ઞા ભાંગી છે તેમ અભિવ્યક્ત થતું નથી.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે સાધુનો વેષ જોઈને તેમની પ્રવૃત્તિમાં આલય-વિહારાદિ ઉચિત પ્રવૃત્તિ ન હોય તો તેમનું લિંગ જ બતાવે છે કે આ સાધુ નથી, પરંતુ દોષવાળા છે; અને જે સાધુમાં આલય-વિહારાદિ ઉચિત પ્રવૃત્તિ દેખાય ત્યારે તેમનામાં લિંગના બળથી અને ઉચિત પ્રવૃત્તિના બળથી આ સુસાધુ છે, તેમ નક્કી થાય છે. તેથી જે સાધુ વિશુદ્ધ આલય-વિહારાદિમાં યત્ન કરે છે તે સાધુમાં પ્રતિજ્ઞાને અનુરૂપ ગુણો છે, તેનું વ્યંજક તેમનું લિંગ છે, અને જે સાધુ વિશુદ્ધ આલય-વિહારાદિમાં યત્ન કરતા નથી, તે સાધુમાં પ્રતિજ્ઞાને અનુરૂપ ગુણો નથી, પરંતુ દોષો છે, તેનું વ્યંજક પણ તેમનું લિંગ છે. માટે લિંગમાં વ્યંજકત્વાખ્ય વિષયતા છે, તે બતાવવા માટે અહીં સપ્તમી વિભક્તિ ગ્રહણ કરેલ છે.

**ટીકા :-**

**अत्रायमाक्षेपसमाधानग्रन्थः आवश्यके -**

एवमुद्यतेतरविहारिगते विधौ प्रतिपादिते सति आह चोदकः-किं नोऽनेन पर्यायाद्यान्वेषणेन? सर्वथा भावशुद्ध्या कर्मापनयनाय जिनप्रणीतलिङ्गनमनमेव युक्तं तद्गतगुणविचारस्य निष्फलत्वात्, न हि तद्गतगुणप्रभवा नमस्कर्त्तुर्निजराऽपि त्वात्मीयाध्यात्मशुद्धिप्रभवा। तथाहि-

**"तित्थयरगुणा पडिमासु नत्थि निस्संसयं वियाणंतो ।**
**तित्थयर त्ति णमंतो सो पावइ णिज्जरं विउलं" ।। [आवश्यकनिर्युक्ति गाथा-११३०]**

व्याख्या-तीर्थकरस्य गुणा ज्ञानादयस्तीर्थकरगुणास्ते प्रतिमासु-बिम्बलक्षणासु, 'नत्थि' न सन्ति, निस्संशयं= संशयरहितं, विजानन्=अवबुध्यमानः, तथापि 'तीर्थकरोऽयम्' इत्येवं भावशुद्ध्या नमन्=प्रणमन्, स प्रणामकर्त्ता प्राप्नोति=आसादयति निर्जरां कर्मक्षयलक्षणां विपुलां=विस्तीर्णाम् इति गाथार्थः ।।

एष दृष्टान्तोऽयमर्थोपनयः -

**"लिंगं जिणपन्नत्तं एवं नमंतस्स णिज्जरा विउला ।**

**जइवि गुणविप्पहीणं वंदइ अज्झप्पसोहीए" ।। [आवश्यकनिर्युक्ति गाथा-११३१]**

व्याख्या - लिङ्ग्यते साधुरनेनेति लिङ्गं रजोहरणादिधरणलक्षणं जिनैः=अर्हद्भिः प्रज्ञप्तं=प्रणीतम्, एवं यथा प्रतिमा इति नमस्कुर्वतो निर्जरा विपुला यद्यपि गुणै=र्मूलोत्तरगुणैर्विविधमनेकधा प्रकर्षेण हीनं=रहितं गुण-विप्रहीनं वन्दते=नमस्करोति अध्यात्मशुद्ध्या=चेतःशुद्ध्येति गाथार्थः ।।

इत्थं चोदकेनोक्ते दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यमुपदर्शयन्नाचार्याह -

**"संता तित्थयरगुणा तित्थयरे तेसिमं तु अज्झप्पं ।**

**न य सावज्जा किरिया इयरेसु धुवा समणुमन्ना" ।। [आवश्यकनिर्युक्ति गाथा-११३२]**

व्याख्या-सन्तो=विद्यमानाः शोभना वा तीर्थकरस्य गुणा ज्ञानादयः, क्व? तीर्थकरेऽर्हति भगवति, इयं च प्रतिमा तस्य भगवतः, तेषां नमस्कुर्वतामिदमध्यात्मम्-इदं चेतः, तथा न च तासु सावद्या=सपापा, क्रिया=चेष्टा, तासु=प्रतिमासु, इतरेषु=पार्श्वस्थादिषु, ध्रुवाऽवश्यंभाविनी सावद्या क्रिया, प्रणमतस्तत्र किम्? इत्यत आह- 'समणुमन्ना' समनुज्ञा सावद्यक्रियायुक्तपार्श्वस्थादिप्रणमनात् सावद्यक्रियानुमतिरिति हृदयम् ।

अथवा सन्तस्तीर्थकरगुणास्तीर्थकरे, तान् वयं प्रणमामः, तेषामिदमध्यात्मम्=इदं चेतः, ततोऽर्हद्गुणाध्यारोपेण चेष्टा प्रतिमा प्रणमनान्नमस्कर्तुर्न च सावद्या क्रिया परिस्पन्दनलक्षणा, इतरेषु=पार्श्वस्थादिषु, पूज्यमानेष्वशुभक्रियोपेतत्वात् तेषां नमस्कर्त्तुर्ध्रुवा समनुज्ञेति गाथार्थः ।।

पुनरप्याह चोदक :-

**"जह सावज्जा किरिया नत्थि पडिमासु एवमियरावि ।**

**तय भावे णत्थि फलं अह होइ अहेउगं होइ" ।। [आवश्यकनिर्युक्ति गाथा-११३३]**

व्याख्या-यथा सावद्या क्रिया=सपापा क्रिया, नास्त्येव=न विद्यत एव, प्रतिमासु, एवमितरापि निरवद्यापि नास्त्येव। तदभावे निरवद्यक्रियाऽभावे नास्ति फलं पुण्यलक्षणम्, अथ भवति, अहेतुकं भवति=निष्कारणं च भवति, प्रणम्यवस्तुगतक्रियाहेतुकत्वात्फलस्येत्यभिप्रायः, अहेतुकत्वे चाकस्मिककर्मसम्भवान्मोक्षाद्यभाव इति गाथार्थः।

इत्थं चोदकेनोक्ते सत्याहाचार्यः :-

**"कामं उभयाभावो तहवि फलं अत्थि मणविसुद्धिओ ।**

**तीए पुण मणविसुद्धीए कारणं होंति पडिमाओ" ।। [आवश्यकनिर्युक्ति गाथा-११३४]**

*व्याख्या-काममनुमतमिदं यदुत 'उभयाभावः' सावद्येतरक्रियाभावः प्रतिमासु, तथापि फलं पुण्यलक्षणमस्ति=विद्यते* मनसो विशुद्धिः=मनोविशुद्धिस्तस्या मनोविशुद्धेः सकाशात्, तथाहि-स्वगता मनोविशुद्धिरेव नमस्कर्तुः पुण्यकारणम्, न नमस्करणीयवस्तुगताक्रियाऽऽत्मान्तरे फलाभावात् । यद्येवम्, किं प्रतिमाभिः? इत्युच्यते, तस्याः पुनर्मनोविशुद्धेः कारणं निमित्तं भवति प्रतिमा, तद्द्वारेण तस्याः संभूतिदर्शनादिति गाथार्थः ।

आह - एवं लिङ्गमपि प्रतिमावन्मनोविशुद्धिकारणं भवत्येव, उच्यते -

**"जइवि अ पडिमाओ जहा मुणिगुणसंकप्पकारणं लिंगं ।**
**उभयमवि अत्थि लिंगे ण य पडिमासूभयं अत्थि" ।। [आवश्यकनिर्युक्ति गाथा-११३५]**

व्याख्या - यद्यपि प्रतिमा यथा, मुनीनां गुणा मुनिगुणा=व्रतादयस्तेषु सङ्कल्पोऽध्यवसायः मुनिगुणसङ्कल्पः, तस्य कारणं=निमित्तं मुनिगुणसङ्कल्पकारणं लिङ्गं=द्रव्यलिङ्गम्, तथापि प्रतिमाभिः सह वैधर्म्यमेव, यत उभयमप्यस्ति लिङ्गे=सावद्यकर्म निरवद्यकर्म च, तत्र निरवद्यकर्मयुक्त एव यो मुनिगुणसङ्कल्पः स सम्यक्संकल्प स एव पुण्यफलः, यः पुनः सावद्यकर्मयुक्तेऽपि मुनिगुणसङ्कल्पः स विपर्याससङ्कल्पः क्लेशफलश्चासौ विपर्यासरूपत्वादेव, न च प्रतिमासूभयमस्ति चेष्टारहितत्वात्, ततश्च तासु जिनगुणविषयस्य संक्लेशफलस्य विपर्याससङ्कल्पस्याभावः सावद्यकर्मरहितत्वात् प्रतिमानाम्, आह-इत्थं निरवद्यकर्मरहितत्वात् सम्यक्सङ्कल्पस्यापि पुण्यफलस्याभाव एव प्राप्त इति, उच्यते तस्य तीर्थकरगुणाध्यारोपेण प्रवृत्तेर्नाभाव इति ।

तथा चाह –

**"नियमा जिणेसु उ गुणा पडिमाउ दिस्स जे मणे कुणइ ।**
**अगुणे उ वियाणंतो कं णमउ मणे गुणं काउं" ।। [आवश्यकनिर्युक्ति गाथा-११३६]**

व्याख्या - नियमादिति-नियमेन=अवश्यंतया जिनेषु=तीर्थकरेष्वेव, 'तु' शब्दस्यावधारणार्थत्वात् गुणा=ज्ञानादयः न प्रतिमासु, प्रतिमा दृष्ट्वा तास्वध्यारोपद्वारेण यान् मनसि करोति=चेतसि स्थापयति पुनर्नमस्करोति अत एवासौ तासु शुभः पुण्यफलो जिनगुणसङ्कल्पः सावद्यकर्मरहितत्वात्, न चायं तासु निरवद्यकर्माभावमात्राद्विपर्यास-संकल्पः सावद्यकर्मोपेतवस्तुविषयत्वात् तस्य, ततश्चोभयविकल एवाकारामात्रतुल्ये कतिपयगुणान्विते चाध्यारोपोऽपि युक्तियुक्तः, अगुणेत्वित्यादि अगुणानेव तुशब्दस्यावधारणार्थत्वादविद्यमानगुणानेव विजानन्नवबुद्ध्यमानः पार्श्वस्थादीन् 'कं णमउ मणे गुणं काउं' कं मनसि कृत्वा गुणं नमस्करोतु तानि इति। स्यादेतदन्यसाधुसंबन्धिनं तेष्वध्यारोपमुखेन मनसि कृत्वा नमस्करोतु, तद् न, तेषां सावद्यकर्मयुक्ततया अध्यारोपविषयलक्षणविकलत्वादविषये चाध्यारोपमपि कृत्वा नमस्कुर्वतो दोषदर्शनात् ।

आह च –

**"जह वेलंबगलिंगं जाणं तस्स णमओ हवइ दोसो ।**
**णिद्धंधसमिय णाऊण वंदमाणे धुवो दोसो" ।। [आवश्यकनिर्युक्ति गाथा-११३७]**

व्याख्या - यथा विडम्बकलिङ्गं=भाण्डादिकृतं जानतः=अवबुद्ध्यमानस्य नमतः=नमस्कुर्वतः सतोऽस्य भवति दोषः प्रवचनहीलनादिलक्षणः निद्धंधसं=प्रवचनोपघातनिरपेक्षं पार्श्वस्थादिकं 'इय' एवं ज्ञात्वा=अवगम्य 'वंदमाणे धुवो दोसो' वन्दमाने=नमस्कुर्वति सति, नमस्कर्त्तरि ध्रुवः=अवश्यंभावी दोषः आज्ञाविराधनादिलक्षणः । पाठान्तरं वा 'णिद्धंधसं पि नाऊण वंदमाणस्स दोसो उ' इदं प्रकटार्थमेवेति गाथार्थ **इति** ।।

**ટીકાર્થ :-**

अत्र ..... आवश्यके - **અહીં=લિંગ અને પ્રતિમામાં વૈષમ્યનો નિર્ણાયક આવશ્યક ગ્રંથ પૂર્વપક્ષીએ જોયો નથી, એમ જે પૂર્વે કહ્યું એ કથન વિષયક આવશ્યક નિર્યુક્તિ ગ્રંથમાં, આ=આગળમાં કહેવાશે એ, આક્ષેપ અને સમાધાન ગ્રંથ છે -**

एवम् ..... चोदकः - આ રીતે=આવશ્યક નિર્યુક્તિ ગ્રંથમાં આ કથન પૂર્વે જે વર્ણન કર્યું એ રીતે, ઉદ્યત અને ઈતર=અનુદ્યત અને વિહારાદિગત વિધિનું પ્રતિપાદન કરાયે છતે ચોદક=પ્રશ્નકાર કહે છે -

किं नो ..... આ પર્યાયાદિના અન્વેષણ વડે અમને શું ? સર્વથા ભાવશુદ્ધિથી કર્મના અપનયન માટે=કર્મને દૂર કરવા માટે, જિનપ્રણિત લિંગને નમન જ યુક્ત છે; કેમ કે તદ્દગતગુણવિચારનું=લિંગવાળી વ્યક્તિમાં સુસાધુના ગુણના વિચારનું, નિષ્ફળપણું છે.

લિંગધારી વ્યક્તિમાં સુસાધુના ગુણના વિચારનું નિષ્ફળપણું છે, એમ જે કહ્યું તેની પુષ્ટિ કરતાં કહે છે -

न हि=જે કારણથી તદ્દગુણપ્રભવ=નમસ્કરણીય વ્યક્તિના ગુણથી થયેલ, નમસ્કાર કરનારને નિર્જરા નથી, પરંતુ અધ્યાત્મની શુદ્ધિપ્રભવ=અધ્યાત્મની શુદ્ધિથી થયેલ, નિર્જરા છે.

પૂર્વે કહ્યું કે નમસ્કાર કરનારને પોતાના અધ્યાત્મની શુદ્ધિને કારણે નિર્જરા થાય છે. તેની પુષ્ટિ કરતાં પૂર્વપક્ષી तथाहिથી કહે છે –

तथाहि – તે આ પ્રમાણે –

**ગાથાર્થ :-**

**तित्थयरगुणा ..... विउलं ।। तित्थयरगुणा=તીર્થંકરના ગુણો पडिमासु नत्थि निस्संशयं वियाणंतो=પ્રતિમામાં નથી એ પ્રમાણે નિઃસંશય જાણતો, तित्थयर त्ति णमंतो=તીર્થંકર છે, એ પ્રમાણે નમસ્કાર કરતો, सो=તે=નમસ્કાર કરનાર વ્યક્તિ, विउलं णिज्जरं पावइ=વિપુલ નિર્જરાને પામે છે.**

**વ્યાખ્યાર્થ :-**

तीर्थकरस्य ... विस्तीर्णाम् इति गाथार्थः ।। તીર્થંકરના જ્ઞાનાદિ ગુણો તે તીર્થંકરના ગુણો, તે=તીર્થંકરના જ્ઞાનાદિ ગુણો, બિંબસ્વરૂપ પ્રતિમામાં નથી, એ પ્રમાણે નિઃસંશય જાણતો, તોપણ આ=પ્રતિમા, તીર્થંકર છે, એ પ્રમાણે ભાવશુદ્ધિથી નમતો=પ્રણામ કરતો, તે=પ્રણામ કરનાર, વિપુલ=વિસ્તીર્ણ, કર્મક્ષયસ્વરૂપ નિર્જરાને પામે છે, એ પ્રમાણે ગાથાર્થ છે.

एष ..... उपनयः - આ દૃષ્ટાંત છે=પૂર્વે પૂર્વપક્ષીએ કહ્યું કે નમસ્કાર કરનારને સાધુના ગુણથી થયેલી નિર્જરા નથી, પરંતુ પોતાની અધ્યાત્મની શુદ્ધિથી થયેલ નિર્જરા છે. એ કથનમાં આ=तथाहि થી કહ્યું એ દૃષ્ટાંત છે (અને) આ=આગળમાં કહેવાશે એ અર્થનો ઉપનય છે=આ દૃષ્ટાંતથી જણાતા એવા અર્થનું કથન છે –

**ગાથાર્થ :–**

लिङ्गं जिणपन्नत्तं ... अज्झप्पसोहीए ।। जइवि अज्झप्पसोहीए गुणविप्पहीणं वंदइ=**જોકે અધ્યાત્મની શુદ્ધિથી ગુણરહિત એવા સાધુને વંદન કરે છે (તોપણ)** एवं=**એ પ્રમાણે=પૂર્વે આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૩૦માં જે પ્રમાણે પ્રતિમામાં બતાવ્યું એ પ્રમાણે,** जिणपन्नत्तं लिङ्गं=**જિનેશ્વર વડે કહેવાયેલ લિંગને** नमंतस्स=**નમન કરનારને** विउला णिज्जरा=**વિપુલ નિર્જરા થાય છે.**

**વ્યાખ્યાર્થ :–**

लिङ्ग्यते ... चेतःशुद्ध्येति गाथार्थः ।। આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૩૧માં કહેલ लिंगं जिणपन्नत्तं નો અર્થ કરે છે –

આના વડે સાધુ જણાય છે તે રજોહરણાદિ ધારણ કરવા સ્વરૂપ લિંગ જિનો વડે=અરિહંતો વડે, કહેવાયું છે.

एवं नमंतस्स णिज्जरा विउला નો અર્થ કરે છે –

આ પ્રમાણે=જે પ્રમાણે પ્રતિમા એ પ્રમાણે, લિંગને નમસ્કાર કરનારને વિપુલ નિર્જરા થાય છે.

जइ वि गुणविप्पहीणं वंदइ अज्झप्पसोहीए નો અર્થ કરે છે –

જોકે મૂલ અને ઉત્તર ગુણ વડે वि=વિવિધ=અનેક પ્રકારે, प्र=પ્રકર્ષથી, હીન=રહિત તે ગુણવિપ્રહીન=ગુણરહિત, એવા સાધુને અધ્યાત્મની શુદ્ધિથી=ચિત્તની શુદ્ધિથી, નમસ્કાર કરે છે, તોપણ વિપુલ નિર્જરા કરે છે, એ પ્રમાણે પ્રસ્તુત ગાથાના પૂર્વાર્ધ સાથે સંબંધ છે.

इत्थं ..... आचार्य आह – આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, પ્રશ્નકાર વડે કહેવાયે છતે દૃષ્ટાંત દાર્ષ્ટાંતિકમાં= જિનપ્રતિમારૂપ દૃષ્ટાંત અને ગુણરહિત એવા સાધુના લિંગરૂપ દાર્ષ્ટાંતિકમાં, વૈષમ્યને બતાવતાં આચાર્ય ભગવંતશ્રી કહે છે –

**ગાથાર્થ :–**

तित्थयरे तित्थयरगुणा संता=**તીર્થંકરમાં તીર્થંકરના જ્ઞાનાદિ ગુણો વિદ્યમાન છે અથવા શોભન છે** तेसिमं तु अज्झप्पं=**તીર્થંકરની પ્રતિમાને નમસ્કાર કરનારાઓનું આ અધ્યાત્મ છે=તે ભગવાનની આ પ્રતિમા છે એ ચિત્ત છે. અથવા બીજા વિકલ્પ પ્રમાણે તીર્થંકરની પ્રતિમાને નમસ્કાર કરનારાઓનું, અરિહંતના ગુણોનો પ્રતિમામાં અધ્યારોપ કરવાથી આ અરિહંત છે, એ પ્રકારનું અધ્યાત્મ છે=એ પ્રકારનું ચિત્ત છે,** न य सावज्जा किरिया=**અને સાવદ્ય ક્રિયા નથી અર્થાત્ પ્રતિમામાં સાવદ્ય ક્રિયા નથી,** इयरेसु धुवा=**ઈતરમાં ધ્રુવ=નક્કી છે અર્થાત્ પાર્શ્વસ્થાદિમાં નક્કી સાવદ્ય ક્રિયા છે,** समणुन्ना=**અનુમતિ છે=સાવદ્ય ક્રિયાયુક્ત પાર્શ્વસ્થાદિને નમસ્કાર કરવાથી સાવદ્ય ક્રિયાની અનુમતિ છે.**

**વ્યાખ્યાર્થ :-**

सन्तो विद्यमानाः ..... समनुज्ञेति गाथार्थः ।। તીર્થંકરના ગુણો જ્ઞાનાદિ, તીર્થંકરમાં=અરિહંત ભગવાનમાં વિદ્યમાન છે અથવા શોભન છે, અને આ પ્રતિમા તે ભગવાનની છે. તેઓને નમસ્કાર કરનારાઓનું આ અધ્યાત્મ=આ ચિત્ત, છે, અને તેઓમાં=પ્રતિમામાં સાવદ્ય=સપાપ ક્રિયા=ચેષ્ટા નથી. ઇતરમાં=પાર્શ્વસ્થાદિમાં ધ્રુવ=નક્કી સાવદ્ય ક્રિયા છે. પ્રણામ કરનારને ત્યાં શું ? એથી કરીને કહે છે – સમનુજ્ઞા છે=સાવદ્ય ક્રિયાયુક્ત પાર્શ્વસ્થાદિને પ્રણામ કરવાથી સાવદ્ય ક્રિયાની અનુમતિ છે, એ પ્રમાણે તાત્પર્ય છે.

આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૩૨નો અર્થ 'अथवा'થી બીજી રીતે ટીકામાં બતાવે છે –

તીર્થંકરના ગુણો તીર્થંકરમાં વિદ્યમાન છે. તેઓને અમે પ્રણામ કરીએ છીએ. તેઓનું=નમસ્કાર કરનારાઓનું, આ અધ્યાત્મ=આ ચિત્ત છે. તેથી=તીર્થંકરના ગુણો તીર્થંકરમાં વિદ્યમાન છે તેથી, અર્હદ્ ગુણના અધ્યારોપ વડે પ્રતિમા ઈષ્ટ છે. પ્રણામ કરવાથી નમસ્કાર કરનારાઓને પરિસ્પંદન સ્વરૂપ સાવદ્ય ક્રિયા નથી. ઇતરમાં=પૂજા કરાતા પાર્શ્વસ્થાદિમાં, અશુભ ક્રિયાથી સહિતપણું હોવાથી તેઓને=પાર્શ્વસ્થાદિને નમસ્કાર કરનારાઓને, ધ્રુવ=નક્કી, સમનુજ્ઞા=અનુમતિ, છે.

✪ અધ્યાત્મ, ચિત્ત, અધ્યવસાય આ બધા એકાર્થવાચી શબ્દો છે.

पुनरप्याह - વળી પણ ચોદક=પ્રશ્ન કરનાર, પૂર્વપક્ષી કહે છે –

**ગાથાર્થ :-**

**जह सावज्जा ... अहेउगं होइ ।। जह सावज्जा किरिया नत्थि पडिमासु एवमियराविं=જે રીતે પ્રતિમામાં સાવદ્ય ક્રિયા નથી, તે રીતે ઇતર પણ=નિરવદ્ય ક્રિયા પણ, નથી. तयभावे फलं णत्थि=તેના અભાવમાં=નિરવદ્ય ક્રિયાના અભાવમાં, ફળ નથી=પ્રતિમાને નમસ્કાર કરનારને પુણ્ય સ્વરૂપ ફળ નથી. अह होइ=હવે ફળ થાય છે, એમ માનો તો अहेउगं होइ=અહેતુક થાય=પ્રણમ્ય એવી પ્રતિમારૂપ વસ્તુમાં નિરવદ્ય ક્રિયારૂપ હેતુનો અભાવ હોવાથી પ્રતિમાને નમસ્કાર કરનારને અહેતુક=હેતુ વગર ફળ થાય છે એમ માનવું પડે.**

**વ્યાખ્યાર્થ :-**

यथा ..... मोक्षाद्यभाव इति गाथार्थः । જે પ્રમાણે સાવદ્ય ક્રિયા=સપાપ ક્રિયા, પ્રતિમામાં નથી જ, એ રીતે ઇતર પણ=નિરવદ્ય પણ, નથી જ. તેના અભાવમાં=નિરવદ્ય ક્રિયાના અભાવમાં=પ્રતિમામાં નિરવદ્ય ક્રિયાના અભાવમાં, પુણ્યસ્વરૂપ ફળ નથી=પ્રતિમાને નમસ્કાર કરનારને પુણ્યસ્વરૂપફળ નથી. હવે થાય છે=પ્રતિમાને નમસ્કાર કરનારને પુણ્યસ્વરૂપ ફળ થાય છે, તો અહેતુક થાય છે=નિષ્કારણ થાય છે; કેમ કે ફળનું=નમસ્કાર કરનારને પુણ્યબંધ સ્વરૂપ ફળનું, પ્રણમ્ય વસ્તુ વિષયક=પ્રણમ્ય એવી પ્રતિમા સંબંધી ક્રિયાહેતુકપણું છે, તેથી પ્રતિમામાં નિરવદ્ય ક્રિયા નહિ હોવાને કારણે નમસ્કાર કરનારને નિષ્કારણ પુણ્યબંધ થાય છે, તેમ માનવાની આપત્તિ આવે, એ પ્રકારનો પૂર્વપક્ષીનો અભિપ્રાય છે; અને અહેતુકપણું હોતે છતે=પ્રતિમામાં નિરવદ્ય ક્રિયા નહિ હોવા છતાં નમસ્કાર કરનારને પુણ્યબંધ થાય છે તે પુણ્યબંધનું અહેતુકપણું હોતે છતે, આકસ્મિક કર્મબંધનો સંભવ હોવાથી મોક્ષાદિ અભાવની પ્રાપ્તિ થાય, એ પ્રકારે ગાથાર્થ છે.

✪ मोक्षाद्यभावः - અહીં 'आदि' થી પાપના સેવન વગર પાપરૂપ કર્મબંધની પ્રાપ્તિ અને પુણ્યના સેવન વગર પુણ્યની પ્રાપ્તિ વગેરેનું ગ્રહણ કરવું.

इत्थं ..... आचार्यः - આ પ્રમાણે=ગાથા-૧૧૩૩માં કહ્યું એ પ્રમાણે, ચોદક વડે=પ્રશ્નકાર વડે કહેવાયે છતે આચાર્યશ્રી કહે છે –

**ગાથાર્થ :-**

**कामं ... पडिमाओ ।। उभयाभावो=ઉભયનો અભાવ=પ્રતિમામાં સાવદ્ય અને નિરવદ્ય ક્રિયાનો અભાવ, कामम्=અત્યંત અભિમત છે, तहवि=તોપણ, मणविसुद्धिओ फलं अत्थि=મનની વિશુદ્ધિથી ફળ છે=પ્રતિમાને વંદન કરનારને મનની વિશુદ્ધિથી પ્રતિમાના વંદનનું ફળ છે. तीए पुण मणविसुद्धिए=તે મનવિશુદ્ધિનું કારણ=નિમિત્ત, પ્રતિમા થાય છે.**

**વ્યાખ્યાર્થ :-**

काममनुमतमिदं ... सम्भूतिदर्शनादिति गाथार्थः ।। આ=પૂર્વપક્ષીએ કહ્યું એ, અત્યંત અનુમત છે.

શું અત્યંત અનુમત છે ? તે यदुत થી બતાવે છે –

ઉભયનો અભાવ=પ્રતિમામાં સાવદ્ય અને ઈતર ક્રિયાનો અભાવ=નિરવદ્ય ક્રિયાનો અભાવ, અનુમત છે, તોપણ પુણ્ય સ્વરૂપફળ વિદ્યમાન છે.

પુણ્યસ્વરૂપ ફળ કેમ વિદ્યમાન છે ? તેથી કહે છે –

મનની વિશુદ્ધિથી પુણ્યસ્વરૂપ ફળ વિદ્યમાન છે એમ અન્વય છે. પ્રતિમાને વંદન કરનારને મનની વિશુદ્ધિથી પુણ્યસ્વરૂપ ફળ પ્રાપ્ત થાય છે, તે तथाहि થી બતાવે છે –

સ્વગત મનવિશુદ્ધિ જ નમસ્કાર કરનારના પુણ્યનું કારણ છે, નમસ્કરણીય વસ્તુગત ક્રિયા નહિ; કેમ કે આત્માંતરમાં ફળનો અભાવ છે=નમસ્કરણીય વસ્તુથી અન્ય એવા નમસ્કાર કરનાર રૂપ આત્માંતરમાં નમસ્કરણીય વસ્તુગત ક્રિયાના ફળનો અભાવ છે.

જો આમ છે=પોતાની મનવિશુદ્ધિ પુણ્યનું કારણ છે તો પ્રતિમા વડે શું ? એથી કહે છે -

વળી, તે મનવિશુદ્ધિનું કારણ=નિમિત્ત, પ્રતિમા છે; કેમ કે તેના દ્વારા=પ્રતિમા દ્વારા, તેની=મનવિશુદ્ધિની, સંભૂતિ=ઉત્પત્તિ, દેખાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે.

एवं ..... उच्यते - આ રીતે=પૂર્વે ગાથા-૧૧૩૪માં સ્થાપન કર્યું એ રીતે, પ્રતિમાની જેમ લિંગ પણ મનવિશુદ્ધિનું કારણ થાય જ છે એમ પૂર્વપક્ષી કહે છે. તેને આચાર્યશ્રી उच्यते થી જવાબ આપે છે.

**ગાથાર્થ :-**

**जइवि ... अत्थि ।। जइवि=જોકે जहा पडिमाओ=જે રીતે પ્રતિમા છે (तहा) मुणिगुणसंकप्पकारणं लिंगं=(તે પ્રમાણે) મુનિગુણસંકલ્પનું કારણ લિંગ છે. लिंगे उभयमवि अत्थि=(તો પણ) લિંગમાં ઉભય પણ છે=લિંગમાં સાવદ્ય કર્મ, નિરવદ્ય કર્મ ઉભય પણ છે, ण य पडिमासूभयं अत्थि=અને પ્રતિમામાં ઉભય નથી=પ્રતિમામાં સાવદ્ય અને નિરવદ્ય કર્મ ઉભય નથી.**

**વ્યાખ્યાર્થ :–**

यद्यपि ..... प्रतिमानाम् । જોકે જે પ્રમાણે પ્રતિમા છે તે પ્રમાણે મુનિના ગુણોમાં=વ્રતાદિમાં સંકલ્પનું અધ્યવસાયનું કારણ લિંગ=દ્રવ્યલિંગ છે, તોપણ પ્રતિમાની સાથે વૈધર્મ્ય જ છે.

તે વૈધર્મ્ય બતાવે છે – જે કારણથી લિંગમાં સાવદ્ય કર્મ અને નિરવદ્ય કર્મરૂપ ઉભય પણ છે, ત્યાં નિરવદ્ય કર્મયુક્ત જ એવા મુનિમાં, જે મુનિગુણનો સંકલ્પ છે તે સમ્યક્ સંકલ્પ છે, તે જ પુણ્યફળવાળો છે. જે વળી સાવદ્ય કર્મયુક્તમાં પણ મુનિગુણનો સંકલ્પ છે, તે વિપર્યાસ સંકલ્પ છે, અને વિપર્યાસરૂપપણું હોવાથી જ આ=વિપર્યાસ સંકલ્પ, ક્લેશ ફળવાળો છે; અને ચેષ્ટારહિતપણું હોવાને કારણે પ્રતિમામાં ઉભય=સાવદ્યકર્મ અને નિરવદ્યકર્મ ઉભય નથી, અને તેથી=પ્રતિમામાં સાવદ્યકર્મ અને નિરવદ્યકર્મ ઉભય નથી તેથી, તેમાં=પ્રતિમામાં, જિનગુણવિષયવાળો એવો સંક્લેશફળવાળો વિપર્યાસરૂપ સંકલ્પનો અભાવ છે; કેમ કે પ્રતિમાઓનું સાવદ્યકર્મરહિતપણું છે.

आह - પૂર્વપક્ષી કહે છે –

इत्थं ..... प्राप्त इति । આ રીતે=પૂર્વે તમે સ્થાપન કર્યું કે પ્રતિમામાં સાવદ્યકર્મ પણ નથી અને નિરવદ્યકર્મ પણ નથી એ રીતે, નિરવદ્યકર્મરહિતપણું હોવાથી=પ્રતિમાનું નિરવદ્યકર્મરહિતપણું હોવાથી, પુણ્યફળવાળા સમ્યક્ સંકલ્પનો પણ અભાવ જ પ્રાપ્ત છે=પ્રતિમાને વંદન કરનારને પુણ્યફળવાળા સમ્યક્સંકલ્પનો પણ અભાવ જ પ્રાપ્ત છે.

'इति' શબ્દ પૂર્વપક્ષીની શંકાની સમાપ્તિ સૂચક છે.

પૂર્વપક્ષીને આચાર્યશ્રી 'उच्यते' થી જવાબ આપે છે --

उच्यते કહેવાય છે.

तस्य ..... अभाव इति – તેની=વંદન કરનારની તીર્થંકરના ગુણના અધ્યારોપથી પ્રવૃત્તિ હોવાને કારણે અભાવ નથી=પુણ્યફળવાળા સમ્યક્ સંકલ્પનો અભાવ નથી.

'इति' શબ્દ આચાર્યશ્રીના ઉત્તરની સમાપ્તિ સૂચક છે.

तथा चाह - અને તે રીતે કહે છે=પાર્શ્વસ્થાદિને નમસ્કાર કરવામાં વિપર્યાસ સંકલ્પ છે અને જિનપ્રતિમાને નમસ્કાર કરવામાં પુણ્યફળવાળો સમ્યક્ સંકલ્પ છે, તે રીતે કહે છે –

**ગાથાર્થ :–**

**नियमा ... गुणं काउं ।। जिणेसु उ नियमा गुणा=જિનોમાં જ નિયમથી=અવશ્યપણાથી, જ્ઞાનાદિ ગુણો છે. पडिमाउ दिस्स=પ્રતિમાને જોઈને जे मणे कुणइ=જેને=તીર્થંકરમાં રહેલા જ્ઞાનાદિ ગુણોને, મનમાં કરે છે, अगुणे उ वियाणंतो=અગુણવાળા જ પાર્શ્વસ્થાદિને જાણતો कं गुणं मणे काउं नमउ=કયા ગુણને મનમાં કરીને નમસ્કાર કરે ?**

**વ્યાખ્યાર્થ :–**

नियमादिति.........सावद्यकर्मरहितत्वात्, નિયમથી=અવશ્યપણાથી, જિનમાં=તીર્થંકરમાં જ, જ્ઞાનાદિ ગુણો છે, પ્રતિમામાં નહિ. પ્રતિમાઓને જોઈને તેમાં=પ્રતિમાઓમાં, અધ્યારોપ દ્વારા=જિનના ગુણોના અધ્યારોપ દ્વારા, જેને=જિનના ગુણોને, મનમાં કરે છે=ચિત્તમાં સ્થાપન કરે છે, વળી નમસ્કાર કરે છે, આથી જ=જિનના ગુણોનો પ્રતિમામાં

અધ્યારોપ કરી નમસ્કાર કરે છે આથી જ, તેઓમાં=જિનપ્રતિમાઓમાં, શુભ પુણ્યફળવાળો આ જિનગુણસંકલ્પ છે; કેમ કે સાવદ્યકર્મરહિતપણું છે=પ્રતિમામાં સાવદ્યકર્મરહિતપણું છે.

અહીં પૂર્વપક્ષી કહે કે પ્રતિમામાં જેમ સાવદ્યકર્મ નથી, તેમ નિરવદ્યકર્મ પણ નથી. તેથી પ્રતિમામાં જિનગુણની કલ્પના કરવી તે વિપર્યાસ સંકલ્પ છે. તેનું નિરાકરણ કરવા માટે આચાર્યશ્રી કહે છે –

न चायं ... तस्य, અને તેઓમાં=પ્રતિમાઓમાં, આ=જિનગુણનો સંકલ્પ, નિરવદ્યકર્મઅભાવમાત્રને કારણે વિપર્યાસ સંકલ્પ નથી; કેમ કે તેનું=વિપર્યાસ સંકલ્પનું, સાવદ્યકર્મયુક્ત વસ્તુ વિષયપણું છે અર્થાત્ સાવદ્યકર્મવાળી વસ્તુવિષયક વિપર્યાસ સંકલ્પ છે.

પૂર્વના કથનના ફલિતાર્થને બતાવતાં થી 'ततः' કહે છે –

ततः ..... युक्तियुक्तः, અને તેથી=પૂર્વમાં સ્થાપન કર્યું કે પ્રતિમામાં કરાતો જિનગુણનો સંકલ્પ વિપર્યાસ સંકલ્પ નથી તેથી, ઉભય વિકલ જ=સાવદ્યકર્મ કે નિરવદ્યકર્મ ઉભય રહિત જ, આકારમાત્ર તુલ્યમાં=તીર્થંકરના આકારમાત્ર તુલ્ય એવી પ્રતિમામાં, અને કેટલાક ગુણોથી યુક્તમાં=કેટલાક ગુણોથી યુક્ત એવા સાધુવેષમાં, અધ્યારોપ પણ યુક્તિયુક્ત છે.

આવશ્યકનિર્યુક્તિ પ્રસ્તુત ગાથા-૧૧૩૬ના ઉત્તરાર્ધને સ્પષ્ટ કરે છે –

अगुणेत्वित्यादि ..... तान् इति । અગુણવાળા જ=અવિદ્યમાનગુણવાળા જ, પાર્શ્વસ્થાદિને જાણતો કયા ગુણને મનમાં કરીને તેઓને=પાર્શ્વસ્થાદિને નમસ્કાર કરે ? 'इति' શબ્દ મૂળ ગાથાસ્પર્શી ટીકાની સમાપ્તિ સૂચક છે.

स्यादेतत्=આ થાય=પૂર્વપક્ષીના મતે આ થાય –

अन्यसाधु ... नमस्करोतु, તેઓમાં=પાર્શ્વસ્થાદિમાં, અધ્યારોપમુખથી=અધ્યારોપ દ્વારા, અન્ય સાધુ સંબંધી એવા ગુણને મનમાં કરીને નમસ્કાર કરે=નમસ્કાર કરનાર નમસ્કાર કરે.

तद् न, તેને આચાર્યશ્રી કહે છે કે પૂર્વપક્ષીનું તે કથન બરાબર નથી. તેમાં હેતુ કહે છે -

तेषां ..... दोषदर्शनात् । તેઓનું=પાર્શ્વસ્થાદિનું સાવદ્યકર્મયુક્તપણું હોવાને કારણે અધ્યારોપના વિષયના સ્વરૂપનું વિકલપણું છે, અને અવિષયમાં અધ્યારોપ પણ કરીને નમસ્કાર કરનારને દોષદર્શન છે.

✪ अध्यारोपविषयलक्षणविकलत्वाद् - આ મુજબનો પાઠ મુદ્રિત પુસ્તકમાં તથા આવશ્યકનિર્યુક્તિમાં છે, જ્યારે પ્રતિમાશતકની હસ્તલિખિત પ્રતમાં अध्यारोपलक्षणाविषयत्वात् પાઠ છે, તે મુજબ અર્થ આ પ્રમાણે થાય=અધ્યારોપના સ્વરૂપનું અવિષયપણું છે. આ બંને પાઠ સંગત છે.

आह च - અને કહે છે અર્થાત્ અવિષયમાં અધ્યારોપ કરીને નમસ્કાર કરનારને દોષ થાય. તે કહે છે -

**ગાથાર્થ :–**

**जह ... दोसो ।। जह वेलंबगतिगं जाणं=જે પ્રમાણે વિડંબકલિંગને જાણીને तस्स णमओ दोसो हवइइंतेને નમસ્કાર કરનારને દોષ થાય છે, इय=એ રીતે णिद्धंधसं णाऊण=નિર્ધ્વંસ જાણીને અર્થાત્ નિર્ધ્વંસ એવા પાર્શ્વસ્થાદિને જાણીને वंदमाणे=નમસ્કાર કરાતે છતે धुवो दोसो=નક્કી દોષ છે અર્થાત્ નમસ્કાર કરનારને નક્કી દોષ છે.**

**વ્યાખ્યાર્થ :–**

यथा ..... आज्ञाविराधनादिलक्षणः । જે પ્રમાણે ભાંડાદિકૃત=બહુરૂપીકૃત, વિડંબકલિંગને જાણીને નમસ્કાર કરતા એવા આને=નમસ્કાર કરનારને, પ્રવચન હીલનાદિરૂપ દોષ છે, इय=एवं=એ રીતે નિર્ધ્વંસને=પ્રવચન ઉપઘાત નિરપેક્ષ એવા પાર્શ્વસ્થાદિને, જાણીને નમસ્કાર કરાયે છતે નમસ્કાર કરનારમાં ધ્રુવ=નક્કી, આજ્ઞાવિરાધનાદિ સ્વરૂપ દોષ છે.

મૂળ ગાથામાં પાઠાંતર બતાવે છે –

पाठान्तरं वा ... गाथार्थ इति ।। નિર્ધ્વંસ પણ જાણીને વંદન કરનારને દોષ જ છે=આજ્ઞાવિરાધનાદિ સ્વરૂપ દોષ છે.

णिद्धंधसं पि ... - એ પાઠાંતર પ્રકટ અર્થવાળો જ=સ્પષ્ટ અર્થવાળો જ છે, એ પ્રમાણે ગાથાર્થ છે.

**'इति' શબ્દ આવશ્યકનિર્યુક્તિના કથનની સમાપ્તિ સૂચક છે.**

**ભાવાર્થ :–**

આવશ્યકનિર્યુક્તિના પાઠમાં एवम् થી प्रभवा સુધી જે કથન કર્યું, એ કથન પૂર્વે આવશ્યકનિર્યુક્તિમાં સંયમમાં ઉદ્યત વિહારવાળા અને ઉદ્યત વિહાર વગરના સાધુઓ બતાવ્યા, અને તેમના સંબંધી વંદન વિષયક ઉચિત વિધિ બતાવી કે ઉદ્યત વિહારીને સુસાધુ માનીને વંદન થઈ શકે અને ઉદ્યત વિહારી સિવાયનાને સુસાધુ માનીને વંદન થઈ શકે નહિ. ત્યાં પૂર્વપક્ષી કહે છે –

આ સાધુમાં ઉદ્યત વિહારરૂપ પર્યાય છે અને આ સાધુમાં ઉદ્યત વિહારરૂપ પર્યાય નથી, તેની વિચારણા કરવી વંદન કરનારને આવશ્યક નથી; કેમ કે પોતાના ભાવની વિશુદ્ધિથી વંદન કરનારને નિર્જરાની પ્રાપ્તિ થાય. તેથી ભગવાને બતાવેલ આ સાધુનો વેશ છે, માટે તેમને નમન કરવું યુક્ત છે, પરંતુ સાધુવેશવાળામાં સાધુના ગુણો છે અથવા સાધુના ગુણો નથી, તેનો વિચાર કરવો વંદન કરનાર માટે નિષ્ફળ છે. તેમાં પૂર્વપક્ષી યુક્તિ બતાવે છે –

સાધુમાં રહેલા સુસાધુના ગુણને કારણે નમસ્કાર કરનારને નિર્જરા થતી નથી, પરંતુ પોતાના અધ્યાત્મની શુદ્ધિથી નિર્જરા થાય છે. તેથી સાધુના વેશને જોઈને તેઓને નમસ્કાર કરે તો નમસ્કાર કરનારને અધ્યાત્મની શુદ્ધિ થઈ શકે છે. માટે આ સાધુ સંયમમાં ઉદ્યત વિહારવાળા છે અને આ સાધુ સંયમમાં ઉદ્યત વિહારવાળા નથી, તેવી વિચારણા કરવી વંદન કરનાર માટે આવશ્યક નથી.

આવશ્યકનિર્યુક્તિમાં ઉદ્યત વિહારી અને શિથિલ વિહારીવિષયક વંદનની વિધિ પ્રતિપાદન કરાઈ, ત્યાં પૂર્વપક્ષી કહે છે –

વંદન કરનારના અધ્યવસાયથી નિર્જરા થાય છે. તેથી સાધુવેષધારી વ્યક્તિ સુસાધુ છે કે કુસાધુ છે, તેનો વિચાર વંદન કરનારને કરવાનો નથી, પરંતુ વિશુદ્ધ ભાવથી વંદન કરે તો વંદન કરનારને નિર્જરાની પ્રાપ્તિ થાય અને તેની પુષ્ટિ માટે तथाहि થી સાક્ષી આપી, તેનો ભાવ આ પ્રમાણે છે –

તીર્થંકરના ગુણો પ્રતિમામાં નથી, એમ જાણનારને પણ તીર્થંકરની પ્રતિમાને નમસ્કાર કરવાથી પોતાના ભાવની વિશુદ્ધિને કારણે વિપુલ નિર્જરા થાય છે. એ રીતે પાર્શ્વસ્થાદિમાં પણ ભગવાને બતાવેલું

આ સાધુનું લિંગ છે, તેથી ગુણરહિત એવા સાધુને પણ વંદન કરનારને પોતાના અધ્યવસાયની શુદ્ધિથી વિપુલ નિર્જરા થાય છે. આ પ્રકારની પૂર્વપક્ષીની યુક્તિના જવાબરૂપે ગ્રંથકારશ્રી, પૂર્વપક્ષીએ આપેલા પ્રતિમાના દૃષ્ટાંત અને પાર્શ્વસ્થાદિ દાર્ષ્ટાંતિક ભાવમાં વિષમતા છે, તે બતાવે છે –

તીર્થંકરના ગુણો તીર્થંકરમાં છે અને તીર્થંકરની પ્રતિમાને વંદન કરનારા વિચારે છે કે આ તીર્થંકરની પ્રતિમા છે અને તેમને હું નમસ્કાર કરું છું; અને તીર્થંકરની પ્રતિમામાં સાવદ્ય ક્રિયા નથી, તેથી તીર્થંકરની પ્રતિમાને વંદન કરનારાને સાવદ્ય ક્રિયાની અનુમતિ નથી; અને ભગવાને બતાવેલ લિંગ ધારણ કરનાર પાર્શ્વસ્થાદિમાં સાવદ્ય ક્રિયા છે, તેથી તેમને નમસ્કાર કરનારને પાર્શ્વસ્થાદિમાં વર્તતી સાવદ્ય ક્રિયાની અનુમોદનાનું પાપ લાગે છે.

આવશ્યકનિર્યુક્તિની પ્રસ્તુત ગાથા-૧૧૩૨માં तेसिमं तु अज्झप्पं તેનો બે રીતે અર્થ કર્યો: તેમાં પ્રથમ અર્થ પ્રમાણે तस्य इयं='તે અરિહંતની આ પ્રતિમા છે' એ પ્રકારનો અધ્યવસાય છે, અને બીજા વિકલ્પ પ્રમાણે 'આ અરિહંત ભગવાન છે' એ પ્રકારનો અધ્યવસાય છે. તેથી પ્રતિમામાં અરિહંતના ગુણોના અધ્યારોપ દ્વારા પ્રતિમાને અરિહંત ભગવાનરૂપે જોવામાં આવે છે. તેથી ત્યાં તાદ્રૂપ્યનો અધ્યવસાય છે.

આનાથી એ ફલિત થાય છે કે પ્રથમ અર્થ પ્રમાણે : 'આ અરિહંતની પ્રતિમા છે' તેથી ત્યાં અરિહંતની સાથે પ્રતિમાનું ભેદજ્ઞાન છે, તોપણ અરિહંત સાથે આ પ્રતિમા સંબંધિત છે તેવું જ્ઞાન છે, અને બીજા અર્થ પ્રમાણે - "આવા ગુણવાળા અરિહંતો છે તેમને હું નમસ્કાર કરું છું" એટલે પ્રતિમાને અરિહંતરૂપે જોવામાં આવે છે, તેથી પ્રતિમામાં તાદ્રૂપ્યની બુદ્ધિ છે, અને પ્રતિમા સાથે અરિહંતના અભેદનો અધ્યવસાય જેટલો પ્રકર્ષવાળો થાય છે, તેટલી નિર્જરા અધિક થાય છે, તેથી પ્રથમ વિકલ્પ કરતાં બીજા વિકલ્પમાં પ્રતિમાની સાથે અભેદ બુદ્ધિ હોવાને કારણે વિશેષ નિર્જરા પ્રાપ્ત થાય છે.

પૂર્વે ગ્રંથકારે આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૩૨માં સ્થાપન કર્યું કે પ્રતિમામાં સાવદ્ય ક્રિયા નથી અને પાર્શ્વસ્થાદિમાં સાવદ્ય ક્રિયા છે, તેથી પ્રતિમાને નમસ્કાર કરનારને સાવદ્યની અનુમતિનો દોષ નથી અને પાર્શ્વસ્થાદિને નમસ્કાર કરનારને સાવદ્યની અનુમતિનો દોષ છે. ત્યાં પ્રશ્નકાર પૂર્વપક્ષી કહે છે –

જેમ પ્રતિમામાં સાવદ્ય ક્રિયા નથી, તેમ નિરવદ્ય ક્રિયા પણ નથી. તેથી એ પ્રાપ્ત થાય કે પાર્શ્વસ્થાદિમાં સાવદ્ય ક્રિયા હોવાને કારણે વંદન કરનારને સાવદ્ય ક્રિયાની અનુમોદના પ્રાપ્ત થાય છે, તેથી પાપ બંધાય છે, તેમ પ્રતિમામાં નિરવદ્ય ક્રિયા નહિ હોવાથી નમસ્કાર કરનારને પુણ્યબંધની પ્રાપ્તિ પણ થવી જોઈએ નહિ; કેમ કે સાવદ્ય ક્રિયાની અનુમોદનાથી પાપ બંધાય છે તેમ નિરવદ્ય ક્રિયાની અનુમોદનાથી પુણ્યબંધ થઈ શકે છે, અને પ્રતિમામાં નિરવદ્ય ક્રિયા નથી, માટે નમસ્કાર કરનારને પુણ્યબંધ થાય નહિ. સ્વકથનની પુષ્ટિ કરવા માટે પૂર્વપક્ષી કહે છે –

જો તમે પ્રતિમાને નમસ્કાર કરનારને પુણ્યબંધ થાય છે તેમ સ્વીકારશો તો પુણ્યબંધ નિષ્કારણ થાય છે, તેમ તમારે માનવું પડશે; કેમ કે પાર્શ્વસ્થાદિમાં સાવદ્ય ક્રિયા છે, માટે વંદન કરનારને સાવદ્ય ક્રિયાની અનુમોદના થાય છે, એમ તમે યુક્તિ આપી. એ પ્રમાણે જેને પ્રણામ કરવામાં આવે છે, તેવા પાર્શ્વસ્થાદિ

વિષયક સાવદ્યક્રિયાહેતુક વંદન કરનારને પાપબંધ રૂપ ફળ છે, તેમ પ્રતિમામાં નિરવદ્ય ક્રિયા નહિ હોવાથી નિરવદ્યક્રિયાહેતુક પુણ્યબંધરૂપ ફળ નથી, પરંતુ નિષ્કારણ છે તેમ માનવું પડે.

અહીં ગ્રંથકારશ્રી કહે છે કે પ્રતિમાને નમસ્કાર કરનારને પ્રતિમામાં નિરવદ્ય ક્રિયા નહિ હોવા છતાં પુણ્યબંધરૂપ ફળ થાય છે તેમ સ્વીકારીએ તો શું વાંધો આવે ? તો પૂર્વપક્ષી કહે છે –

અહેતુક કર્મબંધ થાય=અહેતુક કર્મબંધ સ્વીકારીએ તો કારણ વગર કર્મબંધ રૂપ ફળ થાય છે તેમ માનવું પડે, અને તેમ સ્વીકારીએ તો મોક્ષમાં ગયેલા જીવો પણ વગર કારણે કર્મ બાંધી શકે તેમ માનવું પડે, તેથી મોક્ષના અભાવની પ્રાપ્તિ થાય.

વળી, પુણ્યબંધના ઉપાયોના સેવન વગર પણ પુણ્યબંધની પ્રાપ્તિ અને પાપના ઉપાયોના સેવન વગર પણ પાપબંધની પ્રાપ્તિ સ્વીકારવાની આપત્તિ આવે. માટે પ્રતિમાને વંદન કરવાથી નિર્જરા થાય છે તેમ માની શકાય નહિ; અને પ્રતિમાને વંદન કરવાથી નિર્જરા થાય છે, તેમ સ્વીકારીએ તો એમ જ સ્વીકારવું પડે કે વંદન કરનારના અધ્યવસાયને કારણે વંદન કરનારને નિર્જરા થાય છે, પણ પ્રતિમાવિષયક નિરવદ્ય ક્રિયાને કારણે નિર્જરા થતી નથી; અને તેમ સ્વીકારીએ તો અર્થથી એ પ્રાપ્ત થાય કે પાર્શ્વસ્થાદિને વંદન કરનારને પણ પોતાના અધ્યવસાયના બળથી નિર્જરા થાય છે, પરંતુ પાર્શ્વસ્થાદિ વિષયક સાવદ્ય ક્રિયાને કારણે પાપબંધ થાય છે, તેમ માની શકાય નહિ; કેમ કે પ્રણમ્ય વિષયક સાવદ્ય કે નિરવદ્ય ભાવોને કારણે પુણ્યબંધ કે નિર્જરા થતી નથી, પરંતુ વંદન કરનારના અધ્યવસાયને આશ્રયીને કર્મબંધ કે નિર્જરા થાય છે. તેથી પાર્શ્વસ્થાદિમાં, આ ભગવાને કહેલ વેશ છે, તેવી બુદ્ધિ કરીને શુભ અધ્યવસાયથી કોઈ પાર્શ્વસ્થાદિને વંદન કરે તો વંદન કરનારને પોતાના અધ્યવસાય પ્રમાણે નિર્જરા થાય છે, તેમ માનવું જોઈએ, અને આમ માનો તો જ મોક્ષાદિ પદાર્થોની સંગતિ થાય. આ પ્રકારનો ચોદક=પ્રશ્નકાર એવા પૂર્વપક્ષીનો આશય છે.

પૂર્વમાં ગાથા-૧૧૩૩માં પૂર્વપક્ષીએ કહ્યું કે પ્રતિમામાં જેમ સાવદ્યક્રિયા નથી, તેમ નિરવદ્યક્રિયા પણ નથી. તેથી જો સાવદ્યક્રિયાને કારણે પાર્શ્વસ્થાદિને વંદન કરવાથી કર્મબંધ પ્રાપ્ત થતો હોય તો નિરવદ્યક્રિયા ન હોવાને કારણે પ્રતિમાને નમસ્કાર કરવાથી પણ પુણ્યબંધ થવો ન જોઈએ.

આનાથી અર્થથી એ પ્રાપ્ત થયું કે વંદ્યગત સાવદ્યક્રિયા કે નિરવદ્યક્રિયા પુણ્યબંધ કે પાપબંધનું કારણ નથી, પણ વંદન કરનારનો અધ્યવસાય પુણ્યબંધ કે પાપબંધ પ્રત્યે કારણ છે. આ પ્રમાણે યુક્તિથી બતાવીને પૂર્વપક્ષીને એ સ્થાપન કરવું છે કે આ સાધુ ઉદ્યતવિહારી છે અને આ સાધુ શિથિલવિહારી છે, તેવી વિચારણા વંદન કરનારને આવશ્યક નથી. તેનું નિરાકરણ કરવા માટે આચાર્યશ્રી કહે છે –

પ્રતિમામાં સાવદ્યક્રિયા નથી અને નિરવદ્યક્રિયા પણ નથી તોપણ મનની વિશુદ્ધિથી વંદન કરનારને પુણ્યબંધ સ્વરૂપ ફળ થાય છે અને તે મનની વિશુદ્ધિમાં પ્રતિમા કારણ છે. ત્યાં પૂર્વપક્ષી કહે છે –

પ્રતિમાની જેમ પાર્શ્વસ્થાદિનું દ્રવ્યલિંગ પણ મનની વિશુદ્ધિનું કારણ થાય, માટે પાર્શ્વસ્થાદિને વંદન કરવામાં વંદનકના અધ્યવસાયથી નિર્જરા થઈ શકે છે. તેને આચાર્યશ્રી કહે છે –

જોકે પ્રતિમામાં જેમ વીતરાગનો સંકલ્પ થાય છે તેથી વંદન કરનારને નિર્જરા થાય છે, તેમ દ્રવ્યલિંગ મુનિગુણના સંકલ્પનું કારણ છે તે અપેક્ષાએ દ્રવ્યલિંગ પણ વંદન કરનારને નિર્જરાનું કારણ છે, તેમ માનવું

પડે; તોપણ પાર્શ્વસ્થાદિમાં અને પ્રતિમામાં વૈધર્મ્ય છે; કેમ કે દ્રવ્યલિંગમાં સાવદ્યકર્મ છે અને નિરવદ્ય કર્મ પણ છે. જે દ્રવ્યલિંગ નિરવદ્યકર્મયુક્ત છે ત્યાં મુનિના ગુણનો સંકલ્પ કરવામાં આવે તો તે સમ્યક્ સંકલ્પ છે, તેથી સમ્યક્ સંકલ્પને કારણે દ્રવ્યલિંગવાળા એવા સુસાધુને વંદન કરવાથી પુણ્યબંધ થાય છે; અને જે દ્રવ્યલિંગ સાવદ્યકર્મયુક્ત છે ત્યાં મુનિના ગુણનો સંકલ્પ કરવામાં આવે તો તે સંકલ્પ વિપર્યાસરૂપ છે, તેથી તે સંકલ્પ ક્લેશફળવાળો છે અર્થાત્ સાવદ્યયુક્ત એવા દ્રવ્યલિંગધારીમાં આ ગુણવાન છે, એવો વિપરીત અધ્યવસાય છે, તેથી કર્મબંધને અનુકૂળ એવો ક્લેશવાળો આ પરિણામ છે. માટે નિરવદ્યક્રિયાયુક્ત લિંગીને વંદન કરવાથી નિર્જરા ફળની પ્રાપ્તિ હોવા છતાં સાવદ્યક્રિયાયુક્ત લિંગીને વંદન કરવાથી તેમનામાં રહેલી સાવદ્યક્રિયાની પ્રશંસા કરવારૂપ ક્લેશની પ્રાપ્તિ થાય છે, માટે કર્મબંધ થાય છે; અને પ્રતિમામાં સાવદ્યકર્મ કે નિરવદ્યકર્મ બંને નથી; કેમ કે પ્રતિમા ચેષ્ટારહિત છે, માટે પ્રતિમામાં જિનગુણવિષયક સંકલ્પ છે, તે વિપર્યાસરૂપ નથી, માટે સંક્લેશફળવાળો નથી; કેમ કે પ્રતિમામાં સાવદ્યક્રિયા નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે પ્રતિમામાં સાવદ્યક્રિયા નહિ હોવાને કારણે વંદન કરનારને સાવદ્યક્રિયાની અનુમોદનાનો અધ્યવસાય થતો નથી, જ્યારે પાર્શ્વસ્થાદિમાં સાવદ્યક્રિયા હોવાને કારણે વંદન કરનારને સાવદ્યક્રિયાના અનુમોદનનો અધ્યવસાય થાય છે. ત્યાં પૂર્વપક્ષી કહે છે –

તમે સ્થાપન કર્યું એ રીતે પ્રતિમામાં નિરવદ્યક્રિયા પણ નથી. તેથી પુણ્યફળને ઉત્પન્ન કરે તેવો સમ્યક્ સંકલ્પ પણ ત્યાં પ્રાપ્ત થાય નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પ્રતિમાને વંદન કરનાર તીર્થંકરગુણના અધ્યારોપથી પ્રવૃત્તિ કરે છે. તેથી પુણ્યફળવાળો એવો સમ્યક્ સંકલ્પ વંદન કરનારને પ્રાપ્ત થાય છે; કેમ કે તીર્થંકરના ગુણોનો પ્રતિમામાં અધ્યારોપ હોવાથી 'તે તીર્થંકરના આ ગુણોને હું વંદન કરું છું' એવો સમ્યક્ સંકલ્પ ત્યાં વર્તે છે, જે પુણ્યબંધનું કારણ છે.

પૂર્વે ગાથા-૧૧૩૫ની ટીકાના અંતમાં કહ્યું કે તીર્થંકરની પ્રતિમામાં નિરવદ્યકર્મ નહિ હોવા છતાં તીર્થંકરના ગુણના અધ્યારોપથી વંદનની પ્રવૃત્તિ હોવાને કારણે સમ્યક્ સંકલ્પનો અભાવ નથી. તે સમ્યક્ સંકલ્પનો અભાવ કઈ રીતે નથી, તે આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૩૬માં સ્પષ્ટ કરે છે –

તીર્થંકરમાં નિયમથી જ્ઞાનાદિ ગુણો છે અને પ્રતિમાને જોઈને પ્રતિમામાં તીર્થંકરના ગુણોનો અધ્યારોપ થવાના કારણે અર્થાત્ તીર્થંકરમાં જે ગુણો છે તે ગુણવાળા એવા તીર્થંકરની આ પ્રતિમા છે, એવો અધ્યારોપ થવાને કારણે તીર્થંકરના ગુણને મનમાં કરીને, ચિત્તમાં સ્થાપન કરીને, પ્રતિમાને નમસ્કાર કરનાર નમસ્કાર કરે છે, અને આ નમસ્કાર જિનગુણના સંકલ્પવાળો હોવાથી પુણ્યફળવાળો છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે તીર્થંકરની પ્રતિમામાં સંયમના પાલનરૂપ નિરવદ્યકર્મ નથી, તેથી ત્યાં જિનગુણનો સંકલ્પ કઈ રીતે શુભ કહી શકાય ? તેથી આચાર્યશ્રી કહે છે –

નિરવદ્ય ક્રિયાના અભાવમાત્રથી વિપર્યાસ સંકલ્પ થતો નથી, પરંતુ જે વસ્તુમાં સાવદ્યકર્મ હોય ત્યાં ગુણનો સંકલ્પ કરવામાં આવે તો વિપર્યાસ સંકલ્પ થાય છે, અને પ્રતિમામાં નિરવદ્યક્રિયા નહિ હોવા છતાં સાવદ્યક્રિયા પણ નથી, માટે વિપર્યાસ સંકલ્પ નથી. જ્યારે પાર્શ્વસ્થાદિમાં તો ગુણો નથી, તેથી કયા ગુણને

મનમાં કરીને તેઓને નમસ્કાર કરે ? અર્થાત્ કોઈ ગુણનું સ્મરણ કરીને પાર્શ્વસ્થાદિને નમસ્કાર થઈ શકે નહિ, પરંતુ પ્રતિમામાં તો તીર્થંકરના ગુણોનું સ્મરણ કરીને નમસ્કાર થઈ શકે છે.

આનાથી એ ફલિત થયું કે સાવદ્યકર્મવાળા પાર્શ્વસ્થાદિમાં ગુણોનું સ્મરણ કરીને નમસ્કાર થઈ શકે નહિ. કેમ થઈ શકે નહિ ? તે ગાથા-૧૧૩૭ થી આચાર્યશ્રી સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે ભાંડાદિ=બહુરૂપી પાત્ર ભજવનાર=નાટક કરનાર, સાધુનો વેષ ગ્રહણ કરીને નાટક ભજવતો હોય, તેને સાધુ જાણીને કોઈ નમસ્કાર કરે તો પ્રવચનહીલનાદિ દોષ થાય છે, એ રીતે પ્રવચનના ઉપઘાતથી નિરપેક્ષ એવા પાર્શ્વસ્થાદિને જાણીને વંદન કરે તો વંદન કરનારને આજ્ઞાવિરાધનાદિ સ્વરૂપ દોષો પ્રાપ્ત થાય છે.

અહીં પ્રવચન ઉપઘાત નિરપેક્ષ પાર્શ્વસ્થાદિનું ગ્રહણ કર્યું, તેથી અર્થથી એ ફલિત થયું કે દેશપાર્શ્વસ્થમાં ભગવાનના વચનનો રાગ હોય છે, તેથી દેશપાર્શ્વસ્થના તેટલા ગુણોને મનમાં કરીને નમસ્કાર કરનારને આજ્ઞાવિરાધનાદિ દોષોની પ્રાપ્તિ નથી; પરંતુ જે સર્વપાર્શ્વસ્થ છે તેઓ સંપૂર્ણ ગુણથી રહિત છે, માટે બહુરૂપી જેવા વેષવિડંબક છે. તેથી તેઓને નમસ્કાર કરવાથી તેમનામાં રહેલ સાવદ્યક્રિયાની અનુમોદના પ્રાપ્ત થાય.

**ટીકા :-**

**अत्राकारमात्रतुल्ये कतिपयगुणयुक्ते वा अध्यारोपोऽप्युचित इति वचनादन्यत्रेष्टसाधनत्वज्ञानाभावादाहार्यारोपोऽप्यनुपपन्न इति गच्छान्तरीयसाधौ अध्यारोपेणाप्यवन्द्यत्वं तादृशप्रतिमायां तु आरोपविषयत्वाद् वन्द्यत्वमेव इति उक्तानुमाने साधनावच्छिन्नसाध्यव्यापकम् उद्भूतदोषवत्त्वम् उपाधिरिति यत्किञ्चिदेतत् ।।७३।।**

**ટીકાર્થ :-**

**अत्र ..... यत्किञ्चिदेतत् ।। અહીંયાં=પૂર્વે કહેલ આવશ્યકનિર્યુક્તિ પાઠવિષયક શંકા-સમાધાનનો ગ્રંથ બતાવ્યો એમાં, આકારમાત્રથી તુલ્યમાં અથવા કેટલાક ગુણયુક્તમાં=આકાર તુલ્ય હોતે છતે કેટલાક ગુણયુક્ત એવા સાધુમાં, અધ્યારોપ પણ ઉચિત છે, એવું વચન હોવાને કારણે, અન્યત્ર= આકારમાત્રતુલ્યથી અન્યત્ર કે આકારથી તુલ્ય કેટલાક ગુણયુક્તથી અન્યત્ર, ઈષ્ટસાધનત્વજ્ઞાનના અભાવને કારણે=આહાર્ય આરોપ કરીને વંદન કરવાથી આ વંદનક્રિયા ઈષ્ટ એવા નિર્જરારૂપ ફળનું સાધન છે એવા જ્ઞાનનો અભાવ હોવાને કારણે, આહાર્ય આરોપ પણ અનુપપન્ન છે=અસંગત છે, એથી કરીને ગચ્છાન્તરીય સાધુમાં અધ્યારોપથી પણ અવંદનીયપણું છે. વળી તેવા પ્રકારની પ્રતિમામાં=ગચ્છાન્તરીય પરિગૃહીત પ્રતિમામાં, આરોપનું વિષયપણું હોવાથી=આકારમાત્ર તુલ્ય હોવાને કારણે આરોપનું વિષયપણું હોવાથી વંદ્યપણું જ છે, એથી કરીને ઉક્ત અનુમાનમાં=પૂર્વે કહેલ કે, गच्छान्तरीया प्रतिमा न वन्दनीया गच्छान्तरपरिगृहीतत्वात् ।=ગચ્છાંતરીય પ્રતિમા વંદનીય નથી; કેમ કે**

**ગચ્છાંતર પરિગૃહીતપણું છે એ પ્રકારના પૂર્વપક્ષીએ કરેલ અનુમાનમાં, સાધનાવચ્છિન્ન સાધ્યવ્યાપક એવી ઉદ્‌ભૂત દોષવત્વ ઉપાધિ છે=ગચ્છાન્તર પરિગૃહીતત્વરૂપ સાધનથી અવચ્છિન્ન એવું જે અવંદનીયત્વરૂપ સાધ્ય એનું વ્યાપક ઉદ્‌ભૂત દોષવત્ત્વ=ઉદ્‌ભૂત દોષ, તે ઉપાધિ છે. એથી કરીને આ=પૂર્વપક્ષીએ અનુમાન કર્યું કે ગચ્છાંતરીય પ્રતિમા અવંદનીય છે; કેમ કે ગચ્છાંતરથી પરિગૃહીત છે એ, અનુમાન યત્કિંચિત્ છે અર્થાત્ સોપાધિક હેતુ હોવાથી હેતુ સાધ્યનો ગમક નથી. માટે આ અનુમાન અર્થ વગરનું છે. ॥૭૩॥**

**ભાવાર્થ :-**

આવશ્યકનિર્યુક્તિના પાઠની પૂર્વે પૂર્વપક્ષીએ અનુમાન કર્યું કે - गच्छान्तरीया प्रतिमा न वन्दनीया, गच्छान्तर-परिगृहीतत्वात् । ગચ્છાંતર પ્રતિમાને વંદન કરવું ઉચિત નથી; કેમ કે ગચ્છાંતરથી પરિગૃહીત છે, એમાં દૃષ્ટાંત આપ્યું કે જેમ ગચ્છાંતરીય સાધુ વંદનીય નથી, તેમ ગચ્છાંતરીય પ્રતિમા વંદનીય નથી. તેને ગ્રંથકારે કહ્યું કે આ રીતે ગચ્છાંતરીય પ્રતિમાને અવંદનીય કહેનાર વડે આવશ્યકનિર્યુક્તિનો પાઠ જોવાયો નથી. તે આવશ્યકનિર્યુક્તિનો પાઠ અહીં સુધી બતાવ્યો.

હવે તે આવશ્યકનિર્યુક્તિના પાઠના બળથી ગચ્છાંતરીય પ્રતિમા વંદનીય કઈ રીતે સિદ્ધ થાય છે, તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

આ આવશ્યકનિર્યુક્તિના પાઠથી એ પ્રાપ્ત થયું કે આકારમાત્ર તુલ્યમાં કે આકાર તુલ્ય હોતે છતે કેટલાક ગુણયુક્ત સાધુમાં અધ્યારોપ ઉચિત છે.

આનાથી એ ફલિત થાય છે કે ગચ્છાંતરીય પ્રતિમા આકારમાત્રથી તુલ્ય છે અને દેશ પાર્શ્વસ્થ સાધુવેશમાં હોવાથી આકારથી તુલ્ય છે અને કેટલાક ગુણથી યુક્ત છે, તે બંનેમાં અધ્યારોપ કરીને વંદન થઈ શકે, અને જ્યાં આકારમાત્ર તુલ્યતા ન હોય અને કેટલાક ગુણો પણ ન હોય, માત્ર સાધુવેષ હોય ત્યાં વંદન થઈ શકે નહિ. તેથી તેવા સ્થાનમાં "આમને કરાતું વંદન મારા ઇષ્ટનું સાધન નથી" તેવું જ્ઞાન થવાને કારણે વિવેકી વ્યક્તિ આહાર્ય આરોપ પણ કરે નહિ.

અહીં વિશેષ એ છે કે જેમનામાં ભાવથી સંયમનો પરિણામ વર્તતો હોય તેવા સાધુ તો અધ્યારોપ વગર જ વંદનીય છે. પરંતુ ભાવથી સંયમનો પરિણામ ન વર્તતો હોય તોપણ, ભગવાનના શાસન પ્રત્યે પક્ષપાત ધારણ કરીને ભગવાને બતાવેલા સન્માર્ગરૂપ સંયમને ગ્રહણ કરીને દ્રવ્યથી સંયમની આચરણા કરતા હોય એવા સ્વગચ્છમાં રહેલા અપુનર્બંધકો કે સંવિગ્નપાક્ષિક વગેરે કેટલાક ગુણથી યુક્ત છે, તેઓમાં સાધુવેશ હોવાને કારણે અધ્યારોપ કરવો ઉચિત છે.

અન્ય ગચ્છમાં રહેલા પ્રકૃતિથી ભદ્રક પરિણામવાળા હોય તોપણ સર્વજ્ઞને અનભિમત એવા વિપરીત માર્ગમાં સંસ્થિત હોવાને કારણે કેટલાક ગુણયુક્ત હોવા છતાં સાધુવેશરૂપ આકાર નહિ હોવાથી વંદનીય બને નહીં; અને સ્વગચ્છમાં પણ ભગવાનના વચનના અનુસારે ચાલવાની મતિવાળા નથી, પરંતુ નિર્ધ્વંસ

પરિણામવાળા છે, તેઓ કેટલાક ગુણવાળા નથી; માટે સાધુના ગુણોનો આરોપ કરીને વંદનીય બને નહીં, પરંતુ જેઓ ભગવાને બતાવેલા માર્ગમાં ઔચિત્યપૂર્વક યત્ન કરનારા અપુનર્બંધકો, સંવિગ્નપાક્ષિકો વગેરે કતિપયગુણવાળા છે, તેઓમાં અધ્યારોપ કરીને વંદન કરવું ઉચિત છે. આ પ્રકારનું આવશ્યકનિર્યુક્તિનું વચન છે. આથી ગચ્છાંતરીય સાધુમાં સંયમને અનુકૂળ કેટલાક ગુણો નહિ હોવાને કારણે અથવા વિપરીત માર્ગમાં સંસ્થિત હોવાને કારણે ઉદ્ભૂતદોષો છે અર્થાત્ પ્રગટ દોષો છે માટે અધ્યારોપ થઈ શકે નહિ, તેથી વંદનીય નથી; જ્યારે ગચ્છાંતરીય પરિગૃહીત પ્રતિમામાં આકારમાત્ર તુલ્યપણું હોવાને કારણે જિનગુણનો આરોપ કરીને વંદન કરી શકાય છે.

ઉપરમાં કહ્યો એવો અર્થ ફલિત થવાને કારણે ઉક્ત અનુમાનમાં=પૂર્વપક્ષીએ કરેલ અનુમાનમાં, ઉપાધિ દોષ છે. તેથી પૂર્વપક્ષીનું અનુમાન અર્થ વગરનું છે અને તે ઉપાધિ દોષ આ રીતે છે –

પૂર્વપક્ષીએ અનુમાન કરેલ કે "ગચ્છાંતરીય પ્રતિમા અવંદનીય છે; કેમ કે ગચ્છાંતર પરિગૃહીતપણું છે." આ અનુમાનમાં ગચ્છાંતર પરિગૃહીતત્વરૂપ હેતુ સોપાધિક છે અને સોપાધિક હેતુ સાધ્યનો અનુમાપક બની શકે નહિ.

જેમ - કોઈ અનુમાન કરે કે 'पर्वतो धूमवान् वह्नेः ।' પર્વત ધૂમવાળો છે; કેમ કે વહ્નિવાળો છે. આ પ્રકારના અનુમાનમાં વહ્નિરૂપ હેતુ સોપાધિક હોવાને કારણે ધૂમનો અનુમાપક બનતો નથી. વહ્નિરૂપ હેતુ સોપાધિક આ રીતે છે –

આર્દ્રેંધન સંયુક્ત વહ્નિ જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં ધૂમ હોય એ પ્રકારની વ્યાપ્તિ છે. તેથી આર્દ્રેંધન સંયોગરૂપ વિશેષણથી વિશિષ્ટ વહ્નિ સાથે ધૂમની વ્યાપ્તિ છે, કેવલ વહ્નિ સાથે ધૂમની વ્યાપ્તિ નથી. તેથી એ ફલિત થાય છે કે વ્યાપ્તિમાં જે વિશેષણ અંશ છે, તે ઉપાધિ છે. માટે આર્દ્રેંધન સંયોગ ઉપાધિ છે અને ઉપાધિવાળા હેતુ સાથે સાધ્યની વ્યાપ્તિ હોવાથી ઉપાધિવગરનો વહ્નિરૂપ હેતુ સાધ્યનો ગમક બને નહીં તેથી અનુમાન કરવામાં આવે કે પર્વત ધૂમવાળો છે; કેમ કે આર્દ્રેંધન સંયોગવિશિષ્ટ વહ્નિવાળો છે, તો તે અનુમાન સાચું બને. પરંતુ જે અનુમાનમાં આર્દ્રેંધન સંયોગરૂપ વિશેષણાંશ ન હોય તેવો વહ્નિરૂપ હેતુ સાધ્યનો ગમક બને નહિ. તેથી જે અનુમાનમાં હેતુની વ્યાપ્તિ ઉપાધિથી સહિત પ્રાપ્ત થતી હોય તે અનુમાનમાં બતાવેલ હેતુમાં ઉપાધિરૂપ વિશેષણાંશ ન હોય તો તે હેતુથી સાધ્યની સિદ્ધિ થતી નથી.

આવશ્યકનિર્યુક્તિના પાઠ પૂર્વે પૂર્વપક્ષીએ અનુમાન કરેલ કે "गच्छान्तरीयप्रतिमा न वन्दनीया गच्छान्तर-परिगृहीतत्वात् यथाऽन्यगच्छसाधुः" આ અનુમાનમાં गच्छान्तरपरिगृहीतत्व રૂપ હેતુની સાધ્ય સાથે વ્યાપ્તિ નથી, પરંતુ उद्भूतदोषविशिष्टगच्छांतरपरिगृहीतत्व રૂપ હેતુની સાધ્ય સાથે વ્યાપ્તિ છે. માટે "गच्छान्तरीयप्रतिमा न वन्दनीया गच्छान्तरपरिगृहीतत्वात्" । આ પૂર્વપક્ષીએ કરેલ અનુમાનમાં गच्छान्तरपरिगृहीतत्व રૂપ હેતુ સાધ્યનો ગમક નથી, માટે પૂર્વપક્ષીએ કરેલ આ અનુમાનથી ગચ્છાંતરીય પ્રતિમા અવંદનીય સિદ્ધ થાય નહિ.

ઉપાધિનું લક્ષણ આ પ્રમાણે છે –

“साध्यव्यापकत्वे सति साधनाव्यापकत्वमुपाधिः”=સાધ્યનું વ્યાપકપણું હોતે છતે સાધનનું અવ્યાપકપણું હોય તે ઉપાધિ કહેવાય.

पर्वतो धूमवान् वह्नेः આ અનુમાનમાં આર્દ્રેધનસંયોગરૂપ ઉપાધિ ધૂમરૂપ સાધ્યની સાથે વ્યાપક હોતે છતે વહ્નિરૂપ સાધનની સાથે અવ્યાપક છે. તેથી વહ્નિરૂપ હેતુમાં આર્દ્રેધનસંયોગ ઉપાધિ છે. તેમ “गच्छान्तरीयप्रतिमा न वन्दनीया गच्छान्तरपरिगृहीतत्वात्” એ પ્રસ્તુત અનુમાનમાં ‘उद्भूतदोषवत्त्व’ એ ઉપાધિ છે. તેથી સુસાધુ પણ કોઈક નિમિત્તને પામીને ગચ્છાંતરીય સાધુથી પ્રભાવિત થઈને તે ગચ્છનો સ્વીકાર કરે ત્યારે તે ગચ્છાંતરથી પરિગૃહીત છે, અને તે વખતે તે સાધુમાં કતિપયગુણયુક્તત્વ રહેતું નથી, પરંતુ ઉદ્ભૂતદોષવત્ત્વ પ્રાપ્ત થાય છે; કેમ કે ભગવાનના મતથી વિપરીત મત પ્રત્યે રુચિરૂપ ઉદ્ભૂતદોષવત્ત્વ તે સાધુમાં છે, તેથી તે અવંદનીય બને છે. તેમ જે જિનપ્રતિમા દિગંબરાદિથી પરિગૃહીત હોય તે જિનપ્રતિમા ઉદ્ભૂત દોષવાળી છે, તેથી તે અવંદનીય પ્રાપ્ત થાય, પરંતુ માત્ર ગચ્છાંતરીય પ્રતિમામાં આકારમાત્ર તુલ્ય હોવાને કારણે અને પ્રતિમામાં દોષનો સંભવ નહિ હોવાને કારણે ઉદ્ભૂતદોષવત્ત્વ નથી, તેથી તે પ્રતિમામાં ગચ્છાંતરપરિગૃહીતત્વ હોવા છતાં ઉદ્ભૂતદોષવત્ત્વ નથી, માટે ગચ્છાંતરપરિગૃહીત પ્રતિમા અવંદનીય નથી.જેમ અયોગોલકમાં વહ્નિ હોવા છતાં તે વહ્નિમાં આર્દ્રેધનસંયોગરૂપ ઉપાધિ નથી તેથી અયોગોલકમાં ધૂમની પ્રાપ્તિ થતી નથી; તેમ પ્રતિમામાં પણ ગચ્છાંતરપરિગૃહીતત્વ હોવા છતાં ઉદ્ભૂતદોષવત્ત્વરૂપ ઉપાધિ નથી, તેથી અવંદનીયત્વની પ્રાપ્તિ થતી નથી.

વળી, આર્દ્રેધનસંયુક્ત વહ્નિ જ્યાં હોય ત્યાં અવશ્ય ધૂમની પ્રાપ્તિ થાય છે, તેમ ઉદ્ભૂતદોષવત્ત્વ વિશિષ્ટ ગચ્છાંતરપરિગૃહીતત્વ જ્યાં જ્યાં હોય ત્યાં અવંદનીયત્વ પ્રાપ્ત થાય છે, આથી ગચ્છાંતરમાં ગયેલ સાધુ ભગવાનના વચનથી વિપરીત માર્ગની રુચિવાળા હોવાને કારણે ઉદ્ભૂત દોષવાળા છે, માટે અવંદનીય છે. **॥૭૩॥**

**અવતરણિકા :-**

**उक्तमेव विवेचयन् वादिनो मुग्धतां दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**ઉક્તને જ=કહેવાયેલાને જ, વિવેચન કરતાં વાદીની મુગ્ધતાને=અવિચારકતાને, ગ્રંથકારશ્રી બતાવે છે=પૂર્વે શ્લોક-૭૩માં બતાવ્યું કે પ્રતિમામાં અને લિંગમાં=સાધુના વેષમાં, વૈષમ્યનું નિર્ણાયક છે તે પૂર્વપક્ષીએ જોયું નથી; કેમ કે પ્રતિમામાં દોષ અને ગુણનું અસત્ત્વ છે=પ્રતિમામાં દોષ અને ગુણ નથી, અને લિંગમાં દોષ અને ગુણનું સત્ત્વ છે=લિંગમાં દોષ અને ગુણ છે, તેથી જ ગચ્છાંતરીય પ્રતિમાને સાધુના લિંગની જેમ તે અવંદનીય કહે છે, તે કહેવાયેલાને જ, વિવેચન કરતાં વાદીની અવિચારકતાને ગ્રંથકારશ્રી બતાવે છે –**

શ્લોક :-

लिङ्गे स्वप्रतिबद्धधर्मकलनाद् भाज्या भवेद् वन्द्यता,
सैकान्तात् प्रतिमासु भावभगवद्भूयोगुणोद्बोधनात् ।
तुल्ये वस्तुनि पापकर्मरहिते भावोऽपि चारोप्यते,
कूटद्रव्यतया धृतेऽत्र न पुनर्मोहस्ततः कः सताम् ।।७४।।

શ્લોકાર્થ :-

**લિંગમાં=સાધુના વેષમાં, સ્વપ્રતિબદ્ધ ધર્મનું કલન હોવાથી=સ્વસંબંધી સત્ કે અસત્ ધર્મનું સ્મરણ હોવાથી, વંદ્યપણું ભાજ્ય=વિકલ્પે છે. ભાવભગવદ્‌ના ભૂયો ગુણનું ઉદ્‌બોધન થવાને કારણે અર્થાત્ પ્રતિમાને જોઈને ભાવઅરિહંતના ઘણા ગુણનું ઉદ્‌બોધન થવાને કારણે પ્રતિમાઓમાં તે=વંદ્યપણું, એકાંતથી છે.**

અહીં પ્રશ્ન થાય કે ગચ્છાંતરીય સાધુના લિંગમાં તમે અવંદ્યપણું સ્વીકારો છો તો ગચ્છાંતરીય પ્રતિમામાં અવંદ્યપણું કેમ સ્વીકારતા નથી ? તેના સમાધાનરૂપે શ્લોકના ઉત્તરાર્ધથી ગ્રંથકારશ્રી કહે છે –

**અને પાપકર્મ રહિત એવી તુલ્ય વસ્તુમાં ભાવ પણ આરોપણ કરાય છે. કૂટદ્રવ્યપણાથી ધારણ કરાયેલા આમાં=મુનિના વેષમાં, ભાવ આરોપણ કરાતો નથી. તેથી કરીને શિષ્ટોને શું મોહ છે ? અર્થાત્ મોહ નથી=લિંગને વિકલ્પે વંદ્ય કહે છે અને પ્રતિમાને એકાંતે વંદ્ય કહે છે એમાં મોહ નથી. ।।૭૪।।**

ટીકા :-

'लिङ्ग' इति :- लिङ्गे स्वप्रतिबद्धः=स्वसंबन्धी यो धर्मः सन्नासन्वा, तत्कलनात्=तत्स्मरणाद्, एकसम्बन्धिज्ञानेऽपरसम्बन्धिस्मृतिन्यायाद् वन्द्यता भाज्या=भजनीया भवेत्, लिङ्गात्स्वप्रतिबद्ध-सद्धर्मोपस्थितौ च तदालम्बनतया तस्य वन्द्यताऽसद्धर्मोपस्थितौ च तदालम्बनतया निन्द्यतेत्यर्थः, प्रतिमासु सा वन्द्यतैकान्तात्, कस्मात्? भावभगवत्सम्बन्धिनो ये भूयांसो गुणास्तेषामुद्बोधनात्, एकेन्द्रियदलनिष्पन्नत्वादेश्च वन्द्यगतस्य भगवत्कायगतौदारिकवर्गणानिष्पन्नत्वादेरिवानुद्भूतदोषस्या-प्रयोजकत्वाद्, गच्छान्तरीयसाधुवत् तादृशप्रतिमाया अवन्द्यत्वमित्यप्ययुक्तम्, तत्राध्यारोपविषयसद्भावात्, तदाह-तुल्ये वस्तुन्युभयाभावेनाकारसाम्यवति पापकर्मरहिते=सावद्यचेष्टारहिते, भावोऽपिं च=गुणोऽपि त्वारोप्यतेऽत्र वस्तुनि कूटद्रव्यतया धृते च नारोप्यतेऽङ्गारमर्दक इव भावाचार्यगुणस्ततः कः सतां शिष्टानां मोहो यदुत स्वगच्छीयैव प्रतिमा वन्द्यते नान्या साधुवत् इति, द्रव्ये हि कतिपयगुणवत्यपि संपूर्णगुणवदध्यारोपो युक्तः प्रतिमायां त्वाकारसाम्येनेत्यागोपालाङ्गनाप्रतीतत्वात् ।।७४।।

**ટીકાર્થ :-**

**लिङ्गे ..... भवेत् । સાધુવેષમાં સ્વપ્રતિબદ્ધ=સાધુવેષ સંબંધી જે સત્ કે અસત્ ધર્મ તેના કલનથી=સાધુવેષ સંબંધી સત્-અસત્ ધર્મના સ્મરણથી, વંદ્યતા=સાધુવેષધારીમાં વંદ્યતા ભજનીય=વિકલ્પે થાય.**

અહીં પ્રશ્ન થાય કે લિંગધારી સાધુને જોવાથી તેમનામાં વર્તતા સત્ કે અસત્ ધર્મનું સ્મરણ કેમ થાય છે ? તેથી કહે છે –

**એક સંબંધી જ્ઞાન હોતે છતે અપર સંબંધી સ્મૃતિનો ન્યાય છે=અપર સંબંધી સ્મૃતિ થાય છે.**

આનાથી ફલિત થયેલા પદાર્થને સ્પષ્ટ કરે છે –

**लिङ्गात् ..... निन्द्यतेत्यर्थः । લિંગથી=આલયવિહારાદિ સાધુપણાના અનુમાપક લિંગથી, સ્વપ્રતિબદ્ધ સદ્ધર્મની ઉપસ્થિતિ થયે છતે તદાલંબનપણા વડે="આ લિંગ વેષધારી સાધુમાં આલયવિહારાદિ હોવાને કારણે ચારિત્ર છે" એ પ્રકારના નિર્ણયથી સદ્ધર્મના આલંબનપણા વડે, તેની વંદ્યતા છે અને અસદ્ધર્મની ઉપસ્થિતિ થયે છતે="આલયવિહારાદિ લિંગઅભાવથી આ વેષધારી સાધુમાં ચારિત્ર નથી" એ પ્રકારના અસદ્ધર્મની ઉપસ્થિતિ થયે છતે, અસદ્ધર્મના આલંબનપણા વડે નિંદ્યતા છે, એ પ્રકારનો અર્થ છે.**

પૂર્વમાં સાધુવેષવાળા લિંગીમાં વિકલ્પે વંદ્યતા છે, તે યુક્તિથી બતાવ્યું. હવે પ્રતિમામાં એકાંતે વંદ્યતા છે, તે બતાવીને સાધુ લિંગી કરતાં પ્રતિમામાં વિષમતા છે, તે સ્પષ્ટ કરે છે –

**प्रतिमासु ..... उद्‌बोधनात् । પ્રતિમામાં તે=વંદ્યતા, એકાંતથી છે, કેમ એકાંતથી છે ? તેથી કહે છે -**

**ભાવભગવાન સંબંધી જે ઘણા ગુણો છે, તેમનું ઉદ્‌બોધન થતું હોવાથી=પ્રતિમાને જોઈને સ્મરણ થતું હોવાથી, પ્રતિમા એકાંતે વંદ્ય છે, એમ અન્વય છે.**

અહીં પૂર્વપક્ષી કહે છે કે સાધુ વેષધારીમાં જેમ ઉદ્‌ભૂત દોષવત્ત્વ હોય તો તે સાધુ વંદનીય બનતા નથી, તેમ પ્રતિમા પણ એકેન્દ્રિય જીવોના શરીરથી નિષ્પન્ન થયેલી હોવાને કારણે દોષવાળી છે, માટે વંદનીય નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**एकेन्द्रियदल ..... अप्रयोजकत्वात् । ભગવાનની કાયાગત ઔદારિકવર્ગણાથી નિષ્પન્નત્વાદિની જેમ વંદ્ય એવી પ્રતિમાગત એકેન્દ્રિયદલ નિષ્પન્નત્વાદિ અનુદ્‌ભૂત દોષનું અપ્રયોજકપણું હોવાથી પ્રતિમામાં એકાંતથી વંદ્યતા છે એમ અન્વય છે.**

✪ औदारिकवर्गणानिष्पन्नत्वादेः - અહીં 'आदि'થી ભગવાનની કાયા જેમ ઔદારિકવર્ગણાથી નિષ્પન્ન થયેલી છે=બનેલી છે, તેમ ઔદારિક વર્ગણાથી ટકે છે=ચય-ઉપચય થાય છે, તેનું ગ્રહણ કરવું.

✪ एकेन्द्रयदलनिष्पन्नत्वादेः - અહીં 'आदि'થી ભગવાનની પ્રતિમા એકેન્દ્રિયદલથી નિષ્પન્ન થયેલી છે=બનેલી છે, તેમ પ્રતિમાને ટકાવવા લેપાદિ કરવામાં આવે છે, તેનું ગ્રહણ કરવું.

गच्छान्तरीय ..... सद्भावात् । ગચ્છાંતરીય સાધુની જેમ તાદૃશ પ્રતિમાનું=ગચ્છાંતરીય પરિગૃહીત પ્રતિમાનું, અવંદ્યપણું છે, એમ જે પૂર્વપક્ષી કહે છે એ પણ અયુક્ત છે; કેમ કે ત્યાં=ગચ્છાંતરીય પરિગૃહીત પ્રતિમામાં, અધ્યારોપના વિષયનો સદ્ભાવ છે=જિનપ્રતિમાના આકારરૂપ અધ્યારોપના વિષયનો સદ્ભાવ છે.

तदाह - તેને કહે છે=ગચ્છાંતર પરિગૃહીત પ્રતિમાનું અવંદ્યપણું અયુક્ત છે, તેને શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે -

तुल्ये .....प्रतीतत्वात् ।। વળી, પાપકર્મરહિત=સાવદ્યચેષ્ટા રહિત, ઉભયાભાવને કારણે=સાવદ્ય-નિરવદ્યકર્મરૂપ ઉભયાભાવને કારણે, આકારસામ્યવાળી તુલ્ય વસ્તુમાં, ભાવ પણ=ગુણ પણ, આરોપણ કરાય છે. અંગારમર્દકમાં ભાવાચાર્યનો ગુણ આરોપણ કરાતો નથી તેની જેમ, કૂટદ્રવ્યપણા વડે ધારણ કરાયેલ વસ્તુમાં=સાધુવેષધારી લિંગમાં, આરોપણ કરાતો નથી=ગુણ આરોપણ કરાતો નથી. તેથી=ગચ્છાંતરીય પરિગૃહીત પ્રતિમામાં ગુણનો આરોપ કરાય છે અને કૂટલિંગધારી એવા સાધુમાં ગુણનો આરોપ કરાતો નથી તેથી, સાધુની જેમ સ્વગચ્છીય જ પ્રતિમા વંદન કરાય છે, અન્ય નહિ. એ પ્રકારનો શિષ્ટોને શું મોહ હોય ? અર્થાત્ એ પ્રકારનો મોહ શિષ્ટોને થવો જોઈએ નહીં; કેમ કે કતિપય ગુણવાળા પણ દ્રવ્યમાં=કતિપય, ગુણવાળા પણ સાધુવેષધારી દ્રવ્યમાં, સંપૂર્ણ ગુણવાળાનો અધ્યારોપ યુક્ત છે. વળી પ્રતિમામાં આકારસામ્યથી અધ્યારોપ યુક્ત છે, એ પ્રમાણે ગોવાળ-અંગનાને પ્રતીતપણું છે=ઓછી બુદ્ધિવાળી ગોવાળની સ્ત્રીઓ પણ આટલું સમજી શકે છે. ॥૭૪॥

✪ कतिपयगुणवत्यपि - અહીં 'अपि'થી એ સમુચ્ચય થાય છે કે ઘણા ગુણવાળામાં તો સંપૂર્ણ ગુણવાળાનો અધ્યારોપ યુક્ત છે, પરંતુ કેટલાક ગુણવાળામાં પણ સંપૂર્ણ ગુણવાળાનો અધ્યારોપ યુક્ત છે.

**ભાવાર્થ :-**

સાધુ વેષવાળા કોઈ મહાત્માને જોઈને તે વેષવાળા સાધુમાં સંયમનો પરિણામ છે કે અસંયમનો પરિણામ છે, તેવો બોધ થતો નથી; પરંતુ આ સાધુવેષવાળા મહાત્મામાં ચારિત્ર હશે, તેવી સંભાવનામાત્ર રહે છે, અને તેઓના આચારમાં શુદ્ધ આલય-વિહારાદિ દેખાય તો તે આલયવિહારાદિ લિંગથી આ સુસાધુ છે એવું અનુમાન થાય છે, અને તે અનુમાન કર્યા પછી ફરી તે સાધુનાં દર્શન થાય ત્યારે તે લિંગની સાથે સંબંધવાળા આલય-વિહારાદિ ગુણોને કારણે તેમનામાં ચારિત્રધર્મ છે, તેવું સ્મરણ થાય છે; અને જો તે સાધુમાં પૂર્વે આલય-વિહારાદિ નથી, તેવું જ્ઞાન થયું હોય તો તે સાધુને જોઈને તેમનામાં અવિદ્યમાન એવા ચારિત્રધર્મનું સ્મરણ થાય છે. તેથી લિંગ સાથે પ્રતિબદ્ધ એવા ચારિત્રધર્મની વિદ્યમાનતા હોય તો તે સાધુ વંદ્ય છે અને લિંગ સાથે પ્રતિબદ્ધ એવા ચારિત્રધર્મની વિદ્યમાનતા ન હોય તો તે સાધુ અવંદ્ય છે.

અહીં સાધુવેષધારીને જોઈને તેમનામાં રહેલા સંયમધર્મનું સ્મરણ કેમ થાય છે, તેમાં યુક્તિ આપે છે-

એક સંબંધીનું જ્ઞાન થયે છતે અપર સંબંધીનું સ્મરણ થાય છે, એ પ્રકારનો ન્યાય છે. એ નિયમ પ્રમાણે કોઈ મુનિમાં સાધુવેષનું દર્શન થાય ત્યારે તે સાધુવેષ સાથે સંબંધવાળા એવા સાધુના આલય-વિહારાદિ

આચારો દેખાય છે, તેથી આ સાધુ ચારિત્રી છે, તેવો બોધ થાય છે; અને કોઈ અન્ય સાધુમાં સાધુવેષ સાથે સંબંધવાળા એવા આલય-વિહારાદિ આચારો દેખાતા ન હોય ત્યારે આ સાધુ ચારિત્રી નથી, તેવો બોધ થાય છે. તેથી જે સાધુના લિંગને જોઈને તેમનામાં રહેલા આલય-વિહારાદિ શુદ્ધ આચારોનું સ્મરણ થાય છે, અને તેના કારણે તે સાધુમાં રહેલા સંયમ પરિણામની ઉપસ્થિતિ થાય છે, ત્યારે તે સાધુના સંયમ પરિણામનું અવલંબન લઈને તે સાધુ વંદ્ય બને છે; અને જ્યારે કોઈ અન્ય સાધુને જોઈને તે સાધુ સાથે સંબંધવાળા આલય-વિહારાદિના અભાવનું સ્મરણ થાય અને તેના કારણે તેમનામાં ચારિત્ર નથી, તેવી ઉપસ્થિતિ થાય, ત્યારે આ ચારિત્રવેષવાળા સાધુમાં ચારિત્રની પરિણતિ નથી, એ પ્રકારના અસત્ આલંબનને કારણે તે સાધુ નિંદ્ય બને છે.

આલય-વિહારાદિનો અર્થ પાક્ષિકસૂત્રમાં કહ્યો છે. તે આ પ્રમાણે –

“आलयविहारसमिओ जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।”

આલય=નિર્દોષ વસતિ, વિહાર=નવકલ્પી વિહાર કરનાર, સમિત=પાંચ સમિતિનું પાલન કરનાર, યુક્ત=પરિષહને સહન કરનાર અને ગુરુકુલવાસાદિ સાધુગુણોથી યુક્ત, ગુપ્ત=ત્રણ ગુપ્તિનું પાલન કરનાર સ્થિત=શ્રમણધર્મમાં રહેલો, આ બધાં સુસાધુનાં અનુમાપક લિંગો છે.

પૂર્વમાં સાધુવેષવાળા લિંગીમાં વિકલ્પે વંદ્યતા છે, તે યુક્તિથી બતાવ્યું. હવે પ્રતિમામાં એકાંતે વંદ્યતા છે, તે બતાવીને સાધુલિંગી કરતાં પ્રતિમામાં વિષમતા છે, તે સ્પષ્ટ કરે છે –

પ્રતિમા એકાંતે વંદ્ય છે; કેમ કે ભગવાનમાં વીતરાગતાદિ અનેક ગુણો રહેલા છે અને પ્રતિમાને જોઈને આ ભગવાનની પ્રતિમા છે તેવું સ્મરણ થવાથી ભગવાન સંબંધી ઘણા ગુણોનો ઉદ્બોધ થાય છે; તેથી તે ઘણા ગુણવાળા એવા ભગવાનની આ પ્રતિમા છે, તેવી બુદ્ધિ થવાથી પ્રતિમા એકાંતે વંદ્ય છે, પરંતુ લિંગની જેમ વિકલ્પે વંદ્ય નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે જેમ લિંગધારી સાધુમાં દોષો હોય તો તે અવંદ્ય બને છે, તેમ પ્રતિમા પણ એકેન્દ્રિયના શરીરથી નિષ્પન્ન છે અને એકેન્દ્રિયના શરીરથી-પુદ્ગલથી પ્રતિમાને લેપાદિ કરાય છે, તે દોષરૂપ છે. માટે લિંગધારી સાધુ દોષવાળા હોવાને કારણે વંદ્ય નથી, તેમ પ્રતિમા પણ એકેન્દ્રિય દલાદિથી બનેલી હોવાને કારણે વંદ્ય નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જેમ - ભગવાનની કાયાગત=કાયા સંબંધી, ઔદારિક પુદ્ગલો છે, અને તે ઔદારિક વર્ગણાથી નિષ્પન્ન ભગવાનની કાયા છે, અને ઔદારિક વર્ગણાના બનેલા આહારાદિ પુદ્ગલોથી ભગવાનની કાયા ટકે છે, તોપણ કાયાધારી ભાવતીર્થંકર વંદ્ય બને છે; કેમ કે ભાવતીર્થંકરમાં વર્તતી ઔદારિક વર્ગણાથી નિષ્પન્ન થયેલી કાયા અનુદ્ભૂત દોષરૂપ છે=આત્માનાં અશરીર સ્વભાવની બાધક કાયા હોવાથી દોષરૂપ હોવા છતાં પણ આત્માનાં વીતરાગતા ગુણની અવ્યાઘાતક હોવાથી અનુદ્ભૂત દોષરૂપ છે. અને અવંદ્યતામાં અનુદ્ભૂત દોષ પ્રયોજક નથી; તેમ પ્રતિમા એકેન્દ્રિયના શરીરથી નિષ્પન્ન થયેલી હોવાથી દોષરૂપ હોવા છતાં પણ પાસત્થામાં વર્તતા અવિરતિના પરિણામરૂપ દોષવાળી નથી તેથી અનુદ્ભૂત દોષવાળી છે, અને પ્રતિમામાં રહેલ અનુદ્ભૂત દોષ અવંદ્યતામાં પ્રયોજક નથી.

પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે લિંગધારી દ્રવ્યમાં=સાધુમાં, વંદ્યતા વિકલ્પે છે અને પ્રતિમામાં એકાંતે વંદ્યતા છે. ત્યાં પૂર્વપક્ષી કહે છે –

જેમ ગચ્છાંતરીય સાધુ વંદ્ય નથી, તેમ ગચ્છાંતરીય પ્રતિમા પણ વંદ્ય નથી. તેથી પ્રતિમા એકાંતે વંદ્ય છે, તેમ કહી શકાય નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ પ્રકારનું પૂર્વપક્ષીનું કથન અયુક્ત છે; કેમ કે ગચ્છાંતરીય પ્રતિમામાં અધ્યારોપનો વિષય જિનની આકૃતિ વિદ્યમાન છે. તેથી જિનની આકૃતિને જોઈને ગચ્છાંતરીય પ્રતિમામાં જિનગુણનો અધ્યારોપ થઈ શકે છે, માટે ગચ્છાંતરીય પ્રતિમા વંદ્ય છે અને તે કથનને શ્લોકના ત્રીજા-ચોથા પાદથી સ્પષ્ટ કરે છે -

જિનની પ્રતિમા સાવદ્ય ચેષ્ટારહિત છે. તેથી સાવદ્ય-નિરવદ્યકર્મરૂપ ઉભયના અભાવવાળી છે અને જિનના આકારસદૃશ આકારવાળી છે. તેથી આવી પ્રતિમામાં જિનના ગુણોનો આરોપ કરાય છે, પરંતુ અંગારમર્દકાચાર્યમાં ભાવાચાર્યના ગુણોનો આરોપ કરાતો નથી, તેમ કૂટલિંગવાળા સાધુમાં સાધુના ગુણોનો આરોપ કરાતો નથી. તેથી પ્રતિમા અને લિંગમાં સમાનતા નથી, પરંતુ પ્રતિમા એકાંતે વંદ્ય છે અને લિંગ વિકલ્પે વંદ્ય છે, આ પ્રકારનો નિર્ણય થાય છે. તેથી જે શિષ્ટ હોય તે પ્રામાણિક શાસ્ત્રવ્યવહાર પ્રમાણે વિચારે તો મોહ થાય નહિ અર્થાત્ પોતાના ગચ્છની પ્રતિમા વંદન કરાય અને અન્ય ગચ્છની પ્રતિમા અન્ય ગચ્છના સાધુની જેમ વંદન કરાય નહિ, એ પ્રકારનો મોહ શિષ્ટોને થાય નહિ; કેમ કે ગોપાલની સ્ત્રીને પણ પ્રતીત છે કે પ્રતિમામાં આકારસામ્યથી અધ્યારોપ યુક્ત છે, અને કંઈક ગુણોવાળા સાધુમાં આ સાધુ છે એ પ્રકારનો આરોપ યુક્ત છે, તેથી જે લોકોને અતિ અલ્પ બોધ છે, તેવા ભરવાડની સ્ત્રીને પણ જે વસ્તુ પ્રતીત હોય તેવી વસ્તુમાં શિષ્ટોને ક્યારે પણ મોહ હોય નહિ. માટે ગચ્છાંતરીય પ્રતિમા આકારસામ્યને કારણે વંદનીય છે, તેમ સિદ્ધ થાય છે, અને ગચ્છાંતરીય સાધુ ભિન્ન માર્ગમાં સંસ્થિત છે, તેથી ત્યાં સાધુના ગુણોનો અધ્યારોપ થતો નથી. ॥૭૪॥

**અવતરણિકા :-**

**एवं सति प्रतिष्ठावैयर्थ्यमित्याशङ्क्य समाधत्ते –**

**અવતરણિકાર્થ :-**

**આમ હોતે છતે=પૂર્વમાં શ્લોક-૭૪માં સ્થાપન કર્યું કે ભગવાનના આકારનું સામ્યપણું હોવાને કારણે સર્વ પ્રતિમાઓ એકાંતે વંદ્ય છે એમ હોતે છતે, પ્રતિષ્ઠા વ્યર્થ છે, એ પ્રકારની આશંકા કરીને સમાધાન કરે છે –**

**ભાવાર્થ :-**

પ્રતિમાને આકારમાત્રથી વંદનીય સ્વીકારીએ તો જેમ અન્ય ગચ્છની પ્રતિમા વંદ્ય સિદ્ધ થઈ શકે છે, તેમ પ્રતિષ્ઠા વગરની પ્રતિમા પણ વંદ્ય બની શકે. તેથી પ્રતિષ્ઠાને સ્વીકારવાની આવશ્યકતા રહેતી નથી, એ પ્રકારની શંકા કરીને સમાધાન કરે છે –

શ્લોક :-

नन्वेवं प्रतिमैकतां प्रवदतामिष्टा प्रतिष्ठाऽपि का,
सत्यं सात्मगतैव देवविषयोद्देशेन मुख्योदिता ।
यस्याः सा वचनानलेन परमा स्थाप्ये समापत्तितो,
दग्धे कर्ममले भवेत् कनकता जीवायसः सिद्धता ।।७५।।

શ્લોકાર્થ :-

'નનુ'થી પૂર્વપક્ષી શંકા કરે છે – આ રીતે=પૂર્વ શ્લોક-૭૪માં કહ્યું એ રીતે, પ્રતિમાની એકતાને કહેતા એવા તમને=સિદ્ધાંતકારને, પ્રતિષ્ઠા પણ ક્યાં ઈષ્ટ રહી ? તેના સમાધાનરૂપે 'सत्यं' થી ગ્રંથકારશ્રી કહે છે – તારી=પૂર્વપક્ષીની વાત સાચી છે. દેવવિષયના ઉદ્દેશથી તે=પ્રતિષ્ઠા, આત્મગત જ મુખ્ય કહેવાયેલી છે, જેનાથી=આત્મગત મુખ્ય પ્રતિષ્ઠાથી, વચનરૂપી અગ્નિ વડે કર્મમલ દગ્ધ થયે છતે સ્થાપ્યમાં સમાપત્તિ થવાને કારણે જીવરૂપી લોખંડની સિદ્ધતારૂપ કનકતા સ્વરૂપ પરમ તે=પ્રતિષ્ઠા, થાય છે. ।।૭૫।।

ટીકા :-

'नन्वेवं' इत्यादि :- नन्वेवं आकारमात्रेण प्रतिमाया एकतां वन्द्यताप्रयोजिकां प्रवदतां युष्माकं प्रतिष्ठाऽपि का इष्टा? न काचिदिति तद्विधिवैयर्थ्यं स्यादिति, अत्रोत्तरं-सत्यं, सा=प्रतिष्ठा देवविषयोद्देशेनात्मन्यधिगतैव आत्मनिष्ठैव मुख्या उदिता=उक्ता, प्रतिष्ठाविधिना जनितस्यात्मगतातिशयस्यादृष्टाख्यस्य पूजाफलप्रयोजकत्वात् । प्रतिष्ठाध्वंसेनैव तदन्यथासिद्धौ संस्कारध्वंसेनानुभवस्य (अनुभवध्वंसेन संस्कारस्य) दानादिध्वंसेन चादृष्टस्य तदापत्तेः, देवतासांनिध्यमपि न फलम्, अहङ्कारममकारान्यतररूपस्य सांनिध्यस्य वीतरागदेवताऽऽनये(ऽऽनयनेन)ऽसंभवात्, न च चाण्डालादिस्पर्शनाश्या प्रतिष्ठाजनिता प्रतिमागता शक्तिरेव कल्पनीयेति, आत्मनिष्ठफलोद्देशेन क्रियमाणस्यात्मगतकिञ्चिदतिशयजनकत्वकल्पनाया एवौचित्यात्, अत एवात्मगतातिशयस्य समानाधिकरणपार्यान्तिकमुक्तिफलकत्वमप्युपपद्यते, तदाह-यस्याः प्रतिष्ठायाः सकाशात् सा परमा प्रतिष्ठा भवेत् स्यात्, किं स्वरूपा? जीवायसो=जीवरूपलोहस्य, सिद्धतारूपा कनकता, कस्याः? स्थाप्ये=परमात्मनि, समापत्तितः= समापत्तिमासाद्य, कस्मिन् सति? कर्ममले दग्धे सति, केन? वचनानलेन=नियोगवाक्याग्निना ।।७५।।

ટીકાર્થ :-

'નનુ'થી પૂર્વપક્ષી શંકા કરે છે – આ રીતે=પૂર્વ શ્લોક-૭૪માં કહ્યું એ રીતે, આકારમાત્રથી પ્રતિમાની વંદ્યતાની પ્રયોજિકા એવી એકતાને કહેતા તમને=સિદ્ધાંતકારને, પ્રતિષ્ઠા પણ શું ઈષ્ટ

**બને ? અર્થાત્ કાંઈ ઈષ્ટ બને નહિ. એથી તેનું=પ્રતિષ્ઠાવિધિનું, વૈયર્થ્ય થાય=પ્રતિષ્ઠાવિધિ વ્યર્થ થાય.**

**'इति' શબ્દ પૂર્વપક્ષીની શંકાની સમાપ્તિસૂચક છે.**

**अत्रोत्तरं ..... प्रयोजकत्वात् । અહીંયાં=પૂર્વપક્ષીની શંકામાં, ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે – તારી વાત સાચી છે. દેવવિષયના ઉદ્દેશથી આત્મામાં જ=આત્મનિષ્ઠ જ, તે=પ્રતિષ્ઠા, મુખ્ય કહેવાયેલી છે; કેમ કે પ્રતિષ્ઠાવિધિથી જનિત=પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થયેલ, અદૃષ્ટ નામના આત્મગત અતિશયનું પૂજાફળપ્રયોજકપણું છે.**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે આત્મનિષ્ઠ જ મુખ્ય પ્રતિષ્ઠા છે અને તે પ્રતિષ્ઠાથી આત્મામાં અદૃષ્ટ ઉત્પન્ન થાય છે અને તે અદૃષ્ટ પૂજાફળનું પ્રયોજક છે. તેનું નિરાકરણ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે કે શાસ્ત્રમાં કહ્યું છે કે "પ્રતિષ્ઠિતાં પૂજાયેત્" । આ વાક્યમાં ભૂતકાળનો ઊણ પ્રત્યય લાગેલો છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેની પૂર્વે પ્રતિષ્ઠા થયેલી હોય તે મૂર્તિની પૂજા કરવી; અને એ વચનથી એ પ્રાપ્ત થાય કે આ મૂર્તિ ઉપર પૂર્વમાં પ્રતિષ્ઠાવિધિ કરાયેલ અને અત્યારે તે વિધિનો ધ્વંસ વર્તે છે; કેમ કે પ્રતિષ્ઠાવિધિ સમાપ્ત થયા પછી તે પ્રતિષ્ઠાવિધિનો ધ્વંસ ઉત્પન્ન થાય છે. અને પ્રતિષ્ઠાના ધ્વંસવાળી પ્રતિમા પૂજાફળમાં પ્રયોજક છે. માટે પ્રતિષ્ઠાધ્વંસવાળી પ્રતિમા પૂજનીય બને છે, આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે.

**प्रतिष्ठाध्वंसेनैव ..... तदापत्तेः, પ્રતિષ્ઠાના ધ્વંસથી જ તેની=પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થયેલ આત્મગત અતિશયરૂપ અદૃષ્ટની, અન્યથાસિદ્ધિ થયે છતે=પૂજાફળ પ્રત્યે અન્યથાસિદ્ધિ થયે છતે, અનુભવધ્વંસથી સંસ્કારની અને દાનાદિધ્વંસથી અદૃષ્ટની તદ્ આપત્તિ હોવાથી=અન્યથાસિદ્ધિની આપત્તિ હોવાથી, પ્રતિષ્ઠાધ્વંસ પૂજાફળનું પ્રયોજક સ્વીકારી શકાય નહિ, પરંતુ પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થયેલ આત્મગત અતિશયનું પૂજાફળ પ્રત્યે પ્રયોજકપણું સ્વીકારવું જોઈએ. તેથી આત્મનિષ્ઠ જ પ્રતિષ્ઠા મુખ્ય કહેવાયેલ છે, એમ પૂર્વના કથન સાથે સંબંધ છે.**

✪ संस्कारध्वंसेनानुभवस्य ટીકામાં પાઠ છે ત્યાં अनुभवध्वंसेन संस्कारस्य પાઠની સંભાવના છે. હસ્તપ્રતમાં આ પાઠ ઉપલબ્ધ નથી, પરંતુ આ પ્રમાણે પાઠ ભાસે છે.

વળી, કોઈ પૂર્વપક્ષી કહે કે પ્રતિષ્ઠાવિધિથી પ્રતિમામાં દેવતાનું સંનિધાન થાય છે અને દેવતાનું સંનિધાન પૂજાફળનું પ્રયોજક છે. માટે પ્રતિષ્ઠાવિધિથી આત્મનિષ્ઠ અદૃષ્ટ થાય છે અને તે પૂજાફળનું પ્રયોજક છે, તેમ માનવાની જરૂર નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**देवतासांनिध्यमपि ..... असंभवात् । દેવતાનું સાંનિધ્ય પણ ફળ નથી=પ્રતિષ્ઠાવિધિનું ફળ નથી; કેમ કે અહંકાર અને મમકાર અન્યતરરૂપ સાંનિધ્ય વીતરાગદેવના આનયનમાં અસંભવ છે=પ્રતિષ્ઠાવિધિ દ્વારા વીતરાગદેવને લાવવામાં અસંભવ છે.**

✪ પ્રતિમાશતકની મુદ્રિત પુસ્તકમાં निष्फलं પાઠ છે, ત્યાં હસ્તપ્રતમાં न फलं પાઠ છે તે સંગત છે, તેથી તે પાઠ લીધેલ છે.

✪ वीतरागदेवताऽनाप्तेः संभवात् - પ્રતિમાશતકની મુદ્રિત પુસ્તકમાં આ પાઠના સ્થાને હસ્તપ્રતમાં वीतरागदेवतानये-ऽसंभवात् પાઠ છે તે સંગત છે, પરંતુ તે પાઠમાં वीतरागदेवतानये છે ત્યાં वीतरागदेवतानयने પાઠ હોવો જોઈએ. તે મુજબ પાઠ લઈને અમે અર્થ કરેલ છે.

✪ देवतासांनिध्यमपि - અહીં 'अपि'થી એ કહેવું છે કે પ્રતિષ્ઠાધ્વંસ તો પૂજાફળનું પ્રયોજક નથી, પરંતુ દેવતાનું સાંનિધ્ય પણ પૂજાફળનું પ્રયોજક નથી.

પ્રતિષ્ઠાવિધિથી પ્રતિષ્ઠા કરાવનારના આત્મામાં ક્ષયોપશમભાવનું અદૃષ્ટ પેદા થાય છે, જે પૂજાફળનું પ્રયોજક છે. તેનો અસ્વીકાર કરવા અર્થે કેટલાક પ્રતિષ્ઠાધ્વંસને પૂજાફળનું પ્રયોજક કહે છે તે યુક્તિયુક્ત નથી, તેમ ગ્રંથકારશ્રીએ પૂર્વમાં બતાવ્યું. વળી, કેટલાક પ્રતિષ્ઠાવિધિથી દેવતાનું સાંનિધ્ય થાય છે અને તે પૂજાફળનું પ્રયોજક છે, એમ માને છે, તે પણ યુક્તિયુક્ત નથી તેમ પૂર્વમાં બતાવ્યું. હવે કેટલાક કહે છે કે પ્રતિષ્ઠાવિધિ દ્વારા પ્રતિમામાં શક્તિ ઉત્પન્ન થાય છે, અને તે શક્તિવાળી પ્રતિમા પૂજનીય છે. તેથી પ્રતિષ્ઠાથી ઉત્પન્ન થયેલ શક્તિવિશેષ પૂજાફળ પ્રત્યે પ્રયોજક છે, તેમ માનવું ઉચિત છે. તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**न च ..... उपपद्यते । અને ચાંડાલાદિ સ્પર્શથી નાશ્ય પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થયેલ પ્રતિમાગત શક્તિ જ કલ્પવી જોઈએ એમ ન કહેવું; કેમ કે આત્મનિષ્ઠ ફળના ઉદ્દેશથી કરાતી એવી પ્રતિષ્ઠાવિધિનું આત્મગત કાંઈક અતિશયજનકપણાની કલ્પનાનું જ ઉચિતપણું છે.**

**આથી જ=આત્મનિષ્ઠ ફળના ઉદ્દેશથી કરાતી પ્રતિષ્ઠાવિધિનું આત્મગત કાંઈક અતિશયજનકપણું માનવું ઉચિત છે આથી જ, આત્મગત અતિશયનું સમાનાધિકરણથી પાર્યંતિક=અંતિમ, મુક્તિફળપણું પણ ઘટે છે.**

✪ समानाधिकरणपार्यन्तिकमुक्तिफलकत्वमपि - અહીં 'अपि'થી એ કહેવું છે કે અદૃષ્ટાખ્ય આત્મગત અતિશય ઉત્પન્ન થાય છે એ તો ઘટે છે, પરંતુ આત્મારૂપ સમાનાધિકરણમાં પાર્યંતિક મુક્તિફળપણું પણ ઘટે છે.

**तदाह - તેને કહે છે=પૂર્વમાં કહ્યું કે પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થયેલ આત્મગત અતિશયનું પર્યંતે થનાર મુક્તિફળ છે, તેને શ્લોકના ત્રીજા-ચોથા પાદથી કહે છે –**

**यस्याः ..... स्यात्, જે પ્રતિષ્ઠાથી=આત્મગત મુખ્ય પ્રતિષ્ઠાથી તે પરમ પ્રતિષ્ઠા થાય.**

**किं स्वरूपा ? ..... कनकता, તે પરમ પ્રતિષ્ઠા કેવા સ્વરૂપવાળી છે. તે બતાવે છે –**

**જીવસ્વરૂપ લોખંડની સિદ્ધતારૂપ કનકતા=સુવર્ણપણું થાય છે.**

**कस्याः ..... आसाद्य, કોનાથી જીવસ્વરૂપ લોખંડની સિદ્ધતારૂપ કાંચનતા થાય છે ? તો કહે છે -**

**સ્થાપ્ય એવા પરમાત્મામાં=પ્રતિષ્ઠાવિધિ દ્વારા પોતાના આત્મામાં સ્થાપ્ય એવા પરમાત્મામાં, સમાપત્તિથી=સમાપત્તિને પામીને=તન્મયભાવને પામીને, જીવસ્વરૂપ લોખંડની સિદ્ધતારૂપ કાંચનતા સ્વરૂપ પરમ પ્રતિષ્ઠા થાય છે, એમ અન્વય છે.**

**कस्मिन् ? ..... सति, શું હોતે છતે સમાપત્તિ થાય છે ? તો કહે છે –**

**કર્મમલ દગ્ધ થયે છતે સમાપત્તિ થાય છે.**

**केन ? ..... वाक्याग्निना ।। શેનાથી કર્મમલ દગ્ધ થાય છે ? તો કહે છે –**

**વચનરૂપ અગ્નિ દ્વારા=નિયોગવાક્યરૂપ અગ્નિ દ્વારા અર્થાત્ પ્રતિષ્ઠાવિધિ દ્વારા પોતાના આત્મામાં પરમાત્માના નિયોગને કરાવનાર એવા શાસ્ત્રવચનરૂપ અગ્નિ દ્વારા, કર્મમલ દગ્ધ થયે છતે પરમ પ્રતિષ્ઠા થાય છે. ।।૭૫।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે અન્ય ગચ્છીય પ્રતિમા આકારમાત્ર તુલ્યથી હોવાને કારણે વંદ્ય છે. ત્યાં પૂર્વપક્ષી કહે છે –

એ પ્રમાણે સ્વીકારવામાં આવે તો એ પ્રાપ્ત થાય કે પ્રતિમાની વંદ્યતાનું પ્રયોજક પ્રતિષ્ઠા નથી, પરંતુ પ્રતિમામાં રહેલ આકારમાત્રની તુલ્યતા વંદ્યતાનું પ્રયોજક છે, અને તેમ સ્વીકારીએ તો પ્રતિષ્ઠાવિધિ કરવાની આવશ્યકતા રહેતી નથી; કેમ કે પ્રતિમામાં પ્રતિષ્ઠા થયેલી હોય કે ન થયેલી હોય, પરંતુ આકારમાત્રથી સમાન હોય તો તે પ્રતિમા વંદ્ય છે, અને તેમ સ્વીકારીએ તો શાસ્ત્રમાં કહેલ પ્રતિષ્ઠાવિધિ વ્યર્થ સિદ્ધ થાય. આમ કહીને પૂર્વપક્ષીને એ કહેવું છે કે પ્રતિષ્ઠાની વિધિ તો શાસ્ત્રપ્રસિદ્ધ છે. તેથી આકારમાત્રથી પ્રતિમા વંદ્ય નથી, પરંતુ ભગવાનની પ્રતિમામાં ભગવાનના સ્વરૂપની પ્રતિષ્ઠા થયેલ છે માટે ભગવાનની પ્રતિમા વંદ્ય છે, અને અન્યગચ્છીય પ્રતિમાની તો શાસ્ત્રવિધિ પ્રમાણે પ્રતિષ્ઠા થયેલ નથી માટે વંદ્ય નથી. આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

વાત તારી સાચી છે, તોપણ પ્રતિમામાં પ્રતિષ્ઠા થઈ છે માટે પ્રતિમા વંદ્ય છે એમ નથી, પરંતુ પ્રતિમા તો આકારમાત્રની તુલ્યતાથી વંદ્ય છે, અને પ્રતિષ્ઠાવિધિ દ્વારા ભગવાનની પ્રતિષ્ઠા કરવામાં આવે છે, તે ભગવાનના ઉદ્દેશથી આત્મામાં મુખ્ય પ્રતિષ્ઠા કરવામાં આવે છે અર્થાત્ પ્રતિષ્ઠા કરનાર વ્યક્તિ જે વીર ભગવાન કે શાંતિનાથ ભગવાન કે અન્ય કોઈ ભગવાનની પ્રતિષ્ઠા કરે છે તે વ્યક્તિ, તે તીર્થંકરના સ્વરૂપની ઉપસ્થિતિ કરીને પ્રતિષ્ઠાવિધિ દ્વારા પોતાના આત્મામાં તે પરમાત્મભાવની પ્રતિષ્ઠા કરે છે. આ મુખ્ય પ્રતિષ્ઠા છે; કેમ કે તે પ્રતિષ્ઠા કરાવનાર વ્યક્તિ પરમાત્માના સ્વરૂપમાં પ્રતિષ્ઠાવિધિ દ્વારા તન્મયતાથી ઉપયુક્ત થાય છે ત્યારે તેનો આત્મા વીતરાગના સ્વરૂપનો જ્ઞાતા અને વીતરાગના ભાવમાં ઉપયુક્ત હોય છે, તેથી તદર્થનો જ્ઞાતા અને તદર્થમાં ઉપયુક્તને આગમથી વીતરાગભાવનો ભાવનિક્ષેપો પ્રાપ્ત થાય છે. તેથી તે વખતે તેના આત્માને આગમથી ભાવઅરિહંત કહેવામાં આવે છે. માટે પ્રતિષ્ઠાવિધિથી પ્રતિષ્ઠા કરાવનાર વ્યક્તિના આત્મામાં મુખ્ય પ્રતિષ્ઠા સ્વીકારવામાં આવે છે.

અહીં પ્રશ્ન થાય કે જો પ્રતિષ્ઠા પ્રતિષ્ઠા કરાવનારના આત્મામાં કરવામાં આવે છે તો પ્રતિષ્ઠાવિધિ કર્યા પછી ભગવાનની મૂર્તિ પૂજનીય છે અને પ્રતિષ્ઠા પૂર્વે પૂજનીય નથી, તેમ કેમ કહેવામાં આવે છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થયેલ અદૃષ્ટ નામના આત્મગત અતિશયનું પૂજાફળપ્રયોજકપણું છે.

આશય એ છે કે પ્રતિષ્ઠા કરાવનાર વ્યક્તિ પરમાત્માને ઉદ્દેશીને પોતાના આત્મામાં મુખ્ય પ્રતિષ્ઠા કરે છે અને તે પ્રતિષ્ઠા કર્યા પછી ઉપચારથી સ્થાપ્યગત પ્રતિષ્ઠા કરે છે. પ્રતિષ્ઠા કરાવનારે પ્રતિષ્ઠા કરાવી ત્યારે તેમના આત્મામાં જે પરમાત્મભાવ સાથે તન્મયભાવ થયો તે વખતે જે ક્ષયોપશમભાવનું અદૃષ્ટ તેમના આત્મામાં પ્રગટ થયું અર્થાત્ વીતરાગભાવ સાથે તન્મય થવામાં પ્રતિબંધક એવાં કર્મો ક્ષયોપશમભાવને પામ્યાં, તે અદૃષ્ટને કારણે તેમના આત્મામાં નિર્મળતારૂપ જે અતિશયતા આવી તે અતિશયતા પોતાના આત્મામાં પ્રગટ કર્યા પછી પ્રતિમામાં ઉપચારથી પ્રતિષ્ઠા કરવામાં આવે છે. ત્યારપછી તે પ્રતિમાને પૂજવામાં આવે તો પૂજનારને પૂજાફળની પ્રાપ્તિ થાય. તેથી પ્રતિષ્ઠા કરાવનાર વ્યક્તિમાં ક્ષયોપશમભાવ પામેલ અદૃષ્ટને કારણે થયેલી અતિશયતા પૂજાફળની પ્રાપ્તિ પ્રત્યે પ્રયોજક છે.

કહેવાનો ભાવ એ છે કે જે પ્રતિમામાં પ્રતિષ્ઠાવિધિ ન થઈ હોય તે પ્રતિમા ભગવાનની આકૃતિથી સમાન છે એ અપેક્ષાએ પૂજનીય છે; તોપણ આ પ્રતિમામાં કોઈએ પ્રતિષ્ઠા કરાવી છે, એવું જ્ઞાન થવાથી તત્ત્વના જાણનારને એ ઉપસ્થિત થાય છે કે વીર ભગવાન આદિને ઉદ્દેશીને મહાત્માએ પ્રતિષ્ઠાકાળમાં પરમાત્મા સાથે સમાપત્તિ કરેલ અને તે વખતે તે આત્મામાં થયેલ પરમાત્માની સમાપત્તિપૂર્વક પ્રસ્તુત પ્રતિમામાં પરમાત્મભાવનો આરોપ થયેલ છે, તેથી પ્રસ્તુત પ્રતિમાની હું પૂજા કરીશ તો મને મહાનિર્જરા ફળની પ્રાપ્તિ થશે. આ રીતે વિવેકીને પ્રતિસંધાન થાય છે, તેથી પ્રતિષ્ઠા કરાવનારના આત્મામાં ઉત્પન્ન થયેલ ક્ષયોપશમભાવરૂપ અદૃષ્ટથી ઉત્પન્ન થયેલ નિર્મળતા, પ્રતિમાની પૂજા કરનારને ભાવઅતિશયનું કારણ બને છે. તેથી પ્રતિષ્ઠાવિધિ દ્વારા પ્રતિષ્ઠા કરાવનારના આત્મામાં થયેલ અતિશય પ્રતિષ્ઠિત પ્રતિમાની પૂજા કરવાથી થતા ફળમાં પ્રયોજક છે.

પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે દેવતાના ઉદ્દેશથી આત્મનિષ્ઠ જ મુખ્ય પ્રતિષ્ઠા કહેવાયેલ છે અને તે પ્રતિષ્ઠાવિધિથી પ્રતિષ્ઠા કરાવનાર વ્યક્તિમાં ઉત્પન્ન થયેલ અતિશય પૂજાફળનું પ્રયોજક છે. ત્યાં પૂર્વપક્ષી કહે છે -

પ્રતિષ્ઠા એ મૂર્તિ ઉપર કરાતી ક્રિયા સ્વરૂપ છે અને પ્રતિષ્ઠાની ક્રિયા થયા પછી મૂર્તિમાં પ્રતિષ્ઠાનો ધ્વંસ રહે છે, તે પ્રતિષ્ઠાનો ધ્વંસ પૂજાફળનો પ્રયોજક છે; કેમ કે શાસ્ત્રમાં प्रतिष्ठितं पूजयेत्=પ્રતિષ્ઠિત પ્રતિમાને પૂજવી જોઈએ તેમ કહેલ છે. 'प्रतिष्ठित' શબ્દમાં क्त પ્રત્યય ભૂતકાળનો છે. તેથી ભૂતકાળમાં જેની પ્રતિષ્ઠા થયેલ હોય તે મૂર્તિ પૂજવી જોઈએ, તેવો અર્થ પ્રાપ્ત થાય. માટે પ્રતિષ્ઠાવિધિ થયા પછી પ્રતિષ્ઠાનો ધ્વંસ પ્રતિમામાં છે, તે પૂજાફળનો પ્રયોજક છે, અને તેમ સ્વીકારીએ તો પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થયેલ આત્મગત અતિશય પૂજાફળ પ્રત્યે અન્યથાસિદ્ધ છે તેમ માની શકાય. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ રીતે પ્રતિષ્ઠાધ્વંસને પૂજાફળનું પ્રયોજક સ્વીકારીને પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થયેલ આત્મગત અતિશયને અન્યથાસિદ્ધ સ્વીકારવામાં આવે તો અનુભવધ્વંસને સ્મરણ પ્રત્યે કારણ સ્વીકારીને સંસ્કારને અન્યથાસિદ્ધ સ્વીકારવાની આપત્તિ આવે અને દાનાદિધ્વંસને દાનાદિના ફળ પ્રત્યે કારણ સ્વીકારીને દાનાદિથી ઉત્પન્ન થયેલ પુણ્યબંધ રૂપ અદૃષ્ટને અન્યથાસિદ્ધ સ્વીકારવાની આપત્તિ આવે.

વસ્તુતઃ કોઈ પદાર્થનો અનુભવ થાય છે તેનાથી આત્મામાં સંસ્કાર પડે છે, અને તે સંસ્કાર જાગૃત થવાથી સ્મૃતિ થાય છે. તેથી સર્વ જનને માન્ય છે કે અનુભવ સંસ્કાર દ્વારા સ્મૃતિ પ્રત્યે કારણ છે. તેની જેમ પ્રતિષ્ઠાવિધિ દ્વારા પ્રતિષ્ઠા કરાવનારના આત્મામાં અદૃષ્ટ પેદા થાય છે અને તે અદૃષ્ટ પૂજાફળનું પ્રયોજક છે.

હવે જો પ્રતિષ્ઠાધ્વંસ દ્વારા તે અદૃષ્ટને અન્યથાસિદ્ધ કહીએ તો, અનુભવ જ્ઞાન થયા પછી અનુભવ જ્ઞાનનો ધ્વંસ થાય છે, અને તે અનુભવધ્વંસ સ્મૃતિ પ્રત્યે કારણ છે, તેમ સ્વીકારીને સંસ્કારને પણ અન્યથાસિદ્ધ કહવા પડે જે અનુભવથી વિરુદ્ધ છે. માટે જેમ અનુભવ સંસ્કાર દ્વારા સ્મૃતિ પ્રત્યે કારણ છે, તેમ પ્રતિષ્ઠાવિધિ પ્રતિષ્ઠા કરાવનારમાં અદૃષ્ટ ઉત્પન્ન કરીને પૂજાફળનું પ્રયોજક છે, તેમ માનવું ઉચિત છે.

વળી, બીજી પણ યુક્તિ ગ્રંથકારશ્રી આપે છે કે દાનાદિ સદનુષ્ઠાનો કરવામાં આવે તેનાથી પુણ્ય બંધાય છે, અને તે પુણ્યબંધ દ્વારા દાનાદિ સદનુષ્ઠાનનાં ફળો મળે છે, તે સર્વજનને સંમત છે. હવે જો પ્રતિષ્ઠાધ્વંસને પૂજાફળનું પ્રયોજક સ્વીકારીએ તો દાનાદિ અનુષ્ઠાન કર્યા પછી તે દાનાદિ અનુષ્ઠાનનો ધ્વંસ દાનાદિના ફળમાં કારણ સ્વીકારી શકાય. તેથી દાનાદિથી જન્ય અદૃષ્ટને પણ અન્યથાસિદ્ધ માનવાનો પ્રસંગ આવે, જે અનુભવ વિરુદ્ધ છે. તેથી એ ફલિત થાય કે જેમ દાનાદિ ક્રિયા અદૃષ્ટ દ્વારા દાનાદિના ફળને આપે છે, તેમ પ્રતિષ્ઠાની ક્રિયા પ્રતિષ્ઠા કરાવનારમાં અદૃષ્ટ ઉત્પન્ન કરીને પૂજા કરનારને પૂજાના ફળમાં પ્રયોજક બને છે. માટે પ્રતિષ્ઠા વિધિથી આત્મનિષ્ઠ જ મુખ્ય પ્રતિષ્ઠા સ્વીકારવી ઉચિત છે.

પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે પ્રતિષ્ઠાવિધિ દ્વારા પ્રતિષ્ઠા કરાવનારના આત્મામાં અદૃષ્ટ પેદા થાય છે અને તે પૂજાફળનું પ્રયોજક છે. તેનો અસ્વીકાર કરીને અન્ય કોઈ પૂર્વપક્ષી કહે છે –

પ્રતિષ્ઠાવિધિ કરવાથી દેવતાનું પ્રતિમામાં સાંનિધ્ય થાય છે અને પ્રતિમામાં દેવતાનું સાંનિધ્ય થવાથી તે દેવ પૂજા કરનારને પૂજાનું ફળ આપે છે. તેથી પૂજાફળનું પ્રયોજક દેવતાનું સંનિધાન છે. તેને ગ્રંથકારશ્રી કહે છે -

પ્રતિષ્ઠા કરાવનાર વ્યક્તિ પ્રતિષ્ઠાવિધિ કરે તેના દ્વારા સિદ્ધમાં રહેલા વીતરાગદેવને 'આ હું છું' અર્થાત્ 'આ પ્રતિમા હું છું' અથવા 'આ પ્રતિમા મારી છે' તેવો સાંનિધ્યભાવ થતો નથી. તેથી પ્રતિષ્ઠાવિધિ દ્વારા વીતરાગદેવતાને અહંકાર-મમકારના પરિણામરૂપ સાંનિધ્યની પ્રાપ્તિનો અસંભવ છે. માટે પ્રતિષ્ઠાવિધિથી દેવતાનું સાંનિધ્ય સ્વીકારીને તે દેવ પૂજાફળના પ્રયોજક છે, તેમ કહી શકાય નહિ, પરંતુ વીતરાગદેવને પ્રતિષ્ઠાવિધિથી આત્મામાં લાવી શકાય, તેથી પ્રતિષ્ઠા કરાવનાર વ્યક્તિ સ્વઉપયોગ દ્વારા વીતરાગ સાથે સમાપત્તિ કરીને વીતરાગને પોતાના આત્મામાં લાવે તે સંભવ છે, અને તે રીતે સ્વીકારીએ તો પ્રતિષ્ઠાવિધિ દ્વારા પ્રતિષ્ઠા કરાવનારના આત્મામાં સમાપત્તિરૂપે વીતરાગનું આનયન થાય છે, અને તે રૂપ આત્મામાં થયેલ અતિશય પૂજાફળનું પ્રયોજક છે, તેમ કહી શકાય.

કેટલાક માને છે કે પ્રતિષ્ઠાની વિધિથી પ્રતિમામાં શક્તિ ઉત્પન્ન થાય છે પછી તે શક્તિવાળી પ્રતિમા પૂજનીય બને છે પરંતુ ચાંડાલાદિ તે પ્રતિમાને સ્પર્શ કરે તો પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થયેલી શક્તિ નાશ પામે

છે તેથી ચાંડાલાદિનો સ્પર્શ થાય તો તે પ્રતિમા અપૂજ્ય બને છે, અને તેથી પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થયેલ શક્તિ પ્રતિમાની પૂજાના ફળની પ્રાપ્તિમાં પ્રયોજક છે, પરંતુ પ્રતિષ્ઠાવિધિથી પ્રતિષ્ઠા કરાવનારમાં થયેલ અદૃષ્ટ પૂજા ફળનું પ્રયોજક નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

પ્રતિષ્ઠાવિધિથી ચાંડાલાદિના સ્પર્શથી નાશ્ય એવી શક્તિ ઉત્પન્ન થાય છે, તેમ કલ્પના કરવી ઉચિત નથી; કેમ કે પ્રતિષ્ઠા કરાવનાર પોતાના આત્મનિષ્ઠ ફળના ઉદ્દેશથી પ્રતિષ્ઠા કરે છે. તેથી તે પ્રતિષ્ઠાવિધિથી આત્મગત કાંઈક અતિશય ઉત્પન્ન થાય છે, તેમ માનવું ઉચિત છે.

આશય એ છે કે પ્રતિષ્ઠા કરાવનાર મહાત્મા પોતાના આત્મામાં વીતરાગભાવની સમાપત્તિ કરીને પોતાના આત્મામાં કાંઈક ફળ ઉત્પન્ન કરવાના ઉદ્દેશથી પ્રતિષ્ઠાવિધિ કરાવે છે. તેથી તે વિધિ દ્વારા પ્રતિષ્ઠા કરાવનારના આત્મામાં પરમાત્માની સમાપત્તિરૂપ કાંઈક અતિશય ઉત્પન્ન થાય છે, તેમ કલ્પના કરવી ઉચિત છે. પરંતુ પુદ્ગલાત્મક પ્રતિમામાં પ્રતિષ્ઠાવિધિથી શક્તિ ઉત્પન્ન થાય છે, તેમ કલ્પના કરવી ઉચિત નથી. તેની પુષ્ટિ કરવા માટે કહે છે –

પ્રતિષ્ઠાવિધિથી પ્રતિષ્ઠા કરાવનારના આત્મામાં કાંઈક અતિશય ઉત્પન્ન થાય છે, આથી જ પ્રતિષ્ઠા કરાવનારના આત્મગત અતિશયનું સમાનાધિકરણથી પાર્યંતિક મુક્તિફળપણું ઘટે છે.

આશય એ છે કે પ્રતિષ્ઠા કરાવનાર મહાત્મા પ્રતિષ્ઠાવિધિથી પરમાત્મભાવની આત્મામાં સમાપત્તિ કરે છે. તે વખતે તેમના આત્મામાં વિશેષ પ્રકારનું ક્ષયોપશમભાવવાળું અદૃષ્ટ ઉત્પન્ન થાય છે અને તે પ્રતિષ્ઠા કરાવનાર આત્મારૂપ અધિકરણમાં પ્રતિષ્ઠાવિધિનું અંતિમ ફળ મુક્તિની પ્રાપ્તિ પણ ઘટે છે અર્થાત્ પ્રતિષ્ઠાકાળમાં પરમાત્માની સાથે જે સમાપત્તિ કરી તેનાથી તે વખતે જે લોકોત્તમ અધ્યવસાય થયેલ તે અધ્યવસાય ક્રમસર પ્રકર્ષને પામીને વીતરાગભાવમાં પર્યવસાન પામે છે. તેથી પ્રતિષ્ઠા કરાવનારને તે પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થયેલું અંતિમ ફળ મોક્ષ થાય છે, તે વાત સંગત થાય.

હવે જો પ્રતિષ્ઠાવિધિથી પ્રતિમામાં શક્તિવિશેષ ઉત્પન્ન થાય છે, તેમ સ્વીકારીએ, તો પ્રતિષ્ઠા કરાવનારને આ પ્રતિષ્ઠાવિધિનું અંતિમ ફળ મોક્ષ છે, તેમ સ્વીકારી શકાય નહિ; પરંતુ આ પ્રતિષ્ઠાવિધિનું ફળ પ્રતિમામાં શક્તિવિશેષ ઉત્પન્ન કરીને ચરિતાર્થ થાય છે તેમ સ્વાકારવું પડે, અને તે પ્રતિષ્ઠાવિધિનું અન્ય કોઈ ફળ નથી, પરંતુ પ્રતિમામાં શક્તિ ઉત્પન્ન કરવી તેટલું જ ફળ છે, તેમ માનવું પડે.

વસ્તુતઃ પ્રતિષ્ઠાવિધિકાળમાં પરમાત્માની સાથે થયેલી સમાપત્તિ પ્રકર્ષને પામીને મુક્તિરૂપ ફળમાં વિશ્રાંત થાય છે, તેમ માનવું ઉચિત છે, અને તેમ સ્વીકારીએ તો જ પરમાત્મા સાથે થયેલી સમાપત્તિ જીવને વીતરાગ થવાનું કારણ છે, તે વચન સંગત થાય.

શાસ્ત્રમાં બતાવેલ વિધિપૂર્વક કરાયેલી આત્મગત મુખ્ય પ્રતિષ્ઠાથી પરમ પ્રતિષ્ઠા થાય છે, અને તે પરમ પ્રતિષ્ઠા જીવરૂપી લોઢાની સિદ્ધતારૂપ કનકતા સ્વરૂપ છે. અર્થાત્ સંસારવર્તી જીવો કર્મથી યુક્ત હોય છે, ત્યારે લોઢા જેવા છે અને જેમ લોખંડ રસકુંપિકાના સંસર્ગથી સુવર્ણપણાને પામે છે, તેમ જીવરૂપ લોખંડ મુખ્ય પ્રતિષ્ઠાથી સિદ્ધાવસ્થારૂપ સુવર્ણપણાને પામે છે.

વળી તે પરમપ્રતિષ્ઠા સ્થાપ્ય એવા પરમાત્મામાં સમાપત્તિથી થાય છે, અને તે સમાપત્તિ નિયોગના વાક્યોરૂપ અગ્નિ વડે કર્મમલ દગ્ધ થવાથી થાય છે.

આશય એ છે કે પ્રતિષ્ઠાવિધિ વખતે મુખ્ય દેવને ઉદ્દેશીને પરમાત્માને આત્મામાં નિયોજન કરવા માટે શાસ્ત્રવચનો બોલાય છે, એ નિયોગ વાક્યો છે; અને તે નિયોગ વાક્યોરૂપ અગ્નિથી આત્મામાં કર્મમળ બળે છે અર્થાત્ પ્રતિષ્ઠા કરાવનાર મહાત્મા ઉપયોગપૂર્વક પ્રતિષ્ઠાવિધિ કરતા હોય ત્યારે, જે પરમાત્માની પ્રતિષ્ઠા કરવાની છે, તે મુખ્ય દેવને ઉદ્દેશીને તેમને આત્મામાં સ્થાપન કરવા માટે નિયોગ વાક્યો બોલાય છે, અને પ્રતિષ્ઠા કરાવનાર તે વાક્યમાં ઉપયુક્ત થઈને હૈયાને સ્પર્શે તે રીતે યત્ન કરે ત્યારે તે નિયોગવાક્યો કર્મમળને બાળવા માટે અગ્નિ જેવાં બને છે, તેથી તે નિયોગવાક્યોરૂપ અગ્નિથી આત્મામાં રહેલ કર્મમળ બળે છે અને પ્રતિષ્ઠા કરાવનારનો આત્મા નિર્મળ બને છે અને નિર્મળ એવા મહાત્મા સ્થાપ્ય એવા પરમાત્માની સાથે સમાપત્તિને પામે છે અર્થાત્ પરમાત્માના તાત્ત્વિક સ્વરૂપથી પ્રતિષ્ઠા કરાવનાર મહાત્માનું ચિત્ત ઉપરંજિત બને છે અને વીતરાગના તાત્ત્વિક સ્વરૂપથી ઉપરંજિત થયેલું ચિત્ત વીતરાગભાવમય બની જાય છે. તેથી કષાયો ન સ્પર્શે એવો નિર્મળ કોટિનો વીતરાગપરમાત્મા સાથે તન્મયભાવસ્વરૂપ શ્રુતજ્ઞાનનો ઉપયોગ પ્રગટે છે, તે સ્થાપ્ય એવા પરમાત્માની સમાપત્તિ સ્વરૂપ છે, તે સમાપત્તિને પામીને આત્મામાં પરમાત્માના સ્વરૂપની મુખ્ય પ્રતિષ્ઠા થાય છે, અને તેનાથી ક્રમે કરીને જીવરૂપ લોઢાની સિદ્ધ કાંચનતા સ્વરૂપ પરમ પ્રતિષ્ઠા થાય છે. **॥૭૫॥**

**અવતરણિકા :-**

**ननु एवमात्मनः प्रतिष्ठित्वेऽपि प्रतिमाया अप्रतिष्ठित्वं स्यात्, प्रतिष्ठाकर्तृगतादृष्टक्षये प्रतिमायाः पूज्यताऽनापत्तिश्चेत्यत आह –**

**અવતરણિકાર્થ :-**

**'ननु'થી પૂર્વપક્ષી શંકા કરે છે – આ રીતે=પૂર્વ શ્લોક-૭૫માં કહ્યું એ રીતે, આત્માનું પ્રતિષ્ઠિતપણું હોતે છતે પણ=પ્રતિષ્ઠાવિધિથી પરમાત્મભાવનું આત્મામાં પ્રતિષ્ઠિતપણું હોતે છતે પણ, પ્રતિમાનું અપ્રતિષ્ઠિતપણું થાય=પ્રતિમામાં પરમાત્મભાવનું અપ્રતિષ્ઠિતપણું થાય, અને પ્રતિષ્ઠાકર્તૃગત=પ્રતિષ્ઠા કરાવનારમાં પ્રાપ્ત થયેલ, અદૃષ્ટનો ક્ષય થયે છતે પ્રતિમાની પૂજ્યતાની અનાપત્તિ થાય, એથી ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વે શ્લોક-૭૫માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે પ્રતિષ્ઠાવિધિથી પ્રતિમામાં શક્તિ ઉત્પન્ન થતી નથી, પરંતુ પ્રતિષ્ઠાવિધિથી પ્રતિષ્ઠા કરાવનારના આત્મામાં ઉત્પન્ન થયેલ અદૃષ્ટ પ્રતિમાની પૂજાના ફળમાં પ્રયોજક છે; કેમ કે પ્રતિષ્ઠાવિધિથી પરમાત્માની પ્રતિષ્ઠા કરાવનારના આત્મામાં જ મુખ્ય પ્રતિષ્ઠા થાય છે, અને એમ સ્વીકારીએ તો એ પ્રાપ્ત થાય કે પ્રતિષ્ઠાવિધિથી આત્મા પરમાત્મભાવની પ્રતિષ્ઠાવાળો બને,

પરંતુ પ્રતિમામાં પરમાત્મભાવની પ્રતિષ્ઠા થતી નથી, અને પ્રતિમામાં પ્રતિષ્ઠા થતી ન હોવાથી પ્રતિષ્ઠાવિધિ કર્યા પછી પ્રતિષ્ઠિત પ્રતિમા પૂજવી જોઈએ, એમ કહી શકાય નહિ. આમ છતાં પ્રતિષ્ઠાવિધિ કર્યા પછી પ્રતિમા પૂજનીય છે, તેમ સ્વીકારીએ, અને પ્રતિષ્ઠાવિધિથી પ્રતિષ્ઠા કરાવનારમાં ઉત્પન્ન થયેલું અદૃષ્ટ પૂજાફળનું પ્રયોજક છે, એમ સ્વીકારીએ, તો પ્રતિષ્ઠા કરાવનારનું તે અદૃષ્ટ કોઈક રીતે નાશ પામી જાય તો પ્રતિમાની પૂજ્યતા રહે નહિ; અર્થાત્ પ્રતિષ્ઠા કરાવનારે પ્રતિષ્ઠાકાળમાં પરમાત્મા સાથે જે સમાપત્તિ કરી, તેનાથી જે ક્ષયોપશમભાવનું અદૃષ્ટ ઉત્પન્ન થયું, તે અદૃષ્ટ પ્રતિષ્ઠા કરાવનારના તીવ્ર મોહના ઉદયથી પાછળથી નાશ પામે અથવા તો તે આત્મા વીતરાગ થઈને મોક્ષમાં જાય ત્યારે તે અદૃષ્ટ નાશ પામે ત્યારે પ્રતિમાની પૂજ્યતા રહે નહિ, તેથી પ્રતિષ્ઠા કરાવનારમાં ઉત્પન્ન થયેલ અદૃષ્ટને પૂજાફળનું પ્રયોજક સ્વીકારીએ તો પ્રતિષ્ઠા કરાવનારનું અદૃષ્ટ જ્યારે નાશ પામે ત્યારે તે પ્રતિમા પૂજનીય નથી, એમ માનવાની આપત્તિ આવે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

बिम्बेऽसावुपचारतो निजहृदो भावस्य सङ्कीर्त्त्यते,
पूजा स्याद् विहिता विशिष्टफलदा द्राक् प्रत्यभिज्ञाय याम् ।
तेनास्यामधिकारिता गुणवतां शुद्धाशयस्फूर्त्तये,
वैगुण्ये तु ततः स्वतोऽप्युपनतादिष्टं प्रतिष्ठाफलम् ।।७६।।

**શ્લોકાર્થ :-**

**પોતાના હૃદય સંબંધી ભાવોના=અધ્યવસાયના, ઉપચારથી બિંબમાં આ=પ્રતિષ્ઠા, સંકીર્તન કરાય છે=કહેવાય છે, જેની=પ્રતિષ્ઠાની, શીઘ્ર=જલદી પ્રત્યભિજ્ઞા કરીને કરાયેલી પૂજા વિશિષ્ટ ફળને આપનારી થાય. તેનાથી=નિજ હૃદયના ભાવની ઉપચારથી બિંબમાં પ્રતિષ્ઠા છે અને જેની પ્રત્યભિજ્ઞા કરીને કરાયેલી પૂજા વિશિષ્ટ ફળને આપનારી છે તેનાથી, આમાં=પ્રતિષ્ઠામાં, શુદ્ધ આશયની સ્ફૂર્તિ માટે ગુણવાળાની અધિકારિતા છે. વળી વૈગુણ્યમાં=પ્રતિષ્ઠાવિધિની સામગ્રીની અપ્રાપ્તિમાં, સ્વતઃ પણ ઉપનત=બાહ્ય સામગ્રી વિના મનથી પણ ઉપસ્થિત એવી પ્રતિષ્ઠાથી થયેલી, તેનાથી=પ્રત્યભિજ્ઞાથી, પ્રતિષ્ઠાફળ ઈષ્ટ છે. ।।૭૬।।**

**ટીકા :-**

'बिम्ब' इति :- बिम्बेऽसौ प्रतिष्ठा निजहृदो=निजहृदयसम्बन्धिनो, भावस्य=अध्यवसायस्योपचारात् सङ्कीर्त्यते, प्रतिष्ठाजनितात्मगता समापत्तिरेव स्वनिरूपकस्थाप्यालम्बनत्वसम्बन्धेन प्रतिष्ठितत्व-व्यवहारजननीत्यर्थः, यां द्राक्=शीघ्रं, प्रत्यभिज्ञाय पूजा कृता विशिष्टफलदा स्यात्, विशिष्टं फलमाकार-मात्रालम्बनाध्यवसायफलातिशायि, तथा च प्रतिष्ठितविषयकं यथार्थं प्रत्यभिज्ञानमेव पूजाफलप्रयोजक-

**मिति, तेनास्यां प्रतिष्ठायां गुणवतां प्रशस्तगुणानां कर्तृणाम् अधिकारिता शुद्धस्य विशिष्टस्याशयस्य स्फूर्त्तये, विशिष्टगुणवत्प्रतिष्ठितेयमिति प्रत्यभिज्ञाने विशिष्टाध्यवसायस्य प्रत्यक्षसिद्धत्वात्, वैगुण्ये तु=प्रतिष्ठाविधिसामग्र्यसंपत्तौ तु, ततः=प्रत्यभिज्ञानात्स्वतोऽपि उपनताद्=बाह्यसामग्रीं विना मनसोऽप्युपस्थितात्, प्रतिष्ठाफलमिष्टम्, तदुक्तं विंशिकायां -**

"थंडिल्ले वि हु एसा मणठवणाए पसत्थिगा चेव ।

आगासगोमयाईहि इत्थमुल्लेवणाइहिं" ।। **[विंशतिविंशिका-८, गा.१४]**

**मानसी स्थापना-मनसा स्थापनम्, यदुक्तं** – "न्याससमये तु सम्यक् सिद्धानुस्मरणपूर्वकमसङ्गं मुक्तौ तत्स्थापनमिव कर्त्तव्यं स्थापनं मनसेति" ।

**इत्थं च बाह्यकारणासंपत्तौ प्रतिष्ठाकर्तृगुणानां प्रायो दुर्लभत्वे वा कटुकदिगम्बरप्रतिष्ठितद्रव्यलिङ्गिद्रव्यनिष्पन्नव्यतिरिक्ताः सर्वा अपि प्रतिमा वन्दनीया इति वचनप्रतिष्ठापि फलावहेत्याम्नायविदः, त्रयानादरोऽपि कर्तृगततोत्कटदोषज्ञानाच्छुद्धाऽऽशयापरिस्फूर्तेरत एव साधुवासक्षेपादवन्दनीयास्तिस्रोऽपि वन्दनीयतां नातिक्रामन्तीति सूरिचक्रवर्त्तिनां श्रीहीरनामधेयानामाज्ञा, ततः शुद्धाशयस्फूर्त्तेरप्रतिहतत्वादिति दिग् ।।७६।।**

**ટીકાર્થ :-**

**बिम्बेऽसौ ..... सङ्कीर्त्यते, નિજહૃદયના ભાવના ઉપચારથી=પોતાના હૃદય સંબંધી અધ્યવસાયના ઉપચારથી, બિંબમાં આ=પ્રતિષ્ઠા, કહેવાય છે.**

નિજ હૃદયના ભાવનો કઈ રીતે ઉપચાર કરીને બિંબમાં પ્રતિષ્ઠા કહેવાય છે, તે સ્પષ્ટ કરે છે –

**प्रतिष्ठाजनित ..... इत्यर्थः, પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થયેલ આત્મગત સમાપત્તિ જ=પ્રતિષ્ઠા કરાવનારના આત્મામાં થયેલ સમાપત્તિ જ, સ્વનિરૂપક સ્થાપ્યઆલંબનત્વ સંબંધથી=સમાપત્તિના નિરૂપક એવા સ્થાપ્ય ઋષભાદિ પરમાત્મા, તેમની ઉપસ્થિતિમાં આલંબન પુરોવર્તી પ્રતિમા છે તેમાં રહેલ આલંબનત્વ સંબંધથી, પ્રતિમામાં રહેલી છે અને આ સંબંધથી પ્રતિમામાં રહેલી સમાપત્તિ જ પ્રતિમામાં પ્રતિષ્ઠિતત્વના વ્યવહારને ઉત્પન્ન કરનાર છે. એ પ્રમાણે અર્થ જાણવો.**

**यां ..... स्यात्, જેની=પ્રતિષ્ઠાની, શીઘ્ર પ્રત્યભિજ્ઞા કરીને કરાયેલી પૂજા વિશિષ્ટ ફળને આપનારી થાય.**

પૂર્વમાં કહ્યું કે પ્રતિમામાં પ્રતિષ્ઠા થઈ છે તેની પ્રત્યભિજ્ઞા કરીને કરાયેલી પૂજા વિશિષ્ટ ફળને આપનારી થાય છે. ત્યાં પ્રશ્ન થાય કે વિશિષ્ટ ફળ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

**विशिष्टं ..... प्रयोजकमिति, આકારમાત્રના આલંબનના અધ્યવસાયથી ઉત્પન્ન થયેલ ફળથી અતિશાયી એવું જે ફળ તે વિશિષ્ટ ફળ છે, અને તે રીતે=વીતરાગના આકારમાત્રથી કરાયેલી પૂજા**

**કરતાં પ્રતિષ્ઠિતત્વની પ્રત્યભિજ્ઞાપૂર્વક કરાયેલી પૂજામાં વિશિષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે તે રીતે, પ્રતિષ્ઠિતવિષયક યથાર્થ પ્રત્યભિજ્ઞાન જ પૂજાફળનું પ્રયોજક છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે.**

**तेन ..... प्रत्यक्षसिद्धत्वात्, તે કારણથી=પૂર્વમાં સિદ્ધ કર્યું કે બિંબમાં નિજહૃદયના ભાવની ઉપચારથી પ્રતિષ્ઠા છે અને તેનું પ્રત્યભિજ્ઞાન થવાને કારણે તે બિંબની કરાયેલી પૂજા વિશિષ્ટ ફળને આપનાર છે તે કારણથી, શુદ્ધની=વિશિષ્ટ આશયની, સ્ફૂર્તિ માટે આ પ્રતિષ્ઠામાં=પ્રતિમાની પ્રતિષ્ઠામાં, ગુણવાળાની=પ્રશસ્ત ગુણવાળા કર્તાની, અધિકારિતા છે; કેમ કે વિશિષ્ટ ગુણવાળાથી પ્રતિષ્ઠિત આ=પ્રતિમા, છે, એ પ્રકારની પ્રત્યભિજ્ઞા થયે છતે વિશિષ્ટ અધ્યવસાયનું પ્રત્યક્ષ સિદ્ધપણું છે=ભક્તિ કરનારને વિશેષ પ્રકારનો ભક્તિનો અધ્યવસાય થાય છે, એ પ્રત્યક્ષથી સિદ્ધ છે.**

પૂર્વ શ્લોક-૭૫માં સ્થાપન કરેલ કે પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થયેલ અદૃષ્ટ પૂજાફળ પ્રત્યે પ્રયોજક છે. ત્યાં પ્રસ્તુત શ્લોક-૭૬ની અવતરણિકામાં શંકા કરી કે તો પછી પ્રતિમા પ્રતિષ્ઠિત છે તેવો વ્યવહાર થઈ શકશે નહિ, અને પ્રતિષ્ઠા કરાવનારમાં રહેલ અદૃષ્ટનો ક્ષય થયે છતે પ્રતિમા અપૂજ્ય સ્વીકારવાની આપત્તિ આવશે; કેમ કે પ્રતિષ્ઠાવિધિથી પ્રતિષ્ઠા કરાવનારના આત્મામાં પરમાત્માની પ્રતિષ્ઠા થઈ. તેના ખુલાસારૂપે પ્રસ્તુત શ્લોક-૭૬માં કહ્યું કે પ્રતિષ્ઠા કરાવનારના આત્મામાં થયેલી પ્રતિષ્ઠાનો બિંબમાં ઉપચાર કરવામાં આવે છે, તેથી બિંબ પ્રતિષ્ઠિત છે તેવો વ્યવહાર થાય છે; અને આ પ્રકારના ઉપચારને કારણે પૂજા કરનારને પ્રત્યભિજ્ઞા થાય છે કે કોઈક ગુણસંપન્ન મહાત્માએ પરમાત્માની સાથે સમાપત્તિ કરીને પ્રતિમામાં પ્રતિષ્ઠાનો ઉપચાર કરેલ છે, તેથી પૂજા કરનારને ભક્તિનો અતિશય થાય છે.

વળી આ કથનથી અવતરણિકામાં બીજી પણ જે શંકા કરી કે પ્રતિષ્ઠાકર્તૃગત અદૃષ્ટનો ક્ષય થયે છતે પ્રતિમાની પૂજ્યતા રહેશે નહિ, તેનું પણ નિરાકરણ થઈ જાય છે; કેમ કે ગુણસંપન્ન મહાત્માએ પ્રતિષ્ઠા કરીને જે નિજભાવનો પ્રતિમામાં ઉપચાર કર્યો, તેનું સ્મરણ પ્રતિષ્ઠાકર્તૃગત અદૃષ્ટનો ક્ષય થાય તોપણ પૂજા કરનારને થાય છે, અને તેના કારણે ભક્તિનો અતિશય થાય છે.

આ રીતે અવતરણિકામાં કરેલ બે શંકાનું સમાધાન કર્યા પછી ગ્રંથકારશ્રીને એ સ્મરણ થયું કે કોઈક એવા સંયોગમાં પ્રતિષ્ઠિત પ્રતિમા ન હોય અને પ્રતિમાની ઉપલબ્ધિ પણ ન હોય તો ભગવાનની પૂજા કઈ રીતે શકાય. તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**वैगुण्ये तु ... इष्टम्, વૈગુણ્યમાં વળી=પ્રતિષ્ઠાવિધિની સામગ્રીની અસંપ્રાપ્તિમાં વળી, સ્વતઃ પણ ઉપનતથી=બાહ્ય સામગ્રી વગર મનથી પણ ઉપસ્થિત એવી પ્રતિષ્ઠાથી થયેલી, તેનાથી=પ્રત્યભિજ્ઞાથી, પ્રતિષ્ઠાફળ ઈષ્ટ છે=પ્રતિષ્ઠા કરાયેલી મૂર્તિને પૂજા કરવાથી થતું ફળ ઈષ્ટ છે.**

✪ बाह्यसामग्रीं विना मनसोऽप्युपस्थितात् - અહીં 'अपि'થી એ કહેવું છે કે ગુણસંપન્ન મહાત્માએ સમાપત્તિ કરીને પ્રતિષ્ઠા કરેલ પ્રતિમાની પૂજાથી તો ઇષ્ટફળ થાય છે, પણ બાહ્ય સામગ્રી વગર મનથી પણ ઉપસ્થિત એવી પ્રતિષ્ઠાથી થયેલી પ્રત્યભિજ્ઞાથી પ્રતિષ્ઠા કરાયેલી મૂર્તિની પૂજા કરવાથી પણ ઇષ્ટફળ થાય છે.

**तदुक्तं विंशिकायाम् - તે=પૂર્વમાં કહ્યું કે વૈગુણ્યમાં વળી બાહ્ય સામગ્રી વગર મનથી પણ ઉપસ્થિત એવી પ્રતિષ્ઠાથી થયેલી પ્રત્યભિજ્ઞાથી, પ્રતિષ્ઠાફળ ઇષ્ટ છે=પ્રતિષ્ઠા કરાયેલી મૂર્તિની પૂજા કરવાથી થતું ફળ ઇષ્ટ છે તે, પૂજાવિધિવિંશિકામાં કહ્યું છે –**

"थंडिल्ले ..... उल्लेवणाइहिं" ।। इत्थम्=આ રીતે=પૂજાવિધિ વિંશિકા ગાથા-૧૩માં કહ્યા પ્રમાણે સ્વયંકારિત આદિ પ્રતિમાઓની પૂજા જેમ બહુફળવાળી છે એ રીતે, આકાશગોમયાદિ દ્વારા=જમીન ઉપર પડેલ ગાયનું છાણ ઉપર ઉપરથી ગ્રહણ કરેલ હોય જે આકાશમાં અદ્ધર હોય તે ગ્રહણ કરીને તેના દ્વારા, ઉપલેપન આદિથી=લીંપણું કરવાથી સ્થંડિલમાં પણ=શુદ્ધ ભૂમિમાં પણ, મન દ્વારા કરાયેલી સ્થાપનાની આ=પૂજા, પ્રશસ્ત જ છે.

✪ थंडिल्ले वि - અહીં 'अपि' થી એ કહેવું છે કે અન્ય કોઈ સારા પદાર્થમાં તો સ્થાપના કરીને પૂજા કરવી પ્રશસ્ત જ છે, પરંતુ શુદ્ધ ભૂમિમાં પણ મન દ્વારા કરાયેલી સ્થાપનાની પૂજા પ્રશસ્ત જ છે.

**मानसी ..... स्थापनम् । માનસી સ્થાપના છે તે મન વડે સ્થાપન છે. મન વડે સ્થાપન શું છે તે यदुक्तम् થી કહે છે –**

**यदुक्तम् - જે કહેવાયું છે –**

"न्याससमये ..... मनसा" ।। **इति ।** ન્યાસસમયમાં=મંત્રન્યાસસમયમાં વળી સમ્યગ્ સિદ્ધના અનુસ્મરણપૂર્વક=સિદ્ધના પારમાર્થિક સ્વરૂપના સ્મરણપૂર્વક, મુક્તિમાં અસંગ એવા તેમના સ્થાપનની જેમ=સિદ્ધના આત્માના સ્થાપનની જેમ, મનથી સ્થાપન કરવું=શુદ્ધ ભૂમિમાં મનથી સિદ્ધના ગુણોની સ્થાપના કરવી.

**'इति' શબ્દ यदुक्तम् થી કહેલ કથનની સમાપ્તિ સૂચક છે.**

પૂર્વમાં સ્થાપન કર્યું કે પૂજા કરનાર વ્યક્તિને, 'ગુણસંપન્ન મહાત્માએ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી છે,' તેવી પ્રત્યભિજ્ઞા થવાને કારણે ગુણસંપન્ન મહાત્માથી પ્રતિષ્ઠિત થયેલી પ્રતિમાની પૂજા કરવાથી ભાવનો અતિશય થાય છે. માટે ગુણસંપન્ન મહાત્માથી પ્રતિષ્ઠિત એવી પ્રતિમા વિશેષે પૂજનીય છે. તેથી તે નિયમ પ્રમાણે ઉત્સર્ગથી તો ગુણસંપન્ન મહાત્માથી કરાયેલી વિધિપૂર્વક પ્રતિષ્ઠા પૂજાફળનું પ્રયોજક છે; પરંતુ કોઈક તેવા સંયોગોમાં પ્રતિષ્ઠિત પણ પ્રતિમાની ઉપલબ્ધિ ન હોય તો અપવાદથી જેમ પોતાના મનથી શુદ્ધ ભૂમિમાં સ્થાપન કરાયેલ પરમાત્માની પૂજા કરવાથી પણ પૂજાના ફળની પ્રાપ્તિ થાય છે; એ રીતે અપવાદથી વિશિષ્ટ ગુણસંપન્ન મહાત્માઓના અભાવે અન્ય કોઈપણ ગચ્છના મહાત્માઓથી શાસ્ત્રવચન દ્વારા કરાયેલી પ્રતિષ્ઠા પણ ફળાવહ થાય છે, તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે -

**इत्थं च ..... आम्नायविदः । અને આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, બાહ્ય કારણની અસંપ્રાપ્તિ હોતે છતે અથવા પ્રતિષ્ઠા કરનારના ગુણોનું પ્રાયઃ દુર્લભપણું હોતે છતે કટુકથી પ્રતિષ્ઠિત કે દિગંબરથી પ્રતિષ્ઠિત કે દ્રવ્યલિંગીના દ્રવ્યથી નિષ્પન્ન=બનેલી એવી પ્રતિમાથી વ્યતિરિક્ત=અન્ય, સર્વ પણ પ્રતિમાઓ વંદનીય છે. એથી વચનપ્રતિષ્ઠા પણ ફળાવહ છે, એ પ્રમાણે આમ્નાયને=પરંપરાને, જાણનારાઓ કહે છે.**

✪ वचनप्रतिष्ठापि - અહીં 'अपि'થી એ કહેવું છે કે અપવાદથી મનથી કરાયેલી પ્રતિષ્ઠા તો ફળાવહ છે, પરંતુ કોઈપણ ગચ્છના મહાત્મા દ્વારા શાસ્ત્રના વચનમાત્રથી કરાયેલી પ્રતિષ્ઠા પણ ફળાવહ છે.

પૂર્વમાં કહ્યું કે પ્રતિષ્ઠા કરાવનારના ગુણોનું પ્રાયઃ દુર્લભપણું હોવાને કારણે સર્વ પણ પ્રતિમાઓ વંદનીય છે, તેમાં ત્રણનો અનાદર કર્યો. તેથી પ્રશ્ન થાય કે પ્રતિષ્ઠા કરાવનારના ગુણોનું જ્યારે પ્રાયઃ દુર્લભપણું હોય ત્યારે પાર્શ્વસ્થાદિ કૃત પ્રતિમા જો વંદનીય બનતી હોય તો કટુકમતવાળાથી અને દિગંબરથી પ્રતિષ્ઠિત કે દ્રવ્યલિંગીના દ્રવ્યથી નિષ્પન્ન=બનેલી, એ ત્રણનો અનાદર કેમ કર્યો ? તેથી ગ્રંથકારશ્રી કહે છે-

**त्रयानादरोऽपि ..... इति दिग् ।। ત્રણનો અનાદર પણ પ્રતિષ્ઠા કરાવનારના ઉત્કટ દોષના જ્ઞાનને કારણે શુદ્ધ આશયની અપરિસ્ફૂર્તિ હોવાથી કરેલ છે. આજ કારણથી=પૂર્વમાં કહ્યું કે કટુકાદિ ત્રણથી પ્રતિષ્ઠિત પ્રતિમાને છોડીને સર્વ પણ પ્રતિમાઓ વંદનીય છે અને પ્રતિષ્ઠા કરાવનારના ઉત્કટ દોષના જ્ઞાનને કારણે શુદ્ધ આશયની સ્ફૂર્તિ થતી નથી તેથી ત્રણનો અનાદર કરેલ છે આજ કારણથી, સાધુના વાસક્ષેપથી અવંદનીય એવી ત્રણે પણ પ્રતિમાઓ વંદનીયતાનું અતિક્રમણ કરતી નથી, એ પ્રમાણે સૂરિચક્રવર્તી શ્રી હીરસૂરિ મહારાજાની આજ્ઞા છે; કેમ કે તેનાથી=સાધુના વાસક્ષેપથી, શુદ્ધ આશયની પરિસ્ફૂર્તિનું અપ્રતિહતપણું છે. એ પ્રમાણે દિશાસૂચન છે. ।।૭૬।।**

**ભાવાર્થ :-**

પ્રતિષ્ઠા કરાવનાર મહાત્મા શાસ્ત્રવિધિ દ્વારા સમાપત્તિથી વીતરાગના ભાવોની પોતાના આત્મામાં સ્થાપના કરે છે, તે મુખ્ય પ્રતિષ્ઠા છે, અને તે પ્રતિષ્ઠાકાળમાં વર્તતા પોતાના ભાવોની ઉપચારથી બિંબમાં સ્થાપના કરે, તે ઉપચારથી બિંબમાં પ્રતિષ્ઠા કહેવાય છે. તેથી પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થયેલ પ્રતિષ્ઠા કરાવનારના આત્મામાં થયેલી સમાપત્તિ જ સંબંધ વિશેષથી પ્રતિમામાં રહેલી છે, અને તેના કારણે આ પ્રતિમા પ્રતિષ્ઠિત છે, તેવો વ્યવહાર થાય છે, અને તે પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થયેલ સમાપત્તિ પ્રતિમામાં સ્વનિરૂપક સ્થાપ્યઆલંબનત્વ સંબંધથી રહે છે. તે આ રીતે –

સ્વ=સમાપત્તિ, તે સમાપત્તિના નિરૂપક એવા સ્થાપ્ય વીર ભગવાન આદિના આત્મા છે, જે સિદ્ધશિલા ઉપર રહેલા છે, અને તે સ્થાપ્યને ઉપસ્થિત કરવા માટે આલંબનભૂત મૂર્તિ છે, તેથી પ્રતિષ્ઠા કરનારમાં થયેલી સમાપત્તિના નિરૂપક એવા સ્થાપ્યના આલંબનરૂપ પ્રતિમા છે તેથી પ્રતિમામાં આલંબનત્વ છે અને તે સંબંધથી પ્રતિષ્ઠા કરાવનારમાં રહેલી સમાપત્તિ પ્રતિમામાં છે, તેવો વ્યવહાર થાય છે. માટે આ પ્રતિમા પ્રતિષ્ઠિત છે, તેમ લોકમાં કહેવાય છે.

વળી, જે વિવેકસંપન્ન પૂજા કરનાર શ્રાવક છે તે શ્રાવકને શાસ્ત્રની મર્યાદાનું જ્ઞાન હોય તો પ્રતિષ્ઠિત પ્રતિમાને જોઈને પ્રતિષ્ઠા કરાવનાર વ્યક્તિમાં થયેલી સમાપત્તિની શીઘ્ર પ્રત્યભિજ્ઞા થાય છે, અને તે પ્રત્યભિજ્ઞાને કારણે તેને જ્ઞાન થાય છે કે કોઈ મહાત્માએ આ રીતે શાસ્ત્રવચન દ્વારા પરમાત્માની સાથે ઉપયોગથી સમાપત્તિ કરીને પ્રસ્તુત પ્રતિમામાં પ્રતિષ્ઠાનો ઉપચાર કર્યો છે, માટે વીતરાગના આકારવાળી

પ્રતિમાને જોઈને જેમ તેમના પ્રત્યે પૂજ્યબુદ્ધિ થઈ, તેમ પ્રત્યભિજ્ઞાથી પ્રતિષ્ઠા દ્વારા કરાયેલ સમાપત્તિના સ્મરણને કારણે વીતરાગ સાથે થયેલી સમાપત્તિની ઉપસ્થિતિ થવાથી તેવી સમાપત્તિપૂર્વક આ પ્રતિમા પ્રતિષ્ઠિત થયેલી છે તેના સ્મરણને કારણે, પૂજા કરનારને ભાવનો અતિશય થાય છે. તેથી તેવા ભાવપૂર્વક કરાયેલી પૂજા વિશિષ્ટ ફળને આપનારી થાય છે. આથી જ ટીકામાં ખુલાસો કર્યો કે કોઈ શ્રાવક ભગવાનના આકારમાત્રનું આલંબન કરીને પૂજા કરતા હોય તે વખતે જે ફળ થાય છે, તેના કરતાં પ્રતિષ્ઠતત્વની પ્રત્યભિજ્ઞાપૂર્વક ભગવાનની પૂજા કરતા હોય તો અતિશયિત ફળ થાય છે.

આનાથી એ ફલિત થયું કે પ્રતિષ્ઠિત એવી પ્રતિમાવિષયક યથાર્થ પ્રત્યભિજ્ઞાન પૂજાફળ પ્રત્યે પ્રયોજક છે; કેમ કે પ્રતિમામાં પ્રતિષ્ઠા થયેલી છે, તેવા જ્ઞાનને કારણે પ્રતિષ્ઠા કરાવનારની પરમાત્મા સાથે થયેલી સમાપત્તિનું સ્મરણ થાય છે, અને તેના કારણે જ્યારે ભગવાનની પૂજા કરવામાં આવે ત્યારે પૂજા કરનારને જે ભાવનો અતિશય થાય છે, તેવા ભાવનો અતિશય યથાર્થ પ્રત્યભિજ્ઞા વગર થાય નહિ.

પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું કે પ્રતિષ્ઠા કરાવનાર મહાત્મામાં પ્રતિષ્ઠાની ક્રિયાથી ઉત્પન્ન થયેલ સમાપત્તિ સંબંધ વિશેષથી પ્રતિમામાં પ્રતિષ્ઠિતત્વના વ્યવહારનું કારણ છે અને શીઘ્ર પ્રત્યભિજ્ઞા દ્વારા તે સમાપત્તિ પૂજા કરનારને વિશિષ્ટ ફળ આપનાર છે.

આનાથી એ ફલિત થયું કે પૂજા કરનારને વિશિષ્ટ આશયની પ્રાપ્તિ માટે વીતરાગની પ્રતિમા જેમ આલંબનરૂપ છે, તેમ તેમાં થયેલી પ્રતિષ્ઠા પણ વિશેષ ભાવ પ્રત્યે આલંબનરૂપ છે, માટે પ્રતિમાની પ્રતિષ્ઠા થયેલી હોય તો પૂજામાં ભાવનો અતિશય થાય, તેમ તે પ્રતિષ્ઠા વિશિષ્ટ ગુણવાળા મહાત્મા દ્વારા થઈ હોય તો, આ મહાત્માએ આ પ્રતિષ્ઠા કરી છે, તેવું જ્ઞાન થવાથી, ગુણસંપન્ન એવા મહાત્માથી પરમાત્માની સાથે પ્રતિષ્ઠાકાળમાં થયેલી વિશિષ્ટ સમાપત્તિનું સ્મરણ થવાથી, વિવેકી શ્રાવકને વિશિષ્ટ અધ્યવસાય થાય છે, એ પ્રત્યક્ષથી સિદ્ધ છે.

આશય એ છે કે વિવેકસંપન્ન શ્રાવક શાસ્ત્રની મર્યાદાને જાણનાર હોય છે અને આ પ્રતિમાની કોઈ વિશિષ્ટ મહાપુરુષે પ્રતિષ્ઠા કરી છે, તેવું જ્ઞાન થાય ત્યારે, તે ગુણવાન મહાત્મા નિર્લેપ હોવાથી ભગવાનની પ્રતિષ્ઠાનાકાળમાં વિશેષ પ્રકારના તન્મયભાવને કરીને તેમણે કેવી લોકોત્તમ સમાપત્તિ કરી હશે, તેની કલ્પના કરી શકે છે; અને તેવી ઉપસ્થિતિ થવાને કારણે પરમાત્મા સાથે થયેલી તે મહાત્માની સમાપત્તિના સ્મરણને કારણે ભગવાનની પૂજાના કાળમાં તેને વિશેષ ભક્તિ ઉલ્લસિત થાય છે, તેથી તે વિવેકી શ્રાવકને વિશેષ નિર્જરા પ્રત્યે વિશિષ્ટ મહાત્મા દ્વારા કરાયેલ પ્રતિષ્ઠા કારણ છે, માટે પૂજા કરનારના વિશેષ આશયની પ્રાપ્તિ માટે પ્રતિષ્ઠા કરાવનાર પણ વિશિષ્ટ ગુણસંપન્ન મહાત્મા અધિકારી છે, અન્ય નહિ.

અવતરણિકામાં કરેલ બે શંકાનું સમાધાન કર્યા પછી ગ્રંથકારશ્રીને એ સ્મરણ થયું કે કોઈક એવા સંયોગમાં પ્રતિષ્ઠિત પ્રતિમા ન હોય અને પ્રતિમાની ઉપલબ્ધિ પણ ન હોય તો ભગવાનની પૂજા કઈ રીતે કરી શકાય, તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

કોઈ શ્રાવક અરણ્યાદિ સ્થાનમાં અથવા જ્યાં પ્રતિમાની પ્રાપ્તિ ન હોય તેવા સ્થાનમાં, પ્રતિષ્ઠાવિધિની સામગ્રી પણ ન હોય ત્યારે બાહ્ય સામગ્રી વગર મનથી પણ સિદ્ધ પરમાત્માના સ્વરૂપનું સ્મરણ કરીને, શુદ્ધ ભૂમિ આદિમાં સિદ્ધ પરમાત્માની સ્થાપના કરે; અને કર્યા પછી આ સ્થાનમાં મેં પરમાત્માની સ્થાપના કરી છે, તેવી પ્રત્યભિજ્ઞાપૂર્વક પરમાત્માની પૂજા કરે, તો પ્રતિષ્ઠા કરાયેલ પ્રતિમાની પૂજાથી જે ફળ થાય છે, તેવું ફળ મનથી સ્થાપન કરાયેલ પરમાત્માની પૂજાથી પ્રાપ્ત થઈ શકે છે; અને તે વાત વિંશિકામાં કહેલ છે.

જેમ સ્વયંકારિતાદિ પ્રતિમાની પૂજા બહુફળવાળી છે, એ રીતે કોઈ કારણવિશેષથી કે સંયોગવિશેષથી વિધિપૂર્વક બનાવાયેલી અન્ય કોઈપણ પ્રતિમા પ્રાપ્ત ન હોય ત્યારે, સિદ્ધ પરમાત્માના ગુણોનું સ્મરણ કરીને સિદ્ધશિલા ઉપર બિરાજમાન સિદ્ધ પરમાત્માના સ્વરૂપનું શુદ્ધ ભૂમિમાં મન દ્વારા સ્થાપન કરીને, તેની પૂજા કરવી તે પણ પ્રશસ્ત જ છે અર્થાત્ ભક્તિના પ્રકર્ષથી ભાવની વૃદ્ધિનું કારણ જ છે. તે શુદ્ધ ભૂમિને જમીન ઉપર પડેલા ગાયના છાણથી નહીં, પરંતુ જમીનને નહીં સ્પર્શેલ અને ઉપર રહેલા ગાયના છાણથી ઉપલેપન કરવું આવશ્યક છે.

પૂજાવિધિવિંશિકા ગાથા-૧૪માં કહેલ मणठवणाएનો અર્થ ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વમાં સ્થાપન કર્યું એ રીતે બાહ્ય સામગ્રીની અપ્રાપ્તિમાં મનથી પણ પ્રતિષ્ઠાનું સ્થાપન કરીને પૂજા કરવાથી પ્રતિષ્ઠિત પ્રતિમાની પૂજાના ફળની પ્રાપ્તિ થાય છે.

વળી, પ્રતિષ્ઠા કરનાર મહાત્મા માટે જે વિશિષ્ટ ગુણો કહ્યા છે એવા ગુણો પ્રાયઃ કરીને મળવા દુર્લભ છે, તેથી જેમ મનથી સ્થાપના કરીને પ્રતિમાની પૂજા કરવાથી ફળ મળે છે, તેમ પાર્શ્વસ્થાદિ સાધુઓ પણ પ્રતિષ્ઠાવિધિના વચનથી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવે અને તે પ્રતિમાની પૂજા કરવામાં આવે તો અપવાદથી પૂજા કરનારને ઈષ્ટફળ મળે છે; તેથી આ પ્રતિમા પ્રતિષ્ઠિત થયેલી છે, તેમ પ્રતિસંધાન કરીને પૂજા કરવાથી પૂજાનું વિશિષ્ટ ફળ મળે છે. ફક્ત કટુકમતના સાધુથી અને દિગંબર સાધુથી પ્રતિષ્ઠા કરાયેલી પ્રતિમા કે દ્રવ્યલિંગીએ ભેગા કરેલા ધનથી નિષ્પન્ન થયેલી પ્રતિમા પૂજનીય બનતી નથી; કેમ કે તે પ્રતિમા કરાવનારા ભગવાનના વચનથી વિપરીત પ્રરૂપણા કરનારા છે, તેથી તે પ્રતિષ્ઠા કરનારમાં ઉત્કટ દોષ છે, તેવું જ્ઞાન થાય છે. માટે ઉત્કટ દોષવાળાથી પ્રતિષ્ઠિત આ પ્રતિમા હોવાને કારણે 'આ પ્રતિમા પ્રતિષ્ઠિત છે, માટે હું ભક્તિ કરું' એવા શુદ્ધ આશયની સ્ફૂર્તિ થતી નથી.

વળી, દ્રવ્યલિંગી સાધુએ અનુચિત પ્રવૃત્તિ કરીને ધન ભેગું કરેલું હોય તેથી તેવા દ્રવ્યલિંગીના ધનથી બનેલી પ્રતિમા પણ પૂજનીય નથી; કેમ કે દ્રવ્યલિંગીએ અનુચિતપણે ભેગા કરેલા ધનથી બનેલી આ પ્રતિમા છે. તેવો આશય થવાથી તેવી પ્રતિમાને જોઈને શુદ્ધ આશયની સ્ફૂર્તિ થતી નથી. આમ છતાં કોઈ સાધુ મહાત્મા કટુક મતવાળાથી પ્રતિષ્ઠિત કે દિગંબરથી પ્રતિષ્ઠિત કે દ્રવ્યલિંગીના દ્રવ્યથી નિષ્પન્ન થયેલી પ્રતિમાને વાસક્ષેપ કરી આપે તો તે પ્રતિમાને જોઈને શુદ્ધ આશયની સ્ફૂર્તિ થઈ શકે છે. તેથી નક્કી થાય છે કે આકારમાત્રના સામ્યને કારણે વિધિપૂર્વક મહાત્માથી પ્રતિષ્ઠિત ન હોય તોપણ વચનમાત્રથી પ્રતિષ્ઠા કરાયેલ પ્રતિમા પૂજા કરનારને ઉત્તમ ભાવનું કારણ હોવાથી પૂજનીય છે. **॥૭૬॥**

અવતરણિકા :-

एतेन शङ्काशेषोऽपि सुनिरस्य एवेत्याह –

અવતરણિકાર્થ :-

આનાથી=શ્લોક-૭૦થી માંડીને શ્લોક-૭૬ સુધી વૃષોદ અનુસારી=ધર્મસાગરજી મ. સા.ના મતનો ઉપન્યાસ કરીને ખંડન કર્યું એનાથી, શંકાશેષ પણ સુનિરસ્ય જ છે=નિરાસ કરવા યોગ્ય જ છે, એથી કરીને ગ્રંથકારશ્રી કહે છે -

શ્લોક :-

चैत्येऽनायतनत्वमुक्तमथ यत्तीर्थान्तरीयग्रहात्,
तत्किं तन्ननु दुर्मतिग्रहवशाद् दुष्टं श्रयामीति चेत्?
साम्राज्ये घटमानमेतदखिलं चारित्रभाजां भवेत्,
पार्श्वस्थस्त्वसतीसतीचरितवन्नो वक्तुमेतत्प्रभुः ।।७७।।

શ્લોકાર્થ :-

જે કારણથી તીર્થાંતરીયોના=અન્યતીર્થિકોના, ગ્રહના કારણે જ ચૈત્યમાં અનાયતનપણું કહેવાયું છે તે કારણથી, ખરેખર દુર્મતિના ગ્રહના વશથી દુષ્ટ એવી તેનો=પ્રતિમાનો, હું શું આશ્રય કરું ? આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

ચારિત્રવાળાના સામ્રાજ્યમાં આ સઘળું ઘટમાન થાય=સંગત થાય, પરંતુ પાર્શ્વસ્થ એવો તું અસતીસતીચરિત્રની જેમ=અસતી સ્ત્રી સતી સ્ત્રીનું ચરિત્ર કહેવા માટે જેમ, સમર્થ નથી તેમ આ કહેવા માટે તું સમર્થ નથી. ।।૭૭।।

ટીકા :-

'चैत्य' इति :- अथ यद्=यस्मात् कारणात्, तीर्थान्तरीयस्य ग्रहः=परिग्रहः, तस्मादनायतनत्वमुक्तम्- "णो कप्पइ अण्णउत्थियपरिग्गहाइं अरहंतचेइयाइं वा" इत्यादिना तत्=तर्हि, 'ननु' इत्याक्षेपे दुर्मतीनां=दुर्बुद्धीनां, पार्श्वस्थादीनां यो ग्रहः=परिग्रहः, तद्वशाद् दुष्टं=दोषवत्, तच्चैत्यं किं श्रयामि? अन्यतीर्थिक-परिग्रहवद् भ्रष्टाचारपरिग्रहस्याप्यनायतनत्वहेतुत्वादिति भावः इति चेत्? एतदखिलं त्वयोच्यमानं चारित्रभाजां साम्राज्ये=सम्राड्भावे प्रवर्त्तमाने घटमानं युक्तं भवेत्, तदोद्यतविहारिभिः निर्जितसकलभयैः आचार्यादिधीरपुरुषैः शुद्धाशुद्धविवेके क्रियमाणे विधिगुणपक्षपातस्य सर्वेषां सुकरत्वेन भावोल्लासस्या-वश्यकत्वाद्। आह - "जो उत्तमेहिं मग्गो पहओ सो दुक्करो न सेसाणं । आयरियम्मि जयंते तयणुचरा के

णु सीअंति" ।। [ ] **इत्यादि, पार्श्वस्थस्तु भवान् पार्श्वस्थमध्यवर्ती एतद् निर्दिष्टं असती सती चरितवत्=सतीचरित्रवत्, नो वक्तुं प्रभुः, अशक्यस्य स्वकृतिसाध्यत्वोक्तौ उपहसनीयत्वप्रसङ्गात्, प्रायस्तुल्यत्वे एकतरपक्षपातेनेतरभक्तिसङ्कोचप्रद्वेषादिना महापातकप्रसङ्गाच्च ।।७७।।**

**ટીકાર્થ :-**

अथ ..... किं श्रयामि ? **'अथ'થી પૂર્વપક્ષી કહે છે – જે કારણથી તીર્થાંતરીયનો=અન્યતીર્થિકનો, ગ્રહ=પ્રતિમાનું ગ્રહણ છે, તે કારણથી** "णो ..... अरिहंत चेइयाइं वा"="અન્ય તીર્થિક વડે પરિગૃહીત અરિહંતચૈત્યો કલ્પતાં નથી" **ઈત્યાદિ શાસ્ત્રવચન દ્વારા અનાયતનપણું કહેવાયું છે=જિનપ્રતિમાનું અપૂજનીયપણું કહેવાયું છે, તો દુર્બુદ્ધિ એવા પાર્શ્વસ્થાદિનો જે ગ્રહ=પ્રતિમાનું ગ્રહણ, તેના વશથી દુષ્ટ=દોષવાળા, એવા તે ચૈત્યનો=પ્રતિમાનો, હું કેવી રીતે આશ્રય કરું ?**

અન્યથી પરિગૃહીત પ્રતિમા પૂજનીય નથી, એ પ્રકારના શાસ્ત્રવચનના બળથી પાર્શ્વસ્થાદિથી પરિગૃહીત પ્રતિમા પણ પૂજનીય નથી, તેમ પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું; ત્યાં શંકા થાય કે પાર્શ્વસ્થાદિ તો અન્યતીર્થિક નથી, માટે અન્યતીર્થિક પરિગૃહીત પ્રતિમા પૂજનીય નથી તે કેમ સિદ્ધ થઈ શકે ? તેથી પોતાના કથનની પુષ્ટિ અર્થે પૂર્વપક્ષી કહે છે –

अन्यतीर्थिक ..... इति चेत् ? **અન્યતીર્થિક પરિગ્રહની જેમ=અન્યતીર્થિકથી ગ્રહણ કરાયેલ પ્રતિમાની જેમ, ભ્રષ્ટાચારથી પરિગ્રહનું પણ=ભ્રષ્ટાચારવાળા એવા પાર્શ્વસ્થાદિથી પ્રતિમાના ગ્રહણનું પણ, અનાયતનત્વરૂપ હેતુપણું હોવાથી અન્યતીર્થિકથી પરિગૃહીત પ્રતિમાની જેમ પાર્શ્વસ્થાદિથી પરિગૃહીત પ્રતિમા પણ પૂજનીય નથી, એ પ્રકારે પૂર્વપક્ષીનો ભાવ છે. તેને ગ્રંથકારશ્રી** इति चेत् **થી કહે છે –**

एतदखिलं ..... आवश्यकत्वात् । **તારા વડે કહેવાતું આ સઘળું=પાર્શ્વસ્થાદિથી પરિગૃહીત જિનપ્રતિમા અન્યતીર્થિક પરિગૃહીત પ્રતિમાની જેમ અનાયતન છે એ સઘળું, ચારિત્રવાળાનું સામ્રાજ્ય પ્રવર્તમાન હોતે છતે ઘટમાન છે=યુક્ત છે; કેમ કે ત્યારે=જ્યારે ચારિત્રવાળાનું સામ્રાજ્ય હતું ત્યારે, ઉદ્યતવિહારવાળા, નિર્જિત સકલભયવાળા આચાર્યાદિ ધીર પુરુષો વડે શુદ્ધાશુદ્ધનો વિવેક કરાયે છતે સર્વને=ભગવાનની પૂજા કરનાર સર્વને, વિધિગુણપક્ષપાતનું સુકરપણું હોવાને કારણે ભાવોલ્લાસનું આવશ્યકપણું છે= ભાવોલ્લાસ કરવો શક્ય છે.**

आह=**કહે છે=પૂર્વમાં કહ્યું કે તે કાળમાં આચાર્યો વડે શુદ્ધાશુદ્ધનો વિવેક કરાયે છતે વિધિગુણના પક્ષપાતનું બધાને સુકરપણું હતું, તેમાં સાક્ષીરૂપે** आह **થી કહે છે –**

"जो ..... सीअंति" ।। **इत्यादि ।** "ઉત્તમો વડે જે માર્ગ પ્રહત છે=સેવાયેલો છે તે બીજાઓને દુષ્કર નથી. આચાર્ય યતનાવાળા હોતે છતે તેના અનુચરો કોણ સીદાય ?"

**इत्यादि થી આવા બીજા ઉદ્ધરણનો સંગ્રહ સમજવો.**

**पार्श्वस्थस्तु ..... महापातकप्रसङ्गाच्च ।। અસતી સ્ત્રી સતીચરિત્રની જેમ=સતી સ્ત્રીના ચરિત્રને કહેવા માટે જેમ સમર્થ નથી, તેમ પાર્શ્વસ્થ=પાર્શ્વસ્થ મધ્યવર્તી એવો તું આને=નિર્દિષ્ટને=પાર્શ્વસ્થાદિથી પ્રતિષ્ઠિત પ્રતિમા પૂજનીય નથી એ પ્રકારે તારા વડે નિર્દિષ્ટને, કહેવા માટે સમર્થ નથી; કેમ કે અશક્યને=સંયમપાલનના અશક્યને, સ્વકૃતિ સાધ્યત્વની ઉક્તિમાં=સંયમ પોતાની કૃતિથી સાધ્ય છે એમ કહેવામાં, ઉપહસનીયપણાનો=ઉપહાસનો, પ્રસંગ છે, અને પ્રાયઃ કરીને તુલ્યપણું હોતે છતે=પોતાનાથી કરાયેલ પ્રતિમામાં અને અન્ય પાર્શ્વસ્થથી કરાયેલ પ્રતિમામાં તુલ્યપણું હોતે છતે, એકતરના પક્ષપાતથી=પોતાનાથી કરાયેલા ચૈત્યના=પ્રતિમાના, પક્ષપાતથી, ઈતરની ભક્તિના સંકોચ વડે પ્રદ્વેષાદિથી=પોતાનાથી અન્ય પાર્શ્વસ્થાદિ વડે કરાયેલી પ્રતિમાની ભક્તિના સંકોચ વડે અન્યની પ્રતિમા પ્રત્યે પ્રદ્વેષાદિ કરવાથી મહાપાતકનો પ્રસંગ છે. ।।૭૭।।**

✪ अनायतनत्वम् - અહીં આયતન=ધર્મનું સ્થાન અને અનાયતન=પાપનું સ્થાન સમજવું.

**ભાવાર્થ :–**

'अथ' થી પૂર્વપક્ષી કહે છે કે શાસ્ત્રમાં અન્યતીર્થિકથી પરિગૃહીત અરિહંતનાં ચૈત્યોને=અરિહંતની પ્રતિમાઓને વંદન-પૂજન કરવું કલ્પતું નથી, એ પ્રકારે સમ્યક્ત્વ ઉચ્ચરાવતી વખતે પ્રતિજ્ઞા કરાય છે. એ વચનથી તીર્થાંતરીયથી ગ્રહણ કરાયેલ જિનપ્રતિમા પૂજનીય નથી, એ અર્થ સિદ્ધ થાય છે; કેમ કે તે પ્રતિમાને પૂજવી તે અનાયતન છે=પાપનું સ્થાન છે, એમ કહેવાયું છે. તે વચનના બળથી પાર્શ્વસ્થાદિથી ગ્રહણ કરાયેલ પ્રતિમા પણ દોષવાળી છે અર્થાત્ પૂજનીય નથી એમ અમે કહીએ તો શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી; કેમ કે જેમ અન્યતીર્થિકથી પરિગૃહીત પ્રતિમા પૂજવી એ અનાયતન છે=પાપનું સ્થાન છે, તેમ ભ્રષ્ટાચારથી પરિગૃહીત પણ પ્રતિમાને પૂજવી એ પાપનું સ્થાન છે, એવો અર્થ ફલિત થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીએ જે કહ્યું તે વચન જે કાળમાં ચારિત્રનું સામ્રાજ્ય વર્તતું હતું તે કાળમાં કહેવું યુક્ત છે; કેમ કે તે વખતે સાધુઓ ઉદ્યતવિહારી હતા અને અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં સર્વ ભાવોને જીતી લીધા હતા. એવા આચાર્યાદિ ધીર પુરુષો શુદ્ધાશુદ્ધનો વિવેક કરે અર્થાત્ આ પ્રતિમા સુસાધુથી પ્રતિષ્ઠિત છે માટે પૂજનીય છે, અને આ પ્રતિમા પાર્શ્વસ્થાદિથી પ્રતિષ્ઠિત છે માટે પૂજનીય નથી, એ પ્રકારનો વિવેક કરે તે ઉચિત છે; કેમ કે તે પ્રકારનો વિવેક કરીને તે કાળમાં ભગવાનની ભક્તિ કરનારા શ્રાવકો સુસાધુથી પ્રતિષ્ઠિત જિનપ્રતિમાની પૂજામાં ભાવોલ્લાસ કરી શકતા હતા. તેથી તેવા કાળમાં જેમ તીર્થાંતરીય પરિગૃહીત પ્રતિમા પૂજનીય નથી, તેમ પાર્શ્વસ્થાદિથી પ્રતિષ્ઠા કરાયેલ પ્રતિમા પણ પૂજનીય નથી, તેમ કહીને, સુસાધુઓથી પ્રતિષ્ઠિત કરાયેલી પ્રતિમાની પૂજા કરીને શ્રાવકો ભાવોલ્લાસ કરી શકતા હતા; કેમ કે તે વખતે સુસાધુઓ વિદ્યમાન હતા અને તેઓથી પ્રતિષ્ઠિત પ્રતિમાઓ બધાને સહેલાઈથી પ્રાપ્ત થતી હતી; પરંતુ વર્તમાનમાં વિષમકાળમાં તેવા ઉદ્યતવિહારી સાધુઓ નથી, તેથી પ્રાયઃ સર્વ સાધુઓ ભગવાનના આચાર પાળવામાં શિથિલાચારવાળા પ્રાપ્ત થાય છે; અને બોલનાર પોતે પણ ભગવાનના વચનાનુસાર શુદ્ધ

આચાર પાળનાર નથી, આમ છતાં પોતે પાર્શ્વસ્થ નથી, તેમ બતાવવા માટે પાર્શ્વસ્થથી કરાયેલ પ્રતિમા પૂજનીય નથી, તેમ કહીને, પ્રતિમાની પૂજાનું નિવારણ કરે છે. એનું વચન, જેમ કોઈ અસતી સ્ત્રી સતી સ્ત્રીઓ આવી હોય, આવી હોય એમ કહેવા માટે સમર્થ નથી, તેના જેવું છે; કેમ કે અસતી સ્ત્રી એમ કહે તો લોકોને લાગે કે આ બોલનાર પોતે સતી સ્ત્રી છે, આથી જ તેને સતીનો આટલો પક્ષપાત છે. તેમ પોતે પાર્શ્વસ્થ હોય અને કહે કે પાર્શ્વસ્થાદિથી પ્રતિષ્ઠિત પ્રતિમા પૂજનીય નથી, તો લોકોને એવો ભ્રમ પેદા કરાવે કે પાર્શ્વસ્થની પ્રતિમાને અપૂજ્ય કહેનાર પોતે પાર્શ્વસ્થ નથી, માટે પોતાનાથી કરાયેલી પ્રતિમા પૂજનીય છે અન્યથી નહિ, એમ કહે છે. વસ્તુતઃ આ વચન પોતાનાથી સંયમ પાળવું અશક્ય છે, આમ છતાં સંયમ પોતાની કૃતિથી સાધ્ય છે, તેવું બતાવવાના યત્નરૂપ છે, તેથી વિદ્વાનોમાં તે વચનથી ઉપહાસપણાની પ્રાપ્તિનો પ્રસંગ છે.

વળી, પાર્શ્વસ્થ અને પોતે બંને ભગવાનના વચનાનુસાર ચારિત્રમાં શિથિલ હોય, આમ છતાં પોતાનાથી કરાયેલી પ્રતિમાનો પક્ષપાત કરવો અને અન્યથી કરાયેલી પ્રતિમા પૂજનીય નથી, એમ નિષેધ કરવો, અને એ રીતે ઇતરથી કરાયેલી પ્રતિમામાં ભક્તિનો સંકોચ કરીને ઇતરથી કરાયેલ પ્રતિમા પ્રત્યે પ્રદ્વેષ ધારણ કરવો અને તેની નિંદા કરવી એ મહાપાપરૂપ છે. માટે વિષમકાળમાં પાર્શ્વસ્થાદિથી કરાયેલી પ્રતિમા પણ આકારમાત્રથી સામ્ય છે, એમ સ્વીકારીને પૂજનીય છે તેમ માનવું ઉચિત છે.

પૂર્વમાં કહ્યું કે જે કાળમાં ઉદ્યતવિહારી એવા આચાર્યાદિ હતા, તે વખતે પૂજનીય પ્રતિમામાં શુદ્ધાશુદ્ધનો વિવેક કરવામાં આવે તો શ્રાવકો પણ ભાવોલ્લાસ કરી શકતા હતા. તેમાં जो उत्तमेहिं ..... सीअंति । સાક્ષી આપી અને કહ્યું કે જે ઉત્તમ પુરુષો વડે માર્ગ સેવાયો હોય તે બીજાને દુષ્કર નથી. આચાર્ય યતમાન હોય તો તેમના અનુચરો કેવી રીતે સિદાય ? તેનો સંબંધ આ પ્રમાણે છે –

જે કાળમાં ઉત્તમ સુવિહિત આચાર્યો હતા અને તેઓ વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરાવતા હતા, તે વખતે કોઈ પાર્શ્વસ્થાદિએ પ્રતિષ્ઠા કરાવી હોય અને કહેવામાં આવે કે આ સુસાધુથી પ્રતિષ્ઠિત પ્રતિમા નથી, તો તેવી પાર્શ્વસ્થાદિથી પ્રતિષ્ઠિત પ્રતિમાનો ત્યાગ કરીને સુસાધુથી પ્રતિષ્ઠિત પ્રતિમાની પૂજા કરવી એ સુકર હતું; કેમ કે જે વખતે સુસાધુઓની પ્રાપ્તિ હતી તે વખતે સુસાધુથી પ્રતિષ્ઠિત પ્રતિમાઓની પણ પ્રાપ્તિ હતી. તેથી ઉત્તમ એવા આચાર્યોથી જે માર્ગ સેવાતો હોય તે માર્ગનું સેવન તેમના અનુચર એવા શ્રાવકો પણ કરી શકે; કેમ કે જ્યારે આચાર્ય અપ્રમાદવાળા હોય ત્યારે તેમને અનુસરનારા શ્રાવકો પણ સુસાધુથી પ્રતિષ્ઠિત પ્રતિમાની પ્રાપ્તિ કરીને ભગવાનની ભક્તિ કરી શકે, પરંતુ તેવા આચાર્યાદિની પ્રાપ્તિ દુર્લભ હોય ત્યારે શિથિલાચારવાળા આચાર્યને અનુસરનારા શ્રાવકો પણ જો નક્કી કરે કે સુસાધુથી પ્રતિષ્ઠિત પ્રતિમાની પૂજા કરવી, અન્યની નહિ, તો ભગવાનની પૂજાથી વંચિત રહે. તેથી જ્યારે આચાર્ય ઉદ્યમવાળા ન હોય ત્યારે તેના અનુચરો પણ સિદાય. તેમ વર્તમાનકાળમાં તેવા ઉદ્યતવિહારી આચાર્યો નહિ હોવાથી જો તેવો આગ્રહ રાખવામાં આવે કે સુસાધુથી પ્રતિષ્ઠિત જ પ્રતિમા પૂજનીય છે, તો શ્રાવકો ભગવાનની પૂજાથી વંચિત રહે. **॥૭૭॥**

અવતરણિકા :-

उपसंहरति –

અવતરણિકાર્થ :-

ઉપસંહાર કરે છે=શ્લોક-૭૦ની અવતરણિકામાં કહેલ કે ધર્મસાગરજી મ. સા.ના મતનો ઉપન્યાસ કરીને દૂષિત કરે છે, તે પ્રમાણે તે મતનો ઉપન્યાસ કરીને શ્લોક-૭૭ સુધી તેને દૂષિત કર્યો. હવે તેનો ઉપસંહાર કરે છે –

શ્લોક :-

सर्वासु प्रतिमासु नाग्रहकृतं वैषम्यमीक्षामहे,
पूर्वाचार्यपरम्परागतगिरा शास्त्रीययुक्त्यापि च ।
इत्थं चाविधिदोषतापदलनं शक्ता विधातुं विधि-
स्वैरोज्जागररागसागरविधुज्योत्स्नेव भक्तिप्रथा ।।७८।।

શ્લોકાર્થ :-

પૂર્વાચાર્યોની પરંપરાગત વાણીથી અને શાસ્ત્રીય યુક્તિથી પણ સર્વ પ્રતિમાઓમાં આગ્રહકૃત વૈષમ્યને અમે જોતા નથી અને આ રીતે=પૂર્વાચાર્યોની પરંપરાગત વાણીથી અને શાસ્ત્રીય યુક્તિથી સર્વ પ્રતિમાઓમાં વૈષમ્યને અમે જોતા નથી એ રીતે, વિધિમાં સ્વેચ્છાએ વૃદ્ધિ પામતા રાગરૂપી સાગરમાં ચંદ્રની ચંદ્રિકા જેવી વિસ્તાર પામતી ભક્તિ અવિધિદોષરૂપ તાપનું દલન કરવા માટે સમર્થ છે. ।।૭૮।।

ટીકા :-

'सर्वासु' इति :- सर्वासु=निश्रितानिश्रितादिभेदभिन्नासु प्रतिमासु, आग्रहकृतं=स्वमत्योत्प्रेक्षितं, वैषम्यं=विषमत्वं, न ईक्षामहे=प्रमाणयामः, तथा च सर्वत्र साम्यमेव प्रमाणयाम इति पर्यायोक्तम्, कया? पूर्वाचार्यपरम्परया आगता या गीः तया, परम्परागमेनेत्यर्थः, शास्त्रीया या युक्तिः तयापि च शब्दोपजीविनाऽनुमानादिप्रमाणेन चेत्यर्थः, भक्त्युल्लासप्राधान्येन चात्र अविध्यनुमतिरनुत्थानोपहतेत्याह इत्थं च=एवं व्यवस्थिते चाविधिदोषतापस्य=परितापकारिणोऽविध्यनुमोदनप्रसङ्गस्य, दलनं विधातुं=कर्तुं, विधौ=विधाने, स्वैरोज्जागरो=यथेच्छं प्रवृद्धिमान्, राग एव सागरस्तत्र विधुज्योत्स्नेव=चन्द्रचन्द्रिकेव, भक्तिप्रथा=प्रथमाना भक्तिः, शक्ता=समर्था ।।७८।।

**ટીકાર્થ :-**

**सर्वासु ..... पर्यायोक्तम्, નિશ્રિત, અનિશ્રિત આદિ ભેદથી ભિન્ન સર્વ પ્રતિમાઓમાં આગ્રહકૃત=સ્વમતિથી ઉત્પ્રેક્ષિત, વૈષમ્યને=વિષમપણાને, અમે જોતા નથી=અમે પ્રમાણ કરતા નથી, અને તે રીતે=સર્વ પ્રતિમાઓમાં સ્વમતિથી ઉત્પ્રેક્ષિત વિષમપણાને અમે જોતા નથી તે રીતે, સર્વત્ર=નિશ્રિત, અનિશ્રિત સર્વ પ્રતિમાઓમાં, સામ્ય જ પ્રમાણ કરીએ છીએ. એ પ્રકારે પર્યાયથી કહેવાયું=પર્યાયવાચી શબ્દથી કહેવાયું અર્થાત્ અર્થથી કહેવાયું.**

**कया ? ..... चेत्यर्थः, કોના બળથી કહેવાયું ? એથી કહે છે –**

**પૂર્વાચાર્યની પરંપરાથી આવેલ જે વાણી તે વાણીના બળથી અર્થાત્ પરંપરાથી આવેલ આગમથી એ પ્રમાણે અર્થ જાણવો, અને શાસ્ત્રીય જે યુક્તિ તેનાથી પણ, અને મૂળ શ્લોકનાં 'च' શબ્દથી ગૃહીત એવા શબ્દોપજીવી અનુમાનાદિ પ્રમાણથી, આ ત્રણ રીતે સર્વ પ્રતિમાઓમાં કેટલાક વડે સ્વમતિથી ઉત્પ્રેક્ષિત એવા વૈષમ્યને અમે જોતા નથી, એ પ્રમાણે અન્વય જાણવો.**

શ્લોકના ત્રીજા-ચોથા પાદનું ઉત્થાન કરે છે –

**भक्त्यु ..... इत्याह - અને અહીં=અવિધિથી પ્રતિષ્ઠિત થયેલી પ્રતિમાની પૂજામાં, ભક્તિના ઉલ્લાસના પ્રાધાન્યને કારણે અનુત્થાનથી ઉપહત એવી=હણાયેલી એવી, અવિધિની અનુમતિ છે, એ પ્રમાણે કહે છે –**

**इत्थं च ..... समर्था ।। અને આ રીતે વ્યવસ્થિત હોતે છતે=પૂર્વાચાર્યની પરંપરાગત વાણી આદિથી સર્વ પ્રતિમાઓમાં આગ્રહકૃત વૈષમ્ય ઉચિત નથી, એ રીતે વ્યવસ્થિત હોતે છતે, અવિધિ દોષરૂપ તાપનું=પરિતાપકારી એવા અવિધિના અનુમોદનના પ્રસંગનું, દલન કરવા માટે વિધિમાં=વિધાનમાં અર્થાત્ વિધિપૂર્વકની આચરણામાં, યથેચ્છ વૃદ્ધિ પામતા રાગરૂપી સાગરમાં વિધુજ્યોત્સ્નાની જેમ=ચંદ્રની ચંદ્રિકાની જેમ, ભક્તિપ્રથા=પ્રથમાન ભક્તિ અર્થાત્ વિસ્તાર પામતી ભક્તિ, શક્ત=સમર્થ છે. ।।૭૮।।**

**ભાવાર્થ :-**

ધર્મસાગરજી મ. સા.ના મતના નિરાકરણનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

નિશ્રિત-અનિશ્રિત આદિ સર્વ પ્રતિમાઓમાં અમે વૈષમ્યને પ્રમાણ કરતા નથી, પરંતુ દરેક પ્રતિમામાં સામ્ય જ સ્વીકારીએ છીએ.

આનાથી એ કહેવું છે કે કાળદોષને કારણે અન્ય ગચ્છથી નિશ્રિત હોય કે અનિશ્રિત હોય તે સર્વ પ્રતિમાઓ ભગવાનના આકારના સામ્યથી પૂજનીય છે, તેથી પાર્શ્વસ્થાદિથી કરાયેલ હોય કે અન્ય ગચ્છવાળાથી કરાયેલ હોય તે સર્વ પ્રતિમાઓમાં વીતરાગતાનો આકાર સમાન છે માટે પૂજનીય છે, એમ અમે સ્વીકારીએ છીએ; અને તેમાં યુક્તિ આપી કે પૂર્વાચાર્યની પરંપરાથી પ્રાપ્ત એવી વાણીથી, શાસ્ત્રીય યુક્તિથી અને આગમોપજીવી અનુમાનાદિ પ્રમાણથી અમે સર્વ પ્રતિમાને પૂજનીય સ્વીકારીએ છીએ. ગ્રંથકારશ્રીએ સ્વયં તે યુક્તિથી અને "પૂર્વમાં શ્લોક-૭૧માં કલ્પભાષ્યનો પાઠ "निस्सकड ..... वा वि" કહ્યો, એ" શાસ્ત્રવચનથી

બતાવેલ છે, અને આગમોપજીવી અનુમાન પ્રમાણ શ્લોક-૭૩માં "गच्छांतरीया प्रतिमा ..... अन्यगच्छसाधुः"થી બતાવેલ છે.

આનાથી એ ફલિત થાય કે સુવિહિત પુરુષોની પરંપરાથી, શાસ્ત્રવચનથી અને યુક્તિથી સર્વ પ્રતિમાઓ આકારમાત્રના સામ્યને કારણે પૂજનીય છે, પરંતુ તેમાં વૈષમ્ય સ્વીકારવું ઉચિત નથી.

અહીં પ્રશ્ન થાય કે જેમ શિથિલાચારી સાધુને વંદન કરવામાં તેમના શિથિલાચારના અનુમોદનનો પ્રસંગ છે, તેમ અવિધિથી કરાયેલી જિનપ્રતિમાની પૂજામાં અવિધિની અનુમોદનાનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે સર્વ પ્રતિમાઓમાં આકારસામ્યને જોઈને ભગવાન પ્રત્યે ભક્તિનો ઉલ્લાસ પ્રધાન છે, તેથી અવિધિથી કરાયેલ પ્રતિમામાં પણ અવિધિની અનુમતિનો પરિણામ ઊઠતો નથી, તે વાત યુક્તિથી શ્લોકના ત્રીજા અને ચોથા પાદમાં ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

પૂર્વમાં કહ્યું કે પૂર્વાચાર્યાદિની પરંપરાગત વાણી આદિથી અમે સર્વ પ્રતિમાઓમાં આગ્રહકૃત વૈષમ્યને જોતા નથી. એ રીતે તત્ત્વ વ્યવસ્થિત હોતે છતે અવિધિદોષ તાપનું દલન કરવા માટે અર્થાત્ પરિતાપકારી એવા અવિધિના અનુમોદન પ્રસંગનું દલન કરવા માટે વિધિમાં યથેચ્છ પ્રવર્ધમાન એવા રાગરૂપ સાગરમાં ચંદ્રની ચંદ્રિકા જેવી વિસ્તાર પામતી ભક્તિ સમર્થ છે.

અહીં અવિધિદોષરૂપ તાપનો અર્થ એ પ્રાપ્ત થાય કે પ્રતિષ્ઠા કરાવનાર મહાત્મા જે અવિધિ કરે છે, તે દોષરૂપ છે અને તે દોષ તાપ કરનાર છે; કેમ કે જીવમાં અનર્થ ઉત્પન્ન કરાવે છે. પ્રસ્તુતમાં તેનું તાત્પર્ય સ્પષ્ટ કરવા માટે કહ્યું કે પરિતાપને કરનારા એવા અવિધિના અનુમોદનનો પ્રસંગ તે અવિધિદોષરૂપ તાપ છે. તેનું કારણ ભગવાનની પૂજા કરનારને અવિધિથી પ્રતિષ્ઠા કરાયેલી પ્રતિમાને પૂજવામાં શંકા થાય કે આ પ્રતિમાની પ્રતિષ્ઠા અવિધિથી કરાયેલ છે, તેથી જો હું તેમની પૂજા કરીશ તો તે અવિધિની અનુમોદનાનું પાપ મને લાગશે. જેમ કોઈ સાધુ શિથિલાચારી હોય, આમ છતાં સાધુવેશને જોઈને તેમને વંદન કરવામાં આવે તો તેમના શિથિલાચારના અનુમોદનની પ્રાપ્તિ થાય, આ પ્રકારની કોઈને શંકા થાય, તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભગવાનના વિરહકાળમાં ભગવાનની ભક્તિ કરવા માટે જિનપ્રતિમા પ્રબળ આલંબન છે, અને કાળની વિષમતાને કારણે વિધિપૂર્વક કરાયેલી પ્રતિમાઓ પ્રાપ્ત થવી દુર્લભ છે તેવા કાળમાં, જે શ્રાવકોને વિધિમાં અત્યંત રાગ વર્તે છે, તેવા શ્રાવકો વિધિપૂર્વક કરાયેલી પ્રતિષ્ઠાવાળી પ્રતિમા પ્રાપ્ત થતી હોય ત્યારે અત્યંત ભક્તિવાળા થાય છે, તેથી વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરાયેલી પ્રતિમામાં તેઓને અત્યંત રાગ છે. આમ છતાં વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરાયેલી પ્રતિમાના અપ્રાપ્તિકાળમાં અપવાદથી અવિધિથી પ્રતિષ્ઠા કરાયેલી પણ પ્રતિમામાં, ભગવાનની આ પ્રતિમા છે, તેથી તેમની ભક્તિ થાય છે અને તે વધતી જતી ભક્તિ અવિધિના અનુમોદનના પ્રસંગરૂપ દોષનું દલન કરે છે. જેમ સુસાધુ પ્રાપ્ત થતા હોય ત્યારે સુસાધુને વંદન કરીને શ્રાવક તેમના સંયમની અનુમોદના કરે છે અને પોતાના સંયમનાં પ્રતિબંધક કર્મોનો નાશ કરે છે. વળી જે કાળમાં ઉદ્યતવિહારી સુસાધુ નથી મળતા તોપણ અપવાદથી જેટલા અંશમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રગુણ

છે, તેવા દેશ પાર્શ્વસ્થને પણ વંદન કરીને શ્રાવક તેમનામાં રહેલા મોક્ષમાર્ગના ગુણોની અનુમોદના કરીને નિર્જરા પ્રાપ્ત કરે છે, ત્યારે તેમનામાં રહેલા દોષોની અનુમોદનાની પ્રાપ્તિ નથી; પરંતુ તેમનામાં વર્તતા ગુણો પ્રત્યેની ભક્તિ તેમના દોષોની અનુમતિના પ્રસંગનું દલન કરે છે. તેમ અવિધિથી પ્રતિષ્ઠા કરાયેલ પ્રતિમાની પૂજા કરનાર શ્રાવકને પણ વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરાયેલ પ્રતિમામાં રાગ વર્તી રહ્યો છે, અને વિધિમાં યથેચ્છ પ્રવર્ધમાન એવા રાગરૂપ સાગરમાં ચંદ્રની ચંદ્રિકા જેવી ભગવાનમાં વધતી જતી ભક્તિ અવિધિની અનુમોદનારૂપ તાપને દલન કરવા માટે સમર્થ છે.

આશય એ છે કે શ્રાવકના હૈયામાં તે વખતે વિધિનો અત્યંત રાગ વર્તી રહ્યો છે અને ભગવાન પ્રત્યે વધતી જતી ભક્તિ વર્તી રહી છે. આમ છતાં વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરાયેલ પ્રતિમાની પ્રાપ્તિ નહિ હોવાથી અનન્ય ઉપાયરૂપે અપવાદથી અવિધિથી પ્રતિષ્ઠા કરાયેલ પ્રતિમાની ભક્તિ કરે છે, ત્યારે ભગવાન પ્રત્યેની વધતી જતી ભક્તિ જીવને વીતરાગતા તરફ લઈ જાય છે, તેથી પ્રતિષ્ઠામાં થયેલ અવિધિની અનુમોદનાની પ્રાપ્તિ શ્રાવકને નથી.

જેમ ચંદ્રની ચંદ્રિકા જગત ઉપર સૂર્યના તાપથી થયેલ ગરમીનું દલન કરે છે અને પૃથ્વીને શીતળ કરે છે અને ચંદ્રની ચંદ્રિકાને કારણે સમુદ્રમાં ભરતી આવે છે, તેમ જે શ્રાવકના હૈયામાં વિધિનો રાગ છે, તે વિધિનો રાગ ભગવાનની ભક્તિથી વૃદ્ધિ પામે છે; કેમ કે ભગવાનના ગુણો પ્રત્યેનો રાગ ભગવાનની ભક્તિમાં યત્ન કરાવે છે અને જેમ જેમ ભગવાન પ્રત્યે ભક્તિ વધે છે, તેમ તેમ ભગવાનના વચનાનુસાર ચાલવામાં પ્રેરણા કરનાર વિધિનો રાગ વૃદ્ધિ પામે છે, અને જેમ ચંદ્રની ચંદ્રિકાથી પૃથ્વી ઉપર સૂર્યના તાપનું દલન થાય છે અર્થાત્ દિવસે સૂર્યના તાપથી ઉષ્ણ થયેલી પૃથ્વી ચંદ્રની ચંદ્રિકાને કારણે શીતળ થાય છે, તેમ અવિધિથી કરાયેલી પ્રતિષ્ઠાવાળી પ્રતિમાની પૂજા કરવામાં અવિધિના અનુમોદનની પ્રાપ્તિરૂપ જે તાપ છે, તેનું દલન થાય છે.

આશય એ છે કે જેમ દેશ પાર્શ્વસ્થમાં તેમનામાં અંશથી વર્તતા જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણના પક્ષપાતથી તેમનામાં વર્તતા ગુણોના સ્મરણપૂર્વક વંદન કરવામાં આવે ત્યારે તેમનામાં રહેલા દોષોની અનુમોદનાની પ્રાપ્તિ વિવેકી શ્રાવકને થતી નથી, તેમ શ્રાવક ભગવાન પ્રત્યેની વધતી જતી ભક્તિને કારણે જિનપ્રતિમાની ભક્તિ કરે છે, ત્યારે પ્રતિષ્ઠા વખતે કરાયેલી જે અવિધિ તે અવિધિના અનુમોદનની પ્રાપ્તિ લેશથી પણ થતી નથી. **॥૭૮॥**

**અવતરણિકા :-**

**उपस्थितया भक्त्या प्रणुन्न इव भगवत्प्रतिमामेवाभिष्टौति –**

**અવતરણિકાર્થ :-**

**ઉપસ્થિત એવી ભક્તિથી જાણે પ્રેરાયેલા ન હોય એવા ગ્રંથકારશ્રી ભગવાનની પ્રતિમાની જ સ્તુતિ કરે છે –**

ભાવાર્થ :-

પૂર્વમાં ધર્મસાગરજી મ. સા.ના મતનું નિરાકરણ કર્યું અને ઉપસંહારમાં બતાવ્યું કે આ રીતે સર્વ પ્રતિમાઓ આકારના સામ્યથી પૂજનીય હોવાને કારણે સર્વ પ્રતિમાઓ પ્રત્યે વિસ્તાર પામતી એવી ભક્તિ અવિધિની અનુમતિના પ્રસંગનું દલન કરે છે અને વધતા એવા વિધિરાગની વિશેષરૂપે વૃદ્ધિ કરે છે. આ રીતે વર્ણન કરવાને કારણે સર્વ પ્રતિમાઓ પ્રત્યે ઉપસ્થિત થયેલી ભક્તિથી જાણે પ્રેરાયેલા ન હોય એવા ગ્રંથકારશ્રી ભગવાનની પ્રતિમાની જ સ્તુતિ કરે છે.

શ્લોક :-

उत्फुल्लामिव मालतीं मधुकरो रेवामिवेभः प्रियां,
माकन्दद्रुममञ्जरीमिव पिकः सौन्दर्यभाजं मधौ ।
नन्दच्चन्दनचारुनन्दनवनीभूमिमिव द्योः पति-
स्तीर्थेशप्रतिमां न हि क्षणमपि स्वान्ताद् विमुञ्चाम्यहम् ।।७९।।

શ્લોકાર્થ :-

**ભમરો જેમ ખીલેલી માલતીને, હાથી પ્રિય એવી રેવા નદીને, કોયલ જેમ વસંતઋતુમાં સૌંદર્યને ભજનાર આમ્રવૃક્ષની મંજરીને, ઇન્દ્ર જેમ આનંદને આપનાર ચંદનથી મનોહર નંદનવનની ભૂમિને, તેમ હું તીર્થંકરની પ્રતિમાને સ્વ અંતઃકરણથી=ચિત્તથી, ક્ષણ પણ મૂકતો નથી=ત્યાગ કરતો નથી. ।।૭૯।।**

ટીકા :-

'उत्फुल्लामिव' इति :- अहं तीर्थेशप्रतिमां क्षणमपि स्वान्तात्=चित्ताद्, न विमुञ्चामि=न त्यजामि किन्तु विषयान्तरसञ्चारविरहेण सदा ध्यायामीति ध्वन्यते, कां क इव? उत्फुल्लां मालतीं मधुकर इव=भ्रमर इव, स हि मालतीगुणज्ञस्तदसंपत्तौ अपि तत्पक्षपातं न परित्यजति, तथा प्रियां= मनोहारिणीं, रेवामिव इभः=हस्ती, तस्य तद्गहनक्रीडयैव रत्युत्पत्तेः, तथा माकन्दद्रुममञ्जरीं= सहकारतरुमञ्जरीं, कीदृशीं ? मधौ=वसन्ते, सौन्दर्यं भजतीत्येवंशीला तां पिक इव=कोकिल इव, स हि सहकारमञ्जरीकषायकण्ठः कलकाकलीकलकलैर्मदयति च यूनां मन इति, तथा द्योः पतिः=इन्द्रः, नन्दद्भिः चन्दनैः चार्वी या नन्दनवनीभूमिस्तामिव, स हि प्रियाविरहतापमपि तच्चारुभावचारिम-चमत्कारदर्शनाद् विस्मरतीति, अत्र रसनोपमाऽलङ्कारः ।।७९।।

**ટીકાર્થ :-**

**अहं ..... ध्वन्यते, હું તીર્થંકરની પ્રતિમાને ક્ષણ પણ સ્વાંતથી=ચિત્તથી, મૂકતો નથી=ત્યાગ કરતો નથી, પરંતુ વિષયાંતરના સંચારના વિરહથી=જિનપ્રતિમાને છોડીને અન્ય વિષયમાં ચિત્તના સંચારના ત્યાગથી સદા ધ્યાન કરું છું, એ પ્રમાણે ધ્વનિત કરાય છે=ક્ષણ પણ તીર્થંકરની પ્રતિમાને હું ચિત્તથી મૂકતો નથી, એ વચનથી ધ્વનિત થાય છે.**

તીર્થંકરની પ્રતિમાને હું ક્ષણ પણ ચિત્તથી મૂકતો નથી. તેમાં ઉપમા બતાવવા માટે કહે છે –

**कां क इव ? ..... परित्यजति । કોણ કોને મૂકતો નથી, એ દૃષ્ટાંત દ્વારા ગ્રંથકારશ્રી પોતે તીર્થંકરની પ્રતિમાને ક્ષણ પણ મૂકતા નથી, તે બતાવવા માટે કહે છે –**

**ખીલેલી માલતીને જેમ ભમરો મૂકતો નથી, તેમ હું તીર્થંકરની પ્રતિમાને ચિત્તથી ક્ષણ પણ મૂકતો નથી, એમ સંબંધ છે.**

ભમરો જેમ ખીલેલી માલતીને મૂકતો નથી, તે દૃષ્ટાંતને સ્પષ્ટ કરે છે –

**માલતીના ગુણને જાણનારો તે=ભમરો, તેની અપ્રાપ્તિમાં પણ=માલતીની અપ્રાપ્તિમાં પણ, તેના પક્ષપાતનો=માલતીના પક્ષપાતનો, ત્યાગ કરતો નથી; તેમ ગ્રંથકારશ્રી પણ સાક્ષાત્ ભગવાનની અપ્રાપ્તિમાં ભગવાનની પ્રતિમાને ચિત્તથી ક્ષણ પણ મૂકતા નથી, એમ અન્વય છે.**

**तथा प्रियां ..... उत्पत्तेः અને મનોહારી રેવા નદીને હાથી મૂકતો નથી; કેમ કે તેને=હાથીને, તેમાં=રેવા નદીમાં, ગહન ક્રીડા વડે જ રતિની ઉત્પત્તિ છે, તેમ ગ્રંથકારશ્રીને પણ ભગવાનની પ્રતિમાના સ્મરણમાં રતિ છે, તેથી ભગવાનની પ્રતિમાને ચિત્તથી ક્ષણ પણ મૂકતા નથી એમ અન્વય છે.**

**तथा माकन्द ..... मन इति, અને વસંતઋતુમાં સૌંદર્યને ભજનારી એવી માકંદદ્રુમ મંજરી=સહકાર વૃક્ષની અર્થાત્ આમ્રવૃક્ષની મંજરીને કોયલ જેમ મૂકતી નથી, તેમ ગ્રંથકારશ્રી ભગવાનની પ્રતિમાને ચિત્તથી ક્ષણ પણ મૂકતા નથી, એમ અન્વય છે.**

કોયલ જેમ આમ્રવૃક્ષની મંજરીને મૂકતી નથી, તે દૃષ્ટાંતને સ્પષ્ટ કરે છે –

**આમ્રવૃક્ષની મંજરીથી કષાય કંઠવાળી=આમ્રવૃક્ષની મંજરીના ભક્ષણને કારણે ખુલી ગયો છે કંઠ જેનો એવી તે=કોયલ, કલકાકલીના કલકલ વડે યુવાનોના મનને મદવાળા કરે છે, તેમ ભગવાનની મૂર્તિના દર્શનથી ઊઠેલી ભક્તિને કારણે ખુલી ગયેલા કંઠવાળો એવો હું ભગવાનના કીર્તન વડે ધર્મ પ્રત્યેના વલણવાળા ધર્મી જીવોના મનને ભગવાનની ભક્તિના મદવાળા કરું છું.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે.**

**तथा द्योः पतिः ..... विस्मरतीति, અને જેમ ઈન્દ્ર આનંદ આપનાર ચંદનના વૃક્ષો વડે મનોહર એવી નંદનવનની ભૂમિને મૂકતો નથી, તેમ ગ્રંથકારશ્રી ભગવાનની પ્રતિમાને ચિત્તથી ક્ષણ પણ મૂકતા નથી, એમ અન્વય છે.**

ઇન્દ્ર નંદનવનની ભૂમિને મૂકતા નથી, તે દૃષ્ટાંતને સ્પષ્ટ કરે છે –

**ઈન્દ્ર જેમ તેના ચારુભાવથી=નંદનવનના સુંદરપણાથી, મનોહર ચમત્કારના દર્શનને કારણે પ્રિયાના વિરહથી થયેલા તાપને પણ ભૂલી જાય છે, તેમ ગ્રંથકારશ્રી પણ ભગવાનની મૂર્તિના દર્શનમાં વર્તતા વીતરાગપણું વગેરે સુંદર ભાવોના ચમત્કારના દર્શનથી પરમાત્માના સાક્ષાત્ દર્શનના વિરહથી થયેલા તાપને ભૂલી જાય છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે.**

**अत्र ..... अलङ्कारः ।। અહીં રસના ઉપમા અલંકાર છે=પ્રસ્તુત શ્લોકમાં ભ્રમર વગેરે ચાર ઉપમા દ્વારા ગ્રંથકારશ્રી પોતે ભગવાનની પ્રતિમાને ચિત્તથી ક્ષણ પણ મૂકતા નથી, એ પ્રકારનું ગ્રંથકારશ્રીનું કથન રસના ઉપમા અલંકારવાળું છે. ॥૭૯॥**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત શ્લોક-૭૯માં ચાર પ્રકારની ઉપમા દ્વારા ગ્રંથકારશ્રી પોતે ભગવાનની પ્રતિમાને ક્ષણ પણ ચિત્તથી મૂકતા નથી, એ કથનમાં ચારેય ઉપમાઓ દ્વારા સાધારણ ધર્મ ભિન્ન ભિન્ન પ્રકારનો બતાવેલ છે, જેનાથી રસના ઉપમા અલંકાર થયેલ છે અર્થાત્ ચારેય ઉપમા દ્વારા ભિન્ન ભિન્ન કાર્યો બતાવીને પોતાને ક્ષણ પણ પરમાત્માને ચિત્તથી નહિ મૂકવા દ્વારા તેવાં ચાર કાર્યો થાય છે, તેમ બતાવ્યું તે રસના ઉપમા અલંકાર છે. તે આ રીતે –

(૧) ભમરો માલતીના ગુણને જાણનારો હોવાથી માલતીની અપ્રાપ્તિમાં માલતીના પક્ષપાતને છોડતો નથી. તેમ ગ્રંથકારશ્રી પોતે પણ સાક્ષાત્ તીર્થંકરના વિરહમાં ભગવાનનાં તારકતાદિ ગુણો જાણનાર હોવાથી ભગવાનની પ્રતિમાના પક્ષપાતને છોડતા નથી.

(૨) હાથીને જેમ રેવા નદીમાં જળક્રીડા કરવામાં રતિ ઉત્પન્ન થાય છે, તેમ ગ્રંથકારશ્રીને પોતાને ભગવાનની મૂર્તિના દર્શનમાં રતિ ઉત્પન્ન થાય છે, તે પ્રથમ નંબરના પક્ષપાત કરતાં ભિન્ન પ્રકારનું કાર્ય છે.

(૩) કોયલને જેમ વસંત ઋતુમાં ગાવાનો પરિણામ થાય છે, તે કોયલનો કલકલારવ યુવાનોને ઉન્માદ કરાવે છે, તેમ ગ્રંથકારશ્રીન ભગવાનની મૂર્તિને જોઈને ભગવાનનાં ગુણગાન કરવાનો પરિણામ થાય છે અને ગુણગાન કરે છે, તે ભગવાન પ્રત્યે ભક્તિવાળા જીવોને ભક્તિના ઉન્માદનું કારણ બને છે. તે બીજા નંબરના ભગવાનના દર્શનમાં થતી રતિ કરતાં જુદા પ્રકારનું કાર્ય છે.

(૪) મનોહર નંદનવનમાં બેસીને ઇન્દ્ર જેમ ઇન્દ્રાણીના વિરહના તાપને ભૂલી જાય છે, તેમ ગ્રંથકારશ્રી પોતે પણ સાક્ષાત્ પરમાત્માના દર્શનના વિરહના તાપને પ્રતિમાના દર્શનથી ભૂલી જાય છે, તે ત્રીજા નંબરના ભક્તિના ઉન્માદના તે કાર્ય કરતાં જુદા પ્રકારનું કાર્ય છે.

આ રીતે ચારે ઉપમા દ્વારા દરેકના સાધારણ ધર્મો ભિન્ન પ્રકારના બતાવીને રસના ઉપમા અલંકાર થયેલ છે. **॥૭૯॥**

શ્લોક :-

मोहोद्दामदवानलप्रशमने पाथोदवृष्टिः शम-
स्रोतोनिर्झरिणी समीहितविधौ कल्पद्रुवल्लिः सताम् ।
संसारप्रबलान्धकारमथने मार्त्तण्डचण्डद्युति-
र्जैनी मूर्त्तिरुपास्यतां शिवसुखे भव्याः पिपासाऽस्ति चेत् ।।८०।।

શ્લોકાર્થ :-

**હે ભવ્ય જીવો ! જો તમને શિવસુખમાં પિપાસા હોય તો મોહરૂપી ઉદ્દામ દાવાનલના પ્રશમનમાં=શાંત કરવામાં મેઘવૃષ્ટિરૂપ, શમરૂપી પ્રવાહની નદીરૂપ, શિષ્ટ પુરુષોને ઈચ્છિત આપવામાં કલ્પવૃક્ષની વેલડીરૂપ, સંસારરૂપી પ્રબળ અંધકારના મથનમાં સૂર્યની પ્રચંડ કાંતિરૂપ જૈની=જિનેશ્વરની, મૂર્તિની તમે ઉપાસના કરો. ।।૮૦।।**

ટીકા :-

'मोहोद्दाम' इति। मोह एव य उद्दामो दवानलः सकलशमवनप्लोषकत्वात्, तस्य प्रशमने पाथोदवृष्टिः= मेघवृष्टिः, तथा शमस्रोतसो निर्झरिणी=नदी, तत्प्रवाहत्वात्, [तथा] समीहितस्य=वाञ्छितस्य विधौ= विधाने, सतां=शिष्टानां, कल्पद्रुवल्लिः=सुरतरुलता, अविलम्बेन सर्वसिद्धिकरत्वात्, तथा संसार एव यः प्रबलान्धकारः=उत्कटं तमः, तस्य मथने=अपनयने, मार्त्तण्डस्य=सूर्यस्य, चण्डद्युतिः=तीव्रप्रभा, विवेकवासरतारुण्ये मोहच्छायाया अपि अनुपलम्भात्, एतादृशी जैनी=जिनसम्बन्धिनी, मूर्त्तिः उपास्यतां=सेव्यतां, भो भव्याः ! शिवसुखे=मुक्तिशर्मणि, यदि वः=युष्माकं, पिपासा=उत्कटेच्छाऽस्ति। रूपकमलङ्कारः ।।८०।।

ટીકાર્થ :-

मोहः ..... मेघवृष्टिः, મોહ જ=જીવમાં વર્તતો મોહનો પરિણામ જ, ઉદ્દામ દાવાનલ છે; કેમ કે સકલ શમરૂપી વનને બાળનાર છે. તેના પ્રશનમમાં=મોહરૂપ દાવાનલને શાંત કરવામાં, પાથોદવૃષ્ટિ= મેઘવૃષ્ટિરૂપ જૈની મૂર્તિ=જિનેશ્વરની મૂર્તિ છે, એમ અન્વય છે.

तथा शम .... प्रवाहत्वात्, અને શમરૂપી પ્રવાહની નદી જૈની મૂર્તિ છે; કેમ કે તેનું પ્રવાહપણું છે= ભગવાનની મૂર્તિમાં શમપરિણામનું પ્રવાહપણું છે.

[तथा] समीहितस्य ..... सर्वसिद्धिकरत्वात्, અને સજ્જનોના=શિષ્ટ પુરુષોના, વાંછિતની વિધિમાં= વિધાનમાં અર્થાત્ વાંછિત આપવામાં, સુરતરુલતા જેવી જૈની મૂર્તિ છે; કેમ કે અવિલંબથી સર્વસિદ્ધકરપણું છે=શિષ્ટ પુરુષોના વાંછિતના વિધાનમાં અવિલંબથી સર્વ સિદ્ધિને કરનાર છે.

**तथा संसार ..... अनुपलम्भात्, અને સંસાર જ પ્રબલ અંધકાર છે=ઉત્કટ તમ છે, તેના મથનમાં= અંધકારને દૂર કરવામાં, માર્તંડની=સૂર્યની, ચંડદ્યુતિ=તીવ્રપ્રભા, જૈની મૂર્તિ છે; કેમ કે વિવેકરૂપ દિવસના તારુણ્યમાં=મધ્ય ભાગમાં, મોહ છાયાનો પણ અનુપલંભ છે=મોહછાયાની પ્રાપ્તિ નથી.**

**एतादृशी ..... अस्ति । હે ભવ્ય જીવો ! જો તમને મુક્તિસુખમાં ઉત્કટ ઈચ્છા છે, તો આવા પ્રકારની જૈની મૂર્તિની=જિનેશ્વરની મૂર્તિની, ઉપાસના કરો=સેવો.**

**रूपकमलङ्कारः=પ્રસ્તુત શ્લોક-૮૦માં રૂપક અલંકાર છે અર્થાત્ મોહનો નાશ કરવા માટે પ્રતિમા મેઘવૃષ્ટિ જેવી નથી, પરંતુ મેઘવૃષ્ટિરૂપ છે. જો મેઘવૃષ્ટિ જેવી કહેવામાં આવે તો ઉપમા અલંકાર થાય અને જૈની મૂર્તિ મેઘવૃષ્ટિરૂપ છે એમ કહેવાથી મેઘવૃષ્ટિસ્વરૂપે જ મૂર્તિનું કથન થાય છે, તેથી રૂપક અલંકાર છે. આ રીતે દરેક ઉપમામાં તે સ્વરૂપે કહેવું. ॥૮૦॥**

**ભાવાર્થ :-**

ભગવાનની મૂર્તિના ચાર કાર્યો રૂપક અલંકાર દ્વારા પ્રસ્તુત શ્લોક-૮૦માં બતાવેલ છે. તે આ પ્રમાણે -

**(૧) મોહરૂપ પ્રચંડ દાવાનલના પ્રશમનમાં મેઘવૃષ્ટિસ્વરૂપ ભગવાનની મૂર્તિ :-**

આત્મામાં અનાદિકાળનો મોહનો પરિણામ છે, જે આત્માને સદા બાળનારો છે. તેથી ઉદ્દામ દાવાનલ સ્વરૂપ છે; કેમ કે આત્મામાં વર્તતા શમભાવરૂપ વનને તે બાળનાર છે. જેમને ભગવાનની મૂર્તિ પરમાર્થથી જોવા મળે છે, તેમને ભગવાનમાં વર્તતા વીતંરાગાદિ ભાવોની ઉપસ્થિતિ થાય છે અને ભગવાનનું અવલંબન લઈને ભગવાનની ભક્તિ કરીને હું પણ વીતરાગ બનું, તેવો નિર્મળ અધ્યવસાય થાય છે. તેથી સ્વશક્તિ અનુસાર ભગવાનની મૂર્તિને ઉદ્દેશીને વીતરાગની ઉપાસના કરવાથી પોતાનામાં વર્તતા મોહનો ઉચ્છેદ થાય છે, તેથી જેમ પ્રચંડ દાવાનલને મેઘવૃષ્ટિ શાંત કરે છે, તેમ જીવમાં વર્તતા મોહરૂપ દાવાનલને ભગવાનની મૂર્તિ શાંત કરે છે. તેથી મોહરૂપ દાવાનલને શમન કરવામાં મેઘવૃષ્ટિ ભગવાનની મૂર્તિ છે.

**(૨) શમરૂપ સ્રોતની નદીસ્વરૂપ ભગવાનની મૂર્તિ :-**

ભગવાનની મૂર્તિ ભગવાનની તત્ત્વકાય અવસ્થાને બતાવનાર છે અને ભગવાનની તત્ત્વકાય અવસ્થા યોગનિરોધ કાળમાં પ્રગટ થાય છે. ત્યારે કર્મબંધનાં સર્વ કારણોનો અભાવ હોય છે. માટે ભગવાનની મૂર્તિ દ્વારા ભગવાનની તત્ત્વકાયઅવસ્થા સાધકને દેખાય છે, અને તે અવસ્થા શમરૂપી નદીના જેવી છે; કેમ કે આત્મામાં સર્વ કષાયોના અભાવરૂપ અને સર્વ કર્મબંધના કારણના અભાવરૂપ શમ પરિણામના પ્રવાહસ્વરૂપ ભગવાનની મૂર્તિ છે.

**(૩) શિષ્ટ પુરુષોને વાંછિત આપવામાં સુરતરુલતારૂપ ભગવાનની મૂર્તિ :-**

ભગવાનના ગુણો પ્રત્યે જેમને પક્ષપાત થયો છે, તેવા શિષ્ટ પુરુષો ભગવાનની મૂર્તિને જોઈને ભગવાન પ્રત્યે ભક્તિવાળા થાય છે અને ભગવાનની ભક્તિ અવિલંબથી સર્વ સિદ્ધિને કરનાર છે. જો ભગવાનની

ભક્તિકાળમાં શક્તિનો પ્રકર્ષ થાય તો તત્કાળ જ ક્ષપકશ્રેણિ અને કેવલજ્ઞાન પ્રાપ્ત કરાવનાર છે. જેમ, પુષ્પપૂજા કરતા નાગકેતુને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. તેથી શિષ્ટપુરુષોને વાંછિતની પ્રાપ્તિ કરાવવામાં સુરતરુલતારૂપ ભગવાનની મૂર્તિ છે.

**(૪) સંસારરૂપી પ્રબળ અંધકારના મથનમાં સૂર્યની પ્રચંડકાંતિરૂપ ભગવાનની મૂર્તિ :-**

ભગવાનની મૂર્તિને જોઈને જેમનામાં વિવેકરૂપી દિવસનું તરુણપણું પ્રગટ થયું છે, તેવા જીવોમાં મોહની છાયાનો ઉપલંભ નથી. તેથી તેવા જીવો માટે ભગવાનની મૂર્તિ આત્મામાં વર્તતા સંસારરૂપી ઉત્કટ અંધકારના મથનમાં સૂર્યની તીવ્ર પ્રભારૂપ છે. જેમ સૂર્યની તીવ્ર પ્રભામાં મધ્યાહ્નકાળે લેશ પણ અંધકાર રહેતો નથી, તેમ ભગવાનની મૂર્તિને જોઈને જેમનામાં વિવેક પ્રગટ્યો છે, તેવા જીવોમાં સંસારરૂપી અંધકાર નાશ થઈ જાય છે. તેથી શીઘ્ર સંસારના પારને પામે છે.

આવા ચાર સ્વરૂપવાળી ભગવાનની મૂર્તિ છે, માટે હે ભવ્ય જીવો ! જો તમને શિવસુખની ઉત્કટ ઇચ્છા હોય તો તમે ભગવાનની મૂર્તિની ઉપાસના કરો. **॥૮૦॥**

**અવતરણિકા :-**

**एवं वृत्तद्वयेन भगवन्मूर्तिं स्तुत्वा वादान्तरमारभते –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં શ્લોક-૭૯/૮૦માં બતાવ્યું એ રીતે, વૃત્તદ્વય દ્વારા=બે શ્લોકો દ્વારા, ભગવાનની મૂર્તિની સ્તુતિ કરીને વાદાંતરનો=ભગવાનની મૂર્તિના વિષયમાં અન્ય મતનો, આરંભ કરે છે –**

**શ્લોક :-**

श्राद्धेन स्वजनुःफले जिनमतात्सारं गृहीत्वाऽखिलं,
त्रैलोक्याधिपपूजने कलुषता मोक्षार्थिना मुच्यताम् ।
धृत्वा धर्मधियं विशुद्धमनसा द्रव्यस्तवे त्यज्यतां,
मिश्रोऽसाविति लम्बितः पथि परैः पाशोऽपि चाशोभनः ।।८१।।

**શ્લોકાર્થ :-**

**શ્રાદ્ધ વડે=શ્રદ્ધાવાળા એવા ઉપાસક વડે, જિનમતથી અખિલ સારને ગ્રહણ કરીને પોતાના જન્મના ફળરૂપ એવા ત્રૈલોક્યાધિપના=ત્રૈલોક્યના નાથના, પૂજનમાં, મોક્ષાર્થી વડે કલુષતા= સશંકતાને છોડવી જોઈએ અર્થાત્ જિનપૂજામાં થતા આરંભાદિના દોષની પ્રાપ્તિ મને થશે, એ પ્રમાણે સશંકતાનો ત્યાગ કરવો જોઈએ, અને વિશુદ્ધ મનથી દ્રવ્યસ્તવમાં ધર્મબુદ્ધિને ધારણ**

**કરીને આ=દ્રવ્યસ્તવ, મિશ્ર છે, એ પ્રમાણે બીજાઓ વડે માર્ગમાં લંબિત=લટકાવાયેલો અશોભન=અસુંદર, પાશ પણ ત્યાગ કરવો જોઈએ. ll૮૧ll**

**ટીકા :-**

**'श्राद्धेन' इति :- श्राद्धेन=श्रद्धावतोपासकेन, जिनमतात्=जैनप्रवचनात्, सारं=तात्पर्यम्, अखिलं गृहीत्वा, त्रैलोक्याधिपस्य=त्रिजगतोऽधिकं रक्षितुः, अत एव सर्वाराध्यस्य पूजने, कीदृशे? स्वजनुषो=मनुजावतारस्य, फले मोक्षार्थिना सता कलुषता=सशङ्कता, मुच्यताम्=त्यज्यताम्, तथा द्रव्यस्तवे धर्मधियं=धर्मत्वबुद्धिं, धृत्वा विशुद्धेन मनसा मिश्रो, धर्माधर्मोभयरूपोऽसौ द्रव्यस्तव इति परैः=कुमतिभिः, पथि=मार्गे, लम्बितोऽशोभनः पाशोऽपि त्यज्यताम्, पाशचन्द्राभ्युपगमस्य पाशत्वेनाऽध्यवसानं मुग्धजनमृगपातनध्रौव्यमभिव्यनक्ति ।।८१।।**

**ટીકાર્થ :-**

**श्राद्धेन ..... अभिव्यनक्ति ।। શ્રાદ્ધ વડે=શ્રદ્ધાવાળા એવા ઉપાસક વડે, જિનમતથી=જૈન પ્રવચનથી, અખિલ સારને=જિનપ્રતિમાની ભક્તિવિષયક અખિલ તાત્પર્યને, ગ્રહણ કરીને સ્વજન્મના=મનુષ્ય અવતારના, ફળરૂપ એવા ત્રૈલોક્યાધિપના=ત્રણ જગતનું અધિક રક્ષણ કરનારાના આથી જ સર્વ આરાધ્ય એવા ભગવાનના પૂજનમાં, મોક્ષાર્થી છતા એવા શ્રાવક વડે કલુષતા=સશંકતા, મુકાવી જોઈએ અર્થાત્ સશંકતાનો ત્યાગ કરવો જોઈએ, અને દ્રવ્યસ્તવમાં ધર્મબુદ્ધિને=ધર્મપણાની બુદ્ધિને, ધારણ કરીને વિશુદ્ધ મનથી પર વડે=કુમતિ વડે પથમાં=માર્ગમાં, લંબિત=લટકાવેલો, ધર્મ-અધર્મ ઉભયરૂપ આ=દ્રવ્યસ્તવ છે, એ પ્રકારનો મિશ્ર, એવો અશોભન પાશ પણ ત્યાગ કરાવો જોઈએ.**

આ પ્રમાણે કહ્યું, તેનાથી શું ધ્વનિત થાય છે, તે બતાવે છે –

**પાર્શ્વચંદ્રના અભ્યુપગમના=સ્વીકારના, પાશપણા વડે અધ્યવસાન મુગ્ધજનરૂપ મૃગલાઓના પાતના ધ્રૌવ્યને=નક્કીપણાને, અભિવ્યક્ત કરે છે. ll૮૧ll**

**ભાવાર્થ :-**

ભગવાનના પ્રવચનથી ભગવાનની ભક્તિના તાત્પર્યને ગ્રહણ કરીને ભગવાનની ભક્તિમાં સશંકતાનો શ્રાવકે ત્યાગ કરવો જોઈએ, અને તે સશંકતા એ છે કે ભગવાનની ભક્તિમાં પુષ્પાદિ જીવોની વિરાધના થાય છે, તેથી તે અંશથી અધર્મ છે, અને ભગવાનના ગુણોથી ચિત્ત ઉપરંજિત થાય છે, તે અંશથી ધર્મ છે. આ પ્રકારની સશંકતાનો ત્યાગ કરવો જોઈએ. ભગવાનની ભક્તિ કેવી છે, તે બતાવવા માટે કહે છે –

ભગવાન ત્રણ જગતના જીવોના અધિક રક્ષણ કરનારા છે અર્થાત્ ચક્રવર્તી છ ખંડનું રક્ષણ કરતા હોય તોપણ ભગવાનની જેમ ત્રણ જગતના જીવોનું દુર્ગતિથી રક્ષણ કરી શકે નહિ. જ્યારે ભગવાન તો

શરણાગત જીવોનું દુર્ગતિથી રક્ષણ કરીને સદ્ગતિમાં મોકલે છે યાવત્ મોક્ષમાં પહોંચાડે છે. તેથી ત્રણ જગતના જીવોના અધિક રક્ષણ કરનારા છે. આથી કરીને સર્વને આરાધ્ય છે.

આશય એ છે કે ચક્રવર્તી પણ ઋષિ-મહર્ષિઓને આરાધ્ય નથી, પરંતુ સંસારમાં તેમનાથી અલ્પ બળવાળા જીવો માટે આરાધ્ય છે, સર્વને આરાધ્ય નથી; જ્યારે ભગવાન તો સર્વને આરાધ્ય છે અને સર્વને આરાધ્ય એવા ભગવાનના પૂજનમાં મનુષ્ય અવતારનું સાફલ્ય છે; કેમ કે જીવ મનુષ્ય ભવ પામીને ભગવાનની ભક્તિ કરે તો સદા માટે દુર્ગતિઓની પરંપરા અટકે છે અને સદ્ગતિઓની પરંપરા શરૂ થાય છે. માટે મનુષ્ય અવતારનું સફળપણું ભગવાનની ભક્તિમાં છે. તેથી જિનપ્રવચનથી ભગવાનની ભક્તિના અખિલ તાત્પર્યને ગ્રહણ કરનાર શ્રાવકે મોક્ષાર્થી બનીને વિશુદ્ધ મનથી દ્રવ્યસ્તવમાં ધર્મબુદ્ધિને ધારણ કરવી જોઈએ અને ભગવાનની ભક્તિમાં મિશ્રતાની શંકાનો ત્યાગ કરવો જોઈએ, અને પાર્શ્વચંદ્ર મતના અવલંબન દ્વારા દ્રવ્યસ્તવ ધર્માધર્મરૂપ છે, એ પ્રકારનો અશોભન પાશ જગતમાં ફેલાયો છે, તેનો ત્યાગ કરવો જોઈએ.

તાત્પર્ય એ છે કે જે શ્રાવકો ભગવાનના શાસ્ત્રોના સુંદર અભ્યાસથી ભગવાનના વચનના તાત્પર્યને સમજેલા છે, તેઓ તો પાર્શ્વચંદ્ર મતમાં મુંઝાય નહિ; પરંતુ જેમની મતિ શાસ્ત્રવચનથી પરિકર્મિત નથી, પરંતુ મુગ્ધતાથી ભગવાન પ્રત્યે ભક્તિવાળા છે, તેવા જીવોને પાર્શ્વચંદ્રનો મત નક્કી પાતનું કારણ બને છે; કેમ કે સ્થૂલ બુદ્ધિવાળા જીવોને ભગવાનની પૂજામાં બાહ્યથી પુષ્પાદિની હિંસા દેખાય છે અને ભગવાનના ભક્તિકાળમાં થતો ભક્તિનો અધ્યવસાય ધર્મરૂપ દેખાય છે. તેથી પાર્શ્વચંદ્ર મતના પાશથી બંધાઈને ભગવાનની ભક્તિના ઉત્તમ ધર્મને ધર્માધર્મમિશ્રરૂપે શંકા કરીને તેઓ વિનાશ પામે છે. માટે તે પાર્શ્વચંદ્રનો મિશ્ર મત કોઈના અહિતનું કારણ ન બને તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી શ્રાવકને કહે છે –

તમે ભગવાનના વચનના અખિલ તાત્પર્યને ગ્રહણ કરીને શંકાનો ત્યાગ કરો અને દ્રવ્યસ્તવમાં એકાંતે ધર્મ છે, તેવી બુદ્ધિને ધારણ કરો.

વળી, આ પાર્શ્વચંદ્રનો મત મુગ્ધ જીવોને પાત કરનારો છે, તેમ બતાવીને હવે પછી તે કઈ રીતે અસમંજસ છે, તે બતાવશે, જેથી યોગ્ય જીવ તેના પાશમાં બંધાય નહિ અને ભગવાનની પૂજામાં મિશ્રપણાની શંકા કરીને વિનાશ પામે નહિ. **॥૮૧॥**

**અવતરણિકા :-**

**उक्तं मिश्रत्वमेव पक्षचतुष्टयेन विकल्प्य खण्डयितुमुपक्रमते –**

**અવતરણિકાર્થ :-**

**કહેવાયેલા એવા મિશ્રત્વને જ=પૂર્વ શ્લોક-૮૧માં પાર્શ્વચંદ્ર મત પ્રમાણે કહેવાયેલા એવા મિશ્રત્વને જ, પક્ષચતુષ્ટય દ્વારા=ચાર પક્ષ દ્વારા, વિકલ્પ કરીને ખંડન કરવા માટે ગ્રંથકારશ્રી ઉપક્રમ કરે છે= પ્રારંભ કરે છે –**

શ્લોક :-

भावेन क्रियया तयोर्ननु तयोर्मिश्रत्ववादे चतु-
र्भङ्ग्यां नादिम एकदाऽनभिमतं येनोपयोगद्वयम् ।
भावो धर्मगतः क्रियेतरगतेत्यल्पो द्वितीयः पुन-
र्भावादेव शुभात् क्रियागतरजोहेतुस्वरूपक्षयात् ।।८२।।

શ્લોકાર્થ :-

**'ननु' શબ્દ પૂર્વપક્ષના આક્ષેપમાં છે. તે બેનું=ભાવ અને ક્રિયા તે બેનું, ભાવની અને ક્રિયાની સાથે તે બેના=ધર્મ-અધર્મના મિશ્રત્વવાદવિષયક ચતુર્ભંગીમાં પ્રથમ નથી=પ્રથમ ભાંગો નથી. જે કારણથી એકદા=એકી સાથે ઉપયોગદ્વય=બે ઉપયોગ, અનભિમત છે=ઈષ્ટ નથી. વળી, ભાવ ધર્મગત અને ક્રિયા ઈતરગત=અધર્મગત, એ પ્રકારનો બીજો ભાંગો અલ્પ છે; કેમ કે શુભભાવથી જ ક્રિયાગત રજોહેતુ સ્વરૂપનો ક્ષય થાય છે. ।।૮૨।।**

ટીકા :-

'भावेन' इत्यादि :- 'ननु' इति पूर्वपक्षाक्षेपे, भावेन क्रियया च तयोः भावक्रिययोः द्रव्यस्तवे तयोः=धर्माधर्मयोर्मिश्रत्ववादे चतुर्भङ्ग्यां=भङ्गचतुष्टये आदिमः पक्षो भावेन भावस्य मिश्रत्वमित्याकारो न घटते, कुतः ? येन एकदा उपभोगद्वयम् अनभिमतम्=अनिष्टम्, द्रव्यस्तवारंभोपयोगयोर्यौगपद्याभावाद् न भावयोर्मिश्रत्वम्, अनारंभे हि यत्नवान् न आरम्भे उपयुज्यते, स्थैर्येऽतिचारभियोऽप्यभावाद् इति सूक्ष्मदृष्ट्या भावनीयम् ।

ટીકાર્થ :-

'ननु' ..... मिश्रत्वम् । **'ननु' એ પૂર્વપક્ષીના કથનના આક્ષેપમાં છે. દ્રવ્યસ્તવમાં તે બેનું=ભાવ અને ક્રિયાનું, ભાવની અને ક્રિયાની સાથે તે બેના=ધર્માધર્મના, મિશ્રપણાના વાદવિષયક ચતુર્ભંગીમાં=ચાર ભાંગામાં, ભાવની સાથે ભાવનું મિશ્રપણું ઈત્યાકારવાળો પ્રથમ પક્ષ ઘટતો નથી.**

ભાવની સાથે ભાવનું મિશ્રપણું ઇત્યાકારવાળો પ્રથમ પક્ષ કેમ ઘટતો નથી ? તેથી કહે છે –

**જે કારણથી એકીસાથે બે ઉપયોગ અનભિમત=અનિષ્ટ છે અર્થાત્ દ્રવ્યસ્તવના ઉપયોગનો અને આરંભના ઉપયોગનો યૌગપદ્ય=એકીસાથે અભાવ હોવાથી બે ભાવનું મિશ્રપણું નથી.**

ઉપરોક્ત કથનને સ્પષ્ટ કરતાં કહે છે –

अनारम्भे ..... भावनीयम् । **અનારંભમાં યત્નવાળો આરંભમાં ઉપયોગવાળો નથી=દ્રવ્યસ્તવમાં યત્ન કરનાર વ્યક્તિ ભગવાનની ભક્તિરૂપ અનારંભમાં યત્નવાળો હોય છે તેથી ભક્તિના અંગરૂપે**

**પુષ્પાદિની ક્રિયામાં હું આરંભ કરું છું, એવા ઉપયોગવાળો હોતો નથી. તેથી દ્રવ્યસ્તવમાં ભગવાનની ભક્તિરૂપ અનારંભ અને હિંસાદિ આરંભના બે ઉપયોગો સંભવતા નથી; કેમ કે સ્થૈર્યમાં અતિચારના ભયનો પણ અભાવ છે. એ પ્રમાણે સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારવું.**

✪ स्थैर्येऽतिचारभियोऽप्यभावाद् - અહીં 'अपि'થી એ સમુચ્ચય થાય છે કે સ્થૈર્યયોગની પ્રાપ્તિમાં આરંભનો તો ભય નથી, પરંતુ અતિચારના ભયનો પણ અભાવ છે.

**ભાવાર્થ :–**

'ननु'થી ગ્રંથકારશ્રી પૂર્વપક્ષી એવા પાર્શ્વચંદ્રમતવાસી જેઓ ભગવાનની પૂજામાં ધર્માધર્મરૂપ મિશ્રપણું સ્વીકારે છે, તેને આક્ષેપ કરતાં કહે છે –

તારો આ પૂર્વપક્ષ આગળમાં કહેવાશે, એ ચારે વિકલ્પોથી સંગત નથી. ગ્રંથકારશ્રી તે ચાર વિકલ્પો બતાવે છે –

**(૧) શુભ ભાવની સાથે અશુભ ભાવનું મિશ્રપણું :-**

ભગવાનની ભક્તિરૂપ શુભભાવનું અને પૂજામાં થતી પુષ્પાદિ જીવને કિલામણારૂપ અશુભભાવનું મિશ્રપણું છે, તેથી ભગવાનની પૂજા ધર્માધર્મરૂપ છે.

**(૨) શુભ ભાવની સાથે અશુભ ક્રિયાનું મિશ્રપણું :-**

ભગવાનની ભક્તિરૂપ શુભભાવનું અને પૂજામાં થતી પુષ્પાદિના ઉપમર્દનરૂપ અશુભ ક્રિયાનું મિશ્રપણું છે. તેથી ભગવાનની પૂજા ધર્માધર્મરૂપ છે.

**(૩) શુભ ક્રિયાની સાથે અશુભ ભાવનું મિશ્રપણું :-**

ભગવાનની ભક્તિરૂપ શુભ ક્રિયાનું અને પૂજામાં થતા પુષ્પાદિ જીવોના ઉપમર્દનરૂપ અશુભ ભાવનું મિશ્રપણું છે, તેથી ભગવાનની પૂજા ધર્માધર્મરૂપ છે.

**(૪) શુભ ક્રિયાની સાથે અશુભ ક્રિયાનું મિશ્રપણું :-**

ભગવાનની ભક્તિરૂપ શુભ ક્રિયાનું અને પૂજામાં થતા પુષ્પાદિ જીવોના ઉપમર્દનરૂપ અશુભ ક્રિયાનું મિશ્રપણું છે. તેથી ભગવાનની પૂજા ધર્માધર્મરૂપ છે.

આ રીતે ધર્માધર્મરૂપ દ્રવ્યસ્તવને મિશ્રરૂપે સ્વીકારવામાં ઉપરોક્ત ચાર વિકલ્પો થઈ શકે છે અને તે ચારેય વિકલ્પો સંગત નથી, એ બતાવવા અર્થે પ્રથમ વિકલ્પ કેમ સંગત નથી, તે બતાવે છે –

શુભ ભાવની સાથે અશુભ ભાવનું મિશ્રપણું છે, તેથી ભગવાનની પૂજા ધર્માધર્મરૂપ છે એ વિકલ્પ સંગત નથી; કેમ કે એકીસાથે બે ઉપયોગ શાસ્ત્રને સંમત નથી=દ્રવ્યસ્તવમાં આરંભનો ઉપયોગ અને ભગવાનની ભક્તિનો ઉપયોગ એ બંને ઉપયોગ એકીસાથે સંભવી શકે નહિ. માટે દ્રવ્યસ્તવમાં બે ભાવોનું મિશ્રપણું છે, તેમ સ્વીકારી શકાય નહિ. માટે ભાવની સાથે ભાવના મિશ્રપણાને કારણે દ્રવ્યસ્તવ ધર્માધર્મરૂપ છે એ વચન સંગત નથી. કેમ સંગત નથી ? તેને સ્પષ્ટ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

ભગવાનની પૂજા કરનાર શ્રાવકો ભગવાનની ભક્તિ કરીને નિરારંભ એવા સંયમની પ્રાપ્તિના અર્થી છે. તેથી ભગવાનની ભક્તિના કાળમાં અનારંભમાં યત્નવાળા છે; કેમ કે જે પ્રવૃત્તિ અનારંભની પ્રાપ્તિનું કારણ હોય તે અનારંભરૂપ હોય. તેથી ભગવાનની પૂજા કરનાર પુષ્પાદિના આરંભના ઉપયોગવાળા નથી. પુષ્પાદિનો પૂજામાં આરંભ હોવા છતાં કેમ આરંભના ઉપયોગવાળા શ્રાવક નથી ? તેને સ્પષ્ટ કરવા ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે –

સ્થૈર્યમાં અતિચારના ભયનો પણ અભાવ છે.

આશય એ છે કે ભગવાનની પૂજા સ્થૈર્યગુણથી થતી ન હોય ત્યારે પૂજાકાળમાં કોઈ ક્રિયામાં અતિચાર લાગવાનો ભય રહે છે. તેથી ભગવાનની ભક્તિ કરનાર શ્રાવકો પણ પોતાની ભક્તિમાં કોઈ અતિચાર ન લાગે તેવો ભય ધારણ કરે છે, જેના કારણે ભગવાનની ભક્તિમાં અતિચારો લાગતા નથી અને કદાચ અભ્યાસ દશા હોય તો પણ અતિચારો અલ્પ-અલ્પતર થતા જાય છે અને જ્યારે શ્રાવકો સ્થૈર્ય આશયપૂર્વક ભગવાનની ભક્તિ કરે છે ત્યારે અતિચારનો પણ તેઓને ભય નથી.

આનાથી અર્થથી એ ફલિત થાય છે કે જો ભગવાનની ભક્તિમાં પુષ્પાદિની હિંસાને કારણે આરંભ થતો હોય તો સ્થૈર્ય આશયવાળાને પણ ભય રહે કે મારી પૂજાની ક્રિયા કાંઈક આરંભવાળી છે, તેથી અવશ્ય કર્મબંધનું કારણ છે. વસ્તુતઃ વિવેકપૂર્વક પ્રવૃત્તિ કરનારા શ્રાવકને જે ક્રિયામાં ભય ન હોય તે ક્રિયામાં આરંભ હોઈ શકે નહિ. તેથી ભગવાનની પૂજામાં લેશ પણ આરંભ નથી, આથી જ સ્થૈર્યગુણની પ્રાપ્તિ પૂર્વે ભગવાનની ભક્તિ કરનાર શ્રાવકને માત્ર અતિચારનો ભય હોય છે પણ પ્રાયઃ અતિચાર લાગતા નથી અને જેઓને પૂજામાં અતિચાર લાગે છે તેઓને અતિચાર કાળમાં આરંભની પ્રાપ્તિ છે તે પણ ભગવાનની ભક્તિમાં ઉપયોગ પ્રવર્તે છે તેનાથી તે આરંભની શુદ્ધિ થઈ જાય છે અને સ્થૈર્યયોગની પ્રાપ્તિ પછી તે શ્રાવકને અતિચારનો પણ ભય હોતો નથી, તેથી ભગવાનની પૂજામાં અનારંભનો જ ઉપયોગ છે, આરંભનો ઉપયોગ નથી. એ પ્રકારે સૂક્ષ્મદૃષ્ટિથી ભાવન કરવું જોઈએ.

સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો જે ક્રિયામાં સ્થૈર્યગુણ વખતે અતિચારનો પણ ભય ન હોય તે ક્રિયામાં આરંભનો ભય કેવી રીતે હોઈ શકે ? કેમ કે વિવેકી શ્રાવકને અતિચાર નથી લાગતા માટે અતિચારનો ભય નથી. જો તે ક્રિયામાં આરંભ હોય તો વિવેકી શ્રાવકને આરંભનો ભય હોય, પરંતુ જે ક્રિયામાં અતિચારનો પણ ભય નથી, તે ક્રિયામાં આરંભનો ભય વિવેકી શ્રાવકને કેવી રીતે હોઈ શકે ? અને જે ક્રિયામાં વિવેકી શ્રાવકને આરંભનો ભય નથી, તે ક્રિયા આરંભવાળી નથી, એ વસ્તુ સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો જોઈ શકાય તેમ છે. આનાથી એ નક્કી થાય છે કે પ્રથમ વિકલ્પમાં એકીસાથે શુભ-અશુભ બે ઉપયોગો નહિ હોવાને કારણે શુભ ભાવની સાથે અશુભ ભાવનું મિશ્રપણું નથી.

સ્થૈર્યયોગમાં અતિચારના ભયનો પણ અભાવ છે, એમ કહ્યું, ત્યાં સ્થૈર્યયોગ કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે ઇચ્છાયોગ અને પ્રવૃત્તિયોગમાં અતિચારનો ભય હોય છે, પરંતુ સ્થૈર્યયોગમાં અતિચારના ભયનો પણ અભાવ છે.

**ટીકા :-**

**भावो धर्मगतः क्रिया इतरगता=आरम्भाख्या अधर्मगता, इत्ययं द्वितीयः पुनः भङ्गोऽल्पः= अक्षोदक्षमः इत्यर्थः । कुतः? शुभाद् भावादेव क्रियागतं यद्रजोहेतुस्वरूपमशुभभावद्वारकत्वं तस्य क्षयात्, क्रिया ह्यशुभभावद्वाराऽधर्मस्य शुभभावद्वारा च धर्मस्य कारणं न स्वरूपतः ।।८२।।**

**ટીકાર્થ :-**

**भावो ..... स्वरूपतः ।। ભાવ ધર્મગત છે અને ક્રિયા ઈતરગત છે=આરંભાખ્ય અધર્મગત છે, એ પ્રકારનો વળી આ બીજો ભાંગો અલ્પ છે=અક્ષોદક્ષમ છે અર્થાત્ સ્વીકારી શકાય એવો નથી; કેમ કે શુભ એવા ભાવથી જ=હું ભગવાનની ભક્તિ કરીને સંસારસાગરથી તરું, એ પ્રકારના પૂજાકાળમાં થતા શુભભાવથી જ, ક્રિયાગત=પૂજાકાળમાં વર્તતા પુષ્પાદિના આરંભરૂપ ક્રિયાગત, અશુભભાવ દ્વારકત્વરૂપ જે રજોહેતુનું સ્વરૂપ=કર્મબંધના હેતુનું સ્વરૂપ, તેનો ક્ષય થાય છે; જે કારણથી ક્રિયા અશુભભાવ દ્વારા અધર્મનું અને શુભભાવ દ્વારા ધર્મનું કારણ છે, સ્વરૂપથી નહિ. ।।૮૨।।**

**ભાવાર્થ :-**

ભાવની સાથે ક્રિયાનું મિશ્રપણું છે, તેથી ભગવાનની પૂજા ધર્માધર્મરૂપ છે, એ બીજો વિકલ્પ સંગત નથી. તે આ રીતે –

ભગવાનની પૂજા વખતે ગુણવાન એવા પરમાત્માની ભક્તિનો ભાવ છે, તેથી ભાવ ધર્મગત છે; અને ક્રિયા પુષ્પાદિના આરંભરૂપ છે, માટે અધર્મગત છે. આ પ્રકારનો બીજો વિકલ્પ સંગત નથી; કેમ કે ક્રિયા અશુભ ભાવ દ્વારા કર્મબંધનું કારણ છે સાક્ષાત્ નહિ.

ભગવાનની પૂજાનાકાળમાં ગુણવાન એવા ભગવાનની ભક્તિનો શુભ ભાવ વર્તે છે, તેથી પુષ્પાદિની આરંભરૂપ ક્રિયાગત અશુભભાવદ્વારકત્વનો ક્ષય થાય છે. માટે ભગવાનની પૂજા વખતે થતી આરંભની ક્રિયા કર્મબંધનું કારણ બનતી નથી. તેથી અધર્મરૂપ છે તેમ કહી શકાય નહિ.

અહીં વિશેષ એ છે કે કોઈપણ ક્રિયા સાક્ષાત્ કર્મબંધનું કે નિર્જરાનું કારણ નથી, પરંતુ ક્રિયા અશુભ ભાવ દ્વારા કર્મબંધનું કારણ છે, તેથી અધર્મનું કારણ છે; અને શુભ ભાવ દ્વારા નિર્જરાનું કારણ છે, તેથી ધર્મનું કારણ છે. પરંતુ આ ક્રિયા આરંભ-સમારંભરૂપ છે, માટે અધર્મનું કારણ છે, તેવો નિયમ નથી. આથી ભગવાનના વચનાનુસાર સાધુ નદી ઊતરે છે ત્યારે કર્મબંધ થતો નથી, પરંતુ નદી ઊતરવાની ક્રિયા આજ્ઞાનુસાર હોવાથી આજ્ઞાનુસાર શુભ ભાવને કારણે નદી ઊતરવાની હિંસાત્મક ક્રિયામાં અશુભભાવદ્વારકત્વરૂપ કર્મબંધનું હેતુપણું નાશ પામે છે, તેથી તે ક્રિયા કર્મબંધનું કારણ થતી નથી, પરંતુ તે ક્રિયામાં વર્તતા આજ્ઞાનુસારી ભાવને કારણે નિર્જરાની પ્રાપ્તિ થાય છે. તેમ ભગવાનની પૂજાનાકાળમાં શ્રાવકને ભગવાનની ભક્તિનો શુભભાવ હોવાને કારણે પુષ્પાદિના આરંભની ક્રિયામાં અશુભભાવદ્વારકત્વરૂપ કર્મબંધનું હેતુપણું નાશ પામે છે, તેથી ભગવાનની પુષ્પાદિની ક્રિયાનાકાળમાં વર્તતા શુભ ભાવથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

અહીં અશુભભાવદ્વારકત્વરૂપ રજોહેતુનું સ્વરૂપ એમ કહ્યું, તેનો ભાવ એ છે કે ક્રિયા અશુભ ભાવ દ્વારા કર્મબંધનું કારણ છે, તેથી ક્રિયા અશુભ ભાવદ્વાર છે જેને તેવી છે=અશુભભાવદ્વારક છે. તેથી ક્રિયામાં અશુભભાવદ્વારકત્વ છે, અને ક્રિયામાં વર્તતું અશુભભાવદ્વારકત્વ કર્મબંધના હેતુનું સ્વરૂપ છે=ક્રિયામાં વર્તતું કર્મબંધનું હેતુત્વ છે. આથી સંસારની ક્રિયામાં અશુભભાવદ્વારકત્વ છે, માટે કર્મબંધ થાય છે; અને ભગવાનની પૂજામાં જે આરંભ-સમારંભ છે, તેમાં રહેલું અશુભભાવદ્વારકત્વરૂપ સ્વરૂપ શુભભાવથી નાશ પામે છે, માટે ભગવાનની પૂજા અનારંભરૂપ છે. **॥૮૨॥**

**અવતરણિકા :-**

द्वितीयपक्षाभ्युपगम एव वादिनोऽनिष्टापत्तिमाह –

**અવતરણિકાર્થ :-**

**બીજા પક્ષના સ્વીકારમાં જ=ભાવ ધર્મગત અને ક્રિયા અધર્મગત એ રૂપ બીજા વિકલ્પના સ્વીકારમાં જ, વાદીને અનિષ્ટાપત્તિ ગ્રંથકારશ્રી કહે છે=વાદીને પ્રાપ્ત થનારી અનિષ્ટની પ્રાપ્તિને ગ્રંથકારશ્રી કહે છે -**

**શ્લોક :-**

वाहिन्युत्तरणादिके परपदे चारित्रिणामन्यथा,
स्यान्मिश्रत्वमपापभावमिलितां पापक्रियां तन्वताम् ।
किञ्चाऽऽकेवलिनं विचार्य समये द्रव्याश्रवं भाषितं,
शुद्धं धर्ममपश्यतस्तनुधियः शोकः कथं गच्छति ।।८३।।

**શ્લોકાર્થ :-**

**અન્યથા=શ્લોક-૮૨માં કહ્યું કે ક્રિયા અશુભ ભાવ દ્વારા અધર્મનો હેતુ છે અને શુભ ભાવ દ્વારા ધર્મનો હેતુ છે, પણ સ્વરૂપથી નહિ, એ ન સ્વીકારો તો, અપાપભાવથી મિલિત એવી પાપક્રિયાને કરતા એવા ચારિત્રીને નદી ઊતરવા વગેરે પરપદમાં=અપવાદમાર્ગમાં, મિશ્રપણું થાય, વળી કેવલીપર્યન્ત=કેવળી સુધી, સિદ્ધાંતમાં ભાષિત=કહેવાયેલ, એવા દ્રવ્યાશ્રવનો વિચાર કરીને શુદ્ધ ધર્મને નહિ જોતા એવા તનુબુદ્ધિવાળાનો=તુચ્છબુદ્ધિવાળાનો, શોક કેવી રીતે જાય ? અર્થાત્ ન જાય. ॥૮૩॥**

**ટીકા :-**

'वाहिनी' इत्यादि :- अन्यथा=उक्तानभ्युपगमे=स्वरूपत एवाश्रवत्वाभिमतस्याधर्मत्वोक्तौ, वाहिन्युत्तरणादिके=नद्युत्तारप्रमुखे, परपदे=अपवादमार्गे, चारित्रिणां=भावसाधूनाम् अपापो=धर्मैकस्वभावो

**यो भावः=पुष्टालम्बनाध्यवसायस्तन्मिलितां पापक्रियां नद्युत्तारादिरूपां कुर्वतां मिश्रत्वं=मिश्रपक्षाश्रयणं, स्यात्, नचैतदिष्टं, परस्यापि साधूनां धर्मैकपक्षाभ्युपगमात्, तस्मान्न धर्मभावे स्वरूपतः सावद्यक्रियाया मिश्रणं द्रव्यस्तव इति गर्भार्थः ।**

**ટીકાર્થ :-**

**अन्यथा ..... गर्भार्थः । અન્યથા=ઉક્તનો અનભ્યુપગમ કરાયે છતે=સ્વરૂપથી જ આશ્રવપણારૂપે અભિમત એવા કૃત્યની અર્ધમપણાની ઉક્તિ હોતે છતે=જે ક્રિયા શુભ અધ્યવસાયનું કારણ હોવા છતાં સ્વરૂપથી જ આરંભ-સમારંભરૂપ અભિમત છે તેવી ક્રિયાને અધર્મપણારૂપે કહેવાયે છતે, નદીઉત્તરણાદિક પરપદમાં=નદી ઊતરવા વગેરે અપવાદમાર્ગમાં, અપાપ=ધર્મ એકસ્વભાવ, જે ભાવ= પુષ્ટાલંબન અધ્યવસાય, તેનાથી મિલિત એવી નદી ઊતરવાદિરૂપ પાપક્રિયાને કરતા ચારિત્રીઓને= ભાવસાધુઓને, મિશ્રપણું=મિશ્રપક્ષનું આશ્રયણ થાય, અને આ=ભાવસાધુને મિશ્ર પક્ષનું આશ્રયણ, ઈષ્ટ નથી; કેમ કે પરને પણ=પૂજામાં મિશ્રપક્ષનો સ્વીકાર કરનાર પાર્શ્વચંદ્રને પણ, સાધુઓને ધર્મ એકપક્ષનો અભ્યુપગમ છે. તે કારણથી=અપવાદથી નદી ઊતરનાર સાધુને મિશ્ર પક્ષ ઈષ્ટ નથી તે કારણથી, ધર્મભાવ હોતે છતે=ભગવાનની પૂજા કરતી વખતે ધર્મ કરવાનો પરિણામ હોતે છતે, દ્રવ્યસ્તવમાં સ્વરૂપથી સાવદ્ય ક્રિયાનું મિશ્રણ નથી=ધર્માધર્મરૂપે મિશ્રણ નથી, એ પ્રમાણે ગર્ભાર્થ છે= પ્રસ્તુત શ્લોકના પૂર્વાર્ધનો તાત્પર્યાર્થ છે.**

**ભાવાર્થ :-**

શ્લોક-૮૨માં ભાવ ધર્મગત અને ક્રિયા અધર્મગત એ પ્રકારનો બીજો વિકલ્પ ભગવાનની પૂજામાં સંગત નથી, તેમ યુક્તિથી સ્થાપન કર્યું. તે વાતને દૃઢ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

જો પૂર્વ શ્લોક-૮૨માં કહ્યું તેમ સ્વીકારવામાં ન આવે અને એમ કહેવામાં આવે કે સ્વરૂપથી આશ્રવરૂપ હોય તેવી પ્રવૃત્તિ અધર્મરૂપ છે, તો સાધુ અપવાદથી નદી ઊતરે છે, ત્યારે નદી ઊતરવાની ક્રિયા સ્વરૂપથી આશ્રવરૂપ છે, માટે સાધુને મિશ્રપક્ષનું આશ્રયણ કરવાની આપત્તિ આવે; કેમ કે સાધુ જ્યારે નદી ઊતરે છે ત્યારે પુષ્ટાલંબનનો અધ્યવસાય છે અર્થાત્ ભગવાને પુષ્ટાલંબનથી નદી ઊતરવાની આજ્ઞા કરી છે, તે આજ્ઞાપાલનનો અધ્યવસાય છે; અને તે આજ્ઞાપાલન વખતે નદી ઊતરવાની ક્રિયા સ્વરૂપથી આશ્રવરૂપ છે; કેમ કે જળના જીવોને કિલામણા થાય છે. તેથી તે સ્થાનમાં ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ માનવો પડે.

વસ્તુતઃ જે સાધુને પુષ્ટાલંબનથી નદી ઊતરવાનો અધ્યવસાય છે અને વિધિશુદ્ધ નદી ઊતરવાની ક્રિયા કરતા હોય તે સાધુને લેશ પણ અધર્મની પ્રાપ્તિ નથી, પરંતુ ભગવાનની આજ્ઞાના પાલનરૂપ તેમની ક્રિયા છે. તે રીતે ભગવાનની આજ્ઞાના પાલનના અધ્યવસાયથી ભગવાનની ભક્તિ કરીને હું સંસારસાગરથી તરું, એવા પરિણામવાળા યતનાપરાયણ શ્રાવકને પુષ્પાદિના ઉપમર્દનરૂપ ક્રિયાને આશ્રયીને ધર્માધર્મરૂપ મિશ્રપણું નથી. તેથી ચાર વિકલ્પોમાંથી ભાવ ધર્મગત છે અને ક્રિયા અધર્મગત છે, એ પ્રકારનો બીજો

વિકલ્પ સ્વીકારીને પણ પૂજા સ્વરૂપથી સાવદ્ય હોવાને કારણે પૂજાને ધર્માધર્મરૂપ કહી શકાય નહિ, એ ફલિતાર્થ છે.

**ટીકા :-**

**अभ्युच्चयमाह-किञ्च, आकेवलिनं=केवलिपर्यन्तं, समये=सिद्धान्ते** "जावं च णं एस जीवे एयइ वेयइ तावं च णं आरंभइ" **इत्यादिना द्रव्याश्रवं भाषितं विचार्य तावदेव शुद्धं धर्ममपश्यतस्तनुधियः= ऐदंपर्यापर्यालोचनेन तुच्छबुद्धेः, शोको धर्मपक्षस्थानोच्छेदजनितवैकल्यलक्षणः कथं गच्छतु? न कथञ्चित्, अत एव सुन्दरर्षिः** "अयोगिकेवलिष्वेव सर्वतः संवरो मतः" **इति सूक्ष्माघ्राणेनाकेवलं देशविरतिमेव संभावयति, नतु जानीते फलतः सर्वसंवरस्तदा, विवक्षितभेदसर्वसंवरस्त्वन्यदापीति, एवं द्रव्यभावमिश्रतां केवलिन्यपि सन्देहानः पाशोऽपि सोरस्ताडं शोचन् केन वार्यताम् इति ।।८३।।**

**ટીકાર્થ :-**

अभ्युच्चयमाह - **किञ्चથી બીજા દોષના અભ્યુચ્ચયને શ્લોકના ત્રીજા-ચોથા પાદથી બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

किञ्च ..... वार्यताम् इति ।। **વળી, કેવલી સુધી સિદ્ધાંતમાં** "જ્યાં સુધી આ જીવ કંપન, વેજન કરે છે ત્યાં સુધી આરંભ કરે છે" **ઈત્યાદિ દ્વારા ભાષિત એવા દ્રવ્યાશ્રવનો વિચાર કરીને, ત્યાં સુધી જ=કેવલી સુધી જ, શુદ્ધ ધર્મને નહિ જોતા એવા તનુબુદ્ધિવાળાનો=ઐદંપર્યના અપર્યાલોચનને કારણે તુચ્છ બુદ્ધિવાળાનો, ધર્મપક્ષના સ્થાનના ઉચ્છેદથી જનિત વૈકલ્યસ્વરૂપ શોક=કેવલીમાં દ્રવ્યાશ્રવને કારણે પૂર્ણ ધર્મપક્ષનો વિચ્છેદ પ્રાપ્ત થાય છે તેનાથી જનિત પૂર્વપક્ષીના ચિત્તમાં વૈકલ્યસ્વરૂપ શોક, કેવી રીતે જાય ? અર્થાત્ કોઈ રીતે ન જાય.**

**આથી જ=પૂર્વમાં કહ્યું કે ઐદંપર્યાર્થના અપર્યાલોચનને કારણે તુચ્છ બુદ્ધિવાળાને કેવલી સુધી સંપૂર્ણ ધર્મ દેખાતો નથી આથી જ,** "અયોગીકેવલીમાં જ સર્વથી સંવર મનાયો છે." **એ પ્રમાણે સૂક્ષ્મ આઘ્રાણ વડે=સૂક્ષ્મ અવલોકન વડે, કેવલી સુધી દેશવિરતિની જ સુંદર નામના ઋષિ સંભાવના કરે છે, પરંતુ જાણતા નથી કે ત્યારે=અયોગીકેવલી અવસ્થામાં ફળથી સર્વ સંવર છે. વળી વિવક્ષિત ભેદવાળો સર્વ સંવર તો અન્યદા પણ=મુનિને પણ છે. 'इति' શબ્દ 'अत एव'થી કરાયેલા કથનની સમાપ્તિમાં છે. एवं=આ રીતે=પૂર્વમાં કહ્યું કે સુંદર ઋષિ કેવલી સુધી દેશવિરતિની જ સંભાવના કરે છે એ રીતે, દ્રવ્યભાવના મિશ્રપણાને કેવલીમાં પણ સંદેહ કરતાં પાશ પણ=પાર્શ્વચંદ્ર પણ છાતી તાડન કરવા સહિત શોક કરતાં કોના વડે વારણ કરી શકાય ? અર્થાત્ કોઈના વડે વારણ ન કરી શકાય.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે. ।।૮૩।।**

✪ द्रव्यभावमिश्रतां केवलिन्यपि संदेहानः पाशोऽपि - અહીં 'केवलिन्यपि' શબ્દમાં રહેલ 'अपि'થી એ સમુચ્ચય થાય છે કે પાર્શ્વચંદ્ર કેવલી પૂર્વે તો દ્રવ્યભાવની મિશ્રતાનો સંદેહ કરે છે, પરંતુ કેવલીમાં પણ દ્રવ્યભાવની મિશ્રતાનો સંદેહ કરે છે. पाशोऽपि શબ્દમાં રહેલ 'अपि'થી એ સમુચ્ચય થાય છે કે સુંદર ઋષિ તો કેવલી સુધી દેશવિરતિની સંભાવના કરે છે, એ રીતે પાશ પણ=પાર્શ્વચંદ્ર પણ કેવલીમાં દ્રવ્યભાવની મિશ્રતાનો સંદેહ કરે છે.

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે દ્રવ્યસ્તવમાં પુષ્પાદિની હિંસાને કારણે ભાવ ધર્મગત અને ક્રિયા અધર્મગત સ્વીકારવામાં આવે, તો મુનિ અપવાદથી નદી ઊતરે છે ત્યારે, મુનિને પણ ભાવ ધર્મગત અને ક્રિયા અધર્મગત સ્વીકારવાની આપત્તિ આવે. તેની પુષ્ટિ કરવા માટે પ્રસ્તુત શ્લોકના ત્રીજા-ચોથા પાદથી સમુચ્ચયને કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

"जाव च णं एस जीवे एयइ वेयइ ताव च णं आरंभइ"='જ્યાં સુધી આ જીવ, કંપન, વેજન કરે છે ત્યાં સુધી આરંભ કરે છે' ઇત્યાદિ આગમ પાઠ દ્વારા કેવલી સુધી સિદ્ધાંતમાં દ્રવ્યાશ્રવ કહેવાયેલો છે, અને એ પાઠને સ્થૂલ બુદ્ધિથી વિચારનારને કેવલીમાં પણ શુદ્ધ ધર્મની પ્રાપ્તિ દેખાતી નથી.

જેઓ શાસ્ત્રવચનના ઐદંપર્યાર્થના અપર્યાલોચનને કારણે તુચ્છ બુદ્ધિવાળા છે, તેઓને આ શાસ્ત્રવચનથી કેવલી સુધી શુદ્ધ ધર્મ નથી, એમ દેખાય છે, અને મોક્ષનું કારણ એવો શુદ્ધ ધર્મ તો અયોગી કેવલીમાં છે એમ દેખાય છે. તેથી મોક્ષનું કારણ શુદ્ધ ધર્મ અયોગી કેવલીમાં છે, એમ વિચારીને મોક્ષના અર્થી એવા તેઓને શોક થાય છે કે જ્યાં સુધી યોગનિરોધની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી શુદ્ધ ધર્મ થઈ શકે નહિ, અને શુદ્ધ ધર્મ વગર મોક્ષનો સંભવ નથી, માટે મોક્ષના અર્થી એવા પણ તેઓને શુદ્ધ ધર્મની પ્રાપ્તિનો અસંભવ દેખાવાથી શોક થાય છે, અને તે શોક કોઈ રીતે જતો નથી.

વસ્તુતઃ તેઓ શાસ્ત્રના ઐદંપર્યાર્થના સમાલોચનમાં અસમર્થ છે, તેથી "जाव च णं ....." ઇત્યાદિ આગમવચનનો આવો અર્થ કરે છે. પરંતુ શાસ્ત્રકારોને અભિમત "जाव च णं ..." સૂત્રનો અર્થ આ મુજબ છે –

જ્યાં સુધી જીવ ક્રિયાવાળો છે, ત્યાં સુધી યોગકૃત કર્મબંધ થાય છે. માટે કેવલી સુધી કર્મબંધની પ્રાપ્તિ છે તોપણ ભગવાનના વચનને પરતંત્ર થઈને શ્રાવક કે સાધુ વિધિશુદ્ધ ક્રિયા કરતા હોય તો શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે, અને આ શુદ્ધ ધર્મ જ પ્રકર્ષને પામીને કેવલજ્ઞાનનું કારણ બને છે અને અંતે યોગનિરોધની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ બને છે. આ પ્રકારના શાસ્ત્રના તાત્પર્યને નહિ જાણતા માત્ર દ્રવ્યાશ્રવને અધર્મરૂપે ગ્રહણ કરીને કેવલી સુધી શુદ્ધ ધર્મને તુચ્છ બુદ્ધિવાળા જોતા નથી, અને જેમ તુચ્છ બુદ્ધિવાળા કેવલી સુધી શુદ્ધ ધર્મને જોતા નથી, તેમ સુંદર ઋષિ પણ 'અયોગી કેવલીમાં સર્વસંવર કહેવાયો છે' એ પ્રકારના શાસ્ત્રવચનને ગ્રહણ કરીને કેવલી સુધી દેશવિરતિની સંભાવના કરે છે અર્થાત્ જેમ તુચ્છ બુદ્ધિવાળા જીવો ઐદંપર્યાર્થનું પર્યાલોચન કરતા નથી, તેમ સુંદર ઋષિ પણ અયોગી કેવલીમાં જ સર્વસંવર કહેવાયો છે એ પ્રકારના શાસ્ત્રવચનના ઐદંપર્યાર્થનું પર્યાલોચન કરતા નથી, અને પોતે જાણે સૂક્ષ્મ બુદ્ધિથી

જોતા હોય તેમ માનીને વિચારે છે કે સર્વસંવર એટલે પૂર્ણ ચારિત્ર અને પૂર્ણ ચારિત્ર ચૌદમા ગુણસ્થાનકે છે. તેથી કેવલી સુધી પૂર્ણ ચારિત્ર નથી, માટે કેવલીમાં પણ સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈએ તો દેશવિરતિ જ છે, આ પ્રમાણે સંભાવના કરે છે.

વસ્તુતઃ સુંદર ઋષિ જાણતા નથી કે અયોગી કેવલીમાં શાસ્ત્રકારોએ સર્વસંવર કહેલ છે. તે ફળથી સર્વસંવર છે અને વિવક્ષિત સર્વસંવર તો ભગવાનની આજ્ઞાને પરતંત્ર થઈને સર્વવિરતિ ધર્મનું પાલન કરનારા અપ્રમત્ત સુસાધુમાં પણ છે.

આશય એ છે કે જીવ કર્મને પરતંત્ર થઈને મન, વચન અને કાયાથી કર્મબંધ કરે છે તે અસંવરભાવ છે, અને જે જીવ સર્વજ્ઞના વચનને સંપૂર્ણ પરતંત્ર થઈને યાવજ્જીવ મન, વચન અને કાયાથી પ્રવૃત્તિ કરે છે, તે ત્રણ ગુપ્તિવાળા છે, તેથી તેઓને સર્વસંવર વર્તે છે, અને આ સર્વસંવર જ ઉત્તરોત્તર પ્રકર્ષને પામીને કેવલજ્ઞાન વખતે વીતરાગતામાં વિશ્રાંત થાય છે, અને કેવલજ્ઞાન થયા પછી જ્યારે કેવલી યોગનિરોધ કરે છે ત્યારે અત્યાર સુધી સેવાયેલા સર્વસંવરનું ફળ પ્રાપ્ત થાય છે. તેથી યોગનિરોધની ક્રિયા એ ફળથી સર્વસંવરરૂપ છે, અને તેની પૂર્વેની ક્રિયા ભગવાનની આજ્ઞાને સંપૂર્ણ પરતંત્રતારૂપ સ્વરૂપથી સર્વસંવરરૂપ છે. આ પ્રકારનું તાત્પર્ય સુંદર ઋષિ જાણતા નથી, આથી કેવલીમાં પણ દેશવિરતિની સંભાવના કરે છે.

વસ્તુતઃ સર્વવિરતિની ઇચ્છાવાળા જીવો સર્વ પાપની વિરતિ ન કરી શકે ત્યાં સુધી અંશ અંશથી પાપની વિરતિ કરીને સંપૂર્ણ ભગવાનના વચનાનુસાર જીવન જીવવા માટે સમર્થ ન બને ત્યાં સુધીની તેમની આંશિક વિરતિની પ્રવૃત્તિ એ દેશવિરતિ છે, પરંતુ પૂર્ણ ભગવાનની આજ્ઞાને પરતંત્ર થઈને જીવનારા સાધુમાં કર્મબંધના કારણભૂત યોગો કે કષાયો છે, એટલા માત્રથી સર્વસંવર નથી, એમ કહેવાય નહિ; કેમ કે પોતાના મન, વચન અને કાયાના યોગો ભગવાનના વચનને પરતંત્ર થઈને આત્મભાવમાં વિશ્રાંત થઈ રહ્યા છે તે સર્વસંવર છે અર્થાત્ સર્વ પાપ વ્યાપારનો સંવર છે અને આ સર્વસંવરના ફલરૂપે કર્મબંધના સર્વ કારણોના અભાવરૂપ સર્વસંવર છે માટે ફલથી સર્વસંવરમાં યોગ અને કષાયનો પણ અભાવ આવશ્યક છે.

વળી, સુંદર ઋષિની જેમ પાર્શ્વચંદ્ર પણ કેવલીમાં દ્રવ્ય-ભાવની મિશ્રતાનો સંદેહ કરે તો કોણ વારણ કરી શકે ? અર્થાત્ જો પૂજામાં પાર્શ્વચંદ્ર પુષ્પપૂજાની ક્રિયાને આશ્રયીને અધર્મ છે અને ભગવાનની ભક્તિના ભાવને આશ્રયીને ધર્મ છે, તેમ સ્વીકારે તો કેવલીને પણ કર્મબંધના કારણીભૂત યોગ છે માટે અધર્મ છે, અને વીતરાગ છે માટે ભાવથી ધર્મ છે, તેમ પાર્શ્વચંદ્રને જણાય, તેથી પાર્શ્વચંદ્રને પણ કેવલી સુધી પૂર્ણ ધર્મની અપ્રાપ્તિનો શોક થાય તો કોણ વારણ કરી શકે ? અર્થાત્ કોઈ વારણ ન કરી શકે. **॥૮૩॥**

**અવતરણિકા :-**

**वादी प्रसङ्गं समाधत्ते –**

**અવતરણિકાર્થ :-**

**વાદી=પૂર્વપક્ષીરૂપ વાદી પાર્શ્વચંદ્ર, પ્રસંગનું સમાધાન કરે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૮૩માં ગ્રંથકારશ્રીએ અનિષ્ટ આપત્તિનો પ્રસંગ આપ્યો અર્થાત્ ગ્રંથકારે કહ્યું કે જો પૂજામાં પૂર્ણ ધર્મ છે તેને પાર્શ્વચંદ્ર સ્વીકાર નહિ કરે તો અપવાદપદમાં સાધુ જે નદી ઊતરે છે, ત્યાં પણ મિશ્રપણાની પ્રાપ્તિ થશે. એ પ્રસંગનું વાદી પાર્શ્વચંદ્ર સમાધાન કરે છે.

**શ્લોક :-**

वाहिन्युत्तरणादिकेऽपि यतनाभागे विधिर्न क्रिया-
भागेऽप्राप्तविधेयता हि गदिता तन्त्रेऽखिलैस्तान्त्रिकैः ।
हिंसा न व्यवहारतश्च गृहिवत् साधोरितीष्टं तु नो,
मिश्रत्वं ननु नो मते किमिह तद्दोषस्य सङ्कीर्त्तनम् ।।८४।।

**શ્લોકાર્થ :-**

**નદી ઉત્તરણાદિકમાં પણ યતનાભાગમાં વિધિ છે, ક્રિયાભાગમાં નથી, हि=यतः=જે કારણથી, તંત્રમાં સર્વ તાંત્રિકો વડે અપ્રાપ્તની વિધેયતા કહેવાયેલી છે; અને ગૃહસ્થની જેમ સાધુને વ્યવહારથી= વ્યવહારનયથી, હિંસા નથી, इति=એથી કરીને મિશ્રપણું ઈષ્ટ નથી.**

**'ननु' આક્ષેપમાં છે. અમારા મતે=પૂર્વપક્ષીના મતે, અહીં=સાધુને નદી ઉત્તરણાદિ ક્રિયામાં તેના દોષનું=મિશ્રપણાના દોષનું, સંકીર્તન કઈ રીતે છે ? અર્થાત્ પૂર્વપક્ષી કહે છે કે અમને મિશ્રપણાના દોષનું સંકીર્તન સિદ્ધાંતકાર વડે કરવું ઉચિત નથી. ।।૮૪।।**

**ટીકા :-**

**'वाहिनी' इति :- वाहिन्युत्तरणादिकेऽपि=नद्युत्तरणादिकेऽपि कर्मणि, यतनाभागे विधिरप्राप्तत्वान्न तु क्रियाभागे, हि=यतरखिलैस्तान्त्रिकैरप्राप्तविधेयता गदिता** "अप्राप्तप्रापणं विधिरनधिगताधिगन्तृत्व-प्रमाणम्" **इत्यनादिमीमांसाव्यवस्थितिः अयं चेह न्यायोऽस्माभिराश्रीयते, यतना च भाव इति न तेन मिश्रताऽन्येनैव मिश्रणसंभवात् ! तर्हि नद्युत्तारादिक्रिययैव मिश्रता स्यात्? तत्राह - गृहिवत् साधोर्व्यवहारतो=व्यवहारनयाच्च नद्युत्तारादिक्रिया हिंसा न, गृहिसाध्वोर्यतनायतनाभ्यामेव व्यवहार-विशेषादिति, ततो हिंसामिश्रणाभावात्, नो तु=नैव, मिश्रत्वमिष्टं, 'ननु' इति आक्षेपे, नोऽस्माकं किमिह तद्दोषस्य सङ्कीर्त्तनं, भवतां द्रव्यस्तवे तु साधूचितयतनाभावादवर्जनीयैव हिंसेति मिश्रपक्षो दुष्परिहार इति भावः ।।८४।।**

ટીકાર્થ :-

वाहिन्युत्तरणादिके ..... स्यात् ? નદીઉત્તરણાદિકવિષયક પણ=નદીઉત્તરણાદિક પણ કર્મવિષયક, યતનાભાગમાં યતના અંશમાં વિધિ છે; કેમ કે અપ્રાપ્તપણું છે=ઉપદેશ વગર યતનાઅંશનું અપ્રાપ્તપણું છે. પરંતુ ક્રિયાભાગમાં=નદીઉત્તરણાદિકની ક્રિયાના અંશમાં વિધિ નથી, हि=यतः=જે કારણથી અખિલ તાંત્રિકો વડે=સર્વ દર્શનકારો વડે, અપ્રાપ્તમાં વિધેયતા કહેવાયેલ છે; કેમ કે "અપ્રાપ્તનું પ્રાપણ વિધિ, અનધિગતનું અધિગંતૃત્વ પ્રમાણ=જેનો બોધ ન થયો હોય તેનો બોધ કરવો તે પ્રમાણ" એ પ્રકારે અનાદિની મીમાંસાની વ્યવસ્થિતિ છે, અને અહીં=સાધુને નદી ઉત્તરણાદિક સ્થળમાં આ ન્યાય= "અપ્રાપ્તનું પ્રાપણ વિધિ" એ ન્યાય, અમારા વડે સ્વીકારાયેલ છે=પૂર્વપક્ષી પાર્શ્વચંદ્ર કહે છે કે અમારા વડે સ્વીકારાયેલ છે, અને યતના ભાવ છે=સાધુને નદી ઉત્તરણાદિક વિષયમાં જે યતના અંશમાં વિધિ છે તે યતના અંશ ભાવ છે, એથી તેના વડે=યતનારૂપ ભાવ વડે, મિશ્રતા નથી=સાધુના સંયમરૂપ ધર્મમાં અધર્મની મિશ્રતા નથી; કેમ કે અન્ય વડે જ મિશ્રણનો સંભવ છે. તો ગ્રંથકારશ્રી કહે છે –

તો નદીઉત્તારાદિ ક્રિયા વડે જ મિશ્રતા થાય, અર્થાત્ તમારા મતમાં=પૂર્વપક્ષીના મતમાં, સાધુને નદી ઊતરવાની વિધિ છે તે યતના અંશમાં છે. તે અંશથી મિશ્રતા ન થઈ શકે તો સાધુ જે નદી ઊતરવાદિની ક્રિયા કરે છે તે ક્રિયા વડે જ સંયમમાં અધર્મની મિશ્રતા થાય.

तत्राह - ત્યાં પૂર્વપક્ષી પાર્શ્વચંદ્ર કહે છે –

गृहिवत् ..... भावः ।। ગૃહસ્થની જેમ વ્યવહારથી=વ્યવહારનયથી, સાધુની નદીઉત્તારાદિ ક્રિયા હિંસા નથી=ગૃહસ્થને જેમ વ્યવહારનયથી નદીઉત્તારાદિની ક્રિયામાં હિંસા છે, તેમ સાધુને વ્યવહારનયથી નદીઉત્તારાદિની ક્રિયામાં હિંસા નથી; કેમ કે ગૃહસ્થનો અને સાધુનો યતના-અયતના દ્વારા જ વ્યવહારનો વિશેષ છે=વ્યવહારનો ભેદ છે. इति=એ હેતુથી (સાધુની નદી ઊતરવાની ક્રિયામાં હિંસાનું મિશ્રણ નથી, એમ અન્વય છે.) તેથી=વ્યવહારનયથી સાધુને નદીઉત્તારાદિ ક્રિયામાં હિંસા નથી તેથી, હિંસાના મિશ્રણનો અભાવ હોવાને કારણે=સાધુની નદીઉત્તારાદિ ક્રિયાથી થતી જીવવિરાધના રૂપ હિંસાના મિશ્રણનો અભાવ હોવાને કારણે, મિશ્રપણું ઈષ્ટ નથી જ=સાધુ અપવાદથી નદી ઊતરે છે, તેમાં સાધુને પણ ભાવની સાથે હિંસારૂપ ક્રિયાનું મિશ્રપણું ઈષ્ટ નથી જ. આ પ્રકારે પોતાનો પક્ષ સ્થાપન કરીને પૂર્વપક્ષી એવો પાર્શ્વચંદ્ર 'ननु'થી સિદ્ધાંતકારને આક્ષેપ કરે છે.

અમને અહીં=સાધુને નદીઉત્તારાદિ ક્રિયામાં, તે દોષનું સંકીર્તન કેમ છે ? અર્થાત્ સિદ્ધાંતકાર વડે દોષ આપવારૂપ સંકીર્તન ઉચિત નથી. વળી, તમને=સિદ્ધાંતકારને, દ્રવ્યસ્તવમાં સાધુઉચિત યતનાના અભાવને કારણે અવર્જનીય જ હિંસા છે, એથી મિશ્રપક્ષ=દ્રવ્યસ્તવમાં મિશ્રપક્ષ દુષ્પરિહાર જ છે, એ પ્રમાણે ભાવ છે. ।।૮૪।।

ભાવાર્થ :-

શ્લોક-૮૩માં ગ્રંથકારે કહ્યું કે જો ભગવાનની પૂજામાં પુષ્પપૂજાની હિંસાને આશ્રયીને મિશ્રપક્ષ સ્વીકારવામાં આવે તો અપવાદથી ભાવસાધુ નદી ઊતરે છે ત્યારે સાધુને પણ મિશ્રપક્ષ સ્વીકારવાની આપત્તિ આવે. આ પ્રકારની ગ્રંથકારે આપેલ આપત્તિનું સમાધાન કરતાં પાર્શ્વચંદ્ર કહે છે –

શાસ્ત્રમાં અપવાદથી નદી ઊતરવાની વિધિ છે, ત્યાં વિધિ નદી ઊતરવાની ક્રિયામાં નથી, પરંતુ યતના અંશમાં છે; કેમ કે અપ્રાપ્તને પ્રાપ્ત કરાવવું એ વિધિનું તાત્પર્ય છે, એમ સર્વ તંત્રકારો સ્વીકારે છે, અને તેમાં યુક્તિ આપે છે –

"અપ્રાપ્તને પ્રાપ્ત કરાવવું એ વિધિ, અને જેનો બોધ ન હોય તેનો બોધ કરવો તે પ્રમાણ છે" એ પ્રકારની અનાદિકાળથી વિચારકોની મીમાંસા પ્રવર્તે છે, અને એ ન્યાયનું અમે આશ્રયણ કરીએ છીએ, તેથી સાધુને અપવાદથી નદી ઊતરવાનું કહેનાર વચનથી પ્રાપ્ત થતી વિધિ ક્રિયા અંશમાં નથી, યતના અંશમાં છે; કેમ કે અને વિધિ નદી ઊતરતી વખતે યતનાને બતાવે છે, અને નદી ઊતરતી વખતે જીવરક્ષા માટે કરાતી યતના એ ભાવ છે. તેથી નદી ઊતરવાની ક્રિયાને આશ્રયીને મિશ્રતા છે, તેમ કહેવાય નહિ; માટે ભાવની સાથે નદી ઊતરવાની ક્રિયાને આશ્રયીને મિશ્રતા છે, તેમ કહીને સાધુના સંયમમાં અધર્મનું મિશ્રણ છે, તેવી આપત્તિ આપી શકાય નહિ. નદી ઊતરવાની ક્રિયાને આશ્રયીને સાધુને અધર્મનું મિશ્રણ છે તેમ કેમ ન કહી શકાય તેમાં પાર્શ્વચંદ્ર યુક્તિ આપે છે –

અન્ય વડે મિશ્રણનો સંભવ છે=યતનારૂપ ભાવને આશ્રયીને મિશ્રણનો સંભવ નથી, પરંતુ હિંસાત્મક ક્રિયાને આશ્રયીને મિશ્રણનો સંભવ છે; અને હિંસાત્મક નદી ઊતરવાની ક્રિયામાં અપવાદથી વિધિ નથી. તેથી અપવાદથી વિધિનું અવલંબન લઈને સાધુને નદી ઊતરવાની ક્રિયાને ધર્માધર્મરૂપ મિશ્ર છે, તેમ કહી શકાય નહિ.

તેને ગ્રંથકારશ્રી કહે છે –

તો સાધુ જ્યારે નદી ઊતરે છે ત્યારે વિધિ ભલે યતનામાં હોય, તોપણ જે નદી ઊતરવાની ક્રિયા કરે છે તે ક્રિયામાં જીવોની હિંસા થાય છે, તેથી જેમ ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા થાય છે, માટે મિશ્ર પક્ષ છે તેમ સ્વીકારવામાં આવે, તો સાધુ અપવાદથી નદી ઊતરે છે તે વખતે વિધિ ભાવમાં હોવાથી યતનારૂપ ભાવને આશ્રયીને સાધુના સંયમમાં ધર્માધર્મરૂપ મિશ્રતાની પ્રાપ્તિ થાય નહિ; પરંતુ અપવાદથી જે નદી ઊતરવાની ક્રિયા કરે છે, તે ક્રિયા હિંસાત્મક હોવાથી સાધુના સંયમમાં તે હિંસાત્મક ક્રિયાને આશ્રયીને ધર્માધર્મરૂપ મિશ્રતાની પ્રાપ્તિ થાય અર્થાત્ સાધુને સંયમનો ભાવ છે અને નદી ઊતરતી વખતે યતનાનો ભાવ છે, તે રૂપ ધર્મ અને નદી ઊતરવાની ક્રિયામાં થતી જીવોની હિંસા તે રૂપ અધર્મને આશ્રયીને મિશ્રતાની પ્રાપ્તિ થશે.

આ પ્રમાણે સિદ્ધાંતકારે આપેલા દોષનું સમાધાન કરતાં પાર્શ્વચંદ્ર કહે છે –

ગૃહસ્થો નદી ઉત્તારાદિની ક્રિયા કરે છે, ત્યારે વ્યવહારનયથી ત્યાં હિંસા છે; તેની જેમ સાધુ નદી ઉત્તારાદિની ક્રિયા કરે છે ત્યારે વ્યવહારનયથી ત્યાં હિંસા નથી; કેમ કે ગૃહસ્થો નદી ઊતરવાની ક્રિયામાં

સાધુની જેમ યતના કરતા નથી, અને સાધુઓની નદી ઊતરવાની ક્રિયા યતનાવાળી હોય છે. તેથી નદી ઊતરવાની ક્રિયાનો જે વ્યવહાર છે અર્થાત્ જે આચાર છે તે ગૃહસ્થનો જુદા પ્રકારનો છે અને સાધુનો જુદા પ્રકારનો છે. તેથી નદી ઉત્તારાદિ ક્રિયામાં ગૃહસ્થને વ્યવહારનયથી હિંસા છે અને સાધુને વ્યવહારનયથી હિંસા નથી. તેથી સાધુ નદી ઊતરવાની ક્રિયા કરે છે, તેમાં હિંસાના મિશ્રણનો અભાવ છે. માટે સાધુને મિશ્ર પક્ષ ઇષ્ટ નથી.

અહીં વ્યવહારનયથી સાધુને હિંસા નથી, એમ કહેવાનો પાર્શ્વચંદ્રનો આશય એ છે કે સાધુ નદી ઊતરે છે તે વખતે પાણીના જીવો મરે છે. તેથી સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈએ તો જીવો મર્યા છે, માટે હિંસા છે. તેથી નિશ્ચયનયથી સાધુને નદી ઊતરવાની ક્રિયામાં હિંસા છે, પરંતુ શાસ્ત્રાનુસારી શુદ્ધ વ્યવહારની ક્રિયા હોવાને કારણે વ્યવહારનય યતનાપૂર્વક સાધુ નદી ઊતરે છે ત્યાં હિંસા નથી તેમ કહે છે, અને ગૃહસ્થ સાધુની જેમ યતનાપૂર્વક નદી ઊતરતા નથી, તેથી ગૃહસ્થની નદી ઊતરવાની ક્રિયામાં હિંસા કહે છે.

આ રીતે પાર્શ્વચંદ્રએ સમાધાન કર્યું કે સાધુ અપવાદથી નદી ઊતરે છે, ત્યારે અપવાદ યતનામાં છે, અને યતના ભાવ છે, માટે અપવાદથી નદી ઊતરવાની ક્રિયાને મિશ્ર ક્રિયા કહી શકાય નહિ; અને વિધિવાક્ય યતનામાં હોવા છતાં સાધુ જે વિધિપૂર્વક નદી ઊતરે છે, તે નદી ઊતરવાની ક્રિયા પણ યતનાશુદ્ધ હોવાથી વ્યવહારનયથી હિંસારૂપ નથી. માટે સાધુ જે નદી ઊતરે છે તેમાં વર્તતી જીવોની હિંસા છે, તેને આશ્રયીને પણ સાધુને મિશ્ર પક્ષની પ્રાપ્તિ છે, તેમ કહી શકાય નહિ. આમ પોતાની વાતનું સમર્થન કરીને પાર્શ્વચંદ્ર સિદ્ધાંતકારને આક્ષેપ કરતાં કહે છે કે તમારા વડે સાધુને અપવાદથી નદી ઊતરવામાં મિશ્ર પક્ષની પ્રાપ્તિ થશે એ પ્રકારે અમને દોષ આપવો તે ઉચિત નથી; કેમ કે પૂર્વમાં બતાવ્યું એ રીતે સાધુ અપવાદથી નદી ઊતરે છે ત્યારે વિધિ અંશને આશ્રયીને ધર્માધર્મની મિશ્રતા નથી અને નદી ઊતરવાની ક્રિયાને આશ્રયીને પણ ધર્માધર્મની મિશ્રતા સાધુને નથી, માટે સાધુ અપવાદથી નદી ઊતરશે ત્યારે સાધુને પણ ધર્માધર્મની મિશ્રતા પ્રાપ્ત થશે, એમ કહેવું ઉચિત નથી. વસ્તુતઃ તમને=સિદ્ધાંતકારને, દ્રવ્યસ્તવમાં સાધુ ઉચિત યતનાનો અભાવ હોવાને કારણે અવર્જનીય જ હિંસા છે, તેથી દ્રવ્યસ્તવમાં મિશ્ર પક્ષનો પરિહાર થાય તેમ નથી.

પાર્શ્વચંદ્રનો આશય એ છે કે સાધુ અપવાદથી નદી ઊતરે છે, ત્યારે અપવાદ વચનથી યતનાનું સ્મરણ થાય છે, માટે શક્ય એટલી જીવરક્ષામાં યતનાપૂર્વક વિધિ અનુસાર સાધુ નદી ઊતરે છે, અને સિદ્ધાંતકારને માન્ય એવી ભગવાનની પૂજામાં યતનાપૂર્વક પૂજા કરનાર પણ શ્રાવક સાધુને ઉચિત યતના કરતા નથી; કેમ કે જેમ સાધુ જીવોની હિંસા કેમ ઓછી થાય તેવી યતના કરીને નદી ઊતરે છે, તેમ ભગવાનની પૂજા કરનાર શ્રાવક કેમ ઓછા જીવોની હિંસા પૂજામાં થાય, તદર્થે આછાં પુષ્પો વાપરવાં અને શક્ય હોય તો ન વાપરવાં, તેવી યતના કરતા નથી, પરંતુ અધિક પુષ્પાદિ દ્વારા અધિક ભક્તિ કરવાનો ભાવ કરે છે. તેથી સાધુઉચિત યતના દ્રવ્યસ્તવમાં નથી, માટે પૂજામાં અવર્જનીય હિંસા છે. તેથી પૂજાની ક્રિયામાં ભગવાનની ભક્તિનો આશય તે શુભભાવ છે, અને પુષ્પાદિ જીવોની હિંસાની ક્રિયા અધર્મ છે, માટે દ્રવ્યસ્તવમાં મિશ્ર પક્ષનો પરિહાર થાય તેમ નથી, એ પ્રકારનો પાર્શ્વચંદ્રનો આશય છે. **॥૮૪॥**

**અવતરણિકા :-**

एतद् दूषयति –

**અવતરણિકાર્થ :-**

આને દૂષિત કરે છે=શ્લોક-૮૩માં સિદ્ધાંતકારે પાર્શ્વચંદ્રને કહેલ કે જો પૂજાદિ ક્રિયામાં ધર્માધર્મ રૂપ મિશ્રપણું સ્વીકારવામાં આવે તો સાધુને અપવાદથી નદી ઊતરવામાં મિશ્ર પક્ષ સ્વીકારવાની તને=પાર્શ્વચંદ્રને, આપત્તિ આવશે. આ પ્રકારની સિદ્ધાંતકાર દ્વારા અપાયેલ આપત્તિનું સમાધાન શ્લોક-૮૪માં પૂર્વપક્ષી પાર્શ્વચંદ્રે કર્યું અને બતાવ્યું કે સાધુને નદી ઊતરવામાં ધર્માધર્મ રૂપ મિશ્રતાની પ્રાપ્તિ નથી અને ભગવાનની પૂજામાં ગૃહસ્થને ધર્માધર્મ રૂપ મિશ્રતા અવર્જનીય છે. આ પ્રકારના પાર્શ્વચંદ્રના સ્થાપનને સિદ્ધાંતકાર દૂષિત કરે છે –

**શ્લોક :-**

हिंसा सद्व्यवहारतो विधिकृतः श्राद्धस्य साधोश्च नो,
सा लोकव्यवहारतस्तु विदिता बाधाकरी नोभयोः ।
इच्छाकल्पनयाऽभ्युपेत्य विहिते तथ्या तदुत्पादनो-
त्पत्तिभ्यां तु भिदा न कापि नियतव्यापारके कर्मणि।।८५।।

**શ્લોકાર્થ :-**

વિધિને કરનારા એવા શ્રાવકને અને સાધુને સદ્વ્યવહારથી હિંસા નથી. વળી લોકવ્યવહારથી વિદિત=જણાયેલી, એવી તે=હિંસા, બંનેને=વિધિપૂર્વક પૂજા કરનાર શ્રાવકને અને વિધિપૂર્વક નદી ઊતરનાર સાધુને, બાધાને કરનારી નથી=મિશ્ર પક્ષમાં પ્રવેશ કરાવનાર નથી. ઈચ્છા કલ્પનાથી સ્વીકારીને વિહિત એવા નિયત વ્યાપારવાળા કર્મમાં તેના ઉત્પાદન અને ઉત્પત્તિ દ્વારા કોઈપણ તથ્ય ભેદ નથી અર્થાત્ શાસ્ત્રમાં વિહિત એવી નિયત વ્યાપારવાળી પૂજાદિ ક્રિયામાં કે સાધુને નદી ઉત્તારાદિ ક્રિયામાં ગૃહસ્થની પૂજાની ક્રિયામાં હિંસાનું ઉત્પાદન છે અને સાધુને નદી ઊતરવાની ક્રિયામાં હિંસાનું ઉત્પાદન નથી, પરંતુ માત્ર હિંસાની ઉત્પત્તિ છે તેના દ્વારા કોઈપણ તથ્ય ભેદ નથી. ।।૮૫।।

**ટીકા :-**

'हिंसा' इति :- विधिकृतः श्राद्धस्य साधोश्च सद्व्यवहारतः=सिद्धान्तव्युत्पन्नजनव्यवहारतः, हिंसा नो=नैव भवति, प्रमत्तयोगेन प्राणव्यपरोपणस्यैव तन्मते हिंसात्वात्, स्वगुणस्थानोचितयतनया प्रमादपरिहारस्य चोभयोरविशेषात्, उपरितनेनाधस्तनप्रमादपर्यवसायकतायाश्चातिप्रसञ्जकत्वात्,

**अधिकारभेदेन न्यूनाधिकभावस्याप्यामुक्तिसंभवात्, अन्यथा संपूर्णाचारश्चतुर्दशोपकरणधरः स्थविरकल्पिको जिनकल्पिकमपेक्ष्य प्रमत्तो न्यूनश्च स्यात्, न चैवमस्ति रत्नरत्नाकरदृष्टान्तेन द्वयोस्तुल्यताप्रतिपादनात्, तस्मात्स्वविषये गृहिणः साधोश्च धर्मकर्मणि हिंसा नास्त्येवेति स्थितम् ।**

**ટીકાર્થ :-**

विधिकृतः ..... हिंसात्वात्, **વિધિપૂર્વક ભગવાનની પૂજા કરનાર શ્રાવકને અને વિધિપૂર્વક અપવાદથી નદી ઊતરનાર સાધુને સદ્વ્યવહાર હોવાથી=સિદ્ધાંતમાં વ્યુત્પન્ન એવા લોકોનો વ્યવહાર હોવાથી, હિંસા નથી જ; કેમ કે પ્રમાદયોગથી પ્રાણવ્યપરોપણનું જ તેમના મતમાં=સદ્વ્યવહારનયના મતમાં, હિંસાપણું છે.**

અહીં પૂર્વપક્ષી પાર્શ્વચંદ્ર કહે કે સાધુઉચિત યતના દ્રવ્યસ્તવમાં સંભવતી નથી. તેથી દ્રવ્યસ્તવમાં પ્રમાદ છે. જ્યારે નદી ઉત્તારાદિમાં સાધુઉચિત યતના હોવાને કારણે પ્રમાદ નહિ હોવાથી ત્યાં હિંસા નથી, એ પ્રકારના પૂર્વપક્ષીના કથનના નિરાકરણમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

स्वगुणस्थान ..... अविशेषात्, **સ્વગુણસ્થાનને ઉચિત યતના વડે પ્રમાદના પરિહારનો ઉભયમાં=યતનાપૂર્વક નદી ઊતરનાર સાધુમાં અને યતનાપૂર્વક પૂજા કરનાર શ્રાવકમાં, અવિશેષ હોવાથી, અપવાદથી વિધિપૂર્વક નદી ઊતરનાર સાધુને અને ભગવાનના વચનની વિધિના સ્મરણપૂર્વક ભગવાનની પૂજા કરનાર શ્રાવકને હિંસા નથી, એમ અન્વય છે.**

અહીં પૂર્વપક્ષી કહે કે શ્રાવકની યતના કરતાં સાધુની યતના ઉપરિતન ભૂમિકાની છે. તેથી અધસ્તન યતના પ્રમાદમાં જ પર્યવસાન પામે છે. તેથી યતનાવાળા પણ શ્રાવકમાં પ્રમાદની પ્રાપ્તિ હોવાથી હિંસાની પ્રાપ્તિ છે, એ પ્રકારના પૂર્વપક્ષીના કથનના નિરાકરણમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

उपरितन ..... प्रसञ्जकत्वात्, **ઉપરિતન વડે=ઉપરિતન યતના વડે, અધસ્તનનું=શ્રાવકની પુષ્પપૂજાની યતનાનું, પ્રમાદમાં પર્યવસાયકતાનું અતિપ્રસંજકપણું છે=સાધુની ઉપરિતન યતના વડે શ્રાવકની અધસ્તન યતનાને પ્રમાદમાં પર્યવસાયક માનવામાં આવે તો ઉપરિતન ગુણસ્થાનકવર્તી એવા સાધુની અપેક્ષાએ અધસ્તન ગુણસ્થાનવાળા એવા સાધુની અપ્રમાદરૂપે વર્તતી યતનાને પણ પ્રમાદમાં પર્યવસાન માનવાનો અતિપ્રસંગ આવે.**

પૂર્વમાં સિદ્ધાંતકારે પૂર્વપક્ષી પાર્શ્વચંદ્રને પ્રસંગ આપેલ કે ઉપરની યતનાથી નીચેની યતનાને પ્રમાદમાં પર્યવસાન માનશો તો નીચેના ગુણસ્થાનકવાળા મુનિની અપ્રમાદભાવની યતનાને પણ પ્રમાદમાં પર્યવસાન માનવાનો અતિપ્રસંગ પ્રાપ્ત થશે અને તેથી યતનાપરાયણ મુનિને પણ હિંસા માનવાનો દોષ આવશે. તેના નિરાકરણરૂપે પૂર્વપક્ષી પાર્શ્વચંદ્ર કહે કે અધિકારના ભેદથી યતનામાં ન્યૂનાધિક ભાવ છે અર્થાત્ ગૃહસ્થો મલિનારંભી છે તેથી પૂજાના અધિકારી છે, અને સાધુઓ નિરારંભી છે તેથી પૂજાના અધિકારી નથી; અને પૂજાના અધિકારી એવા ગૃહસ્થો ભગવાનની પૂજામાં શક્ય એટલી ઓછી હિંસા થાય તેવી યતના કરતા

નથી; કેમ કે તેઓ પૂજાના અધિકારી છે. તેથી પોતાની ભક્તિના પ્રકર્ષને માટે ઘણાં પુષ્પાદિ પણ વાપરે છે; અને સાધુ નિરારંભ જીવનના અધિકારી છે, તેથી નદી ઊતરતી વખતે શક્ય એટલા ઓછા જીવો મરે તેવી યતના કરે છે. તેથી પૂજામાં અને નદી ઊતરવામાં અધિકારનો ભેદ હોવાને કારણે પૂજામાં યતનાનો ન્યૂન ભાવ છે અને નદી ઊતરવામાં યતનાનો અધિક ભાવ છે. માટે ન્યૂન ભાવવાળી યતનામાં પ્રમાદભાવ છે અને અધિક ભાવવાળી યતનામાં અપ્રમાદભાવ છે. તેથી ન્યૂન ભાવવાળી યતનાયુક્ત પૂજાની ક્રિયામાં પ્રમાદ છે, માટે હિંસા છે, અને અધિક ભાવવાળી યતનાયુક્ત સાધુની નદી ઊતરવાની ક્રિયામાં અપ્રમાદ છે માટે હિંસા નથી. આ પ્રકારે પૂર્વપક્ષીના કથનના નિરાકરણમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

**अधिकारभेदेन ..... सम्भवात्, અધિકારના ભેદથી ન્યૂનાધિક ભાવનો પણ આમુક્તિ=મુક્તિપર્યંત, સંભવ હોવાથી સાધુની નદી ઊતરવાની યતનામાં અપ્રમાદભાવ છે અને શ્રાવકની ભગવાનની પૂજામાં વર્તતી યતનામાં પ્રમાદભાવ છે, તેમ સ્વીકારી શકાય નહિ. માટે યતનાપરાયણ ગૃહસ્થની પૂજામાં અને યતનાપરાયણ સાધુની નદી ઊતરવાની ક્રિયામાં હિંસા નથી, એમ અન્વય છે.**

**अन्यथा ..... स्यात्, અન્યથા=આમ ન માનો તો=અધિકારના ભેદથી ન્યૂનાધિકભાવનો મુક્તિપર્યંત સંભવ હોવા છતાં પણ અધિકારના ભેદથી શ્રાવક અને સાધુમાં ન્યૂનાધિક ભાવ સ્વીકારો તો, સંપૂર્ણ આચારવાળા ચૌદ ઉપકરણને ધારણ કરનારા એવા સ્થવિરકલ્પિક, જિનકલ્પિકની અપેક્ષાએ પ્રમત્ત અને ન્યૂન થાય અર્થાત્ પૂર્વપક્ષીના મતે સંપૂર્ણ શાસ્ત્રાનુસારી આચાર પાળનારા પણ સ્થવિરકલ્પિક પ્રમાદવાળા અને ન્યૂન સંયમવાળા થાય.**

અહીં પૂર્વપક્ષી પાર્શ્વચંદ્ર આને ઇષ્ટાપત્તિ કહે અર્થાત્ કહે કે જિનકલ્પિકની અપેક્ષાએ પૂર્ણ આચારવાળા સ્થવિરકલ્પિક પ્રમાદવાળા અને ન્યૂન સંયમવાળા છે, એમ માનવામાં અમને કોઈ વાંધો નથી. તેથી ગ્રંથકારશ્રી કહે છે –

**न च ..... प्रतिपादनात् અને એ પ્રમાણે નથી=જિનકલ્પિકની અપેક્ષાએ સ્થવિરકલ્પિક પ્રમાદવાળા અને ન્યૂન સંયમવાળા છે, એ પ્રમાણે નથી; કેમ કે રત્નથી યુક્ત=ભરેલા એવા રત્નાકરના દૃષ્ટાંતથી બંનેની=સ્થવિરકલ્પિક અને જિનકલ્પિક બંનેની, તુલ્યતાનું પ્રતિપાદન છે=શાસ્ત્રમાં કથન છે.**

**तस्मात् ..... स्थितम् । તે કારણથી=પૂર્વમાં સ્થાપન કર્યું કે સિદ્ધાંતમાં વ્યુત્પન્ન લોકોના વ્યવહારથી વિધિપૂર્વક પૂજા કરનાર શ્રાવક અને વિધિપૂર્વક નદી ઊતરનાર સાધુને હિંસા નથી અને તે વાતને જ અત્યાર સુધીના કથનથી દૃઢ કર્યું તે કારણથી, સ્વવિષયવાળા એવા ધર્મકર્મમાં ગૃહસ્થને અને સાધુને હિંસા નથી જ, એ પ્રમાણે સ્થિત છે.**

**ભાવાર્થ :-**

શ્લોક-૮૪માં પૂર્વપક્ષી પાર્શ્વચંદ્રે સમાધાન કરેલ કે સાધુને નદી ઊતરવામાં હિંસા નથી અને દ્રવ્યસ્તવમાં સાધુઉચિત યતનાનો અભાવ હોવાને કારણે અવર્જનીય હિંસા છે; માટે સાધુની નદી ઊતરવાની ક્રિયામાં

ધર્માધર્મનો મિશ્ર ભાવ નથી, અને ભગવાનની પૂજામાં ધર્માધર્મરૂપ મિશ્રભાવ છે. આ પ્રકારનું પાર્શ્વચંદ્રનું કથન યુક્તિરહિત છે, તે બતાવવા માટે ગ્રંથકારશ્રી શ્લોક ૮૫થી કહે છે –

વિધિપૂર્વક પૂજા કરનારા શ્રાવકની અને વિધિપૂર્વક નદી ઊતરનાર સાધુની ક્રિયામાં સદ્વ્યવહારથી હિંસા નથી; કેમ કે સદ્વ્યવહાર એટલે સિદ્ધાંતમાં વ્યુત્પન્ન લોકોનો વ્યવહાર, અને સિદ્ધાંતમાં વ્યુત્પન્ન લોકોનો વ્યવહાર એ છે કે ભગવાનના વચનાનુસાર અપ્રમાદભાવથી કરાતી સ્વભૂમિકાને અનુસાર ઉચિત ધર્માનુષ્ઠાનની ક્રિયા, અને આવી ક્રિયામાં હિંસા નથી; કેમ કે પ્રમાદયોગથી પ્રાણવ્યપરોપણને જ સિદ્ધાંતની મર્યાદાથી વ્યુત્પન્ન એવો વ્યવહાર હિંસા સ્વીકારે છે.

અહીં પૂર્વપક્ષી પાર્શ્વચંદ્ર કહે કે શ્રાવકે ભગવાનની પૂજા વિધિપૂર્વક કરતા હોય તોપણ સાધુને ઉચિત ગુણસ્થાનની ત્યાં યતના નથી. તેથી પૂજાની ક્રિયામાં પ્રમાદ છે માટે હિંસા છે, અને નદી ઊતરવાની ક્રિયામાં સાધુને ઉચિત યતના છે, તેથી પ્રમાદ નથી માટે હિંસા નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે -

સ્વગુણસ્થાનને ઉચિત યતના જેમ નદી ઊતરવામાં સાધુને છે તેમ સ્વગુણસ્થાનને ઉચિત યતના વિધિપૂર્વક પૂજા કરનાર શ્રાવકને પણ છે. તેથી પ્રમાદના પરિહારનું શ્રાવકની પૂજામાં અને સાધુની નદી ઊતરવાની ક્રિયામાં સમાનપણું છે. તેથી જો સાધુની નદી ઊતરવાની ક્રિયા ધર્માધર્મરૂપ મિશ્ર નથી, તો ભગવાનની પૂજારૂપ ક્રિયા પણ ધર્માધર્મરૂપ મિશ્ર નથી.

અહીં પૂર્વપક્ષી પાર્શ્વચંદ્ર કહે કે સાધુની સંયમની ક્રિયા ઉપરની ભૂમિકાની છે અને શ્રાવકની પૂજાની ક્રિયા નીચેની ભૂમિકાની છે. માટે શ્રાવકની પૂજાની ક્રિયા પ્રમાદવાળી છે અને સાધુની નદી ઊતરવાની ક્રિયા પ્રમાદવાળી નથી અર્થાત્ શ્રાવકો પૂર્ણ વિધિથી ભગવાનની પૂજા કરતા હોય તોપણ સાધુ કરતાં નીચેની ભૂમિકાવાળી તે ક્રિયા હોવાથી પ્રમાદવાળી છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

ઉપરની ભૂમિકાની અપેક્ષાએ નીચેની ભૂમિકાવાળી ક્રિયાને પ્રમાદવાળી કહીએ તો ઉપરની ભૂમિકાવાળા સાધુની અપેક્ષાએ નીચેની ભૂમિકાવાળા અપ્રમાદથી સંયમમાં યત્ન કરવાવાળા સાધુને પણ પ્રમાદી માનવાનો અતિપ્રસંગ આવે, અને તેમ સ્વીકારીએ તો સંયમમાં અપ્રમાદથી યત્ન કરનારા સાધુને પણ ધર્માધર્મરૂપ મિશ્ર પક્ષની પ્રાપ્તિ થાય. તેથી સ્વભૂમિકા પ્રમાણે અપ્રમાદભાવથી જિનવચનાનુસાર ઉચિત ક્રિયામાં યત્ન કરનારા સાધુને કે શ્રાવકને પ્રમાદ નથી, તેથી હિંસા નથી. માટે વિધિપૂર્વક પૂજામાં પણ ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ નથી.

અહીં પૂર્વપક્ષી પાર્શ્વચંદ્ર કહે કે સાધુને જુદા પ્રકારનો અધિકાર છે અને મલિનારંભી એવા શ્રાવકને જુદા પ્રકારનો અધિકાર છે. વળી, શ્રાવકને નીચેની ભૂમિકાની ક્રિયાનો અધિકાર છે અને સાધુને ઉપરની ભૂમિકાની ક્રિયાનો અધિકાર છે. તેથી નીચેની ભૂમિકાના અધિકારવાળા જે શ્રાવકો વિધિપૂર્વક પૂજા કરે છે, ત્યાં યતનામાં ન્યૂનભાવ છે, અને ઉપરની ભૂમિકાના અધિકારવાળા સાધુ નદી ઊતરે છે, ત્યાં યતનાનો અધિક ભાવ છે. તેથી ન્યૂનભાવની યતનાવાળી પૂજાની ક્રિયામાં પ્રમાદભાવ છે અને અધિક ભાવની

યતનાવાળી સાધુની નદી ઊતરવાની ક્રિયામાં અપ્રમાદભાવ છે. માટે સાધુને મિશ્રપક્ષ નથી અને શ્રાવકને પૂજાની ક્રિયામાં મિશ્રપક્ષ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

અધિકારના ભેદથી ન્યૂન-અધિક ભાવનો પણ મુક્તિપર્યંત સંભવ છે. તેથી ઉપરના અધિકારની ક્રિયાને અપ્રમાદભાવવાળી સ્વીકારવામાં આવે તો મુક્તિપર્યંત ઉપરની ભૂમિકાની અપેક્ષાએ નીચેની ભૂમિકાવાળી સર્વ ધર્મક્રિયામાં ન્યૂનભાવ હોવાથી પ્રમાદ સ્વીકારવાની આપત્તિ આવે. તેથી ઉપરની ભૂમિકાવાળી સાધુની નદી ઊતરવાની ક્રિયા શાસ્ત્રાનુસારી યતનાપૂર્વક હોય તો હિંસા નથી, તેમ નીચેની ભૂમિકાવાળી શ્રાવકની ભગવાનની પૂજાની ક્રિયા પણ શાસ્ત્રાનુસારી વિધિપૂર્વકની હોય તો હિંસા નથી, ભગવાનની પૂજા એકાંતે નિરવદ્ય છે, તેથી ધર્મરૂપ છે, પરંતુ ધર્માધર્મરૂપ મિશ્ર ભાવવાળી નથી, તેથી અધિકારના ભેદથી પૂજાની ક્રિયાને ન્યૂનભાવવાળી અને સાધુની નદી ઊતરવાની ક્રિયાને અધિક ભાવવાળી કહીને સાધુની નદી ઊતરવાની ક્રિયામાં હિંસા નથી અને શ્રાવકની પૂજાની ક્રિયામાં હિંસા છે, તેમ કહેવું ઉચિત નથી. વળી ગ્રંથકારશ્રી તેની પુષ્ટિ કરતાં કહે છે –

અન્યથા=અધિકારના ભેદથી ન્યૂનાધિક ભાવ સ્વીકારીને શ્રાવકની પૂજાની ક્રિયાને ધર્માધર્મરૂપ મિશ્ર ભાવવાળી કહેવી અને સાધુની નદી ઊતરવાની ક્રિયાને એકાંતે ધર્મરૂપ કહેવી એ ઉચિત નથી તેમ ન માનો તો, સંપૂર્ણ આચારવાળા અને સાધુજીવનની મર્યાદા પ્રમાણે ચૌદ ઉપકરણને ધારણ કરનારા એવા સ્થવિરકલ્પિકને પણ જિનકલ્પિકની અપેક્ષાએ જુદો અધિકાર હોવાને કારણે પ્રમત્ત અને સંયમમાં ન્યૂન માનવા પડે.

વસ્તુતઃ જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી પૂર્ણ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિવાળા છે અને જિનકલ્પના આચારથી ન્યૂન પણ સ્વભૂમિકાના સંપૂર્ણ આચાર પાળે છે તેવા સ્થવિરકલ્પિક સાધુ ભગવાનના વચનાનુસાર ચૌદ ઉપકરણ ધારણ કરે છે અને સ્વભૂમિકાના સંપૂર્ણ આચારમાં ઉદ્યમશીલ એવા જિનકલ્પિક સાધુઓ પોતાની ભૂમિકા પ્રમાણે ઉત્કૃષ્ટથી બાર અને જઘન્યથી બે વસ્ત્રને ધારણ કરે છે, તેથી જિનકલ્પિકથી સ્થવિરકલ્પિકને અધિક ઉપધિ છે અને નીચેની ભૂમિકાનો આચાર છે, માટે સ્થવિરકલ્પિક સાધુને પ્રમત્ત માનવા પડે અને જિનકલ્પિકથી ન્યૂન માનવા પડે, પરંતુ તે ઉચિત નથી; કેમ કે શાસ્ત્રકારોએ રત્નને ઉત્પન્ન કરનાર એવા રત્નાકરના દૃષ્ટાંતથી જિનકલ્પિક અને સ્થવિરકલ્પિક બંનેને તુલ્ય સ્વીકાર્યા છે.

આશય એ છે કે જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી આજ્ઞાને પૂર્ણ પરતંત્ર છે, તે સાધુ ગુણરૂપી રત્નોને ઉત્પન્ન કરનાર રત્નાકર જેવા છે; અને તેવા સાધુઓ જેમ જેમ ઉપર ઉપરની ભૂમિકામાં જાય છે, તેમ તેમ ઉપર ઉપરની ભૂમિકાના આચારોનું સેવન કરે છે; અને જ્યારે જિનકલ્પની ઉચિત ભૂમિકાને પ્રાપ્ત કરે છે, ત્યારે પણ પોતાની ભૂમિકા પ્રમાણે અપ્રમાદભાવથી જિનકલ્પમાં યત્ન કરે છે, તેથી જેમ સંયમ ગ્રહણ કરતી વખતે અનેક ગુણોને પ્રગટ કરતા એવા રત્નાકર જેવા તે અપ્રમત્ત સાધુ હતા, તેમ જિનકલ્પ સ્વીકારે છે ત્યારે પણ અનેક ગુણોને પ્રગટ કરતા રત્નાકર જેવા તેઓ છે. કેમકે "અપ્રમાદભાવથી સર્વ પ્રકારે વીતરાગ થવા ઉદ્યમ કરવો" એ રૂપ રત્નોને ઉત્પન્ન કરતા રત્નાકર જેવો ભાવ બન્નેમાં તુલ્ય છે.

આ રીતે યુક્તિથી વિધિપૂર્વક પૂજા કરનારા શ્રાવકને પૂજામાં હિંસા નથી અને વિધિપૂર્વક નદી ઊતરનાર સાધુને હિંસા નથી, તેમ પૂર્વમાં સ્થાપન કર્યું. તેથી જેમ સાધુને નદી ઊતરવાની ક્રિયામાં ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ નથી. તેમ શ્રાવકને પૂજામાં મિશ્ર પક્ષ નથી એથી સ્વવિષયવાળી એવી ધર્મની ક્રિયામાં ગૃહસ્થને કે સાધુને હિંસા નથી. એ પ્રમાણે પ્રસ્તુત શ્લોકના પ્રથમ પાદથી સિદ્ધ થાય છે.

શ્લોકના બીજા પાદને સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

**लोकव्यवहारतस्तु=बाह्यलोकव्यवहारापेक्षया, सा=परप्राणव्यपरोपणरूपा हिंसा, उभयोः=गृहिसाध्वोः, बाधाकरी न=मिश्रपक्षप्रवेशकरी न, व्यधिकरणतया मिश्रणासंभवात्, स्वानुकूलव्यापारसम्बन्धेन तस्याः सामानाधिकरण्यस्य च योगमादायाऽऽकेवलिनमतिप्रसङ्गात्, तादृशप्रमादरूपव्यापारसम्बन्धेन सामानाधिकरण्यस्य चाप्रमत्तभावस्थले वक्तुमशक्यत्वात् सद्व्यवहारपर्यवसानाच्चेति न किञ्चिदेतत्।**

**ટીકાર્થ :-**

**लोकव्यवहारतस्तु ..... मिश्रणासम्भवात्, વળી લોકવ્યવહારથી=બાહ્ય લોકવ્યવહારની અપેક્ષાથી તે=પરપ્રાણવ્યપરોપણરૂપ હિંસા, ઉભયને=ગૃહસ્થને અને સાધુને, બાધા કરનારી નથી=મિશ્રપક્ષમાં પ્રવેશ કરનારી નથી; કેમ કે વ્યધિકરણપણું હોવાને કારણે=શ્રાવકની પૂજામાં હિંસાની ક્રિયા હિંસ્ય એવા પુષ્પાદિમાં થાય છે અને ભગવાનની ભક્તિનો પરિણામ પૂજા કરનારના આત્મામાં થાય છે, એ રૂપે હિંસાની ક્રિયા અને પૂજાનાં ભાવનું ભિન્ન અધિકરણપણું છે અને સાધુને નદી ઊતરવાની હિંસાની ક્રિયા હિંસ્ય એવા અપ્કાયાદિ જીવોમાં થાય છે અને સંયમને ઉચિત યતનાનો પરિણામ આગમને પરતંત્ર નદી ઊતરનાર સાધુમાં થાય છે એ રૂપે હિંસાની ક્રિયા અને ભગવાનની ભક્તિના પરિણામરૂપ ભાવનું ભિન્ન અધિકરણપણું છે, તેથી હિંસાની ક્રિયા અને ધર્મના ભાવનું વ્યધિકરણ હોવાને કારણે મિશ્રણનો અસંભવ છે=ધર્માધર્મરૂપ મિશ્રણનો અસંભવ છે.**

અહીં કોઈ કહે કે પૂજાની ક્રિયામાં થતી હિંસા હિંસ્ય એવા પુષ્પાદિ જીવોમાં થતી હોવાથી, અને ભગવાનની ભક્તિનો ભાવ પૂજા કરનારના આત્મામાં હોવાથી; અને સાધુની નદી ઊતરવાની ક્રિયામાં થતી હિંસા હિંસ્ય એવા અપ્કાયાદિ જીવોમાં થતી હોવાથી, અને નદી ઊતરતી વખતે આજ્ઞાશુદ્ધ ભાવ સાધુના આત્મામાં હોવાથી; હિંસા અને ભાવનું ભિન્ન અધિકરણ પ્રાપ્ત થાય છે. તેથી અન્ય અધિકરણમાં રહેલ હિંસા અને અન્ય અધિકરણમાં રહેલ ભાવને આશ્રયીને પૂજામાં અને સાધુની નદી ઊતરવાની ક્રિયામાં ધર્માધર્મરૂપ મિશ્રભાવ કહી શકાય નહિ; પરંતુ સ્વાનુકૂલવ્યાપારસંબંધથી હિંસા પૂજા કરનારના આત્મામાં પ્રાપ્ત થઈ શકે છે અર્થાત્ સ્વ=હિંસ્ય એવા પુષ્પાદિ જીવોની થતી હિંસા તેને અનુકૂળ એવો વ્યાપાર પૂજા કરનાર શ્રાવકમાં છે, તેથી સ્વાનુકૂલવ્યાપારસંબંધથી પુષ્પાદિ જીવોમાં થતી હિંસાની ક્રિયા શ્રાવકના આત્મામાં પ્રાપ્ત થાય છે, અને શ્રાવકના આત્મામાં ભગવાનની ભક્તિરૂપ ભાવ છે, તેથી સ્વાનુકૂલવ્યાપારસંબંધથી

હિંસાની ક્રિયા અને ભગવાનની ભક્તિરૂપ ભાવનું એકાધિકરણ પ્રાપ્ત થાય છે. તેથી શ્રાવકની પૂજાને મિશ્ર સ્વીકારી શકાશે.

એ જ રીતે સ્વાનુકૂલવ્યાપારસંબંધથી નદી ઊતરવામાં થતી હિંસાની ક્રિયા સાધુના આત્મામાં પ્રાપ્ત થાય છે, અને સાધુના આત્મામાં આજ્ઞાશુદ્ધ ભાવ છે, તેથી સ્વાનુકૂલવ્યાપારસંબંધથી હિંસાની ક્રિયા અને આજ્ઞાશુદ્ધ ભાવનું એકાધિકરણ પ્રાપ્ત થાય છે. માટે સાધુની નદી ઊતરવાની ક્રિયાને પણ મિશ્ર સ્વીકારી શકાશે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**स्वानुकूल ..... अतिप्रसङ्गात्, સ્વાનુકૂલવ્યાપારસંબંધથી યોગનું ગ્રહણ કરીને=મન, વચન અને કાયાના વ્યાપારરૂપ યોગને ગ્રહણ કરીને, તેના=હિંસાના સામાનાધિકરણ્યનો કેવલી સુધી અતિપ્રસંગ હોવાથી વિધિપૂર્વકની શ્રાવકની પૂજાની ક્રિયા અને વિધિપૂર્વકની સાધુની નદી ઊતરવાની ક્રિયા મિશ્રપક્ષમાં પ્રવેશ કરાવનારી નથી, એમ અન્વય છે.**

અહીં કોઈ કહે કે અપ્રમત્ત સાધુથી કેવલી સુધીના સુસંયમી સાધુઓ અપ્રમાદભાવથી સંયમમાં યત્ન કરનારા હોવાથી તેઓના કાયિકાદિ યોગને આશ્રયીને કોઈ હિંસા થાય તે હિંસા તેમના આત્મામાં પ્રાપ્ત થતી નથી; પરંતુ જે સાધુઓ જાણે છે કે નદી ઊતરવામાં અપ્કાયાદિ જીવોની હિંસા છે, આમ છતાં નદી ઊતરવાનો પરિહાર કરતા નથી પરંતુ યતનાપૂર્વક નદી ઊતરે છે તે સાધુઓમાં નદી ઊતરવામાં થતી હિંસાના પરિહાર માટે નદી ઊતરવાનો ત્યાગ કરે એવો અપ્રમાદભાવ નથી, તેથી તેઓમાં તાદૃશ પ્રમાદરૂપ વ્યાપારસંબંધથી હિંસાનું સામાનાધિકરણ્ય છે; અને જે શ્રાવકો વિધિપૂર્વક ભગવાનની પૂજા કરે છે, તેઓ પણ પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા થાય છે તેના પરિહાર માટે પૂજાનાં ત્યાગનો યત્ન કરતા નથી, તેથી તાદૃશ પ્રમાદરૂપ વ્યાપારસંબંધથી તેઓમાં હિંસાનું સામાનાધિકરણ્ય છે. માટે અપ્રમત્ત સાધુઓને યોગને આશ્રયીને હિંસાનું સામાનાધિકરણ્ય પ્રાપ્ત થશે નહિ, પરંતુ નદી ઊતરનાર સાધુને અને ભગવાનની પૂજા કરનાર શ્રાવકને તાદૃશપ્રમાદરૂપ વ્યાપારસંબંધથી હિંસાનું સામાનાધિકરણ્ય પ્રાપ્ત થશે. તેથી ધર્માધર્મરૂપ મિશ્રપક્ષની પ્રાપ્તિ નદી ઊતરનાર સાધુમાં અને પૂજા કરનાર શ્રાવકમાં પ્રાપ્ત થશે, અને અપ્રમત્ત મુનિથી કેવલી સુધીનાને આશ્રયીને થતી હિંસાથી મિશ્રપક્ષની પ્રાપ્તિ થશે નહિ. તેના નિરાકરણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે -

**तादृश ..... अशक्यत्वात्, તેવા પ્રકારના પ્રમાદરૂપ વ્યાપારસંબંધથી સામાનાધિકરણ્યનું અપ્રમાદભાવ સ્થળમાં=સાધુની કે શ્રાવકની અપ્રમાદ પૂર્વક શાસ્ત્રાનુસારી ક્રિયામાં કહેવા માટે અશક્યપણું હોવાથી શ્રાવકની પૂજાની ક્રિયામાં કે સાધુની નદી ઊતરવાની ક્રિયામાં ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ નથી.**

અહીં કોઈ કહે કે જે શ્રાવકો શાસ્ત્રની પૂર્ણવિધિ અનુસાર અપ્રમાદભાવથી ભગવાનની પૂજા કરતા નથી, તેવા જીવોની પૂજામાં થતી પુષ્પાદિ જીવોની હિંસા તાદૃશ પ્રમાદરૂપ વ્યાપારસંબંધથી પૂજા કરનારમાં પ્રાપ્ત થાય છે. તેથી તેવા જીવોની પૂજાની ક્રિયામાં ધર્માધર્મરૂપ સામાનાધિકરણ્યની પ્રાપ્તિ થશે. માટે તેવી પૂજાની ક્રિયા શુદ્ધ ધર્મરૂપ નથી, માટે ત્યાજ્ય છે, તેમ માનવું પડશે; અને જે સાધુઓ અપવાદથી નદી

ઊતરે છે, તોપણ નદી ઊતરતી વખતે પૂર્ણ યતના પાળતા નથી, તેઓમાં તાદૃશ પ્રમાદરૂપ વ્યાપારસંબંધથી હિંસાનું સામાનાધિકરણ્ય પ્રાપ્ત થશે. માટે ધર્માધર્મરૂપ મિશ્રપક્ષની પ્રાપ્તિ થશે. તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**सद् ..... एतत् । સદ્વ્યવહારમાં પર્યવસાન હોવાથી=આત્મકલ્યાણના અર્થે ભગવાનની પૂજાની પ્રવૃત્તિ જે શ્રાવકો કરે છે, આમ છતાં અનાભોગ કે સહસાત્કારથી યતનામાં સ્ખલના પામે છે, તેવા શ્રાવકોની પૂજા પણ સદ્વ્યવહારમાં પર્યવસાન થતી હોવાથી, અને જે સાધુઓ સંયમની વૃદ્ધિના અર્થે અપવાદથી નદી ઊતરે છે, આમ છતાં અનાભોગ કે સહસાત્કારથી યતનામાં સ્ખલના પામે છે, તેવા સાધુઓની નદી ઊતરવાની ક્રિયા પણ સદ્વ્યવહારમાં પર્યવસાન થતી હોવાથી ધર્માધર્મરૂપ મિશ્રપક્ષમાં પ્રવેશ કરાવનારી નથી. इति=એથી આ=ભગવાનની પૂજાની ક્રિયામાં અને સાધુને નદી ઊતરવાની ક્રિયામાં લોકવ્યવહારથી થતી હિંસા મિશ્રપક્ષમાં પ્રવેશ કરાવનાર છે એ न किञ्चिद्=અર્થ વગરનું છે.**

**ભાવાર્થ :–**

શ્લોકના પ્રથમ પાદથી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે વિધિપૂર્વક ભગવાનની પૂજા કરનાર શ્રાવકમાં અને વિધિપૂર્વક નદી ઊતરનાર સાધુમાં પ્રમત્તયોગ નહિ હોવાને કારણે શાસ્ત્રવ્યવહારથી હિંસા નથી. ત્યાં કોઈ કહે કે શાસ્ત્રવ્યવહારથી પૂજામાં કે નદી ઊતરવામાં હિંસા નહિ હોવા છતાં જે સ્થાનમાં જીવો મરતા હોય તે સ્થાનમાં લોકવ્યવહારથી હિંસાનો સ્વીકાર થાય છે માટે તે પ્રવૃત્તિમાં ધર્મઅધર્મરૂપ મિક્ષપક્ષ માનવો જોઈએ તેને ગ્રંથકારશ્રી કહે છે –

બાહ્ય લોકવ્યવહારની અપેક્ષાએ જે હિંસા દેખાય છે, તે હિંસા ગૃહસ્થની પૂજાની ક્રિયામાં કે સાધુની નદી ઊતરવાની ક્રિયામાં મિશ્રપક્ષમાં પ્રવેશ કરાવનાર નથી; કેમ કે કર્મબંધ જીવના પરિણામથી થાય છે, અને ભગવાનની પૂજા કરનાર શ્રાવક અને નદી ઊતરનાર સાધુ ભગવાનની આજ્ઞાને પરતંત્ર ઉચિત યતનાપરાયણ છે, તેથી તેમની કર્મબંધને અનુકૂળ પરિણતિ નથી, પરંતુ નિર્જરાને અનુકૂળ પરિણતિ છે; વળી, લોકવ્યવહારથી થતી હિંસા હિંસ્ય વ્યક્તિમાં હોય છે. તેથી પૂજા કરનાર શ્રાવકમાં કે નદી ઊતરનાર સાધુમાં રહેલ વિધિશુદ્ધ ભાવ સાથે હિંસાનું એકાધિકરણ નથી. માટે શ્રાવકની પૂજાની ક્રિયા અને સાધુની નદી ઊતરવાની ક્રિયા મિશ્રપક્ષમાં પ્રવેશ પામતી નથી, પરંતુ નિર્જરાને અનુકૂળ એવો ધર્મપક્ષ શ્રાવક અને સાધુમાં પ્રાપ્ત થાય છે.

અહીં કોઈ કહે કે હિંસાને અનુકૂળ વ્યાપાર નદી ઊતરવાની ક્રિયામાં પણ છે અને હિંસાને અનુકૂળ વ્યાપાર પૂજાની ક્રિયામાં પણ છે, તેથી હિંસાનુકૂલ વ્યાપારસંબંધથી શ્રાવકની પૂજાની ક્રિયામાં કે સાધુની નદી ઊતરવાની ક્રિયામાં તે હિંસાની પ્રાપ્તિ થઈ શકશે. માટે શ્રાવકની પૂજાની ક્રિયામાં અને સાધુની નદી ઊતરવાની ક્રિયામાં મિશ્રપક્ષ સ્વીકારી શકાશે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

હિંસાનુકૂલ વ્યાપારસંબંધથી હિંસાની ક્રિયાને નદી ઊતરનાર સાધુમાં અને પૂજા કરનાર શ્રાવકમાં સ્વીકારીને હિંસા અને ધર્મનું સામાનાધિકરણ્ય સ્વીકારવામાં આવે તો, તેરમા ગુણસ્થાનક સુધી કેવલીને

યોગની પ્રવૃત્તિ છે, અને તે યોગથી પ્રવૃત્તિ કરનાર કેવલીને પણ વાઉકાયાદિ જીવોની હિંસાનો સંભવ છે, તેથી હિંસાનુકૂલ વ્યાપાર સંબંધી કેવલીમાં હિંસાની પ્રાપ્તિ થશે અને કેવલી સુધી સર્વને ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ માનવાની આપત્તિ આવશે. માટે લોકવ્યવહારથી થતી બાહ્ય હિંસાને સ્વાનુકૂલ વ્યાપારસંબંધથી આત્મામાં ગ્રહણ કરીને મિશ્રપક્ષ સ્વીકારી શકાય નહિ.

અહીં કોઈ કહે કે ભગવાનની પૂજા કરનાર શ્રાવક શાસ્ત્રવિધિ અનુસાર પૂજા કરતા હોય અને નદી ઊતરનાર સાધુ શાસ્ત્રવિધિ અનુસાર નદી ઊતરતા હોય તોપણ હિંસાના પરિહાર માટે સાધુનો અને શ્રાવકનો યત્ન નથી. આથી પાણીના અને પુષ્પોના જીવોની હિંસા થાય છે. તેથી પૂજા કરનાર શ્રાવકમાં પણ તેવા પ્રકારનો પ્રમાદ છે અને વિધિપૂર્વક નદી ઊતરનાર સાધુમાં પણ તેવા પ્રકારનો પ્રમાદ છે અને તે પ્રમાદરૂપ વ્યાપારસંબંધથી પૂજામાં થતી હિંસા શ્રાવકમાં પ્રાપ્ત થશે અને નદી ઊતરવાની ક્રિયામાં થતી હિંસા સાધુમાં પ્રાપ્ત થશે. તેથી સાધુમાં અને શ્રાવકમાં હિંસા અને ધર્મનું એકાધિકરણ પ્રાપ્ત થશે. તેથી શ્રાવકની પૂજાની ક્રિયામાં અને સાધુની નદી ઊતરવાની ક્રિયામાં મિશ્રપક્ષ સ્વીકારી શકાશે. તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

તેવા પ્રકારના પ્રમાદરૂપ વ્યાપારસંબંધથી સામાનાધિકરણ્યનું અપ્રમાદભાવ સ્થળમાં કહેવું શક્ય નથી.

આશય એ છે કે જે શ્રાવક ભગવાનની પૂજાનાકાળમાં ભગવાની આજ્ઞાને પરતંત્ર થઈને પૂર્ણ વિધિનું પાલન કરે છે અને જે સાધુ નદી ઊતરતી વખતે ભગવાનની આજ્ઞાનું પૂર્ણ પાલન કરે છે, તે શ્રાવકમાં કે તે સાધુમાં અપ્રમાદભાવ છે અર્થાત્ પૂજા કરનાર શ્રાવકમાં ભગવાનની આજ્ઞાને પરતંત્ર થવારૂપ અપ્રમાદભાવ છે અને વિધિપૂર્વક નદી ઊતરનાર સાધુમાં પણ ભગવાનની આજ્ઞાને પરતંત્ર થવારૂપ અપ્રમાદભાવ છે, તેથી તે વખતે થતી જીવોની હિંસામાં તેવા પ્રકારનો પ્રમાદ છે, તેમ એકેય સ્થળમાં કહી શકાય નહિ. માટે તેવા પ્રકારના પ્રમાદરૂપ વ્યાપારસંબંધથી વિધિપૂર્વક પૂજા કરનાર શ્રાવકમાં કે વિધિપૂર્વક નદી ઊતરનાર સાધુમાં હિંસાની સાથે ધર્મનું સામાનાધિકરણ્ય છે, તેમ કહી શકાય નહિ. માટે ભગવાનની પૂજાની ક્રિયામાં કે સાધુની નદી ઊતરવાની ક્રિયામાં શ્રાવકને અને સાધુને લોકવ્યવહારથી થતી હિંસાને આશ્રયીને મિશ્રપક્ષની પ્રાપ્તિ નથી.

અહીં કોઈ કહે કે શ્રાવક ભગવાનની પૂજા કરે છે, ત્યાં અનાભોગાદિથી કોઈ સ્ખલના થાય ત્યારે તેવા પ્રકારનો પ્રમાદ પ્રાપ્ત થાય છે, અને સાધુ પણ વિધિપૂર્વક નદી ઊતરે છે, ત્યારે અનાભોગાદિથી કોઈ સ્ખલના થાય ત્યારે તેવા પ્રકારના પ્રમાદની પ્રાપ્તિ થાય છે, અને તેવા પ્રકારના પ્રમાદરૂપ વ્યાપારસંબંધથી શ્રાવકની પૂજાની ક્રિયામાં અને સાધુની નદી ઊતરવાની ક્રિયામાં મિશ્રપક્ષની પ્રાપ્તિ થશે. માટે શ્રાવકે હિંસાત્મક પૂજામાં યત્ન કરવો જોઈએ નહિ અને સાધુએ હિંસાત્મક નદી ઊતરવાની ક્રિયામાં યત્ન કરવો જોઈએ નહિ. તેથી ગ્રંથકારશ્રી કહે છે –

શ્રાવકની ભગવાનની ભક્તિની ક્રિયા અને રત્નત્રયીની વૃદ્ધિ અર્થે સાધુની નદી ઊતરવાની ક્રિયા સદ્વ્યવહારમાં પર્યવસાન થનાર છે. તેથી ક્વચિત્ અનાભોગાદિથી શ્રાવકની પૂજાકાળમાં સ્ખલના થાય કે

સાધુની નદી ઊતરવાની ક્રિયામાં સ્ખલના થાય તોપણ ભગવાનની આજ્ઞાપાલનનો અધ્યવસાય પૂજામાં અને નદી ઊતરવાની ક્રિયામાં વર્તતો હોવાને કારણે પૂજાની ક્રિયા અને નદી ઊતરવાની ક્રિયા સદ્વ્યવહાર છે. માટે ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ નથી; પરંતુ જે કાંઈ સ્ખલનાકૃત હિંસા થઈ છે, તે શ્રાવકને ભગવાનની પૂજામાં વર્તતા શુભભાવથી નાશ પામે છે, અને સાધુને રત્નત્રયીની વૃદ્ધિ અર્થે આજ્ઞાપાલનના વર્તતા શુભ અધ્યવસાયથી નાશ પામે છે. તેથી અનાભોગથી સ્ખલનાવાળી પણ પૂજાની ક્રિયામાં કે નદી ઊતરવાની ક્રિયામાં મિશ્રપક્ષ માનવાની આપત્તિ નથી. માટે આ=લોકવ્યવહારથી થતી હિંસા, બાધ કરનાર છે=મિશ્રપક્ષમાં પ્રવેશ કરનાર છે, એ કથન અર્થ વગરનું છે.

પૂર્વમાં પાર્શ્વચંદ્રે શ્લોક-૮૪માં કહેલ કે સાધુ ઉચિત યતનાથી નદી ઊતરે છે, માટે સાધુને નદી ઊતરવામાં હિંસા નથી, અને દ્રવ્યસ્તવમાં સાધુઉચિત યતનાનો અભાવ હોવાને કારણે અવર્જનીય હિંસા છે. માટે દ્રવ્યસ્તવમાં મિશ્રપક્ષ છે. તેનું નિરાકરણ કરવા અર્થે શ્લોકના પ્રથમ બે પાદથી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે વિધિપૂર્વક પૂજા કરનાર શ્રાવકને અને વિધિપૂર્વક નદી ઊતરનાર સાધુને શાસ્ત્રીય વ્યવહારથી હિંસા નથી, અને બાહ્ય હિંસામાં હિંસા માનનાર લોકવ્યવહારથી પૂજામાં હિંસા કે સાધુને નદી ઊતરવાની ક્રિયામાં હિંસા મિશ્રપક્ષની પ્રાપ્તિનું કારણ નથી. તેથી હવે પાર્શ્વચંદ્ર પોતાનો મત સ્થાપન કરવા માટે જે અન્ય યુક્તિ બતાવે છે, તે શ્લોકના ત્રીજા, ચોથા પાદનું ઉત્થાન કરવા અર્થે 'નનુ'થી બતાવે છે –

**ટીકા :-**

**નનુ પ્રાણ્યુપમર્દસ્તાવદ્ધર્મકર્મણ્યપિ હિંસૈવ, ગૃહી તુ તાં કરોતિ, સાધોસ્તુ સા કથઞ્ચિદ્ ભવતીત્યસ્તિ વિશેષ ઇતિ ચેત્? અત્રાહ-ઇચ્છાકલ્પનયા=સ્વરસપૂર્વયેચ્છયાऽભ્યુપેત્ય વિહિતે નિયતવ્યાપારકેऽવર્જનીય-હિંસાસમ્બન્ધે કર્મણિ તદુત્પાદનોત્પત્તિભ્યાં તુ ભિદા કાऽપિ તથ્યા ન, અપિ તુ સ્વકપોલકલ્પનયા મુગ્ધમનોવિનોદમાત્રમિતિ ભાવઃ। તથાહિ- હિંસાનુષક્તધર્મવ્યાપારે સાધ્યત્વાખ્યવિષયતયા હિંસાવિષયક-હિંસાऽનુકૂલકૃતિમત્ત્વં ગૃહિણશ્ચેત્ સાધોર્ન કથમ્? યતનયા પરિહારશ્ચેદુભયત્ર સમાનઃ, કૃતૌ હિંસાત્વા-વચ્છિન્નસાધ્યત્વાખ્યવિષયતાऽભાવોપ્યુભયોર્યતમાનયોઃ તુલ્યઃ, અશક્યપરિહારોऽપિ પ્રસક્તાકરણ-પ્રત્યપાયભિયા દ્વયોઃ શાસ્ત્રીય ઇતિ સૂક્ષ્મમીક્ષણીયમ્ ।।૮૫।।**

**ટીકાર્થ :-**

નનુ ..... ભાવઃ । **'નનુ'થી પૂર્વપક્ષી સ્વપક્ષનું સ્થાપન કરે છે. પ્રાણીનું ઉપમર્દન ધર્મ-કર્મમાં પણ હિંસા જ છે વળી ગૃહસ્થ તેને=દ્રવ્યસ્તવમાં હિંસાને, કરે છે, વળી સાધુને તે=હિંસા, કોઈક રીતે થાય છે, એ પ્રકારે વિશેષ છે=ગૃહસ્થની પૂજામાં થતી હિંસામાં અને સાધુની નદી ઊતરવાની ક્રિયામાં થતી હિંસામાં ભેદ છે. એ પ્રમાણે પૂર્વપક્ષી પાર્શ્વચંદ્ર કહે તો એમાં=પાર્શ્વચંદ્રના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે -**

**ઈચ્છાકલ્પનાથી=સ્વરસપૂર્વક ઈચ્છાથી, સ્વીકારીને અવર્જનીય હિંસાસંબંધવાળા નિયત વ્યાપારક વિહિત કર્મમાં તદુત્પાદન અને તદુત્પત્તિ દ્વારા=શ્રાવકની પૂજાની ક્રિયામાં હિંસાનો ઉત્પાદ છે - અને**

**સાધુની નદી ઊતરવાની ક્રિયામાં હિંસાનું ઉત્પાદન નથી પરંતુ હિંસાની ઉત્પત્તિ છે - તેના દ્વારા, શ્રાવકની પૂજાની ક્રિયાની હિંસામાં અને સાધુની નદી ઊતરવાની ક્રિયાની હિંસામાં કોઈપણ તથ્યભેદ નથી, પરંતુ સ્વકપોલ કલ્પના વડે=પાર્શ્વચંદ્રની સ્વમતિકલ્પના વડે મુગ્ધજનના મનને વિનોદમાત્રરૂપ છે=પાર્શ્વચંદ્રના મતના અનુયાયી એવા મુગ્ધલોકોના મનને પોતાનો મત નિર્દોષ છે, તે પ્રકારના વિનોદમાત્રને કરનાર છે, એ પ્રકારે ભાવ છે.**

પૂર્વમાં કહ્યું કે શ્રાવકની પૂજાની ક્રિયામાં હિંસાનું ઉત્પાદન છે અને સાધુની નદી ઊતરવાની ક્રિયામાં હિંસાની ઉત્પત્તિ છે. એમ કહીને પૂર્વપક્ષી પાર્શ્વચંદ્ર દ્રવ્યસ્તવમાં મિશ્રપક્ષ છે અને સાધુની નદી ઊતરવાની ક્રિયામાં મિશ્રપક્ષ નથી, એમ જે કહે છે તે તથ્ય વગરનું છે. તેને 'तथाहि' થી ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

**तथाहि ..... समानः, હિંસાનુષક્ત ધર્મવ્યાપારમાં=હિંસાથી યુક્ત એવા ભગવાનની ભક્તિરૂપ ધર્મવ્યાપારમાં, સાધ્યત્વાખ્યવિષયતાથી=સાધ્યત્વાખ્યવિષયતાસંબંધથી, હિંસા વિષયક હિંસાનુકૂલકૃતિમત્વ ગૃહસ્થને છે=ભગવાનની ભક્તિ કરનાર શ્રાવકને છે, એમ જો પાર્શ્વચંદ્ર કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે કે, સાધુને કેમ નથી ? અર્થાત્ સાધુને હિંસાનુષક્ત ધર્મવ્યાપારરૂપ નદી ઊતરવાની ક્રિયામાં સાધ્યત્વાખ્યવિષયતાસંબંધથી હિંસાવિષયક હિંસાનુકૂલકૃતિમત્વ છે.**

**યતનાથી પરિહાર છે=સાધુ યતનાપૂર્વક નદી ઊતરે છે, તેથી યતનાને કારણે હિંસાવિષયક હિંસાનુકૂલકૃતિમત્વનો પરિહાર છે, એમ પાર્શ્વચંદ્ર કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે –**

**ઉભયત્ર સમાન છે=યતનાપૂર્વક ભગવાનની ભક્તિ કરનાર શ્રાવકમાં અને યતનાપૂર્વક નદી ઊતરનાર સાધુમાં સમાન છે=હિંસાવિષયક હિંસાનુકૂલકૃતિમત્વનો પરિહાર સમાન છે.**

અહીં પૂર્વપક્ષી પાર્શ્વચંદ્ર કહે કે શ્રાવકની દ્રવ્યસ્તવની કૃતિમાં હિંસાત્વાવચ્છિન્નસાધ્યત્વાખ્યવિષયતા છે=પુષ્પાદિ જીવોની હિંસાથી યુક્ત ભગવાનની ભક્તિ કરવા રૂપ અંતરંગ વ્યાપાર સ્વરૂપ સાધ્યત્વાખ્યવિષયતા છે, અને સાધુની નદી ઊતરવાની ક્રિયામાં યતના હોવાને કારણે હિંસાત્વાવચ્છિન્નસાધ્યત્વાખ્યવિષયતા નથી=યતના હોવાને કારણે સાધુની નદી ઊતરવાની ક્રિયામાં હિંસાથી યુક્ત ભગવાનની આજ્ઞાના પાલનરૂપ સાધ્યત્વાખ્યવિષયતા નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

**कृतौ ..... तुल्यः, કૃતિમાં હિંસાત્વાવચ્છિન્નસાધ્યત્વાખ્યવિષયતાનો અભાવ પણ યતમાન એવા બંનેમાં=વિધિપૂર્વક ભગવાનની પૂજા કરનાર શ્રાવકમાં અને વિધિપૂર્વક નદી ઊતરનાર સાધુમાં સમાન છે.**

સંયમના પાલન અર્થે નદી ઊતરવી આવશ્યક હોય ત્યારે સાધુ નદી ઊતરે છે. તેથી સંયમની વૃદ્ધિના ઉપાયમાં યત્ન કરતા સાધુને નદી ઊતરતી વખતે જે હિંસા થાય છે, તે અશક્યપરિહારરૂપ છે, અને શ્રાવક તો ભગવાનની પૂજા પુષ્પાદિથી ન કરે તો હિંસાનો પરિહાર થઈ શકે. એ પ્રકારે પાર્શ્વચંદ્રની શંકાના નિરાકરણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**अशक्यपरिहारोऽपि ..... ईक्षणीयम् ।। પ્રસક્તના અકરણમાં પ્રત્યપાયના ભયથી=સાધુને પ્રસક્ત એવી સંયમવૃદ્ધિ અર્થ નદી ઊતરવાની ક્રિયા ન કરવામાં કર્મબંધની પ્રાપ્તિરૂપ પ્રત્યપાયના ભયથી**

**અને શ્રાવકને સર્વવિરતીના શક્તિ સંયમ અર્થ પ્રસક્ત એવી પૂજાની ક્રિયા ન કરવામાં કર્મબંધરૂપ પ્રત્યપાયના ભયથી, બંનેને=નદી ઊતરવાની ક્રિયામાં સાધુને અને ભગવાનની પૂજાની ક્રિયામાં શ્રાવકને, અશક્યપરિહાર પણ=હિંસાનો અશક્ય પરિહાર પણ, શાસ્ત્રીય છે, એ પ્રમાણે સૂક્ષ્મ વિચારવું અર્થાત્ સૂક્ષ્મ જોવું. ॥૮૫॥**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી પાર્શ્વચંદ્ર યુક્તિથી બતાવે છે કે સાધુ નદી ઊતરે છે, તેમાં હિંસા થાય છે, અને શ્રાવક પૂજા કરે છે તેમાં પણ હિંસા થાય છે; તે બંનેમાં ભેદ છે=ગૃહસ્થ હિંસાને કરે છે અને સાધુ હિંસા કરતા નથી, પરંતુ કોઈક રીતે થાય છે=પૂજાની ક્રિયામાં પુષ્પાદિ જીવોની હિંસા હોવા છતાં શ્રાવક પૂજા કરે છે તેથી શ્રાવક હિંસાનું ઉત્પાદન કરે છે અને સાધુ તો હિંસાના પરિહાર માટે યતના કરે છે છતાં જલના જીવોની હિંસાનો પરિહાર થઈ નહીં શકવાથી હિંસાની ઉત્પત્તિ છે, તેથી કોઈક રીતે હિંસા થાય છે પણ સાધુ હિંસા કરતા નથી. આ પ્રકારનો શ્રાવકની પૂજાની ક્રિયામાં અને સાધુની નદી ઊતરવાની ક્રિયામાં ભેદ છે, તેથી શ્રાવકની પૂજાની ક્રિયામાં ધર્માધર્મરૂપ મિશ્રપક્ષની પ્રાપ્તિ છે અને સાધુને નદી ઊતરવાની ક્રિયામાં ધર્માધર્મરૂપ મિશ્રપક્ષની પ્રાપ્તિ નથી. આ પ્રકારના પાર્શ્વચંદ્રના કથનને સામે રાખીને શ્લોકના ત્રીજા અને ચોથા પાદથી ગ્રંથકારશ્રી કહે છે –

શ્રાવકને કે સાધુને અવર્જનીય હિંસાસંબંધવાળા વિહિત એવા નિયત કર્મમાં સ્વઇચ્છાકલ્પનાથી તદ્દુત્પાદન અને તદ્દુત્પત્તિ દ્વારા=હિંસાનું ઉત્પાદન અને હિંસાની ઉત્પત્તિ દ્વારા, કોઈ તથ્યભેદ નથી અર્થાત્ પાર્શ્વચંદ્ર જે ભેદ કરે છે તે તથ્યભેદ નથી.

ગ્રંથકારનો આશય એ છે કે પૂર્વપક્ષીએ જે કહ્યું કે ગૃહસ્થ હિંસા કરે છે, તે કથનથી શ્રાવકની પૂજાની ક્રિયામાં હિંસાનું ઉત્પાદન છે; અને સાધુ નદી ઊતરે છે ત્યાં હિંસા કરતા નથી પણ કોઈક રીતે હિંસા થાય છે, તે હિંસાની ઉત્પત્તિ છે. તેથી ગૃહસ્થની હિંસામાં અને સાધુની હિંસામાં ભેદ છે, એમ જે પાર્શ્વચંદ્ર કહે છે, તેવો કોઈ તથ્યભેદ નથી; પરંતુ પાર્શ્વચંદ્રની પોતાની માન્યતામાં બેઠું છે કે શ્રાવકની પૂજાની ક્રિયામાં હિંસા છે, માટે મિશ્રપક્ષ છે, અને સાધુની નદી ઊતરવાની ક્રિયામાં મિશ્રપક્ષ નથી; કેમ કે સાધુ સર્વસંયમને પાળનારા છે. તેથી સ્વમતિકલ્પનાથી શ્રાવકની પૂજાની ક્રિયામાં હિંસાનું ઉત્પાદન અને સાધુની નદી ઊતરવાની ક્રિયામાં હિંસાની ઉત્પત્તિ છે, તેમ ભેદ કરીને પોતાની માન્યતાને અનુસરનારા મુગ્ધજનોને માત્ર સંતોષ આપવારૂપ પાર્શ્વચંદ્રની કલ્પના છે.

આ પાર્શ્વચંદ્રની કલ્પના તથ્ય વગરની કેમ છે ? તે 'तथाहि'થી સ્પષ્ટ કરે છે –

પાર્શ્વચંદ્ર કહે છે કે શ્રાવકની પૂજાની ક્રિયામાં હિંસાનું ઉત્પાદન છે. તે વચનથી એ પ્રાપ્ત થાય છે કે પૂજાની ક્રિયા હિંસાનુષક્ત ધર્મવ્યાપારરૂપ છે=હિંસાથી યુક્ત એવા ધર્મવ્યાપારરૂપ છે; અને શ્રાવક જાણે છે કે ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા થાય છે, તેથી શ્રાવકની પૂજાની કૃતિ હિંસાવિષયક કૃતિ છે. વળી તે પૂજાની ક્રિયાથી પુષ્પાદિ જીવોની હિંસા થાય છે, તેથી તે કૃતિ હિંસાનુકૂલ પણ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે શ્રાવકની પૂજાની ક્રિયાની કૃતિ હિંસાવિષયક અને હિંસાનુકૂલ કૃતિ છે, અને આવી કૃતિવાળો પૂજા કરનાર શ્રાવક છે, અને જ્યારે શ્રાવક પૂજા કરે છે ત્યારે હિંસાવિષયકહિંસાનુકૂલકૃતિમત્વ શ્રાવકમાં વર્તે છે, અને શ્રાવકમાં વર્તતું હિંસાવિષયકહિંસાનુકૂલકૃતિમત્વ સાધ્યત્વાખ્યવિષયતા સંબંધથી હિંસાનુષક્તધર્મવ્યાપારમાં રહે છે=શ્રાવકમાં વર્તતું હિંસાવિષયકહિંસાનુકૂલકૃતિમત્ત્વ સ્વનિરૂપિતસાધ્યત્વાખ્ય-વિષયતાસંબંધથી હિંસાનુષક્તધર્મવ્યાપારરૂપ પૂજાની ક્રિયામાં રહે છે. તે આ રીતે –

સ્વ=હિંસાવિષયકહિંસાનુકૂલકૃતિમત્ત્વ તેનાથી નિરૂપિત ભગવાનની ભક્તિરૂપ સાધ્ય હિંસાનુષક્તધર્મવ્યાપાર છે, તે ધર્મવ્યાપારમાં સાધ્યત્વ રહેલ છે, તેથી શ્રાવકમાં રહેલ હિંસાનુકૂલહિંસાવિષયકકૃતિમત્વ સાધ્યત્વાખ્ય-વિષયતાસંબંધથી ભગવાનની પૂજારૂપ ક્રિયામાં પ્રાપ્ત થશે.

આનાથી એ પ્રાપ્ત થાય કે શ્રાવક પૂજા કરે છે ત્યારે આ ક્રિયામાં હિંસા છે તેમ જાણવા છતાં પૂજાની ક્રિયા કરે છે; અને તે ક્રિયાથી હિંસાનુકૂલવ્યાપાર થાય છે, તેથી શ્રાવકની પ્રવૃત્તિથી હિંસાનું ઉત્પાદન થાય છે; અને આવી હિંસાનું ઉત્પાદન કરનાર ક્રિયા શ્રાવકના આત્મામાં છે, અને તે ક્રિયાથી ભગવાનની ભક્તિ સાધ્ય છે, તેથી સાધ્યત્વાખ્યવિષયતાસંબંધથી ભગવાનની પૂજારૂપ ક્રિયામાં હિંસા પ્રાપ્ત થાય છે, તેથી એ ફલિત થયું કે ભગવાનની પૂજાની ક્રિયામાં હિંસાનું ઉત્પાદન છે. માટે શ્રાવકની પૂજાની ક્રિયામાં ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ છે, એમ પાર્શ્વચંદ્ર કહે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આવા પ્રકારનું હિંસાનું ઉત્પાદન સાધુને નદી ઊતરવાની ક્રિયામાં શું નથી ? અર્થાત્ છે; કેમ કે જેમ શ્રાવક જાણે છે કે મારી પૂજાની ક્રિયાથી પુષ્પાદિ જીવોની હિંસા થશે, તેમ સાધુ પણ જાણે છે કે મારી નદી ઊતરવાની ક્રિયાથી હિંસા થશે. તેથી જેમ શ્રાવકની પૂજાની કૃતિ હિંસાવિષયક છે, તેમ સાધુની નદી ઊતરવાની કૃતિ પણ હિંસાવિષયક છે. તેથી પૂજા કરનાર શ્રાવકની જેમ નદી ઊતરનાર સાધુમાં પણ હિંસાવિષયક હિંસાનુકૂલકૃતિમત્ત્વ છે, અને જેમ પૂજા કરનાર શ્રાવકનું હિંસાવિષયક હિંસાનુકૂલકૃતિમત્ત્વ સાધ્યત્વાખ્યવિષયતાસંબંધથી હિંસાથી યુક્ત ભગવાનની પૂજારૂપ ધર્મવ્યાપારમાં છે, તેમ નદી ઊતરનાર સાધુનું પણ હિંસાવિષયકહિંસાનુકૂલકૃતિમત્ત્વ સાધ્યત્વાખ્યવિષયતાસંબંધથી હિંસાથી યુક્ત નદી ઊતરવારૂપ ધર્મવ્યાપારમાં છે, તેથી જો પાર્શ્વચંદ્ર શ્રાવકની પૂજાની ક્રિયામાં હિંસાનું ઉત્પાદન સ્વીકારીને ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ પૂજામાં સ્થાપન કરે તો સાધુની નદી ઊતરવાની ક્રિયામાં હિંસાનું ઉત્પાદન સ્વીકારીને ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ સ્વીકારવો જોઈએ.

અહીં પાર્શ્વચંદ્ર કહે કે સાધુ યતનાપૂર્વક નદી ઊતરે છે. તેથી સાધુની નદી ઊતરવાની ક્રિયામાં હિંસાનો પરિહાર છે. માટે સાધુની નદી ઊતરવાની ક્રિયામાં હિંસાનું ઉત્પાદન નથી, પરંતુ હિંસાની ઉત્પત્તિ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

યતનાથી હિંસાનો પરિહાર સાધુની નદી ઊતરવાની ક્રિયામાં અને શ્રાવકની પૂજાની ક્રિયામાં સમાન છે; કેમ કે જેમ સાધુ યતનાપૂર્વક નદી ઊતરે તો હિંસાનું ઉત્પાદન નથી, પરંતુ માત્ર હિંસાની ઉત્પત્તિ છે, તેમ કહેવામાં આવે તો જે શ્રાવક વિધિપૂર્વક ભગવાનની પૂજા કરે છે, તે શ્રાવક પણ યતનાપૂર્વક ભગવાનની

પૂજા કરે છે અને ભગવાનની ભક્તિમાં અનુપયોગી એવી સર્વ હિંસાનો પરિહાર કરે છે, તેથી શ્રાવકની પૂજાની ક્રિયામાં પણ સાધુની નદી ઊતરવાની ક્રિયાની જેમ હિંસાનું ઉત્પાદન નથી, પરંતુ હિંસાની ઉત્પત્તિ છે.

અહીં પાર્શ્વચંદ્ર કહે કે પૂજાની ક્રિયા હિંસાયુક્ત ભગવાનની ભક્તિરૂપ છે તેથી હિંસાત્વાવચ્છિન્ન સાધ્યત્વાખ્ય વિષયતાવાળી પૂજાની ક્રિયા છે=હિંસાથી યુક્ત એવી ભગવાનની ભક્તિરૂપ સાધ્યતાવિષયવાળી પૂજાની ક્રિયા છે, અને સાધુની તો હિંસાથી યુક્ત સાધ્યતા વિષયવાળી નદી ઊતરવાની ક્રિયા નથી, પરંતુ સંયમને અનુકૂળ વ્યાપારવાળી ક્રિયા છે. તેથી સાધુ જ્યારે નદી ઊતરે છે, ત્યારે સંયમને અનુકૂળ વ્યાપાર કરે છે, તેથી હિંસાને અનુકૂળ વ્યાપાર નથી તોપણ હિંસાની ઉત્પત્તિ થાય છે. જ્યારે શ્રાવકની પૂજાની ક્રિયા તો હિંસાથી યુક્ત ભગવાનની ભક્તિરૂપ છે, તેથી ત્યાં હિંસાનું ઉત્પાદન છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

કૃતિમાં હિંસાથી યુક્ત સાધ્યતાનો અભાવ યતમાન એવા નદી ઊતરનાર સાધુને અને યતનાપૂર્વક પૂજા કરનાર શ્રાવકને સમાન છે.

આશય એ છે કે જેમ ભગવાનની પૂજાની ક્રિયા હિંસાથી યુક્ત ધર્મવ્યાપારરૂપ છે, તેમ સાધુની નદી ઊતરવાની ક્રિયા પણ હિંસાથી યુક્ત ધર્મવ્યાપારરૂપ છે. તેથી હિંસાત્વાવચ્છિન્નસાધ્યતા જો પૂજાની ક્રિયામાં છે તો નદી ઊતરવાની ક્રિયામાં પણ સમાન છે; અને યતનાને કારણે સાધુની નદી ઊતરવાની ક્રિયા હિંસાથી યુક્ત સાધ્યતાવાળી નથી, પરંતુ સંયમની વૃદ્ધિને અનુકૂળ સાધ્યતાવાળી છે. તેથી સાધુની નદી ઊતરવાની ક્રિયામાં હિંસાનું ઉત્પાદન નથી, પરંતુ હિંસાની ઉત્પત્તિ છે એમ પાર્શ્વચંદ્ર કહે તો યતનાને કારણે શ્રાવકની પૂજાની ક્રિયા પણ હિંસાથી યુક્ત સાધ્યતાવાળી નથી, પરંતુ સંયમની પ્રાપ્તિનું કારણ બને એવી ભગવાનની ભક્તિરૂપ સાધ્યતાવાળી છે. તેથી શ્રાવકની પૂજાની ક્રિયામાં પણ હિંસાનું ઉત્પાદન નથી, પરંતુ હિંસાની ઉત્પત્તિ છે. માટે ભગવાનની પૂજાની ક્રિયામાં હિંસાનું ઉત્પાદન છે અને સાધુની નદી ઊતરવાની ક્રિયામાં હિંસાની ઉત્પત્તિ છે, એ પાર્શ્વચંદ્રની સ્વકલ્પનામાત્ર છે.

અહીં પાર્શ્વચંદ્ર કહે કે સાધુને સંયમપાલન માટે નવકલ્પી વિહારનો યત્ન કરવાનો છે અને તે પ્રમાણે કરતાં નદી ઊતરતી વખતે જે જીવોની હિંસા થાય છે, તે અશક્ય પરિહારરૂપ છે. માટે સાધુ હિંસાનું ઉત્પાદન કરતા નથી, પરંતુ નવકલ્પી વિહારમાં યત્ન કરે છે અને તે યત્ન કરવા જતાં હિંસાનો પરિહાર અશક્ય છે, માટે સાધુને હિંસાની ઉત્પત્તિ છે, પરંતુ હિંસાનું ઉત્પાદન નથી અર્થાત્ સાધુને નવકલ્પી વિહાર શાસ્ત્રવચનથી પ્રસક્ત છે અને સાધુ જો નવકલ્પી વિહાર ન કરે તો પ્રસક્ત એવા નવકલ્પી વિહારના અકરણને કારણે ભગવાનની આજ્ઞાભંગકૃત પ્રત્યપાય થાય છે અને તે પ્રત્યપાયના ભયથી સાધુ નદી ઊતરે છે, તે શાસ્ત્રસંમત ક્રિયા છે; અને તે ક્રિયામાં હિંસાનો પરિહાર અશક્ય છે, અને જે હિંસાનો પરિહાર શક્ય છે, તે સાધુ યતનાથી કરે છે. તેથી સાધુની નદી ઊતરવાની ક્રિયામાં હિંસાની ઉત્પત્તિ છે, પરંતુ હિંસાનું ઉત્પાદન નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે -

જેમ સાધુ નવકલ્પી વિહાર કરવા અર્થે નદી ઊતરે છે, તેમ શ્રાવક ભગવાનની ભક્તિ કરીને સંયમની શક્તિનોસંચય કરવા અર્થે ભગવાનની પૂજાની ક્રિયા કરે છે. તેથી જેમ નવકલ્પી વિહાર કરવાના વચનથી પ્રસક્ત એવી નદી ઊતરવાની ક્રિયા ન કરવામાં આવે તો સાધુને આજ્ઞાભંગકૃત કર્મબંધ થાય, તેમ સંયમની શક્તિનોસંચય અર્થે ભગવાનની ભક્તિ ઉપાય છે, એ પ્રકારના શાસ્ત્રવચનથી પ્રસક્ત એવી પૂજાની ક્રિયા શ્રાવક ન કરે તો ભગવાનની આજ્ઞાભંગકૃત પ્રત્યપાય પ્રાપ્ત થાય. તેથી જેમ સાધુ પ્રસક્તના અકરણથી થતા પ્રત્યપાયના ભયથી નદી ઊતરવાની ક્રિયા કરે છે અને જેમ યતનાપૂર્વક નદી ઊતરનાર સાધુને હિંસાનો પરિહાર અશક્ય છે, તેમ યતનાપૂર્વક પૂજા કરનાર શ્રાવકને પણ હિંસાનો પરિહાર અશક્ય છે. તેથી શાસ્ત્રીય એવો હિંસાનો અશક્ય પરિહાર પણ સાધુની નદી ઊતરવાની ક્રિયામાં અને શ્રાવકની ભગવાનની પૂજાની ક્રિયામાં સમાન છે. તેથી જો એમ કહેવામાં આવે કે સાધુને નદી ઊતરવાની ક્રિયામાં હિંસાનું ઉત્પાદન નથી, પરંતુ હિંસાની ઉત્પત્તિ છે, તો શ્રાવકની પૂજાની ક્રિયામાં પણ હિંસાનું ઉત્પાદન નથી, પરંતુ હિંસાની ઉત્પત્તિ છે. માટે શ્રાવકને પૂજાની ક્રિયામાં હિંસાનું ઉત્પાદન કહીને ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ સ્થાપવો અને સાધુની નદી ઊતરવાની ક્રિયામાં હિંસાનું ઉત્પાદન નથી, પરંતુ હિંસાની ઉત્પત્તિ છે માટે ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ નથી, એમ કહેવું, એ સ્વકપોલકલ્પનાથી મુગ્ધ જીવોના મનને માત્ર વિનોદ કરવારૂપ છે. એ પ્રમાણે સૂક્ષ્મ દૃષ્ટિથી જોવું. **II૮૫II**

**અવતરણિકા :-**

**अपवादप्राये कर्मणि न विधिः, किन्तु यतनाभाग एव स्वच्छन्दप्राप्ततया च तत्र मिश्रत्वं स्याद्, अत्र आह –**

**અવતરણિકાર્થ :-**

**અપવાદપ્રાયઃ કર્મમાં વિધિ નથી=અપવાદિક એવી શ્રાવકની પૂજારૂપ ક્રિયામાં વિધિ નથી, પરંતુ યતનાભાગમાં જ=યતના અંશમાં જ, વિધિ છે, અને સ્વચ્છંદપ્રાપ્તપણું હોવાને કારણે=શ્રાવકની પૂજાની ક્રિયામાં સ્વચ્છંદપ્રાપ્તપણું હોવાને કારણે, ત્યાં=શ્રાવકની પૂજાની ક્રિયામાં, મિશ્રપણું થાય. આમાં=આ પ્રકારના પાર્શ્વચંદ્રના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

ઉત્સર્ગથી તો સર્વસાવધનો ત્યાગ કરીને આત્માના અસંગભાવને પ્રગટ કરવું જોઈએ એ પ્રકારનું શાસ્ત્રવચન છે, છતાં જેઓ ધનાદિની મૂર્ચ્છાને સર્વથા છોડીને અસંગભાવ પ્રગટ કરવા સમર્થ નથી એવા શ્રાવકોને અપવાદથી પૂજા કરવાની વિધિ છે અને તે અપવાદિક પૂજાને આશ્રયીને 'યતનાપૂર્વક પૂજા કરવી જોઈએ', એ પ્રકારે શાસ્ત્રમાં વિધિવાક્ય છે, તે વિધિવાક્યથી ફલિત થાય કે હિંસાત્મક પૂજાની ક્રિયામાં પ્રવૃત્તિ કરવાનું વિધાન શાસ્ત્ર કરતું નથી, પરંતુ યતના અંશમાં વિધાન કરે છે અર્થાત્ શ્રાવક સામાયિકાદિ ન કરતા હોય અને જો ભગવાનની પૂજા કરે તો યતનાપૂર્વક કરવી જોઈએ, એ પ્રકારનું વિધાન શાસ્ત્ર કરે

છે આથી સ્વચ્છંદપ્રાપ્તપણાથી શ્રાવકની પૂજાની પ્રવૃત્તિ છે, આમ છતાં શાસ્ત્ર વચનાનુસાર શ્રાવક પૂજાની પ્રવૃત્તિમાં યતના કરે છે, તેથી યતના અંશમાં શાસ્ત્રવચનનું પાલન છે, તેથી શ્રાવકની પૂજાની ક્રિયામાં યતના અંશથી ધર્મપણું અને સ્વચ્છંદપ્રાપ્ત એવી હિંસાની પ્રવૃત્તિરૂપ પૂજા અંશથી અધર્મપણું હોવાથી મિશ્રપણું છે." આ પ્રકારના પાર્શ્વચંદ્રના કથનમાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

पूर्णेऽर्थेऽपि विधेयता वचनतः सिद्धा लिङ्गर्थात्मिका,
भागे बुद्धिकृता यतः प्रतिजनं चित्रा स्मृता साकरे ।
नो चेज्जैनवचः क्रियानयविधिः सर्वश्च मिश्रो भवे-
दित्थं भेदमयं न किं तव मतं मिश्राद्वयं लुम्पति ।।८६।।

**શ્લોકાર્થ :-**

**વચનથી=વિધ્યર્થના પ્રયોગવાળા વાક્યથી, પૂર્ણ અર્થમાં જ લિંગર્થાત્મિકા વિધેયતા=વિધિ અર્થને કહેનારી વિધેયતા, સિદ્ધ છે. બુદ્ધિકૃત વિધેયતા ભાગમાં=અંશમાં, હો. જે કારણથી આકરમાં=સ્યાદ્વાદરત્નાકરમાં તે=બુદ્ધિકૃતવિધેયતા, પ્રતિજનને આશ્રયીને ચિત્ર=ભિન્ન ભિન્ન પ્રકારની, કહેવાઈ છે અને જો એમ ન માનો તો=વચનથી વિધેયતા પૂર્ણ અર્થમાં છે એમ ન માનો પરંતુ યતનાઅંશમાં જ વિધેયતા છે એમ માનો તો, જૈનવચન અને ક્રિયાનય વિધિ સર્વ મિશ્ર થાય. આ રીતે મિશ્રાદ્વય=ધર્માધર્મરૂપ મિશ્ર પક્ષ, તારા=પાર્શ્વચંદ્રના, ભેદત્રય મતનો=ધર્મ-અધર્મ અને મિશ્રપક્ષને કહેનારા ભેદત્રય મતનો, લોપ નહિ કરે ? અર્થાત્ લોપ કરશે. ।।૮૬।।**

**ટીકા :-**

'पूर्णेऽर्थेऽपि' इति :- पूर्णेऽर्थे=अर्यमाणे यतनाविशिष्टे कर्मणि, लिङ्गर्थात्मिका=लिङ्गर्थस्वरूपा, विधेयता वचनतः=श्रुतिमात्रेण, सिद्धा, प्रवर्त्तनाया एव तदर्थत्वात्, तस्याश्च प्रवृत्तिहेतुधर्मात्मकत्वात्, 'प्रवृत्तिहेतुं धर्मं च प्रवदन्ति प्रवर्त्तनाम्' इत्यभियुक्तोक्तेस्तस्य च तत्त्वत इष्टसाधनत्वरूपत्वात्, तथा च प्रवृत्तिहेत्विच्छाविषयज्ञानविषयतापर्याप्त्यधिकरणधर्मत्वं यद्धर्मावच्छिन्ने बोध्यते तद्धर्मावच्छिन्नस्य विधेयत्वमिति प्रकृते यतनाविशिष्टद्रव्यस्तवस्य विधेयत्वमबाधितमेव, ततो विनिगमनाविरहेणापि तथासिद्धे(द्धेः) लिङ्गर्थान्वयस्यैव विनिगमकत्वाच्च ।

**ટીકાર્થ :-**

पूर्णेऽर्थे ..... विनिगमकत्वाच्च । પૂર્ણ અર્થમાં=અર્યમાણ એવા=પ્રાપ્યમાણ એવા, યતનાવિશિષ્ટ કર્મમાં, લિંગર્થાત્મિકા=લિંગર્થસ્વરૂપ=વિધ્યર્થસ્વરૂપ, વિધેયતા વચનથી=શ્રવણ માત્રથી=વિધિવાક્યના

**શ્રવણમાત્રથી, સિદ્ધ છે; કેમ કે પ્રવર્તનાનું જ તદર્થપણું છે=વિધિવાક્ય પ્રવૃત્તિ કરવાની પ્રેરણા કરનારાં છે અને તેનું=પ્રવર્તનાનું, પ્રવૃત્તિહેતુધર્માત્મકપણું છે.**

પ્રવર્તનાનું પ્રવૃત્તિહેતુધર્માત્મકપણું કેમ છે ? તેમાં હેતુ કહે છે –

'પ્રવર્તનાને પ્રવૃત્તિહેતુધર્મ કહે છે,' **એ પ્રમાણે અભિયુક્તની=આપ્ત પુરુષની, ઉક્તિ=કથન છે, અને તેનું=પ્રવર્તનાથી પ્રાપ્ત થતું પ્રવૃત્તિહેતુ ધર્મનું, તત્ત્વથી ઈષ્ટસાધનત્વરૂપપણું છે, અને તે રીતે=પ્રવર્તનાથી પ્રાપ્ત થતું પ્રવૃત્તિહેતુધર્મ ઈષ્ટનું સાધન છે તે રીતે, પ્રવૃત્તિનો હેતુ એવી ઈચ્છાના વિષયને બતાવનારું જે જ્ઞાન તે જ્ઞાનની વિષયતાના પર્યાપ્તિના અધિકરણરૂપ ધર્મપણું યદ્ધર્માવચ્છિન્નમાં જણાય છે તદ્ધર્માવચ્છિન્નનું વિધેયપણું છે, એ પ્રમાણે પ્રકૃતમાં યતનાવિશિષ્ટ દ્રવ્યસ્તવનું વિધેયપણું અબાધિત જ છે; કેમ કે વિનિગમનાનો વિરહ હોવાથી પણ='યતનાપૂર્વક ભગવાનની પૂજા કરવી જોઈએ', એ વચનની વિધેયતા યતનામાં સ્વીકારવી કે પૂર્ણ વાક્યમાં સ્વીકારવી, એ પ્રકારના વિનિગમનાનો વિરહ હોવાથી પણ, તેનાથી=પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું કે યતનાવિશિષ્ટદ્રવ્યસ્તવનું વિધેયપણું અબાધિત છે તેનાથી, તે પ્રકારની સિદ્ધિ છે=પૂર્ણવાક્યમાં વિધેયતા છે તે પ્રકારની સિદ્ધિ છે.**

અહીં પાર્શ્વચંદ્ર કહે છે કે પૂર્ણવાક્યમાં વિધેયતા સ્વીકારવી કે એક ભાગમાં સ્વીકારવી તેનો વિનિગમક ન હોય ત્યારે પૂર્ણવાક્યમાં વિધેયતા સ્વીકારીને પૂજાની ક્રિયાને ધર્મરૂપે સ્થાપન કરવી, તે કઈ રીતે યુક્તિયુક્ત કહેવાય ? તેથી બીજો હેતુ કહે છે –

**લિંગર્થાન્વયનું જ વિનિગમકપણું છે=વિધિવાક્યના અર્થના અન્વયનું જ પૂર્ણવાક્યમાં વિધેયતા સ્વીકારવામાં વિનિગમકપણું છે.**

✪ લિંગર્થસ્વરૂપ વિધેયતાનો અર્થ આ પ્રમાણે છે લિઙ્=આજ્ઞાને બતાવનાર એવી વિધિ, તેનો અર્થ=વિધિનો અર્થ, તદ્‌સ્વરૂપા વિધેયતા છે અર્થાત્ વિધિવાક્યમાં રહેલ વિધેયતા છે.

✪ પ્રવર્તના વિધિવાક્ય પ્રર્વતક છે, તેથી વિધિવાક્યમાં પ્રેરણા કહેવાનો ધર્મ છે તે પ્રવર્તના છે.

✪ ટીકામાં तथासिद्धे પાઠ છે ત્યાં तथासिद्धेः પાઠની સંભાવના છે. તે મુજબ અર્થ અમે કરેલ છે.

**ભાવાર્થ :-**

અવતરણિકામાં પાર્શ્વચંદ્રે કહેલ કે અપવાદવાળી ક્રિયામાં વિધિ હોતી નથી, પરંતુ યતના અંશમાં જ વિધિ હોય છે. તેનું નિરાકરણ કરીને વિધિવાક્યને બતાવનારાં વચનોથી પ્રાપ્ત થતી વિધિ પૂર્ણ અર્થમાં છે, તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

લિંગર્થાત્મિકા વિધેયતા=વિધિવાક્યથી બોધ થતી એવી વિધેયતા વિધિવાક્યના શ્રવણમાત્રથી પૂર્ણ અર્થમાં પ્રાપ્ત થાય છે, પરંતુ તેના એક દેશમાં નહિ.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે વિધિપૂર્વક ભગવાનની પૂજા કરવી જોઈએ, એ વાક્યમાં વિધિવાક્યને બતાવનાર જે વચન છે, તેના શ્રવણથી યતનાપૂર્વક પૂજાની ક્રિયામાં વિધેયતાની પ્રાપ્તિ છે, પરંતુ માત્ર યતનાભાગમાં વિધેયતાની પ્રાપ્તિ નથી. તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ બતાવે છે –

વિધિવાક્યનો અર્થ પ્રવર્તના છે અને પ્રવર્તના એ પ્રવૃત્તિનો હેતુ એવો ધર્મ છે; કેમ કે આપ્ત પુરુષો કહે છે કે પ્રવર્તના એ પ્રવૃત્તિનો હેતુ એવો ધર્મ છે અને પ્રવૃત્તિનો હેતુ એવો ધર્મ પરમાર્થથી ઇષ્ટનું સાધન છે.

આનાથી એ ફલિત થાય કે આપ્ત પુરુષના વચન અનુસાર જે વિધિવાક્ય હોય તે ઉચિત પ્રવૃત્તિ કરવાની પ્રેરણા કરનારાં છે, તેથી તે વચનો પ્રવર્તનારૂપ છે, અને તે વચનોથી થતી પ્રવર્તના પ્રવૃત્તિનો હેતુ એવા ધર્મસ્વરૂપ છે અને તે ધર્મનું પાલન ઇષ્ટનું સાધન છે. આ પ્રકારના નિયમથી શું ફલિત થાય છે ? તે સ્પષ્ટ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

અને તે પ્રમાણે → વિધિવાક્યથી પૂર્ણ અર્થમાં વિધેયતાની પ્રાપ્તિ થાય છે; કેમ કે વિધિવાક્ય ઉચિત ધર્મની પ્રવૃત્તિ કરાવનારાં છે અને તેનાથી ઇષ્ટની સિદ્ધિ થાય છે તે પ્રમાણે ← પ્રવૃત્તિના હેતુ=પોતાને ઇષ્ટ એવા ધર્મની પ્રવૃત્તિના હેતુ, એવી જે ઇચ્છા, એ ઇચ્છાના વિષયવાળું જ્ઞાન વિધિવાક્યથી થાય છે અને એ જ્ઞાનનો વિષય યતનાપૂર્વકની ભગવાનની પૂજા છે, અને એ જ્ઞાનની વિષયતાની પર્યાપ્તિ પૂર્ણ અર્થમાં થાય છે, અને એ પર્યાપ્તિનું અધિકરણ એવું ધર્મપણું જે ધર્માવચ્છિન્નમાં જણાય=વિધિવાક્યથી જે ધર્માવચ્છિન્નમાં જણાય તે ધર્માવચ્છિન્નનું વિધેયપણું છે, અર્થાત્ આવું ધર્મપણું વિધિવાક્યથી પૂર્ણ અર્થમાં જણાય છે, તેથી પૂર્ણ અર્થનું વિધેયપણું છે. એ રીતે પ્રકૃત એવા દ્રવ્યસ્તવમાં યતનાવિશિષ્ટ દ્રવ્યસ્તવનું વિધેયપણું અબાધિત છે; કેમ કે વિધિવાક્યથી યતનાપૂર્વક ભગવાનની ભક્તિ કરવાના અર્થનો બોધ થાય છે, તેથી યતનાવિશિષ્ટ દ્રવ્યસ્તવમાં વિધેયપણું અબાધિત છે.

અહીં પાર્શ્વચંદ્ર કહે કે યતનાપૂર્વક ભગવાનની પૂજા કરવી જોઈએ, એ વચનથી યતના અંશમાં વિધિનો બોધ થાય છે કે પૂર્ણ દ્રવ્યસ્તવમાં વિધિનો બોધ થાય છે, તેમાં કોઈ વિનિગમક નથી, તેથી પૂર્ણ અર્થમાં વિધિ છે, તેમ કઈ રીતે સ્વીકારી શકાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વમાં યુક્તિ બતાવી તેનાથી વિનિગમનાનો વિરહ હોવા છતાં પણ તે પ્રકારે સિદ્ધિ થાય છે અર્થાત્ યતનાવિશિષ્ટ દ્રવ્યસ્તવમાં વિધિ સ્વીકારવી જોઈએ, તે પ્રકારે સિદ્ધિ થાય છે, માટે યતના અંશમાં વિધિ છે, તેમ સ્વીકારી શકાય નહિ. વળી, પોતાનું કથન યુક્તિયુક્ત છે અને પૂર્ણ અર્થમાં વિધિને સ્વીકારવી જોઈએ, તેમાં વિનિગમક પણ છે, તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

લિંગર્થના અન્વયનું જ વિનિગમકપણું છે અર્થાત્ યતનાપૂર્વક ભગવાનની પૂજા કરવી જોઈએ, એ વચનમાં વિધિવાક્યનો અન્વય થાય છે, પરંતુ પૂજામાં યતના કરવી જોઈએ એ વચનમાં વિધિવાક્યનો અન્યય નથી. માટે વિનિગમનાનો વિરહ નથી, પરંતુ લિંગર્થના અન્વયનું જ વિનિગમકપણું છે.

**ઉત્થાન :-**

શ્લોકના પ્રથમ પાદથી સ્થાપન કર્યું કે વિધિવાક્યોના શ્રવણથી પૂર્ણ અર્થમાં વિધેયતા પ્રાપ્ત થાય છે, તેથી શાસ્ત્રમાં જે જે વિધિવાક્યો હોય છે, તે વિધિવાક્યોથી એક દેશમાં વિધિ સ્વીકારી શકાય નહિ. અહીં પ્રશ્ન થાય કે કેટલાંક સ્થાને એક ભાગમાં પણ વિધિની પ્રાપ્તિ હોય છે, તે કઈ રીતે સંગત થાય ? તેથી ભાગમાં પ્રાપ્ત થતી વિધેયતા વિધિવાક્યથી નથી, પરંતુ બુદ્ધિકૃત છે. તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી શ્લોકના બીજા પાદથી કહે છે –

ટીકા :-

**या च बुद्धिकृता विधेयता विषयताविशेषरूपा सा भागे भवतु, न तावता क्षतिः, यतः सा प्रतिजनं प्रतिपाद्यं चित्राऽऽकरे=स्याद्वादरत्नाकरे, स्थिता=व्यवस्थिता,** "स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्" **इत्यत्र विशेषणविशेष्यान्यतरप्रसिद्धौ तदन्यभागस्य विधेयत्वमुभयस्यैव चाप्रसिद्धावुभयस्यैव विधेयत्वमिति तत्रोक्तेः, 'रक्तं पटं वय', 'ब्राह्मणं स्नातं भोजय' इत्यादावेकविधेर्द्विविधेस्त्रिविधेश्च दर्शनात्,**

ટીકાર્થ :-

**या च ..... दर्शनात्, અને જે બુદ્ધિકૃત વિષયતાવિશેષરૂપ વિધેયતા છે, તે ભાગમાં હો=એક દેશમાં હો, તેટલા માત્રથી ક્ષતિ નથી=ભગવાનની પૂજાને કહેનારા વિધિવાક્યને પૂર્ણ અર્થમાં સ્વીકારવામાં ક્ષતિ નથી.**

**જે કારણથી તે=વિષયતાવિશેષરૂપ વિધેયતા, પ્રતિપાદન કરવા યોગ્ય એવા પ્રતિજનને આશ્રયીને ચિત્ર=જુદા જુદા પ્રકારની, આકરમાં=સ્યાદ્વાદરત્નાકરમાં, સ્થિત=વ્યવસ્થિત છે; કેમ કે** "સ્વપર વ્યવસાયી જ્ઞાન પ્રમાણ છે" **એ પ્રકારના વચનમાં વિશેષણ-વિશેષ્ય અન્યતરની પ્રસિદ્ધિમાં તેનાથી અન્ય ભાગનું= પ્રસિદ્ધિથી અન્ય ભાગનું વિધેયપણું અને ઉભયની જ અપ્રસિદ્ધિમાં=વિશેષણ-વિશેષ્ય ઉભયની જ અપ્રસિદ્ધિમાં, ઉભયનું જ=વિશેષણ-વિશેષ્ય ઉભયનું જ, વિધેયપણું છે. એ પ્રમાણે ત્યાં=સ્યાદ્વાદ-રત્નાકરમાં, ઉક્તિ છે=કથન છે.**

**'રક્ત પટને વણ' 'સ્નાત બ્રાહ્મણને=વેદ ભણેલા બ્રાહ્મણને, ભોજન કરાવ' એ પ્રકારના વચનપ્રયોગમાં એકવિધિનું, દ્વિવિધિનું અને ત્રિવિધિનું દર્શન હોવાથી બુદ્ધિકૃત વિષયતાવિશેષરૂપ વિધેયતા ભાગમાં સ્વીકારવામાં ક્ષતિ નથી, એમ પૂર્વ સાથે સંબંધ છે.**

ભાવાર્થ :-

શ્લોકના પ્રથમ પાદથી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે વિધિવાક્યને કહેનારાં વચનોથી પ્રાપ્ત થતી વિધેયતા પૂર્ણ અર્થમાં જ હોય છે, પરંતુ વિધિવાક્યના એક દેશમાં વિધેયતા હોતી નથી. ત્યાં ગ્રંથકારશ્રીને સ્મરણ થયું કે કેટલાંક સ્થાને દેશમાં પણ વિધેયતા હોય છે. તેથી વિધિવાક્યથી થતી વિધેયતા પૂર્ણ અર્થમાં જ છે, તેવી વ્યાપ્તિ કેમ બંધાય ? તેથી દેશથી વિધેયતા ક્યાં હોય છે, તે સ્પષ્ટ કરવા માટે શ્લોકના બીજા પાદથી ગ્રંથકારશ્રી કહે છે –

જે વિધેયતા વિધિવાક્યથી નથી, પરંતુ બુદ્ધિકૃત છે, તે વિધેયતા વિષયતાવિશેષરૂપ છે અર્થાત્ તે વિધેયતા ક્વચિત્ વિશેષણરૂપ વિષયતાને બતાવે છે, ક્વચિત્ વિશેષ્યરૂપ વિષયતાને બતાવે છે અને ક્વચિત્ ઉભયરૂપ વિષયતાને બતાવે છે. તેથી તે વિધેયતા વિષયતાવિશેષરૂપ છે અને આવી વિષયતાવિશેષરૂપ વિધેયતા એક ભાગમાં પણ હોય એટલા માત્રથી વિધિવાક્યથી બોધ થતી વિધેયતા પૂર્ણ અર્થમાં હોય છે,

તેમ સ્વીકારવામાં ક્ષતિ નથી; કેમ કે વિધિવાક્યથી પ્રાપ્ત થતી વિધેયતા પૂર્ણ અર્થમાં જ છે, અને બુદ્ધિકૃત વિધેયતા ક્વચિત્ એક ભાગમાં છે તો ક્વચિત્ પૂર્ણ અર્થમાં છે.

બુદ્ધિકૃત વિધેયતા એક ભાગમાં છે, તેને સ્પષ્ટ કરવા માટે સ્યાદ્વાદરત્નાકરના વચનને ગ્રંથકારશ્રી બતાવે છે –

સ્યાદ્વાદરત્નાકરમાં પ્રતિપાદન કરવા યોગ્ય એવા દરેક જનને આશ્રયીને જુદા જુદા પ્રકારની વિધેયતા બતાવાયેલી છે. જેમ - 'સ્વપરવ્યવસાયિજ્ઞાન પ્રમાણ છે' આ વાક્યમાં વિધ્યર્થનો પ્રયોગ નથી, તેથી વચનથી વિધેયતા પ્રાપ્ત થતી નથી, પરંતુ બુદ્ધિકૃત વિધેયતા પ્રાપ્ત થાય છે. જેમ કોઈ શ્રોતાને સ્વપરવ્યવસાયિજ્ઞાન છે, એવો બોધ છે, પરંતુ આ જ્ઞાન પ્રમાણ છે તેવો બોધ નથી, તેવા શ્રોતાને આશ્રયીને સ્વપરવ્યવસાયિજ્ઞાનને ઉદ્દેશીને પ્રમાણનું વિધાન કરવામાં આવે છે, ત્યારે પ્રમાણ અંશમાં વિધેયતા છે, તે વિશેષ્ય અંશમાં વિધેયતારૂપ છે.

વળી, કોઈ શ્રોતાને પ્રમાણનો બોધ છે, પરંતુ સ્વપરવ્યવસાયિજ્ઞાન પ્રમાણ છે તેવો બોધ નથી, તેવા શ્રોતાને પ્રમાણને ઉદ્દેશીને સ્વપરવ્યવસાયિજ્ઞાનનું વિધાન કરવામાં આવે ત્યારે તેવા શ્રોતાને માટે સ્વપરવ્યવસાયિજ્ઞાન વિધેય બને છે, તે વિશેષણ અંશમાં વિધેયતારૂપ છે.

વળી, કોઈ શ્રોતાને પ્રમાણ શું છે, અને સ્વપરવ્યવસાયિજ્ઞાન શું છે, તે બંનેનો બોધ નથી, તેવા શ્રોતાને ઉદ્દેશીને સ્વપરવ્યવસાયિજ્ઞાન પ્રમાણ છે, તે વિધેય બને છે, તે વિશેષણ-વિશેષ્યરૂપ ઉભય અંશમાં વિધેયતા રૂપ છે.

આનાથી એ ફલિત થયું કે જે શ્રોતાને વિશેષણની પ્રસિદ્ધિ અને વિશેષ્યની અપ્રસિદ્ધિ છે, તે શ્રોતાને આશ્રયીને વિશેષ્યનું વિધેયપણું છે; અને જે શ્રોતાને આશ્રયીને વિશેષ્યની પ્રસિદ્ધિ છે અને વિશેષણની અપ્રસિદ્ધિ છે, તે શ્રોતાને આશ્રયીને વિશેષણનું વિધેયપણું છે; અને જે શ્રોતાને વિશેષણ અને વિશેષ્ય ઉભયની અપ્રસિદ્ધિ છે, તે શ્રોતાને આશ્રયીને વિશેષણ-વિશેષ્ય ઉભયનું વિધેયપણું છે. આ પ્રકારે સ્યાદ્વાદરત્નાકરમાં કહેલું છે, તેથી બુદ્ધિકૃત વિધેયતા શ્રોતાને આશ્રયીને ભાગમાં પણ હોય અને પૂર્ણ વાક્યમાં પણ હોય.

આ રીતે શ્લોકના બીજા પાદનો અર્થ કર્યા પછી બુદ્ધિકૃત વિધેયતા અનુભવથી પણ ભાગમાં હોય છે, તે સ્પષ્ટ કરવા માટે ટીકામાં ગ્રંથકારશ્રી બતાવે છે –

કોઈ માણસ બેઠો હોય અને તેને કોઈ કહે કે 'રક્ત પટને વણ'. તે વખતે તેને વણવાની ક્રિયામાં પ્રવર્તાવવાનો છે, અને વણવાની ગમે તે ક્રિયામાં પ્રવર્તાવવો નથી, પરંતુ પટને વણવામાં પ્રવર્તાવવો છે. વળી, પટમાં પણ ગમે તે પટને વણવામાં પ્રવર્તાવવો નથી, પરંતુ રક્ત પટને વણવામાં પ્રવર્તાવવો છે. તે વખતે 'રક્ત પટ વણ' એ વચનથી ત્રણમાં વિધેયતા પ્રાપ્ત થાય છે.

કોઈ અન્ય માણસ રૂની પૂણીઓને વણતો હોય તેને વણવાની ક્રિયામાં પ્રવર્તાવવો નથી, પરંતુ રક્ત પટને વણવામાં પ્રવર્તાવવો છે. તે વખતે તેને કોઈ કહે કે રૂની પૂણીઓને નહિ, પરંતુ રક્ત પટને વણ. તે વચનથી વિધેયતા રક્ત પટમાં પ્રાપ્ત થાય છે. તેથી રક્ત અને પટ એ બેમાં વિધેયતા પ્રાપ્ત થાય છે.

વળી, કોઈ અન્ય માણસ રક્ત સિવાય અન્ય પટને વણતો હોય ત્યારે કોઈ કહે કે રક્ત પટને વણ. તે વખતે રક્તત્વરૂપ વિશેષણમાં વિધેયતા પ્રાપ્ત થાય છે; કેમ કે વણનાર માણસ પટ વણે છે, પરંતુ રક્ત પટ વણતો નથી. તેથી વિધાન કરનાર માણસ અન્ય વર્ણના પટને વણવાનું છોડાવીને રક્તમાં વણવાનું વિધાન કરે છે. તેથી આ સ્થાનમાં એક પ્રકારની વિધેયતા પ્રાપ્ત થાય છે. તેથી એ ફલિત થયું કે 'રક્ત પટ વણ' એ વચનથી કોઈક શ્રોતાને આશ્રયીને એકવિધિ પ્રાપ્ત થાય છે, તો કોઈક શ્રોતાને આશ્રયીને દ્વિવિધિ પ્રાપ્ત થાય છે, તો વળી કોઈક શ્રોતાને આશ્રયીને ત્રિવિધિ પ્રાપ્ત થાય છે.

એ પ્રમાણે સ્નાત બ્રાહ્મણને=વેદ ભણેલા બ્રાહ્મણને, ભોજન કરાવ. એ સ્થાનમાં પણ રક્ત પટની જેમ કોઈક શ્રોતાને આશ્રયીને સ્નાતરૂપ એકવિધિ પ્રાપ્ત થાય છે, તો કોઈક શ્રોતાને આશ્રયીને સ્નાત બ્રાહ્મણ રૂપ દ્વિવિધિ પ્રાપ્ત થાય છે, તો વળી અન્ય કોઈક શ્રોતાને આશ્રયીને સ્નાત બ્રાહ્મણને ભોજન કરાવ, એ રૂપ ત્રિવિધિ પ્રાપ્ત થાય છે.

**ઉત્થાન :-**

શ્લોકના બીજા પાદથી જે બતાવ્યું, તેનાથી એ ફલિત થયું કે જે વચનપ્રયોગમાં વિધિવાક્યનો પ્રયોગ નથી અને બુદ્ધિકૃત વિધેયતા છે, તે સ્થાનમાં વચનપ્રયોગથી પ્રાપ્ત થતા અર્થના એક ભાગમાં પણ શ્રોતાને આશ્રયીને વિધેયતા હોઈ શકે, પરંતુ પ્રવર્તક એવાં જે વિધિવાક્યો છે, તે વિધિવાક્યોથી તો પૂર્ણ અર્થમાં બોધ થાય છે. માટે ભગવાનની પૂજાને કહેનારા વિધિવાક્યથી યતના અંશમાં વિધિ છે, માટે પૂજામાં ધર્માધર્મરૂપ મિશ્રપણું છે, એ પાર્શ્વચંદ્રનું વચન અનુચિત છે, તેમ સિદ્ધ થાય છે; અને તે સિદ્ધ થયેલા વચનને દૃઢ કરવા માટે શ્લોકના ત્રીજા, ચોથા પાદથી ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

**नो चेदेवम्, यतनाक्रियाभागाभ्यामेव च मिश्रत्वम्, तदा तत्प्रतिपादकं जैनं वचः, क्रियानयविधिश्च सर्वो मिश्रो भवेत्, इत्थं च धर्मपक्षोऽपि ताभ्यां भागाभ्यां मिश्रो भवेदिति मिश्राद्वयं स्यात्, इतरद्वयलोपेन तदेकशेषात्, तथा च तन्मिश्राद्वयं तव मतं भेदमयं पक्षत्रयप्रतिपादकं कथं न लुम्पति?** 'स्वशस्त्रं स्वोपघाताय' **इति न्यायस्तवापन्न इति भावः ।।८६।।**

**ટીકાર્થ :-**

**नो चेत् ..... इति भावः ।। જો પાર્શ્વચંદ્ર આમ ન સ્વીકારે=વિધિવાક્યથી પ્રાપ્ત થતી વિધેયતા પૂર્ણ અર્થમાં છે અને બુદ્ધિકૃત વિધેયતા ક્વચિત્ ભાગમાં પણ હોય, એ પ્રમાણે પાર્શ્વચંદ્ર ન સ્વીકારે, અને યતના અને ક્રિયાના ભાગ દ્વારા જ મિશ્રપણું સ્વીકારે=ભગવાનની પૂજાને કહેનારા વચનમાં**

**યતના અંશમાં ધર્મ છે અને ક્રિયા અંશમાં હિંસા છે, એ પ્રકારના ભાગથી જ પૂજાની ક્રિયામાં મિશ્રપણું સ્વીકારે, તો યતના અને ક્રિયાનું પ્રતિપાદક એવું જૈન વચન અને સર્વ ક્રિયાનયની વિધિ મિશ્ર થશે; અને એ રીતે=યતના અને ક્રિયાને બતાવનારું જૈન વચન અને સર્વ ક્રિયાનયની વિધિ મિશ્ર થશે એ રીતે, ધર્મપક્ષ પણ તે બંને ભાગો દ્વારા=યતના અને ક્રિયાના ભાગો દ્વારા, મિશ્ર થાય. એથી કરીને મિશ્રાદ્વયની=મિશ્રપક્ષની, પ્રાપ્તિ થાય; કેમ કે ઇતરદ્વયના લોપથી=મિશ્રથી ઇતર એવા ધર્મ અને અધર્મ એ રૂપ ઇતરદ્વયના લોપથી, તેનો એક શેષ છે=ત્રણ પક્ષમાંથી એક શેષ=બાકી રહે છે અર્થાત્ ધર્મ, અધર્મ અને ધર્માધર્મરૂપ મિશ્ર પક્ષમાંથી એક મિશ્રપક્ષ શેષ રહે છે, અને તે રીતે=મિશ્રાદ્વય શેષ રહે છે તે રીતે, તે મિશ્રાદ્વય=મિશ્રપક્ષ, ભેદ ત્રણના પ્રતિપાદક એવા તારા મતનો=પાર્શ્વચંદ્રના મતનો, કેવી રીતે લોપ નહિ કરે ? અર્થાત્ લોપ કરશે.** 'સ્વ શસ્ત્ર સ્વના ઉપઘાત માટે છે' **એ પ્રકારનો ન્યાય તને=પાર્શ્વચંદ્રને, પ્રાપ્ત થયો, એ પ્રમાણે ભાવ છે. ॥૮૬॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત શ્લોકના પ્રથમ બે પાદથી સ્થાપન કર્યું કે વચનથી પ્રાપ્ત થતી વિધેયતા પૂર્ણ અર્થમાં હોય છે, એક ભાગમાં નહિ; અને એ પ્રમાણે જો પાર્શ્વચંદ્ર સ્વીકારે નહિ અને પૂજાની ક્રિયામાં યતનાની અપેક્ષાએ ધર્મ છે અને ક્રિયાની અપેક્ષાએ અધર્મ છે માટે પૂજામાં મિશ્રપણું છે; આમ કહે અને તેમ સ્વીકારીએ તો યતના અને ક્રિયાને બતાવનારું જૈન વચન પણ મિશ્ર પ્રાપ્ત થાય; કેમ કે ભગવાનની પૂજા કરવી જોઈએ ઇત્યાદિ પ્રતિપાદક વચન ક્રિયાને અને યતનાને એમ ઉભયને બતાવે છે. તેથી તે વચનપ્રયોગ ધર્મરૂપ નથી, પરંતુ ધર્માધર્મરૂપ છે, તેમ ફલિત થાય; અને તે રીતે સ્વીકારીએ તો શાસ્ત્રમાં બતાવેલી ક્રિયાનયની સર્વ વિધિ=ક્રિયાનાં પ્રતિપાદક સર્વ વચનો, મિશ્ર થાય.

જેમ - સાધુને વિહાર કરવાની ક્રિયાને કહેનારું વચન યતનાપૂર્વક વિહાર કરવાનું વિધાન કરે છે, તેથી તે વચન યતના અંશથી ધર્મરૂપ છે અને ક્રિયા અંશથી અધર્મરૂપ છે; કેમ કે વિહારની ક્રિયા વાઉકાયાદિ જીવોની હિંસાનું કારણ છે. આ જ રીતે યતનાપૂર્વક ખમાસમણ આપવાની ક્રિયા પણ ક્રિયાઅંશથી વાઉકાયાદિ જીવોની હિંસાનું કારણ છે અને યતના અંશથી ધર્મનું કારણ છે. તેમ સાધુની પડિલેહણની ક્રિયા પણ યતના અંશથી ધર્મનું કારણ છે અને ક્રિયા અંશથી અધર્મનું કારણ છે. તેથી ક્રિયાનયનાં સર્વ વચનો મિશ્ર પ્રાપ્ત થશે, અને આમ સ્વીકારીએ તો સંયમની સર્વ શુદ્ધ ક્રિયારૂપ ધર્મપક્ષ પણ યતના અંશથી અને ક્રિયા અંશથી મિશ્ર થશે. તેથી મિશ્રાદ્વય=એક મિશ્રપક્ષ પ્રાપ્ત થશે; કેમ કે ધર્મ અને અધર્મ પક્ષરૂપ ઇતરદ્વયના લોપ દ્વારા એક મિશ્રપક્ષ અવશેષ રહે છે; અને તેમ સ્વીકારવામાં આવે તો પાર્શ્વચંદ્ર પણ (૧) ધર્મપક્ષ, (૨) અધર્મપક્ષ અને (૩) ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ, એમ ત્રણ પક્ષ સ્થાપન કરે છે. તે ત્રણ પક્ષનો પ્રતિપાદક એવો ભેદમય પાર્શ્વચંદ્રનો મત પણ મિશ્રપક્ષના બળથી લોપ પામશે, તેથી એમ માનવું પડશે કે જૈનશાસનની સર્વ ક્રિયાઓ મિશ્રરૂપ છે, પરંતુ ફક્ત ધર્મરૂપ કે ફક્ત અધર્મરૂપ નથી; અને તેમ સ્વીકારવાથી પાર્શ્વચંદ્રનો મત પણ મિશ્રાદ્વયરૂપ=મિશ્રપક્ષરૂપ, પ્રાપ્ત થશે, તેથી ભગવાનની પૂજામાં મિશ્રપક્ષ સ્થાપન

કરવા માટે સ્વીકારાયેલું પાર્શ્વચંદ્રનું શસ્ત્ર સ્વપક્ષના ઉપઘાત માટે બન્યું, તેથી પાર્શ્વચંદ્રને સર્વત્ર એક મિશ્રપક્ષ માનવો પડશે.

આનાથી એ ફલિત થાય કે જ્યાં સુધી જીવમાં ક્રિયા છે, ત્યાં સુધી યતના અંશથી ધર્મ છે અને ક્રિયા અંશથી અધર્મ છે; માટે ધર્મરૂપ એક પક્ષ માત્ર ચૌદમા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય, તે સિવાય સર્વત્ર ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ પ્રાપ્ત થાય, વસ્તુતઃ ક્રિયાનયની સર્વ વિધિ મિશ્ર ઇષ્ટ નથી, તેથી જો સંયમની ઉચિત ક્રિયામાં ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ નથી તો વિધિપૂર્વક ભગવાનની પૂજામાં પણ ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ નથી, પરંતુ શુદ્ધ ધર્મરૂપ પક્ષ છે તેમ સ્વીકારવું જોઈએ. ॥૮૬॥

**અવતરણિકા :-**

तृतीयपक्षमधिकृत्याह –

**અવતરણિકાર્થ :-**

**શ્લોક-૮૨માં ચાર પક્ષ વડે વિકલ્પો પાડીને મિશ્રપક્ષનું ખંડન કરવાનું શરૂ કર્યું. તેમાં પ્રથમ પક્ષનું ખંડન શ્લોક-૮૨માં કર્યું અને દ્વિતીય પક્ષનું ખંડન શ્લોક-૮૩થી ૮૬ સુધી કર્યું. હવે ત્રીજા પક્ષને આશ્રયીને પાર્શ્વચંદ્રને અભિમત ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ સંગત નથી, તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે -**

**શ્લોક :-**

भावोऽधर्मगतः क्रियेतरगतेत्यत्रापि भङ्गे कथं,
मिश्रत्वं तमधर्ममेव मुनयो भावानुरोधाद् विदुः।
भक्त्याऽर्हत्प्रतिमार्चनं कृतवतां न स्पृश्यमानः पुन-
र्भावश्चित्तमिवाग्रहाविलधियां पापेन संलक्ष्यते ।।८७।।

**શ્લોકાર્થ :-**

**ભાવ અધર્મગત ક્રિયા ઈતરગત=ધર્મગત, એ પ્રકારના પણ ભંગમાં=વિકલ્પમાં, મિશ્રપણું કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય. ભાવના અનુરોધથી તેને=આ ત્રીજા ભંગને, મુનિઓ અધર્મ જ કહે છે.**

ભાવ અધર્મગત અને ક્રિયા ધર્મગત એ પ્રકારનો ત્રીજો ભાંગો ભગવાનની ભક્તિની ક્રિયામાં સંભવિત નથી, એ સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**આગ્રહથી આવિલ=આવિષ્ટ, બુદ્ધિવાળાઓનું ચિત્ત, પાપથી સ્પર્શ કરાતું દેખાય છે, તેમ ભક્તિથી અર્હત્ પ્રતિમાની પૂજા કરનારાઓનો ભાવ, પાપથી સ્પર્શ કરાતો જણાતો નથી. ॥૮૭॥**

**ટીકા :-**

**'भाव' इति, भावोऽधर्मगतः क्रिया इतरगता=धर्मगता इत्यत्रापि तात्तीर्यिके भङ्गे मिश्रत्वं कथम्? यतो भावानुरोधात्तमधर्ममेव मुनयो विदुः, दुष्टभावपूर्विकाया विहितक्रियाया अपि प्रत्यवायबहुलत्वेनाधर्मत्वात्, अत एव निह्नवादीनां निर्ग्रन्थरूपस्य दुरन्तसंसारहेतुत्वेनाधर्मत्वं** "सत्तेयादिट्ठीओ, जाइजरामरणगब्भवसहीणं। मूलं संसारस्स उ हवंति णिग्गंथरूवेणं" ।। **इत्यादिना व्यवस्थापितम्, न च दृष्टीनां नियतोत्सूत्ररूपाणामेवैतत्फलं निर्ग्रन्थरूपेणेत्यत्र चोपलक्षणे तृतीयेति शङ्कनीयम्, चरमग्रैवेयकपर्यन्तफलहेतोर्निह्नवश्रद्धानानुगताचारस्यैवात्र दृष्टिपदार्थत्वात्, निर्ग्रन्थरूपेणेत्यत्र 'धान्येन धनम्' इतिवदभेदार्थतृतीयाश्रयात्, विषगराद्यनुष्ठानानामधर्मत्वेनैव बहुशो निषेधाच्चेति दिग्।**

**ટીકાર્થ :-**

**भावः ..... अधर्मत्वात्, ભાવ અધર્મગત અને ક્રિયા ઇતરગત=ધર્મગત, એ પ્રકારના પણ ત્રીજા ભંગમાં=વિકલ્પમાં, મિશ્રપણું કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય, જે કારણથી ભાવના અનુરોધથી= અનુસરણથી, તેને=ત્રીજા ભાંગાને, મુનિઓ અધર્મ જ કહે છે; કેમ કે દુષ્ટ ભાવપૂર્વકની શાસ્ત્રમાં વિહિત એવી ક્રિયાનું પણ પ્રત્યપાયબહુલપણું હોવાને કારણે અધર્મપણું છે.**

દુષ્ટભાવપૂર્વકની વિહિત ક્રિયા અનર્થકારી છે, તેની પુષ્ટિ કરવા અર્થે શાસ્ત્રવચનની યુક્તિ ગ્રંથકારશ્રી બતાવે છે –

**अत एव ..... व्यवस्थापितम्, આથી જ=દુષ્ટ ભાવપૂર્વકની સંયમની વિહિત ક્રિયા પણ અધર્મરૂપ છે આથી જ, નિહ્નવ આદિના નિર્ગ્રંથરૂપ ચારિત્રનું દુરંત સંસારનું હેતુપણું હોવાને કારણે** "સાત દૃષ્ટિઓ=સાત નિહ્નવનાં દર્શનો, નિર્ગ્રંથરૂપે જાતિ, જરા, મરણ અને ગર્ભાવાસનું તથા સંસારનું મૂળ થાય છે." **ઇત્યાદિ દ્વારા અધર્મપણું વ્યવસ્થાપિત છે.**

અહીં सत्तेयादिट्ठीओ ... એ સાક્ષીપાઠમાં નિર્ગ્રંથરૂપને અધર્મપણું કહેલ નથી, પરંતુ નિહ્નવોની સાત દૃષ્ટિઓને અધર્મરૂપ કહેલ છે. માટે નિહ્નવોનું નિર્ગ્રંથરૂપ ચારિત્ર અધર્મ નથી, પરંતુ તેમની દૃષ્ટિરૂપ ભાવ અધર્મરૂપ છે. માટે ભાવ અધર્મગત અને ક્રિયા ધર્મગત એ ત્રીજો ભાંગો સંગત થશે, એમ પાર્શ્વચંદ્ર કહે તો તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**न च ..... दृष्टिपदार्थत्वात्, અને નિયત ઉત્સૂત્રરૂપ દૃષ્ટિઓનું આ ફળ છે=દુરંત સંસારફળ છે અને 'निर्ग्रन्थरूपेण' એ પ્રકારના પ્રયોગમાં ઉપલક્ષણમાં તૃતીયા છે, એમ શંકા ન કરવી; કેમ કે ચરમગ્રૈવેયકપર્યંત ફળના હેતુ એવા નિહ્નવોનું શ્રદ્ધાનથી અનુગત એવા આચારનું જ અહીં=પ્રસ્તુત સાક્ષીપાઠમાં, દૃષ્ટિપદાર્થપણું છે.**

અહીં પાર્શ્વચંદ્ર કહે કે નિહ્નવોનો શ્રદ્ધાનથી અનુગત આચાર જ જો દૃષ્ટિપદાર્થ હોય તો પ્રસ્તુત કથનમાં નિર્ગ્રંથરૂપ સાત દૃષ્ટિઓ સંસારનું મૂળ છે, એમ કહેવું જોઈએ, પરંતુ તેમ કહેલ નથી. તેથી 'निर्ग्रन्थरूपेण' એ તૃતીયાનો પ્રયોગ ઉપલક્ષણના અર્થમાં છે, પરંતુ નિર્ગ્રંથરૂપ દૃષ્ટિઓ નથી; અને આ સાત દૃષ્ટિઓ જે નિયત ઉત્સૂત્ર રૂપ છે, તે દુરંત સંસારનું કારણ છે, એમ માનવું ઉચિત છે. તેના સમાધાન રૂપે ગ્રંથકારશ્રી બીજો હેતુ કહે છે -

**निर्ग्रन्थरूपेण ..... आश्रयात्, 'निर्ग्रन्थरूपेण' એ પ્રકારના પ્રસ્તુત ઉદ્ધરણ પ્રયોગમાં, 'ધાન્યરૂપે ધન છે' એની જેમ અભેદ અર્થમાં તૃતીયાનો આશ્રય છે.**

અહીં પાર્શ્વચંદ્ર કહે કે 'निर्ग्रन्थरूपेण' એ પ્રકારના તૃતીયાના પ્રયોગમાં અભેદ અર્થમાં તૃતીયા વિભક્તિ ગ્રહણ કરીને અર્થ કરવો કે તૃતીયા વિભક્તિને ઉપલક્ષણરૂપે ગ્રહણ કરીને નિયત ઉત્સૂત્ર રૂપને જ દૃષ્ટિ તરીકે ગ્રહણ કરવી, તેમાં વિનિગમક કોણ ? અર્થાત્ કોઈ વિનિગમક નહિ હોવાથી 'निर्ग्रन्थरूपेण' અભેદ અર્થમાં તૃતીયા છે એમ કહી શકાશે નહિ. તેના સમાધાન રૂપે ગ્રંથકારશ્રી બીજો હેતુ કહે છે –

**ટીકાર્થ :-**

**विषगरादि ..... इति दिग् । વિષ-ગરાદિ અનુષ્ઠાનોનો અધર્મપણારૂપે જ અનેકવાર નિષેધ છે= શાસ્ત્રમાં નિષેધ છે, એ પ્રમાણે દિશાસૂચન છે.**

**ભાવાર્થ :-**

શ્લોક-૮૨માં કહેલ કે ચાર પક્ષથી પૂજામાં મિશ્રપણું ઘટતું નથી, તે બતાવવાનો પ્રારંભ કરાય છે. ત્યાં પ્રથમ બે પક્ષને આશ્રયીને પૂજામાં મિશ્રપણું કેમ ઘટતું નથી, તે શ્લોક-૮૬ સુધી બતાવ્યું. હવે ભાવ અધર્મગત અને ક્રિયા ધર્મગત એમ સ્વીકારીએ તો એ ત્રીજા પક્ષ પ્રમાણે ભગવાનની પૂજામાં મિશ્રપણું પ્રાપ્ત થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જો ભાવ અધર્મગત હોય અને પૂજાની ક્રિયા ધર્મગત હોય તો તે પક્ષને ભાવના અનુરોધથી અધર્મ જ કહેવો પડે; કેમ કે દુષ્ટ ભાવપૂર્વક શાસ્ત્રમાં વિહિત એવી ક્રિયા અનર્થનું કારણ હોવાને કારણે અધર્મરૂપ જ છે. માટે જો પૂજામાં ભાવ હિંસાનો છે અને ક્રિયા ભગવાનની ભક્તિની છે, તેમ સ્વીકારીએ તો તે પૂજાને મિશ્ર કહી શકાય નહિ; કેમ કે જ્યાં ભાવ અધર્મરૂપ હોય તે ક્રિયાને ધર્મરૂપ કહી શકાય નહિ, અને તેની પુષ્ટિ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

શાસ્ત્રમાં નિહ્નવોના નિર્ગ્રંથરૂપ ચારિત્રને દુરંત સંસારનો હેતુ હોવાને કારણે અધર્મરૂપ કહેલ છે. તેથી એ ફલિત થાય કે નિહ્નવોનો ભાવ અશુભ છે, તેથી તેઓની ચારિત્રની આચરણા પણ ધર્મરૂપ નથી. તેથી જો પૂજામાં ભાવ હિંસાનો છે અને પૂજાની ક્રિયા ભક્તિની ક્રિયા છે તેમ સ્વીકારીને પાર્શ્વચંદ્ર પૂજામાં ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ કહે, તો તેના કથન પ્રમાણે પૂજાની ક્રિયાને ધર્માધર્મરૂપ મિશ્ર કહી શકાય નહિ, પરંતુ અધર્મરૂપ જ કહી શકાય.

અહીં ગ્રંથકારશ્રીએ 'सत्तेया दिट्ठीओ .....' એ શાસ્ત્રવચનનું ઉદ્ધરણ આપીને સાત દૃષ્ટિવાળા નિહ્નવોની નિર્ગ્રંથ આચરણાને સંસારનું મૂળ બતાવ્યું, ત્યાં પાર્શ્વચંદ્ર કહે છે કે નિહ્નવોની ચારિત્રની આચરણા સંસારનું મૂળ નથી, પરંતુ નિયત ઉત્સૂત્રરૂપ તેઓની દૃષ્ટિ સંસારનું મૂળ છે. તેથી તેઓનો નિયત ઉત્સૂત્રરૂપ ભાવ અધર્મ છે અને નિર્ગ્રંથરૂપ ચારિત્રની આચરણા ધર્મ છે, તેથી નિહ્નવોમાં મિશ્રપક્ષ સંગત થશે અને તે રીતે પૂજામાં પણ હિંસાનો ભાવ છે, એ અધર્મરૂપ છે, અને ભગવાનની ભક્તિની ક્રિયા છે તે ધર્મરૂપ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

નિયત ઉત્સૂત્રરૂપ દૃષ્ટિઓનું આ સંસાર પરિભ્રમણ ફળ છે અને 'निर्ग्रन्थरूपेण' એ ઉપલક્ષણમાં તૃતીયા છે, એમ ન કહેવું.

આશય એ છે કે પાર્શ્વચંદ્ર કહે છે કે નિહ્નવોની સાત દૃષ્ટિઓ દુરંત સંસારનું કારણ છે અને 'निर्ग्रन्थरूपेण' એ તૃતીયા વિભક્તિ ઉપલક્ષણમાં છે. આનાથી એ ફલિત થાય છે કે નિર્ગ્રંથરૂપ આચરણાથી ઉપલક્ષિત એવી સાત દૃષ્ટિઓ સંસારના પરિભ્રમણનું કારણ છે, પરંતુ નિર્ગ્રંથરૂપ ચારિત્રની આચરણા સંસારના પરિભ્રમણનું કારણ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પાર્શ્વચંદ્રનું આ કથન બરાબર નથી; કેમ કે 'सत्तेया दिट्ठीओ .....' એ સાક્ષીપાઠમાં ચરમગ્રૈવેયકપર્યંતના ફળના કારણ એવા નિહ્નવોની શ્રદ્ધાથી અનુગત એવા આચારનું જ દૃષ્ટિપદાર્થપણું છે. તેથી નિહ્નવોનો આવો આચાર એ દૃષ્ટિ છે, અને તે દૃષ્ટિઓ દુરંત સંસારના પરિભ્રમણનું કારણ છે. માટે નિહ્નવોનો આચાર અધર્મરૂપ છે, તેમ ફલિત થાય છે.

આશય એ છે કે કોઈ નિહ્નવો નિયત ઉત્સૂત્ર કરનારા છે અને કેટલાક નિહ્નવો નિરતિચાર ચારિત્ર પણ પાળનારા છે અને તેના ફળરૂપે ઉત્કૃષ્ટથી નવમા ગ્રૈવેયકના ફળને પામે છે અને આવા ફળનું કારણ તેમની શ્રદ્ધાથી અનુગત ચારિત્રની આચરણા છે અર્થાત્ ભગવાનના વચનમાં શ્રદ્ધા હોવા છતાં કોઈક સ્થાનમાં અનિવર્તનીય ભગવાનના વચનથી વિપરીત રુચિ છે, તેથી કોઈક સ્થાનની અનિવર્તનીય વિપરીત રુચિથી યુક્ત ભગવાનના વચનાનુસાર ચારિત્રનું પાલન છે, અને આવી વિપરીત રુચિથી યુક્ત ચારિત્રાચારના પાલનની ક્રિયાને શાસ્ત્રકારોએ દૃષ્ટિ કહેલ છે અને આવી નિહ્નવોની દૃષ્ટિ દુરંત સંસારનું કારણ છે. માટે તેઓની સંયમની આચરણા પણ દુષ્ટ ભાવને કારણે અધર્મરૂપ છે, તેમ ફલિત થાય છે.

અહીં પાર્શ્વચંદ્ર કહે કે જો નિહ્નવોનો શ્રદ્ધાથી અનુગત આચાર જ દૃષ્ટિ પદાર્થ હોય તો 'सत्तेया दिट्ठीओ .....' એ પ્રસ્તુત ઉદ્ધરણમાં નિર્ગ્રંથરૂપ સાત દૃષ્ટિઓને સંસારનું મૂળ કહેવું જોઈએ, પરંતુ 'निर्ग्रन्थरूपेण' તૃતીયાનો પ્રયોગ કરવો જોઈએ નહિ અર્થાત્ નિર્ગ્રંથ શબ્દને દૃષ્ટિનું વિશેષણ બનાવવું જોઈએ, પરંતુ તૃતીયાનો પ્રયોગ કરવો જોઈએ નહિ; અને 'सत्तेया दिट्ठीओ .....' એ પ્રસ્તુત ઉદ્ધરણમાં તૃતીયાનો પ્રયોગ છે, તેથી 'निर्ग्रन्थरूपेण' એ તૃતીયાનો પ્રયોગ ઉપલક્ષણમાં છે, પરંતુ દૃષ્ટિનું વિશેષણ નથી. માટે નિહ્નવોની ચારિત્રની આચરણા અધર્મરૂપ છે, એમ કહી શકાય નહિ, પરંતુ તેઓનો દૃષ્ટિરૂપ ભાવ અધર્મ છે તેમ કહી શકાય. તેને ગ્રંથકારશ્રી કહે છે –

सत्तेयादिट्ठीओ ..... એ સાક્ષીપાઠમાં 'णिग्गंथरूवेणं' એ પ્રકારનો કરાયેલ પ્રયોગ 'धान्येन धनम्' એની જેમ અભેદ અર્થમાં તૃતીયાનું આશ્રયણ છે, તેથી કોઈ પાસે ઘણું ધાન્ય હોય તો કહેવાય કે 'ધાન્યથી તે ધનવાળો છે' ત્યાં ધનની સાથે ધાન્યનો અભેદ અર્થ છે. તેમ 'निर्ग्रन्थरूपेण' એ પ્રકારનો सत्तेयादिट्ठीओ ..... એ સાક્ષીપાઠમાં કરાયેલ પ્રયોગમાં પણ નિર્ગ્રંથરૂપ ચારિત્રની આચરણાથી અભિન્ન એવી સાત દૃષ્ટિઓ સંસારનું મૂળ છે, તેવો અર્થ થાય છે. માટે સાત દૃષ્ટિઓથી અભિન્ન એવી નિર્ગ્રંથરૂપ ચારિત્રની આચરણા પણ અધર્મરૂપ છે, તેમ સિદ્ધ થાય છે.

અહીં પાર્શ્વચંદ્ર કહે કે 'धान्येन धनम्' એ પ્રયોગની જેમ 'निर्ग्रन्थरूपेण' એ પ્રયોગમાં અભેદ અર્થમાં તૃતીયા વિભક્તિને ગ્રહણ કરવી કે ઉપલક્ષણ અર્થમાં તૃતીયા વિભક્તિને ગ્રહણ કરવી, તેનો કોઈ વિનિગમક નહિ હોવાથી અભેદ અર્થમાં તૃતીયા વિભક્તિને ગ્રહણ કરીને નિહ્નવોની નિર્ગ્રંથ આચરણાને અધર્મરૂપ કહી શકાય નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

અધર્મરૂપ હોવાથી વિષ-ગરાદિ અનુષ્ઠાનોનો ઘણે ઠેકાણે શાસ્ત્રમાં નિષેધ કરેલો છે. તેથી નિહ્નવોનું ગર અનુષ્ઠાન પણ અધર્મરૂપ છે. માટે નિહ્નવોની દૃષ્ટિને અધર્મ કહેવી અને તેઓની નિર્ગ્રંથરૂપ આચરણાને અધર્મ નથી એમ કહેવું, તે સંગત નથી; પરંતુ ગરઅનુષ્ઠાનરૂપ નિહ્નવોની આચરણા અધર્મરૂપ જ છે. માટે નિહ્નવોની આચરણાને અધર્મરૂપે સ્વીકારવા માટે 'निर्ग्रन्थरूपेण' એ વચન પ્રયોગને 'धान्येन धनम्' એ પ્રયોગની જેમ અભેદ અર્થમાં સ્વીકારીને નિહ્નવોની સાત દૃષ્ટિ સાથે જોડવામાં આવે તો તેઓનું ગરઅનુષ્ઠાન સંસારનું મૂળ છે, તેમ સિદ્ધ થાય, માટે અભેદ અર્થમાં તૃતીયા વિભક્તિ ગ્રહણ કરવી એ ઉચિત છે.

અહીં વિશેષ એ છે કે ગરઅનુષ્ઠાન એ પરલોકના સાંસારિક સુખોની આશંસારૂપ છે, જ્યારે નિહ્નવો એવા સુખની આશંસાથી સંયમ પાળતા નથી, પરંતુ મોક્ષના આશયથી સંયમ પાળે છે. તેથી તેમનું અનુષ્ઠાન ગરઅનુષ્ઠાન છે, એ કઈ રીતે સંભવે ? તેનો ભાવ એ છે કે નિહ્નવો ઉત્સૂત્રભાષણ કરે છે, ત્યારપછી તેમની રુચિ પોતાના ઉત્સૂત્રપ્રરૂપણાથી પ્રરૂપિત પદાર્થ પ્રત્યે હોય છે, જે સર્વજ્ઞના વચનની રુચિ કરતાં વિપરીત રુચિ છે, તેથી તેમનામાં વિપર્યાસ વર્તે છે, માટે શબ્દમાત્રથી તેમને મોક્ષનો આશય હોવા છતાં અર્થથી મોક્ષનો આશય નથી; કેમ કે મોક્ષનો આશય તેમને સંભવે કે જેમને સર્વજ્ઞના વચન પ્રત્યે પૂર્ણ રુચિ વર્તતી હોય કે પૂર્ણ રુચિને અભિમુખ ભાવ હોય. આથી મિથ્યાત્વની અવસ્થામાં પણ પ્રથમની ચાર દૃષ્ટિઓમાં પૂર્ણ રીતે સર્વજ્ઞના વચનમાં રુચિ નહિ હોવા છતાં પણ અભિમુખ ભાવ હોય છે, પરંતુ નિહ્નવોને તો સર્વજ્ઞના વચનથી વિપરીત અનિવર્તનીય રુચિ હોય છે, તેથી તેઓનો ચારિત્રાચાર મોક્ષને અનનુકૂળ છે. આથી તેનો અંતર્ભાવ અમૃતઅનુષ્ઠાન કે તદ્ધેતુઅનુષ્ઠાનમાં થઈ શકે નહિ, તેથી અર્થથી પારલૌકિક સંસારના સુખઅર્થક નિહ્નવોનું અનુષ્ઠાન પ્રાપ્ત થાય છે, તેથી તે ગરઅનુષ્ઠાનરૂપ બને છે.

**ઉત્થાન :-**

શ્લોકના પ્રથમ અને દ્વિતીય પાદનું વર્ણન ટીકામાં ગ્રંથકારશ્રીએ કર્યું. હવે શ્લોકના ત્રીજા અને ચોથા પાદનું ઉત્થાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ટીકા :-

न च, मिश्रणीयोऽधर्मगतो भावः प्रकृतस्थले संभवतीत्यप्याह-'भक्त्येति' भक्त्या-उपलक्षणाद्विधिना चार्हत्प्रतिमार्चनं कृतवतां भावः पापेन न स्पृश्यमानः संलक्ष्यते, व्यतिरेकदृष्टान्तमाह-किमिवाग्रहाविलधियामभिनिवेशमलीमसबुद्धीनां चित्तमिव, तद् यथा पापेन स्पृश्यमानं संलक्ष्यते, तथा न भक्तिकृतां भाव इति योजना । अथ पुष्पाद्युपमर्दयामि ततः प्रतिमां पूजयामीति भावः पापस्पृष्टो लक्ष्यत एवेति चेत्? तर्हि 'नदीजलजीवानुपमर्दयामीति, ततो नदीमुत्तीर्य विहारं कुर्वे' इति साधोरपि दुष्टः स्यात्, कृतेरानुषङ्गिकेनोद्देश्यत्वाख्यविषयता साध्यत्वाख्याविषयता च यतमानस्य न निषिद्धरूपाविच्छिन्ना-(वच्छिन्ना) इति चेत्? तुल्यमेतदुभयोरपीति किमाम्रेडितेन? ।।८७।।

ટીકાર્થ :-

न च ..... इत्यप्याह - મિશ્રણીય એવો અધર્મગતભાવ પ્રકૃતસ્થળમાં=ભગવાનની પૂજારૂપ પ્રકૃત સ્થળમાં, સંભવતો નથી, એ પ્રમાણે પણ કહે છે=એ પ્રમાણે પણ શ્લોકના ત્રીજા-ચોથા પાદમાં ગ્રંથકારશ્રી કહે છે –

'भक्त्येति' ..... योजना । ભક્તિથી અર્હત્પ્રતિમાના અર્ચન કરનારાઓનો ભાવ પાપથી સ્પર્શાતો દેખાતો નથી, અને ઉપલક્ષણથી વિધિ વડે અર્હત્પ્રતિમાના અર્ચન કરનારાઓનો ભાવ પાપથી સ્પર્શાતો દેખાતો નથી, તેમાં વ્યતિરેક દૃષ્ટાંતને ગ્રંથકારશ્રી કહે છે –

કોની જેમ ? તો કહે છે –

આગ્રહથી આવિલ બુદ્ધિવાળાઓના ચિત્તની જેમ=આગ્રહથી આવિષ્ટ બુદ્ધિવાળાઓના ચિત્તની જેમ અર્થાત્ સ્વમાન્યતા પ્રત્યે અભિનિવેશથી મલિન થયેલ બુદ્ધિવાળાઓના ચિત્તની જેમ, ભક્તિથી અને વિધિથી અર્હત્પ્રતિમાના અર્ચન કરનારાઓનો ભાવ પાપથી સ્પર્શાતો દેખાતો નથી, એમ અન્વય છે. તે=અભિનિવેશથી મલિન બુદ્ધિવાળાઓનું ચિત્ત, જે પ્રકારે પાપથી સ્પર્શાતું દેખાય છે, તે પ્રકારે ભક્તિ કરનારાઓનો ભાવ=ભગવાનની ભક્તિ કરનારાઓનો ભાવ નથી=પાપથી સ્પર્શ કરાતો દેખાતો નથી, એ પ્રકારની યોજના છે=એ પ્રકારે વ્યતિરેક દૃષ્ટાંતની યોજના છે.

✪ सम्भवति इत्यप्याह - અહીં 'अपि'થી એ કહેવું છે કે પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું તેમ જો ભાવ અધર્મગત હોય તો ક્રિયા પણ અધર્મરૂપ પ્રાપ્ત થાય. માટે ભાવ અધર્મગત અને ક્રિયા ધર્મગત એવો મિશ્રપક્ષરૂપ ત્રીજો ભાંગો તો સંભવતો નથી, એમ કહ્યું; પરંતુ પ્રકૃત એવા પૂજાના સ્થળમાં શુભ ક્રિયા સાથે મિશ્રણીય એવો અધર્મગત ભાવ સંભવતો નથી, એ પ્રમાણે પણ કહે છે.

अथ ..... स्यात्, પુષ્પાદિનું હું ઉપમર્દન કરું છું, તેનાથી=પુષ્પાદિના ઉપમર્દનથી, પ્રતિમાની પૂજા કરું છું, એ પ્રકારનો ભાવ=એ પ્રકારનો પૂજાકાળમાં વર્તતો ભાવ, પાપથી સ્પર્શાયેલો જણાય જ છે, એ પ્રમાણે પાર્શ્વચંદ્ર કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે –

**નદીના જળના જીવોનું હું ઉપમર્દન કરું છું, તેનાથી=નદીના જળના જીવોના ઉપમર્દનથી, નદી ઊતરીને હું વિહાર કરું છું, એ પ્રકારનો સાધુનો પણ ભાવ=અપવાદથી નદી ઊતરણકાળમાં વર્તતો સાધુનો પણ એ પ્રકારનો ભાવ, દુષ્ટ થાય.**

✪ नदीजलजीवानुपमर्दयामीति - અહીં 'इति' શબ્દ વધારાનો ભાસે છે.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ અપવાદથી નદી ઊતરનાર સાધુને પાપથી સ્પૃષ્ટ ભાવ સ્વીકારવાની આપત્તિ આપી, ત્યાં પાર્શ્વચંદ્ર કહે છે –

**कृतेः ..... आम्रेडितेन ? ।। યતમાન એવા સાધુની કૃતિની આનુષંગિકપણાથી ઉદ્દેશ્યત્વાખ્યવિષયતા='હું નદીને ઊતરું' એ પ્રકારની ઉદ્દેશ્યત્વાખ્યવિષયતા અને સાધ્યત્વાખ્યવિષયતા='નદીના જળના જીવોનું ઉપમર્દન કરું' એ રૂપ સાધ્યત્વાખ્યવિષયતા નિષિદ્ધરૂપે અવચ્છિન્ન નથી=શાસ્ત્રમાં આ બંને વિષયતાનો સાધુને નિષેધ કરાયો નથી, એથી સાધુને નદી ઊતરવામાં દુષ્ટ ભાવ નથી, એ પ્રમાણે પાર્શ્વચંદ્ર કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે –**

**ઉભયમાં પણ=ભગવાનની પૂજા કરનાર શ્રાવકમાં અને અપવાદથી નદી ઊતરનાર સાધુમાં પણ, આ=સાધુની નદી ઊતરવાની ક્રિયામાં આનુષંગિક ઉદ્દેશ્યત્વાખ્યવિષયતા અને સાધ્યત્વાખ્યવિષયતા યતમાનને નિષિદ્ધરૂપે અવચ્છિન્ન નથી તેમ ભગવાનની ભક્તિની ક્રિયા પણ શાસ્ત્રવિધિ પ્રમાણે યતમાનની આનુષંગિકરૂપે જે પ્રતિમાની પૂજારૂપ ઉદ્દેશ્યત્વાખ્યવિષયતા છે અને પુષ્પોના ઉપમર્દનરૂપ સાધ્યત્વાખ્યવિષયતા છે તે નિષિદ્ધરૂપે અવચ્છિન્ન નથી એ, તુલ્ય છે. એથી આમ્રેડિત વડે શું ?=ફરી ફરી કહેવા વડે શું ? ।।૮૭।।**

✪ મુદ્રિત પુસ્તકમાં તથા હસ્તપ્રતમાં निषिद्धरूपाविच्छिन्ना પાઠ છે, ત્યાં निषिद्धरूपावच्छिन्ना પાઠની સંભાવના છે.

**ભાવાર્થ :-**

શ્લોકના પ્રથમના બે પાદ દ્વારા ગ્રંથકારશ્રીએ એ સ્થાપન કર્યું કે જો ભગવાનની પૂજામાં ભાવ અધર્મગત હોય અને ભગવાનની પૂજાની ક્રિયા ધર્મગત હોય તો તે પૂજાને ધર્માધર્મરૂપ મિશ્ર કહી શકાય નહિ, પરંતુ તે ભગવાનની પૂજાની ક્રિયાને અધર્મ જ કહેવી જોઈએ. હવે ભગવાનની પૂજામાં ભાવ અધર્મગત સંભવતો નથી. તે ગ્રંથકારશ્રી બતાવે છે –

કોઈ શ્રાવક ભગવાનની ભક્તિ કરતો હોય ત્યારે અરિહંત પ્રતિમાને અર્ચન કરવાનો ભક્તિનો ભાવ છે, તેથી તે ભાવ પાપથી સ્પર્શાયેલો નથી. વળી વિવેકી શ્રાવક ભગવાનની વિધિપૂર્વક ભક્તિ કરતો હોય ત્યારે ભગવાનના વચનનું સ્મરણ હોવાથી ભગવાનના વચનના સ્મરણથી નિયંત્રિત ભગવાનની ભક્તિ કરવાનો ભાવ વર્તે છે, તેથી વિધિપૂર્વક કરાતી પૂજામાં વર્તતો ભાવ પાપથી સ્પર્શાતો નથી. આ રીતે ક્વચિત્ સ્ખલનાથી યુક્ત પૂજામાં કે વિધિયુક્ત પૂજામાં વર્તતો ભાવ પાપથી સ્પર્શાતો નથી. તેમાં વ્યતિરેક દૃષ્ટાંત બતાવે છે અને તે વ્યતિરેક દૃષ્ટાંત દ્વારા જેમ ભગવાનની ભક્તિનો ભાવ પાપથી સ્પર્શાયેલ નથી, તેમ બતાવ્યું છે, તેમ પાર્શ્વચંદ્રની બુદ્ધિ આગ્રહવાળી છે, માટે પાપથી સ્પર્શાયેલી છે તેમ બતાવવું છે. તેથી

વ્યતિરેક દૃષ્ટાંતમાં કહે છે કે જેમ આગ્રહથી યુક્ત બુદ્ધિવાળાનું ચિત્ત પાપથી સ્પર્શાયેલું છે, તેમ ભગવાનની ભક્તિ કરનારાઓનું ચિત્ત પાપથી સ્પર્શાયેલું નથી.

આનાથી એ ફલિત થાય છે કે પાર્શ્વચંદ્રનું ચિત્ત સ્વ માન્યતા પ્રત્યે આગ્રહવાળું છે; તેથી તે તત્ત્વને જોતો નથી, માટે તેનું ચિત્ત પાપથી લેપાયેલું છે, તેની જેમ ભગવાન પ્રત્યે ભક્તિવાળા શ્રાવકોનું ચિત્ત ભગવાનની પૂજાકાળમાં પાપથી લેપાયેલું નથી.

અહીં પાર્શ્વચંદ્ર કહે કે પૂજા કરનાર શ્રાવકને એ ભાવ છે કે હું પુષ્પના જીવોનું ઉપમર્દન કરું અને તે પુષ્પના જીવોના ઉપમર્દનથી પ્રતિમાની પૂજા કરું, તેથી પ્રતિમાની પૂજાની ક્રિયાકાળમાં વર્તતો ભાવ પુષ્પાદિ જીવોના ઉપમર્દનરૂપ પાપથી સ્પર્શાયેલો દેખાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જો આ રીતે પૂજામાં હિંસાનો ભાવ પાર્શ્વચંદ્ર બતાવી શકતો હોય તો અપવાદથી નદી ઊતરનારા સાધુને પણ નદી ઊતરતી વખતે જળના જીવોનું હું ઉપમર્દન કરું અને તે નદીના જીવોના ઉપમર્દનથી નદી ઊતરીને વિહાર કરું, એ પ્રકારનો ભાવ પ્રાપ્ત થાય; અને તેમ પાર્શ્વચંદ્ર સ્વીકારે તો અપવાદથી નદી ઊતરનાર સાધુને પણ પાપથી સ્પર્શાયેલો ભાવ હોવાને કારણે ધર્માધર્મરૂપ મિશ્રપક્ષની પ્રાપ્તિ થાય. તેના સમાધાનરૂપે પાર્શ્વચંદ્ર કહે છે –

યતનાપૂર્વક નદી ઊતરનાર સાધુની કૃતિની આનુષંગિકરૂપે ઉદ્દેશ્યત્વાખ્યવિષયતા અને સાધ્યત્વાખ્યવિષયતા નિષિદ્ધરૂપાવચ્છિન્ના નથી.

આશય એ છે કે જે સાધુ યતનાપૂર્વક અપવાદથી નદી ઊતરે છે ત્યારે આનુષંગિકરૂપે 'નદીના જીવોનું ઉપમર્દન કરું' તે રૂપ સાધ્યત્વાખ્યવિષયતા છે, અને તે જીવોના ઉપમર્દનપૂર્વક નદી ઊતરીને વિહાર કરું, એ પ્રકારની ઉદ્દેશ્યત્વાખ્યવિષયતા છે; અને આ બંને વિષયતાનો શાસ્ત્રકારોએ સાધુને નિષેધ કરેલો નથી, તેથી આ બંને વિષયતા શાસ્ત્રથી નિષિદ્ધરૂપે અવચ્છિન્ન નથી. માટે સાધુના આનુષંગિક ભાવને આશ્રયીને અશુભ ભાવ કહેવાય નહિ, પરંતુ સાધુનો મુખ્ય ભાવ તો સંયમની વિશુદ્ધિ અર્થે નવકલ્પી વિહારનો છે અને તેને આશ્રયીને સાધુને શુદ્ધ ભાવ છે. માટે સાધુની નદી ઊતરવાની ક્રિયામાં વર્તતો ભાવ પાપથી સ્પર્શાયેલો નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે -

જો આ પ્રકારનું સમાધાન પાર્શ્વચંદ્ર, સાધુની અપવાદથી નદી ઊતરવાની ક્રિયામાં કરી શકે, તો શ્રાવકની ભગવાનની પૂજામાં પણ તે પ્રકારનું સમાધાન થઈ શકે છે; કેમ કે ભગવાનની પૂજા કરનાર શ્રાવકનો મુખ્ય આશય ભગવાનની ભક્તિ કરીને આ દ્રવ્યસ્તવ દ્વારા હું ભાવસ્તવની પ્રાપ્તિ કરું, તેવો છે, અને ભાવસ્તવની પ્રાપ્તિ એ સંયમની પ્રાપ્તિરૂપ છે. તેથી સંયમની પ્રાપ્તિના ઉપાયરૂપ્ર ભગવાનની ભક્તિમાં શ્રાવકનો મુખ્ય આશય સંયમપ્રાપ્તિ છે. તેથી મુખ્ય આશયને આશ્રયીને ભગવાનની ભક્તિમાં પાપનો સ્પર્શ નથી, અને આનુષંગિક ભાવને આશ્રયીને જેમ સાધુની નદી ઊતરવાની ક્રિયામાં શાસ્ત્રકારોએ નિષેધ કર્યો નથી, તેમ ભગવાનની ભક્તિની ક્રિયામાં આનુષંગિકરૂપે ઉદ્દેશ્યત્વાખ્યવિષયતા અને સાધ્યત્વાખ્યવિષયતાનો શાસ્ત્રકારે નિષેધ કર્યો નથી. માટે ભગવાનની પૂજા કરનાર શ્રાવકનો કે અપવાદથી

નદી ઊતરનાર સાધુનો પાપથી સ્પર્શાયેલો ભાવ નથી. માટે ફરી આમ્રેડન વડે શું ? અર્થાત્ એક વસ્તુને ફરી ફરી સ્વપક્ષના સ્થાપન માટે પાર્શ્વચંદ્ર ફેરવ્યા કરે છે, તે યુક્ત નથી. **॥૮૭॥**

**મુખ્ય ઉદ્દેશ્યત્વાખ્યાવિષયતા અને આનુષંગિક ઉદ્દેશ્યત્વાખ્યવિષયતા તથા મુખ્ય સાધ્યત્વાખ્યવિષયતા અને આનુંગિક સાધ્યત્વાખ્યવિષયતાની સમજૂતી**

| **સાધુનો મુખ્ય ઉદ્દેશ્ય** | **સાધુનો આનુષંગિક ઉદ્દેશ્ય** |
|---|---|
| ↓ | ↓ |
| સંયમનું પાલન કરીને સર્વ કર્મનો નાશ કરવો. તેથી સર્વ કર્મના નાશમાં મુખ્ય ઉદ્દેશ્યત્વાખ્યવિષયતા છે. | સંયમપાલનના ઉપાયભૂત નદી ઊતરીને નવકલ્પથી વિહાર કરવો. તેથી નવકલ્પી વિહારમાં આનુષંગિકઉદ્દેશ્યત્વાખ્યવિષયતા છે. |
| **સાધુનું મુખ્ય સાધ્ય** | **સાધુનું આનુષંગિક સાધ્ય** |
| ↓ | ↓ |
| નવકલ્પી વિહાર કરીને સંયમના કંડકોની વૃદ્ધિ કરવી. તેથી સંયમના કંડકોની વૃદ્ધિમાં મુખ્ય સાધ્યત્વાખ્યવિષયતા છે. | જળના જીવોનું ઉપમર્દન થાય તેવી નદી ઊતરવાની પ્રવૃત્તિ કરવી. તેથી જળના જીવોના ઉપમર્દનને અનુકૂળ પ્રવૃત્તિમાં આનુષંગિક સાધ્યત્વાખ્યવિષયતા છે. |

**મુખ્ય સાધ્ય** :- પ્રવૃત્તિનો જે સાક્ષાત્ વિષય હોય તે મુખ્ય સાધ્ય છે.

**મુખ્ય ઉદ્દેશ્ય** :- અંતિમ લક્ષ્યને ઉદ્દેશીને જે પ્રવૃત્તિ થતી હોય તે અંતિમ લક્ષ્ય, મુખ્ય ઉદ્દેશ્ય છે.

**આનુષંગિક સાધ્ય** :- મુખ્ય સાધ્યને આશ્રયીને થતી પ્રવૃત્તિમાં આનુષંગિક જે સાક્ષાત્ કાર્ય થતું હોય તે આનુષંગિક સાધ્ય છે.

**આનુષંગિક ઉદ્દેશ્ય** :- મુખ્ય ઉદ્દેશ્યને આશ્રયીને કરાતી પ્રવૃત્તિમાં આનુષંગિક જે કાર્ય પ્રાપ્ત થતું હોય તે આનુષંગિક ઉદ્દેશ્ય છે.

**અવતરણિકા :-**

**तुरीयं विकल्पमपि अपाकुर्वन् आह –**

**અવતરણિકાર્થ :-**

**ચોથા વિકલ્પને પણ=ક્રિયા ધર્મગત અને ક્રિયા અધર્મગત એ રૂપ ચોથા વિકલ્પને પણ, દૂર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૮૨માં ચાર વિકલ્પો પાડ્યા. તેમાં પ્રથમના ત્રણ વિકલ્પોથી ભગવાનની પૂજામાં ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ સંભવતો નથી, તેમ અત્યાર સુધી બતાવ્યું. હવે ભગવાનની પૂજામાં જીવના ઉપમર્દનરૂપ હિંસાની

ક્રિયાને આશ્રયીને અધર્મ અને ભગવાનની ભક્તિની ક્રિયાને આશ્રયીને ધર્મ છે, એ પ્રકારનો ચોથો ભાંગો પણ સંગત નથી. તે બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

धर्माधर्मगते क्रिये च युगपद् धत्तो विरोधं मिथो,
नाप्येते प्रकृतस्थले क्वचिदतस्तुर्योऽपि भङ्गो वृथा ।
शुद्धाशुद्ध उदाहृतो ह्यविधिना योगोऽर्चनाद्यश्च(ऽर्चनादिश्च ) यः,
सोप्येको व्यवहारदर्शनमतो नैव द्वयोर्मिश्रणात् ।।८८।।

**શ્લોકાર્થ :-**

**એક સાથે ધર્મ-અધર્મગત બે ક્રિયા પરસ્પર વિરોધને ધારણ કરે છે. વળી આ=ધર્મ-અધર્મગત ક્રિયા, પ્રકૃત સ્થળમાં=દ્રવ્યસ્તવમાં, ક્યાંય પણ નથી. આથી ચોથો ભાંગો વૃથા છે, અને અવિધિથી અર્ચનાદિ જે શુદ્ધાશુદ્ધ યોગ કહેવાયો છે, તે પણ વ્યવહારદર્શન છે. આથી એક છે, પરંતુ બેના મિશ્રણથી નથી. ।।૮૮।।**

✪ મૂળ શ્લોકમાં 'योगोऽर्चनाद्यश्च' પાઠ છે ત્યાં 'योगोऽर्चनादिश्च' પાઠની સંભાવના છે.

**ટીકા :-**

**'धर्माधर्मगते' इति :- धर्माधर्मगते च क्रिये युगपद् मिथः विरोधं धत्तः, भिन्नविषयक्रियाद्वयस्य एककालावच्छेदेन एकत्रानवस्थाननियमात्-**"भिन्नविसयं णिसिद्धं किरियादुगमेगय"**त्ति वचनात्। प्रकृतेऽसिद्धिश्चेत्यप्याह-नाप्येते=धर्माधर्मगतक्रिये, प्रकृतस्थले=द्रव्यस्तवस्थाने, क्वचिद्, अतः कारणात् तुर्योऽपि भङ्गो वृथा,=मिश्रपक्षसमर्थनाय मृषोपन्यासः। शुद्धाशुद्धयोगः शास्त्रोक्त एवेति तत्र तुर्यभङ्गावकाशः किं न स्यात्? अत्राह-'शुद्धाशुद्ध' इति अविधिना जिनार्चनाद्यश्च (जिनार्चनादिश्च) यः हि=निश्चितं, शुद्धाशुद्धो योग उदाहृतः, सोऽपि व्यवहारदर्शनम्, अत एकः=अंशे भ्रमप्रमारूपैकज्ञानवदंशे शुद्धाशुद्धविषयः, न तु द्वयोः शुद्धाशुद्धयो र्योगयोर्मिश्रणात्तयो र्विरोधादेवेति दत्तो मिश्रपक्षजलाञ्जलिः, शुद्धाशुद्धविषयत्वं च योगस्य व्यापारानुबन्धिविषयतानयेन स्वतो योगस्य निर्विषयत्वादिति स्मर्त्तव्यम् ।।८८।।**

✪ ટીકામાં 'जिनार्चनाद्यश्च' પાઠ છે ત્યાં 'जिनार्चनादिश्च' પાઠની સંભાવના છે.

**ટીકાર્થ :-**

**'धर्माधर्मगते' ..... वचनात् । એકી સાથે ધર્મ-અધર્મગત બે ક્રિયા પરસ્પર વિરોધને ધારણ કરે છે; કેમ કે ભિન્ન વિષયવાળી બે ક્રિયાનું એકકાલાવચ્છેદેન=એક કાળમાં, એકત્ર=ક્રિયાના આશ્રયરૂપ એક વ્યક્તિમાં અનવસ્થાનનો નિયમ છે.**

એક કાળમાં બે ક્રિયા સાથે ન રહે, એ પ્રકારના નિયમમાં શાસ્ત્રવચન બતાવવારૂપ હેતુ ગ્રંથકારશ્રી કહે છે –

**ભિન્ન વિષયવાળી બે ક્રિયાનો એકી સાથે નિષેધ છે, એ પ્રકારનું વચન છે.**

**ભાવાર્થ :-**

ચોથો ભાંગો ક્રિયા ધર્મગત અને ક્રિયા અધર્મગતને આશ્રયીને છે, અને શાસ્ત્રમાં ભિન્ન વિષયવાળી બે ક્રિયા એક કાળમાં સ્વીકારેલ નથી. તેથી પૂજાની ક્રિયામાં એક ક્રિયા હિંસાગતં હોવાથી અધર્મરૂપ છે અને એક ક્રિયા ભગવાનની ભક્તિગત હોવાથી ધર્મરૂપ છે, તેમ કહીને મિશ્રપક્ષ સ્વીકારી શકાય નહિ; કેમ કે ઉપયોગપૂર્વકની ક્રિયાને આશ્રયીને ધર્માધર્મની વ્યવસ્થા છે. તેથી પૂજા કરનારનો ઉપયોગ પોતાના ભૌતિક સ્વાર્થ ખાતર જીવોના ઉપમર્દનમાં હોય ત્યારે તે ક્રિયાને અધર્મરૂપ કહેવાય છે,

જેમ - સંસારી જીવો પોતાના શારીરિક સુખના અર્થે આરંભ-સમારંભ કરતા હોય ત્યારે તે ક્રિયાને અધર્મની ક્રિયા કહેવાય છે, પરંતુ જ્યારે આત્માના ગુણોને વિકસાવવા માટે કોઈ જીવો ક્રિયા કરતા હોય અને તે ક્રિયાથી ગુણોનો વિકાસ થતો હોય તો તે ક્રિયાને ધર્મગત કહેવાય છે. પૂજા કરનાર શ્રાવકો ભગવાનની પૂજા કરતા હોય ત્યારે આરંભ-સમારંભ કરીને કર્મબંધને અનુકૂળ એવા ઉપયોગવાળી ક્રિયા અને ભગવાનની ભક્તિ કરીને નિર્જરાને અનુકૂળ એવા ઉપયોગવાળી ક્રિયા કરતા નથી; કેમ કે એકકાલીન ક્રિયામાં બે પ્રકારના વિરુદ્ધ ઉપયોગવાળી ક્રિયા હોઈ શકે નહિ; અને જો ભગવાનની પૂજાકાળમાં કોઈ આલોકનો કે પરલોકનો આશય હોય તો તે ક્રિયા કર્મબંધને અનુકૂળ પરિણામવાળી હોવાથી અધર્મરૂપ છે, અને ભગવાનના ગુણો પ્રત્યેના બહુમાનથી ઊઠેલી પૂજાની ક્રિયા હોય તો તે ક્રિયા આત્માના ગુણોને વિકસાવવાનું કારણ હોવાથી ધર્મરૂપ છે. માટે પૂજાની ક્રિયામાં પુષ્પાદિ જીવોની હિંસાની ક્રિયા છે અને ભગવાનની ભક્તિની ક્રિયા છે, તેમ કહીને ધર્માધર્મરૂપ પૂજાની ક્રિયાને સ્વીકારી શકાય નહિ; કેમ કે હિંસાના વિષયવાળી અધર્મની ક્રિયા અને ગુણના વિકાસને અનુકૂળ એવી ધર્મની ક્રિયા ભિન્ન વિષયવાળી છે, અને તે ભિન્ન વિષયવાળી બે ક્રિયા એક કાળમાં એક વ્યક્તિમાં સાથે રહી શકે નહિ, એ પ્રકારનું શાસ્ત્રવચન છે. માટે માત્ર બાહ્યદૃષ્ટિને સામે રાખીને ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસાની ક્રિયા છે અને ભગવાનની ભક્તિની ક્રિયા છે, એ રૂપ બે ક્રિયાઓને સ્વીકારીને મિશ્રપક્ષ સ્વીકારી શકાય નહિ.

શ્લોકના બીજા પાદનું ઉત્થાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકાર્થ :-**

**प्रकृते ..... उपन्यासः । અને પ્રકૃતમાં=ભગવાનની પૂજારૂપ દ્રવ્યસ્તવમાં, અસિદ્ધિ છે=ધર્માધર્મરૂપ ક્રિયાની અસિદ્ધિ છે, એને પણ કહે છે=એને પણ શ્લોકના બીજા પાદથી કહે છે –**

**પ્રકૃત સ્થળમાં=દ્રવ્યસ્તવસ્થાનમાં, ક્યાંય પણ આ=ધર્માધર્મગત ક્રિયા, नापि=नैव=નથી જ. આ કારણથી=એકી સાથે ધર્માધર્મગત બે ક્રિયાનો વિરોધ છે અને દ્રવ્યસ્તવમાં ધર્માધર્મરૂપ બે ક્રિયા નથી આ કારણથી, ચોથો પણ ભાંગો વૃથા છે=મિશ્રપક્ષના સમર્થન માટે મૃષા ઉપન્યાસ છે.**

✪ प्रकृतेऽसिद्धिश्चेत्याप्याह - અહીં 'अपि'થી એ કહેવું છે કે એકીસાથે ધર્માધર્મરૂપ બે ક્રિયાનો વિરોધ તો છે, પરંતુ વિરોધ ન સ્વીકારીએ તોપણ દ્રવ્યસ્તવમાં ધર્માધર્મરૂપ મિશ્ર ક્રિયાની અસિદ્ધિ છે, એને પણ કહે છે.

✪ तुर्योऽपि भङ्गो वृथा - અહીં 'अपि'થી એ કહેવું છે કે પ્રથમના ત્રણ ભાંગા તો વૃથા છે, પરંતુ ચોથો ભાંગો પણ વૃથા છે.

**ભાવાર્થ :-**

પૂર્વમાં શાસ્ત્રવચનની યુક્તિથી સ્થાપન કર્યું કે પરસ્પર ભિન્ન વિષયવાળી બે ક્રિયાઓ એકી સાથે હોય નહિ, માટે ધર્માધર્મગત બે ક્રિયાઓ ભગવાનની પૂજામાં નથી. હવે દ્રવ્યસ્તવસ્થાનમાં કોઈપણ સ્થળનો વિચાર કરીએ તો ધર્માધર્મગત બે ક્રિયાની પ્રાપ્તિ નથી. તે આ રીતે –

જો સંસારના આશયથી દ્રવ્યસ્તવની પ્રવૃત્તિ થતી હોય તો તે સંસારના આરંભ-સમારંભ જેવી જ પ્રવૃત્તિ છે, માટે તે ક્રિયા અધર્મરૂપ છે, પરંતુ ધર્માધર્મરૂપ મિશ્ર ક્રિયા નથી; અને ભગવાનના ગુણો પ્રત્યેના બહુમાનથી ભગવાનની ભક્તિની ક્રિયા થતી હોય તો તે ક્રિયા ધર્મરૂપ છે, પરંતુ ધર્માધર્મરૂપ નથી. માટે દ્રવ્યસ્તવની પ્રવૃત્તિ ધર્માધર્મરૂપ ક્રિયાવાળી છે, તેમ કહી શકાય નહિ.

આ કારણથી=એકી સાથે પરસ્પર વિરુદ્ધ ક્રિયાઓ હોઈ શકે નહિ અને દ્રવ્યસ્તવમાં ધર્માધર્મગત મિશ્ર ક્રિયા નથી આ કારણથી, ચોથો ભાંગો પણ મિશ્રપક્ષના સમર્થન માટે ઉપન્યાસ થઈ શકતો નથી. માટે પાર્શ્વચંદ્રને અભિમત ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ સ્વીકારી શકાય નહિ.

શ્લોકના ત્રીજા-ચોથા પાદનું ઉત્થાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકાર્થ :-**

**शुद्धाशुद्ध योगः ..... मिश्रपक्षजलाञ्जलिः । પાર્શ્વચંદ્ર કહે છે કે શુદ્ધાશુદ્ધ યોગ શાસ્ત્રોક્ત જ છે. એથી ત્યાં=ભગવાનની પૂજામાં, ચોથા ભાંગાનો અવકાશ કેમ ન થાય ? અર્થાત્ થાય. આમાં=પાર્શ્વચંદ્રના કથનમાં, ગ્રંથકારશ્રી શ્લોકના ત્રીજા-ચોથા પાદથી કહે છે –**

**અવિધિ દ્વારા જે જિનાર્ચનાદિ શુદ્ધાશુદ્ધ યોગ નિશ્ચિત શાસ્ત્રમાં કહેવાયો છે, તે પણ વ્યવહારનું દર્શન છે=વ્યવહારનયની દૃષ્ટિ છે અર્થાત્ પૂજાના દીર્ઘકાળને સ્થૂલથી એક કાળરૂપ ગ્રહણ કરીને ભિન્નકાળમાં વર્તતી બે ક્રિયાઓને એકકાળવર્તી સ્વીકારીને ઉપચારથી કહેનાર વ્યવહારનયની દૃષ્ટિ છે. આથી=જિનાર્ચનાદિમાં શુદ્ધાશુદ્ધ યોગ કહેવાયો છે, એ વ્યવહારનયનું દર્શન છે, આથી, એક છે=અંશમાં ભ્રમપ્રમારૂપ એક જ્ઞાનની જેમ અંશમાં શુદ્ધાશુદ્ધ વિષયવાળો છે, પરંતુ બેના=શુદ્ધાશુદ્ધ યોગરૂપ બેના, મિશ્રણથી નહિ; કેમ કે તે બેનો=શુદ્ધાશુદ્ધયોગરૂપ બે યોગનો, વિરોધ જ છે=એક કાળમાં સાથે રહેવામાં વિરોધ જ છે, એથી મિશ્રપક્ષને જલાંજલિ અપાઈ=મિશ્રપક્ષનો ત્યાગ કરાયો.**

પૂર્વમાં કહ્યું કે યોગનું શુદ્ધાશુદ્ધપણું જે કહેવાયું છે, તે પણ વ્યવહારનયનું દર્શન છે. ત્યાં પ્રશ્ન થાય કે યોગ તો મન, વચન અને કાયાના પુદ્ગલને અવલંબીને આત્મામાં થતા સ્પંદનાત્મક પરિણામરૂપ છે અને

તે પરિસ્પંદનનો વિષય કોઈ નથી. તેથી યોગનું શુદ્ધાશુદ્ધવિષયપણું છે, તેમ કેમ કહી શકાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

**शुद्धाशुद्धविषयत्वं ..... स्मर्त्तव्यम् ।। અને વ્યાપારાનુબંધિવિષયતાનયથી=વ્યાપારના સંબંધવાળી વિષયતાને જોનાર નયદૃષ્ટિથી, યોગનું શુદ્ધાશુદ્ધ વિષયપણું છે; કેમ કે સ્વતઃ યોગનું નિર્વિષયપણું છે, એ પ્રમાણે જાણવું. ॥૮૮॥**

**ભાવાર્થ :-**

કોઈ શ્રાવક ભગવાનની ભક્તિથી ભગવાનની પૂજા કરતા હોય, આમ છતાં ભક્તિકાળમાં શાસ્ત્રોક્ત વિધિમાં સમ્યગ્ યત્ન ન હોય તો તે શ્રાવકની ભગવાનની પૂજા અવિધિવાળી છે; અને તે અવિધિવાળી પૂજાની ક્રિયાને શાસ્ત્રકારોએ અવિધિરૂપ અશુદ્ધ અંશ અને ભગવાનની ભક્તિરૂપ શુદ્ધ અંશને આશ્રયીને શુદ્ધાશુદ્ધરૂપ કહી છે. તેને સામે રાખીને પાર્શ્વચંદ્ર કહે છે કે એક કાળની ક્રિયામાં શુદ્ધાશુદ્ધ યોગ શાસ્ત્રોક્ત જ છે. આથી અવિધિવાળી ભગવાનની પૂજાની ક્રિયાને શાસ્ત્રકારોએ શુદ્ધાશુદ્ધ યોગવાળી સ્વીકારી છે. તેથી ચોથા ભાંગાનો અવકાશ પૂજામાં છે; કેમ કે ભગવાનની ભક્તિનો અંશ શુદ્ધ યોગરૂપ છે અને પુષ્પાદિ જીવોના ઉપમર્દનરૂપ અંશ અશુદ્ધ યોગરૂપ છે, આ પ્રકારના પાર્શ્વચંદ્રના કથનમાં ગ્રંથકારશ્રી કહે છે -

વ્યવહારનયની દૃષ્ટિથી અવિધિવાળી ભગવાનની પૂજાને શાસ્ત્રકારોએ શુદ્ધાશુદ્ધ સ્વીકારી છે, પરંતુ હિંસાના અંશને અને ભક્તિના અંશને આશ્રયીને શુદ્ધાશુદ્ધ સ્વીકારી નથી; અને આ વ્યવહારનયનું કથન પણ એક કાળની ક્રિયાને શુદ્ધાશુદ્ધ રૂપે કહેતું નથી, પરંતુ સ્થૂલ વ્યવહારદૃષ્ટિથી પૂજાના દીર્ઘકાળને એક કાળરૂપે સ્વીકારીને જ્યારે શ્રાવકનો ઉપયોગ અવિધિ અંશમાં છે, ત્યારે અશુદ્ધ યોગ છે, અને જ્યારે ભક્તિઅંશમાં ઉપયોગ છે ત્યારે શુદ્ધયોગ છે, અને તે બંને ભિન્નકાળમાં હોવા છતાં સ્થૂલ વ્યવહારદૃષ્ટિથી પૂજાના એક કાળમાં છે, તેમ કહીને, તે પૂજાની ક્રિયાને શુદ્ધાશુદ્ધરૂપે કહેલ છે. આથી જેમ કોઈ વ્યક્તિને રજત અને શુક્તિ બે સાથે દેખાય અને તે બંનેમાં આ બંને રજત છે, એવું જ્ઞાન થાય ત્યારે, તે જ્ઞાનમાં શુક્તિઅંશમાં રજતનું જ્ઞાન ભ્રમરૂપ છે અને રજત અંશમાં રજતનું જ્ઞાન પ્રમારૂપ છે. તેથી તે જ્ઞાનના એક અંશમાં ભ્રમ અને એક અંશમાં પ્રમા છે. તેની જેમ ભગવાનની પૂજામાં જે અંશમાં અવિધિનો ઉપયોગ છે, તે અંશમાં અશુદ્ધ વિષયવાળી પૂજાની ક્રિયા છે, અને જે અંશમાં ભક્તિનો ઉપયોગ છે, તે અંશમાં શુદ્ધ વિષયવાળી પૂજાની ક્રિયા છે; પરંતુ શુદ્ધ અને અશુદ્ધ ઉપયોગના મિશ્રણરૂપ તે પૂજાની ક્રિયા નથી અર્થાત્ હિંસારૂપ અશુદ્ધ યોગ અને ભગવાનની ભક્તિરૂપ શુદ્ધયોગ એ સ્વરૂપ શુદ્ધાશુદ્ધ યોગના મિશ્રણવાળી ભગવાનની ભક્તિની ક્રિયા નથી; કેમ કે શુદ્ધાશુદ્ધ યોગનો વિરોધ જ છે, એથી મિશ્રપક્ષને જલાંજલિ અપાઈ.

અહીં પ્રશ્ન થાય કે યોગ એ તો મન, વચન અને કાયાને અવલંબીને થતા વીર્યસ્ફુરણરૂપ ક્રિયા છે, તે ક્રિયાનો કોઈ વિષય નથી. તેથી યોગને શુદ્ધાશુદ્ધ વિષયવાળો છે, એમ કેમ કહી શકાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે -

વ્યાપારાનુબંધિ વિષયતાનયથી યોગનું શુદ્ધાશુદ્ધ વિષયપણું છે અર્થાત્ વીર્યસ્ફુરણરૂપ વ્યાપારના સંબંધવાળી વિષયતાને જોનાર જે નયદૃષ્ટિ છે, તે દૃષ્ટિથી યોગ શુદ્ધાશુદ્ધ વિષયવાળો છે.

જેમ - ભગવાનની પૂજાના કાળમાં મન, વચન અને કાયાને અવલંબીને જે વીર્યસ્ફુરણ થાય છે, તે રૂપ જે વ્યાપાર, એની સાથે સંબંધવાળો વિષય ભગવાનની ભક્તિની ક્રિયા છે; અને તે ભગવાનની ભક્તિની ક્રિયામાં રહેલી વિષયતાને જોનારી જે દૃષ્ટિ છે, તે રૂપ નયદૃષ્ટિથી વિચારીએ તો, ભગવાનની પૂજાની ક્રિયાના કાળમાં તે યોગનો વિષય, અવિધિ અંશ હોય ત્યારે, તે વ્યાપારના સંબંધવાળી અવિધિમાં અશુદ્ધ વિષયતા છે; અને જ્યારે તે વ્યાપાર સાથે સંબંધવાળો વિષય ભગવાનની ભક્તિ હોય ત્યારે, તે વ્યાપારના સંબંધવાળી ભગવાનની ભક્તિમાં શુદ્ધ વિષયતા છે, તેથી યોગનું શુદ્ધાશુદ્ધ વિષયપણું કહેલ છે; પરંતુ યોગના પોતાના સ્વરૂપથી વિચારીએ તો યોગનો કોઈ વિષય નથી, પરંતુ યોગ એ આત્મપ્રદેશના કંપનસ્વરૂપ ક્રિયાવિશેષ છે.

અહીં વિશેષ એ છે કે કેવલજ્ઞાન થયા પછી કેવલી વિહારાદિ કરતા હોય ત્યારે તેમના યોગને પ્રાપ્ત કરીને કોઈ જીવની હિંસા થાય ત્યારે પણ કેવલીને દ્વિસામાયિક કર્મબંધ થાય છે, અને જ્યારે તેમના યોગને પ્રાપ્ત કરીને કોઈ જીવની હિંસા થતી નથી, ત્યારે પણ કેવલીને દ્વિસામાયિક કર્મબંધ થાય છે. તેથી એ ફલિત થાય કે કેવલીનો વીર્યવ્યાપાર હિંસા થાય છે ત્યારે અશુદ્ધ છે અને હિંસા થતી નથી ત્યારે શુદ્ધ છે તેમ નથી, પરંતુ હિંસા થતી હોય કે હિંસા ન થતી હોય બંને વખતે તે વીર્યવ્યાપારકૃત માત્ર બે સમયનો કર્મબંધ થાય છે. તેમ સંસારી જીવોના વીર્યવ્યાપારથી પણ એ રીતે જ કર્મબંધ થવો જોઈએ, પરંતુ સંસારી જીવોનો જે વીર્યવ્યાપાર છે, તે કર્મબંધને અનુકૂળ એવી બાહ્યપ્રવૃત્તિ સાથે સંબંધવાળો હોય ત્યારે અશુદ્ધ વિષયતાવાળો તે વીર્યવ્યાપાર છે, અને જ્યારે સંસારી જીવોને વીર્યવ્યાપાર કર્મનિર્જરાને અનુકૂળ પ્રવૃત્તિ સાથે સંબંધવાળો હોય ત્યારે શુદ્ધ વિષયતાવાળો તે વીર્યવ્યાપાર છે, તેમ વ્યવહાર થાય છે; કેમ કે જ્યારે જીવનો કર્મબંધને અનુકૂળ પ્રવૃત્તિ સાથે વીર્યવ્યાપાર હોય ત્યારે અશુદ્ધ ભાવો જીવમાં વર્તે છે, માટે કર્મબંધ થાય છે; અને જ્યારે નિર્જરાને અનુકૂળ પ્રવૃત્તિ સાથે સંબંધવાળો વીર્યવ્યાપાર હોય ત્યારે શુદ્ધ ભાવો જીવમાં વર્તે છે, માટે નિર્જરા થાય છે. પરંતુ કેવલીને તેવા શુદ્ધાશુદ્ધ ભાવો નહિ હોવાથી માત્ર યોગકૃત કર્મબંધ થાય છે. તેથી યોગ શુદ્ધાશુદ્ધ વિષયવાળો નથી, પરંતુ યોગથી થતી પ્રવૃત્તિને કારણે જીવમાં નિર્જરાને અનુકૂળ કે કર્મબંધને અનુકૂળ ભાવો થાય છે, તેને આશ્રયીને યોગને શુદ્ધાશુદ્ધ વિષયવાળો કહેલ છે, પરંતુ ભાવની વિવક્ષા કર્યા વગર યોગની વિચારણા કરીએ તો સ્વતઃ યોગનો વિષય શુદ્ધ કે અશુદ્ધ કોઈ નથી. **॥૮૮॥**

**અવતરણિકા :-**

**निश्चयतस्तु शुद्धाशुद्धयोगो नास्त्येव' इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**નિશ્ચયથી વળી શુદ્ધાશુદ્ધ યોગ નથી જ, એ પ્રકારે ગ્રંથકારશ્રી કહે છે –**

**અવતરણિકાનો ભાવાર્થ :-**

શ્લોક-૮૮માં કહ્યું કે અવિધિથી જે જિનાર્ચનાદિ શુદ્ધાશુદ્ધ યોગરૂપ કહેવાયા છે, તે પણ વ્યવહારદર્શન છે અર્થાત્ વ્યવહારનય દીર્ઘકાળને આશ્રયીને શુદ્ધાશુદ્ધ યોગ સ્વીકારે છે, પરંતુ એક કાળમાં શુદ્ધાશુદ્ધ યોગનું મિશ્રણ સ્વીકારતો નથી. હવે તે દીર્ઘકાળના ઉપયોગમાં જ્યારે અવિધિથી જિનાર્ચનાદિ કરાય છે, ત્યારે નિશ્ચયનયથી શુદ્ધાશુદ્ધ યોગ નથી, પરંતુ જિનાર્ચનાદિમાં જે વખતે અવિધિ અંશ પ્રધાન હોય છે, ત્યારે અશુદ્ધ અંશ પ્રધાન છે, અને જે વખતે વિધિ અંશ પ્રધાન હોય છે, ત્યારે શુદ્ધ અંશ પ્રધાન છે. તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

भावद्रव्यतया द्विधा परिणतिप्रस्पन्दरूपा स्मृता,
योगास्तत्र तृतीयराश्यकथनादाद्येषु नो मिश्रता ।
नैवान्त्येष्वपि निश्चियादिति विषोद्गारः कथं ते भ्रमो,
निष्पीता किमु न क्षमाश्रमणगीः सद्भाष्यसिन्धोः सुधा ।।८९।।

**શ્લોકાર્થ :-**

**પરિણતિ અને પ્રસ્પંદરૂપ યોગો ભાવદ્રવ્યપણાથી=ભાવપણાથી અને દ્રવ્યપણાથી, બે પ્રકારે કહેવાયા છે. ત્યાં=પરિણતિરૂપ પહેલા ભાવયોગમાં, મિશ્રતા નથી; કેમ કે ત્રીજી રાશિનું અકથન છે. નિશ્ચયથી=નિશ્ચયનયથી, અંત્યોમાં=દ્રવ્યોગોમાં, પણ મિશ્રતા નથી. इति=एवं=એ રીતે=શ્લોક ૮૨થી અત્યારસુધી કહ્યું તેમ મિશ્રપક્ષનો સંભવ નથી એ રીતે, વિષના ઉદ્ગારવાળો તારો ભ્રમ કેમ છે ? સદ્ભાષ્ય રૂપ સમુદ્રના અમૃત સ્વરૂપ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની વાણી કેમ નથી પીવાઈ ? અર્થાત્ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની વાણીનું પાન તારે કરવું જોઈએ. ।।૮૯।।**

**ટીકા :-**

'भाव' इत्यादि :-[परिणतिः=]मनोवाक्काययोगनिबन्धनाध्यवसायरूपं भावकरणं परिणतिः, मनोवाक्कायद्रव्योपष्टम्भजनिता या बाह्यक्रिया परिस्पन्दः, तल्लक्षणा योगा भावद्रव्यतया द्विधा स्मृताः, तत्राद्येषु भावयोगेषु नो=नैव, मिश्रता भवति, कस्मात्? तृतीयराशेरकथनात्, शुभान्यशुभानीति द्विविधान्येवाध्यवसायस्थानान्युक्तानि, न तु तृतीयोऽपि राशिरिति ।

**ટીકાર્થ :-**

मनोवाक्काय ..... राशिरिति । મન, વચન અને કાયાના યોગના કારણ એવા અધ્યવસાયરૂપ ભાવકરણ તે પરિણતિ છે, અને મન, વચન અને કાયારૂપ દ્રવ્યના ઉપષ્ટંભથી જનિત જે બાહ્યક્રિયા

**તે પરિસ્પંદ છે; તે સ્વરૂપ=પરિણતિ અને પરિસ્પંદસ્વરૂપ યોગો ભાવપણાથી અને દ્રવ્યપણાથી બે પ્રકારે કહેવાયા છે. ત્યાં=આદ્ય એવા ભાવયોગોમાં=પરિણતિરૂપ મન, વચન અને કાયયોગના કારણ એવા અધ્યવસાયરૂપ ભાવયોગોમાં મિશ્રતા નથી જ.**

કેમ નથી ? તેમાં હેતુ કહે છે –

**ત્રીજી રાશિનું અકથન છે.**

ત્રીજી રાશિનું અકથન કેમ છે ? તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

**શુભ અને અશુભ એ પ્રકારે બે પ્રકારનાં જ અધ્યવસાયસ્થાનો કહેવાયાં છે, પરંતુ ત્રીજી પણ રાશિ કહેવાઈ નથી=શુભાશુભ મિશ્ર પણ રાશિ કહેવાઈ નથી.**

**'इति' શબ્દ ભાવયોગોમાં મિશ્રતા નથી, એ કથનની સમાપ્તિ સૂચક છે.**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં બે પ્રકારે યોગો કહેવાયો છે :

**(૧) ભાવયોગ અને (૨) દ્રવ્યયોગ.**

ભાવયોગ એ જીવની પરિણતિરૂપ છે અને દ્રવ્યયોગ એ પરિસ્પંદરૂપ છે. જીવની પરિણતિરૂપ ભાવયોગનો અર્થ ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

મન, વચન અને કાયાના વ્યાપારના કારણભૂત એવા અધ્યવસાયરૂપ જે ભાવકરણ તે પરિણતિ છે.

અહીં 'ભાવકરણ' કહેવાથી એ કહેવું છે કે જેમ - દંડ ભ્રમિ દ્વારા ઘટનું કારણ છે, તેથી દંડને કરણ કહેવાય છે; કેમ કે કરણનું લક્ષણ છે કે "व्यापारवदसाधारणं कारणं करणम् ।" તેથી દંડ ભ્રમિરૂપ વ્યાપાર દ્વારા ઘટનું કારણ છે, માટે દંડ કરણ છે. તેમ પ્રસ્તુતમાં જીવમાં વર્તતા અધ્યવસાયો પરિસ્પંદરૂપ ક્રિયા દ્વારા કર્મબંધનું કારણ છે, તેથી અધ્યવસાયને કરણ કહેલ છે, અને આ અધ્યવસાય જીવના ભાવરૂપ છે, તેથી તે અધ્યવસાયરૂપ કરણને ભાવકરણ કહેલ છે.

પરિસ્પંદરૂપ દ્રવ્યયોગનો અર્થ ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

મનોદ્રવ્ય, વચનદ્રવ્ય અને કાયદ્રવ્યના ઉપષ્ટંભથી જનિત જે બાહ્યક્રિયા તે પરિસ્પંદ છે અર્થાત્ જીવમાં મનોદ્રવ્યને અવલંબીને જે આત્મપ્રદેશોનું કંપન થાય છે અથવા વચનદ્રવ્યને અવલંબીને જે આત્મપ્રદેશોનું કંપન થાય છે અથવા કાયદ્રવ્યને અવલંબીને જે આત્મપ્રદેશોનું કંપન થાય છે, તે બાહ્યક્રિયા રૂપ છે, અને તે પરિસ્પંદ છે, તેથી તે દ્રવ્યયોગ છે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે પરિણતિરૂપ ભાવયોગ છે અને પરિસ્પંદરૂપ દ્રવ્યયોગ છે.

પરિણતિરૂપ ભાવયોગમાં મિશ્રતા નથી જ; કેમ કે શાસ્ત્રમાં શુભ અને અશુભ બે પ્રકારનાં અધ્યવસાયસ્થાનો કહેવાયાં છે, પરંતુ મિશ્ર અધ્યવસાયસ્થાનો કહેવાયાં નથી, માટે ભાવયોગમાં ત્રીજી રાશિ નથી, તેથી ભાવયોગને આશ્રયીને પાર્શ્વચંદ્ર પૂજાને શુદ્ધાશુદ્ધરૂપ મિશ્ર કહી શકે નહિ.

**ટીકા :-**

**अन्त्येषु द्रव्ययोगेष्वपि निश्चयान्नैव मिश्रता, तन्मते द्रव्ययोगानामपि मिश्राणामभावात्, तत्तदंशप्राधान्ये शुभाशुभान्यतरस्यैव पर्यवसानाद्, निश्चयाङ्गव्यवहारेणापि तथाव्यवहरणात्, अत एवाशोकप्रधानं वनमशोकवनमिति विवक्षया न मिश्रभाषापत्तिः,**

**ટીકાર્થ :-**

**अन्त्येषु ..... मिश्रभाषापत्तिः, અંત્ય એવા દ્રવ્યયોગોમાં પણ=મન, વચન અને કાયદ્રવ્યના ઉપષ્ટંભથી જનિત પરિસ્પંદરૂપ દ્રવ્યયોગોમાં પણ, નિશ્ચયથી=નિશ્ચયનયથી, મિશ્રતા નથી જ= શુદ્ધાશુદ્ધ યોગરૂપ મિશ્રતા નથી જ; કેમ કે તેના મતમાં=નિશ્ચયનયના મતમાં, દ્રવ્યયોગોના પણ મિશ્રણનો અભાવ છે.**

નિશ્ચયનયના મતમાં દ્રવ્યયોગોના મિશ્રણનો અભાવ કેમ છે ? તેમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

**તે તે અંશના પ્રાધાન્યમાં=મન, વચન અને કાયાની પ્રવૃત્તિકાળમાં શુભ કે અશુભમાંથી જે જે અંશ પ્રધાન હોય તે તે અંશના પ્રાધાન્યમાં શુભ, અશુભ અન્યતરનું જ પર્યવસાનપણું છે=તે ક્રિયામાં શુભ અંશપ્રધાન હોય તો પરિસ્પંદરૂપ તે યોગને નિશ્ચયનય શુભયોગ કહે છે અને અશુભ અંશપ્રધાન હોય તો પરિસ્પંદરૂપ તે યોગને નિશ્ચયનય અશુભ યોગ કહે છે.**

અહીં પ્રશ્ન થાય કે નિશ્ચયનયથી પરિસ્પંદરૂપ દ્રવ્યયોગની મિશ્રતા ન હોય તોપણ વ્યવહારનયથી પરિસ્પંદરૂપ દ્રવ્યયોગની મિશ્રતા છે, તેથી તેને આશ્રયીને મિશ્રયોગની સિદ્ધિ થશે. તેથી ગ્રંથકારશ્રી કહે છે –

**નિશ્ચયાંગ વ્યવહારથી પણ=નિશ્ચયની સાથે સંબંધવાળા એવા વ્યવહારનયથી પણ, તે પ્રકારનું વ્યવહરણ હોવાને કારણે=જે પ્રકારે નિશ્ચયનય પ્રધાન અંશને આશ્રયીને શુભ-અશુભમાંથી અન્યતર એક યોગને સ્વીકારે છે તે પ્રકારે વ્યવહારનયનું વક્તવ્ય હોવાને કારણે, નિશ્ચયાંગ વ્યવહારનયથી પણ દ્રવ્યયોગોમાં મિશ્રતા નથી, એમ અન્વય છે.**

નિશ્ચયાંગ વ્યવહારનયથી દ્રવ્યયોગોમાં મિશ્રતા નથી, તેની પુષ્ટિ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

**આથી જ=નિશ્ચયાંગ વ્યવહારનયથી દ્રવ્યયોગોમાં મિશ્રતા નથી આથી જ, 'અશોકપ્રધાન વન અશોકવન' એ પ્રકારની વિવક્ષાથી મિશ્રભાષાની આપત્તિ નથી=વ્યવહારનયને મિશ્રભાષા સ્વીકારવાની પ્રાપ્તિરૂપ દોષ નથી.**

**ભાવાર્થ :-**

પૂર્વે ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે યોગ બે પ્રકારના છે –

(૧) ભાવયોગ અને (૨) દ્રવ્યયોગ.

ભાવયોગમાં મિશ્રતા નથી, તે પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું. હવે પરિસ્પંદરૂપ જે દ્રવ્યયોગો છે, તેમાં પણ શુભાશુભ યોગની મિશ્રતા નથી, તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

નિશ્ચયનયથી મન, વચન અને કાયાને અવલંબીને થતા પરિસ્પંદરૂપ દ્રવ્યયોગમાં પણ શુભાશુભ કર્મબંધને અનુકૂળ એવો મિશ્રભાવ નથી; કેમ કે નિશ્ચયનય દ્રવ્યયોગોમાં મિશ્રતા સ્વીકારતો નથી.

નિશ્ચયનય દ્રવ્યયોગોમાં કેમ મિશ્રતા સ્વીકારતો નથી, તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ બતાવે છે –

કોઈપણ અનુષ્ઠાનકાળમાં શુભયોગ પ્રધાન હોય તો તે અંશને પ્રધાન કરીને નિશ્ચયનય તે યોગને શુભયોગ કહે છે, અને અશુભયોગ પ્રધાન હોય તો તે અંશને પ્રધાન કરીને નિશ્ચયનય તે યોગને અશુભયોગ કહે છે. આમ કહેવા પાછળ નિશ્ચયનયનો આશય એ છે કે અનુષ્ઠાનકાળમાં જીવ ઉત્તમ અધ્યવસાયને અવલંબીને યોગમાં યત્ન કરતો હોય તે વખતે અજ્ઞાનને કારણે કે અનાભોગને કારણે અવિધિ અંશ પ્રવર્તતો હોય તો પણ શુભ અધ્યવસાયને કારણે શુભયોગનો ઉપયોગ મુખ્ય છે, અને તે શુભઉપયોગ પ્રમાણે પુણ્યબંધ કે નિર્જરા થાય છે, પરંતુ અપ્રધાન એવા અશુભયોગને અવલંબીને કર્મબંધ થતો નથી. તેથી નિશ્ચયનય તે ક્રિયામાં વર્તતા શુભયોગરૂપ પ્રધાન અંશને સ્વીકારીને શુભયોગ સ્વીકારે છે, પરંતુ અશુભ યોગ સ્વીકારતો નથી; અને શુભ પણ ક્રિયા કરતી વખતે ક્રિયા કરનારનો ઉપયોગ ભગવાનના વચન પ્રત્યે અનાદરવાળો હોય કે વિપરીત રુચિથી આવિષ્ટ હોય તે વખતે સુંદર પણ અનુષ્ઠાનકાળમાં અશુભ અંશ પ્રધાન છે. તેથી તે સુંદર પણ અનુષ્ઠાનથી જીવને અશુભ કર્મનો બંધ થાય છે માટે નિશ્ચયનય તે ક્રિયામાં વર્તતા અશુભ અંશને પ્રધાન કરીને અશુભયોગરૂપે સ્વીકારે છે, પણ શુભયોગરૂપે સ્વીકારતો નથી. તેથી નિશ્ચયનયના મત પ્રમાણે શુભાશુભ મિશ્રયોગ નથી.

વસ્તુતઃ નિશ્ચયનય કર્મબંધરૂપ ફળને અનુરૂપ તે ક્રિયા વર્તતી હોય તો તે ક્રિયાને અશુભયોગ સ્વીકારે છે, અને પુણ્યબંધ તથા નિર્જરાને અનુકૂળ તે ક્રિયા વર્તતી હોય તો તે ક્રિયાને શુભયોગ સ્વીકારે છે, પરંતુ પરિસ્પંદરૂપ બાહ્યક્રિયાને શુભાશુભરૂપ મિશ્ર તરીકે સ્વીકારતો નથી.

વળી, જેમ નિશ્ચયનય દ્રવ્યયોગોમાં મિશ્રતા સ્વીકારતો નથી, તેમ નિશ્ચયાંગ વ્યવહારનય પણ=નિશ્ચયની જેમ સૂક્ષ્મ દૃષ્ટિને જોનાર દૃષ્ટિને અવલંબીને પ્રવર્તનાર એવો વ્યવહારનય પણ, તે પ્રકારે વ્યવહાર કરે છે=નિશ્ચયની જેમ વ્યવહાર કરે છે અર્થાત્ જેમ નિશ્ચયનય પ્રધાન અંશને સામે રાખીને દ્રવ્યયોગને શુભ કે અશુભ બેમાંથી એક યોગ કહે છે, પરંતુ મિશ્રયોગ કહેતો નથી, તેમ નિશ્ચયાંગ વ્યવહારનય પણ શુભ કે અશુભ એક યોગ કહે છે, પરંતુ મિશ્રયોગ કહેતો નથી, અને તેની પુષ્ટિ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે -

આથી જ અશોકપ્રધાન એવા વનને અશોકવન એ પ્રમાણે કોઈ વિવક્ષા કરે ત્યારે મિશ્રભાષાની આપત્તિ નથી અર્થાત્ શુભાશુભ મિશ્રયોગ સ્વીકારવાની આપત્તિ નથી; કેમ કે નિશ્ચયાંગ વ્યવહારનયની દૃષ્ટિથી પ્રધાન અંશને સામે રાખીને આ વન અશોકવન છે, તેમ કહેવાય છે. વસ્તુતઃ તે વનમાં અશોક સિવાયનાં અન્ય વૃક્ષો પણ અલ્પ અંશમાં હોઈ શકે, તોપણ અશોક વૃક્ષની પ્રધાનતાને સામે રાખીને તે પ્રકારનો પ્રયોગ થાય છે, અને તે પ્રયોગમાં આ મિશ્રભાષા છે, તેમ કહેવાનો દોષ પ્રાપ્ત થતો નથી.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે નિશ્ચયાંગ વ્યવહારનયથી પણ દ્રવ્યયોગોની મિશ્રતા નથી. ત્યાં શંકા કરતાં કોઈ કહે છે -

**ટીકા :-**

**कथं तर्हि श्रुतभावभाषायां तृतीयभेदस्यापरिगणनं, द्रव्यभावभाषायां तु तत्परिगणनमिति चेत्? एकत्र निश्चयनयेन धर्मिणोऽर्पणात्, अन्यत्र तु व्यवहारनयेनेति गृहाण, सर्वत्र निश्चयनयेन धर्म्यर्पणे तु भाषाया द्वावेव भेदौ न चत्वारः, तदवदाम भाषारहस्ये -**

"भासा चउविह त्ति य ववहारणया सुअम्मि पन्नाणं ।
सच्चामुस त्ति भासा दुविह चिय हंदि णिच्छयओ"।। [**भाषारहस्य गाथा-१७**]

**एवं विशदीकृतेऽर्थे भ्रान्तोक्त्या न व्यामोहः कार्यः, इत्याह-इत्येवं ते=तव, को (कथं) भ्रमो= भ्रान्तोपयोगः (भ्रान्तः प्रयोगः पाठान्तरे), विषोद्गारः? किन्तु (किमु) सद्भाष्यं यद्विशेषावश्यकं तदेव सिन्धुः=समुद्रः, तस्य सुधामृतं क्षमाश्रमणगीः=जिनभद्रगणिक्षमाश्रमणवाणी, न निष्पीता तत्पाने हि भ्रमविषोद्गारो न स्यादेवाहारसदृशत्वादुद्गारस्य, किन्तु कुमतिपरिगृहीतश्रुताभास-विषपानस्यैवेदं विलसितमिति संभावयामः।।८९।।**

**ટીકાર્થ :-**

**कथं ..... न चत्वारः, તો પછી શ્રુતભાવભાષામાં તૃતીય ભેદનું=ચાર પ્રકારની ભાષામાં મિશ્રભાષારૂપ ત્રીજા ભેદનું અપરિગણન છે. વળી દ્રવ્યભાષામાં તેનું પરિગણન=મિશ્રભાષારૂપ ત્રીજા ભેદનું પરિગણન, કેમ છે ? એમ જો પૂર્વપક્ષી કહેતો તેમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –**

**એકત્ર=શ્રુતભાવભાષામાં, ત્રીજા ભેદના અપરિગણનમાં નિશ્ચયનય વડે ધર્મીનું અર્પણ હોવાથી ત્રીજા ભેદનું=મિશ્રભાષાનું, અપરિગણન છે. વળી અન્યત્ર=દ્રવ્યભાવભાષામાં, વ્યવહારનયથી ધર્મીનું અર્પણ હોવાથી ત્રીજા ભેદનું=મિશ્રભાષાનું, પરિગણન છે, એ પ્રમાણે તું જાણ.**

**વળી સર્વત્ર=શ્રુતભાવભાષા અને દ્રવ્યભાવભાષા રૂપ સર્વત્ર, નિશ્ચયનય વડે ધર્મીનું અર્પણ કરવામાં આવે તો ભાષાના બે જ ભેદ થાય, ચાર નહિ.**

**तदवदाम भाषारहस्ये - તે=નિશ્ચયનયથી સર્વત્ર ભાષાના બે ભેદ છે તે, અમે ભાષારહસ્ય ગાથા-૧૭માં કહ્યું છે –**

'भासा ..... णिच्छयओ" ।। વ્યવહારનયથી ભાષા ચાર પ્રકારની છે, એ પ્રકારે શ્રુતમાં પ્રજ્ઞાન=કથન, છે. નિશ્ચયનયથી સત્ય અને મૃષા એમ બે પ્રકારની જ ભાષા છે.

✪ ગાથામાં 'हंदि' અવ્યય છે, ઉપદર્શનમાં છે.

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે દ્રવ્યયોગોમાં પણ નિશ્ચયનયથી શુભાશુભયોગરૂપ મિશ્રતા નથી અને નિશ્ચયાંગ વ્યવહારનયથી પણ શુભાશુભયોગરૂપ મિશ્રતા નથી. ત્યાં કોઈને શાસ્ત્રના વચનનું સ્ફુરણ થવાથી ગ્રંથકારશ્રીને પ્રશ્ન કરે છે કે જો વ્યવહારનયથી પણ શુભાશુભયોગરૂપ દ્રવ્યયોગની મિશ્રતા ન હોય તો શ્રુતભાવભાષામાં મિશ્રભાષારૂપ ત્રીજા ભેદનું અપરિગણન છે, તેમ દ્રવ્યભાવભાષામાં મિશ્રભાષારૂપ ત્રીજાભેદનું અપરિગણન ન કરતાં મિશ્રભાષાનું પરિગણન કેમ કર્યું ? અર્થાત્ દ્રવ્યભાવભાષામાં મિશ્રભાષારૂપ ત્રીજો ભેદ કેમ સ્વીકાર્યો ?

શંકાકારનો આશય એ છે કે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ભાષાના ચાર નિક્ષેપા શાસ્ત્રમાં કરવામાં આવ્યા છે, ત્યાં ભાવનિક્ષેપાથી ભાષાનો વિચાર કરતી વખતે કહ્યું કે ભાવભાષા ત્રણ પ્રકારની છે - (૧) દ્રવ્યભાવભાષા, (૨) શ્રુતભાવભાષા અને (૩) ચારિત્રભાવભાષા. તેમાં શ્રુતભાવભાષામાં મિશ્રભાષારૂપ ત્રીજા ભેદનું અપરિગણન કર્યું છે અને કહ્યું કે શ્રુતભાવભાષા ત્રણ પ્રકારની છે - (૧) સત્યભાષા, (૨) અસત્યભાષા અને (૩) અસત્યઅમૃષાભાષા. આથી સત્યાસત્યમિશ્રભાષાનું શ્રુતભાવભાષામાં ગ્રહણ કરેલ નથી, તેથી એમ કહી શકાય કે શ્રુતભાવભાષામાં મિશ્રભાષાનો સ્વીકાર નથી, પરંતુ દ્રવ્યભાવભાષાનું વર્ણન કરતી વખતે ભાષાના ચાર ભેદો બતાવ્યો છે તે આ રીતે - (૧) સત્યભાષા, (૨) અસત્યભાષા, (૩) મિશ્રભાષા અને (૪) અસત્યઅમૃષાભાષા.

આ રીતે દ્રવ્યભાવભાષામાં મિશ્રભાષા સ્વીકારી છે અને પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે અશોકપ્રધાન વન છે એ વિવક્ષાથી કોઈ અશોકપ્રધાનવનને અશોકવન છે એમ કહે તો ત્યાં મિશ્રભાષાની આપત્તિ નથી.

વસ્તુતઃ દ્રવ્યભાવભાષામાં ચાર ભેદો ગણ્યા છે તે વિવક્ષાથી મિશ્રભાવની આપત્તિ ત્યાં હોવી જોઈએ એ પ્રકારના આશયથી શંકાકાર કહે છે કે શ્રુતભાવભાષામાં જેમ મિશ્રભાષારૂપ ત્રીજાભેદનું પરિગણન નથી, તેથી ત્યાં મિશ્રભાષાની આપત્તિનો દોષ આવતો નથી, પરંતુ દ્રવ્યભાવભાષામાં તો ત્રીજાભેદનું પરિગણન છે માટે વ્યવહારનયથી ત્યાં મિશ્રભાષારૂપ ત્રીજાભેદના પરિગણનની આપત્તિ આવે તેને ગ્રંથકારશ્રી કહે છે -

શ્રુતભાવભાષામાં ત્રીજાભેદનું અપરિગણન કરતી વખતે શાસ્ત્રકારોએ નિશ્ચયનયથી ધર્મીનું અર્પણ કરેલ છે માટે ત્રીજોભેદ ત્યાં ગણેલ નથી અને દ્રવ્યભાવભામાં ભેદો બતાવતી વખતે વ્યવહારનયથી ધર્મીનું અર્પણ કરેલ છે માટે ત્યાં મિશ્રભાષાનું પરિગણન કરેલ છે અને શ્રુતભાવભાષામાં કે દ્રવ્યભાવભાષામાં સર્વત્ર નિશ્ચયનયથી ધર્મીનું અર્પણ કરવામાં આવે તો ભાષાના સત્ય અને અસત્ય બે જ ભેદ થઈ શકે, ચારભેદ થાય નહિ.

આશય એ છે કે શ્રુતભાવભાષામાં સત્યભાષા અને અસત્યભાષા એ બે ભાષા સ્વીકારીને તે બેથી મિશ્ર એવી ત્રીજી ભાષાનો અસ્વીકાર કર્યો તે સ્થાનમાં નિશ્યનયથી ભાષા બોલનાર ધર્મીનું અર્પણ કર્યું, તેથી એ

પ્રાપ્ત થયું કે ભાષા બોલનાર ધર્મી કાંતો સત્યભાષા બોલે છે કાંતો અસત્યભાષા બોલે છે, કેમ કે ભાષા બોલનાર વ્યક્તિ ભાષા બોલતી વખતે શુભ આશયથી બોલતા હોય તો તે સત્યભાષા છે અને અશુભ આશયથી બોલતા હોય તો તે અસત્યભાષા છે, તેથી શુભ કે અશુભ યોગમાંથી જે યોગ પ્રધાન હોય તેની વિવક્ષા કરીને નિશ્ચયનય સત્ય કે અસત્ય એ બે ભાષા સ્વીકારે છે, પરંતુ મિશ્રભાષા સ્વીકારતો નથી, તેથી નિશ્ચયનયથી ધર્મીના અર્પણ દ્વારા શ્રુતભાવભાષામાં ત્રીજા ભેદનું=મિશ્રભાષાનું, અપરિગણન કર્યું અને અસત્યઅમૃષારૂપ ચોથો ભેદ પાડતી વખતે નિશ્ચયનયથી ધર્મીનું અર્પણ ન કર્યું, તેથી શ્રુતભાવભાષાના (૧) સત્યભાષા, (૨) અસત્યભાષા અને (૩) અસત્યઅમૃષાભાષા એમ ત્રણ ભેદો બતાવ્યા.

વળી દ્રવ્યભાવભાષાના ભેદો બતાવતી વખતે (૧) સત્યભાષા, (૨) અસત્યભાષા, (૩) મિશ્રભાષા અને (૪) અસત્યઅમૃષાભાષા એમ ચાર ભેદો બતાવ્યા તે સ્થાનમાં વ્યવહારનયથી ધર્મીનું અર્પણ કરેલ છે, તેથી ભાષા બોલનાર ધર્મી જ્યારે શાસ્ત્રીય પદાર્થ સમ્યક્ કહેતા હોય તો સત્યભાષા કહેવાય અને વિપરીત પદાર્થ કહેતા હોય તો અસત્યભાષા કહેવાય અને અશોકપ્રધાનવનને અશોકવન કહે ત્યારે મિશ્રભાષા કહેવાય; કેમ કે તે વનમાં માત્ર અશોકવૃક્ષો નથી, પરંતુ અશોકવૃક્ષો અને અન્યવૃક્ષો પણ છે, તેથી અશોકવૃક્ષના અંશને આશ્રયીને અસત્યભાષા છે, માટે વ્યવહારનય તે સ્થાનમાં મિશ્રભાષા કહે છે.

વળી શ્રુતભાવભાષામાં કે દ્રવ્યભાવભાષામાં નિશ્ચયનયથી ધર્મીનું અર્પણ કરીને વિવક્ષા કરીએ તો ભાષાના બે જ ભેદ પ્રાપ્ત થાય છે, ચાર ભેદ પ્રાપ્ત થતા નથી.

**ટીકાર્થ :-**

**एवं ..... इत्याह - આ રીતે=શ્લોક-૮૨થી ચાર વિકલ્પો પાડીને અત્યાર સુધી મિશ્રપક્ષ સંભવતો નથી, એમ કહ્યું એ રીતે, વિશદીકૃત અર્થ હોતે છતે=ધર્માધર્મરૂપ મિશ્રતા નથી, એ પ્રમાણે સ્પષ્ટ કરાયેલો અર્થ હોતે છતે, ભ્રાંત ઉક્તિથી=પાર્શ્વચંદ્રની ભ્રાંત યુક્તિથી જે વ્યામોહ થાય છે તે ન કરવો જોઈએ, એ પ્રમાણે શ્લોકના ત્રીજા-ચોથા પાદમાં ગ્રંથકારશ્રી કહે છે –**

**इति=एवं ..... सम्भावयामः ।। આ પ્રમાણે હોતે છતે=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ શ્લોક-૮૧થી અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રમાણે હોતે છતે, તારો કેમ ભ્રમ છે=તારો ભ્રાંત પ્રયોગરૂપ વિષોદ્ગાર કેમ છે ?**

**સદ્ભાષ્ય એવું જે વિશેષાવશ્યક છે, તે જ સિંધુ=સમુદ્ર, તેનું સુધા=અમૃત, એવી ક્ષમાશ્રમણની વાણી=જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની વાણી, किमु न निष्पीता=શું પીધી નથી ? हि=જે કારણથી, તેના પાનમાં=જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની વાણીના પાનમાં, ભ્રમરૂપ વિષનો ઉદ્ગાર જ ન થાય; કેમ કે ઉદ્ગારનું આહારસદશપણું છે, પરંતુ કુમતિથી પરિગૃહીત એવા શ્રુતાભાસરૂપ વિષપાનનું જ આ વિલસિત છે=પાર્શ્વચંદ્ર જે મિશ્રભાષા સ્વીકારીને ભ્રાંત પ્રયોગો કરે છે એ વિલસિત છે, એ પ્રમાણે અમે સંભાવના કરીએ છીએ. ।।૮૯।।**

✪ ટીકામાં તે=तव को भ्रमो=भ्रान्तोपयोगः છે ત્યાં को ની જગ્યાએ મૂળ શ્લોકમાં कथं છે તે મુજબ कथं શબ્દ સંગત છે અને भ्रान्तोपयोगः ના સ્થાને હસ્તપ્રતમાં भ्रान्तः प्रयोगः પાઠ છે તે સંગત છે.

✪ किन्तु सद्भाष्यं છે ત્યાં મૂળ શ્લોક પ્રમાણે किमु ..... પાઠ સંગત છે.

**ભાવાર્થ :-**

શ્લોક-૮૧ થી પાર્શ્વચંદ્રનો મત બતાવીને તે યુક્તિયુક્ત નથી એમ અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું. હવે તે સર્વ કથનનું નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

આ રીતે=મિશ્રપક્ષ યુક્તિયુક્ત નથી તેમ વિસ્તારથી અર્થ બતાવાયે છતે, ભ્રાંત યુક્તિથી મિશ્રપક્ષ સ્વીકારવામાં વ્યામોહ કરવો જોઈએ નહિ અર્થાત્ ભગવાનની પૂજામાં સ્થૂલ દૃષ્ટિથી પુષ્પાદિ જીવોનું ઉપમર્દન છે અને ભગવાનની ભક્તિની ક્રિયા છે, માટે ભગવાનની પૂજા ધર્માધર્મરૂપ છે, એ પ્રકારની ભ્રાંત ઉક્તિથી ભગવાનની પૂજામાં અધર્મની પ્રાપ્તિ છે, તેવો વ્યામોહ કરવો જોઈએ નહિ, એ પ્રકારે શ્લોકના ત્રીજા-ચોથા પાદથી ગ્રંથકારશ્રી કહે છે –

વળી, ગ્રંથકારશ્રી પાર્શ્વચંદ્રને કહે છે કે ભગવાનની પૂજા વિષયક અમે પૂર્વમાં વિસ્તારથી સમજાવ્યું એ પ્રકારે શાસ્ત્રીય પદાર્થ છે, આમ છતાં તારો ભ્રાંત પ્રયોગરૂપ આ વિષોદ્ગાર કેમ છે ? અર્થાત્ ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોનું ઉપમર્દન છે અને ભગવાનની ભક્તિની ક્રિયા છે, માટે ભગવાનની પૂજા ધર્માધર્મરૂપ છે, એ પ્રકારના ભ્રાંત પ્રયોગરૂપ વિષનો ઉદ્ગાર તારો=પાર્શ્વચંદ્રનો, કેમ છે ? વસ્તુતઃ આવો ભ્રાંત પ્રયોગ પાર્શ્વચંદ્રે કરવો જોઈએ નહિ.

વળી, પાર્શ્વચંદ્રને ગ્રંથકારશ્રી કહે છે કે સદ્ભાષ્યરૂપ સમુદ્રના અમૃત જેવી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની વાણી શું તે પીધી નથી ? તેથી જ તારો આવો વિષોદ્ગાર છે; કેમ કે જો જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની વાણીનું પાન પાર્શ્વચંદ્રે કર્યું હોત તો ભ્રાંત પ્રયોગરૂપ વિષોદ્ગાર તેના મુખમાંથી નીકળે નહિ; કેમ કે જેવો આહાર કરીએ તેવો ઓડકાર આવે છે. જો પાર્શ્વચંદ્રે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની વાણીનું પાન કર્યું હોત તો તેવા વચનપ્રયોગો તેના મુખમાંથી નીકળત, પરંતુ પાર્શ્વચંદ્રે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની વાણી પીધી નથી અને કુમતિથી ગ્રહણ કરાયેલા શ્રુતાભાસરૂપ મિથ્યા શ્રુતરૂપી વિષનું પાન પાર્શ્વચંદ્રે કરેલું છે, તેના કારણે આવા ભ્રમના વિષોદ્ગાર જેવાં તેનાં વચનો નીકળે છે, એમ અમે સંભાવના કરીએ છીએ. આમ બતાવીને ગ્રંથકારશ્રીને એ બતાવવું છે કે મહાપુરુષોની વાણીના અપરિચયને કારણે, સ્વમતિકલ્પના કરનારા અને શ્રુતનો અર્થ સ્વમતિ પ્રમાણે જોનારા કુમતોના વચનોરૂપી મિથ્યાશ્રુતપાન પાર્શ્વચંદ્રે કર્યું છે, તેના કારણે આવી અસંબદ્ધ યુક્તિને જોડીને, મહાકલ્યાણના કારણભૂત એવા દ્રવ્યસ્તવને ધર્માધર્મરૂપ મિશ્ર કહીને, પાપપંકથી ખરડાયેલો દ્રવ્યસ્તવ છે, એમ સ્થાપન કરીને, લોકોને દ્રવ્યસ્તવથી વિમુખ કરે છે, અને સ્વ-પરના અકલ્યાણનું કારણ પાર્શ્વચંદ્ર બને છે. **॥૮૯॥**

**અવતરણિકા :-**

**किञ्च सङ्कीर्णकर्मरूपफलाभावादपि सङ्कीर्णयोगो नास्ति इति द्रव्यस्तवे मिश्रपक्षोक्तिप्रौढिः खलताविस्तार इत्याह -**

**અવતરણિકાર્થ :-**

**અને વળી સંકીર્ણ કર્મરૂપ ફળનો અભાવ હોવાથી પણ સંકીર્ણ યોગ નથી, એથી દ્રવ્યસ્તવમાં મિશ્રપક્ષની ઉક્તિરૂપ પ્રૌઢિ=અભિમાન, ખલતાનો=દુર્જનતાનો, વિસ્તાર છે, એ પ્રમાણે ગ્રંથકારશ્રી કહે છે -**

**ભાવાર્થ :-**

મન, વચન અને કાયાની પ્રવૃત્તિરૂપ યોગથી કર્મ બંધાય છે. યોગથી બંધાતું એવું કોઈપણ કર્મ સંકીર્ણ બંધાતું નથી, તેથી મન, વચન અને કાયાના યોગની પ્રવૃત્તિના ફળરૂપ સંકીર્ણ કર્મનો અભાવ હોવાને કારણે પણ સંકીર્ણ યોગ નથી, એમ સિદ્ધ થાય છે. તેથી દ્રવ્યસ્તવમાં ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ છે, એ પ્રકારનું પૂર્વપક્ષીનું અભિમાન ખલતાનો વિસ્તાર છે=શાસ્ત્રવચનના પરમાર્થને ગ્રહણ કર્યા વગર સ્વમતિ પ્રમાણે પદાર્થો કહેવાની મનોવૃત્તિરૂપ દુર્જનતાનો વિસ્તાર છે, એ બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

मिश्रत्वे खलु योगभावविधया कुत्रापि कृत्ये भवेन्,
मिश्रं कर्म न बध्यते च शबलं तत्सङ्क्रमात् स्यात् परम् ।
तद् द्रव्यस्तवमिश्रतां प्रवदता किं तस्य वाच्यं फलं,
स्वव्युद्ग्राहितमूढपर्षदि मदान्मूर्द्धानमाधुन्वता ।।९०।।

**શ્લોકાર્થ :-**

**ખરેખર યોગ અને ભાવના ભેદથી કોઈપણ કૃત્યમાં મિશ્રપણું હોતે છતે મિશ્ર કર્મ થાય=યોગ અને ભાવ એ બેના મિશ્રણથી કોઈપણ કૃત્યમાં જો મિશ્રપણું સ્વીકારવામાં આવે તો મિશ્રકર્મ બંધાવું જોઈએ, અને શબલ=મિશ્રકર્મ, બંધાતું નથી, પરંતુ તે=મિશ્રકર્મ, સંક્રમથી થાય= મિશ્રમોહનીયરૂપ કર્મની પ્રાપ્તિ સંક્રમથી થાય છે, પરંતુ બંધથી થતી નથી, તે કારણથી=મિશ્ર કર્મબંધ થતો નથી તે કારણથી, દ્રવ્યસ્તવની મિશ્રતાને કહેતા અને પોતાના વડે વ્યુદ્ગ્રાહિત એવી પર્ષદામાં મદથી મસ્તકને ધુણાવતા એવા તારા વડે તેનું=મિશ્ર એવા દ્રવ્યસ્તવનું, ફળ=ઉદયમાન કર્મરૂપ ફળ, શું વાચ્ય થાય ? અર્થાત્ કાંઈ કહી શકાય તેમ નથી. ।।૯૦।।**

**ટીકા :-**

'मिश्रत्व' इति :- 'खलु' इति निश्चये, कुत्रापि कृत्ये योगभावविधया मिश्रत्वेऽङ्गीक्रियमाणे तत्फलत्वेनाङ्गीक्रियमाणं मिश्रं कर्म भवेत्, तच्च बन्धतो नास्ति इत्याह-न बध्यते च शबलमिति

शबलं मिश्रकर्म न बध्यते, कथं तर्हि मिश्रमोहनीयं प्रसिद्धम्? तत्राह-परं=केवलं, तत्=मिश्रं, सङ्क्रमात् स्यात्, तत्=तस्माद्, द्रव्यस्तवमिश्रतां प्रवदता तस्य=द्रव्यस्तवस्य, फलं बध्यमानं कर्म वाच्यं, शुभमशुभं वा तावन् न भवति, अननुरूपत्वाद् मिश्रं च बध्यमानम् अभ्युपगते कृते कृतान्तः कुप्येद् इत्यत्र तूष्णीमेव स्थेयं त्वया, कीदृशेन? स्वेन व्युद्ग्राहिता ये मूढाः, तेषां पर्षदि, मदाद्=ऋद्धिगारवाद् मूर्द्धानं=शिरः, आधुन्वता=कम्पयता, अयमनुभावो मदस्य तव व्याधेरेव पर्यवसन्न इति जानीहि ।

**ટીકાર્થ :-**

'खलु' इति ..... जानीहि । 'खलु' અવ્યય નિશ્ચય અર્થમાં છે. કોઈપણ કૃત્યમાં યોગ અને ભાવના ભેદથી મિશ્રપણું સ્વીકારાયે છતે તેના ફ્લપણા વડે=મિશ્રકૃત્યના ફળપણા વડે, અંગીકાર કરાતું મિશ્રકર્મ થાય અને તે બંધથી નથી એ પ્રકારે ગ્રંથકારશ્રી કહે છે – અને તે શબલ બંધાતું નથી=મિશ્રકર્મ બંધાતું નથી. અહીં પૂર્વપક્ષી કહે છે કે તો પછી મિશ્રમોહનીયકર્મ કઈ રીતે પ્રસિદ્ધ છે ?

तत्राह - ત્યાં પૂર્વપક્ષીના પ્રશ્નના સમાધાનમાં, ગ્રંથકારશ્રી કહે છે -

કેવલ તે=મિશ્ર, સંક્રમથી થાય છે, તે કારણથી=પૂર્વમાં સ્થાપન કર્યું તે પ્રમાણે મિશ્ર કર્મબંધ થતો નથી તે કારણથી, દ્રવ્યસ્તવની મિશ્રતાને કહેતા એવા તારા વડે દ્રવ્યસ્તવનું બધ્યમાન કર્મરૂપ ફળ કહેવું જોઈએ=દ્રવ્યસ્તવનું બધ્યમાન મિશ્રકર્મ બતાવવું જોઈએ અર્થાત્ પાર્શ્વચંદ્ર તે બતાવી શકે તેમ નથી તે પ્રમાણે ગ્રંથકારશ્રી કહે છે –

શુભ અથવા અશુભ કર્મબંધ થઈ શકતો નથી; કેમ કે અનનુરૂપપણું છે=પૂર્વપક્ષી દ્રવ્યસ્તવને મિશ્ર સ્વીકારે તો દ્રવ્યસ્તવ શુભ કર્મબંધને અનુરૂપ નથી અથવા અશુભ કર્મબંધને અનુરૂપ નથી. અને બધ્યમાન=બંધાતું કર્મ મિશ્ર સ્વીકારાયે છતે કૃતાંત કોપ પામશે=ભગવાનના વચનથી વિરુદ્ધ પ્રરૂપણા હોવાથી ક્લિષ્ટ કર્મ બંધાશે. એથી અહીંયાં=દ્રવ્યસ્તવની મિશ્રતાના સ્વીકારમાં, તારા વડે=પાર્શ્વચંદ્ર વડે, મૌન જ રહેવા યોગ્ય છે.

કેવા પ્રકારના એવા તારા વડે=પાર્શ્વચંદ્ર વડે, મૌન રહેવું જોઈએ, તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે -

પોતાનાથી વ્યુદ્ગ્રાહિત=પાર્શ્વચંદ્રથી વ્યુદ્ગ્રાહિત=પાર્શ્વચંદ્ર દ્વારા શાસ્ત્રથી વિપરીત અર્થમાં સ્થિર એવા જે મૂઢો છે, તેમની પર્ષદામાં મદથી=ઋદ્ધિગારવથી, મસ્તકને=શિરને, ધુણાવતા એવા પાર્શ્વચંદ્ર વડે મૌન જ રહેવું જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે પાર્શ્વચંદ્ર પોતાની પર્ષદામાં મસ્તકને કેમ ધુણાવી રહ્યો છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે -

તારા મદરૂપ વ્યાધિનો જ આ અનુભાવ=મસ્તકને ધુણાવવાનું આ કાર્ય, પર્યવસન્ન છે=વિશ્રાંત છે, એ પ્રમાણે જાણો.

**ભાવાર્થ :-**

શ્લોક-૮૧થી અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ યુક્તિના બળથી દ્રવ્યસ્તવમાં મિશ્રભાવ ઘટતો નથી તેમ સ્થાપન કર્યું. હવે જીવની મન, વચન અને કાયાની પ્રવૃત્તિથી કર્મ બંધાય છે, અને દ્રવ્યસ્તવમાં કરાતી પ્રવૃત્તિથી મિશ્ર કર્મબંધ થતો નથી, તેથી દ્રવ્યસ્તવ ધર્માધર્મરૂપ મિશ્ર નથી, એ બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

કોઈપણ પ્રવૃત્તિમાં યોગ અને પરિણામના ભેદથી મિશ્રપણું સ્વીકારવામાં આવે તો તેના ફળરૂપે બંધાતું કર્મ પણ મિશ્રકર્મ થવું જોઈએ, અને શાસ્ત્રમાં મિશ્ર કર્મબંધ સ્વીકારેલો નથી.

આનાથી ગ્રંથકારશ્રીને એ બતાવવું છે કે દ્રવ્યસ્તવમાં હિંસાની ક્રિયારૂપ યોગના અને ભગવાનની ભક્તિરૂપ ભાવના ભેદથી પૂર્વપક્ષી=પાર્શ્વચંદ્ર દ્રવ્યસ્તવને મિશ્રરૂપે સ્થાપન કરે છે, તે યુક્તિસંગત નથી; કેમ કે સંસારનું કે ધર્મનું કોઈપણ કૃત્ય ગ્રહણ કરો તે કૃત્યમાં યોગના અને ભાવના ભેદથી મિશ્રપણું સ્વીકારવામાં આવે તો તે પ્રવૃત્તિના ફળરૂપે જીવને જે કર્મ બંધાય છે, તે કર્મ પણ મિશ્ર પ્રાપ્ત થવું જોઈએ, અને શાસ્ત્રમાં મિશ્ર કર્મબંધ માન્યો નથી. તેથી મિશ્ર કર્મબંધના કારણીભૂત એવું કોઈપણ કૃત્ય નથી. તેથી દ્રવ્યસ્તવને ધર્માધર્મરૂપ મિશ્ર સ્વીકારવું ઉચિત નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે તો પછી મિશ્રમોહનીયકર્મ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે, તે કઈ રીતે સંગત થાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

મિશ્ર કર્મ સંક્રમથી પ્રાપ્ત થાય છે, પરંતુ બંધથી પ્રાપ્ત થતું નથી. તેથી મિશ્રકર્મના કારણીભૂત એવો ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ સ્વીકારી શકાય નહિ. આ રીતે કર્મબંધરૂપ ફળને આશ્રયીને પણ દ્રવ્યસ્તવ ધર્માધર્મરૂપ મિશ્ર નથી, તેમ સ્થાપન કરીને તેનું નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

દ્રવ્યસ્તવની મિશ્રતા સ્વીકારનાર પાર્શ્વચંદ્રે દ્રવ્યસ્તવના ફળરૂપ બંધાતું મિશ્રકર્મ બતાવવું જોઈએ, અને શાસ્ત્રવચનના બળથી પાર્શ્વચંદ્ર મિશ્રકર્મ બતાવી શકે તેમ નથી; કેમ કે બંધાતી કર્મની પ્રકૃતિઓમાંથી કોઈપણ કર્મની પ્રકૃતિ શુભ-અશુભરૂપ મિશ્ર નથી, પરંતુ કેટલીક પ્રકૃતિઓ શુભ છે તો કેટલીક પ્રકૃતિઓ અશુભ છે. તેથી પાર્શ્વચંદ્રથી સ્વીકારાયેલા ધર્માધર્મરૂપ મિશ્ર દ્રવ્યસ્તવથી મિશ્રકર્મ બંધાય છે, તે સ્વીકારી શકાય નહીં; કેમ કે ગ્રંથકારે અત્યાર સુધી મિશ્રપક્ષને સ્વીકારવા માટે ચાર વિકલ્પો બતાવીને તેનાથી સ્થાપન કર્યું તે પ્રમાણે મિશ્રપક્ષ સિદ્ધ થતો નથી. અને જો પાર્શ્વચંદ્ર દ્રવ્યસ્તવને મિશ્ર સ્થાપન કરવા માટે બંધાતું કર્મ પણ મિશ્ર સ્વીકારે તો તેના ઉપર કૃતાંતનો કોપ થાય અર્થાત્ શાસ્ત્રવચનથી વિપરીત પ્રરૂપણા કરવાથી દુરંત સંસારના પરિભ્રમણરૂપ ફળની પ્રાપ્તિ સ્વરૂપ કૃતાંતનો કોપ થાય; કેમ કે શાસ્ત્રમાં મિશ્ર કર્મબંધ સ્વીકારાયેલ નથી. તેથી પાર્શ્વચંદ્રે દ્રવ્યસ્તવના મિશ્રપક્ષની પ્રરૂપણાના વિષયમાં મૌન જ રહેવું ઉચિત છે.

હવે પાર્શ્વચંદ્ર કેવો છે, તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

પોતાની વિપરીત માન્યતા વડે કેટલાક જીવોને તેણે વ્યુદ્ગ્રાહિત કર્યા છે=શાસ્ત્રથી વિપરીત માન્યતામાં સ્થિર કર્યા છે, અને પાર્શ્વચંદ્રથી વ્યુદ્ગ્રાહિત થયેલા મૂઢ જીવોની પર્ષદામાં મદથી માથું ધુણાવતો પાર્શ્વચંદ્ર તેમને કહે છે કે શાસ્ત્રીય પદાર્થોનો હું અપૂર્વ અર્થ બતાવી શકું છું.

વસ્તુતઃ આ પ્રકારનો તેનો મદ કર્મરૂપી વ્યાધિનું કાર્ય છે; કેમ કે જો પાર્શ્વચંદ્રને કર્મરૂપી વ્યાધિનો ઉપદ્રવ થયો ન હોય તો ભગવાનના વચનથી વિપરીત અર્થ પોતાનાથી ન કહેવાય, તેવી સાવધાનતાપૂર્વક જ તે પ્રરૂપણા કરે. તેના બદલે પોતે કાંઈક શાસ્ત્રના પરમાર્થને જુવે છે, એ પ્રકારના મદને વશ થઈને લોકોને હું કાંઈક અપૂર્વ પદાર્થ બતાવું છું, એવી બુદ્ધિથી માથું ધુણાવીને પોતાની વિપરીત માન્યતાવાળા પદાર્થો પોતાનાથી વાસિત મતિવાળા એવા મૂઢ જીવો આગળ કરીને સ્વ-પરનો વિનાશ કરે છે.

તેથી જો પાર્શ્વચંદ્રને દુરંત સંસારનો ભય હોય તો દ્રવ્યસ્તવને મિશ્ર કહેવાના વિષયમાં તેણે મૌન જ રહેવું જોઈએ.

**ટીકા :-**

**अत्रेयमुक्तमहाभाष्यवाणी कुमतपाशकृपाणी प्रगल्भते -**

**“न य साहारणरूवं कम्मं तक्कारणाभावा”** [विशेषावश्यक गाथा-१९३४ उत्तरार्धः]

[न च साधारणरूपं कर्म तत्कारणाभावात्]

न च साधारणरूपं संकीर्णस्वभावं पुण्यपापात्मकमेकं कर्मास्ति तस्यैवंभूतस्य कर्मणः कारणाभावात् । अत्र प्रयोगः, नास्ति संकीर्णोभयरूपं कर्म, असंभाव्यमानैवंविधकारणत्वाद् वन्ध्यापुत्रवदिति ।

**ટીકાર્થ :-**

**अत्र ...... प्रगल्भते - કુમતના પાશને છેદનારી=પાર્શ્વચંદ્રે સ્થાપન કરેલા કુમતના પાશથી બંધાયેલા જીવોના કુમતના પાશને છેદનારી, આ=આગળમાં કહેવાય છે એ, ઉક્ત મહાભાષ્યની વાણી છે=પૂર્વશ્લોક-૮૯માં કહેવાયેલ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની મહાભાષ્યવાણી પ્રગલ્ભને પામે છે=સ્થાન પ્રાપ્ત કરે છે.**

**“न य ..... तत्कारणाभावात्” અને સાધારણરૂપ કર્મ નથી; કેમ કે તત્કારણનો અભાવ છે=સાધારણ કર્મબંધના કારણનો અભાવ છે.**

સાધારણરૂપ કર્મ નથી, એ અર્થને વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૧૯૩૪ના ટીકાના ઉત્તરાર્ધથી સ્પષ્ટ કરે છે -

**વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૧૯૩૪ના ઉત્તરાર્ધનો ટીકાર્થ :-**

न च ..... कारणाभावात् । સાધારણરૂપ=સંકીર્ણ સ્વભાવવાળું પુણ્ય-પાપ સ્વરૂપ એક કર્મ નથી; કેમ કે તેના=આવા પ્રકારના કર્મના=સંકીર્ણ સ્વભાવવાળા એવા કર્મના, કારણનો અભાવ છે=સંકીર્ણ સ્વભાવવાળા એવા કર્મબંધના કારણભૂત જીવના પરિણામનો અભાવ છે.

સંકીર્ણ સ્વભાવવાળું કર્મ કેમ નથી ? તેમાં અનુમાન પ્રયોગ બતાવે છે –

अत्र प्रयोगः ..... वन्ध्यापुत्रवदिति । અહીંયાં=સંકીર્ણ સ્વભાવવાળું કર્મ નથી એમાં, પ્રયોગ છે. સંકીર્ણ ઉભયરૂપ કર્મ (પક્ષ) નથી (સાધ્ય); કેમ કે અસંભાવ્યમાન એવા પ્રકારનું કારણપણું છે (હેતુ) વંધ્યાપુત્રની જેમ (દૃષ્ટાંત).

इति શબ્દ અનુમાન પ્રયોગની સમાપ્તિ સૂચક છે.

### વિશેષાવશ્યક ગાથા-૧૯૩૪ના ઉત્તરાર્ધનો ભાવાર્થ :-

વિશેષાવશ્યક ગાથા-૧૯૩૪ના ઉત્તરાર્ધમાં યુક્તિથી બતાવે છે કે પુણ્યપાપાત્મક એક સંકીર્ણ સ્વભાવવાળું કર્મ નથી; કેમ કે એવા પ્રકારના કર્મબંધના કારણનો અભાવ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જીવના યોગના પરિણામથી કર્મ બંધાય છે, અને સંકીર્ણ યોગનો પરિણામ જીવનો નથી. માટે શાસ્ત્રકારોએ સંકીર્ણ કર્મબંધ સ્વીકાર્યો નથી.

### ટીકા :-

हेतोरसिद्धतां परिहरन्नाह -

**"कम्मं जोगनिमित्तं सुभोऽसुभो वा स चेगसमयंमि।**
**होज्ज ण उभयरूवो कम्मं पि तओ तयणुरूवं" ।। [विशेषावश्यक गा. १९३५]**

[कर्मयोगनिमित्तं शुभोऽशुभो वा स चैकसमये। भवेत् न तूभयरूपः कर्मापि ततस्तदनुरूपम् ।।]

"मिथ्यात्वाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः" [तत्त्वार्थ अ. ८ सू. १] इति पर्यन्ते योगाभिधानात् सर्वत्र कर्मबन्धहेतुत्वस्य योगाऽविनाभावाद् योगानामेव बन्धहेतुत्वमिति कर्मयोगनिमित्तमित्युच्यते स च मनोवाक्कायात्मको योग एकस्मिन् समये शुभोऽशुभो वा भवेद् न तु उभयरूपोऽतः कारणानुरूपत्वात् कार्यस्य, कर्मापि तदनुरूपं शुभम्=पुण्यरूपम्, अशुभं वा=पापरूपं बध्यते, न तु सङ्कीर्णस्वभावमुभयरूपमेकदैव बध्यत इति ।

### વિશેષાવશ્યક ગાથા-૧૯૩૫નો અવતરણિકાર્થ :-

हेतो ..... आह - હેતુની અસિદ્ધતાનો પરિહાર કરતાં વિશેષાવશ્યક ગાથા-૧૯૩૫માં કહે છે –

### વિશેષાવશ્યક ગાથા-૧૯૩૫ની અવતરણિકાનો ભાવાર્થ :-

વિશેષાવશ્યક ગાથા-૧૯૩૪માં અનુમાન પ્રયોગ કર્યો, તેમાં હેતુ આપ્યો કે અસંભાવ્યમાન એવા પ્રકારનું કારણપણું છે, અને તે હેતુ આપીને સંકીર્ણ કર્મ નથી તેની સિદ્ધિ કરી. ત્યાં કોઈ કહે કે હેતુ અસિદ્ધ છે. માટે તે હેતુ દ્વારા સાધ્યની સિદ્ધિ થશે નહિ. તેથી હેતુ અસિદ્ધ નથી, તે બતાવવા જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૧૯૩૫માં કહે છે –

### વિશેષાવશ્યક ગાથા-૧૯૩૫નો ગાથાર્થ :-

"कम्मं ..... तयणुरूवं" ।। **કર્મ યોગનિમિત્ત છે અને તે=યોગ, એક સમયમાં શુભ કે અશુભ એક જ હોય, પરંતુ ઉભયરૂપ નથી. તેથી તેને અનુરૂપ=યોગને અનુરૂપ, કર્મ પણ ઉભયરૂપ નથી.**

અહીં પ્રશ્ન થાય કે કર્મબંધનાં કારણો અનેક છે, આમ છતાં યોગને કર્મબંધનું કારણ કેમ કહ્યું ? તેથી વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૧૯૩૫ની ટીકામાં કહે છે –

**વિશેષાવશ્યક ગાથા-૧૯૩૫નો ટીકાર્થ :-**

मिथ्यात्व ..... उच्यते । મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ બંધના હેતુઓ છે. [તત્ત્વાર્થાધિગમસૂત્ર અધ્યાય-૮, સૂત્ર-૧] એ પ્રકારે તત્ત્વાર્થસૂત્રના વચનના પર્યંતમાં યોગનું કથન હોવાને કારણે સર્વત્ર કર્મબંધના હેતુપણાનું યોગોની સાથે અવિનાભાવીપણું હોવાથી યોગોનું જ કર્મબંધનું હેતુપણું છે. એથી વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૧૯૩૫માં કર્મ યોગનિમિત્ત છે, એ પ્રમાણે કહેવાય છે.

स च ..... बध्यत इति । મન-વચન અને કાયારૂપ તે=યોગ, એક સમયમાં શુભ કે અશુભ હોય, પરંતુ ઉભયરૂપ નથી. આથી કાર્યનું કારણને અનુરૂપપણું હોવાથી=કર્મરૂપ કાર્યનું યોગરૂપ કારણને અનુરૂપપણું હોવાથી, કર્મ પણ તેને અનુરૂપ=યોગને અનુરૂપ, શુભ=પુણ્યરૂપ અથવા અશુભ=પાપરૂપ, બંધાય છે, પરંતુ સંકીર્ણ સ્વભાવવાળું ઉભયરૂપ એક વખતે જ બંધાતું નથી.

'इति' શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે.

**વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૧૯૩૫નો ભાવાર્થ :-**

વિશેષાવશ્યક ગાથા-૧૯૩૪ના ઉત્તરાર્ધની ટીકામાં અનુમાન કર્યું કે સંકીર્ણ=મિશ્ર ઉભયરૂપ કર્મ નથી, તેમાં હેતુ આપ્યો કે સંકીર્ણ ઉભયરૂપ કર્મને બાંધે એવા પ્રકારના કર્મબંધના કારણનો અસંભવ છે; અને એ હેતુ અસિદ્ધ નથી, તે પ્રસ્તુત ગાથા-૧૯૩૫માં બતાવે છે –

કર્મ યોગનિમિત્તે બંધાય છે, અને યોગ એક સમયમાં શુભ હોય અથવા તો અશુભ હોય, પરંતુ શુભાશુભરૂપ મિશ્ર યોગ નથી, તેથી યોગના ફળરૂપ કર્મબંધ પણ મિશ્રરૂપ નથી.

અહીં પ્રશ્ન થાય કે કર્મ યોગનિમિત્તે બંધાય છે તેમ કેમ કહ્યું ? કેમ કે કર્મબંધનાં તો અનેક કારણો છે. તેથી કહે છે –

તત્ત્વાર્થાધિગમસૂત્ર અધ્યાય-૮, સૂત્ર-૧માં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગને બંધના હેતુઓ કહ્યા છે અને તે બંધના હેતુઓમાં છેલ્લે યોગ શબ્દ કહ્યો છે. તેથી એ પ્રાપ્ત થાય કે યોગ કર્મબંધનું નિમિત્ત છે, અને યોગની પરિણતિ મિથ્યાત્વાદિ અન્ય ચાર ભાવોથી સંશ્લેષવાળી હોય ત્યારે મિથ્યાત્વાદિ ભાવોને યોગથી પૃથક્ ગ્રહણ કરીને કર્મબંધના કારણરૂપે બતાવેલ છે. વસ્તુતઃ મિથ્યાત્વાદિ ભાવો મન, વચન અને કાયાના યોગો અંતર્ગત પરિણામવિશેષ છે, તેથી યોગને કર્મબંધનું કારણ કહ્યું છે.

વળી, જે જીવને પાંચ બંધહેતુઓમાંથી મિથ્યાત્વરૂપ કર્મબંધનો હેતુ જાય ત્યારે બાકીના અવિરતિ આદિ ભાવોથી સંશ્લિષ્ટ યોગો પ્રવર્તે છે અને યોગથી કર્મબંધ થાય છે, જે જીવને મિથ્યાત્વ અને અવિરતિ બે કર્મબંધના હેતુ જાય ત્યારે બાકીના પ્રમાદ અને કષાયથી સંશ્લિષ્ટ એવા યોગથી કર્મબંધ થાય છે, અને જેમને મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય ગયા હોય તેમને માત્ર યોગથી કર્મબંધ થાય છે. પરંતુ યોગ ન હોય અને મિથ્યાત્વાદિ કોઈ પરિણામ હોય અને તેનાથી કર્મબંધ થાય તેવું નથી, તેથી મિથ્યાત્વાદિ

ચારનો યોગમાં અંતર્ભાવ કરીને યોગથી કર્મબંધ થાય છે, તેમ કહેલ છે. તેથી સર્વત્ર કર્મબંધનો હેતુ યોગ છે, એમ પ્રાપ્ત થાય છે, અને તે યોગ મન, વચન અને કાયાની પ્રવૃત્તિરૂપ છે. તે મન, વચન અને કાયાની પ્રવૃત્તિરૂપ યોગ એક સમયમાં શુભ હોય તો પુણ્યબંધનું કારણ થાય છે અને અશુભ હોય તો પાપબંધનું કારણ થાય છે અને શુભાશુભ મિશ્ર યોગ નથી, તેથી મિશ્ર કર્મબંધ થતો નથી.

આનાથી એ ફલિત થાય કે શ્લોક-૮૯માં સ્થાપન કરેલ એ પ્રમાણે મન-વચન-કાયાના વ્યાપારનું કારણ એવી અધ્યવસાયરૂપ પરિણતિ એ ભાવયોગ છે અને પરિસ્પંદરૂપ યોગ એ દ્રવ્યયોગ છે એમ યોગ બે પ્રકારે છે અને અધ્યવસાયરૂપ પરિણતિથી વિશિષ્ટ એવા પરિસ્પંદરૂપ યોગથી કર્મબંધ થાય છે અને પરિણતિરૂપ યોગ અધ્યવસાયરૂપ હોવાથી ભાવયોગ છે, અને તે ભાવયોગ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાયની પરિણતિરૂપ છે અને પરિસ્પંદરૂપ યોગ મન-વચન-કાયાના વ્યાપારરૂપ છે, તેથી શુભ અધ્યવસાયથી પ્રવર્તતી પરિસ્પંદરૂપ બાહ્ય ક્રિયા શુભ કહેવાય છે અને અશુભ અધ્યવસાયથી પ્રવર્તતી પરિસ્પંદરૂપ બાહ્ય ક્રિયા અશુભ કહેવાય છે, તેથી જે શ્રાવક ભગવાનની ભક્તિના શુભ અધ્યવસાયથી ભગવાનની પૂજા કરતા હોય ત્યારે પુષ્પાદિ જીવોની હિંસા થાય છે, તેને આશ્રયીને મિશ્ર કર્મબંધ છે તેમ કહી શકાય નહિ, પરંતુ ભગવાનની ભક્તિની શુભ પરિણતિથી યુક્ત શુભ બાહ્ય ક્રિયા છે, તેથી તે શુભ યોગ છે અને તેનાથી પુણ્યબંધ થાય છે, પરંતુ પુણ્ય-પાપરૂપ મિશ્ર કર્મબંધ થતો નથી, માટે પૂજાને ધર્માધર્મરૂપ મિશ્ર સ્વીકારી શકાય નહિ.

**ટીકા :-**

प्रेरकः प्राह –

**'नणु मण-वइ-कायजोगा सुभासुभावि समयम्मि दीसंति।**
**दव्वंमि मीसभावो न उ भावकरणंमि'** ।। **[विशेषावश्यक गा. १९३६]**

ननु मनोवाक्काययोगाः शुभाशुभाश्च मिश्रा इत्यर्थः, एकस्मिन् समये दृश्यन्ते, तत्कथमुच्यते? **'सुहो असुहो वा एगसमयम्मि त्ति'** तथाहि-किञ्चिदविधिना दानादिवितरणं चिन्तयतः शुभाशुभो मनोयोगः तथा किमप्यविधिनैव दानादिधर्ममुपदिशतः शुभाशुभो वाग्योगः, तथा किमप्यविधिनैव जिनपूजावन्दनादिकायचेष्टां कुर्वतः शुभाशुभः काययोगः इति । तदेतदयुक्तम्। कुतः? इत्याह-'दव्वम्मि' इत्यादि । इदमुक्तं भवति-इह द्विविधो योगो-द्रव्यतः भावतश्च । तत्र मनोवाक्काययोगप्रवर्त्तकानि द्रव्याणि, मनोवाक्कायपरिस्पन्दात्मको योगश्च द्रव्ययोगः, यस्तु एतदुभयरूपयोगहेतुरध्यवसायः स भावयोगः । तत्र शुभाशुभरूपाणां यथोक्तचिन्तादेशनाकायचेष्टानां प्रवर्त्तके द्विविधेऽपि द्रव्ययोगे व्यवहारनयदर्शनविवक्षामात्रेण भवेदपि शुभाशुभत्वलक्षणो मिश्रभावः । न तु मनोवाक्काययोग-निबन्धनाध्यवसायरूपे भावकरणे=भावात्मकयोगे। अयमभिप्रायः - द्रव्ययोगो व्यवहारनयदर्शनेन शुभाशुभरूपोऽपीष्यते, निश्चयनयेन तु सोऽपि शुभोऽशुभो वा केवलः समस्ति, यथोक्तचिन्तादेशनादिप्रवर्त्तकद्रव्ययोगानामपि शुभाशुभरूपमिश्राणां तन्मतेनाभावात्। शुभाशुभ(मनोवाक्कायद्रव्यः-इति तत्र टीकायाम्)योगनिबन्धनाध्यवसायरूपे

तु भावकरणे=भावयोगे शुभाशुभरूपो मिश्रभावो नास्ति, निश्चयनयनदर्शनस्यैवागमेऽत्र विवक्षितत्वात्। न हि शुभान्यशुभानि वाऽध्यवसायस्थानानि मुक्त्वा शुभाशुभाध्यवसायस्थानरूपस्तृतीयो राशिरागमे क्वचिदपीष्यते, येनाध्यवसायरूपेषु भावयोगेषु शुभाशुभत्वं स्यादिति भावः। तस्माद् भावयोगे एकस्मिन् समये शुभोऽशुभो वा भवति, न तु मिश्रः, ततः कर्मापि तत्प्रत्ययं पृथक् पुण्यरूपं पापरूपं वा बध्यते न तु मिश्ररूपमिति स्थितम् ।

**વિશેષાવશ્યક ગાથા-૧૯૩૯નો અવતરણિકાર્થ :-**

प्रेरकः प्राह - પ્રેરક કહે છે - પૂર્વમાં વિશેષાવશ્યકના ગ્રંથકારશ્રીએ કહ્યું કે એક સમયમાં મિશ્રયોગ નથી, માટે મિશ્ર કર્મબંધ નથી. ત્યાં કોઈ પ્રશ્નકાર કહે છે –

**વિશેષાવશ્યક ગાથા-૧૯૩૯નો ગાથાર્થ :-**

**णणु ..... भावकरणंमि ।। 'ननु' શબ્દ પૂર્વપક્ષીની શંકામાં છે. મન, વચન અને કાયાના યોગો એક સમયમાં શુભ-અશુભ પણ દેખાય છે.**

પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી વિશેષાવશ્યક ગાથા-૧૯૩૯ના ઉત્તરાર્ધમાં કહે છે –

**દ્રવ્યમાં=દ્રવ્યયોગમાં મિશ્રભાવ છે, પરંતુ ભાવકરણમાં=ભાવયોગમાં નથી=મિશ્રભાવ નથી.**

**વિશેષાવશ્યક ગાથા-૧૯૩૯નો ટીકાર્થ :-**

ननु ..... एगसमयम्मि त्ति, 'ननु' શબ્દ પૂર્વપક્ષીની શંકામાં છે. મન, વચન અને કાયાના યોગો શુભાશુભ અર્થાત્ મિશ્ર એક સમયમાં દેખાય છે, તેથી કેવી રીતે એક સમયમાં શુભ અથવા અશુભ મન, વચન અને કાયાના યોગો છે, એ પ્રમાણે કહેવાય છે ? આ પ્રમાણે 'ननु' થી પૂર્વપક્ષી શંકા કરે છે અને શંકાકાર એક સમયમાં મન, વચન અને કાયાના યોગો મિશ્ર દેખાય છે, તે तथाहि થી બતાવે છે –

तथाहि ..... काययोगः इति । કાંઈક અવિધિથી દાનાદિનું વિતરણ=દાનાદિ આપવાનું ચિંતવન કરતા શુભાશુભ=મિશ્ર મનોયોગ છે, અને કાંઈક પણ અવિધિથી જ દાનાદિ ધર્મનો ઉપદેશ આપતા શુભાશુભ=મિશ્ર વચનયોગ છે, અને કાંઈક પણ અવિધિથી જ જિનપૂજા-વંદનાદિ કાયચેષ્ટાને કરતા શુભાશુભ=મિશ્ર કાયયોગ છે. 'इति' શબ્દ तथाहि થી પ્રારંભ કરેલ કથનની સમાપ્તિ સૂચક છે.

तदेतद् ..... दव्वंमि इत्यादि । તે આ=પૂર્વમાં 'ननु'થી શંકાકારે એક સમયમાં મન, વચન અને કાયાના યોગો મિશ્ર બતાવ્યા તે આ, અયુક્ત છે; કેમ અયુક્ત છે ? એથી વિશેષાવશ્યક ગાથા-૧૯૩૯ના ઉત્તરાર્ધમાં 'दव्वंमि' ઇત્યાદિથી કહે છે.

વિશેષાવશ્યક ગાથા-૧૯૩૯ના ઉત્તરાર્ધના કથનથી શું કહેવાયું છે, તે વિશેષાવશ્યક ગાથા-૧૯૩૯ની ટીકામાં બતાવતાં કહે છે –

इदमुक्तं भवति - તે આ કહેવાયેલું થાય છે -

इह ..... भावात्मकयोगे । અહીં=સંસારી જીવોમાં બે પ્રકારનો યોગ છે : (૧) દ્રવ્યથી અને (૨) ભાવથી. ત્યાં=બે પ્રકારના યોગમાં, મન, વચન અને કાયાના યોગનાં પ્રવર્તક દ્રવ્યો=જીવ મનથી વિચારને અભિમુખ પરિણામવાળો થાય છે ત્યારે મનોવર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરે છે, તે મનોયોગ પ્રવર્તક દ્રવ્ય છે, જીવ જ્યારે બોલવાને અભિમુખ

પરિણામવાળો થાય છે ત્યારે ભાષાવર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરે છે, તે વાગ્યોગ પ્રવર્તક દ્રવ્ય છે અને જીવ જ્યારે કાયાનું અવલંબન લઈને વીર્ય વ્યાપારવાળો થાય છે, તે વખતે તે પ્રયત્નના અવલંબનભૂત ઔદારિકાદિ કાયવર્ગણાનાં પુદ્ગલો તે કાયયોગપ્રવર્તક દ્રવ્ય છે. આ ત્રણે દ્રવ્યો દ્રવ્યયોગ છે અને મન, વચન અને કાયાના પરિસ્પંદનાત્મક યોગો દ્રવ્યયોગ છે=મનોવર્ગણાનાં પુદ્ગલોને મનરૂપે પરિણમન પમાડ્યા પછી તેને અવલંબીને થતો જીવનો વીર્યવ્યાપાર, ભાષાવર્ગણાનાં પુદ્ગલોને વચનરૂપે પરિણમન પમાડ્યા પછી તેને અવલંબીને થતો જીવનો વીર્ય વ્યાપાર, અને ઔદારિકાદિ કાયવર્ગણાનાં પુદ્ગલોને કાયારૂપે પરિણમન પમાડ્યા પછી તેને અવલંબીને થતો જીવનો વીર્ય વ્યાપાર, તે ત્રણે પરિસ્પંદનાત્મક યોગ છે, તે દ્રવ્યયોગ છે; અને જે વળી ઉભયરૂપ દ્રવ્યયોગનો=મન-વચન-કાયાના પુદ્ગલરૂપ અને તે પુદ્ગલોને અવલંબીને થતા જીવનવ્યાપારરૂપ એમ ઉભયરૂપ દ્રવ્યયોગનો હેતુ જે અધ્યવસાય=મનોવર્ગણાદિ દ્રવ્યોને ગ્રહણ કરીને તેને અવલંબીને વીર્યવ્યાપાર કરવા પૂર્વે જીવમાં કાંઈક અધ્યવસાય થાય છે, કે જે મનોવર્ગણાદિ દ્રવ્યોને ગ્રહણ કરીને તેનાથી પરિસ્પંદનાત્મક વ્યાપાર કરે છે, તે અધ્યવસાય, ભાવયોગ છે.

ત્યાં=પૂર્વમાં દ્રવ્યયોગ અને ભાવયોગ બતાવ્યો તેમાં, શુભાશુભરૂપ યથોક્ત, પૂર્વપક્ષીએ કહ્યું તે ચિંતા, દેશના અને કાયચેષ્ટાના પ્રવર્તક એવા બે પ્રકારના પણ દ્રવ્યયોગમાં, વ્યવહારનયના દર્શનની=વ્યવહારનયના અવલોકનની, વિવક્ષામાત્રથી શુભાશુભપણારૂપ મિશ્રભાવ થાય, પરંતુ, મન, વચન અને કાયયોગના કારણભૂત અધ્યવસાયરૂપ ભાવકરણમાં=ભાવાત્મક યોગમાં, નથી=મિશ્રભાવ નથી.

अयमभिप्रायः - આ અભિપ્રાય છે=વિશેષાવશ્યક ગાથા-૧૯૩૬ના ઉત્તરાર્ધથી શંકાકારને ગ્રંથકારશ્રીએ જે જવાબ આપ્યો, તેનો આ અભિપ્રાય છે –

द्रव्ययोगः ..... अभावात् । વ્યવહારનયના દર્શનથી=વ્યવહારનયના અવલોકનથી, દ્રવ્યયોગ શુભાશુભરૂપ મિશ્ર પણ ઇચ્છાય છે. વળી નિશ્ચયનયથી તે પણ=શુભાશુભરૂપ મિશ્ર પણ, કેવલ=ફક્ત શુભ કે અશુભ છે; કેમ કે શુભાશુભરૂપ મિશ્ર એવા યથોક્ત=પૂર્વપક્ષીએ કહેલ ચિંતા, દેશનાદિ પ્રવર્તક દ્રવ્યયોગોનું પણ તેના મતથી=નિશ્ચયનયના મતથી, અભાવ છે.

અહીં પ્રશ્ન થાય કે અવિધિથી દાનાદિ વિતરણના ચિંતવનાદિરૂપ મનોવ્યાપાર આદિમાં નિશ્ચયનયથી શુભાશુભ ભાવ કેમ નથી ? તેથી કહે છે –

मनोवाक्कायद्रव्य ..... नास्ति, મન, વચન અને કાય દ્રવ્યયોગના કારણભૂત અધ્યવસાયરૂપ ભાવકરણમાં વળી શુભાશુભરૂપ મિશ્રભાવ નથી, માટે નિશ્ચયનયના મતે અવિધિથી દાનાદિ આપવાના ચિંતવનાદિરૂપ મનોયોગાદિમાં મિશ્રભાવ નથી, એમ અન્વય છે.

અહીં વ્યવહારનયને અભિમત દ્રવ્યયોગને આશ્રયીને મિશ્રભાવ ન સ્વીકારતાં નિશ્ચયનયને અભિમત ભાવયોગને આશ્રયીને યોગમાં મિશ્રભાવ નથી, એમ કહ્યું. તેમાં હેતુ કહે છે –

निश्चयनय ..... विवक्षितत्वात् । અહીંયાં=કર્મબંધની વિચારણા વિષયક આગમમાં, નિશ્ચયનયના દર્શનનું જ વિવક્ષિતપણું છે, તેથી નિશ્ચયનય ભાવયોગને આશ્રયીને મિશ્રયોગ નથી, એમ વિવક્ષા કરે છે, એમ અન્વય છે.

અહીં પ્રશ્ન થાય કે નિશ્ચયનય કર્મબંધની વિચારણામાં ભાવયોગને સ્વીકારતો હોય તોપણ ભાવયોગને આશ્રયીને શુભાશુભ મિશ્રયોગ સ્વીકારે તો શું વાંધો છે ? તેથી કહે છે –

न हि ..... इति भावः । શુભ અથવા અશુભ અધ્યવસાયસ્થાનોને છોડીને શુભાશુભ અધ્યવસાયસ્થાનરૂપ ત્રીજી રાશિ આગમમાં ક્યાંય પણ ઇચ્છાયેલ નથી જ, જેને કારણે અધ્યવસાયરૂપ ભાવયોગમાં શુભાશુભપણું=મિશ્રપણું, થાય, એ પ્રકારનો ભાવ છે.

વિશેષાવશ્યક ગાથા-૧૯૩૬માં 'ननु' થી પૂર્વપક્ષીએ શંકા કરેલ કે મન, વચન અને કાયાના યોગો મિશ્ર પણ દેખાય છે. તેથી મિશ્રયોગ નથી, તેમ કહી શકાય નહિ. તેનું નિરાકરણ વિશેષાવશ્યક ગાથા-૧૯૩૬ના ઉત્તરાર્ધથી ગ્રંથકારશ્રીએ કર્યું. હવે તેનું નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

तस्मात् ..... स्थितम् । તે કારણથી=પૂર્વમાં સ્થાપન કર્યું કે નિશ્ચયનયની દૃષ્ટિથી યોગમાં મિશ્રપણું નથી તે કારણથી, એક સમયમાં ભાવયોગમાં શુભ કે અશુભ ભાવ હોય છે, પરંતુ મિશ્રભાવ હોતો નથી. તેથી કર્મ પણ તત્પ્રત્યય=ભાવયોગ પ્રત્યય, પૃથક્ પુણ્યરૂપ અથવા પાપરૂપ બંધાય છે, પરંતુ મિશ્રરૂપ બંધાતું નથી=પુણ્ય-પાપરૂપ મિશ્ર બંધાતું નથી, એ પ્રમાણે સ્થિત છે.

**વિશેષાવશ્યક ગાથા-૧૯૩૬નો ભાવાર્થ :-**

પૂર્વમાં વિશેષાવશ્યકના ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે એક સમયમાં યોગનિમિત્ત શુભ અથવા તો અશુભ કર્મ બંધાય છે, પરંતુ મિશ્ર કર્મ બંધાતું નથી. ત્યાં કોઈ શંકાકાર કહે છે કે એક સમયમાં શુભાશુભ મિશ્રમનોયોગ, શુભશુભ મિશ્રવચનયોગ અને શુભાશુભ મિશ્રકાયયોગ દેખાય છે. તેથી મિશ્ર કર્મબંધ નથી, તેમ કેમ કહી શકાય ? અને શંકાકાર પૂર્વપક્ષી એક સમયમાં શુભાશુભ મનોયોગ આદિ કઈ રીતે સંભવે તે સ્પષ્ટ કરતાં કહે છે –

કોઈ દાતા અવિધિથી દાનાદિ આપવાનું ચિંતવન કરતો હોય ત્યારે તેના ચિત્તમાં દાન આપવાનો શુભ અધ્યવસાય છે અને શાસ્ત્રવિધિથી નિરપેક્ષ આપવાનો અશુભ અધ્યવસાય છે, માટે મિશ્ર મનોયોગ વર્તે છે. તે રીતે કોઈ ઉપદેશક અવિધિથી દાનાદિ ધર્મનો ઉપદેશ આપતા હોય ત્યારે દાનાદિ ધર્મના ઉપદેશનો શુભ અધ્યવસાય છે અને વિધિ નિરપેક્ષ દાનાદિ આપવાનો ઉપદેશ આપે છે, તેથી મિશ્રવચનયોગ છે. તે રીતે કોઈ શ્રાવક જિનપૂજા-વંદનાદિ કરતા હોય અને અવિધિથી કરતા હોય ત્યારે અવિધિ અંશને આશ્રયીને અશુભ કાયયોગ છે અને ભગવાનની ભક્તિને આશ્રયીને શુભ કાયયોગ છે, માટે મિશ્રકાયયોગ છે. તેથી મિશ્ર મન, વચન અને કાયાના યોગોનો સંભવ નથી, એમ કહી શકાય નહિ, એ પ્રમાણે પૂર્વપક્ષીનો આશય છે.

તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીનું આ કથન અયુક્ત છે. કેમ અયુક્ત છે, તેને સ્પષ્ટ કરતાં વિશેષાવશ્યક ગાથા-૧૯૩૬ના ઉત્તરાર્ધથી કહે છે –

દ્રવ્યયોગમાં મિશ્રભાવ છે અને ભાવયોગમાં મિશ્રભાવ નથી.

વ્યવહારનય દ્રવ્યયોગમાં મિશ્રભાવ સ્વીકારે છે પરંતુ નિશ્ચયનયથી દ્રવ્યયોગમાં પણ મિશ્રભાવ નથી; કેમ કે નિશ્ચયનય શુભભાવ કે અશુભભાવ પ્રમાણે દ્રવ્યયોગને પણ શુભભાવરૂપે કે અશુભભાવરૂપે સ્વીકારે

છે; અને ભાવયોગમાં શુભયોગ કે અશુભયોગ એમ બે જ યોગો છે, પરંતુ શુભાશુભરૂપ મિશ્રયોગ નથી. તેથી નિશ્ચયનય કહે છે કે દ્રવ્યયોગમાં પણ શુભાશુભ રૂપ મિશ્રયોગ નથી અને ભાવયોગ પણ શુભાશુભરૂપ મિશ્ર નથી.

વળી, શાસ્ત્રકારોએ કર્મબંધની વિચારણામાં નિશ્ચયનયની દૃષ્ટિની જ વિવક્ષા કરેલ છે અને નિશ્ચયનયની દૃષ્ટિથી યોગને શુભાશુભરૂપ મિશ્ર સ્વીકારી શકાય નહિ, પરંતુ કાં તો શુભયોગ હોય કાં તો અશુભયોગ હોય.

આનાથી એ ફલિત થાય છે કે (૧) કોઈ અવિધિથી દાનાદિ આપવાનું ચિંતવન કરતો હોય ત્યારે પણ ભગવાનના વચનની વિધિ પ્રત્યેનો અનાદરભાવ મુખ્ય હોય તો તે ચિંતવનને નિશ્ચયનય અશુભયોગરૂપે સ્વીકારે છે; કેમ કે ભગવાનના વચન પ્રત્યેનો અનાદરભાવ મુખ્યપણે વર્તે છે; અને (૨) અન્ય કોઈ અવિધિથી દાનાદિ આપવાનું ચિંતવન કરતો હોય, આમ છતાં અવિધિથી ચિંતવનનો આશય ન હોય પરંતુ અજ્ઞાનને કારણે અવિધિથી દાનાદિ આપવાનું ચિંતવન કરતો હોય અને સામગ્રી મળે તો અવિધિથી દાનાદિ આપવાના ચિંતવનનું નિવર્તન થાય તેમ હોય, તો અવિધિથી દાનાદિ આપવાના ચિંતવનને પણ નિશ્ચયનય શુભયોગરૂપ સ્વીકારે છે, ફક્ત વિધિપૂર્વક દાનાદિના વિતરણનું ચિંતવન કરનારને જેવો શુભ અધ્યવસાય છે, તેવો ઉત્કટ શુભ અધ્યવસાય અજ્ઞાનના કારણે અવિધિપૂર્વક દાન આપનારને નથી, પરંતુ દાનાદિ ધર્મ કરવાનો અધ્યવસાય છે અને વિધિ પ્રત્યે અનાદરભાવ નથી, માટે શુભ અધ્યવસાય છે.

તેથી એ ફલિત થાય કે વ્યવહારનય દ્રવ્યયોગને આશ્રયીને અવિધિથી દાનાદિના વિતરણના ચિંતવનાદિને શુભાશુભ મનોયોગાદિરૂપ કહે છે. તેને પણ નિશ્ચયનય કાં શુભયોગમાં કાં અશુભ યોગમાં અંતર્ભાવ કરે છે, પરંતુ મિશ્ર મનોયોગ સ્વીકારતો નથી; કેમ કે આગમમાં શુભ કે અશુભ અધ્યવસાયસ્થાનને છોડીને શુભાશુભ અધ્યવસાયસ્થાનરૂપ ત્રીજી મિશ્રરાશિ સ્વીકારેલ નથી, તેથી અધ્યવસાયરૂપ ભાવયોગમાં શુભાશુભરૂપ મિશ્રપણું નથી, પરંતુ કાં શુભપણું છે, કાં અશુભપણું છે; અને નિશ્ચયનય જે દ્રવ્યયોગમાં પ્રવર્તક અધ્યવસાય શુભ હોય તે દ્રવ્યયોગને શુભ સ્વીકારે છે અને જે દ્રવ્યયોગમાં પ્રવર્તક અધ્યવસાય અશુભ હોય તે દ્રવ્યયોગને અશુભ સ્વીકારે છે. વળી ભાવયોગમાં એક સમયમાં કાં શુભયોગ હોય, કાં અશુભ યોગ હોય, પરંતુ મિશ્રયોગ હોતો નથી અને કર્મબંધ ભાવયોગ પ્રમાણે થાય છે, તેથી ભાવયોગ પ્રત્યય કર્મ પણ પૃથક્ પુણ્યરૂપ બંધાય છે અથવા તો પૃથક્ પાપરૂપ બંધાય છે, પરંતુ મિશ્રરૂપ બંધાતું નથી.

અહીં દ્રવ્યયોગ બે પ્રકારનો છે એમ કહ્યું, તેથી એ પ્રાપ્ત થાય કે જીવ જ્યારે મનથી ચિંતવન કરવાને અભિમુખ પ્રયત્નવાળો થાય છે, ત્યારે મનોવર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરે છે અને તે મનોવર્ગણાનાં પુદ્ગલોને અવલંબીને પરિસ્પંદનરૂપ મનોવ્યાપાર=આત્મપ્રદેશોના મલનરૂપ આત્મવ્યાપાર કરે છે અને તે મનોવ્યાપારથી જીવ અધ્યવસાય કરે છે ત્યારે જે દ્રવ્યમનોવ્યાપાર કરવાને અનુકૂળ અને દ્રવ્યમનોવ્યાપારકાળમાં વર્તતો જીવનો અધ્યવસાય છે, તે ભાવયોગ છે; અને તે અધ્યવસાયથી પ્રેરાઈને જીવ મનોવર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરે છે, તે પુદ્ગલો મનોયોગપ્રવર્તક દ્રવ્ય છે, અને તે મનોયોગપ્રવર્તક મનોવર્ગણાનાં પુદ્ગલો દ્રવ્યમનોયોગ છે, અને તે મનોવર્ગણાનાં પુદ્ગલોને અવલંબીને જીવ જે પરિસ્પંદરૂપ વ્યાપાર કરે

છે અને જેનાથી અધ્યવસાય થાય છે, તે જીવનો વ્યાપારાત્મક મનોયોગ પણ દ્રવ્યમનોયોગ છે અને તે વ્યાપારકાળમાં પ્રારંભથી માંડીને જે અધ્યવસાય વર્તે છે તે અધ્યવસાય ભાવમનોયોગ છે.

આ રીતે ભાષાવર્ગણાનાં પુદ્ગલો દ્રવ્યવચનયોગ છે, અને તે ભાષાવર્ગણાનાં પુદ્ગલોને અવલંબીને જીવ જે પરિસ્પંદરૂપ વ્યાપાર કરે છે તે પણ દ્રવ્યવચનયોગ છે, અને બોલવાના કારણીભૂત એવો જીવનો જે અધ્યવસાય છે તે ભાવવચનયોગ છે=તદ્ સહવર્તી ભાવમનોયોગથી નિયંત્રિત ભાવવચનયોગ છે.

વળી જીવની કાયાનાં પુદ્ગલો તે કાયયોગ પ્રવર્તક દ્રવ્ય છે અને તે દ્રવ્યકાયયોગ છે, અને તે કાયાને અવલંબીને જીવમાં પરિસ્પંદનાત્મક વ્યાપાર થાય છે તે પણ દ્રવ્યકાયયોગ છે, અને કાયાનાં પુદ્ગલોને અવલંબીને કાયવ્યાપાર કરવામાં કારણીભૂત એવો જીવનો જે અધ્યવસાય છે, તે ભાવકાયયોગ છે=કાયવ્યાપારકાળમાં વર્તતા ભાવમનોયોગથી નિયંત્રિત ભાવકાયયોગ છે.

**ટીકા :-**

एतदेव समर्थयन् आह -

**"झाणं सुभमसुभं वा न उ मीसं जं च झाणविरमे वि।**
**लेसा सुभाऽसुभा वा सुभमसुभं वा तओ कम्मं"** ।। [विशेषावश्यक गा. १९३७]

ध्यानं यस्मादागमे एकदा धर्मशुक्ल ध्यानात्मकं शुभम्, आर्त्तरौद्रात्मकमशुभं वा निर्दिष्टं, न तु शुभाशुभात्मकं, यस्माच्च ध्यानोपरमेऽपि लेश्या तैजसीप्रमुखा शुभा कापोतीप्रमुखा वाशुभा एकदा प्रोक्ता, न तु शुभाशुभरूपा, ध्यानलेश्यात्मकाश्च भावयोगास्ततस्तेऽप्येकदा शुभा अशुभा वा भवन्ति, न तु मिश्राः । ततो भावयोगनिमित्त कर्माप्येकदा पुण्यात्मकं शुभं बध्यते, पापात्मकमशुभं वा बध्यते, न तु मिश्रमपि ।

**વિશેષાવશ્યક ગાથા-૧૯૩૭નો અવતરણિકાર્થ :-**

एतदेव समर्थयन् आह - આને જ=ભાવયોગ પ્રમાણે શુભ કે અશુભ કર્મ બંધાય છે, પરંતુ મિશ્ર કર્મ બંધાતું નથી એને જ, સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**વિશેષાવશ્યક ગાથા-૧૯૩૭નો ગાથાર્થ :-**

**"झाणं ..... कम्मं ।।" જે કારણથી ધ્યાન શુભ અથવા અશુભ છે, પરંતુ મિશ્ર નથી, અને ધ્યાનના વિરામમાં પણ લેશ્યા શુભ અથવા અશુભ છે, તે કારણથી કર્મ=કર્મબંધ, શુભ અથવા અશુભ છે.**

**વિશેષાવશ્યક ગાથા-૧૯૩૭નો ટીકાર્થ :-**

**ध्यानं ..... न तु मिश्रमपि ।** જે કારણથી આગમમાં ધ્યાન એક કાળમાં શુક્લ-ધર્મધ્યાનસ્વરૂપ શુભ અથવા આર્ત-રૌદ્રધ્યાનસ્વરૂપ અશુભ બતાવાયું છે, પરંતુ શુભાશુભરૂપ=મિશ્રરૂપ બતાવાયું નથી, અને જે કારણથી ધ્યાનના ઉપરમમાં પણ લેશ્યા, તેજો વગેરે શુભલેશ્યા અથવા કાપોત વગેરે અશુભ લેશ્યા એક કાળમાં એક કહેવાયેલ છે, પરંતુ

શુભાશુભરૂપ મિશ્ર કહેવાઈ નથી, અને ધ્યાન લેશ્યાત્મક ભાવયોગો છે, તે કારણથી તે પણ=ભાવયોગો પણ, એક કાળમાં શુભ અથવા અશુભ હોય છે, મિશ્ર=શુભાશુભ નહિ. તેથી=ભાવયોગ શુભયોગરૂપ અથવા અશુભયોગરૂપ છે મિશ્રયોગરૂપ નથી તેથી, ભાવયોગ નિમિત્તક કર્મ પણ એક કાળમાં પુણ્યસ્વરૂપ શુભ બંધાય છે અથવા પાપસ્વરૂપ અશુભ બંધાય છે, પરંતુ મિશ્ર પણ બંધાતું નથી.

**વિશેષાવશ્યક ગાથા-૧૯૩૭નો ભાવાર્થ :-**

વિશેષાવશ્યક ગાથા-૧૯૩૬માં કહ્યું કે એક સમયમાં ભાવયોગ શુભયોગ અથવા અશુભયોગરૂપ છે, પરંતુ મિશ્રયોગ રૂપ નથી; અને કર્મબંધ ભાવયોગ પ્રમાણે થાય છે, તેથી એક સમયમાં કાં પુણ્ય બંધાય છે, કાં પાપ બંધાય છે, પરંતુ પુણ્ય-પાપરૂપ મિશ્ર કર્મ બંધાતું નથી. એ વાત એમ જ છે, તે બતાવવા માટે વિશેષાવશ્યક ગાથા-૧૯૩૭માં કહે છે –

શાસ્ત્રમાં ધ્યાન એક સમયમાં શુભ કે અશુભ એક જ કહેલ છે, પરંતુ શુભાશુભ ધ્યાન એક સમયમાં સ્વીકારેલ નથી; અને લેશ્યા પણ એક સમયમાં શુભ અથવા અશુભ સ્વીકારેલ છે, પરંતુ શુભાશુભરૂપ સ્વીકારેલ નથી; અને ભાવયોગો ધ્યાન-લેશ્યાત્મક છે, ધ્યાન અને લેશ્યાથી અતિરિક્ત કોઈ ભાવયોગો નથી. તેથી એ પ્રાપ્ત થાય કે ભાવયોગો એ જીવનો અધ્યવસાય છે, અને એ અધ્યવસાય ધ્યાનકાળમાં ધ્યાન-લેશ્યા ઉભયરૂપ છે, અને ધ્યાન ન હોય ત્યારે માત્ર લેશ્યારૂપ અધ્યવસાય છે; અને તે અધ્યવસાય પ્રમાણે કર્મબંધ થાય છે અને તે અધ્યવસાય એક કાળમાં શુભ હોય અથવા અશુભ હોય, પરંતુ મિશ્ર નથી. તેથી કર્મબંધ પણ કાં શુભ બંધાય છે, કાં અશુભ બંધાય છે, પરંતુ એક કાળમાં મિશ્રકર્મ બંધાતુ નથી.

અહીં વિશેષ એ છે કે કેવળ મનોયોગ વર્તતો હોય ત્યારે ભાવયોગ પણ મનોયોગનો શુભ કે અશુભ છે તેમ કહેવાય છે. જ્યારે વચનયોગ વર્તતો હોય ત્યારે મનોયોગ હોવા છતાં વચનને પ્રધાન કરીને તે વચનવ્યાપારકાળમાં ભાવયોગ પણ વચનનો શુભ કે અશુભ છે તેમ કહેવાય છે, પરંતુ મનોયોગ શુભ છે તેમ કહેવાતું નથી. તે પ્રમાણે કાયયોગમાં પણ જાણવું. આથી જ ધ્યાન પણ કાયિકધ્યાન અને વાચિકધ્યાન સ્વીકારેલ છે.

**ટીકા :-**

अपि च,

**"पुव्वगहियं च (व) कम्मं परिणामवसेण मीसयं नेज्जा।**
**इयरेयरभावं वा सम्मामिच्छाइ न उ गहणे" ।। [विशेषावश्यक गा. १९३८]**

(पूर्वगृहीतं च कर्म परिणामवशेन मिश्रतां व्रजेत् । इतरेतरभावं वा सम्यग्मिथ्या न तु ग्रहणे)।।

'वा' इति अथवा एतदद्यापि संभाव्यते यत्पूर्वं गृहीतं-पूर्वं बद्धं मिथ्यात्वलक्षणं कर्म परिणामवशात् पुञ्जत्रयं कुर्वन् मिश्रतां सम्यग्मिथ्यात्वपुञ्जरूपतां नयेत्=प्रापयेदिति। इतरेतरभावं वा नयेत् सम्यक्त्वं मिथ्यात्वं चेति। इदमुक्तं भवति-पूर्वबद्धान् मिथ्यात्वपुद्गलान् विशुद्धपरिणामः सन् संशोध्य सम्यक्त्वरूपतां नयेत् अविशुद्धपरिणामस्तु

रसमुत्कर्षं नीत्वा सम्यक्त्वपुद्गलान् मिथ्यात्वपुञ्जे संक्रमय्य मिथ्यात्वरूपतां च नयेदिति। पूर्वगृहीतस्य सत्तावर्त्तिनः कर्मण इदं कुर्यात्, ग्रहणकाले तु-बन्धकाले न पुनर्मिश्रं पुण्यपापरूपतया सङ्कीर्णस्वभावं कर्म बध्नाति, नापीतरदितररूपतां नयतीति ।

### વિશેષાવશ્યક ગાથા-૧૯૩૮નો અવતરણિકાર્થ :-

अपि च - પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું કે અધ્યવસાયરૂપ ભાવ ધ્યાન-લેશ્યાત્મક છે અને ધ્યાન તથા લેશ્યા બેમાંથી એકે પણ મિશ્ર નથી, પરંતુ કાં શુભ છે, કાં અશુભ છે. તેથી કર્મ પણ શુભ અથવા અશુભ બંધાય છે, પરંતુ મિશ્ર બંધાતું નથી. તેની પુષ્ટિ કરવા માટે अपि च થી સમુચ્ચય કરવા અર્થે કહે છે –

### વિશેષાવશ્યક ગાથા-૧૯૩૮નો ગાથાર્થ :-

**पुव्वगहियं ..... गहणे ।। પૂર્વગૃહીત કર્મ પરિણામના વશથી મિશ્રતાને પામે છે અથવા ઈતરેતરભાવને=પરિણામના વશથી મિથ્યાત્વ હોય તો સમ્યક્ત્વભાવને અને સમ્યક્ત્વ હોય તો મિથ્યાત્વભાવને, પામે છે, પરંતુ ગ્રહણમાં=બંધમાં, સમ્યગ્ મિથ્યા=મિશ્રભાવ નથી.**

✪ વિશેષાવશ્યક ગાથા-૧૯૩૮માં पुव्वगहियं च છે ત્યાં पुव्वगहियं व હોવું જોઈએ; કેમ કે ગાથા-૧૯૩૮ની ટીકાની શરૂઆતમાં 'वा' इति अथवा કહેલ છે. તેથી च ના સ્થાને 'व' હોવો જોઈએ.

### વિશેષાવશ્યક ગાથા-૧૯૩૮નો ટીકાર્થ :-

'वा' इति ..... मिथ्यात्वं चेति । 'वा' શબ્દ અથવા અર્થમાં છે અને 'अथवा' થી એ કહેવું છે કે આ હજી પણ સંભાવના કરાય છે. તે સંભાવના સ્પષ્ટ કરે છે –

જે પૂર્વગૃહીત=પૂર્વબદ્ધ મિથ્યાત્વસ્વરૂપ કર્મ છે તે, પરિણામના વશથી ત્રણ પુંજને કરતો જીવ=સમ્યક્ત્વ પ્રાપ્તિકાળમાં ત્રણ પુંજને કરતો જીવ મિશ્રતાને=સમ્યગ્-મિથ્યાત્વપુંજરૂપ મિશ્રતાને, પ્રાપ્ત કરે છે અથવા ઈતરેતરભાવને પ્રાપ્ત કરે છે=સમ્યક્ત્વ પ્રાપ્તિકાળમાં મિથ્યાત્વનાં પુદ્ગલોને સમ્યક્ત્વરૂપતાને પ્રાપ્ત કરે છે=પમાડે છે અને સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલો સમ્યક્ત્વનાં પુદ્ગલોને મિથ્યાત્વરૂપતાને કરે છે=પમાડે છે.

અહીં ઈતરેતરભાવનો અર્થ કર્યો કે સમ્યક્ત્વ અને મિથ્યાત્વને પ્રાપ્ત કરે, એનાથી શું પ્રાપ્ત થાય છે તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

इदमुक्तं भवति - આ કહેવાયેલું થાય છે –

पूर्वबद्धान् ..... नयेदिति । વિશુદ્ધ પરિણામવાળો જીવ પૂર્વબદ્ધ એવાં મિથ્યાત્વનાં પુદ્ગલોને સંશોધન કરીને સમ્યક્ત્વરૂપતાને પ્રાપ્ત કરે છે=પમાડે છે, એ ઈતરેતરભાવનો અર્થ છે અર્થાત્ ઈતર એવાં મિથ્યાત્વનાં પુદ્ગલોના ઈતરભાવને=સમ્યક્ત્વરૂપ ભાવને પ્રાપ્ત કરે છે=પમાડે છે. વળી, અવિશુદ્ધ પરિણામવાળો જીવ રસનાં ઉત્કર્ષને કરીને સમ્યક્ત્વનાં પુદ્ગલોનો મિથ્યાત્વપુંજમાં સંક્રમણ કરીને મિથ્યાત્વરૂપતાને પ્રાપ્ત કરે છે=પમાડે છે. એ ઈતરેતરભાવનો અર્થ છે=ઈતર એવાં સમ્યક્ત્વનાં પુદ્ગલોના ઈતરભાવને=મિથ્યાત્વરૂપ ભાવને પ્રાપ્ત કરે છે=પમાડે છે.

'इति' શબ્દ इदमुक्तं भवति ના કથનની સમાપ્તિ સૂચક છે.

આનાથી શું પ્રાપ્ત થાય છે, તે સ્પષ્ટ કરે છે –

પૂર્વગૃહીત સત્તાવર્તી કર્મનું આ કરે છે=મિશ્રભાવ કરે છે. વળી ગ્રહણકાળમાં=બંધકાળમાં, મિશ્ર નહિ=પુણ્યપાપપણારૂપે સંકીર્ણ સ્વભાવવાળું કર્મ બાંધતો નથી, અને વળી ઈતરની ઈતરરૂપતાને પ્રાપ્ત કરતો નથી.

'इति' શબ્દ ગાથા-૧૯૩૮ની ટીકાની સમાપ્તિ સૂચક છે.

**વિશેષાવશ્યક ગાથા-૧૯૩૮નો ભાવાર્થ :-**

વિશેષાવશ્યક ગાથા-૧૯૩૭માં સ્થાપન કર્યું કે ભાવયોગ મિશ્ર નથી, તેથી મિશ્ર કર્મબંધ થતો નથી. તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે –

પરિણામના વશથી જીવ પૂર્વગૃહીત કર્મને મિશ્ર કરે છે અથવા પરિણામના વશથી જે ભાવરૂપે કર્મ હોય તેનાથી ઇતરભાવરૂપે કરે, છે પરંતુ બંધકાળમાં કાંઈ કર્મ મિશ્ર બંધાતું નથી. આનાથી એ ફલિત થાય છે કે કર્મબંધનું કારણ ભાવયોગ છે અને મિશ્ર કર્મ બંધાતું નથી, માટે મિશ્ર ભાવયોગ નથી. માટે દ્રવ્યસ્તવમાં ધર્માધર્મરૂપ મિશ્ર ભાવ નથી.

અહીં કહ્યું કે પરિણામના વશથી પૂર્વે બંધાયેલું કર્મ મિશ્ર થાય છે. તે કેવું કર્મ થાય છે, તે સ્પષ્ટ કરતાં કહે છે –

જીવે પૂર્વે મિથ્યાત્વનાં પુદ્ગલો બાંધ્યાં હોય પરંતુ સમ્યક્ત્વ પામતો હોય ત્યારે જીવમાં વિશુદ્ધ પરિણામ વર્તે છે અને તે વિશુદ્ધ પરિણામને કારણે અનિવૃત્તિકરણના ચરમ સમયમાં અને ઉપશમ સમ્યક્ત્વના કાળમાં પૂર્વે બંધાયેલાં તે મિથ્યાત્વનાં દલિકોને જીવ અધ્યવસાયથી શુદ્ધ કરે છે. તે શુદ્ધિકરણમાં કેટલાંક દલિકો શુદ્ધ બને છે તે સમ્યક્ત્વરૂપતાને પામે છે, કેટલાંક દલિકો અર્ધશુદ્ધ બને છે તે મિશ્રરૂપતાને પામે છે, અને કેટલાંક દલિકો અશુદ્ધ રહે છે તે મિથ્યાત્વરૂપે રહે છે. તેથી પરિણામના વશથી ત્રણ પુંજને કરતો જીવ કેટલાંક મિથ્યાત્વનાં દલિકોને મિશ્ર પુદ્ગલરૂપે કરે છે, અને કેટલાંક મિથ્યાત્વનાં દલિકોને સમ્યક્ત્વરૂપે કરે છે. વળી જ્યારે જીવ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય છે ત્યારે અશુદ્ધ પરિણામના વશથી પૂર્વે સમ્યક્ત્વરૂપે કરાયેલા પુદ્ગલના રસનો ઉત્કર્ષ કરીને મિથ્યાત્વપુંજરૂપે સંક્રમથી કરે છે ત્યારે સમ્યક્ત્વનાં પુદ્ગલોને મિથ્યાત્વરૂપે કરે છે.

આ રીતે પૂર્વમાં ગ્રહણ કરાયેલાં સત્તામાં રહેલાં કર્મોને જીવ સંક્રમ દ્વારા મિશ્રભાવરૂપે કરે છે કે અન્ય ભાવરૂપે કરે છે, પરંતુ જીવ જ્યારે કર્મ બાંધી રહ્યો છે, તે કર્મના બંધકાળમાં પુણ્ય-પાપરૂપે સંકીર્ણ સ્વભાવવાળું કર્મ બાંધતો નથી, અને જ્યારે કર્મ બાંધતો હોય ત્યારે પુણ્ય બાંધતો હોય ત્યારે પૂર્વમાં સત્તામાં રહેલાં પુણ્યકર્મનાં દલિકોને પાપરૂપે કરતો નથી, અને પાપ બાંધતો હોય ત્યારે પૂર્વમાં સત્તામાં રહેલાં પાપકર્મનાં દલિકોને પુણ્યરૂપે કરતો નથી. તેથી એક સમયે શુભ કે અશુભ અધ્યવસાય છે, પરંતુ મિશ્ર અધ્યવસાય નથી.

અહીં વિશેષ એ છે કે જો જીવ એક સમયમાં પુણ્ય અને પાપ ઉભયરૂપ કર્મ બાંધતો હોય તો મિશ્ર ભાવયોગ સિદ્ધ થાય; અને જો જીવ પુણ્ય-પાપરૂપ સંકીર્ણ સ્વભાવવાળું કર્મ ન બાંધતો હોય, પરંતુ પુણ્ય

બાંધતો હોય અને તે વખતે પૂર્વની પુણ્યપ્રકૃતિનો પાપરૂપે સંક્રમ કરે તો પણ મિશ્ર અધ્યવસાયની પ્રાપ્તિ થાય; કેમ કે બંધને અનુકૂળ શુભ અધ્યવસાય છે અને સંક્રમને અનુકૂળ અશુભ અધ્યવસાય છે. પરંતુ તેમ પણ થતું નથી, તે બતાવવા માટે ટીકામાં કહ્યું કે ઈતર ઇતરરૂપતાને પણ પ્રાપ્ત કરતું નથી=પુણ્ય બાંધતો હોય ત્યારે પૂર્વના બંધાયેલા પુણ્યને પાપરૂપે કરતો નથી, અને પાપ બાંધતો હોય ત્યારે પૂર્વના બંધાયેલા પાપને પુણ્યરૂપે કરતો નથી. તેથી એ પ્રાપ્ત થયું કે એક કાળમાં મિશ્ર અધ્યવસાય નથી, પરંતુ શુભ અથવા અશુભ બેમાંથી કોઈ એક અધ્યવસાય છે, માટે ભાવયોગમાં મિશ્રતા નથી. આનાથી એ ફલિત થાય છે કે મિશ્રયોગ નથી, માટે દ્રવ્યસ્તવને મિશ્ર સ્વીકારનાર પાર્શ્વચંદ્રનો મત વિશેષાવશ્યકભાષ્યના વચનથી વિરુદ્ધ છે.

**ટીકા :-**

सम्यक्त्वं मिथ्यात्वे सङ्क्रमय्य मिथ्यात्वरूपतां नयतीत्युक्तम्, ततः संक्रमविधिः संक्षेपतो दर्शयति –

> **"मोत्तूण आउयं खलु दंसणमोहं चरित्तमोहं च।**
> **सेसाणं पयडीणं उत्तरविहिसंकमो भज्जो" ।। [विशेषावश्यक गा. १९३९]**

इह ज्ञानावरणादिमूलप्रकृतीनामन्योऽन्यं संक्रमः कदापि न भवत्येव, उत्तरप्रकृतीनां तु निजनिजमूलप्रकृत्यभिन्नानां परस्परं सङ्क्रमो भवति, तत्र चायं विधिः - **'मोत्तूण आउयं'** इत्यादि, 'आउयं' इति जातिप्रधानो निर्देश इति बहुवचनमत्र द्रष्टव्यं चत्वार्यायूंषि मुक्त्वेति, एकस्या आयुर्लक्षणाया निजमूलप्रकृतेरभिन्नानामपि चतुर्णामायुषामन्योन्यं संक्रमो न भवतीति तद्वर्जनम्। तथा दर्शनमोहं चारित्रमोहं च मुक्त्वा, एकस्या मोहनीयलक्षणायाः स्वमूलप्रकृतेरभिन्नयोरपि दर्शनमोहचारित्रमोहयोरन्योन्यं सङ्क्रमो न भवतीति अर्थः। उक्तशेषाणां तु प्रकृतीनां कथंभूतानामित्याह-'उत्तरविहि' त्ति विधयो भेदाः उत्तरे च ते विधयश्चोत्तरविधय=उत्तरभेदास्तद्भूतानां उत्तरप्रकृतिरूपाणामिति तात्पर्यं, किमित्याह-सङ्क्रमो भाज्यो भजनीयः। भजना तावदेवं द्रष्टव्या - याः किल ज्ञानावरणपञ्चकदर्शनावरणनवककषायषोडशक-मिथ्यात्वभयजुगुप्सातैजसकार्मणवर्णादिचतुष्कागुरुलघूपघातनिर्माणान्तरायपञ्चकलक्षणाः सप्तचत्वारिंशत् ध्रुवबन्धिन्य उत्तरप्रकृतयस्तासां निजैकमूलप्रकृत्यभिन्नानामन्योन्यं सङ्क्रमः सदैव भवति, तद्यथा-ज्ञानावरणपञ्चकान्तर्वर्तिनि मतिज्ञानावरणे श्रुतज्ञानावरणादीनि,तेष्वपि मतिज्ञानावरणं सङ्क्रामतीत्यादि, यास्तु शेषा अध्रुवबन्धिन्यस्तासां निजैकमूलप्रकृत्यभेदवर्त्तिनीनामपि बध्यमानायामबध्यमानाः सङ्क्रामन्ति, न त्वबध्यमानायां बध्यमानाः, यथा साते बध्यमानेऽसातमबध्यमानं सङ्क्रामति, न तु बध्यमानमबध्यमाने इत्यादि वाच्यमित्येष प्रकृतिसङ्क्रमे विधिः। शेषस्तु प्रदेशादिसङ्क्रमविधिः मूलप्रकृत्यभिन्नासु वेद्यमानासु सङ्क्रमो भवतीत्यादि स्थानान्तरादवसेय इति। अलं प्रसङ्गेनेति।

**વિશેષાવશ્યક ગાથા-૧૯૩૯નો અવતરણિકાર્થ :-**

सम्यक्त्वं ..... दर्शयति - મિથ્યાત્વમાં સમ્યક્ત્વનું સંક્રમણ કરીને જીવ મિથ્યાત્વરૂપતાને પ્રાપ્ત કરે છે, એ પ્રમાણે વિશેષાવશ્યક ગાથા-૧૯૩૮માં કહ્યું. તેથી સંક્ષેપથી સંક્રમવિધિને બતાવે છે –

**વિશેષાવશ્યક ગાથા-૧૯૩૯નો ગાથાર્થ :-**

**"मोत्तूण ..... भज्जो ।।" આયુષ્યને અને દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીયને છોડીને શેષ પ્રકૃતિઓના ઉત્તરવિધિનો=ઉત્તર પ્રકૃતિનો, સંક્રમ ભાજ્ય છે=ભજનાએ છે.**

**વિશેષાવશ્યક ગાથા-૧૯૩૯નો ટીકાર્થ :-**

इह ..... तद्वर्जनम् । અહીં=કર્મસંક્રમના વિષયમાં, જ્ઞાનાવરણાદિ મૂળ પ્રકૃતિઓનો અન્યોન્ય સંક્રમ ક્યારેય થતો નથી જ. વળી, નિજ નિજ મૂળ પ્રકૃતિઓથી અભિન્ન એવી ઉત્તર પ્રકૃતિઓનો પરસ્પર સંક્રમ થાય છે, અને તેમાં=નિજ નિજ મૂળ પ્રકૃતિઓથી અભિન્ન એવી ઉત્તર પ્રકૃતિઓનો પરસ્પર સંક્રમ થાય છે તેમાં, આ વિધિ છે -

"मोत्तूण आउयं" એ ગાથાનું પ્રતીક છે. ગાથામાં आउयं એ જાતિપ્રધાન નિર્દેશ છે. એથી અહીં='आउयं' શબ્દમાં બહુવચન જાણવું=એકવચનનો પ્રયોગ હોવા છતાં બહુવચન જાણવું. તેથી શું પ્રાપ્ત થાય તે સ્પષ્ટ કરે છે –

ચાર આયુષ્યને છોડીને ઉત્તર પ્રકૃતિઓમાં સંક્રમની વિધિ છે, એમ અન્વય છે.

ચાર આયુષ્યને કેમ છોડ્યાં તે સ્પષ્ટ કરે છે –

એક આયુષ્ય સ્વરૂપ નિજ મૂળ પ્રકૃતિથી અભિન્ન પણ ચારે આયુષ્યનો પરસ્પર સંક્રમ થતો નથી. એથી કરીને તેનું વર્જન છે=સંક્રમની વિધિમાં આયુષ્યના સંક્રમનું વર્જન છે.

तथा ..... मुक्त्वा, અને દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીયને છોડીને શેષ મૂળ પ્રકૃતિઓની ઉત્તર પ્રકૃતિઓનો સંક્રમ ભજનાએ છે, એ પ્રકારે મૂળ ગાથા સાથે 'तथा दर्शनमोहं चारित्रमोहं च मुक्त्वा'નો સંબંધ છે.

શેષ ઉત્તર પ્રકૃતિઓની સંક્રમવિધિ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયને છોડીને કેમ છે ? તે સ્પષ્ટ કરે છે -

एकस्याः ..... अर्थः । એક મોહનીય સ્વરૂપ સ્વમૂલપ્રકૃતિથી અભિન્ન પણ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો અન્યોન્ય સંક્રમ થતો નથી. એ પ્રકારે 'દર્શનમોહ અને ચારિત્રમોહને છોડીને' એ વચનનો અર્થ છે.

उक्तशेषाणां ..... भजनीयः । ઉક્તથી શેષ પ્રકૃતિઓનો સંક્રમ થાય છે એમ મૂળગાથામાં કહ્યું તે શેષપ્રકૃતિ કેવા પ્રકારની છે ? એથી કહે છે –

'उत्तरविहि त्ति' એ મૂળ ગાથાનું પ્રતીક છે. તેમાં રહેલ 'વિધિ' શબ્દનો અર્થ ભેદો છે. ઉત્તર એવી તે વિધિઓ=ઉત્તરવિધિઓ=ઉત્તર ભેદો, તદ્ભૂત ઉત્તર પ્રકૃતિરૂપ ભેદોનો સંક્રમ ભાજ્ય=ભજનીય છે.

भजना चैवं द्रष्टव्या - અને ભજના આ પ્રમાણે જાણવી –

याः ..... भवति, જે ખરેખર જ્ઞાનાવરણ પંચક, દર્શનાવરણ નવક, કષાય ષોડશક, મિથ્યાત્વમોહનીય, ભય, જુગુપ્સા, તૈજસ, કાર્મણ, વર્ણાદિ ચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, અંતરાય પંચક સ્વરૂપ સુડતાલીશ ધ્રુવબંધી ઉત્તર પ્રકૃતિઓ છે. નિજ એક મૂળ પ્રકૃતિથી અભિન્ન એવી તેઓનો=ઉત્તર પ્રકૃતિઓની જે પોતાની મૂળ પ્રકૃતિ છે તે મૂળ પ્રકૃતિથી અભિન્ન એવી ઉત્તર પ્રકૃતિઓનો, અન્યોન્ય સંક્રમ સદા જ થાય છે.

तद्यथा - તે આ પ્રમાણે -

ज्ञानावरण ..... इति । જ્ઞાનાવરણ પંચકના અંતવર્તી એવા મતિજ્ઞાનાવરણમાં શ્રુતજ્ઞાનાવરણાદિ ચારનો સંક્રમ

થાય છે, એમ અન્વય છે, અને તેઓમાં પણ=શ્રુતજ્ઞાનાવરણાદિ ચારમાં પણ, મતિજ્ઞાનાવરણ સંક્રમ પામે છે ઈત્યાદિ=એ પ્રમાણે સર્વ ધ્રુવબંધી પ્રકૃતિઓનો સંક્રમ થાય છે, એ પ્રમાણે જાણવું.

વળી, જે શેષ=ધ્રુવબંધીથી શેષ, એવી અધ્રુવબંધી પ્રકૃતિઓ છે, તેઓનો નિજ એક મૂળ પ્રકૃતિની અભેદવર્તી પ્રકૃતિઓના પણ=નિજ એક મૂળ પ્રકૃતિ વેદનીય કર્મ તેની અભેદવર્તી સાતા-અસાતા પ્રકૃતિઓનો પણ, બધ્યમાનમાં= બંધાતી પ્રકૃતિઓમાં અબધ્યમાન=નહિ બંધાતી, પ્રકૃતિઓ સંક્રમ પામે છે=બધ્યમાન એવી શાતામાં અબધ્યમાન એવી અશાતા સંક્રમ પામે છે, પરંતુ અબધ્યમાન એવી અશાતામાં બધ્યમાન એવી શાતા સંક્રમ પામતી નથી. તેને સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે - બધ્યમાન એવી શાતામાં અબધ્યમાન અસાતા સંક્રમ પામે છે, પરંતુ બધ્યમાન એવી શાતા અબધ્યમાન એવી અશાતામાં સંક્રમ પામતી નથી. इत्यादि થી બાકીની અધ્રુવબંધી પ્રકૃતિઓમાં પણ આ પ્રમાણે સંક્રમ સમજી લેવો. એ પ્રકારે=અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રકારે, પ્રકૃતિસંક્રમમાં આ વિધિ છે. શેષ વળી પ્રદેશાદિ સંક્રમવિધિ મૂળ પ્રકૃતિથી અભિન્ન વેદ્યમાન=વેદાતી, પ્રકૃતિમાં થાય છે. ઈત્યાદિ સ્થાનાંતરથી વિધિ જાણવી. 'इति' શબ્દ સંક્રમવિધિના કથનની સમાપ્તિ સૂચક છે.

अलं प्रसङ्गेनेति - પ્રસંગથી સર્યું=સંક્રમવિધિનું પ્રાસંગિક કથન કર્યું તે પૂરું થાય છે, તે બતાવવા માટે કહે છે કે પ્રસંગથી સર્યું. 'इति' શબ્દ ટીકાની સમાપ્તિ સૂચક છે.

**વિશેષાવશ્યક ગાથા-૧૯૩૯નો ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે સંક્રમ દ્વારા મિશ્રમોહનીયની પ્રાપ્તિ છે, પરંતુ બંધ દ્વારા પુણ્ય-પાપરૂપ મિશ્રકર્મ બંધાતું નથી. તેથી સંક્રમવિધિને પ્રાસંગિક રીતે વિશેષાવશ્યક ભાષ્યમાં બતાવે છે –

જ્ઞાનાવરણાદિ મૂળ પ્રકૃતિઓનો પરસ્પર સંક્રમ થતો નથી, પરંતુ મૂળ પ્રકૃતિઓથી અભિન્ન એવી ઉત્તર પ્રકૃતિઓનો પરસ્પર સંક્રમ થાય છે. તેમાં અપવાદ બતાવે છે –

આઠ મૂળ કર્મ પ્રકૃતિઓમાંથી આયુષ્ય નામની મૂળ પ્રકૃતિની ઉત્તર પ્રકૃતિરૂપ ચાર આયુષ્યનો પરસ્પર સંક્રમ થતો નથી. તેથી ઉત્તર પ્રકૃતિના સંક્રમમાં ચાર આયુષ્યનો પરસ્પર સંક્રમ થતો નથી, એ અપવાદ છે.

વળી, મોહનીયકર્મની મૂળ પ્રકૃતિની બે ઉત્તર પ્રકૃતિ છે : ૧ - દર્શનમોહનીય અને ૨ - ચારિત્રમોહનીય.

મોહનીયની મૂળ પ્રકૃતિની ઉત્તર પ્રકૃતિરૂપ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયમાં પરસ્પર સંક્રમ થતો નથી. આ મોહનીયકર્મના ઉત્તર પ્રકૃતિના સંક્રમમાં અપવાદ છે; અને દર્શનમોહનીયની અને ચારિત્રમોહનીયની ઉત્તર પ્રકૃતિઓનો પોતાની મૂળ પ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમ થાય છે, પરંતુ મોહનીયકર્મની ઉત્તર પ્રકૃતિરૂપ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો પરસ્પર સંક્રમ થતો નથી, એટલો વિશેષ છે.

વળી, આઠ કર્મની સર્વ પ્રકૃતિઓમાંથી કેટલીક ધ્રુવબંધી પ્રકૃતિઓ છે અને કેટલીક અધ્રુવબંધી પ્રકૃતિઓ છે, તેમાં ધ્રુવબંધી સુડતાલીશ પ્રકૃતિઓ છે અને તે સુડતાલીશ પ્રકૃતિઓ જે મૂળ પ્રકૃતિઓની ઉત્તર પ્રકૃતિઓ છે, તેઓમાં સદા સંક્રમ થયા કરે છે. જેમ - જ્ઞાનાવરણીય મૂળ પ્રકૃતિ છે, તેની મતિજ્ઞાનાવરણાદિ પાંચ ઉત્તર પ્રકૃતિઓ છે અને તે પાંચ જ્ઞાનાવરણીયનો પરસ્પર સદા સંક્રમ ચાલુ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સત્તામાં રહેલ મતિજ્ઞાનાવરણીય કર્મમાંથી કેટલાંક દલિકો શ્રુતાદિ ચારે જ્ઞાનાવરણીયરૂપે સંક્રમ પામે છે, અને તે વખતે સત્તામાં રહેલા શ્રુતાદિ ચારે જ્ઞાનાવરણીયનાં દલિકોમાંથી કેટલાંક મતિજ્ઞાનાવરણરૂપે સંક્રમ પામે છે. આ રીતે સર્વ ધ્રુવબંધી પ્રકૃતિઓમાં સદા પરસ્પર સંક્રમ ચાલુ હોય છે.

વળી, અધ્રુવબંધી પ્રકૃતિઓમાં જે મૂળ પ્રકૃતિ હોય તેની ઉત્તર પ્રકૃતિ જે બંધાતી હોય તેમાં નહિ બંધાતી એવી ઉત્તર પ્રકૃતિઓનો સંક્રમ થાય છે. જેમ - કોઈ જીવ સાતાવેદનીય બાંધતો હોય ત્યારે નહિ બંધાતી એવી અસાતાવેદનીય પ્રકૃતિઓનાં કેટલાંક દલિકો સાતારૂપે સંક્રમ થાય છે, પરંતુ જે વખતે જીવ સાતાવેદનીય બાંધતો હોય તે વખતે સત્તામાં રહેલ સાતાવેદનીયનાં દલિકો નહિ બંધાતી અસાતાવેદનીયમાં સંક્રમ પામતાં નથી; કેમ કે અધ્રુવબંધી પ્રકૃતિઓમાં સાતાના બંધના અધ્યવસાયથી જેમ સાતા બંધાય છે, તેમ સત્તામાં રહેલ અસાતાવેદનીયનાં દલિકો પણ સાતાવેદનીયરૂપે સંક્રમ થાય છે; પરંતુ સાતાના બંધના અધ્યવસાયથી સત્તામાં રહેલ સાતાનાં દલિકો અસાતારૂપે સંક્રમ થતાં નથી; અને જ્યારે જીવ અસાતાવેદનીય બાંધતો હોય ત્યારે સત્તામાં રહેલાં સાતાનાં દલિકો અસાતારૂપે સંક્રમ થાય છે, પરંતુ અસાતાબંધના અધ્યવસાયથી સત્તામાં રહેલાં અસાતાનાં દલિકો સાતારૂપે સંક્રમ થતાં નથી.

**ઉત્થાન :-**

પૂર્વમાં બતાવ્યું એ રીતે ગ્રંથકારશ્રીએ મહાભાષ્યની વાણીના બળથી સ્થાપન કર્યું કે કર્મબંધ યોગથી થાય છે અને મિશ્રયોગ શાસ્ત્રકારોએ સ્વીકાર્યો નથી; તેથી ભગવાનની પૂજામાં હિંસા છે અને ભગવાનની ભક્તિનો ભાવ છે, માટે ભગવાનની પૂજામાં ધર્માધર્મરૂપ મિશ્રયોગ છે, એમ જે પાર્શ્વચંદ્ર કહે છે, તે ઉચિત નથી. ત્યાં પાર્શ્વચંદ્ર 'નનુ'થી શંકા કરતાં કહે છે –

**ટીકા :-**

**ननु मिश्रयोगाध्यवसायाभावान्माभून् मिश्रप्रकृतिबन्धापत्तिस्तथापि द्रव्याश्रयादन्ततो ध्रुवबन्धिपापमपि फलमवर्जनीयमिति चेत् ? न, ध्रुवबन्धित्वादेव तस्याः तत्प्रत्ययत्वादन्यथातिप्रसङ्गाद्, ग्रहणसमय एव गुणाश्रयाभ्यां कर्मणि शुभत्वस्याशुभत्वस्य रसाद्यपेक्षया जननाच्च, तदाह-**

**"अविसिट्ठं विय तं सो, परिणामासयसभावओ खिप्पं ।**
**कुरुते सुभमसुभं वा गहणे जीवो जहाहारं"।। [विशेषावश्यक गा. १९४३]**

परिणामो जीवस्याध्यवसायस्तद्वशाज्जीवो ग्रहणसमय एव कर्मणः शुभत्वमशुभत्वं वा जनयति, आश्रयः कर्मणो जीवस्तस्य स कोऽपि स्वभावो येन शुभाशुभान्यतरत्वेन परिणमयन्नेव कर्म गृह्णाति, तथा शुभाशुभत्वयोः आश्रयः कर्म, तस्यापि स कोऽपि स्वभावः येन शुभाशुभपरिणामान्वितेन जीवेन गृह्यमाणमेवैतद्रूपतया परिणमति उपलक्षणमेतत्प्रदेशाल्पबहुभागवैचित्र्यादेः, उक्तं च कर्मप्रकृतिसङ्ग्रहण्याम् –

"गहणसमयम्मि जीवो उप्पाएई गुणे सपच्चयओ।
सव्वजियाणंतगुणे कम्मपएसेसु सव्वेसु" ।।

'आउयभागो थोवो' (इत्यादि) (एतत्सर्वं कर्मणो ग्रहणसमये आहारदृष्टान्तेन जीवः करोतीति तमेव भावयति-)

"परिणामासयवसओ धेणुए जह पओ विसमहिस्स।
तुल्लोवि तदाहारो तह पुण्णापुण्णपरिणामो "।। [विशेषावश्यक गा. १९४४]

"जह वेगसरीरंमि वि सारासारपरिणामयामेति।
अविसिट्ठो आहारो (वाहारो) तह कम्म सुहासुहविभागो" ।। [विशेषावश्यक गा. १९४५] त्ति ।।९०।।

**ટીકાર્થ :-**

**ननु ..... तत्प्रत्ययत्वात्, 'ननु' પૂર્વપક્ષીની શંકામાં છે. મિશ્રયોગના અધ્યવસાયનો અભાવ હોવાથી મિશ્ર પ્રકૃતિબંધની આપત્તિ ન આવે તોપણ, દ્રવ્યાશ્રવ હોવાથી=ભગવાનની ભક્તિમાં પુષ્પાદિ જીવોની હિંસા હોવાથી દ્રવ્ય હિંસારૂપ દ્રવ્યાશ્રવ હોવાથી, અંતથી ધ્રુવબંધી પાપરૂપ પણ ફળ અવર્જનીય છે. એ પ્રમાણે પાર્શ્વચંદ્ર કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે કે એમ ન કહેવું; કેમ કે ધ્રુવબંધીપણું હોવાથી જ તેનું=ધ્રુવબંધી પાપપ્રકૃતિઓનું તત્પ્રત્યયપણું છે=ધ્રુવબંધી પ્રત્યયપણું છે અર્થાત્ ધ્રુવબંધી હોવાને કારણે બંધાય જ છે.**

ઉપરોક્ત કથનની પુષ્ટિ માટે ગ્રંથકારશ્રી અન્ય હેતુ કહે છે –

**अन्यथा ..... प्रसङ्गाद्, એવું ન માનો=ધ્રુવબંધીપણું હોવાને કારણે ભગવાનની ભક્તિમાં ધ્રુવબંધી પાપ પ્રકૃતિઓ બંધાય છે એવું ન માનો, અને એમ માનો કે ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા છે એ રૂપ દ્રવ્યાશ્રવ હોવાને કારણે ભગવાનની પૂજામાં ધ્રુવબંધી પાપપ્રકૃતિ બંધાય છે, એમ માનો તો, અતિપ્રસંગ છે=શ્રાવકને સામાયિક-પૌષધાદિની ક્રિયામાં અને સુસાધુના સંયમપાલનની ક્રિયામાં પણ જ્ઞાનાવરણાદિ ધ્રુવબંધી પાપપ્રકૃતિઓ બંધાતી હોવાને કારણે શ્રાવકના સામાયિકાદિને કે સાધુના સંયમને ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ માનવાનો અતિપ્રસંગ છે અર્થાત્ ૧૦મા ગુણસ્થાનક સુધી ધ્રુવબંધી પાપપ્રકૃતિઓ બંધાતી હોવાને કારણે ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ માનવાનો અતિપ્રસંગ છે.**

ઉપરમાં 'ननु'થી પૂર્વપક્ષીએ શંકા કરી કે ભગવાનની પૂજામાં હિંસારૂપ દ્રવ્યાશ્રવ હોવાને કારણે પૂજાકાળમાં અંતે ધ્રુવબંધી પાપપ્રકૃતિઓ બંધાય છે. તેનું ગ્રંથકારશ્રીએ નિરાકરણ કરીને સ્થાપન કર્યું કે ભગવાનની પૂજામાં હિંસારૂપ દ્રવ્યાશ્રવને કારણે ધ્રુવબંધી પાપપ્રકૃતિઓ બંધાતી નથી, પરંતુ ધ્રુવબંધી હોવાને કારણે દસમા ગુણસ્થાનક સુધી ધ્રુવબંધી જ્ઞાનાવરણાદિ પાપ પ્રકૃતિઓ બંધાય છે. ત્યાં પૂર્વપક્ષી કહે કે કર્મ બાંધતી વખતે જીવને શુભ પરિણામ કે અશુભ પરિણામ હોય તે પ્રમાણે શુભ કે અશુભ કર્મ બંધાય છે, એવો નિયમ કઈ રીતે નક્કી થાય ?=પૂર્વપક્ષીનો આશય એ છે કે, ભગવાનની પૂજામાં ભક્તિનો

અધ્યવસાય છે અને પુષ્પાદિ જીવોની હિંસાની ક્રિયા છે, તેને આશ્રયીને કર્મબંધ થતો નથી, પરંતુ જીવના શુભ કે અશુભ અધ્યવસાય પ્રમાણે શુભ કે અશુભ કર્મબંધ થાય છે. તેમ કેમ નક્કી થાય ? તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી તેમાં હેતુ કહે છે –

**ग्रहणसमये ..... जननाच्च, ગ્રહણ સમયમાં જ ગુણ અને આશ્રયના સ્વભાવથી=જીવનો પરિણામ એ ગુણ અને જીવ-કર્મરૂપ આશ્રયના સ્વભાવથી, કર્મમાં શુભપણાનું અથવા અશુભપણાનું રસાદિની અપેક્ષાએ જનન છે.**

✪ ટીકામાં 'गुणाश्रयाभ्यां कर्मणि शुभत्वस्याशुभत्वस्य' પાઠ છે, ત્યાં 'गुणाश्रयस्वभावाभ्यां कर्मणि शुभत्वस्याशुभत्वस्य वा' પાઠની સંભાવના છે અને તે મુજબ અમે અર્થ કરેલ છે.

**तदाह - તેને=ગ્રહણ સમયમાં જ ગુણ અને આશ્રયના સ્વભાવ દ્વારા કર્મમાં શુભપણાનું અથવા અશુભપણાનું રસાદિની અપેક્ષાએ જનન છે, એમ કહ્યું તેને, વિશેષાવશ્યક ગાથા-૧૯૪૩ની સાક્ષીથી કહે છે –**

### વિશેષાવષ્યક ગાથા-૧૯૪૩નો ગાથાર્થ :-

**"अविसिट्ठं ..... जहाहारं" ।। તે=જીવ, પરિણામ અને આશ્રયના સ્વભાવથી અવિશિષ્ટ જ એવા તેને=કર્મને, ક્ષિપ્ર ગ્રહણ સમયમાં શુભ અથવા અશુભ કરે છે, જે પ્રમાણે જીવ આહારને શુભ અથવા અશુભ કરે છે.**

### વિશેષાવશ્યક ગાથા-૧૯૪૩નો અમુક ટીકાર્થ :-

परिणामो ..... परिणमति, જીવનો અધ્યવસાય તે પરિણામ, તેના વશથી=જીવના અધ્યવસાયરૂપ પરિણામના વશથી, જીવ ગ્રહણ સમયમાં જ કર્મનું શુભપણું કે અશુભપણું કરે છે.

આશ્રય સ્વભાવનો અર્થ કરે છે –

કર્મનો આશ્રય જીવ છે અને તેનો=જીવનો, તે કોઈક સ્વભાવ છે, જેના કારણે શુભ અથવા અશુભ અન્યતરપણારૂપે પરિણમન પમાડતો જ=કર્મને પરિણમન પમાડતો જ, જીવ કર્મને ગ્રહણ કરે છે, અને શુભપણાનો તથા અશુભપણાનો=કર્મમાં વર્તતા શુભપણાનો અને અશુભપણાનો આશ્રય કર્મ છે, તેનો પણ=કર્મનો પણ, તે કોઈક સ્વભાવ છે, જેના કારણે શુભ-અશુભ પરિણામથી અન્વિત=સહિત એવા જીવ વડે ગ્રહણ કરાતાં કર્મો આ પણા રૂપે=શુભપણારૂપે અથવા અશુભપણારૂપે પરિણમન પામે છે.

**उपलक्षणम् ..... वैचित्र्यादेः, આ=જીવરૂપ આશ્રય અને કર્મરૂપ આશ્રયનો સ્વભાવ બતાવ્યો, એ, પ્રદેશ અલ્પ-બહુભાગ વૈચિત્ર્યાદિનું ઉપલક્ષણ છે.**

✪ उपलक्षणमेतत्प्रदेशाल्पबहुभागवैचित्र्यादेः અહીં 'आदि'થી એ કહેવું છે કે મૂળ પ્રકૃતિમાં પરસ્પર સંક્રમ થતો નથી, ઉત્તર પ્રકૃતિઓમાં થાય છે. આયુષ્યની ઉત્તર પ્રકૃતિઓમાં પણ સંક્રમ થતો નથી અને દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો પરસ્પર સંક્રમ થતો નથી, અન્યનો થાય છે, અને તેમાં કારણ બંધાતા કર્મ અને જીવનો તેવો સ્વભાવ એ ઉપલક્ષણ છે. તેથી 'आदि'થી તે સંક્રમના વૈચિત્ર્યને ગ્રહણ કરવું.

**उक्तं च कर्मप्रकृतिसङ्ग्रहण्यां - અને કર્મપ્રકૃતિસંગ્રહણીમાં કહેવાયું છે –**

"गहणसमयम्मि ..... सव्वेसु" ।। **ગ્રહણ સમયમાં જીવ સર્વ કર્મપ્રદેશોમાં સ્વપ્રયત્નથી સર્વ જીવથી અનંતગુણ ગુણોને=રસના અવિભાગોને, ઉત્પન્ન કરે છે.**

**आउयभागो थोवोत्यादि - આયુષ્યને થોડો ભાગ આપે છે.**

અહીં ઇત્યાદિથી કર્મપ્રકૃતિસંગ્રહણીની 'आउयभागो थोवो'એ ગાથાનો અવશેષ અંશ ગ્રહણ કરવાનો છે.

કર્મપ્રકૃતિસંગ્રહણીની ઇત્યાદિથી કહેલ ગાથા આ પ્રમાણે છે –

"आउयभागो थोवो नामे गोए समो तओ अहिगो ।
आवरणमंतराए सरिसो अहिगो व मोहे वि" ।।

કર્મપ્રકૃતિની "गहणसमयम्मि जीवो ....." એ પૂર્વગાથામાં કહ્યું કે ગ્રહણ સમયમાં જીવ સર્વ કર્મપ્રદેશમાં સ્વપ્રત્યયથી સર્વ જીવથી અનંતગુણા રસના અવિભાગોને ઉત્પન્ન કરે છે. ત્યારપછી તે કર્મોની કઈ રીતે વહેંચણી કરે છે, તે "आउयभागो थोवो ..." એ ગાથામાં બતાવે છે –

### કર્મપ્રકૃતિસંગ્રહણીની ગાથાનો ગાથાર્થ :-

**આયુષ્યનો ભાગ થોડો છે, નામ અને ગોત્રકર્મનો તેનાથી અધિક અને પરસ્પર તુલ્ય છે, અને આવરણ=જ્ઞાનાવરણ અને દર્શનાવરણ તથા અંતરાયને તેનાથી અધિક અને પરસ્પર તુલ્ય, અને તેના કરતાં મોહનીયને અને સર્વોપરિ વેદનીયને અધિક ભાગ મળે છે.**

વિશેષાવશ્યક ગાથા-૧૯૪૩ના અંતમાં કહ્યું કે જીવ જે પ્રમાણે આહારને શુભ અથવા અશુભપણા રૂપે પરિણમાવે છે, તે દૃષ્ટાંતને વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૧૯૪૪થી સ્પષ્ટ કરે છે –

### વિશેષાવશ્યક ગાથા-૧૯૪૪નો ગાથાર્થ :-

"परिणामासय ..... पुण्णपरिणामो" ।। **તુલ્ય પણ તે બેનો આહાર=તુલ્ય પણ ગ્રહણ કરાયેલો ગાય અને સાપનો દુગ્ધાદિ આહાર, પરિણામ અને આશ્રયના વશથી જે પ્રમાણે ગાયને દૂધ થાય છે અને સાપને વિષ થાય છે, તે પ્રમાણે જીવને પરિણામ અને આશ્રયના વશથી=આશ્રયના સ્વભાવથી, પુણ્ય અને પાપનો પરિણામ થાય છે.**

### વિશેષાવશ્યક ગાથા-૧૯૪૫નો ગાથાર્થ :-

"जह वेगसरीरंमि..... विभागो" ।। **त्ति અથવા જે પ્રમાણે અવિશિષ્ટ પણ આહાર એક શરીરમાં સાર-અસાર પરિણામ પામે છે, તે પ્રમાણે કર્મનો શુભાશુભ વિભાગ છે.**

**त्ति શબ્દ વિશેષાવશ્યક ગાથાના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે. ।।૯૦।।**

✪ વિશેષાવશ્યક ગાથા-૧૯૪૫માં પ્રતિમાશતક ગ્રંથમાં आहारो છે ત્યાં વિશેષાવશ્યક ભાષ્યમાં वाहारो પાઠ છે અને वाकार अपि અર્થમાં છે.

ભાવાર્થ :-

મહાભાષ્યની વાણીથી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે કર્મબંધ ભાવયોગથી થાય છે અને ભાવયોગ શુભાશુભરૂપ મિશ્ર નથી, પરંતુ એક કાળમાં શુભ કે અશુભ છે. તેથી ભગવાનની ભક્તિ વખતે પૂજાની ક્રિયામાં હિંસા છે અને ભગવાનની ભક્તિનો ભાવ છે, માટે દ્રવ્યસ્તવ ધર્માધર્મરૂપ છે, એમ પાર્શ્વચંદ્ર કહે છે, તે ઉચિત નથી. ત્યાં પાર્શ્વચંદ્ર શંકા કરતાં કહે છે –

ભગવાનની પૂજામાં મિશ્રયોગનો અધ્યવસાય નથી, માટે બંધાતી પ્રકૃતિઓમાં કોઈપણ મિશ્ર પ્રકૃતિ બંધાતી નથી, તોપણ પૂજાકાળમાં દ્રવ્યાશ્રવ વર્તે છે=પુષ્પના જીવોની હિંસારૂપ દ્રવ્યાશ્રવ વર્તે છે અર્થાત્ જીવોને મારવાના અધ્યવસાયરૂપ ભાવાશ્રવ નથી, તોપણ પુષ્પાદિ જીવોની હિંસા થાય તેવો દ્રવ્યાશ્રવ વર્તે છે; તેથી મિશ્ર પ્રકૃતિનો બંધ નહિ હોવા છતાં ધ્રુવબંધી એવી જ્ઞાનાવરણાદિ પાપપ્રકૃતિઓના બંધરૂપ ફળ ભગવાનની પૂજામાં અવર્જનીય છે. માટે ભગવાનની પૂજા, ભક્તિના અધ્યવસાયને કારણે પુણ્યબંધનું કારણ છે અને હિંસારૂપ દ્રવ્યાશ્રવને કારણે ધ્રુવબંધી એવી પાપપ્રકૃતિના બંધનું કારણ છે. માટે ભગવાનની પૂજાને ધર્માધર્મરૂપ કહેવામાં કોઈ વિરોધ નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

પૂજાકાળમાં ધ્રુવબંધી એવી જ્ઞાનાવરણાદિ પ્રકૃતિઓ બંધાય છે, તે ધ્રુવબંધી હોવાથી જ બંધાય છે, પરંતુ ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસારૂપ દ્રવ્યાશ્રવ છે, માટે ધ્રુવબંધી પાપપ્રકૃતિ બંધાતી નથી; અને જો તેમ ન સ્વીકારવામાં આવે અને એમ કહેવામાં આવે કે ભગવાનની પૂજામાં હિંસારૂપ દ્રવ્યાશ્રવ હોવાને કારણે ધ્રુવબંધી પાપપ્રકૃતિ બંધાય છે, તો દસમા ગુણસ્થાનક સુધી ધ્રુવબંધી પાપપ્રકૃતિ બંધાતી હોવાને કારણે ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ સ્વીકારવાનો અતિપ્રસંગ આવે.

અહીં પાર્શ્વચંદ્ર કહે કે યોગને કારણે જીવ કર્મબંધ કરે છે અને યોગ દ્રવ્યાશ્રવરૂપ પણ છે અને ભાવાશ્રવરૂપ પણ છે. ભાવાશ્રવ જીવના પરિણામરૂપ છે અને દ્રવ્યાશ્રવરૂપ યોગ ક્રિયાત્મક છે. તેમાં દ્રવ્યાશ્રવરૂપ યોગને આશ્રયીને કર્મબંધ થતો નથી, પરંતુ અધ્યવસાયરૂપ ભાવયોગને આશ્રયીને કર્મબંધ થાય છે અને અધ્યવસાયરૂપ ભાવાશ્રવ શુભ અથવા અશુભ છે. માટે એક કાળમાં શુભ અથવા અશુભ કર્મ બંધાય છે, તેવું કેમ નક્કી થાય ? અર્થાત્ જેમ ભાવાશ્રવ એક સમયમાં શુભ અથવા અશુભ છે, તેને આશ્રયીને કર્મબંધમાં એક સમયમાં શુભ અથવા અશુભપણું પ્રાપ્ત થઈ શકે છે, તેમ તે ભાવાશ્રવકાળમાં વર્તતા હિંસાત્મક દ્રવ્યાશ્રવને કારણે પણ કર્મબંધમાં અશુભપણું પ્રાપ્ત ન થાય તેમ કેમ કહી શકાય ? તેને ગ્રંથકારશ્રી કહે છે -

જીવમાં વર્તતા પરિણામરૂપ ગુણ અને આશ્રયના સ્વભાવને કારણે ગ્રહણ સમયમાં જ કર્મમાં શુભપણું કે અશુભપણું રસાદિની અપેક્ષાએ ઉત્પન્ન થાય છે.

આશય એ છે કે જીવ જે સમયે કર્મ બાંધે છે, તે સમયે બંધાતા કર્મમાં શુભ રસ અથવા અશુભ રસ પડે છે, પરંતુ શુભાશુભરૂપ મિશ્ર રસ ઉત્પન્ન થતો નથી; અને શુભ રસ કે અશુભ રસ ઉત્પન્ન થવાનું કારણ કર્મબંધના આશ્રય એવા જીવનો સ્વભાવ તેવો છે કે જીવના પરિણામ પ્રમાણે શુભ અથવા અશુભ કર્મ

બંધાય, તથા શુભરસ કે અશુભરસનો આશ્રય એવા કર્મનો સ્વભાવ પણ તેવો છે કે જીવના પરિણામ પ્રમાણે શુભ અથવા અશુભ કર્મ બંધાય, પરંતુ મિશ્ર કર્મબંધ ન થાય. માટે બંધાતું કર્મ જીવના અધ્યવસાયરૂપ ભાવયોગને આશ્રયીને શુભ અથવા અશુભરૂપે બંધાય છે, પરંતુ ક્રિયાત્મક દ્રવ્યયોગને આશ્રયીને બંધાતા કર્મમાં શુભપણું કે અશુભપણું થતું નથી. આ વાત અતીન્દ્રિય છે, માટે તેનો નિર્ણય શાસ્ત્રવચનથી થઈ શકે. તેથી ગ્રંથકારશ્રીએ પોતે જે નિયમ બાંધ્યો છે, તે નિયમ તેમ જ છે, તે વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૧૯૪૩થી સ્પષ્ટ કરે છે –

**વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૧૯૪૩નો ભાવાર્થ :-**

જીવનો જે પરિણામ છે તે અધ્યવસાય છે, અને તે અધ્યવસાય એક સમયમાં શુભ હોય અથવા અશુભ હોય અને તે અધ્યવસાય પ્રમાણે જીવ શુભ કે અશુભ કર્મ બાંધે છે. તેમાં યુક્તિ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

જીવ જે કર્મ બાંધે છે તે કર્મબંધનો આશ્રય જીવ છે, અને જીવ દ્વારા જે કર્મ બંધાય છે તે બંધાતા કર્મમાં શુભ કે અશુભ રસ ઉત્પન્ન થાય છે, તે શુભ કે અશુભ રસનો આશ્રય કર્મ છે, અને જીવનો તેવો સ્વભાવ છે કે પોતાનો જેવો શુભ અથવા અશુભ અધ્યવસાય હોય તે પ્રમાણે શુભ અથવા અશુભ કર્મ બાંધે. તેથી કર્મના આશ્રયરૂપ જીવનો તેવો સ્વભાવ છે કે પોતાના અધ્યવસાય પ્રમાણે કર્મને શુભ કે અશુભરૂપે બાંધે, અને બંધાતા કર્મમાં જે રસ બંધાય છે તે રસનો આશ્રય કર્મ છે અને તે રસના આશ્રયભૂત કર્મનો પણ તેવો સ્વભાવ છે કે જીવના શુભ પરિણામથી શુભ રસ ઉત્પન્ન થાય અને જીવના અશુભ પરિણામથી તે કર્મમાં અશુભ રસ ઉત્પન્ન થાય. તેથી શુભ કે અશુભ રસના આશ્રયભૂત કર્મના સ્વભાવને કારણે પરિણામને વશ કર્મમાં રસ ઉત્પન્ન થાય છે.

આનાથી એ ફલિત થાય કે જીવના પરિણામ પ્રમાણે શુભ અથવા અશુભ કર્મ બંધાય છે, પરંતુ હિંસારૂપ દ્રવ્યાશ્રવને કારણે કર્મમાં શુભપણું કે અશુભપણું બંધાતું નથી. આથી જ કેવલી વિહારાદિ કરતા હોય ત્યારે તેમના યોગથી કોઈ જીવની હિંસા થાય તોપણ યોગકૃત બે સમયનો સાતાવેદનીયરૂપ કર્મનો બંધ થાય છે, અને કોઈ જીવની હિંસા ન થાય તોપણ યોગકૃત બે સમયનો સાતાવેદનીયરૂપ કર્મનો બંધ થાય છે. દ્રવ્યહિંસાત્મક યોગ બંધાતા કર્મમાં શુભપણાનું કે અશુભપણાનું કારણ નથી, પરંતુ જીવનો અધ્યવસાય બંધાતા કર્મમાં શુભપણાનું કે અશુભપણાનું કારણ છે; અને પૂજાની ક્રિયામાં અશુભ અધ્યવસાય નથી, માટે શુભ કર્મબંધ થાય છે, પરંતુ અશુભ કર્મબંધ થતો નથી. માટે પાર્શ્વચંદ્રને અભિમત દ્રવ્યસ્તવમાં ધર્માધર્મરૂપ મિશ્ર પક્ષ સંગત નથી.

પૂર્વમાં કહ્યું કે કર્મબંધનો આશ્રય એવા જીવનો અને શુભ કે અશુભ રસનો આશ્રય એવા કર્મનો તેવો સ્વભાવ છે કે જીવના અધ્યવસાય પ્રમાણે કર્મ શુભરૂપે કે અશુભરૂપે બંધાય. તેની પુષ્ટિ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

જીવ અને કર્મનો તેવો સ્વભાવ છે એમ કહ્યું, એ પ્રદેશના અલ્પ-બહુ વિભાગના વૈચિત્ર્યાદિનું ઉપલક્ષણ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે કર્મપ્રકૃતિ સંગ્રહણીમાં કર્મની મૂળ પ્રકૃતિઓનો વિભાગ બતાવ્યો છે. ત્યાં કહ્યું કે જીવ કર્મ બાંધે છે, તેમાં આઠે કર્મ બાંધતો હોય ત્યારે સૌથી થોડો ભાગ આયુષ્ય કર્મને આપે છે. તેના કરતાં અધિક ભાગ નામકર્મને અને ગોત્રકર્મને આપે છે અને પરસ્પર સમાન આપે છે. તેના કરતાં અધિક ભાગ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મને આપે છે અને પરસ્પર સમાન આપે છે અને તેના કરતાં મોહનીયકર્મને વિશેષ અધિક આપે છે અને તેના કરતાં વેદનીયકર્મને વિશેષાધિક આપે છે. આ સર્વનું કારણ કર્મના આશ્રયભૂત જીવનો સ્વભાવ અને બંધાતા એવા કર્મનો સ્વભાવ તેવો છે, તેથી તે રીતે વિભાગ થાય છે, માટે પ્રદેશના અલ્પ-બહુ વિભાગનું પરસ્પર જે વૈચિત્ર્ય પ્રાપ્ત થયું, તેમાં કારણ કર્મનો અને જીવનો તેવો સ્વભાવ છે, તેથી તે પ્રમાણે વિભાગ થાય છે. તેની જેમ બંધાતા કર્મનો અને જીવનો તેવો સ્વભાવ છે કે જીવમાં વર્તતા પરિણામને આશ્રયીને કર્મ શુભરૂપે કે અશુભરૂપે બંધાય છે, પરંતુ હિંસાત્મક કે અહિંસાત્મક દ્રવ્યયોગને આશ્રયીને શુભરૂપે કે અશુભરૂપે બંધાતું નથી. માટે પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસાને આશ્રયીને દ્રવ્યસ્તવને ધર્માધર્મરૂપ મિશ્ર કહેવું એ પાર્શ્વચંદ્રનું કથન અયુક્ત છે.

વળી, હિંસાત્મક દ્રવ્યાશ્રવને કારણે પાપપ્રકૃતિ બંધાતી નથી, પરંતુ જીવના પરિણામને વશ બંધાયા પૂર્વે સમાન એવી કાર્મણવર્ગણા પુણ્ય-પાપરૂપે પરિણમન પામે છે. તે દૃષ્ટાંતથી વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૧૯૪૪-૧૯૪૫માં બતાવે છે -

**વિશેષાવશ્યક ગાથા-૧૯૪૪નો ભાવાર્થ :-**

જેમ પરિણામના વશથી ગાયને દૂધ આપવામાં આવે તો તે દૂધ ગાયને વિશિષ્ટ પ્રકારના દૂધરૂપે પરિણમન પામે છે અને સાપને દૂધ આપવામાં આવે તો તે દૂધ સાપને પરિણામના વશથી ઝેરરૂપે પરિણમન પામે છે. તેમ જીવ સાથે બંધાયા પૂર્વે કાર્મણવર્ગણા સમાન હોવા છતાં જીવના પરિણામને વશ કેટલીક કાર્મણવર્ગણા પુણ્યરૂપે પરિણમન પામે છે તો અન્ય પ્રકારના પરિણામને વશ કેટલીક કાર્મણવર્ગણા પાપરૂપે પરિણમન પામે છે. તેથી જીવના પરિણામને આશ્રયીને કર્મમાં શુભ-અશુભ ભાવ પ્રાપ્ત થાય છે, પરંતુ દ્રવ્યાશ્રવને કારણે નહિ, એ પ્રકારનો અર્થ ફલિત થાય છે.

અહીં "તુલ્ય પણ આહાર" એમ કહ્યું. તેનાથી એ કહેવું છે કે ગાયના ઉત્તમ દૂધની પ્રાપ્તિ અર્થે એક ગાયનું દૂધ બીજી ગાયને આપવામાં આવે છે, તેથી તે દૂધ ગાયને વિશિષ્ટ દૂધરૂપે પરિણમન પામે છે. આથી ચક્રવર્તીની ગાયોનું એકેક ગાયનું દૂધ બીજી બીજી ગાયને આપીને હજારમી ગાયનું છેલ્લું દૂધ પ્રાપ્ત થાય, તે ચક્રવર્તીના ભોજન માટે વપરાય છે; અને અહીં એ બતાવવું છે કે ગાયને દૂધ આપવાથી તે દૂધ વિશિષ્ટ દૂધરૂપે પરિણમન પામે છે, અને સાપને દૂધ આપવાથી તે દૂધ ઝેરરૂપે પરિણમન પામે છે. તેમ સમાન કાર્મણવર્ગણા પણ અશુભ અધ્યવસાયથી પાપરૂપે પરિણમન પામે છે અને શુભ અધ્યવસાયથી પુણ્યરૂપે પરિણમન પામે છે.

વળી, પરિણામના વશથી પુણ્ય-પાપ બંધાય છે, દ્રવ્યાશ્રવના વશથી નહિ. તેમાં અન્ય દૃષ્ટાંત વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૧૯૪૫માં બતાવે છે –

**વિશેષાવશ્યક ગાથા-૧૯૪૫નો ભાવાર્થ :-**

જે પ્રમાણે એક પણ શરીરમાં ગ્રહણ કરાયેલો સમાન આહાર સાર-અસારરૂપે પરિણમન પામે છે, તે પ્રમાણે કાર્મણવર્ગણાઓ પણ શુભાશુભ વિભાગરૂપે પરિણમન પામે છે. તેથી એ ફલિત થાય કે જીવના પરિણામ પ્રમાણે સમાન કાર્મણવર્ગણા શુભાશુભરૂપે પરિણમન પામે છે તેથી ભગવાનની પૂજાકાળમાં શુભભાવ હોવાથી શુભ કર્મબંધ થાય છે. માટે ભગવાનની પૂજા ધર્માધર્મરૂપ મિશ્ર નથી, પરંતુ શુભ અધ્યવસાયરૂપ હોવાથી ધર્મરૂપ છે. **॥૯૦॥**

**અવતરણિકા :-**

**ननु न्यायस्तावन्मुग्धानां कूटपाशप्राय इत्यभिन्नसूत्रादेशेन श्राद्धानां मिश्रपक्ष एवेति पश्यन्तः तदधिकृतद्रव्यस्तवस्य मिश्रत्वं रोचयाम इति चेत् ? अहो दुराशय! सिद्धान्ततात्पर्यपरिज्ञानमनुपासित-गुरुकुलस्य तव कथङ्कारं संभवति ? तत्र हि व्यवहारनयादेशेन बन्धानौपयिकं पक्षत्रयोपवर्णनं कृतम्, सङ्ग्रहनयादेशेन तु फलापेक्षया द्वैविध्यमेवेति पूजापौषधयोः को वा विशेषः ? श्राद्धानां मिश्रपक्षस्येत्यभिप्रायवानाह –**

**અવતરણિકાર્થ :-**

**'નનુ'થી પાર્શ્વચંદ્ર કહે છે : ન્યાય=તર્ક, મુગ્ધોને કૂટપાશ તુલ્ય છે=મુગ્ધજીવોને બોધ કરાવવા માટે અસમર્થ છે, એથી અભિન્નસૂત્ર આદેશથી=સૂયગડાંગ સૂત્રના વચનને નયથી વિભાગ કર્યા વગર શબ્દોથી પ્રાપ્ત થતા અર્થના કથનથી, શ્રાદ્ધોને મિશ્રપક્ષ જ છે, એ પ્રમાણે જોતા એવા અમને અધિકૃત એવા દ્રવ્યસ્તવનું મિશ્રપણું રુચે છે, એમ પાર્શ્વચંદ્ર કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે - 'અહો દુરાશય!=હે દુષ્ટ આશયવાળા ! અનુપાસિત ગુરુકુલવાસવાળા એવા તને સિદ્ધાંતના તાત્પર્યનું પરિજ્ઞાન કેવી રીતે સંભવે ? અર્થાત્ સંભવે નહિ.**

સિદ્ધાંતનું તાત્પર્ય શું છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**ત્યાં=સૂયગડાંગ સૂત્રમાં, વ્યવહારનયના આદેશથી=વ્યવહારનયની દૃષ્ટિથી, બંધ માટે અકારણ એવા ત્રણ પક્ષનું=ધર્મ, અધર્મ અને ધર્માધર્મરૂપ ત્રણ પક્ષનું, વર્ણન કરાયું છે. વળી ફળની અપેક્ષાએ સંગ્રહનયના આદેશથી બે પ્રકારનું જ=બે પક્ષનું જ=ધર્મ અને અધર્મનું જ, વર્ણન કરાયું છે. એથી શ્રાદ્ધોના=શ્રાવકોના, મિશ્રપક્ષનું પૂજા અને પૌષધમાં ભેદ જ શું છે ? અર્થાત્ કોઈ ભેદ નથી, એ પ્રકારના અભિપ્રાયવાળા ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

'નનુ'થી પાર્શ્વચંદ્ર કહે છે : પૂર્વમાં ગ્રંથકારશ્રીએ શ્લોક-૮૨માં ચાર પક્ષ પાડીને ધર્માધર્મરૂપ મિશ્રપણાનું ખંડન કર્યું, એ રૂપ જે ન્યાય=યુક્તિ, તે મુગ્ધજીવો માટે કૂટપાશતુલ્ય છે=ખોટા બંધન જેવી છે અર્થાત્

મુગ્ધજીવો આ વિકલ્પજાળમાં અટવાઈ જાય અને પૂજાના વાસ્તવિક સ્વરૂપનો બોધ કરી શકે નહિ, એથી અમે એ વિકલ્પોનો ત્યાગ કરીને અભિન્ન સૂત્રના આદેશથી=નયવિભાગને સ્પર્શ્યા વગર સૂયગડાંગ સૂત્રમાં જે મિશ્રપક્ષ કહ્યો છે, તે સૂત્રના આદેશથી, શ્રાદ્ધોને મિશ્રપક્ષ જ છે, એ પ્રમાણે જોઈએ છીએ. તેથી એ રીતે જોતા એવા અમને અધિકૃત દ્રવ્યસ્તવનું મિશ્રપણું રુચે છે અર્થાત્ જે પૂજાનો અધિકાર ચાલુ છે તેવા અધિકૃત દ્રવ્યસ્તવનું મિશ્રપણું અમને રુચે છે, એમ પાર્શ્વચંદ્ર કહે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

શાસ્ત્રોના અર્થને જાણવા માટે ગુરુકુલવાસની ઉપાસના કરી નથી એવા તને સિદ્ધાંતના તાત્પર્યનું પરિજ્ઞાન કેવી રીતે સંભવે ? અર્થાત્ સંભવતું નથી. આથી દુરાશયવાળો એવો તું મનસ્વી રીતે શાસ્ત્રવચનને ગ્રહણ કરીને પૂજાને ધર્માધર્મરૂપ મિશ્રપક્ષમાં સ્થાપન કરે છે. તેથી ઘણા યોગ્ય જીવો તારા વચનથી વ્યામોહિત થઈને ભગવાનની પૂજાને મિશ્ર સ્વીકારીને પૂજાનો ત્યાગ કરશે અને પોતાનું અહિત પ્રાપ્ત કરશે; અને તે અહિતની પ્રાપ્તિનું કારણ બને એવો તારો ઉપદેશ છે, માટે તું દુરાશયવાળો છે.

અહીં પ્રશ્ન થાય કે પૂર્વપક્ષીને સિદ્ધાંતના તાત્પર્યનું અપરિજ્ઞાન કઈ અપેક્ષાએ છે ? તે અપેક્ષા ગ્રંથકારશ્રી કહે છે –

સૂયગડાંગ સૂત્રમાં વ્યવહારનયના આદેશથી ત્રણ પક્ષનું વર્ણન કર્યું છે. તે ત્રણ પક્ષ : (૧) ધર્મપક્ષ, (૨) અધર્મપક્ષ અને (૩) ધર્માધર્મપક્ષ છે, અને આ ધર્માધર્મપક્ષ કર્મબંધને માટે ઉપયોગી નથી. વળી તે સૂયગડાંગ સૂત્રમાં જ સંગ્રહનયના આદેશથી કર્મબંધરૂપ ફળને સામે રાખીને ધર્મપક્ષ અને અધર્મપક્ષરૂપ બે પક્ષ કહ્યા છે. તેથી પાર્શ્વચંદ્ર પૂજાની ક્રિયામાં પુષ્પાદિ જીવોની હિંસા છે, તેને આશ્રયીને દ્રવ્યસ્તવમાં ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ સ્વીકારે છે તે સંગત નથી; કેમ કે સૂયગડાંગ સૂત્રના વચન પ્રમાણે તો શ્રાવકોના મિશ્રપક્ષનો પૂજા અને પૌષધમાં કોઈ ભેદ નથી અર્થાત્ વ્યવહારનયથી જે ત્રણ ભેદ પાડ્યા છે, તેમાં દેશવિરતિ શ્રાવકની સર્વ ક્રિયાઓ ધર્માધર્મરૂપ=મિશ્રરૂપ સ્વીકારેલ છે, તેથી શ્રાવકોને મિશ્રપક્ષ કહેલ છે. તેથી પૂજામાં પણ મિશ્રપક્ષ છે અને પૌષધમાં પણ મિશ્રપક્ષ છે. જ્યારે પાર્શ્વચંદ્ર તો પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસાને સામે રાખીને મિશ્રપક્ષ કહે છે, પરંતુ દેશવિરતિને સામે રાખીને મિશ્રપક્ષ કહેતો નથી. માટે સિદ્ધાંતના તાત્પર્યને જાણ્યા વગર સૂયગડાંગ સૂત્રના વચનને ગ્રહણ કરીને શ્રાવકના દ્રવ્યસ્તવને ધર્માધર્મરૂપ મિશ્ર સ્વીકારે છે, તે તેનું સૂયગડાંગ સૂત્રના તાત્પર્યનું અપરિજ્ઞાન છે, એ પ્રકારના અભિપ્રાયથી ગ્રંથકારશ્રી શ્લોકમાં કહે છે -

અહીં વિશેષ એ છે કે સૂયગડાંગ સૂત્રમાં સર્વવિરતિ ધર્મમાં સર્વ સાવદ્યની નિવૃત્તિ છે, તેથી પૂર્ણધર્મ છે, માટે સર્વવિરતિ ધર્મને ધર્મપક્ષરૂપે સ્વીકારેલ છે; અને દેશવિરતિધર શ્રાવક પૂજા કરતો હોય, સામાયિક કરતો હોય યાવત્ પ્રતિમાઓ વહન કરતો હોય તોપણ તેમને દેશથી વિરતિ છે, પરંતુ સંપૂર્ણ વિરતિ નથી. તેને સામે રાખીને દેશવિરતિધર શ્રાવકની સર્વ પ્રવૃત્તિને ધર્માધર્મરૂપ કહેલ છે, અને અવિરતિવાળા સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ સર્વ જીવોની પ્રવૃત્તિને અધર્મરૂપ કહેલ છે. અને આ ત્રણ વિભાગ પૂર્ણવિરતિ શું છે ? દેશવિરતિ શું છે ? અને અવિરતિ શું છે ? તેનો બોધ કરાવવા અર્થે છે, પરંતુ સેવાતા અનુષ્ઠાનથી

પુણ્યબંધ કે પાપબંધરૂપ ફળને આશ્રયીને આ ત્રણ વિભાગ કહ્યા નથી. અને જ્યારે સેવાતા અનુષ્ઠાનથી પ્રાપ્ત થતા ફળને સામે રાખીને વિભાગ કર્યો ત્યારે દેશવિરતિનો પણ ધર્મમાં અંતર્ભાવ કરેલ છે. તેથી કર્મબંધરૂપ ફળને આશ્રયીને વિચારીએ તો પૂજાની ક્રિયા અને શ્રાવકની પૌષધની ક્રિયા બંને ધર્મરૂપ છે, પરંતુ પૂજાની ક્રિયા ધર્માધર્મરૂપ છે અને શ્રાવકની પૌષધની ક્રિયા ધર્મરૂપ છે, એવો વિભાગ સૂયગડાંગ સૂત્રમાં નથી. તેથી પાર્શ્વચંદ્ર સૂયગડાંગસૂત્રનો આશ્રય લઈ પૂજાની ક્રિયામાં પુષ્પાદિ જીવોની દેખાતી હિંસાને સામે રાખીને પૂજાને ધર્માધર્મરૂપ સ્થાપન કરવા યત્ન કરે છે, તે તેનું અજ્ઞાન છે.

અહીં સંગ્રહનયના આદેશથી ધર્મ અને અધર્મરૂપ બે પક્ષ છે, એમ કહ્યું, ત્યાં સંગ્રહનયનો આશય કર્મબંધરૂપ ફળની અપેક્ષાએ સંગ્રહ કરવાનો છે, અને ધર્માધર્મપક્ષ કર્મબંધને માટે ઉપયોગી નથી, તેથી સંગ્રહનયના આદેશથી ધર્મ અને અધર્મરૂપ બે જ પક્ષ થાય છે. આમ, સંગ્રહનય ધર્માધર્મપક્ષ અને ધર્મપક્ષ એ બંનેનો ધર્મપક્ષમાં સંગ્રહ કરે છે, અને એ રીતે ધર્મ અને અધર્મરૂપ બે પક્ષ સ્વીકારે છે.

**શ્લોક :-**

सिद्धान्ते परिभाषितो हि गृहिणां मिश्रत्वपक्षस्ततो,
बन्धानौपयिको विरत्यविरतिस्थानान्वयोत्प्रेक्षया ।
अन्तर्भावित एव सोऽपि पुरतो धर्मे फलापेक्षया
पूजापौषधतुल्यताऽस्य किमु न व्यक्ता विशेषेक्षिणाम् ।।९१।।

**શ્લોકાર્થ :-**

**તેથી=પૂર્વના શ્લોકોમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે પૂજામાં હિંસાને કારણે મિશ્રપક્ષ નથી પરંતુ ભગવાનની ભક્તિને કારણે ધર્મપક્ષ છે તેથી, બંધનું અકારણ વિરતિ-અવિરતિસ્થાનના અન્વયની ઉત્પ્રેક્ષાથી=અનુગમની અપેક્ષાથી, ગૃહસ્થનો મિશ્રત્વપક્ષ સિદ્ધાંતમાં=સૂયગડાંગ સૂત્રમાં, નિશ્ચિત=ચોક્કસપણારૂપે કહેવાયો છે. તે પણ=તે મિશ્રત્વ પક્ષ પણ, આગળમાં=સૂયગડાંગ સૂત્રના આગળના કથનમાં, ફળની અપેક્ષાએ ધર્મમાં અંતર્ભાવિત જ છે. આની=ગૃહસ્થની, પૂજા અને પૌષધની તુલ્યતા, વિશેષ જોનારાને શું વ્યક્ત નથી ? અર્થાત્ સૂયગડાંગ સૂત્રના વચનથી વ્યક્ત જ છે. ।।૯૧।।**

**ટીકા :-**

'सिद्धान्त' इतिः-सिद्धान्ते सूत्रकृदाख्ये हि निश्चितं ततो मिश्रत्वपक्षो बन्धानौपयिकः=बन्धाननगुणः विरत्यविरतिस्थानयोर्योऽन्वयोऽनुगमः, तदपेक्षया स्वरूपमात्रेण इति यावत्, परिभाषितः=सङ्केतितः सोऽपि परिभाषितमिश्रपक्षोऽपि पुरतो=अग्रे फलापेक्षया धर्मेऽन्तर्भावितः, ततोऽस्य गृहिणः विशेषेक्षिणां=विशेषदर्शिनां पूजापौषधयोस्तुल्यता किमु न व्यक्ता ? अपि तु व्यक्ता एव !

**ટીકાર્થ :-**

**सिद्धान्ते ..... व्यक्ता एव ! તેથી=પૂર્વના શ્લોકોમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે પૂજામાં હિંસાને કારણે મિશ્રપક્ષ નથી, પરંતુ ભગવાનની ભક્તિને કારણે ધર્મપક્ષ છે તેથી, સૂયગડાંગ નામના સિદ્ધાંતમાં બંધને અનૌપયિક=બંધને અનનુગુણ=કર્મબંધ સાથે સંકળાયેલો ન હોય એવો વિરતિ-અવિરતિસ્થાનનો જે અન્વય=અનુગમ=અનુસરણ, તેની અપેક્ષાથી=વિરતિ-અવિરતિસ્થાનના સ્વરૂપમાત્રથી, નિશ્ચિત પરિભાષિત=નિશ્ચિત સંકેતિત=ચોક્કસ રીતે કહેવાયેલો તે પણ=પરિભાષિત એવો મિશ્રપક્ષ પણ, આગળમાં=સૂયગડાંગ સૂત્રના આગળના કથનમાં, ફળની અપેક્ષાએ ધર્મમાં અંતર્ભાવિત છે. તેથી=સૂયગડાંગ સૂત્રમાં ફળની અપેક્ષાએ મિશ્રપક્ષ ધર્મમાં અંતર્ભાવિત કરાયો છે તેથી, ગૃહસ્થની પૂજા અને પૌષધની તુલ્યતા, વિશેષ જોનારાઓને શું વ્યક્ત નથી ? પરંતુ વ્યક્ત જ છે.**

**ભાવાર્થ :-**

શ્લોક-૯૦માં ગ્રંથકારશ્રીએ વિશેષાવશ્યકભાષ્યની સાક્ષીથી સ્થાપન કર્યું કે જીવના પરિણામને વશ કર્મબંધ થાય છે, અને પરિણામ એક સમયમાં શુભ કે અશુભ હોય છે, પરંતુ શુભાશુભ મિશ્ર હોતો નથી. તેથી ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા અને ભગવાનની ભક્તિરૂપ પૂજાની પરિણતિ એ બેને આશ્રયીને પૂજાની ક્રિયાને ધર્માધર્મરૂપ છે એમ કહી શકાય નહિ. તેથી સૂયગડાંગ સૂત્રમાં પણ જે સ્થાનમાં વ્યવહારનયથી ત્રણ પક્ષ સ્થાપન કર્યા છે, ત્યાં પણ ફળની અપેક્ષાએ ધર્માધર્મપક્ષને ધર્મપક્ષમાં અંતર્ભાવ કરીને ફળથી બે પક્ષની સ્થાપના કરી છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સૂયગડાંગ સૂત્રમાં દેશવિરતિધર શ્રાવકને દેશથી વિરતિ છે અને દેશથી અવિરતિ છે, તેથી સ્વરૂપની અપેક્ષાએ ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ કહેલ છે, પરંતુ તે મિશ્રપક્ષ કર્મબંધને અનુકૂળ અધ્યવસાયરૂપ નથી. ફક્ત દેશવિરતિધર શ્રાવકને દેશથી ધર્મ છે, અને દેશથી અધર્મ છે તેવો બોધ કરાવે છે; અને કર્મબંધને અનુકૂળ અધ્યવસાયની દૃષ્ટિએ વિચારીએ તો જીવનો ઉપયોગ એક કાળમાં કાં તો ધર્મનો હોય, કાં તો અધર્મનો હોય, પરંતુ ધર્માધર્મરૂપ મિશ્ર ઉપયોગ હોતો નથી. તેને સામે રાખીને સૂયગડાંગ સૂત્રમાં ધર્માધર્મરૂપ મિશ્રપક્ષનો પણ ધર્મમાં અંતર્ભાવ કરેલ છે. તેથી જો સૂયગડાંગનું અવલંબન લઈને પાર્શ્વચંદ્ર ભગવાનની પૂજાને ધર્માધર્મરૂપ મિશ્ર સ્વીકારે તો દેશવિરતિધર શ્રાવકની પૌષધની ક્રિયાને પણ પાર્શ્વચંદ્રે ધર્માધર્મરૂપ મિશ્ર સ્વીકારવી જોઈએ. પરંતુ પાર્શ્વચંદ્ર તો દેશવિરતિને સામે રાખીને ભગવાનની પૂજાને ધર્માધર્મરૂપ મિશ્ર કહેતો નથી, પરંતુ પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા છે, તેને સામે રાખીને પૂજાને ધર્માધર્મરૂપ મિશ્ર કહે છે. તેથી પોતાના મતની પુષ્ટિ માટે સૂયગડાંગ સૂત્રનો આધાર લઈને પાર્શ્વચંદ્ર પૂજાની ક્રિયાને ધર્માધર્મરૂપ કહેતો હોય તો પૂજા અને પૌષધમાં શું ભેદ છે ? અર્થાત્ બંને ફળની અપેક્ષાએ ધર્મરૂપ હોઈ કાંઈ ભેદ નથી, છતાં તેને તે જોતો નથી. માટે સિદ્ધાંતના તાત્પર્યનું તેને અપરિજ્ઞાન છે; કેમ કે ગુરુકુલવાસમાં રહીને શાસ્ત્રોનો તેણે અભ્યાસ કર્યો નથી. તેથી સ્વમતિ પ્રમાણે શાસ્ત્રના વચનને લઈને શાસ્ત્રના વચનોનો તે આવો અર્થ કરે છે.

ટીકા :-

**वाग्व्यवहारतो मिश्रपक्षस्य निश्चयतश्च धर्मत्वस्य सूत्रकृते हि पक्षत्रयव्याख्यानावसरे** - 'अदुत्तरं च णं पुरिसविजयं विभंगमाइक्खिस्सामि, इह खलु नाणापन्नाणं नाणाछंदाणं नाणासीलाणं नाणादिट्ठीयं नाणारूईणं नाणारंभाणं नाणाज्झवसायसंजुत्ताणं नाणाविहपावसुअज्झयणं एवं भवइ, तं० भोमं उप्पायं **इत्यादिना पापश्रुताध्यनेनान्नाद्यर्थं तत्प्रयोगेण वा सुरकिल्बिषादिभावनया तल्लोकोत्पादेन ततश्च्युतस्यैडमूकादिभावोत्पादेन, गृहिणां चात्मस्वजनाद्यर्थं चतुर्दशभिरसदनुष्ठानैस्तथाहि –**

**कश्चिदकार्याध्यवसायेनानुगच्छतीत्यनुगामुको भवति, तं गच्छन्तमनुगच्छतीत्यर्थः ।।१।।**

**अथवा तस्यापकारावसरापेक्ष्युपचारको भवति,।।२।।**

**अथवा तस्य प्रतिपथिको भवति-प्रतिपथं सम्मुखीनमागच्छति ।।३।।**

**अथवा स्वजनाद्यर्थं सन्धिच्छेदको भवति-खात्रखननादिकर्त्ता भवतीत्यर्थः ।।४।।**

**अथवा घुर्घुरादिना ग्रन्थिच्छेदकभावं प्रतिपद्यते ।।५।।**

**अथवौरभ्रैर्मेषैश्चरतीत्यौरभ्रिकः ।।६।।**

**अथवा शौकरिको भवति ।।७।।**

**अथवा शकुनिभिश्चरति शाकुनिकः ।।८।।**

**अथवा वागुरया मृगादिबन्धनरज्ज्वाचरति वागुरिकः ।।९।।**

**अथवा मत्स्यैश्चरति मात्स्यिकः ।।१०।।**

**अथवा गोपालकभावं प्रतिपद्यते ।।११।।**

**अथवा गोघातकः स्यात् ।।१२।।**

**अथवा श्वभिश्चरति शौवनिकः शुनां परिपालको भवतीत्यर्थः ।।१३।।**

**अथवा 'सोवणियंतियभावं' ति श्वभिः पापर्द्धिं कुर्वन् मृगादीनामन्तं करोतीत्यर्थः ।।१४।। इति,**

अत्यसहनतया सापराधगृहपतिक्षेत्रदाहादिना तत्संबन्ध्युष्ट्राद्यङ्गच्छेदादिना तच्छालादाहादिना तत्संबन्धिकुण्डलाद्यपहारेण, वा पाखण्डिकोपरि क्रोधेन तदुपकरणापहारतद्दाननिषेधादिना, निर्निमित्तमेव गृहपतिक्षेत्रदाहादिना आभिग्रहिकमिथ्यादृष्टितयापशकुनधिया श्रमणानां दर्शनपथापसरणेन तद्दृष्टावसरास्फालनेन चप्पुटिकादानेनेत्यर्थः परुषवचःप्रहारैः परेषां शोकाद्युत्पादनादिना महारम्भादिना भोगोपभोगैर्भवाश्लाघया चैश्वर्यानुभवनेन महातृष्णावतामधर्मपक्ष उक्त उपसंहतश्च,

**ટીકાર્થ :-**

**वाग्व्यवहारतो ..... અવસરે વચનવ્યવહારથી મિશ્રપક્ષની અને નિશ્ચયથી=નિશ્ચયનયથી ધર્મત્વનું સૂત્રકૃતમાં=સૂયગડાંગ સૂત્રમાં, ત્રણ પક્ષના=ધર્મ, અધર્મ અને ધર્માધર્મરૂપ ત્રણ પક્ષના, વ્યાખ્યાનના અવસરમાં अदुत्तरं ..... ઇત્યાદિ પાઠ દ્વારા મહાતૃષ્ણાવાળાને અધર્મપક્ષ કહેવાયો અને ઉપસંહાર કરાયો. (પૃ. નં. ૧૩૫૩થી ૧૩૫૭) વળી ધર્મપક્ષ આ રીતે અતિદિષ્ટ છે (પૃ. નં. ૧૩૫૯-૧૩૬૦) અને ત્રીજા સ્થાનને આશ્રયીને આ પ્રમાણે સૂત્ર પ્રવર્તે છે, એમ અન્વય છે (પૃ. નં. ૧૩૬૦થી ૧૩૬૨).**

સૂયગડાંગ સૂત્રના अदुत्तरं ..... પાઠનો અર્થ આ પ્રમાણે છે –

"अदुत्तरं .....उप्पायं" इत्यादिना સૂયગડાંગ સૂત્રમાં દ્વિતીય શ્રુતસ્કંધમાં ૧૩ ક્રિયાસ્થાનો બતાવ્યા પછી, તે ક્રિયાસ્થાનમાં જે બતાવ્યું નથી, તે ઉત્તરસૂત્રભૂત આ સૂત્રના સંદર્ભથી પ્રતિપાદન કરાય છે, એ अदुत्तरं શબ્દનો અર્થ છે. 'च' સમુચ્ચય અર્થમાં છે. णं વાક્યાલંકારમાં છે. પુરુષનો વિજય છે=વિગતજય છે=પરાજય છે, જેનાથી એવા વિભંગજ્ઞાનને=વિપરીત જ્ઞાનને, હું પ્રતિપાદન કરું છું. અહીં=મનુષ્યક્ષેત્રમાં, વિચિત્ર ક્ષયોપશમને કારણે જુદી જુદી પ્રજ્ઞાવાળા, જુદા જુદા અભિપ્રાયવાળા, જુદા જુદા શીલવાળા, જુદી જુદી દૃષ્ટિવાળા=જુદા જુદા પ્રકારની અંતઃકરણની પ્રવૃત્તિવાળા, જુદી જુદી રુચિવાળા, જુદા જુદા પ્રકારના આરંભવાળા=જુદા જુદા પ્રકારની ક્રિયાવાળા, જુદા જુદા પ્રકારના અધ્યવસાયોથી સંયુક્ત એવા=સહિત એવા, જીવોનું અનેક પ્રકારનું પાપશ્રુત અધ્યયન આ પ્રકારે છે – તે આ પ્રમાણે - ભૌમ=ભૂમિ સંબંધી નિર્ઘાત ભૂકંપ આદિ ઉત્પાત ઇત્યાદિ ભણવા દ્વારા

**पापश्रुत ..... उत्पादेन, પાપશ્રુત અધ્યયનથી અન્નાદિ માટે અથવા તેના પ્રયોગથી=પાપશ્રુતના પ્રયોગથી, સુર કિલ્બિષાદિભાવના વડે તે લોકમાં=કિલ્બિષાદિ દેવલોકમાં, ઉત્પાદ વડે=ઉત્પન્ન થવા વડે, ત્યાંથી ચ્યવેલા એડમૂકાદિભાવના ઉત્પાદ વડે=મૂંગા-બોબડાપણારૂપે ઉત્પન્ન થવા વડે, મહાતૃષ્ણાવાળાઓને અધર્મપક્ષ સ્થાનાંગસૂત્રમાં કહેવાયો છે અને ઉપસંહાર કરાયો છે, એમ અન્વય સમજવો. (પૃ. નં. ૧૩૫૭)**

**गृहिणां ..... असदनुष्ठानैः, વળી આત્મસ્વજનાદિ માટે=આત્મ=પોતાના માટે અને સ્વજનાદિ= જ્ઞાતિવર્ગ માટે અને 'आदि' થી અગાર માટે=ઘરના સંસ્કાર માટે ચૌદ પ્રકારના અસદનુષ્ઠાન વડે મહાતૃષ્ણાવાળા ગૃહસ્થોને અધર્મપક્ષ કહેવાયો છે અને ઉપસંહાર કરાયો છે, એમ અન્વય છે. (પૃ. નં. ૧૩૫૭)**

**तथाहि - તે ચૌદ પ્રકારના અસદનુષ્ઠાનો तथाहिથી બતાવે છે –** (આ લખાણ સૂત્રકૃતાંગસૂત્રની ટીકાના આધારે છે.)

**(૧) कश्चित् ..... अनुगच्छतीत्यर्थः ।। કોઈ વ્યક્તિ અકાર્યના અધ્યવસાયથી અનુસરણ કરે છે તે અનુગામુક છે અર્થાત્ તે જતા એવા તેની પાછળ જાય છે, એ પ્રમાણે અર્થ છે=પથિક વગેરે કોઈ જઈ રહ્યો હોય, તેને લૂંટવા વગેરેરૂપ અકાર્યના અધ્યવસાયથી તેની પાછળ જાય છે.**

**(૨) अथवा तस्य ..... उपचारको भवति ।। અથવા તેનો=જેનો અપકાર કરવાનો છે તેનો,**

અપકારના અવસરની અપેક્ષા રાખીને ઉપચારક=સહાયક બને છે.

(૩) अथवा तस्य ..... संमुखीनमागच्छति ।। અથવા તેનો=જેનો અપકાર કરવાનો છે તેને, સંમુખ જાય છે=તેને લૂંટવા, ઠગવા, તેની પાસેથી માલ મેળવવા વગેરેના અધ્યવસાયથી સન્મુખ જાય છે.

(૪) अथवा स्वजनाद्यर्थं ..... भवतीत्यर्थः ।। અથવા સ્વજનાદિ માટે=જ્ઞાતિવર્ગ માટે સંધિછેદક થાય છે=ખાત્રખનનાદિ કરનાર=ખાતર પાડવા દ્વારા લૂંટી લેનાર થાય છે.

(૫) अथवा धुर्धुरादिना ..... प्रतिपद्यते ।। અથવા ધુર્ધરાદિ વડે ગ્રંથિછેદક ભાવને સ્વીકારે છે.

(૬) अथवौरभ्रैः ..... औरभ्रिकः ।। અથવા ઘેટા-પાડા વગેરેથી ઔરભ્રિક થાય છે અર્થાત્ ઘેટા-પાડા વગેરે ઊન વગેરેથી અને ઘેટા-પાડા વગેરે અશક્ત થઈ જાય તો તેના માંસ વગેરેથી આજીવિકા કરનાર ઔરભ્રિક થાય છે.

(૭) अथवा शौकरिको भवति।। અથવા શૌકરિક=ચાંડાલ-શ્વપચ-ઘાતકી વગેરે થાય છે.

(૮) अथवा ..... शाकुनिकः ।। અથવા પક્ષીઓ દ્વારા=પક્ષીઓને વેચવા તેનું માંસ વગેરે વેચવું વગેરેથી આજીવિકા કરનારો શાકુનિક થાય છે.

(૯) अथवा वागुरया ..... वागुरिकः ।। અથવા વાગુરા વડે=મૃગાદિને બાંધવાની રજ્જુ વડે અર્થાત્ જાળ વગેરેમાં મૃગાદિને ફસાવીને તેનાં માંસ વગેરેને વેચવાથી આજીવિકા કરનારો વાગુરિક થાય છે.

(૧૦) अथवा मत्स्यैः ..... मात्स्यिकः ।। અથવા માછલાઓથી અર્થાત્ માછલાઓને પકડી તેને વેચવાથી માત્સ્યિક=માછીમાર થાય છે.

(૧૧) अथवा गोपालकभावं प्रतिपद्यते ।। અથવા ગોપાલકભાવને સ્વીકાર છે. ગાય વગેરેને વેચવા વગેરે દ્વારા અને કુપિત થયેલો એવો કોઈ ગાય વગેરેને મારીને તેનાથી આજીવિકા કરનારો થાય છે.

(૧૨) अथवा गोघातकः स्यात् ।। અથવા ગાય-ભેંસનો ઘાત કરનારો ગોઘાતક થાય છે.

(૧૩) अथवा श्वभि ..... भवतीत्यर्थः ।। અથવા કૂતરાઓને પાળીને તેના વડે આજીવિકા કરનારો શૌવનિક થાય છે અર્થાત્ કૂતરાઓનો પરિપાલક થાય છે અથવા કૂતરાઓ વડે શિકાર કરીને હરણ વગેરેનો ઘાત કરનારો શૌવનિક થાય છે.

(૧૪) अथवा 'सोवणियंतियभावं' ति ..... करोतीत्यर्थः ।। 'सोवणियंति भावं' એ સ્થાનાંગ સૂત્રના પાઠનું પ્રતીક છે. અથવા કૂતરાઓ વડે શિકારીપણાને કરતો હરણ આદિનો અંત કરે છે. અથવા પ્રત્યંત ગામમાં=ગામના છેવાડે વસે છે અથવા પ્રત્યંત નિવાસી કૂતરાઓ વડે આજીવિકા કરે છે અર્થાત્ ક્રૂર કૂતરાઓનો સંગ્રહ કરે છે. જંગલી ક્રૂર કૂતરાઓને રાખીને કોઈ મનુષ્યને કે પથિક-અભ્યાગત કે અન્ય કોઈનો કે મૃગ-ભૂંડ આદિ ત્રસ પ્રાણીનો નાશ કરનાર થાય છે.

'इति' શબ્દ અસદનુષ્ઠાનનાં ૧૪ સ્થાનોની સમાપ્તિસૂચક છે.

अत्यसहनतया ..... तद्दाननिषेधादिना, અતિઅસહનપણાને કારણે અપરાધવાળા એવા ગૃહપતિના ક્ષેત્રને દાહાદિ દ્વારા=બાળવા વગેરે દ્વારા, તેના સંબંધી=સાપરાધવાળા ગૃહપતિ સંબંધી ઊંટ આદિના અંગછેદાદિ દ્વારા, તેની=સાપરાધવાળા ગૃહપતિની શાળાને બાળવા દ્વારા, તેના સંબંધી=સાપરાધવાળા ગૃહપતિ સંબંધી કૂંડલાદિના અપહાર દ્વારા, અથવા પાખંડિક ઉપર ક્રોધથી તેમના=પાખંડિકના ઉપકરણ વગેરેને લઈ લેવા દ્વારા, તેમને=પાખંડિકને, દાન આપવાના નિષેધ દ્વારા મહાતૃષ્ણાવાળાને અધર્મપક્ષ કહેવાયો.

निर्निमित्तमेव ..... दाहादिना, નિમિત્ત વગર જ ગૃહપતિના ક્ષેત્રને દાહાદિ દ્વારા=બાળવા દ્વારા આદિથી ઉપર કહ્યા મુજબ સાપરાધવાળા ગૃહપતિ સંબંધી ઊંટ આદિના અંગ છેદાદિ દ્વારા ઇત્યાદિ સઘળું સમજવું.

आभिग्रहिक ..... उपसंहृतश्च આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિપણાને કારણે અપશુકનની બુદ્ધિથી શ્રમણોને= સાધુઓને, દર્શનપથથી દૂર હડસેલવા દ્વારા, અને તેના=સાધુના જોવાના અવસરમાં આસ્ફાલન દ્વારા, ચપુટિકાદાન વડે=ચપેટા મારવા વડે અર્થાત્ તેમને ધક્કા વગેરે મારવા વડે, પરુષ વચનના પ્રહાર વડે બીજાઓને શોકાદિ ઉત્પન્ન કરાવવા દ્વારા, પ્રાણીઓના વ્યાપાદનરૂપ મહારંભાદિ દ્વારા, ભોગોપભોગ વડે ઉત્પન્ન થતી શ્લાઘાથી અને ઐશ્વર્યના અનુભવનથી મહાતૃષ્ણાવાળાને અધર્મપક્ષ કહેવાયો છે અને ઉપસંહાર કરાયો છે.

✪ अदुत्तरंથી માંડીને અહીં સુધી સૂયગડાંગ સૂત્રમાં મહાતૃષ્ણાવાળાને અધર્મપક્ષ કહેવાયો અને ઉપસંહાર કરાયો. તે ઉપસંહાર एस ठाणे ..... થી બતાવે છે –

**ટીકા :-**

"एस ठाणे अणारिए अकेवले अपडिपुन्ने अणेयाउए असंसुद्धे असल्लगत्तणे असिद्धिमग्गे अमुत्तिमग्गे अणिव्वाणमग्गे अणिज्जाणमग्गे असव्वदुक्खप्पहीणमग्गे एगंतमिच्छे असाहु एस खलु पढमस्स ठाणस्स अहम्मपक्खस्स विभंगे एवमाहिए" **त्ति**,

**ટીકાર્થ :-**

"एस ठाणे ..... एवमाहिए" **त्ति,** આ સ્થાન (૧) અનાર્ય છે, (૨) અકેવલ છે, (૩) અપરિપૂર્ણ છે, (૪) અનૈયાયિક છે, (૫) અસંશુદ્ધ છે, (૬) અસલ્લગત્વ છે, (૭) સિદ્ધિનો માર્ગ નથી, (૮) મુક્તિનો માર્ગ નથી, (૯) નિર્યાણનો માર્ગ નથી, (૧૦) નિર્વાણનો માર્ગ નથી, (૧૧) સર્વ દુઃખને નાશ કરવાનો માર્ગ નથી, (૧૨) એકાંતે મિથ્યા છે, (૧૩) અસાધુ છે. તે આ=પૂર્વમાં વર્ણન કર્યું એ, અધર્મપક્ષરૂપ પ્રથમ સ્થાનનો વિભંગ=વિકલ્પ=વિશેષ સ્વરૂપ, આ પ્રમાણે કહેવાયું છે.

**त्ति='इति' શબ્દ ઉપસંહારના કથનની સમાપ્તિસૂચક છે.**

સૂયગડાંગસૂત્રના પ્રસ્તુત एस ठाणे ..... પાઠની ટીકાનો અર્થ બતાવે છે –

**ટીકા :-**

अदः स्थानमनार्यमनाचीर्णत्वात्, नास्ति केवलं यत्रेत्यकेवलं अशुद्धमित्यर्थः अपरिपूर्णं सद्गुणविरहात्तुच्छं, अनैयायिकमसन्न्यायवृत्तिकं, असल्लगत्वमिन्द्रियासंवरणरूपं, 'रगिलगिसंवरणे' इति धातोः, शोभनो लगः सल्लगस्तद्भावस्तत्त्वं नास्ति स यत्रेति व्युत्पत्तेः यद्वा शल्यं गायति कथयति इति शल्यगं तद्भावस्तत्त्वं नास्ति तद् यत्र तदशल्यगत्वं, सिद्धिः स्थानविशेषः, मुक्तिरशेषकर्मप्रक्षयः, निर्याणं निःशेषतया भवपरित्यागेन यानम्, निर्वाणमात्मस्वास्थ्यापत्तिः, सर्वदुःखस्य प्रक्षीणं प्रक्षयस्तन्मार्गाभावादसिद्धिमार्गादिपदानि व्याख्येयानि । कुत एवमित्यत आह 'एगंत', इत्यादि एकान्तेनैव तत्स्थानं यतो मिथ्याभूतं मिथ्यात्वोपहतबुद्धिस्वामिकत्वात् अत एवासाध्वसद्वृत्तत्वात्, तदयं प्रथमस्य स्थानस्य अधर्मपाक्षिकस्य पापोपादानभूतस्य विभङ्गो=विशेषस्वरूपमिति यावत् एवमाहतः एवमुपदर्शितः,

આ સ્થાન (૧) અનાચરણીય હોવાથી અનાર્ય છે. (૨) જ્યાં કેવલ=શુદ્ધ નથી તે અશુદ્ધ છે એ પ્રમાણે અર્થ છે. (૩) સદ્ગુણથી રહિત હોવાથી તુચ્છ=અપરિપૂર્ણ છે. (૪) અસત્ ન્યાયવૃત્તિવાળું છે તે અનૈયાયિક=અન્યાયથી યુક્ત છે. (૫) ઇંદ્રિયોના અસંવરણરૂપ અસલ્લગપણું છે.

અસલ્લગપણાની વ્યુત્પત્તિ બતાવે છે –

रगिलगिसंवरणे .... रग् અને लग् ધાતુ સંવરણ અર્થમાં છે. શોભન લગ તે સલ્લગ તેનો ભાવ તત્ત્વ=સલ્લગત્વ, જેમાં નથી. એ પ્રમાણે વ્યુત્પત્તિથી અસલ્લગત્વ શબ્દ બને છે.

અથવા શલ્યને ગાય છે=શલ્યને કહે છે તે શલ્યગ, તેનો ભાવ, તત્ત્વ=શલ્યગત્વ, તે જેમાં નથી તે અશલ્યગત્વ, સિદ્ધિ સ્થાનવિશેષ છે, અશેષ કર્મનો પ્રલય મુક્તિ છે, સંપૂર્ણપણાથી ભવના પરિત્યાગથી જવું તે નિર્યાણ છે, આત્માના સ્વાસ્થ્યની આપત્તિ=પ્રાપ્તિ તે નિર્વાણ છે, સર્વદુઃખનો પ્રક્ષીણ=પ્રક્ષય તેના માર્ગના અભાવથી અસિદ્ધિમાર્ગાદિ પદોની વ્યાખ્યા કરવી.

આ પ્રમાણે કેમ છે ? એથી કહે છે – एगंत મૂળનું પ્રતીક છે. इत्यादि=एगंत થી માંડીને एवमाहिए त्ति સુધીનો પાઠ સમજવો. એકાંતથી જ તે સ્થાન જે કારણથી મિથ્યાભૂત છે; કેમ કે મિથ્યાત્વથી હણાયેલી બુદ્ધિનું સ્વામીપણું છે, આથી કરીને જ અસાધુ છે; કેમ કે અસદ્વૃત્તપણું છે=અસદ્ આચરણારૂપ છે. તે આ પાપઉપાદાનભૂત અધર્મપક્ષરૂપ પ્રથમ સ્થાનનું વિભંગ=વિશેષ સ્વરૂપ, આ પ્રમાણે કહેવાયું છે.

**ભાવાર્થ :-**

સૂયગડાંગ સૂત્રમાં ધર્મપક્ષ, અધર્મપક્ષ અને ધર્માધર્મપક્ષ આ ત્રણ પક્ષ બતાવ્યા છે, તેમાં ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ વચન વ્યવહારનયથી બતાવ્યો છે; અર્થાત્ દેશવિરતિધર શ્રાવકમાં સર્વવિરતિધર સાધુની જેમ પૂર્ણધર્મ નથી, તે બતાવવા માટે વ્યવહારનયથી મિશ્રપક્ષ બતાવાયો છે અને નિશ્ચયનયથી સૂયગડાંગ સૂત્રમાં મિશ્રપક્ષનો ધર્મપક્ષમાં અંતર્ભાવ કરેલ છે.

વળી તે ત્રણ પક્ષના વ્યાખ્યાનના અવસરમાં अदुत्तरं ઇત્યાદિ પાઠ દ્વારા જે સંન્યાસીઓ કે સાધુઓ સંયમ ગ્રહણ કરીને વિપરીત જ્ઞાનવાળા છે, તેઓ ભૂકંપ-ઉત્પાદ વગેરેનું જ્ઞાન મેળવે છે, અને તેના દ્વારા

માનખ્યાતિ કે અન્નાદિની પ્રાપ્તિ કરે છે, તેઓનું તે અધ્યયન પાપઅધ્યયન છે; અને તે પાપશ્રુતના પ્રયોગ દ્વારા તેઓ સુરકિલ્બિષાદિ ભાવના કરે છે અર્થાત્ તે શ્રુતનો પાપારંભમાં ઉપયોગ કરીને કિલ્બિષાદિ દેવોમાં ઉત્પન્ન થાય તેવા પરિણામવાળા થાય છે, અને પછી તે કિલ્બિષાદિ દેવોમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી ચ્યવીને એડમૂકાદિ ભાવો પ્રાપ્ત કરે છે અર્થાત્ મનુષ્યભવમાં મૂંગા-બોબડા વગેરે થાય છે, અને પછી દુરંત સંસારમાં ભટકે છે. આ રીતે મહાતૃષ્ણાવાળા સંન્યાસીઓ કે સાધુઓને આ અધર્મપક્ષ બતાવાયો છે.

વળી બીજી રીતે અસદનુષ્ઠાનરૂપ ગૃહસ્થોનો ચૌદ પ્રકારે અધર્મપક્ષ બતાવાયો, જે સૂયગડાંગ સૂત્રના પાઠમાં ચૌદ અસદનુષ્ઠાનો બતાવ્યાં.

વળી ત્રીજી રીતે કેટલાક જીવો અતિ અસહિષ્ણુ સ્વભાવવાળા હોય છે, તેથી કોઈ સાપરાધી ગૃહપતિ હોય તો તેના ક્ષેત્રને બાળે, તેના સંબંધી ઉષ્ટ્રાદિ પશુઓના અંગો છેદી નાંખે, તે ગૃહપતિની શાલા વગેરે બાળી નાંખે, તેના સંબંધી કૂંડલાદિનું હરણ કરે, આ રીતે મહાતૃષ્ણાવાળાઓનો અધર્મપક્ષ પ્રાપ્ત થાય છે.

વળી કેટલાક અતિઅસહનશીલ હોવાને કારણે પાખંડી એવા સંન્યાસીઓ ઉપર ક્રોધિત થઈને તેમનાં ઉપકરણાદિ હરી લે છે અને તેમને ભિક્ષા આપવા વગેરેનો નિષેધ કરે છે. આવા મહાતૃષ્ણાવાળા જીવોને પણ અધર્મપક્ષ સૂયગડાંગ સૂત્રમાં કહેવાયો છે.

વળી કેટલાક જીવો કોઈ કારણ ન હોય તોપણ ગૃહપતિના ક્ષેત્ર વગેરે બાળી નાંખે કે તેના પશુ આદિનાં અંગોનો છેદ કરે કે તેમનાં ધનાદિનું હરણ કરે. આવા મહાતૃષ્ણાવાળા જીવોનો અધર્મપક્ષ કહેવાયો છે.

વળી કેટલાક આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જીવો સાધુને જુએ તો અપશુકનબુદ્ધિ કરે છે, અને સાધુઓને પોતાના દૃષ્ટિપથથી દૂર કરે છે; અને સાધુઓ દૃષ્ટિપથમાં આવી જાય તો ચપેટિકા આદિ આપીને તેમને દૂર કાઢે છે. આવા મહાતૃષ્ણાવાળા જીવોને પણ અધર્મપક્ષ કહેવાયો છે.

વળી કેટલાક જીવો પરુષવચનના પ્રહાર વડે બીજાઓને શોકાદિ ઉત્પન્ન કરે છે, મહાઆરંભાદિની પ્રવૃત્તિઓ કરે છે અને પોતાને મળેલા ભોગોપભોગથી ઉત્પન્ન થયેલી શ્લાઘા વડે ઐશ્વર્યનો અનુભવ કરે છે. એવા મહાતૃષ્ણાવાળાઓને પણ અધર્મપક્ષ કહેવાયો છે.

આ રીતે સૂયગડાંગ સૂત્રમાં અધર્મપક્ષ કહ્યા પછી તેનો ઉપસંહાર કરતાં કહ્યું કે આ સ્થાન અનાર્ય છે, અકેવલ છે, ઇત્યાદિ કહીને બતાવ્યું કે આ સ્થાન અત્યંત અનુચિત છે, અને મોક્ષ વગેરેનો માર્ગ નથી, પરંતુ સંસારના પરિભ્રમણનો માર્ગ છે. આ પ્રકારના પ્રથમ સ્થાનરૂપ અધર્મપક્ષનું વિશેષ સ્વરૂપ બતાવેલ છે.

**ટીકા :–**

**धर्मपक्षस्तु एवमतिदिष्टः** "अहावरे दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभङ्गे एवमाहिज्जइ, इह खलु पाईणं वा पडीणं वा उदीणं वा दाहिणं वा संतेगइया मणुस्सा भवंति तं० आरिया वेगे अणारिया वेगे, उच्चागोया वेगे नीयागोया वेगे, कायमंता वेगे हस्समंता वेगे, सुवन्ना वेगे दुवन्ना वेगे, सुरूवा वेगे दुरूवा वेगे, तेसिं च णं

खेत्तवत्थूणि परिग्गहिआणि भवंति' ऐसो आलावगो जहा पुंडरीए तहा णेयव्वो तेणेव अभिलावेणं जाव सव्वओवसंता सव्वत्ताए पडिनिव्वुड त्ति बेमि । एस ठाणे आरिए केवले जाव सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे साहू दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिए" **त्ति** ।

**ટીકાર્થ :-**

**धर्मपक्षस्तु ..... अतिदिष्टः - વળી સૂયગડાંગ સૂત્રમાં ત્રણ પક્ષના વ્યાખ્યાનના અવસરમાં ધર્મપક્ષ આ રીતે બતાવાયો છે -**

"अहावरे ..... एवमाहिए" **त्ति** । હવે બીજા સ્થાનરૂપ ધર્મપક્ષના વિકલ્પને=વિશેષ સ્વરૂપને, આ પ્રમાણે કહે છે –

અહીં=આ સંસારમાં, પૂર્વદિશામાં, પશ્ચિમ દિશામાં, ઉત્તર દિશામાં અને દક્ષિણ દિશામાં કેટલાક કલ્યાણની પરંપરાને ભજનારા મનુષ્યો છે, અને તે આ પ્રમાણે છે –

કેટલાક આર્ય છે=આર્યદેશમાં ઉત્પન્ન થયેલા છે, અને કેટલાક અનાર્ય છે=અનાર્યદેશમાં ઉત્પન્ન થયેલા છે. કેટલાક ઉચ્ચગોત્રવાળા છે અને કેટલાક નીચગોત્રવાળા છે, કેટલાક દીર્ઘકાયાવાળા છે અને કેટલાક હ્રસ્વકાયાવાળા છે, કેટલાક સુંદર વર્ણવાળા છે અને કેટલાક અસુંદર વર્ણવાળા છે, કેટલાક સુરૂપ છે અને કેટલાક કુરૂપ છે. તેઓને ક્ષેત્રવસ્તુ પરિગૃહીત હોય છે. આ આલાપક જે પ્રમાણે પુંડરિક અધ્યયનમાં છે તે પ્રમાણે જાણવો. તે અભિલાપ વડે યાવત્ સર્વપાપસ્થાનથી ઉપશાંત થયેલા છે અને આથી કરીને જ સર્વાત્મપણાથી પરિનિવૃત્ત થયેલા છે=પાપસ્થાનથી પરિનિવૃત્ત થયેલા છે, એ પ્રમાણે કહું છું, એમ સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે. આ સ્થાન આર્ય છે, કેવલ=શુદ્ધ, છે, યાવત્ સર્વદુઃખના પ્રક્ષયનો માર્ગ છે, એકાંત સમ્યક્ છે. આથી કરીને જ સાધુ=સુંદર, છે. આ પ્રમાણે બીજા સ્થાનરૂપ ધર્મપક્ષનું વિશેષ સ્વરૂપ કહેલું છે.

**त्ति=इति શબ્દ બીજા સ્થાનરૂપ ધર્મપક્ષની સમાપ્તિસૂચક છે.**

**ભાવાર્થ :-**

ધર્મપક્ષમાં થયેલા મનુષ્યો ચારે દિશામાં હોય છે. તેઓ આર્યદેશમાં અથવા અનાર્યદેશમાં પણ જન્મેલા હોય છે, ઉચ્ચગોત્ર કે નીચગોત્રવાળા હોય છે, ઇત્યાદિ બતાવીને તેઓ મનુષ્યલોકમાં ધન-ધાન્યાદિ સમૃદ્ધિવાળા હોય છે અને કેટલાક સમૃદ્ધિ વગરના પણ હોય છે તે બતાવ્યું. એ આલાપક પુંડરીક અધ્યયનથી જાણવો, એમ બતાવીને પુંડરીક અધ્યયનમાં વર્ણન કર્યા પ્રમાણે તેઓ વૈરાગ્ય પામીને સંયમ ગ્રહણ કરે છે ત્યારે સર્વથા ઉપશાંત થાય છે, સર્વથા પાપથી નિવૃત્ત થાય છે, એમ હું કહું છું અર્થાત્ એમ સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે. આ સ્થાન કેવલ છે=શુદ્ધ છે યાવત્ સર્વ દુઃખના પ્રક્ષયને=નાશને, કરનારું છે, એકાંતે સમ્યક્ છે, સાધુ છે=સદ્વૃત્તવાળું છે. આ પ્રમાણે બીજા સ્થાનરૂપ ધર્મપક્ષનું સ્વરૂપ કહેલું છે.

**ટીકા :-**

**तृतीयस्थानमधिकृत्यैवं सूत्रं प्रववृत्ते–** "अहावरे तच्चस्स ठाणस्स मीसगस्स विभंगे एवमाहिज्जइ, जे इमे भवंति, आरण्णिया, आवसहिया, गामणियंतिया, कण्हुईरहस्सिया । जाव ते तओ विप्पमुच्चमाणा भुज्जो

एलमूयत्ताए, तमूयत्ताए पच्चायंति, एसठाणे अणारिए; अकेवले जाव असव्वदुक्खप्पहीणमग्गे, एगंतमिच्छे, असाहू एस खलु तच्चस्स ठाणस्स मीसगस्स विभंगे एवमाहिए" त्ति ।।

अत्र व्याख्या-सांप्रतं धर्माधर्मयुक्तं तृतीयस्थानमाश्रित्याह-'अहावरे' इत्यादि, अथापरस्तृतीयस्थानस्य मिश्रकाख्यस्य विभङ्गो-विभागः-स्वरूपमाख्यायते, अत्र चाधर्मपक्षेण युक्तो धर्मपक्षो मिश्र इत्युच्यते । तत्राधर्मस्येह भूयिष्ठत्वादधर्मपक्ष एवायं द्रष्टव्यः । एतदुक्तं भवति-यद्यपि मिथ्यादृष्टयः काञ्चित्तथाप्रकारां प्राणातिपातादिनिवृत्तिं विदधति तथाप्याशयाशुद्धत्वादभिनवे पित्तोदये सति शर्करामिश्रक्षीरपानवदूषरप्रदेशवृष्टिवद्वा विवक्षितार्थासाधक-त्वान्निरर्थकतामापद्यते, ततो मिथ्यात्वानुभावात् मिश्रपक्षोऽप्यधर्मपक्ष एवावगन्तव्य इत्येतदेव दर्शयितुमाह-'जे इमे भवंति' इत्यादि-ये इमेऽनन्तरमुच्यमानाः-अरण्ये चरन्तीत्यारण्यिकाः कन्दमूलफलाशिनस्तापसादयो, ये चावसथिका-आवसथः=गृहं, तेन चरन्तीत्यावसथिका गृहिणः, ते च कुतश्चित्पापस्थानान्निवृत्ता अपि प्रबलमिथ्यात्वोपहतबुद्धयस्ते यद्यप्युपवासादिना महता कायक्लेशेन देवगतयः केचन भवन्ति, तथापि ते आसुरीयेषु स्थानेषु किल्बिषिकेषूत्पद्यन्ते, इत्यादि सर्वं पूर्वोक्तं भणनीयं यावत्ततश्च्युत्वा मनुष्यभवप्रत्यायाता एलमूकत्वेन तमोऽन्धतया जायन्ते, तदेवमेतत् स्थानमनार्यमकेवलमसंपूर्णमनैयायिकमित्यादि यावदेकान्तमिथ्याभूतं सर्वथैतदसाधु" इति ।

**ટીકાર્થ :-**

**तृतीयस्थानम् ..... प्रववृत्ते – ત્રીજા સ્થાનને આશ્રયીને આ પ્રમાણે સૂત્ર પ્રવર્તે છે –**

"अहावरे ..... एवमाहिए" त्ति હવે ત્રીજા સ્થાનભૂત મિશ્રપક્ષના વિભાગને=સ્વરૂપને, આ પ્રમાણે કહું છું : જે આ પ્રમાણે થાય છે - આરણ્યિક=કંદમૂળ ફળ ખાનારા તાપસો, આવસથિક=ઘરમાં વસનારા ગૃહસ્થો, ગામના અંતે રહેનારા, કોઈ ગુપ્ત સ્થાનમાં રહેનારા યાવત્ (તેઓ અહીંથી આસુરિક કિલ્બિષાદિ દેવલોકમાં જાય છે ઇત્યાદિ ગ્રહણ કરવું.) ત્યાંથી વિપ્રમુક્ત થતાં ફરી મૂંગા-બોબડાપણું પામે છે, તત્ત્વના વિષયમાં ગાઢ અંધકારથી અંધરૂપે થાય છે. આ સ્થાન અનાર્ય છે, અકેવલ યાવત્ અસર્વદુઃખપ્રક્ષીણ માર્ગ છે, એકાંત મિથ્યારૂપ છે, અસાધુ છે. આ પ્રમાણે ત્રીજા મિશ્રસ્થાનનો વિભંગ=વિભાગ, કહ્યો. त्ति=इति શબ્દ ત્રીજા મિશ્રસ્થાનના સૂત્રના કથનની સમાપ્તિસૂચક છે.

अत्र व्याख्या - सांप्रतं ..... सर्वथैतदसाध्विति । અહીં વ્યાખ્યા - હવે ધર્માધર્મયુક્ત ત્રીજા સ્થાનને આશ્રયીને કહે છે, 'अहावरे' इत्यादि મૂળનું પ્રતીક છે.

હવે અપર ત્રીજા સ્થાનરૂપ મિશ્રક નામના પક્ષનો વિભંગ=વિભાગ=સ્વરૂપ, કહેવાય છે, અને અહીં=ત્રીજા મિશ્રપક્ષમાં, અધર્મપક્ષથી યુક્ત ધર્મપક્ષ મિશ્ર એ પ્રમાણે કહેવાય છે. અહીં સંસારમાં ત્યાં=ત્રીજા મિશ્રપક્ષમાં, અધર્મનું ભૂયિષ્ઠપણું હોવાથી=ઘણાપણું હોવાથી અધર્મપક્ષ જ જાણવો. આ કહેવાયેલું થાય છે=ત્રીજો પક્ષ અધર્મપક્ષ છે, એમ કહ્યું એનાથી આ કહેવાયેલું થાય છે –

જોકે મિથ્યાદૃષ્ટિઓ કાંઈક તેવા પ્રકારની પ્રાણાતિપાતાદિની નિવૃત્તિ કરે છે તોપણ આશયનું અશુદ્ધપણું હોવાથી અભિનવ=નવા પિત્તનો ઉદય હોતે છતે શર્કરાથી મિશ્ર ક્ષીરપાનની જેમ અથવા ઉષરપ્રદેશમાં=ઉખરભૂમિમાં, વૃષ્ટિની જેમ, વિવક્ષિત અર્થનું અસાધકપણું હોવાથી=પ્રાણાતિપાતની નિવૃત્તિરૂપ આત્મકલ્યાણસ્વરૂપ વિવક્ષિત અર્થનું અસાધકપણું

હોવાથી, (મિશ્રપક્ષ) નિરર્થકતાને પ્રાપ્ત કરે છે. તેથી મિથ્યાત્વના અનુભાવને કારણે મિશ્રપક્ષ પણ=ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ પણ, અધર્મયુક્ત જ જાણવો, એ પ્રકારે આને જ=મિશ્રપક્ષ અધર્મ છે એને જ, બતાવવા માટે કહે છે -

'जे इमे भवंति' इत्यादि મૂળનું પ્રતીક છે.

જે આ=અનંતર કહેવાતા, અરણ્યમાં રહેનારા આરણ્યિકો=કંદમૂળ ફળ ખાનારા તાપસાદિઓ, જે આવસથિક= આવસથ=ઘર, તેમાં રહે તે આવસથિક=ગૃહસ્થો, તેઓ કોઈક પાપસ્થાનકથી નિવૃત્ત પણ પ્રબલ મિથ્યાત્વથી હણાયેલી બુદ્ધિવાળા એવા તેઓ જોકે ઉપવાસાદિ વડે મોટા કાયક્લેશથી કેટલાક દેવગતિને પામે છે, તોપણ તેઓ આસુરિક સ્થાન એવા કિલ્બિષિકમાં ઉત્પન્ન થાય છે ઇત્યાદિ સર્વ પૂર્વમાં કહેલું કહેવું. યાવત્ ત્યાંથી ચ્યવીને મનુષ્યભવમાં પાછા આવેલા તેઓ મૂંગા-બોબડાપણા વડે અને તમો અંધપણા વડે થાય છે=તત્ત્વના વિષયમાં ગાઢ અંધકારવાળા થાય છે. તે કારણથી આ રીતે આ સ્થાન=ધર્માધર્મરૂપ ત્રીજું મિશ્રસ્થાન અનાર્ય, અકેવલ, અસંપૂર્ણ, અનૈયાયિક ઇત્યાદિ યાવત્ એકાંત મિથ્યાભૂત સર્વથા આ=ત્રીજા સ્થાનરૂપ મિશ્રપક્ષ અસાધુ છે.

**'इति' શબ્દ ત્રીજા સ્થાનની ટીકાની સમાપ્તિસૂચક છે.**

**ભાવાર્થ :-**

હવે ધર્માધર્મરૂપ મિશ્રપક્ષનું વર્ણન કરે છે – આ મિશ્રપક્ષમાં અધર્મનું અત્યંતપણું છે અને ધર્મપક્ષ અલ્પ છે. તેથી પરમાર્થથી તે અધર્મ છે એમ કહ્યું, તેનું કારણ એ છે કે જે જીવોમાં ગાઢ મિથ્યાત્વ વર્તે છે અને તત્ત્વ પ્રત્યેનું વલણ થઈ શકે તેવી મિથ્યાત્વની મંદતા પણ નથી, તેવા જીવો કોઈક નિમિત્તને પામીને પ્રાણાતિપાતાદિની નિવૃત્તિ કરતા હોય તોપણ તેમનું ધર્મનું સેવન સંસારનાશનું કારણ નથી. માટે પરમાર્થથી અધર્મ છે.

ધર્માધર્મરૂપ મિશ્રપક્ષનું સેવન કરનારા જીવો કોણ છે ? તે બતાવવા માટે કહ્યું કે તેઓ અરણ્યમાં રહેનારા તાપસો છે અને ઘરમાં રહેનારા ગૃહસ્થો છે. વળી તેઓ કોઈક પાપસ્થાનથી નિવૃત્ત થયેલા પણ પ્રબળ મિથ્યાત્વના કારણે જેમની તત્ત્વની બુદ્ધિ હણાયેલી છે તેવા છે. જોકે તેઓ ઉપવાસાદિ દ્વારા કાયક્લેશ કરીને કેટલાક દેવગતિમાં જાય છે, તોપણ તેઓ કિલ્બિષિકાદિ દેવલોકમાં ઉત્પન્ન થાય છે, અને ત્યાંથી દુરંત સંસારમાં પરિભ્રમણ કરે છે. માટે તેઓમાં આ ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ પણ સર્વથા અસાધુ છે યાવત્ અધર્મપક્ષ જેવો છે.

**ટીકા :-**

**तृतीयस्थानस्य मिश्रकस्यायं विभङ्गो=विभागो-विभागस्वरूपमाख्यातमिति उक्तान्यधर्म-धर्ममिश्रस्थानानि ।। सांप्रतं-तदाश्रिताः स्थानिनोऽभिधीयन्ते-यदि वा प्राक्तनमेवान्येन प्रकारेण विशेषिततरमुच्यते इति सङ्गत्याऽग्रिममालापत्रयं योजितं, तच्चेदम्** - "अहावरे पढमस्स ठाणस्स अहम्मपक्खस्स विभङ्गे एवमाहिज्जइ इह खलु पाईणं वा ४, संतेगइया मणुस्सा भवंति, गिहत्था, महिच्छा, महारंभा, महापरिग्गहा, अधम्मिया, अधम्माणुआ, अधम्मिट्ठा, अहम्मक्खाई, अहम्मप(वि)लोई, अधम्मपायजीविणो,

अधम्मपलज्जणा, अधम्मसीलसमुदायारा अधम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति । हण, छिंद, भिंद, विगत्तगा लोहिअपाणी, चंडा, रुद्दा, खुदा, साहस्सिआ, उक्कुंचणवंचणमायाणियडिकूडकवडसाई संपओगबहुला, दुस्सीला, दुव्वया, दुप्पडिआणंदा, असाहू, सव्वाओ पाणाइवायाओ अप्पडिविरया जावज्जीवाए, जाव सव्वाओ परिग्गहाओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ कोहाओ जाव मिच्छादंसणसल्लाओ अप्पडिविरया, सव्वाओ ण्हाणुम्मद्दण-वन्नगगंधविलेवणसद्दफरिसरसरूवगंधमल्लालंकाराओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ सगडरहजाण-जुग्गगिल्लिथिल्लिसीयासंदमाणियासयणासणजाणवाहणभोगभोअणपवित्थरविहीओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ कयविक्कयमासद्धमासरुवगसंववहाराओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ हिरण्णसुवण्णधण-धण्णमणिमोत्तियसंखसिलापवालाओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ कूडतुलकूडमाणाओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ आरंभसमारंभाओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ करणकारावणाओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ पयणपयावणाओ अप्पडिविरया जावज्जीवाए, सव्वाओ कुट्टणपिट्टणतज्जणतालण-वहबंधपरिकिलेसाओ अप्पडिविरया जावज्जीवाए,

जे आवन्ने तहप्पगारा सावज्जा, अबोहिआ, कम्मंता, परपाणपरिआवणकरा जे अणारिएहिं कज्जंति तओ अप्पडिविरया जावज्जीवाए, से जहाणामए केइ पुरिसे कलममसूरजाव. एवमेव ते इत्थकामेहिं मुच्छिया, गिद्धा, गढिया, अज्झोववन्ना, जाव वासाइं चउपंचमाइं वा, छद्दसमाइं वा, अप्पतरो वा भुज्जतरो वा कालं भुंजित्तु भोगभोगाइं पविसुइत्ता वेरायतणाइं संचिणित्ता बहूइं पावाइं कम्माइं उस्सणाइं, संभारकडेण कम्मणा । से जहाणामए अयगोलेइ वा, सेलगोलेइ वा, उदगंसि पक्खित्ते समाणे उदगतलमइवइत्ता अहे धरणितलपइठ्ठाणे भवति, एवमेव तहप्पगारे पुरिसजाए वज्जबहुले, धूतबहुले, पंकबहुले, वेरबहुले, अप्पत्तियबहुले, दंभबहुले, णियडिबहुले, साइबहुले, अयसबहुले, उस्सण्णतसपाणघाती, कालमासे कालं किच्चा धरणितलमइवइत्ता अहे णरगतलमपइट्ठाणे भवन्ति ।

ते णं णरगा अंतो वट्टा, बाहिं चउरंसा, अहे खुरप्पसंठाणसंठिया, णिच्चंधगारतमसा, ववगयगहचंदसूर-नक्खत्तजोइसपहा मेयवसामंसरूहिरपूयपडलचिक्खिल्ललित्ताणुलेवणतलाअसुई वीसा परमदुब्भिगंधा, कण्हा अगणिवन्नाभा, कक्खडफासा, दुरहियासा, असुभा णरगा, असुभा णरगेसु वेदणाओ, नो चेव नरगेसु नेरइया णिद्दायंति वा पयलाइंति वा; सुइं वा, रतिं वा, धितिं वा, मतिं वा उवलंभंते, ते णं तत्थ उज्जलं विउलं पगाढं कडुअं कक्कसं चंडं दुक्खं दुग्गं तिव्वं दुरहिआसं णेरइआ वेअणं पच्चणुभवमाणा विहरंति ।

से जहाणामए रुक्खे सिया पव्वयग्गे, जाए मूले छिन्ने अग्गे गरुए, जओ जिण्णं णिण्णं जतो विसमं, जतो दुग्गं ततो पवडति, एवामेव तहप्पगारे पुरिसजाए गब्भाओ गब्भं, जम्माओ जम्मं, माराओ मारं, णरगाओ णरगं, दुक्खाओ दुक्खं, दाहिणगामिए णेरइए कण्हपक्खिए, आगमिस्साणे दुल्लहबोहिए, आवि(यावि) भवइ, एस ठाणे अणारिए अकेवले जाव असव्वदुक्खप्पहीणमग्गे, एगंतमिच्छे, असाहू पढमस्स ठाणस्स अहम्मपक्खस्स विभङ्गे एवमाहिए ।।

**ટીકાર્થ :-**

**तृतीयस्थानस्य ..... योजितम्, ત્રીજા સ્થાનરૂપ મિશ્રકનો આ વિભંગ=વિભાગ=વિભાગનું સ્વરૂપ કહેવાયું. એથી અધર્મ, ધર્મ અને મિશ્રસ્થાનો કહેવાયાં. હવે તેને આશ્રિત સ્થાનીઓ=અધર્મ, ધર્મ અને મિશ્રસ્થાનને આશ્રિત એવા પુરુષો, કહેવાય છે. જોકે પૂર્વે કહેલ જ=પૂર્વે કહેલ અધર્મ, ધર્મ અને મિશ્રપક્ષરૂપ સ્થાનો જ, અન્ય પ્રકારે વિશેષિતતર=અતિશય વિશેષિત કહેવાય છે, એ પ્રકારની સંગતિથી આગળના=હવે કહેવાશે એ, ત્રણ આલાપક યોજિત છે.**

**तच्चेदं - તે આ પ્રમાણે –**

"अहावरे ..... णरगतलमपइट्ठाणे भवन्ति । હવે પ્રથમ સ્થાનરૂપ અધર્મપક્ષના વિભાગને આ પ્રમાણે કહે છે – અહીં=સંસારમાં, પૂર્વ દિશામાં, પશ્ચિમ દિશામાં, ઉત્તર દિશામાં અને દક્ષિણ દિશામાં વિદ્યમાન કેટલાક મનુષ્યો છે. ગૃહસ્થો એવા તેઓ મોટી ઇચ્છાવાળા, મહારંભવાળા, મહાપરિગ્રહવાળા, અધર્મવાળા, અધર્મમાં અનુજ્ઞાવાળા=અધર્મનું અનુમોદન કરનારા, અધર્મિષ્ઠો, અધર્મનું કથન કરનારા, અધર્મને સારરૂપે જોનારા, અધર્મપ્રાય જીવનારા, અધર્મમાં અત્યંત રક્ત, અધર્મના શીલ-આચારવાળા, અધર્મ વડે જ વૃત્તિને=આજીવિકાને, કરતા વિહરે છે.

ઉપરોક્ત પ્રકારના જીવોના પાપાનુષ્ઠાનને લેશથી બતાવતાં કહે છે –

હણનારા, છેદનારા, ભેદનારા, વિકર્તકો=ચામડી ઉતારવી વગેરે ક્રિયા કરે છે. આથી કરીને લોહીથી ખરડાયેલા હાથવાળા છે. ચંડ=પ્રચંડ, રૌદ્ર, ક્ષુદ્ર, સાહસિક=અવિચારીને કાર્ય કરનારા છે. ઉત્કુંચન=ઊર્ધ્વકુંચન=શૂલાદિ આરોપણ માટે શૂળી ઉપર નાંખનારા, વંચન, માયા, નિકૃતિ, કૂડકપટાદિ વડે સહાતિસંપ્રયોગ=ગાર્ધ્યથી પ્રચુર છે અથવા સાતિશય દ્રવ્યકસ્તુરિકાદિ સાથે અપર દ્રવ્યનો સંપ્રયોગ તત્બહુલ છે. દુઃશીલવાળા, દુર્વ્રતવાળા, દુઃખેથી આનંદ આપી શકાય એવા, અસાધુ છે. સર્વથા પ્રાણાતિપાતથી યાવજ્જીવ અપ્રતિવિરત છે યાવત્ સર્વ પરિગ્રહથી યાવજ્જીવ અપ્રતિવિરત છે. સર્વથા ક્રોધથી યાવત્ મિથ્યાદર્શનશલ્યથી અપ્રતિવિરત છે. સર્વથા સ્નાન, ઉન્મર્દન, વર્ણક, ગંધ, વિલેપન, શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ, માલ્ય અને અલંકારોથી યાવજ્જીવ અપ્રતિવિરત, સર્વથા શકટ=ગાડું, રથ, યાન, યુગ્ય=પુરુષથી ઉપાડાયેલ આકાશયાન, ગિલ્લી=બે પુરુષથી ઉપાડાયેલ ઝોલ્લિકા=ડોળી, થિલ્લિ=બે ખચ્ચર વગેરેથી લઈ જવાય તેવું યાનવિશેષ, શય્યા, સંદમાણિય=શિબિકાવિશેષ, શયન, આસન, યાન, વાહન, ભોગ, ભોજનરૂપ પ્રવિસ્તર વિધિથી યાવજ્જીવ અપ્રતિવિરત, સર્વથા ક્રય, વિક્રય વડે જે માષક, અર્ધમાષક, રૂપકાદિ વડે પણ્યવિનિમય સ્વરૂપ સંવ્યવહારથી યાવજ્જીવ અપ્રતિવિરત, સર્વથા હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય, મણિ, મૌક્તિક, શંખ, શિલા, પ્રવાલથી યાવજ્જીવ અપ્રતિવિરત, સર્વથા કૂટ તોલ, કૂટ માપથી યાવજ્જીવ અપ્રતિવિરત, સર્વથા આરંભ, સમારંભથી યાવજ્જીવ અપ્રતિવિરત, સર્વથા કરણ, કરાવણથી યાવજ્જીવ અપ્રતિવિરત, સર્વથા પચન, પાચનથી યાવજ્જીવ અપ્રતિવિરત, સર્વથા કૂટવું, પીટવું, તર્જન, તાડન, વધ, બંધથી થતા પરિક્લેશથી યાવજ્જીવ અપ્રતિવિરત છે.

હવે ઉપરોક્ત કથનનો ઉપસંહાર કરતાં કહે છે –

जे आवन्ने=ये चान्ये=જે અન્ય તેવા પ્રકારે સાવદ્ય કર્મવાળા, બોધિના અભાવને કરનારા, કર્મને કરનારા, પરપ્રાણનો પરિતાપ કરનારા જે અનાર્ય વડે=ક્રૂર કર્મવાળા વડે કરાય છે. તેનાથી યાવજ્જીવ અપ્રતિવિરત છે.

વળી અન્યથા બહુપ્રકારવાળા અધાર્મિકપદને કહેવાની ઇચ્છાથી કહે છે –

તે આ પ્રમાણે - સંભાવના કરાય છે કે (આ વિચિત્ર સંસારમાં) કેટલાક પુરુષો કલમ, મસૂર, યાવત્ તિલ, મગ આદિમાં પચન-પાચનાદિક ક્રિયાથી ક્રૂર એવા તેઓ મિથ્યાદંડને પ્રયુંજે છે.

આ પ્રકારે જ=પ્રયોજન વિના જ, પૂર્વોક્ત સ્વભાવવાળા પુરુષો સ્ત્રીકામનાથી મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત, અધ્યુપપન્ન યાવત્ ચાર, પાંચ, છ, દશ આદિ વર્ષ અલ્પતરકાળ કે ઘણો કાળ ભોગભોગોને=ઇન્દ્રિયોને અનુકૂળ ભોગોને, ભોગવતા વૈરાયતનોને=વૈરના અનુબંધોને, ઉત્પન્ન કરીને બહુ પાપકર્મોને એકઠા કરીને એકઠા કરાયેલા કર્મ વડે તેઓ નરકમાં જાય છે. આ પ્રમાણે ટીકામાં યોજન છે.

આ જ અર્થમાં સર્વલોકમાં પ્રતીત દૃષ્ટાંત બતાવે છે –

से जहाणामए ..... धरणितलपइट्ठाणे भवति, તે આ પ્રમાણે સંભાવના છે કે કોઈ અયોગોલક અથવા શૈલગોલ=પથ્થરનો ગોળો પાણીમાં નંખાયે છતે પાણીના તળને ઓળંગીને ધરણીતલમાં પ્રતિષ્ઠાન થાય છે=પૃથ્વીમાં નીચે ડૂબે છે.

હવે દાર્ષ્ટાંતિકને યોજે છે –

एवमेव ..... भवन्ति । એ રીતે તેવા પ્રકારના પુરુષો=ઘણા કર્મથી ભારે થયેલા પુરુષોનો સમુદાય, તેને જ લેશથી બતાવે છે –

વજ્જબહુલ=વજ્જની જેમ ગુરુ=બધ્યમાન કર્મથી ગુરુ, ધૂતબહુલ=પ્રાગ્બદ્ધ કર્મથી પ્રચુર, પંકબહુલ=પંક=પાપ તેનાથી બહુલ, વૈરબહુલ=વૈરાનુબંધથી પ્રચુર, અપત્તિયબહુલ=મનનું દુષ્પ્રણિધાન તેનાથી બહુલ, દંભ બહુલ=માયાથી બહુલ, નિકૃતિબહુલ, સાતિશય બહુલ ભેળસેળ કરવામાં બહુલ, અયસબહુલ, નિમગ્નતાપૂર્વક ત્રસજીવોના પ્રાણનો ઘાત કરનારા, સ્વઆયુષ્યના ક્ષયે કાળ કરીને ધરણિતલને ઓળંગીને નીચે નરકતલમાં પ્રતિષ્ઠાન થાય છે.

પૂર્વે અધર્મવાળા જીવો કેવા છે અને કેવા પાપો કરે છે અને તે પાપો કરીને નરકમાં જાય છે તે બતાવ્યું. હવે તે જીવો નરકમાં જાય છે, તે નરકો કેવી છે તે બતાવે છે –

ते णं णरगा ..... जोइसपहा, તે સીમંતકાદિ નરકો=નરકાવાસો, અંતમાં=મધ્યમાં વૃત્ત છે. બહાર ચાર ખૂણાવાળા છે, નીચે ક્ષુરપ્ર આકારવાળા છે. હંમેશા ગાઢ અંધકારવાળા ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, જ્યોતિષના પથથી=માર્ગથી રહિત છે.

વળી તે નરકાવાસોનું સ્થાન અનિષ્ટ છે તે બતાવવા માટે કહે છે –

मेयवसा ..... विहरंति । મેદ, વસા=ચરબી, માંસ, રુધિર=લોહી, પૂય=પરુ વગેરેના સમુદાયથી કિચડથી લિપ્ત અનુલેપન તલવાળા, અશુચિવાળા આથી કરીને વિશ્ર=ખરાબ પદાર્થોથી લેપાયેલા છે. એ રીતે પરમ દુર્ગંધવાળા કૃષ્ણ, અગ્નિના વર્ણ જેવા, કર્કશ સ્પર્શવાળા, દુઃખે કરીને સહન થઈ શકે તેવા છે. જેથી તે અશુભ નરકાવાસો છે. તે નરકાવાસોમાં અશુભ વેદના છે. નરકમાં નારકીઓ નિદ્રા પામતા જ નથી, બેઠેલા પણ પ્રચલા પામતા નથી. શ્રુતિને કે રતિને કે ધૃતિને કે મતિને પામતા નથી. તે નારકો ત્યાં=નરકાવાસમાં, ઉજ્જ્વલ, વિપુલ, પ્રગાઢ, કટુક, કર્કશ, ચંડ એવું દુઃખ, દુર્ગ, તીવ્ર, દુઃખેથી સહન થઈ શકે તેવું વેદન પ્રત્યક્ષ અનુભવતા નારકો વિહરે છે.

અયોગોલક અને શૈલગોલકના દૃષ્ટાંતથી ભારેકર્મી જીવો નરકમાં પડે છે તે બતાવ્યું. હવે પર્વતના અગ્રભાગમાં રહેલા મૂળથી છેદાયેલા વૃક્ષના દૃષ્ટાંતથી તેવા પાપી જીવો નરકમાં પડે છે તે બતાવે છે –

से जहाणामए ..... एवमाहिए । તે આ પ્રમાણે સંભાવના કરાય છે કે કોઈ વૃક્ષ પર્વતના અગ્રભાગમાં ઉત્પન્ન થયેલું હોય, મૂળથી છેદાયેલું હોય, અગ્ર ભાગમાં ભારે હોય, જે કારણથી જીર્ણ, નિમ્ન છે, જે કારણથી વિષમ છે, જે કારણથી દુર્ગ છે તે કારણથી પડે છે.

એ પ્રમાણે જ તેવા પ્રકારનો પુરુષસમુદાય ગર્ભથી ગર્ભમાં, જન્મથી જન્મમાં, વધના સ્થાનથી વધના સ્થાનમાં, નરકથી=નરકાવાસથી બીજા નરકમાં=બીજા નરકાવાસમાં, દુઃખથી દુઃખમાં, દક્ષિણગામી કૃષ્ણપાક્ષિક નરકમાં ભવિષ્યમાં દુર્લભબોધિ થાય છે. આ સ્થાન અનાર્ય, અકેવલ યાવત્ અસર્વદુઃખપ્રક્ષીણ માર્ગ છે. એકાંત મિથ્યા, અસાધુ છે. આ પ્રમાણે પ્રથમ સ્થાન અધર્મપક્ષનો વિભાગ=સ્વરૂપ કહ્યો.

**ભાવાર્થ :-**

પૂર્વે અધર્મપક્ષ, ધર્મપક્ષ અને મિશ્રપક્ષનું વર્ણન કર્યું. હવે તે ત્રણે પક્ષના જીવોને આશ્રયીને વિશેષ રીતે બતાવે છે –

તેમાં પ્રથમ અધર્મપક્ષવાળા જીવો કેવા હોય છે, તેનું સ્વરૂપ બતાવેલું છે, અને અધર્મપક્ષવાળા જીવો કેવા આરંભ-સમારંભ કરે છે તે બતાવેલ છે. વળી તેઓ અઢારે પાપસ્થાનકથી યાવજ્જીવ અવિરત છે અથવા તો અનેક પ્રકારના આરંભ-સમારંભથી યાવજ્જીવ અવિરત છે, તે સર્વને ગ્રહણ કરેલ છે, ત્યારબાદ તેઓ વિષયોમાં કેવા ગૃદ્ધિવાળા હોય છે ઇત્યાદિ બતાવીને અહીં મનુષ્યભવમાં થોડો કાળ કે ઘણો કાળ ભોગોને ભોગવીને, ઘણાં પાપોને એકઠાં કરીને નરકમાં પડે છે. તેમ બતાવેલ છે, તથા લોખંડનો ગોળો કે પથ્થરનો ગોળો પાણીમાં ફેંકવામાં આવે તો પાણીમાં તળિયે જાય છે, તેમ પૃથ્વીના તળિયામાં રહેલ નરકાવાસમાં આવા જીવો પડે છે તેમ બતાવી તે નરકાવાસ કેવા છે તેનું કાંઈક સ્વરૂપ બતાવ્યું છે; જેથી યોગ્ય જીવોને ભવથી ઉદ્વેગ ઉત્પન્ન થાય અને પાપની મનોવૃત્તિ નાશ પામે. વળી આવા જીવો નરકાવાસમાં જઈને ફરી મનુષ્ય થઈને કેવી રીતે સંસારમાં પરિભ્રમણ કરે છે તે બતાવીને આ પ્રથમ સ્થાન એકાંતે અસાધુ છે ઇત્યાદિ બતાવેલ છે.

**ટીકા :-**

अहावरे दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभङ्गे एवमाहिज्जई इह खलु पाईणं वा ४ संतेगइआ मणुस्सा भवन्ति, तं०-अणारंभा, अप्परिग्गहा, धम्मिया, धम्माणुगा, धम्मिठ्ठा, जाव धम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति । सुसीला, सुव्वया, सप्पडिआणंदा, सुसाहू सव्वाओ पाणाइवायाओ पडिविरया जावज्जीवाए; जाव जे आवन्ने तहप्पगारा सावज्जा, अबोहिआ, कम्मंता परपाणपरियावणकरा कज्जंति, तओवि पडिविरया जावज्जीवाए। से जहाणामए अणगारा भगवंतो ईरियासमिआ, भासासमिया, अणगारवण्णओ, जाव. सव्वगायपडिकम्मविप्पमुक्का चिट्ठंति, ते णं एएणं विहारेणं विहरमाणा बहुइं वासाइं सामण्णपरिआगं पाउणंति २ बहू २ आबाहंसि उप्पण्णंसि वा अणुप्पण्णंसि वा बहूइं भत्ताइं पच्चक्खंति २ बहूइं भत्ताइं अणसणाए छेदेंति २ त्ता जस्सट्ठाए कीरई णग्गभावे, मुंडभावे, अन्हाणभावे, अदंतवणगे, अछत्तए, अणोवाहणए, भूमिसेज्जा, फलगसेज्जा, कट्ठसेज्जा,

केसलोए बंभचेरवासे, परघरप्पवेसे लद्धावलद्धे, माणावमाणाओ, हीलणाओ, णिंदणाओ खिंसणाओ, गरहणाओ, तज्जणाओ तालणाओ, उच्चावया गामकंटया, बावीसं परिसहोवसग्गा अहिआसिज्जंति, तमट्ठमाराहंति, तमट्ठमाराहेत्ता चरमेहिं उस्सासणीस्सासेहिं अणंतं, अणुत्तरं, निव्वाघायं, णिरावरणं, कसिणं पडिपुन्नं केवलवरनाणदंसणं समुप्पाडेंति २, तओ पच्छा सिज्जंति, बुज्झंति, मुच्चंति, परिणिव्वायंति, सव्वदुक्खाणमंतं करेंति एगच्चाए पुण एगे भयंतारो भवन्ति । अवरे पुव्वकम्मावसेसे णं कालमासे कालं किच्चा अण्णतरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवन्ति (तं० जाव)

ते णं तत्थ देवा भवंति महड्ढिआ, महज्जुइआ जाव महासुक्खा हारविराइअवच्छा, कडगतुडिअथंभिअभुजा, अंगयकुंडलमट्ठगंडयलकण्णपीठधारी, विचित्तहत्थाभरणा, विचित्तमालामउलिमउडा, कल्लाणगंधपवरवत्थपरिहिया, कल्लाणगपवरमल्लाणुलेवणधरा, भासुरबोंदी, पलंबवणमालधरा, दिव्वेणं रूवेणं, दिव्वेणं वन्नेणं, दिव्वेणं गंधेणं, दिव्वेणं फासेणं, दिव्वेणं संघाएणं, दिव्वेणं संठाणेणं दिव्वाए इड्ढीए, दिव्वाए जुईए, दिव्वाए पभाए, दिव्वाए छायाए, दिव्वाए अच्चाए दिव्वेणं तेएणं दिव्वाए लेस्साए, दस दिसाओ उज्जोवेमाणा पभासेमाणा, गतिकल्लाणा, ठितिकल्लाणा, आगमेसिभद्दयावि भवन्ति । एस ठाणे आयरिए, जाव सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे, सुसाहु, दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभङ्गे एवमाहिए ।

**ટીકાર્થ :-**

अहावरे दोच्चस्स ..... विभङ्गे एवमाहिए । હવે બીજા ધર્મપક્ષના સ્થાનના વિભંગને=વિભાગને, આ પ્રમાણે કહે છે. અહીં=સંસારમાં, પૂર્વ દિશામાં, પશ્ચિમ દિશામાં, ઉત્તર દિશામાં અને દક્ષિણ દિશામાં વિદ્યમાન કેટલાક મનુષ્યો હોય છે. તે આ પ્રમાણે –

અનારંભવાળા, અપરિગ્રહવાળા, ધાર્મિકો, ધર્મને અનુસરનારા, ધર્મિષ્ઠો, યાવત્ ધર્મ વડે જ વૃત્તિને=આજીવિકાને, કરતા વિહરે છે.

સુશીલવાળા, સુવ્રતવાળા, સુપ્રત્યાનંદવાળા=સારા આનંદવાળા, સુસાધુઓ સર્વથા પ્રાણાતિપાતથી જાવજ્જીવ પ્રતિવિરત છે, યાવત્ જે અન્ય તેવા પ્રકારના સાવદ્યવાળા, અબોધિવાળા, કર્મવાળા, પરપ્રાણના પરિતાપને કરનારા કાર્યો કરે છે, તેનાથી પણ યાવજ્જીવ પ્રતિવિરત છે. તે આ પ્રમાણે - અણગાર ભગવંતો ઈરિયાસમિતિવાળા, ભાષાસમિતિવાળા અણગાર વર્ણવાળા યાવત્ સર્વ ગાત્રના=સર્વ શરીરના, પ્રતિકર્મથી વિપ્રમુક્ત રહે છે. તેઓ આ વિહાર વડે વિહરતા બહુવર્ષો શ્રમણપર્યાયને પાળે છે અને બહુબહુ વર્ષો શ્રમણપર્યાયને પાળીને આબાધારૂપ રોગ ઉત્પન્ન થયેલ છતે અથવા નહિ ઉત્પન્ન થયે છતે બહુ ભક્તનું પ્રત્યાખ્યાન કરે છે. બહુ ભક્તનું પ્રત્યાખ્યાન કરીને અનશનાદિ વડે બહુભક્તને છેદે છે, બહુભક્તને છેદીને જે પ્રયોજનથી નગ્નભાવને, મુંડભાવને, અસ્નાનભાવને, અદંત-અવર્ણભાવને, અછત્રભાવને=છત્ર ધારણ ન કરવું, અનુપાનહને=જોડા ન પહેરવા, ભૂમિશય્યા, ફળશય્યા, કષ્ટશય્યા, કેશલોચ, બ્રહ્મચર્યવાસને કરે છે, પરઘરમાં પ્રવેશ પામે કે ન પામે, માન મળે કે અપમાન મળે, હીલના, નિંદા, ખિંસણા, ગર્હા, તર્જના, તાડના, ઊંચા-નીચા ગ્રામ કંટકો, બાવીસ પરિષહો અને ઉપસર્ગોને સહન કરે છે, તે અર્થને આરાધે છે; અને તે અર્થને આરાધીને ચરમ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ વડે અનંત, અણુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ,

સંપૂર્ણ, પરિપૂર્ણ કેવલજ્ઞાન-દર્શનને પામે છે, અને કેવલજ્ઞાન-દર્શનને પામીને ત્યારપછી સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણ પામે છે, સર્વ દુઃખોનો અંત કરે છે, કેટલાક એક શરીર વડે અથવા એકભવથી સિદ્ધિગતિમાં જનારા થાય છે. વળી બીજા પૂર્વકર્મ બાકી હોતે છતે કાળમાસે=મૃત્યુકાળે, કાળ કરીને અન્યતર વૈમાનિક દેવલોકમાં દેવપણાથી ઉત્પન્ન થાય છે.

ત્યાં મહાઋદ્ધિવાળા, મહાદ્યુતિવાળા, મહાસુખવાળા, હારથી વિરાજિત વક્ષસ્થળવાળા, કટક અલંકારથી સ્થંભિત ભુજાવાળા, અંગદ=બાજુબંધ, કુંડલ, સ્વચ્છ ગંડયલ=કપોલતલ, કર્ણપીઠને ધારણ કરનારા વિવિધ પ્રકારના હાથના આભરણવાળા, વિવિધ પ્રકારના માલા, મુકુટોથી શોભતા, કલ્યાણકારી ગંધ, શ્રેષ્ઠ વસ્ત્ર ધારણ કરનારા, કલ્યાણકારી શ્રેષ્ઠ માળા, અનુલેપને ધારણ કરનારા, ભાસ્વર શરીરવાળા, લટકતી પુષ્પમાળાને ધારણ કરનારા, દિવ્યરૂપ વડે, દિવ્ય વર્ણ વડે, દિવ્ય ગંધ વડે, દિવ્ય સ્પર્શ વડે, દિવ્ય સંઘાત વડે, દિવ્ય સંસ્થાન વડે, દિવ્ય ઋદ્ધિ વડે, દિવ્ય ધુતિ વડે, દિવ્ય પ્રભા વડે, દિવ્ય છાયા વડે, દિવ્ય અર્ચા વડે=શરીર વડે, દિવ્ય તેજ વડે, દિવ્ય લેશ્યા વડે, દશે દિશાઓને ઉદ્યોત=પ્રકાશ કરનારા, પ્રભાસિત કરનારા, કલ્યાણ ગતિવાળા, કલ્યાણ સ્થિતિવાળા, ભવિષ્યમાં ભદ્ર=કલ્યાણ પામનારા થાય છે. આ સ્થાન આર્ય છે યાવત્ સર્વ દુઃખથી પ્રક્ષીણ માર્ગવાળું છે, એકાંતે સમ્યક્ છે, સુસાધુ છે. આ પ્રમાણે બીજા સ્થાનરૂપ ધર્મપક્ષનો વિભાગ બતાવ્યો.

**ભાવાર્થ :-**

ધર્મપક્ષને સેવનારા પુરુષો ચારે દિશાઓમાં હોય છે અને તેઓ અનારંભવાળા, અપરિગ્રહવાળા આદિ અનેક ગુણોથી યુક્ત હોય છે. વળી પ્રાણાતિપાતાદિથી યાવજ્જીવ વિરત થયેલા હોય છે, અને સંયમ લઈને સમિતિ-ગુપ્તિપૂર્વક સંયમયોગમાં યત્નવાળા હોય છે, અને જ્યારે અંત સમયનો કાળ આવે છે ત્યારે વિશેષ પ્રકારના છઠ્ઠના પારણે છઠ્ઠ, અઠ્ઠમના પારણે અઠ્ઠમ આદિ કરીને આત્માને તપથી ભાવિત કરે છે, અને પછી અનશન કરીને સર્વથા આહારનો છેદ=ત્યાગ, કરે છે. આવા સાધુ મહાત્માઓએ જે પ્રયોજન માટે નગ્નભાવ, મુંડભાવ, અસ્નાનભાવ આદિ સ્વીકારેલું છે, અને જેને માટે માન, અપમાન, હિલના, અનેક લોકોની ગર્હા, તર્જના આદિ સહન કરે છે, તે અર્થ અંત સમયે આરાધે છે અર્થાત્ આ સર્વ સહન કરવા પાછળનું તે મહાત્માઓનું પ્રયોજન અસંગભાવને પામવાનું હતું, તે અસંગભાવરૂપ અર્થની અંત સમયે આરાધના કરે છે; અને તે અર્થની આરાધના કરીને ચરમ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ દ્વારા અનંત, અણુત્તર, વ્યાઘાત વગરનું, નિરાવરણ, સંપૂર્ણ, કેવલજ્ઞાન-કેવલદર્શનને પ્રાપ્ત કરે છે; અને તે પ્રાપ્ત કરીને સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે; અને કેટલાક સાધુઓ તે ભવમાં કેવલજ્ઞાન ન પામે તો વિધિપૂર્વક અનશન કરીને અનુત્તરાદિ દેવલોકમાં જઈને એક ભવને અંતે સંસારનો અંત કરે છે. વળી બીજા સાધુઓ પૂર્વકર્મ બાકી હોતે છતે મૃત્યુકાળે કાળ કરીને અન્યતર દેવલોકમાં જાય છે. ત્યાં મહાઋદ્ધિવાળા દેવો થાય છે અને ત્યાં કેવા ઉત્તમ ભોગો આદિ ભોગવે છે, અને આગળમાં કલ્યાણને પામનારા થાય છે.

વળી, આ સ્થાન સુંદર છે અને સર્વ દુઃખના નાશને કરનાર માર્ગ છે, એકાંત સમ્યક્ છે અને આ સ્થાનને સેવનારા ચરમશરીરી એકાવતારી કે દેવલોકાદિમાં જઈને થોડા ભવોમાં મોક્ષમાં જનારા હોય છે.

**ટીકા :-**

अहावरे तच्चस्स ठाणस्स मीसगस्स विभङ्गे एवमाहिज्जइ-इह खलु पाइणं वा ४ संतेगइया मणुस्सा भवन्ति, तं जहा अप्पिच्छा, अप्पारंभा, अप्पपरिग्गहा, धम्मिया, धम्माणुआ जाव धम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति । सुसीला, सुव्वया, सुप्पडिआणंदा साहु एगच्चाओ पाणाइवायाओ पडिविरता जावज्जीवाए, एगच्चाओ अप्पडिविरया, जाव जेयावण्णे तहप्पगारा सावज्जा अबोहिया कम्मंता परपाणपरियावणकरा कज्जंति तओवि एगच्चाओ अप्पडिविरया (जावज्जीवाए एगच्चाओ पडिविरया।) से जहाणामए समणोवासगा भवन्ति, अभिगयजीवाजीवा उवलद्धपुण्णपावा समणोवासगवण्णओ, जाव अप्पाणं भावेमाणा विहरंति, ते णं एयारूवेणं विहारेणं विहारेमाणा बहुइं वासाइं समणोवासगपरिआयं पाउणेंति २ आबाहंसि उप्पण्णंसि वा अणुप्पण्णंसि वा बहुइं भत्ताइं पच्चक्खाएंति २ बहुइं भत्ताइं अणसणाए छेदेंति २ त्ता, आलोइयपडिक्कंता समाहिपत्ता कालमासे कालं किच्चा अण्णयरेसु देवलोगेसु देवत्ताए उववतारो भवन्ति तं० महड्ढिएसु, महज्जुइएसु जावमहासुक्खेसु। सेसं तहेव जाव एस ठाणे आरिए, जाव एगंतसम्मे, साहु, तच्चस्स ठाणस्स मीसगस्स विभङ्गे एवमाहिए **त्ति** ।

**ટીકાર્થ :-**

अहावरे तच्चस्स ..... एवमाहिए **त्ति** । હવે ત્રીજા સ્થાનરૂપ મિશ્રપક્ષનો વિભંગ=વિભાગ, આ પ્રમાણે કહેવાય છે. અહીં=સંસારમાં, પૂર્વ દિશામાં, પશ્ચિમ દિશામાં, ઉત્તર દિશામાં અને દક્ષિણ દિક્ષામાં વિદ્યમાન કેટલાક મનુષ્યો હોય છે. તે આ પ્રમાણે - અલ્પઇચ્છાવાળા, અલ્પઆરંભવાળા, અલ્પપરિગ્રહવાળા, ધાર્મિકો, ધર્મની અનુજ્ઞા કરનારા, યાવત્ ધર્મથી જ વૃત્તિને=આજીવિકાને, કરતા વિહરે છે. સુશીલવાળા, સુવ્રતવાળા, સુપ્રત્યાનંદવાળા=સારા આનંદવાળા, સાધુ, એક એવા સ્થૂલ પ્રાણાતિપાતથી જાવજ્જીવ પ્રતિવિરત, એક એવા સૂક્ષ્મ પ્રાણાતિપાતથી અપ્રતિવિરત, જે આ અને અન્ય તેવા પ્રકારના સાવદ્યવાળા, અબોધિવાળા, કર્મઅંતવાળા, પરપ્રાણના પરિતાપને કરનારા છે. તેનાથી પણ એક ભાગમાં=સૂક્ષ્મભાગમાં, અપ્રતિવિરત તે યથાનામવાળા શ્રમણોપાસક છે.

તે શ્રમણોપાસક કેવા હોય છે તે સ્પષ્ટ કરે છે –

જીવ-અજીવને જાણનારા, પુણ્ય-પાપના સ્વરૂપને જેમણે જાણ્યું છે એવા, શ્રમણોપાસક વર્ણવાળા યાવત્ આત્માને ભાવતા=સાધુધર્મથી ભાવતા, વિહરે છે. તેઓ આવા પ્રકારના વિહારથી=આચારથી, વિચરતા બહુ વર્ષો સુધી શ્રમણોપાસક પર્યાયને પાળે છે, શ્રમણોપાસક પર્યાયને પાળીને આબાધા ઉત્પન્ન થયે છતે કે ન થયે છતે બહુભક્તોનું=આહારનું, પચ્ચક્ખાણ કરે છે અને બહુભક્તનું પચ્ચક્ખાણ કરીને બહુ ભક્તોને અનશનથી છેદે છે= સર્વથા આહારનો ત્યાગ કરે છે. અનશનથી બહુભક્તનો=આહારનો, ત્યાગ કરીને આલોચિત અને પ્રતિક્રાંત થયેલા= થયેલા પાપોની આલોચના કરેલ અને પાપથી પાછા ફરેલ, સમાધિને પામેલા અનશન સ્વીકારે છે. કાળમાસે=મૃત્યુકાળે, કાળ કરીને અન્યતર દેવલોકમાં દેવપણા વડે ઉત્પન્ન થનારા થાય છે. તે આ પ્રમાણે - મહાઋદ્ધિવાળા, મહાદ્યુતિવાળા યાવત્ મહાસુખવાળા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. શેષ તે પ્રકારે જ યાવત્ આ સ્થાન આર્ય છે, યાવત્ એકાંતે સમ્યક્ છે, સાધુ છે. ત્રીજા સ્થાન મિશ્રનો વિભંગ=વિભાગ, આ પ્રમાણે બતાવ્યો છે.

**त्ति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.**

**ભાવાર્થ :-**

ચારે દિશાઓમાં કેટલાક શ્રાવકો રહેલા છે. તેઓ સંપૂર્ણ સંગ વગરની સંયમની અવસ્થાના અર્થી છે, તોપણ સર્વસંગનો ત્યાગ કરીને સંપૂર્ણ નિરવદ્ય જીવન જીવવાની શક્તિવાળા નથી; છતાં આરંભાદિની પ્રવૃત્તિનો સંકોચ કરીને સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય કરનારા છે. કદાચ આ ભવમાં શક્તિનો પ્રકર્ષ ન થાય તો સર્વવિરતિ ગ્રહણ ન કરી શકે, છતાં તત્ત્વના જાણનારા હોવાને કારણે અને પુણ્ય-પાપનાં રહસ્યોને જાણનારા હોવાને કારણે હંમેશાં સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય કરવા અર્થે આત્માને ભાવિત કરતા હોય છે; અને અંત સમયે છઠ્ઠાદિના પારણે છઠ્ઠાદિ કરીને અંતે અનશન સ્વીકારે છે, કરેલાં સર્વ પાપોની શુદ્ધિ કરે છે અને ચિત્તને તત્ત્વમાં સ્થાપન કરીને સમાધિભાવને પામેલા હોય છે. તેવા શ્રાવકો કાળ કરીને બાર દેવલોકમાંથી અન્યતર દેવલોકમાં ઉત્પન્ન થાય છે અને આ સ્થાન કલ્યાણની પરંપરાનું કારણ છે, માટે એકાંતે સમ્યગ્ છે.

**ટીકા :-**

**अदः स्थानत्रयमुपसंहारद्वारेण संक्षेपतो बिभणिषुराह –** "अविरइं पडुच्च बाले आहिज्जइ, विरइं पडुच्च पंडिए आहिज्जइ विरताविरतिं पडुच्च बालपंडिए आहिज्जइ, तत्थ णं जा सा सव्वतो अविरती एस ठाणे आरंभट्ठाणे अणारिए जाव असव्वदुक्खप्पहीणमग्गे एगंतमिच्छे, असाहू, तत्थ णं जा सा सव्वतो विरई एस ठाणे अणारंभट्ठाणे आरिए जाव सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे साहू, तत्थ णं जा सा सव्वतो विरताविरती एस ठाणे आरंभणारंभट्ठाणे एस ठाणे आरिए जाव सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे साहू । एवमेव समणुगम्ममाणा इमेहिं चेव दोहिं ठाणेहिं समोअरंति, तं० धम्मे चेव अधम्मे चेव उवसंते चेव अणुवसंते चेव" ।

**ટીકાર્થ :-**

**अदः ..... आह - આ ત્રણ સ્થાનના ઉપસંહાર દ્વારા સંક્ષેપથી કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે –**

"अविरइं ..... अणुवसंते चेव" ।

(૧) અવિરતિને આશ્રયીને બાળ કહેવાય છે=અધર્મનું સ્થાન બાળ કહેવાય છે.

(૨) વિરતિને આશ્રયીને પંડિત કહેવાય છે=ધર્મનું સ્થાન પંડિત કહેવાય છે.

(૩) વિરતાવિરતિને આશ્રયીને=ધર્માધર્મ મિશ્રસ્થાનને આશ્રયીને, બાળપંડિત કહેવાય છે=ધર્માધર્મનું સ્થાન બાળપંડિત કહેવાય છે.

(૧) ત્યાં જે તે સર્વથી અવિરતિ છે એ સ્થાન આરંભનું સ્થાન, અનાર્ય યાવત્ અસર્વદુઃખ પ્રક્ષીણ માર્ગ છે=સર્વ દુઃખના નાશનો અમાર્ગ છે, એકાંત મિથ્યા છે, અસાધુ છે.

(૨) ત્યાં જે તે સર્વથી વિરતિ છે એ સ્થાન અનારંભનું સ્થાન, આર્ય યાવત્ સર્વ દુઃખ પ્રક્ષીણ માર્ગ છે=સર્વ દુઃખના નાશનો માર્ગ છે, એકાંત સમ્યક્ છે, સાધુ છે.

(૩) ત્યાં જે તે સર્વથી વિરતાવિરતિ છે એ સ્થાન આરંભ-અનારંભ સ્થાન, આર્ય યાવત્ સર્વ દુઃખ પ્રક્ષીણ માર્ગ છે=સર્વ દુઃખના નાશનો માર્ગ છે, એકાંત સમ્યક્ છે, સાધુ છે.

આ પ્રમાણે જ=ઉપરમાં કહ્યું એ પ્રમાણે જ, સમ્યગ્ અનુગમ્યમાન=સમ્યગ્ વ્યાખ્યાયમાન=સમ્યગ્ કહેવાતા ધર્મ, અધર્મ અને મિશ્રસ્થાન : આ બેમાં જ=ધર્મમાં અને અધર્મમાં જ સમવતાર પામે છે. તે આ પ્રમાણે - ધર્મમાં જ, અધર્મમાં જ, ઉપશાંતમાં જ, અનુપશાંતમાં જ=ધર્મપક્ષ અને મિશ્રપક્ષ ધર્મમાં અને અધર્મપક્ષ અધર્મમાં સમવતાર પામે છે. જે ઉપશાંત સ્થાન છે તે ધર્મપક્ષસ્થાન છે અને જે અનુપશાંત સ્થાન છે, તે અધર્મપક્ષસ્થાન છે.

**ભાવાર્થ :-**

પૂર્વમાં ઠાણાંગસૂત્રના પાઠમાં અધર્મ, ધર્મ અને ધર્માધર્મરૂપ ત્રણ સ્થાનો બતાવ્યા. તે ત્રણે સ્થાનોનો ઉપસંહાર કરીને સંક્ષેપથી તે ત્રણે સ્થાનોનું સ્વરૂપ બતાવે છે –

(૧) જેમનામાં અવિરતિ છે તેઓ બાળ કહેવાય છે,

(૨) જેમનામાં વિરતિ છે તેઓ પંડિત કહેવાય છે, અને

(૩) જેમનામાં વિરતાવિરતિ છે તેઓ બાળપંડિત કહેવાય છે.

આ રીતે પૂર્વમાં વર્ણન કરાયેલા ત્રણે પક્ષોનું સંક્ષેપથી સ્વરૂપ બતાવ્યું. હવે તે ત્રણે પક્ષોમાં કયો પક્ષ સુંદર છે અને કયો પક્ષ અસુંદર છે, તે સ્પષ્ટ કરે છે –

તે ત્રણ પક્ષમાં –

(૧) જે સંપૂર્ણ અવિરતિવાળો પક્ષ છે તે એકાંતે મિથ્યા છે અને અસુંદર છે. તેથી એ પ્રાપ્ત થાય કે સંપૂર્ણ અધર્મપક્ષ એકાંતે અસુંદર છે.

(૨) જે સંપૂર્ણ વિરતિવાળો પક્ષ છે તે સર્વ દુઃખના નાશનો માર્ગ છે અને એકાંતે સુંદર છે. તેથી એ પ્રાપ્ત થાય કે ધર્મપક્ષ મોક્ષનું કારણ છે, એકાંતે સમ્યક્ છે અને સુંદર છે.

(૩) જે વિરતાવિરતિવાળો પક્ષ છે તે પણ સર્વદુઃખના નાશનો માર્ગ છે અને એકાંતે સુંદર છે. તેથી એ પ્રાપ્ત થાય કે ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ પણ મોક્ષનું કારણ છે, એકાંતે સમ્યક્ છે અને સુંદર છે.

આ પ્રમાણે કથન કરવાથી શું ફલિત થાય છે તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

આ રીતે સમ્યગ્ વિચારીએ તો ધર્મપક્ષ અને અધર્મપક્ષરૂપ બે સ્થાનોમાં ત્રણે સ્થાનો અંતર્ભાવ પામે છે. તે આ પ્રમાણે –

ધર્મમાં-ઉપશાંતમાં, અધર્મમાં-અનુપશાંતમાં ત્રણે સ્થાનોનો અંતર્ભાવ થાય છે. આ ત્રણ સ્થાનોમાંથી (૧) અધર્મસ્થાનનો અધર્મમાં-અનુપશાંતમાં અંતર્ભાવ થાય છે અર્થાત્ અધર્મપક્ષમાં મોહનો અનુપશાંતભાવ છે. (૨-૩) ધર્મસ્થાનનો અને ધર્માધર્મરૂપ મિશ્રસ્થાનનો ધર્મપક્ષમાં અંતર્ભાવ થાય છે અર્થાત્ ધર્મપક્ષમાં અને મિશ્રપક્ષમાં મોહનો ઉપશાંતભાવ છે; કેમ કે ધર્મપક્ષ અને ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ સર્વદુઃખના નાશનો માર્ગ હોવાથી અને એકાંતે સમ્યગ્ હોવાથી ધર્મપક્ષમાં અંતર્ભાવ પામે છે. આ બંને પક્ષમાં મોક્ષને અનુકૂળ એવો ધર્મ વર્તે છે અને મોહનો કાંઈક ઉપશાંતભાવ વર્તે છે. માટે આ બંને પક્ષનો ધર્મમાં જ અંતર્ભાવ છે.

**ટીકા :-**

**अत्र हि मिश्रपक्षो मिथ्यादृशाम् अधर्मपक्ष इव सम्यग्दृशां श्राद्धानामपि स धर्मपक्ष एवेति व्यक्त्या फलतः प्रतीयते, साधुश्राद्धमार्गयोः सर्वदुःखप्रक्षीणमार्गत्वात्, यथा च मिथ्यादृष्टेर्द्रव्यतो विरतिरपि सम्यक्त्वाभावादविरतिरेव बालशब्दव्यपदेशनिबन्धनं स्यात्तथा सम्यग्दृष्टेर्धर्मकर्मणि द्रव्यतोऽविरतिरपि विरतिकार्यांशिकपाण्डित्यव्यपदेशप्रतिबन्धिका न स्यात्, द्रव्यतयैव निष्फलत्वादिति सूक्ष्ममीक्षणीयम्, अविरतिविषयाणामष्टादशानामपि स्थानानामेकतरांशस्य सत्वेऽपि तत्प्रतिपक्षस्य धर्मांशस्योत्कटत्वे धर्मपक्ष एव विजयतेऽन्यथाऽविरतसम्यग्दृष्टिः कस्यापि पक्षस्य स्थानी न स्यात् ततश्च यन्निष्कृष्योक्तम्-**"तत्थ णं जे से पढमस्स ठाणस्स अहम्मपक्खस्स विभंगे एवमाहिज्जइ-तत्थ णं इमाइं तिन्नि तेवट्ठाइं पावादुअसयाइं भवंति त्ति मक्खायं तं० किरियावाईणं अकिरियावाईणं अण्णाणियवाईणं वेणइअवाईणं"**त्ति तद्विमर्शे परस्य गगनमालोकनीयं स्यादत्र हि कुतीर्थिकदृष्ट्यनुगत आचारोऽधर्मः स्वसमयानुगतश्च धर्मः प्रतीयते इति ।।९१।।**

**ટીકાર્થ :-**

अत्र ..... ईक्षणीयम्, **અહીં=સ્થાનાંગ સૂત્રનો સાક્ષીપાઠ આપ્યો એમાં, મિથ્યાદષ્ટિનો મિશ્રપક્ષ અધર્મપક્ષ છે, તેની જેમ સમ્યગ્દષ્ટિ શ્રાવકોનો પણ તે=મિશ્રપક્ષ, ધર્મપક્ષ જ છે, એ પ્રકારે વ્યક્તિથી=અભિવ્યક્તિથી, ફળથી પ્રતીત થાય છે; કેમ કે સાધુ અને શ્રાવકના માર્ગનું સર્વદુઃખપ્રક્ષીણ માર્ગપણું છે; અને જે પ્રમાણે મિથ્યાદષ્ટિની દ્રવ્યથી વિરતિ પણ સમ્યક્ત્વનો અભાવ હોવાને કારણે બાળશબ્દ વ્યપદેશનું=બાળશબ્દ તરીકે કથનનું, કારણ એવી અવિરતિ જ છે, તે પ્રમાણે સમ્યગ્દષ્ટિની ધર્મકાર્યમાં દ્રવ્યથી અવિરતિ પણ વિરતિના કાર્યરૂપ આંશિક પાંડિત્યના વ્યપદેશની=કથનની, પ્રતિબંધિકા ન થાય; કેમ કે દ્રવ્યપણું હોવાને કારણે જ નિષ્ફળપણું છે=ધર્મકાર્યમાં વર્તતી દ્રવ્યથી અવિરતિનું નિષ્ફળપણું છે, એ પ્રમાણે સૂક્ષ્મ જોવું.**

સમ્યગ્દષ્ટિની ધર્મકાર્યમાં દ્રવ્યથી વર્તતી અવિરતિ નિષ્ફળ કેમ છે ? તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ બતાવે છે -

अविरति ..... न स्यात्, **અવિરતિના વિષયભૂત અઢારે પણ સ્થાનોના એકતર અંશનું સત્ત્વ હોવા છતાં પણ તેના પ્રતિપક્ષ=અવિરતિના પ્રતિપક્ષ, ધર્માંશનું ઉત્કટપણું હોવાને કારણે ધર્મપક્ષ જ વિજય પામે છે; અને એવું ન માનો તો=અઢારપાપસ્થાનકમાંથી કોઈપણ સ્થાન હોવા છતાં ધર્માંશનું ઉત્કટપણું હોવાને કારણે ધર્મપક્ષમાં અંતર્ભાવ પામે છે એવું ન માનો તો, અવિરત સમ્યગ્દષ્ટિ કોઈપણ પક્ષનો સ્થાની નહિ થાય.**

ततश्च ..... उक्तम् - **અને તેથી=પૂર્વમાં કહ્યું કે મિથ્યાદષ્ટિની દ્રવ્યથી વિરતિ પણ અવિરતિ જ છે અને સમ્યગ્દષ્ટિની ધર્મકાર્યમાં દ્રવ્યથી અવિરતિ પણ આંશિક પાંડિત્યના વ્યપદેશમાં પ્રતિબંધક નથી તેથી, નિષ્કર્ષ કરીને જે કહેવાયું છે –**

"तत्थ ..... वेणइअवाईणं"**त्ति** ત્યાં જે પ્રથમ અધર્મપક્ષસ્થાનનો વિભંગ=વિભાગ, આ પ્રમાણે કહેવાય છે - ત્યાં આ ૩૬૩ પાખંડીઓ થાય છે, એ પ્રમાણે કહેવાયું છે. તે આ પ્રમાણે - ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વૈનયિકવાદી.

**'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.**

**तद्विमर्शे ..... प्रतीयते इति ।। તેના વિમર્શમાં=જેનો નિષ્કર્ષ કરીને સ્થાનાંગસૂત્રમાં કહેવાયું તેના વિમર્શમાં, પરને=પાર્શ્વચંદ્રને, ગગન આલોકનીય=જોવા યોગ્ય થાય અર્થાત્ દ્રવ્યસ્તવને ધર્માધર્મરૂપ મિશ્ર કહીને અંશથી પાપરૂપ અને અંશથી અપાપરૂપ કહેનાર એવા પાર્શ્વચંદ્રને મૌન રહેવા યોગ્ય થાય. જે કારણથી અહીં=સ્થાનાંગસૂત્રના પાઠમાં, કુતીર્થિકની દૃષ્ટિથી અનુગત એવો આચાર અધર્મ અને સ્વસમય=સ્વસિદ્ધાંત અનુગત એવો આચાર ધર્મ પ્રતીત થાય છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.**

**ભાવાર્થ :-**

ત્રણ સ્થાનના ઉપસંહાર દ્વારા સંક્ષેપથી ઠાણાંગનો પાઠ બતાવ્યો. તે કથનમાં શું વ્યક્ત થાય છે, તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

સ્થાનાંગસૂત્રના પાઠના ઉપસંહાર વચનમાં દ્રવ્યથી વિરતિ પાળનારા મિથ્યાદૃષ્ટિનો ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ અધર્મપક્ષમાં જ અંતર્ભાવ પામે છે, તેની જેમ સમ્યગ્દૃષ્ટિ એવા દેશવિરતિ શ્રાવકોનો પણ વિરતાવિરતરૂપ મિશ્રપક્ષ ધર્મપક્ષમાં જ અંતર્ભાવ પામે છે, એ પ્રમાણે સ્થાનાંગસૂત્રના ઉદ્ધરણમાં અભિવ્યક્તિ થતી હોવાને કારણે ફળથી પ્રતીત થાય છે; કેમ કે સાધુ અને શ્રાવક બંનેના માર્ગને સર્વદુઃખના નાશનો માર્ગ કહેલ છે, અને જે સર્વદુઃખના નાશનું કારણ હોય તે ધર્મમાર્ગ જ કહેવાય છે.

વળી અવિરત સમ્યગ્દૃષ્ટિનો પણ અંતર્ભાવ ધર્મપક્ષમાં થાય છે તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

જેમ કોઈ મિથ્યાદૃષ્ટિ જીવની દ્રવ્યથી વિરતિ હોય તે પણ સમ્યક્ત્વના અભાવને કારણે પરમાર્થથી અવિરતિ છે, માટે મિથ્યાદૃષ્ટિ જીવો વિરતિ પાળતા હોય તોપણ તેઓ બાળ શબ્દથી વાચ્ય બને છે; તે પ્રમાણે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો ભગવાનની ભક્તિ આદિ ધર્મકાર્યો કરે છે, તેમાં દ્રવ્યથી અવિરતિ વર્તે છે, તે પણ વિરતિના કાર્યરૂપ આંશિક પાંડિત્યના વ્યપદેશનું કારણ છે; કેમ કે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોની ધર્મકાર્યમાં વર્તતી અવિરતિ દ્રવ્યથી અવિરતિ છે, ભાવથી તો ભગવાનની ભક્તિ આદિ ધર્મકાર્યની પ્રવૃત્તિ વિરતિનું કારણ છે. માટે સમ્યગ્દૃષ્ટિ જીવોની ધર્મકૃત્ય વિષયક અવિરતિને પણ વિરતિરૂપે ગ્રહણ કરીને ધર્મપક્ષમાં અંતર્ભાવ કરવો પડે, એ વસ્તુ સૂક્ષ્મ દૃષ્ટિથી જોવી જોઈએ.

અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોની ધર્મકાર્યમાં વર્તતી અવિરતિ દ્રવ્યથી અવિરતિ છે, ભાવથી તો વિરતિનું કારણ છે, એ કથનમાં ગ્રંથકારશ્રી યુક્તિ બતાવે છે –

અવિરત સમ્યગ્દષ્ટિ જીવો અવિરતિના વિષયવાળાં અઢાર પાપસ્થાનકોમાંથી કોઈપણ પાપસ્થાનકવાળા હોય તોપણ તે પાપસ્થાનોના પ્રતિપક્ષભૂત ભગવદ્ભક્તિ આદિરૂપ ધર્માંશ તેમનામાં ઉત્કટ છે. તેથી તેમનામાં વિરતિનો સર્વથા અભાવ હોવા છતાં ભગવદ્ભક્તિકાલીન વર્તતો ઉત્કટ ધર્માંશ અનુત્કટ એવા અધર્મનો નાશ કરીને અવશ્ય મોક્ષનું કારણ બનશે. માટે અવિરત સમ્યગ્દષ્ટિમાં વર્તતો અધર્માંશ વિજય પામતો નથી, પરંતુ ધર્માંશ જ વિજય પામે છે; અને એવું ન સ્વીકારવામાં આવે તો અવિરત સમ્યગ્દષ્ટિનો ત્રણે સ્થાનોમાંથી ક્યાંય અંતર્ભાવ કરી શકાશે નહિ; કેમ કે –

સર્વવિરતિ નથી, માટે ધર્મરૂપ બીજા સ્થાનમાં અંતર્ભાવ નહિ થાય. દેશવિરતિ નથી, માટે ધર્માધર્મરૂપ ત્રીજા સ્થાનમાં અંતર્ભાવ નહિ થાય; અને એકાંત મિથ્યા નથી, કેમ કે ભગવાનની ભક્તિ આદિ કૃત્યો અવશ્ય મોક્ષનાં કારણ છે, માટે અધર્મરૂપ પહેલા પક્ષમાં પણ અંતર્ભાવ નહિ થાય. અને ત્રણે પક્ષમાં સર્વ જીવોનો અંતર્ભાવ કરવો ઉચિત છે, અને જ્યારે તે ત્રણે પક્ષોનો બે પક્ષમાં સમાવેશ કરવામાં આવે ત્યારે અવિરત સમ્યગ્દષ્ટિ અને દેશવિરતિધર પણ ધર્મપક્ષમાં અંતર્ભાવ પામશે, અને મિથ્યાદષ્ટિ જીવોનો દ્રવ્યથી વિરતિવાળો પક્ષ પણ અધર્મપક્ષમાં અંતર્ભાવ પામશે. સ્વકથનની પુષ્ટિ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

પોતે વર્ણન કર્યું એ પ્રકારે પદાર્થ છે, આથી સ્થાનાંગમાં સર્વકથનનો નિષ્કર્ષ કરીને કહેવાયું. સ્થાનાંગસૂત્રમાં કહ્યું કે પ્રથમ સ્થાન અધર્મપક્ષના વિભાગને અમે કહીએ છીએ, અને અધર્મરૂપ પ્રથમ સ્થાનમાં ૩૬૩ પાખંડીઓનો અંતર્ભાવ કર્યો, અને તે ૩૬૩ પાખંડીઓમાં ક્રિયાવાદી પણ આવે છે, અને ક્રિયાવાદી દ્રવ્યથી વિરતિ લઈને પોતાની માન્યતા પ્રમાણે અહિંસાદિની પ્રવૃત્તિ કરે છે, તોપણ તેમનામાં મિથ્યાત્વ હોવાને કારણે તે પક્ષનો અધર્મપક્ષમાં અંતર્ભાવ કરેલ છે. તેથી બાહ્યથી વિરતિનું પાલન પણ મિથ્યાત્વ સહવર્તી હોય તો અધર્મપક્ષમાં અંતર્ભાવ પામે છે.

આનાથી અર્થથી એ ફલિત થાય છે કે સમ્યગ્દષ્ટિમાં અવિરતિ હોવા છતાં પણ તેઓ ધર્મનાં કૃત્યો કરતા હોય ત્યારે તેઓની અવિરતિ સંસારનું કારણ નથી, પરંતુ મોક્ષનું કારણ છે. માટે અવિરત સમ્યગ્દષ્ટિ અને દેશવિરતિ બંનેનો અંતર્ભાવ ધર્મપક્ષમાં જ થઈ શકે છે. આ પ્રકારના ઠાણાંગસૂત્રનો વિમર્શ કરવામાં આવે તો પર એવા પાર્શ્વચંદ્રને તેનો ઉત્તર આપવો અશક્ય દેખાય. તેથી આકાશને જોવા સિવાય તેનું સમાધાન કરવા માટે તેની પાસે કોઈ માર્ગ નથી; કેમ કે ઠાણાંગ સૂત્રના આ કથનમાં કુતીર્થિકની દૃષ્ટિથી અનુગત ધર્મનો આચાર પણ અધર્મ છે, અને જૈનશાસ્ત્રના વચનથી અનુગત એવો આચાર ધર્મ છે, એમ પ્રતીત થાય છે. તેથી અવિરત સમ્યગ્દષ્ટિનો કે દેશવિરતિનો ભગવાનના વચનાનુસાર ધર્મનો આચાર ધર્મ છે, અને અન્ય દર્શનના મિથ્યાદષ્ટિઓનો અહિંસાનો આચાર પણ અધર્મ છે. માટે પાર્શ્વચંદ્ર કહે છે કે ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા છે માટે અધર્મ છે અને ભગવાનની ભક્તિ છે માટે ધર્મ છે, એ પ્રકારનું તેનું વચન મિથ્યા છે. **॥૯૧॥**

**અવતરણિકા :-**

**एतत्सर्वमभिप्रेत्य भक्तिरागप्रतिबन्द्या द्रव्यस्तवे धर्मपक्षं बलात् परमङ्गीकारयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આ સર્વનો=શ્લોક-૯૧માં જે કહ્યું એ સર્વનો, અભિપ્રાય કરીને ભક્તિરાગની પ્રતિબંદિથી=ભક્તિમાં વર્તતા પ્રશસ્ત રાગની પ્રતિબંદિથી, પર એવા પાર્શ્વચંદ્રને દ્રવ્યસ્તવમાં બળથી ધર્મપક્ષને અંગીકાર કરાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૯૧માં ધર્મ, અધર્મ અને ધર્માધર્મરૂપ ત્રણ પક્ષો બતાવીને સૂયગડાંગ સૂત્રના વચનથી અવિરત સમ્યગ્દૃષ્ટિનો અને દેશવિરતિનો ધર્મપક્ષમાં અંતર્ભાવ થાય છે, એમ જે સ્થાપન કર્યું; એ અભિપ્રાયને સામે રાખીને દ્રવ્યસ્તવનો ધર્મપક્ષમાં અંતર્ભાવ થઈ શકે, તેને યુક્તિથી બતાવવા અર્થે, ભગવાનની ભક્તિમાં વર્તતા પ્રશસ્ત રાગને સ્વીકારીને પૂર્વપક્ષી પાર્શ્વચંદ્ર જો મિશ્રપક્ષ સ્થાપન કરતો હોય, તો દ્રવ્યસ્તવમાં વર્તતી પુષ્પાદિ જીવોની હિંસાને પણ પ્રશસ્ત હિંસા સ્વીકારીને દ્રવ્યસ્તવમાં મિશ્રપક્ષનો ત્યાગ કરીને ધર્મપક્ષ જ સ્વીકારવો જોઈએ, તેમ બળાત્કારે પરને=પાર્શ્વચંદ્રને, સ્વીકાર કરાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

हिंसांशो यदि दोषकृत् तव जड! द्रव्यस्तवे केन तन्-
मिश्रत्वं यदि दर्शनेन किमु तद् भोगादिकालेऽपि न।
भक्त्या चेद् ननु सापि का यदि मतो रागो भवाङ्गं तदा,
हिंसायामपि शस्तता नु सदृशीत्यत्रोत्तरं मृग्यते ।।९२।।

**શ્લોકાર્થ :-**

**હે જડ ! તને જો દ્રવ્યસ્તવમાં હિંસાનો અંશ દોષ કરનાર=મિશ્રપણું કરનાર, છે, તો કોની સાથે તેનું મિશ્રપણું છે ? જો દર્શન સાથે છે, તો ભોગાદિકાળે પણ તે=મિશ્રપણું, કેમ નથી ? જો ભક્તિ સાથે છે ?=જો ભક્તિ સાથે હિંસાનું મિશ્રપણું છે ? તો તે પણ=ભક્તિ પણ, શું છે ? જો રાગ મનાઈ છે=ભક્તિ રાગ મનાઈ છે, તો ભવનું અંગ છે.**

અહીં પાર્શ્વચંદ્ર કહે કે ભક્તિકાલીન રાગ પ્રશસ્ત છે, માટે ભવાંગ નથી. તેથી ભક્તિની સાથે હિંસાનું મિશ્રપણું સ્વીકારીને દ્રવ્યસ્તવ મિશ્ર સ્વીકારી શકાશે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

**સદૃશ પ્રશસ્તતા હિંસામાં પણ છે, એ પ્રકારના અહીં=વિતર્કમાં, ઉત્તર પુછાય છે. ।।૯૨।।**

✪ શ્લોકમાં 'नु' શબ્દ વિતર્કમાં છે, અને अत्र થી વિતર્કનો પરામર્શ કરેલ છે.

ટીકા :-

'हिंसांश' इतिः-हे जड ! यदि द्रव्यस्तवे हिंसांशो दोषकृत्=मिश्रत्वकृत् तदा केन तन्मिश्रत्वं भवेत्? न तावद् देशसंयमेन, चतुर्थगुणस्थानेऽगतेः, यदि च दर्शनेन=सम्यक्त्वेन, तदा भोगादिकालेऽपि तत्=मिश्रत्वं किं न स्यात् ? चेत्=यदि भक्त्या मिश्रत्वं त्वयोच्यते, तर्हि सापि=भक्तिरपि च का ? यदि भक्ति रागो मतः, तदा भवाङ्गं, रागद्वेषयोरेव संसारमूलत्वात् तदा द्वाभ्यां संसारान्तर्गताभ्यामधर्मपक्ष एवोत्कटः स्याद् इति को मिश्रावकाशः ? प्रशस्तरागत्वाद् भक्तिर्न भवाङ्गमिति चेत् ? तर्हि द्रव्यस्तवानुगतहिंसायामपि शस्तता सदृशी, अत्र तव किमुत्तरमिति मृग्यते ? अत्र च सम्यगुत्तरं वर्षसहस्रेणापि न परेण दातुं शक्यमिति मोक्षार्थिभिरस्मदुक्त एव पन्थाः श्रद्धेयः ।

ટીકાર્થ :-

हे जड ! ..... अगतेः । હે જડ ! જો દ્રવ્યસ્તવમાં હિંસાઅંશ દોષ કરનાર=મિશ્રપણાને કરનાર, છે, તો કોની સાથે તેનું મિશ્રપણું થાય ?=હિંસાનું મિશ્રપણું કોની સાથે થાય ? (દેશસંયમ સાથે મિશ્રપણું થાય ?) દેશસંયમ સાથે=દેશવિરતિ સાથે (મિશ્રપણું) ન થઈ શકે; કેમ કે ચોથા ગુણસ્થાનકમાં અગતિ છે=દેશસંયમની અપ્રાપ્તિ છે.

यदि च ..... मिश्रावकाशः ? અને જો દર્શનની સાથે=સમ્યક્ત્વની સાથે, (મિશ્રપણું થાય), તો ભોગાદિકાળમાં પણ તે=મિશ્રપણું, કેમ ન થાય ?=ભોગાદિકાળમાં પણ સમ્યગ્દષ્ટિનું દર્શનની સાથે ભોગપ્રવૃત્તિનું મિશ્રપણું કેમ ન થાય ? જો ભક્તિની સાથે મિશ્રપણું તારા વડે કહેવાય છે, તો તે પણ=ભક્તિ પણ, શું છે ? જો ભક્તિ રાગ મનાય છે તો ભવનું અંગ થાય; કેમ કે રાગ અને દ્વેષનું સંસારમૂલપણું છે; ત્યારે સંસારઅંતર્ગત એવા બંને દ્વારા=સંસારના કારણીભૂત એવી ભગવાનની પૂજામાં વર્તતી રાગરૂપ ભક્તિ અને પુષ્પાદિ જીવોની હિંસા બંને દ્વારા, અધર્મપક્ષ જ ઉત્કટ થાય, એથી મિશ્રનો શું અવકાશ છે ? અર્થાત્ દ્રવ્યસ્તવમાં અધર્મપક્ષ જ પ્રાપ્ત થાય, મિશ્રપક્ષ પ્રાપ્ત થાય નહિ.

प्रशस्त ..... सदृशी, પ્રશસ્તરાગપણું હોવાને કારણે=પૂજામાં વર્તતી ભક્તિમાં પ્રશસ્તરાગપણું હોવાને કારણે, ભક્તિ ભવનું અંગ નથી=ભવનું કારણ નથી, એ પ્રમાણે પૂર્વપક્ષી-પાર્શ્વચંદ્ર જો કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે –

દ્રવ્યસ્તવ અનુગત હિંસામાં પણ=દ્રવ્યસ્તવમાં વર્તતી હિંસામાં પણ, સદૃશ=સરખી, પ્રશસ્તતા છે=ભગવાનની ભક્તિમાં રહેલા રાગ સદૃશ હિંસામાં પણ પ્રશસ્તતા છે.

अत्र ..... श्रद्धेयः । અહીં=આ પ્રકારના વિતર્કમાં, તારો શું ઉત્તર છે ? એ પ્રમાણે ગ્રંથકાર વડે પુછાય છે; અને અહીં=આ પ્રકારના પ્રતિબંદિ પ્રશ્નમાં=જો પૂર્વપક્ષી-પાર્શ્વચંદ્ર ભગવાનની ભક્તિમાં વર્તતા રાગને પ્રશસ્ત કહી શકે અને મિશ્રપક્ષ સ્થાપન કરી શકે, તો તે નિયમ પ્રમાણે ભગવાનની ભક્તિમાં વર્તતી હિંસાને પણ પ્રશસ્ત સ્વીકારવાની આપત્તિ આવે, એ રૂપ પ્રતિબંદિ પ્રશ્નમાં, હજારો

**વર્ષોથી પણ પર વડે=પાર્શ્વચંદ્ર વડે, સમ્યગ્ ઉત્તર આપવો શક્ય નથી. એથી મોક્ષાર્થી વડે અમારાથી કહેવાયેલો જ પંથ શ્રદ્ધેય છે=ભગવાનની પૂજામાં મિશ્રપક્ષ નથી, પરંતુ એકાંત ધર્મ છે, એ રૂપ અમારા વડે કહેવાયેલો જ માર્ગ શ્રદ્ધા કરવા યોગ્ય છે.**

**ભાવાર્થ :-**

શ્લોક-૯૧માં સ્થાનાંગસૂત્રના વચનથી ગ્રંથકારશ્રીએ દ્રવ્યસ્તવનો અંતર્ભાવ ધર્મપક્ષમાં જ થઈ શકે, તેમ યુક્તિથી સ્થાપન કર્યુ. હવે અનુભવ અનુસાર યુક્તિના બળથી પણ દ્રવ્યસ્તવને ધર્મપક્ષમાં જ સ્વીકારવો જોઈએ, એ બતાવવા અર્થે ગ્રંથકારશ્રી પૂર્વપક્ષી-પાર્શ્વચંદ્રને પૂછે છે કે દ્રવ્યસ્તવમાં મિશ્રપક્ષ સ્વીકારવા માટે હિંસાઅંશને તું અધર્મરૂપે સ્વીકારે છે, તો કયો ધર્મઅંશ સ્વીકારીને તું દ્રવ્યસ્તવને મિશ્ર કહીશ ? જો દેશવિરતિ ધર્મને ગ્રહણ કરીને તું મિશ્રપક્ષ કહીશ, તો દેશવિરતિ શ્રાવકની પૂજામાં તે સંગત થઈ શકે, તોપણ અવિરત સમ્યગ્દષ્ટિ ભગવાનની પૂજા કરે છે ત્યારે તેમના દ્રવ્યસ્તવમાં દેશવિરતિરૂપ સંયમ નથી. તેથી જો હિંસાંશને ગ્રહણ કરીને મિશ્રપક્ષ કહીશ, તો અવિરત સમ્યગ્દષ્ટિની ભગવાનની પૂજાને મિશ્ર સ્વીકારી શકાશે નહિ. તેના નિવારણ માટે પૂર્વપક્ષી-પાર્શ્વચંદ્ર કહે કે સમ્યક્ત્વની સાથે હિંસાંશને ગ્રહણ કરીને મિશ્રપક્ષ અમે સ્થાપન કરીશું, તેથી અવિરત સમ્યગ્દષ્ટિમાં રહેલું સમ્યગ્દર્શન ધર્માંશ છે અને પૂજામાં થતી પુષ્પાદિ જીવોની હિંસા અધર્મ છે, તેથી ભગવાનની પૂજામાં મિશ્રપક્ષ સ્વીકારી શકાશે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

અવિરત સમ્યગ્દષ્ટિ ભોગાદિ પ્રવૃત્તિ કરે છે ત્યારે પણ તેનામાં સમ્યક્ત્વ છે. તેથી સમ્યક્ત્વરૂપ અંશથી ધર્મ છે, અને ભોગાદિ અંશથી અધર્મ છે, તેમ માનીને અવિરત સમ્યગ્દષ્ટિની ભોગાદિ ક્રિયાને પણ મિશ્ર સ્વીકારી શકાય; અને તેમ સ્વીકારીએ તો અવિરત સમ્યગ્દષ્ટિ જીવની ભોગાદિ ક્રિયા અને દ્રવ્યસ્તવની ક્રિયા સમાન છે, તેમ સ્વીકારવાની આપત્તિ આવે, જે પૂર્વપક્ષી-પાર્શ્વચંદ્ર સ્વીકારી શકે તેમ નથી; કેમ કે પાર્શ્વચંદ્રને દ્રવ્યસ્તવ મિશ્રરૂપે માન્ય છે, અને અવિરત સમ્યગ્દષ્ટિ જીવની ભોગાદિ ક્રિયા મિશ્રરૂપે માન્ય નથી. તેથી પૂર્વપક્ષી-પાર્શ્વચંદ્ર સમાધાન કરે કે પૂજાની ક્રિયામાં વર્તતી ભગવાનની ભક્તિની સાથે હિંસાનું મિશ્રપણું છે, માટે અવિરત સમ્યગ્દષ્ટિની ભોગાદિની ક્રિયાને મિશ્રપણું માનવાની આપત્તિ નહિ આવે. તેને ગ્રંથકારશ્રી પૂછે છે કે -

ભગવાનની પૂજાકાળાં વર્તતી ભક્તિ શું છે ? જો તે રાગરૂપ છે, તો રાગ અને દ્વેષ સંસારનાં કારણ છે. તેથી જેમ પૂજામાં વર્તતી હિંસા સંસારનું કારણ છે માટે અધર્મ છે, તેમ પૂજામાં વર્તતી રાગરૂપ ભક્તિ પણ સંસારનું કારણ હોવાથી અધર્મ છે. માટે ભગવાનની ભક્તિને મિશ્ર સ્વીકારી શકાય નહિ; પરંતુ સંસારના કારણીભૂત એવી રાગરૂપ ભક્તિ અને સંસારના કારણીભૂત એવી હિંસા બંને દ્વારા પૂજામાં અધર્મપક્ષ જ માનવો પડે. તેથી પૂજામાં મિશ્રપક્ષનો અવકાશ નથી.

અહીં પૂર્વપક્ષી=પાર્શ્વચંદ્ર કહે કે ભગવાનની ભક્તિ રાગરૂપ હોવા છતાં તે પ્રશસ્તરાગ છે, માટે ભવનું કારણ નથી. તેથી ભક્તિ અને હિંસા અંશને ગ્રહણ કરીને ભગવાનની પૂજાને ધર્માધર્મરૂપ મિશ્ર કહી શકાશે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

દ્રવ્યસ્તવમાં વર્તતી હિંસા પણ ભક્તિની જેમ પ્રશસ્ત છે અર્થાત્ જેમ રાગ સંસારનું કારણ હોવા છતાં પ્રશસ્ત રાગ ધર્મરૂપ છે, તેમ હિંસા સંસારનું કારણ હોવા છતાં દ્રવ્યસ્તવમાં વર્તતી હિંસા મોક્ષને અનુકૂળ એવા ઉત્તમ ભાવોની નિષ્પત્તિમાં બળવાન અંગરૂપ હોવાથી પ્રશસ્ત હોવાને કારણે ધર્મરૂપ છે. આ પ્રકારે પૂર્વપક્ષી-પાર્શ્વચંદ્રને ગ્રંથકારશ્રી પૂછે છે કે –

જેમ તું ભક્તિને પ્રશસ્ત રાગરૂપે સ્વીકારીને દ્રવ્યસ્તવમાં વર્તતા રાગને ધર્માંશરૂપ કહે છે, તેમ દ્રવ્યસ્તવમાં વર્તતી હિંસાને પ્રશસ્ત સ્વીકારીને તેને ધર્માંશ સ્વીકારવા માટે કોઈ પ્રતિબંદિ પ્રશ્ન કરે તો તેનો ઉત્તર શું છે ? અર્થાત્ પૂર્વપક્ષી પાસે કોઈ ઉત્તર નથી. તેથી મોક્ષાર્થીએ દ્રવ્યસ્તવમાં પાર્શ્વચંદ્રે કહેલ મિશ્રપક્ષ સ્વીકારવો ઉચિત નથી, પરંતુ ગ્રંથકારશ્રીએ કહેલ એકાંત ધર્મપક્ષ સ્વીકારવો ઉચિત છે.

**ટીકા :-**

**एतेन षट्पुरुषी प्रदर्शनेन श्रमणोपासकाणां न द्रव्यस्तवाधिकारः, इति कापुरुषस्य पाशस्य मतं निरस्तम् । एवं हि तत्-सर्वतोऽविरतः १. अविरतः २. विरताविरतः ३. सर्वतो विरताविरतः ४. श्रमणोपासको देशविरतः ५. सर्वविरतश्चेति ६, तावत् षट् पुरुषा भवन्ति, तत्र सर्वतोऽविरतः स उच्यते यः कुगुरुकुदेवकुधर्मश्रद्धावान् सम्यक्त्वलेशेनाप्यस्पृष्टमनाः, यमुद्दिश्य** "इह खलु पाईणं वा ४ संतेगइआ मणुआ भवंति तं०-महिच्छा महारंभा" **इत्यादि सूत्रं प्रवृत्तम् १, अविरतस्तु स उच्यते-यः सम्यक्त्वालङ्कृतोऽपि मूलोत्तरभेदभिन्ना विरतिं पालयितुमसमर्थो जिनप्रतिमामुनिवैयावृत्यकरण-तदाशातनापरिहारादिना भूयः प्रकटितभक्तिरागः २, विरताविरतश्च स उच्यते-यः पूर्णसम्यक्त्वा-भाववानपि स्वोचितान् सर्वव्रतनियमान् बिभर्त्ति ३, सर्वतो विरताविरतश्च स उच्यते-यस्य मनसि-** "तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइअं" **इति परिणामः स्थिरो भवति, परं मनसः प्रमादपारतन्त्र्याद् भूम्ना साधुसङ्गमाभावात् परिपूर्णं जिनभाषितं न जानीते कुलक्रमागतां च विरतिं पालयति, पूर्णसंयमज्ञानाभावादेवारम्भेन जिनपूजां करोति भक्तिरागपारवश्यात्, तत एव संयममसंयमं वा न गणयति, यावता कृत्येन संयमं पालयितुं न शक्यते तावानेवाविरतिभागः श्रुते भणित इति, यमुद्दिश्येदं सूत्रम्-**"इह खलु पाईणं वा ४ संतेगइआ मणुआ भवंति अप्पिच्छा अप्पारंभा" **इत्यादि, चतुर्थभङ्गस्थविरत्यपेक्षया स्तोकया विरत्या तृतीयो भङ्ग इति विवेकः ४, श्रमणोपासको देशविरतश्च स उच्यते-यः श्रमणोपासनमहिम्ना प्रतिदिनं प्रवर्द्धमानसंवेगो जीवाजीवसूक्ष्मबादरादिभेदपरिज्ञानवान् तत एवास्थिमज्जाप्रेमानुरागरक्तचित्तो देशविरतिं गृहीत्वा पालयति, सम्यक्त्वसहितव्रतग्रहोत्तरम-भङ्गरङ्गश्चोभयकालमावश्यकं कुरुते अत एव च संयमं जानीते, उक्तं चानुयोगद्वारसूत्रे –**

"समणेण सावएण य अवस्स कायव्वयं हवइ जम्हा ।
अंतो अहोणिसस्स य तम्हा आवस्सयं णाम" ।। **[अणुयोगदाराइं सू०-२८, गा०-३]**

**दशवैकालिके च -**

"जो जीवे वि वियाणाइ, अजीवे वि वियाणाइ ।
जीवाजीवे वियाणंतो, सो हु णाहीअ संजमं" ।। **[दशवै० अ०-४, गा०-१३]**

**एनमेवोद्दिश्य -** "से जहाणामये समणोवासगा भवंति", "अभिगयजीवाजीवा" **इत्यादि सूत्रं प्रवर्त्तते, अयमेव शुद्धजिनभक्तिमान् उचितं संयममाद्रियते, हिंसां परिहृत्य जिनविरहे जिनप्रतिमां पूजयति, संयमज्ञो ह्यसौ षट्कायहिंसां परिहरति, अत एवोक्तं महानिशीथे -** "अकसिणपवत्तगाणं, विरयाविरयाण एस खलु जुत्तो । जे कसिणसंयमविऊ पुप्फाइअं ण इच्छंत्ति" ।। **[महा० अ०-३, गा०-३८] इत्यत्र साधु-श्रावकयोर्द्वयोरविशेषेण कृत्स्नसंयमज्ञत्वं पुष्पादिपरिहारेण पूजाधिकारितावच्छेदकमुक्तम्, तत्रैकतर-पक्षपातो न श्रेयान्, किं चात्र कारणमिति विचारणीयम्, यदिन्द्राभिषेककरणे सुपर्वाणोऽहमहमिक-यौदारिकजलपुष्पसिद्धार्थादीनि गृह्णन्ति जिनपूजां तु न तेनोपचारेण कुर्वन्तीति सुरपुष्पेषु त्रसासंभवो-ऽम्लानत्वं च हेतुश्चेत्, हिंसापरिहार एवायं धर्माभ्युदयाय प्रगल्भते, समवसरणे च वैक्रियाण्येव पुष्पाणि देवाः प्रभोरग्रे देशनोर्व्यां विकिरन्ति, मण्यादिरचनाप्यचितैव, उक्तं च राजप्रश्नीयोपाङ्गे-**"पुप्फवद्दलयं विउव्वंति" **इत्यादि, नवकमलरचनाप्यचितैव ज्ञेया, तथा प्रतिमानां वन्दनाद्यधिकारे पञ्चविधाभिगमविधौ सचित्तद्रव्योज्झनमुक्तमस्ति, जिनभवनप्रवेशेऽपि चैत्यवन्दनभाष्यादावयं विधिरुक्तोऽस्तीति ततो निरवद्य-पूजैव देशविरतस्य संभवतीति श्रद्धेयम् ५, सर्वविरतश्च स उच्यते-यो गृहीतपञ्चमहाव्रतः समितिगुप्ति-संपन्नो घोरपरीषहोपसर्गसहनदृढशक्तिमान् संन्यस्तसर्वारम्भपरिग्रहः सदा निरवद्योपदेशदाता वाङ्मात्रेणापि सावद्यतन्मिश्रताननुमोदकः परमगम्भीरचेताः संप्राप्तभवपार ६ इति ।**

**ટીકાર્થ :-**

**एतेन ..... निरस्तम्, આના દ્વારા=પૂર્વમાં શ્લોક-૮૧થી અહીં શ્લોક-૯૨ સુધીના કથનથી છ પુરુષના પ્રદર્શન દ્વારા, શ્રમણોપાસકને દ્રવ્યસ્તવનો અધિકાર નથી, એ પ્રકારે કાપુરુષ એવા પાશનો મત નિરસ્ત જાણવો.**

एवं हि ..... भवन्ति, આ પ્રમાણે=આગળમાં બતાવે છે એ પ્રમાણે, તે=કાપુરુષ એવા પાશનો મત, છે -

તેમાં પ્રથમ છ પ્રકારના પુરુષો બતાવે છે –

(૧) સર્વથી અવિરત, (૨) અવિરત, (૩) વિરતાવિરત, (૪) સર્વથી વિરતાવિરત, (૫) શ્રમણોપાસક દેશવિરત અને (૬) સર્વવિરત इति=એ પ્રકારે, છ પુરુષો છે.

तत्र ..... प्रवृत्तम् १, (૧) તેમાં=છ પ્રકારના પુરુષો કહ્યા તેમાં, સર્વથી અવિરત તે કહેવાય છે - જે કુગુરુ, કુદેવ અને કુધર્મની શ્રદ્ધાવાળા, સમ્યક્ત્વના લેશથી પણ અસ્પૃષ્ટ મનવાળા છે, જેને ઉદ્દેશીને ઠાણાંગસૂત્રમાં 'इह खलु थी महारंभा' ઇત્યાદિ સૂત્ર પ્રવૃત્ત છે.

अविरतस्तु ..... प्रकटितभक्तिरागः २, (૨) વળી અવિરત તે કહેવાય છે - જે સમ્યક્ત્વથી અલંકૃત પણ=સમ્યક્ત્વને ઉચ્ચરેલા પણ, મૂળ-ઉત્તરભેદવાળી એવી વિરતિને પાલન કરવા અસમર્થ છે, પરંતુ જિનપ્રતિમા અને મુનિઓના વૈયાવચ્ચકરણ દ્વારા અને તેમની આશાતનાના પરિહાર આદિ દ્વારા=ઉચ્ચરેલા સમ્યગ્દર્શનના આચારરૂપ જિનપ્રતિમા અને મુનિની વૈયાવચ્ચ કરવી, અને તેમની આશાતનાનો ત્યાગ કરવો, આદિ દ્વારા, અત્યંત પ્રકટિત થયેલા ભક્તિરાગવાળા છે.

विरताविरतश्च ..... बिभर्त्ति ३, (૩) વિરતાવિરત તે કહેવાય છે - જે પૂર્ણ સમ્યક્ત્વના અભાવવાળા પણ સ્વઉચિત સર્વ વ્રત, નિયમોને ધારણ કરે છે.

सर्वतो विरताविरतश्च ..... इत्यादि ४, (૪) સર્વથી વિરતાવિરત તે કહેવાય છે - જેમના મનમાં "જે જિનેશ્વરોએ કહેલું છે તે જ સાચું છે, નિઃશંક છે" એ પ્રમાણે પરિણામ સ્થિર છે, પરંતુ મનનું પ્રમાદપરતંત્રપણું હોવાથી ઘણા અતિશય સાધુસંગનો અભાવ હોવાથી પરિપૂર્ણ જિનેશ્વરોએ કહેલ વચન જાણતા નથી, અને કુલક્રમથી આવેલ વિરતિને પાળે છે, પૂર્ણસંયમના જ્ઞાનનો અભાવ હોવાને કારણે ભક્તિરાગના પરવશપણાથી આરંભ દ્વારા જિનપૂજાને કરે છે, તેથી કરીને જ=ભક્તિરાગના પરવશપણાથી જ, સંયમ કે અસંયમને ગણતા નથી=શાસ્ત્રકારો તેઓની પૂજાને સંયમરૂપ કે અસંયમરૂપ ગણતા નથી. શાસ્ત્રકારો ચોથા સર્વથા વિરતાવિરતભાંગાવાળા પુરુષની પૂજાને સંયમરૂપ કે અસંયમરૂપ કેમ ગણતા નથી ? એથી કહે છે - જેટલા કૃત્ય વડે સંયમને પાળવા માટે સમર્થ નથી, તેટલો જ અવિરતિ ભાગ શ્રુતમાં કહેવાયેલો છે, એ હેતુથી શાસ્ત્રકારો પૂજાને સંયમરૂપ કે અસંયમરૂપ ગણતા નથી.

જેને ઉદ્દેશીને=સર્વથા વિરતાવિરત રૂપ વિકલ્પને ઉદ્દેશીને, આ સૂત્ર - "इह खलु थी अप्पारंभा" ઈત્યાદિ ઠાણાંગસૂત્રમાં છે.

ત્રીજો પુરુષ વિરતાવિરત અને ચોથો પુરુષ સર્વથી વિરતાવિરત છે, એ બેમાં શું ભેદ છે ? તે સ્પષ્ટ કરે છે –

चतुर्थ .... विवेकः । ચોથા વિકલ્પમાં રહેલ પુરુષની વિરતિની અપેક્ષાએ થોડી વિરતિ હોવાથી ત્રીજો ભાંગો છે, એ પ્રકારનો વિવેક છે=એ પ્રકારે ત્રીજા અને ચોથા વિકલ્પમાં ભેદ છે.

श्रमणोपासको ..... श्रद्धेयम् ५, (૫) અને શ્રમણોપાસક દેશવિરત તે કહેવાય છે, જે સાધુની ઉપાસનાના=સાધુના પરિચયના, મહિમાથી પ્રતિદિન પ્રવર્ધમાન સંવેગવાળા=વધતા સંવેગવાળા, જીવ-અજીવના સૂક્ષ્મ-બાદર આદિ ભેદના પરિજ્ઞાનવાળા, તેથી જ અસ્થિમજ્જા થયેલ પ્રેમના અનુરાગથી રક્ત ચિત્તવાળા, દેશવિરતિને ગ્રહણ કરીને પાળે છે, સમ્યક્ત્વ સહિત વ્રત ગ્રહણ કર્યા પછી અભંગ રંગવાળા, ઉભયકાળ આવશ્યક કરે છે, અને આથી જ સંયમને જાણે છે.

उक्तं .... सूत्रे અને અનુયોગદ્વાર સૂત્રમાં કહેવાયેલું છે –

"समणेण ..... णाम ।।" સાધુ વડે અને શ્રાવક વડે જે કારણથી અહોરાત્રિના મધ્યમાં અવશ્ય કર્તવ્ય છે, તે કારણથી આવશ્યક નામ છે.

**दशवैकालिके च - અને દશવૈકાલિકમાં કહ્યું છે –**

"जो जीवेवि ..... संजमं ।।" જે જીવોને પણ જાણે છે અને અજીવોને પણ જાણે છે, અને જીવાજીવને જાણતો તે જ સંયમને જાણશે.

**આને જ ઉદ્દેશીને=પાંચમા પ્રકારના પુરુષને ઉદ્દેશીને, "से जहाणामयेथी अभिगयजीवाजीवा" ઈત્યાદિ સ્થાનાંગસૂત્ર પ્રવર્તે છે.**

**આ જ=દેશવિરત જ, શુદ્ધ જિનભક્તિવાળો ઉચિત સંયમને સ્વીકારે છે, હિંસાનો પરિહાર કરીને જિનના વિરહમાં જિનપ્રતિમાને પૂજે છે, સંયમને જાણનારો આ ષટ્કાયની હિંસાનો ત્યાગ કરે છે.**

**अत ..... महानिशीथे - આથી જ=જિનના વિરહમાં હિંસાનો પરિહાર કરીને જિનપ્રતિમાને પૂજે છે, આથી જ, મહાનિશીથમાં કહેવાયું છે -**

"जे कसिण ..... ण इच्छंति ।। અકૃત્સ્નપ્રવર્તક=અસંપૂર્ણપ્રવર્તક, વિરતાવિરતને આ=દ્રવ્યસ્તવ, યુક્ત છે. જે કૃત્સ્નસંયમને=સંપૂર્ણ સંયમને, જાણનારા છે, તેઓ પુષ્પાદિને ઈચ્છતા નથી.

**આ પ્રકારના મહાનિશીથના કથનમાં સાધુ અને શ્રાવક બંનેને અવિશેષથી=ભેદ વગર, પુષ્પાદિના પરિહારથી પૂજાની અધિકારિતાનું અવચ્છેદક એવું કૃત્સ્નસંયમને જાણનારપણું=સંપૂર્ણસંયમને જાણનારપણું, કહેવાયું છે. ત્યાં=મહાનિશીથના કથનમાં, એકતરનો પક્ષપાત=સાધુ પુષ્પાદિના પરિહારથી સ્તવ કરે એ પ્રકારે એકતરનો પક્ષપાત, શ્રેયઃકારી નથી. અહીં=એકતરનો પક્ષપાત શ્રેયઃકારી નથી, એમાં કારણ શું છે ? એ વિચારવું જોઈએ.**

તે કારણને પૂર્વપક્ષી=પાશ સ્પષ્ટ કરે છે –

**જે કારણથી ઈન્દ્રના અભિષેકકરણમાં દેવતાઓ અહમહમિકાથી=હું પહેલો, હું પહેલો એ પ્રકારના પરિણામથી, ઔદારિક જલ, પુષ્પ અને સિદ્ધાર્થાદિને=સરસવને, ગ્રહણ કરે છે, વળી જિનપૂજામાં તે ઉપચારથી કરતા નથી=ઔદારિક જલ, પુષ્પ અને સિદ્ધાર્થાદિના ઉપચારથી કરતા નથી, પરંતુ સુરપુષ્પોથી ઉપચાર કરે છે.**

તેમાં હેતુ કહે છે –

**સુરપુષ્પમાં ત્રસનો અસંભવ અને અમ્લાનપણું હેતુ છે=સુરપુષ્પમાં ભમરાઓ આદિ તેના ઉપર બેસતા નથી અને પુષ્પો કરમાતાં નથી એ હેતુથી સુરપુષ્પો અચિત્ત છે. માટે સુરપુષ્પથી દેવતાઓની ભગવાનની પૂજામાં હિંસા નથી.**

**હિંસાના પરિહારવાળો જ આ ધર્મ અભ્યુદય માટે સમર્થ છે, અને સમવસરણમાં દેવો વૈક્રિય પુષ્પોને જ પ્રભુની આગળ દેશનાની પૃથ્વી ઉપર વિકુર્વે છે, મણિ આદિની રચના પણ અચિત્ત જ છે.**

**उक्तं च राजप्रश्नीयोपाङ्गे - રાજપ્રશ્નીય ઉપાંગમાં કહેલ છે.**

"पुष्पवद्दलयं विउव्वंति ... " "પુષ્પવાળાં વાદળાઓ વિકુર્વે છે" **ઈત્યાદિ,**

**નવ કમલની રચના પણ અચિત્ત જ જાણવી, અને પ્રતિમાના વંદનાદિ અધિકારમાં પાંચ પ્રકારના અભિગમની વિધિમાં સચિત્ત દ્રવ્યનો ત્યાગ કરવાનું કહેવાયું છે. જિનભવન પ્રવેશવિષયક ચૈત્યવંદન ભાષ્યાદિમાં આ વિધિ=પાંચ પ્રકારના અભિગમનો વિધિ કહેવાયેલો છે. इति=એ હેતુથી તેનાથી=इन्द्राभिषेककरणे થી अस्ति સુધીના કથનથી જે કહ્યું તેનાથી, નિરવદ્ય પૂજા જ દેશવિરતને સંભવે છે, એ પ્રમાણે શ્રદ્ધેય છે.**

**सर्वविरतश्च ..... सम्प्राप्तभवपार ६ इति । (૬) અને સર્વવિરત તે કહેવાય છે, જે ગ્રહણ કરેલ પાંચ મહાવ્રતવાળા, સમિતિ-ગુપ્તિસંપન્ન, ઘોર પરિષહ અને ઉપસર્ગને સહન કરવા માટે દૃઢ શક્તિવાળા, ત્યાગ કર્યો છે સર્વ આરંભ-પરિગ્રહનો જેમણે એવા, હંમેશાં નિરવદ્ય ઉપદેશ આપનારા, વાણીમાત્રથી પણ સાવદ્ય અને સાવદ્યથી મિશ્રપણાના અનનુમોદક=અનુમોદના નહિ કરનારા, પરમગંભીર ચિત્તવાળા, ભવપારને પામેલા છે.**

**'इति' શબ્દ છ પ્રકારના પુરુષના વિભાગની સમાપ્તિસૂચક છે.**

**ભાવાર્થ :-**

પાર્શ્વચંદ્રનો મત એ છે કે શ્રાવકની સંસારી ક્રિયા અધર્મરૂપ છે, ભગવાનની પૂજા ધર્માધર્મરૂપ છે, અને સામાયિક, પૌષધ આદિ ધર્મરૂપ છે, જ્યારે સાધુની સર્વ ક્રિયા ધર્મરૂપ છે. આ રીતે અધર્મ, ધર્માધર્મ અને ધર્મરૂપ ત્રણ પક્ષો બતાવીને ભગવાનની પૂજામાં પાર્શ્વચંદ્ર ધર્માધર્મરૂપ મિશ્રપક્ષને સ્થાપન કરે છે. આનું નિરાકરણ અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ કર્યું. તે નિરાકરણથી કોઈ કાપુરુષ એવા પાશનો મત પણ નિરાકૃત થાય છે. તે પાશનો મત એ છે કે છ પ્રકારના પુરુષો છે અને તેમાં શ્રમણોપાસકને દ્રવ્યસ્તવનો અધિકાર નથી, એમ સ્થાપન કરે છે. પૂર્વના કથનથી પાશનો આ મત પણ નિરાકરણ થાય છે; કેમ કે શ્રમણોપાસક એવા શ્રાવકની ભગવાનની પૂજા ધર્માધર્મરૂપ નથી, પરંતુ ધર્મરૂપ છે, એમ પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું. તેથી શ્રમણોપાસકને દ્રવ્યસ્તવનો અધિકાર નથી, એ પાશનું કથન પણ નિરાકૃત થાય છે. તે છ પ્રકારના પુરુષોનું વર્ણન ક્રમસર હવે બતાવે છે –

**(૧) સર્વથી અવિરત :-** જે જીવો કુદેવ, કુગુરુ અને કુધર્મની શ્રદ્ધાવાળા છે, સમ્યક્ત્વના લેશને પણ સ્પર્શ્યા નથી, તે જીવો સર્વથી અવિરત છે.

**(૨) અવિરત :-** જે જીવો સમ્યક્ત્વવાળા હોવા છતાં પણ મૂલગુણ-ઉત્તરગુણરૂપ સર્વવિરતિને પાળવા માટે અસમર્થ છે, ભગવાનની પ્રતિમા અને મુનિની વૈયાવચ્ચ કરવામાં ઉદ્યમવાળા છે અને ભગવાનની પ્રતિમા અને મુનિની આશાતનાના પરિહાર કરવાના યત્નવાળા છે અને તેના દ્વારા જિનપ્રતિમા અને મુનિ પ્રત્યે ભક્તિનો રાગ અભિવ્યક્ત કરે છે, તેઓ અવિરત છે.

**(૩) વિરતાવિરત :-** જે જીવો પૂર્ણ સમ્યક્ત્વના અભાવવાળા છે, તોપણ કાંઈક સમ્યક્ત્વની સન્મુખ ભૂમિકાવાળા છે, અને પોતાને ઉચિત એવાં સર્વ વ્રત-નિયમોને પાળે છે, તેઓ વિરતાવિરત છે.

**(૪) સર્વથી વિરતાવિરત :-** જે જીવો ભગવાનના વચન પ્રત્યેની પૂર્ણ શ્રદ્ધાવાળા છે, પરંતુ મન પ્રમાદને પરતંત્ર હોવાને કારણે ઘણો સાધુનો સંગ નથી, તેથી પરિપૂર્ણ જિનભાષિતને જાણતા નથી=સર્વવિરતિ સંયમ શું ચીજ છે અને દેશવિરતિ શું ચીજ છે, તેનો યથાર્થ બોધ નથી, તોપણ કુળક્રમથી આવેલી વિરતિનું પાલન કરે છે, અને પૂર્ણ સંયમના જ્ઞાનનો અભાવ હોવાને કારણે પુષ્પાદિના આરંભથી જિનપૂજા કરે છે; કેમ કે ભગવાનની ભક્તિના રાગને પરવશ થઈને અને અજ્ઞાનને કારણે જિનપૂજાને ધર્મરૂપે જુએ છે, વળી સર્વથી વિરતાવિરત પુરુષ ભક્તિરાગના પરવશથી આરંભ દ્વારા ભગવાનની પૂજા કરે છે, તેથી તેમની પૂજાને શાસ્ત્રકારો સંયમરૂપ ગણતા નથી અને અસંયમરૂપ પણ ગણતા નથી; કેમ કે ભગવાનની ભક્તિનો રાગ છે, માટે અસંયમનો પરિણામ નથી; અને આરંભથી પૂજા કરે છે, માટે સંયમનો પરિણામ નથી.

અહીં પ્રશ્ન થાય કે આ ચોથા પ્રકારના સર્વથી વિરતાવિરત પુરુષની પૂજાની ક્રિયામાં શાસ્ત્રકારો સંયમ પણ સ્વીકારતા નથી અને અસંયમ પણ સ્વીકારતા નથી, તે કેવી રીતે નક્કી થાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે -

જેટલા કૃત્યથી સંયમ પાળવા માટે તેઓ સમર્થ નથી, તેટલા જ અંશથી અવિરતિનો ભાગ શ્રુતમાં કહેવાયો છે. એથી નક્કી થાય કે તેઓની પૂજાની ક્રિયામાં થતા આરંભને શાસ્ત્રકારો અસંયમ કહેતા નથી; કેમ કે વિરતિના પાલનના અસામર્થ્યકૃત પૂજાની ક્રિયા નથી, પરંતુ ભોગની ક્રિયા છે.

ત્રીજા અને ચોથા પુરુષનો ભેદ એ છે કે ચોથા પ્રકારના પુરુષમાં જે વિરતિ છે, તેના કરતા ત્રીજા પ્રકારના પુરુષમાં વિરતિ અલ્પ છે.

**(૫) શ્રમણોપાસક દેશવિરત :-** જે જીવો શ્રમણોપાસક છે, તેઓ પ્રતિદિન પ્રવર્ધમાન સંવેગવાળા છે અને જીવાજીવાદિ સૂક્ષ્મ ભેદોને જાણનારા છે. તેથી ભગવાનના વચનમાં અસ્થિમજ્જારૂપ રાગ વર્તી રહ્યો છે અને દેશવિરતિને ગ્રહણ કરીને પાળનારા છે. સમ્યક્ત્વ સહિત દેશવિરતિનાં વ્રતોને ગ્રહણ કર્યા પછી દેશવિરતિમાં અત્યંત રાગવાળા તેઓ ઉભયકાળ આવશ્યક કરે છે, અને સર્વવિરતિસંયમના પરમાર્થને જાણે છે. તેઓ શ્રમણોપાસક દેશવિરત છે.

વળી આ કાપુરુષે પોતાના મતમાં શ્રમણોપાસક દેશવિરત છે તેમ સ્થાપન કર્યું, અને તેનું સ્વરૂપ બતાવતાં કહ્યું કે સમ્યક્ત્વ સહિત વ્રતગ્રહણના ઉત્તરમાં અભંગરંગવાળા ઉભયકાળ આવશ્યકને કરે છે, અને સંયમને જાણે છે, અને તેની પુષ્ટિ કરવા અનુયોગદ્વાર સૂત્રની સાક્ષી આપી, અને તે સાક્ષીમાં કહ્યું કે શ્રાવક અને સાધુ જે કારણથી ઉભયકાળ અવશ્ય કરે છે, તેથી તેને આવશ્યક કહેવાય છે. આનાથી એ ફલિત થાય કે શ્રાવક ઉભયકાળ આવશ્યક એવું પ્રતિક્રમણ કરે, અને દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે "જે જીવને જાણે છે, જે અજીવને જાણે છે તે જ સંયમને જાણે છે" તે વચનથી શ્રાવક સંયમને જાણનાર છે, તેની પુષ્ટિ કરી; અને ત્યારપછી તે શ્રાવક હિંસાનો પરિહાર કરીને જિનના વિરહમાં જિનપ્રતિમાની પૂજા કરે છે, તેમ બતાવીને મહાનિશીથ સૂત્રનો પાઠ બતાવ્યો. તે મહાનિશીથ સૂત્રનો અર્થ પોતાના અર્થને પુષ્ટ કરવા માટે પોતાની રુચિ અનુસાર પૂર્વપક્ષીએ જોડેલ છે, અને કહેલ છે કે સાધુ અને શ્રાવક બંને અવિશેષથી સંપૂર્ણ સંયમને જાણનારા છે. તેથી પુષ્પાદિના પરિહારથી જ શ્રાવક પૂજાના અધિકારી છે.

વસ્તુતઃ મહાનિશીથ સૂત્રની ગાથામાં કહેલ છે કે અકૃત્સ્નસંયમવાળા વિરતાવિરતને આ દ્રવ્યસ્તવ યુક્ત છે, અને જેઓ કૃત્સ્નસંયમને જાણનારા છે અર્થાત્ કૃત્સ્નસંયમને પાળનારા છે, તેઓ પુષ્પાદિને ઇચ્છતા નથી. આમ કહીને સર્વવિરતિધર સાધુ પુષ્પાદિથી પૂજા કરતા નથી, તેમ મહાનિશીથસૂત્રમાં કહેલ છે. આમ છતાં પોતાની માન્યતાને પુષ્ટ કરવા માટે સ્વરુચિ અનુસાર મહાનિશીથસૂત્રનો અર્થ કરીને શ્રાવક પુષ્પાદિના પરિહારથી પૂજા કરે છે, તેમ કાપુરુષે સ્થાપન કરેલ છે; અને તેની પુષ્ટિ માટે તે યુક્તિ બતાવે છે કે ઇન્દ્રનો અભિષેક કરવામાં દેવતાઓ ઔદારિક જલ, પુષ્પાદિથી પૂજા કરે છે, તે આરંભ-સમારંભરૂપ છે, પરંતુ જિનપૂજા તે પ્રકારના ઉપચારથી કરતા નથી. આનાથી પૂર્વપક્ષી એ સ્થાપન કરવા ઇચ્છે છે કે ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા થાય તે રીતે પૂજા કરવી ઉચિત નથી.

વળી, પોતાની વાતની પુષ્ટિ કરવા માટે કાપુરુષ કહે છે કે દેવતાઓ સુરપુષ્પથી ભગવાનની પૂજા કરે છે. તે સુરપુષ્પમાં ત્રસ જીવોનો અસંભવ છે અને અમ્લાનપણું છે. તેથી અચિત્ત પુષ્પોથી જ દેવતાઓ ભગવાનની પૂજા કરે છે. માટે હિંસાનો પરિહાર થાય એવો ધર્મ કલ્યાણ માટે છે.

વળી, સમવસરણમાં દેવતાઓ ભગવાનની આગળ વૈક્રિય પુષ્પો વિકુર્વે છે અને મણિ આદિની રચના કરે છે તે પણ અચિત્ત જ કરે છે, અને તેની પુષ્ટિ માટે રાજપ્રશ્નીય ઉપાંગની સાક્ષી આપી. તેનો અર્થ એ છે કે ભગવાનના સમવસરણમાં દેવતાઓ યોગ્ય એવાં વાદળાંઓને વિકુર્વે છે. તેનાથી પૂર્વપક્ષીને એ કહેવું છે કે દેવતાઓ પુષ્પવાળાં વાદળાંઓ વિકુર્વીને પુષ્પવૃષ્ટિ કરે છે તે અચિત્ત પુષ્પોની વૃષ્ટિ છે. માટે પણ ભગવાનની ભક્તિ સચિત્ત પુષ્પોથી થઈ શકે નહિ. આથી વિવેકી શ્રાવકો સચિત્ત પુષ્પોથી ભગવાનની પૂજા કરતા નથી.

વળી ભગવાન જ્યારે વિહાર કરે છે ત્યારે દેવતાઓ સુવર્ણના નવ કમળોની રચના કરે છે, તે કમળોની રચના પણ અચિત્ત જ છે. તેથી પણ નક્કી થાય છે કે અચિત્ત પુષ્પોથી ભગવાનની ભક્તિ થઈ શકે, સચિત્ત પુષ્પોથી ભગવાનની ભક્તિ થાય નહિ.

વળી, પ્રતિમાના વંદનના અધિકારમાં પાંચ અભિગમો સાચવવાના કહ્યા છે, તેમાં સચિત્ત દ્રવ્યનો ત્યાગ કહેવાયો છે. તેથી પણ નક્કી થાય છે કે સચિત્ત એવા પુષ્પાદિથી પૂજા થાય નહિ. માટે દેશવિરત એવા શ્રાવકને નિરવદ્ય જ પૂજા સંભવે છે.

(૬) **સર્વવિરત :-** જે જીવોએ પાંચ મહાવ્રતો સ્વીકાર્યાં છે, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓથી જેઓ યુક્ત છે, પરિષહ-ઉપસર્ગમાં પણ ચલાયમાન ન થાય તેવી અંતરંગ શક્તિવાળા છે, વળી સર્વ આરંભ-પરિગ્રહનો જેમણે ત્યાગ કર્યો છે, સદા નિરવદ્ય ઉપદેશ આપનારા છે, વાણીમાત્રથી પણ સંસારની સાવદ્ય ક્રિયાનું કે સાવદ્યમિશ્ર એવી પૂજાની ક્રિયાનું અનુમોદન પણ કરતા નથી, અને તત્ત્વને જોવા માટે અત્યંત ગંભીર ચિત્તવાળા છે, ભવના પારને પામેલા છે, તેઓ સર્વવિરત છે=સર્વ પાપોથી વિરત છે.

ટીકા :-

एतच्च हताशस्य पाशमतं संमूर्छितोत्प्रेक्षितप्रायम्, सर्वतोऽविरताविरतयोरत्यन्तभेदाभावाद् बालत्वव्यपदेशनिबन्धनाविरतेरुभयत्राऽविशेषात् पापस्थानत्वविभाजकोपाधिव्याप्यविषयताकाविरतेः सर्वथाऽविरतत्वे द्रव्यतो हिंसादिनिवृत्तमिथ्यादृष्टिष्वव्याप्तेः, सम्यक्त्वाभावस्यैव सर्वतोऽविरतित्वपरिभाषणे च सम्यग्दृष्टिव्यावृत्तावप्येकभेदानुगुण्याभावात्फलासिद्धेः, किञ्च, एवमविरतसम्यग्दृष्टेरपि मिथ्यादर्शन-विरत्यन्याविरतिभ्यां मिश्रपक्षपातः । इष्टापत्तिरत्र-"एगच्चाओ मिच्छादंसणसल्लाओ पडिविरया एगच्चाओ अप्पडिविरया" [सूत्रकृतांग २ श्रु. २ अ. सू. ३९] इति पाठस्वरसादिति चेत् ? न, तस्याकारानाकारादि-विषयत्वेन मूलगुणविरत्यभावापेक्षयैवाविरतेर्व्यवस्थापितत्वात्, सम्यक्त्वाभावेन विरतिरविरतिरेवेति तु वृत्तिकृतैव परिभाषितमिति का तवाहोपुरुषिका ? । एतेन तृतीयभङ्गोऽपि विलूनशीर्णः, संपूर्ण-श्रद्धाभावेऽविरतेरेवैकस्याः साम्राज्यात्, यत्किञ्चिदर्थाश्रद्धानेऽपि 'एकस्मिन्नप्यर्थे सन्दिग्धेऽर्हति तु निश्चयो नष्ट' इति न्यायात् सम्पूर्णश्रद्धानाभावान्मिथ्यात्वस्यैवावस्थितेः ।

ટીકાર્થ :-

**एतच्च ..... उत्प्रेक्षितप्रायम्, અને હણાયેલી આશાવાળા એવા પાશનો આ મત=પૂર્વમાં છ પ્રકારના પુરુષનો વિભાગ કહ્યો એ મત, સંમૂર્ચ્છિત એવા પુરુષ વડે=તત્ત્વના વિષયમાં મૂર્છા પામેલા એવા પુરુષ વડે, ઉત્પ્રેક્ષિતપ્રાય છે=વિચારાયેલ છે.**

પૂર્વમાં કહ્યું કે આ છ પ્રકારના પુરુષનો વિભાગ તત્ત્વના વિષયમાં સંમૂર્ચ્છિત પુરુષથી વિચારાયેલ છે. તે કેમ વિચારાયેલ છે, તેમાં હેતુ કહે છે –

તેમાં પ્રથમ સર્વતો અવિરત અને અવિરત આ બે વિકલ્પો ઉચિત નથી, તે બતાવે છે –

**सर्वतो ..... भेदाभावाद्, સર્વતો અવિરત અને અવિરત એ બેના અત્યંત ભેદનો અભાવ હોવાથી તે બે વિકલ્પો ઉચિત નથી.**

તે બેનો અત્યંત ભેદાભાવ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

**बालत्व ..... अविशेषात्, બાલપણાના વ્યપદેશનું કારણ એવી અવિરતિનું ઉભયત્ર=સર્વતો અવિરત અને અવિરતમાં, અવિશેષ છે=બંનેમાં સમાન છે.**

અહીં પૂર્વપક્ષી કહે કે સર્વથા અવિરતપણામાં પાપસ્થાનત્વવિભાજક ઉપાધિ વ્યાપ્યવિષયતાક અવિરતિરૂપ=અઢારે પાપસ્થાનકોની પ્રાપ્તિ છે. અવિરતમાં પાપસ્થાનત્વવિભાજકઉપાધિવ્યાપ્ય વિષયતાક અવિરતિ નથી અર્થાત્ અઢારે પાપસ્થાનકોની પ્રાપ્તિ નથી, તેથી સર્વતોઅવિરત અને અવિરત એ બેમાં ભેદની પ્રાપ્તિ થશે. તેના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

पापस्थानत्व ..... अव्याप्तेः, **પાપસ્થાનત્વવિભાજક ઉપાધિવ્યાપ્યવિષયતાક અવિરતિનું સર્વથા અવિરતપણું હોતે છતે દ્રવ્યથી હિંસાદિથી નિવૃત્ત એવા મિથ્યાદૃષ્ટિઓમાં અવ્યાપ્તિ છે=પૂર્વપક્ષીએ કરેલા છ વિકલ્પોમાં મિથ્યાદૃષ્ટિ સર્વતોઅવિરત છે, આમ છતાં પાપસ્થાનત્વવિભાજક ઉપાધિવ્યાપ્ય-વિષયતાક અવિરતિને સર્વથા અવિરત સ્વીકારીએ તો દ્રવ્યથી હિંસાદિથી નિવૃત્ત એવા મિથ્યાદૃષ્ટિમાં અઢાર પાપસ્થાનકોમાંથી હિંસાદિપાપસ્થાનકોની નિવૃત્તિ હોવાથી સર્વ પાપસ્થાનકોની પ્રાપ્તિરૂપ સર્વથા અવિરતિ નથી, તેથી તે લક્ષણની અવ્યાપ્તિ છે.**

દ્રવ્યથી હિંસાદિથી નિવૃત્ત એવા મિથ્યાદૃષ્ટિઓમાં ગ્રંથકારશ્રી વડે અપાયેલા સર્વતો અવિરતના લક્ષણની અવ્યાપ્તિદોષના નિવારણ માટે પૂર્વપક્ષી કહે કે સમ્યક્ત્વના અભાવનું જ સર્વતો અવિરતપણું છે અર્થાત્ દ્રવ્યથી હિંસાદિથી નિવૃત્તિ એ સર્વતો અવિરતપણું નથી, પરંતુ સમ્યક્ત્વના અભાવનું જ સર્વતો અવિરતપણું છે. માટે દ્રવ્યથી હિંસાદિથી નિવૃત્ત એવા મિથ્યાદૃષ્ટિમાં સર્વતો અવિરતના લક્ષણની અવ્યાપ્તિ આવશે નહિ. તેથી સર્વતોઅવિરત અને અવિરતનો ભેદ સિદ્ધ થઈ શકશે. તેના નિવારણ માટે ગ્રંથકારશ્રી હેતુ કહે છે -

सम्यकत्वा ..... असिद्धेः । **અને સમ્યક્ત્વના અભાવનું જ સર્વથી અવિરતપણું પરિભાષણ કરાયે છતે સમ્યગ્દૃષ્ટિની વ્યાવૃત્તિ હોતે છતે પણ=પ્રથમ સર્વતો અવિરત ભાંગામાં સમ્યગ્દૃષ્ટિની વ્યાવૃત્તિ અને બીજા અવિરત ભાંગામાં સમ્યગ્દૃષ્ટિનું ગ્રહણ થવાથી સર્વતો અવિરત અને અવિરત એ બે ભાંગાના ભેદની પ્રાપ્તિ થવા છતાં પણ, એક ભેદના આનુગુણ્યનો અભાવ હોવાથી=સર્વતો અવિરત અને અવિરત એ બે ભાંગામાં ચારિત્રના અભાવરૂપ એક ભેદના આનુગુણ્યનો અભાવ હોવાથી અર્થાત્ સર્વતો અવિરત અને અવિરત એ બંનેમાં માત્ર ચારિત્રના અભાવની તરતમતાકૃત એક ભેદના સમાનપણાનો અભાવ હોવાથી, ફળની અસિદ્ધિ છે=સર્વતો અવિરત અને અવિરત એ બે ભાંગા પૃથક્ કરવારૂપ ફળની અસિદ્ધિ છે.**

પૂર્વમાં સર્વતો અવિરત અને અવિરત એ બે ભાંગાના અત્યંત ભેદનો અભાવ હોવાથી એ બે ભાંગા પૃથક્ થઈ શકે નહિ તેમ સ્થાપન કર્યું, અને તેમાં યુક્તિ આપી કે પ્રથમ ભાંગામાં સમ્યક્ત્વનો અભાવ સ્વીકારશો તો સર્વતો અવિરત મિથ્યાદૃષ્ટિ પ્રાપ્ત થશે, અને અવિરત ભાંગામાં અવિરતસમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત થશે; પરંતુ તેમ સ્વીકારવામાં સર્વતો અવિરત અને અવિરત એ બેમાં વિરતિના અભાવરૂપ એક ભેદના અનુસરણથી બે ભાંગા પડશે નહિ, પરંતુ સમ્યક્ત્વ અને સમ્યક્ત્વના અભાવના અનુસરણથી બે ભાંગા પડે છે. તેથી સર્વતો અવિરત અને અવિરત શબ્દમાં અત્યંત વિરતિનો અભાવ અને વિરતિનો અભાવ એ રૂપ અર્થ પ્રાપ્ત થશે નહિ. માટે એ બે ભાંગા પૃથક્ સ્વીકારવારૂપ ફળની સિદ્ધિ થશે નહિ. આમ છતાં પ્રથમ ભાંગામાં મિથ્યાદૃષ્ટિ અને બીજા ભાંગામાં અવિરત સમ્યગ્દૃષ્ટિને સ્વીકારવામાં આવે તો અન્ય કયો દોષ પ્રાપ્ત થાય છે, તે किञ्च થી કહે છે –

किञ्च ..... मिश्रपक्षपातः । **વળી આ રીતે=સમ્યક્ત્વના અભાવનું જ સર્વતો અવિરતપણું પરિભાષણ કરો છો એ રીતે, અવિરત સમ્યગ્દૃષ્ટિનું પણ મિથ્યાદર્શનવિરતિ અને અન્ય અવિરતિ દ્વારા મિશ્રપક્ષપાત**

**થશે અર્થાત્ અવિરતસમ્યગ્દષ્ટિને પણ વિરતાવિરતરૂપ મિશ્ર માનવાની આપત્તિરૂપ પક્ષપાત થશે અર્થાત્ સર્વતો અવિરતને મિથ્યાદર્શનની અવિરતિ અને અન્ય પાપસ્થાનોની અવિરતિ છે, અને અવિરતને મિથ્યાદર્શનની વિરતિ છે અને અન્ય પાપસ્થાનોની અવિરતિ છે, એમ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે.**

**इष्टापत्तिरत्र ..... अहोपुरुषिका । અહીં=ગ્રંથકારશ્રીએ किञ्च થી સર્વતો અવિરત અને અવિરત એ બે ભાંગામાં સમ્યક્ત્વને આશ્રયીને ભેદ કરવામાં આવે તો મિશ્રપક્ષપાતની પ્રાપ્તિ થશે એમ જે કહ્યું એમાં, પૂર્વપક્ષી કહે કે ઈષ્ટાપત્તિ છે અર્થાત્ સર્વતો અવિરતમાં મિશ્ર સ્વીકાર નથી, અને અવિરતમાં મિથ્યાદર્શનની વિરતિ અને અન્યની અવિરતિરૂપ મિશ્ર સ્વીકારવાની આપત્તિ અમને ઈષ્ટ છે; કેમ કે "एगच्चाओ ..... अप्पडिविरया" એ પ્રમાણે પાઠનો સ્વરસ છે અર્થાત્ એ પાઠમાં કહ્યા મુજબ એક મિથ્યાત્વશલ્યથી પ્રતિવિરત અને બીજાં પાપસ્થાનોથી અપ્રતિવિરત, એ પ્રકારના પાઠનો સ્વરસ છે, એમ પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે કે એમ ન કહેવું; કેમ કે તેનું=સૂયગડાંગસૂત્રના પાઠનું, આકાર-અનાકારાદિવિષયપણારૂપે મૂળગુણની વિરતિના અભાવની અપેક્ષાએ જ અવિરતિનું વ્યવસ્થાપિતપણું છે=મિથ્યાત્વશલ્યની વિરતિ આકારપૂર્વકની અર્થાત્ આગારપૂર્વકની અને અન્ય પાપસ્થાનોની વિરતિ અનાકારની અર્થાત્ આગારરહિતની ઈત્યાદિ વિષયપણારૂપે મોક્ષમાર્ગને અનુકૂળ એવા રત્નત્રયીરૂપ મૂળગુણની વિરતિના અભાવની અપેક્ષાએ જ અવિરતિનું વ્યવસ્થાપિતપણું છે.**

અહીં પૂર્વપક્ષી કહે કે એક મિથ્યાત્વશલ્યથી પ્રતિવિરત અને અન્ય પાપસ્થાનકોથી અપ્રતિવિરત એ પ્રકારના સૂયગડાંગના વચનમાં વિરતિના અભાવની અપેક્ષાએ મિથ્યાત્વશલ્યની અવિરતિ ગ્રહણ કરેલ નથી, પરંતુ મૂળગુણની વિરતિના અભાવની અપેક્ષાએ મિથ્યાત્વશલ્યની અવિરતિ ગ્રહણ કરેલ છે, તેમ સ્વીકારવામાં શું પ્રમાણ છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

**सम्यक्त्वाभावेन ..... अहोपुरुषिका ? વળી સમ્યક્ત્વના અભાવ વડે વિરતિ અવિરતિ જ છે, એ પ્રકારે વૃત્તિકાર વડે જ પરિભાષિત છે. એથી કરીને તારી પુરુષિકા શું ?=તારું પરાક્રમ શું ?**

✪ तस्याकारानाकारादिविषयत्वेन - અહીં अनाकारादि માં आदि થી બાહ્ય અને અભ્યંતરનું ગ્રહણ કરવું.

**एतेन ..... साम्राज्यात्, આના દ્વારા=સર્વતો અવિરત અને અવિરત એ બે ભાંગાનો અત્યંત ભેદનો અભાવ છે એમ પૂર્વમાં સ્થાપન કર્યું એના દ્વારા, ત્રીજો ભાંગો પણ=વિરતાવિરતરૂપ ત્રીજો ભાંગો પણ, વિલૂનશીર્ણ છે=નષ્ટ છે; કેમ કે સંપૂર્ણ શ્રદ્ધાના અભાવમાં એક અવિરતિનું જ સામ્રાજ્ય છે.**

અહીં પ્રશ્ન થાય કે વિરતાવિરતરૂપ ત્રીજા ભાંગામાં સંપૂર્ણ શ્રદ્ધાનો અભાવ હોવા છતાં પણ ભગવાનનાં વચનમાં કંઈક શ્રદ્ધાને કારણે સ્વઉચિત સર્વ વ્રત-નિયમ કરે છે, એ અપેક્ષાએ વિરત સ્વીકારીને વિરતાવિરત ભાંગો પાડીએ તો શું વાંધો ? તેથી કહે છે –

**यत्किञ्चित् ..... अवस्थितेः । યત્કિંચિત્ અર્થના અશ્રદ્ધાનમાં પણ=ભગવાને કહેલા ઘણા અર્થોનું શ્રદ્ધાન્ હોવા છતાં કોઈ એકાદ પણ અર્થના અશ્રદ્ધાનમાં પણ, "ભગવાને કહેલા અર્થવિષયક એક**

**પણ અર્થમાં સંદેહ હોતે છતે નિશ્ચય નષ્ટ છે=ભગવાનના વચનમાં નિશ્ચય નષ્ટ છે," એ પ્રકારે ન્યાયથી સંપૂર્ણ શ્રદ્ધાનનો અભાવ હોવાને કારણે મિથ્યાત્વની જ અવસ્થિતિ છે. તેથી મિથ્યાદૃષ્ટિની વિરતિ અવિરતિ જ છે. માટે વિરતાવિરતરૂપ ત્રીજો ભાંગો નષ્ટ છે, એમ અન્વય છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ પાશનો મત બતાવ્યો અને એ પાશનો મત તત્ત્વના વિષયમાં સંમૂર્ચ્છિતથી વિચારાયેલ છે અર્થાત્ તત્ત્વને જોવાની નિર્મળ દૃષ્ટિના અભાવને કારણે પાશ વડે છ પ્રકારના પુરુષો બતાવાયા છે. વસ્તુતઃ મિથ્યાદૃષ્ટિ, અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત અને સર્વવિરત આમ ચાર પ્રકારના વિકલ્પો છે, આમ છતાં સ્વમતિકલ્પનાથી પાશે છ પ્રકારના પુરુષો બતાવ્યા છે, તે અસંમજસ છે. તે કઈ રીતે અસમંજસ છે તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

પૂંર્વપક્ષી કાપુરુષ એવા પાશે સર્વતો અવિરત અને અવિરત એમ પ્રથમ ભાંગો અને બીજો ભાંગો પાડ્યો છે તે બરાબર નથી, તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે બાલત્વવ્યપદેશનું કારણ એવી અવિરતિ પ્રથમ ભાંગા અને બીજા ભાંગામાં સમાન છે. તેથી જે ક્રિયામાં બાળ હોય તેને અવિરતિવાળા કહીએ તો તે અપેક્ષાએ સર્વતો અવિરત અને અવિરતમાં કોઈ ભેદની પ્રાપ્તિ થાય નહિ. સર્વતો અવિરત અને અવિરતનો ભેદ કરવા માટે પૂર્વપક્ષી કહે કે અઢારે અઢાર પાપસ્થાનકો જે સેવતા હોય તે સર્વતો અવિરત છે, અને તે અઢાર પાપસ્થાનકોમાંથી કોઈક પાપસ્થાનક જેઓ સેવતા નથી, તેમનામાં અવિરતિ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે -

પૂર્વપક્ષી પાશે કર્યો એવો અર્થ કરવામાં આવે તો મિથ્યાદૃષ્ટિ એવા પણ યમ-નિયમાદિ પાળનારામાં દ્રવ્યથી હિંસાદિની નિવૃત્તિ હોય છે, તેથી તેમનામાં અઢારે પાપસ્થાનકોની પ્રાપ્તિ નથી, પરંતુ દ્રવ્યથી હિંસાદિની નિવૃત્તિ છે. માટે સર્વતો અવિરતમાં અઢારે પાપસ્થાનકોની પ્રાપ્તિરૂપ સર્વતો અવિરતપણું સંગત થાય નહિ. તેના નિવારણ માટે પૂર્વપક્ષી પાશ કહે છે કે જેમનામાં સમ્યક્ત્વનો અભાવ હોય તેમનામાં સર્વતો અવિરતપણું છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે આવો અર્થ કરીને સમ્યક્ત્વના અભાવવાળાને સર્વતો અવિરત કહેવામાં આવે અને સમ્યક્ત્વવાળામાં રહેલી અવિરતિને સામે રાખીને અવિરત કહેવામાં આવે, તો એક ભેદના આનુગુણ્યનો=અનુસરણનો, અભાવ હોવાને કારણે ફળની અસિદ્ધિ છે અર્થાત્ સર્વતો અવિરત અને અવિરત એ બંનેમાં ચારિત્રના અભાવની તરતમતાકૃત એક ભેદ સમાનપણે પ્રાપ્ત થતો નથી. તેથી સર્વતો અવિરત અને અવિરત એ પ્રકારના બે ભેદો સિદ્ધ થઈ શકે નહિ, પરંતુ મિથ્યાદૃષ્ટિ અને અવિરતસમ્યગ્દૃષ્ટિ એમ બે ભેદ પૃથક્ સિદ્ધ થઈ શકે; કેમ કે સર્વતો અવિરત અને અવિરત એ બે શબ્દોમાં સમ્યક્ત્વ અને સમ્યક્ત્વનો અભાવ એવો અર્થ દેખાતો નથી, પરંતુ સર્વતો અવિરત અને અવિરત એ બે શબ્દોમાં વિરતિની તરતમતાકૃત ભેદ છે તેવો અર્થ ફલિત થાય છે, માટે સ્વમતિ પ્રમાણે અવિરતિવાળા મિથ્યાદૃષ્ટિને સર્વતો અવિરત કહેવા અને અવિરતિવાળા સમ્યગ્દૃષ્ટિને અવિરત કહેવા એ વિકલ્પો સંગત નથી.

અહીં વિશેષ એ છે કે પૂર્વપક્ષીએ છ પુરુષના વિકલ્પો બતાવતી વખતે એમ કહેલ છે કે કુદેવ, કુગુરુ અને કુધર્મની શ્રદ્ધાવાળા સમ્યક્ત્વથી રહિત હોય તે સર્વતો અવિરત છે અને સમ્યક્ત્વથી અલંકૃત સર્વથા

વિરતિના અભાવવાળા અવિરત છે, તે કથન મિથ્યાત્વ અને સમ્યક્ત્વકૃત ભેદને આશ્રયીને બતાવેલ છે. પરંતુ સર્વતો અવિરત અને અવિરત શબ્દથી તેવો અર્થ ફલિત થતો નથી, પણ સંપૂર્ણ અવિરતિ છે અને કાંઈક ન્યૂન અવિરતિ છે, તેવો અર્થ ફલિત થાય છે. માટે સ્વમતિથી પૂર્વપક્ષી દ્વારા ઉત્પ્રેક્ષિત એવો આ પહેલો સર્વતો અવિરત અને બીજો અવિરત ભાંગો અસમંજસ છે. વસ્તુતઃ મિથ્યાદૃષ્ટિ અને અવિરત સમ્યગ્દૃષ્ટિ એ પ્રકારે બે ભાંગા પાડી શકાય.

વળી પૂર્વપક્ષી પાશ મિથ્યાદૃષ્ટિને સર્વતો અવિરત અને અવિરત સમ્યગ્દૃષ્ટિને અવિરત, એમ સ્વીકારીને કહેતો હોય કે મિથ્યાદૃષ્ટિમાં અન્ય સર્વ પાપસ્થાનકોની અવિરતિ પણ છે અને મિથ્યાત્વની વિરતિ પણ નથી, તેથી મિથ્યાદૃષ્ટિ સર્વથી અવિરત છે; અને સમ્યગ્દૃષ્ટિમાં અન્ય સર્વ પાપસ્થાનકોની અવિરતિ છે અને મિથ્યાત્વની વિરતિ છે, તેથી સર્વતો અવિરત અને અવિરત એ બે ભાંગા સંગત થઈ શકશે. તેને किञ्च થી અન્ય દોષ આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

જો પૂર્વપક્ષી અન્ય સર્વ પાપસ્થાનકોની અવિરતિ અને મિથ્યાત્વની અવિરતિને ગ્રહણ કરીને સર્વતો અવિરતને અવિરત કરતાં પૃથક્ સ્વીકારે તો અવિરત સમ્યગ્દૃષ્ટિને પણ મિથ્યાદર્શનની વિરતિ અને અન્યની અવિરતિને કારણે મિશ્ર વિરતિ છે અર્થાત્ વિરતિ-અવિરતિ છે, તેમ સ્વીકારવાની આપત્તિ આવે અર્થાત્ સર્વતો અવિરત ભાંગામાં રહેલ મિથ્યાદૃષ્ટિને અન્ય સર્વ પાપસ્થાનકોની અવિરતિ છે અને મિથ્યાદર્શનની પણ અવિરતિ છે, તેથી પ્રથમ ભાંગાવાળા સર્વતો અવિરત છે; અને બીજા ભાંગાવાળા મિથ્યાદર્શનની વિરતિવાળા અને અન્ય પાપસ્થાનકોની અવિરતિવાળા છે, તેથી બીજો ભાંગો વિરતાવિરતરૂપ મિશ્ર સ્વીકારી શકાય, પરંતુ અવિરત સ્વીકારી શકાય નહિ.

આ રીતે ગ્રંથકારશ્રીએ સર્વતો અવિરત અને અવિરત એ બે ભાંગામાં અવિરત નામના ભાંગામાં વિરતાવિરત સ્વીકારવાની આપત્તિ બતાવી. ત્યાં પૂર્વપક્ષી કહે કે અમને ઇષ્ટાપત્તિ છે; કેમ કે સૂયગડાંગ સૂત્રના પાઠનો સ્વરસ છે. તેથી સૂયગડાંગ સૂત્ર પ્રમાણે મિથ્યાદર્શનની જેમને વિરતિ છે અને અન્ય સર્વ પાપસ્થાનકોની અવિરતિ છે તેમને મિશ્રપક્ષ છે, તેમ સ્વીકારીને તેને અમે 'અવિરત' શબ્દથી કહીએ છીએ, અને જેમનામાં અન્ય પાપસ્થાનકોની વિરતિ નથી અને મિથ્યાદર્શનની પણ વિરતિ નથી, તેને અમે 'સર્વતો અવિરત' કહીએ છીએ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીનું આ કથન બરાબર નથી; કેમ કે સૂયગડાંગ સૂત્રમાં તેનું આકાર-અનાકારાદિ વિષયપણારૂપે મૂલગુણની વિરતિના અભાવની અપેક્ષાએ જ અવિરતિનું વ્યવસ્થાપિતપણું છે=મિથ્યાત્વશલ્યની વિરતિ આકારપૂર્વકની=આગારપૂર્વકની અને અન્ય પાપસ્થાનોની વિરતિ અનાકાર=આગાર રહિત ઇત્યાદિ વિષયપણારૂપે મોક્ષમાર્ગને અનુકૂળ એવા રત્નત્રયીરૂપ મૂળગુણની વિરતિના અભાવની અપેક્ષાએ જ અવિરતિનું સૂયગડાંગ સૂત્રમાં વ્યવસ્થાપિતપણું છે.

આશય એ છે કે સમ્યક્ત્વ ઉચ્ચરાવાય છે ત્યારે અન્યતીર્થિક આદિની પ્રતિમાને વંદનના નિષેધની પ્રતિજ્ઞા કરવામાં આવે છે, તે પ્રતિજ્ઞા રાજાભિયોગાદિ આગારોપૂર્વક કરવામાં આવે છે; કેમ કે મિથ્યાત્વની

વિરતિ બાહ્ય આચરણાની અપેક્ષાએ છે. તેથી જેમ કાયોત્સર્ગમાં અન્નત્થસૂત્રથી આગારપૂર્વક કાયોત્સર્ગ કરાય છે, તેમ સમ્યક્ત્વની બાહ્ય આચરણાનું પાલન આગાર સહિત છે; અને દેશવિરતિનાં બાર વ્રતોમાં કે સર્વવિરતિનાં પાંચ મહાવ્રતોમાં કોઈ આગાર નથી, પરંતુ આરંભ-સમારંભની નિવૃત્તિ કરીને નિર્લેપભાવને અનુકૂળ દેશથી ચિત્ત નિષ્પન્ન કરવાની પ્રવૃત્તિ દેશવિરતિમાં છે, અને સર્વથા નિર્લેપભાવને અનુકૂળ ચિત્ત નિષ્પન્ન કરવાની પ્રવૃત્તિ સર્વવિરતિમાં છે. આથી દેશવિરત શ્રાવકે કોઈ દિશાનું પરિમાણ કરેલું હોય તો સાંસારિક કાર્ય અર્થે પ્રાણના ભોગે પણ તે દિશામાં જતા નથી અને ધર્મવૃદ્ધિનું પ્રયોજન હોય તો તે દિશાનું પરિમાણ વ્રત પ્રવૃત્તિનું બાધક બનતું નથી; અને સર્વવિરત સાધુ સંયમવૃદ્ધિનો પ્રસંગ હોય તો નદી ઊતરે તોપણ પ્રતિજ્ઞાનો ભંગ નથી. આ રીતે સૂયગડાંગસૂત્રમાં આકાર-અનાકારવિષયપણારૂપે મોક્ષમાર્ગની પ્રવૃત્તિરૂપ મૂળગુણને સામે રાખીને અવિરતિનું વ્યવસ્થાપન કરેલ છે અર્થાત્ મોક્ષને અનુકૂળ એવો જે આત્માનો મૂળગુણ તેની વિરતિના અભાવની અપેક્ષાએ જ અવિરતિનું વ્યવસ્થાપન કરેલ છે, તેથી આગારના વિષયપણારૂપે મિથ્યાત્વશલ્યની અવિરતિ છે અને અનાગારના વિષયપણારૂપે અન્ય પાપસ્થાનોની અવિરતિ છે. માટે મિથ્યાત્વશલ્યના ત્યાગનો પણ સૂયગડાંગસૂત્રમાં વિરત શબ્દથી ઉલ્લેખ કરેલ છે. તેથી સૂયગડાંગસૂત્રના વચનને ગ્રહણ કરીને મિથ્યાદૃષ્ટિને સર્વતો અવિરત અને મિથ્યાત્વથી વિરામ પામેલા અવિરત સમ્યગ્દૃષ્ટિને અવિરત સ્વીકારીને તેમનામાં વિરતાવિરતરૂપ મિશ્રપક્ષ અમને=પૂર્વપક્ષીને, ઇષ્ટ છે એમ કહી શકાય નહિ; કેમ કે સૂયગડાંગસૂત્રના વૃત્તિકાર વડે જ સમ્યક્ત્વના અભાવથી વિરતિને અવિરતિ જ કહેલ છે, તેથી સમ્યગ્દૃષ્ટિની વિરતિને વિરતિરૂપે ગ્રહણ કરી શકાય અને મિથ્યાદૃષ્ટિની વિરતિ અવિરતિ જ છે, માટે સમ્યગ્દૃષ્ટિમાં જો કોઈપણ પ્રકારની પાપસ્થાનની વિરતિ ન હોય તો તેમનામાં મિથ્યાદર્શનની વિરતિ છે અને અન્ય પાપસ્થાનોની અવિરતિ છે, તેમ કહીને સમ્યગ્દૃષ્ટિ અવિરતિવાળા છે અને મિથ્યાદૃષ્ટિ સર્વથી અવિરતિવાળા છે, એમ કહી શકાય નહિ, માટે આ પ્રકારના સર્વતો વિરત અને અવિરત એ વિકલ્પો કરવામાં તારી શું અહોપુરુષિકા છે=પરાક્રમ છે ? અર્થાત્ અસંબદ્ધ વિભાગ કરવાનું તારું પરાક્રમ છે.

અહીં વિશેષ એ છે કે કાયોત્સર્ગમાં પચ્ચક્ખાણમાં અને સમ્યક્ત્વ વ્રત ઉચ્ચરણમાં આગારો છે; કેમ કે બાહ્ય આચરણાને સામે રાખીને ત્યાં પ્રતિજ્ઞા છે. જ્યારે દેશવિરતિનાં વ્રતોનું ગ્રહણ કે સર્વવિરતિનાં વ્રતોનું ગ્રહણ આગારપૂર્વકનું નથી; કેમ કે અંતરંગ પ્રવૃત્તિમાં યત્ન છે, તેથી અંતરંગભાવની પોષક જે બાહ્ય પ્રવૃત્તિ હોય તે પ્રમાણ છે, આથી છકાયની પ્રતિજ્ઞાવાળા સાધુ નદી ઊતરે છે, આમ છતાં ત્યાં પ્રતિજ્ઞાભંગ થતો નથી.

પૂર્વમાં સર્વતો અવિરત અને અવિરત એ બે ભાંગા પૂર્વપક્ષી જે રીતે પાડે છે, તે રીતે પડતા નથી, એમ ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું. એ કથનથી જ પૂર્વપક્ષીનો વિરતાવિરતરૂપ ત્રીજો ભાંગો પણ પૃથક્ સિદ્ધ થતો નથી; કેમ કે પૂર્વપક્ષીએ બતાવેલા વિરતાવિરતરૂપ ત્રીજા ભાંગામાં સંપૂર્ણ શ્રદ્ધાનો અભાવ હોતે છતે તેમની વ્રતોની આચરણા પણ અવિરતિ છે, તેથી અવિરતિરૂપ ભાંગામાં જ તેનો અંતર્ભાવ થાય છે અર્થાત્ (૧) મિથ્યાદૃષ્ટિ અને (૨) અવિરતિ એમ બે ભાંગા પડે છે, અને પ્રથમ મિથ્યાદૃષ્ટિના ભાંગામાં જ વિરતાવિરત ત્રીજો ભાંગો અંતર્ભાવ પામે છે; કેમ કે મિથ્યાત્વ અવસ્થામાં જે કાંઈપણ વિરતિની આચરણા છે તે અવિરતિ છે.

વળી આ ત્રીજા ભાંગામાં ભગવાને કહેલા કોઈક અર્થમાં અશ્રદ્ધાન છે એમ પૂર્વપક્ષી કહે છે અને મિથ્યાદૃષ્ટિ કરતાં કાંઈક અશ્રદ્ધાવાળાને જુદા પાડે છે અર્થાત્ પ્રથમ સર્વતો અવિરત ભાંગામાં લેશ પણ સમ્યક્ત્વ નથી, તેમ કહે છે, અને ત્રીજા વિરતાવિરત ભાંગામાં પૂર્ણ સમ્યક્ત્વનો અભાવ હોવા છતાં કોઈક સ્થાનમાં સંદેહ હોવાથી કંઈક ભગવાનના વચનમાં શ્રદ્ધાનરૂપ કંઈક સમ્યક્ત્વ છે, તેમ કહે છે. તે કથનથી શું ફલિત થાય ? તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભગવાને કહેલા એક પણ અર્થમાં સંદેહ હોતે છતે તેને ભગવાનના વચનમાં નિશ્ચય નષ્ટ છે, એ પ્રકારની યુક્તિ હોવાથી ભગવાનના કોઈપણ અર્થમાં અશ્રદ્ધાન હોય તો તેનામાં સંપૂર્ણ શ્રદ્ધાનો અભાવ છે, માટે તે મિથ્યાદૃષ્ટિ છે. તેથી પ્રથમ સર્વતો અવિરત ભાંગામાં લેશ પણ સમ્યક્ત્વ નથી, તેમ ત્રીજા વિરતાવિરત ભાંગાવાળા પુરુષમાં પણ લેશ પણ સમ્યક્ત્વ નથી, અને જેમનામાં લેશ પણ સમ્યક્ત્વ ન હોય તે મિથ્યાદૃષ્ટિ ભાંગામાં જ અંતર્ભાવ પામે. તેથી એક મિથ્યાદૃષ્ટિ અને બીજો અવિરતસમ્યગ્દૃષ્ટિ એમ બે ભાંગા અવસ્થિત રહે છે, પરંતુ મિથ્યાદૃષ્ટિ અને અવિરતસમ્યગ્દૃષ્ટિ એ બે કરતાં પૃથગ્ વિરતાવિરતરૂપ ભાંગો સિદ્ધ થતો નથી.

**ટીકા :-**

**चतुर्थे च भङ्गे** "तमेव सच्चं०" **इत्यादि संक्षेपरुचिसम्यक्त्वसद्भावाद्देशतो विरत्या देशविरतिः संपन्नेति केयं वाचोयुक्तिः यदुत 'सर्वतो विरताविरतिः न तु देशविरति' रिति, विशेषपरिज्ञानाभावेऽपि तादृशसम्यक्त्वेन माषतुषादीनां सर्वविरतिरप्यखण्डा प्रसिद्धेति किमपराद्धं देशविरत्या ? येन सा तद्वतां न भवेत् ? एवं वदंश्च सिद्धान्तलेशमपि नाघ्रातवान् हताशः । तथा चोक्तं भगवत्यां** "से नूणं भंते ! तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइअं ? हंता गो ! तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं । से नूणं भंते ! एवं मणे धारेमाणे एवं पकरेमाणे, एवं चिट्ठमाणे, एवं संवरेमाणे आणाए आराहए भवति ? हंता गो० ! तं चेव" **त्ति । जीवादिविशेषपरिज्ञानाभावेन च मूलतः सम्यक्त्वाभावोक्तौ, षट्कायपरिज्ञानवतोऽपि स्याद्वादसाधनानभिज्ञस्य न सम्यक्त्वमित्युपरितनदृष्टौ तव सर्वमिन्द्रजालायते, तदुक्तं सम्मतौ-** "छप्पिवि जीवनिकाए सद्दहमाणो न सद्दहइ भावा । हंदी अपज्जवेसु सद्दहणा होइ अविभत्ता" ।। **[सम्मति० कांड-३ गा०-२८] प्रकरणोक्तिरियमिति चेत् ? किमुत्तराध्ययनेष्वपि नाधीता ? न स्मृता वा? तदुक्तम् -** "दव्वाणं सव्वभावा सव्वपमाणेहिं जस्स उवलद्धा । सव्वाहिं णयविहीहिं वित्थाररुइ त्ति णायव्वो"।। **[उत्तरा० अ०-२८, गा०-२४] त्ति, विशेषाभावेऽपि सामान्याक्षतिश्चावयोस्तुल्या, एवं** "ण इमं सक्कमागारमावसंतेहिं" **[आचाराङ्ग १-५-३] इत्यादिनापि न व्यामोहः कार्यः, सूत्रस्य नयगम्भीरत्वान्नयगतेश्च विचित्रत्वात् ।**

**ટીકાર્થ :-**

चतुर्थे च ..... देशविरति'रिति, **અને ચોથા ભાંગામાં 'તમેવ સચ્ચં' ઈત્યાદિ સંક્ષેપરુચિ સમ્યક્ત્વનો સદ્ભાવ હોવાથી દેશથી વિરતિ હોવાને કારણે દેશવિરતિ સંપન્ન છે=ચોથા ભાંગામાં દેશવિરતિ પ્રાપ્ત**

**છે, એ હેતુથી આ શું વચનયુક્તિ છે કે સર્વતો વિરતાવિરતિ છે પરંતુ દેશવિરતિ નથી=ચોથા ભાંગાવાળા પુરુષમાં સર્વતો વિરતાવિરતિ છે, પરંતુ દેશવિરતિ નથી, એમ સ્વીકારવામાં કોઈ વચનયુક્તિ નથી.**

**'इति' શબ્દ यदुत ના કથનની સમાપ્તિસૂચક છે.**

ચોથા ભાંગામાં દેશવિરતિ છે, પરંતુ સર્વતો વિરતાવિરતિ નામની કોઈ વસ્તુ નથી. એ બતાવવા માટે ગ્રંથકારશ્રી યુક્તિ બતાવે છે –

**विशेषपरिज्ञान ..... हताशः । વિશેષના પરિજ્ઞાનના અભાવમાં પણ તેવા પ્રકારના સમ્યક્ત્વથી='तमेव सच्चं.' ઈત્યાદિ વચનથી અભિવ્યક્ત થતા સમ્યક્ત્વથી, માષતુષાદિને સર્વવિરતિ પણ અખંડ પ્રસિદ્ધ છે. એથી દેશવિરતિ વડે શું અપરાધ છે, જે કારણથી તે વાળાની='तमेव सच्चं. ઈત્યાદિ સમ્યક્ત્વવાળાની, તે=અંશથી વિરતિની આચરણા, દેશવિરતિ ન થાય ? અને આ પ્રમાણે બોલતા=ચોથા ભાગમાં 'तमेव सच्चं.' રૂપ સમ્યક્ત્વને સ્વીકારીને અને અંશથી વિરતિની આચરણાને સ્વીકારીને પણ તે પુરુષને સર્વતોવિરતાવિરત કહે છે, એ પ્રમાણે બોલતા, હણાયેલી આશાવાળો એવો પૂર્વપક્ષી=પાશ સિદ્ધાંતના લેશને પામ્યો નથી.**

**तथा चोक्तं भगवत्याम् - તે પ્રમાણે=પૂર્વમાં કહ્યું કે 'तमेव सच्चं निस्संकं' ઈત્યાદિથી અભિવ્યક્ત થતા સંક્ષેપરુચિવાળા જીવો સમ્યગ્દૃષ્ટિ છે, અને તેઓની વિરતિની આચરણા વિરતિરૂપ છે, તે પ્રમાણે, ભગવતીમાં કહેવાયું છે.**

"से नूणं भंते ..... चेव" त्ति હે ભગવંત ! તે જ સત્ય નિઃશંક છે, જે જિનેશ્વરો વડે કહેવાયું છે ? આ પ્રમાણે ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે. ભગવાન તેનો ઉત્તર આપે છે : 'હે ગૌતમ ! તે જ સત્ય નિઃશંક છે, જે જિનેશ્વરો વડે કહેવાયું છે.'

હે ભગવંત ! આ પ્રમાણે=ભગવાને કહ્યું છે તે જ સત્ય છે એ પ્રકારે મનમાં ધારણ કરનાર, એ પ્રમાણે કરનાર, એ પ્રમાણે ચેષ્ટા કરનાર અને એ પ્રમાણે સંવર કરનાર આજ્ઞાનો આરાધક થાય છે ? એમ ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે. ભગવાન તેનો ઉત્તર આપે છે –

હા ગૌતમ ! તેમ જ છે=ભગવાને કહ્યું છે તે જ સત્ય છે. એ પ્રકારે મનમાં ધારણ કરનાર ઈત્યાદિવાળો પુરુષ આજ્ઞાનો આરાધક થાય છે, તે તેમ જ છે.

**त्ति શબ્દ ભગવતીના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.**

પૂર્વમાં કહ્યું કે વિશેષના પરિજ્ઞાનના અભાવમાં પણ તેવા પ્રકારના સમ્યક્ત્વને કારણે માષતુષાદિને સર્વવિરતિ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે, તેની જેમ તેવા પ્રકારના સમ્યક્ત્વવાળો પુરુષ દેશથી વિરતિ પાળતો હોય તો તેને દેશવિરતિ સ્વીકારવી જોઈએ, પરંતુ તેવા પુરુષને સર્વતો વિરતાવિરત કહેવો ઉચિત નથી. આમ છતાં પૂર્વપક્ષી કહે કે 'तमेव सच्चं.' ઇત્યાદિ વચનથી સંક્ષેપરુચિ સમ્યક્ત્વને ધારણ કરનારા પુરુષમાં જીવાદિ પદાર્થોનું વિશેષ જ્ઞાન નથી, માટે તેમાં મૂળથી સમ્યક્ત્વ નથી. તેથી તેવા પુરુષને અમે સર્વતો વિરતાવિરત સ્વીકારીએ છીએ. આ પ્રકારના પૂર્વપક્ષીના કથનને સામે રાખીને ગ્રંથકારશ્રી તેને આપત્તિ આપતાં કહે છે -

**जीवादि ..... इन्द्रजालायते, અને જીવાદિના વિશેષ પરિજ્ઞાનના અભાવને કારણે મૂળથી સમ્યક્ત્વનો અભાવ કહેવાયે છતે ષટ્કાયના પરિજ્ઞાનવાળાને પણ=જીવાદિના વિશેષ પરિજ્ઞાનવાળાને પણ, સ્યાદ્વાદની સિદ્ધિના અનભિજ્ઞને સમ્યક્ત્વ નથી, એ પ્રકારની ઉપરિતન દૃષ્ટિનું ગ્રહણ કરાયે છતે, તારું સર્વ કથન=તારું ચોથા વિરતાવિરત ભાંગાનું અને પાંચમા શ્રમણોપાસક દેશવિરત ભાંગાના વિભાગનું સર્વ કથન, ઇંદ્રજાલ જેવું થાય છે=મૃષા થાય છે.**

**तदुक्तं सम्मतौ - તે=ષટ્કાયના પરિજ્ઞાનવાળા પુરુષને પણ જો સ્યાદ્વાદની સિદ્ધિમાં અનભિજ્ઞ હોય તો તેનામાં સમ્યક્ત્વ નથી તે, સંમતિમાં કહેવાયું છે –**

"छप्पि वि ..... अविभत्ता" છએ પણ જીવનિકાયની શ્રદ્ધા કરનારો પુરુષ ભાવથી શ્રદ્ધા કરતો નથી=છ જીવનિકાયના પરિજ્ઞાનપૂર્વક ભગવાને જે પ્રકારે છ જીવનિકાયનું સ્વરૂપ બતાવ્યું છે, તે પ્રકારે ભગવાનના વચનની શ્રદ્ધા કરનારો પુરુષ સ્વદર્શન અને પરદર્શનને જાણનારો ન હોય તો ભાવથી શ્રદ્ધા કરતો નથી અર્થાત્ ભાવથી ભગવાનના વચનમાં શ્રદ્ધા કરતો નથી.

**ષટ્કાયના પરિજ્ઞાનવાળા એવો પણ પુરુષ જો સ્વદર્શન અને પરદર્શનને જાણનારો ન હોય તો તેને ભગવાનના વચનમાં ભાવથી શ્રદ્ધા કેમ નથી ? તે સંમતિના ઉદ્ધરણના ઉત્તરાર્ધથી બતાવે છે -**

અપર્યાયોમાં અવિભક્ત શ્રદ્ધા થાય છે.

**અહીં પૂર્વપક્ષી કહે કે જીવાદિના વિશેષ પરિજ્ઞાનવાળા પુરુષને સ્યાદ્વાદની સિદ્ધિનું જ્ઞાન ન હોય તો તેનામાં સમ્યક્ત્વ નથી એ કથન તમે સંમતિના બળથી સ્થાપન કરીને અમારા કથનને ઇન્દ્રજાળ જેવું કહ્યું, પરંતુ સંમતિ એ આગમવચન નથી, પરંતુ પ્રકરણ વચન છે. માટે તેને પ્રમાણ કરીને અમારા કથનનું નિરાકરણ થાય નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –**

**આ=સંમતિમાં કહ્યું એ, પ્રકરણ વચન છે એમ જો તું=પૂર્વપક્ષી કહે છે તો ઉત્તરાધ્યયનમાં પણ શું આ ઉક્તિ=વચન તારા વડે ભણાયું નથી ? કે સ્મરણ કરાયું નથી ?**

**तदुक्तम् - તે કહેવાયું છે=સંમતિપ્રકરણમાં જે કહેવાયું તે, ઉત્તરાધ્યયનમાં પણ કહેવાયું છે –**

"दव्वाणं ..... णायव्वो" त्ति । દ્રવ્યોના સર્વ ભાવો સર્વ પ્રમાણ વડે જેને પ્રાપ્ત થયા છે, તે સર્વ નયોની વિધિથી વિસ્તારરુચિ છે એ પ્રમાણે જાણવું.

**'त्ति=इति શબ્દ ઉત્તરાધ્યયનના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.**

સર્વ દર્શનના જાણનાર પુરુષને જેવું જૈનદર્શનનું વિશેષ જ્ઞાન છે, તેવું વિશેષ જ્ઞાન ષટ્કાયના પરિજ્ઞાનવાળા ગીતાર્થ સાધુને નથી, તોપણ તેમને ભગવાનના વચનનું સામાન્ય જ્ઞાન યથાર્થ છે, માટે તેનામાં સમ્યગ્દર્શન છે, તેથી ષટ્કાયના પરિજ્ઞાનવાળા પુરુષને અમે સમ્યગ્દૃષ્ટિ સ્વીકારીશું અને 'तमेव सच्चं.' વચનથી શ્રદ્ધા કરનારમાં મૂળથી સમ્યક્ત્વનો અભાવ સ્વીકારીશું, જેથી મૂળથી સમ્યક્ત્વના અભાવવાળા અને 'तमेव सच्चं.' વચનથી ભગવાનના વચનમાં શ્રદ્ધા કરનાર પુરુષમાં સર્વતોવિરતાવિરતરૂપ ભાંગો સંગત થશે, એમ પૂર્વપક્ષી કહે તો, તેના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

**विशेषाभावेऽपि ... तुल्या । વિશેષના અભાવમાં પણ સામાન્યની અક્ષતિ છે=સ્યાદ્વાદની સિદ્ધિના જ્ઞાનરૂપ વિશેષ જ્ઞાનના અભાવમાં પણ ષટ્કાયના પરિજ્ઞાનવાળા પુરુષમાં ભગવાને બતાવેલા છકાયના પરિજ્ઞાનરૂપ સામાન્ય જ્ઞાનની અક્ષતિ છે, એમ પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે કે એ અક્ષતિ આપણે બંનેને તુલ્ય=સમાન છે=જેમ પૂર્વપક્ષીના સ્વીકાર પ્રમાણે વિશેષનું અપરિજ્ઞાન હોવા છતાં ષટ્કાયનું પરિજ્ઞાન જે પુરુષમાં છે, તેનામાં સામાન્ય બોધ છે માટે સમ્યક્ત્વ છે, તેમ 'तमेव सच्चं.'થી સંક્ષેપ રુચિવાળા જીવોમાં ષટ્કાયના પરિજ્ઞાનરૂપ વિશેષ જ્ઞાનનો અભાવ હોવા છતાં પણ ભગવાને જે કાંઈ કહ્યું છે તે સર્વ સત્ય છે એ રૂપ સામાન્ય પરિજ્ઞાન છે. તેથી પૂર્વપક્ષીના મત પ્રમાણે અને ગ્રંથકારશ્રીના મત પ્રમાણે બંને ઠેકાણે સમાનતા છે. માટે જો પૂર્વપક્ષી ષટ્કાયના પરિજ્ઞાનવાળા પુરુષને સમ્યગ્દૃષ્ટિ સ્વીકારે તો 'तमेव सच्चं.' સ્વીકારનારા પુરુષમાં પણ તેણે સમ્યક્ત્વ સ્વીકારવું જોઈએ, અને તેમ પૂર્વપક્ષી સ્વીકારે તો, સંક્ષેપરુચિવાળા એવા સમ્યગ્દૃષ્ટિમાં જે દેશથી વિરતિ છે, તેને આશ્રયીને તેને દેશવિરત કહી શકાય, પરંતુ સર્વતોવિરતાવિરત કહી શકાય નહિ. માટે સર્વતોવિરતાવિરતરૂપ ચોથો ભાંગો અને શ્રમણોપાસક દેશવિરતિરૂપ પાંચમો ભાંગો એ બે ભાંગા જુદા પડી શકે નહિ, એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે.**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું, એનાથી એ ફલિત થાય કે 'तमेव सच्चं.' ઇત્યાદિ દ્વારા જેઓ સંક્ષેપરુચિવાળા છે, તેમનામાં જે સંક્ષેપરુચિ સમ્યક્ત્વ છે, તેના કરતાં ષટ્કાયના પરિજ્ઞાનવાળા એવા ગીતાર્થોને ઉપરિતન ભૂમિકાનું સમ્યક્ત્વ છે; કેમ કે અતિસંક્ષેપરુચિ કરતાં કાંઈક વિસ્તારરુચિવાળું સમ્યક્ત્વ છે; અને તેના કરતાં સ્યાદ્વાદની સાધનાના અભિજ્ઞને વિશેષ કોટિનું વિસ્તારરુચિ સમ્યક્ત્વ છે; અને તેને આશ્રયીને ષટ્કાયના પરિજ્ઞાનવાળા પણ પુરુષમાં ભાવથી શ્રદ્ધા નથી તેમ સંમતિમાં કહ્યું છે. આ રીતે ત્રણે પ્રકારના પુરુષમાં સમ્યક્ત્વ છે એ વિષયમાં મોહ કરવા જેવો નથી, અને એની જેમ નિશ્ચયનયના સમ્યક્ત્વને ગ્રહણ કરીને આચારાંગમાં જે કહ્યું છે, તેને આશ્રયીને પણ મોહ કરવા જેવો નથી, એમ બતાવીને ગંભીરતાપૂર્વક સૂત્રોના અર્થોને ઉચિત સ્થાને જોડવા જોઈએ, પરંતુ સ્વમતિ પ્રમાણે યથા-તથા જોડીને 'तमेव सच्चं.' સ્વીકારનાર પુરુષમાં મૂળથી સમ્યક્ત્વ નથી, તેમ કહેવું ઉચિત નથી. તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**एवं ..... विचित्रत्वात् । આ રીતે=પૂર્વમાં 'तमेव सच्चं.' સ્વીકારનાર, ષટ્કાયના પરિજ્ઞાનવાળા અને સ્યાદ્વાદના પરિજ્ઞાનવાળાએ ત્રણ પ્રકારના પુરુષોમાં સમ્યક્ત્વ છે, એમ સ્થાપન કર્યું, અને તેના દ્વારા 'तमेव सच्चं.' સ્વીકારનાર પુરુષમાં સમ્યક્ત્વ નથી એમ વ્યામોહ કરવો જોઈએ નહિ, એમ પૂર્વમાં કહ્યું એ રીતે,** "આ=નિરતિચાર સંયમનું કારણ બને એવું સમ્યક્ત્વ, અગારમાં વસનારા પુરુષ દ્વારા શક્ય નથી" **ઈત્યાદિ વચન વડે પણ વ્યામોહ કરવો જોઈએ નહિ અર્થાત્ આ વચનને ગ્રહણ કરીને અપ્રમત્ત મુનિ સિવાય કોઈનામાં સમ્યક્ત્વ નથી, એ પ્રકારે વ્યામોહ કરવો જોઈએ નહિ; કેમ કે સૂત્રનું નયગંભીરપણું છે અને નયગતિનું વિચિત્રપણું છે અર્થાત્ જેમ 'तमेव सच्चं.' સ્વીકારનાર પુરુષને સંક્ષેપરુચિ સમ્યક્ત્વ સ્વીકારીને ભગવતીસૂત્રમાં ભગવાનના વચન પ્રમાણે અનુસરનારા પુરુષમાં ભાવથી ચારિત્રનો સ્વીકાર કર્યો તે,**

**અને સંમતિગ્રંથમાં છજીવનિકાયના શ્રદ્ધાવાળા એવા ગીતાર્થ સાધુમાં પણ સ્યાદ્વાદના પરિજ્ઞાનના અભાવના કારણે સમ્યક્ત્વનો અભાવ કહ્યો તે, ભગવતીસૂત્ર અને સંમતિગ્રંથનું સૂત્ર ભિન્ન ભિન્ન નયદૃષ્ટિવાળું ગંભીર છે, અને નયની દૃષ્ટિ વિચિત્ર છે. તેથી ગંભીર નયોના પરમાર્થને યથાસ્થાને જોડીને તેનો અર્થ કરવો જોઈએ; પરંતુ ગંભીર એવી નયદૃષ્ટિનો યથાસ્થાને વિનિયોગ કર્યા વગર સંમતિના વચનને ગ્રહણ કરીને 'तमेव सच्चं.' સ્વીકારનાર પુરુષમાં સમ્યક્ત્વ નથી એમ કહેવું ઉચિત નથી, તેમ આચારાંગસૂત્રનું 'ण इमं' ..... ઈત્યાદિ સૂત્ર ગ્રહણ કરીને અપ્રમત્ત મુનિ સિવાય કોઈનામાં સમ્યક્ત્વ નથી એમ કહેવું પણ ઉચિત નથી.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં પૂર્વપક્ષીએ છ પ્રકારના પુરુષો બતાવીને ચોથા પ્રકારના પુરુષને સર્વતો વિરતાવિરત સ્વીકારેલ તે ચોથો ભાંગો શ્રમણોપાસક દેશવિરતરૂપ પાંચમા ભાંગાથી પૃથક્ નથી, તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે -

પૂર્વપક્ષીએ કરેલ સર્વતો વિરતાવિરતરૂપ ચોથા ભાંગામાં 'तमेव सच्चं.' ઇત્યાદિ સંક્ષેપરુચિ સમ્યક્ત્વનો સદ્ભાવ હોવાથી અને કુળક્રમથી આવેલ વિરતિનું પાલન હોવાથી દેશવિરતિની જ પ્રાપ્તિ છે. તેથી સર્વતો વિરતાવિરતરૂપ ચોથા ભાંગામાં દેશવિરતિ નથી અને સર્વતો વિરતાવિરતિ છે એમ કહેવું તે યુક્તિરહિત છે, તેની પુષ્ટિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

વિશેષના પરિજ્ઞાનના અભાવમાં પણ तमेव सच्चं. ..... ઇત્યાદિ વચનથી સ્થિર શ્રદ્ધાવાળા એવા *માષતુષાદિ મુનિને શાસ્ત્રમાં સર્વવિરતિ સ્વીકારેલ છે.* તેથી તેવી શ્રદ્ધાવાળા કોઈ દેશવિરતિનું પાલન કરતા હોય ત્યારે તેમને દેશવિરતિ નથી, તેમ કેમ કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહિ.

અહીં પૂર્વપક્ષી કહે : માષતુષાદિ મુનિને જીવાદિ વિશેષના પરિજ્ઞાનના અભાવને કારણે સમ્યક્ત્વનો અભાવ છે તેથી तमेव सच्चं ઇત્યાદિથી માષતુષાદિને ભગવાનના વચનમાં શ્રદ્ધા હોવા છતાં તેમની સર્વવિરતિની આચરણા સર્વવિરતિરૂપ નથી; તેમ तमेव सच्चं માનનાર અને દેશવિરતિનું પાલન કરનાર શ્રાવકમાં પણ જીવાદિનો વિશેષ બોધ નહિ હોવાને કારણે દેશવિરતિ નથી, માટે દેશવિરતિથી સર્વતો વિરતાવિરતરૂપ ચોથો ભાંગો પૃથક્ પ્રાપ્ત થશે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જીવાદિના વિશેષ પરિજ્ઞાનના અભાવને કારણે માષતુષાદિમાં સમ્યક્ત્વનો અભાવ કહેવામાં આવે તો ષટ્કાયના પરિજ્ઞાનવાળા પુરુષમાં પણ સ્યાદ્વાદની સિદ્ધિ કરવાની શક્તિ ન હોય તો સમ્યક્ત્વ નથી, એ પ્રકારની ઉપરિતન નયની દૃષ્ટિના વિવેકમાં ચારિત્ર પાળનારા અને સ્યાદ્વાદના પરમાર્થને નહિ જાણનારા એવા સર્વ સાધુઓને પણ સર્વવિરતિ નથી, તેમ સ્વીકારવાની તને=પૂર્વપક્ષીને, આપત્તિ આવે. તેથી તારું=પૂર્વપક્ષીનું, સર્વ કથન ઇંદ્રજાળ જેવું સિદ્ધ થાય અર્થાત્ છ પ્રકારના પુરુષના જે વિકલ્પો તેં કર્યા છે તે સર્વ ઇંદ્રજાલ જેવા થાય. વસ્તુતઃ સ્વદર્શન અને પરદર્શનના પરમાર્થને જાણનારા અને સ્યાદ્વાદથી પરિષ્કૃત મતિવાળા એવા સર્વવિરતિ પાળનારા સર્વવિરતિધર છે, અને તેવા સ્યાદ્વાદથી પરિષ્કૃત મતિવાળા દેશવિરતિધર છે, અને અન્ય સર્વ દેશવિરતિવાળા કે સર્વવિરતિવાળા નથી, તેમ સ્વીકારવાની પૂર્વપક્ષીને આપત્તિ આવે.

વળી જીવાદિ વિશેષના પરિજ્ઞાનના અભાવવાળા એવા માષતુષાદિને સમ્યક્ત્વ નથી, તેમ પૂર્વપક્ષી પાશદોષાકર કહે તો છકાયના પરિજ્ઞાનવાળામાં પણ સ્યાદ્વાદનો બોધ ન હોય તો સમ્યક્ત્વ નથી, તેની સિદ્ધિ ગ્રંથકારશ્રીએ સંમતિના વચનથી સ્થાપન કરેલ છે. ત્યાં પૂર્વપક્ષી કહે છે –

આ સંમતિનું વચન પ્રકરણનું વચન છે, તેથી સંમતિના વચનને પ્રમાણ કરીને ષટ્કાયના પરિજ્ઞાનવાળાને સ્યાદ્વાદનો બોધ ન હોય એટલા માત્રથી સમ્યક્ત્વ નથી, તેમ સ્વીકારી શકાય નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

ઉત્તરાધ્યયનમાં પણ તેની પુષ્ટિ કરનારું વચન તેં=પૂર્વપક્ષીએ જાણ્યું નથી અર્થાત્ ઉત્તરાધ્યયનમાં સ્પષ્ટ કર્યું છે કે દ્રવ્યોના સર્વ ભાવો સર્વ પ્રમાણ વડે, સર્વ નયોની વિધિ વડે જેમના વડે પ્રાપ્ત કરાયા છે, તે વિસ્તારરુચિ સમ્યક્ત્વવાળા જાણવા. તેથી ષટ્કાયના પરિજ્ઞાનવાળા પણ વિસ્તારરુચિ સમ્યક્ત્વવાળા નથી. માટે જો तमेव सच्चं વાળાને સમ્યક્ત્વ નથી, તેમ સ્વીકારીને દેશવિરતિ પાલન કરનારમાં પણ દેશવિરતિ નથી, પરંતુ સર્વતો વિરતાવિરતિ છે, તેમ સ્વીકારવામાં આવે તો, વિસ્તારરુચિ સમ્યક્ત્વ જેમનામાં નથી તેવા ષટ્કાયના પરિજ્ઞાનવાળા સાધુમાં પણ સમ્યક્ત્વ નથી, તેમ સ્વીકારવાની આપત્તિ આવે. તેની સામે પૂર્વપક્ષી કહે છે –

વિસ્તારરુચિરૂપ વિશેષ જ્ઞાનનો અભાવ હોવા છતાં પણ સામાન્યથી ભગવાનના વચનમાં સ્થિરશ્રદ્ધાવાળા અને ષટ્કાયના પરિજ્ઞાનવાળાને અમે સમ્યક્ત્વ સ્વીકારીશું, તેથી કોઈ દોષ પ્રાપ્ત થશે નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જેમ ષટ્કાયના પરિજ્ઞાનવાળાને સમ્યક્ત્વ સ્વીકારી શકાય અને तमेव सच्चं ઇત્યાદિ વચનથી થયેલી સ્થિર શ્રદ્ધાવાળા માસતુષાદિમાં પણ સમ્યક્ત્વ સ્વીકારી શકાય, અને સર્વવિરતિના પાલનને કારણે સર્વવિરતિ પણ સ્વીકારી શકાય, તેની જેમ तमेव सच्चं ઇત્યાદિ વચનથી સ્થિરશ્રદ્ધાવાળા અને દેશવિરતિનું પાલન કરનારમાં પણ દેશવિરતિ સ્વીકારી શકાય.

પૂર્વમાં સ્થાપન કર્યું કે સ્યાદ્વાદની સિદ્ધિના અનભિજ્ઞને અને ષટ્કાયના પરિજ્ઞાનવાળાને વિસ્તારરુચિ સમ્યક્ત્વ નથી, તોપણ સંક્ષેપરુચિ સમ્યક્ત્વ છે. વળી સ્યાદ્વાદના અનભિજ્ઞ કરતાં ષટ્કાયના પરિજ્ઞાનવાળાને સંક્ષેપરુચિ સમ્યક્ત્વ છે. વળી ષટ્કાયના પરિજ્ઞાનવાળા કરતાં પણ तमेव सच्चं વાળાને અધિક સંક્ષેપરુચિ સમ્યક્ત્વ છે, અને તેમ સ્વીકારીએ તો तमेव सच्चं એ વચનની શ્રદ્ધાવાળા અને શ્રાવકના આચાર પાળનારમાં દેશવિરતિ સ્વીકારવામાં કોઈ બાધ નથી. એ રીતે આચારાંગ સૂત્રમાં નિશ્ચયનયના સમ્યક્ત્વને લઈને અપ્રમત્ત મુનિને સમ્યક્ત્વ સ્વીકારેલું છે, તેને ગ્રહણ કરીને અપ્રમત્ત મુનિ સિવાયના સર્વને સમ્યક્ત્વ નથી, એ પ્રમાણે વ્યામોહ કરવો જોઈએ નહિ; કેમ કે સૂત્રનું નયગંભીરપણું છે અર્થાત્ દરેક શાસ્ત્રનાં વચનો કોઈ કોઈ નયથી હોય છે. તેથી સંમતિમાં સ્યાદ્વાદના અનભિજ્ઞને સમ્યક્ત્વ નથી તેમ કહ્યું તે ભિન્ન નયથી છે, અને આચારાંગમાં અપ્રમત્ત મુનિ સિવાયના કોઈને સમ્યક્ત્વ નથી એમ કહ્યું તે ભિન્ન નયથી છે. તેથી સૂત્રના નયગંભીરપણાનો વિચાર કરીને વ્યામોહ કરવો જોઈએ નહિ, પરંતુ ઉચિત સ્થાને નયોનું યોજન કરવું

જોઈએ; કેમ કે નયની ગતિ વિચિત્ર છે. તેથી ઉચિત સ્થાને નયોને ન જોડવામાં આવે તો શાસ્ત્રના તાત્પર્યનો અપલાપ થાય. આ પ્રમાણે કહીને ગ્રંથકારશ્રીને એ કહેવું છે કે तमेव सच्चं ની શ્રદ્ધાવાળા અને દેશવિરતિનું પાલન કરનારમાં દેશવિરતિ નથી, તેમ સ્થાપન કરવું ઉચિત નથી, પરંતુ ચતુર્થ ગુણસ્થાનકમાં રહેલું સમ્યક્ત્વ तमेव सच्चं શ્રદ્ધાવાળા પુરુષમાં છે અને તેવા સમ્યક્ત્વને ધારણ કરનારા જે મહાત્માઓમાં દેશવિરતિનું પાલન છે, તેઓમાં દેશવિરતિ છે.

વળી અન્ય નયથી ગીતાર્થને સમ્યક્ત્વ સ્વીકાર્યું, તેથી ષટ્કાયના પરિજ્ઞાન વગરનાને સમ્યક્ત્વ નથી, એમ ગ્રહણ કરીને વ્યામોહ કરવો જોઈએ નહિ, પરંતુ સર્વનયોને ઉચિત સ્થાને જોડીને ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળા અને દેશવિરતિ પાલન કરનારમાં દેશવિરતિ છે, તેમ સ્વીકારવું જોઈએ.

**ઉત્થાન :-**

પૂર્વમાં चतुर्थे च भङ्गे ..... नयगति विचित्रत्वात् । સુધીના કથન દ્વારા ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે શ્રમણોપાસક દેશવિરતરૂપ પાંચમા ભાંગાથી સર્વતો વિરતાવિરતરૂપ ચોથો ભાંગો પૃથક્ પ્રાપ્ત થતો નથી, તેથી પૂર્વપક્ષીનું સર્વતો વિરતાવિરતરૂપ ચોથા ભાંગાનું કથન અસંબદ્ધ છે. ત્યાં પૂર્વપક્ષી કહે છે –

**ટીકા :-**

**इदं तु तव दुस्तरवारिब्रूडनभयं स्यात्, यदुत भक्तिरागेण देवपूजाप्रवृत्तावारम्भात्संयमक्षत्या कथं देशविरतिरिति? तेन भक्तिरागेण संयमासंयमापरिगणनाद्विरताविरतिरेव न देशविरतिरिति । तत्तु महामोहाभिनिवेशेनागणितपरलोकभयस्य तवैव दुस्तरवारिकृत्यम्, असदारम्भपरित्यागेन सदारम्भप्रवृत्तौ शुभयोगतः संयमक्षतिभयाभावाद्, भक्तिरागस्य प्रशस्तत्वे दोषाभावात्, तस्यैव च दोषत्वे विदुषोऽपि बलात् प्रवृत्तिप्रसङ्गाच्च, न हि विद्वानपि रागौत्कट्यादसमञ्जसे न प्रवर्त्तते ।**

**ટીકાર્થ :-**

**इदं तु ..... स्यात्, વળી આ તમને=ગ્રંથકારશ્રીને, દુસ્તરવારિ બ્રૂડનનો ભય થશે. અર્થાત્ શ્રમણોપાસક દેશવિરતિરૂપ પાંચમા ભાંગાથી સર્વતો વિરતાવિરતરૂપ ચોથા ભાંગાને પૃથક્ નહિ સ્વીકારો તો ઉત્સૂત્રભાષણને કારણે દુઃખે કરીને તરી શકાય એવા સંસારસમુદ્રમાં ડૂબવાનો ભય પ્રાપ્ત થશે.**

ચોથા સર્વતો વિરતાવિરત ભાંગાને પાંચમા શ્રમણોપાસક દેશવિરતરૂપ ભાંગાથી પૃથગ્ ન સ્વીકારવામાં ઉત્સૂત્રભાષણ કઈ રીતે થાય છે, તે પૂર્વપક્ષી=પાશદોષાકર, यदुतથી બતાવે છે –

**भक्तिरागेण ..... देशविरतिरिति ? ભક્તિરાગથી દેવપૂજાદિમાં પ્રવૃત્તિ હોતે છતે આરંભને કારણે=પુષ્પાદિ જીવોના આરંભના કારણે, સંયમની ક્ષતિ હોવાથી=પૂજાની ક્રિયામાં સંયમની ક્ષતિ હોવાથી, દેશવિરતિ કેવી રીતે હોય ? અર્થાત્ પુષ્પાદિથી પૂજા કરનાર શ્રાવકમાં દેશવિરતિ ન હોય.**

**'इति' શબ્દ यदुतથી કરાયેલા પાશદોષાકર પૂર્વપક્ષીના કથનની સમાપ્તિસૂચક છે.**

ઉપરોક્ત કથનથી શું ફલિત થાય છે, તે પાશદોષાકર પૂર્વપક્ષી બતાવે છે –

**तेन ..... देशविरतिरिति । તે કારણથી=ભક્તિરાગથી આરંભપૂર્વક પૂજાની પ્રવૃત્તિ કરનારમાં સંયમની ક્ષતિ હોવાને કારણે દેશવિરતિ નથી તે કારણથી, ભક્તિરાગ વડે સંયમાસંયમનું અપરિગણન હોવાને કારણે=ભક્તિરાગથી આરંભપૂર્વક પૂજાની પ્રવૃત્તિ કરનાર શ્રાવકને ભગવાનની પૂજામાં સંયમ-અસંયમનું અપરિગણન હોવાને કારણે, વિરતાવિરતિ જ છે, દેશવિરતિ નથી.**

**'इति' શબ્દ શ્રમણોપાસક દેશવિરતિરૂપ પાંચમા ભાંગાથી સર્વતો વિરતાવિરતરૂપ ચોથા ભાંગાને પૃથક્ સ્વીકારવાની પૂર્વપક્ષીની યુક્તિની સમાપ્તિસૂચક છે.**

इदं तु ..... न देशविरतिरिति સુધી પૂર્વપક્ષી પાશદોષાકરે "શ્રમણોપાસક દેશવિરતિરૂપ પાંચમા ભાંગાથી સર્વતો વિરતાવિરતરૂપ ચોથા ભાંગાને પૃથક્ સ્વીકારવામાં ન આવે તો ઉત્સૂત્રભાષણ થશે" તેમ જે કહ્યું, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**तत्तु ..... संयमक्षतिभयाभावाद्, વળી મહામોહના અભિનિવેશ વડે અગણિત પરલોકભયવાળા એવા તને જ=પાશદોષાકર પૂર્વપક્ષીને જ, તે દુસ્તરવારિકૃત્ય છે=પાશદોષાકર પૂર્વપક્ષીએ ગ્રંથકારશ્રીને કહ્યું કે પાંચમા શ્રમણોપાસક દેશવિરતરૂપ ભાંગાથી ચોથા સર્વતો વિરતાવિરતરૂપ ભાંગાને પૃથક્ નહિ સ્વીકારો તો ઉત્સૂત્રભાષણ થશે, તે પૂર્વપક્ષી પાશદોષાકરનું કથન જ, તેને પોતાને માટે દુરંત સંસારમાં ડુબાવનારું કૃત્ય છે=ઉત્સૂત્રભાષણરૂપ કૃત્ય છે; કેમ કે અસદારંભના પરિત્યાગથી સદારંભની પ્રવૃત્તિ હોતે છતે=પુષ્પાદિથી કરાતી શ્રાવકની પૂજામાં મોહની વૃદ્ધિ કરે તેવા અસદારંભના પરિત્યાગથી, સર્વવિરતિના સંચયનું કારણ બને એવી સદારંભની પ્રવૃત્તિ હોતે છતે, શુભયોગ હોવાને કારણે=આ દ્રવ્યસ્તવને કરીને હું ભાવસ્તવને પ્રાપ્ત કરું, એ પ્રકારનો શુભયોગ હોવાને કારણે, સંયમની ક્ષતિના ભયનો અભાવ છે=પુષ્પાદિથી કરાતી ભગવાનની ભક્તિમાં દેશવિરતિરૂપ સંયમની ક્ષતિના ભયનો અભાવ છે.**

અહીં પ્રશ્ન થાય કે પુષ્પાદિથી કરાતા દ્રવ્યસ્તવમાં શુભયોગ હોવા છતા પણ આરંભની પ્રવૃત્તિ હોવાથી સંયમની ક્ષતિનો ભય કેમ નથી ? તેમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

**भक्तिरागस्य ..... दोषाभावात् । ભક્તિરાગના પ્રશસ્તપણામાં=પુષ્પાદિથી કરાતી ભગવાનની પૂજાકાલિન ભક્તિમાં વર્તતા પ્રશસ્તરાગપણામાં, દોષનો અભાવ છે=દેશવિરતિરૂપ સંયમને બાધ કરે તેવા દોષનો અભાવ છે.**

ભક્તિરાગના પ્રશસ્તપણામાં દેશવિરતિનો બાધક એવો દોષ સ્વીકારી શકાય નહિ, તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી અન્ય હેતુ કહે છે –

**तस्यैव ..... न प्रवर्त्तते । અને તેનું જ=ભક્તિરાગના પ્રશસ્તપણાનું જ, દોષપણું હોતે છતે વિદ્વાનને પણ બળથી જ=કર્મની પરવશતાથી જ, પ્રવૃત્તિનો પ્રસંગ છે=ભક્તિરાગમાં પ્રવૃત્તિનો પ્રસંગ છે. हि=જે કારણથી, ઉત્કટ રાગથી અસમંજસમાં=સંયમને બાધક એવી પ્રવૃત્તિમાં, વિદ્વાન પણ પ્રવૃત્તિ ન કરે તેમ નથી અર્થાત્ પ્રવૃત્તિ કરે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે 'तमेव सच्चं.' ઇત્યાદિ શ્રદ્ધાવાળામાં સંક્ષેપરુચિ સમ્યક્ત્વ છે, અને તેવા જીવો દેશવિરતિનું પાલન કરતા હોય તો તેમને સર્વથી વિરતાવિરત કહી શકાય નહિ, પરંતુ દેશવિરત જ સ્વીકારવા જોઈએ. તેથી શ્રમણોપાસક દેશવિરતિરૂપ પાંચમા ભાંગાથી સર્વતો વિરતાવિરતરૂપ ચોથો ભાંગો પૃથક્ સ્વીકારવો ઉચિત નથી. ત્યાં પૂર્વપક્ષી પાશદોષાકર કહે છે –

આ રીતે સર્વતો વિરતાવિરતરૂપ ચોથા ભાંગાનો અપલાપ કરવામાં આવે તો દુઃખે કરીને તરી શકાય એવા સંસારસમુદ્રમાં બૂડવાનો તમને=ગ્રંથકારશ્રીને ભય પ્રાપ્ત થશે અર્થાત્ તમારું કથન ઉત્સૂત્રરૂપ હોવાથી અનંત સંસારની પ્રાપ્તિ થશે.

ગ્રંથકારશ્રીનું સર્વતો વિરતાવિરતરૂપ ચોથા ભાંગાનું અપલાપ કરનારું કથન ઉત્સૂત્રરૂપ કેમ છે ? તે પૂર્વપક્ષી બતાવે છે –

ભક્તિરાગથી દેવપૂજાની પ્રવૃત્તિમાં પુષ્પાદિ જીવોનો આરંભ હોવાથી પુષ્પાદિથી પૂજા કરનાર શ્રાવકમાં સંયમની ક્ષતિ છે, તેથી દેશવિરતિ કેવી રીતે સ્વીકારી શકાય ? અર્થાત્ દેશવિરતિ સ્વીકારી શકાય નહિ.

પૂર્વપક્ષીનો આશય એ છે કે દેશવિરતિધર શ્રાવક સંસારની પ્રવૃત્તિ કરે છે, તે અવિરતિરૂપ છે, અને તેમાં જે અણુવ્રતોનું પાલન કરે છે કે સામાયિકાદિ કરે છે, તે અપેક્ષાએ દેશથી વિરતિ છે; પરંતુ જે શ્રાવક ધર્મકૃત્યરૂપ પૂજામાં પણ પુષ્પાદિનો આરંભ કરે છે તે આરંભની ક્રિયા સંસારની અવિરતિની ક્રિયા કરતા જુદા પ્રકારની છે, અને અણુવ્રતોના પાલનમાં બાધક એવી આ અવિરતિની પ્રવૃત્તિ છે, છતાં મુગ્ધતાને કારણે પુષ્પાદિના આરંભપૂર્વક તે શ્રાવક પૂજા કરે છે, તેથી તે શ્રાવકમાં દેશવિરતિ નથી; કેમ કે ભક્તિરાગથી તે શ્રાવક પુષ્પાદિ દ્વારા ભગવાનની પૂજા કરે છે, તેમાં સંયમ અને અસંયમ બંનેનું અપરિગણન છે અર્થાત્ સંસારની ક્રિયા જેવી અસંયમની ક્રિયા નથી, અને દેશવિરતિ શ્રાવક જે સામાયિકાદિ કરે છે તેવી સંયમની ક્રિયા પણ નથી. તેથી ભક્તિરાગથી કરાતી પુષ્પાદિ દ્વારા પૂજાની પ્રવૃત્તિમાં સંયમ અને અસંયમ બંનેની અપ્રાપ્તિ છે. માટે તે શ્રાવકમાં વિરતાવિરતિ જ છે, દેશવિરતિ નથી; કેમ કે દેશવિરતિવાળા શ્રાવક પુષ્પાદિના આરંભપૂર્વક ભગવાનની ભક્તિ કરે નહિ. આ પ્રકારનો પૂર્વપક્ષીનો=પાશદોષાકરનો આશય છે, અને તેના દ્વારા પૂર્વપક્ષી એ સ્થાપન કરે છે કે પાંચમા શ્રમણોપાસક દેશવિરતના ભાંગા કરતાં ચોથો સર્વતો વિરતાવિરતરૂપ ભાંગો પૃથક્ ન સ્વીકારવામાં આવે તો ઉત્સૂત્રભાષણની પ્રાપ્તિ થાય.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભગવાનના શાસનના પરમાર્થને જોવામાં તને=પૂર્વપક્ષીને, મહામોહ વર્તે છે અને મહામોહના અભિનિવેશને કારણે પરલોકના ભયની ઉપેક્ષા કરીને સંસારમાં ડૂબવાની ક્રિયા જેવું તું ઉત્સૂત્રભાષણ કરે છે. વસ્તુતઃ ભગવાનની પુષ્પાદિથી કરાતી પૂજામાં સંસારના અસદારંભનો પરિત્યાગ હોવાને કારણે શુભયોગ વર્તે છે, તેથી પુષ્પાદિથી કરાતી ભગવાનની પૂજાકાળમાં દેશવિરતિરૂપ સંયમને સ્વીકારવાની ક્ષતિના ભયનો અભાવ છે; કેમ કે ભગવાનની ભક્તિ ઉત્તરોત્તર સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય કરે છે. તેથી

યતનાપરાયણ એવા વિવેકી શ્રાવક વડે પુષ્પાદિથી કરાતી પૂજામાં દેશથી સંયમ છે, તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

તેને જ દૃઢ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

ભગવાનની ભક્તિકાળમાં પુષ્પાદિથી પૂજા કરનાર શ્રાવકને પ્રશસ્ત રાગ વર્તે છે, અને તે પ્રશસ્ત રાગ દેશવિરતિનો બાધક નથી, માટે દોષરૂપ નથી; અને જો પ્રશસ્તરાગને દોષરૂપ સ્વીકારવામાં આવે તો જેમ તત્ત્વના જાણનારા એવા વિદ્વાનો કર્મને પરવશ થઈને ભોગાદિમાં પ્રવૃત્તિ કરે છે, તેમ કર્મની પરવશતાના બળથી જ ભગવાનની પૂજામાં પ્રવૃત્તિ કરે છે, તેમ માનવાનો પ્રસંગ આવે; કેમ કે વિદ્વાન પણ ઉત્કટ રાગ હોય તો અસમંજસ પ્રવૃત્તિ કરે છે તેમ ઉત્કટ રાગને કારણે અસમંજસ એવી પૂજાની પ્રવૃત્તિ કરે છે તેમ માનવું પડે, આથી દેશવિરતિધર શ્રાવક તત્ત્વનો જાણકાર હોવા છતાં રાગની ઉત્કટતાના કારણે સર્વવિરતિને સ્વીકારવાનું છોડીને ભોગાદિની પ્રવૃત્તિ કરે છે, તેમ તે શ્રાવકો પણ રાગની ઉત્કટતાને કારણે ભગવાનની ભક્તિ કરે છે તેમ માનવું પડે અને ઉત્કટ રાગને પરવશ પૂજામાં વર્તતો પ્રશસ્ત રાગ અપ્રશસ્ત રાગ જેવો દોષરૂપ છે તેમ માનવું પડે, તેથી કર્મની પરવશતાથી જેમ વિદ્વાન અપ્રશસ્ત રાગમાં પ્રવર્તે છે, તેમ કર્મની પરવશતાથી પ્રશસ્ત રાગમાં પણ પ્રવર્તે છે તેમ સિદ્ધ થાય.

વસ્તુતઃ પ્રશસ્ત રાગ કરાવે તેવી પ્રવૃત્તિ કર્મને પરવશ થઈને થતી નથી, પરંતુ તત્ત્વના બોધને કારણે તત્ત્વને અભિમુખ જનારી માર્ગાનુસારી બુદ્ધિથી પ્રશસ્ત રાગમાં યત્ન થાય છે, અને તે પ્રશસ્ત રાગને દેશવિરતિરૂપ સંયમનો બાધક કહી શકાય નહિ, તેથી પુષ્પાદિથી પૂજા કરનારમાં દેશવિરતિ નથી, એમ કહેનારું પૂર્વપક્ષીનું વચન ઉત્સૂત્રભાષણરૂપ છે.

**ઉત્થાન :-**

વિરતાવિરત કરતાં દેશવિરતિને પૃથક્ સ્વીકારવામાં પૂર્વપક્ષી અન્ય યુક્તિ બતાવે છે –

**ટીકા :-**

**श्रमणोपासकानां देशविरतानां पृथग्गुणवर्णनाद् विरताविरतेभ्यस्तेऽतिरिच्यन्ते इति चेत्? अहो बालिश ! केनेदं शिक्षितम् ? किं गुरुणा विप्रलब्धोऽसि स्वकर्मणा वा ? सूत्रे हि** "एगच्चाओ पाणाइवायाओ पडिविरया जावज्जीवाए, एगच्चाओ अप्पडिविरया" **इत्यनूद्य** - "से जहाणामए समणोवासगा भवन्ति" **त्ति श्रमणोपासकगुणविधानेन श्रमणोपासकगुणवतो विरताविरतगुणवद्व्यापकत्वस्यैव लाभात्, वस्तुतः श्रमणोपासकपदेन विरताविरतपदविवरणाद् गुणस्थानविशेषावच्छिन्ने शक्तिग्रहतात्पर्याच्च । श्रमणोपासकपदाद् बुद्धिविशेषानुगतेर्गुणविशेषैरेव बोधे तु विरताविरतपदादपि व्युत्पत्तिविशेषात्तथैव बोधः । समभिरूढनयाश्रयणेन विरताविरतश्रमणोपासकपदार्थभेदस्त्वयाभ्युपगम्यते चेत्, एवं घटकुम्भादिपदार्थभेदोऽपि किं नाभ्युपगम्यते ? अभ्युपगम्यत एव, परं विभाजकोपाधिभेदाप्रयुक्तत्वेन विभागाननुकूल इति चेत् ? प्रकृतेऽपि दीयतां दृष्टिः ।**

**ટીકાર્થ :-**

**श्रमणोपासकानां ..... स्वकर्मणा वा ? વિરતાવિરતથી શ્રમણોપાસક દેશવિરતોના પૃથગ્ ગુણોનું વર્ણન હોવાને કારણે તેઓ=વિરતાવિરત, દેશવિરત કરતાં જુદા છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે –**

**હે મૂર્ખ ! કોના વડે આ=વિરતાવિરત શ્રમણોપાસક દેશવિરત કરતાં જુદા છે એ, શીખવાડાયું ? શું ગુરુ વડે તું ઠગાયો છે ? કે સ્વકર્મથી ઠગાયો છે ? અર્થાત્ કોઈ ગુરુએ તને ઊંધો અર્થ બતાવ્યો છે ? કે મિથ્યાત્વરૂપી સ્વકર્મથી તને ઊંધો અર્થ જણાય છે ? જેથી વિરતાવિરતથી શ્રમણોપાસક દેશવિરતને પૃથક્ ગ્રહણ કરે છે ?**

પૂર્વપક્ષીનું તે કથન સમ્યગ્ નથી, તેમાં હેતુ કહે છે –

**सूत्रे हि ..... लाभात्, કેમ કે સૂત્રમાં** "એક પ્રાણાતિપાતથી યાવજ્જીવ પ્રતિવિરત અને એકથી અપ્રતિવિરત એ પ્રમાણે ઉદ્દેશીને તે યથાનામ શ્રમણોપાસક છે", **એ પ્રમાણે શ્રમણોપાસકના ગુણના વિધાનથી શ્રમણોપાસક ગુણવાળાનો વિરતાવિરતગુણવાળાની સાથે વ્યાપકત્વનો=વ્યાપકપણાનો લાભ છે.**

વિરતાવિરતથી શ્રમણોપાસક દેશવિરતને પૃથક્ ગ્રહણ કરે છે, તે પૂર્વપક્ષીનું કથન બરાબર નથી, એમ પૂર્વમાં ગ્રંથકારે બતાવ્યું તેમાં ગ્રંથકારશ્રી બીજો હેતુ કહે છે –

**वस्तुतः ..... तात्पर्याच्च । વસ્તુતઃ શ્રમણોપાસકપદથી વિરતાવિરતપદનું વિવરણ હોવાને કારણે ગુણસ્થાનવિશેષથી અવચ્છિન્નમાં=પાંચમા ગુણસ્થાનકથી અવચ્છિન્નમાં, શક્તિગ્રહનું તાત્પર્ય છે.**

અહીં પૂર્વપક્ષી કહે કે શ્રમણોપાસકપદથી બુદ્ધિવિશેષની અનુગતિ હોવાથી=પ્રાપ્તિ હોવાથી, ગુણવિશેષથી જ શ્રમણોપાસક શબ્દનો બોધ થાય છે અર્થાત્ "આ શ્રાવક શ્રમણોનો ઉપાસક છે" એવી બુદ્ધિવિશેષની પ્રાપ્તિ હોવાને કારણે સાધુના ઉપાસક એવા ગુણવિશેષથી જ શ્રમણોપાસક પુરુષનો બોધ થાય છે, અને વિરતાવિરતપદથી તેમનામાં કાંઈક વિરતિ છે અને કાંઈક અવિરતિ છે, તેવો બોધ થાય છે. તેથી શ્રમણોપાસકથી વિરતાવિરત પુરુષ જુદા છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

**श्रमणोपासक ..... बोधः । શ્રમણોપાસકપદથી બુદ્ધિવિશેષની અનુગતિ હોવાને કારણે=આ શ્રાવકો સાધુના ઉપાસક છે એવી બુદ્ધિવિશેષની પ્રાપ્તિ હોવાને કારણે, ગુણવિશેષથી શ્રમણોપાસક પુરુષનો બોધ હોતે છતે, વળી વિરતાવિરતપદથી પણ વ્યુત્પત્તિવિશેષથી=વિરતાવિરતપદની વ્યુત્પત્તિવિશેષથી, તેવો જ બોધ થાય છે=આ પુરુષ સર્વ પાપથી વિરત નથી, પરંતુ સર્વ પાપથી વિરામ થવાની ઇચ્છાવાળો છે, તેથી શ્રમણોની ઉપાસના કરીને દેશથી વિરતિ પાળે છે અને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે, તેવા પ્રકારનો જ બોધ વિરતાવિરતપદની વ્યુત્પત્તિવિશેષથી થાય છે. માટે શ્રમણોપાસક અને વિરતાવિરત એ બેમાં કોઈ ભેદ નથી.**

અહીં પૂર્વપક્ષી કહે કે સમભિરૂઢનય શબ્દના ભેદથી અર્થનો ભેદ સ્વીકારે છે. માટે અમે પણ સમભિરૂઢનયનો આશ્રય કરીને વિરતાવિરત અને શ્રમણોપાસક પુરુષને પૃથક્ સ્વીકારીશું. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**समभिरूढ ..... दृष्टिः । સમભિરૂઢનયના આશ્રયથી વિરતાવિરતપદના અર્થનો અને શ્રમણોપાસકપદના અર્થનો ભેદ તારા વડે સ્વીકારાય છે, તો ગ્રંથકારશ્રી કહે છે –**

**એ રીતે ઘટ-કુંભાદિ પદોના અર્થનો ભેદ પણ કેમ સ્વીકારતો નથી ? પૂર્વપક્ષી કહે કે સમભિરૂઢનયના આશ્રયથી ઘટ-કુંભાદિ પદોના અર્થનો ભેદ સ્વીકારાય જ છે, પરંતુ વિભાજકઉપાધિભેદથી અપ્રયુક્તપણું હોવાને કારણે=ઘટ-કુંભાદિમાં બે પદાર્થને પૃથક્ કહેવામાં કારણીભૂત એવી વિભાજક ઉપાધિના ભેદથી અપ્રયુક્તપણું હોવાને કારણે, વિભાગને અનનુકૂળ છે=પદાર્થનો વિભાગ કરતી વખતે જેમ ઘટ-પટાદિ પદાર્થોનો વિભાગ થાય છે, તેમ ઘટ-કુંભાદિનો વિભાગ થતો નથી; કેમ કે તેવો વિભાજક ઉપાધિભેદ નહિ હોવાને કારણે ઘટ-કુંભાદિ પદાર્થ વિભાગને અનનુકૂળ છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે –**

**પ્રકૃતમાં પણ=શ્રમણોપાસક અને વિરતાવિરત પુરુષના વિભાગમાં પણ, પૂર્વપક્ષી વડે દૃષ્ટિ અપાય અર્થાત્ પૂર્વપક્ષીએ જે રીતે ઘટ-કુંભાદિમાં દૃષ્ટિ આપી તે દૃષ્ટિ શ્રમણોપાસક અને વિરતાવિરતમાં આપે તો ત્યાં પણ વિભાજક ઉપાધિભેદ નહિ હોવાને કારણે શ્રમણોપાસક અને વિરતાવિરત એમ બે પુરુષને પૃથક્ સ્વીકારવા અનનુકૂળ છે.**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી પાશ કહે છે કે શાસ્ત્રમાં શ્રમણોપાસક એવા દેશવિરતિધરને વિરતાવિરત પુરુષ કરતાં જુદા બતાવ્યા છે. તેથી સર્વતો વિરતાવિરત રૂપ ચોથા ભાંગાથી શ્રમણોપાસક દેશવિરતિરૂપ પાંચમો ભાંગો જુદો છે, તેમ સ્વીકારવું જોઈએ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

હે બાલિશ ! આવો અર્થ તને કોણે શીખવાડ્યો ? અર્થાત્ શાસ્ત્રમાં શ્રમણોપાસક દેશવિરત અને વિરતાવિરત જુદા છે, એવો અર્થ તને કોણે શીખવાડ્યો ? વળી કોઈ ગુરુ વડે શું તું ઠગાયો છે ? કે જેમણે તને આવો વિપરીત અર્થ બતાવ્યો ? અથવા તો મિથ્યાત્વના ઉદયરૂપ કર્મના બળથી તું આવો વિપરીત અર્થ કરે છે ? આમ કહીને પૂર્વપક્ષી સર્વતો વિરતાવિરત અને શ્રમણોપાસક દેશવિરત એમ જે બે વિભાગ પાડે છે તે ઉચિત નથી, એમ ગ્રંથકારશ્રી સ્થાપન કરે છે.

હવે તેમાં યુક્તિ બતાવે છે –

સૂત્રમાં એક પ્રાણાતિપાતથી પ્રતિવિરત યાવત્ એક પ્રાણાતિપાતથી અપ્રતિવિરત એ પ્રમાણે ઉદ્દેશીને તે યથાનામવાળા શ્રમણોપાસકો હોય છે, એ પ્રમાણે કથન કર્યું છે. તે કથનમાં ઉદ્દેશ્ય-વિધેયભાવ હોવાને કારણે વિરતાવિરતને ઉદ્દેશીને શ્રમણોપાસકનું વિધાન કરેલ છે, અને ઉદ્દેશ્ય-વિધેયસ્થળમાં વિધેય હંમેશાં

વ્યાપક પ્રાપ્ત થાય છે અને તે બંને એક જ છે, તેવો અર્થ પ્રાપ્ત થાય છે. જેમ "जीवाजीवास्रवबन्धसंवरनिर्जरा मोक्षास्तत्त्वम्" એ સૂત્રમાં તત્ત્વને ઉદ્દેશીને જીવાજીવાદિનું વિધાન કરવામાં આવે ત્યારે, ઉદ્દેશ્ય એવા તત્ત્વની સાથે જીવ-અજીવ આદિ સાત તત્ત્વો વ્યાપક છે, તેવો બોધ કરવામાં આવે છે, તેથી નક્કી થાય છે કે આ સાત તત્ત્વોથી અતિરિક્ત કોઈ 'તત્ત્વ' નથી, પરંતુ જે તત્ત્વ છે તે આ સાત રૂપ જ છે અને આ સાત છે તે જ તત્ત્વ છે. તેમ પ્રસ્તુતમાં વિરતાવિરતને ઉદ્દેશીને શ્રમણોપાસકનું વિધાન હોવાથી એ ફલિત થાય છે કે જે શ્રમણોપાસક છે તે જ વિરતાવિરત છે, અને જે વિરતાવિરત છે તે શ્રમણોપાસક છે.

અહીં વિશેષ એ છે કે ઉદ્દેશ્ય-વિધેયભાવસ્થળમાં વિભાગવાક્યની મર્યાદાથી વિધેયના વ્યાપકત્વનો લાભ થાય છે. તેથી વિધેય, ઉદ્દેશ્યથી ન્યૂન નથી, પણ ઉદ્દેશ્ય સમનિયત છે એવી પ્રાપ્તિ થાય. તેમ एगच्चाओ ..... એ સૂયગડાંગસૂત્રના કથનમાં પણ વિરતાવિરતને ઉદ્દેશીને શ્રમણોપાસકત્વનું વિધાન કરેલ હોવાથી વિધેય એવા શ્રમણોપાસકત્વનું વિરતાવિરત ગુણવાળા સાથે વ્યાપકપણું પ્રાપ્ત થાય છે, અને જે વિરતાવિરત છે, તે જ શ્રમણોપાસક છે, તે રૂપ બેના એકપણાની પ્રાપ્તિ થાય છે.

આ રીતે ઉદ્દેશ્ય-વિધેયભાવની મર્યાદાને આશ્રયીને સૂત્રમાં કહેલા વચનથી પણ વિરતાવિરત અને શ્રમણોપાસક પૃથક્ નથી, તેમ ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું. હવે યુક્તિથી પણ શ્રમણોપાસક અને વિરતાવિરત પૃથક્ નથી, એ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

વસ્તુતઃ સૂત્રમાં શ્રમણોપાસકપદ દ્વારા વિરતાવિરતપદનું જ વિવરણ થાય છે; કેમ કે જે શ્રાવકો શ્રમણ થવા સમર્થ નથી અને શ્રમણની જેમ મોક્ષમાં જવાના અર્થી છે, તેથી શ્રમણોની ઉપાસના કરે છે, અને સ્વશક્તિ અનુસાર કાંઈક કાંઈક વિરતિનું પાલન કરીને શ્રમણની જેમ વિરતિની શક્તિનો સંચય કરે છે, તેઓ શ્રમણોપાસક છે. તેથી શ્રમણોપાસકપદથી કાંઈક વિરતિ અને કાંઈક અવિરતિવાળા પુરુષનું વિવરણ પ્રાપ્ત થાય છે, અને તેથી શ્રમણોપાસકપદ દ્વારા સર્વવિરતિ કરતાં ન્યૂન અને સર્વવિરતિની નજીક એવા ગુણસ્થાનવિશેષરૂપ પાંચમા ગુણસ્થાનકમાં શ્રમણોપાસકપદની શક્તિના ગ્રહનું તાત્પર્ય પ્રાપ્ત થાય છે. તેથી શ્રમણોપાસક શબ્દથી પાંચમા ગુણસ્થાનકવાળાની પ્રાપ્તિ છે, અને વિરતાવિરતપદથી પણ પાંચમા ગુણસ્થાનકવાળા પુરુષની પ્રાપ્તિ છે. માટે વિરતાવિરતથી શ્રમણોપાસકદેશવિરત જુદા છે, એ પ્રકારનું પૂર્વપક્ષીનું કથન અસંગત છે.

અહીં પૂર્વપક્ષી કહે કે શ્રમણોપાસકપદથી સાધુના ઉપાસક એવા પુરુષની પ્રાપ્તિ છે, અને વિરતાવિરતપદથી કાંઈક વિરતિ છે અને કાંઈક અવિરતિ છે, તેવા પુરુષની પ્રાપ્તિ છે. તેથી શ્રમણોપાસક અને વિરતાવિરત વચ્ચેનો ભેદ સ્વીકારી શકાશે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

શ્રમણોપાસકપદથી આ સાધુના ઉપાસક છે, તેવી બુદ્ધિવિશેષની પ્રાપ્તિ હોવાને કારણે સાધુના ઉપાસક એવા ગુણવિશેષથી તે પુરુષનો બોધ થાય છે, તેમ સ્વીકારવામાં આવે, અને વિરતાવિરતપદની પણ વ્યુત્પત્તિવિશેષનો આશ્રય કરવામાં આવે તો તેવો જ બોધ થાય છે અર્થાત્ વિરતાવિરતપદની વ્યુત્પત્તિ સામાન્યનો આશ્રય કરવામાં આવે તો આ પુરુષમાં કાંઈક વિરતિ છે અને કાંઈક અવિરતિ છે, તેવો બોધ

થાય છે, અને વ્યુત્પત્તિવિશેષથી વિરતાવિરતપદનો અર્થ કરવામાં આવે તો એવો બોધ થાય છે કે આ પુરુષમાં સર્વવિરતિની શક્તિ નથી, પરંતુ સર્વવિરતિની લાલસા છે, તેથી સર્વવિરતિની પ્રાપ્તિ અર્થે શક્તિઅનુસાર વિરતિમાં યત્ન કરે છે, અને સર્વવિરતિવાળા એવા સુસાધુની ઉપાસના કરીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. તેથી શ્રમણોપાસક પદથી અને વિરતાવિરતપદથી સમાન પ્રકારના પુરુષનો બોધ થતો હોવાને કારણે વિરતાવિરતથી શ્રમણોપાસક જુદા નથી, એમ સિદ્ધ થાય છે.

અહીં પૂર્વપક્ષી કહે કે સમભિરૂઢનય શબ્દના ભેદથી અર્થનો ભેદ સ્વીકારે છે. તેથી સમભિરૂઢ નયનો આશ્રય કરીને અમે શ્રમણોપાસક અને વિરતાવિરતને જુદા સ્વીકારીએ તો શું વાંધો ? તેને ગ્રંથકારશ્રી કહે છે –

દરેક નય સ્વસ્થાને યોજવાના હોય છે, પરંતુ તેને અન્ય સ્થાને યોજવામાં આવે તો તે નય મિથ્યાબોધનું કારણ બને છે. જેમ, જગતમાં પદાર્થો કેટલા છે, તેની વિચારણા કરવામાં આવે ત્યારે ઘટ-પટ-મઠ આદિને લઈને પદાર્થોનો વિભાગ કરાય છે. તે સ્થાને સમભિરૂઢનયનો આશ્રય કરીને ઘટ અને કુંભાદિ પદાર્થોનો ભેદ કરવામાં આવતો નથી; કેમ કે જે ઘટ પદાર્થ છે, તે જ કુંભ પદાર્થ છે. ફક્ત ઘટ પદાર્થમાં રહેલ 'ઘટન' ક્રિયાને આશ્રયીને સમભિરૂઢનય તેને ઘટ કહે છે, અને 'કુંભન' ક્રિયાને આશ્રયીને સમભિરૂઢનય તેને કુંભ કહે છે. તેથી ઘટ અને કુંભ એ બે ઘટ અને પટની જેમ સ્વતંત્ર પદાર્થ નથી. માટે પદાર્થોનો વિભાગ કરતી વખતે ઘટ-કુંભ આદિને ગ્રહણ કરીને પદાર્થોનો વિભાગ કરી શકાય નહિ, પરંતુ ઘટત્વ-પટત્વ વિભાજક ઉપાધિને ગ્રહણ કરીને ઘટાદિ પદાર્થોનો ભેદ કરી શકાય. તેમ પુરુષ કેટલા પ્રકારના છે, તેવો વિભાગ કરવો હોય ત્યારે મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત અને સર્વવિરત એમ ચાર વિભાગ થઈ શકે, અને તેમાં દેશવિરત પુરુષને ગ્રહણ કરીને તેમાં રહેલ શ્રમણોપાસકત્વ ધર્મ અને વિરતાવિરતરૂપ ધર્મને પૃથગ્ ગ્રહણ કરીને તે બે પુરુષો જુદા છે, તેમ કહી શકાય નહિ; કેમ કે જે શ્રમણોપાસક છે, તે જ વિરતાવિરત પરિણામવાળા છે, માટે પદાર્થના વિભાગમાં જેમ ઘટ અને કુંભને પૃથક્ ગ્રહણ કરીને પદાર્થનો વિભાગ થાય નહિ, તેમ એક જ પુરુષમાં રહેલ શ્રમણોપાસકત્વ ધર્મ અને વિરતાવિરતત્વરૂપ ધર્મને સમભિરૂઢ નયનો આશ્રય કરીને પૃથગ્ ગ્રહણ કરવામાં આવે, અને તેના બળથી બે પ્રકારના પુરુષો જુદા છે, તેમ સ્થાપન કરવામાં આવે, તો તેમ સ્થાપન થઈ શકે નહિ. આવા સ્થાને સમભિરૂઢનયનું યોજન એ અસ્થાને યોજન છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં પૂર્વપક્ષીએ છ પુરુષને બતાવનારા છ ભાંગા બતાવ્યા, તેમાં શ્રમણોપાસક દેશવિરત પાંચમો ભાંગો છે, તેમ બતાવ્યું; અને પાંચમા ભાંગામાં રહેલા શ્રમણોપાસક દેશવિરત જિનના વિરહમાં જિનપ્રતિમાની પૂજા કરે છે અને સંયમના જાણનારા તે શ્રાવકો છ કાયની હિંસાનો પરિહાર કરે છે, આથી પુષ્પાદિથી ભગવાનની પૂજા કરતા નથી, એમ બતાવ્યું અને એની સાક્ષીરૂપે મહાનિશીથ સૂત્રની अकसिणपवत्तगाणं........ण इच्छंति ગાથા આપી અને કહ્યું કે આ ગાથા અનુસાર સાધુ અને શ્રાવક બંનેને અવિશેષથી કૃત્સ્નસંયમજ્ઞપણું

છે. એમ બતાવીને પુષ્પાદિના પરિહારથી શ્રાવક પૂજાના અધિકારી છે તેમ બતાવ્યું, તેથી મહાનિશીથ સૂત્રના વચનથી એ નક્કી થાય છે કે દેશવિરતિધર શ્રાવકો પુષ્પાદિથી પૂજા કરતા નથી, અને જે પુષ્પાદિથી ભગવાનની પૂજા કરે છે તેઓ દેશવિરતિધર નથી, પરંતુ વિરતાવિરત છે. માટે સર્વતો વિરતાવિરત ચોથો ભાંગો અને શ્રમણોપાસક દેશવિરત એ પાંચમો ભાંગો પૃથક્ સિદ્ધ થશે. આમ જે પૂર્વપક્ષીએ કહે છે, તે વચન યુક્ત નથી, તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

"अकसिणपवत्तगाणं" **इत्यादि महानिशीथवचनाद् द्रव्यस्तवाधिकारिणो, विरताविरता न देशविरता इति चेत्? महानिशीथध्वान्तविलसितमेतद्देवानांप्रियस्य, तत्र हि विशिष्य देशविरतकृत्यमेतद् दानादिचतुष्कतुल्यफलं चेति व्यक्तोपदर्शितमेवाधस्तात् । यत्तु कृत्स्नसंयमविदां पुष्पाद्यर्चनेऽनधिकारात् श्रमणोपासका अपि तदनधिकारिण इति तदधिकारित्वेनोक्ता विरताविरता भिन्ना एवेति चेत् ? अहो भवान् पामरादपि पामरोऽस्ति ? यः कृत्स्नसंयमविद इत्यस्य वृत्तिकृदुक्तमर्थमपि न जानाति, कृत्स्नसंयमाश्च ते विद्वांस इत्येव हि वृत्तिकृता विवृत्तमिति । यदि न श्रमणोपासनमहिमलब्धकृत्स्न-संयमपरिज्ञानेन देशविरताः पुष्पाद्यर्चने नाधिकुर्युः, तदा देवा अपि कृतजिनादिसेवाः पुस्तकरत्न-वाचनोपलब्धधर्मव्यवसायाः सम्यक्त्वोपबृंहितनिर्मलावधिज्ञानेनागमव्यवहारिप्रायाः कथं तत्राधिकुर्युः ? अत एवाचित्तपुष्पादिभिरेव ते जिनपूजां कुर्वन्तीति चेत् ? अहो लुम्पकमातृष्वसः! केनेदं तव कर्णे मूत्रितम्? यन्नन्दापुष्करिणीकमलादीन्यचित्तान्येवेति सचित्तपुष्पादिना पूजाध्यवसाये द्रव्यतः पापाभ्युपगमेऽचित्तपुष्पादिनापि ततो भावतः पापस्य दुर्निवारत्वान्मृन्महिषव्यापादन इव शौकरिकस्य । तत्किमिति मुग्धधन्धनार्थं कृत्रिमपुष्पादिनापि पूजां व्यवस्थापयसि ? एवं हि त्वयोष्णजलादिनैवाभिषेको वाच्यः । मूलतः एव तन्निषेधं किं न भाषसे? दुरन्तसंसारकारणं हि धर्मे आरम्भशङ्का । तदाहुः श्रीहरिभद्रसूरयः-**

"अण्णत्थारंभवओ धम्मेऽणारंभओ अणाभोगा ।
लोए पवयणखिंसा अबोहिबीअं तु दोसा य" ।। **[पञ्चाशक-४, गा०१२]**

✪ यन्नन्दापुष्करिणी..... અહીં यत् વધારાનો ભાસે છે.

**ટીકાર્થ :-**

**अकसिण ..... इति चेत् ? અકૃત્સ્નપ્રવર્તક ઈત્યાદિ મહાનિશીથના વચનથી દ્રવ્યસ્તવના અધિકારી વિરતાવિરત છે, દેશવિરત નથી અર્થાત્ પુષ્પાદિથી ભગવાનની પૂજા કરવાના અધિકારી વિરતાવિરત છે, દેશવિરત નથી, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે –**

**महानिशीथ ..... देवानांप्रियस्य, દેવાનાંપ્રિય એવા તારું=પૂર્વપક્ષીનું, આ=મહાનિશીથનો અર્થ પૂર્વપક્ષીએ કર્યો એ, મહાનિશીથના અર્થના ગાઢ અજ્ઞાનરૂપ અંધકારનું વિલસિતપણું છે.**

**तत्र हि .... अधस्तात्, हि=यस्मात्=જે કારણથી, ત્યાં=મહાનિશીથ સૂત્રમાં, આ=દ્રવ્યસ્તવ, વિશેષ કરીને દેશવિરતિનું કૃત્ય છે અને દાનાદિચતુષ્કતુલ્ય ફળવાળું છે, એ પ્રમાણે મહાનિશીથસૂત્રની अकसिणपवत्तगाणं ..... ગાથાથી આગળમાં વ્યક્ત બતાવાયું છે.**

**यत्तु ..... भिन्ना एवेति चेत् ? કૃત્સ્નસંયમ જાણનારાઓને પુષ્પાદિ અર્ચનમાં અનધિકાર હોવાથી શ્રમણોપાસક પણ જે વળી તેના=પુષ્પાદિથી અર્ચનના અનધિકારી છે=મહાનિશીથસૂત્રના अकसिणपवत्तगाणं વચનથી અનધિકારી છે, એથી તેના અધિકારીપણા વડે=પુષ્પાદિથી અર્ચનના અધિકારીપણા વડે, વિરતાવિરત ભિન્ન જ છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે -**

**अहो भवान् ..... अस्ति । અહો ! તું પામરથી પણ પામર છો અર્થાત્ શાસ્ત્રના અર્થને જાણવામાં જેઓ અસમર્થ છે તેના કરતાં પણ અત્યંત અસમર્થ છો.**

મહાનિશીથના અર્થને જાણવામાં પૂર્વપક્ષી અસમર્થ છે, તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

**यः ..... जानाति । જે=પૂર્વપક્ષી, 'કૃત્સ્નસંયમવિદ્' એ પ્રકારના શબ્દનો વૃત્તિકાર વડે કહેલો અર્થ પણ જાણતો નથી.**

વૃત્તિકારનો અર્થ પૂર્વપક્ષી કેમ જાણતો નથી ? તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**कृत्स्न ... इति । કૃત્સ્નસંયમવાળા એવા તે વિદ્વાનો એ પ્રમાણે જ વૃત્તિકાર વડે વિવરણ કરાયું છે. 'इति' શબ્દ પૂર્વથી કૃત્સ્નસંયમવિદ્‌નો અર્થ જાણતો નથી, તે સ્પષ્ટીકરણની સમાપ્તિસૂચક છે.**

વળી મહાનિશીથ સૂત્રની 'अकसिणपवत्तगाणं...' એ ગાથાનો વૃત્તિકાર વડે કરેલો અર્થ પૂર્વપક્ષી ન સ્વીકારે, અને કહે કે કૃત્સ્નસંયમવિદ્ શબ્દથી કૃત્સ્નસંયમને જાણનારા એવા પુરુષનું જ ગ્રહણ થાય છે, તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી તર્ક કરે છે –

**यदि च ..... अधिकुर्युः । અને જો વળી શ્રમણની ઉપાસનાના મહિમાથી પ્રાપ્ત કરેલ કૃત્સ્નસંયમના પરિજ્ઞાનને કારણે દેશવિરત પુષ્પાદિથી અર્ચનમાં અધિકારી ન હોય તો કરેલી છે જિનાદિની સેવા જેમણે એવા પુસ્તકરત્નના વાચનથી ઉપલબ્ધ ધર્મવ્યવસાયવાળા અને સમ્યક્ત્વથી ઉપબૃંહિત નિર્મળ એવા અવધિજ્ઞાન વડે આગમવ્યવહારીપ્રાય એવા દેવતાઓ પણ કેવી રીતે ત્યાં=પુષ્પાદિથી અર્ચનમાં, અધિકારી થાય ? અર્થાત્ દેવતાઓ પણ અધિકારી થાય નહિ.**

આ રીતે તર્ક દ્વારા ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે કૃત્સ્નસંયમવિદ્ શબ્દના બળથી કૃત્સ્નસંયમના પરિજ્ઞાનવાળા ગ્રહણ ન થઈ શકે, પરંતુ મહાનિશીથના વૃત્તિકારે કર્યો એવો જ અર્થ કરવો જોઈએ; અને જો તેવો અર્થ ન કરીએ, અને પૂર્વપક્ષી જે પ્રમાણે અર્થ કરે છે તેવો અર્થ કરીએ તો કૃત્સ્નસંયમને જાણનારા એવા શ્રાવકોને પૂજાના અનધિકારી સ્વીકારવા પડે, અને તેમ સ્વીકારીએ તો સમ્યગ્દષ્ટિ એવા દેવતાઓને

પણ પુષ્પાદિથી પૂજાના અનધિકારી સ્વીકારવાની આપત્તિ આવે; કેમ કે તર્ક હંમેશાં વિપર્યયમાં પર્યવસાન પામે છે. તેથી જો સમ્યગ્દષ્ટિ દેવો પુષ્પાદિથી પૂજાના અધિકારી હોય તો શ્રમણોપાસકદેશવિરતને પણ પુષ્પાદિથી અર્ચનમાં અધિકારી સ્વીકારવા જોઈએ, તેવો અર્થ પ્રાપ્ત થાય. આ પ્રકારના તર્કથી સમ્યગ્દષ્ટિ દેવતાઓને પુષ્પાદિથી પૂજાના અનધિકારી થવાની આપત્તિ ગ્રંથકારશ્રીએ આપી. તેના નિરાકરણ અર્થે પૂર્વપક્ષી કહે છે –

**अत एव ..... इति चेत् ? આથી જ=સમ્યગ્દષ્ટિ એવા દેવો સચિત્ત પુષ્પાદિથી અર્ચનમાં અધિકારી નથી આથી જ, અચિત્તપુષ્પાદિ વડે જ તેઓ=સમ્યગ્દષ્ટિ દેવતાઓ, જિનપૂજાને કરે છે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે, તો તેને ગ્રંથકારશ્રી કહે છે –**

**अहो ..... वाच्यः । અહો ! લુંપકના માસીયાઈ ભાઈ ! કોના વડે આ=અચિત્ત પુષ્પાદિ વડે દેવો જિનપૂજા કરે છે એ, તારા કર્ણમાં મૂત્રિત છે=કોના વડે આવું અસંબદ્ધ વચન તારા કર્ણમાં નંખાયું છે ? અર્થાત્ અચિત્ત પુષ્પાદિથી દેવતાઓ જિનપૂજા કરે છે, એ પ્રકારનું તારું વચન અસંબદ્ધ છે; કેમ કે નંદાપુષ્કરિણીના કમલાદિ અચિત્ત જ છે, એથી સચિત્ત પુષ્પાદિ દ્વારા પૂજાના અધ્યવસાયમાં દ્રવ્યથી પાપ સ્વીકારાયે છતે અચિત્ત પુષ્પાદિ વડે પણ તેનાથી=પૂજાના અધ્યવસાયથી, કાલસૌકરિક કસાઈના મહિષના વ્યાપાદનની જેમ=ભાવથી પાડાને મારવાની જેમ, ભાવથી પાપનું દુર્નિવારપણું છે. તે કારણથી=સચિત્ત પુષ્પાદિથી પૂજામાં પાપ સ્વીકારવામાં આવે તો અચિત્ત પુષ્પાદિથી પણ પૂજામાં ભાવ પાપની પ્રાપ્તિ છે તે કારણથી, શા માટે મુગ્ધજનને બુદ્ધિનો વ્યામોહ કરવા માટે કૃત્રિમ પુષ્પાદિ વડે પણ પૂજાનું તું વ્યવસ્થાપન કરે છે ? આ રીતે તારા વડે ઉષ્ણ જલાદિ વડે જ=ઉકાળેલા પાણી વડે જ, અભિષેક કહેવો જોઈએ અર્થાત્ ભગવાનનો અભિષેક સ્વીકારવો જોઈએ.**

ઉષ્ણ જલાદિથી=ઉકાળેલા પાણી આદિથી ભગવાનનો અભિષેક પૂર્વપક્ષી સ્વીકારે તો તેમાં પણ હિંસા છે; કેમ કે જલાદિ અભિષેક અર્થે પાણીને ઉકાળવામાં હિંસાની પ્રાપ્તિ છે. તેને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે –

**मूलत एव ..... आरम्भशङ्का । મૂળથી જ તેનો નિષેધ=જલાભિષેકનો નિષેધ, કેમ તું કહેતો નથી ? અર્થાત્ તારા મત પ્રમાણે તો અચિત્ત પાણી આદિથી પણ જલાદિ જીવોની હિંસા છે, માટે મૂલથી જ તારે જલાભિષેકનો નિષેધ કહેવો જોઈએ.**

પૂર્વપક્ષીનું આ સર્વ કથન અસંબદ્ધ છે, એમ સ્થાપન કરીને, તેને દૃઢ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે -

**हि=જે કારણથી ધર્મમાં આરંભની શંકા દુરંત સંસારનું કારણ છે, તે કારણથી પૂર્વપક્ષીનું આ સર્વ કથન અસંબદ્ધ છે, એમ અન્વય છે.**

**तदाहुः श्री हरिभद्रसूरयः - તેને=ધર્મમાં આરંભની શંકા દુરંત સંસારનું કારણ છે એમ પૂર્વમાં કહ્યું તેને, આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજા પંચાશક-૪, ગાથા-૧૨માં કહે છે.**

अण्णत्था ..... दोसा य ।। અન્યત્ર=ગૃહાદિકાર્યમાં આરંભવાળા પુરુષને ધર્મમાં અનારંભ અનાભોગ છે=અજ્ઞાન છે, અને લોકમાં=શિષ્ટલોકમાં પ્રવચનની અશ્લાઘા છે, અને અબોધિનું બીજ છે=જન્માંતરમાં અબોધિની પ્રાપ્તિનું કારણ છે, એ પ્રમાણે દોષો છે.

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી પાશદોષાકર મહાનિશીથસૂત્રની अकसिणपवत्तगाणं ..... ગાથાને ગ્રહણ કરીને અર્થ કરે છે કે કૃત્સ્નસંયમને જાણનારા સાધુ અને શ્રાવક બંને છે, અને કૃત્સ્નસંયમને જાણનારા પુષ્પાદિને ઇચ્છતા નથી, એમ મહાનિશીથસૂત્રમાં કહ્યું છે. તેથી દેશવિરતિધર શ્રાવક પુષ્પાદિથી ભગવાનની પૂજા કરે નહિ, પરંતુ મહાનિશીથની अकसिणपवत्तगाणं ..... ગાથાના પૂર્વાર્દ્ધમાં કહ્યું કે અકૃત્સ્ન પ્રવર્તક એવા વિરતાવિરતને આ દ્રવ્યસ્તવ યુક્ત છે. તેથી અકૃત્સ્નપ્રવર્તક વિરતાવિરત જુદા છે અને કૃત્સ્નસંયમના જાણનારા એવા દેશવિરત જુદા છે. માટે સર્વતો વિરતાવિરત કરતાં દેશવિરત ભાંગો મહાનિશીથના अकसिणपवत्तगाणं વચનથી પૃથક્ સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષી પાશદોષાકરનો આશય એ છે કે દેશવિરતિધર શ્રાવક સંપૂર્ણ સંયમ શું છે તેના પરમાર્થને જાણનારા છે, સર્વવિરતિની અભિલાષાવાળા છે, પરંતુ સર્વવિરતિની શક્તિના સંચયવાળા નથી, તેથી સર્વવિરતિની શક્તિના સંચય માટે દેશથી પાપોની વિરતિ કરીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. માટે કૃત્સ્નસંયમને જાણનારા દેશવિરતિધર શ્રાવકો છે. અને મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે કૃત્સ્નસંયમના જાણનારાઓ પુષ્પાદિને ઇચ્છતા નથી. આનાથી એ ફલિત થાય છે કે પુષ્પાદિ જીવોને કિલામણા થાય તેવી આરંભની પ્રવૃત્તિ ધર્મના અર્થી એવા શ્રાવકો કરે નહિ; અને જેઓ કૃત્સ્નસંયમને જાણનારાઓ નથી, તેઓ વિરતાવિરત છે, અને તેઓ ધર્મબુદ્ધિથી પુષ્પાદિ દ્વારા ભગવાનની પૂજા કરે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

તું=પૂર્વપક્ષી પાશદોષાકર, મહાનિશીથની अकसिणपवत्तगाणं ગાથાના અર્થને જાણવા માટે અસમર્થ છે. આથી જ મહાનિશીથના વૃત્તિકારે જે અર્થ કર્યો છે, તેને પૂર્વપક્ષી તું જાણતો નથી.

મહાનિશીથના વૃત્તિકારે अकसिणपवत्तगाणं ..... ગાથાનો શું અર્થ કર્યો છે, તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

'કૃત્સ્નસંયમવાળા એવા તે વિદ્વાનો' તે કૃત્સ્નસંયમવિદ્ છે. તેથી એ ફલિત થાય છે કે જેમણે જીવનમાં સંપૂર્ણ સંયમ સ્વીકાર્યું છે, તેવા વિદ્વાનો કૃત્સ્નસંયમવિદ્ છે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે જે ખરેખર વિદ્વાન હોય તે હંમેશાં સંયમના પરમાર્થને જાણનારા હોય અને સંયમને પાળનારા હોય, અને કૃત્સ્નસંયમને પાળનારા એવા જે વિદ્વાનો છે, તેઓ ભાવસ્તવને ઇચ્છનારા છે, દ્રવ્યસ્તવને ઇચ્છનારા નથી, તેથી પુષ્પાદિ દ્વારા ભગવાનની ભક્તિ કરવાની અભિલાષાવાળા નથી. જ્યારે દેશવિરતિધર શ્રાવકો તો કૃત્સ્નસંયમને જાણનારા હોવા છતાં તેઓ કૃત્સ્નસંયમવાળા વિદ્વાનો નથી. માટે મહાનિશીથસૂત્રમાં અકૃત્સ્નપ્રવર્તક એવા વિરતાવિરત શબ્દથી દેશવિરતિધર શ્રાવકને ગ્રહણ કરેલ છે. તેથી મહાનિશીથના વચન પ્રમાણે દેશવિરતિધર

શ્રાવકને દ્રવ્યસ્તવ યુક્ત છે, એમ સિદ્ધ થાય છે. માટે મહાનિશીથની अकसिणपवत्तगाणं ..... ગાથાનો પૂર્વપક્ષી જે પ્રમાણે અર્થ કરે છે તે બરાબર નથી.

વળી તેની પુષ્ટિ કરવા માટે તર્ક આપતાં કહ્યું કે દેવતાઓ દેશવિરતિવાળા નથી, તોપણ જેમ દેશવિરતિવાળા શ્રાવકો સર્વવિરતિધર એવા સાધુઓની ઉપાસનાના કારણે કૃત્સ્નસંયમને જાણનારા છે, તેમ દેવતાઓ પણ ભગવાનની ભક્તિ કરનારા છે, તેથી કૃત્સ્નસંયમના સ્વરૂપને જાણનારા છે. વળી પુસ્તકરત્નના વાચનથી ઉપલબ્ધ ધર્મવ્યવસાયવાળા છે, તેથી પણ કૃત્સ્નસંયમના પરિજ્ઞાનવાળા છે. વળી સમ્યક્ત્વથી ઉપબૃંહિત નિર્મળ અવધિજ્ઞાનવાળા હોવાને કારણે આગમ પ્રમાણે ધર્મની પ્રવૃત્તિ કરનારા છે. તેથી ધર્મ માટે ભગવાનની ભક્તિ કરતા હોય ત્યારે અવિરતિવાળા એવા પણ દેવો શ્રાવકની જેમ પુષ્પાદિથી પૂજા કરે નહિ, અને દેવો ભગવાનની પૂજા પુષ્પાદિથી કરે છે તે શાસ્ત્રપ્રસિદ્ધ છે, માટે જેમ દેવો કૃત્સ્નસંયમને જાણનારા હોવા છતાં પુષ્પાદિથી ભગવાનની પૂજા કરે છે, તેમ દેશવિરતિધર શ્રાવકો પણ કૃત્સ્નસંયમને જાણનારા હોવા છતાં પુષ્પાદિથી ભગવાનની પૂજા કરે છે, તે ઉચિત છે. તેથી કૃત્સ્નસંયમવિદ્ પુષ્પાદિને ઇચ્છતા નથી, તેનો અર્થ જે પ્રમાણે પૂર્વપક્ષી કરે છે તે પ્રમાણે થાય નહિ; પરંતુ કૃત્સ્નસંયમવાળા એવા વિદ્વાન સાધુઓ પુષ્પાદિને ઇચ્છતા નથી, તેવો અર્થ મહાનિશીથના વૃત્તિકારે કર્યો છે, તેમ જ કરવો ઉચિત છે.

અહીં પૂર્વપક્ષી કહે કે દેવતાઓ અચિત્ત પુષ્પાદિ વડે ભગવાનની પૂજા કરે છે. માટે દેવતાઓની પુષ્પાદિથી કરાતી પૂજાને ગ્રહણ કરીને દેશવિરતિધર શ્રાવકો પણ પુષ્પાદિથી પૂજા કરે છે, તેમ સ્વીકારી શકાય નહિ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે પૂર્વપક્ષી એવો તું=પાશદોષાકર લુંપાકનો માસીયાઈ ભાઈ છે અર્થાત્ જેમ લુંપાક ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસાને સ્વીકારીને પ્રતિમાનો લોપ કરે છે, તેમ તું=પૂર્વપક્ષી પાશદોષાકર પ્રતિમાનો લોપ કરતો નથી, તોપણ લુંપાકની જેમ પુષ્પાદિથી ભગવાનની પૂજામાં હિંસા છે, તેમ કહીને ભગવાનની પૂજાને અધર્મરૂપે સ્થાપન કરે છે, તેથી તું લુંપાકનો માસીયાઈ ભાઈ છે.

વળી પૂર્વપક્ષીનું આ કથન સંગત નથી, તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે તને આવું કહીને કોણે અસંબદ્ધ શીખવાડ્યું ? તે અસંબદ્ધ કથન કેમ છે, તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

જો દેવલોકમાં નંદાપુષ્કરિણી આદિનાં કમળો અચિત્ત છે, તેથી દેવતાઓ તે કમળથી ભગવાનની પૂજા કરે છે, એમ પૂર્વપક્ષી કહે, તો જેમ સચિત્ત પુષ્પાદિ દ્વારા પૂજાના અધ્યવસાયમાં બાહ્ય આચરણારૂપ પાપ સ્વીકારવામાં આવે, તો અચિત્ત પુષ્પાદિ દ્વારા પણ ભગવાનની પૂજામાં ભાવથી પાપ સ્વીકારવું પડે.

જેમ કાલસૌકરિક કસાઈ રોજ ૫૦૦ પાડા મારતો હતો ત્યારે, બાહ્ય આચરણાથી પણ પાપ કરતો હતો અને ભાવથી પણ પાપ કરતો હતો, અને જ્યારે શ્રેણિક રાજાએ તેને હિંસાથી અટકાવવા અર્થે કૂવામાં ઊંધો લટકાવ્યો, ત્યારે પાણીમાં ૫૦૦ પાડાને ચિતરીને મારે છે. તેથી દ્રવ્યથી પાડા મારવાની ક્રિયા નહિ હોવા છતાં ભાવથી પાડા મારવાની ક્રિયા કરે છે. તેમ સચિત્ત પુષ્પાદિથી પૂજા કરવાના કારણે આચરણારૂપ પાપ થતું હોય તો અચિત્ત પુષ્પાદિથી પૂજા કરવાને કારણે પણ અધર્મની પ્રાપ્તિ થાય. છતાં દેવોની અચિત્ત

કમળોથી પૂજાને તું પાપરૂપ સ્વીકારતો નથી. માટે પુષ્પાદિથી પૂજા કરવામાં પાપ છે, તેથી દેશવિરતિધર શ્રાવકો પુષ્પાદિથી પૂજા કરે નહિ, એ પ્રમાણે તારું કહેવું અસંબદ્ધ પ્રલાપ છે.

વળી ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને કહે છે કે આ રીતે મુગ્ધજનોને બુદ્ધિનો વ્યામોહ કરવા માટે કૃત્રિમ પુષ્પાદિ દ્વારા પૂજાને તું વ્યવસ્થાપન કરી રહ્યો છે, તેથી તુચ્છ અસાર એવા કૃત્રિમ પુષ્પાદિથી ભગવાનની પૂજા કરીને ભગવાનની આશાતનાના પાપને કરવાની તું પ્રેરણા આપે છે, માટે તારું વચન ઉચિત નથી.

વળી સચિત્ત પુષ્પાદિથી પૂજાનો તું નિષેધ કરે છે તો જલાભિષેક આદિ પણ તારે ઉકાળેલા અચિત્ત પાણીથી કરવાનું કહેવું પડે, અને તેને તું=પૂર્વપક્ષી સ્વીકારે તો ગ્રંથકારશ્રી તેને કહે છે કે વસ્તુતઃ ઉકાળેલા પાણીથી અભિષેક કરવામાં પાણીને ઉકાળવા દ્વારા અગ્નિકાય અને પાણીના જીવોની વિરાધના થાય. તેથી મૂળથી જ અભિષેકનો તારે નિષેધ કરવો જોઈએ.

આ રીતે દેશવિરતિધર શ્રાવકને સચિત્ત પુષ્પાદિથી પૂજા ન હોય તેમ કહેનારું પૂર્વપક્ષીનું વચન અસંબદ્ધ છે, તેમ બતાવીને, ધર્મમાં આરંભની શંકા દુરંત સંસારનું કારણ છે, તે બતાવવા અર્થે પૂ. હરિભદ્રસૂરિ મહારાજ સાહેબની પંચાશકની સાક્ષી આપી. તેનો ભાવ આ પ્રમાણે છે –

જે શ્રાવકો દેહ અને ગૃહાદિ કાર્યોમાં આરંભ કરી રહ્યા છે, તેઓ ભગવાનની પૂજાના અનારંભક હોય=જીવના ઉપમર્દનના પરિહારનો પ્રયત્ન કરતા હોય અર્થાત્ ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા છે, અભિષેક આદિમાં જલાદિ જીવોની હિંસા છે, તેમ માનીને ભગવાનની પૂજા અર્થે પુષ્પાદિનો અને અભિષેક આદિનો પરિહાર કરતા હોય તે તેઓનું અજ્ઞાન છે; કેમ કે તેઓમાં રહેલા અજ્ઞાનને કારણે ભગવાનની ભક્તિરૂપ ઉચિત પ્રવૃત્તિમાં આરંભની શંકા કરીને ભક્તિનો પરિહાર કરે છે.

વળી આ રીતે અવિવેકને કારણે ભગવાનની પુષ્પાદિથી ભક્તિનો પરિહાર કરવાને કારણે શિષ્ટ લોકમાં પ્રવચનની હીલના થાય છે; કેમ કે શિષ્ટ લોકો વિચારે છે કે પોતાને ઇષ્ટ એવા દેવની ઉત્તમ એવા પુષ્પાદિથી પૂજા કરવાના નિષેધપર આ જૈનશાસન છે. જો પૂજાનો નિષેધ જૈનશાસન ન કરતું હોય તો આ શ્રાવકો પુષ્પાદિથી પૂજાનો પરિહાર કેમ કરે ? તેથી આ દર્શન અનાપ્ત પુરુષથી પ્રણીત છે, તેમ શિષ્ટ લોકોને જણાય છે. તેથી શિષ્ટ લોકમાં ભગવાનના પ્રવચનની હીલના થાય છે, અને આ પ્રકારની પ્રવચનની હીલનાને કારણે તેવી હીલનામાં નિમિત્ત બનનારા શ્રાવકોને અબોધિનું બીજ પ્રાપ્ત થાય છે અર્થાત્ જન્માંતરમાં ભગવાનના શાસનની અપ્રાપ્તિ થાય તેવું બીજ પ્રાપ્ત થાય છે. આટલા દોષો હોવાથી દ્રવ્યથી સ્નાન કરીને શુદ્ધ વસ્ત્રથી જિનપૂજા કરવી જોઈએ, એ પ્રમાણે આ પંચાશકની ગાથાથી ફલિત થાય છે.

**ઉત્થાન :–**

પૂર્વમાં પૂર્વપક્ષીએ શ્રમણોપાસક દેશવિરતિના પાંચમા ભાંગામાં કહેલ કે ઇંદ્રાભિષેક કરતી વખતે દેવતાઓ ઔદારિક જલ, પુષ્પો વગેરે ગ્રહણ કરે છે, અને જિનપૂજા કરતી વખતે ઔદારિક પુષ્પો ગ્રહણ કરતા નથી પણ સુરપુષ્પો ગ્રહણ કરે છે, અને સુરપુષ્પો અચિત્ત છે, માટે સચિત્ત પુષ્પોથી પૂજા કરવી શ્રાવકને ઉચિત નથી. તેનું નિરાકરણ કરવા ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

इन्द्राभिषेकेऽत्रत्यजलादिग्रहणं जिनपूजार्थं तु तत्रत्यस्यैवेत्यत्र तु कारणं मङ्गलार्थत्वनित्यभक्त्यर्थत्वादीनीति मा विप्रियं शङ्किष्ठाः,। अभिगमवचनं तु योग्यतया भोगाङ्गसचित्तपरिहारविषयम्, यथा 'घटेन जलमाहर' इत्यत्र घटपदं योग्यतया छिद्रेतरविषयमन्यथा सबालकाः स्त्रियो मुनि(जिन?)वन्दने नाभिगच्छेयुः । चैत्यवन्दनभाष्यादौ चाभिगमे सचित्तद्रव्योज्झनम्, श्राद्धानां पुष्पादिना पूजाविधाने नोक्तमिति किमुपजीव्यविरोधेनाभिगमदुर्व्याख्यानेन? यदि च योग्यता न पुरस्क्रियते तदाऽचित्तद्रव्यानुज्झनं द्वितीयाभिगम इति खड्गछत्रोपानत्प्रभृत्यचित्तद्रव्यं राजादिभिरपरित्याज्यं स्यात् । प्रवचनशोभानुगुणाचित्तद्रव्योपादानमेव द्वितीयार्थ इति चेत् ? पूजाद्यवसरे तदनुपयोगिसचित्तद्रव्योज्झनमेव प्रथमार्थ इति किं न दीयते दृष्टिः ?, येन शाकिनीव वाक्छलमेवान्वेषयसि । पुष्पवर्दलविकुर्वणमपि विकिरणमात्रसम्पादनार्थमधोवृन्तजलस्थलजपुष्पविकिरणस्यैव पाठसिद्धत्वात्, न पूजाङ्गे सचित्तशङ्का तद्दृष्टान्तेनानेया ।

**ટીકાર્થ :-**

इन्द्राभिषेके ..... शङ्किष्ठाः । **ઇંદ્રના અભિષેક વખતે અહીંના=મનુષ્ય લોકના, જલાદિનું ગ્રહણ વળી જિનપૂજા અર્થે ત્યાંના=દેવલોકના, જલાદિનું ગ્રહણ દેવો કરે છે, એમાં કારણ મંગલાર્થત્વ અને નિત્યભક્તિઅર્થત્વ વગેરે છે અર્થાત્ ઇંદ્રના અભિષેક વખતે મંગલ માટે અહીંના=મનુષ્ય લોકના, જલાદિ અને પુષ્પાદિ ગ્રહણ કરે છે અને જિનપૂજા વખતે નિત્યભક્તિ માટે દેવલોકનાં જલાદિ અને પુષ્પાદિ ગ્રહણ કરે છે, એથી કરીને તું વિપ્રિયની શંકા ન કર અર્થાત્ ભગવાનની પૂજા અર્થે અચિત્ત પુષ્પો દેવતાઓ ગ્રહણ કરે છે, એ પ્રકારની વિપ્રિયની શંકા ન કર.**

વળી પૂર્વમાં પૂર્વપક્ષીએ પાંચમા શ્રમણોપાસક દેશવિરત ભાંગાના કથનમાં દેશવિરતિધર શ્રાવક સચિત્ત પુષ્પાદિથી પૂજા કરતા નથી, તેની સિદ્ધિ કરવા માટે કહેલ કે પ્રતિમાના વંદનાધિકારમાં પાંચ પ્રકારના અભિગમની વિધિમાં સચિત્ત દ્રવ્યનો ત્યાગ કહેવાયેલો છે, અને જિનાલયમાં પ્રવેશ કરતી વખતે પણ ચૈત્યવંદનભાષ્યાદિમાં સચિત્ત દ્રવ્યના ત્યાગની વિધિ બતાવેલ છે. તેથી દેશવિરતિધર શ્રાવકને નિરવદ્ય પૂજા સંભવે. માટે જેઓ સચિત્ત પુષ્પાદિથી પૂજા કરે છે, તેઓ દેશવિરત નથી, પરંતુ અજ્ઞાનને કારણે ધર્માર્થે હિંસા કરે છે. તેથી દેશવિરતથી જુદા વિરતાવિરત ભાંગામાં તેમનું ગ્રહણ થાય છે. આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

अभिगमवचनं ..... नाभिगच्छेयुः । **વળી અભિગમવચન યોગ્યપણારૂપે ભોગાંગ સચિત્તના પરિહારના વિષયવાળું છે=ભગવાનની પૂજામાં ઉપયોગીથી ઇતર એવા ભોગાંગ સચિત્તના પરિહારવિષયવાળું છે, જે પ્રમાણે ઘટથી જલને આહર=ગ્રહણ કર, એ પ્રકારના પ્રયોગમાં, ઘટપદ યોગ્યપણાથી છિદ્રેતર**

**વિષયવાળું છે. અન્યથા=યોગ્યપણારૂપે ભોગાંગ સચિત્તના પરિહારના વિષયવાળું અભિગમ વચન છે, તેમ ન સ્વીકારો તો, બાળક સહિત સ્ત્રીઓ જિનવંદન માટે આવે નહિ.**

**चैत्यवन्दन ..... दुर्व्याख्यानेन ? અને ચૈત્યવંદનભાષ્યાદિમાં અભિગમવિષયક સચિત્ત દ્રવ્યનો ત્યાગ શ્રાવકોને પુષ્પાદિ દ્વારા પૂજાની વિધિમાં કહેવાયો નથી. એથી ઉપજીવ્ય વિરોધવાળા એવા અભિગમના દુર્વ્યાખ્યાન વડે શું ?**

જિનાલયમાં પ્રવેશ વખતે ભગવાનની ભક્તિ અર્થે પાંચ અભિગમને કહેનારાં શાસ્ત્રવચનો અને ચૈત્યવંદનભાષ્યાદિમાં કહેવાયેલાં અભિગમનાં વચનોને ગ્રહણ કરીને સચિત્ત પુષ્પાદિથી ભગવાનની પૂજાનો પૂર્વપક્ષી નિષેધ કરે છે, તે ઉચિત નથી, એમ પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું. તેની પુષ્ટિ કરવા અર્થે તર્ક કરે છે –

**यदि च ..... स्यात् । અને જો યોગ્યતા આગળ કરાતી નથી=અભિગમ સાચવતી વખતે સચિત્તના પરિહારના વિષયમાં ભોગના અંગરૂપ યોગ્યતા આગળ કરાતી નથી, તો અચિત્ત દ્રવ્યનો અત્યાગ એ પ્રકારનો બીજો અભિગમ છે, એ સ્થાનમાં ખડ્ગ, છત્ર, પગરખાં વગેરે અચિત્ત દ્રવ્યો રાજા વડે અપરિત્યાજ્ય થાય.**

આ રીતે તર્ક દ્વારા ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે યોગ્યપણારૂપે ભોગાંગ સચિત્તના પરિહારવિષયવાળું અભિગમ વચન છે. એ તર્કનું નિરાકરણ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

**प्रवचन ..... इति चेत् ? પ્રવચનની શોભાને અનુરૂપ એવા અચિત્ત દ્રવ્યનું ગ્રહણ જ બીજા અભિગમનો અર્થ છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે, તો તેને ગ્રંથકારશ્રી કહે છે –**

**पूजाद्यवसरे ..... अन्वेषयसि । પૂજાદિના અવસરમાં તેમાં અનુપયોગી=પૂજામાં અનુપયોગી એવા સચિત્ત દ્રવ્યનો ત્યાગ જ પ્રથમ અભિગમનો અર્થ છે, એ પ્રમાણે કેમ દૃષ્ટિ અપાતી નથી=એ પ્રમાણે કેમ તારા વડે જોવાતું નથી ?**

**જે કારણથી શાકિનીની જેમ=ડાકણની જેમ વાક્છલ જ તું શોધે છે.**

પૂર્વમાં પૂર્વપક્ષીએ શ્રમણોપાસક દેશવિરતિના ભાંગામાં 'શ્રમણોપાસક દેશવિરતિથી વિરતાવિરત જુદા છે' તે સિદ્ધ કરવા માટે શ્રમણોપાસક સચિત્ત પુષ્પોથી ભગવાનની પૂજા કરતા નથી, તે બતાવવા માટે યુક્તિ આપી કે દેવતાઓ સમવસરણમાં વૈક્રિય પુષ્પોની વિકુર્વણા કરે છે, અને સમવસરણમાં મણિની રચનાવિશેષ પણ અચિત્ત જ છે. વળી તેની પુષ્ટિ કરવા માટે રાજપ્રશ્નીય ઉપાંગની સાક્ષી આપેલ. રાજપ્રશ્નીય ઉપાંગમાં કહ્યું છે કે દેવતાઓ પુષ્પવાળાં વાદળાંઓ વિકુર્વે છે; તેથી પણ ફલિત થાય છે કે દેવતાઓએ વિકુર્વેલાં વાદળોમાંથી પડતાં પુષ્પો વૈક્રિય છે, માટે અચિત્ત જ છે. તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

**पुष्पवर्दलविकुर्वणमपि ..... आनेया । રાજપ્રશ્નીય ઉપાંગમાં 'પુષ્પવાળાં વાદળાંઓનું વિકુર્વણ' પણ વિકિરણમાત્ર સંપાદન માટે છે; કેમ કે અધોવૃત્તવાળા જલથી અને સ્થળથી ઉત્પન્ન થયેલા**

**પુષ્પના વિકિરણનું જ પાઠસિદ્ધપણું છે. તેના દૃષ્ટાંતથી=રાજપ્રશ્નીય ઉપાંગમાં બતાવેલા દેવતાઓના પુષ્પવિકિરણના દૃષ્ટાંતથી, પૂજાના અંગમાં સચિત્તની શંકા કરવી નહિ અર્થાત્ પૂજાના અંગમાં સચિત્તનો પરિહાર છે એ પ્રકારે શંકા કરવી નહિ.**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી કહે છે કે ઇંદ્રના અભિષેક વખતે દેવતાઓ અહીંના સચિત્ત જલાદિથી અને સચિત્ત પુષ્પાદિથી પૂજા કરે છે; કેમ કે ઇંદ્રનો અભિષેક એ ધર્મનું કૃત્ય નથી, અને ભગવાનની પૂજા વખતે દેવતાઓ દેવલોકના વાવડીના જલથી અભિષેક કરે છે અને દેવલોકનાં પુષ્પોથી ભગવાનની ભક્તિ કરે છે, તેનું કારણ દેવલોકનું જલ સચિત્ત નથી અને દેવલોકનાં પુષ્પો સચિત્ત નથી.

આનાથી પૂર્વપક્ષીને એ કહેવું છે કે સચિત્ત એવાં પુષ્પાદિથી ભગવાનની પૂજા કરવામાં હિંસાનો દોષ છે, અને દેવતાઓ વિબુધ હોવાથી તે હિંસાનો પરિહાર કરે છે. માટે દેશવિરત શ્રાવક પણ વિવેકવાળા હોવાથી સચિત્ત પુષ્પાદિથી ભગવાનની પૂજા કરે નહિ; અને જેઓ સચિત્ત પુષ્પાદિથી પૂજા કરે છે, તેઓ હિંસાના પરિહારવિષયક વિવેકવાળા નહિ હોવાથી ધર્મબુદ્ધિથી પુષ્પાદિથી ભગવાનની પૂજા કરે છે, માટે તેઓ દેશવિરત નથી, પરંતુ વિરતાવિરત છે. તેથી પાંચમા શ્રમણોપાસકદેશવિરતના ભાંગાથી ચોથો વિરતાવિરતનો ભાંગો જુદો સિદ્ધ થાય છે. પૂર્વપક્ષીના આ કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ઇંદ્રના અભિષેક વખતે મંગલ માટે અહીંનાં=તિર્ચ્છાલોકનાં જલાદિ અને પુષ્પાદિ દેવતાઓ ગ્રહણ કરે છે અને ભગવાનની નિત્યભક્તિ અર્થે ત્યાંનાં=દેવલોકની વાવડીનાં જલ અને દેવલોકનાં પુષ્પો ગ્રહણ કરે છે, પરંતુ તેથી ત્યાંની વાવડીનું જલ સચિત્ત નથી, અચિત્ત છે, અને ત્યાંનાં પુષ્પો સચિત્ત નથી અચિત્ત છે, તેવી વિપરીત શંકા થઈ શકે નહિ.

આશય એ છે કે કોઈ ઇંદ્ર દેવલોકથી ચ્યવે અને તેના સ્થાને નવા ઇંદ્ર ઉત્પન્ન થાય ત્યારે ઇંદ્રનો અભિષેક કરાય છે, અને તે અભિષેક મંગલરૂપ બને, તેથી ઇંદ્રાભિષેક વખતે દેવતાઓ તિર્ચ્છાલોકનાં તીર્થ વગેરેનાં જલોને ગ્રહણ કરે છે, જેથી તે અભિષેક મંગલનું કારણ બને; અને દેવલોકમાં ભગવાનની પૂજા નિત્યભક્તિ માટે કરવી છે, અને તે નિત્યભક્તિ માટે દેવલોકમાં વાવડીમાં નિર્મળ જળ અને સુંદર પુષ્પો ઉપલબ્ધ છે. માટે નિત્યભક્તિ કરવા માટે દેવતાઓ તિર્ચ્છાલોકનાં જલ કે પુષ્પો ગ્રહણ કરતા નથી. એટલા માત્ર શાસ્ત્રવચનના બળથી દેવલોકનાં પુષ્પો અને જલ સચિત્ત નથી, તેવી શંકા કરીને સચિત્ત પુષ્પાદિ અને જલાદિથી ભગવાનની ભક્તિ થાય નહિ, એ પ્રકારની વિપરીત શંકા કરવી ઉચિત નથી.

પાંચમો ભાંગો દેશવિરત કરતાં ચોથો વિરતાવિરતનો ભાંગો જુદો છે, તેમ સ્થાપના કરવા અર્થે પૂર્વપક્ષીએ કહ્યું કે વિરતાવિરતને શાસ્ત્રનો બોધ નહિ હોવાથી સચિત્ત પુષ્પાદિથી પૂજા કરે છે, પરંતુ દેશવિરત શ્રાવકો તો સાધુના પરિચયવાળા હોવાથી હિંસાને ધર્મરૂપે જોતા નથી, તેથી સચિત્ત પુષ્પાદિથી ભગવાનની પૂજા કરતા નથી; અને તેમાં પૂર્વપક્ષીએ યુક્તિ આપેલ કે શાસ્ત્રમાં પાંચ અભિગમનું વચન છે અને ચૈત્યવંદનભાષ્યાદિમાં પણ પાંચ અભિગમનું વચન છે, અને તે અભિગમમાં એક અભિગમ સચિત્ત

દ્રવ્યના ત્યાગપૂર્વક જિનાલયમાં જવાનું છે. તેથી સચિત્ત એવા પુષ્પાદિથી કે જલાદિથી ભગવાનની ભક્તિ વિવેકી એવા દેશવિરત શ્રાવકો કરે નહિ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જે પ્રમાણે 'ઘટથી જલને લાવ' એ પ્રકારના વચનપ્રયોગમાં ઘટપદ છિદ્રથી ઇતરવિષયવાળું યોગ્યપણાથી ગ્રહણ કરવાનું છે; કેમ કે છિદ્રવાળા ઘટથી પાણી લાવી શકાય નહિ, આમ છતાં પ્રયોગ કરનાર પુરુષ એમ કહેતો નથી કે છિદ્ર વગરના ઘટથી જલને લાવ, તોપણ જે ઘટ જલ લાવવાને યોગ્ય હોય તે ઘટથી પાણી લાવવાનું કહેનારું વચન છે, એવો અર્થ કરાય છે; તેમ શાસ્ત્રમાં ભગવાનની ભક્તિના અર્થે પાંચ અભિગમો બતાવ્યા, તેમાં સચિત્ત દ્રવ્યના ત્યાગનું કથન કર્યું, તે સચિત્ત દ્રવ્યનો ત્યાગ જે સચિત્ત દ્રવ્ય ત્યાગને યોગ્ય છે, તેને આશ્રયીને ગ્રહણ કરવાનો છે, પરંતુ સર્વ સચિત્તના ત્યાગઅર્થક નથી.

જિનાલયમાં પ્રવેશ કરતી વખતે ત્યાગને યોગ્ય સચિત્ત દ્રવ્ય ભોગના અંગરૂપ છે, અન્ય સચિત્ત દ્રવ્ય નહિ; અને એવું માનવામાં ન આવે, અને એમ કહેવામાં આવે કે સર્વ સચિત્ત દ્રવ્યનો પરિહાર કરીને જ જિનાલયમાં જવાનું છે, તો સ્ત્રીઓ બાળક લઈને જિનાલયમાં જાય છે, તે બાળક પણ સચિત્ત છે. માટે બાળકને લઈને પણ જિનાલયમાં જવાય નહિ, તેમ માનવું પડે.

આનાથી એ ફલિત થયું કે ભગવાનની ભક્તિ અર્થે જે પુષ્પાદિ કે જલાદિ સચિત્ત દ્રવ્ય છે, તે ત્યાગને યોગ્ય સચિત્ત દ્રવ્ય નથી, પરંતુ પોતાના ભોગના અંગભૂત જે સચિત્ત દ્રવ્ય સાથે હોય તે ત્યાગને યોગ્ય છે. તેથી તેનો ત્યાગ કરીને જિનાલયમાં પ્રવેશ કરવો જોઈએ, એ પ્રકારનું અભિગમવચનનું તાત્પર્ય છે. માટે અભિગમવચનના બળથી સચિત્ત જલાદિથી કે પુષ્પાદિથી ભગવાનની પૂજા થાય નહિ, તેમ સ્થાપન કરી શકાય નહિ.

વળી ચૈત્યવંદનભાષ્યાદિમાં જે પાંચ અભિગમો કહ્યા ત્યાં સચિત્ત દ્રવ્યના ત્યાગનું જે કથન કર્યું છે, તે શ્રાવકોને પુષ્પાદિથી પૂજાની વિધિમાં કહ્યું નથી અર્થાત્ ચૈત્યવંદનભાષ્યાદિમાં પુષ્પાદિથી પૂજાની વિધિ કહી છે ત્યાં, સચિત્ત દ્રવ્યના ત્યાગરૂપ અભિગમનું વચન કહ્યું નથી. તેથી સચિત્ત પુષ્પાદિથી પૂજા થાય નહિ, એમ ચૈત્યવંદનભાષ્યમાં કહેલા અભિગમના વચનથી કહી શકાય નહિ. માટે પૂર્વપક્ષી જે અભિગમનું વ્યાખ્યાન કરે છે તે ઉપજીવ્ય વિરોધી છે, માટે દુર્વ્યાખ્યાન છે.

આશય એ છે કે પાંચ અભિગમો ઉપજીવક છે, અને તેનાથી ઉપજીવ્ય ભગવાનની ભક્તિ છે; અને ઉપજીવક કદી ઉપજીવ્યનો વિરોધી ન હોય, પરંતુ હંમેશાં ઉપજીવ્યને અનુરૂપ હોય. તેથી ઉપજીવ્ય એવી ભગવાનની ભક્તિને અનુરૂપ ઉપજીવક એવા અભિગમનું વ્યાખ્યાન કરવામાં આવે તો તે વ્યાખ્યાન સુવ્યાખ્યાન બને; અને પૂર્વપક્ષી સચિત્ત દ્રવ્યનો ત્યાગ કહેનાર જે અભિગમવચન છે, તે અભિગમવચનથી, ઉપજીવ્ય એવી ભગવાનની ભક્તિ અર્થે ઉપયોગી એવા પુષ્પાદિ અને જલાદિનો જ અભિગમવચન દ્વારા વિરોધ કરે છે અર્થાત્ અભિગમવચન દ્વારા સચિત્ત પુષ્પ અને સચિત્ત જલપૂજા માટે લઈને જિનાલયમાં જવાય નહિ, તેમ કહે છે. તેથી અભિગમથી ઉપજીવ્ય ભગવાનની ભક્તિનો વિરોધ કરે તેવો અભિગમવચનનો અર્થ કરીને પૂર્વપક્ષી અભિગમનું દુર્વ્યાખ્યાન કરે છે, તે ઉચિત નથી.

પૂર્વમાં કહ્યું કે જિનાલયમાં જતી વખતે જે પાંચ અભિગમો કહ્યા છે, તેમાં સચિત્ત દ્રવ્યના ત્યાગનો અભિગમ ભોગાંગ સચિત્તના પરિહાર માટે છે, અન્ય સચિત્ત દ્રવ્યના પરિહાર માટે નથી; કેમ કે ભગવાનની ભક્તિના કાળમાં પરિહાર યોગ્ય એવું સચિત્ત દ્રવ્ય ભોગાંગ છે, પરંતુ ભગવાનની પૂજા અર્થે લઈ જવાનાં પુષ્પાદિ પરિહાર યોગ્ય નથી. તેની પુષ્ટિ કરવા અર્થે તર્ક કરે છે –

જો પરિહાર યોગ્ય એવા સચિત્ત દ્રવ્યને અભિગમના વચનના બળથી આગળ કરવામાં ન આવે, અને સર્વ સચિત્ત દ્રવ્યનો પરિહાર સ્વીકારીને અચિત્ત પુષ્પાદિથી ભગવાનની પૂજા થાય તેમ સ્વીકારવામાં આવે, તો અચિત્ત દ્રવ્યનો ત્યાગ નહિ કરવાનું જે બીજું અભિગમ વચન છે તેને સાચવવા માટે રાજા વગેરે જિનાલયમાં પ્રવેશ કરતી વખતે ખડ્ગ, છત્ર, પગરખાં વગેરે અચિત્ત દ્રવ્યનો ત્યાગ કરે છે તેનો પણ ત્યાગ કરવો જોઈએ નહિ; કેમ કે જેમ સચિત્ત દ્રવ્યના ત્યાગથી યોગ્યાયોગ્યનો વિભાગ કર્યા વગર સર્વ સચિત્ત દ્રવ્યનો ત્યાગ સ્વીકારવામાં આવે, તો અચિત્ત દ્રવ્યના ત્યાગના નિષેધને કહેનારા અભિગમવચનથી પણ યોગ્યાયોગ્યનો વિભાગ કર્યા વગર જે પોતાની સાથે અચિત્ત દ્રવ્ય છે તે અચિત્ત દ્રવ્યનો ત્યાગ કરવો જોઈએ નહિ, એમ સ્વીકારવું જોઈએ; અને એમ સ્વીકારીએ તો જિનાલયમાં જતી વખતે પગરખાં વગેરેનો ત્યાગ કર્યા વગર જિનાલયમાં જવું જોઈએ, એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય, અને તર્ક હંમેશાં વિપર્યયમાં પર્યવસાન પામે છે. તેથી જેમ અચિત્ત દ્રવ્યના અત્યાગના વચનથી પગરખાદિનું ગ્રહણ નથી, તેમ સચિત્ત દ્રવ્યના ત્યાગના વચનથી પૂજાની સામગ્રીના ત્યાગનું ગ્રહણ નથી, એ પ્રકારે વિપરીત અર્થમાં તર્ક વિશ્રાંત થાય છે.

આનાથી એ ફલિત થાય કે જેમ અચિત્ત દ્રવ્યને કહેનાર અભિગમવચનથી અત્યાગયોગ્ય અચિત્ત દ્રવ્યના અત્યાગનું કથન છે સર્વ અચિત્ત દ્રવ્યના અત્યાગનું કથન નથી, તેમ સચિત્ત દ્રવ્યના ત્યાગને કહેનારા અભિગમવચનથી ભોગાંગ એવા ત્યાગ યોગ્ય સચિત્ત દ્રવ્યના ત્યાગનું કથન છે, સર્વ સચિત્ત દ્રવ્યના ત્યાગનું કથન નથી. તેથી ભગવાનની ભક્તિ અર્થે ગ્રહણ કરાતા પુષ્પાદિ કે જલાદિના ત્યાગનું કથન સચિત્ત દ્રવ્યના ત્યાગના અભિગમવચનથી પ્રાપ્ત થાય નહિ.

આ રીતે તર્કથી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે સચિત્ત દ્રવ્યના ત્યાગને કહેનારું અભિગમવચન વિશેષ સચિત્તના પરિહારપર છે, સર્વ સચિત્તના પરિહારપર નથી, અને તેમાં તર્ક આપ્યો; તે તર્કનું નિરાકરણ કરવા અર્થે પૂર્વપક્ષી કહે કે પ્રવચનની શોભાને અનુરૂપ અચિત્ત દ્રવ્યના ગ્રહણનું જ બીજા અભિગમનો અર્થ છે અર્થાત્ અચિત્ત દ્રવ્યના અત્યાગને કહેનારું વચન પ્રવચનની શોભાને અનુરૂપ એવા આભૂષણાદિ દ્રવ્યોના ગ્રહણનું જ કથન કરે છે, ત્યાગનું કથન કરતું નથી.

પૂર્વપક્ષીનો આશય એ છે કે ભગવાનની ભક્તિની વૃદ્ધિ અર્થે ઉત્તમ અલંકારો વગેરે આભૂષણો ધારણ કરવામાં આવે તો પ્રવચનની શોભા થાય, અને તેવાં અચિત્ત દ્રવ્યોને ગ્રહણ કરવાનું જ કથન બીજા અભિગમથી પ્રાપ્ત થાય છે અર્થાત્ અચિત્ત દ્રવ્યના અત્યાગને કહેનારા અભિગમવચનથી પ્રાપ્ત થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂજાના અવસરમાં પૂજાને અનુપયોગી એવા સચિત્ત દ્રવ્યના ત્યાગને કહેનારું પ્રથમ અભિગમ વચન છે એ પ્રકારે તું કેમ વિચારતો નથી ? તેથી જેમ ડાકણ કોઈના શરીરમાં પ્રવેશ કરવા અર્થે અવસર પ્રાપ્ત થતો

ન હોય ત્યારે છળને શોધે છે અર્થાત્ જ્યારે તે પુરુષ કોઈ એવી અવસ્થામાં હોય કે જ્યારે તે ડાકણ તેના શરીરમાં પ્રવેશ કરી શકે એવો મોકો જુવે છે, તેમ તું પણ=પૂર્વપક્ષી પણ, તે ડાકણની જેમ શાસ્ત્રવચનોનો ઉચિત અર્થ જોડવાને બદલે વાણીનો છળ કરીને અચિત્ત દ્રવ્યના અત્યાગનું વચન પ્રવચનની શોભાને અનુરૂપ અચિત્ત દ્રવ્યના ગ્રહણને કહેનાર છે, તેવો અર્થ કરે છે, અને સચિત્ત દ્રવ્યના ત્યાગના અભિગમમાં ભગવાનની ભક્તિમાં ઉપયોગી એવા પણ પુષ્પાદિના ત્યાગને ગ્રહણ કરે છે, તે વાણીનો છળ છે; કેમ કે જો પ્રવચનની શોભાને અનુરૂપ અચિત્ત દ્રવ્યનું ગ્રહણ જ અચિત્ત દ્રવ્યના અત્યાગથી પ્રાપ્ત થતું હોય, તો સચિત્ત દ્રવ્યના ત્યાગથી પણ ભગવાનની ભક્તિમાં અનુપયોગી એવા સચિત્ત દ્રવ્યનો ત્યાગ જ તેણે=પૂર્વપક્ષીએ ગ્રહણ કરવો જોઈએ. તેના બદલે પૂર્વપક્ષી છળ કરીને સચિત્ત દ્રવ્યના ત્યાગથી ભગવાનની ભક્તિમાં સચિત્ત પુષ્પાદિ કે જલાદિ ગ્રહણ થાય નહિ, તેવો અર્થ કરે છે, અને અચિત્ત દ્રવ્યના અત્યાગથી પ્રવચનની શોભામાં ઉપયોગી અચિત્ત દ્રવ્યના ગ્રહણને પૂર્વપક્ષી સ્વીકારે છે, તે અનુચિત છે.

સમવસરણમાં દેવતાઓ ભગવાનની ભક્તિ અર્થે પુષ્પો વિકુર્વે છે, એવો પાઠ રાજપ્રશ્નીય ઉપાંગમાં મળે છે, અને રાજપ્રશ્નીય ઉપાંગમાં કહ્યું છે કે ભગવાનની ભક્તિ અર્થે દેવતાઓ પુષ્પોવાળાં વાદળાંઓ વિકુર્વે છે અને તેમાંથી પુષ્પો વરસાવે છે; છતાં તે પાઠથી અચિત્ત પુષ્પો જ દેવતાઓ વરસાવે છે, એવું કથન પ્રાપ્ત થતું નથી, પરંતુ ભગવાનની ભક્તિ અર્થે પુષ્પોવાળાં વાદળાંઓનું વિકિરણ કરે છે, એટલો જ અર્થ પ્રાપ્ત થાય છે. તે પાઠથી જલમાં ઉત્પન્ન થયેલાં અને ભૂમિમાં ઉત્પન્ન થયેલાં પુષ્પોને ગ્રહણ કરીને દેવતાઓ તેમાંથી વાદળાં વિકુર્વીને તે વાદળાંમાંથી પુષ્પો વિકિરણ કરે છે અર્થાત્ સમવસરણમાં નીચે ડીંટાં હોય તે રીતે દેવતાઓ તે પુષ્પોથી વૃષ્ટિ કરે છે, તેવો અર્થ પાઠથી સિદ્ધ થાય છે. માટે ભગવાનની પૂજાના અંગમાં સચિત્ત પુષ્પોના પરિહારની શંકા દેવતાઓના પુષ્પવિકિરણના દૃષ્ટાંતથી કરી શકાય નહિ. તેથી ભગવાનની ભક્તિ અર્થે સચિત્ત પુષ્પાદિ ગ્રહણ કરવા દોષરૂપ નથી, એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે.

**ટીકા :-**

**एतेन यदुत्प्रेक्षितं जातिसङ्करवता-पूजायामादौ पुष्पाद्युपमर्दादधर्म एव तदन्तरं शुभभावसंपत्त्या तु धर्म इति धर्माधर्मसङ्कर एवेति तन्निरस्तम्, एवं हि यागेऽपि हिंसया प्रागधर्म उत्तराङ्गदानदक्षिणादिना त्वनन्तरं धर्म इति वदतः सब्रह्मचारितापातात् यच्च तत्कालीनासंयमोज्झनं शुभभावेनोक्तं तद्विधि-भक्त्यन्यतरवैगुण्य एवान्यथा स्वरूपासंयमस्य द्रव्यस्तवानतिरेकेणोज्झितुमशक्यत्वादनुबन्धासंयमस्य चानुद्भवोपहतत्वाद् ।**

**ટીકાર્થ :-**

**एतेन ..... निरस्तम् । પૂજામાં પ્રથમ પુષ્પાદિ ઉપમર્દનના કારણે અધર્મ જ છે, ત્યારપછી શુભભાવની સંપત્તિથી=ભગવાનની ભક્તિરૂપ શુભભાવની પ્રાપ્તિથી, ધર્મ છે. એથી કરીને ધર્માધર્મનો સંકર જ છે=ભગવાનની પુષ્પાદિથી પૂજામાં ધર્મ-અધર્મરૂપ મિશ્રભાવની પ્રાપ્તિ જ છે, એ પ્રમાણે જે જાતિસંકરવાળા**

**વડે ઉત્પ્રેક્ષિત છે, તે આના દ્વારા નિરસ્ત કરાયું=પૂર્વે મહાનિશીથની ગાથા अकसिणपवत्तगाणं ..... ઇત્યાદિથી માંડીને અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ સચિત્ત પુષ્પોથી ભગવાનની પૂજા કરવામાં દોષ છે, એમ જે પૂર્વપક્ષી કહે છે તેનું નિરાકરણ કર્યું એના દ્વારા, જાતિસંકરને માનનારા પુરુષ વડે જે ઉત્પ્રેક્ષિત છે તે નિરસ્ત કરાયું છે.**

જાતિસંકરવાળા પુરુષ વડે ઉત્પ્રેક્ષિત નિરસ્ત કરાયું, તેમાં હેતુ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

**एवं हि ..... सब्रह्मचारितापातात् । આ રીતે=જે રીતે પૂજામાં જાતિસંકરવાળા ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ સ્વીકારે છે એ રીતે, યાગમાં પણ હિંસાથી પ્રારંભમાં અધર્મ છે, વળી યાગના ઉત્તર અંગરૂપ દાનદક્ષિણાદિ દ્વારા અનંતર ધર્મ છે, એ પ્રમાણે કહેતા એવા તને સબ્રહ્મચારિતાનો પાત છે= સદૃશતાની પ્રાપ્તિ છે=યાગીય હિંસા સદૃશ જિનપૂજાની પ્રાપ્તિ છે, એ રૂપ દોષ હોવાને કારણે પૂજામાં ધર્માધર્મરૂપ સંકર સ્વીકારી શકાય નહિ. માટે જાતિસંકરવાળાનો મત નિરસ્ત છે એમ પૂર્વ સાથે અન્વય છે.**

જાતિસંકરવાળા વડે કહેવાયેલ પૂજામાં ધર્માધર્મરૂપ સંકરપક્ષ અનુચિત છે તેમ ગ્રંથકારશ્રીએ પૂર્વમાં સ્થાપન કર્યું. ત્યાં પૂર્વપક્ષી કહે કે શાસ્ત્રમાં કૂપદૃષ્ટાંતથી ભગવાનની પૂજા બતાવેલ છે. તે પ્રમાણે પૂજાથી થતો અસંયમ ભગવાનની ભક્તિકાળમાં થતા શુભભાવથી શુદ્ધ થાય છે, તેવો અર્થ પ્રાપ્ત થાય છે. માટે ભગવાનની પૂજામાં અસંયમરૂપ અધર્મ છે અને તે અસંયમ શુભભાવરૂપ ધર્મથી શુદ્ધ થાય છે. તેથી ભગવાનની પૂજામાં ધર્માધર્મરૂપ સંકર સ્વીકારવો ઉચિત છે. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

**यच्च ..... उपहतत्वात् । અને જે તત્કાલીન અસંયમનો ત્યાગ=પૂજાકાલિન અસંયમનો ત્યાગ, શુભભાવથી કહેવાયો=શુભભાવથી અસંયમનો ત્યાગ થાય છે, એમ જે શાસ્ત્રમાં કહેવાયું તે=પૂજાકાલિન અસંયમ, વિધિ-ભક્તિ અન્યતરના વૈગુણ્યમાં જ છે; કેમ કે અન્યથા=પૂજાકાળમાં વિધિ-ભક્તિનું વૈગુણ્ય ન હોય તેવા પુષ્પાદિ જીવોની હિંસારૂપ અસંયમનો ત્યાગ શુભભાવથી થાય છે, એમ સ્વીકારવામાં આવે તો, સ્વરૂપઅસંયમનો=પુષ્પાદિ જીવોની હિંસારૂપ સ્વરૂપઅસંયમનો, દ્રવ્યસ્તવથી અનતિરેક હોવાને કારણે ત્યાગ કરવો અશક્ય છે અને અનુબંધઅસંયમનું=ફળઅસંયમનું, અનુદ્ભવથી ઉપહતપણું છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં अकसिणपवत्तगाणं થી માંડીને અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ અનેક યુક્તિઓ દ્વારા ભગવાનની પૂજામાં હિંસા છે, તેવું સ્થાપન કરનાર પાશદોષાકરના કથનનું નિરાકરણ કર્યું અને સ્થાપન કર્યું કે જે રીતે પૂર્વપક્ષી કહે છે કે શ્રાવક વિવેકી છે, માટે સચિત્ત પુષ્પાદિથી ભગવાનની પૂજા કરે નહિ, તે તેનું વચન અનુચિત છે. તેનાથી જાતિસંકરવાળાનો મત પણ નિરસ્ત થાય છે.

જાતિસંકરવાળાનો મત એ છે કે ભગવાનની પૂજામાં ધર્મ-અધર્મરૂપ જાતિનું સંકર છે; અને તેમાં તે મતવાળા યુક્તિ આપે છે કે પૂજાના પ્રારંભમાં પૂજા કરનાર શ્રાવકો પુષ્પાદિનું ઉપમર્દન કરે છે, તેથી પૂજાના

પ્રારંભમાં અધર્મની પ્રાપ્તિ થાય છે; અને ત્યારપછી પુષ્પાદિથી ભગવાનની ભક્તિ કરે છે, ત્યારે શુભભાવની પ્રાપ્તિ થાય છે, તે વખતે ધર્મની પ્રાપ્તિ થાય છે. આ રીતે પૂજાની ક્રિયામાં ધર્મ-અધર્મનો સંકર છે. તેથી પૂજાની ક્રિયા શ્રાવકના સામાયિક-પૌષધાદિની ક્રિયા તુલ્ય કેવલ ધર્મરૂપ નથી, પરંતુ ધર્માધર્મરૂપ મિશ્ર છે. આ પ્રકારની જાતિસંકરને માનનારા મતની યુક્તિ છે, અને તેનું નિરાકરણ ગ્રંથકારશ્રીના પૂર્વના કથનથી થાય છે; કેમ કે ગ્રંથકારશ્રીએ પૂર્વપક્ષી પાશદોષાકરના નિરાકરણ વખતે સ્પષ્ટ સ્થાપન કર્યું કે મલિનારંભી એવા શ્રાવકને ભગવાનની પૂજા કરવામાં લેશ પણ અધર્મ નથી, પરંતુ ધર્મ જ છે. આથી વિવેકી શ્રાવકો પોતાની ભૂમિકા અનુસાર ઉત્તમ પુષ્પાદિથી ભગવાનની ભક્તિ કરે છે. તેથી ગ્રંથકારશ્રીના તે વચનથી ધર્માધર્મપક્ષનું નિરાકરણ થાય છે.

વળી જાતિસંકરવાળાના ધર્માધર્મપક્ષના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી અન્ય યુક્તિ આપે છે –

જો જાતિસંકર માનનારાઓ ભગવાનની પૂજામાં ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ સ્વીકારે, તો એ રીતે જેમાં પશુની હિંસા કરાય છે, તેવા યાગને પણ ધર્માધર્મરૂપ મિશ્ર કહેવો પડે; કેમ કે યાગમાં પણ પ્રથમ પશુનો વધ કરાય છે અને ઉત્તરમાં યાગના અંગરૂપ દાન કરાય છે. તેથી ઉત્તરમાં બ્રાહ્મણોને દક્ષિણાદિ દ્વારા ધર્મ થાય છે અને પૂર્વમાં કરાયેલી હિંસા દ્વારા અધર્મ થાય છે, અને તેમ સ્વીકારનારને તો યાગીય હિંસા જેવી ભગવાનની પૂજા છે, તેમ માનવું પડે, અને કોઈ વિવેકી વ્યક્તિ ભગવાનની પૂજાને યાગીય હિંસા જેવી સ્વીકારતી નથી, માટે જાતિસંકરવાળાનો મત નિરસ્ત=નિરાકૃત થાય છે.

વળી પૂજામાં ધર્માધર્મરૂપ જાતિસંકર માનનારા કહે છે કે શાસ્ત્રમાં કૂપનું દૃષ્ટાંત બતાવેલ છે અને કહેલ છે કે પૂજાકાળમાં જે અસંયમ થાય છે તે અસંયમ શુભભાવ દ્વારા દૂર થાય છે. તે શાસ્ત્રવચનથી પણ નક્કી થાય છે કે પૂજામાં અસંયમરૂપ અધર્મ છે, જે પુષ્પાદિના ઉપમર્દનરૂપ છે, અને જે શુભભાવથી તે અધર્મનો ત્યાગ થાય છે, તે શુભભાવ ભગવાનની ભક્તિરૂપ છે. માટે ભગવાનની ભક્તિમાં ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ સ્વીકારવામાં દોષ નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

કૂપદૃષ્ટાંત દ્વારા પૂજાકાળમાં થતા અસંયમનો ત્યાગ થાય છે, એમ જે કહ્યું છે, તે પુષ્પાદિ જીવોના ઉપમર્દનથી થતા અસંયમને આશ્રયીને નથી, પરંતુ ભગવાનની પૂજાકાળમાં શાસ્ત્રઅનુસાર પૂજાની જે વિધિ છે, તેમાં કાંઈ વિકલતા થઈ હોય, અને પૂજાકાળમાં ભગવાનની ભક્તિ કરતી વખતે અન્યમનસ્કતાદિરૂપ જે ભક્તિની વિકલતા થઈ હોય, તેનાથી થતા અસંયમને આશ્રયીને કહેલ છે. તેથી ભગવાનની ભક્તિવાળા શ્રાવકો પૂજામાં જે કાંઈ વિધિની વિકલતા કરે કે ભક્તિની વિકલતા કરે તેનાથી પૂજામાં જે અસંયમની પ્રાપ્તિ થાય છે, તે ભગવાનની ભક્તિકાળમાં થયેલા ઉત્તરના શુભભાવથી નાશ પામે છે. એવું ન માનો અને એમ કહો કે ભગવાનની પૂજામાં જે પુષ્પાદિનું ઉપમર્દન થાય છે, તે અસંયમ છે, અને તે અસંયમનો ત્યાગ ભગવાનની ભક્તિના શુભભાવથી થાય છે, તો એ પ્રાપ્ત થાય કે ભગવાનની ભક્તિકાળમાં થયેલ પુષ્પાદિના ઉપમર્દનરૂપ જે સ્વરૂપઅસંયમ છે, તે દ્રવ્યસ્તવરૂપ છે, પરંતુ દ્રવ્યસ્તવથી જુદું નથી, અને તેનો ત્યાગ કરવો હોય તો પુષ્પાદિથી દ્રવ્યસ્તવ કરવાનું બંધ કરવું પડે; અને વળી એમ કહેવામાં આવે કે

અનુબંધથી અસંયમનો ત્યાગ ભગવાનની પૂજામાં થતા શુભભાવથી થાય છે, તો ભગવાનની પૂજાકાળમાં અનુબંધથી અસંયમ હજુ ઉત્પન્ન થયો નથી. તેથી તેનો નાશ થઈ શકે નહિ.

આશય એ છે કે શ્રાવકો પુષ્પોથી ભગવાનની પૂજા કરે છે. તેને જોઈને ભવિષ્યમાં અન્ય અન્ય પણ જીવો પુષ્પાદિથી પૂજા કરશે, તેથી ભગવાનની પૂજાથી અનુબંધથી અસંયમની પ્રાપ્તિ છે, અને તે અનુબંધથી અસંયમની પ્રાપ્તિ ભગવાનની પૂજાથી નાશ થાય છે તેમ પણ પૂર્વપક્ષી કહી શકે નહિ; કેમ કે અનુબંધથી અસંયમ તો ભવિષ્યમાં થનાર છે, હજુ તે અસંયમ ઉત્પન્ન થયો નથી. તેનો નાશ શુભભાવથી થાય છે, તેમ કહી શકાય નહિ. માટે ભગવાનની પૂજાકાળમાં જે અસંયમ છે તે વિધિ-ભક્તિ અન્યતરની વિકલતાકૃત છે.

**સારાંશ :-**

ભગવાનની ભક્તિમાં અસંયમનો સ્વીકાર ત્રણ રીતે થઈ શકે છે : (૧) ભગવાનની ભક્તિકાળમાં વિધિભક્તિ અન્યતરનું વૈગુણ્ય અને (૨) પુષ્પાદિથી ભગવાનની પૂજા કરવારૂપ જે દ્રવ્યસ્તવ, તત્સ્વરૂપ અસંયમ અને (૩) પુષ્પાદિથી થતી પૂજાને જોઈને અન્ય જીવો તે રીતે પુષ્પાદિથી ભગવાનની પૂજા કરે, એ રૂપ અનુબંધથી અસંયમ.

આ ત્રણથી અતિરિક્ત કોઈ અસંયમની પ્રાપ્તિ પૂજામાં નથી.

સ્વરૂપથી અસંયમનો ત્યાગ શુભભાવથી સ્વીકારીએ તો દ્રવ્યસ્તવનો ત્યાગ પ્રાપ્ત થાય; અનુબંધથી થતા અસંયમનો ત્યાગ સ્વીકારીએ તો શ્રાવકો જે ભગવાનની પૂજા કરી રહ્યા છે, તે પૂજાને જોઈને અન્ય જીવો દ્વારા ભવિષ્યમાં પુષ્પાદિથી થનારી પૂજાના અસંયમનો ત્યાગ ભગવાનની પૂજાકાળમાં થતા શુભભાવથી થઈ શકે નહિ. એટલે અનન્ય ગતિથી વિધિ-ભક્તિ અન્યતરના વૈગુણ્યકૃત અસંયમનો ત્યાગ પૂજાકાળમાં થતા શુભભાવથી થાય છે, એમ સ્વીકારવું ઉચિત છે.

**ઉત્થાન :-**

આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૩માં દ્રવ્યસ્તવને અપ્રધાન કહેલ છે અને ભાવસ્તવને પ્રધાન કહેલ છે. તેનાથી પણ એ ફલિત થાય છે કે દ્રવ્યસ્તવમાં પુષ્પાદિ જીવોની હિંસા છે, માટે દ્રવ્યસ્તવને અપ્રધાન કહેલ છે. તેથી દ્રવ્યસ્તવમાં ધર્માધર્મ સ્વીકારવામાં કોઈ દોષ નથી, એમ પૂર્વપક્ષી કહે તો તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

**द्रव्यस्तवस्याप्रधानत्वमपि स्वरूपत एव, विधिभक्तिसाद्गुण्योपबृंहितभावप्रवृद्धौ भावस्तवस्यैव साम्राज्यात् । इदमित्थमेव महाबुद्धिशालिना हरिभद्राचार्येणाभिहितम्, तथापि यस्य स्थूलबुद्धेर्मनसि नायाति तदनुकम्पार्थं तद्ग्रन्थपङ्क्तिरत्र लिख्यते –**

**"दव्वथओ भावथओ, दव्वथओ बहुगुणो त्ति बुद्धि सिया ।**
**अनिउणमइवयणमिणं छज्जीवहिअं जिणा बिंति"।। [आव०नि०भा०गा० १९२]**

द्रव्यस्तवो भावस्तव इत्यत्र द्रव्यस्तवः बहुगुणः=प्रभूततरगुण, इति=एवं, बुद्धिः स्यात्, एवं चेन्मन्यसे इत्यर्थः । तथाहि-किलास्मिन्-क्रियमाणे वित्तपरित्यागात् शुभ एवाध्यवसायः, तीर्थस्य चोन्नतिकरणं, दृष्ट्वा तं च क्रियमाणमन्येऽपि प्रतिबुध्यन्ते इति स्वपरानुग्रहः । सर्वमिदं सप्रतिपक्षमिति चेतसि निधाय द्रव्यस्तवो बहुगुण इत्यस्यासारतां ख्यापयनायाह-'अनिपुणमति वचनमि'ति अनिपुणमतेर्वचनम् अनिपुणमतिवचनम्, 'इदमि'ति द्रव्यस्तवो 'बहुगुण' इति । किमित्यत आह- षड्जीवहितं जिना ब्रुवते-षण्णां पृथिवीकायादीनां जीवानां हितं जिनाः=तीर्थंकरा ब्रुवते 'प्रधानं मोक्षसाधनम्' इति गम्यते ।

**ટીકાર્થ :-**

**द्रव्यस्तवस्य ..... साम्राज्यात् । દ્રવ્યસ્તવનું અપ્રધાનપણું પણ સ્વરૂપથી જ છે; કેમ કે વિધિ-ભક્તિ સાદ્ગુણ્યથી ઉપબૃંહિત ભાવપ્રવૃદ્ધિમાં ભાવસ્તવનું જ સામ્રાજ્ય છે.**

વળી દ્રવ્યસ્તવનું અપ્રધાનપણું પણ સ્વરૂપથી જ છે, પરંતુ દ્રવ્યસ્તવમાં ભાવને આશ્રયીને તો દ્રવ્યસ્તવ ભાવસ્તવરૂપ છે, માટે અપ્રધાન નથી, એમ જે પૂર્વમાં કહ્યું તેને દૃઢ કરવા અર્થે કહે છે –

**इदमित्थमेव ..... लिख्यते – આ=દ્રવ્યસ્તવનું સ્વરૂપથી જ અપ્રધાનપણું છે, પરંતુ દ્રવ્યસ્તવમાં વર્તતા ભાવને આશ્રયીને અપ્રધાનપણું નથી એ, આમ જ મહાબુદ્ધિશાળી એવા આચાર્ય હરિભદ્રસૂરિ વડે કહેવાયું છે, તોપણ જે સ્થૂલબુદ્ધિવાળાના મનમાં=દ્રવ્યસ્તવમાં ધર્માધર્મરૂપ જાતિસંકર માનનાર એવા સ્થૂલબુદ્ધિવાળાના મનમાં, આવતું નથી. તેની અનુકંપા માટે તેમના ગ્રંથની=આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજની આવશ્યકનિર્યુક્તિ ટીકાની, પંક્તિ અહીં લખાય છે.**

✪ दव्वथओ भावथओ એ પ્રકારની આવશ્યકનિર્યુક્તિની ગાથા અહીં બતાવાય છે. આ આવશ્યકનિર્યુક્તિભાષ્યની ૧૯૨મી ગાથા છે, અને તે આવશ્યકનિર્યુક્તિભાષ્ય-૧૯૨મી ગાથાનું તે ગાથાની ટીકામાં પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ ઉત્થાન કરેલ છે. તે ઉત્થાનની પંક્તિઓ અહીં નથી, પરંતુ પ્રસ્તુત ૧૯૨મી ગાથાની પૂર્વગાથા ૧૯૧ સાથે તેનો સંબંધ છે. તે સંબંધનો બોધ કરવા અર્થે તે ઉત્થાન નીચે અમે બતાવેલ છે.

અહીંયાં દ્રવ્ય અને ભાવદ્વાર દ્વારા સ્તવ શબ્દનો અર્થ કર્યો એમાં, ચાલિત અને પ્રતિષ્ઠાપિત અર્થ સમ્યગ્જ્ઞાન માટે થાય છે. એથી કરીને તેના અનુવાદ પુરસ્સર કહે છે –

**दव्वथओ ..... जिणा बिंति" આ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ એ બંનેમાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ પ્રકારે બુદ્ધિ થાય, આ અનિપુણ મતિવાળાનું વચન છે. જિનેશ્વરો ષડ્જીવનિકાયનું હિત કહે છે.**

✪ આવશ્યકનિર્યુક્તિભાષ્ય ગાથા-૧૯૨ના ઉત્થાનમાં કહ્યું કે ચાલિત અને પ્રતિષ્ઠાપિત અર્થ સમ્યગ્જ્ઞાન માટે સમર્થ થાય છે, તેથી તેના અનુવાદપૂર્વક આવશ્યકનિર્યુક્તિભાષ્ય ગાથા-૧૯૨નું કથન કહે છે. તેનું યોજન આ રીતે છે -

दव्वथओ ..... बुद्धि सिया । એ કથન ચાલનારૂપ છે, અને अनिउणमइवयणमिणं ..... बिंति એ કથન પ્રત્યવસ્થાનરૂપ છે.

વળી ગાથા-૧૯૨ના ઉત્થાનમાં કહ્યું છે કે ચાલના ક્યારેક શિષ્ય કરે છે અને ક્યારેક સ્વયં ગુરુ કરે છે. અહીં ગાથા-૧૯૨માં ચાલના ગુરુએ કરેલ છે, અને બીજું જે ઉત્થાનમાં કહ્યું છે કે જે કારણથી અહીં વિત્તના પરિત્યાગથી દ્રવ્યસ્તવ શ્રેષ્ઠ છે, એ પ્રકારની શંકા=ચાલના દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ કથન દ્વારા ગાથા-૧૯૨માં ઊભી કરી છે, અને તેનો વ્યુદાસ=પ્રત્યવસ્થાન छज्जीवहिंतं जिणा बिंति એ કથનથી કરેલ છે.

द्रव्यस्तवो ..... स्यात् । દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ એ બંનેમાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો=પ્રભૂતતર ગુણવાળો છે, એ પ્રમાણે બુદ્ધિ થાય.

અહીં પ્રશ્ન થાય કે ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ પ્રકારે બુદ્ધિ કેમ થાય ? તેને સ્પષ્ટ કરતાં કહે છે –

एवं ..... इत्यर्थः । આ પ્રકારે જો તું માને છે=આગળમાં तथाहिथी બતાવે છે એ પ્રકારે જો તું માને છે, તો ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ પ્રકારની બુદ્ધિ થાય, એમ તાત્પર્ય સમજવું.

तथाहि ..... स्वपरानुग्रहः, તે આ પ્રમાણે - ખરેખર આ કરાયે છતે=દ્રવ્યસ્તવ કરાયે છતે, વિત્તના પરિત્યાગથી શુભ જ અધ્યવસાય થાય છે અને તીર્થનું ઉન્નતિકરણ થાય છે, અને કરાતા એવા તેને=દ્રવ્યસ્તવને, જોઈને અન્ય પણ પ્રતિબોધ પામે છે. એથી કરીને સ્વ-પરનો અનુગ્રહ છે, એ પ્રકારે જો તું માને છે, તો ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો=પ્રભૂતતર ગુણવાળો છે, એ પ્રકારની તારી મતિ થાય. એ પ્રમાણે અન્વય જાણવો.

सर्वमिदं ..... गम्यते । આ સર્વ સપ્રતિપક્ષ છે=પૂર્વમાં કહ્યું કે દ્રવ્યસ્તવ કરાયે છતે વિત્તના પરિત્યાગથી શુભ જ અધ્યવસાય થાય છે, તેનો પ્રતિપક્ષ, દ્રવ્યસ્તવ કરાયે છતે વિત્તના પરિત્યાગથી શુભને બદલે અશુભ અધ્યવસાય પણ થાય છે, તેમ તીર્થની ઉન્નતિને બદલે તીર્થની ઉન્નતિ નથી પણ થતી, અને કરાતા એવા દ્રવ્યસ્તવને જોઈને અન્ય પ્રતિબોધ નથી પણ પામતા, એ રૂપ આ સર્વ પ્રતિપક્ષ છે એ પ્રમાણે ચિત્તમાં સ્થાપન કરીને, દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ પ્રકારના અર્થની અસારતા ખ્યાપન કરવા માટે આવશ્યકનિર્યુક્તિભાષ્ય ગાથા-૧૯૨ના ઉત્તરાર્ધમાં કહે છે -

દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે એ અનિપુણમતિનું વચન છે.

દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ પ્રકારનું અનિપુણમતિનું વચન કેમ છે ? એથી કહે છે –

છ જીવના હિતને જિનેશ્વરો કહે છે=પૃથ્વીકાયાદિ છ જીવના હિતને તીર્થંકરો પ્રધાન મોક્ષનું સાધન કહે છે. અહીં प्रधानं मोक्षसाधनम् એ પદ આવશ્યકનિર્યુક્તિભાષ્ય ગાથા-૧૯૨માં અધ્યાહારરૂપે છે.

**ટીકા :–**

किञ्च षड्जीवहितमित्यत आह -

**"छज्जीवकायसंजमु दव्वथए सो विरुज्झए कसिणो ।**

**तो कसिणसंजमविऊ पुप्फाईअं ण इच्छंति" ।। [आव०नि०भा०गा० १९३]**

षड्जीवकायसंयमः इति, षण्णां जीवनिकायानां पृथिव्यादिलक्षणानां संयमः=संघट्टनादिपरित्यागः षड्जीवकायसंयमः, असौ हितम् । यदि नामैवं ततः किम् ? इत्यत आह-द्रव्यस्तवे पुष्पादिसमभ्यर्चनलक्षणे स षड्जीवकायसंयमः किं विरुध्यते=न सम्यक् सम्पद्यते । कृत्स्नः=संपूर्ण इति, पुष्पादिसंलुञ्चन-संघट्टनादिना

कृत्स्नसंयमानुपपत्तेः, यतश्चैवं ततः=तस्मात्, कृत्स्नसंयमविद्वांस इति=कृत्स्नसंयमप्रधाना विद्वांसः तत्त्वतः साधवः उच्यन्ते । कृत्स्नसंयमग्रहणमकृत्स्नसंयमविदुषां श्रावकाणां व्यपोहार्थं, ते किम् ? अत आह-पुष्पादिकं द्रव्यस्तवं नेच्छन्ति=न बहु मन्यन्ते ।

**ટીકાર્થ :-**

किञ्च ..... आह - અને ષડ્જીવનિકાયનું હિત શું છે ? એથી કહે છે –

"छज्जीवकायसंजमु ..... ण इच्छन्ति"।। **"છજીવકાયનો સંયમ (હિત છે). કૃત્સ્ન=સંપૂર્ણ, એવો તે=છજીવકાયનો સંયમ, દ્રવ્યસ્તવમાં વિરોધી છે. તે કારણથી કૃત્સ્નસંયમને જાણનારાઓ પુષ્પાદિને ઇચ્છતા નથી."**

આવશ્યકનિર્યુક્તિ ભાષ્યગાથા-૧૯૩નો અર્થ ટીકામાં આ. હરિભદ્રસૂરિ મહારાજ સ્પષ્ટ કરે છે –

षड्जीवकाय ..... बहु मन्यन्ते । ષડ્જીવનિકાયનો સંયમ=પૃથિવી આદિ છજીવનિકાયનો સંયમ=સંઘટ્ટનાદિ પરિત્યાગ, તે છજીવનિકાયનો સંયમ છે. આ=ષડ્જીવનિકાયનો સંયમ, હિત છે.

જો આ પ્રમાણે છે, તેથી કરીને શું ? એથી કરીને કહે છે –

દ્રવ્યસ્તવમાં=પુષ્પાદિ સમભ્યર્ચન સ્વરૂપ દ્રવ્યસ્તવમાં, તે=ષડ્જીવનિકાયનો સંયમ, તે શું ? અર્થાત્ વિરોધી થાય છે=સમ્યગ્ નિષ્પન્ન થતો નથી.

અહીં પ્રશ્ન થાય કે દ્રવ્યસ્તવમાં ષડ્જીવનિકાયનો સંયમ અંશથી પણ સમ્યગ્ થતો નથી ? તો કહે છે –

દ્રવ્યસ્તવમાં ષડ્જીવનિકાયનો સંપૂર્ણ સંયમ સમ્યક્ સંપન્ન થતો નથી અર્થાત્ અંશથી થાય છે.

અહીં પ્રશ્ન થાય કે દ્રવ્યસ્તવમાં ષડ્જીવનિકાયનો સંપૂર્ણ સંયમ કેમ થતો નથી ? તેમાં હેતુ કહે છે -

પુષ્પાદિના ચૂંટન અને સંઘટ્ટનાદિ વડે કૃત્સ્નસંયમની અનુપપત્તિ છે, અને જે કારણથી આ પ્રમાણે છે તે કારણથી, કૃત્સ્નસંયમ પ્રધાન છે જેને એવા વિદ્વાનો પુષ્પાદિરૂપ દ્રવ્યસ્તવને ઇચ્છતા નથી, એ પ્રમાણે અન્વય છે.

કૃત્સ્નસંયમપ્રધાન વિદ્વાનો કોણ છે ? તો કહે છે –

તત્ત્વથી સાધુઓ કૃત્સ્નસંયમપ્રધાન વિદ્વાનો કહેવાય છે. કૃત્સ્નસંયમનું ગ્રહણ, અકૃત્સ્નસંયમ વિદ્વાન એવા શ્રાવકોના વ્યપોહ માટે=વ્યવચ્છેદ માટે, છે. તેઓ=સાધુઓ શું ? એથી કરીને કહે છે – સાધુઓ પુષ્પાદિ દ્રવ્યસ્તવને ઇચ્છતા નથી અર્થાત્ બહુમાનતા નથી.

**ઉત્થાન :-**

આવશ્યકનિર્યુક્તિભાષ્ય ગાથા-૧૯૨ની ટીકામાં કહ્યું કે દ્રવ્યસ્તવ કરાયે છતે વિત્તના પરિત્યાગથી શુભ અધ્યવસાય થાય છે ઇત્યાદિ કારણથી, ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો થાય, એ પ્રકારની ચાલના છે; અને પછી પ્રત્યવસ્થાનનું ઉત્થાન કરતાં કહ્યું કે આ સર્વ સપ્રતિપક્ષ છે. એ પ્રકારે ચિત્તમાં સ્થાપન કરીને આવશ્યકનિર્યુક્તિભાષ્ય ગાથા-૧૯૨માં કહ્યું કે આ અનિપુણમતિનું વચન છે. ત્યાં દ્રવ્યસ્તવથી થતા શુભ અધ્યવસાય આદિ ત્રણ સપ્રતિપક્ષ કહ્યા, તે સપ્રતિપક્ષ આવશ્યકનિર્યુક્તિભાષ્ય ગાથા-૧૯૩ની ટીકામાં બતાવતાં કહે છે –

**ટીકા :-**

यच्चोक्तं - 'द्रव्यस्तवे क्रियमाणे वित्तपरित्यागात् शुभ एवाध्यवसाय' इत्यादि, तदपि यत्किञ्चिद्, व्यभिचारात्, कस्यचिदल्पसत्त्वस्याविवेकिनो वा शुभाध्यवसायानुपपत्तेः, दृश्यते च कीर्त्याद्यर्थमपि सत्त्वानां द्रव्यस्तवे प्रवृत्तिरिति, शुभाध्यवसायभावोऽपि तस्यैव भावस्तवत्वादितरस्य च तत्कारणत्वेनाप्रधानत्वमेव, 'फलप्रधानाः सर्वारम्भाः' इति, भावस्तव एव च सति तत्त्वतस्तीर्थस्योन्नतिकरणं, भावस्तववत एव तस्य सम्यगमरादिभिः पूज्यत्वात्तमेव च दृष्ट्वा क्रियमाणमन्येऽपि सुतरां प्रतिबुध्यन्ते शिष्टाः इति स्वपरानुग्रहोऽपीहैवेति गाथार्थः ।

**ટીકાર્થ :-**

यच्चोक्तं ..... व्यभिचारात्, દ્રવ્યસ્તવ કરાયે છતે વિત્તના પરિત્યાગથી શુભ જ અધ્યવસાય થાય છે, ઈત્યાદિ જે કહેવાયું તે પણ યત્કિંચિત્ છે; કેમ કે વ્યભિચાર છે.

તે વ્યભિચારને બતાવે છે –

कस्यचित् ..... अनुपपत्तेः, કોઈક અલ્પસત્ત્વને અથવા તો અવિવેકીને શુભ અધ્યવસાયની અનુપપત્તિ છે.

કોઈક અલ્પસત્ત્વને અથવા અવિવેકીને શુભ અધ્યવસાયની અનુપપત્તિ કેમ છે ? તે બતાવતાં કહે છે -

दृश्यते ..... અને દેખાય છે કે કીર્તિ આદિ માટે પણ સત્ત્વોની=જીવોની, દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ છે.

દ્રવ્યસ્તવથી કોઈક જીવને શુભ અધ્યવસાય થતો નથી, તેમ બતાવ્યું. તેથી અર્થથી કોઈક જીવને દ્રવ્યસ્તવથી શુભ અધ્યવસાય થાય છે, એમ પ્રાપ્ત થયું. તેને સ્વીકારીને પૂર્વપક્ષી કહે કે ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એમ માનીએ તો શું વાંધો છે ? તેથી કહે છે –

शुभाध्यवसाय ..... सर्वारम्भाः इति, શુભ અધ્યવસાય થવા છતાં પણ તેનું જ=શુભ અધ્યવસાયનું જ, ભાવસ્તવપણું હોવાને કારણે, અને ઈતરનું=દ્રવ્યસ્તવનું, તત્કારણપણું હોવાને કારણે=શુભ અધ્યવસાયરૂપ ભાવસ્તવનું કારણપણું હોવાને કારણે, અપ્રધાનપણું જ છે. તેમાં હેતુ કહે છે –

ફળપ્રધાન સર્વ આરંભો છે.

✪ અહીં પ્રતિમાશતક મૂ.પુ. માં 'फलप्रधानाः समारंभाः' इति न्यायात् એ પાઠ આવશ્યકનિર્યુક્તિભાષ્ય ગાથા-૧૯૩ની ટીકા મુજબ છે, અને પ્રતિમાશતકની હ. પ્રતમાં 'फलप्रधानाः सर्वारम्भाः' इति એ પ્રમાણે પાઠ છે, અને તે બંનેનો અર્થ એક જ છે. અહીં આરંભ કે સમારંભથી પ્રવૃત્તિનું ગ્રહણ કરેલ છે.

✪ અહીં सर्वारम्भाः પછી 'इति' શબ્દ છે તે હેતુઅર્થક છે. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે ફળપ્રધાન સર્વ આરંભો=પ્રવૃત્તિઓ છે; કેમ કે ભાવસ્તવ એ ફળસ્થાનીય છે અને દ્રવ્યસ્તવ એ આરંભસ્થાનીય છે, અને દ્રવ્યસ્તવનો આરંભ ભાવસ્તવરૂપ ફળ માટે કરાય છે. માટે ભાવસ્તવરૂપ ફળ પ્રધાન છે અને તેનું કારણ હોવાથી દ્રવ્યસ્તવ અપ્રધાન છે.

દ્રવ્યસ્તવમાં વિત્તના પરિત્યાગથી શુભ જ અધ્યવસાય થાય છે, તેથી ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ પ્રકારની ચાલનામાં કરાયેલી શંકાનું અહીં સુધી નિરાકરણ થયું. હવે ચાલનામાં કહેલ

કે દ્રવ્યસ્તવ કરાયે છતે તીર્થનું ઉન્નતિકરણ છે, તેથી ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, તેનું નિરાકરણ કરતાં કહે છે –

भावस्तव ..... पूज्यत्वात्, અને ભાવસ્તવ જ હોતે છતે તત્ત્વથી તીર્થનું ઉન્નતિકરણ છે; કેમ કે ભાવસ્તવવાળા તેનું=મુનિનું, દેવો આદિ વડે સમ્યક્ પૂજ્યમાનપણું છે.

પૂર્વમાં ચાલનામાં કહેલ કે દ્રવ્યસ્તવથી તીર્થનું ઉન્નતિકરણ છે, તેનું નિરાકરણ થયું. ત્યારપછી ચાલનામાં કહેલ કે કરાતા એવા દ્રવ્યસ્તવને જોઈને અન્ય પણ પ્રતિબોધ પામે છે, તેનું નિરાકરણ કરતાં કહે છે –

तमेव ..... इति गाथार्थः । અને કરાતા એવા તેને જ=ભાવસ્તવને જ, જોઈને અન્ય પણ શિષ્ટ પુરુષો પ્રતિબોધ પામે છે. એથી કરીને સ્વ-પર અનુગ્રહ પણ અહીંયાં જ=ભાવસ્તવમાં જ, છે. એ પ્રમાણે ગાથાર્થ છે.

✪ शिष्टा इति स्वपरानुग्रहोऽपीहैव - અહીં 'इति' શબ્દ છે તે ત્રણે હેતુનો પરામર્શક છે. તેથી એ પ્રાપ્ત થાય કે (૧) ભાવસ્તવ કરવાથી પોતાના આત્મા ઉપર અનુગ્રહ થાય છે, (૨) તે જ રીતે તીર્થનું ઉન્નતિકરણ થાય છે અને (૩) અન્ય જીવોને પ્રતિબોધ દ્વારા પર ઉપર અનુગ્રહ થાય છે.

✪ આ રીતે ભાવસ્તવથી સ્વ-પર અનુગ્રહ થાય છે, પરંતુ ભાવસ્તવ વગરના કેવલ દ્રવ્યસ્તવથી સ્વ-પર અનુગ્રહ થતો નથી, એ બતાવવા માટે अपि પછી इह एव શબ્દ મૂક્યો છે અર્થાત્ ભાવસ્તવ વગરના દ્રવ્યસ્તવમાં સ્વ-પર અનુગ્રહ થતો નથી, પરંતુ ભાવસ્તવમાં જ સ્વ-પર અનુગ્રહ થાય છે.

પૂર્વમાં કહ્યું કે ભાવસ્તવથી જ તીર્થનું ઉન્નતિકરણ-આદિ થાય છે. ત્યાં કોઈ શંકા કરે છે –

**ટીકા :-**

**आह-यद्येवं किमयं द्रव्यस्तव एकान्तत एव हेयो वर्त्तत आहोस्विदुपादेयोऽपि? उच्यते-साधूनां हेय एव श्रावकाणामुपादेयोऽपि । तथा चाह भाष्यकारः –**

**"अकसिणपवत्तगाणं विरयाविरयाण एस खलु जुत्तो ।**
**संसारपयणुकरणो दव्वथए कूवदिट्ठंतो" ।। [आव०नि०भा०गा० १९४]**

अकृत्स्नं प्रवर्त्तयन्तीति-'संयम'मिति सामर्थ्याद् गम्यते-अकृत्स्नप्रवर्तकाः, तेषां-विरताविरतानामिति श्रावकाणामेष खलु युक्तः एष=द्रव्यस्तवः, 'खलु' शब्दस्यावधारणार्थत्वाद् युक्त एव । किंभूतोऽयम् ? इत्याह-संसारप्रतनुकरणः= संसारक्षयकारक इत्यर्थः द्रव्यस्तवः । आह य प्रकृत्यैवासुन्दरः, स कथं श्रावकाणामपि युक्तः? इत्यत्र कूपदृष्टान्त इति-'जहा णवणगराइसंनिवेसे केइ पभूतजलाभावतो तण्हादिपरिगता(तदपनोदार्थं) कूपं खणंति ! तेसिं च जइवि तण्हादिया वड्ढंति, मट्टिकाकद्दमाईहिं अ मलिणिज्जंति, तहवि तदुब्भवेणं चेव पाणिएणं तेसिं तण्हादिआ सो अ मलो पुव्वगो य फिट्टति । सेसकालं च ते तदण्णे य लोगा सुहभागिणो भवंति । एवं दव्वथए जइवि असंजमो तहवि तओ चेव सा य परिणामसुद्धी भवति, जातं असंजमोवज्जियं अण्णं च णिरवसेसं खवेतित्ति। तम्हा विरताविरतेहिं दव्वथओ कायव्वो सुभाणुबंधी पभूतणिज्जराफलो अ त्ति काऊणं' इति गाथार्थः ।। **इति** ।।

**ટીકાર્થ :-**

**आह - आहથી શંકા કરે છે –**

**यद्येवं ..... જો આમ છે=ભાવસ્તવથી જ શુભ અધ્યવસાય થાય છે, ભાવસ્તવ હોતે છતે જ તત્ત્વથી તીર્થનું ઉન્નતિકરણ છે, અને કરાતા એવા ભાવસ્તવને જોઈને શિષ્ટ પુરુષો પ્રતિબોધ પામે છે, એથી સ્વ-પરનો અનુગ્રહ થાય છે, એમ છે, તો શું આ દ્રવ્યસ્તવ એકાંતથી જ હેય વર્તે છે ? કે ઉપાદેય પણ છે ? તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી વડે કહેવાય છે –**

**સાધુઓને હેય જ છે, શ્રાવકોને ઉપાદેય પણ છે.**

**तथा चाह भाष्यकारः - અને તે પ્રમાણે ભાષ્યકાર કહે છે –**

अकसिण ..... कूवदिट्ठंतो ।। અકૃત્સ્નપ્રવર્તક વિરતાવિરતને સંસારપ્રતનુકરણ=સંસારક્ષયકારક, આ=દ્રવ્યસ્તવ, ખરેખર યુક્ત છે. દ્રવ્યસ્તવમાં કૂપદૃષ્ટાંત છે.

अकृत्स्नं ..... कूपदृष्टान्त इति । અકૃત્સ્નસંયમને પ્રવર્તાવે તે અકૃત્સ્નપ્રવર્તક છે. અકૃત્સ્ન પછી 'સંયમ' એ પ્રકારે સામર્થ્યથી જણાય છે અર્થાત્ 'સંયમ' શબ્દ ગાથામાં અધ્યાહાર છે. તેથી એ પ્રાપ્ત થાય કે અકૃત્સ્નસંયમને પ્રવર્તાવે તે અકૃત્સ્ન સંયમપ્રવર્તક છે. અકૃત્સ્નસંયમ પ્રવર્તક એવા વિરતાવિરતોને=શ્રાવકોને, આ યુક્ત છે=દ્રવ્યસ્તવ યુક્ત જ છે.

કેવા પ્રકારનો આ=દ્રવ્યસ્તવ છે ? એથી કહે છે –

સંસારને પ્રતનુ કરનાર=સંસારના ક્ષયને કરનાર, દ્રવ્યસ્તવ છે.

आह - શંકા કરતાં કહે છે –

પ્રકૃતિથી જ જે અસુંદર હોય તે શ્રાવકોને પણ કેવી રીતે યુક્ત હોય ? એથી કરીને અહીં=શ્રાવકોને દ્રવ્યસ્તવ યુક્ત છે એમાં કૂપદૃષ્ટાંત છે. તે આ પ્રમાણે –

जहा ..... खवेतित्ति । જેમ નવા નગર અને સંનિવેશમાં પ્રભૂત જલનો અભાવ હોવાથી તૃષ્ણાદિથી પરિગત થયેલા એવા કેટલાક તેને=તૃષ્ણાને, દૂર કરવા માટે કૂવો ખોદે છે, અને તેમાં જોકે તૃષ્ણાદિ વધે છે, અને માટી અને કાદવ આદિથી મલિન પણ થવાય છે, તોપણ તેનાથી ઉદ્ભવેલ જ જલથી તેઓના તે તૃષ્ણાદિ અને મલ અને પૂર્વના મલ દૂર થાય છે, અને શેષકાળે તે અને તેનાથી અન્ય લોકો સુખભાગી થાય છે. એ પ્રમાણે દ્રવ્યસ્તવમાં જોકે અસંયમ છે, તોપણ તેનાથી જ તે પરિણામની શુદ્ધિ થાય છે, જેના વડે અસંયમથી ઉપાર્જિત કર્મ અને અન્ય નિરવશેષ=સંપૂર્ણ, કર્મક્ષય થાય છે.

तम्हा ..... गाथार्थः ।। તે કારણથી શુભાનુબંધી અને પ્રભૂતતર નિર્જરાફળવાળો (દ્રવ્યસ્તવ) છે. એથી કરીને વિરતાવિરતો વડે=દેશવિરતો વડે, આ દ્રવ્યસ્તવ કરવો જોઈએ, એ પ્રમાણે ગાથાર્થ છે.

**इति શબ્દ આવશ્યકનિર્યુક્તિભાષ્ય ગાથા-૧૯૨-૧૯૩-૧૯૪ના કથનની સમાપ્તિસૂચક છે.**

**ઉત્થાન :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે દ્રવ્યસ્તવનું અપ્રધાનપણું પણ સ્વરૂપથી જ છે, માટે દ્રવ્યસ્તવનું અપ્રધાનપણું શાસ્ત્રમાં બતાવેલ છે; પરંતુ તેના બળથી પૂર્વપક્ષી દ્રવ્યસ્તવને ધર્માધર્મરૂપે સ્થાપન કરે છે તે યુક્ત નથી,

અને તે કથનની પુષ્ટિ કરવા અર્થે પૂ. આ. હરિભદ્રસૂરિ મહારાજે આવશ્યકનિર્યુક્તિભાષ્યની ટીકામાં કહ્યું છે, તે અત્યાર સુધી બતાવ્યું. તેનાથી શું ફલિત થાય છે ? તે હવે બતાવે છે –

**ટીકા :-**

**अत्र हि द्रव्यस्तवभावस्तवक्रिययोः स्वजन्यपरिणामशुद्धिद्वारा तुल्यवन्मोक्षकारणत्वमाम्नातं फले कालव्यवधानाव्यवधानाभ्यां तु विशेषः, क्रियायाः सत्त्वशुद्धिकारणतावच्छेदककोटौ च प्रणिधानादि-भावपूर्वकत्वं निविशते, 'भावोऽयमनेन विना चेष्टा द्रव्यक्रिया तुच्छा' इति वचनात्, ऋजुसूत्रादेशेनापि क्रियायामतिशयाधानं भावेनैवेति या द्रव्यस्तवक्रियाव्यक्तिः शुभानुबन्धं प्रभूतनिर्जरां च जनयेत् सा कथमसंयमकर्मेति विचारणीयम् । नचैकस्मात् प्रदीपाद् धूमप्रकाशकार्यद्वयवदुपपत्तिः, कारणान्तरा-ननुप्रवेशात्, न हि पापपुण्योपादानकारणशुभाशुभाध्यवसाययोर्यौगपद्यं सम्भवति । तस्मात्कथञ्चित्पद-द्योत्यायतनासमावेशादेव तत्रासंयमोपपत्तिस्तच्छोधनमपि परिणामशुद्ध्या भवतीति सम्यग् मनस्यानेयम्, यद्वा, द्रव्यस्तवाख्यगृहाश्रमरूपधर्माधिकारितावच्छेदकासदारम्भकर्मापनयनसदारम्भक्रियाव्यक्तिभिरिति कूपदृष्टान्तोपादानम्, अत्र नापवादपदादौ मुनीनां, प्रधानाधिकारिण एवाङ्गेऽधिकारादिति तत्त्वम् ।।**

**ટીકાર્થ :-**

अत्र ..... वचनात् । **અહીંયાં=આવશ્યકનિર્યુક્તિભાષ્યની ટીકાના વર્ણનમાં, દ્રવ્યસ્તવની ક્રિયાનું અને ભાવસ્તવની ક્રિયાનું સ્વજન્યપરિણામની શુદ્ધિ દ્વારા તુલ્યની જેમ મોક્ષનું કારણપણું સ્વીકારાયેલ છે. વળી ફળમાં=દ્રવ્યસ્તવ અને ભાવસ્તવથી પ્રાપ્ત થતા મોક્ષરૂપ ફળમાં, કાળના વ્યવધાન અને અવ્યવધાન દ્વારા વિશેષ છે=દ્રવ્યસ્તવથી થતા મોક્ષરૂપ ફળમાં કાળના વ્યવધાનથી અને ભાવસ્તવથી થતા મોક્ષરૂપ ફળમાં કાળના અવ્યવધાનથી ભેદ છે, અને ક્રિયાની સત્ત્વશુદ્ધિ કારણતાવચ્છેદક કોટિમાં=દ્રવ્યસ્તવની ક્રિયાથી અને ભાવસ્તવની ક્રિયાથી થતી જે સત્ત્વશુદ્ધિ તેનું કારણ દ્રવ્યસ્તવની ક્રિયા અને ભાવસ્તવની ક્રિયા છે અને તે કારણમાં રહેલી કારણતાવચ્છેદકની કુક્ષિમાં, પ્રણિધાનાદિ-ભાવપૂર્વકપણું નિવેશ કરાય છે; કેમ કે આ ભાવ છે=પ્રણિધાનાદિ આશય એ ભાવ છે, આના વગર=પ્રણિધાનાદિ આશયરૂપ ભાવ વગર, ચેષ્ટા=દ્રવ્યસ્તવની અને ભાવસ્તવની ક્રિયા, તુચ્છ દ્રવ્યક્રિયા છે=અપ્રધાન દ્રવ્યક્રિયા છે, એ પ્રકારનું વચન છે.**

अत्र हि ..... થી પૂર્વમાં બતાવ્યું કે દ્રવ્યસ્તવની ક્રિયા અને ભાવસ્તવની ક્રિયા મોક્ષને અનુકૂળ પરિણામની નિષ્પત્તિ દ્વારા મોક્ષનું કારણ છે, અને તે બંને ક્રિયા પ્રણિધાનાદિ આશયપૂર્વકની હોય તો જ મોક્ષને અનુકૂળ ભાવનિષ્પત્તિ દ્વારા મોક્ષનું કારણ બને છે, અન્યથા નહિ, એ કથન વ્યવહારનયથી છે. હવે ઋજુસૂત્રનયથી પણ તે બંને ક્રિયા કઈ રીતે ભાવનિષ્પત્તિ દ્વારા મોક્ષનું કારણ છે, તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે -

ऋजुसूत्रादेशेनापि ..... विचारणीयम् । **ઋજુસૂત્રનયના આદેશથી પણ ક્રિયામાં અતિશયનું આધાન=દ્રવ્યસ્તવની ક્રિયા અને ભાવસ્તવની ક્રિયામાં અતિશયનું આધાન, ભાવથી જ થાય છે=પ્રણિધાનાદિ**

**આશયરૂપ ભાવથી જ થાય છે. એથી જે દ્રવ્યસ્તવ ક્રિયાની અભિવ્યક્તિ શુભાનુબંધ અને પ્રભૂત=ઘણી, નિર્જરાને પેદા કરે છે, તે કેવી રીતે અસંયમકર્મવાળી હોય ? અર્થાત્ પૂર્વપક્ષી કહે છે કે દ્રવ્યસ્તવની ક્રિયા પુષ્પાદિ જીવોની હિંસારૂપ છે, તેથી અસંયમની ક્રિયા છે. એ પ્રકારની અસંયમની ક્રિયા કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ. એથી પૂર્વપક્ષીનું કથન વિચારણીય છે અર્થાત્ પૂર્વપક્ષી કહે છે કે પુષ્પાદિથી કરાતી દ્રવ્યસ્તવની ક્રિયા ધર્માધર્મરૂપ મિશ્ર છે, એ પ્રકારનું પૂર્વપક્ષીનું કથન અસંગત છે.**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે દ્રવ્યસ્તવનું અપ્રધાનપણું પણ સ્વરૂપથી જ કહેલ છે, પરંતુ દ્રવ્યસ્તવમાં પુષ્પાદિ જીવોની હિંસા છે અને ભાવસ્તવમાં પુષ્પાદિ જીવોની હિંસા નથી, એ અપેક્ષાએ દ્રવ્યસ્તવમાં અપ્રધાનપણું નથી; કેમ કે દ્રવ્યસ્તવમાં વિધિ-ભક્તિ પૂર્ણ હોય તો તે દ્રવ્યસ્તવ ભાવસ્તવરૂપ જ છે, અને તેની પુષ્ટિ પૂ. આ. હરિભદ્રસૂરિ મહારાજના વચનથી કરી, અને અંતે સ્થાપન કર્યું કે વ્યવહારનયથી અને ઋજુસૂત્રનયથી દ્રવ્યસ્તવની ક્રિયા અને ભાવસ્તવની ક્રિયા પ્રણિધાનાદિ આશયપૂર્વકની હોય તો મોક્ષને અનુકૂળ ભાવ નિષ્પન્ન કરીને મોક્ષ પ્રત્યે કારણ છે, માટે દ્રવ્યસ્તવની ક્રિયાને અસંયમની ક્રિયા કહી શકાય નહિ. ત્યાં પૂર્વપક્ષી કહે કે પૂ. આ. હરિભદ્રસૂરિ મહારાજના વક્તવ્યમાં કૂપદૃષ્ટાંત બતાવ્યું અને કહ્યું કે આ રીતે જો કે દ્રવ્યસ્તવમાં અસંયમ છે, તોપણ તેનાથી જ તે પરિણામની શુદ્ધિ થાય છે, જેના વડે અસંયમથી ઉપાર્જિત કર્મ અને અન્ય નિરવશેષ=સંપૂર્ણ, કર્મ ક્ષય થાય છે, એ પ્રકારના કથનથી દ્રવ્યસ્તવમાં અસંયમ સિદ્ધ થાય છે. માટે જેમ એક પ્રદીપથી ધૂમ અને પ્રકાશરૂપ બે કાર્ય થઈ શકે છે, તેમ દ્રવ્યસ્તવથી સંયમ અને અસંયમરૂપ બે કાર્ય થઈ શકે છે, એમ પૂર્વપક્ષી કહે છે. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

**न च ..... अननुप्रवेशात् । એક પ્રદીપથી ધૂમ અને પ્રકાશરૂપ કાર્યદ્વયની=બે કાર્યની, જેમ ઉપપત્તિ છે તેમ દ્રવ્યસ્તવથી અસંયમ અને સંયમરૂપ બે કાર્યની ઉપપત્તિ છે એમ ન કહેવું; કેમ કે કારણાંતરનો અનનુપ્રવેશ છે=પ્રદીપથી પ્રકાશરૂપ કાર્ય થાય છે, તેનાથી ભિન્ન ધૂમરૂપ કાર્ય થાય છે ત્યારે, તે પ્રદીપના ઇંધનમાં સહવર્તી આર્દ્રતા હોય તો જ ધૂમરૂપ કાર્ય થાય, પરંતુ જો ઇંધનમાં આર્દ્રતા ન હોય તો બે કાર્યો થતાં નથી, તેમ દ્રવ્યસ્તવમાં શાસ્ત્રવિધિના વૈગુણ્યરૂપ મલિનભાવ હોય તો અસંયમરૂપ કાર્ય થઈ શકે, પરંતુ શાસ્ત્રવિધિથી પૂર્ણ શુદ્ધ એવા દ્રવ્યસ્તવમાં અસંયમના કારણીભૂત એવો પરિણામ નહિ હોવાથી શુભાનુબંધ અને નિર્જરારૂપ એક જ કાર્ય થાય છે.**

વળી દ્રવ્યસ્તવમાં પુષ્પાદિ જીવોની હિંસા છે, તેટલા માત્રથી શુભભાવપૂર્વક કરાતી દ્રવ્યસ્તવની ક્રિયામાં પાપબંધ અને પુણ્યબંધ સાથે થાય છે, તેમ સ્વીકારી શકાય નહિ. તે યુક્તિથી ગ્રંથકારશ્રી બતાવે છે –

**न हि ..... सम्भवति । પાપ અને પુણ્યના ઉપાદાન કારણ એવા શુભ અને અશુભ અધ્યવસાયોનું યૌગપદ્ય=એકી સાથે રહેવાપણું, સંભવતું નથી.**

પૂર્વમાં કહેલ यच्च तत्कालीनसंयमोज्झनं शुभभावेनोक्तं तद्विधिभक्त्यन्यतरवैगुण्य एव ત્યાંથી માંડીને यौगपद्यं सम्भवति । સુધીના કથનનું નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**तस्मात् ..... आनेयम् । તે કારણથી=પૂર્વમાં પૂર્વપક્ષીએ કહેલ કે દ્રવ્યસ્તવમાં થતા અસંયમનો ત્યાગ ભગવાનની ભક્તિકાળમાં થતા શુભભાવથી થાય છે, એમ પૂ. આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજ**

**સાહેબે કહ્યું, તેથી નક્કી થાય છે કે દ્રવ્યસ્તવમાં પુષ્પાદિ જીવોની હિંસા છે, તેને આશ્રયીને દ્રવ્યસ્તવમાં અશુભ ભાવને સ્વીકારેલ છે, અને દ્રવ્યસ્તવમાં ભગવાનની ભક્તિનો પરિણામ છે, તેને આશ્રયીને શુભ ભાવ સ્વીકારેલ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ કહેલ કે દ્રવ્યસ્તવકાળમાં જે અસંયમ થાય છે, તેનો શુભભાવથી ત્યાગ થાય છે, એમ જે પૂ. આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે, તે દ્રવ્યસ્તવકાળમાં વિધિ અને ભક્તિમાંથી અન્યતરના વૈગુણ્યને આશ્રયીને કહેલ છે, પરંતુ દ્રવ્યસ્તવમાં પુષ્પાદિ જીવોની હિંસાને આશ્રયીને કહેલ નથી; અને તેની અત્યાર સુધી પુષ્ટિ કરી તે કારણથી, કથંચિત્ પદથી દ્યોત્ય એવી=પૂ. આ. હરિભદ્રસૂરિ મહારાજના પંચાશકના કથનમાં કથંચિત્ પદથી દ્યોત્ય એવી, અયતનાના સમાવેશથી જ, ત્યાં=દ્રવ્યસ્તવની ક્રિયામાં, અસંયમની ઉપપત્તિ છે, તેનું શોધન પણ=દ્રવ્યસ્તવમાં થયેલી અયતનાના સમાવેશથી અસંયમની ઉપપત્તિનું શોધન પણ, પરિણામની શુદ્ધિથી થાય છે=ભગવદ્ભક્તિના પરિણામની શુદ્ધિથી થાય છે, એ પ્રમાણે સમ્યગ્ મનમાં લાવવું અર્થાત્ વિચારવું.**

ગ્રંથકારશ્રીએ પૂર્વમાં 'यच्च तत्कालीनसंयमोज्झनं'થી 'सम्भवति' સુધીના કથનનું 'तस्मात्'થી નિગમન કર્યું, અને કહ્યું કે દ્રવ્યસ્તવકાળમાં વિધિ-ભક્તિની કોઈ અયતના થયેલી હોય અને તેનાથી દ્રવ્યસ્તવમાં અસંયમની પ્રાપ્તિ થયેલી હોય તેનું શોધન ભગવાનની ભક્તિના પરિણામથી થાય છે, તેમ કૂપદૃષ્ટાંતથી પૂજ્ય આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજ સાહેબે કહેલ છે, પરંતુ પુષ્પાદિ જીવોની થતી હિંસાથી થયેલ અસંયમનું શોધન દ્રવ્યસ્તવથી થાય છે, તેમ કહેલ નથી. માટે કૂપદૃષ્ટાંતથી દ્રવ્યસ્તવમાં થતી પુષ્પાદિ જીવોની હિંસાથી અસંયમની પ્રાપ્તિ નથી. હવે કૂપદૃષ્ટાંતથી જે અસંયમની શુદ્ધિનું કથન છે, તેનું યદ્વાથી અન્ય રીતે ગ્રંથકારશ્રી સમાધાન કરે છે –

**यद्वा ..... कूपदृष्टान्तोपादानम्, અથવા દ્રવ્યસ્તવ નામનો ગૃહાશ્રમરૂપ જે ધર્મ એની અધિકારિતા શ્રાવકમાં છે, અને તે અધિકારિતાવચ્છેદક અસદારંભકર્મ છે=શ્રાવકના ગૃહકાર્યથી બંધાતું કર્મ છે, તે અસદારંભકર્મનું અપનયન સદારંભ ક્રિયા વ્યક્તિથી થાય છે=દ્રવ્યસ્તવરૂપ સદારંભની ક્રિયાથી થાય છે. એથી કૂપદૃષ્ટાંતથી ઉપાદાન છે=કૂપદૃષ્ટાંતથી દ્રવ્યસ્તવનું ગ્રહણ છે.**

અહીં પ્રશ્ન થાય કે શ્રાવકને વિધિ-ભક્તિના વૈગુણ્યથી થતી અસંયમની શુદ્ધિ દ્રવ્યસ્તવકાલીન ભગવાનની ભક્તિથી થાય છે, તેમ સ્વીકારીએ, તો સાધુને પણ અપવાદ આદિથી પ્રતિસેવના થયેલી હોય તો તેની શુદ્ધિ પણ દ્રવ્યસ્તવરૂપ ક્રિયાવ્યક્તિથી થવી જોઈએ. તેથી કહે છે –

**अत्र ..... तत्त्वम् ।। મુનિઓના અપવાદપદાદિમાં થયેલ આમાં=અસંયમમાં, નથી=કૂપદૃષ્ટાંતથી દ્રવ્યસ્તવનું ઉપાદાન નથી; કેમ કે પ્રધાનના અધિકારવાળાને જ=દાન-શીલાદિ ચાર પ્રકારના ધર્મમાં દાનધર્મના પ્રધાન અધિકારવાળા એવા શ્રાવકને જ, અંગમાં=દાનધર્મના અંગરૂપ દ્રવ્યસ્તવમાં, અધિકાર છે, એ પ્રકારે તત્ત્વ છે=દ્રવ્યસ્તવવિષયક કૂપદૃષ્ટાંતના ઉપાદાનનું રહસ્ય છે.**

**ભાવાર્થ :-**

આવશ્યકનિર્યુક્તિભાષ્યમાં દ્રવ્યસ્તવને અપ્રધાન કહેલ છે અને ભાવસ્તવને પ્રધાન કહેલ છે. તેથી ફલિત થાય છે કે મોક્ષનું પ્રધાન કારણ ભાવસ્તવ છે, પરંતુ દ્રવ્યસ્તવ પ્રધાન કારણ નથી; કેમ કે દ્રવ્યસ્તવમાં સંયમ-અસંયમ બંને છે. આ પ્રકારના પૂર્વપક્ષીના મંતવ્યનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

શાસ્ત્રાનુસારી વિધિપૂર્વકનું દ્રવ્યસ્તવ ભાવસ્તવ જ છે, તેથી તે અપેક્ષાએ દ્રવ્યસ્તવને અપ્રધાન કહેલ નથી; વળી, દ્રવ્યસ્તવ એ વીતરાગભાવ પ્રત્યે જવાના અંતરંગ ઉદ્યમરૂપ ભાવસ્તવ કરતાં ન્યૂન ભૂમિકાના ભાવસ્તવરૂપ છે, તેથી શ્રાવકો ત્રણ ગુપ્તિના સામ્રાજ્યથી વીતરાગતામાં યત્ન કરી શકતા નથી, તોપણ વીતરાગની ભક્તિ કરીને વીતરાગ થવાની શક્તિનો સંચય કરે છે; અને વીતરાગની ભક્તિ કરતી વખતે ઉત્તમ દ્રવ્યોથી ભગવાનની ભક્તિ કરે છે, એ રૂપ દ્રવ્યસ્તવના સ્વરૂપને સામે રાખીને દ્રવ્યસ્તવને અપ્રધાન કહેલ છે, અને તેની પુષ્ટિ કરવા અર્થે મહાબુદ્ધિશાળી એવા પૂ. આ. હરિભદ્રસૂરિ મહારાજે શું કહ્યું છે, તે ગ્રંથકારશ્રી બતાવે છે –

આવશ્યકનિર્યુક્તિભાષ્ય ગાથા-૧૯૨નો ભાવ આ પ્રમાણે છે –

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ એ બંનેમાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એવી કોઈકને મતિ થાય, તેનું નિરાકરણ કરતાં કહે છે –

ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ બહુગુણવાળો છે, એ અનિપુણમતિનું વચન છે; કેમ કે ભગવાનનો ઉપદેશ છજીવનિકાયના હિતને કહેનારો છે, અને ભાવસ્તવ એ છજીવનિકાયના પાલનરૂપ છે, તેથી ભાવસ્તવ જ બહુગુણવાળો હોઈ શકે; અને જે દ્રવ્યસ્તવમાં છજીવનિકાયનું પાલન નથી, પરંતુ છજીવનિકાયના પાલનની શક્તિને સંચય કરવાનો ઉદ્યમ છે, તે દ્રવ્યસ્તવ ભાવસ્તવ કરતાં અધિક ગુણવાળો છે, તેમ કહી શકાય નહિ.

વળી સંપૂર્ણ છજીવનિકાયનો સંયમ દ્રવ્યસ્તવમાં વિરોધી છે, તે કારણથી કૃત્સ્નસંયમને ઇચ્છનારા સાધુઓ પુષ્પાદિને ઇચ્છતા નથી, અને કૃત્સ્નસંયમને જાણનારા સાધુઓ કહેવાથી શ્રાવકનો વ્યવચ્છેદ થયો. તેથી એ ફલિત થાય છે કે શ્રાવકો દ્રવ્યસ્તવને કરનારા છે. વળી દ્રવ્યસ્તવમાં એકાંતે શુભ ભાવ થતો નથી, એ બતાવવા માટે આવશ્યકનિર્યુક્તિભાષ્ય ગાથા-૧૯૩ની ટીકામાં કહ્યું કે કીર્તિ આદિ માટે પણ જીવો દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરે છે; અને જેમને દ્રવ્યસ્તવમાં ભગવાનના ગુણો પ્રત્યેના બહુમાનભાવરૂપ શુભ અધ્યવસાય થાય છે, તે ભાવસ્તવરૂપ જ છે. આથી દ્રવ્યસ્તવ કરનારા શ્રાવકોને જે શુભ અધ્યવસાય થાય છે તે ભાવસ્તવરૂપ છે, અને તેનું કારણ પુષ્પાદિથી ભગવાનની પૂજાની ક્રિયારૂપ દ્રવ્યસ્તવ છે. માટે દ્રવ્યસ્તવ અપ્રધાન છે; અને દ્રવ્યસ્તવ અપ્રધાન કેમ છે ? તેમાં યુક્તિ આપેલ છે કે "ફળ અર્થે સર્વ આરંભો હોય છે." તેથી ભાવસ્તવરૂપ ફળ અર્થે દ્રવ્યસ્તવની પ્રવૃત્તિ છે, માટે દ્રવ્યસ્તવમાં વર્તતો ભગવાનની ભક્તિરૂપ શુભ ભાવ પ્રધાન છે, અને તેના કારણીભૂત પુષ્પાદિથી થતી પૂજાની ક્રિયારૂપ દ્રવ્યસ્તવ છે, માટે દ્રવ્યસ્તવ અપ્રધાન છે.

આનાથી એ સિદ્ધ થાય છે કે દ્રવ્યસ્તવને સ્વરૂપથી જ અપ્રધાન કહેલ છે, પરંતુ દ્રવ્યસ્તવમાં જીવોની હિંસા થાય છે, માટે દ્રવ્યસ્તવ અપ્રધાન છે, તેમ પૂ. આ. હરિભદ્રસૂરિ મ.સા. કહેલ નથી. તેથી પૂર્વપક્ષી જે કહે છે કે દ્રવ્યસ્તવનું અપ્રધાનપણું છે, એ વચનથી સિદ્ધ થાય છે કે દ્રવ્યસ્તવમાં પુષ્પાદિની હિંસા છે, માટે દ્રવ્યસ્તવ ધર્માધર્મરૂપ મિશ્ર છે, તે વચન સંગત નથી; પરંતુ સર્વવિરતિના પાલનરૂપ ભાવસ્તવ કૃત્સ્નસંયમરૂપ છે, તેથી પૂર્ણ ભાવસ્તવરૂપ છે, અને ભગવાનની પૂજામાં જે ભગવાનની ભક્તિનો શુભભાવ છે, તેટલો ભાવસ્તવ છે, અને પુષ્પાદિથી કરાતી પૂજાની ક્રિયા એ ભાવસ્તવનું કારણ છે માટે અપ્રધાન છે, પરંતુ પુષ્પાદિથી કરાતી પૂજાની ક્રિયામાં હિંસા છે, માટે દ્રવ્યસ્તવ અપ્રધાન છે, તેવું નથી.

આનાથી એ ફલિત થાય છે કે દ્રવ્યસ્તવમાં બે અંગો છે – (૧) ભગવાનના ગુણો તરફ જતું શુભ ચિત્ત, અને (૨) ભાવસ્તવના કારણીભૂત પુષ્પાદિથી થતી પૂજાની ક્રિયા.

ફળનો અર્થી જીવ ફળ માટે પ્રવૃત્તિ કરે છે, તેથી ફળ પ્રધાન કહેવાય અને ફળનું કારણ હોય તે અપ્રધાન કહેવાય. એ નિયમ પ્રમાણે ભગવાનની પૂજામાં વર્તતો શુભ અધ્યવસાયરૂપ ભાવ પ્રધાન છે, અને તે ભાવની નિષ્પત્તિના અંગભૂત પુષ્પાદિથી થતી પૂજા અપ્રધાન છે; પરંતુ પુષ્પાદિથી થતી પૂજા હિંસારૂપ છે માટે અધર્મરૂપ છે, અને ભગવાનના ગુણો પ્રત્યેનો બહુમાનભાવ શુભ અધ્યવસાયરૂપ છે માટે ધર્મરૂપ છે, એ પ્રકારે ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ દ્રવ્યસ્તવમાં પૂ. આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજને પણ માન્ય નથી, એ અર્થ આવશ્યકનિર્યુક્તિભાષ્ય ગાથા-૧૯૩ના કથનથી સિદ્ધ થાય છે.

આવશ્યકનિર્યુક્તિભાષ્ય ગાથા-૧૯૪નો ભાવ આ પ્રમાણે છે –

પૂર્વમાં યુક્તિથી બતાવ્યું કે દ્રવ્યસ્તવ અનૈકાંતિક છે અને ભાવસ્તવ એકાંતિક છે. તેથી ભાવસ્તવથી તીર્થની ઉન્નતિ થાય છે અને સ્વ-પરનો અનુગ્રહ થાય છે, તેથી કોઈને પ્રશ્ન થાય કે દ્રવ્યસ્તવ એકાંતે હેય છે કે ઉપાદેય પણ છે ? તેનો ખુલાસો કરતાં ભાષ્યકાર કહે છે કે અકૃત્સ્નસંયમમાં વર્તતા વિરતાવિરત=દેશવિરત શ્રાવકોને સંસારના ક્ષયને કરનારો એવો દ્રવ્યસ્તવ યુક્ત છે અને તેમાં કૂપદૃષ્ટાંત છે. આનાથી એ ફલિત થાય છે કે જે દ્રવ્યસ્તવ શુભ અધ્યવસાયને ઉત્પન્ન કરે છે તે દ્રવ્યસ્તવ ધર્માધર્મરૂપ મિશ્ર નથી, પરંતુ સંસારના ઉચ્છેદનું કારણ છે.

પૂર્વપક્ષી પાશદોષાકર કહે છે કે ભાવસ્તવ સંપૂર્ણ સંયમરૂપ હોવાથી ધર્મરૂપ છે, અને દ્રવ્યસ્તવ પુષ્પાદિની હિંસારૂપ હોવાથી અને ભગવાનની ભક્તિની ક્રિયારૂપ હોવાથી ધર્માધર્મરૂપ છે; અને તેમાં યુક્તિ આપી કે દ્રવ્યસ્તવ શાસ્ત્રમાં અપ્રધાન કહેલ છે અને ભાવસ્તવને પ્રધાન કહેલ છે, તેથી નક્કી થાય છે કે મોક્ષનું પ્રધાન કારણ ભાવસ્તવ છે અને દ્રવ્યસ્તવ ધર્માધર્મરૂપ મિશ્ર હોવાથી અપ્રધાન છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી અત્યાર સુધી સ્થાપન કર્યું કે દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ છે, માટે દ્રવ્યસ્તવમાં વર્તતો ભાવસ્તવ પ્રધાન છે, અને પુષ્પાદિથી થતી પૂજાની ક્રિયા એ ભાવસ્તવ પ્રત્યે કારણ છે માટે અપ્રધાન છે, અને તેની પુષ્ટિ આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ગાથા-૧૯૨-૧૯૩-૧૯૪ના પૂજ્ય આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજ સાહેબના વચનથી કરી. તેનાથી જે ફલિત થાય છે તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે -

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ એ બંને ક્રિયાત્મક છે, અને તે બંને ક્રિયાઓ પરિણામની શુદ્ધિ કરવા દ્વારા મોક્ષ પ્રત્યે સમાન કારણ છે. ફક્ત દ્રવ્યસ્તવની ક્રિયા શુભભાવને પ્રગટ કરીને મોક્ષ પ્રત્યે વ્યવધાનથી કારણ છે, અને ભાવસ્તવની ક્રિયા શુભભાવ પ્રગટ કરીને મોક્ષ પ્રત્યે અવ્યવધાનથી કારણ છે; કેમ કે દ્રવ્યસ્તવની ક્રિયા આદ્યભૂમિકાના શુભભાવો પ્રગટ કરીને મોક્ષ પ્રત્યે કારણ છે, અને સાધ્વાચારની ક્રિયા સર્વ ભાવો પ્રત્યે સમભાવને ઉત્પન્ન કરીને મોક્ષ પ્રત્યે કારણ છે. તેથી જેમ ભાવસ્તવની ક્રિયા મોક્ષનું કારણ છે, માટે ધર્મરૂપ છે, તેમ દ્રવ્યસ્તવની ક્રિયા પણ મોક્ષનું કારણ હોવાથી ધર્મરૂપ છે.

અહીં વિશેષ એ છે કે સાધ્વાચારની ક્રિયા કરનાર સાધુ જગતના સર્વ ભાવો પ્રત્યે સમભાવને ઉલ્લસિત કરી શકે તો દ્રવ્યસ્તવ કરતા ઊંચા પ્રકારના પરિણામની શુદ્ધિવાળા છે, માટે મોક્ષ પ્રત્યે સર્વવિરતિની ક્રિયા આસન્ન કારણ છે; અને દ્રવ્યસ્તવ કરનાર શ્રાવકો ભગવાનની પૂજાકાળમાં ભગવાનના ગુણો સાથે તન્મય હોવા છતાં સર્વ ભાવો પ્રત્યે સમભાવવાળા નથી, પરંતુ પોતાના ધનાદિ પ્રત્યે મમત્વભાવવાળા છે, તેથી મુનિ જેવા ઉત્તમભાવને કરી શકે તેવા ઉત્તમભાવને કરી શકતા નથી, માટે દ્રવ્યસ્તવ વ્યવધાનથી મોક્ષ પ્રત્યે કારણ છે. પરંતુ જો કોઈ સાધુ મહાત્મા ભાવસ્તવની ક્રિયા કરતા હોય અને સર્વ ભાવો પ્રત્યે સમભાવના પરિણામને પ્રાપ્ત કરી શકતા ન હોય, તો દ્રવ્યસ્તવ કરનારા શ્રાવકના ઉત્તમ ભાવ કરતાં ન્યૂન કક્ષાના ભાવવાળા પણ હોઈ શકે; અને જો દ્રવ્યસ્તવ કરનાર ઉત્તમ ભાવવાળા શ્રાવકના શુભ પરિણામથી ન્યૂન કક્ષાનો શુભ પરિણામ સાધ્વાચારની ક્રિયામાં વર્તતો હોય, તો તે સાધુની ભાવસ્તવની ક્રિયા શ્રાવકના દ્રવ્યસ્તવની ક્રિયા કરતાં દૂરવર્તી મોક્ષનું કારણ પણ બની શકે; અને આથી જ ઉત્તમ શ્રાવક કરતાં સંયમવેશમાં રહેલા અને સંયમના આચારને પાળતા સંવિગ્નપાક્ષિકને વર શ્રાવક કરતા નીચલી ભૂમિકામાં કહેલ છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે આવશ્યકનિર્યુક્તિભાષ્યની જે ગાથાઓનું વર્ણન અહીં કર્યું, તેમાં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવની ક્રિયા સ્વજન્યપરિણામની શુદ્ધિ દ્વારા મોક્ષનું કારણ છે, એવાં વચનો ક્યાં ઉપલબ્ધ છે ? તેનું તાત્પર્ય એ છે કે આવશ્યકનિર્યુક્તિનું અહીં જે કથન કર્યું, તેમાં કહ્યું કે દ્રવ્યસ્તવમાં વર્તતો શુભઅધ્યવસાય એ ભાવસ્તવરૂપ છે, અને તેનું કારણ પુષ્પાદિથી થતી પૂજાની ક્રિયા છે અને તે અપ્રધાન છે. તેથી એ ફલિત થાય છે કે ભાવસ્તવના કારણીભૂત દ્રવ્યસ્તવની ક્રિયા છે, અને સાધ્વાચાર એ ભાવસ્તવની ક્રિયા છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે દ્રવ્યસ્તવમાં અલ્પભાવ છે અને તેનું કારણ દ્રવ્યસ્તવની ક્રિયા છે, અને સાધ્વાચારની ક્રિયારૂપ ભાવસ્તવની ક્રિયામાં જગતના સર્વ ભાવો પ્રત્યે સમભાવનો પરિણામ છે, તેથી પ્રચુર વીતરાગભાવને અનુકૂળ ભાવ છે. માટે આવશ્યકનિર્યુક્તિના કથનથી અર્થથી એ ફલિત થાય છે કે દ્રવ્યસ્તવની ક્રિયા અને ભાવસ્તવની ક્રિયા પરિણામ પેદા કરાવીને મોક્ષ પ્રત્યે કારણ છે.

ફક્ત દ્રવ્યસ્તવની ક્રિયામાં વર્તતો ભાવ અલ્પ છે, તેથી દ્રવ્યસ્તવની ક્રિયા મોક્ષ પ્રત્યે વ્યવધાનથી કારણ છે, અને ભાવસ્તવની ક્રિયામાં વર્તતો ભાવ પ્રચુર છે, માટે ભાવસ્તવની ક્રિયા મોક્ષ પ્રત્યે અવ્યવધનાથી કારણ છે.

વળી દ્રવ્યસ્તવની ક્રિયા કે ભાવસ્તવની ક્રિયા પ્રણિધાનાદિ આશયવાળી ન હોય તો મોક્ષનું કારણ નથી. તેથી ક્રિયા પરિણામ ઉત્પન્ન કરે છે અને તે પરિણામ સત્ત્વશુદ્ધિરૂપ છે, અને તે સત્ત્વશુદ્ધિની કારણતા દ્રવ્યસ્તવની ક્રિયામાં પણ છે અને ભાવસ્તવની ક્રિયામાં પણ છે; પરંતુ તે દ્રવ્યસ્તવની ક્રિયા અને ભાવસ્તવની ક્રિયા પ્રણિધાનાદિ આશયપૂર્વક થતી હોય તો પ્રણિધાનાદિ આશયવિશિષ્ટ દ્રવ્યસ્તવની ક્રિયામાં અને ભાવસ્તવની ક્રિયામાં સત્ત્વશુદ્ધિની કારણતા છે. તેથી કારણતાવચ્છેદક પ્રણિધાનાદિભાવપૂર્વકત્વ બને છે, અને જો દ્રવ્યસ્તવની ક્રિયા કે ભાવસ્તવની ક્રિયામાં પ્રણિધાનાદિ આશય ન હોય તો દ્રવ્યસ્તવની ક્રિયા કે ભાવસ્તવની ક્રિયા સત્ત્વશુદ્ધિનું કારણ બનતી નથી.

આનાથી એ ફલિત થાય કે દ્રવ્યસ્તવની ક્રિયા પ્રણિધાનાદિ આશયપૂર્વક કરાતી હોય તો તે ક્રિયાકાળમાં પ્રણિધાનાદિ આશયપૂર્વકની પૂજાની પ્રવૃત્તિ વર્તે છે, અને તે પ્રણિધાનાદિ આશયપૂર્વકની પૂજાની પ્રવૃત્તિથી ઉત્તરમાં જે પૂર્વ કરતાં અધિક સંયમને અભિમુખ ભાવ થાય છે, તે ભાવ પૂજાની પ્રવૃત્તિથી થયેલી સત્ત્વશુદ્ધિ રૂપ છે અર્થાત્ દ્રવ્યસ્તવથી ભગવાનના ગુણોના પ્રણિધાનને કારણે વીતરાગતાને અનુકૂળ એવી જીવમાં પૂર્વ કરતાં અધિક શુદ્ધિ થાય છે, અને તે શુદ્ધિ જેટલી અધિક તેટલો જીવ વીતરાગભાવને આસન્ન બને છે અને પ્રણિધાનાદિ આશયપૂર્વક દ્રવ્યસ્તવની ક્રિયા કરનારા શ્રાવકો દ્રવ્યસ્તવકાળમાં ગૃહાદિના પ્રતિબંધ વગરના નથી, તોપણ ભગવાનના ગુણોને અવલંબીને વીતરાગતાની અભિમુખ તેમનું ચિત્ત વર્તે છે, તેથી પૂર્વમાં જે ગૃહાદિનો પ્રતિબંધ છે, તે ક્ષીણ-ક્ષીણતર થતો જાય છે, અને જીવ વીતરાગતાને આસન્નભાવવર્તી બને છે, તે જીવની સત્ત્વશુદ્ધિ છે.

વળી, ભાવસ્તવની ક્રિયા અર્થાત્ સંયમપાલનની ક્રિયા, પ્રણિધાનાદિ આશયપૂર્વક કરાતી હોય તો તે ક્રિયાકાળમાં પ્રણિધાનાદિ આશયપૂર્વક ષટ્કાયના પાલનને અનુકૂળ સંયમની ક્રિયાની પ્રવૃત્તિ છે, અને તે પ્રણિધાનાદિ આશયપૂર્વકની સંયમની ક્રિયાની પ્રવૃત્તિથી ઉત્તરમાં અસંગભાવને અભિમુખ જે સંયમના કંડકનું પ્રસર્પણ થાય છે, તે સત્ત્વશુદ્ધિરૂપ છે.

આશય એ છે કે અનાદિકાળથી જીવ મોહને પરવશ થઈને આત્મા માટે અનુપયોગી એવા વિકલ્પો કરીને રાગાદિભાવોની વૃદ્ધિ કરે છે, અને સંયમી સાધુ મન, વચન અને કાયાથી ગુપ્ત થવાનો પરિણામ કરીને સમભાવની વૃદ્ધિની પોષક એવી ઉચિત ક્રિયાઓ કરે છે. તેથી ઉચિત ક્રિયા કરવાના સંસ્કારો આત્મામાં ઘનિષ્ઠ બને છે, તે તત્ત્વજ્ઞાનના સંસ્કારો છે, અને અનાદિકાળથી જીવમાં મોહને પરવશ પ્રવૃત્તિ કરવાના પરિણામો છે, તે અતત્ત્વના સંસ્કારો છે. તત્ત્વજ્ઞાનના સંસ્કારોથી અતત્ત્વના સંસ્કારો ક્ષીણ-ક્ષીણતર થાય છે, અને જેમ જેમ તત્ત્વજ્ઞાનના સંસ્કારો અધિક-અધિકતર થાય છે, તેમ તેમ મુનિ અસંગભાવને આસન્ન-આસન્નતર બને છે, તે મુનિની સંયમની ક્રિયાથી થનારી સત્ત્વશુદ્ધિ છે.

આ રીતે પ્રણિધાનાદિ આશયપૂર્વક કરાયેલી દ્રવ્યસ્તવની ક્રિયાથી કે ભાવસ્તવની ક્રિયાથી વીતરાગતાને અનુકૂળ એવી સત્ત્વશુદ્ધિ અધિક અધિકતર થાય છે, અને તે સત્ત્વશુદ્ધિ દ્વારા તે દ્રવ્યસ્તવની ક્રિયા અને ભાવસ્તવની ક્રિયા મોક્ષનું કારણ છે.

પૂજાકાળમાં શ્રાવકનું એ પ્રણિધાન હોય છે કે જગદ્ગુરુ એવા ભગવાનની પૂજા કરીને ભગવાનના વચનાનુસાર સર્વ ઉદ્યમથી વીતરાગ થવા માટે હું પ્રયત્ન કરી શકું તેવી શક્તિનો સંચય આ ભગવાનની પૂજાથી મને પ્રાપ્ત થાય, અને ગૃહાદિનો મારો જે પ્રતિબંધ છે તે આ ભગવાનની ભક્તિથી ક્ષીણ-ક્ષીણતર થાય. આ પ્રકારના પ્રણિધાનથી પૂજા કરનાર શ્રાવકને પોતાનો ગૃહવાસ ઇંદ્રજાળ જેવો છે, તેમ પૂર્વમાં ભાસતો હતો તે હવે તે પૂજાની ક્રિયાથી પૂર્વ-પૂર્વ કરતાં અધિક અધિક ભાસે છે, જે પ્રણિધાનાદિ આશયપૂર્વક કરાયેલી પૂજાનું ફળ છે.

વળી, સાધુ મહાત્માઓ ભગવાનના વચનાનુસાર સર્વ અનુષ્ઠાનો સેવીને હું અસંગભાવની શક્તિવાળો થાઉં, એ પ્રકારના પ્રણિધાનપૂર્વક ભાવસ્તવની ક્રિયા કરે છે, અને તેના ફળરૂપે પૂર્વ-પૂર્વ કરતાં ઉત્તર-ઉત્તરમાં અસંગભાવની નજીક જતું ઉત્તમ ચિત્ત પ્રગટે છે.

પૂર્વમાં કહ્યું કે પ્રણિધાનાદિ આશયપૂર્વકની દ્રવ્યસ્તવની ક્રિયા કે પ્રણિધાનાદિ આશયપૂર્વકની ભાવસ્તવની ક્રિયા સ્વજન્યપરિણામની શુદ્ધિ દ્વારા સમાન રીતે મોક્ષનું કારણ છે, તે વ્યવહારનયનું કથન છે. હવે ઋજુસૂત્રનયથી વિચારીએ તો ઋજુસૂત્રનય પણ અતિશયવાળી દ્રવ્યસ્તવની ક્રિયા કે ભાવસ્તવની ક્રિયા સ્વજન્યપરિણામ દ્વારા મોક્ષનું કારણ છે, તેમ માને છે, અને ક્રિયામાં અતિશયનું આધાન ભાવથી જ થાય છે અર્થાત્ પ્રણિધાનાદિ ભાવથી જ થાય છે, તેથી વ્યવહારનયથી કે ઋજુસૂત્રનયથી એ ફલિત થાય છે કે દ્રવ્યસ્તવની ક્રિયા જ્યારે કરાતી હોય ત્યારે, તે પ્રણિધાનાદિ આશયવાળી હોવાને કારણે શુભ અનુબંધવાળી છે અર્થાત્ સંયમને અભિમુખ એવા શુભ ભાવની વૃદ્ધિને કરનારી છે, માટે દ્રવ્યસ્તવકાળમાં શ્રાવકના ચિત્તમાં ભોગનો સંશ્લેષ શિથિલ-શિથિલતર થતો જાય છે, તેથી તે દ્રવ્યસ્તવની ક્રિયા ઘણી નિર્જરાને ઉત્પન્ન કરે છે. માટે જે ક્રિયામાં સંયમને અનુકૂળ ઉત્તમ ભાવો વર્તતા હોય અને ઘણી નિર્જરાની પ્રાપ્તિ થતી હોય તેવી ક્રિયામાં પુષ્પાદિ જીવોની હિંસા છે, માટે અસંયમની ક્રિયા છે, એમ કઈ રીતે કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહિ.

અહીં ગ્રંથકારશ્રીએ કહ્યું કે દ્રવ્યસ્તવની ક્રિયામાં શુભભાવનો અનુબંધ છે અને ઘણી નિર્જરા થાય છે, તેથી પુષ્પાદિ જીવોની હિંસા છે તેને આશ્રયીને દ્રવ્યસ્તવમાં અસંયમ છે તેમ કહી શકાય નહિ. ત્યાં પૂર્વપક્ષી કહે છે –

જેમ એક પ્રદીપથી ધૂમ અને પ્રકાશરૂપ બે કાર્ય થાય છે, તેમ દ્રવ્યસ્તવરૂપ એક વ્યક્તિથી શુભભાવનો અનુબંધ અને ઘણી નિર્જરા થાય છે, વળી પુષ્પાદિ જીવોની હિંસાને આશ્રયીને પાપનો બંધ થાય છે, એમ બે કાર્ય સ્વીકારવામાં કોઈ દોષ નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જે પ્રદીપ આર્દ્રેધન સંયોગવાળું હોય તે પ્રદીપથી પ્રકાશ અને ધૂમરૂપ બે કાર્ય થાય છે, પરંતુ જે પ્રદીપમાં જલથી આર્દ્ર ઇંધન ન હોય તે પ્રદીપથી પ્રકાશ થાય છે, પરંતુ ધૂમ થતો નથી.

આનાથી એ ફલિત થાય છે કે જે પ્રદીપમાં ધૂમનું કારણ પ્રવેશ પામેલું હોય તે પ્રદીપથી જ ધૂમરૂપ કાર્ય થાય છે, અને જે પ્રદીપમાં પ્રકાશથી અન્ય ધૂમના કારણાંતરનો પ્રવેશ નથી, તે પ્રદીપથી પ્રકાશ થાય છે,

પરંતુ ધૂમ થતો નથી. તેમ જે દ્રવ્યસ્તવની ક્રિયામાં અશુભભાવરૂપ કારણાંતરનો પ્રવેશ થયો હોય તે દ્રવ્યસ્તવમાં અસંયમની પ્રાપ્તિ થઈ શકે, પરંતુ જે દ્રવ્યસ્તવમાં ભગવાનના ગુણો પ્રત્યેનો ભક્તિનો ભાવમાત્ર વર્તે છે, તેવી દ્રવ્યસ્તવની ક્રિયામાં સંયમને અનુકૂળ ઉત્તમ ભાવોની વૃદ્ધિ થઈ રહી છે, તેથી તે દ્રવ્યસ્તવની ક્રિયાથી લેશ પણ પાપનો બંધ સંભવે નહિ; પરંતુ ભગવાનના ગુણોની ભક્તિવાળા શ્રાવકની દ્રવ્યસ્તવની ક્રિયામાં કોઈક નિમિત્તને પામીને માનખ્યાતિ કે અન્ય કોઈ અશુભ ભાવનો પ્રવેશ થાય તો તે દ્રવ્યસ્તવની ક્રિયા સંયમ-અસંયમરૂપ મિશ્ર બની શકે, પરંતુ દ્રવ્યસ્તવમાં પુષ્પાદિ જીવોની વિરાધના છે, તેટલા માત્રથી લેશ પણ અસંયમની પ્રાપ્તિ નથી.

હવે દ્રવ્યસ્તવમાં પુષ્પાદિ જીવોની હિંસા છે તેટલા માત્રથી શુભભાવપૂર્વક કરાતી દ્રવ્યસ્તવની ક્રિયામાં પાપબંધ અને પુણ્યબંધ સાથે થાય છે, તેમ સ્વીકારી શકાય નહિ, તે યુક્તિથી ગ્રંથકારશ્રી બતાવે છે –

પાપ અને પુણ્યના ઉપાદાન કારણ એવા શુભ અને અશુભ અધ્યવસાય એકી સાથે સંભવી શકે નહિ. તેથી જે કાળમાં ભગવાનના ગુણોનો ઉપયોગ છે, તે કાળમાં શુભ અધ્યવસાય છે. માટે પૂજાથી પુણ્યબંધ જ થાય છે, પાપબંધ થતો નથી, તેમ સ્વીકારવું પડે, અને જે કાળમાં અશુભ અધ્યવસાય છે અર્થાત્ પોતાની દ્રવ્યસ્તવની કોઈ પ્રશંસા કરતા હોય તેને આશ્રયીને માન-ખ્યાતિ આદિનો અધ્યવસાય હોય, તો તે કાળમાં અશુભ ભાવને કારણે પાપબંધ થાય છે, પરંતુ પાપબંધકાળમાં પૂજાની ક્રિયા છે, માટે પુણ્યબંધ થાય છે તેમ સ્વીકારી શકાય નહિ.

પૂર્વમાં કહેલ यच्च तत्कालीनसंयमोज्झनं शुभभावेनोक्तं तद्विधिभक्त्यन्तरवैगुण्य एव ત્યાંથી માંડીને यौगपद्यं संभवति । સુધીના કથનનું નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

તે કારણથી=પૂર્વમાં પૂર્વપક્ષીએ કહેલ કે દ્રવ્યસ્તવમાં થતા અસંયમનો ત્યાગ ભગવાનની ભક્તિકાળમાં થતા શુભભાવથી થાય છે, એમ પૂ. આ. હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું, તેથી નક્કી થાય છે કે દ્રવ્યસ્તવમાં પુષ્પાદિ જીવોની હિંસા છે, તેને આશ્રયીને દ્રવ્યસ્તવમાં અશુભભાવને સ્વીકારેલ છે, અને દ્રવ્યસ્તવમાં ભગવાનની ભક્તિનો પરિણામ છે, તેને આશ્રયીને શુભભાવ સ્વીકારેલ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ કહેલ કે દ્રવ્યસ્તવકાળમાં જે અસંયમ થાય છે, તેનો શુભભાવથી ત્યાગ થાય છે, એમ જે પૂ. આ. હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે તે દ્રવ્યસ્તવકાળમાં વિધિ અને ભક્તિમાંથી અન્યતરના વૈગુણ્યને આશ્રયીને કહેલ છે, અને તેની અત્યાર સુધી પુષ્ટિ કરી તે કારણથી, કથંચિત્ પદથી દ્યોત્ય અયતનાના સમાવેશથી જ ત્યાં=દ્રવ્યસ્તવની ક્રિયામાં, અસંયમની ઉપપત્તિ છે, અને તેનું શોધન પણ ભગવાનની પૂજાકાળમાં થયેલા જિનગુણના પ્રણિધાનના પરિણામની શુદ્ધિથી થાય છે, એ પ્રમાણે સમ્યગ્ મનમાં લાવવું જોઈએ.

આશય એ છે કે કોઈ શ્રાવક દ્રવ્યસ્તવની ક્રિયામાં જિનગુણના પ્રણિધાનપૂર્વક યત્ન કરતો હોય, આમ છતાં ઉપયોગની મ્લાનિને કારણે તે ક્રિયામાં ક્યાંક અયતનાનો સમાવેશ થયો હોય, તો તે અયતનાને બતાવવા માટે પૂ. આ. હરિભદ્રસૂરિ મહારાજ સાહેબે પૂજાપંચાશક-ગાથા-૪૨માં 'કથંચિત્' પદ બતાવેલ છે; અને તે કથંચિત્ પદથી નક્કી થાય છે કે યતનાપૂર્વક દ્રવ્યસ્તવ કરનાર શ્રાવકને પણ કોઈક રીતે

અયતનાનો પ્રવેશ થાય છે ત્યારે, દ્રવ્યસ્તવમાં અસંયમની ઉપપત્તિ છે, અને તે અસંયમનું શોધન પણ દ્રવ્યસ્તવકાળમાં ભગવાનના ગુણોના પ્રણિધાનથી થાય છે.

આનાથી એ ફલિત થાય છે કે દ્રવ્યસ્તવમાં પુષ્પાદિ જીવોની હિંસા છે, તેને આશ્રયીને પૂજાપંચાશકના કથનમાં પૂ. આ. ભગવંત હરિભદ્રસૂરિ મહારાજ સાહેબે અસંયમ સ્વીકારેલ નથી, પરંતુ પૂજામાં વિધિ-ભક્તિના વૈગુણ્યકૃત અયતનાને કારણે અસંયમ સ્વીકારેલ છે, અને તે અસંયમ અલ્પમાત્રાવાળું હોવાથી ઉત્તરકાળમાં ભગવાનના ગુણોમાં ઉપયુક્ત એવા શ્રાવકના બળવાન શુભભાવથી નાશ પામે છે, એ પ્રમાણે સમ્યગ્ મનમાં લાવવું.

ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા છે, એ રૂપ અસંયમ છે, અને ભગવાન પ્રત્યેની ભક્તિ છે, એ રૂપ સંયમ છે, એ પ્રકારે સ્વીકારીને પૂર્વપક્ષી દ્રવ્યસ્તવને ધર્માધર્મરૂપ મિશ્ર કહે છે, અને કહે છે કે કૂપદૃષ્ટાંતથી શાસ્ત્રકારોએ દ્રવ્યસ્તવથી અસંયમની શુદ્ધિ થાય છે, તેમ સ્વીકાર્યું, તેથી નક્કી થાય છે કે ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસાકૃત અસંયમ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ પ્રથમ સ્થાપન કર્યું કે દ્રવ્યસ્તવકાળમાં વિધિભક્તિના વૈગુણ્યકૃત જે અસંયમ છે, તે અસંયમનું શોધન ભગવાનની ભક્તિથી થાય છે.

આનાથી એ ફલિત થાય છે કે જે દ્રવ્યસ્તવમાં લેશ પણ વિધિ-ભક્તિનું વૈગુણ્ય નથી, તે દ્રવ્યસ્તવમાં અસંયમ નથી. માટે પુષ્પાદિ જીવોની થતી હિંસાને આશ્રયીને દ્રવ્યસ્તવમાં અસંયમ સ્વીકારી શકાય નહિ.

વળી, 'यद्वा'થી બીજો વિકલ્પ કરતાં બતાવે છે કે કોઈ શ્રાવક પરિપૂર્ણ વિધિ-ભક્તિયુક્ત દ્રવ્યસ્તવ કરતો હોય તે પણ પૂર્વમાં જે ગૃહારંભાદિ કરે છે, તેનાથી બંધાયેલું જે કર્મ છે, તે કર્મનું અપનયન દ્રવ્યસ્તવથી થાય છે. તેથી કૂપદૃષ્ટાંત દ્વારા દ્રવ્યસ્તવથી અસંયમની શુદ્ધિ થાય છે, તેમ કહેલ છે.

આનાથી એ ફલિત થાય કે કોઈ શ્રાવક ગૃહારંભ કરે છે, એ રૂપ જે અસંયમ છે, તે અસંયમની શુદ્ધિ દ્રવ્યસ્તવની ક્રિયાથી થાય છે, પરંતુ દ્રવ્યસ્તવમાં કોઈ અસંયમ નથી, માટે પુષ્પાદિ જીવોની હિંસાને આશ્રયીને દ્રવ્યસ્તવ અધર્મરૂપ છે, અને ભગવાનની ભક્તિને આશ્રયીને દ્રવ્યસ્તવ ધર્મરૂપ છે, એમ પૂર્વપક્ષી કહે છે તે યુક્ત નથી.

અહીં 'यद्वा'થી કહ્યું કે દ્રવ્યસ્તવ નામનો ગૃહાશ્રમરૂપ જે ધર્મ, તેની અધિકારિતાવચ્છેદક અસદારંભકર્મ, તેનું અપનયન સદારંભક્રિયાવ્યક્તિથી થાય છે. આ કથનથી એ પ્રાપ્ત થાય છે કે દ્રવ્યસ્તવ એ ગૃહાશ્રમરૂપ છે યતિ આશ્રમનો ધર્મ નથી, અને તેનો અધિકારી ગૃહસ્થ છે યતિ નથી, અને તે અધિકારિતા ગૃહસ્થમાં છે, અને તે અધિકારિતા ગૃહસ્થને પ્રાપ્ત થવાનું કારણ ગૃહસ્થ સંસારના આરંભો કરે છે તે છે. જો ગૃહસ્થ સંપૂર્ણ આરંભ વગરનો હોય તો તે દ્રવ્યસ્તવનો અધિકારી બને નહિ. આથી જ સંપૂર્ણ આરંભ વગરના મુનિ દ્રવ્યસ્તવના અધિકારી નથી. ગૃહસ્થને દ્રવ્યસ્તવની અધિકારિતાનું કારણ અસદારંભ ક્રિયા છે, તે અસદ્આરંભની ક્રિયાને દૂર કરનાર દ્રવ્યસ્તવ છે.

અહીં વિચારકને પ્રશ્ન થાય કે જો શ્રાવકને ગૃહકાર્યના અસદારંભથી બંધાયેલું કર્મ દ્રવ્યસ્તવથી નાશ પામી શકે છે, તો મુનિઓ પણ અપવાદથી ક્યારેક પ્રતિસેવના કરે છે, તો વળી ક્યારેક અનાભોગ, સહસાત્કારથી પણ પ્રતિસેવના થાય છે, અને તેનું પ્રાયશ્ચિત્ત લઈને મુનિઓ શુદ્ધિ કરે છે. તેને બદલે મુનિઓ પણ જો દ્રવ્યસ્તવ કરે તો અપવાદપદાદિમાં થયેલા અસદારંભ કર્મનું અપનયન દ્રવ્યસ્તવરૂપ ક્રિયાવ્યક્તિથી થઈ શકે તેમ માનવું પડે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

મુનિઓને અપવાદપદાદિમાં કરાયેલી પ્રતિસેવના માટે દ્રવ્યસ્તવનું ગ્રહણ શાસ્ત્રકારોએ કરેલ નથી; કેમ કે મુનિઓ પ્રધાન રીતે શીલાદિ ધર્મોના અધિકારી છે, દાનધર્મના અધિકારી નથી; અને શ્રાવક ચાર પ્રકારના ધર્મોમાંથી પ્રધાનરૂપે દાનધર્મના અધિકારી છે, અને જેઓ પ્રધાન એવા દાનધર્મના અધિકારી છે, તેઓને જ દાનધર્મના અંગભૂત એવા દ્રવ્યસ્તવમાં અધિકાર છે. તેથી દ્રવ્યસ્તવના અધિકારી એવા શ્રાવકો દ્રવ્યસ્તવ કરીને અસદારંભકર્મનું અને તેનાથી બંધાતા કર્મનું અપનયન કરે છે; કેમ કે ગૃહસ્થ જ્યારે સંસારનાં કાર્યો કરે છે, ત્યારે પણ વિવેકી હોવાથી સંયમના અર્થી છે, છતાં હજુ તેમનામાં સંયમની શક્તિનો સંચય થયો નથી અને ભોગાદિનો રાગ હજુ ગયો નથી, તેથી ભોગાદિના અર્થે મલિનારંભ કરે છે, અને તે મલિનારંભથી જે કાંઈપણ ભોગાદિના સંસ્કારો પડે છે અને જે કાંઈ કર્મબંધ થાય છે, તે સર્વનો નાશ ભગવાનની ભક્તિકાળમાં થાય છે; કેમ કે ભગવાનની ભક્તિકાળમાં શ્રાવકનું ચિત્ત ભગવાનના ગુણોથી ઉપરંજિત છે. તેથી ભોગના સંસ્કારો નાશ પામે છે અને ભોગની પ્રવૃત્તિથી થયેલા કર્મબંધનો પણ નાશ થાય છે, અને ભગવાનના ગુણોના રાગને કારણે સંયમને અભિમુખ શક્તિનો સંચય થાય તેવા ઉત્તમ સંસ્કારો પડે છે. તેથી ગૃહારંભ કરવા છતાં તેનાથી બંધાયેલાં કર્મો અને સંસ્કારોનો નાશ કરીને દ્રવ્યસ્તવ દ્વારા શ્રાવક સર્વવિરતિની નજીકની ભૂમિકાને પ્રાપ્ત કરે છે, અને વીર્યનો પ્રકર્ષ થાય તો ગૃહારંભના સંસ્કારો નાશ પણ પામી જાય, અને સર્વવિરતિની પ્રાપ્તિનાં પ્રતિબંધક કર્મો ક્ષયોપશમભાવને પામે, તેથી ચારિત્રની પ્રાપ્તિ પણ થાય. આથી જ ગૃહસ્થઅવસ્થામાં સેવાયેલા અસદારંભથી બંધાયેલા કર્મોનું અપનયન ગૃહસ્થ દ્રવ્યસ્તવથી કરી શકે, અને સાધુ દ્રવ્યસ્તવના અધિકારી નહિ હોવાથી અપવાદપદાદિથી થયેલા અસદારંભકર્મનું અપનયન દ્રવ્યસ્તવથી કરી શકતા નથી, તેથી સાધુને અપવાદપદાદિથી થયેલી અસંયમની શુદ્ધિનો ઉપાય દ્રવ્યસ્તવ નથી, પરંતુ અપવાદપદાદિથી થયેલી અસંયમની શુદ્ધિનો ઉપાય પોતાના અધિકાર પ્રમાણે ઉચિત પ્રાયશ્ચિત્ત છે.

અહીં વિશેષ એ છે કે ભગવાને દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ કહ્યો છે. દાનધર્મના અધિકારી ધનસંચયવાળા શ્રાવકો છે અને ધનસંચયવાળા શ્રાવકો ચાર પ્રકારના ધર્મમાંથી પ્રધાનરૂપે દાનધર્મ કરે છે અને અલ્પમાત્રામાં શીલાદિ ધર્મો પણ કરે છે. આ રીતે ચાર પ્રકારના ધર્મોને સેવીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે, અને જ્યારે સર્વવિરતિની શક્તિનો સંચય થાય ત્યારે ગૃહસ્થધર્મનો ત્યાગ કરીને સંયમ ગ્રહણ કરે છે, ત્યારે તેઓ દાનધર્મના અધિકારી રહેતા નથી, પરંતુ સર્વ ઉદ્યમથી વીતરાગ થવા માટે વીતરાગ થવાના કારણીભૂત એવા શીલાદિ ત્રણ પ્રકારનો ધર્મ સેવે છે; ફક્ત શ્રાવકોને

દાનધર્મનો ઉપદેશ આપે છે અને શ્રાવકો જે દાનધર્મ કરે છે તે અનુમોદનીય છે, તેવો ભાવ કરે છે. તેથી સાધુઅવસ્થામાં દાનધર્મ અનુમોદનારૂપે માત્ર છે, કૃત્યરૂપે નથી, માટે ગૌણ છે; અને જેઓ દાનધર્મના અધિકારી હોય તેઓ જ ઉત્તમ દ્રવ્યથી દાનધર્મના અંગભૂત દ્રવ્યસ્તવ કરે છે.

**ટીકા :-**

अयमतिविशदो विचारमार्गः स्फुरति हृदि प्रतिभाजुषां मुनीनाम् ।
जडमतिवचनैस्तु विप्रलब्धाः कति न जडास्तदहो कलिर्बलीयान् ।।१।।
निजमतिरुचितप्रकल्पितार्थैर्विबुधजनोक्तितिरस्क्रियापराणाम् ।
श्रुतलवमतिदृप्तपामराणां स्फुरितमतन्त्रमुदीक्ष्य विस्मिताः स्मः ।।२।।
विधिवदनुपदं विवृण्वते ज्ञा नयगमभङ्गभीरमाप्तवाक्यम् ।
कथमिव भवतात् विनिश्चितार्थं तदिदमधौतयुतैर्जनैर्गृहीतम् ।।३।।
शिष्ये मूढे गुरौ मूढे श्रुतं मूढमिवाखिलम् ।
इति शङ्कापिशाचिन्यः सुखं खेलन्तु बालिशैः ।।४।।
स्फुटोदर्के तर्के स्फुटमभिनवे स्फूर्जति सता-
मियं प्राचां वाचां न गतिरिति मूढः प्रलपति !
न जानीते चित्रां नयपरिणतिं नापि रचनां,
वृथा गर्वग्रस्तश्छलमखिलमन्वेष्टि विदुषाम् ।।५।।
शोभते न विदुषां प्रगल्भता पल्लवज्ञानजडरागिपर्षदि ।
पञ्जरे बहुलकाकसङ्कुले सङ्गता न हि मरालललना ।।६।।
कृष्णतासिततयोः स्फुटेऽन्तरे गीर्गभीरिमगुणे च भेदिनी ।
यस्य हंसशिशुकाकशङ्किता तं धिगस्तु जननीं च तस्य धिक् ।।७।।
अस्तु वस्तु तदथो यथा तथा पण्डिताय जिनवाग्विदे नमः ।
शासनं सकलपापनाशनं यद्वशं जयति पारमेश्वरम् ।।८।। ।।९२।।

**ટીકાર્થ :-**

अयम् ..... बलीयान् ।। આ અતિવિશદ વિચારમાર્ગ=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે દ્રવ્યસ્તવમાં લેશપણ અસંયમ નથી, પરંતુ સર્વવિરતિની શક્તિના સંચયને અનુકૂળ ભગવાનની ભક્તિરૂપ શુભભાવ છે, એ રૂપ આ અતિવિશદ વિચારમાર્ગ, પ્રતિભાયુક્ત મુનિઓના હૃદયમાં સ્ફુરણ

**થાય છે. तत्=તે કારણથી, જડમતિના વચનોથી વળી કેટલાક ઠગાયા નહિ, જડો ઠગાયા, અહો ! કલિ=કલિકાલ, બળવાન છે. ।।૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ સ્થૂલદૃષ્ટિથી જોઈને કહ્યું કે ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા છે, અને ભગવાનની ભક્તિ છે, તેથી દ્રવ્યસ્તવ ધર્માધર્મરૂપ મિશ્ર છે, પરંતુ શ્રાવકના સામાયિકાદિ કૃત્ય જેવું સંપૂર્ણ ધર્મરૂપ અનુષ્ઠાન નથી. તેનું નિરાકરણ કરીને ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી યુક્તિથી સ્થાપન કર્યું કે ભગવાનની પૂજામાં લેશપણ અસંયમ નથી, ફક્ત વિધિ-ભક્તિના વૈગુણ્યથી ક્વચિત્ અસંયમ થાય તો તે ભગવાનની ભક્તિથી=પૂજાથી શુદ્ધ થાય છે, અને વિધિ-ભક્તિના વૈગુણ્ય વગરનું દ્રવ્યસ્તવ સંપૂર્ણ નિરવદ્ય છે, અને ગૃહસ્થ સંસારનો જે આરંભ કરે છે, તેનાથી બંધાયેલાં અશુભ કર્મોનો નાશ દ્રવ્યસ્તવથી થાય છે. માટે દ્રવ્યસ્તવ ધર્માધર્મરૂપ મિશ્ર નથી, પરંતુ એકાંતે ધર્મરૂપ છે. આ પ્રકારનો આ અતિવિશદ વિચારમાર્ગ પ્રતિભાયુક્ત મુનિઓના હૃદયમાં સ્ફુરણ થાય છે, અને આવા મુનિઓના વચનથી ભાવિત મતિવાળા કેટલાક જીવો જડમતિના વચનથી ઠગાતા નથી, વળી કેટલાક જડ જીવો જડમતિના વચનથી ઠગાય પણ છે. તેથી દ્રવ્યસ્તવ ધર્માધર્મરૂપ મિશ્ર છે, તેમ માને છે. તેમાં કલિકાળ જ બળવાન છે.

**ટીકાર્થ :-**

निजमति ..... स्मः ।। **નિજમતિથી રુચિત અને નિજમતિથી પ્રકલ્પિત એવા અર્થ વડે વિબુધજનની=પંડિતજનની, ઉક્તિને=વચનને, તિરસ્કાર કરવામાં પરાયણ, અને શ્રુતના લવવાળી મતિથી દૃપ્ત=અભિમાની એવા પામરોના સ્ફુરિત અતંત્રને=અશાસ્ત્રને, જોઈને અમે વિસ્મય પામીએ છીએ અર્થાત્ અમને ખેદ થાય છે. ।।૨।।**

**ભાવાર્થ :-**

કેટલાક જડમતિવાળા જીવો થોડાંક શાસ્ત્રો ભણીને શ્રુતના લવવાળી=અંશવાળી, મતિથી, પોતે શાસ્ત્રના પરમાર્થને જાણનારા છે તેવા અભિમાનને ધારણ કરનારા છે. વસ્તુતઃ શાસ્ત્ર ભણવા છતાં તેઓ શાસ્ત્રના પરમાર્થને પામેલા નથી, તેથી તેઓ પામર છે; અને આવા પામર જીવો પોતાની મતિમાં જે રુચિવાળું છે, તેવા અર્થોની કલ્પના કરે છે અને સ્વમતિરુચિત કલ્પના કરાયેલા અર્થો વડે બુધપુરુષના વચનોનો તિરસ્કાર કરે છે, અને પોતાની મતિમાં જે અતંત્ર=અસિદ્ધાંત, ભાસે છે તે અતંત્રને સ્ફુરિત કરે છે, તે જોઈને અમે વિસ્મય પામીએ છીએ અર્થાત્ આવા ઉત્તમ તત્ત્વને કહેનારા વિબુધ જનો હોવા છતાં આ જડમતિ જીવો સ્વમતિ પ્રમાણે અર્થ કરીને પોતાનો વિનાશ કરે છે, તે જોઈને અમને ખેદ થાય છે, એમ ગ્રંથકારશ્રી કહે છે. **।।૨।।**

**ટીકાર્થ :-**

विधिवदनुपदं ..... गृहीतम् ।। **જ્ઞાની પુરુષો અનુપદ વિધિપૂર્વક નય, ગમ અને ભંગથી ગંભીર એવા આપ્તવાક્યનું વર્ણન કરે છે, તે કારણથી વિનિશ્ચિત અર્થવાળું આ=જ્ઞાની પુરુષોથી વિધિપૂર્વક**

**વર્ણન કરાયેલું આ આપ્તવાક્ય અધોતયુત લોકો વડે=અપવિત્ર મતિવાળા લોકો વડે, કોઈક રીતે=અસંબદ્ધ રીતે, ગ્રહણ કરાયું. ।।૩।।**

✪ પ્રતિમાશતકના મુદ્રિત પુસ્તકમાં ज्ञाननयगमभङ्गगभीरमाप्तवाक्यम् પાઠ છે ત્યાં, ज्ञा नयगमभङ्गगभीरमाप्तवाक्यम् પાઠ હ. પ્રતમાં છે અને તે સંગત જણાય છે. તેથી તે મુજબ અમે અર્થ કરેલ છે. ज्ञा=જ્ઞાનીપુરુષો, એ પ્રમાણે અર્થ જાણવો.

✪ भगवद्विनिश्चितार्थं પાઠ છે ત્યાં હ. પ્રતમાં भवतात् विनिश्चितार्थं પાઠ છે, અને भवतात्=થાય, એવો અર્થ કરવો.

**ભાવાર્થ :-**

જ્ઞાની પુરુષો વિધિપૂર્વક અનુપદ=દરેક સ્થાને, નય, ગમ=અર્થમાર્ગના વિકલ્પો અને ભંગથી ગંભીર એવા આપ્તવાક્યનું વર્ણન કરે છે. તે કારણથી આપ્તવાક્ય વિનિશ્ચિત અર્થવાળું છે, અને વિનિશ્ચિત અર્થવાળા એવા પણ આપ્તવાક્યને અનિર્મળ બુદ્ધિવાળા લોકો કોઈક રીતે=વિપરીત રીતે ગ્રહણ કરે છે. તેથી તેઓને તે આપ્તવાક્યનો વિપરીત અર્થ ભાસે છે. જો તેવા પુરુષો ગંભીરતાપૂર્વક આપ્તવાક્યના પરમાર્થને જાણવા પ્રયત્ન કરે તો આપ્તપુરુષોના વચનોથી તેઓને યથાર્થ તત્ત્વનો નિર્ણય થઈ શકે. **॥૩॥**

**ટીકાર્થ :-**

**शिष्ये मूढे ..... बालिशैः ।। શિષ્ય મૂઢ હોતે છતે, ગુરુ મૂઢ હોતે છતે, અખિલ શ્રુત મૂઢ જેવું થઈ જાય છે. એથી કરીને મૂર્ખોની સાથે શંકારૂપી ડાકણ સુખે રમો. ।।૪।।**

**ભાવાર્થ :-**

ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા છે, અને ભગવાનની ભક્તિ છે, એ રૂપ સ્થૂલ પ્રવૃત્તિ જોઈને મૂઢ એવા ગુરુ સ્વમતિ પ્રમાણે ભગવાનની ભક્તિ ધર્માધર્મરૂપ મિશ્ર છે, તેમ વિચારે છે; અને શિષ્ય પણ મૂઢ છે, તેથી મૂઢ એવા ગુરુથી કહેવાયેલો તે અર્થ મૂઢ એવો શિષ્ય પણ તે રીતે ગ્રહણ કરે છે, અને તે વખતે અખિલ શ્રુત=ભગવાનની પૂજાના વિષયને કહેનારાં શાસ્ત્રવચનો, મૂઢ જેવાં થાય છે અર્થાત્ તે ગુરુ-શિષ્યો માટે શાસ્ત્રવચનો મૂઢ જેવાં થાય છે. તેથી જે શાસ્ત્રવચનો તત્ત્વને બતાવનારાં છે, તે જ શાસ્ત્રવચનોથી તેઓને અયથાર્થ અર્થનો બોધ થાય છે. એથી કરીને બાલિશો સાથે શંકારૂપી ડાકણ=ભગવાનની પૂજામાં આરંભની શંકારૂપ ડાકણ સુખે રમો અર્થાત્ બાલિશોને=મૂર્ખોને, ભગવાનની પૂજામાં આરંભની શંકા નક્કી થાય છે.

**ટીકાર્થ :-**

**स्फुटोदर्के ..... विदुषाम् ।। પ્રગટ રીતે અભિનવ સ્ફુરાયમાન એવો સ્પષ્ટ ઉદર્ક=સચોટ, તર્ક હોતે છતે પ્રાચીન સંતોની વાણીની આ ગતિ નથી=ભગવાનની પૂજા એકાંત નિરવદ્ય છે, એ પ્રકારના કથનની સંગતિ નથી, એ પ્રકારે મૂઢ પ્રલાપ કરે છે. ચિત્ર એવી નયપરિણતિને જાણતો નથી, ચિત્ર**

**પ્રકારની=વિવિધ પ્રકારની રચનાને જાણતો નથી, વૃથા ગર્વથી ગ્રસ્ત થયેલો એવો તે મૂઢ વિદ્વાનોના અખિલ છળને શોધે છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા છે અને ભગવાનની ભક્તિથી શુભ ભાવ થાય છે, એ પ્રકારનો પ્રગટ રીતે સ્ફુરાયમાન થતો સ્પષ્ટ ઉદર્ક=સચોટ તર્ક વિદ્યમાન હોય ત્યારે પૂર્વના સંતોની વાણીની આ ગતિ નથી અર્થાત્ ભગવાનના ભક્તિકાળમાં શાસ્ત્રાનુસારી ઉચિત પ્રવૃત્તિ હોય ત્યારે લેશ પણ હિંસા નથી, એ પ્રકારની પ્રાચીન પુરુષોની વાણીની ગતિ નથી, એ પ્રમાણે મૂઢ પ્રલાપ કરે છે; પરંતુ તે મૂઢ ચિત્ર નયપરિણતિને જાણતો નથી અને ચિત્રરચનાને જાણતો નથી=આગમનાં વચનો કયા નયની અપેક્ષાએ ક્યાં સંસ્થિત છે, તે ચિત્ર નયપરિણતિને મૂઢ જાણતો નથી અને આગમની ચિત્ર પ્રકારની રચનાને જાણતો નથી. આથી જ મહાનિશીથના અને સ્થાનાંગસૂત્રના પાઠને ગ્રહણ કરીને છ પ્રકારના પુરુષના વિકલ્પો પાડીને દેશવિરત શ્રાવક કરતાં વિરતાવિરતને જુદા પાડે છે, અને વિરતાવિરત શ્રાવકો પુષ્પાદિથી પૂજા કરે છે અને તે પુષ્પાદિથી પૂજા ધર્માધર્મરૂપ મિશ્ર છે, તેમ કહે છે.

**ટીકાર્થ :-**

**शोभते ..... मरालललना ।। પલ્લવજ્ઞાનવાળા એવા જડપુરુષો પ્રત્યે રાગવાળી પર્ષદામાં વિદ્વાનોની પ્રગલ્ભતા=ચતુરાઈ, શોભા પામતી નથી. ઘણા કાગડાથી સંકુલ=યુક્ત એવા પાંજરામાં મરાલલલના= રાજહંસી સંગત નથી જ. ।।૬।।**

**ભાવાર્થ :-**

છ પુરુષને કહેનારા પલ્લવજ્ઞાનવાળા=અધકચરા જ્ઞાનવાળા, જડપુરુષો છે, તેથી શાસ્ત્રોને ઉચિત રીતે યથાસ્થાને વિનિયોગ કરી શકતા નથી, અને ત્રુટક ત્રુટક સ્વમતિ પ્રમાણે ગ્રહણ કરીને યથાતથા યોજન કરે છે. એવા જડપુરુષોમાં રાગવાળી પર્ષદા હોય અને તેમાં કોઈ વિદ્વાન પુરુષ યુક્તિયુક્ત વાત કરે તો તે વિદ્વાનની યુક્તિયુક્ત કથન કરવાની ચતુરાઈ શોભાને પામતી નથી.

જેમ ઘણા કાગડાઓથી યુક્ત પાંજરામાં રાજહંસી શોભાને પામતી નથી અર્થાત્ જેમ જડ પ્રત્યેના રાગી પુરુષોની પર્ષદામાં વિદ્વાનની વિદ્વત્તા શોભાને પામે નહિ, તેમ શોભાયમાન પણ રાજહંસી ઘણા કાગડાઓના પાંજરામાં શોભાને પામે નહિ.

**ટીકાર્થ :-**

**कृष्णतासिततयोः ..... धिक् ।। કૃષ્ણપણાનું અને શ્વેતપણાનું સ્પષ્ટ અંતર હોતે છતે=કાગડાના શિશુમાં અને હંસના શિશુમાં કૃષ્ણપણાનું અને શ્વેતપણાનું સ્પષ્ટ અંતર હોતે છતે, અને વાણીનો ગંભીર ગુણ ભેદવાળો હોતે છતે=કાગડાની વાણી કરતાં હંસના શિશુની વાણીનો ગંભીર ગુણ**

**ભેદવાળો હોતે છતે, જેમને હંસના શિશુમાં કાગડાના શિશુની શંકા છે, તે પુરુષને ધિક્કાર થાઓ, અને તેની માતાને ધિક્કાર થાઓ. ॥૭॥**

**ભાવાર્થ :-**

કાગડાના શિશુમાં કૃષ્ણતા હોય છે અને હંસના શિશુમાં શ્વેતતા હોય છે, તેથી બેનો સ્પષ્ટ ભેદ છે. વળી કાગડાના શિશુની વાણી કર્કશ હોય છે અને હંસના શિશુની વાણી ગંભીર હોય છે, તેથી કાગડાના શિશુની અને હંસના શિશુની વાણીમાં પણ સ્પષ્ટ ભેદ છે.

તેમ સર્વજ્ઞના વચનના અનુપાતી વચનો કહેનારા હંસશિશુ જેવા પ્રાચીન પૂજ્ય હરિભદ્રસૂરિ આદિ આચાર્યો હોવાથી તેઓ હંસના શિશુ જેવા શ્વેત છે, અને ષટ્પુરુષને કહેનાર પાશદોષાકર અસંબદ્ધ પ્રલાપ કરનારા હોવાથી કાગડાના શિશુ જેવા કૃષ્ણ છે.

વળી પ્રાચીન પૂજ્ય હરિભદ્રસૂરિ આદિ આચાર્યોની વાણીમાં ગંભીરતા ગુણ છે, જ્યારે ષટ્પુરુષને કહેનાર પાશદોષાકરની વાણીમાં ગંભીરતા ગુણ નથી; આમ છતાં પલ્લવ જ્ઞાનવાળા જડપુરુષોની રાગી પર્ષદામાં રહેલા લોકો પોતાના ઉપદેશકની વાણી સાંભળીને કહે છે કે પ્રાચીન એવા પૂ.આચાર્ય હરિભદ્રસૂરિ આદિ કાકશિશુ જેવા કૃષ્ણ છે. આ રીતે હંસશિશુમાં કાકશિશુની શંકા કરનાર તે રાગી પર્ષદાને ધિક્કાર થાઓ, અને તેમની માતાને પણ ધિક્કાર થાઓ, કે જે માતાએ આવા પુત્રોને જન્મ આપ્યો, કે જેઓ કાગડાના શિશુના જેવા પલ્લવજ્ઞાનવાળા ઉચ્છૃંખલ ઉપદેશકોના અને હંસના શિશુના જેવા ગંભીર ગુણવાળા પૂર્વના ઉત્તમ ઉપદેશકોના ભેદને સમજી શકતા નથી.

**ટીકાર્થ :-**

**अस्तु ..... पारमेश्वरम् ।। જે પ્રમાણે તે વસ્તુ હો તે પ્રમાણે હો=જડપુરુષોની રાગી પર્ષદામાં રહેલા પલ્લવજ્ઞાનવાળા લોકો હંસશિશુ જેવા પ્રાચીન આચાર્યોમાં કાકશિશુની શંકા કરે તોપણ તે પ્રાચીન આચાર્ય જે પ્રમાણે શુદ્ધપ્રરૂપણા કરનાર છે તે પ્રમાણે જ તેઓ યથાર્થ થાય. માટે જિનવચનને જાણનારા પંડિતોને નમસ્કાર થાઓ, જેમને વશ=જિનવચનને જાણનારા પંડિતોને વશ, સકલ પાપને નાશ કરનારું પરમેશ્વરનું શાસન જય પામે છે. ॥૮॥ ॥૯૨॥**

**ભાવાર્થ :-**

પૂર્વના સુવિહિત આચાર્યોનાં યુક્તિયુક્ત વચનોમાં પણ ષટ્પુરુષના મતના રાગી કોઈક પુરુષ અસંબદ્ધની શંકા કરે છે, તેને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે કે ભલે તે જડમતી અસંબદ્ધ પ્રલાપ કરે, પરંતુ પૂર્વાચાર્યોએ જે વસ્તુની પ્રરૂપણા કરી તે વસ્તુ જે પ્રમાણે હોય તે પ્રમાણે યથાર્થ થાઓ=જો પૂર્વાચાર્યોએ યથાર્થ પ્રરૂપણા કરી હોય અને કોઈક તેને અસંબદ્ધ કહે એટલામાત્રથી તે પ્રરૂપણા અસંબદ્ધ થતી નથી. આમ કહીને ભગવાનના શાસનના વચનની યથાર્થ પ્રરૂપણા કરનારા એવા જિનશાસનના જાણનારા પંડિતોને ગ્રંથકારશ્રી નમસ્કાર કરે છે, અને કહે છે કે આવા મહાપુરુષોને વશ સકલ પાપને નાશ કરનારું એવું ભગવાનનું શાસન જય પામે છે અર્થાત્ જગતમાં વિસ્તાર પામે છે. **॥૯૨॥**

**અવતરણિકા :-**

अत्रातिदेशेन कुमतशेषं निराकुर्वन्नाह –

**અવતરણિકાર્થ :-**

અહીં=દ્રવ્યસ્તવના વિષયમાં, અતિદેશથી=પૂર્વમાં પાશદોષાકરના મતનું નિરાકરણ કર્યું, એ વચનના અતિદેશથી, કુમતશેષને=દ્રવ્યસ્તવ પુણ્યબંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી, માટે ધર્મ નથી, એ પ્રકારના કુમતશેષને, નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

एतेनेदमपि व्यपास्तमपरे यत्प्राहुरज्ञाः परं,
पुण्यं कर्म जिनार्चनादि न पुनश्चारित्रवद्धर्मकृत् ।
तद्वत्तस्य सरागतां कलयतः पुण्यार्जनद्वारतो,
धर्मत्वं व्यवहारतो हि जननान्मोक्षस्य नो हीयते ।।९३।।

**શ્લોકાર્થ :-**

**एतेन=આનાથી=શુદ્ધ જિનપૂજાના ધર્મપણાના વ્યવસ્થાપનથી, આ પણ નિરાકૃત છે=આગળમાં કહેવાય છે એ પણ નિરાકૃત છે. જેને=જે મતને, અપર એવા અજ્ઞો કહે છે –**

અપર એવા અજ્ઞો શું કહે છે, તે બતાવે છે –

**જિનઅર્ચનાદિ કેવલ પુણ્યકર્મ છે, પરંતુ ચારિત્રની જેમ ધર્મ કરનાર નથી.**

પૂર્વપક્ષીનું આ કથન કઈ રીતે નિરાકૃત છે ? તેમાં હેતુ કહે છે –

**हि=જે કારણથી પુણ્યાર્જન દ્વારા=શુભાશ્રવરૂપ વ્યાપાર દ્વારા, મોક્ષનું જનન હોવાને કારણે સરાગપણાને જાણનારના=રાગસહિત પુરુષના, તેનું=જિનાર્ચાદિ કર્મનું, તેની જેમ=ચારિત્રની જેમ, ધર્મપણું વ્યવહારથી હીન થતું નથી. ।।૯૩।।**

**ટીકા :-**

'एतेन' इतिः-एतेन=शुद्धजिनपूजाया धर्मत्वव्यवस्थापनेन, इदमपि व्यपास्तं=निराकृतम्, यदपरेऽज्ञाः= अनधिगतसूत्रतात्पर्याः प्राहुः । किं प्राहुः ? परं=केवलं, जिनार्चनादि पुण्यं कर्म, न पुनश्चारित्रवद् धर्मकृत्=धर्मकारणम् ! व्यपासनहेतुमतिदेशप्राप्तं स्फुटयति-हि=यतः, तस्य=जिनार्चादिकर्मणस्तद्वत्= चारित्रवत् सरागतां कलयतो=रागवतां कलयतो, रागसहितस्य पुण्यार्जनद्वारतः शुभाश्रवव्यापारकत्वेन मोक्षस्य जननाद् व्यवहारतो धर्मत्वं न हीयते ।

**ટીકાર્થ :-**

**एतेन ..... न हीयते । આના દ્વારા=શુદ્ધ જિનપૂજાના ધર્મપણાના વ્યવસ્થાપન દ્વારા=શ્લોક-૯૨માં ગ્રંથકારશ્રીએ દ્રવ્યસ્તવમાં ધર્મપણાનું વ્યવસ્થાપન કર્યું એના દ્વારા, આ પણ વ્યપાસ્ત છે= આગળમાં કહેવાય છે એ પણ નિરાકૃત છે. જેને બીજા=પાશદોષાકરથી બીજા અજ્ઞો=અનધિગત સૂત્રના તાત્પર્યવાળા=સૂત્રના તાત્પર્યને નહિ જાણનારા, કહે છે –**

શું કહે છે ? તે ગ્રંથકારશ્રી બતાવે છે –

**"જિનાર્ચનાદિ ફક્ત પુણ્ય કર્મ છે, પરંતુ ચારિત્રની જેમ ધર્મને કરનાર નથી."**

**અતિદેશથી પ્રાપ્ત એવા વ્યપાસનના હેતુને=પૂર્વના શ્લોકના કથન દ્વારા અતિદેશથી પ્રાપ્ત એવા અજ્ઞોના કથનના નિરાકરણના હેતુને, શ્લોકના ઉત્તરાર્ધથી ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –**

**हि=જે કારણથી પુણ્યાર્જન દ્વારા=શુભાશ્રવરૂપ વ્યાપારપણા દ્વારા, મોક્ષનું જનન હોવાને કારણે સરાગપણાને જાણનારના=રાગસહિત પુરુષના, તેનું=જિનાર્ચનાદિ કર્મનું, તેની જેમ=ચારિત્રની જેમ, ધર્મપણું વ્યવહારથી હીન થતું નથી.**

**ભાવાર્થ :-**

શ્લોક-૯૨ની અવતરણિકામાં ગ્રંથકારશ્રીએ પરને દ્રવ્યસ્તવમાં ધર્મપક્ષપણું બળાત્કારથી અંગીકાર કરાવવાનું કહ્યું અને તે પ્રમાણે શ્લોક-૯૨માં દ્રવ્યસ્તવમાં ધર્મપક્ષનું સ્થાપન કર્યું, અને શ્લોક-૯૨ની ટીકામાં વિશદ ચર્ચા કરતાં કહ્યું કે વિધિ-ભક્તિના વૈગુણ્યકૃત દ્રવ્યસ્તવમાં ક્યારેક અશુદ્ધિ થાય છે, તે પણ ભક્તિના અધ્યવસાયથી શુદ્ધ થાય છે; અને જેઓ વિધિ-ભક્તિના વૈગુણ્ય વગર પરિપૂર્ણ શાસ્ત્રાનુસારી જિનપૂજા કરે છે, તેઓની શુદ્ધ જિનપૂજા મોક્ષના કારણીભૂત ધર્મરૂપ છે. આમ શ્લોક-૯૨ના કથનથી બતાવે છે, અને તેના દ્વારા પ્રસ્તુત શ્લોકમાં આગળમાં ગ્રંથકારશ્રી કહે છે તે અન્યનો મત પણ નિરાકૃત થાય છે. તે મત બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

પાશદોષાકરથી અન્ય એવા અજ્ઞ પુરુષો સૂત્રના તાત્પર્યને નહિ જાણનારા કહે છે –

તે અજ્ઞપુરુષો શું કહે છે ? તે પ્રસ્તુત શ્લોકના પૂર્વાર્ધથી ગ્રંથકારશ્રી બતાવે છે –

પાશદોષાકરથી અન્ય અજ્ઞપુરુષો કહે છે કે જિનાર્ચનાદિ પુણ્યકર્મ છે, પરંતુ ચારિત્રની જેમ ધર્મને કરનાર નથી=ધર્મનું કારણ નથી. આમ કહીને તેઓ એ કહે છે કે જેમ ચારિત્ર મોક્ષનું કારણ છે, તેમ ભગવાનની પૂજા મોક્ષનું કારણ નથી પરંતુ પુણ્યબંધનું કારણ છે, અને પુણ્યબંધથી સ્વર્ગની પ્રાપ્તિ થાય, પરંતુ મોક્ષની પ્રાપ્તિ થાય નહિ. આ પ્રકારનો અજ્ઞોનો મત શ્લોકમાં બતાવ્યા પછી અતિદેશથી પ્રાપ્ત અજ્ઞોના મતના નિરાકરણના હેતુને શ્લોકના ઉત્તરાર્ધથી સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

રાગસહિત એવા પુરુષનું ચારિત્ર સરાગચારિત્ર છે અને તે પુણ્યાર્જનરૂપ દ્વારથી મોક્ષનું કારણ છે. અર્થાત્ સરાગચારિત્ર પાળીને સુસાધુઓ શુભાશ્રવને પ્રાપ્ત કરે છે, અને તે શુભાશ્રવ દ્વારા મોક્ષપ્રાપ્તિને

અનુકૂળ એવા ઉત્તમ દેવભવ અને ઉત્તમ મનુષ્યભવને પ્રાપ્ત કરે છે, અને ઉત્તમ એવા દેવ-મનુષ્યભવને પ્રાપ્ત કરીને સંયમની શક્તિનો સંચય કરે છે અને ક્રમે કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે. તેથી જેમ –

દંડ, ભ્રમિરૂપ વ્યાપારથી ઘટનો જનક છે, અને સરાગચારિત્ર શુભાશ્રવરૂપ વ્યાપારથી મોક્ષનું જનક છે, તેની જેમ ભગવાન પ્રત્યેના રાગવાળા પુરુષનું જિનાર્ચનાદિ કર્મ શુભાશ્રવના વ્યાપારથી મોક્ષનું કારણ છે. તેથી વ્યવહારનયથી જેમ ઘટ પ્રત્યે ભ્રમિ દ્વારા દંડ કારણ છે, અને મોક્ષ પ્રત્યે શુભાશ્રવ દ્વારા સરાગચારિત્ર કારણ છે, તેમ ભગવાન પ્રત્યેના રાગવાળા પુરુષનું દ્રવ્યસ્તવ શુભાશ્રવરૂપ વ્યાપાર દ્વારા મોક્ષ પ્રત્યે કારણ છે. માટે જેમ સરાગચારિત્રમાં ધર્મપણું હીન થતું નથી, તેમ દ્રવ્યસ્તવમાં પણ ધર્મપણું હીન થતું નથી.

અહીં વિશેષ એ છે કે ગ્રંથકારશ્રીએ દ્રવ્યસ્તવમાં વ્યવહારનયથી ધર્મપણું હીન થતું નથી એમ કહ્યું, તેથી એ પ્રાપ્ત થાય કે નિશ્ચયનય વીતરાગ ચારિત્રને કે વીતરાગ સમ્યક્ત્વને મોક્ષ પ્રત્યે કારણ માને છે, પરંતુ સરાગચારિત્ર કે સરાગ સમ્યક્ત્વને મોક્ષ પ્રત્યે કારણ સ્વીકારતો નથી; કેમ કે રાગદશા એ કર્મબંધનું કારણ છે, એમ નિશ્ચયનય કહે છે. તેથી સરાગચારિત્રને નિશ્ચયનય સ્વર્ગનું કારણ કહે છે, મોક્ષનું કારણ કહેતો નથી. તેથી તે નિશ્ચયનયની દૃષ્ટિથી વિચારીએ તો સરાગચારિત્રની જેમ રાગવાળા પુરુષનું દ્રવ્યસ્તવ પણ મોક્ષનું કારણ નથી, પરંતુ સ્વર્ગનું કારણ છે. તેથી નિશ્ચયનયની દૃષ્ટિનો વ્યવચ્છેદ કરવા અર્થે ગ્રંથકારશ્રીએ કહ્યું કે વ્યવહારનયથી જેમ સરાગચારિત્ર શુભાશ્રવની પ્રાપ્તિ કરાવીને ઉત્તમ દેવભવ અને ઉત્તમ મનુષ્યભવની પ્રાપ્તિ દ્વારા મોહના ઉન્મૂલનનું કારણ બને છે માટે ધર્મ છે, તેમ વીતરાગ પ્રત્યેની ભક્તિથી કરાયેલો દ્રવ્યસ્તવ પણ શુભાશ્રવની પ્રાપ્તિ કરાવીને ઉત્તમ દેવભવ અને ઉત્તમ મનુષ્યભવની પ્રાપ્તિ દ્વારા મોહના ઉન્મૂલનનું કારણ બને છે, માટે ધર્મ છે. આમ વ્યવહારનય વીતરાગ પ્રત્યેના રાગને પરંપરાએ વીતરાગતાનું કારણ સ્વીકારે છે, જ્યારે નિશ્ચયનય તો રાગના ઉચ્છેદમાં કરાયેલા યત્નથી જ વીતરાગતાની પ્રાપ્તિ થાય છે, માટે વીતરાગ ચારિત્રને જ મોક્ષનું કારણ સ્વીકારે છે, પરંતુ સરાગચારિત્રને મોક્ષનું કારણ સ્વીકારતો નથી.

**ઉત્થાન :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે સરાગચારિત્રની જેમ જિનાર્ચનાદિ કર્મ પુણ્યના અર્જન દ્વારા મોક્ષનું કારણ હોવાથી, વ્યવહારનયથી સરાગચારિત્રની જેમ દ્રવ્યસ્તવ પણ ધર્મરૂપ છે. એ કથનનો ભાવ શું છે ? તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

**अयं भावः- 'जिनार्चादिकं पुण्यं कर्म स्वर्गादिकामनया करणात्' इति साधनं न युक्तम्, भ्रान्तिकरणे व्यभिचारात्, अभ्रान्तैरिति विशेषणेऽपि अवन्तीसुकुमालेन नलिनीगुल्मप्राप्त्यर्थे क्रियमाणे दुर्द्धरचारित्रे व्यभिचारात्, निनिर्दानतांशेऽभ्रान्तैरिति विशेषणे च विशेष्यासिद्धिः, न हि तादृशा जिनार्चनादिकं स्वर्गाय कुर्वन्ति, किन्तु मोक्षायैवेति । आह च -** "मोक्षायैव तु घटते विशिष्टमतिरुत्तमः

पुरुष" **इति । स्वर्गार्थितया विहितत्वादिति हेतुरिति चेत्? न, अधिकारिणो विवेकिन सर्वत्र मोक्षार्थिन एवार्थतः (मोक्षार्थित्वस्यैवार्थतः) सिद्धेः, क्वचित्साधारण्येनैव फलोपदेशाच्च । यदुवाच वाचकः**

"जिनभवनं जिनबिम्बं जिनपूजां जिनमतं च यः कुर्यात् ।

तस्य नरामरशिवसुखफलानि करपल्लवस्थानि"।।१।। **इति ।**

**एतेनाभ्युदयैकफलकत्वं हेतुरप्यपास्तः असिद्धेः, रागानुप्रवेशेन तत्त्वस्य च चारित्रेऽपि सत्त्वात्, स्वरूपतस्तत्त्वस्य चोभयत्रासिद्धेः, निरवच्छिन्नयद्धर्मावच्छेदेनाभ्युदयजनकता, तद्धर्मवत्त्वं हेत्वर्थः चारित्रस्य सरागत्वेनाभ्युदयजनकता, न स्वरूपत इति न दोष इति चेत् ? न, द्रव्यस्तवत्वेनापि चारित्रजनकता-घटितरूपेणाभ्युदयाजनकत्वात्, विजातीययोगत्वेनैव द्रव्यस्तवस्य स्वर्गजनकतेति चेत् ? चारित्रस्यापि तथैव तत्त्वमिति तत्तुल्यतया पुण्यत्वे का क्षतिः ?**

✪ મુદ્રિત પુસ્તકમાં भ्रान्तकरणे व्यभिचारात्, अभ्रान्तैरिति विशेषणे च विशेष्यासिद्धिः એ પાઠ અશુદ્ધ છે, અને વચ્ચે પાઠ રહી ગયો છે. હ. પ્રતમાંથી અમને આ મુજબ પાઠ મળેલ છે - भ्रान्तिकरणे व्यभिचारात्, अभ्रान्तैरिति विशेषणेऽपि अवन्तीसुकुमालेन नलिनीगुल्मप्राप्त्यर्थे क्रियमाणे दुर्द्धरचारित्रे व्यभिचारात्, निनिर्दानतांशेऽभ्रान्तैरिति विशेषणे च विशेष्यासिद्धिः । આ પાઠ મુજબ ટીકાનો અર્થ કરેલ છે.

✪ મુદ્રિત પુસ્તકમાં અને હસ્તપ્રતમાં मोक्षार्थिन एवार्थतः सिद्धेः એ પાઠ છે ત્યાં मोक्षार्थित्वस्यैवार्थतः सिद्धेः પાઠ સંગત જણાય છે, તેથી તે મુજબ અમે અર્થ કરેલ છે.

**ટીકાર્થ :-**

**अयं भावः- जिनार्चादिकं .... व्यभिचारात्, આ ભાવ છે :- જિનાર્ચાદિ પુણ્યકર્મ છે; કેમ કે સ્વર્ગાદિ-કામનાથી કરણ છે=સ્વર્ગાદિ કામનાથી જિનાર્ચાદિ ક્રિયાનું કરણ છે, એ પ્રકારનું સાધન=એ પ્રકારે સિદ્ધ કરવું, યુક્ત નથી; કેમ કે ભ્રાંતિથી કરણમાં વ્યભિચાર છે=કોઈને કુટુંબપાલનાદિ પ્રવૃત્તિ સ્વર્ગનું કારણ છે, એ પ્રકારની ભ્રાંતિ થયેલી હોય, અને તેના કારણે કુટુંબાદિનું પાલન કરે તો તેમાં પુણ્યકર્મરૂપ સાધ્ય નથી, તેથી હેતુ વ્યભિચારી છે.**

અહીં પૂર્વપક્ષી કહે કે હેતુમાં અમે પરિષ્કાર કરીને અભ્રાંત પુરુષ વડે સ્વર્ગાદિ કામનાથી જે કરાય, તેને હેતુ તરીકે સ્વીકારીશું, તેથી હેતુ વ્યભિચારી બનશે નહિ. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

**अभ्रान्तैरिति ..... व्यभिचारात्, 'अभ्रान्तैः' એ પ્રકારના વિશેષણમાં પણ અવંતીસુકુમાલ વડે નલિનીગુલ્મની પ્રાપ્તિ અર્થે કરાતા દુર્ધર ચારિત્રમાં વ્યભિચાર છે=પૂર્વપક્ષીને જિનાર્ચાદિ પુણ્યકર્મરૂપે અભિમત છે, અને ચારિત્ર ધર્મકૃત્ય રૂપે અભિમત છે, પુણ્યકૃત્ય રૂપે નહિ; અને અવંતિસુકુમાલને આ મારું ચારિત્ર નલિનીગુલ્મ વિમાનની પ્રાપ્તિનું કારણ બનશે, તેવો અભ્રમ હતો, અને અભ્રાંત એવા અવંતિસુકુમાલે જે સ્વર્ગની કામનાથી ચારિત્ર પાળ્યું, તે પુણ્યકર્મ છે, અને પૂર્વપક્ષીને પુણ્યકર્મરૂપે ચારિત્ર અભિમત નથી, તેથી હેતુ વ્યભિચારી પ્રાપ્ત થાય છે.**

પૂર્વપક્ષીને જિનાર્ચનાદિ પુણ્યકર્મરૂપે અભિમત છે અને ચારિત્ર પુણ્યકર્મરૂપે અભિમત નથી, તોપણ અવંતિસુકુમાલના ચારિત્રમાં પુણ્યકર્મરૂપ સાધ્યની પ્રાપ્તિ થઈ, તેથી હેતુ વ્યભિચારી પ્રાપ્ત થયો. હવે હેતુના વ્યભિચારના નિવારણ માટે અવંતિસુકુમાલનું ચારિત્ર નિર્નિદાનતા અંશમાં ભ્રાંત હતું, તેથી જેમનું ચારિત્ર નિર્નિદાનતા અંશમાં અભ્રાંત હોય તે ચારિત્ર પુણ્યકર્મરૂપ નથી, પરંતુ ધર્મરૂપ છે, એમ સ્વીકારીને પૂર્વપક્ષી અનુમાન કરે કે જિનાર્ચાદિ પુણ્ય કર્મ છે; કેમ કે અભ્રાંત પુરુષ વડે સ્વર્ગાદિ કામનાથી કરણ છે, તો ચારિત્રમાં વ્યભિચારની પ્રાપ્તિ થાય નહિ; કેમ કે નિર્નિદાન ચારિત્ર પુણ્યકર્મરૂપ નથી. તેથી હેતુની સાધ્ય સાથે વ્યાપ્તિ થાય છે. માટે જિનાર્ચનાદિ પુણ્યકર્મ છે, તેની સિદ્ધિ થશે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

**निर्निदानतांशे ..... इति । નિર્નિદાનતા અંશમાં अभ्रान्तैः એ પ્રમાણે વિશેષણ અપાયે છતે વિશેષ્યની અસિદ્ધિ છે, हि=જે કારણથી તેવા પ્રકારના=નિર્નિદાનતા અંશમાં અભ્રાંત એવા પુરુષો, જિનાર્ચનાદિ સ્વર્ગ માટે કરતા નથી, પરંતુ મોક્ષ માટે જ કરે છે. इति=એથી કરીને, પૂર્વપક્ષીએ જિનાર્ચનાદિ પુણ્યકર્મ છે, તેની સિદ્ધિ માટે કરેલા અનુમાનમાં હેતુ યુક્ત નથી, એમ પૂર્વ સાથે 'इति' નો સંબંધ છે.**

**आह च - અને કહે છે=નિર્નિદાનતા અંશમાં અભ્રાંત પુરુષો વડે જિનાર્ચનાદિ મોક્ષ માટે જ કરાય છે, તેમાં आह च થી ગ્રંથકારશ્રી સાક્ષી આપે છે –**

"मोक्षायैव ..... पुरुषः" इति વિશિષ્ટ મતિવાળા ઉત્તમ પુરુષ મોક્ષ માટે જ ચેષ્ટા=પ્રવૃત્તિ, કરે છે.

**इति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.**

**स्वर्गार्थितया ..... चेत् ? न - જિનાર્ચનાદિનું સ્વર્ગાર્થીપણાથી વિહિતપણું હોવાથી=निर्निदानतांशे अभ्रान्तैः स्वर्गादिकामनया करणात् એ પ્રકારના હેતુને સિદ્ધ કરવા માટે स्वर्गार्थितया विहितत्वात् એ હેતુ છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે કે એમ ન કહેવું.**

**अधिकारिणो ..... सिद्धेः । કેમ કે વિવેકી એવા અધિકારીની સર્વત્ર=સર્વ ધર્મકૃત્યોમાં, મોક્ષાર્થિપણાની જ અર્થથી સિદ્ધિ છે.**

અહીં પૂર્વપક્ષી કહે કે શાસ્ત્રમાં જિનાર્ચનાદિ કૃત્યોથી નર-અમરનાં સુખો મળે છે, તેવાં કથનો પ્રાપ્ત થાય છે, આથી જ દ્રવ્યસ્તવ કરનાર અચ્યુતથી (૧૨મા દેવલોકથી) ઉપર જઈ શકતા નથી, તેવું વચન પણ ઉપલબ્ધ છે. તેથી દ્રવ્યસ્તવ સ્વર્ગ માટે છે તેવું સિદ્ધ થાય છે. તેના નિવારણ માટે ગ્રંથકારશ્રી અન્ય હેતુ કહે છે –

**क्वचित् ..... फलोपदेशाच्च । કોઈક ઠેકાણે=શાસ્ત્રમાં કોઈક સ્થાને, સાધારણપણાથી જ=અભ્યુદય અને મોક્ષરૂપ ઉભય સાધારણપણાથી જ, ફળનો ઉપદેશ છે અર્થાત્ દ્રવ્યસ્તવ અભ્યુદય અને મોક્ષરૂપ બંને ફળ આપનાર છે, તેવો ઉપદેશ છે. તેથી અર્થથી મોક્ષ માટે જ કરાય છે, તેમ સિદ્ધ થાય છે.**

**यदुवाच वाचकः - જે=પૂર્વમાં કહ્યું કે કોઈક સ્થાનમાં અભ્યુદય અને મોક્ષરૂપ સાધારણ ફળનો ઉપદેશ છે, જે, વાચક ઉમાસ્વાતિ મહારાજ કહે છે –**

"जिनबिम्बं ..... कुर्यात्" । જિનભવન, જિનબિંબ, જિનપૂજા અને જિનમતને જે કરે તેને નર, અમર અને મોક્ષનાં સુખરૂપ ફળો હાથમાં રહેલાં છે.

**इति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.**

**एतेन ..... असिद्धेः । આના દ્વારા=પૂર્વમાં કહ્યું કે શાસ્ત્રમાં કોઈક સ્થાને સાધારણપણાથી જ ફળનો ઉપદેશ છે અને તેમાં વાચક ઉમાસ્વાતિ મહારાજના વચનની સાક્ષી આપી એના દ્વારા, અભ્યુદયએકફલકપણારૂપ હેતુ પણ અપાસ્ત છે=જિનાર્ચાદિ અભ્યુદયએકફળવાળું છે એ પ્રકારનો હેતુ પણ અપાસ્ત છે; કેમ કે અસિદ્ધિ છે=જિનાર્ચાદિ માત્ર અભ્યુદયફળવાળું છે, મોક્ષફળવાળું નથી એ કથનની અસિદ્ધિ છે.**

અહીં પૂર્વપક્ષી કહે કે રાગના અનુપ્રવેશથી=દ્રવ્યસ્તવમાં વીતરાગ પ્રત્યેના રાગના અનુપ્રવેશથી, દ્રવ્યસ્તવ અભ્યુદયએકફળવાળું છે, માટે દ્રવ્યસ્તવને પુણ્યકર્મ કહી શકાશે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

**रागानुप्रवेशेन ..... सत्त्वात्, અને રાગના અનુપ્રવેશથી તત્ત્વનું=અભ્યુદયએકફલત્વનું, ચારિત્રમાં પણ=સરાગચારિત્રમાં પણ, સત્ત્વ હોવાથી સરાગચારિત્ર પણ પુણ્યકર્મ સિદ્ધ થશે.**

અહીં પૂર્વપક્ષી કહે કે સ્વરૂપથી જિનાર્ચાદિ રાગરૂપ છે અને ચારિત્ર સંયમના પરિણામરૂપ છે. તેથી જિનાર્ચાદિ પુણ્યકર્મ છે અને ચારિત્ર ધર્મકૃત્ય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

**स्वरूपतः ..... असिद्धेः, સ્વરૂપથી તત્ત્વની=સ્વરૂપથી અભ્યુદયએકફલકત્વની, ઉભય ઠેકાણે=જિનાર્ચનાદિમાં અને સરાગચારિત્રમાં, અસિદ્ધિ હોવાથી, જિનાર્ચનાદિ અને સરાગચારિત્ર બંને પુણ્યકર્મ નથી, પરંતુ ધર્મકૃત્ય છે એમ સંબંધ છે.**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે સ્વરૂપથી અભ્યુદયએકફલકત્વની ઉભયત્ર=સરાગચારિત્ર અને દ્રવ્યસ્તવમાં અસિદ્ધિ છે. તેનું નિરાકરણ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

**निरवच्छिन्न ..... अभ्युदयाजनकत्वात्, નિરવચ્છિન્ન યદ્ધર્માવચ્છેદથી અભ્યુદયજનકતા=જિનાર્ચનાદિને કોઈક અવાંતર ધર્મથી અવચ્છેદ કર્યા વગર જિનાર્ચનાદિ ધર્મના અવચ્છેદથી અભ્યુદયજનકતા, એ તદ્ધર્મવત્ત્વ હેતુનો અર્થ છે=જિનાર્ચનાદિ ધર્મવત્ત્વ સ્વર્ગાદિનો હેતુ છે એ પ્રમાણે અર્થ છે, અને ચારિત્રની સરાગપણા વડે અભ્યુદયજનકતા છે, સ્વરૂપથી નહિ, એથી કરીને દોષ નથી=જિનાર્ચનાદિકને પુણ્યકર્મ કહેવામાં અને સરાગચારિત્રને ધર્મકૃત્ય કહેવામાં દોષ નથી, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે કે પૂર્વપક્ષીનું એ કથન બરાબર નથી; કેમ કે દ્રવ્યસ્તવથી પણ ચારિત્રજનકતા ઘટિતરૂપથી અભ્યુદયનું અજનકપણું છે=દ્રવ્યસ્તવ નિરવચ્છિન્નધર્માવચ્છેદેન અભ્યુદયજનક નથી, પરંતુ કોઈક ધર્માવચ્છિન્ન સ્વર્ગનું કારણ છે, તો ચારિત્રજનકતા ઘટિત સ્વરૂપથી અભ્યુદયનું અજનક છે. માટે જેમ ચારિત્ર સ્વરૂપથી અભ્યુદયજનક નથી, તેમ દ્રવ્યસ્તવ પણ સ્વરૂપથી અભ્યુદયજનક નથી.**

ચારિત્રમાં મોક્ષને અનુકૂળ વ્યાપાર છે, જ્યારે દ્રવ્યસ્તવમાં વિજાતીય યોગપણું છે. તેથી દ્રવ્યસ્તવ વિજાતીય યોગથી સ્વર્ગનો હેતુ છે, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

**चारित्रस्यापि ..... का क्षतिः ? ચારિત્રનું પણ તે રીતે જ તત્ત્વ છે=દ્રવ્યસ્તવની જેમ વિજાતીય યોગપણારૂપે જ ચારિત્રની સ્વર્ગજનકતા છે, એથી તત્ તુલ્યપણું હોવાથી=દ્રવ્યસ્તવમાં ચારિત્રતુલ્યપણું હોવાથી, પુણ્યપણામાં કોઈ ક્ષતિ નથી અર્થાત્ પૂર્વપક્ષી દ્રવ્યસ્તવને પુણ્યકર્મ સ્વીકારતો હોય તો તે પુણ્યકર્મ સરાગચારિત્ર જેવું જ છે. માટે દ્રવ્યસ્તવને પુણ્યકર્મ સ્વીકારવાથી ધર્મપણાની ક્ષતિ થતી નથી; કેમ કે જેમ સરાગચારિત્ર પુણ્યકર્મ છે, તેમ દ્રવ્યસ્તવ પણ પુણ્યકર્મ છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે ચારિત્ર ધર્મનું કારણ છે અને જિનાર્ચાદિ પુણ્યબંધનું કારણ છે. તેનું ગ્રંથકારશ્રીએ નિરાકરણ કર્યું કે જેમ સરાગચારિત્ર પુણ્યાર્જન દ્વારા મોક્ષનું કારણ છે, તેમ જિનાર્ચાદિ પણ પુણ્યાર્જન દ્વારા મોક્ષનું કારણ છે. હવે તે કથનનો જે ભાવ છે, તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

જિનાર્ચનાદિ પુણ્યકર્મ છે, તેની સિદ્ધિ કરવા માટે પૂર્વપક્ષી જે અનુમાન કરે છે, તે પ્રથમ બતાવે છે -

પૂર્વપક્ષી કહે છે કે "જિનાર્ચનાદિ પુણ્યબંધનું કારણ એવું કૃત્ય છે; કેમ કે સ્વર્ગાદિની કામનાથી કરાય છે" આ પ્રકારના પૂર્વપક્ષીના અનુમાનને દૂષિત કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

આ અનુમાન યુક્ત નથી; કેમ કે કોઈને ભ્રાંતિ થાય કે કુટુંબનું પાલન કરવું એ સ્વર્ગનો ઉપાય છે અથવા તો કન્યાદાન કરવું એ સ્વર્ગનો ઉપાય છે, અને તે પ્રકારના ભ્રમને કારણે સ્વર્ગાદિકામનાથી તે પુરુષ કુટુંબનું પાલન કરે કે કન્યાદાન કરે તો તેને પણ પુણ્યકર્મરૂપે સ્વીકારવાની આપત્તિ આવે.

વસ્તુતઃ જિનાર્ચનાદિ પુણ્યકર્મરૂપે પૂર્વપક્ષીને અભિમત છે, પરંતુ કુટુંબનું પાલન કે કન્યાદાન કરવું એ પુણ્યરૂપે અભિમત નથી. તેથી હેતુ અસાધ્યનો સાધક બનવાથી વ્યભિચારી છે.

અહીં પૂર્વપક્ષી વ્યભિચારદોષના નિવારણ માટે કહે કે અમે 'अभ्रान्तैः' એ પ્રકારનું હેતુનું વિશેષણ આપીશું, તેથી જે કૃત્ય અભ્રાંત પુરુષો વડે સ્વર્ગાદિ કામનાથી કરાય તે કૃત્યને અમે પુણ્યકર્મ કહીએ છીએ, અને જિનાર્ચનાદિ કૃત્ય તેવું છે, માટે પુણ્યકર્મ છે; અને કુટુંબપાલન કે કન્યાદાન કોઈ સ્વર્ગાદિ કામનાથી કરે તોપણ પુણ્યકર્મ નથી; કેમ કે ફક્ત ભ્રાંતિને કારણે તેઓ સ્વર્ગાદિ કામનાથી કુટુંબપાલન કે કન્યાદાન કરે છે. માટે અમારો હેતુ વ્યભિચારી સિદ્ધ થશે નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

અવંતિસુકુમાલે નલિનીગુલ્મ વિમાનની પ્રાપ્તિ માટે જે દુર્ધર ચારિત્રનું પાલન કરેલું તે પણ પુણ્યકર્મરૂપે સિદ્ધ થશે; કેમ કે અભ્રાંત એવા અવંતિસુકુમાલે સ્વર્ગાદિની કામનાથી ચારિત્રનું પાલન કરેલું, અને પૂર્વપક્ષીને ચારિત્ર પુણ્યકર્મરૂપે અભિમત નથી, પરંતુ ધર્મકૃત્ય રૂપે અભિમત છે. તેથી પુણ્યકર્મરૂપે અભિમત એવા ચારિત્રમાં હેતુની પ્રાપ્તિ થવાથી હેતુ વ્યભિચારી સિદ્ધ થશે, અને વ્યભિચારી હેતુથી સાધ્યની સિદ્ધિ થશે નહિ.

અહીં પૂર્વપક્ષી વ્યભિચાર દોષના નિવારણ માટે કહે કે નિર્નિદાનતા અંશમાં અભ્રાંત વિશેષણ અમે આપીશું, તેથી હેતુ વ્યભિચારી બનશે નહિ; કેમ કે અવંતિસુકુમાલ તો નિર્નિદાનતા અંશમાં ભ્રાંત હતા, તેથી

તેમનું ચારિત્ર મોક્ષનું કારણ નથી, અને અમે તો જે ચારિત્ર નિર્નિદાનપૂર્વક કરાય છે, તેને ધર્મકૃત્ય કહીએ છીએ. તેથી અવંતિસુકુમાલનું ચારિત્ર ધર્મકૃત્ય નથી, પરંતુ પુણ્યકર્મ છે. તેથી અમારા અનુમાનમાં અપાયેલો હેતુ વ્યભિચારી થશે નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

નિર્નિદાનતા અંશમાં જે અભ્રાંત હોય તેઓ વડે સ્વર્ગાદિ કામનાથી કરાયેલું અનુષ્ઠાન પુણ્યકર્મ છે, તેમ સ્વીકારશો તો વિશેષ્ય અંશની સિદ્ધિ થશે નહિ=નિર્નિદાનતા અંશમાં અભ્રાંત એવા પુરુષ વડે સ્વર્ગાદિ કામનાથી કરાય તેને હેતુ સ્વીકારીએ તો 'સ્વર્ગાદિ કામના કરણરૂપ' વિશેષ્ય અંશની અસિદ્ધિ થશે.

કેમ વિશેષ્ય અંશની અસિદ્ધિ થશે ? તેમાં યુક્તિ આપે છે –

જેઓ નિર્નિદાનતા અંશમાં અભ્રાંત છે, તેવા પુરુષો જિનાર્ચાદિ સ્વર્ગ માટે કરતા નથી, પરંતુ મોક્ષ માટે જ કરે છે.

આશય એ છે કે જેઓ નિર્નિદાનતા અંશમાં ભ્રાંતિવાળા છે, તેઓ અવંતિસુકુમાલની જેમ સ્વર્ગ માટે ચારિત્ર પાળે છે, તેમ નિર્નિદાનતા અંશમાં ભ્રમવાળા પુરુષો સ્વર્ગ માટે જિનાર્ચાદિ કરે; પરંતુ જેઓને નિર્નિદાનતા અંશમાં ભ્રમ નથી, તેઓ જેમ ચારિત્ર મોક્ષ માટે જ પાળે છે, તેમ નિર્નિદાનતા અંશમાં ભ્રમ વગરના શ્રાવકો જિનાર્ચાદિ પણ મોક્ષ માટે જ કરે છે. માટે પૂર્વપક્ષીએ અનુમાન કરેલ કે જિનાર્ચાદિ ધર્મકૃત્ય નથી, પરંતુ પુણ્યકર્મ છે, અને તેમાં હેતુ કહેલ કે નિર્નિદાનતા અંશમાં અભ્રાંત પુરુષો વડે સ્વર્ગાદિ કામનાથી કરણ છે, એ કથનમાં સ્વર્ગાદિ કામનાથી કરણરૂપ વિશેષ્ય અંશની અસિદ્ધિ છે; કેમ કે નિર્નિદાનતા અંશમાં અભ્રાંત પુરુષો જિનાર્ચનાદિ મોક્ષ માટે કરે છે, સ્વર્ગાદિ માટે કરતા નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે જિનાર્ચાદિ સ્વર્ગાર્થીપણાથી વિહિત છે. તેથી જે જેના માટે વિહિત હોય તે પુરુષો જો અભ્રાંત હોય તો તે હેતુથી જ કરે, અન્ય હેતુથી કરે નહિ. માટે હેતુની અસિદ્ધિ થશે નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીની વાત બરાબર નથી; કેમ કે વિવેકી એવા ધર્મના અધિકારી પુરુષો સર્વ અનુષ્ઠાનોમાં મોક્ષ અર્થે જ પ્રયત્ન કરે છે, એ પ્રકારે અર્થથી સિદ્ધિ છે.

આશય એ છે કે દ્રવ્યસ્તવ સાક્ષાત્ મોક્ષનું કારણ નથી, પરંતુ ભાવસ્તવની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ છે. આથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે દ્રવ્યસ્તવ કરીને અચ્યુતથી પર=૧૨મા દેવલોકથી આગળ, જઈ શકાતું નથી. તેથી દ્રવ્યસ્તવ અચ્યુત સુધીના દેવલોકની પ્રાપ્તિનું કારણ છે, તેવું શાસ્ત્રવચનથી જણાય, તોપણ દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ છે, એમ પણ શાસ્ત્ર કહે છે. તેથી અર્થથી એ સિદ્ધ થાય કે દ્રવ્યસ્તવ ભાવસ્તવની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ છે. માટે જે વિવેકી પુરુષો દ્રવ્યસ્તવના અધિકારી છે, તેઓ દ્રવ્યસ્તવ કરતા હોય ત્યારે પણ ભાવસ્તવના અર્થી છે, તેથી દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરે છે; અને ભાવસ્તવ મોક્ષનું કારણ છે, તેથી દ્રવ્યસ્તવ કરનાર વિવેકી શ્રાવકો અર્થથી મોક્ષના અર્થી છે, તેમ સિદ્ધ થાય છે.

દ્રવ્યસ્તવ સ્વર્ગાર્થે વિહિત નથી પરંતુ અર્થથી મોક્ષાર્થે વિહિત છે, તેની પુષ્ટિ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

શાસ્ત્રમાં કોઈ ઠેકાણે સાધારણથી જ ફળનો ઉપદેશ છે અર્થાત્ દ્રવ્યસ્તવનું ફળ નર-અમરનાં સુખો છે અને શિવસુખ પણ છે, એમ સાધારણથી જ ફળનો ઉપદેશ છે. તેથી દ્રવ્યસ્તવનું ફળ માત્ર સ્વર્ગ નથી, પરંતુ સ્વર્ગાદિની પ્રાપ્તિ દ્વારા અંતિમ ફળ તો મોક્ષ જ છે. તેથી અંતિમ ફળના અર્થી વિવેકી શ્રાવકો દ્રવ્યસ્તવમાં પ્રયત્ન કરતા હોય ત્યારે મોક્ષસુખ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી નર-અમરનાં સુખો પ્રાપ્ત કરે છે, એ પ્રકારનો અર્થ ફલિત થાય છે. માટે વિવેકી એવા દ્રવ્યસ્તવના અધિકારી શ્રાવકો મોક્ષ માટે જ દ્રવ્યસ્તવ કરે છે, તેમ માનવું પડે. તેથી સ્વર્ગાર્થીપણા વડે દ્રવ્યસ્તવ વિહિત છે, એમ જે પૂર્વપક્ષી કહે છે તે ઉચિત નથી.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે અભ્યુદય અને મોક્ષ સાધારણ ફળ દ્રવ્યસ્તવનું છે, એ પ્રકારનો ઉપદેશ છે; એ કથન દ્વારા "કેટલાક કહે છે કે દ્રવ્યસ્તવ અભ્યુદયએકફળવાળું છે, માટે સ્વર્ગાદિ કામનાથી દ્રવ્યસ્તવ કરાય છે, એ પ્રકારનું તેમનું વચન" નિરાકૃત થાય છે; કેમ કે દ્રવ્યસ્તવનું અભ્યુદય અને મોક્ષ સાધારણ ફળ હોવાને કારણે અભ્યુદયએકફળવાળું દ્રવ્યસ્તવ છે, એ કથન અસંગત છે.

અહીં પૂર્વપક્ષી કહે કે દ્રવ્યસ્તવમાં ભગવાનની ભક્તિ કરનાર શ્રાવકને ભગવાન પ્રત્યેનો રાગભાવ વર્તે છે, અને રાગ એ મોક્ષનું કારણ નથી, પરંતુ અભ્યુદયનું કારણ છે; તેથી જિનાર્ચનાદિ કૃત્ય અભ્યુદયએકફળવાળું છે, માટે પુણ્યકર્મ છે, તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

સરાગચારિત્રવાળા સાધુને પણ ભગવાનના વચનનો રાગ વર્તે છે, અને ભગવાનના વચનના રાગને કારણે સરાગચારિત્ર પણ અભ્યુદયએકફળવાળું છે તેમ માનવું પડે. તેથી પૂર્વપક્ષી કહે છે કે "ચારિત્ર મોક્ષનું કારણ છે માટે ધર્મ છે, અને જિનાર્ચનાદિ સ્વર્ગનું કારણ છે માટે ધર્મરૂપ નથી, પરંતુ પુણ્યકર્મ છે," તે વચન સંગત નથી; કેમ કે રાગાંશને કારણે દ્રવ્યસ્તવને પુણ્યકર્મ કહીને ધર્મરૂપ નથી, તેમ જો પૂર્વપક્ષી કહે, તો સરાગચારિત્રમાં પણ રાગાંશના અનુપ્રવેશથી સરાગચારિત્ર પણ પુણ્યકર્મ છે, ધર્મકૃત્ય નથી, તેમ પૂર્વપક્ષીને માનવું પડે.

અહીં પૂર્વપક્ષી કહે કે જિનાર્ચનાદિ સ્વરૂપથી રાગરૂપ છે, અને ચારિત્ર સ્વરૂપથી રાગરૂપ નથી, પરંતુ સંયમરૂપ છે. તેથી જે સ્વરૂપથી રાગરૂપ હોય તે અભ્યુદયએકફળવાળું છે, માટે જિનાર્ચનાદિ અભ્યુદયનું કારણ છે; અને ચારિત્ર સ્વરૂપથી સંવરભાવરૂપ છે, માટે ધર્મરૂપ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – સ્વરૂપથી તત્ત્વની=અભ્યુદયએકફલકત્વની, દ્રવ્યસ્તવમાં અને ચારિત્રમાં અસિદ્ધિ છે.

આશય એ છે કે સંસારની પ્રવૃત્તિમાં સ્વરૂપથી રાગરૂપપણું હોય છે, પરંતુ જિનાર્ચનાદિ કૃત્યોમાં તો જિન પ્રત્યેના રાગના બળથી સર્વવિરતિની શક્તિના સંચયને અનુકૂળ ચિત્તનો સંવરભાવ હોય છે. તેથી જેમ સરાગચારિત્રમાં ભગવાનના વચનના રાગના બળથી સાધક યોગી વીતરાગભાવને અનુકૂળ એવો સંવરભાવ વધારે છે, તેમ દ્રવ્યસ્તવમાં પણ જિનગુણના રાગને અવલંબીને સર્વવિરતિને અનુકૂળ એવો સંવરભાવ શ્રાવક વધારે છે. તેથી દ્રવ્યસ્તવ અને સરાગચારિત્ર એ બંનેમાં સ્વરૂપથી અભ્યુદયએકફલકત્વની અસિદ્ધિ છે. માટે જો પૂર્વપક્ષી ચારિત્રને ધર્મરૂપ કહેતો હોય તો તેણે દ્રવ્યસ્તવને પણ ધર્મરૂપ કહેવું જોઈએ.

અહીં પૂર્વપક્ષી કહે કે જિનાર્ચનાદિ કૃત્ય જિનાર્ચનાદિત્વેન અભ્યુદયજનક છે, જ્યારે ચારિત્ર તો ચારિત્રત્વેન અભ્યુદયજનક નથી, પરંતુ સરાગત્વેન ચારિત્ર અભ્યુદયજનક છે. તેથી કોઈ અવાંતર ધર્મના અવચ્છેદ વગર જે અભ્યુદયજનક હોય તે સ્વરૂપથી અભ્યુદયએકફળવાળું છે, અને જિનાર્ચનાદિ કોઈ અવાંતર ધર્મથી અભ્યુદયજનક નથી, પરંતુ જિનાર્ચનાદિત્વેન અભ્યુદયજનક છે, માટે સ્વરૂપથી અભ્યુદયએકફળવાળું છે; અને ચારિત્ર તો ચારિત્રત્વેન મોક્ષફળવાળું છે અને સરાગત્વેન અભ્યુદયફળવાળું છે, માટે સ્વરૂપથી અભ્યુદયએકફલક નથી. તેથી ચારિત્રને ધર્મકૃત્ય અને જિનાર્ચનાદિને પુણ્યકર્મ સ્વીકારવામાં કોઈ દોષ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીનું આ કથન બરાબર નથી; કેમ કે જેમ ચારિત્ર ચારિત્રત્વેન અભ્યુદયનું અજનક છે, તેમ ચારિત્રજનકતા ઘટિતરૂપ દ્રવ્યસ્તવત્વથી દ્રવ્યસ્તવ પણ અભ્યુદયનું અજનક છે. તેથી જેમ ચારિત્ર કોઈક ધર્માવચ્છેદેન અભ્યુદયજનક છે, તો કોઈક અન્યધર્માવચ્છેદેન મોક્ષનું પણ જનક છે અર્થાત્ જેમ સરાગત્વ ધર્મથી ચારિત્ર અભ્યુદયજનક છે, અને ચારિત્રત્વ ધર્મથી ચારિત્ર મોક્ષનું જનક છે, તેમ દ્રવ્યસ્તવ પણ કોઈક ધર્માવચ્છેદેન અભ્યુદયજનક છે, તો કોઈક ધર્માવચ્છેદેન મોક્ષજનક પણ છે.

આશય એ છે કે દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ છે, તેથી દ્રવ્યસ્તવ કરનાર શ્રાવક દ્રવ્યસ્તવ કરીને સંયમને પ્રતિકૂળ એવા સંસારના સર્વ પ્રતિબંધોથી પર થવા માટે શક્તિસંચય થાય, અને સંયમને અનુકૂળ માનસ તૈયાર થાય, તે પ્રકારે પૂજા દરમ્યાન ભગવાનના વીતરાગભાવમાં લીન હોય છે, અને તેથી તેમની ભગવાનની પૂજા ચારિત્રજનક બને છે; અને ચારિત્રજનકતા એટલે શ્રાવકમાં રહેલી પૂર્વ પૂર્વની નિર્લેપતા વૃદ્ધિ પામે, અને સંયમની નજીકની નિર્લેપતા પ્રગટ થાય તેવો માનસવ્યાપાર. આ માનસવ્યાપાર મોક્ષ પ્રત્યે કારણ છે. તેથી ચારિત્રજનકતાઘટિત એવું દ્રવ્યસ્તવ મોક્ષને અનુકૂળ ભાવો ઉલ્લસિત કરે છે, માટે અભ્યુદયજનક નથી; પરંતુ જેમ સરાગચારિત્ર અસંગઅનુષ્ઠાનની શક્તિના સંચયનું કારણ છે માટે મોક્ષનું જનક છે, તેમ દ્રવ્યસ્તવ સરાગચારિત્રની શક્તિના સંચય દ્વારા અસંગઅનુષ્ઠાનનું કારણ છે, માટે મોક્ષનું જનક છે.

અહીં પૂર્વપક્ષી કહે કે ચારિત્ર તો સંવરભાવના યત્નરૂપ છે, જ્યારે દ્રવ્યસ્તવ તો ચારિત્ર કરતાં વિજાતીયયોગવાળું છે. તેથી વિજાતીયયોગપણા વડે કરીને જ દ્રવ્યસ્તવ સ્વર્ગનું જનક છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

ચારિત્ર પણ વિજાતીયયોગરૂપે સ્વર્ગનું જનક છે, તેમ સ્વીકારી શકાય; કેમ કે અસંગઅનુષ્ઠાનવાળા યોગીઓ જેમ નિર્વિકલ્પદશામાં વર્તે છે, તેના કરતા પૂર્વના સરાગચારિત્રવાળા યોગીઓનું ચારિત્ર વિજાતીયયોગવાળું છે. તેથી જેમ દ્રવ્યસ્તવમાં શુભ વિકલ્પો વર્તે છે, તેમ સરાગચારિત્રમાં પણ શુભ વિકલ્પો રૂપ વિજાતીય યોગ વર્તે છે. તેથી દ્રવ્યસ્તવની જેમ સરાગચારિત્ર પણ વિજાતીયયોગપણા વડે કરીને સ્વર્ગનો હેતુ છે. તેથી ચારિત્રને પુણ્યકર્મ સ્વીકારવામાં કોઈ ક્ષતિ નથી. તેથી જેમ પૂર્વપક્ષી જિનાર્ચનાદિને પુણ્યકર્મ સ્થાપન કરે છે, એ ન્યાયથી સરાગચારિત્ર પણ પુણ્યકર્મરૂપ છે.

**ઉત્થાન :-**

अयं भावःથી માંડીને पुण्यत्वे का क्षतिः । એ કથન દ્વારા ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે જો જિનાર્ચનાદિને પુણ્યકર્મરૂપે પૂર્વપક્ષી કહે, તો જે ન્યાયથી પૂર્વપક્ષી જિનાર્ચનાદિને પુણ્યકર્મરૂપે સ્થાપન કરે છે, તે જ ન્યાયથી સરાગચારિત્ર પણ પુણ્યકર્મરૂપે સિદ્ધ થાય. તેથી જિનાર્ચનાદિ પુણ્યકર્મરૂપે પૂર્વપક્ષીને અભિમત હોય તો સરાગચારિત્ર પણ પુણ્યકર્મરૂપે તેણે સ્વીકારવું જોઈએ; અને જો પૂર્વપક્ષી તેમ સ્વીકારે તો ગ્રંથકારશ્રીને જિનાર્ચનાદિ પુણ્યકર્મરૂપે સ્વીકારવામાં કોઈ વિરોધ નથી; કેમ કે અપેક્ષાએ જિનાર્ચનાદિ અને સરાગચારિત્ર પુણ્યબંધ દ્વારા સ્વર્ગનું કારણ છે, માટે બંને પુણ્યકર્મ રૂપે અભિમત છે; પરંતુ પૂર્વપક્ષી તો ચારિત્રને પુણ્યકર્મ રૂપે કહેતો નથી, ધર્મરૂપે કહે છે, અને જિનાર્ચનાદિ કૃત્યને ધર્મરૂપે કહેતો નથી, પુણ્યકર્મ રૂપે કહે છે. તેથી ગ્રંથકારશ્રીએ સરાગચારિત્ર અને જિનાર્ચનાદિને પુણ્યકર્મ રૂપે સ્થાપન કર્યું. ત્યાં अथથી પૂર્વપક્ષી કહે છે –

**ટીકા :-**

**अथ शिवहेतवो न भवहेतवो हेतुसङ्करप्रसङ्गात् इति निश्चयनयपर्यालोचनायां सरागचारित्रकालीना योगा एव स्वर्गहेतवो न चारित्रम्, घृतस्य दाहकत्ववद् व्यवहारनयेनैव चारित्रस्य स्वर्गजनकत्वोक्तेरित्यस्ति विशेष इति चेत् ? न, द्रव्यस्तवस्थलेऽपि निश्चयतो योगानामेव स्वर्गहेतुत्वं न मोक्षहेतोर्द्रव्यस्तवस्येति वक्तुं शक्यत्वाद्, दानादिक्रियास्वपि सम्यक्त्वानुगमजनितातिशयेन मुक्तिहेतुत्वोक्तेः, तदुक्तं विंशिकायां –**

"दाणाइआउ एअम्मि चेव सुद्धा उ हुंति किरिआओ ।
एयाओ वि हु जम्हा मोक्खफलाओ पराओ अ" ।। **[विंशतिविंशिका-सद्धर्मविंशिका-६, गा. २०]**

**तथा च तत्रापि योगानामेव निश्चयतः स्वर्गहेतुत्वमवशिष्यते इति । चारित्रं शुद्धोपयोगरूपं योगेभ्यो भिन्नमित्युक्तनिश्चयविवेकोपपत्तिः, पूजादानादिकं तु न योगभिन्नमिति तदनुपपत्तिरिति चेत् ? न, भावनये पूजादानादेरपीच्छाद्युपयोगरूपत्वात् । अत एव पूजादानत्वादिकं मानसप्रत्यक्षगम्यो जातिविशेष इति परेऽपि सङ्गिरन्ते । वस्तुतो योगस्थैर्यरूपं चारित्रं महाभाष्यस्वरसात्सिद्धमिति महता प्रबन्धेनोपपादितमध्यात्ममतपरीक्षायामस्माभिः, तथा च स्थिरयोगरूपस्य चारित्रस्य मोक्षहेतुत्वं तदवान्तरजातीयस्य च स्वर्गहेतुत्वं वैजात्यद्वयं वा कल्पनीयं, तच्च पूजादावपि तुल्यमिति ।।९३।।**

**ટીકાર્થ :-**

अथ ..... शक्यत्वात्, **શિવના હેતુઓ ભવના હેતુઓ નથી; કેમ કે હેતુના સંકરનો પ્રસંગ છે અર્થાત્ શિવનો હેતુ એવું સરાગચારિત્ર સ્વર્ગરૂપ ભવનો હેતુ નથી, અને જો સરાગચારિત્રને ભવનો હેતુ સ્વીકારવામાં આવે તો શિવના હેતુના અને ભવના હેતુના સંકરનો પ્રસંગ આવે, એ પ્રકારની**

**નિશ્ચયનયની પર્યાલોચનામાં=વિચારણામાં, સરાગચારિત્રકાલીન યોગો જ સ્વર્ગના હેતુ છે, ચારિત્ર સ્વર્ગનો હેતુ નથી; કેમ કે ઘીના દાહકપણાની જેમ=અગ્નિથી ઉષ્ણ થયેલ ઘીના દાહકપણાની જેમ, વ્યવહારનયથી જ ચારિત્રની સ્વર્ગજનકપણાની ઉક્તિ=વચન, છે, એથી વિશેષ છે=ચારિત્રમાં અને દ્રવ્યસ્તવમાં ભેદ છે અર્થાત્ ચારિત્ર ઉપચરિત વચનથી સ્વર્ગનો હેતુ કહેવાય છે, પરંતુ નિશ્ચયનયથી તો શિવનો હેતુ છે જ જ્યારે દ્રવ્યસ્તવ તો સ્વર્ગનો હેતુ છે, એ પ્રકારનો દ્રવ્યસ્તવ અને ચારિત્ર વચ્ચેનો ભેદ છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વપક્ષીનું આ કથન બરાબર નથી; કેમ કે દ્રવ્યસ્તવના સ્થળમાં પણ નિશ્ચયથી યોગોનું જ સ્વર્ગહેતુપણું છે, મોક્ષના હેતુ એવા દ્રવ્યસ્તવનું નહિ, એ પ્રમાણે કહેવા માટે શક્યપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે દ્રવ્યસ્તવના સ્થળમાં યોગો જ સ્વર્ગના હેતુ છે અને દ્રવ્યસ્તવ મોક્ષનો હેતુ છે, તેમ કેમ કહી શકાય ? તેમાં હેતુ કહે છે –

**दानादि ..... मुक्तिहेतुत्वोक्तेः, દાનાદિ ક્રિયામાં પણ સમ્યક્ત્વના અનુગમથી જનિત અતિશયને કારણે મુક્તિના હેતુપણાની ઉક્તિ છે. તેથી અર્થથી દાનાદિ ક્રિયા તુલ્ય દ્રવ્યસ્તવની ક્રિયા પણ સમ્યક્ત્વના અનુગમથી જનિત અતિશયને કારણે મુક્તિનો હેતુ છે, એમ સંબંધ છે.**

**तदुक्तम् - તે=દાનાદિ ક્રિયા પણ સમ્યક્ત્વના અનુગમથી જનિત અતિશયને કારણે મુક્તિનો હેતુ છે તે, વિંશિકામાં કહેવાયું છે –**

"दाणाइआउ ..... पराओ अ" ।। જે કારણથી પ્રકૃષ્ટ જ એવી આ દાનાદિ ક્રિયાઓ પણ ખરેખર મોક્ષફળવાળી થાય છે, તે કારણથી, વળી આ હોતે છતે જ=સમ્યક્ત્વ હોતે છતે જ, દાનાદિ ક્રિયાઓ શુદ્ધ થાય છે.

**तथा च ..... इति । અને તે રીતે=દાનાદિક્રિયાસ્થાનીય દ્રવ્યસ્તવ પણ સમ્યક્ત્વના અનુગમથી જનિત અતિશયને કારણે મુક્તિનો હેતુ છે તે રીતે, ત્યાં પણ=દ્રવ્યસ્તવમાં પણ, નિશ્ચયથી= નિશ્ચયનયથી, યોગોનું જ સ્વર્ગહેતુપણું અવશેષ રહે છે.**

**इति શબ્દ અથથી કરાયેલા પૂર્વપક્ષીની શંકાના નિરાકરણની સમાપ્તિસૂચક છે.**

પૂર્વમાં પૂર્વપક્ષીએ કહેલ કે ચારિત્ર યોગોને આશ્રયીને સ્વર્ગનો હેતુ છે, અને ચારિત્રઅંશને આશ્રયીને મોક્ષનો હેતુ છે. તેને ગ્રંથકારશ્રીએ કહ્યું કે દ્રવ્યસ્તવમાં પણ તેની જેમ જ કહી શકાશે કે યોગોને આશ્રયીને દ્રવ્યસ્તવ સ્વર્ગનો હેતુ છે, અને સમ્યક્ત્વના અનુગમથી જનિત પરિણામને આશ્રયીને મોક્ષનો હેતુ છે. ત્યાં પૂર્વપક્ષી કહે કે ચારિત્ર ઉપયોગરૂપ છે, તેથી યોગથી ભિન્ન પ્રાપ્ત થાય છે; અને પૂજા-દાનાદિ ક્રિયારૂપ છે, માટે યોગથી ભિન્ન પ્રાપ્ત થતાં નથી. માટે ચારિત્ર અને પૂજાદાનાદિ બંને સમાન રીતે મોક્ષનાં કારણ છે, તેમ કહી શકાય નહિ. તે બતાવવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

**चारित्रं ..... इच्छाद्युपयोगरूपत्वात् । શુદ્ધ ઉપયોગરૂપ ચારિત્ર યોગોથી ભિન્ન છે, એથી ઉક્ત નિશ્ચયનયના વિવેકની ઉપપત્તિ છે=પૂર્વમાં કહેલ કે શિવના હેતુ ભવના હેતુ નથી; કેમ કે શિવના હેતુને ભવના હેતુ સ્વીકારવાથી હેતુના સંકરનો પ્રસંગ છે, એ પ્રકારના પૂર્વમાં કહેવાયેલા નિશ્ચયનયના**

**વિવેકની ઉપપત્તિ છે. વળી પૂજાદાનાદિ યોગોથી ભિન્ન નથી, એથી તેની અનુપપત્તિ છે=પૂજાદાનાદિનામાં સ્વર્ગનો હેતુ જુદો છે અને મોક્ષનો હેતુ જુદો છે તેની અનુપપત્તિ છે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે કે એમ ન કહેવું; કેમ કે ભાવનયની દૃષ્ટિમાં=ધર્મની પ્રવૃત્તિમાં વર્તતા પરિણામને જોનારી ભાવનયની દૃષ્ટિમાં, પૂજાદાનાદિનું પણ ઇચ્છાદિ ઉપયોગરૂપપણું છે અર્થાત્ ચારિત્ર જેમ ઉપયોગરૂપ છે, તેમ ભાવનયથી પૂજાદાનાદિ પણ ઉપયોગરૂપ છે. માટે ચારિત્રની જેમ પૂજાદાનાદિમાં ઉપયોગરૂપ અંશથી મોક્ષહેતુપણાની ઉપપત્તિ છે, એમ અન્વય છે.**

**अत एव ..... सङ्गिरन्ते । આથી જ=પૂજાદાનાદિ ક્રિયા યોગથી ભિન્ન એવા ઉપયોગરૂપ છે આથી જ, પૂજાદાનત્વાદિને માનસપ્રત્યક્ષગમ્ય=માનસબોધાત્મક, જાતિવિશેષ છે, એ પ્રમાણે બીજાઓ પણ કહે છે.**

પૂર્વમાં ચારિત્રને ઉપયોગરૂપ કહીને મોક્ષનો હેતુ છે અને ક્રિયાને યોગરૂપ કહીને સ્વર્ગનો હેતુ છે, તેમ પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું, અને તે યુક્તિને ગ્રહણ કરીને ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે ચારિત્રની જેમ પૂજાદાનાદિમાં પણ યોગોને આશ્રયીને સ્વર્ગહેતુપણું છે અને પૂજાદાનાદિ ક્રિયાકાળમાં વર્તતા ઉપયોગને આશ્રયીને મોક્ષહેતુપણું છે.

હવે મહાભાષ્યકારના વચનથી ચારિત્ર ઉપયોગરૂપ નથી, પરંતુ યોગસ્થૈર્યરૂપ છે, તેને ગ્રહણ કરીને, ચારિત્રમાં યોગનો કયો અંશ મોક્ષનો હેતુ છે ? અને પૂજા-દાનાદિમાં પણ યોગનો કયો અંશ મોક્ષનો હેતુ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે 'वस्तुतः'થી ગ્રંથકારશ્રી કહે છે –

**वस्तुतः ..... तुल्यमिति ।। વસ્તુતઃ યોગસ્થૈર્યરૂપ ચારિત્ર મહાભાષ્યના સ્વરસથી સિદ્ધ છે, એ પ્રમાણે મોટા પ્રબંધથી=વિસ્તારથી, અમારા વડે અધ્યાત્મમતપરીક્ષામાં ઉપપાદન કરાયું છે, અને તે રીતે=યોગસ્થૈર્યરૂપ ચારિત્ર છે તે રીતે, સ્થિરયોગરૂપ ચારિત્રનું મોક્ષહેતુપણું છે, અને તેની અવાંતરજાતિયનું= સ્થિરયોગરૂપ ચારિત્રની અવાંતરજાતિયનું, સ્વર્ગહેતુપણું છે, અથવા વૈજાત્યદ્વયની કલ્પના કરવી=મોક્ષના હેતુ એવા સ્થિરયોગમાં વિપરીત જાતિ છે, અને સ્વર્ગના હેતુ એવા યોગમાં વિપરીત જાતિ છે, એ પ્રમાણે કલ્પના કરવી, અને તે=બે પ્રકારની જાતિ, પૂજાદિમાં પણ સમાન છે.**

**इति શબ્દ ટીકાની સમાપ્તિસૂચક છે. ।।૯૩।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે જો પૂજાને પૂર્વપક્ષી પુણ્યકર્મરૂપે સ્થાપન કરે, તો તે રીતે ચારિત્ર પણ પુણ્યકર્મરૂપે સ્વીકારવામાં કોઈ દોષ નથી. ત્યાં પૂર્વપક્ષી કહે છે –

જે શિવના હેતુ હોય તે ભવના હેતુ બને નહિ, અને શિવના હેતુ ભવના હેતુ છે તેમ સ્વીકારીએ તો બે કાર્યોના કારણોના સંકરનો પ્રસંગ આવે, આ પ્રમાણે નિશ્ચયનય કહે છે; અને તે નિશ્ચયનયની દૃષ્ટિથી વિચારીએ તો સરાગચારિત્રકાલીન યોગો જ સ્વર્ગના હેતુ છે, ચારિત્ર નહિ; કેમ કે યોગથી કર્મબંધ થાય છે.

માટે રાગાંશને સ્પર્શનારા યોગો સ્વર્ગના હેતુ છે, અને ચારિત્ર તો આત્મભાવમાં ચરણરૂપ છે, માટે મોક્ષનો હેતુ છે. ફક્ત 'ઘી બાળે છે'=અગ્નિથી ઉષ્ણ થયેલ ઘી બાળતું હોય ત્યારે ખરેખર ઘી સહવર્તી અગ્નિ બાળે છે, ઉપચારથી ઘી બાળે છે તેમ કહેવાય છે. એ પ્રકારના વ્યવહારનયના પ્રયોગની જેમ ચારિત્ર સ્વર્ગનું જનક છે, એ પ્રકારનું વ્યવહારનયનું કથન છે, માટે દ્રવ્યસ્તવ અને ચારિત્રમાં ભેદ છે અર્થાત્ દ્રવ્યસ્તવ સ્વર્ગનો હેતુ છે, જ્યારે ચારિત્ર સ્વર્ગનો હેતુ નથી, ફક્ત ઉપચારથી વ્યવહારનય ચારિત્રને સ્વર્ગનો હેતુ કહે છે.

વસ્તુતઃ ચારિત્ર તો શુદ્ધ આત્મભાવમાં રમણરૂપ હોવાથી મોક્ષનો હેતુ છે, આ પ્રકારે અથથી પૂર્વપક્ષી ચારિત્રનો અને દ્રવ્યસ્તવનો ભેદ બતાવે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીનું આ કથન બરાબર નથી; કેમ કે દ્રવ્યસ્તવના સ્થળમાં પણ નિશ્ચયનયથી યોગો જ સ્વર્ગના હેતુ છે, દ્રવ્યસ્તવ તો મોક્ષનો હેતુ છે, એમ કહી શકાય છે.

આશય એ છે કે દ્રવ્યસ્તવકાલીન વર્તતા પ્રશસ્ત યોગો સ્વર્ગના હેતુ છે, અને દ્રવ્યસ્તવ એટલે ઉત્તમ દ્રવ્યોથી ભગવાનના ગુણોને અવલંબીને ભગવાનના ગુણોને અભિમુખ જવા માટેનો અધ્યવસાય; કેમ કે સ્તવન એ સ્તુતિરૂપ છે, અને વીતરાગની સ્તુતિ એ વીતરાગભાવમાં વિશ્રાંતિને અનુકૂળ યત્નરૂપ છે. તેથી જે અંશમાં આત્મા વીતરાગભાવમાં વિશ્રાંત થાય છે, તે અંશ દ્રવ્યસ્તવનો છે, અને તે દ્રવ્યસ્તવનો અંશ મોક્ષનો હેતુ છે, અને દ્રવ્યસ્તવકાળમાં વર્તતો કર્મબંધને અનુકૂળ એવો યોગનો વ્યાપાર પ્રશસ્ત હોવાથી સ્વર્ગનો હેતુ છે, આ પ્રમાણે કહી શકાય છે. તેની પુષ્ટિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

દાનાદિ ક્રિયામાં પણ મુક્તિના હેતુપણાનું કથન છે. તેથી એ ફલિત થાય કે દાનાદિ ક્રિયાકાળમાં દાનાદિ ક્રિયાના યોગોનું સ્વર્ગહેતુપણું છે, અને સમ્યક્ત્વના પરિણામને કારણે દાનાદિ ક્રિયાકાળમાં વર્તતો ગુણવાનની ભક્તિનો અધ્યવસાય ગુણવાન પુરુષના અવલંબનથી ગુણમાં વિશ્રાંતિ થનારો હોય છે, અને તે ગુણમાં વિશ્રાંત થતો અધ્યવસાય મુક્તિનો હેતુ છે.

આનાથી એ ફલિત થાય છે કે દાનાદિ ક્રિયામાં પણ નિશ્ચયનયથી કર્મબંધને અનુકૂળ એવા યોગોનું જ સ્વર્ગહેતુપણું અવશેષ રહે છે, અને સમ્યક્ત્વના કારણે દાનાદિ ક્રિયાકાળમાં વર્તતા ગુણમાં વિશ્રાંત થતા અધ્યયસાયથી કર્મની નિર્જરા થાય છે. માટે જેમ દાનાદિ ક્રિયા પણ અધ્યવસાયને આશ્રયીને મોક્ષનો હેતુ છે, અને યોગોને આશ્રયીને સ્વર્ગનો હેતુ છે, તેમ દ્રવ્યસ્તવ પણ યોગોને આશ્રયીને સ્વર્ગનો હેતુ છે, અને ગુણમાં વિશ્રાંત થતા અધ્યવસાયને આશ્રયીને મોક્ષનો હેતુ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે ચારિત્ર એ શુદ્ધ ઉપયોગરૂપ છે અર્થાત્ આત્માના મોહથી અનાકુળ એવા શુદ્ધ જ્ઞાનના ભાવમાં વર્તવારૂપ ચારિત્ર છે, તેથી યોગોથી ભિન્ન છે. માટે પૂર્વમાં કહ્યું કે જે શિવના હેતુ છે તે ભવના હેતુ નથી, એ પ્રકારનો નિશ્ચયનયનો વિવેક ચારિત્રમાં ઉપપન્ન થાય છે; કેમ કે ચારિત્રમાં યોગો છે એ જુદા છે અને તે સ્વર્ગના હેતુ છે, અને યોગોથી જુદો એવો શુદ્ધ ઉપયોગ છે, તે શિવનો હેતુ છે; અને પૂજા-દાનાદિ ક્રિયા તો યોગથી ભિન્ન નથી અર્થાત્ પૂજાની ક્રિયા કે દાનની ક્રિયા એ ક્રિયારૂપ હોવાથી યોગરૂપ છે, અને યોગ એ કર્મબંધનું કારણ છે, અને પૂજા-દાનાદિ ક્રિયા પ્રશસ્ત ક્રિયા છે, તેથી સ્વર્ગનો હેતુ

છે, અને ચારિત્રની જેમ પૂજા-દાનાદિ ક્રિયામાં શુદ્ધ ઉપયોગ નથી, માટે પૂજા-દાનાદિ ક્રિયા મોક્ષનો હેતુ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીનું આ કથન બરાબર નથી; કેમ કે ભાવનયમાં પૂજા-દાનાદિનું પણ ઇચ્છાદિ ઉપયોગરૂપપણું છે.

આશય એ છે કે પૂજાની ક્રિયા અને દાનની ક્રિયા એ બંને ક્રિયાત્મક છે અને તેને જોનારી જે નયદૃષ્ટિ તે ક્રિયાનય છે; અને પૂજાના ક્રિયાકાળમાં અને દાનના ક્રિયાકાળમાં જે ભાવો વર્તતા હોય તે ભાવોને જોનારી જે દૃષ્ટિ તે ભાવનય છે. આ ભાવનયની દૃષ્ટિથી પૂજાનો વિચાર કરવામાં આવે તો પૂજાની ક્રિયા, ગુણવાન એવા તીર્થંકરોના ગુણોને અવલંબીને તેમના ગુણોની સ્તુતિ કરીને તેમના જેવા ગુણો પોતાના આત્મામાં પ્રગટ કરવા માટે ઇચ્છારૂપ, ધૃતિરૂપ અને ધારણારૂપ ઉપયોગસ્વરૂપ છે. તેથી વીતરાગભાવને આત્મામાં પ્રગટ કરવા માટેની ઇચ્છા, ધૃતિ અને ધારણા જે અંશમાં વીતરાગને અવલંબીને વીતરાગભાવમાં વિશ્રાંત થાય છે, તે અંશ આત્માના શુદ્ધ ભાવના ઉપયોગરૂપ છે. તેથી જેમ ચારિત્ર શુદ્ધ ઉપયોગરૂપ હોવાથી નિર્જરાનું કારણ છે, માટે મોક્ષનો હેતુ છે; તેમ પૂજાકાળમાં વર્તતો વીતરાગભાવને અવલંબીને ઇચ્છાદિરૂપ ઉપયોગ શુદ્ધ આત્મભાવસ્વરૂપ ઉપયોગરૂપ હોવાથી નિર્જરાનું કારણ છે, માટે મોક્ષનો હેતુ છે.

વળી, ગુણવાન પુરુષને જોઈને તેમની ભક્તિ કરવાના અધ્યવસાયથી દાનની ક્રિયા કરાય છે ત્યારે, તે દાનકાળમાં વર્તતો ગુણવાન પુરુષને અવલંબીને ઇચ્છાદિરૂપ ઉપયોગ નિર્જરાનો હેતુ છે, માટે મોક્ષનું કારણ છે. આથી ભગવાનને દાન આપવાના અધ્યવસાયથી જીરણશેઠ ક્ષપકશ્રેણીની નજીકની ભૂમિકાને પામ્યા.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ભાવનયની દૃષ્ટિથી પૂજા-દાનાદિ પણ ઉપયોગરૂપ છે, માટે મોક્ષનું કારણ છે. તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે –

આથી જ=પૂજાદાનાદિ ફક્ત ક્રિયારૂપ નથી, પરંતુ જીવના મોક્ષને અનુકૂળ એવા ઉપયોગરૂપ છે આથી જ, પૂજાત્વ-દાનત્વાદિ માનસપ્રત્યક્ષગમ્ય જાતિવિશેષ છે, એ પ્રમાણે બીજા પણ કહે છે.

આશય એ છે કે પૂજાની ક્રિયા કે દાનની ક્રિયા માત્ર ક્રિયાત્મક નથી, પરંતુ તે ક્રિયાકાળમાં ગુણવાન પુરુષને અવલંબીને તે ક્રિયાના નિમિત્તથી ગુણમાં આત્માને નિવેશ કરવાના યત્નરૂપ માનસવ્યાપાર છે, અને તે માનસવ્યાપાર તે ક્રિયાકાળમાં ક્રિયા કરનારને માનસપ્રત્યક્ષથી ગમ્ય એવો મોહની આકુળતા વગરનો ગુણવાન પુરુષને અવલંબીને અનુભવાતો કોઈક અધ્યવસાય છે, જેમાં મોક્ષને અનુકૂળ એવી કોઈક જાતિવિશેષ રહેલી છે, જે પૂજા કરનાર પુરુષને માનસપ્રત્યક્ષથી ગમ્ય છે.

પૂર્વમાં સિદ્ધાંતપક્ષને આશ્રયીને ઉપયોગરૂપ ચારિત્ર છે, તેમ સ્વીકારીને, પૂજા-દાનાદિ ક્રિયાને પણ ચારિત્ર તુલ્ય કહી. માટે જેમ ચારિત્ર મોક્ષનું કારણ છે, તેમ પૂજા-દાનાદિ પણ મોક્ષનું કારણ છે, તેમ ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું. હવે વિશેષાવશ્યક મહાભાષ્યના વચનને અવલંબીને ચારિત્ર યોગસ્થૈર્યરૂપ છે તેમ સ્વીકારીએ, તોપણ ચારિત્ર તુલ્ય પૂજા-દાનાદિ ક્રિયા છે અને ચારિત્ર મોક્ષનો હેતુ છે, તેથી પૂજા-દાનાદિ પણ મોક્ષનો હેતુ છે, તે બતાવવા અર્થે 'વસ્તુતઃ'થી ગ્રંથકારશ્રી કહે છે –

મહાભાષ્યકાર ચારિત્રને યોગસ્થૈર્યરૂપે સ્વીકારે છે, ઉપયોગરૂપ સ્વીકારતા નથી; અને તે વસ્તુની વિસ્તારથી ચર્ચા ગ્રંથકારશ્રીએ અધ્યાત્મમતપરીક્ષાગ્રંથમાં કરેલ છે. તે રીતે યોગસ્થૈર્યરૂપ ચારિત્ર સ્વીકારીએ તો એ પ્રાપ્ત થાય કે આત્મા મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગવાળો છે અને તેનાથી કર્મબંધ કરે છે, અને મિથ્યાત્વ, અવિરતિ અને કષાય પણ તે તે પ્રકારના યોગના ચાંચલ્યને પેદા કરીને કર્મબંધના કારણ છે; અને જ્યારે સાધકયોગી મિથ્યાત્વ અને અવિરતિના અભાવવાળો બને છે, ત્યારે અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય કષાયોના ઉદયથી થતું અસ્થૈર્ય દૂર થાય છે. તેથી તે ત્રણ કષાયોના અભાવથી પ્રગટ થયેલો સ્થૈર્યભાવ ચારિત્ર છે, અને તે ચારિત્ર મોક્ષનો હેતુ છે.

સાધકયોગી અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય કષાયોના ક્ષયોપશમભાવને કારણે યોગસ્થૈર્યને પામે છે, જે કષાયોના અભાવથી થયેલ આત્માના સ્થૈર્યરૂપ છે માટે સ્થિરતારૂપ ચારિત્રઅંશ છે. વળી સંજ્વલન કષાયના ઉદયકૃત અપ્રશસ્ત ભાવમાં વર્તતું યોગનું અસ્થૈર્ય દૂર કરીને પ્રશસ્ત એવા ભગવાનના વચનના રાગરૂપે વર્તતા સંજ્વલન કષાયના ઉદયકૃત યોગસ્થૈર્ય અવાંતર જાતિ છે અર્થાત્ અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય કષાયના ક્ષયોપશમકૃત યોગસ્થૈર્યનું અવાંતર પ્રશસ્તકષાયરૂપ સંજ્વલનના ઉદયકૃત યોગસ્થૈર્ય છે જે પ્રશસ્ત રાગાંશથી અનુવિદ્ધ હોવાથી સ્વર્ગનો હેતુ છે. તેથી અનંતાનુબંધી આદિ ત્રણ કષાયના ક્ષયોપશમથી થયેલું યોગસ્થૈર્ય મોક્ષનો હેતુ છે, અને સંજ્વલનના ક્ષયોપશમથી અનુવિદ્ધ એવા સંજ્વલનના ઉદયથી થયેલું અવાંતરજાતિરૂપ યોગસ્થૈર્ય સ્વર્ગનો હેતુ છે.

અથવા સ્થિરયોગની બે જાતિ છે –

(૧) અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય કષાયના ક્ષયોપશમથી થયેલી યોગસ્થૈર્યરૂપ જાતિ અને

(૨) સંજ્વલનના ક્ષયોપશમથી અનુવિદ્ધ એવી સંજ્વલનના ઉદયથી થયેલી યોગસ્થૈર્યરૂપ જાતિ.

આ બે જાતિઓમાંથી એક જાતિ મોક્ષનો હેતુ છે અને એક જાતિ સ્વર્ગનો હેતુ છે, તેમ સ્વીકારી શકાય. એ પ્રમાણે પૂજા-દાનાદિમાં પણ સમાન છે અર્થાત્ ભગવાનની પૂજાકાળમાં સમ્યક્ત્વના અનુગમને કારણે જિનગુણમાં જે સ્થિરભાવ થાય છે તે યોગસ્થૈર્યરૂપ જાતિ છે, જે મોક્ષનો હેતુ છે; અને પ્રશસ્ત કષાયને કારણે આત્મકલ્યાણના કારણીભૂત એવી ક્રિયામાં જે સ્થિરભાવ વર્તે છે, તે સ્થિરભાવ સ્વર્ગનું કારણ છે. તેથી યોગસ્થૈર્ય મોક્ષનું કારણ છે અને અવાંતર જાતિરૂપ યોગસ્થૈર્ય સ્વર્ગનું કારણ છે, તેમ પૂજામાં પણ યોગસ્થૈર્ય મોક્ષનું કારણ છે અને અવાંતર જાતિરૂપ યોગસ્થૈર્ય સ્વર્ગનું કારણ છે; અથવા તો યોગસ્થૈર્યની જ બે જાતિ છે : એક જાતિ મોક્ષનું કારણ છે અને બીજી જાતિ સ્વર્ગનું કારણ છે; અને તે બે જાતિ જેમ ચારિત્રમાં છે, તેમ પૂજા-દાનાદિમાં પણ છે, માટે ચારિત્ર અને પૂજા બંને તુલ્ય રીતે મોક્ષનાં કારણ છે અને તુલ્ય રીતે સ્વર્ગનાં કારણ છે. માટે જો પૂર્વપક્ષી પૂજાને પુણ્યકર્મ સ્વીકારે તો ચારિત્રને પણ પુણ્યકર્મરૂપે તેણે સ્વીકારવું જોઈએ, અને જો પૂર્વપક્ષી ચારિત્રને ધર્મકૃત્ય કહીને મોક્ષનું કારણ કહે તો પૂજાને પણ ધર્મકૃત્ય સ્વીકારીને મોક્ષનું કારણ તેણે સ્વીકારવું જોઈએ. **॥૯૩॥**

**અવતરણિકા :-**

**लोकोत्तरलौकिकत्वाभ्यां धर्मपुण्यरूपत्वं तु पूजायामिष्यत एवेत्याह –**

**અવતરણિકાર્થ :-**

**લોકોત્તરપણા અને લૌકિકપણા દ્વારા ધર્મરૂપપણું અને પુણ્યરૂપપણું પૂજામાં ઈચ્છાય જ છે, એ પ્રમાણે ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ શ્લોક-૯૩માં કહેલ કે જિનાર્ચનાદિ એ પુણ્યકર્મ છે અને ચારિત્ર એ ધર્મ છે, પરંતુ એ વાત ગ્રંથકારશ્રીને માન્ય નથી. તેથી શ્લોક-૯૩માં તેનું નિરાકરણ કરીને ગ્રંથકારશ્રીએ એ સ્થાપન કર્યું કે જો દ્રવ્યસ્તવમાં પુણ્યકર્મ ઇચ્છાય છે, તો ચારિત્ર પણ પુણ્યકર્મ છે; અને જો ચારિત્ર ધર્મરૂપે ઇચ્છાય છે, તો દ્રવ્યસ્તવ પણ સરાગચારિત્ર તુલ્ય ધર્મરૂપ જ છે. હવે અપેક્ષાભેદથી પૂજા ધર્મરૂપ પણ છે અને પુણ્યરૂપ પણ છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે કે લોકોત્તર એવી પૂજા ધર્મરૂપ છે અને લૌકિક એવી પૂજા પુણ્યરૂપ છે. તેને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

या ज्ञानाद्युपकारिका विधियुता शुद्धोपयोगोज्ज्वला,
सा पूजा खलु धर्म एव गदिता लोकोत्तरत्वं श्रिता ।
श्राद्धस्यापि सुपात्रदानवदितस्त्वन्यादृशीं लौकिकी-
माचार्या अपि दानभेदवदिमां जल्पन्ति पुण्याय नः ।।९४।।

**શ્લોકાર્થ :-**

**સુપાત્રદાનની જેમ શ્રાવકની પણ જ્ઞાનાદિની ઉપકારિકા=પુષ્ટિને કરનારી, વિધિ સહિત, શુદ્ધ ઉપયોગથી ઉજ્જ્વલ, ખરેખર લોકોત્તરપણાને આશ્રિત એવી જે પૂજા તે ધર્મ જ કહેવાયેલી છે. વળી આનાથી=પૂર્વમાં વર્ણન કર્યું એનાથી, અન્ય પ્રકારની લૌકિકી એવી આને=પૂજાને, દાનભેદની જેમ=દાનવિશેષની જેમ, અમારા આચાર્યો પણ પુણ્ય માટે કહે છે. ।।૯૪।।**

**ટીકા :-**

**'या ज्ञानादि' इति:-या ज्ञानादेः आदिना सम्यक्त्वादिग्रहः उपकारिका=पुष्टिकारिणी, विधियुता= विधिसहिता, तथा शुद्धोपयोगेन 'इमां भवजलतरणीं भगवत्पूजां दृष्ट्वा बहवः प्रतिबुध्यतां षट्कायरक्ष-काश्च भवन्तु' इत्याद्याकारेणोज्ज्वला सा पूजा खलु ज्ञानपूर्विका असंमोहपूर्विका वेति धर्म एव**

**गदिता, यतो लोकोत्तरत्वं श्रिता, एतादृशगुणप्रणिधानायाः पूजाया आगमैकविहितत्वात्, कस्यापि ? श्राद्धस्यापि, किंवत्=सुपात्रदानवत् । इतस्त्वन्यादृशीं लौकिकीं सामान्यधर्मवचनप्राप्ताम्, नः= अस्माकमाचार्या दानभेदवद्=दानविशेषवत्, पुण्याय जल्पन्ति=इच्छन्ति । तदुक्तं बिम्बकारणमाश्रित्य षोडशकप्रकरणे -**

"एवंविधेन यद् बिम्बकारणं तद्विदन्ति समयविदः ।
लोकोत्तरमन्यदतो लौकिकमभ्युदयसारं च" ।।१।।
"लोकोत्तरं तु निर्वाणसाधकं परमफलमिहाश्रित्य ।
अभ्युदयोऽपि हि परमो भवति चात्रानुषङ्गेण" ।।२।।
"कृषिकरण इव पलालं नियमादत्रानुषङ्गिकोऽभ्युदयः ।
फलमिह धान्यावाप्तिः परमं निर्वाणमिव बिम्बात्" ।।३।। **[षोडशक-७, श्लो. १४-१५-१६]**

**एतच्चाबाधकम्, क्षमादिभेदानामप्यलौकिकानामेवोत्तमक्षमामार्दवेत्यादिसूत्रेण धर्ममध्ये ग्रहणादन्येषामर्थतः पुण्यत्वसिद्धेर्लौकिकत्वाभिधानादेवेत्थमुपपत्तेः । आह –**

"उवगारवगारिविवागवयणधम्मुत्तरा भवे खंती ।
साविक्खं आइतिगं लोगिकमियरे दुगं जइणो" ।। **[विंशतिविंशिका-११, गा. ३]**

**दानविशेषस्य पुण्यत्वं चानुकम्पादानादेरल्पतरपापबहुतरनिर्जराकारणत्वेन सूत्रोपदिष्टस्य वा दानादि (सूत्रोपदिष्टदानादि वा) पुण्यमध्ये प्रोक्तं धर्ममध्येऽपि तद्वत्पूजापि स्यादिति परमार्थः ।।९४।।**

**ટીકાર્થ :-**

या ..... सुपात्रदानवत् । જ્ઞાનાદિના ઉપકારને કરનારી=પુષ્ટિને કરનારી, જ્ઞાનાદિમાં આદિથી સમ્યક્ત્વાદિનું ગ્રહણ કરવું, વિધિયુત=વિધિસહિત અને શુદ્ધ ઉપયોગથી ઉજ્જ્વલ="આ ભવજલતરણી ભગવાનની પૂજાને જોઈને ઘણા જીવો પ્રતિબોધ પામો અને ષટ્કાયના રક્ષક થાઓ" ઇત્યાદિ આકારથી ઉજ્જ્વલ એવી જે પૂજા, તે ખરેખર જ્ઞાનપૂર્વક છે અથવા અસંમોહપૂર્વક છે, એથી કરીને ધર્મ જ કહેવાયેલ છે; જે કારણથી લોકોત્તરપણાને આશ્રિત છે; કેમ કે આવા પ્રકારના ગુણના પ્રણિધાનવાળી પૂજાનું આગમએકવિહિતપણું છે.

કોને પણ આવી લોકોત્તર પૂજા થાય છે ? એથી કહે છે –

શ્રાદ્ધને પણ આવી લોકોત્તર પૂજા થાય છે.

કોની જેમ ? સુપાત્રદાનની જેમ.

✪ श्राद्धस्यापि - અહીં અપિથી એ કહેવું છે કે સાધુની ભાવપૂજા તો લોકોત્તરપણાને આશ્રિત છે, પરંતુ શ્રાવકની પણ વિધિશુદ્ધ પૂજા લોકોત્તરપણાને આશ્રિત છે.

**इतस्त्वन्यादृशीं ..... इच्छन्ति । વળી આનાથી અન્ય પ્રકારની લૌકિકીને=સામાન્ય ધર્મવચનને પ્રાપ્ત એવી પૂજાને, અમારા આચાર્યો દાનભેદની જેમ=દાનવિશેષની જેમ=વિવેકમૂલક અનુકંપાદાનની જેમ, પુણ્ય માટે કહે છે=ઈચ્છે છે.**

**तदुक्तम् - તે=પૂર્વમાં કહ્યું કે લોકોત્તર પૂજા ધર્મરૂપ છે અને દાનવિશેષની જેમ લૌકિકી પૂજા પુણ્ય માટે છે, તે બિંબ કરાવણને આશ્રયીને ષોડશક-૭, શ્લોક-૧૪-૧૫-૧૬માં કહેવાયું છે.**

"एवंविधेन ..... अभ्युदयसारं च" ।। "આવા પ્રકારના આશયથી=શાસ્ત્રવિધિને પરતંત્ર એવા પ્રકારના આશયથી, જે બિંબનું કરાવવું તેને શાસ્ત્રના જાણકારો લોકોત્તર કહે છે, અને આનાથી અન્યને લૌકિક અને અભ્યુદયસાર=સ્વર્ગફલક કહે છે."

लोकोत्तरं अनुषङ्गेण"।। વળી અહીં=બિંબ કરાવવામાં, પરમફળને=મુખ્ય ફળને, આશ્રયીને લોકોત્તર બિંબનું કરાવવું નિર્વાણસાધક છે. અહીં=લોકોત્તર બિંબ કરાવવામાં, અનુષંગથી અભ્યુદય પણ પરમ=શ્રેષ્ઠ થાય જ છે."

"कृषिकरण ..... बिम्बात्" ।। ખેતી કરવામાં પલાલની જેમ અહીં=જિનબિંબ કરાવવામાં, નિયમથી આનુષંગિક અભ્યુદય થાય છે. અહીં=જગતમાં ધાન્ય પ્રાપ્તિની જેમ બિંબથી પરમનિર્વાણફળ થાય છે."

**एतच्चाबाधकं ..... અને આ=લોકોત્તર આશ્રિત એવી પૂજા ધર્મ માટે છે, અને લૌકિકી પૂજા પુણ્ય માટે છે, એમ જે અમારા આચાર્યો કહે છે એ, અબાધક છે; કેમ કે અલૌકિક એવા ક્ષમાદિ ભેદોનું પણ उत्तमक्षमामार्दव ..... ઈત્યાદિ તત્ત્વાર્થ ૯/૬ સૂત્રથી ધર્મ મધ્યે ગ્રહણ હોવાથી, અન્યોની=અલૌકિક એવા ઉત્તમ ક્ષમા-માર્દવ આદિથી અન્ય એવી ક્ષમાદિની અર્થથી પુણ્યપણારૂપે સિદ્ધિ હોવાથી લૌકિકપણાનું અભિધાન હોવાને કારણે જ એ રીતે=જે રીતે લોકોત્તર પૂજાને ધર્મરૂપે અને લૌકિક પૂજાને પુણ્યરૂપે સ્વીકારી છે એ રીતે, ઉપપત્તિ=સંગતિ, છે.**

**आह - વિંશતિવિંશિકા ૧૧/૩માં પૂ. આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે –**

"उवगारवगारि ..... जइणो" ।। ઉપકારીક્ષમા, અપકારીક્ષમા, વિપાકક્ષમા, વચનક્ષમા અને ધર્મક્ષમા (એમ પાંચ પ્રકારની ક્ષમા) હોય છે. તેમાં પ્રથમની ત્રણ સાપેક્ષ અને લૌકિકી છે, યતિને છેલ્લી બે=વચનક્ષમા અને ધર્મક્ષમા હોય છે, (તે) ઈતર છે=નિરપેક્ષ અને લોકોત્તર છે.

પ્રસ્તુત શ્લોકનો ફલિતાર્થ બતાવે છે –

**दानविशेषस्य ..... परमार्थः ।। અને દાનવિશેષનું પુણ્યપણું છે; કેમ કે અનુકંપાદાનાદિ છે, અથવા અલ્પતર પાપ અને બહુતર નિર્જરાના કારણપણા વડે સૂત્રઉપદિષ્ટ એવા દાનાદિ પુણ્ય મધ્યે કહેવાયેલા છે, ધર્મમધ્યે પણ કહેવાયેલા છે, તેની જેમ પૂજા પણ થાય, એ પ્રકારે પરમાર્થ છે. ।।૯૪।।**

✪ ટીકામાં सूत्रोपदिष्टस्य वा दानादि पुण्यमध्ये प्रोक्तम् આ પ્રમાણે પાઠ છે ત્યાં सूत्रोपदिष्टदानादि वा पुण्यमध्ये प्रोक्तम् એ મુજબ પાઠ ભાસે છે, અને એ મુજબ અમે અર્થ કરેલ છે.

**ભાવાર્થ :-**

શ્રાવકની પૂજા બે પ્રકારની છે : (૧) લોકોત્તર અને (૨) લૌકિક.

(૧) લોકોત્તર પૂજા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પુષ્ટિ કરનારી છે.

આનાથી એ ફલિત થાય છે કે સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર શ્રાવક પોતાનામાં વર્તતા સમ્યગ્દર્શન, સમયગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય તે પ્રકારના માનસવ્યાપારથી ભગવાનની પૂજા કરે છે.

વળી આ પૂજા શાસ્ત્રની વિધિથી યુક્ત હોય છે. વળી આ પૂજા શુદ્ધ ઉપયોગથી ઉજ્જ્વલ હોય છે અર્થાત્ "ભવજલતરણી એવી ભગવાનની પૂજાને જોઈને ઘણા જીવો પ્રતિબોધ પામો અને છકાયના રક્ષક બનો" એવા પ્રકારના ઉજ્જ્વલ આશયથી યુક્ત હોય છે. તેથી સમ્યગ્દૃષ્ટિની આ પૂજા સમ્યગ્જ્ઞાનપૂર્વકની હોય છે અથવા દેશવિરતિધર શ્રાવકની પૂજા અસંમોહપૂર્વકની હોય છે. માટે આ પૂજાને ધર્મ જ કહેવાય છે; કેમ કે લોકોત્તરપણાને આશ્રિત છે.

કેમ લોકોત્તરપણાને આશ્રિત છે ? તે સ્પષ્ટ કરે છે –

આવા પ્રકારના ગુણના પ્રણિધાનથી યુક્ત પૂજાનું આગમએકવિહિતપણું છે.

આશય એ છે કે ભગવાનની પૂજા કરીને આત્મામાં રત્નત્રયીની વૃદ્ધિ થાય, અને તે પૂજા જોઈને યોગ્ય જીવોને રત્નત્રયીના કારણીભૂત યોગબીજની પ્રાપ્તિ થાય, અને તેઓ પણ ક્રમે કરીને સંયમને પ્રાપ્ત કરે, એવા ઉત્તમ આશયપૂર્વક પૂજા કરવાનું શાસ્ત્રમાં વિહિત છે; અને તેવા ઉત્તમ આશયપૂર્વક સમ્યગ્દૃષ્ટિ જીવો વીતરાગને અવલંબીને વીતરાગની પૂજા કરે છે, ત્યારે તેઓનું વીતરાગતા તરફ જતું ઉત્તમ ચિત્ત રત્નત્રયીની વૃદ્ધિનું કારણ બને છે.

અહીં વિશેષ એ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને ધારણ કરે છે અને અનંતાનુબંધીના વિગમનથી અલ્પ એવા સમ્યક્ ચારિત્રને પણ વહન કરે છે. તેઓને ભગવાનની પૂજાકાળમાં ભગવાનના સ્વરૂપનો સમ્યગ્બોધ હોવાથી વીતરાગને અવલંબીને વીતરાગની પૂજા કરે છે ત્યારે, તેમનું વીતરાગતા તરફ જતું ઉત્તમ ચિત્ત રત્નત્રયીની વૃદ્ધિનું કારણ બને છે.

વળી સમ્યગ્દૃષ્ટિ જીવોને સૂક્ષ્મ બોધ હોવાથી સ્વશક્તિને ગોપવ્યા વગર શાસ્ત્રવિધિ અનુસાર ભગવાનની પૂજા કરે છે. તેથી તેઓને ભગવાનની આજ્ઞાને પરતંત્ર થવાનો ઉત્તમ અધ્યવસાય વર્તે છે.

વળી સમ્યગ્દૃષ્ટિ જીવો દયાળુ પરિણામવાળા હોય છે, તેથી ભગવાનની પૂજા જોઈને ઘણા યોગ્ય જીવોને પણ તત્ત્વની પ્રાપ્તિ થાય તેવો અધ્યવસાય તેમને હોય છે, અને તેને અનુરૂપ તેમની ઉચિત પૂજાની પ્રવૃત્તિ હોય છે. વળી અન્ય જીવોને ભગવાનના શાસનની પ્રાપ્તિ થાય અને તેઓ પણ ક્રમે કરીને સંયમને પામે તેવો ઉત્તમ અધ્યવસાય તેમને હોવાથી ભગવાનની પૂજા તેમને પોતાને પણ સર્વવિરતિની પ્રાપ્તિનું શીઘ્ર કારણ બને છે. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવોની ભગવાનની પૂજા લોકોત્તર પરિણામવાળી છે.

વળી દેશવિરતિધર શ્રાવકો દેશથી વિરતિના પરિણામવાળા છે. તેથી પૂજાકાળમાં સમ્યગ્દષ્ટિની જેમ સર્વ ઉત્તમ અધ્યવસાયો કરે છે. વળી દેશથી વિરતિ હોવાને કારણે કાંઈક ગુપ્તિનો પરિણામ તેઓમાં વર્તે છે, તેથી તેઓની ભગવાનની પૂજા અસંમોહપૂર્વકની છે. તેથી વિશેષ રીતે લોકોત્તરપણાને આશ્રિત છે.

વળી, જેમ વિવેકવાળા શ્રાવકો સુપાત્રને દાન આપીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે તેથી સુપાત્રદાન ધર્મરૂપ છે, તેમ સમ્યગ્દષ્ટિ અને દેશવિરતિધર શ્રાવક ભગવાનની ભક્તિ કરીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે, માટે તેઓની પૂજા ધર્મરૂપ છે.

વળી સમ્યગ્દષ્ટિ જીવો વિવેકપૂર્વક અનુકંપાદાન કરે છે, તે અનુકંપાદાન સાક્ષાત્ પુણ્યબંધનું કારણ છે અને પરંપરાએ મોક્ષનું કારણ છે. તેની જેમ આગમને પરતંત્ર જેઓ નથી, તેઓની શુભ આશયપૂર્વકની લૌકિકી પૂજા પુણ્યબંધનું કારણ છે અને પરંપરાએ મોક્ષનું કારણ છે. ફક્ત સમ્યગ્દષ્ટિ જીવોનું સુપાત્રદાન ગુણવાનની ભક્તિ કરીને ગુણની પ્રાપ્તિનું કારણ બને છે, તેના કરતાં અનુકંપાદાન અનુકંપ્યના દુઃખને દૂર કરવાના અધ્યવસાયવાળું હોવાથી પ્રધાન રીતે પુણ્યબંધનું કારણ બને છે. તેમ શાસ્ત્રવિધિ અનુસાર પૂજા કરવાની ઇચ્છાવાળા જીવો શાસ્ત્રવિધિ અનુસાર પૂજા કરી શકતા નથી, તેઓની લૌકિકી પૂજા પ્રધાન રીતે પુણ્યબંધનું કારણ છે.

આ કથનની પુષ્ટિ કરવા અર્થે ષોડશકની સાક્ષી ગ્રંથકારશ્રીએ આપી. તેમાં બિંબને આશ્રયીને શાસ્ત્રવિધિ અનુસાર બિંબનું કરાવણ લોકોત્તર છે અને અન્ય લૌકિક અને અભ્યુદયસાર છે, તેમ કહ્યું. તે વચનથી સિદ્ધ થાય છે કે શાસ્ત્રવિધિ અનુસાર પૂજા લોકોત્તર છે, અને શાસ્ત્રવિધિ કરવાની ઇચ્છાવાળા જેઓ શાસ્ત્રવિધિ અનુસાર પૂજા કરી શકતા નથી, તેઓની પૂજા લૌકિકી અને અભ્યુદયસાર છે; અને પૂ. આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજનું આ વચન અબાધક છે તેમ કહીને ગ્રંથકારશ્રીએ યુક્તિ આપી કે ક્ષમાદિ ભેદોના પણ લૌકિક અને લોકોત્તર એ પ્રમાણે ભેદ કરવામાં આવ્યા છે.

આનાથી એ ફલિત થાય છે કે લોકોત્તર ક્ષમાદિ ધર્મરૂપ છે, અને લૌકિક ક્ષમાદિ પુણ્યરૂપ છે; અને આગમને પરતંત્ર જે સાધુ નથી, પરંતુ જે પ્રીતિ-ભક્તિથી સંયમ પાળે છે, તેમનું તે પ્રીતિ-ભક્તિરૂપ સદનુષ્ઠાન પુણ્ય માટે છે, અને પ્રીતિ-ભક્તિથી અનુષ્ઠાન કરનારા સાધુને ઉપકારી આદિ ક્ષમાદિના પાંચ ભેદોમાંથી ઉપકારી, અપકારી અને વિપાક એ રૂપ પ્રથમની ત્રણ ક્ષમાદિ છે માટે તેઓનું લૌકિક અનુષ્ઠાન છે, તેથી પુણ્યબંધનું કારણ છે; અને જેઓ આગમને પરતંત્ર થઈને વચનક્ષમા કે ધર્મક્ષમા સેવે છે, તેઓનું તે સંયમનું અનુષ્ઠાન લોકોત્તર છે, અને મોક્ષનું કારણ છે માટે ધર્મરૂપ છે. તેની જેમ આગમને પરતંત્ર જે શ્રાવકો નથી, તેમની ભગવાનની પૂજા લૌકિકી હોવાથી પુણ્યનું કારણ છે અને પરંપરાએ મોક્ષનું કારણ છે અને આગમને પરતંત્ર એવા સમ્યગ્દષ્ટિ કે દેશવિરતિધર શ્રાવકોની પૂજા લોકોત્તર હોવાથી મોક્ષનું કારણ છે.

પ્રસ્તુત શ્લોકના ફલિતાર્થને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

જેમ 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા ગ્રંથ'ની દાનદ્વાત્રિંશિકામાં કહ્યું કે અનુકંપાદાન 'ऐन्द्रशर्मप्रद' છે, અને તે અનુકંપાદાનનો શુભ આશય સમ્યગ્દષ્ટિને હોય છે. તેથી જેમ સમ્યગ્દષ્ટિ જીવ અનુકંપાદામ કરીને

પુણ્યબંધ કરે છે, અને પરંપરાએ મોક્ષ મેળવે છે તેમ ભગવાનની પૂજા આગમવિધિ અનુસાર જેઓ કરી શકતા નથી, છતાં આગમાનુસાર કરવાની ઇચ્છાવાળા છે તેઓની ભગવાનની પૂજા લૌકિકી છે, અને તેનાથી અભ્યુદયસાર એવું પુણ્ય બંધાય છે અને પરંપરાએ મોક્ષ મળે છે.

વળી દાનદ્વાત્રિંશિકામાં કહ્યું કે મુગ્ધ જીવો સુપાત્રને અશુદ્ધ દાન આપે છે, તેનાથી અલ્પ પાપબંધ અને બહુનિર્જરા થાય છે, એવા સુપાત્રદાન આદિને પુણ્ય મધ્યે પણ અને ધર્મ મધ્યે પણ કહેવામાં આવેલ છે. તેની જેમ જેઓ આગમને પરતંત્ર થઈને લોકોત્તર પૂજા કરે છે, તેઓની પૂજા પુણ્યબંધનું કારણ છે અને નિર્જરાનું પણ કારણ છે. તે પૂજાની પુણ્યમાં અને ધર્મમાં પણ ગણના કરેલ છે.

આશય એ છે કે મુગ્ધ જીવોનું સુપાત્રદાન સુપાત્ર પ્રત્યેની ભક્તિને કારણે નિર્જરાનું કારણ છે, તેથી મોક્ષનું કારણ કહેવાય. આમ છતાં મુગ્ધ અવસ્થામાં અજ્ઞાન વર્તે છે, તેથી તેઓનું સુપાત્રદાન પુણ્યબંધનું પણ કારણ છે. તેમ શ્રાવકની કે સમ્યગ્દષ્ટિ જીવોની વિધિશુદ્ધ પૂજામાં પણ કાંઈક અવિરતિનો પરિણામ છે, તેથી પુણ્યબંધનું કારણ છે, અને ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ હોવાથી નિર્જરાનું પણ કારણ છે, માટે ધર્મરૂપ છે. **॥૯૪॥**

✪ दानविशेषस्य થી इति परमार्थः સુધીના કથનનો આ અર્થ ભાસે છે. વિશેષ બહુશ્રુતો વિચારે.

**અવતરણિકા :-**

**ननु पूजादानप्रवचनवात्सल्यादिकं सरागकृत्यम्, तपश्चारित्रादिकं तु वीतरागकृत्यमिति विविक्तविभागो दृश्यते, तत्राद्यं पुण्यमन्त्यं धर्मः स्याद्, अत एव धर्मपदार्थो द्विविधः, एकः संज्ञानयोगलक्षणः, अन्यः पुण्यलक्षणः इति शास्त्रवार्त्तासमुच्चये हरिभद्रसूरिभिरुक्तम्, ततोऽर्वाग् भौतिकस्य देवपूजादिकर्मणः कथं धर्मत्वं रोचयामः ? तत्राह –**

**અવતરણિકાર્થ :-**

**નનુથી પૂર્વપક્ષી કહે છે કે પૂજા, દાન, પ્રવચન-વાત્સલ્યાદિ સરાગકૃત્ય છે, વળી તપ, ચારિત્રાદિ વીતરાગકૃત્ય છે, એ પ્રમાણે વિવિક્ત વિભાગ દેખાય છે=અનુભવથી જણાય છે. ત્યાં=વિવિક્ત વિભાગમાં, આદ્ય=પૂજા, દાનાદિ, સરાગકૃત્ય પુણ્ય છે, અને અંત્ય=તપ, ચારિત્રાદિ, વીતરાગકૃત્ય ધર્મ છે. આથી જ ધર્મ પદાર્થ બે પ્રકારનો છે :**

**(૧) સંજ્ઞાનયોગલક્ષણ અને (૨) પુણ્યલક્ષણ, એ પ્રમાણે શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં પૂ. આ. હરિભદ્રસૂરિ મહારાજ વડે કહેવાયું છે. તેથી=પૂર્વમાં કહ્યું કે આદ્ય પુણ્યકર્મ છે અને અંત્ય ધર્મ છે તેનાથી પૂર્વના ભૌતિક એવા=બાહ્ય વૈભવ આદિથી થનારા એવા, દેવ-પૂજાદિ કર્મનું=વીતરાગકૃત્યની પૂર્વના ભૌતિક દેવ-પૂજાદિ કૃત્યનું, કેવી રીતે ધર્મપણું અમને રુચે ? તેમાં=આ પ્રકારની પૂર્વપક્ષીની શંકામાં, ગ્રંથકારશ્રી કહે છે –**

ભાવાર્થ :-

નનુથી પૂર્વપક્ષી શંકા કરે છે કે ભગવાનની પૂજા ભગવાનના રાગથી થાય છે, દાનની ક્રિયા તે તે પ્રકારની શુભ પ્રવૃત્તિ પ્રત્યેના રાગથી થાય છે અને પ્રવચનવાત્સલ્યમાં પણ પ્રવચન પ્રત્યે રાગ વર્તે છે, તેથી પૂજા-દાનાદિ સરાગ કૃત્યો છે. વળી અભ્યંતર તપ આત્માના શુદ્ધ ભાવોને પ્રગટ કરવાને અનુકૂળ વ્યાપારરૂપ છે, અને ચારિત્ર શુદ્ધ આત્મામાં ચરવાના યત્ન સ્વરૂપ છે, તેથી રાગાદિના ઉન્મૂલનને અનુકૂળ તપ-ચારિત્રાદિ કૃત્યો છે; એ પ્રકારનો સરાગકૃત્યનો અને વીતરાગકૃત્યનો વિભાગ અનુભવથી દેખાય છે. વળી સરાગકૃત્યો પુણ્યબંધનું કારણ છે અને વીતરાગકૃત્યો નિર્જરાનું કારણ છે માટે ધર્મ છે. તેની પુષ્ટિ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે કે આ વસ્તુને સામે રાખીને શાસ્ત્રવાર્તા સમુચ્ચયમાં પૂ. આ. હરિભદ્રસૂરિ મહારાજે બે પ્રકારનો ધર્મ કહેલ છે : (૧) સંજ્ઞાનયોગલક્ષણ અને (૨) પુણ્યલક્ષણ.

આનાથી એ ફલિત થાય છે કે આત્માના શુદ્ધ ભાવમાં જવાને અનુકૂળ એવા તપ-ચારિત્રની ક્રિયા તે સંજ્ઞાનયોગલક્ષણ ધર્મ છે, અને પૂજા-દાનાદિ એ પુણ્યલક્ષણ ધર્મ છે. તેથી ચારિત્રના સેવનથી પૂર્વમાં ભૌતિક સામગ્રીથી જે દેવપૂજાદિ ક્રિયાઓ કરાય છે, તે પુણ્યબંધનું કારણ હોવાથી તેને ધર્મ કઈ રીતે કહી શકાય ? માટે ચારિત્રને ધર્મરૂપ કહેવું જોઈએ અને દ્રવ્યસ્તવને પુણ્યરૂપ કહેવું જોઈએ, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

पुण्यं कर्म सरागमन्यदुदितं धर्माय शास्त्रेष्विति<br>
श्रुत्वा शुद्धनयं न चात्र सुधियामेकान्तधीर्युज्यते ।<br>
तस्माच्छुद्धतरश्चतुर्दशगुणस्थाने हि धर्मं नयः,<br>
किं ब्रूते न तदङ्गतां त्वधिकृतेऽप्यभ्रान्तमीक्षामहे ।।९५।।

શ્લોકાર્થ :-

**શાસ્ત્રમાં સરાગકર્મ પુણ્ય છે, અન્ય=વીતરાગકર્મ ધર્મ માટે કહેવાયું છે, એ પ્રમાણે શુદ્ધનયને સાંભળીને અહીં જ=શુદ્ધનયની દૃષ્ટિમાં જ, બુદ્ધિમાનોની એકાંત બુદ્ધિ યોગ્ય નથી. જે કારણથી તેનાથી=શુદ્ધનયથી, શુદ્ધતરનય ૧૪મા ગુણસ્થાનકમાં=૧૪મા ગુણસ્થાનકના ચરમ સમયમાં, શું ધર્મને કહેતો નથી ? વળી તેની અંગતાને=શુદ્ધતરનયના અંગપણાને, અધિકૃતમાં પણ=ભગવાનની પૂજામાં પણ, અભ્રાંત અમે જોઈએ છીએ. ।।૯૫।।**

ટીકા :-

'पुण्यं कर्म' इतिः-पुण्यं सरागकर्म, अन्यद्=वीतरागकर्म शास्त्रेषु धर्माय उदितं=परिभाषितमिति शुद्धनयं=शुद्धनयार्थं श्रुत्वा न चात्र 'च' एवार्थो भिन्नक्रमश्च नात्रैवेत्यर्थः, सुधियां=पण्डितानामेकान्त-

**धीरेकान्ताभिनिवेशो युज्यते एकनयाभिनिवेशस्य मिथ्यात्वरूपत्वाद्, अन्यनयविचारेण तस्य मूलोत्खननाच्च-**"धम्मकंखिए पुण्णकंखिए" **[भगवती श. १-३-७-सू.६२] इत्यादौ धर्मः श्रुतचारित्रलक्षणः, पुण्यं तत्फलभूतं शुभकर्मेति विवृण्वता वृत्तिकृता साधनफलेच्छाभेदेन भेदेऽपि श्रुतचारित्रभावान्यतरानुगतक्रियाणां धर्मत्वेनैव निश्चयाङ्गव्यवहारनयेनाभ्युपगतत्वात्, गुडजिह्विकया स्वर्गादीच्छाया अप्युपेयमोक्षेच्छाऽव्याघातकत्वेनादोषत्वात्, 'प्रयाणभङ्गाभावेन निशि स्वापसमो हि सम्यग्दृशां स्वर्गलाभ' इति योगमर्मविदः ।**

**ટીકાર્થ :-**

**पुण्यं ..... मिथ्यारुपत्वात्, સરાગકર્મ પુણ્ય છે, અન્ય=વીતરાગકર્મ શાસ્ત્રમાં ધર્મ માટે કહેવાયું છે, એ પ્રકારે શુદ્ધનયને=શુદ્ધનયના અર્થને સાંભળીને આમાં જ=સરાગકૃત્ય પુણ્યકર્મ છે અને વીતરાગકૃત્ય ધર્મ છે, એ પ્રકારના શુદ્ધનયના અર્થમાં જ, બુદ્ધિમાનોએ=પંડિત પુરુષોએ, એકાંતબુદ્ધિ=એકાંત અભિનિવેશ, કરવો યોગ્ય નથી; કેમ કે એકનયના અભિનિવેશનું મિથ્યાત્વરૂપપણું છે.**

વળી એક નયનો અભિનિવેશ યુક્ત કેમ નથી ? તેમાં બીજો હેતુ ગ્રંથકારશ્રી કહે છે –

**अन्य......मूलोत्खननाच्च અને અન્યનયના વિચારથી=શુદ્ધનયના પ્રતિપક્ષ એવા અશુદ્ધનયના વિચારથી, તેના=શુદ્ધનયના, મૂળનું ઉત્ખનન છે.**

અહીં પ્રશ્ન થાય કે શુદ્ધનયના પ્રતિપક્ષ એવા અન્યનયના વિચારથી શુદ્ધનયના મૂળનું ઉત્ખનન કઈ રીતે થાય છે ? તેમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

"धम्मकंखिए ..... **अभ्युपगतत्वात्,** "ધર્મની કાંક્ષા માટે, પુણ્યની કાંક્ષા માટે" **ઈત્યાદિ ભગવતીના વચનમાં ધર્મ શ્રુતચારિત્રલક્ષણ છે, પુણ્ય તેના ફળભૂત=શ્રુતચારિત્રલક્ષણ ધર્મના ફળભૂત, શુભકર્મ છે, એ પ્રકારે વિવરણ કરતા વૃત્તિકાર વડે સાધનઈચ્છા અને ફલેચ્છાના ભેદથી=धम्मकंखिए માં સાધનઈચ્છાના અને पुण्णकंखिएમાં ફલેચ્છાના ભેદથી, ભેદ હોવા છતાં પણ શ્રુત-ચારિત્રભાવ અન્યતર અનુગત ક્રિયાઓનું ધર્મપણા વડે જ નિશ્ચયાંગ વ્યવહારનયથી અભ્યુપગતપણું સ્વીકાર્યું છે=શુદ્ધનયથી ઈતર એવા અશુદ્ધનયથી અભ્યુપગતપણું સ્વીકાર્યું છે.**

અહીં પ્રશ્ન થાય કે "धम्मकंखिए पुण्णकंखिए" ઇત્યાદિ પાઠમાં શ્રુત-ચારિત્રધર્મના ફળરૂપે સ્વર્ગના કારણભૂત એવા પુણ્યરૂપ ફળની ઇચ્છા કેમ બતાવી છે ? વસ્તુતઃ સાધુને મોક્ષાર્થે જ સંયમની ઇચ્છા કરવાની છે, એ પ્રકારની શંકાના નિવારણ અર્થે ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

**गुडजिह्विकया ..... अदोषत्वात्, ગુડજિહ્વિકાથી=ગુડજિહ્વિકાન્યાયથી, સ્વર્ગાદિ ઈચ્છાનું પણ ઉપેય એવા મોક્ષની ઈચ્છાનું અવ્યાઘાતકપણું હોવાને કારણે અદોષપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે મોક્ષની ઇચ્છાની અવ્યાઘાતક એવી સ્વર્ગની ઇચ્છાનું અદોષપણું કેમ છે ? તેથી કહે છે –

प्रयाणभङ्गाभावेन ..... योगमर्मविदः । **પ્રયાણભંગના અભાવને કારણે=મોક્ષ પ્રત્યેના પ્રયાણભંગનો સ્વર્ગમાં અભાવ હોવાને કારણે, નિશિસ્વાપ જેવો જ=રાત્રિમાં સૂવા જેવો જ, સમ્યગ્દૃષ્ટિનો સ્વર્ગલાભ છે, એ પ્રમાણે યોગના મર્મના જાણકારો કહે છે.**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં પૂર્વપક્ષીએ શંકા કરતાં કહ્યું કે પૂજા, દાન અને વાત્સલ્યાદિક સરાગકૃત્ય છે અને તપ-ચારિત્રાદિક વીતરાગ કૃત્ય છે. માટે સરાગકૃત્ય એવી પૂજાને અમે ધર્મ કહેતા નથી અને વીતરાગકૃત્ય એવા તપ-ચારિત્રને અમે ધર્મ કહીએ છીએ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂજા, દાનાદિક સરાગકૃત્ય છે અને તપ, ચારિત્રાદિક વીતરાગકૃત્ય છે, એ પ્રકારનું કથન શુદ્ધનયનું છે અર્થાત્ શુદ્ધનય જેમ આત્માના અને કર્મના મિશ્રભાવોને સ્વીકારતો નથી, પરંતુ શુદ્ધ આત્માના ભાવોને સ્વીકારે છે, તેમ મોહના ઉન્મૂલનને અનુકૂળ એવા વીતરાગભાવને અનુકૂળ તપ, ચારિત્રાદિકને ધર્મ કહે છે, અને પૂજા, દાનાદિક ક્રિયામાં વર્તતા રાગાંશને પૂજામાં વર્તતા ધર્માંશથી પૃથક્ કરીને પૂજા, દાનાદિકને પુણ્ય કહે છે. તેથી શુદ્ધનય પુણ્યાંશવાળી પૂજાની ક્રિયાને અને વીતરાગાંશવાળી તપ, ચારિત્રાદિક ક્રિયાને મિશ્રરૂપે સ્વીકારતો નથી, તોપણ બુદ્ધિમાન પુરુષોએ શુદ્ધનયના અર્થમાં જ એકાંતે અભિનિવેશ કરવો યોગ્ય નથી; કેમ કે એક નયનો અભિનિવેશ મિથ્યાત્વરૂપ છે.

આનાથી એ ફલિત થાય છે કે શાસ્ત્રવાર્તાસમુચ્ચય ગ્રંથમાં પૂ. આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે (૧) સંજ્ઞાનયોગલક્ષણ અને (૨) પુણ્યલક્ષણ, બે પ્રકારનો ધર્મ કહીને સરાગઅંશને સ્પર્શનારા ક્રિયાયોગને પુણ્યરૂપે સ્વીકાર્યો અને વીતરાગઅંશને સ્પર્શનારા જ્ઞાનયોગને ધર્મરૂપે સ્વીકાર્યો તે શુદ્ધનયને આશ્રયીને છે. પરંતુ અશુદ્ધનયને આશ્રયીને વિચારીએ તો જેમ તપ, ચારિત્રાદિકમાં વીતરાગગામી ઉપયોગને આશ્રયીને જ્ઞાનયોગ છે, તેમ તપ, ચારિત્રકાળમાં વર્તતા વીતરાગના વચન પ્રત્યેના રાગાંશને સામે રાખીને વિચારીએ તો તે સરાગકૃત્ય છે. તેમ પૂજા, દાનાદિ ક્રિયા પણ વીતરાગગામી ઉપયોગને આશ્રયીને જ્ઞાનયોગરૂપ છે અને વીતરાગ પ્રત્યેના રાગાંશને સામે રાખીને વિચારીએ તો સરાગકૃત્ય છે. આમ છતાં પૂજા, દાનાદિકમાં સરાગઅંશની પ્રધાનતા છે, તેને આશ્રયીને શુદ્ધનય, પૂજા, દાનાદિકને સરાગકર્મ કહે છે, અને તપ, ચારિત્રાદિકમાં વીતરાગ અંશની પ્રધાનતા છે, તેને આશ્રયીને તપ, ચારિત્રાદિકને વીતરાગકર્મ કહે છે; તોપણ મિશ્રનયથી જેમ પૂજા, દાનાદિકમાં મિશ્રભાવ છે, તેમ તપ, ચારિત્રાદિકમાં પણ મિશ્રભાવ છે. માટે શુદ્ધનયમાં એકાંત અભિનિવેશ કરવો જોઈએ નહિ; કેમ કે એકાંત અભિનિવેશ મિથ્યાત્વરૂપ છે.

એક નયમાં એકાંત અભિનિવેશ કેમ કરવો જોઈએ નહિ ? તેમાં અન્ય યુક્તિ આપતાં ગ્રંથકારશ્રી કહે છે -

અન્ય નયના વિચાર દ્વારા તે એક નયના વિચારના મૂળનું ઉત્ખનન થાય છે.

આશય એ છે કે શુદ્ધનયથી સરાગકૃત્યને પુણ્ય કહીએ અને વીતરાગકૃત્યને ધર્મ કહીએ તે વચન શુદ્ધનયથી યથાર્થ હોવા છતાં મિશ્રનયથી વિચારણા કરવામાં આવે ત્યારે તે સરાગકૃત્ય પણ કોઈક અંશથી

વીતરાગકૃત્યરૂપે જણાય છે, અને તે વીતરાગકૃત્ય પણ કોઈક અંશથી સરાગકૃત્યરૂપે જણાય છે. તેથી સરાગકૃત્યને કે વીતરાગકૃત્યને મિશ્રનયથી ધર્મરૂપે પણ કહી શકાય અને પુણ્યરૂપે પણ કહી શકાય. તેથી શુદ્ધનયના અભિનિવેશથી સ્વીકારાયેલા વચનના મૂળનું ઉત્ખનન નિશ્ચયનયના અંગભૂત એવા વ્યવહારનયથી થાય છે.

એક નયના અભિનિવેશનું અન્ય નયની વિચારણા દ્વારા મૂળથી ઉત્ખનન કેમ થાય છે ? તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે –

"धम्मकंखिए पुण्णकंखिए" ઇત્યાદિ ભગવતીસૂત્રના વચનમાં શ્રુત, ચારિત્રરૂપ ધર્મને સ્વીકાર્યો અને તેનું ફળ શુભકર્મરૂપ પુણ્ય છે, તેમ બતાવ્યું. આથી જ વૃત્તિકારે કહ્યું કે धम्मकंखिएમાં સાધનની ઇચ્છા છે અને पुण्णकंखिएમાં તેના ફળભૂત શુભકર્મની ઇચ્છા છે.

આનાથી એ ફલિત થયું કે જે શ્રુત, ચારિત્રરૂપ ધર્મ પુણ્યફળવાળો છે, તે પુણ્યફળવાળા શ્રુત, ચારિત્રરૂપ ધર્મને શુદ્ધનયની દૃષ્ટિથી ધર્મ કહી શકાય નહિ; કેમ કે શુદ્ધનય વીતરાગકર્મને જ ધર્મ સ્વીકારે છે. આમ છતાં શુદ્ધનયરૂપ જે નિશ્ચયનય, તેના અંગભૂત એવો જે વ્યવહારનય તે વ્યવહારનય અશુદ્ધનય છે, અને શ્રુત, ચારિત્રનું ફળ પુણ્ય છે, તે ફળને આપનાર એવા તેના સાધનભૂત શ્રુત-ચારિત્રને પુણ્યકર્મ ન કહેતાં તે અશુદ્ધનય ધર્મકૃત્ય કહે છે. આથી 'धम्मकंखिए'માં પુણ્યના સાધન એવા શ્રુત-ચારિત્રની ઇચ્છા કરી અને 'पुण्णकंखिए'માં તે ધર્મના ફળરૂપ પુણ્યની ઇચ્છા કરી. તેથી ફલિત થાય છે કે પુણ્યબંધના કારણભૂત એવા પણ શ્રુત-ચારિત્રને ધર્મકૃત્ય કહી શકાય. આથી ભગવાનની પૂજા પુણ્યફળવાળી હોય તોપણ ધર્મકૃત્ય કહી શકાય, અને શ્રુત, ચારિત્ર પણ પુણ્યફળવાળું હોય તોપણ ધર્મકૃત્ય કહી શકાય; અને શુદ્ધનયથી વિચારીએ તો જેમ પુણ્યફળવાળી પૂજા ધર્મ ન કહી શકાય, પણ પુણ્યકર્મ કહી શકાય, તેમ જે શ્રુત, ચારિત્રની ક્રિયા પુણ્યફળવાળી હોય તેને ધર્મ ન કહી શકાય, પરંતુ પુણ્યકર્મ કહી શકાય. આમ છતાં અશુદ્ધનય તેને ધર્મરૂપે સ્વીકારે છે, માટે એક નયના અભિનિવેશનું અન્ય નયની વિચારણાથી ઉત્ખનન થાય છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવતીના પાઠમાં ધર્મની કાંક્ષા અને તેના ફળરૂપ પુણ્યની કાંક્ષા બતાવી, અને ઇત્યાદિ શબ્દથી સ્વર્ગની કાંક્ષા અને મોક્ષની કાંક્ષા ભગવતીમાં બતાવી છે. તેથી શ્રુત, ચારિત્ર ધર્મ પાળનારાને તેના ફળરૂપે પુણ્યની કાંક્ષા અને પુણ્યની કાંક્ષાના ફળરૂપે સ્વર્ગની કાંક્ષા કરવાનું કેમ કહ્યું ? વસ્તુતઃ આત્મકલ્યાણ અર્થે મોક્ષની કાંક્ષા કરવી જોઈએ, અને મોક્ષના ઉપાયરૂપે નિર્જરાની કાંક્ષા કરવી જોઈએ, એમ કહેવું જોઈએ. તેના બદલે શ્રુત, ચારિત્રધર્મના સેવનના ફળરૂપે પુણ્યની કાંક્ષા અને સ્વર્ગની કાંક્ષા કેમ બતાવી ? તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

જેમ કટુ ઔષધ હોય તો બાળક પીવા તૈયાર ન થાય ત્યારે પ્રથમ તેને ગોળ આપવામાં આવે, અને પછી કહેવામાં આવે કે ફરી તને ગોળ આપું છું, તેથી તે મોઢું ઉઘાડે ત્યારે ગોળના સ્થાને કટુ ઔષધ તેને પીવડાવવામાં આવે, ત્યારે ગુડજિહ્વિકા ન્યાયનો પ્રયોગ કરાય છે. તેમ મોક્ષના અર્થી જીવોને મોક્ષનો

ઉપાય અસંગભાવ છે, તેમ બતાવવામાં આવે ત્યારે, ભાવથી સર્વથા સંગ વગરના પરિણામમાં હું યત્ન કરી શકું તેમ નથી, એવું જણાવાથી મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ માટે તેઓ અસમર્થ બને છે. તે વખતે તેઓને કહેવામાં આવે કે સંગ કરવાની જે પ્રવૃત્તિ છે, તેનો ત્યાગ કરવો અશક્ય જણાય ત્યારે ઉત્તમ પુરુષોનો સંગ કરવો જેનાથી પુણ્ય બંધાશે, તે પુણ્યના બળથી સ્વર્ગાદિની પ્રાપ્તિ થશે, અને સ્વર્ગમાં જઈને પણ યોગમાર્ગના સેવનની શક્તિનો સંચય થશે. તેથી સંચિત શક્તિવાળા થઈને તમે યોગમાર્ગને પ્રાપ્ત કરશો ત્યારે અશક્ય એવું પણ અસંગઅનુષ્ઠાનનું પાલન થશે અને તેના ફળરૂપે મોક્ષની પ્રાપ્તિ થશે. આવા જીવો શ્રુત, ચારિત્રરૂપ ધર્મની કાંક્ષા કરીને તેના ફળરૂપે શુભ કર્મની કાંક્ષા કરે છે, અને તેના ફળરૂપે સ્વર્ગની કાંક્ષા કરીને તે સ્વર્ગની કાંક્ષા દ્વારા સ્વર્ગને પ્રાપ્ત કરીને સ્વર્ગમાં રહીને પણ મોક્ષની ઇચ્છાનો વ્યાઘાત ન થાય તે રીતે સ્વભૂમિકા અનુસાર ધર્મને સેવીને મનુષ્યભવની પ્રાપ્તિ કરે છે, અને મનુષ્યભવમાં ઉત્તમ સંયમ પાળીને ક્રમે કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે, તેથી ઉપેય એવા મોક્ષની ઇચ્છાની અવ્યાઘાતક એવી સ્વર્ગાદિની ઇચ્છાનું ગુડજિહ્વિકા ન્યાયથી અદોષપણું છે.

અહીં પ્રશ્ન થાય કે કેવલ મોક્ષની ઇચ્છા કરવાને બદલે ગુડજિહ્વિકા ન્યાયથી સ્વર્ગાદિની ઇચ્છા કેમ કરવામાં આવે છે ? તેથી કહે છે –

અસંગભાવમાં યત્ન કરવાની શક્તિનો અભાવ હોવાને કારણે અસંગભાવની પ્રાપ્તિના કારણીભૂત વીતરાગ પ્રત્યે મહાત્માઓ રાગ કેળવે છે અને તે સંગનો પરિણામ સ્વર્ગનું કારણ છે તેમ જાણે છે; છતાં તેનાથી પ્રાપ્ત થયેલ સ્વર્ગ જ અસંગભાવની શક્તિનું સામર્થ્ય પ્રદાન કરશે, એથી સ્વર્ગાદિની ઇચ્છાથી ધર્મ કરીને મહાત્માઓ સ્વર્ગમાં જાય છે ત્યારે મોક્ષના પ્રયાણનો ભંગ થતો નથી, પરંતુ જેમ કોઈ નગરમાં જનાર મુસાફર શરીરથી શ્રાંત થઈ જાય ત્યારે કોઈ સ્થાનમાં રાત્રે સૂઈ જઈને શક્તિનો સંચય થયા પછી ઉત્તરમાં અધિક વેગથી ઇષ્ટ નગર તરફ જાય છે, અને રાત્રિમાં નિદ્રા ન કરવામાં આવે તો આગળની ચાલવાની ગતિ સમ્યક્ થઈ શકતી નથી તેથી પ્રયાણ અટકી પડે છે; તેમ જે સાધુઓ અસંગની ભૂમિકામાં જવાની ઇચ્છાવાળા છે, પરંતુ વિશેષ શક્તિનો સંચય થયો નથી, તેથી વિશેષ શક્તિના સંચય અર્થે સ્વર્ગમાં જાય ત્યારે ચારિત્રની ક્રિયારૂપ યોગમાર્ગની પ્રવૃત્તિ નથી, તોપણ યોગમાર્ગના પ્રયાણના ભંગનો અભાવ છે; કેમ કે યોગમાર્ગના પ્રયાણની શક્તિના સંચય અર્થે દેવભવમાં શ્રુતની ભક્તિ, સંયમીઓની ભક્તિ કે ભગવાનની ભક્તિ કરીને તે દેવો પૂર્વ કરતાં અધિક શક્તિનો સંચય કરે છે, તેથી ઉત્તરના મનુષ્યભવમાં અધિક વેગથી મોક્ષને અનુકૂળ અસંગભાવ તરફ જવા માટે ઉદ્યમ કરશે, તેથી તે મહાત્માઓને સ્વર્ગમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ હોવાથી નિશિસ્વાપ જેવો તેઓનો સ્વર્ગનો લાભ છે અર્થાત્ મોક્ષની શક્તિમાં સહાયક બને તેવો સ્વર્ગનો લાભ છે, એમ યોગના જાણનારાઓ કહે છે.

અહીં વિશેષ એ છે કે નિશ્ચયનય મોક્ષને અનુકૂળ એવા વીતરાગભાવને સ્પર્શનારા ઉપયોગને ધર્મ કહે છે, અને તે ઉપયોગની પ્રાપ્તિનું કારણ બને એવી દૃઢ યત્નથી કરાતી ક્રિયાઓને નિશ્ચયાંગ વ્યવહારનય ધર્મરૂપે સ્વીકારે છે, તેથી નિશ્ચયાંગ વ્યવહારનયથી શ્રુત-ચારિત્રભાવને અનુગત એવી ક્રિયાઓને અહીં ધર્મરૂપે કહેલ છે.

વળી નિશ્ચયાંગ વ્યવહારનયથી કરાતી ક્રિયાઓમાં નિશ્ચયનયને અભિમત એવો વીતરાગભાવ ઉલ્લસિત થાય છે અને ક્રિયાકાળમાં તે વીતરાગભાવ પ્રત્યે પણ રાગાંશ વર્તે છે, તેથી તે ક્રિયાઓ પુણ્યબંધનું કારણ છે, તોપણ નિશ્ચયાંગ વ્યવહારનય તેને ધર્મરૂપે કહે છે; અને તે ક્રિયાકાળમાં નિશ્ચયને અભિમત એવો વીતરાગભાવને સ્પર્શનારો ઉપયોગ એ મોક્ષ પ્રત્યે કારણ છે, તેથી નિશ્ચયનય તે ઉપયોગને ધર્મ કહે છે, પરંતુ નિશ્ચયાંગ વ્યવહારનયને અભિમત એવી ક્રિયાને નિશ્ચયનય ધર્મ કહેતો નથી. વળી, નિશ્ચયનય સાપેક્ષ એવો વ્યવહારનય દૂરવર્તી પણ વીતરાગતાનું કારણ બને તેવી ક્રિયાને ધર્મ કહે છે અને નિશ્ચયાંગ વ્યવહારનય શાસ્ત્રવિધિથી નિયંત્રિત ક્રિયાને ધર્મ કહે છે, તેથી નિશ્ચયાંગ વ્યવહારનય જે ક્રિયા, ક્રિયાથી નિષ્પાદ્ય એવા વીતરાગભાવને અવશ્ય સ્પર્શે છે, તે ક્રિયાને ધર્મ કહે છે.

**ઉત્થાન :-**

શ્લોકના પ્રથમ બે પાદનો અર્થ કર્યા પછી શ્લોકના ત્રીજા-ચોથા પાદનું ઉત્થાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

**यदि च उक्तनिश्चय एव रुचिः, सापि न युक्ता, हि=यतः, तस्मात्=उक्तावान्तरनिश्चयात्, शुद्धतरो=अतिशुद्धो, नयो निश्चयः (निश्चयनयः), चतुर्दशगुणस्थाने तच्चरमसमय इत्यर्थः किं धर्मं न ब्रूते ? ब्रूत एव, तथा चैकान्ताभिनिवेशे ततोऽर्वाक् सर्वत्राप्यधर्मः स्यात्, स चानिष्टस्तवापीति भावः । शुद्धनिश्चयाभिमतधर्माङ्गभावेन प्रागपि धर्मं व्यवहारनयेनाभ्युपगच्छामः** "सो उभयक्खयहेऊ सेलेसीचरमसमयभावी जो । सेसो पुण णिच्छयओ तस्सेव पसाहगो भणिओ" **[धर्मसंग्रहणि-गा.-२६] त्ति धर्मसङ्ग्रहणिप्रतीकपर्यालोचनादिति चेत् ? तर्हि त्यक्तस्त्वया एकान्ताभिनिवेशः, आयातोऽसि मार्गेण, प्रतिपद्यस्व द्रव्यस्तवेऽपि निश्चयधर्मप्रसाधकतया व्यवहारधर्मत्वम् । माभूत् तव भ्रान्तिकृद् दूरासन्नादिभावः, प्रस्थकादिदृष्टान्तभावितविचित्रनैगमनयप्रवृत्तेरत्राश्वासहेतुत्वात् । तदाह-तदङ्गतां तु विशुद्धनिश्चयाभिमतधर्माङ्गतामधिकृते द्रव्यस्तवेऽपि अभ्रान्तं=भ्रान्तिरहितमीक्षामहेऽतो विशेषदर्शिनामस्माकं वचनेनैव त्वयैतत् तत्त्वं श्रद्धेयमित्युपदेशे तात्पर्यम् ।**

**ટીકાર્થ :-**

**यदि च ..... ब्रूत एवः, અને જો ઉક્ત નિશ્ચયમાં જ=પૂર્વમાં કહેવાયેલા શુદ્ધ નિશ્ચયનયમાં જ, રુચિ છે, તો તે પણ યુક્ત નથી. જે કારણથી તેનાથી=ઉક્ત એવા અવાંતર નિશ્ચયથી=આગળમાં શુદ્ધતર નિશ્ચયનય કહેવાશે તે નિશ્ચયનયના અવાંતર એવા પૂર્વમાં કહેવાયેલા શુદ્ધ નિશ્ચયનયથી, શુદ્ધતર=અતિશુદ્ધ, એવો નિશ્ચયનય ચૌદમા ગુણસ્થાનકમાં=ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં, શું ધર્મ નથી કહેતો ? અર્થાત્ ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં ધર્મ કહે જ છે.**

तथा च ..... इति भावः । અને તે રીતે=શુદ્ધતર નિશ્ચયનય ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં ધર્મ કહે છે તે રીતે, એકાંત અભિનિવેશમાં, તેનાથી પૂર્વે=ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયથી પૂર્વે, સર્વત્ર પણ અધર્મ થાય, અને તે=સર્વત્ર અધર્મ થાય તે, તને પણ ઈષ્ટ નથી=પૂજામાં પુણ્ય કહીને પૂજાને અધર્મ કહે છે અને ચારિત્રને ધર્મ કહે છે, એ પ્રકારે ધર્માધર્મની વ્યવસ્થા કરનાર પૂર્વપક્ષી એવા તને પણ, ઈષ્ટ નથી એ પ્રકારે ભાવ છે.

शुद्धनिश्चयाभिमत ..... इति चेत् ? શુદ્ધ નિશ્ચયનયને અભિમત એવા ધર્મના અંગભાવથી=ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે ધર્મ સ્વીકારનાર એવા શુદ્ધ નિશ્ચયનયને અભિમત ચૌદમા ગુણસ્થાનકના ચરમ ક્ષણરૂપ જે ધર્મ તેના કારણભાવથી, પૂર્વમાં પણ=ચૌદમા ગુણસ્થાનકની ચરમ ક્ષણની પૂર્વમાં પણ, વ્યવહારનયથી ધર્મને અમે સ્વીકારીએ છીએ; કેમ કે "सो उभयक्खयहेऊ थी भणिओ" એ પ્રકારે ધર્મસંગ્રહણીના પ્રતીકનું=શ્લોકનું પર્યાલોચન છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે, તો તેને ગ્રંથકારશ્રી કહે છે –

तर्हि ..... व्यवहारधर्मत्वम् । તો તારા વડે એકાંત અભિનિવેશ ત્યાગ કરાયો, તું માર્ગમાં આવેલો છે. નિશ્ચય ધર્મના પ્રસાધકપણાથી=પૂર્વપક્ષીએ સ્થાપન કરેલ કે વીતરાગકૃત્ય ધર્મ માટે છે એ પ્રકારના શુદ્ધ નયરૂપ નિશ્ચયનયને અભિમત એવા ધર્મના પ્રસાધકપણાથી, દ્રવ્યસ્તવમાં પણ વ્યવહારધર્મપણાને તું સ્વીકાર.

પૂર્વમાં ધર્મસંગ્રહણીની જે સાક્ષી આપી તેનો અર્થ આ પ્રમાણે છે –

"सो ..... भणिओ ।।" તે ઉભય ક્ષયનો=ધર્મ-અધર્મ ઉભય ક્ષયનો, હેતુ છે, જે શૈલેશીના ચરમસમયભાવી છે. વળી શેષ=ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયની પૂર્વનો ધર્મ નિશ્ચયથી=નક્કી, તેનો જ=ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં વર્તતા ધર્મનો જ, પ્રસાધક કહેવાયો છે.

मा भूत् ..... आश्वासहेतुत्वात् । દૂર-આસન્નાદિ ભાવ=તપ-ચારિત્રમાં ચૌદમા ગુણસ્થાનકના ચરમસમયભાવી ધર્મનો આસન્નભાવ છે, અને દ્રવ્યસ્તવમાં ચૌદમા ગુણસ્થાનકના ચરમસમયભાવી ધર્મનો દૂરભાવ છે, તે તને ભ્રાંતિને કરનારો ન થાઓ=તપ-ચારિત્રમાં ચૌદમા ગુણસ્થાનકના ચરમસમયભાવી ધર્મનો આસન્નભાવ છે માટે તેને ધર્મ કહી શકાય, અને દ્રવ્યસ્તવમાં ચૌદમા ગુણસ્થાનકના ચરમસમયભાવી ધર્મનો દૂરભાવ છે, માટે તેને ધર્મ ન કહી શકાય, એ પ્રકારની ભ્રાંતિને કરનારો ન થાઓ; કેમ કે પ્રસ્થકાદિ દૃષ્ટાંતથી ભાવિત એવા વિચિત્ર નૈગમનયની પ્રવૃત્તિનું આમાં=દ્રવ્યસ્તવને ધર્મ સ્વીકારવામાં, આશ્વાસનું હેતુપણું છે.

तदाह - તેને=દૂર-આસન્નાદિ ભાવ પૂર્વપક્ષીને ભ્રાંતિ કરનાર ન થાઓ તેને, શ્લોકના ચોથા પાદમાં કહે છે –

तदङ्गतां ..... तात्पर्यम् । વળી તેની અંગતાને=વિશુદ્ધ નિશ્ચયનયને અભિમત એવા ધર્મની અંગતાને, અધિકૃતમાં પણ=અધિકૃત એવા દ્રવ્યસ્તવમાં પણ, અભ્રાંત=ભ્રાંતિરહિત, અમે જોઈએ

**છીએ. આથી વિશેષદર્શી એવા અમારા વચનથી જ તારા વડે આ તત્ત્વ શ્રદ્ધેય છે=દ્રવ્યસ્તવમાં ધર્માંગતા છે એ તત્ત્વ શ્રદ્ધેય છે, એ પ્રકારે ઉપદેશમાં તાત્પર્ય છે=પ્રસ્તુત શ્લોકમાં કહેલ तदङ्गतां થી ईक्षामहे સુધીના કથનનું તાત્પર્ય છે.**

**ભાવાર્થ :-**

શ્લોકના પ્રથમ અને દ્વિતીય પાદથી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે શુદ્ધનયમાં એકાંત બુદ્ધિ કરવી ઉચિત નથી. હવે તે કથનને પુષ્ટ કરવા અર્થે શ્લોકના ત્રીજા અને ચોથા પાદનું ઉત્થાન કરતાં કહે છે –

જો ઉક્ત નિશ્ચયમાં જ તને=પૂર્વપક્ષીને, રુચિ છે, તો તે પણ યુક્ત નથી અર્થાત્ વીતરાગકર્મને ધર્મ સ્વીકારવો અને સરાગકર્મને પુણ્ય સ્વીકારવું, એ પ્રકારના વચનને કહેનાર શુદ્ધ નિશ્ચયમાં જ પૂર્વપક્ષીને રુચિ છે, અને તેમ સ્વીકારીને તપ-ચારિત્રને ધર્મકૃત્ય કહેવું અને દ્રવ્યસ્તવને પુણ્યકૃત્ય કહેવું એ પ્રકારની જે પૂર્વપક્ષીની રુચિ છે, તે પણ યુક્ત નથી.

કેમ યુક્ત નથી ? તે શ્લોકના ત્રીજા અને ચોથા પાદથી બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

જે કારણથી આગળમાં કહેવાશે તે શુદ્ધતર નિશ્ચયનયનો=ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં ધર્મ સ્વીકારનાર એવા શુદ્ધતર નિશ્ચયનયનો, અવાંતર એવો આ શુદ્ધ નિશ્ચયનય છે=પૂર્વપક્ષીને અભિમત એવો આ શુદ્ધ નિશ્ચયનય છે; કેમ કે શુદ્ધતર નિશ્ચયનય અક્ષેપફલસાધક નિશ્ચયનય છે અને પૂર્વપક્ષીએ સ્વીકારેલ નિયમફલસાધક નિશ્ચયનય છે તેથી અવાંતર એવો શુદ્ધનિશ્ચયનય છે. અને પૂર્વપક્ષીને અભિમત એવા આ શુદ્ધ નિશ્ચયનયથી જે શુદ્ધતર નિશ્ચયનય છે, તે ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં જ ધર્મ કહે છે; અને પૂર્વપક્ષી શુદ્ધ નિશ્ચયનયનો એકાંત અભિનિવેશ કરીને તપ અને ચારિત્રની ક્રિયાને ધર્મ કહે છે અને દ્રવ્યસ્તવને અધર્મ કહે છે, તેમ સ્વીકારવામાં આવે, તો શુદ્ધતર નિશ્ચયનયનો એકાંત અભિનિવેશ કરીને ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં જ ધર્મ સ્વીકારવો પડે, અને ચૌદમા ગુણસ્થાનકની પૂર્વના ધર્મને અધર્મ કહેવો પડે; અને તેમ સ્વીકારીએ તો પૂર્વપક્ષીને અભિમત એવા તપ-ચારિત્ર પણ અધર્મરૂપે સિદ્ધ થાય; અને તપ-ચારિત્ર અધર્મરૂપે સિદ્ધ થાય તે પૂર્વપક્ષીને પણ અભિમત નથી. તેથી એ ફલિત થાય કે શુદ્ધતર નિશ્ચયનયનો એકાંત અભિનિવેશ ઇષ્ટ નથી, તેમ શુદ્ધ નિશ્ચયનયનો પણ એકાંત અભિનિવેશ ઇષ્ટ નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે ધર્મ સ્વીકારનાર જે શુદ્ધતર નિશ્ચયનય છે, તે શુદ્ધતર નિશ્ચયનયને અભિમત જે ચૌદમા ગુણસ્થાનકે ધર્મ છે, તે ધર્મનું કારણ એવો ધર્મ પૂર્વમાં છે. તેથી વ્યવહારનયને આશ્રયીને ચૌદમા ગુણસ્થાનકની ચરમ ક્ષણની પૂર્વમાં પણ અમે ધર્મ સ્વીકારીએ છીએ. તેથી નિશ્ચયનયથી ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં ધર્મ છે, અને તપ-ચારિત્રાદિકમાં વ્યવહારનયથી અમે ધર્મ સ્વીકારીએ છીએ; અને તેમાં સાક્ષીરૂપે પૂર્વપક્ષી ધર્મસંગ્રહણીનું सो उभयक्खयहेऊ ..... વચન આપે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ રીતે પૂર્વપક્ષી શુદ્ધતર નિશ્ચયનયથી ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે ધર્મ સ્વીકારે, અને તેની પૂર્વે વ્યવહારનયથી ધર્મ સ્વીકારે, અને તેમ સ્વીકારીને તપ અને ચારિત્રાદિકમાં ધર્મનું સ્થાપન કરે, તો પૂર્વપક્ષી નિશ્ચયનય અને તેના પ્રતિપક્ષ એવા વ્યવહારનયને સ્વીકારીને ઉભયનયને સ્વીકારે છે. તેથી સ્યાદ્વાદને સ્વીકારીને પૂર્વપક્ષીએ માર્ગનો સ્વીકાર કર્યો છે. તેથી એકાંત અભિનિવેશનો ત્યાગ થવાથી તે માર્ગને પામેલો છે. તેથી જેમ શુદ્ધતર નિશ્ચયનયના એકાંત અભિનિવેશનો પૂર્વપક્ષીએ ત્યાગ કર્યો; તેમ શુદ્ધ નિશ્ચયનયના એકાંત અભિનિવેશનો પણ તેણે ત્યાગ કરવો જોઈએ, અને શુદ્ધ નિશ્ચયનયને અભિમત એવા તપ-ચારિત્રરૂપ ધર્મનો પ્રસાધક એવો વ્યવહારધર્મ દ્રવ્યસ્તવમાં પણ તેણે સ્વીકારવો જોઈએ.

આશય એ છે કે દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ છે, અને ભાવસ્તવ તપ-ચારિત્રરૂપ છે. તેથી શુદ્ધનયને આશ્રયીને પૂર્વપક્ષી તપ-ચારિત્રને ધર્મરૂપે સ્વીકારે છે, તો તેના કારણરૂપ દ્રવ્યસ્તવમાં પણ વ્યવહારનયથી પૂર્વપક્ષીએ ધર્મ સ્વીકારવો જોઈએ.

શ્લોકના ચોથા પાદના અવશિષ્ટ અંશનું ઉત્થાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે જેમ શુદ્ધતર નિશ્ચયનય ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે ધર્મ કહે છે, અને તેની પૂર્વે વ્યવહારનય ધર્મ કહે છે, ત્યાં પૂર્વપક્ષીને ભ્રમ થાય કે ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં જે ધર્મ છે તેનો આસન્નભાવ વીતરાગકૃત્ય રૂપ તપ-ચારિત્રમાં છે. જ્યારે સરાગકૃત્ય એવા દ્રવ્યસ્તવમાં તો તેનો દૂરવર્તી ભાવ છે. તેથી દૂરવર્તી એવા દ્રવ્યસ્તવમાં ધર્મ કઈ રીતે સ્વીકારી શકાય ? તે ભ્રમના નિરાકરણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે -

દૂર-આસન્નાદિ ભાવ તને ભ્રાંતિ કરનારો ન થાઓ; કેમ કે પ્રસ્થકાદિ દૃષ્ટાંતથી ભાવિત એવો વિચિત્ર નૈગમનય દ્રવ્યસ્તવમાં પણ ધર્મ સ્વીકારે છે.

આશય એ છે કે ચૌદમા ગુણસ્થાનકની ચરમ ક્ષણમાં આત્મા સંપૂર્ણ આત્મભાવમાં સ્થિર છે, તેથી ચૌદમા ગુણસ્થાનકની ચરમ ક્ષણ મોક્ષ પ્રત્યે કારણ છે; અને તેની પૂર્વે વીતરાગકૃત્યમાં પણ આત્મા વીતરાગરૂપ આત્મભાવમાં સ્થિર છે, અને તે વીતરાગકૃત્ય દ્વારા આત્મભાવની સ્થિરતા પ્રકર્ષને પામીને ક્ષાયિક વીતરાગતાને પ્રાપ્ત કરશે, અને ક્ષાયિક વીતરાગતાથી કેવલજ્ઞાન થશે, અને તે કેવલજ્ઞાનના બળથી કેવલી યોગનિરોધ કરીને પૂર્ણ આત્મભાવમાં વિશ્રાંત થશે. તેથી ચૌદમા ગુણસ્થાનકની ચરમ ક્ષણની કારણતા વીતરાગભાવરૂપ કૃત્યમાં આસન્નભાવરૂપે છે, તેથી વ્યવહારનય તે કૃત્યમાં ધર્મ સ્વીકારે છે, આમ છતાં પ્રસ્થક દૃષ્ટાંતથી ભાવિત એવો વિચિત્ર નૈગમનય તેની પૂર્વમાં પણ ધર્મ સ્વીકારે છે.

જેમ કોઈ પુરુષ પ્રસ્થક બનાવવા માટે લાકડાને ગ્રહણ કરીને તેનું છેદન આદિ કરતો હોય ત્યારે તેને પૂછવામાં આવે કે તું શું કરે છે ? તો વ્યવહારનયથી તે પુરુષ કહે કે હું પ્રસ્થક કરું છું. પરંતુ કોઈ અન્ય પુરુષ પ્રસ્થક બનાવવાના ઉદ્દેશથી કુહાડો લઈને જંગલમાં જતો હોય ત્યારે તેને પૂછવામાં આવે કે તું શું કરે છે ? તો તે પુરુષ વ્યવહારનયની દૃષ્ટિથી હું પ્રસ્થક માટે લાકડું કાપવા જાઉં છું, તેમ કહે છે, પણ હું પ્રસ્થક બનાવું છું તેમ કહેતો નથી; પરંતુ નૈગમનયની દૃષ્ટિથી વ્યુત્પન્ન પુરુષ કુહાડો લઈને લાકડું કાપવા જતો

હોય ત્યારે પણ કહે છે કે હું પ્રસ્થક કરું છું. તેથી એ ફલિત થાય છે કે પ્રસ્થક માટેની દૂરવર્તી ક્રિયામાં પણ નૈગમનય હું પ્રસ્થક કરું છું તેમ સ્વીકારે છે.

તેમ પૂર્ણ આત્મભાવમાં વિશ્રાંતિપૂર્વક મોક્ષનું અવ્યવધાન ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં છે, તેથી તેની પૂર્વે વીતરાગભાવના કૃત્યકાળમાં પૂર્ણ આત્મભાવની વિશ્રાંતિને અનુકૂળ વ્યાપાર હોવાથી વ્યવહારનય ત્યાં ધર્મ સ્વીકારે છે; અને વીતરાગભાવના કૃત્યનું કારણ દ્રવ્યસ્તવ છે, તેથી નૈગમનય દૂરવર્તી એવા પણ દ્રવ્યસ્તવને ચૌદમા ગુણસ્થાનકની ચરમક્ષણનું કારણ સ્વીકારીને દ્રવ્યસ્તવમાં પણ ધર્મ કહે છે. એ પ્રકારે શ્લોકના ચરમપાદથી બતાવવા અર્થે કહે છે –

વિશુદ્ધ નિશ્ચયનયને અભિમત જે ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં ધર્મ છે, તેની અંગતા દ્રવ્યસ્તવમાં પણ અભ્રાંત અમે જોઈએ છીએ. આથી પૂર્વપક્ષી જે જોઈ શકતો નથી, એ પ્રકારના વિશેષને જોનારા અમે છીએ. તેથી વિશેષદર્શી એવા અમારા વચનથી જ તારે પણ આ તત્ત્વ સ્વીકારવું જોઈએ, એ પ્રકારના ઉપદેશમાં ગ્રંથકારશ્રીનું તાત્પર્ય છે.

આશય એ છે કે જેમ ગ્રંથકારશ્રી નિશ્ચય અને વ્યવહાર ઉભય સ્વીકારે છે, તેમ પૂર્વપક્ષીએ પણ એકાંત અભિનિવેશનો ત્યાગ કરીને નિશ્ચય અને વ્યવહાર ઉભયનો સ્વીકાર કર્યો. આમ છતાં શુદ્ધ ધર્મથી અતિ દૂર દ્રવ્યસ્તવ છે, તેથી દ્રવ્યસ્તવમાં શુદ્ધધર્મની અંગતા પૂર્વપક્ષીને દેખાય નહિ, તેવી સંભાવના છે; કેમ કે પૂર્વપક્ષી દ્રવ્યસ્તવને પુણ્યકૃત્ય સ્વીકારે છે, ધર્મરૂપ સ્વીકારનો નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

અમે નૈગમનયની દૃષ્ટિથી દૂરવર્તી એવા દ્રવ્યસ્તવમાં પણ નિશ્ચયનયના ધર્મની અંગતાને જોનારા છીએ. તેથી વિશેષદર્શી એવા અમારા વચનથી તારે પણ એ પ્રકારનું તત્ત્વ સ્વીકારવું જોઈએ, અને વિચારવું જોઈએ કે જેમ સરાગચારિત્ર ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને શૈલેશીથી ચરમ ક્ષણનું કારણ છે, તેમ દ્રવ્યસ્તવ પણ વીતરાગ પ્રત્યેની ભક્તિથી યુક્ત હોવાને કારણે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને શૈલેશીથી ચરમ ક્ષણનું કારણ છે. એ પ્રકારના તત્ત્વની પૂર્વપક્ષીએ શ્રદ્ધા કરવી જોઈએ, એમ ગ્રંથકારશ્રી કહે છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે શુદ્ધતર નિશ્ચયનય શૈલેશીના ચરમ સમયે ધર્મ સ્વીકારે છે, અને તેની પૂર્વે વ્યવહારનય ધર્મ સ્વીકારે છે. તે શુદ્ધતર નિશ્ચયનય કેવા સ્વરૂપવાળો છે, તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

**अयं च निश्चयनयः परिणतिरूपभावग्राहककाष्ठाप्राप्तैवंभूतरूपो येन शैलेशीचरमक्षणे शुद्धो धर्म उच्यते, अर्वाक् तु तदङ्गतया व्यवहारात्, कुर्वद्रूपत्वेन हेतुताभ्युपगमश्चास्य ऋजुसूत्रतरुप्रशाखा-रूपत्वात् । आह च गन्धहस्ती** "मूलणिमेणं पज्जवणयस्स उज्जुसुअवयणविच्छेओ । तस्स उ सद्दाईआ साहापसाहा सुहुमभेया" ।। **[सम्मति० कांड-१, गा.-५] उपयोगरूपभावग्राहकनिश्चयनयस्तु द्रव्यस्तवकाले**

शुद्धधर्मं स्वातन्त्र्येणैवाभ्युपैति, रागाद्यकलुषस्य वीतरागगुणलयात्मकस्य धर्मस्य तदाप्यानुभविकत्वात्, तन्मते हि शुद्धोपयोगो धर्मः, शुभाशुभौ च पुण्यपापात्मकाविति ।

**ટીકાર્થ :-**

अयं च ..... व्यवहारात्, **પરિણતિરૂપ ભાવને ગ્રહણ કરનારો કાષ્ઠાને પામેલો એવો એવંભૂતરૂપ આ નિશ્ચય છે, જેના વડે શૈલેશીની ચરમ ક્ષણમાં શુદ્ધ ધર્મ કહેવાય છે. વળી પૂર્વમાં=શૈલેશીની ચરમ ક્ષણની પૂર્વમાં, તેના અંગપણાથી=શૈલેશીની ચરમ ક્ષણના અંગપણાથી, વ્યવહારથી ધર્મ કહેવાય છે.**

कुर्वद्रूपत्वेन ..... प्रशाखारूपत्वात् । **અને આની=શૈલેશીના ચરમક્ષણરૂપ ધર્મની, કુર્વદ્રૂપત્વથી હેતુતાનો સ્વીકાર છે=મોક્ષ પ્રત્યેની હેતુતાનો સ્વીકાર છે; કેમ કે ઋજુસૂત્રવૃક્ષની પ્રશાખારૂપપણું છે=શૈલેશીના ચરમક્ષણરૂપ ધર્મને સ્વીકારનાર નિશ્ચયનયનું ઋજુસૂત્રરૂપ વૃક્ષની પ્રશાખારૂપપણું છે.** आह च गन्धहस्ती - **અને ગંધહસ્તી=પૂ. આ. સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજા સંમતિ ગ્રંથ-૧-૫માં કહે છે –**

"मूलणिमेणं ..... सुहुमभेया" ।। ઋજુનું=વર્તમાન સમયનું, સૂત્રણ કરનાર=કથન કરનાર, જે વચન, તેની જે સીમા, તે ઋજુસૂત્રવચનવિચ્છેદ, પર્યાયનયનો मूलणिमेणं=આદિ આધાર છે. વળી તેના=ઋજુસૂત્રનયના, શાખા-પ્રશાખારૂપ સૂક્ષ્મ ભેદવાળા શબ્દાદિ નયો છે.

✪ સંમતિની સાક્ષીમાં મુદ્રિત પુસ્તકમાં 'मूलनिमाणं' છે ત્યાં સંમતિગ્રંથ-૧/૫માં 'मूलणिमेणं' પાઠ છે, અને 'बहूभेया' પાઠ છે ત્યાં 'सुहुमभेया' પાઠ છે તે સંગત છે. તેથી તે પાઠ મુજબ શુદ્ધિ કરીને અહીં અમે અર્થ કરેલ છે.

उपयोगरूप ..... पुण्यपापात्मकाविति । **વળી ઉપયોગરૂપભાવગ્રાહક નિશ્ચયનય દ્રવ્યસ્તવકાળમાં સ્વતંત્રપણાથી જ શુદ્ધ ધર્મને સ્વીકારે છે; કેમ કે રાગાદિ અકલુષ એવા વીતરાગગુણલયાત્મક ધર્મનું ત્યારે પણ અનુભવિકપણું છે. તેના મતમાં=ઉપયોગરૂપભાવગ્રાહક નિશ્ચયનયના મતમાં, શુદ્ધ ઉપયોગ ધર્મ છે, અને શુભ, અશુભ પુણ્ય-પાપ સ્વરૂપ છે અર્થાત્ શુભ ઉપયોગ પુણ્ય સ્વરૂપ અને અશુભ ઉપયોગ પાપસ્વરૂપ છે.**

इति **શબ્દ** अयं च **થી** पुण्यपापात्मकौ **સુધીના કથનની સમાપ્તિસૂચક છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે શુદ્ધતર નિશ્ચયનય ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં ધર્મ સ્વીકારે છે, અને ધર્મસંગ્રહણીના વચનથી સ્થાપન કર્યું કે તેની પૂર્વે વ્યવહારનયથી ધર્મ છે. તેનું તાત્પર્ય બતાવીને દ્રવ્યસ્તવમાં સ્વતંત્રથી કઈ દૃષ્ટિએ ધર્મ અભિમત છે, તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે ધર્મ સ્વીકારનાર નિશ્ચયનય પરિણતિરૂપ ભાવગ્રાહક કાષ્ઠાપ્રાપ્ત એવંભૂતરૂપ નિશ્ચયનય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે મોક્ષને અનુકૂળ કર્મના વિગમનથી થયેલી આત્માની શુદ્ધ પરિણતિરૂપ જે ભાવ, તેને ગ્રહણ કરનાર, અને તે પરિણતિમાં પણ પરાકાષ્ઠાને પામેલી એવી પરિણતિને સ્વીકારનાર, એવંભૂતનય છે. તે એવંભૂતનય અહીં નિશ્ચયનયથી અભિમત છે, અને તે નિશ્ચયનયને અભિમત શુદ્ધ ધર્મ ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં છે.

વળી જે નિશ્ચયનયની વિચારણા કરતા હોઈએ, તેની સાથે તે નયનો પ્રતિપક્ષ એવો વ્યવહારનય પણ ગ્રહણ કરવામાં આવે તો નિશ્ચય અને વ્યવહારથી પૂર્ણ ધર્મના સ્વરૂપનું જ્ઞાન થાય. એ પ્રકારના નિયમ પ્રમાણે અહીં શૈલેશીના ચરમ સમયે શુદ્ધ ધર્મ સ્વીકારનાર નિશ્ચયનય છે, તેનો પ્રતિપક્ષ એવો વ્યવહારનય શૈલેશીના ચરમ સમયની પૂર્વે પણ ધર્મ સ્વીકારે છે; કેમ કે શૈલેશીના ચરમ સમય પૂર્વનો ધર્મ શૈલેશીના ચરમ સમયનું કારણ છે. તેથી વીતરાગકૃત્યમાં પણ=સંપૂર્ણ નિરપેક્ષ થવાને અનુકૂળ વ્યાપારરૂપ વીતરાગકૃત્યમાં પણ, વ્યવહારનયથી પરિણતિરૂપ ધર્મની પ્રાપ્તિ છે.

વળી દ્રવ્યસ્તવમાં વીતરાગકૃત્ય નથી; કેમ કે ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ સર્વવિરતિ નથી, તેથી પરિણતિરૂપ ભાવગ્રાહક કાષ્ઠાપ્રાપ્ત એવંભૂતરૂપ નિશ્ચયનયના પ્રતિપક્ષભૂત એવા વ્યવહારનયથી પરિણતિરૂપ ધર્મની પ્રાપ્તિ દ્રવ્યસ્તવમાં નથી, તોપણ પ્રસ્થક દૃષ્ટાંતથી ભાવિત વિચિત્ર નૈગમનયની પ્રવૃત્તિથી દ્રવ્યસ્તવમાં પરિણતિરૂપ ધર્મની પ્રાપ્તિ છે; કેમ કે પ્રસ્થક દૃષ્ટાંતથી દૂરવર્તી કારણમાં પણ તે કૃત્ય કરવાનો વ્યવહાર છે. તેથી શૈલેશીના ચરમસમયમાં રહેલ પરિણતિરૂપ ધર્મની દૂરવર્તી કારણતા દ્રવ્યસ્તવમાં હોવાથી દ્રવ્યસ્તવમાં પણ પરિણતિરૂપ ધર્મનો સ્વીકાર થાય છે એમ ગ્રંથકારે પૂર્વમાં સ્થાપન કર્યું.

વળી શૈલેશીના ચરમ સમયમાં ધર્મ સ્વીકારનાર નિશ્ચયનયે કુર્વદ્રૂપત્વની હેતુતા સ્વીકારી છે અર્થાત્ મોક્ષરૂપ કાર્યને જે તરત કરે એવા ધર્મમાં કુર્વદ્રૂપત્વ છે, અને જેમાં કુર્વદ્રૂપત્વથી ધર્મ હોય તે ધર્મ મોક્ષનો હેતુ છે અન્ય નહિ, એ પ્રમાણે સ્વીકારીને શૈલેશીના ચરમ સમયે નિશ્ચયનય શુદ્ધ ધર્મ સ્વીકારે છે, તેનું કારણ ઋજુસૂત્રનયરૂપ જે વૃક્ષ છે, તેની પ્રશાખારૂપ એવંભૂતનય છે. તેથી શૈલેશીના ચરમ સમયમાં એવંભૂતનય ધર્મ સ્વીકારે છે, તેની પૂર્વે નહિ.

આશય એ છે કે સાત નયો છે, તે સાતે નયોમાં ઋજુસૂત્રનયથી પર્યાયાસ્તિક નયનો પ્રારંભ છે અને પર્યાયાસ્તિક નય પ્રમાણે આત્મામાં વર્તતી મોક્ષને અનુકૂળ એવી પરિણતિરૂપ ભાવ એ ધર્મ છે, અન્ય નહિ. ઋજુસૂત્રાદિ ચાર નયોમાં એવંભૂતનય અતિશુદ્ધ છે, તેથી એવંભૂતનય અનંતર ક્ષણમાં જે ધર્મ મોક્ષરૂપ કાર્ય કરે તેવા ધર્મને ધર્મરૂપે સ્વીકારે છે, અન્ય ધર્મને નહિ, માટે એવંભૂતનય કુર્વદ્રૂપત્વથી ધર્મની હેતુતા સ્વીકારે છે.

અહીં मूलणिमेणं ..... સંમતિ-૧/૫ની જે સાક્ષી આપી તેનો ભાવ આ પ્રમાણે છે –

પર્યાયાસ્તિકનયનો આદિ આધાર ઋજુસૂત્રનય છે, માટે ઋજુસૂત્રનય તરુસ્થાનીય છે અને તેની શાખા શબ્દાદિ નયો છે અને તેની પ્રશાખા એવંભૂતનય છે, તેથી ગ્રંથકારશ્રીએ કહ્યું કે ઋજુસૂત્ર વૃક્ષની પ્રશાખારૂપ એવંભૂતનય છે.

વળી શૈલેશીના ચરમ સમયમાં પરિણતિરૂપ ધર્મ સ્વીકારનાર નિશ્ચયનય છે અને તેની પૂર્વે વીતરાગકૃત્યમાં પરિણતિરૂપ ધર્મ સ્વીકારનાર વ્યવહારનય છે, એમ અત્યાર સુધી સ્થાપન કર્યું. હવે દ્રવ્યસ્તવકાળમાં કેવા પ્રકારનો ધર્મ છે, તે અન્ય નયની દૃષ્ટિથી બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

ઉપયોગરૂપ ભાવગ્રાહક નિશ્ચયનય દ્રવ્યસ્તવકાળમાં શુદ્ધ ધર્મને સ્વતંત્રથી જ સ્વીકારે છે અર્થાત્ આત્માનો વીતરાગભાવને અનુકૂળ ઉપયોગ વર્તતો હોય તો તે ભાવ મોક્ષનું કારણ છે, એમ જે નિશ્ચયનય સ્વીકારે છે, તે નિશ્ચયનયની દૃષ્ટિથી દ્રવ્યસ્તવકાળમાં પણ શુદ્ધ ધર્મની પ્રાપ્તિ છે; કેમ કે રાગાદિથી અકલુષિત એવા વીતરાગગુણમાં લયસ્વરૂપ એવો ધર્મ દ્રવ્યસ્તવકાળમાં શ્રાવકને અનુભવસિદ્ધ છે.

આશય એ છે કે જે શ્રાવકને વીતરાગના ગુણોનો યથાર્થ બોધ છે, અને વીતરાગ થવાની બળવાન ઇચ્છા છે, અને વીતરાગ થવાનો ઉપાય વીતરાગના વચનાનુસાર તપ, સંયમમાં ઉદ્યમ છે એવું જ્ઞાન છે; આમ છતાં પોતાનામાં તેવી શક્તિનો સંચય થયો નથી તેથી સંયમ ગ્રહણ કરી શકે તેમ નથી, પરંતુ સંયમની શક્તિ સંચય કરવા અર્થે સંયમના કારણીભૂત દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરે છે, અને ભગવાનની ભક્તિના કાળમાં ભગવાનના ગુણોથી રંજિત થયેલું જેમનું ચિત્ત છે, તેવો શ્રાવક ભગવાનની ભક્તિ કરતો હોય ત્યારે ભગવાનના ગુણોમાં તન્મય અવસ્થાનો અનુભવ કરે છે, તે શુદ્ધ ઉપયોગસ્વરૂપ છે.

વળી શુદ્ધ આત્માના સ્વરૂપમાં જે ઉપયોગ હોય તેને મોક્ષનું કારણ સ્વીકારે તેવો ઉપયોગરૂપ ભાવગ્રાહક નિશ્ચયનય દ્રવ્યસ્તવમાં શુદ્ધ ધર્મને સ્વીકારે છે, તેથી તે નયના મતમાં શુદ્ધ ઉપયોગ એ ધર્મ છે અને શુભ ઉપયોગ પુણ્યરૂપ છે અને અશુભ ઉપયોગ પાપરૂપ છે.

આનાથી એ ફલિત થાય છે કે નિશ્ચયનયને પરતંત્ર એવો વ્યવહારનય વીતરાગકૃત્યમાં ધર્મ સ્વીકારે છે, અને શુદ્ધ ઉપયોગરૂપ ભાવગ્રાહક નિશ્ચયનય સ્વતંત્રથી શુદ્ધ ઉપયોગને ધર્મરૂપે સ્વીકારે છે, તેથી શ્રાવકની પૂજામાં, સંયમની ક્રિયામાં કે અન્ય કોઈપણ ક્રિયામાં વીતરાગના ગુણોમાં ચિત્ત લય પામતું હોય તો તે ઉપયોગ ધર્મરૂપ છે.

કોઈ ધર્મનું અનુષ્ઠાન વીતરાગના રાગથી કરાતું હોય તે વખતે વીતરાગના ગુણોમાં ચિત્ત લય ન પામતું હોય અને વીતરાગ પ્રત્યેના રાગથી ભક્તિ આદિની ક્રિયા થતી હોય તો તે ક્રિયા વખતે શુભ ઉપયોગ છે, તેને પુણ્ય કહેવાય છે; અને સંસારવર્તી રાગાદિ ભાવોથી આકુળ ચિત્ત હોય ત્યારે અશુભ ઉપયોગ વર્તે છે, તેને પાપ કહેવાય છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે ઉપયોગરૂપ ભાવગ્રાહક નિશ્ચયનયથી દ્રવ્યસ્તવકાળમાં શુદ્ધ ધર્મ છે. ત્યાં કોઈકને શંકા થાય કે સ્વનો ભાવ તે સ્વભાવ કહેવાય, અને પોતાના ભાવરૂપ સ્વભાવ હોય તેને ધર્મ કહી શકાય, અન્યને ધર્મ કહી શકાય નહિ; અને તેવો ધર્મ દ્રવ્યસ્તવમાં કઈ રીતે સંગત થાય ? તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

**यैरप्यात्मस्वभावो धर्म इत्युच्यते, तेषां यदि घटादिस्वभावो घटत्वादिधर्म इतिवदात्मत्वादिरनादिः पारिणामिको भाव आत्मधर्म इति मतं, तदाऽनादित्वेनापुरुषार्थत्वापत्तिः, यदि तु स्वः=स्वकीयोऽनागन्तुको=अनुपाधिर्भावो=धर्म इति, तदा वर्तमानः स्वकीयः शुभः परिणाम ऋजुसूत्रविषयः स जिनपूजाया-मप्यक्षत इति कथं न तत्र निश्चयशुद्धो धर्मः । शब्दनयेन सामायिकवद् देशविरतानां धर्मो नेष्यत इति चेत् ? किं तावता समभिरूढेन षष्ठगुणस्थानेऽप्यनभ्युपगमात् ।**

**ટીકાર્થ :-**

यैरप्यात्मस्वभावो ..... अपुरुषार्थत्वापत्तिः, **જેઓ વડે પણ 'આત્મસ્વભાવ એ ધર્મ' એ પ્રમાણે કહેવાય છે, તેઓને જો ઘટાદિસ્વભાવ ઘટત્વાદિ ધર્મ છે, એની જેમ 'આત્મત્વાદિ અનાદિ પારિણામિકભાવ આત્મધર્મ છે' એ પ્રમાણે માન્ય છે; તો અનાદિપણું હોવાને કારણે=આત્મત્વાદિ ધર્મનું અનાદિપણું હોવાને કારણે, અપુરુષાર્થપણાની આપત્તિ છે=આત્મધર્મ પ્રગટ કરવા માટે પ્રયત્નની આવશ્યકતા નહિ હોવાથી ધર્મને અપુરુષાર્થ સ્વીકારવાની આપત્તિ છે.**

यदि तु ..... धर्मः । **વળી જો સ્વ=સ્વકીય અનાગંતુક=અનુપાધિ ભાવ=ધર્મ છે, એ પ્રમાણે છે (અભિમત છે) તો વર્તમાન એવો સ્વકીય શુભ પરિણામ ઋજુસૂત્રનો વિષય છે, તે જિનપૂજામાં પણ અક્ષત છે. એથી કરીને કેવી રીતે ત્યાં=જિનપૂજામાં, નિશ્ચયશુદ્ધ ધર્મ નથી ? અર્થાત્ જિનપૂજામાં નિશ્ચયશુદ્ધ ધર્મ છે.**

शब्दनयेन ..... अनभ्युपगमात् । **શબ્દનયથી સામાયિકની જેમ દેશવિરતોને ધર્મ ઈચ્છાતો નથી, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે –**

**તેટલાથી શું ?=શબ્દનય દેશવિરતોને ધર્મ ન સ્વીકારે તેટલાથી શું ? કેમ કે સમભિરૂઢ વડે છઠ્ઠા ગુણસ્થાનકમાં પણ અનભ્યુપગમ છે=ધર્મનો અસ્વીકાર છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે ઉપયોગરૂપ ભાવગ્રાહક નિશ્ચયનયથી દ્રવ્યસ્તવકાળમાં પણ શુદ્ધ ધર્મ છે. ત્યાં કોઈ પ્રશ્ન કરે કે સ્વનો ભાવ તે સ્વભાવ કહેવાય અને તે જ ધર્મ કહી શકાય, અન્ય ધર્મ કહી શકાય નહિ; અને સ્વનો ભાવ ચારિત્રમાં છે, દ્રવ્યસ્તવમાં નથી. માટે દ્રવ્યસ્તવમાં ધર્મ સ્વીકારી શકાય નહિ, પરંતુ આત્માના શુદ્ધ ભાવમાં અવસ્થાન પામતા ચારિત્રમાં જ ધર્મ સ્વીકારી શકાય. તેને ગ્રંથકારશ્રી પૂછે છે –

સ્વભાવનો અર્થ સ્વનો ભાવ તે સ્વભાવ, તેમ કહીને સ્વભાવને ધર્મ કહેવામાં આવે તો, જેમ ઘટાદિમાં ઘટત્વાદિ ધર્મ છે તેમ આત્મામાં આત્મત્વાદિ ધર્મ અનાદિપારિણામિકભાવરૂપ છે, માટે તેને ધર્મ સ્વીકારવામાં

આવે તો, આત્મત્વભાવ અનાદિનો છે, માટે તેને પ્રગટ કરવા માટે કોઈ યત્ન કરવો પડતો નથી, તેથી તેને ધર્મ સ્વીકારવામાં આવે તો તે આત્મત્વ ધર્મને અપુરુષાર્થરૂપ સ્વીકારવો પડે; કેમ કે પ્રયત્નથી જે સાધ્ય હોય તેને પુરુષાર્થ કહેવામાં આવે છે, અને આત્મત્વધર્મ પ્રયત્નથી પ્રગટ કરવાનો નથી, પરંતુ અનાદિકાળથી આત્મામાં વર્તે છે, અને જો પૂર્વપક્ષી કહે કે આત્મભાવને અમે ધર્મ સ્વીકારતા નથી, પરંતુ જે પોતાનો અનાગંતુક અનુપાધિભાવ છે, તેને અમે ધર્મ સ્વીકારીએ છીએ :

જેમ - 'धनवान् पुरुषः' એ સ્થાનમાં ધન એ પુરુષનો આગંતુકભાવ છે. તેવા આગંતુકભાવને ધર્મ સ્વીકારતા નથી, પરંતુ જે પોતાનો અનાગંતુકભાવ હોય તેને ધર્મ સ્વીકારીએ છીએ.

વળી 'रागवान् पुरुषः' એ સ્થાનમાં રાગ એ અનાગંતુક ભાવ છે, પરંતુ કર્મની ઉપાધિથી જન્ય ભાવ છે. તેથી તે ઔપાધિક ભાવ છે અનુપાધિક ભાવ નથી, અને જે ભાવ કર્મની ઉપાધિથી જન્ય ન હોય તેવો સ્વકીયભાવ ધર્મ છે. અર્થાત્ 'धनवान् पुरुषः'માં ધન જેમ આગંતુકભાવ છે તેવો ન હોય, અને 'रागवान् पुरुषः'માં રાગ જેમ કર્મની ઉપાધિથી જન્ય ભાવ છે તેવો ન હોય, તેવો ભાવ ધર્મ છે એમ સ્વભાવશબ્દથી અર્થ પ્રાપ્ત થાય; અને તેવો સ્વભાવનો અર્થ કરીને તેને ધર્મ કહેવામાં આવે તો અનાગંતુક અનુપાધિ એવો ભાવ પૂજામાં અક્ષત છે; કેમ કે વિવેકી શ્રાવક પૂજાકાળમાં વીતરાગના ગુણોમાં લીન હોય છે, જે ભાવો આત્માના સ્વભાવભૂત ભાવનો જ અંશ છે. માટે ત્યાં નિશ્ચયનયને અભિમત શુદ્ધધર્મ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે શબ્દનય સામાયિકનો પરિણામ સર્વવિરતિધરમાં સ્વીકારે છે, દેશવિરતિધરમાં સ્વીકારતો નથી. તેમ શુદ્ધ ધર્મ પણ સર્વવિરતિધરમાં સ્વીકારે છે, દેશવિરતિધરમાં સ્વીકારતો નથી. તેથી દેશવિરતિધર શ્રાવકથી કરાતા દ્રવ્યસ્તવમાં ધર્મ સ્વીકારી શકાય નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

શબ્દનયથી દેશવિરતિધરમાં ધર્મ નથી, તેટલા કથનથી શું ? અર્થાત્ શબ્દનયથી દેશવિરતિધરમાં ધર્મ નથી, એમ સ્વીકારીને શબ્દનયથી દ્રવ્યસ્તવમાં ધર્મ નથી, તેમ સ્થાપન કરવામાં આવે તો સમભિરૂઢનયથી છઠ્ઠા ગુણસ્થાનકમાં પણ ધર્મનો અસ્વીકાર છે, માટે ચારિત્રીમાં પણ ધર્મ નથી, તેમ સ્વીકારવું પડે. તેથી ઋજુસૂત્રનયનું અવલંબન લઈને પૂજામાં ધર્મ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

**સારાંશ :–**

સંક્ષેપથી એ ફલિત થાય છે કે ભગવાનની પૂજાકાળમાં સ્વકીય અનાગંતુક અનુપાધિભાવરૂપ ધર્મ છે; કેમ કે વીતરાગના ગુણમાં લય પામતા શ્રાવકનો ઉપયોગ આત્મભાવમાં વિશ્રાંતિ પામે છે. શબ્દનયથી જ્યાં સુધી પરપદાર્થનો કાંઈ પણ પ્રતિબંધ હોય ત્યાં સુધી આત્મા પોતાના ભાવમાં વિશ્રાંતિ પામતો નથી. તેથી ગૃહના પ્રતિબંધવાળા શ્રાવકની પૂજામાં શબ્દનયથી ધર્મ નથી. કોઈ શ્રાવક જિનપૂજા કરતો હોય ત્યારે ભગવાનના ગુણોમાં લય પામતો જે ઉપયોગ છે, તે વર્તમાનમાં સ્વકીય શુભ પરિણામ છે અર્થાત્ વીતરાગના ગુણોમાં લય પામતો શુભ પરિણામ છે. તે પરિણામ આગંતુક નથી અને ઔપાધિક પણ નથી, પરંતુ આત્માના શુદ્ધ ભાવમાં વિશ્રાંતિ પામતો જીવનો પરિણામ છે, અને તે પરિણામ ઋજુસૂત્રનયનો વિષય છે; અને તેવો પરિણામ જેમ ચારિત્રમાં છે, તેમ જિનપૂજામાં પણ અક્ષત છે; કેમ કે ચારિત્રપાલનકાળમાં

વીતરાગનું સ્મરણ કરીને વીતરાગભાવમાં વિશ્રાંતિ પામતો જીવનો ઉપયોગ છે, તે જેમ ધર્મ છે, તેમ વીતરાગના ગુણોનું અવલંબન લઈને વીતરાગની પૂજાકાળમાં વર્તતો શ્રાવકનો વીતરાગભાવમાં વિશ્રાંતિ પામતો ઉપયોગ પણ ધર્મરૂપ છે. તેથી નિશ્ચયશુદ્ધ ધર્મ પૂજાકાળમાં કેમ નથી ? અર્થાત્ પૂજાકાળમાં નિશ્ચયશુદ્ધ ધર્મ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે ઋજુસૂત્રનયથી પૂજામાં સ્વકીય અનાગંતુક-અનુપાધિભાવરૂપ ધર્મ પ્રાપ્ત થાય છે, તોપણ ગૃહમાં પ્રતિબંધવાળા શ્રાવકમાં શબ્દનય તે ભાવ સ્વીકારતો નથી; પરંતુ જે મુનિ જગતના સર્વ ભાવો પ્રત્યે સમભાવવાળા છે, તેવા છઠ્ઠા આદિ ગુણસ્થાનકમાં રહેલા મુનિઓમાં સ્વકીય અનાગંતુક અનુપાધિકરૂપ ધર્મ પ્રાપ્ત થાય છે; કેમ કે તેઓને વીતરાગભાવ સિવાય અન્યત્ર ક્યાંય રાગ નથી, તેથી વીતરાગનું અવલંબન લઈને આત્મભાવમાં વિશ્રાંત થવા યત્ન કરે છે.

તેને ગ્રંથકાર કહે છે – સમભિરૂઢનય છઠ્ઠા ગુણસ્થાનકમાં પણ શુદ્ધ ધર્મ સ્વીકારતો નથી, પરંતુ જે સાધુ નિર્વિકલ્પ ઉપયોગમાં વર્તે છે તેમનામાં ધર્મ છે તેમ સ્વીકારે છે; કેમ કે વિકલ્પો એ આત્માનો સ્વભાવ નથી, પરંતુ અનાત્મસ્વભાવ છે. માટે કોઈ સાધુ વીતરાગનું સ્મરણ કરીને વીતરાગના વચનાનુસાર ઉચિત ક્રિયાઓ કરતા હોય, વીતરાગભાવમાં જવા માટે યત્ન કરતા હોય, આમ છતાં જ્યાં સુધી સવિકલ્પ દશા છે, ત્યાં સુધી ધર્મ નથી. તેથી સમભિરૂઢ નયથી અપ્રમત્ત મુનિ સિવાય પૂર્વમાં કોઈને ધર્મ નથી. માટે ઉત્તર ઉત્તરના નયોનું અવલંબન લઈને ભગવાનની પૂજામાં ધર્મ નથી, તેમ એકાંતે કહેવું ઉચિત નથી.

- ઋજુસૂત્રનયથી — નિર્વિકલ્પદશાવાળા મુનિમાં, સવિકલ્પદશાવાળા મુનિમાં, દેશવિરતમાં, સામાયિકમાં અને જિનપૂજામાં શુદ્ધ ધર્મ છે.
- શબ્દનયથી — નિર્વિકલ્પદશાવાળા મુનિમાં અને સવિકલ્પ દશાવાળા મુનિમાં શુદ્ધ ધર્મ છે.
- સમભિરૂઢનયથી — નિર્વિકલ્પદશાવાળા અપ્રમત્ત મુનિમાં શુદ્ધ ધર્મ છે.

**ઉત્થાન :-**

પૂર્વે આત્મસ્વભાવને ધર્મ સ્વીકારનાર ઋજુસૂત્રનયને અવલંબીને પર્યાયાસ્તિકનયની દૃષ્ટિથી જિનપૂજામાં પણ ધર્મ છે, તેમ ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું. હવે દ્રવ્યાસ્તિકનયની દૃષ્ટિથી દ્રવ્યસ્તવમાં ધર્મ છે, તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

**वह्निपरिणतोऽयस्पिण्डो वह्निरितिवत् तद्भावपरिणत आत्मैव धर्मः, स्वभावपदप्रवृत्तिरपि तत्रैव, स्वो भावः पदार्थ इति व्युत्पत्तेः । आह च** "परिणमदि जेण दव्वं तक्कालं तम्मयंति पण्णत्तं । तम्हा धम्मपरिणदो आदा धम्मो मुणेअव्वो" [परिणमति येन द्रव्यं तत्कालं तन्मयमिति प्रज्ञप्तम् । तस्माद्धर्मपरिणत आत्मा धर्मो मन्तव्यः । **छाया** ।] **[प्रवचनसार-१, गा.-८] एतदप्यधिकृते सम्बद्धमेव ।**

**ટીકાર્થ :-**

**वह्नि परिणतः ..... धर्मः, વહ્નિપરિણત લોખંડનો ગોળો વહ્નિ છે, એની જેમ તદ્દ્ભાવપરિણત આત્મા જ ધર્મ છે=શુદ્ધ આત્માના ભાવથી પરિણત એવો આત્મા જ ધર્મ છે.**

અહીં પ્રશ્ન થાય કે આત્માનો સ્વભાવ છે તે ધર્મ છે, તેમ કહીએ તો આત્મા જ ધર્મ છે, તેમ સિદ્ધ થાય નહિ, પરંતુ આત્મનિષ્ઠ વર્તતી પરિણતિ ધર્મ છે, તેમ સિદ્ધ થાય. તેથી દ્રવ્યાસ્તિકનયની દૃષ્ટિથી કહે છે -

**स्वभावपदप्रवृत्तिः .....व्युत्पत्तेः । સ્વભાવપદની પ્રવૃત્તિ પણ ત્યાં જ છે=તદ્દ્ભાવપરિણત આત્મામાં જ છે; કેમ કે સ્વ=આત્મા, ભાવપદાર્થ છે=ભાવસ્વરૂપ છે, એ પ્રકારની વ્યુત્પત્તિ છે=સ્વભાવ શબ્દની વ્યુત્પત્તિ છે.**

**आह च - અને પ્રવચનસાર-૧/૮માં કહે છે –**

"परिणमदि ..... मुणेअव्वो" જેના વડે દ્રવ્ય પરિણમન પામે છે, તે કાળે તન્મય છે=તે પરિણામમય છે, એ પ્રમાણે કહેવાયું છે. તે કારણથી ધર્મપરિણત એવો આત્મા ધર્મ જાણવો.

**एतदपि ..... सम्बद्धमेव । આ પણ=તદ્દ્ભાવપરિણત આત્મા ધર્મ છે એ પણ, અધિકૃતમાં સંબદ્ધ જ છે=અધિકૃત એવા દ્રવ્યસ્તવમાં સંબદ્ધ જ છે=યુક્ત જ છે.**

**ભાવાર્થ :-**

અગ્નિથી પરિણત એવો લોખંડનો ગોળો અગ્નિ છે, એમ દ્રવ્યાસ્તિકનયની દૃષ્ટિથી કહેવાય છે; કેમ કે દ્રવ્યમાં વર્તતો ભાવ દ્રવ્યથી પૃથગ્ નથી, પરંતુ તે ભાવસ્વરૂપ જ દ્રવ્ય છે, તેમ દ્રવ્યાસ્તિકનય માને છે. એ રીતે ભગવાનની પૂજાકાળમાં વીતરાગભાવથી પરિણત એવો આત્મા જ ધર્મ છે; કેમ કે સ્વભાવપદની પ્રવૃત્તિ પણ આત્મદ્રવ્યમાં જ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે સ્વભાવપદની પ્રવૃત્તિ તો આત્મામાં વર્તતા ભાવમાં થવી જોઈએ, આથી જ પૂર્વમાં કહેલ કે સ્વકીય અનાગંતુક અનુપાધિભાવ ધર્મ છે. તેથી સ્વનો જે ભાવ તે સ્વભાવ કહેવાય, અને તેવો અર્થ કરીએ તો આત્મા જ ધર્મ છે, તેમ કહી શકાય નહિ. તેથી દ્રવ્યાસ્તિકનયથી આત્માને ધર્મ સ્વીકારવા માટે સ્વભાવપદની વ્યુત્પત્તિ કેવા પ્રકારની છે, તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

સ્વ=પોતે ભાવ પદાર્થ છે અર્થાત્ આત્મા પોતે તે ભાવસ્વરૂપ છે, એ પ્રકારની સ્વભાવપદની વ્યુત્પત્તિ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે આત્માથી પૃથગ્ભૂત એવો કોઈ ભાવ નથી, પરંતુ તે ભાવસ્વરૂપ જ આત્મા છે. તેથી જ્યારે જે ધર્મરૂપ ભાવથી પરિણત આત્મા હોય ત્યારે તે ધર્મરૂપ ભાવથી પરિણત આત્માને જ ધર્મ કહેવાય, એ પ્રકારે દ્રવ્યાસ્તિકનય માને છે; અને એ પ્રકારની દૃષ્ટિથી વિચાર કરીએ તો દ્રવ્યસ્તવમાં પણ ધર્મ સંગત થાય છે; કેમ કે ભગવાનની ભક્તિના કાળમાં વીતરાગના ગુણોમાં ઉપયુક્ત એવો આત્મા તદ્ગુણપરિણત હોય છે. તેથી વીતરાગગુણપરિણત એવો આત્મા ધર્મ છે, તેમ કહેવામાં કોઈ વિરોધ નથી.

**ઉત્થાન :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી ઋજુસૂત્રનયને અવલંબીને પૂજામાં ધર્મ છે, એમ સ્થાપન કર્યું, અને ત્યારપછી દ્રવ્યાસ્તિકનયથી પણ પૂજામાં ધર્મ છે, એમ સ્થાપન કર્યું. તેથી દ્રવ્યાસ્તિકનય અને પર્યાયાસ્તિકનય એમ ઉભયનયથી પૂજામાં ધર્મ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી, એમ સિદ્ધ થયું. ત્યાં પ્રશ્ન થાય કે દ્રવ્યાસ્તિકનયથી શુદ્ધ ઉપયોગવાળા મુનિમાં ધર્મ સ્વીકારવામાં આવે તો તે મુનિમાં ક્યારેક ધર્મ અને ક્યારેક અધર્મ પ્રાપ્ત થતો નથી, પરંતુ હંમેશાં ધર્મ પ્રાપ્ત થાય છે. હવે પૂજાકાળમાં વર્તતા વીતરાગગુણના લયાત્મક ઉપયોગથી યુક્ત આત્માને ધર્મ કહેવાથી જે પ્રશ્ન ઊભો થાય છે, તે 'इदं तु चिन्त्यते'થી ગ્રંથકારશ્રી બતાવે છે -

**ટીકા :-**

**इदं तु चिन्त्यते- आत्मनो धर्मिणो द्रव्यस्य निर्देशे धर्मद्वारा धर्मत्वमन्यद्वारा चान्यत्वमिति सङ्करः कथं वारणीयः ? प्रशान्ताधिकारेऽपि नयद्वयनिर्देश एव युक्ते प्रशान्तवाहिताख्यस्य पर्यायस्यैव निवेशे तु प्रागुक्ताभेदः । धर्मः किं द्रव्यं पर्यायो वा ? इति जिज्ञासायामित्थमुच्यत इति चेत् ? लक्षणाधिकारे नेदमुपयोगि, तत्त्वचिन्ताधिकारेऽपि नयद्वयनिर्देश एव युक्तो नैकनयनिर्देशः न्यूनाख्यनिग्रहस्थानप्रसङ्गात् । यथोक्तं भगवता भद्रबाहुस्वामिना सामायिकमधिकृत्य किं द्वारे** "जीवो गुणपडिवन्नो णयस्य दव्वट्ठियस्स सामाइअं । सो चेव पज्जवणयट्ठिअस्स जीवस्स एसगुणो" ।। **त्ति [आवश्यकनिर्यु. गा.७९३] एतदर्थप्रपञ्चोऽस्मत्कृतानेकान्तव्यवस्थायाम् ।**

**ટીકાર્થ :-**

**इदं तु ..... वारणीयः ? વળી આ વિચારણા કરાય છે=વીતરાગ ગુણલયાત્મક પરિણત આત્મા ધર્મ છે, એમ સ્વીકારીને પૂજામાં ધર્મની સિદ્ધિ કરવાથી આ વિચારણા કરાય છે –**

**આત્મારૂપ ધર્મી દ્રવ્યના નિર્દેશમાં ધર્મ દ્વારા ધર્મત્વ=પૂજાકાળમાં વર્તતા ધર્મ દ્વારા ધર્મત્વ, અને અન્ય દ્વારા=અધર્મ દ્વારા અન્યત્વ છે=પૂજાકાળમાં વર્તતા વીતરાગગુણના અલયાત્મક શુભપરિણામ દ્વારા અધર્મત્વ છે, એ પ્રકારના એક પૂજા કરનાર શ્રાવકના આત્મામાં ધર્મત્વ અને અધર્મત્વનો સંકર કેવી રીતે વારણ થાય ? અર્થાત્ વારણ થાય નહિ.**

પ્રશાંતભાવનો અધિકાર વર્તતો હોય ત્યારે=પ્રશાંતભાવથી ભગવાનની પૂજા કરવી જોઈએ એ પ્રકારનો પૂજાના પ્રસંગમાં અધિકાર વર્તતો હોય ત્યારે, કોઈ શ્રાવકની પૂજામાં પ્રશાંતવાહિતા અને અપ્રશાંતવાહિતાને ગ્રહણ કરીને સંકરદોષ છે એમ કહી શકાય નહીં; કેમ કે જે શ્રાવક પ્રશાંતભાવથી પૂજા કરે છે તેની પૂજાને ગ્રહણ કરીને દ્રવ્યાસ્તિકનયથી અને પર્યાયાસ્તિકનયથી તેની પૂજાને ધર્મ કહેવાય છે. તેના નિવારણ માટે કહે છે –

**प्रशान्ताधिकारे ..... प्रागुक्ताभेदः । વળી પ્રશાંત અધિકારમાં પણ નયદ્વયનો નિર્દેશ જ યુક્ત હોતે છતે, પ્રશાંતવાહિતાખ્યપર્યાયના જ નિવેશમાં પ્રાગ્ ઉક્તથી અભેદ છે=ભાવગ્રાહી નિશ્ચયનયથી દ્રવ્યાર્થિકનયનો અભેદ છે. તેથી પૂજામાં પ્રશાંત અધિકારને સામે રાખીને નયદ્વયનો નિર્દેશ થઈ શકે નહિ. પરંતુ ભાવગ્રાહીનિશ્ચયનયથી પૂજા ધર્મરૂપ છે તેમ જ સ્થાપન થઈ શકે. માટે પૂજામાં દ્રવ્યાસ્તિકનયથી ધર્મ છે, એમ સ્થાપન કરવું ઉચિત નથી, એ પ્રકારનો આશય છે.**

**धर्मः किं ..... इति चेत् ? ધર્મ શું દ્રવ્ય છે કે પર્યાય છે ? એ પ્રકારની જિજ્ઞાસામાં આ પ્રમાણે કહેવાય છે=દ્રવ્યાસ્તિકનય અને પર્યાયાસ્તિકનય એમ ઉભયનયથી ધર્મનું સ્વરૂપ કહેવાય છે, માટે દ્રવ્યસ્તવમાં ઉભયનયથી ધર્મનું કથન છે, એમ કોઈ કહે તો તેને ગ્રંથકારશ્રી કહે છે –**

**लक्षणाधिकारे ..... उपयोगि, લક્ષણ અધિકારમાં આ ઉપયોગી નથી=ધર્મ શું દ્રવ્ય છે ? કે પર્યાય છે ? એ પ્રકારની જિજ્ઞાસામાં જે પ્રકારે ઉભયનયનું કથન કરવામાં આવે છે, એ ઉપયોગી નથી. (તેથી દ્રવ્યસ્તવમાં ધર્મનું લક્ષણ ઘટે છે કે નહિ ? એ પ્રકારના લક્ષણ અધિકારમાં ઉભયનયની જિજ્ઞાસાથી જે પ્રકારનો ઉત્તર અપાય છે, એ પ્રકારનું કથન ઉપયોગી નથી.**

અહીં પ્રશ્ન થાય કે તો પછી ગ્રંથકારશ્રીએ દ્રવ્યસ્તવમાં પર્યાયાસ્તિકનયથી ધર્મનું લક્ષણ સંગત કર્યા પછી દ્રવ્યાસ્તિકનયથી પણ ધર્મનું લક્ષણ સંગત કેમ કર્યું ? અર્થાત્ દ્રવ્યાસ્તિકનયથી ધર્મનું લક્ષણ દ્રવ્યસ્તવમાં સંગત કરવું જોઈએ નહિ. તેથી ગ્રંથકારશ્રી કહે છે –

**तत्त्वचिन्ताधिकारे ..... प्रसङ्गात् । તત્ત્વચિંતા અધિકારમાં પણ નયદ્વયનો નિર્દેશ જ યુક્ત છે; કેમ કે એક નયના નિર્દેશમાં ન્યૂનાખ્યનિગ્રહસ્થાનનો પ્રસંગ છે.**

તત્ત્વચિંતા અધિકારમાં નયદ્વયનો નિર્દેશ યુક્ત કેમ છે ? તેમાં સાક્ષી આપતાં કહે છે –

**यथोक्तं ..... किं द्वारे - જે પ્રમાણે ભગવાન ભદ્રબાહુસ્વામિ વડે સામાયિકને આશ્રયીને કિંદ્વારમાં આવશ્યકનિર્યુક્તિ ગાથા-૭૯૩માં કહેવાયું છે –**

"जीवो ..... एसगुणो" ।। **त्ति** ગુણપ્રતિપન્ન એવો જીવ દ્રવ્યાસ્તિકનયનું સામાયિક છે. તે જ=ગુણ જ, પર્યાયાસ્તિકનયનું સામાયિક છે. (જે કારણથી) જીવનો આ ગુણ છે.

**इति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.**

**एतदर्थ ..... अनेकान्तव्यवस्थायाम् । આ અર્થનો વિસ્તાર=ભગવાન ભદ્રબાહુસ્વામીએ નયદ્વયથી સામાયિકનો અર્થ કર્યો, એ અર્થનો વિસ્તાર, અમારા વડે કરાયેલ અનેકાંતવ્યવસ્થામાં છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ પર્યાયાસ્તિકનયથી દ્રવ્યસ્તવમાં ધર્મ છે, તેમ સ્થાપન કર્યા પછી દ્રવ્યાસ્તિકનયથી પણ દ્રવ્યસ્તવમાં ધર્મ છે, તેમ સ્થાપન કર્યું, અને તેમાં પ્રવચનસાર-૧/૮ની સાક્ષી આપી. વસ્તુતઃ શુદ્ધ ઉપયોગવાળા મુનિમાં ધર્મ છે, તે સ્થાપન કરવા માટે પ્રવચનસારનું કથન છે, આમ છતાં ગ્રંથકારશ્રીએ તે

ગાથાનું અવલંબન લઈને એ પ્રકારનો દ્રવ્યાસ્તિકનયનો ધર્મ પણ દ્રવ્યસ્તવમાં સંગત જ છે એમ સ્થાપન કર્યું. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે દ્રવ્યસ્તવમાં શ્રાવકો ભગવાનની ભક્તિમાં ઉપયોગવાળા હોય છે ત્યારે, સદા વીતરાગગુણના લયાત્મક ઉપયોગવાળા હોતા નથી. તેથી પૂજાકાળમાં વીતરાગગુણના લયાત્મક ઉપયોગને આશ્રયીને દ્રવ્યસ્તવમાં ધર્મત્વ છે, અને અન્ય પ્રકારના ભગવાનના ભક્તિના ઉપયોગને આશ્રયીને અધર્મત્વ છે, તેથી દ્રવ્યસ્તવમાં ધર્મ અને અધર્મના સંકરની પ્રાપ્તિ છે, તેનું વારણ થઈ શકે નહિ.

આ પ્રકારની શંકામાં કોઈ કહે કે ભગવાનની પૂજા પ્રશાંતભાવથી કરવાની છે, તેથી કોઈ શ્રાવક પ્રશાંતભાવથી પૂજા કરતી વખતે પણ ક્યારેક અપ્રશાંતભાવવાળા થાય તેને આશ્રયીને પૂજામાં ધર્મ-અધર્મનું સંકર છે, તેમ કહી શકાય નહીં. તેના નિવારણ માટે કહે છે –

પ્રશાંત અધિકારમાં પણ નયદ્વયનો નિર્દેશ યુક્ત હોય તો પ્રશાંતવાહિતાખ્યપર્યાયનો જ દ્રવ્યસ્તવમાં નિવેશ કરાયે છતે પ્રાગુક્ત=પહેલાં કહેવાયેલ, અભેદ પ્રાપ્ત થાય, અર્થાત્ પ્રશાંતવાહિતાખ્યપર્યાયપરિણતભાવને આશ્રયીને ભાવગ્રાહી પર્યાયાસ્તિકનયથી દ્રવ્યસ્તવને ધર્મ કહ્યા પછી ફરી દ્રવ્યાસ્તિકનયથી પણ દ્રવ્યસ્તવને ધર્મ કહેવા માટે પ્રશાંતવાહિતાનો આશ્રય લેવાથી તે બે નયોનો અભેદ જ પ્રાપ્ત થાય છે. તેથી દ્રવ્યસ્તવમાં ધર્માધર્મરૂપ સંકર દોષ દૂર કરવા માટે પ્રશાંતવાહિતા પર્યાયનો નિવેશ થઈ શકે નહીં. માટે પૂર્વમાં કહેલ સંકર દોષનું નિવારણ થઈ શકે નહીં. તેથી ઉભયનયથી દ્રવ્યસ્તવમાં ધર્મનું કથન થઈ શકે નહીં.

અહીં કોઈ કહે કે ધર્મ શું દ્રવ્ય છે ? કે પર્યાય છે ? એ પ્રકારની જિજ્ઞાસામાં દ્રવ્યાસ્તિકનય અને પર્યાયાસ્તિકનય એમ ઉભયથી ઉત્તર અપાય છે. માટે દ્રવ્યસ્તવમાં પણ દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિકનયથી ધર્મનું કથન સ્વીકારવામાં વિરોધ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

લક્ષણ અધિકારમાં આ ઉપયોગી નથી અર્થાત્ દ્રવ્યસ્તવમાં ધર્મનું લક્ષણ ઘટે છે કે નથી ઘટતું ? એ પ્રકારના લક્ષણનો અધિકાર ચાલતો હોય ત્યારે, ધર્મ દ્રવ્ય છે કે પર્યાય છે ? એ પ્રકારની જિજ્ઞાસામાં જે ઉભયનયથી ઉત્તર અપાય છે, એ ઉત્તર ઉપયોગી નથી. માટે એ દૃષ્ટિથી અમે દ્રવ્યસ્તવમાં ઉભયનયનું કથન કરેલ નથી.

અહીં પ્રશ્ન થાય કે તો પછી ઉભય નયથી દ્રવ્યસ્તવમાં ધર્મની સંગતિ પૂર્વમાં ગ્રંથકારે કેમ કરી ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

તત્ત્વચિંતા અધિકારમાં પણ નયદ્વયનો નિર્દેશ જ યુક્ત છે; કેમ કે એક નયનો નિર્દેશ કરવામાં આવે તો ન્યૂન નામના નિગ્રહસ્થાનનો પ્રસંગ છે.

આશય એ છે કે વાદી અને પ્રતિવાદી દ્રવ્યસ્તવમાં ધર્મ છે કે નથી ? તેવી તત્ત્વચિંતા કરવા માટે ઉપસ્થિત થયેલા હોય ત્યારે, પ્રતિવાદી દ્રવ્યસ્તવમાં ધર્મ છે, તે સ્થાપન કરવા માટે પ્રયાસ કરે, અને તે વખતે માત્ર એક પર્યાયાસ્તિકનયથી દ્રવ્યસ્તવમાં ધર્મ છે, તેમ સ્થાપન કરે, અને તે પર્યાયાસ્તિકનયના પ્રતિપક્ષરૂપ દ્રવ્યાસ્તિકનયથી દ્રવ્યસ્તવમાં ધર્મ છે, તેમ સ્થાપન કરે નહિ, તો સ્યાદ્વાદથી દ્રવ્યસ્તવમાં ધર્મ સિદ્ધ થાય નહિ, પરંતુ એક નયથી દ્રવ્યસ્તવમાં ધર્મ છે તેમ સિદ્ધ થાય. તેથી પ્રતિવાદીએ એક નયથી

સ્થાપન કરેલ દ્રવ્યસ્તવમાં ધર્મ છે, તે કથન, ન્યૂન નામના નિગ્રહસ્થાનની પ્રાપ્તિરૂપ છે. તેથી પ્રતિવાદીનો પરાજય થાય. માટે પ્રતિવાદીએ દ્રવ્યસ્તવમાં ધર્મ સ્થાપન કરવો હોય તો ઉભય નયથી સ્થાપન કરવો જોઈએ. તેથી પ્રમાણથી દ્રવ્યસ્તવમાં ધર્મ છે તેમ સિદ્ધ થાય. માટે ગ્રંથકારશ્રીએ દ્રવ્યસ્તવમાં ધર્મ છે, તેનું સ્થાપન પર્યાયાસ્તિકનયથી કર્યા પછી દ્રવ્યાસ્તિકનયથી પણ કરેલ છે. તેથી દ્રવ્યાસ્તિકનયથી ધર્મનું લક્ષણ કરવામાં પ્રશાંતભાવથી થતી પૂજા અને અપ્રશાંતભાવથી થતી પૂજાને ગ્રહણ કરીને ધર્માધર્મનો સંકર દોષ હોવા છતાં ન્યૂન નામના નિગ્રહસ્થાનના પ્રસંગના નિવારણ માટે બે નયથી કરેલું કથન દોષરૂપ નથી. તેની પુષ્ટિ ગ્રંથકારશ્રીએ ચૌદ પૂર્વધર પૂ. આ. શ્રી ભદ્રબાહુસ્વામિજીના વચનથી કરેલ છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે તત્ત્વચિંતા અધિકારમાં નયદ્વયનો નિર્દેશ જ યુક્ત છે, માટે ગ્રંથકારશ્રીએ દ્રવ્યસ્તવમાં પર્યાયાસ્તિકનય અને દ્રવ્યાસ્તિકનય એમ ઉભયનયથી ધર્મ છે, તેમ સ્થાપન કરેલ છે. હવે કોઈક વખતે શ્રોતાને આશ્રયીને એક નયથી પણ ધર્મનું લક્ષણ કરવું ઉચિત છે, તો કોઈક વખતે ઉભય નયથી પણ ધર્મનું લક્ષણ કરવું ઉચિત છે, તે બતાવવા માટે કહે છે –

**ટીકા :-**

**एकनयेनैव धर्मलक्षणे चाभिधातव्ये आदौ व्यवहारनयेन तत्प्रणयनमुचितम्, निश्चयनयानां बालमध्यमौ प्रत्यपरिणामकातिपरिणामकत्वेन दुष्टत्वात् । अत एव** "मूढनइअं सुयं कालियं तु" **[आवश्यकनिर्युक्ति. गा. ७६२ प्रथमपादः] इत्याद्युक्तम् । सर्वाशङ्कानिराकरणाय च नयद्वयेन तत्प्रणयनं न्याय्यं, यथा** "प्रमादयोगात्प्राणव्यपरोपणं हिंसा" **[तत्त्वार्थसूत्र अध्याय-७, सूत्र-८] इति तत्वार्थशास्त्रे हिंसालक्षणमभिहितम् । इत्थं विचार्यमाणे च** 'क्रियाहेतुः पुष्टिशुद्धिमच्चित्तं धर्म' **इति हरिभद्रोक्तलक्षणमतिव्याप्त्यादिदोषाकलङ्कितं सर्वत्रानुगतं निरवद्यं सङ्गच्छते । अत्रार्थे** "धर्मश्चित्तप्रभव" **[षोडशक ३, श्लो.-२] इत्यादि षोडशकं तद्वृत्तिश्चास्मत्प्रणीता 'योगदीपिका' नाम्नी अनुसरणीया ।**

**ટીકાર્થ :-**

एकनयेनैव ..... दुष्टत्वात् । **એક નયથી જ ધર્મનું લક્ષણ કહેવા જેવું હોય ત્યારે આદિમાં વ્યવહારનયથી તેનું પ્રણયન=ધર્મનું કથન, કરવું ઉચિત છે; કેમ કે નિશ્ચયનયોનું બાળ અને મધ્યમ પ્રત્યે અપરિણામકપણું અને અતિપરિણામકપણું હોવાને કારણે દુષ્ટપણું છે, અર્થાત્ બાળ પ્રત્યે નિશ્ચયનયનું અપરિણામકપણું છે અને મધ્યમ પ્રત્યે અતિપરિણામકપણું છે. તેથી નિશ્ચયનયોથી કરેલ ધર્મના લક્ષણનું દુષ્ટપણું છે.**

अत एव ..... इत्याद्युक्तम् । **આથી જ=એક નયથી ધર્મનું લક્ષણ કરવાનું આવશ્યક જણાય ત્યારે આદિમાં વ્યવહારનયથી જ ધર્મનું લક્ષણ કરવું ઉચિત છે આથી જ,** "વળી મૂઢનયવાળું કાલિકશ્રુત" **ઈત્યાદિ કહેવાયું છે=ગુપ્ત છે નયો જેમાં એવું કાલિકશ્રુત ઈત્યાદિ કહેવાયું છે.**

**सर्वाशङ्का ..... न्याय्यं, અને સર્વ આશંકાના નિરાકરણ માટે નયદ્વયથી તેનું કથન=ધર્મના લક્ષણનું કથન, ન્યાય્ય છે.**

**यथा ..... अभिहितम् । જે પ્રમાણે** "પ્રમાદયોગથી પ્રાણવ્યપરોપણ=પ્રાણનો નાશ એ હિંસા" **એ પ્રમાણે તત્ત્વાર્થ શાસ્ત્ર-૭-૮માં હિંસાનું લક્ષણ કહેવાયું.**

**इत्थं ..... सङ्गच्छते । અને આ રીતે='इदं तु चिन्त्यते'થી માંડીને અત્યાર સુધી વિચારણા કરી એ રીતે,** 'ક્રિયાનો હેતુ પુષ્ટિ-શુદ્ધિવાળું ચિત્ત ધર્મ છે', **એ પ્રમાણે પૂ. આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજા વડે કહેવાયેલું લક્ષણ=ધર્મનું લક્ષણ, અતિવ્યાપ્તિ આદિ દોષોથી રહિત, અકલંકિત, સર્વત્ર અનુગત=સર્વ ધર્મમાં અનુસરનારું, નિરવદ્ય સંગત થાય છે.**

**अत्रार्थे ..... अनुसरणीया । આ અર્થમાં=પૂ. આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજ વડે કહેવાયેલા ધર્મના લક્ષણના અર્થમાં, 'धर्मश्चित्तप्रभवः' ઈત્યાદિ ષોડશક-૩/૨ અને અમારા વડે રચાયેલી 'યોગદીપિકા' નામની તેની વૃત્તિ અનુસરવી.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે તત્ત્વચિંતા અધિકારમાં નયદ્વયનો નિર્દેશ યુક્ત છે, માટે ગ્રંથકારશ્રીએ પર્યાયાસ્તિકનયથી ધર્મનું લક્ષણ દ્રવ્યસ્તવમાં સંગત કર્યા પછી દ્રવ્યાસ્તિકનયથી પણ ધર્મનું લક્ષણ દ્રવ્યસ્તવમાં સંગત કરેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે વાદી અને પ્રતિવાદી, દ્રવ્યસ્તવમાં ધર્મ છે કે નથી ? તે વિષયમાં તત્ત્વનિર્ણય કરવા માટે બેઠેલા હોય ત્યારે, પ્રતિવાદી જો ધર્મનું લક્ષણ એક નયથી કરે તો નિગ્રહસ્થાનની પ્રાપ્તિ થાય. માટે ગ્રંથકારશ્રીએ પૂર્વપક્ષીને દ્રવ્યસ્તવમાં ધર્મ છે, તે બતાવવા માટે ઉભયનયથી દ્રવ્યસ્તવમાં ધર્મની સિદ્ધિ કરેલ છે.

હવે કોઈ યોગ્ય શ્રોતા ધર્મને સાંભળવા માટે આવેલા હોય ત્યારે, જો એક નયથી જ ધર્મ કહેવાની આવશ્યકતા જણાય તો આદિમાં વ્યવહારનયથી ધર્મનું લક્ષણ કરવું જોઈએ; કેમ કે ઋજુસૂત્રાદિરૂપ નિશ્ચયનયોથી ધર્મનું લક્ષણ કરવામાં આવે તો બાળજીવોને તે ધર્મના લક્ષણથી કોઈ બોધ થાય નહિ, અને ઉપદેશકનું વચન અપરિણમન પામે; અને મધ્યમ બુદ્ધિવાળા જીવો હોય તો નિશ્ચયનયના કરાયેલા લક્ષણથી ધર્મનો કાંઈક બોધ પ્રાપ્ત કરે તોપણ ઉચિત સ્થાને તે ધર્મનું લક્ષણ જોડી શકે નહિ. તેથી નિશ્ચયનયને અભિમત ધર્મની પ્રાપ્તિના કારણભૂત એવી ક્રિયાનો ત્યાગ કરે, તેથી અતિપરિણામવાળા બને. માટે બાળ અને મધ્યમ જીવોનું અહિત થાય. તેથી આદિમાં વ્યવહારનયથી ધર્મનું લક્ષણ કરવું ઉચિત છે.

આશય એ છે કે મોહના ઉન્મૂલનનું કારણ બને તેવી ઉચિત ક્રિયાઓ ધર્મ છે, એ પ્રકારનું વ્યવહારનયનું લક્ષણ સાંભળીને બાળજીવો અને મધ્યમ જીવો તે ક્રિયાઓ કરીને મોહધારાનું ઉન્મૂલન કરી શકે છે. તેથી તેવા જીવોને વ્યવહારનયથી કરેલું ધર્મનું લક્ષણ ઉપકારક બને છે.

વળી નિશ્ચયનયો ઋજુસૂત્રાદિ ચાર છે અને શુદ્ધ દ્રવ્યાસ્તિકનય છે, એ રૂપ પાંચે નિશ્ચયનયોને અવલંબીને ધર્મનું લક્ષણ કરવામાં આવે તો 'શુદ્ધ આત્મભાવમાં જવાને અનુકૂળ એવો અંતરંગ વ્યાપાર ધર્મ છે અને તે સિવાયની સર્વ ચેષ્ટાઓ અધર્મરૂપ છે.' આ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય.

અને બાળજીવોને આ પ્રકારે નિશ્ચયનયથી ધર્મનું સ્વરૂપ બતાવવામાં આવે તો શેમાં પ્રવૃત્તિ કરવી જોઈએ, તેનો કોઈ બોધ થાય નહિ. તેથી ઉપદેશકનાં વચનો દ્વારા અંતરંગ શેમાં ઉદ્યમ કરવો તે બોધ વગરના જીવો આત્મહિત સાધી શકે નહિ, તેથી નિશ્ચયનયથી કરેલું ધર્મનું લક્ષણ નિષ્ફળ જાય.

અને કોઈક જીવો મધ્યમ બુદ્ધિવાળા હોય તો વિચારે કે અંતરંગ રીતે મોહનો પરિણામ ન સ્પર્શે તેવો ઉદ્યમ કરવો એ જ ધર્મ છે. માટે બાહ્ય ઉચિત ધર્મના અનુષ્ઠાનો આચરવાથી કાંઈ વળે નહિ, પરંતુ ધર્મના અર્થીએ અંતરંગભાવોમાં ઉદ્યમ કરવો જોઈએ. આ પ્રકારની વિપરીત મતિ કરીને તેઓ વ્યવહારનયનો અપલાપ કરે, અને શુદ્ધ ધર્મની પ્રાપ્તિના પ્રબળ કારણભૂત એવા ભગવદ્ભક્તિ આદિ ઉત્તમ અનુષ્ઠાનોનો ત્યાગ કરીને માત્ર રાગાદિથી પર આત્મભાવમાં જવા માટે યત્ન કરે; પરંતુ રાગાદિથી પર આત્મભાવમાં જવા માટેનાં આલંબનભૂત એવાં ભગવદ્ભક્તિ આદિ અનુષ્ઠાનો વગર તેઓ આત્મકલ્યાણ સાધી શકતા નથી. માટે આદિમાં વ્યવહારનયથી ધર્મનું લક્ષણ કહેવું જોઈએ; અને તેની પુષ્ટિ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે - આથી જ મૂઢનયવાળું કાલિકશ્રુત છે ઇત્યાદિ કહેવાયું છે અર્થાત્ કાલિકશ્રુતમાં જ્યારથી ચરણકરણાનુયોગ આદિ ચાર ભેદોનું કથન કરાય છે, ત્યારથી નયોને ઉતારવાનો નિષેધ કર્યો છે; કેમ કે બાળ અને મધ્યમ જીવોને સર્વ નયોથી શ્રુતના ભાવો બતાવવા માટે યત્ન કરવામાં આવે તો તેમનું હિત થાય નહિ, પરંતુ ચરણકરણાનુયોગ આદિ રૂપે કાલિકશ્રુતનો વિભાગ કરીને બતાવવામાં આવે તો બાળ અને મધ્યમ જીવોને શાસ્ત્રના કયા વચનથી ચરણકરણાનુયોગમાં યત્ન કરવો જોઈએ અને શાસ્ત્રના કયા વચનોથી ગણિતાનુયોગ આદિમાં યત્ન કરીને આત્માને ભાવિત કરવો જોઈએ, તેવું જ્ઞાન થવાથી તે જીવો હિત સાધી શકે છે. તેમ વ્યવહારનયથી આદિમાં ધર્મનું લક્ષણ કહેવામાં આવે તો બાળ અને મધ્યમ જીવો તે વ્યવહારનયના ધર્મના લક્ષણને ગ્રહણ કરીને મોહનું ઉન્મૂલન થાય, તેવી ધર્મની ઉચિત પ્રવૃત્તિમાં યત્ન કરે છે. તેથી તેઓનું હિત થાય છે; અને જેમ કાલિકશ્રુતમાં પૂર્વમાં નયો ફલાવવામાં આવતા હતા, તેમ વર્તમાનમાં નયો ફલાવવામાં આવે તો શ્રોતાને બોધ થાય નહિ, તેથી હિતની પ્રાપ્તિ થાય નહિ. તેમ નિશ્ચયનયથી ધર્મનું લક્ષણ કરવામાં આવે તો બાળ અને મધ્યમ શ્રોતાઓને હિતની પ્રાપ્તિ થાય નહિ. માટે આદિમાં વ્યવહારનયથી ધર્મનું લક્ષણ કરવું ઉચિત છે.

વળી સર્વ આશંકાના નિરાકરણ માટે નયદ્વયથી ધર્મનું લક્ષણ કરવું ન્યાય્ય છે અર્થાત્ કોઈકને ધર્મના સ્વરૂપવિષયક સર્વ આશંકાઓનું નિરાકરણ કરવું આવશ્યક જણાય ત્યારે બંને નયોથી લક્ષણ કરવું જોઈએ.

જેમ - 'પ્રમાદયોગથી પ્રાણવ્યપરોપણ હિંસા છે' એ પ્રમાણે તત્ત્વાર્થ સૂત્ર-૭-૮માં હિંસાનું લક્ષણ કરેલ છે. તેથી પ્રમાદયોગ એ કથન દ્વારા નિશ્ચયનયથી ધર્મના લક્ષણની પ્રાપ્તિ થઈ, અને પ્રાણવ્યપરોપણ હિંસા એ કથનથી વ્યવહારનયથી ધર્મના લક્ષણની પ્રાપ્તિ થઈ.

આ રીતે અત્યાર સુધી સ્પષ્ટતા કરી કે દ્રવ્યાસ્તિકનય અને પર્યાયાસ્તિકનય બંને નયથી પૂજામાં ધર્મના લક્ષણની સંગતિ થાય છે એ રીતે 'ક્રિયાનો હેતુ પુષ્ટિ-શુદ્ધિવાળું ચિત્ત ધર્મ છે,' એ પ્રકારનું પૂજ્ય આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે કરેલું ધર્મનું લક્ષણ અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ અને અસંભવ દોષથી રહિત હોવાથી અકલંકિત છે. વળી આ લક્ષણ જેમ સામાયિક, ચારિત્ર આદિમાં ઘટે છે તેમ દ્રવ્યસ્તવમાં પણ સંગત થાય છે, તેથી સર્વત્ર જનારું એવું આ ધર્મનું લક્ષણ સંપૂર્ણ નિરવદ્ય છે.

વળી પૂજ્ય આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે કરેલા ધર્મના અર્થને જાણવા માટે, 'धर्मश्चित्तप्रभवः' ષોડશક-૩-૨ ઇત્યાદિ ષોડશક ગ્રંથ, અને પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે કરેલી ષોડશકની 'યોગદીપિકા' નામની વૃત્તિનું અનુસરણ કરવું જોઈએ.

ષોડશક-૩-૨ સંપૂર્ણ શ્લોક આ પ્રમાણે છે –

**धर्मश्चित्तप्रभवो, यतः क्रियाधिकरणाश्रयं कार्यं ।**
**मलविगमेनैतत्खलु, पुष्ट्यादिमदेष विज्ञेयः ।। [षोडशक ३/२ श्लो.]**

**વિશેષાર્થ :-**

અહીં વિશેષ એ છે કે 'धर्मश्चित्तप्रभवः' એ ષોડશકના ૩-૨ શ્લોકના પૂર્વાર્ધથી માર્ગાનુસારી ધર્મને લક્ષ્ય તરીકે બતાવેલ છે, અને ૩/૨ શ્લોકના ઉત્તરાર્ધથી ધર્મનું લક્ષણ કરેલ છે. તેનો અર્થ આ પ્રમાણે છે –

'ધર્મ એ માનસ આશયથી ઉત્પન્ન થનારો છે, પરંતુ સંમૂર્ચ્છિમ જીવોની જેમ ક્રિયામાત્રરૂપ નથી, અને જે ધર્મથી ક્રિયા કરનાર પુરુષમાં ભવનિર્વેદ આદિ કાર્યો થાય છે, તે ધર્મ લક્ષ્ય છે'. તેથી એ ફલિત થાય છે કે ધર્મ કરનાર પુરુષ આ ક્રિયા સેવીને 'મારે ભવના ભાવોથી આત્માને બહાર કાઢવો છે અને અસંગભાવોને અભિમુખ એવા મારા આત્માને સંપન્ન કરવો છે', એવા આશયથી ક્રિયા કરે, અને જે ક્રિયા દ્વારા અપેક્ષિત ભાવો પોતે કરી શકે તેમ હોય તે ક્રિયાનું આલંબન લઈને ક્રિયામાં પ્રવૃત્તિ કરે, તો તેના ચિત્તના વ્યાપારથી ભવનિર્વેદાદિ કાર્યો તેના આત્મામાં પ્રગટે છે. આ ધર્મને લક્ષ્ય કરીને ગ્રંથકારશ્રીએ ષોડશક શ્લોક-૩-૨ના ઉત્તરાર્ધથી ધર્મનું લક્ષણ કરેલ છે કે મલના વિગમનથી પુષ્ટિ-શુદ્ધિવાળું એવું જે ચિત્ત છે, તે ધર્મ છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે જે ચિત્ત ક્રિયાનો હેતુ છે અને ક્રિયાકાળમાં યોગમાર્ગ પ્રત્યેના રાગવાળું હોવાથી પુણ્યાનુબંધિપુણ્ય બાંધે છે, અને યોગમાર્ગનાં પ્રતિબંધક કર્મો તે ક્રિયાકાળમાં વર્તતા ચિત્તથી નાશ પામે છે. તેવા ચિત્તથી આત્મામાં ઘાતિકર્મના વિગમનથી શુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેથી મલવિગમન દ્વારા પુષ્ટિ-શુદ્ધિવાળું એવું જે ચિત્ત છે, તે ક્રિયા પ્રત્યે હેતુ છે, અને તેવું ચિત્ત તે ધર્મ છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે પૂજ્ય આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે કરેલું ધર્મનું લક્ષણ સર્વત્ર સંગત થાય છે અર્થાત્ દ્રવ્યસ્તવમાં અને ચારિત્રમાં સર્વત્ર સંગત થાય છે. માટે જેમ પૂર્વપક્ષીને ચારિત્ર ધર્મરૂપે માન્ય છે, તેમ પૂજ્ય આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજના ષોડશક-૩-૨માં કરેલ ધર્મના લક્ષણથી દ્રવ્યસ્તવને પણ પૂર્વપક્ષીએ

ધર્મરૂપે સ્વીકારવું જોઈએ. હવે અન્ય રીતે ધર્મનું લક્ષણ કરવામાં આવે છે, જે ચારિત્રમાં અને દ્રવ્યસ્તવમાં સર્વત્ર સંગત છે, તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

**'यावानुपाधिविगमस्तावान्धर्म' इति अप्युभयोपाधिविगमनेनोभयनयानुगतं सर्वत्र सङ्गम्यमानं रमणीयमेव** -"से वंता कोहं च मानं च मायं च लोभं च, एयं पासगस्स दंसणं" **[आचाराङ्ग० १-१-४ सू.१२१] इत्यादि सूत्रमप्यत्र प्रमाणमेव ।**

**ટીકાર્થ :-**

**यावानुपाधि ..... प्रमाणमेव । 'જેટલો ઉપાધિનો વિગમ છે તેટલો ધર્મ છે=આત્મા ઉપર જે કર્મરૂપ ઉપાધિ છે, તે ઉપાધિમાંથી જેટલો અંશ વિગમ થાય તેટલો આત્મામાં ધર્મ પ્રગટ થાય છે,' એ પણ ઉભય ઉપાધિના વિગમનથી=ચિત્તને યોગમાર્ગને અભિમુખ થવામાં બાધક એવી ઉપાધિરૂપ અને ક્રિયાને યોગમાર્ગમાં પ્રવર્તાવવામાં બાધક એવી ઉપાધિરૂપ ઉભય ઉપાધિના વિગમનથી, ઉભયનય અનુગત=પર્યાયાસ્તિકનય અને દ્રવ્યાસ્તિકનય ઉભયનય અનુગત, સર્વત્ર સંગમ્યમાન=સામાયિક, ચારિત્ર અને દ્રવ્યસ્તવ આદિ સર્વ અનુષ્ઠાનોમાં યોજન કરાતું, ધર્મનું લક્ષણ રમણીય જ છે.**

તેની પુષ્ટિ કરવા અર્થે આચારાંગ-૧-૧-૪, સૂ. ૧૨૧ની સાક્ષી આપતાં કહે છે –

"से वंता ..... दंसणं" **इत्यादि सूत्रमप्यत्र प्रमाणमेव ।** "તે ક્રોધ, માન, માયા અને લોભને વમન કરનાર છે, આ પશ્યકનું દર્શન છે." **ઈત્યાદિ આચારાંગનું સૂત્ર પણ આમાં પ્રમાણ જ છે=જેટલી ઉપાધિનો વિગમ છે, તેટલો ધર્મ છે, એ કથનમાં પ્રમાણ જ છે.**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં ધર્મનું લક્ષણ કરવામાં આવે છે કે આત્મા ઉપરથી જેટલી કર્મરૂપ ઉપાધિનું વિગમન થાય, તેટલો આત્માનો ધર્મ પ્રગટ થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે ધર્મ એ આત્માનો મૂળ સ્વભાવ છે, અને તે સ્વભાવ સિદ્ધાવસ્થામાં વિદ્યમાન છે અને અંશથી ધર્મરૂપે સંસારાવસ્થામાં પ્રગટે છે.

કર્મની ઉપાધિના વિગમનથી અંશથી ધર્મ પ્રગટ થાય છે. તેથી આત્મા ઉપર જેટલી કર્મરૂપ ઉપાધિનું વિગમન થાય, તેટલો આત્મામાં ધર્મ પ્રગટે છે. આ પ્રકારનું ધર્મનું લક્ષણ પણ ઉભય ઉપાધિના વિગમનથી ઉભયનયઅનુગત સર્વત્ર સંગત થાય છે.

આશય એ છે કે જીવનું ચિત્ત આત્મભાવોમાં જવાને અભિમુખ બને તેનાં આવારક જે કર્મો એ રૂપ ઉપાધિનું વિગમન થાય, ત્યારે ચિત્ત ધર્મમાં જવા માટે સમર્થ બને, અને ચિત્ત ધર્મને અભિમુખ થયા પછી જે ક્રિયામાં જીવ યત્ન કરે, તે ક્રિયાથી ઉત્તરનો ધર્મ પેદા કરી શકે તે પ્રકારની શુદ્ધ ક્રિયા કરવામાં પ્રતિબંધક

એવી કર્મની ઉપાધિનું વિગમન થાય, ત્યારે તે જીવનું ચિત્ત અને તે જીવની ક્રિયા ઉભય લક્ષ્ય તરફ જઈ શકે તેવા બને છે, અને તેવા જીવો લક્ષ્યને અનુરૂપ ચિત્તને પ્રવર્તાવવા માટે અનુષ્ઠાનોમાં યત્ન કરતા હોય ત્યારે દ્રવ્યાસ્તિકનયથી અને પર્યાયાસ્તિકનયથી ધર્મનું લક્ષણ સંગત થાય છે. તેથી કોઈ જીવો ભગવાનની પૂજાની ક્રિયા કરતા હોય તે વખતે તેમનું ચિત્ત વીતરાગગામી ઉપયોગવાળું હોય, અને તેમની દ્રવ્યસ્તવની ક્રિયા વીતરાગગામી ઉપયોગને પુષ્ટ કરે તેવી હોય, તો તે દ્રવ્યસ્તવમાં પર્યાયાસ્તિકનયથી અને દ્રવ્યાસ્તિકનયથી ધર્મનું લક્ષણ સંગત થાય છે.

વળી કોઈ મુનિભગવંત ભગવાનના વચનનું સ્મરણ કરીને સર્વ ચારિત્રની ઉચિત ક્રિયા કરતા હોય ત્યારે તેમનું ચિત્ત સંયમની ક્રિયાકાળમાં વીતરાગગામી છે, અને સંયમની તે તે ક્રિયા વીતરાગના વચનથી નિયંત્રિત થઈને પ્રવર્તતી હોવાથી વીતરાગગામી ચિત્તની ઉપષ્ટંભક બને છે. તેથી તે ચારિત્રની ક્રિયામાં પણ ઉભય ઉપાધિના વિગમનથી પ્રવૃત્તિ થાય છે, માટે તેમાં ધર્મનું લક્ષણ ઉભયનયથી સંગત થાય છે. તેથી દ્રવ્યસ્તવમાં ધર્મ નથી અને ચારિત્રમાં ધર્મ છે, એ પ્રકારનું પૂર્વપક્ષીનું કથન, જેટલી ઉપાધિનું વિગમન થાય છે, તેટલો ધર્મ છે, એ પ્રકારના ધર્મના લક્ષણથી પણ સંગત નથી.

વળી આ કથનની પુષ્ટિ કરવા માટે આચારાંગસૂત્રનો से वंता..... પાઠ આપેલ છે, તેનાથી પણ એ પ્રાપ્ત થાય છે કે જે પશ્યક છે=તત્ત્વને જોનારા છે, તેઓ પોતાની ભૂમિકા અનુસાર દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરતા હોય કે ચારિત્રની પ્રવૃત્તિ કરતા હોય ત્યારે વીતરાગગામી ઉપયોગના બળથી અને વીતરાગગામી ઉપયોગને ઉપષ્ટંભક એવી દ્રવ્યસ્તવની ક્રિયાથી કે ચારિત્રની ક્રિયાથી ક્રોધને, માનને, માયાને અને લોભને વમન કરે છે. તેથી તેઓની તે ક્રિયા ધર્મરૂપ છે.

**ઉત્થાન :-**

શ્લોક-૯૩થી પૂજા પુણ્યરૂપ છે, ધર્મરૂપ નથી, અને ચારિત્ર ધર્મરૂપ છે; એ પ્રકારના અન્યના મતનું નિરૂપણ કરીને અત્યાર સુધી તેનું ગ્રંથકારશ્રીએ નિરાકરણ કર્યું. હવે તે સર્વ કથનનું નિગમન કરતાં કહે છે –

**ટીકા :-**

**'द्रव्यस्तवे तदिह भक्तिविधिप्रणीते,**
**पुण्यं न धर्म इति दुर्मतीनां कुबुद्धिः ।**
**तत्तन्नयैस्तु सुधियां विविधोपदेशः,**
**संक्लेशकृद् यदि जडस्य किमत्र चित्रम्' ।।१।।**
**'अधर्मः पूजेति प्रलपति स लुम्पाकमुखरः,**
**श्रयन् मिश्रं पक्षं तमनुहरते पाशकुमतिः ।**
**विधिभ्रान्तः पुण्यं वदति तपगच्छोत्तमबुधाः,**
**सुधासारां वाणीमभिदधति धर्मो ह्ययम्' ।।२।। इति ।।९५।।**

**ટીકાર્થ :-**

**'द्रव्यस्तवे ..... चित्रम् ।। તે કારણથી=પૂર્વમાં દ્રવ્યસ્તવમાં ધર્મ નથી, પુણ્ય છે, એ પ્રકારના મતનું અત્યાર સુધી નિરાકરણ કર્યું તે કારણથી, અહીં=આ સંસારમાં, ભક્તિ-વિધિથી પ્રણીત એવા દ્રવ્યસ્તવમાં પુણ્ય છે, ધર્મ નથી, એ પ્રકારની દુર્મતિઓની કુબુદ્ધિ છે. વળી તે તે નયો વડે બુદ્ધિમાનોનો વિવિધ ઉપદેશ=કોઈક નયથી દ્રવ્યસ્તવને પુણ્યરૂપે કહેનારો અને કોઈક નયથી દ્રવ્યસ્તવને શુદ્ધ ધર્મ કહેનારો વિવિધ ઉપદેશ, જો જડને સંક્લેશ કરનારો થાય તો એમાં આશ્ચર્ય શું ?**

**'अधर्मः ..... ह्ययमिति' ।। પૂજા અધર્મ છે, એ પ્રમાણે લુંપાકમુખર=પ્રતિમાનો લોપ કરવામાં વાચાળ, એવો તે બોલે છે; મિશ્રપક્ષનો આશ્રય કરતો એવો પાશકુમતિ તેને=લુંપાકમતને, અનુસરે છે; વિધિમાં ભ્રાંત પુણ્ય કહે છે=દ્રવ્યસ્તવને પુણ્ય કહે છે; તપગચ્છમાં ઉત્તમ બુધપુરુષો આ ધર્મ છે=દ્રવ્યસ્તવ ધર્મ છે, એ પ્રકારે સુધાસાર વાણીને કહે છે.**

**इति શબ્દ ટીકાની સમાપ્તિસૂચક છે. ॥૯૫॥**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી જો દ્રવ્યસ્તવને કોઈક નયથી પુણ્ય કહે તો તે નયથી સરાગચારિત્રને પણ પુણ્ય કહેવું જોઈએ, અને જો પૂર્વપક્ષી આત્મભાવમાં વિશ્રાંતિરૂપ હોવાથી ચારિત્રને ધર્મરૂપે સ્વીકારે અને પુણ્યરૂપ નથી તેમ કહે, તો તે નયથી દ્રવ્યસ્તવ પણ આત્મભાવમાં વિશ્રાંતિરૂપ હોવાથી ધર્મરૂપ છે, પુણ્યરૂપ નથી એમ તેણે સ્વીકારવું જોઈએ. આ પ્રમાણે શ્લોક-૯૩ થી અત્યાર સુધી દ્રવ્યસ્તવને પુણ્યરૂપ કહેનાર અને ચારિત્રને ધર્મ કહેનાર મતનું સમાલોચન કરીને હવે તેનું નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભક્તિ-વિધિથી કરાયેલ દ્રવ્યસ્તવમાં પુણ્ય છે, ધર્મ નથી, એ પ્રકારની દુર્મતિઓની કુબુદ્ધિ છે.

કેમ કુબુદ્ધિ છે ? તેથી કહે છે –

શાસ્ત્રકારોનો તે તે નયોથી વિવિધ ઉપદેશ છે, જે જડપુરુષોને રુચતો નથી. તેથી તે ઉપદેશ જો જડપુરુષોને સંક્લેશ કરનારો થાય તો તેમાં આશ્ચર્ય શું છે ?

આશય એ છે કે શાસ્ત્રકારોએ કોઈક નયની દૃષ્ટિથી દ્રવ્યસ્તવને સ્વર્ગનું કારણ સ્વીકાર્યું છે, તેથી પુણ્યરૂપે સ્વીકાર્યું છે. તેનો અર્થ એ નથી કે ચારિત્ર ધર્મરૂપ છે અને દ્રવ્યસ્તવ ધર્મરૂપ નથી, પરંતુ જે દૃષ્ટિથી દ્રવ્યસ્તવમાં રાગાંશ છે, તે અંશની દૃષ્ટિને સામે રાખીને દ્રવ્યસ્તવને શાસ્ત્રકારોએ પુણ્યબંધનું કારણ કહેલ છે, અને તે પુણ્યબંધ પણ ઉત્તરોત્તર વિશિષ્ટ પ્રકારના ચારિત્રની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ છે, અને તે નયની દૃષ્ટિથી વિચારીએ તો સરાગચારિત્ર પણ સરાગઅંશને સામે રાખીને પુણ્યરૂપ છે. આમ છતાં જડ એવા જીવોને ઉત્તમ પુરુષોથી અપાયેલ વિવિધ નયોનો ઉપદેશ યથાસ્થાને બોધ કરાવવા સમર્થ બનતો નથી, તેથી તેઓ દ્રવ્યસ્તવમાં વર્તતા આરંભ-સમારંભને જોઈને કે દ્રવ્યસ્તવની બાહ્યપ્રવૃત્તિને જોઈને પુણ્યબંધનું કારણ સ્વીકારે છે, અને ચારિત્રને આત્મભાવમાં જવાની ક્રિયારૂપ જોઈને ધર્મરૂપે સ્વીકારે છે.

વસ્તુતઃ જેમ દ્રવ્યસ્તવમાં બાહ્યપ્રવૃત્તિઓ છે, અને તે બાહ્યપ્રવૃત્તિ દ્વારા દ્રવ્યસ્તવ કરનારા શ્રાવકો વીતરાગભાવ તરફ જાય છે, તેમ ચારિત્રમાં પણ બાહ્યપ્રવૃત્તિઓ છે, અને તે બાહ્યપ્રવૃત્તિ દ્વારા સાધુઓ વીતરાગભાવ તરફ જાય છે. તેથી ચારિત્રને સમભાવમાં વિશ્રાંતિરૂપ સ્વીકારીને જો ધર્મ કહી શકાય તો દ્રવ્યસ્તવને પણ આત્મભાવમાં વિશ્રાંતિના કારણરૂપ સ્વીકારીને ધર્મ કહી શકાય; અને પુણ્યબંધનું કારણ છે, માટે દ્રવ્યસ્તવને પુણ્યરૂપે સ્વીકારવામાં આવે તો સરાગચારિત્રને પણ પુણ્યબંધનું કારણ છે માટે પુણ્યરૂપે સ્વીકારવું જોઈએ.

આમ છતાં જડ જીવોને સુંદર બુદ્ધિવાળા યોગીઓનો વિવિધ ઉપદેશ યથાસ્થાને સમ્યક્ પરિણમન પામતો નથી, તેથી વિપર્યાસ બુદ્ધિ પેદા કરાવીને સંક્લેશ કરનાર થાય છે, તેમાં શું આશ્ચર્ય છે ?

આ રીતે પૂજાને પુણ્ય કહેનાર અને ચારિત્રને ધર્મ કહેનાર મત અસંબદ્ધ છે તેમ બતાવ્યું. હવે જિનપ્રતિમાની પૂજાવિષયક પ્રસ્તુત ગ્રંથમાં સ્થાપન કરાયેલા લુંપાક આદિ સર્વ મતો અસાર છે, તે સંક્ષેપથી બતાવતાં કહે છે –

પૂજા અધર્મ છે, એ પ્રમાણે પ્રતિમાનો લોપ કરવામાં વાચાળ એવા સ્થાનકવાસીઓ કહે છે. તેથી ગ્રંથકારશ્રીએ શ્લોક-૧ થી ૬૯ સુધીમાં તેનું સમાલોચન કરીને નિરાકરણ કરેલ છે. ત્યારપછી દ્રવ્યસ્તવમાં 'પુષ્પાદિ જીવોની હિંસા છે માટે અધર્મ છે' અને 'ભગવાનની ભક્તિ છે માટે ધર્મ છે', એ પ્રકારનો ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ જે પાશકુમતિ કહે છે, તે પણ લુંપાકમતને અનુસરનારો છે માટે અનુચિત છે. તેથી તેનું ગ્રંથકારશ્રીએ શ્લોક-૮૧થી ૯૨ સુધી સમાલોચન કરીને નિરાકરણ કરેલ છે. ત્યાર પછી શાસ્ત્રના વિભાગની વિધિમાં ભ્રાંત એવા કોઈક 'દ્રવ્યસ્તવને પુણ્યરૂપે કહે છે' અને 'ચારિત્રને ધર્મરૂપે કહે છે' તે મત પણ ઉચિત નથી તેમ શ્લોક ૯૩થી ૯૫ સુધી સમાલોચન કરીને તેનું ગ્રંથકારશ્રીએ નિરાકરણ કરેલ છે. છેલ્લે ગ્રંથકાર કહે છે :

તપગચ્છના ઉત્તમ એવા બુધ પુરુષો દ્રવ્યસ્તવ ધર્મરૂપ છે, એ પ્રકારે અમૃતસાર વાણી કહે છે. અર્થાત્ જડમતિ, ભ્રાંત પુરુષોની વાણીથી ભ્રમિત ન થતાં બુધ પુરુષોની વાણીને અનુસરીને મોક્ષના અર્થી જીવોએ સર્વ ઉદ્યમથી દ્રવ્યસ્તવમાં ઉદ્યમ કરવો જોઈએ, અને દ્રવ્યસ્તવ દ્વારા સંચિત શક્તિવાળા મહાત્માઓએ ભાવસ્તવમાં સર્વ શક્તિથી ઉદ્યમ કરવો જોઈએ એમ કહે છે. **॥૯૫॥**

**અવતરણિકા :-**

**गम्भीरेऽत्र विचारे गुरुपारतन्त्र्येणैव फलवत्तां दर्शयन् उपदेशसर्वस्वमाह –**

**અવતરણિકાર્થ :-**

**ગંભીર એવા આ વિચારમાં ગુરુપારતંત્ર્યથી જ ફળવાનપણું બતાવતાં ઉપદેશના સર્વસ્વને કહે છે –**

**ભાવાર્થ :-**

'પ્રતિમાશતક' ગ્રંથમાં ભગવાનની પૂજા કઈ રીતે કલ્યાણનું કારણ છે, તે વસ્તુની અનેક દૃષ્ટિકોણોથી વિચારણા કરેલ છે, તે વિચારણા અત્યંત ગંભીર છે, અને ગંભીરતાપૂર્વક તેનો વિચાર કરવામાં આવે તો જ તત્ત્વની પ્રાપ્તિ થાય, અન્યથા શબ્દમાત્રથી પ્રસ્તુત ગ્રંથના માત્ર સામાન્ય અર્થનો બોધ થાય. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે ગંભીર એવા આ ગ્રંથના પદાર્થોની વિચારણામાં ગુરુના પારતંત્ર્યથી જ ફલવાનપણું છે અર્થાત્ ગુરુપારતંત્ર્યથી જ આ ગ્રંથ તત્ત્વજિજ્ઞાસુને તત્ત્વનો મર્મસ્પર્શી બોધ કરાવવામાં ફળવાન છે. એ પ્રકારે બતાવતાં ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગ્રંથના ઉપદેશના સર્વસ્વને=રહસ્યને, બતાવતાં કહે છે –

**શ્લોક :-**

इत्येवं नयभङ्गहेतुगहने मार्गे मनीषोन्मिषे-
न्मुग्धानां करुणां विना न सुगुरोरुद्यच्छतां स्वेच्छया ।
तस्मात्सद्गुरुपादपद्ममधुपः स्वं संविदानो बलं,
सेवां तीर्थकृतां करोतु सुकृती द्रव्येण भावेण वा ।।९६।।

**શ્લોકાર્થ :-**

**આ પ્રકારે=પ્રસ્તુત ગ્રંથમાં અત્યાર સુધી વર્ણન કર્યું એ પ્રકારે, નય, ભંગ અને હેતુથી ગહન એવા માર્ગમાં=યોગમાર્ગમાં, સ્વેચ્છાથી ઉધમ કરતા એવા મુગ્ધોની મનીષા=બુદ્ધિ, સુગુરુની કરુણા વગર ઉન્મેષ પામતી નથી=તત્ત્વના પરમાર્થને સ્પર્શી શકતી નથી; તે કારણથી સદ્ગુરુના પાદપદ્મમાં મધુકર એવા સ્વબળને જાણતા સુકૃતીઓ=સુજ્ઞજનો દ્રવ્યથી અને ભાવથી તીર્થંકરોની સેવા કરો. ।।૯૬।।**

**અવતરણિકા સાથે શ્લોકનો સંબંધ :-**

અવતરણિકામાં કહ્યું કે ગંભીર એવા પ્રસ્તુત ગ્રંથના વિચારમાં ગુરુપારતંત્ર્યથી જ ફળવાનપણું છે, તે અંશ પ્રસ્તુત શ્લોકના પ્રથમ બે પાદથી બતાવેલ છે, અને પછી કહ્યું કે પ્રસ્તુત ગ્રંથના ઉપદેશના સર્વસ્વને ગ્રંથકારશ્રી કહે છે, તે અંશ શ્લોકના ત્રીજા અને ચોથા પાદથી બતાવેલ છે.

**ટીકા :-**

इत्येवम् इति-इत्येवम्=अमुना प्रकारेण, नया=नैगमादयो, भङ्गाः=संयोगाः, हेतवः=उत्कृष्टाद्यपेक्षया दशपञ्चाद्येकावयववाक्यानि तैर्गहने=गम्भीरे, मार्गे स्वेच्छया=स्वोत्प्रेक्षितेनोद्यच्छतामुद्यमं कुर्वतां मुग्धानां मनीषा=बुद्धिः, सुगुरोः करुणां विना नोन्मीषेत्=न निराकाङ्क्षतया विश्राम्येत्, तस्मात् सद्गुरुपादपद्मे मधुपः सन् गुर्वाज्ञामात्रवर्ती सन्नित्यर्थः, स्वं बलं योग्यतारूपं संविदानो=जानन्, परस्मैपदिनः प्रत्ययस्य रूपमिदं 'पराभिसन्धिमसंविदानस्ये' त्यत्रेवेति बोध्यम् । द्रव्येण गृही, भावेन वा साधुस्तीर्थकृतां सेवां करोतु, यथाधिकारं भगवद्भक्तेरेव परमधर्मत्वात् ।।९६।।

**ટીકાર્થ :-**

**इत्येवं ..... परमधर्मत्वात् ।। આ રીતે=પ્રસ્તુત ગ્રંથના પ્રારંભથી માંડીને અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, નય=નૈગમાદિ નયો, ભંગો=સંયોગો, હેતુઓ=ઉત્કૃષ્ટાદિ અપેક્ષાએ દશ, પાંચ આદિ એક અવયવવાળા વાક્યોરૂપ હેતુઓ, તેનાથી ગહન=ગંભીર એવા માર્ગમાં અર્થાત્ પ્રસ્તુત ગ્રંથ દ્વારા બોધ કરવા યોગ્ય એવા યોગમાર્ગમાં, સ્વેચ્છાથી ઉદ્યમ કરતાં=સ્વ ઉત્પ્રેક્ષિત એવા બોધથી ઉદ્યમ કરતાં, મુગ્ધોની મનીષા=બુદ્ધિ, સુગુરુની કરુણા વગર ઉન્મેષ પામતી નથી=નિરાકાંક્ષપણાથી વિશ્રામ પામતી નથી. તે કારણથી=પૂર્વમાં કહ્યું કે સુગુરુની કરુણા વગર મુગ્ધોની બુદ્ધિ ઉન્મેષ પામતી નથી તે કારણથી, સદ્ગુરુના ચરણકમળમાં મધુકર છતાં=ગુરુઆજ્ઞામાત્રવર્તી છતાં, સ્વબળને=સ્વયોગ્યતારૂપ બળને, જાણતા એવા (સુકૃતીઓ=સુજ્ઞજનો) ગૃહસ્થ દ્રવ્યથી અને સાધુ ભાવથી તીર્થંકરોની સેવા કરો; કેમ કે યથાધિકાર ભગવાનની ભક્તિનું=દ્રવ્યસ્તવ અને ભાવસ્તવમાંથી જે પુરુષની જે યોગ્યતા હોય તેને અનુરૂપ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ કરવારૂપ ભગવાનની ભક્તિનું, પરમધર્મપણું છે.**

અહીં શ્લોકમાં કહેલ संविदानः શબ્દનો जानन् પર્યાયવાચી શબ્દ મૂક્યો, તે જોઈને કોઈને ભ્રમ થાય કે संविदानः શબ્દ આત્મનેપદનું વર્તમાન કૃદંત છે. તે ભ્રમના નિવારણ માટે કહે છે –

**परस्मैपदिनः ..... बोध्यम् । પરસ્મૈપદના પ્રત્યયનું આ રૂપ છે='संविदानः' એ રૂપ છે. કોની જેમ છે તે બતાવે છે –**

'पराभिसन्धिमसंविदानस्य' **આ પ્રકારે આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ અન્યયોગ-વ્યવચ્છેદદ્વાત્રિંશિકામાં શબ્દપ્રયોગ કર્યો છે, અને સ્યાદ્વાદમંજરી ટીકાકારે એવો ખુલાસો કર્યો છે કે 'असंविदानः' પ્રયોગમાં 'सम्+विद्' ધાતુને પરસ્મૈપદનો શીલ અર્થમાં 'शान' પ્રત્યય લાગ્યો છે. તેની જેમ અહીં જ=પ્રસ્તુત શ્લોકમાં 'संविदानः' એ પ્રયોગમાં પરસ્મૈપદનો શીલ અર્થમાં 'શાન' પ્રત્યય લાગ્યો છે.**

**ભાવાર્થ :-**

ભગવાનની પ્રતિમા પૂજનીય છે, તેનું સ્થાપન કરવા માટે પ્રસ્તુત ગ્રંથમાં અનેક શાસ્ત્રવચનો અને અનેક યુક્તિઓ બતાવેલ છે. વળી પ્રાસંગિક દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનો પંચવસ્તુગત અધિકાર ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં નિબદ્ધ કરેલ છે. આ સર્વ કથન અનેક નયદૃષ્ટિકોણોથી અનેક ભાંગાઓથી અને ઉત્કૃષ્ટાદિ અપેક્ષાએ દશ, પાંચ આદિ એક અવયવવાળા હેતુવાક્યોથી ગહન છે.

આશય એ છે કે મંદબુદ્ધિવાળા જીવોને બોધ કરાવવા અર્થે ઉત્કૃષ્ટથી દશ અવયવવાળાં વાક્યો આવશ્યક છે, મધ્યમ બુદ્ધિવાળાને બોધ કરાવવા અર્થે પાંચ અવયવવાળાં વાક્યો આવશ્યક છે અને પટુબુદ્ધિવાળાને બોધ કરાવવા અર્થે માત્ર હેતુના કથનરૂપ એક અવયવવાળું વાક્ય, બે અવયવવાળું વાક્ય આદિ યથાસંયોગ પ્રમાણે આવશ્યક છે.

આ પ્રકારે નય, ભંગ અને અવયવોથી ગંભીર દ્રવ્યસ્તવ અને ભાવસ્તવને કહેનારા આ માર્ગના પરમાર્થને જાણવા માટે પોતાની મતિ પ્રમાણે મુગ્ધ જીવો પ્રયત્ન કરતા હોય, તો શબ્દોથી સામાન્ય બોધ

તેમને થઈ શકે, પરંતુ જે પ્રકારે ગ્રંથકારશ્રીએ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવવિષયક સર્વ કથન કરેલ છે, તેનો નિરાકાંક્ષ બોધ=પારમાર્થિક તાત્પર્ય સુગુરુની કરુણા વગર જાણી શકાય નહિ.

આનાથી એ ફલિત થાય છે કે પ્રસ્તુત ગ્રંથમાં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવની વિશાળ ચર્ચા કરેલ છે, જેનો માર્મિક બોધ તત્ત્વની જિજ્ઞાસવાળા જીવોને માત્ર સુગુરુ જ કરાવી શકે છે. તેથી કલ્યાણના અર્થી એવા સુકૃતીએ ગુણવાન ગુરુના પારતંત્ર્યને સ્વીકારીને પોતાની દ્રવ્યસ્તવની યોગ્યતા છે કે ભાવસ્તવની યોગ્યતા છે, તેના પરમાર્થને જાણવા પ્રયત્ન કરવો જોઈએ, અને પ્રસ્તુત ગ્રંથમાં બતાવેલ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનો પારમાર્થિક બોધ ગુરુ પાસેથી કરીને સ્વશક્તિ અનુસાર દ્રવ્યસ્તવમાં કે ભાવસ્તવમાં યત્ન કરવો જોઈએ અર્થાત્ ગૃહસ્થ હોય તો દ્રવ્યસ્તવ સમ્યગ્ રીતે કરીને ભાવસ્તવની શક્તિનો સંચય કરે, જ્યારે સંચિત વીર્યવાળા સાધુ ભગવંતો ભાવસ્તવ કરીને અસંગઅનુષ્ઠાનની શક્તિનો સંચય કરે. આ રીતે દ્રવ્યસ્તવમાં કે ભાવસ્તવમાં શક્તિ અનુસાર યત્ન કરીને તીર્થંકરની સેવા કરવી જોઈએ, જેથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય.

અહીં પ્રશ્ન થાય કે ગૃહસ્થોએ દ્રવ્યસ્તવથી તીર્થંકરની સેવા કરવી જોઈએ, અને સાધુઓએ ભાવસ્તવથી તીર્થંકરની સેવા કરવી જોઈએ, તેમ કેમ કહ્યું ? ગૃહસ્થોએ અને સાધુઓએ બંનેએ ભાવસ્તવથી તીર્થંકરની સેવા કરવી જોઈએ તેમ કેમ ન કહ્યું ? તેથી કહે છે –

યથાધિકાર ભગવાનની ભક્તિનું પરમધર્મપણું છે.

આનાથી એ ફલિત થાય છે કે જે મલિનારંભી શ્રાવક છે, તે દ્રવ્યસ્તવના અધિકારી છે, માટે તેઓ દ્રવ્યસ્તવમાં ઉદ્યમ કરે તો પરમધર્મની પ્રાપ્તિ થાય; અને જે નિરારંભી છે એવા સાધુઓ સર્વ ઉદ્યમથી ભાવસ્તવમાં યત્ન કરે તો તીર્થંકરની ભક્તિરૂપ પરમધર્મની પ્રાપ્તિ થાય. **॥૯૬॥**

**અવતરણિકા :-**

**एतत्सर्वं प्रतिमाविषये भ्रान्तदूषणं पुर इव परिस्फुरन्तं हृदयमिवानुप्रविशन्तं सर्वाङ्गीणमिवालिङ्गन्तं समापत्त्यैकतामिवोपगतं श्रीशङ्खेश्वरपुराधिष्ठितं पार्श्वपरमेश्वरं संबोध्याऽभिमुखीकृत्यैव, यत्रापि वादी संबोध्यस्तत्राप्यार्थिकी भगवत्संबुद्धिर्मयैवं तन्मतामृतबाह्यो (त्वन्ममतामृतबाह्यो) दूष्यत इति, तत्स्तुतिरेवेयं पर्यवसन्नेति तत्रैव नयभेदमुपदर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**જાણે સન્મુખ પરિસ્ફુરણ થતા ન હોય, જાણે હૃદયમાં પ્રવેશ પામતા ન હોય, હૃદયમાં પ્રવેશ પામીને જાણે સર્વ અંગને આલિંગન આપતા ન હોય, જાણે સમાપત્તિથી એકતા પામેલ ન હોય, એવા શંખેશ્વરનગરમાં રહેલા પાર્શ્વનાથ ભગવાનને સંબોધન કરીને અભિમુખ કરીને જ, પ્રતિમાના વિષયમાં આ સર્વ ભ્રાંતને દૂષણ અપાયા છે. જ્યાં પણ=ગ્રંથના જે સ્થાનમાં પણ, વાદી સંબોધ્ય છે, ત્યાં પણ મારા વડે=ગ્રંથકાર વડે, આર્થિકી=અર્થથી ભગવાનની સંબુદ્ધિ છે અર્થાત્ શબ્દોથી વાદીને સંબોધન કરાયેલ છે અને અર્થથી ભગવાનને સંબોધન કરાયેલ છે.**

કઈ રીતે અર્થથી ભગવાનને સંબોધન કરાયેલ છે, તે સ્પષ્ટ કરે છે –

**આ રીતે=ગ્રંથમાં જે રીતે વાદીને દૂષણ આપ્યું એ રીતે, તમારા મતના અમૃતથી બાહ્ય એવો વાદી દૂષણ કરાય છે, એ પ્રકારની ભગવાનને સંબુદ્ધિ છે. તે કારણથી=પ્રસ્તુત ગ્રંથમાં સર્વત્ર પાર્શ્વનાથ ભગવાનને સંબોધન કરીને ગ્રંથ રચાયો છે તે કારણથી, આ=ગ્રંથરચના, સ્તુતિપર્યવસન્ન છે=ભગવાનની સ્તુતિરૂપે પર્યવસિત થાય છે. એથી તેમાં જ=ભગવાનની સ્તુતિમાં જ, નયભેદને બતાવે છે –**

**ભાવાર્થ :–**

પ્રતિમાના વિષયમાં ભ્રાંત પુરુષને પ્રતિમા અપૂજ્ય દેખાય છે, તો કોઈકને પ્રતિમાની પૂજામાં ધર્માધર્મરૂપ મિશ્રપક્ષ દેખાય છે, તો કોઈકને પ્રતિમાની પૂજામાં પુણ્ય દેખાય છે, ધર્મ દેખાતો નથી. તે સર્વને ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં દૂષણ આપેલ છે. તેથી કોઈને ભ્રમ થાય કે ગ્રંથકારશ્રીએ સ્વમતના સ્થાપન અર્થે અન્ય મતોનું નિરાકરણ પ્રસ્તુત ગ્રંથમાં કરેલ છે.

વસ્તુતઃ ગ્રંથકારશ્રીને શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિ છે, અને તેમના પ્રત્યે પોતાને કેવી ભક્તિ છે, તે આ ગ્રંથરચના દ્વારા બતાવીને તેમાં વાદીને મિષે ભગવાનને સંબોધન કરીને પ્રતિમાના વિષયમાં જે ભ્રાંત પુરુષ છે, તેમને દૂષણ આપેલ છે.

વળી પોતાને શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન પ્રત્યે કેવી ભક્તિ છે તે બતાવતાં કહે છે –

શંખેશ્વરનગરમાં રહેલા પાર્શ્વનાથ ભગવાન જાણે તેમને સન્મુખ પરિસ્ફુરણ થતા ન હોય, તે રીતે પાર્શ્વનાથ ભગવાનને ઉપસ્થિત કરીને ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથની રચના કરેલ છે. વળી સન્મુખ રહેલ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ભક્તિના પ્રકર્ષને કારણે જાણે તેમના હૃદયમાં પ્રવેશ પામેલ ન હોય, અને હૃદયમાં પ્રવેશ પામીને તે પ્રતિમાએ પોતાના ભક્તને જાણે સર્વ અંગથી આલિંગન આપ્યું ન હોય, અને ભક્ત સાથે પ્રતિમાની જાણે સમાપત્તિ થઈ ન હોય, તે પ્રકારે શંખેશ્વરનગરમાં રહેલ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાને સંબોધન કરીને ગ્રંથકારશ્રીએ ભગવાનને પોતાના અભિમુખ કર્યા છે, અને ભગવાનને પોતાના અભિમુખ કરીને ભ્રાંતને દૂષણ આપેલ છે.

અહીં પ્રશ્ન થાય કે ગ્રંથમાં તો ઘણા સ્થાને વાદીને સંબોધન કરેલ છે. તેથી સર્વત્ર પાર્શ્વનાથ ભગવાનને સંબોધન કરેલ છે, તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

ગ્રંથના જે સ્થાનમાં વાદીને સંબોધન કરેલ છે, ત્યાં પણ ગ્રંથકારશ્રીએ અર્થથી ભગવાનને સંબોધન કરેલ છે; કેમ કે ગ્રંથકારશ્રીએ ભગવાનની ભક્તિરૂપે જ આ ગ્રંથની રચના કરેલ છે.

અહીં પ્રશ્ન થાય કે શબ્દથી વાદીને સંબોધન છે, ત્યાં અર્થથી ભગવાનને સંબોધન કઈ રીતે પ્રાપ્ત થાય ? તેથી ગ્રંથકારશ્રી અર્થથી ભગવાનનું સંબોધન બતાવે છે –

આ રીતે વાદીને સંબોધનથી તારા મતના અમૃતથી બાહ્ય એવો વાદી દૂષણ કરાય છે, પરંતુ વાદીનું સંબોધન પણ અર્થથી ભગવાનનું સંબોધન છે, એમ અભિવ્યક્ત થાય છે; અને સર્વત્ર ભગવાનનું સંબોધન

કરીને ગ્રંથરચના દ્વારા ગ્રંથકારશ્રી ભગવાન પ્રત્યે રહેલી અત્યંત ભક્તિ અભિવ્યક્ત કરે છે, તેથી આ ગ્રંથની રચના સ્તુતિરૂપે પર્યવસન્ન પામે છે અર્થાત્ વાદી સાથે વાદમાં પર્યવસન્ન પામતી નથી, પરંતુ વીતરાગની સ્તુતિ કરીને વીતરાગ જેવી શક્તિનો સંચય કરવાના પ્રયત્નરૂપે પર્યવસન્ન પામે છે. હવે તેમાં જ=ભગવાનની ભક્તિમાં જ, નયભેદને બતાવે છે=વ્યવહારનયથી અને નિશ્ચયનયથી ભગવાનની ભક્તિ શું છે ? તેના સ્વરૂપને બતાવે છે –

**શ્લોક :-**

**सेयं ते व्यवहारभक्तिरुचिता शङ्खेश्वराधीश! यद्,**
**दुर्वादिव्रजदूषणेन पयसा शङ्कामलक्षालनम् ।**
**स्वात्मारामसमाधिबाधितभवैर्नास्माभिरुन्नीयते,**
**दूष्यदूषकदूषणस्थितिरपि प्राप्तैर्नयं निश्चयम् ।।९७।।**

**શ્લોકાર્થ :-**

**હે શંખેશ્વરાધીશ ! દુર્વાદીના સમૂહના દૂષણરૂપ નીરથી જે શંકામળનું ક્ષાલન કરાયું છે, તે આ તારી ઉચિત એવી વ્યવહારભક્તિ કરાઈ છે=વ્યવહારનયથી ઉચિત એવી ભક્તિ કરાઈ છે. સ્વાત્મારામરૂપ સમાધિથી બાધિત ભવવાળા અને નિશ્ચયનયને પામેલા એવા અમારા વડે દૂષ્ય, દૂષક અને દૂષણની સ્થિતિ પણ જોવાતી નથી=નિશ્ચયનયની દૃષ્ટિથી અમે વીતરાગની સ્તુતિ કરીને આત્મભાવમાં જવા યત્ન કરીએ છીએ. તેથી વાદી દૂષ્ય છે, અમે દૂષક છીએ અને આ ગ્રંથરચના દ્વારા તેમને દૂષણ અપાયા છે તેમ અમારા વડે જોવાતું નથી. ।।૯૭।।**

**ટીકા :-**

**'सेयं ते' इतिः- हे शङ्खेश्वराधीश ! इयं ते=तवोचिता व्यवहारभक्तिः=व्यवहारनयोचिता भक्तिः कृतेत्यर्थः विधेयप्राधान्यानुरोधात्स्त्रीत्वनिर्देशः, यद् दुर्वादिनां व्रजः=समूहस्तद्दूषणरूपेण पयसा=नीरेण शङ्कारूपमलस्य क्षालनं, व्यवहरन्ति शिष्टाः परसमयदूषणपूर्वं स्वसमयस्थापनस्य भगवद्यथार्थवचनगुणस्तुत्योपासनत्वम् । तदाहुः श्रीहेमसूरयः –**

"अयं जनो नाथ तव स्तवाय गुणान्तरेभ्यः स्पृहयालुरेव ।
विगाहतां किन्तु यथार्थवादमेकं परीक्षाविधिदुर्विदग्धः" ।।१।। **[अन्ययोग. श्लो. २]**

**उदयनोऽपि सर्वप्रसिद्धमीश्वरमुद्दीश्य तन्न्यायचर्चाया उपासनात्वेनैव करणीयतामाह तदुक्तं न्यायकुसुमाञ्जलौ -** "तदेवं प्रवरगोत्रचरणादिवदासंसारं प्रसिद्धानुभावे भवे भगवति किं निरूपणीयम् ? (तस्मिन्नैवं जातिगोत्रप्रवरचरणकुलधर्मादिवदासंसारं सुप्रसिद्धानुभावे भगवति भवे संदेह एव कुतः, किं निरूपणीयम् ?)

तथापि - 'न्यायचर्चेयमीशस्य मननव्यपदेशभाक्। उपासनैव क्रियते श्रवणानन्तरागता।।" **[न्यायकुसुमाञ्जलि श्लोक-३] इति।।**

**ટીકાર્થ :-**

सेयं ..... कृतेत्यर्थः, **હે શંખેશ્વરાધીશ ! તે આ તારી ઉચિત વ્યવહારભક્તિ કરાઈ=વ્યવહારનયથી ઉચિત એવી ભક્તિ કરાઈ.**

विधेय ..... निर्देशः, **વિધેયની પ્રધાનતાના અનુરોધથી=ભક્તિરૂપ વિધેયને પ્રધાન કરવાના આશયથી, સ્ત્રીપણાનો નિર્દેશ છે='सेयं' એ પ્રકારનો સ્ત્રીલિંગનો નિર્દેશ કરાયો છે અર્થાત્ આગળમાં 'यद् शङ्कामलक्षालनम्' એ રૂપ જે ઉદ્દેશ્ય પદ છે તેને પ્રધાન કરવામાં આવેલ હોત તો 'सेयं' ના સ્થાને નપુંસકલિંગમાં 'तदिदम्' પ્રયોગ કરવો જોઈએ, પરંતુ વિધેય એવી ભક્તિની પ્રધાનતા બતાવવા માટે 'तदिदम्' ને બદલે 'सेयं' પ્રયોગ કરેલ છે.**

यद् .... क्षालनम् । **દુર્વાદીઓનો સમૂહ તેના દૂષણરૂપ નીરથી શંકારૂપ મલનું જે ક્ષાલન છે તે આ વ્યવહારનયને ઉચિત ભક્તિ કરાઈ છે, એમ પૂર્વ સાથે સંબંધ છે.**

અહીં પ્રશ્ન થાય કે દુર્વાદીઓને દૂષણ આપવાથી ભગવાનની ભક્તિ કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે -

व्यवहरन्ति ..... उपासनत्वम् । **પરસમયના દૂષણપૂર્વક સ્વસમયના સ્થાપનનો ભગવાનના યથાર્થ વચનના ગુણની સ્તુતિથી ઉપાસનાપણાનો શિષ્ટપુરુષો વ્યવહાર કરે છે.**

तदाहुः श्रीहेमसूरयः- **તેને=પરસમયના દૂષણપૂર્વક સ્વસમયનું સ્થાપન ભગવાનની ભક્તિમાં પર્યવસન્ન પામે છે, તેને, પૂ. આચાર્ય હેમચંદ્રસૂરિ કહે છે –**

"अयं .... दुर्विदग्धः" "હે નાથ ! આ જન=અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા ગ્રંથના રચયિતા પૂ. આ. હેમચંદ્રસૂરિ મહારાજ, ગુણાંતરોથી=યથાર્થવાદીપણાથી અન્ય ભગવાનના શરીરાદિના લક્ષણરૂપ ગુણાંતરોથી, સ્તુતિ કરવા માટે સ્પૃહાવાળો જ છે, તોપણ પરીક્ષાવિધિમાં દુર્વિદગ્ધ=પોતાને પંડિત માનતો એવો આ જન=સ્તુતિ કરનાર પૂ. આ. હેમચંદ્રસૂરિ મહારાજ, એક યથાર્થવાદને વિગાહના કરો=ભગવાનનાં યથાર્થવાદગુણનું સ્મરણ કરો."

**ઉત્થાન :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે પરસમયના દૂષણપૂર્વક સ્વસમયનું સ્થાપન ભગવાનની ભક્તિમાં પર્યવસન્ન પામે છે, અને તેની સાક્ષી પૂજ્ય આચાર્ય હેમચંદ્રસૂરિ મહારાજા રચિત અન્યયોગવ્યવચ્છેદ શ્લોક-૨ના વચનથી આપી. હવે ઉદયનાચાર્યના ન્યાયકુસુમાંજલિના વચનથી પણ તેની પુષ્ટિ કરે છે –

**ટીકાર્થ :-**

उदयनोऽपि ..... करणीयतामाह - **ઉદયનાચાર્ય પણ સર્વ પ્રસિદ્ધ એવા ઈશ્વરને ઉદ્દેશીને તેના ન્યાયની ચર્ચાની=ઈશ્વરના સ્વીકારવિષયક ન્યાયની ચર્ચાની, ઉપાસ્યપણારૂપે જ કરણીયતાને કહે છે –**

**तदुक्तं न्यायकुसुमाञ्जलौ - તે=પરસમયના દૂષણપૂર્વક સ્વસમયનું સ્થાપન ભગવાનની ભક્તિમાં પર્યવસન્ન પામે છે તે, ન્યાયકુસુમાંજલિમાં કહેવાયું છે –**

✪ तदेवं प्रवरगोत्रचरणादिवदासंसारं प्रसिद्धानुभावे भवे भगवति किं निरूपणीयम् ? - આ પ્રમાણે મુદ્રિત પુસ્તકમાં પાઠ છે ત્યાં ન્યાયકુસુમાંજલિમાં આ મુજબ પાઠ છે –

✪ तस्मिन्नेवं जातिगोत्रप्रवरचरणकुलधर्मादिवदासंसारं सुप्रसिद्धानुभावे भगवति भवे संदेह एव कुतः, किं निरूपणीयम् ? - આ પાઠને ગ્રહણ કરીને તે મુજબ અમે અર્થ કરેલ છે.

(ન્યાયકુસુમાંજલિ શ્લોક-૩ની અવતરણિકા કરતાં ઉદયનાચાર્યે કહ્યું છે કે જોકે ઈશ્વરને તે તે દર્શનકારો પોતપોતાની માન્યતા સ્વરૂપે કહે છે.)

"तस्मिन्नेवं ..... श्रवणानन्तरागता" ।। **इति** તે ઈશ્વરમાં આ રીતે જાતિ=બ્રાહ્મણત્વાદિ, ગોત્ર=કાશ્યપાદિ, પ્રવરો=ચ્યવનાદિ, ચરણ=વેદની શાખા કઠાદિ, કુળધર્મ=દરેક કુળને આશ્રયીને વિભાગ કરાયેલ ચૂડાકર્માદિ સંસ્કારવાળા, આસંસાર=સૃષ્ટિના આરંભથી માંડીને અથવા સંસારને અભિવ્યાપીને પ્રસિદ્ધ અનુભાવવાળા=પ્રસિદ્ધ ક્ષિત્યાદિ કાર્ય છે જેમને એવા ભગવાન પરમાત્મામાં વિચારના અંગભૂત=ભગવાન આવા છે કે અન્ય પ્રકારના છે એ પ્રકારના વિચારના અંગભૂત, સંદેહ જ નથી. આથી તે ઈશ્વરમાં શું નિરૂપણ કરવું જોઈએ ? અર્થાત્ નિરૂપણ કરવાની જરૂર નથી, તોપણ –

"શ્રવણ અનંતર આવેલી મનનવ્યપદેશને ભજનારી આ ન્યાયચર્ચાથી ઈશની=ઈશ્વરની, ઉપાસના જ કરાય છે.

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ શંખેશ્વરનગરમાં રહેલા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાને સંબોધન કરીને આ ગ્રંથની રચના કરેલ છે, અને આ ગ્રંથની રચના કરતી વખતે વાદી એવા જૈનદર્શનમાં રહેલા વિપરીત માન્યતાવાળા મતોની સમાલોચના કરીને નિરાકરણ કરેલ છે. તેથી કોઈને ભ્રમ થાય કે ગ્રંથકારશ્રીને સ્વમાન્યતા પ્રત્યે પક્ષપાત છે અને પરમાન્યતા પ્રત્યે દ્વેષ છે, તેથી પરપક્ષનું નિરાકરણ કરીને સ્વપક્ષનું સ્થાપન, કરેલ છે. તે ભ્રમને દૂર કરવા માટે ગ્રંથકારશ્રી પ્રસ્તુત શ્લોકમાં કહે છે –

શંખેશ્વરનગરમાં રહેલ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાને સંબોધન કરીને પોતે વ્યવહારનયથી ભક્તિ કરી છે અને નિશ્ચયનયથી ભક્તિ કરી છે, જેથી ઉભયનયના આશ્રયણરૂપ ભગવાનની ભક્તિ દ્વારા આત્મકલ્યાણની પ્રાપ્તિ થાય.

ગ્રંથકારશ્રીએ વ્યવહારભક્તિ શાના માટે કરી છે ? તે બતાવતાં કહે છે –

જે દુર્વાદીઓનો સમૂહ છે, તેમને દૂષણ આપવા દ્વારા પોતાના હૈયામાં ભગવાનના વચનમાં શંકામળનું ક્ષાલન થાય=ગ્રંથકારને ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા છે, છતાં ભગવાનના વચનના તાત્પર્યમાં પણ શંકા ન રહે તે પ્રકારના શંકામલનું ક્ષાલન થાય, તે વ્યવહારભક્તિ છે.

આશય એ છે કે (૧) કેટલાક દુર્વાદીઓ ભગવાનની પ્રતિમાને અપૂજ્ય માને છે, (૨) કેટલાક દુર્વાદીઓ ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા છે અને ભગવાનની ભક્તિ છે, માટે દ્રવ્યસ્તવને ધર્માધર્મરૂપ

મિશ્ર સ્વીકારે છે, (૩) તો વળી કેટલાક દુર્વાદીઓ ભગવાનની ભક્તિ પુણ્યરૂપ છે અને તેનાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે; અને સામાયિકાદિ ધર્મરૂપ છે અને તેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે, તેમ માને છે. આ વિપરીત માન્યતાઓનું ગ્રંથકારશ્રીએ ભગવાનનાં શાસ્ત્રોનો મનન-પર્યાલોચનપૂર્વક સમ્યગ્ બોધ કરીને ભગવાનની ભક્તિરૂપે ખંડન કરેલ છે. તે માટે ગ્રંથકારશ્રી ભગવાને કહેલાં વચનો શાસ્ત્રોથી સાંભળ્યા પછી ભગવાનના વચનને દૂષણ આપનારા મતોનું યુક્તિ અને અનુભવથી સમાલોચન કરે ત્યારે, શાસ્ત્રીય પદાર્થોનું સમ્યક્ પર્યાલોચન થાય છે, જે શાસ્ત્રશ્રવણ પછીની શાસ્ત્રીય પદાર્થોના મનનની ક્રિયા છે; અને શાસ્ત્રીય પદાર્થોનું સમ્યગ્ રીતે મનન કરવાથી ભગવાને જે વસ્તુ જે તાત્પર્યમાં કહી છે, તે તાત્પર્યરૂપે તે વસ્તુનો યથાર્થ બોધ થાય છે, તેથી ભગવાનના વચનમાં નિઃસંદેહ બુદ્ધિ થાય છે અર્થાત્ ભગવાને જે વચનો કહ્યાં છે, તે યુક્તિ અને અનુભવથી પણ તેમ જ છે તેવો નિર્ણય થવાથી ભગવાનના વચનમાં નિઃસંદેહ બુદ્ધિ થાય છે; અને યોગ્ય જીવોને ભગવાનના વચનનો યથાર્થ બોધ કરાવવા માટે ગ્રંથકારશ્રીએ ભગવાનની ભક્તિરૂપે ભગવાનને સંબોધન કરીને વાદીને દૂષણો આપેલ છે. તેથી વાદીનાં વચનો અસંબદ્ધ છે, તેવી બુદ્ધિ સ્થિર થવાથી, અને ભગવાનનાં વચનોનો યથાર્થ બોધ સ્થિર થવાથી પોતાના શંકામળનું ક્ષાલન થાય છે. તેથી ભગવાનના વચનમાં નિઃસંદેહ બુદ્ધિ કરીને સમ્યગ્દર્શનની શુદ્ધિ થાય તદર્થે ઉચિત એવી વ્યવહારભક્તિ ગ્રંથકારશ્રીએ કરેલ છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે પરસમયના દૂષણપૂર્વક સ્વસમયના સ્થાપનની પ્રવૃત્તિ ભગવાનની ભક્તિરૂપ છે, તેમ કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે –

શિષ્ટ પુરુષો કહે છે કે પરસમયના દૂષણપૂર્વક સ્વસમયનું સ્થાપન ભગવાનના યથાર્થ વચનરૂપ ગુણની સ્તુતિથી ભગવાનની ઉપાસનારૂપ છે. તેથી ભગવાનની ઉપાસનાના આશયથી પરસમયના દૂષણની પ્રવૃત્તિ પણ વીતરાગની ભક્તિમાં વિશ્રાંત થાય છે, માટે નિર્જરાનું કારણ છે.

વળી તેમાં સાક્ષીરૂપે અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકાનું પૂ. આ. હેમચંદ્રસૂરિ મહારાજાનું વચન બતાવ્યું. તેનાથી પણ એ પ્રાપ્ત થાય છે કે પૂ. આચાર્ય હેમચંદ્રસૂરિ મહારાજ ભગવાનના યથાર્થવાદથી અન્ય એવા શરીરાદિના લક્ષણરૂપ ગુણાંતરોથી સ્તુતિ કરવા માટે સ્પૃહાવાળા છે, છતાં ભગવાનના એક યથાર્થવાદનું હું વિગાહન કરું છું, એ પ્રકારની સ્તુતિ કરેલ છે. તેથી અર્થથી એ પ્રાપ્ત થાય છે કે ભગવાનના એક યથાર્થવાદનું વિગાહન પણ ભગવાનની સ્તુતિરૂપ છે, માટે પરસમયના દૂષણપૂર્વક ભગવાનના સિદ્ધાંતનું સ્થાપન પણ ભગવાનના યથાર્થવાદના કથનરૂપ હોવાથી ભગવાનની સ્તુતિરૂપ છે.

વળી તે કથનની પુષ્ટિ ઉદયનાચાર્યના ન્યાયકુસુમાંજલિના કથનથી પણ ગ્રંથકારશ્રીએ કરેલ છે. ઉદયનાચાર્યે ન્યાયકુસુમાંજલિ શ્લોક-૨માં કહેલ છે કે બુદ્ધિમાન પુરુષો સ્વર્ગ અને અપવર્ગનું દ્વાર પરમાત્માને માને છે, તે પરમાત્મા નિરૂપણ કરાય છે. આ રીતે પરમાત્માના નિરૂપણની પ્રતિજ્ઞા કર્યા પછી શ્લોક-૩ની અવતરણિકામાં પ્રશ્ન કરેલ છે કે જોકે પુરુષાર્થને ઇચ્છતા એવા કેટલાક પુરુષો ઈશ્વરને શુદ્ધ-બુદ્ધ સ્વભાવવાળા કહે છે, તો વળી અન્ય દર્શનકારો પોતપોતાની માન્યતા મુજબ ઈશ્વરને કહે છે, તે ઈશ્વર ઉદયનાચાર્યના મતે કેવા છે ? આ પ્રમાણે પ્રશ્ન કરી ઉદયનાચાર્યે પોતાના મતે ઈશ્વરનું વર્ણન આ પ્રમાણે કર્યું છે –

આ સંસારને વ્યાપીને ઈશ્વર રહેલા છે, અને સંસારમાં જાતિ, ગોત્ર, પ્રવર, ચરણ, કુળધર્મ વગેરે છે, તે રૂપ આ સંસાર છે. વળી ઈશ્વર ક્ષિતિ આદિ કાર્યોના કર્તા છે, તેથી આખા સંસારનું સર્જન કરનારા એવા ભગવાનમાં વિચારના અંગભૂત સંશય થાય જ નહિ; કેમ કે જે વસ્તુ પ્રત્યક્ષ હોય તેના કારણમાં કોઈને સંશય થાય નહિ.

જેમ - કોઈ પુરુષ વિદ્યમાન હોય તો તેના પિતા હશે કે નહિ ? એવો સંશય થાય નહિ, તેમ જગતનાં દેખાતાં કાર્યોના જનક એવા ઈશ્વરમાં સંશય થાય નહિ. આથી ઈશ્વરમાં નિરૂપણ કરવા જેવું શું છે ? અર્થાત્ કાંઈ નિરૂપણ કરવા જેવું નથી; તોપણ શાસ્ત્રોના શ્રવણ અનંતર જે ન્યાયચર્ચા કરવામાં આવે છે, તે શાસ્ત્રના પદાર્થોના મનનરૂપ છે, અને તે ઈશ્વરની ઉપાસના છે. આ કથનથી એ ફલિત થાય છે કે શાસ્ત્રોના પદાર્થોને યથાર્થ જાણીને, યુક્તિયુક્તતાપૂર્વક તે પદાર્થોને જોડીને, તેનું મનન કરવામાં આવે તો તે ન્યાયચર્ચારૂપ બને છે અર્થાત્ તે પદાર્થ કઈ રીતે સંગત છે અને કઈ રીતે સંગત નથી, તેની પ્રામાણિક વિચારણા કરાય છે. તે ઈશ્વરની ઉપાસનારૂપ છે. માટે પરદર્શનના અસંબદ્ધ પદાર્થોને દૂષણ આપીને ભગવાનના શાસનમાં પ્રરૂપાયેલા યથાર્થ પદાર્થોનું સ્થાપન કરવાથી શાસ્ત્રીય પદાર્થોનું મનન થાય છે, અને શાસ્ત્રીય પદાર્થોનું મનન તે શાસ્ત્રીય પદાર્થો કહેનારા ભગવાનની ભક્તિમાં વિશ્રાંત થાય છે. આથી ઉદયનાચાર્યના મતાનુસાર પણ પરસમયના અયથાર્થ પદાર્થોને દૂષણ આપીને સ્વસમયના યથાર્થ પદાર્થોનું નિરૂપણ કરવામાં આવે તો તે શાસ્ત્રીય પદાર્થના મનનરૂપ હોવાથી તે મનનની પ્રવૃત્તિથી ઈશ્વરની ઉપાસના થાય છે. તેમ ગ્રંથકારશ્રીએ પણ પ્રસ્તુત ગ્રંથમાં પ્રતિમાવિષયક અન્ય અસંબદ્ધ માન્યતાઓનું નિરાકરણ કરીને ભગવાનના વચનાનુસાર પ્રતિમાની પૂજ્યતાનું સ્થાપન કર્યું, તે શાસ્ત્રના શ્રવણ અનંતર મનન ક્રિયા તુલ્ય છે; અને આ રીતે શ્રવણ અને મનન કર્યા પછી નિદિધ્યાસન દ્વારા તે ભાવો આત્મામાં સ્થિર કરવાના છે, અને તે નિદિધ્યાસનની પ્રવૃત્તિ એટલે નિશ્ચયનયની પરમાત્માની ઉપાસના. તેથી હવે નિશ્ચયનયથી ભક્તિ શું છે, તે પ્રસ્તુત શ્લોકના ત્રીજા અને ચોથા પાદથી બતાવે છે –

**ટીકા :-**

**यदीयं व्यवहारभक्तिस्तदा निश्चयभक्तिः का ? इत्युच्यताम्, इत्याकाङ्क्षायामाह - 'स्वात्मे'ति स्वात्मैवारामोऽत्यन्तसुखहेतुत्वान्नंदनवनं यत्र, तादृशः (पाठा.-नन्दनवनसदृशः) । स्वात्मानमारामयति-समन्तात्क्रीडयति तादृशो वा यः समाधिः=श्रुतोपयोगरूपः संप्रज्ञातः, अपश्चिमविकल्पनिर्वचन-द्रव्यार्थिकोपयोगजनितो लेशतो वा संप्रज्ञातो लयरूपः, तेन बाधितो=बाधितानुवृत्त्या स्थापितो, भवः=संसारो यैस्तादृशैस्त्वस्माभिर्निश्चयनयं प्राप्तैर्दूष्यदूषकयोः स्थितिरपि=सत्तापि नोद्वीक्ष्यते, कुतस्तत्त्रितयानुगतो वादग्रन्थः ? इति ध्यानदशायां निश्चयभक्तिस्थितानामस्माकं सर्वत्र सम एव परिणामः, व्युत्थाने व्यवहारभक्तौ तु परपक्षदूषणमसंभावनाविपरीतभावनानिरासायैवेति न रागद्वेष-कालुष्यम्, इत्युचितत्वमावेदितं भवति ।।९७।।**

**ટીકાર્થ :-**

यदीयं ..... आह - જો આ વ્યવહારભક્તિ છે=પ્રસ્તુત શ્લોકના પ્રથમ બે પાદથી બતાવી એ વ્યવહારભક્તિ છે, તો નિશ્ચયભક્તિ શું છે ? એ કહો, એ પ્રકારના પ્રશ્નમાં ગ્રંથકારશ્રી શ્લોકના ત્રીજા અને ચોથા પાદથી કહે છે –

'स्वात्मे' ति ..... सम एव परिणामः । (૧) स्वात्मारामसमाधिबाधितभवैःનો એક રીતે સમાસ ખોલી અર્થ બતાવે છે –

સ્વ આત્મા જ આરામ=અત્યંત સુખનું હેતુપણું હોવાથી નંદનવન છે જેમાં તેવી શ્રુતઉપયોગરૂપ સંપ્રજ્ઞાત સમાધિ, તેનાથી બાધિત એવો ભવ છે જેઓ વડે=બાધિત અનુવૃત્તિથી સ્થાપિત એવો સંસાર છે જેઓ વડે, તેવા, અને નિશ્ચયનયને પામેલા એવા અમારા વડે=ગ્રંથકારશ્રી ઉપાધ્યાય યશોવિજય મહારાજા વડે, દૂષ્ય-દૂષકની સ્થિતિ પણ=સત્તા પણ, જોવાતી નથી, તો ત્રિતયઅનુગત=દૂષ્ય, દૂષક અને દૂષણથી અનુગત, વાદગ્રંથ ક્યાંથી હોય ? એથી ધ્યાનદશામાં નિશ્ચયભક્તિમાં રહેલા એવા અમારો સર્વત્ર સમ જ પરિણામ છે.

✪ મુદ્રિત પુસ્તકમાં शुभोपयोगरूपः છે ત્યાં હસ્તપ્રતમાં श्रुतोपयोगरुपः છે, તેથી તે પાઠ મુજબ અર્થ કરેલ છે.

(૨) स्वात्मारामसमाधिबाधितभवैःનો અન્ય રીતે સમાસ ખોલી અર્થ બતાવે છે –

સ્વ આત્માને આરામ કરે છે=સમન્તતઃ ક્રીડા કરે છે તેવા પ્રકારની જે સમાધિ=અપશ્ચિમ વિકલ્પના નિર્વચનરૂપ જે દ્રવ્યાર્થિકનયનો ઉપયોગ, તેનાથી જનિત એવી લેશથી લયરૂપ સંપ્રજ્ઞાતસમાધિ, તેનાથી બાધિત એવો ભવ છે જેઓ વડે=બાધિત અનુવૃત્તિથી સ્થાપિત એવો સંસાર છે જેઓ વડે, તેવા, અને નિશ્ચયનયને પામેલા એવા અમારા વડે=ગ્રંથકારશ્રી ઉપાધ્યાય યશોવિજય મહારાજા વડે, દૂષ્ય-દૂષકની સ્થિતિ પણ=સત્તા પણ, જોવાતી નથી, તો ત્રિતયઅનુગત=દૂષ્ય, દૂષક અને દૂષણથી અનુગત, વાદગ્રંથ ક્યાંથી હોય ? એથી ધ્યાનદશામાં નિશ્ચયભક્તિમાં રહેલા એવા અમારો સર્વત્ર સમ જ પરિણામ છે.

व्युत्थाने ..... भवति ।। વળી વ્યુત્થાનદશામાં વ્યવહારભક્તિ હોતે છતે=વ્યવહારનયને અભિમત એવી સ્વસમયના સ્થાપનરૂપ ભગવાનની ભક્તિ હોતે છતે, પરપક્ષને આપેલ દૂષણ અસંભાવના અને વિપરીત ભાવનાના નિરાસ માટે જ છે=પરપક્ષે જે પદાર્થ સ્થાપેલ છે તે અસંભાવનારૂપ છે, કે વિપરીતભાવનારૂપ છે, તેના નિરાસ માટે જ છે, એથી રાગદ્વેષનું કાલુષ્ય નથી=સ્વપક્ષ પ્રત્યે રાગ અને પરપક્ષ પ્રત્યે દ્વેષરૂપ કાલુષ્ય નથી, એથી ઉચિતપણું આવેદિત થાય છે=પ્રસ્તુત ગ્રંથમાં પરપક્ષોને જે દૂષણ આપેલ છે, તે રાગ-દ્વેષરૂપ કાલુષ્ય નહીં હોવાથી અને ભગવાનની ભક્તિરૂપ હોવાથી પરપક્ષને આપેલ દૂષણમાં ઉચિતપણું છે, એ પ્રકારે આવેદિત થાય છે.

**ભાવાર્થ :-**

પર્યાયાસ્તિકનયના ઉપયોગથી નિશ્ચયનયની ભક્તિ કઈ રીતે થાય છે ? તે स्वात्मारामसमाधिबाधितभवैःનો પ્રથમ રીતે સમાસ ખોલીને બતાવે છે –

પોતાનો આત્મા જ નંદનવન છે જેમાં તેવી શ્રુતઉપયોગરૂપ સંપ્રજ્ઞાતસમાધિ છે.

પોતાનો આત્મા જ નંદનવન કેમ છે ? તેમાં હેતુ કહે છે –

અનંત સુખનો હેતુ હોવાથી પોતાનો આત્મા જ નંદનવન છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે જો આત્મા પોતાના સ્વરૂપમાં વિશ્રાંત પામે તો નંદનવન જેવા પરમસુખનું કારણ બને છે. પરમાત્માના સ્વરૂપને અવલંબીને સાધકના આત્માને જ્યારે શ્રુતઉપયોગરૂપ સંપ્રજ્ઞાતસમાધિ પ્રગટે છે, ત્યારે તે સાધકનો આત્મા ભગવાનની કર્મકાયઅવસ્થા અને તત્ત્વકાયઅવસ્થાને શ્રુતના ઉપયોગથી જાણીને તેમાં વિશ્રાંત થવા માટે દૃઢ યત્ન કરતો હોય છે, અને તે વખતે જે સમાધિ વર્તે છે, તે સમાધિથી બાધિત અનુવૃત્તિરૂપે ભવ સ્થાપિત થાય છે; અને તે વખતે ગ્રંથકારશ્રી નિશ્ચયનયના પરમાર્થને પ્રાપ્ત કરીને પદાર્થને જોનારા હોય છે, તેથી દૂષ્ય, દૂષક અને દૂષણરૂપ વાદગ્રંથ તેઓને ઉપસ્થિત થાય નહિ, પરંતુ ત્યારે સર્વ ઉદ્યમથી પરમાત્માના સ્વરૂપમાં તન્મય થવાનો યત્ન ગ્રંથકારશ્રી કરે છે.

આશય એ છે કે જીવ કોઈપણ પર્યાય ઉપર ઉપયોગ મૂકે છે ત્યારે તે પર્યાય પોતાને પ્રિય હોય તો રાગ થાય છે, અપ્રિય હોય તો દ્વેષ થાય છે, અને અનુપયોગી હોય તો ઉપેક્ષા થાય છે. આ રીતે સંસારી જીવો બાહ્ય પદાર્થોને જોઈને તે તે પર્યાયોને અવલંબીને રાગ, દ્વેષ કે ઉપેક્ષાના પરિણામો કરે છે.

જ્યારે કોઈ જીવને વિવેકચક્ષુ પ્રગટે છે ત્યારે તેવા વિવેકી પુરુષને પરમાત્માનું પારમાર્થિક સ્વરૂપ શ્રુતથી જાણવાની જિજ્ઞાસા થાય છે, અને શ્રુતના બળથી પરમાત્માના પારમાર્થિક સ્વરૂપને જાણીને તે સ્વરૂપ પોતાના આત્મા માટે અત્યંત સુખનો હેતુ છે તેવો બોધ થાય છે ત્યારે, પરમાત્માના સ્વરૂપમાં ચિત્તને સ્થાપન કરીને પરમાત્માના સ્વરૂપ સાથે તન્મય થવા યત્ન કરે છે, અને ત્યારે તે સાધકનો ઉપયોગ પરમાત્માના વીતરાગપર્યાયમાં રાગથી ઉપયુક્ત હોય છે, જે ઉપયોગ પ્રકર્ષને પામીને વીતરાગ સાથે તન્મય થવાનું કારણ બને છે. તેથી વીતરાગપર્યાયમાં તન્મય થયેલો ઉપયોગ શ્રુતઉપયોગરૂપ સંપ્રજ્ઞાતસમાધિ બને છે, જે નિશ્ચયનયથી પરમાત્માની ભક્તિ છે; અને આવી ભક્તિમાં જ્યારે ગ્રંથકારશ્રી તન્મય હોય છે ત્યારે તેમનો સંસાર અત્યાર સુધી પૂર્વમાં જે અનુવૃત્તિરૂપે વર્તે છે, તે અનુવૃત્તિ બાધિત થાય છે અર્થાત્ હવે સંસારનો પ્રવાહ દીર્ઘકાળ ચાલે નહિ તેવી સ્થિતિવાળો થાય છે; કેમ કે જીવમાં જે સંગનો પરિણામ છે તે કર્મને બાંધીને સંસારના પ્રવાહને ચલાવે છે, અને જ્યારે સાધક યોગી વીતરાગભાવમાં તન્મય થાય છે, ત્યારે સંગનો પરિણામ ક્ષીણ-ક્ષીણતર થાય છે. તેથી સાધક યોગીના આત્મામાં સંગના સંસ્કારો ક્ષીણ થયેલા હોવાથી સંસારની જે અનુવૃત્તિ ચાલે છે, તે બાધિત થાય છે. તેથી હવે જે અવશેષ સંસાર ચાલે છે, તે દીર્ઘકાળ ચાલી શકે નહિ, તેવી સ્થિતિવાળો થાય છે.

વળી, જેમ પર્યાયાસ્તિકનયના ઉપયોગથી નિશ્ચયભક્તિ થઈ શકે છે, તેમ શુદ્ધ દ્રવ્યાસ્તિકનયના ઉપયોગથી પણ નિશ્ચયભક્તિ થાય છે. તે બતાવવા માટે स्वात्मारामसमाधिबाधितभवैः નો સમાસ બીજી રીતે ખોલીને તેનો અર્થ બતાવે છે –

શુદ્ધ દ્રવ્યાસ્તિકનયનો અંતિમ વિકલ્પ કરવામાં આવે ત્યારે તે દ્રવ્યના કોઈપણ પર્યાયનો સ્પર્શ થાય નહિ, તેવા દ્રવ્યને જોનારો ઉપયોગ બને છે.

જેમ - સર્વ પર્યાયના સ્પર્શ વગર ઊર્ધ્વતા સામાન્ય અને તિર્યક્ સામાન્ય રૂપે જગતને જોવામાં આવે ત્યારે જગત સત્‌રૂપે દેખાય છે, પરંતુ સત્‌ના કોઈપણ વિશેષ પર્યાયનો બોધ થતો નથી.

વળી જે સાધક યોગી "દ્રવ્યમાં નિરત છે, તેઓ સ્વસમયમાં રહેલા છે, અને જેઓ પર્યાયમાં નિરત છે, તેઓ પરસમયમાં રહેલા છે" એ પ્રકારના પ્રવચનસારના વચનને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે –

કોઈ સાધક યોગી અત્યંત ઉપયોગપૂર્વક શુદ્ધ દ્રવ્યમાં ઉપયોગવાળા હોય, તો તેમને તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયના ઉપયોગથી જનિત લેશથી લયરૂપ સંપ્રજ્ઞાત સમાધિ પ્રગટે છે; કેમ કે સુદૃઢ વ્યાપારપૂર્વક દ્રવ્યમાં નિરત રહેવાથી કોઈ વિશેષના બોધનો સ્પર્શ નહિ થવાથી વિશેષના બોધજનિત રાગ-દ્વેષના પરિણામો ઉલ્લસિત થતા નથી, પરંતુ સર્વ પદાર્થો પ્રત્યે સમાન બુદ્ધિ થવાથી, જીવમાં સમતાખ્યપરિણતિ ઉલ્લસિત થાય છે; અર્થાત્ પર્યાયાર્થિકનયથી પદાર્થમાં રહેલી વિષમતાખ્યપરિણતિના અવલોકનથી જીવમાં તે તે પ્રકારના રાગ-દ્વેષના વિષમ પરિણામો પ્રગટે છે, જ્યારે શુદ્ધ દ્રવ્યાસ્તિકનયથી પદાર્થમાં રહેલી સમતાખ્ય પરિણતિના અવલોકનથી જીવમાં સમભાવનો પરિણામ પ્રગટે છે.

આથી શુદ્ધ દ્રવ્યાર્થિકનયમાં અત્યંત ઉપયુક્ત થયેલ સાધક લેશથી વીતરાગભાવમાં લય પામે છે.

અહીં "લેશથી સંપ્રજ્ઞાત સમાધિમાં લય પામે છે" એમ કહ્યું. એનાથી એ પ્રાપ્ત થાય છે કે ક્ષપકશ્રેણીમાં જે પ્રકારે વિશેષથી લય પામે છે, તેવી વિશેષ લય પામવાની અવસ્થા પૂર્વભૂમિકામાં પ્રાપ્ત થતી નથી, પરંતુ ગ્રંથકારશ્રી પોતાની શક્તિ અનુસાર દ્રવ્યાર્થિકનયના ઉપયોગવાળા બને છે, ત્યારે લેશથી લયરૂપ સંપ્રજ્ઞાતસમાધિ તેમને પ્રગટે છે. આ રીતે ગ્રંથકારશ્રી પ્રથમ ભૂમિકામાં શુદ્ધ આત્માના વીતરાગભાવ પ્રત્યે પક્ષપાતવાળા થઈને શ્રુતના ઉપયોગરૂપ સંપ્રજ્ઞાતસમાધિ મેળવે છે.

વળી જ્યારે વિશેષ પ્રકારની સમાધિમાં જવા માટે શુદ્ધ દ્રવ્યાસ્તિકનયનો ઉપયોગ અસ્ખલિત પ્રવર્તે તેવા યત્નવાળા થાય છે, ત્યારે કોઈપણ પર્યાય પ્રત્યે ઉપયોગ ન જાય તેવા દૃઢ વ્યાપારપૂર્વક આખા જગતને સમાન પરિણામરૂપે જોવામાં ઉપયોગવાળા થાય છે, અને ત્યારે રાગાદિના સ્પર્શ વગરના આત્માના જ્ઞાનપરિણામમાં લયઅવસ્થાની પ્રાપ્તિરૂપ લેશથી સંપ્રજ્ઞાતસમાધિ પ્રગટે છે. આ બંને પ્રકારના યત્ન દ્વારા ગ્રંથકારશ્રી ધ્યાનદશામાં વર્તે છે. તે વખતે, પરપક્ષ દૂષણ આપવા યોગ્ય છે, અને હું તેમને દૂષણ આપીને ભગવાનના મતને સ્થાપન કરું, તેવી દૂષ્ય-દૂષકની સ્થિતિ ગ્રંથકારના ઉપયોગમાં વર્તતી નથી. છતાં વાદીનાં વચનો ભગવાનના વચનથી વિરુદ્ધ છે માટે વાદી દૂષ્ય છે, અને પોતે ભગવાનના વચન પ્રત્યેના બદ્ધ રાગવાળા છે તેથી ભગવાનના મતને દૂષણ આપનાર પ્રત્યે નિરાકરણની મનોવૃત્તિવાળા છે. માટે ગ્રંથકારશ્રી

પોતે દૂષક છે, અને વાદીની વિપરીત માન્યતાઓના નિરાકરણની પ્રવૃત્તિ દૂષણરૂપ છે. અને એ ત્રણથી અનુગત એવો જે વાદગ્રંથ છે, તે જ્યારે ગ્રંથકારશ્રી નિશ્ચયનયના ઉપયોગમાં છે ત્યારે ગ્રંથકારના ચિત્તમાં વર્તતો નથી, પરંતુ ત્યારે ભગવાનના ગુણો સાથેની તન્મયતા થવાની પ્રવૃત્તિ છે. તેથી જ્યારે ગ્રંથકારશ્રી ધ્યાનદશામાં વર્તે છે, ત્યારે ગ્રંથકારશ્રી નિશ્ચયભક્તિમાં રહેલા છે અને તે વખતે ગ્રંથકારશ્રીને સર્વત્ર સમપરિણામ જ વર્તે છે.

અને જ્યારે ગ્રંથકારશ્રી ધ્યાનદશામાં નથી પરંતુ વ્યુત્થાનદશામાં છે, ત્યારે ભગવાનનાં સત્શાસ્ત્રોનું અધ્યયન કરે છે, અને ભગવાનના સ્થાપેલા પદાર્થો જોઈને ભગવાનના યથાર્થવાદિતા ગુણના કારણે ભગવાન પ્રત્યે ભક્તિ થાય છે, અને ભગવાનના યથાર્થવાદિતા ગુણને બુદ્ધિથી સમ્યગ્ કસરત કરીને સ્થિર કરવા અર્થે શાસ્ત્રીય પદાર્થોનું મનન કરે છે; ત્યારે પરવાદીના પદાર્થો સાથે ભગવાનના વચનના પદાર્થોનું સમ્યગ્ યોજન કરવા પ્રયત્ન કરે છે, અને પરવાદીના અયથાર્થ પદાર્થને જોઈને તેને દૂષણ આપવા દ્વારા પરવાદીએ કહેલા અસંભાવના અને વિપરીતભાવનારૂપ જે પદાર્થો છે, તેના નિરાસ માટે પરપક્ષને દૂષણ આપે છે. છતાં ગ્રંથકારશ્રીને સ્વપક્ષ પ્રત્યે રાગરૂપ અને પરપક્ષ પ્રત્યે દ્વેષરૂપ કાલુષ્ય નથી, પરંતુ ભગવાનના યથાર્થવાદિતા ગુણ પ્રત્યે રાગ છે, અને તેનાથી વિપરીત કથનો અવાસ્તવિક છે, તે બતાવવા માટે ગ્રંથકારશ્રી વ્યવહારભક્તિ કરે છે અર્થાત્ પરસમયના ખંડન કરવારૂપ દૂષણપૂર્વક સ્વસમયના સ્થાપન દ્વારા ભગવાનની ઉપાસનારૂપે વાદગ્રંથ રચે છે, એ ઉચિત જ છે, એ પ્રકારે આવેદિત થાય છે. **॥૯૭॥**

**અવતરણિકા :-**

**अथ साक्षात्स्तुतिमेवाह कतिपयैः –**

**અવતરણિકાર્થ :-**

**હવે કેટલાક શ્લોકોથી=પ્રસ્તુત શ્લોકથી લઈને આગળમાં કહેવાશે તે કેટલાક શ્લોકોથી, સાક્ષાત્ સ્તુતિને જ ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ પ્રતિમાને નહિ માનનારા મતોનું અને પ્રતિમાના વિષયમાં વિપરીત માન્યતાવાળા મતોનું યુક્તિથી નિરાકરણ કર્યું, અને તે સર્વ ભગવાનને સંબોધીને સ્તુતિરૂપે કરેલ છે, તેથી તે સ્તુતિ પરમતના દૂષણપૂર્વક સ્વમતના સ્થાપનરૂપ હોવાથી વ્યવહારભક્તિ છે. વળી આ વ્યવહારભક્તિ શાસ્ત્રીય પદાર્થોના મનનરૂપ હોવાથી મનનકાળમાં પણ ક્યારેક નિદિધ્યાસનની પ્રાપ્તિ થાય ત્યારે નિશ્ચયભક્તિ પણ પ્રાપ્ત થાય છે.

આશય એ છે કે શાસ્ત્રીય પદાર્થો યોગ્ય ગુરુ પાસેથી ભણ્યા પછી શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવથી શાસ્ત્રીય પદાર્થોનું સમાલોચન કરવામાં આવે તે મનનરૂપ છે, અને તે શાસ્ત્રીય પદાર્થોનો શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવથી નિર્ણય કર્યા પછી તે પદાર્થને આત્મામાં સમ્યક્ પરિણમન પમાડવા માટે જે માનસવ્યાપાર કરાય તે નિદિધ્યાસન છે. અહીં ગ્રંથકારશ્રીને શાસ્ત્રીય પદાર્થોના સમાલોચનકાળમાં વીતરાગના દ્રવ્યસ્તવ

અને ભાવસ્તવના સ્વરૂપને બતાવતી વખતે વીતરાગગુણમાં લય પામે ત્યારે નિદિધ્યાસન થાય છે, જે નિશ્ચયભક્તિરૂપ છે, અને તેનું વર્ણન ગ્રંથકારશ્રીએ શ્લોક-૯૭માં કર્યું. તેથી શ્લોક-૯૭ પ્રમાણે દુર્વાદીને દૂષણ આપવા દ્વારા ભગવાનના મતના સ્થાપનરૂપ જે વ્યવહારથી ભગવાનની સ્તુતિ હતી, તે સાક્ષાત્ ન હતી, પરંતુ પરવાદીના દૂષણના ઉન્મૂલનપૂર્વક સ્વપક્ષના સ્થાપનરૂપ હતી. હવે ગ્રંથકારશ્રી કેટલાક શ્લોકો દ્વારા સાક્ષાત્ સ્તુતિને કહે છે અર્થાત્ જે સ્તુતિમાં ભગવાનમાં વર્તતા ગુણોનું સ્તવન છે, તેવી સ્તુતિને કહે છે –

**શ્લોક :-**

**दर्शं दर्शमवापमव्ययमुदं विद्योतमाना लसद्-**
**विश्वासं प्रतिमामकेन रहित ! स्वां ते सदानन्द ! याम् ।**
**सा धत्ते स्वरसप्रसृत्वरगुणस्थानोचितामानम-**
**द्विश्वा संप्रति मामके नरहित ! स्वान्ते सदानं दयाम् ।।९८।।**

**શ્લોકાર્થ :-**

**હે સર્વ દુઃખથી રહિત ! (આથી જ) સદા આનંદવાળા ! તારી પોતાની જે પ્રતિમાને ઉલ્લાસ પામતા વિશ્વાસપૂર્વક જોઈ જોઈને હૃદયમાં મેં અવ્યય એવા આનંદને પ્રાપ્ત કર્યો, હે નરહિત != મનુષ્યના હિતને કરનારા ! વિશ્વ જેને નમી રહ્યું છે એવી વિદ્યોતમાન=વિશેષથી શોભતી, તે=તારી પ્રતિમા, સંપ્રતિ=દર્શનજન્ય ભાવનાના પ્રકર્ષકાળમાં, મારા હૃદયમાં સ્વરસથી પ્રવર્ધમાન જે ગુણસ્થાનક, તેને ઉચિત એવી અભયદાન સહિત દયાને પોષણ કરે છે. ।।૯૮।।**

**ટીકા :-**

**दर्शं दर्शम् इतिः-हे अकेन रहित !=सर्वदुःखविप्रमुक्त ! अत एव सदानन्द !=ध्वंसाप्रतियोग्यानन्द ! ते=तव प्रतिमां=त्वन्मूर्तिं, कीदृशीम् ? स्वां=सद्भावस्थापनामित्यर्थः । यां दर्शं २=दृष्ट्वा दृष्ट्वा, प्रतिक्षणप्रवर्द्धमानशुभपरिणामोऽहमव्ययमुदं=विगलितवेद्यान्तरपरब्रह्मास्वादसोदरशान्तरसास्वादम्, अवापम्=प्रापं कुत्र ? स्वान्ते=हृदये, कथम् ? लसद्विश्वासं-लसन् विश्वासो यत्र, यस्यां क्रियायाम-विश्वस्तस्य रमणीयदर्शनेनापि सुखानवाप्तेः, धर्मकर्मणि सविचिकित्सस्य समाध्यलाभाच्च, तथा च पारमर्षे** "वितिगिच्छसमावन्नेणं अप्पाणेणं णो लभति समाहिं" **इति ।**

ભગવાનના પારમાર્થિક સ્વરૂપને ઉપસ્થિત કરવા અર્થે ગ્રંથકારશ્રી ભગવાનને સંબોધન કરતાં કહે છે -

**ટીકાર્થ :-**

**हे अकेन रहित ! ..... क्रियायाम् । હે અકથી રહિત !=સર્વ દુઃખોથી રહિત, આથી જ હે સદાનંદવાળા!= ધ્વંસના અપ્રતિયોગી એવા આનંદવાળા ! તારી પ્રતિમા=તારી મૂર્તિ, કેવી છે ? તો કહે છે –**

સદ્ભાવસ્થાપનારૂપ તારી મૂર્તિ છે, જેને જોઈ જોઈને પ્રતિક્ષણ પ્રવર્ધમાન શુભ પરિણામવાળા એવા મેં=ગ્રંથકારશ્રીએ, અવ્યય આનંદને પ્રાપ્ત કર્યો=વિગલિત છે વેદ્યાંતર જેમાં એવા પર બ્રહ્મના આસ્વાદ સમાન શાંતરસના આસ્વાદને પ્રાપ્ત કર્યો. ક્યાં પ્રાપ્ત કર્યો ? એથી કહે છે –

સ્વાંતમાં=હૃદયમાં, પ્રાપ્ત કર્યો. કેવી રીતે જોઈ જોઈને પ્રાપ્ત કર્યો ? તેથી दर्शं दर्शं માં ક્રિયાવિશેષણ બતાવે છે –

ઉલ્લાસપામતા વિશ્વાસપૂર્વક જોઈ જોઈને, એમ સંબંધ છે=ઉલ્લાસ પામતો વિશ્વાસ છે જે ક્રિયામાં અર્થાત્ જે જોવાની ક્રિયામાં, એવી પ્રતિમાને જોવાની ક્રિયાને કરીને મેં શાંતરસના આસ્વાદને પ્રાપ્ત કર્યો, એમ અન્વય છે.

ઉલ્લાસ પામતા વિશ્વાસપૂર્વક પ્રતિમાને જોવાથી શાંતરસનો આસ્વાદ કેમ પ્રાપ્ત થયો ? તેમાં હેતુ કહે છે -

**यस्यां ..... अनवाप्तेः, જે પ્રવૃત્તિમાં અવિશ્વસ્તને રમણીય દર્શનથી પણ સુખની અપ્રાપ્તિ છે.**

અવિશ્વસ્ત પુરુષને રમણીય દર્શનથી પણ સુખ નથી. તેની પુષ્ટિ કરવા અર્થે અન્ય હેતુ કહે છે –

**धर्मकर्मणि ..... अलाभाच्च, અને ધર્મકર્મમાં=ધર્મકૃત્યમાં વિચિકિત્સાવાળા પુરુષને સમાધિનો અલાભ છે.**

**तथा च पारमर्षं - અને તે રીતે પારમર્ષ છે=વિચિકિત્સાવાળા પુરુષને સમાધિનો અલાભ છે તે પ્રમાણે આગમ છે.**

"वितिगिच्छा ..... समाहिं" **इति** "વિચિકિત્સા સમાપન્ન એવા આત્મા વડે સમાધિ પ્રાપ્ત થતી નથી."

**इति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.**

**શ્લોકના ઉત્તરાર્ધને બતાવતાં કહે છે –**

**ટીકા :-**

**हे नरहित !=मनुष्यहितकारिन् ! सा=तव प्रतिमा, संप्रति=दर्शनजन्यभावनाप्रकर्षकाले, मयि सदानं दयां धत्तेऽभयदानसहितदयावृत्तिं पोषयति, ज्ञानोत्कर्षस्य निश्चयचारित्रस्य परमेश्वरानुग्रहजनितस्य तदुभयस्वरूपत्वात्, ज्ञानोत्कर्षश्चातिशयिता भावनैवेति। दयां कीदृशीम् ? स्वरसप्रसृत्वरमनुपाधि-प्रवर्द्धमानं यद्गुणस्थानं तदुचितां=तदनुरूपाम्, अनुग्राह्यानुग्राहकयोग्यतयोर्द्वयोस्तुल्यवृत्तित्वात्, अत एव लोकप्रदीपत्वं (लोकप्रद्योतकरत्वं) चतुर्दशपूर्विलोकापेक्षया व्याख्यातं तान्त्रिकैः, अत एव** "अनियोगपरोऽप्यागम" **इति योगाचार्याः, यन्मतमपेक्ष्य प्रवृत्तो निश्चयः 'चारित्रवानेव चारित्रं लभते' इत्यादि । सा कीदृशी ? आनमद्विश्वा आनमद्विश्वं यां सा तथा, अत एव विद्योतमाना विशेषेण भ्राजमाना । यमकालङ्कारः, 'अर्थे सत्यर्थभिन्नानामावृत्तिः यमकम्'इति लक्षणम् ।।९८।।**

**ટીકાર્થ :-**

**हे नरहित ! ..... पोषयति, હે નરહિત !=હે મનુષ્યના હિતને કરનારા ! તે=તારી પ્રતિમા, સંપ્રતિ= દર્શનજન્ય ભાવનાના પ્રકર્ષકાલમાં, મારામાં સદાન દયાનું આધાન કરે છે=અભયદાન સહિત દયાવૃત્તિને પોષણ કરે છે અર્થાત્ ષટ્કાયના પાલનના પરિણામથી યુક્ત ભાવપ્રાણના રક્ષણરૂપ દયાની વૃદ્ધિ કરે તેને અનુરૂપ એવી, દયાને તારી પ્રતિમા પોષણ કરે છે, એમ સંબંધ છે.**

ભગવાનની પ્રતિમા અભયદાન સહિત દયાવૃત્તિને પોષણ કેમ કરે છે ? તેમાં યુક્તિ બતાવે છે –

**ज्ञानोत्कर्षस्य.....स्वरूपत्वात्, પરમેશ્વરના અનુગ્રહથી જનિત એવા જ્ઞાનના ઉત્કર્ષરૂપ નિશ્ચય ચારિત્રનું તદુભયસ્વરૂપપણું છે - અભયદાન સહિત દયાવૃત્તિરૂપ ઉભય સ્વરૂપપણું છે -**

અહી પ્રશ્ન થાય કે ભગવાનની પ્રતિમાના દર્શનથી થતો જ્ઞાનના ઉત્કર્ષરૂપ ઉપયોગ નિશ્ચય ચારિત્રરૂપ કેમ છે ? તેથી કહે છે -

**ज्ञानोत्कर्षः ..... भावनैवेति । અને જ્ઞાનનો ઉત્કર્ષ અતિશયિત એવી ભાવના જ છે, એથી જ્ઞાનનો ઉત્કર્ષ નિશ્ચય ચારિત્રરૂપ છે, એમ સંબંધ છે.**

**दयां कीदृशीं ? દયા કેવા પ્રકારની છે ?=ભગવાનની મૂર્તિ ગ્રંથકારશ્રીના હૈયામાં અભયદાનસહિત દયાને પોષણ કરે છે, એમ પૂર્વમાં કહ્યું, તે દયા કેવા પ્રકારની છે ? તેથી કહે છે –**

**स्वरस ..... तदनुरूपाम्, સ્વરસના પ્રસરણરૂપ ઉપાધિરહિત પ્રવર્ધમાન એવું જે ગુણસ્થાનક, તેને ઉચિત=તેને અનુરૂપ દયા છે, એમ સંબંધ છે.**

ભગવાનની પ્રતિમા ઉપાધિરહિત એવા પ્રવર્ધમાન ગુણસ્થાનકને ઉચિત એવી દયાનું કેમ પોષણ કરે છે ? તેમાં હેતુ કહે છે –

**अनुग्राह्य ..... तुल्यवृत्तित्वात्, અનુગ્રાહ્ય યોગ્યતા અને અનુગ્રાહક યોગ્યતારૂપ બંનેનું=પ્રતિમાના દર્શનથી અનુગ્રાહ્ય એવા ગ્રંથકારશ્રીની યોગ્યતાનું, અને પરમાત્માની પ્રતિમારૂપ અનુગ્રાહકની યોગ્યતાનું, તુલ્યવૃત્તિપણું છે=પ્રતિમાને જોનારામાં જે પ્રકારની યોગ્યતા હોય તે પ્રકારે અનુગ્રાહક એવી પ્રતિમાની અનુગ્રહ કરવાની યોગ્યતા છે. તેથી બંને સમાન રીતે વર્તે છે.**

પૂર્વમાં કહ્યું કે જે પ્રકારે ગ્રંથકારશ્રીમાં સ્વરસનો પ્રવર્ધમાન પરિણામ છે, તે પ્રકારે પ્રતિમા તેમનો ઉપકાર કરે છે. તે કથનની પુષ્ટિ કરવા અર્થે કહે છે –

**अत एव ..... तान्त्रिकैः, આથી જ લોકપ્રદીપપણું ચૌદપૂર્વીલોકની અપેક્ષાએ તાંત્રિકો વડે વ્યાખ્યાન કરાયું નથી અથવા આથી જ લોકપ્રદ્યોતકરપણું ચૌદપૂર્વીલોકની અપેક્ષાએ તાંત્રિકો વડે વ્યાખ્યાન કરાયું છે.**

**નોંધ :-** अत एव लोकप्रदीपत्वं चतुर्दशपूर्विलोकापेक्षया व्याख्यातं तान्त्रिकैः । પાઠ છે, ત્યાં व्याख्यानं છે, ત્યાં न व्याख्यातं પાઠ હોવો જોઈએ અથવા अत एव लोकप्रद्योतकरत्वं चतुर्दशपूर्विलोकापेक्षया व्याख्यानं तान्त्रिकैः । એ પ્રકારે પાઠની સંભાવના જણાય છે, તે બહુશ્રુતો વિચારે.

**अत एव ..... लभते' इत्यादि । આથી જ=અનુગ્રાહ્યની યોગ્યતાનું અને અનુગ્રાહકની યોગ્યતાનું તુલ્યવૃત્તિપણું છે આથી જ, અનિયોગપર જ આગમ છે, એ પ્રમાણે યોગાચાર્યો કહે છે, જે મતની અપેક્ષા રાખીને=અનિયોગપર આગમ છે, એ મતની અપેક્ષા રાખીને, પ્રવૃત્ત થયેલો નિશ્ચય=નિશ્ચયનય (ચારિત્રવાળા જ ચારિત્રને પ્રાપ્ત કરે છે) ઇત્યાદિ કહે છે.**

**सा कीदृशी ? તે પ્રતિમા કેવા પ્રકારની છે ? તેથી કહે છે –**

**आनमद्विश्वा ..... भ्राजमाना । નમનક્રિયા કરતું વિશ્વ છે જેને એવી તે=પ્રતિમા, તેવી છે=આનમદ્ વિશ્વા છે. આથી જ વિદ્યોતમાના છે=વિશેષથી શોભતી છે.**

**यमकालङ्कारः ..... लक्षणम् ।। આ કાવ્યમાં યમક અલંકાર છે, અર્થ હોતે છતે અર્થથી ભિન્નોની આવૃત્તિ યમક છે, એ પ્રમાણે લક્ષણ છે=યમક અલંકારનું લક્ષણ છે. ।।૯૮।।**

**ભાવાર્થ :–**

ગ્રંથકારશ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાની સાક્ષાત્ સ્તુતિ કરતાં ભગવાનનું પારમાર્થિક સ્વરૂપ ઉપસ્થિત કરવા અર્થે સંબોધન કરતાં કહે છે –

'હે અકથી રહિત !'=સર્વ દુઃખોથી રહિત ! આ પ્રકારના સંબોધનથી સંસાર અવસ્થામાં સંસારી જીવોને જે બાહ્ય શારીરિકાદિ અને અંતરંગ કષાયકૃત દુઃખો વિદ્યમાન છે, તે સર્વ દુઃખોથી રહિત પરમાત્મા છે, તેની ઉપસ્થિતિ થાય છે. આથી જ ભગવાન સદા આનંદવાળા છે, તે બતાવવા માટે 'સદાનંદ' શબ્દથી ભગવાનને સંબોધન કરેલ છે. 'સદાનંદ એટલે જે આનંદનો ધ્વંસ ક્યારેય થવાનો નથી, તેવો ધ્વંસનો પ્રતિયોગી આનંદ.'

ભગવાનને સર્વ દુઃખોથી રહિત અને સદા આનંદરૂપે ઉપસ્થિત કરવાથી સિદ્ધ અવસ્થામાં વર્તતા ભગવાનનું પારમાર્થિક સ્વરૂપ ઉપસ્થિત થાય છે, અને તે સ્વરૂપ ભગવાનની આ પ્રતિમા છે. તેથી પ્રતિમાને જોઈને સિદ્ધ અવસ્થાવાળા ભગવાન પ્રત્યેનો પૂજ્યભાવ વૃદ્ધિ પામે છે. તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

સદ્ભાવસ્થાપનારૂપ આ તારી પ્રતિમાને વારંવાર જોઈને મેં અવ્યય આનંદને પ્રાપ્ત કર્યો છે.

આશય એ છે કે ભગવાનની સ્થાપના બે પ્રકારે થાય છે : (૧) અસદ્ભાવસ્થાપના અને (૨) સદ્ભાવસ્થાપના. જેમ - (૧) સ્થાપનાચાર્યમાં ભાવાચાર્યની સ્થાપના થાય છે, તે અસદ્ભાવસ્થાપના છે અને (૨) ભગવાનની મૂર્તિમાં સિદ્ધિગમનકાળમાં વર્તતી સિદ્ધ મુદ્રાની સ્થાપના છે, તે સદ્ભાવસ્થાપના છે.

સિદ્ધ મુદ્રાને અભિવ્યક્ત કરનાર એવી સદ્ભાવસ્થાપના જિનપ્રતિમામાં છે, અને તે સદ્ભાવ સ્થાપનારૂપ પ્રતિમાને પ્રસ્તુત ગ્રંથની રચના કરતી વખતે વારંવાર બુદ્ધિ સામે ઉપસ્થિત કરવાથી ગ્રંથકારશ્રીને પ્રતિક્ષણ પ્રવર્ધમાન શુભ પરિણામ થાય છે અર્થાત્ જેમ આ ભગવાન સર્વ દુઃખથી રહિત છે અને સદા આનંદવાળા છે, તેમ હું પણ તેમની ઉપાસના કરીને સર્વ દુઃખથી રહિત થાઉં અને સદા આનંદમય અવસ્થાને પ્રાપ્ત કરું, એ પ્રકારના પ્રતિક્ષણ પ્રવર્ધમાન શુભ પરિણામવાળા ગ્રંથકારશ્રી થાય છે.

વળી, ગ્રંથકારશ્રીને શુભ પરિણામપૂર્વક પ્રતિમાને જોવાથી અવ્યય આનંદ પ્રાપ્ત થાય છે. તે આનંદ કેવો છે, તે બતાવતાં કહે છે –

જેમ પરબ્રહ્મનો આસ્વાદ વિગલિત વેદ્યાંતરવાળો છે, તેના સદૃશ એવો શાંતરસનો આસ્વાદ ગ્રંથકારશ્રી પ્રાપ્ત કરે છે.

આશય એ છે કે સંસારી જીવો પોતાના જ્ઞાનપરિણામનું વેદન કરે છે ત્યારે, જ્ઞાનપરિણામથી અતિરિક્ત બાહ્ય પદાર્થોનો સંશ્લેષ કરીને આત્માના ભાવોથી અતિરિક્ત એવા પુદ્ગલના ભાવોનું વેદન કરે છે. જ્યારે સિદ્ધઅવસ્થામાં રહેલા આત્માઓ જે પોતાનું પરબ્રહ્મસ્વરૂપ છે, તે સ્વરૂપનું વેદન કરે છે, પરંતુ અન્ય પુદ્ગલાદિ પદાર્થોના સંશ્લેષનું વેદન કરતા નથી. જેમ સિદ્ધના જીવો પોતાના આત્માના ભાવથી અતિરિક્ત વેદ્યાંતરનું વેદન કરતા નથી, તેના સદૃશ શાંતરસનો આસ્વાદ છે. તેમાં વિષયોના વેદનનો ત્યાગ કરીને આત્મા પોતાના શુદ્ધ ભાવોનું કાંઈક અંશથી વેદન કરે છે, એવા શાંતરસના આસ્વાદને ગ્રંથકારશ્રી મૂર્તિના દર્શનથી પ્રાપ્ત કરે છે.

વળી, આ શાંતરસનો આસ્વાદ ગ્રંથકારશ્રી પોતાના હૃદયમાં સંવેદન કરે છે. આ પ્રકારનું સંવેદન થવાનું કારણ ગ્રંથકારશ્રીને પ્રતિમાની દર્શનની ક્રિયામાં ઉલ્લાસ પામતો વિશ્વાસ છે અર્થાત્ આ પ્રતિમાના પારમાર્થિક સ્વરૂપમાં પોતે જો તન્મય થાય તો પરમાત્માની સાથે તન્મયતાને કારણે પરમાત્માના જેવી સર્વ દુઃખોથી રહિત પૂર્ણ સુખમય અવસ્થા પોતાને પ્રાપ્ત થાય, એ પ્રકારનો ઉલ્લાસ પામતો વિશ્વાસ હોવાને કારણે ગ્રંથકારશ્રી વારંવાર ભગવાનની પ્રતિમાનું દર્શન કરીને અવ્યય એવા આનંદને પ્રાપ્ત કરે છે.

અહીં પ્રશ્ન થાય કે ગ્રંથકારશ્રીને તેવો ઉલ્લાસ પામતો વિશ્વાસ ન હોય અને પ્રતિમાને જુએ, તોપણ પ્રતિમાના દર્શનથી તેવો આનંદ કેમ ન થાય ? તેથી કહે છે –

જે જોવાની પ્રવૃત્તિમાં પોતાને વિશ્વાસ ન હોય એવી રમણીય વસ્તુને જોવાથી પણ સુખની પ્રાપ્તિ થતી નથી. આથી જ પ્રતિમાના દર્શનથી જે પ્રકારે શાંતરસનો આસ્વાદ ગ્રંથકારશ્રીને થાય છે, તેવા રસનો આસ્વાદ, જેઓ શાસ્ત્ર ભણ્યા પછી શાસ્ત્રીય પદાર્થોનું મનન કરતા નથી અને સ્વદર્શનના પદાર્થોને યુક્તિ અને અનુભવથી જોડતા નથી, એવા જીવોને તે પ્રકારનો ઉલ્લાસ પામતો વિશ્વાસ પ્રાયઃ કરીને પ્રગટ થતો નથી. તેથી તેઓ પ્રતિમાનાં દર્શન કરે કે ચૈત્યવંદનાદિ ક્રિયાઓ કરે તોપણ સિદ્ધઅવસ્થા સદૃશ શાંતરસનો આસ્વાદ કરી શકતા નથી.

વળી શાસ્ત્રીય પદાર્થોનું મનન કરવાથી જે નિઃસંદેહ બુદ્ધિ થાય છે, તે બતાવવા માટે ગ્રંથકારશ્રીએ શ્લોક-૯૭માં કહેલ કે પરસમયના કથનમાં દૂષણ બતાવવા દ્વારા સ્વસમયનું સ્થાપન કરવાથી પોતાના હૈયામાં રહેલ શંકામળનું ક્ષાલન થાય છે. તેથી જેઓ શાસ્ત્રીય પદાર્થોનું મનન કરીને આ રીતે શંકામળનું ક્ષાલન કરે છે, તેવા યોગીને પ્રતિમાના દર્શનથી ઉલ્લાસ પામતો વિશ્વાસ થાય છે, તેથી અવ્યય એવો આનંદ થાય છે.

વળી શાસ્ત્રીય પદાર્થોનું મનન કરીને જેઓ સ્થિર પરિણામવાળા નથી, તેમનાં ધર્મનાં કૃત્યોમાં વિચિકિત્સા દોષ રહેલો છે, તેથી તેઓ સમાધિના લાભને પામતા નથી અર્થાત્ પ્રતિમાને જોઈને વિશિષ્ટ કોટિના શાંતરસની પ્રાપ્તિરૂપ સમાધિના લાભને પામતા નથી. આથી જેઓ ધર્મનાં અનુષ્ઠાનો કરે છે, આમ છતાં 'આ અનુષ્ઠાનો આ રીતે સેવવાથી તે તે ગુણસ્થાનકની પરિણતિને પ્રગટ કરવામાં કારણ છે,' તે પ્રકારનો જેમને તે તે ક્રિયાઓ સાથે કાર્યકારણભાવનો નિર્ણય નથી, અને તે પ્રકારના કાર્યકારણભાવને જાણવાની જિજ્ઞાસા પણ નથી, માત્ર ક્રિયાઓ કરે છે, તેઓ તે ક્રિયાવિષયક વિચિકિત્સાપરિણામવાળા હોવાથી તે ક્રિયાજન્ય સમાધિના લાભને પામતા નથી.

વળી, ગ્રંથકારશ્રી શ્લોકના પૂર્વાર્ધથી પ્રતિમાના દર્શન દ્વારા પોતાને કેવો આનંદ થયો, તે બતાવ્યા પછી, શ્લોકના ઉત્તરાર્ધથી ભગવાનની પ્રતિમાના દર્શનના બળથી પોતાનામાં ચારિત્રના પરિણામનો ઉત્કર્ષ થાય છે, તે બતાવે છે, અને ભગવાન સન્માર્ગના ઉપદેશ દ્વારા મનુષ્યના હિતને કરનારા છે, તેવું પરમાત્માનું સ્વરૂપ ઉપસ્થિત કરવા માટે પ્રતિમાને સામે રાખીને પરમાત્માને સંબોધન કરીને કહે છે –

હે નરહિત ! અર્થાત્ મનુષ્યના હિતને કરનાર ! તારી આ પ્રતિમાને હું જે વખતે જોઉં છું, તે વખતે તમારી સિદ્ધઅવસ્થાના દર્શનથી જન્ય સિદ્ધઅવસ્થાને પ્રાપ્ત કરવાની જે ઉત્કટ ભાવના, તે ભાવના પ્રકર્ષ પામે છે, અને તે ભાવનાના પ્રકર્ષકાળમાં તમારી પ્રતિમા મારામાં સદાન દયાને પોષણ કરે છે=ષટ્કાયના પાલનરૂપ અભયદાન સહિત શુદ્ધ આત્માના ભાવપ્રાણના રક્ષણરૂપ જે દયાવૃત્તિ ગ્રંથકારના હૈયામાં છે, તેનું પ્રતિમા પોષણ કરે છે; કેમ કે પ્રતિમાના દર્શનકાળમાં પરમેશ્વરનો પોતાના ઉપર જે અનુગ્રહ થાય છે, તે અનુગ્રહથી જનિત જે જ્ઞાનના ઉત્કર્ષવાળો પરિણામ થાય છે, તે નિશ્ચય ચારિત્રરૂપ છે, અને નિશ્ચય ચારિત્ર ઉભય સ્વરૂપ છે અર્થાત્ ષટ્કાયના પાલનના પરિણામથી યુક્ત અને શુદ્ધ આત્માના સમભાવની પરિણતિને સ્ફુરણ કરે તેવા ઉભય સ્વરૂપવાળો છે.

વળી, ગ્રંથકારશ્રીએ શાસ્ત્રના મનનથી જે જ્ઞાનનો પરિણામ પ્રગટ કર્યો છે, તે જ્ઞાનનો પરિણામ પ્રતિમાનાં દર્શન કરવાથી ઉત્કર્ષવાળો થાય છે અર્થાત્ નિદિધ્યાસનરૂપ થાય છે અર્થાત્ જે મનન કરીને તત્ત્વનો નિર્ણય કર્યો છે, તે તત્ત્વને આત્મામાં આવિર્ભાવ કરવા અર્થે મહાયત્નવાળો થાય છે. તેથી તે જ્ઞાનના ઉત્કર્ષનો પરિણામ આત્મામાં પ્રગટ થયેલી અતિશયિત ભાવના સ્વરૂપ છે. પરમાત્માની મૂર્તિને જોવાથી આત્મામાં તેવી અતિશયિત ભાવના થાય છે કે જેમ આ પરમાત્મા સંયમમાં ઉદ્યમ કરીને સિદ્ધઅવસ્થાને પામ્યા, તેવી રમ્ય એવી સિદ્ધઅવસ્થા મારે પણ પ્રાપ્ત કરવી છે, એવી અતિશયિત ભાવના થાય છે; અને આ અતિશયિત ભાવના સર્વ ઉદ્યમથી પરમાત્માસદશ થવા માટે સમભાવના પરિણામમાં વિશ્રાંત થાય છે. તેથી પરમાત્માના દર્શનથી ગ્રંથકારશ્રીને નિશ્ચય ચારિત્રની પરિણતિ પ્રાપ્ત થાય છે, જે ગ્રંથકારશ્રીના ચિત્તમાં રહેલી અભયદાન સહિત દયાવૃત્તિને પુષ્ટ કરે છે.

વળી આ ભગવાનની દયા કેવા પ્રકારની છે ? તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગ્રંથકારશ્રીના ચિત્તમાં સ્વરસથી પ્રવર્ધમાન=કર્મની ઉપાધિથી નહિ, પરંતુ જીવના પારમાર્થિક સ્વરૂપને સ્પર્શે એવા ક્ષયોપશમભાવવાળો પ્રવર્ધમાન, જે ગુણસ્થાનકનો પરિણામ, તેને અનુરૂપ ભગવાનની દયા ગ્રંથકારશ્રીને પ્રાપ્ત થાય છે.

આશય એ છે કે ગ્રંથકારશ્રીએ શાસ્ત્રીય પદાર્થોનું શ્રવણ કર્યા પછી મનન કરવારૂપે પ્રસ્તુત ગ્રંથની રચના કરી, તે રચનાકાળમાં પ્રતિમાને સન્મુખ રાખીને વારંવાર પ્રતિમાનાં દર્શન કરીને ગ્રંથકારશ્રી ગ્રંથરચના કરે છે. તે વખતે ગ્રંથકારશ્રીને ભગવાનના વચનના નિદિધ્યાસનના બળથી કર્મની અસરથી મુક્ત એવો આત્માનો સ્વરસ પરિણામ પ્રવર્ધમાન થાય છે, અને તે પ્રવર્ધમાન પરિણામને અનુરૂપ ગ્રંથકારશ્રીના ચિત્તમાં ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે, અને તે ગુણસ્થાનકને અનુરૂપ ભગવાનની દયા ગ્રંથકારશ્રી ઉપર વર્તે છે.

આનાથી એ ફલિત થાય છે કે મૂર્તિના અવલંબનથી જેટલા પ્રમાણમાં ગ્રંથકારશ્રીના ચિત્તમાં સમભાવના પરિણામનો પ્રકર્ષ થાય છે, તેટલી ભગવાનની દયા તેમને પ્રાપ્ત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે ગ્રંથકારશ્રીને ભગવાનની આટલી જ દયા કેમ પ્રાપ્ત થઈ ? અધિક કેમ નહિ ? તેથી કહે છે –

અનુગ્રાહ્ય એવા ગ્રંથકારની જેટલી યોગ્યતા છે, તેટલી જ અનુગ્રાહક એવા ભગવાનની અનુગ્રહ કરવાની યોગ્યતા છે; કેમ કે અનુગ્રાહ્યની યોગ્યતા અને અનુગ્રાહકની યોગ્યતા સમાન પ્રમાણમાં હોય છે અર્થાત્ અનુગ્રાહ્યમાં અધિક યોગ્યતા હોય અને અનુગ્રાહક એવા ભગવાનમાં અનુગ્રહ કરવાની અલ્પ યોગ્યતા હોય, તેમ સંભવે નહિ; અને અનુગ્રાહ્યમાં અલ્પ યોગ્યતા હોય અને અનુગ્રાહક એવા ભગવાનમાં અનુગ્રહ કરવાની અધિક યોગ્યતા છે, તેમ પણ સંભવે નહિ. પરંતુ જેટલી જીવમાં યોગ્યતા હોય, તેટલી યોગ્યતાને અનુરૂપ અનુગ્રાહક એવા ભગવાન અનુગ્રહ કરી શકે છે. તેથી ગ્રંથકારશ્રી પ્રતિમાના અવલંબનથી જેટલા પ્રવર્ધમાન પરિણામવાળા થાય છે, તેને અનુરૂપ જ અનુગ્રાહક એવા ભગવાન અનુગ્રહ કરે છે.

અહીં વિશેષ એ છે કે સંસારવર્તી ઘણા યોગ્ય જીવોમાં ઘણી યોગ્યતા પડેલી હોય, છતાં છદ્મસ્થ એવા ગુરુ તેની યોગ્યતાને વિકસાવી શકે તેવા ક્ષયોપશમભાવવાળા ન હોય તો, અનુગ્રાહક એવા ગુરુમાં અનુગ્રાહ્યની યોગ્યતા તુલ્ય અનુગ્રહ કરવાની યોગ્યતા નથી; પરંતુ ભગવાન તો પૂર્ણ ગુણવાળા છે અને વચનાતિશયવાળા છે, તેથી જે જીવોમાં જેટલી યોગ્યતા હોય તેને અનુરૂપ તે જીવને અનુગ્રહ કરી શકે તેવી યોગ્યતા ધરાવે છે. તેથી ભગવાનને અવલંબીને જે જીવો ભગવાનના વચનાનુસાર જેટલો પ્રયત્ન કરે તે સર્વ પ્રયત્ન કરવામાં ભગવાનનું વચન નિમિત્તભાવરૂપે કારણ બને છે. તેથી અનુગ્રાહ્ય એવા જીવમાં વર્તતા ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ યત્ન અનુસાર, અનુગ્રાહક એવા ભગવાન તેનો અનુગ્રહ કરે છે. આથી જ ભગવાનની મૂર્તિના દર્શનથી કેટલાક જીવો તત્ક્ષણ ક્ષપકશ્રેણી માંડીને કેવલજ્ઞાન પણ પામે છે; જ્યારે ગ્રંથકારશ્રી તો ભગવાનની સ્તુતિ કરે છે, તે વખતે જેટલા પ્રમાણમાં તેમનામાં ગુણસ્થાનક પ્રવર્ધમાન થાય છે, તેટલા પ્રમાણમાં ભગવાનનો તેમના ઉપર અનુગ્રહ થાય છે, અધિક નહિ.

વળી, અનુગ્રાહ્યની યોગ્યતાને અનુરૂપ જ અનુગ્રાહક એવા ભગવાનની અનુગ્રહ કરવાની યોગ્યતા છે, તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે –

આથી જ ભગવાન ચૌદપૂર્વીલોકની અપેક્ષાએ લોકપ્રદીપ જેવા છે, એમ તાંત્રિકો વડે વ્યાખ્યાન કરાયું નથી, પરંતુ ચૌદપૂર્વી કરતાં ન્યૂન કક્ષાના જીવોની અપેક્ષાએ ભગવાન લોકપ્રદીપ છે અથવા ચૌદપૂર્વીની અપેક્ષાએ ભગવાન લોકપ્રદ્યોતકર છે, એ પ્રમાણે તાંત્રિકોએ વ્યાખ્યાન કર્યું છે.

આનાથી એ ફલિત થાય છે કે લોકનું પ્રકૃષ્ટ દ્યોતન તીર્થંકરો ઉત્કૃષ્ટ ચૌદપૂર્વી એવા ગણધરોની અપેક્ષાએ કરે છે, તેથી ઉત્કૃષ્ટ ચૌદપૂર્વી એવા ગણધરોની અપેક્ષાએ ભગવાન લોકપ્રદ્યોતકર છે. બીજા જે અન્ય જીવો ચૌદપૂર્વી થઈ શકે તેવા નથી, પરંતુ સંસારમાં મોહને વશ થઈને અંધકારમાં ભટકે છે, તેમના અંધકારને દૂર કરવાનું કારણ બને તેવા પ્રદીપ જેવા ભગવાન તે જીવોની અપેક્ષાએ છે. તેથી તે જીવોને ભગવાન પ્રદીપ જેટલો અલ્પ પ્રકાશ કરી શકે છે અધિક નહિ, તેથી ફલિત થાય છે કે અનુગ્રાહ્ય એવા જે જીવો પ્રદીપ તુલ્ય બોધ કરવાની યોગ્યતા ધરાવે છે. એવા જીવોને ભગવાન પણ પ્રદીપ તુલ્ય બોધ કરાવવાને અનુકૂળ અનુગ્રાહક યોગ્યતા ધરાવે છે, પરંતુ તેવા જીવોને આશ્રયીને લોકપ્રદ્યોત જેવો બોધ કરાવવાની યોગ્યતા ભગવાન ધરાવતા નથી.

વળી, અનુગ્રાહ્યની યોગ્યતા તુલ્ય જ અનુગ્રાહક એવા ભગવાનની અનુગ્રહ કરવાની યોગ્યતા છે, તેને પુષ્ટ કરવા અર્થે કહે છે કે 'આ જ કારણથી અનિયોગપર જ આગમ છે.'

આશય એ છે કે આગમનું વચન કોઈના આત્મામાં શ્રુતજ્ઞાનનું આધાન કરતું નથી, પરંતુ જે આત્મામાં જેટલી શ્રુતજ્ઞાનની યોગ્યતા વર્તતી હોય અને તે આત્મા શ્રુતને જાણવા માટે ઉદ્યમ કરતો હોય તો આગમના વચનથી તેના આત્મામાં શ્રુતજ્ઞાનનો આવિર્ભાવ થાય છે; પરંતુ જેમ કોઈ પુરુષ પાસે ધન ન હોય અને તેને કોઈ ધન આપે અને ધનવાન કરે ત્યારે ધન આપનારે તે પુરુષમાં ધનનો નિયોગ કર્યો=ધનનું યોજન કર્યું, તેથી તે પુરુષ ધનવાન બન્યો એમ કહેવાય છે; પરંતુ તેની જેમ આગમ કોઈના આત્મામાં શ્રુતજ્ઞાનનો નિયોગ કરતું નથી, પરંતુ જેમ શરાવમાં ગંધ હોય છે અને પાણીથી તે ગંધ અભિવ્યક્ત થાય છે, તેમ જે પુરુષમાં જે પ્રકારનું શ્રુતજ્ઞાનાવરણીય કર્મ ક્ષયોપશમભાવને પામે તે ભૂમિકાવાળું હોય, અને તે જીવ તે ક્ષયોપશમભાવને ઉલ્લસિત કરવા માટે જે અંશમાં વ્યાપારવાળો હોય, તે વ્યાપાર દ્વારા તે પુરુષમાં રહેલા શ્રુતજ્ઞાનને આગમ અભિવ્યક્ત કરે છે, પરંતુ તે પુરુષમાં આગમ શ્રુતનો નિયોગ કરતું નથી. તેમ ભગવાન પણ અનુગ્રાહ્ય એવા પુરુષમાં કોઈ ભાવનો નિયોગ કરતા નથી, પરંતુ અનુગ્રાહ્ય એવો પુરુષ પોતાની યોગ્યતા અનુસાર તત્ત્વને ગ્રહણ કરવા માટે અભિમુખ થયેલ હોય ત્યારે, તે અનુગ્રાહ્ય પુરુષમાં જેટલા અંશમાં તત્ત્વની પ્રાપ્તિ કરવાની યોગ્યતા હોય તેને અનુરૂપ અનુગ્રાહક એવા ભગવાન તેને તત્ત્વની પ્રાપ્તિ કરાવવારૂપ અનુગ્રહ કરવાની યોગ્યતા ધરાવે છે.

વળી 'આગમ અનિયોગપર છે,' એ મતની અપેક્ષા રાખીને પ્રવૃત્ત થયેલો નિશ્ચયનય 'ચારિત્રવાન ચારિત્ર પ્રાપ્ત કરે છે' એમ કહે છે.

આશય એ છે કે 'આગમ અનિયોગપર છે' એ વચન નિશ્ચયનયનું છે, અને નિશ્ચયનય સત્કાર્યવાદને સ્વીકારે છે. તેથી એ પ્રાપ્ત થાય કે ઉપાદાનકારણમાં જે સત્ હોય તે જ અભિવ્યંજક દ્વારા અભિવ્યક્ત થાય છે.

જેમ - શરાવમાં ગંધ સત્ છે તે પાણી દ્વારા અભિવ્યક્ત થાય છે, તેમ આત્મામાં શ્રુતજ્ઞાન પ્રગટ થવાની જે યોગ્યતા છે, તે પ્રમાણે આત્મામાં રહેલા વિદ્યમાન શ્રુતને આગમ અભિવ્યક્ત કરે છે.

આ દૃષ્ટિને સામે રાખીને પ્રવર્તતો નિશ્ચયનય કહે છે કે જે જીવમાં ક્ષયોપશમભાવને પામે તેવું ચારિત્રમોહનીય કર્મ છે, અને જ્યારે તે જીવ ચારિત્રને અભિવ્યક્ત કરવા પ્રવૃત્ત છે, તે વખતે તે જીવ ચારિત્રવાળો છે, અને ચારિત્રની અભિવ્યક્તિ કરવાની ક્રિયાથી તે જીવમાં વિદ્યમાન એવું ચારિત્ર અભિવ્યક્ત થાય છે.

આથી નિશ્ચયનય કહે છે કે 'ચારિત્રવાન જ ચારિત્રને પ્રાપ્ત કરે છે.'

'चारित्रवानेव चारित्रं लभते' પછી इत्यादि ટીકામાં છે. તે इत्यादि થી સમ્યગ્દૃષ્ટિ જ સમ્યક્ત્વને પામે છે, તેનું ગ્રહણ કરવું.

વળી જે પ્રતિમા ગ્રંથકારશ્રીને સદાન દયાની પુષ્ટિ કરે છે, તે પ્રતિમા કેવી છે ? તે બતાવતાં કહે છે -

'आनमद्विश्वा' છે=આખું વિશ્વ જેમને નમસ્કાર કરી રહ્યું છે, તેવી છે.

આશય એ છે કે જગતમાં તીર્થંકરો ગુણના પ્રકર્ષવાળા છે, પુણ્યના પ્રકર્ષવાળા છે અને પરોપકાર કરવામાં પ્રકર્ષવાળા છે, અને વીતરાગ એવા તેમની આ પ્રતિમા છે. તેથી જે જીવોને વિવેકરૂપી ચક્ષુ પ્રગટ થઈ છે, તેવા વિશ્વના સર્વ જીવો જિનપ્રતિમાને અવશ્ય નમસ્કાર કરે છે; કેમ કે આ જિનપ્રતિમા ગુણના ઉત્કર્ષવાળા તીર્થંકરની પ્રતિમા છે.

વળી પરમાત્માની પ્રતિમા વિશ્વથી નમાયેલી છે. આથી જ વિશેષથી શોભાયમાન છે અર્થાત્ વિશ્વના સર્વ ઉત્તમ પુરુષો જે પ્રતિમાને નમસ્કાર કરતા હોય, તેઓની નમસ્કારની પ્રવૃત્તિથી પ્રતિમા વિશેષથી શોભાયમાન છે.

અહીં પ્રતિમાનાં બે વિશેષણો આપ્યાં છે : (૧) आनमद्विश्वा અને (૨) विद्योतमाना

આ બે વચનો યમક અલંકારરૂપ છે.

યમક અલંકારનું લક્ષણ આ રીતે છે –

"અર્થ હોતે છતે અર્થથી ભિન્ન એવા અન્ય શબ્દમાં તે જ અર્થની જે આવૃત્તિ હોય" તે યમક અલંકાર છે. તે યમક અલંકાર પ્રસ્તુતમાં આ રીતે સંગત થાય છે –

પ્રતિમા 'आनमद्विश्वा' કહેવાથી સંપૂર્ણ વિશ્વથી નમાયેલી છે, એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય છે, અને તેનાથી ભિન્ન એવા અર્થવાળા 'विद्योतमाना' શબ્દથી आनमद्विश्वा ના અર્થની આવૃત્તિ થાય છે અર્થાત્ પ્રતિમા વિશ્વથી નમાયેલી છે એ જ અર્થ विद्योतमाना શબ્દથી પ્રાપ્ત થાય છે; કેમ કે જે પ્રતિમાને વિશ્વ નમે છે, તેનાથી જ તે પ્રતિમા વિશેષથી શોભાયમાન છે.

આ યમક અલંકાર બે શબ્દોના સદૃશ અર્થને બતાવીને કાવ્યનો શોભાજનક અલંકાર છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે ગ્રંથકારશ્રીને જે आनमद्विश्वा શબ્દથી અર્થ કહેવો છે, તે જ અર્થ કાંઈક ભિન્ન અર્થને બતાવનારા विद्योतमाना શબ્દથી બતાવવો છે; કેમ કે આખું વિશ્વ જે પ્રતિમાને નમે છે, તેથી જ તે પ્રતિમા વિશેષથી શોભાયમાન છે. માટે आनमद्विश्वा થી કાંઈક ભિન્ન અર્થને બતાવનાર विद्योतमाना શબ્દ પણ આખા વિશ્વથી પ્રતિમા નમાયેલી છે, તેથી જ શોભાવાળી છે, એ અર્થને બતાવીને, સદૃશ એવા અર્થને કહેનાર બે શબ્દો દ્વારા કાવ્યની શોભાના જનક એવા બે શબ્દોના જોડલારૂપ યમક અલંકાર છે.

આ યમક અલંકારની સંગતિ કાવ્યાનુશાસન સૂત્ર-૧૦૬, અધ્યાય-૫/૩માંથી કરેલ છે. **॥૯૮॥**

**શ્લોક :-**

त्वद्‌बिम्बे विधृते हृदि स्फुरति न प्रागेव रूपान्तरम्,
त्वद्रूपे तु ततः स्मृते भुवि भवेन्नो रूपमात्रप्रथा ।
तस्मात्त्वन्मदभेदबुद्‌ध्युदयतो नोयुष्मदस्मत्पदो-
ल्लेखः किञ्चिदगोचरं तु लसति ज्योतिः परं चिन्मयम् ।।९९।।

**શ્લોકાર્થ :-**

**પૂર્વમાં જ=અન્ય દેવોના દર્શન થતા પૂર્વમાં જ, તમારું બિંબ હૃદયમાં વિશેષથી ધારણ કરાયે છતે રૂપાંતર=અન્ય દેવોના આકારો, સ્ફુરણ થતા નથી અર્થાત્ દેવબુદ્ધિથી ઉપાસ્યરૂપે ઉપસ્થિત થતા નથી. ત્યારપછી=તમારા બિંબરૂપ આલંબનના ધ્યાન પછી, તમારું રૂપ સ્મરણ કરાયે છતે અર્થાત્ ભગવાનનું સર્વોત્કૃષ્ટ દેહસૌંદર્યનું ધ્યાન કરાયે છતે, જગતમાં રૂપમાત્રની પ્રથા થતી નથી અર્થાત્ જગતમાં અન્યનું સુંદર રૂપ છે, એવી વિચારણામાત્ર થતી નથી. તેથી=પ્રથમ અને બીજા પાદમાં બતાવ્યું તે પ્રકારે તમારા રૂપના ધ્યાનથી, તમારામાં અને મારામાં અભેદબુદ્ધિનો ઉદય થવાથી યુષ્મદ્-અસ્મદ્પદનો ઉલ્લેખ થતો નથી અર્થાત્ તમે અને હું જુદા છીએ એ પ્રકારના પદનો ઉલ્લેખ થતો નથી, પરંતુ કાંઈક અગોચર ચિન્મય=જ્ઞાનમય, એવી પર=પ્રકૃષ્ટ જ્યોતિ ઉલ્લસિત થાય છે. ।।૯૯।।**

**ટીકા :-**

'त्वद्बिम्ब' इतिः-तव बिम्बं=त्वद्बिम्बं, तस्मिन् हृदि विशेषेण धृते सति प्रागेव, सुतरां रूपान्तरं=कार्यान्तरं (आकारान्तरं) न स्फुरति=न स्मृतिकोटीमाटीकते, सदृशदर्शनविधया स्मारकेन त्वद्बिम्बेन त्वदन्यस्य स्मृतिपथारोहायोगात्, त्वद्बिम्बमेव च तादृशं प्रकृतिरमणीयं येनान्यबिम्बमेव दृक्पथे नागन्तुं दीयते, कुतस्तरां तदाकारिणि देवत्वमुपनीतं दोषेणाऽपि भायात्, अवदाम चाष्टसहस्रीविवरणे –

"यदैवैतद्रूपं प्रथममथ सालम्बनपदं तदेव ध्यानस्थं घटयति निरालम्बनसुखम् ।
रमागौरीगङ्गावलयशरकुन्तासिकलितं कथं लीलारूपं स्फुटयतु निराकारपदवीम् ।।१।।
अतर्क्या लीलैशीत्यपि कपिकुलाधीतचपलस्वभावोद्भ्रान्तत्वं विदधति परीक्षां हि सुधियः ।
न यद् ध्यानस्याङ्गं तदिह भगवद्रूयमपि किं जगल्लीलाहेतुर्बहुविधमदृष्टं विजयते" ।।२।। [ ] इति ।

**ટીકાર્થ :-**

**तव बिम्बं ..... आटीकते, પૂર્વમાં જ=અન્ય દેવના દર્શનની ઉપસ્થિતિની પૂર્વમાં જ, તારું બિંબ હૃદયમાં વિશેષથી ધારણ કરાયે છતે=સમવસરણસ્થ પરમાત્માની અવસ્થાને ઉપસ્થિત કરાવે તે પ્રકારે તારું બિંબ હૃદયમાં વિશેષથી ધારણ કરાયે છતે, સુતરાં રૂપાંતર સ્ફુરણ થતા નથી=અત્યંત આકારાંતર સ્મૃતિકોટીમાં આવતા નથી અર્થાત્ વીતરાગદેવના આકાર કરતાં અન્ય દર્શનને અભિમત એવા ઉપાસ્ય દેવોના આકારાંતરો સ્મૃતિમાં ઉપસ્થિત થતા નથી.**

અન્ય દેવોના આકારાંતરો કેમ સ્ફુરણ થતા નથી ? તેમાં હેતુ કહે છે –

**सदृशदर्शन ..... अयोगात् । સદૃશ દર્શન પ્રકારથી સ્મારક એવા તમારા બિંબ વડે તમારાથી અન્યનો સ્મૃતિપથમાં આરોહનો અયોગ છે અર્થાત્ તમારા બિંબથી તમારું પારમાર્થિક સ્વરૂપ સ્મૃતિપથમાં આવે છે, અન્ય દેવોનું સ્વરૂપ સ્મૃતિપથમાં આવતું નથી.**

પૂર્વમાં કહ્યું કે તમારું બિંબ જોવાથી અન્ય દેવોનું સ્વરૂપ સ્મૃતિપથમાં ઉપસ્થિત થતું નથી, પરંતુ તમારા બિંબના દર્શનથી તમારું સ્વરૂપ જ સ્મૃતિપથમાં ઉપસ્થિત થાય છે. ત્યાં શંકા થાય કે ભગવાનનું બિંબ જોયા પછી કોઈને જિજ્ઞાસા થાય કે જેમ આ દેવ ઉપાસ્ય છે તેમ તે તે દર્શનકારો અન્ય દેવોને ઉપાસ્યરૂપે સ્વીકારે છે ? તો ખરેખર આ જ દેવ ઉપાસ્ય છે કે અન્ય દેવ પણ ઉપાસ્ય છે ? એવી શંકાના ઉદ્ભવને કારણે, સૌ પ્રથમ જિનપ્રતિમાને જોયા પછી ઉપાસ્ય તરીકે અન્ય દેવનું સ્મરણ કેમ થઈ શકે નહિ ? તે બતાવવા અર્થે કહે છે –

**त्वद्बिम्बमेव ..... भायात्, અને તારું બિંબ જ=વીતરાગદેવનું બિંબ જ, તેવું પ્રકૃતિ-રમણીય છે= શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને અભિવ્યક્ત કરે તેવી સિદ્ધ મુદ્રાવાળું હોવાથી પ્રકૃતિ-રમણીય છે, જેનાથી અન્ય બિંબ જ=અન્ય દેવોનાં બિંબ જ, દૃષ્ટિપથમાં આવતાં નથી. (તો) ક્યાંથી તેના આકારવાળામાં=અન્ય દેવોના આકારવાળામાં, ઉપનીતદેવપણું=અન્ય દેવોની મૂર્તિમાં અન્ય લોકો આ દેવની મૂર્તિ છે, એ પ્રકારનો વચનપ્રયોગ કરે છે, એ વચનપ્રયોગના શ્રવણથી ભ્રમ થાય છે કે આ દેવની પ્રતિમા છે તે પ્રકારનું ઉપનીતદેવપણું, દોષથી પણ કેમ ભાસે ?=મતિભ્રમથી પણ કેમ ભાસે ? અર્થાત્ ન ભાસે.**

**अवदाम चाष्टसहस्रीविवरणे - અને અષ્ટસહસ્રી વિવરણમાં અમે કહ્યું છે –**

"यदैवैतद्रूपं ..... निराकारपदवीम्" ।। જે જ આ રૂપ=જે જ પ્રતિમાનું સમવસરણસ્થ અવસ્થાસ્વરૂપ રૂપ, પ્રથમ સાલંબનપદ છે તે જ ધ્યાનમાં રહેલાને નિરાલંબન સુખ યોજે છે. રમા, ગૌરી, ગંગા, વલય, શર=બાણ,

કુંત=ભાલો, અસિ=તલવારથી સહિત એવું જે અન્ય દેવોનું લીલા રૂપ છે, તે કેવી રીતે નિરાકારપદવીને પ્રગટ કરે ? અર્થાત્ ન કરે.

"अतर्क्या ..... विजयते" ।। **इति ।** ઈશી=ઈશ સંબંધી લીલા અતર્ક્ય છે, એ પણ વાનરના કુળથી ભણેલ ચપળ સ્વભાવવાળાનું ઉદ્‌ભ્રાંતપણું છે, જે કારણથી બુદ્ધિમાનો પરીક્ષા કરે છે, જે ધ્યાનનું અંગ નથી તે અહીં=અન્ય દેવોની પ્રતિમામાં, જગતની લીલાનો હેતુ એવું ભગવાનનું રૂપ પણ શું બહુ પ્રકારના અદૃષ્ટનો વિજય કરે ? અર્થાત્ ન કરે.

**इति શબ્દ અષ્ટસહસ્રીવિવરણના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથ લખતી વખતે પૂર્વમાં જ શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના બિંબને હૃદયમાં ધારણ કરેલ છે અને તે પ્રતિમાને સંબોધીને સ્તુતિરૂપે પ્રસ્તુત ગ્રંથ રચેલ છે. ત્યાં ભગવાનની સાક્ષાત્ સ્તુતિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

અન્ય દેવોના દર્શન પૂર્વે જ તમારું બિંબ હૃદયમાં ધારણ કરાયે છતે અન્ય દેવોના આકારાંતર સ્ફુરણ થતા નથી. કેમ અન્ય દેવોના આકારાંતર સ્ફુરણ થતા નથી ? તેમાં યુક્તિ બતાવે છે –

ભગવાનની પ્રતિમામાં ભગવાનની કર્મકાય અવસ્થા અભિવ્યક્ત થાય છે અને તેના દર્શનથી ભગવાનની વાસ્તવિક સમવસરણસ્થ ઉપદેશ આપતી અવસ્થાનું સ્મરણ થાય છે, અને તે અવસ્થાનું સ્મરણ થયા પછી ભગવાનનું બિંબ જ તેવું પ્રકૃતિરમ્ય દેખાય છે, જેના કારણે અન્ય દેવોનાં બિંબો દૃષ્ટિપથમાં આવતાં નથી.

અન્ય દેવોનાં બિંબો કેમ દૃષ્ટિપથમાં આવતાં નથી, તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ઉપનીત એવા દોષથી પણ અન્ય દેવોના આકારમાં દેવપણું કેવી રીતે ભાસે ? અર્થાત્ ભાસે નહિ.

આશય એ છે કે ભગવાનની સમવસરણસ્થ અવસ્થા જગતના ઉપકાર માટે પ્રવર્તતી અને વીતરાગતાને દ્યોતન કરતી અત્યંત કાંત અવસ્થા છે. તેથી તેમાં દેવપણાની બુદ્ધિ થયા પછી સ્ત્રીઓ સાથે બેઠેલા, શસ્ત્રો આદિવાળા એવા રાગી-દ્વેષી આકારને બતાવનારી અન્ય દેવની પ્રતિમામાં ભ્રમદોષથી પણ દેવપણાની બુદ્ધિ કેવી રીતે થઈ શકે ? અર્થાત્ થાય નહિ.

અહીં કહ્યું કે અન્ય દેવોના આકારવાળામાં ઉપનીત દેવપણું કેવી રીતે દોષથી પણ ભાસે ? તેનો ભાવ એ છે કે અન્ય દેવોની મૂર્તિમાં અન્ય લોકો 'આ દેવની મૂર્તિ છે' એ પ્રકારનો વચનપ્રયોગ કરે છે, એ વચનપ્રયોગના શ્રવણથી ભ્રમ થાય છે કે આ દેવની પ્રતિમા છે. તે ઉપનીત દેવપણું દોષથી પણ ગ્રંથકારશ્રીને ભગવાનની પ્રતિમા જોયા પછી અન્ય દેવોની મૂર્તિમાં ભાસતું નથી અર્થાત્ અન્ય દેવોની મૂર્તિમાં દેવપણાની બુદ્ધિનો ભ્રમ થતો નથી.

અષ્ટસહસ્રીવિવરણના શ્લોકોથી તેની પુષ્ટિ કરેલ છે, તેનો ભાવ આ પ્રમાણે છે –

ભગવાનનું (૧) સાલંબનપદ અને (૨) નિરાલંબનપદ છે. સાલંબનપદ પ્રથમ છે. તેમાં ભગવાન સમવસરણમાં બેઠેલા, અત્યંત કાંતરૂપવાળા વગેરે ભાવોથી વીતરાગતાના સ્વરૂપને દ્યોતિત કરે તેવી મુદ્રાથી

બેઠેલા દેખાય છે. તેવું સાલંબનપદવાળું ભગવાનનું રૂપ જ ધ્યાનમાં રહેલા યોગીને નિરાલંબન સુખ પ્રાપ્ત કરાવે છે અર્થાત્ પરમાત્માના સમવસરણસ્થ સ્વરૂપને જોઈને તેમાં તન્મયતાને પામેલ યોગી, સાંસારિક સુખોથી પર એવા બાહ્ય પદાર્થોના આલંબન વગરના આત્મિક સુખને પ્રાપ્ત કરે છે; કેમ કે ભગવાનની મુદ્રા ભગવાનના વિરક્તભાવને વ્યક્ત કરે છે. તેમાં તન્મય થવાથી યોગી સાંસારિક ભાવોના આલંબનથી પર એવા આત્મિક ભાવોના શાંતરસના સુખને અનુભવે છે.

વળી, રમા-ગૌરી આદિથી કલિત એવું લીલારૂપવાળું અન્ય દેવોનું સ્વરૂપ આત્માની નિરાકાર પદવીને= સંસારથી નિર્લેપ આત્માની અવસ્થાને, કઈ રીતે પ્રગટ કરે ? અર્થાત્ સ્ત્રી, શસ્ત્રો આદિથી યુક્ત અન્ય દેવોનું રૂપ આત્માની નિરાકાર અવસ્થાને પ્રગટ કરી શકે નહિ, પરંતુ સાલંબનધ્યાનવાળું પરમાત્માનું રૂપ જ આત્માની નિરાકાર અવસ્થાને પ્રગટ કરી શકે.

વળી, કેટલાક કહે છે કે ઈશ્વરની લીલા અતર્ક્ય છે=ઈશ્વર આ જગતની લીલા કરે છે, તો ઇશ્વરે આ જગતમાં કેટલાકને સુખી કર્યા, અને કેટલાકને દુઃખી કર્યા, એવું કેમ કર્યું ? એ પ્રકારનો તર્ક કરી શકાય નહિ, એમ કેટલાક કહે છે, તે પણ તેમનું અનુચિત કથન છે=વાનરોથી ભણાયેલ ચપળ સ્વભાવને કારણે થયેલું ઉદ્‌ભ્રાંતપણું છે અર્થાત્ અસંબદ્ધ પ્રલાપ છે.

કેમ અસંબદ્ધ પ્રલાપ છે ? તેથી કહે છે –

બુદ્ધિમાન પુરુષો પરીક્ષા કરે છે, અને બુદ્ધિમાન પુરુષો પરીક્ષા કરે તો નક્કી વિચારે કે આવી અસંબદ્ધ લીલા કરનાર ઈશ્વર પૂજ્ય સ્વીકારી શકાય નહિ; કેમ કે જેઓ અનુચિત પ્રવૃત્તિઓ કરી રહ્યા છે, તે ઉપાસ્ય કહેવાય નહિ, અને જેમણે જગતના જીવોને અન્યાય કર્યો છે, તેવા ઈશ્વરને ઉપાસ્ય કેવી રીતે કહી શકાય ? માટે ઈશ્વરની લીલા અતર્ક્ય છે, એ કથન અસંબદ્ધ છે.

વળી જે ધ્યાનનું અંગ છે તે ભગવાનનું રૂપ, જો જગતની લીલાનો હેતુ હોય તો તે બહુ પ્રકારના અદૃષ્ટનો વિજય કઈ રીતે કરે ? અર્થાત્ કરી શકે નહિ; કેમ કે જે અન્ય દેવોના ઈશ્વરનું સ્વરૂપ મોહથી આક્રાંત લીલા કરવાના સ્વભાવવાળું છે, તેવા સ્વભાવવાળા ઈશ્વરનું રૂપ ધ્યાનનું અંગ નથી. આમ છતાં તેવા લીલાવાળા ઈશ્વરને ધ્યાનનો વિષય કરવામાં આવે તો તે ધ્યાન કરનાર પુરુષ તેવા ધ્યેય સ્વરૂપ બહુલીલાયુક્ત પ્રકૃતિવાળો બને, પરંતુ બહુ પ્રકારનું જે અદૃષ્ટ છે તેનો વિજય કરવા માટે સમર્થ ન બને; જ્યારે વીતરાગદેવનું સ્વરૂપ ધ્યાનનો વિષય કરવામાં આવે તો તેવા વીતરાગનું ધ્યાન બહુ પ્રકારના અદૃષ્ટનો વિજય કરવા સમર્થ બને. તેથી જગતની લીલાના હેતુ એવા ઈશ્વર ધ્યેય બને નહિ, પણ વીતરાગની મૂર્તિ ધ્યેય બને.

શ્લોકના દ્વિતીય પાદનો અર્થ કરે છે –

**ટીકા :-**

**ततः=त्वद्बिम्बालम्बनध्यानान्तरं, त्वद्रूपे तु स्मृते=ध्याते सति भुवि रूपमात्रप्रथा न भवेत्, सर्वेषां रूपाणां ततो निकृष्टत्वात्, सर्वोत्कृष्टत्वेनैव च भगवद्रूपस्य ध्येयत्वात् । तदाहुः –**

"सर्वजगद्धितमनुपममतिशयसन्दोहमृद्धिसंयुक्तम् ।
ध्येयं जिनेन्द्ररूपं सदसि गदत्तत्परं चैव" ।।१।।

"सिंहासने निविष्टं छत्रत्रयकल्पपादस्याधः ।
सत्त्वार्थसंप्रवृत्तं देशनया कान्तमत्यन्तम्" ।।२।।

"आधीनां परमौषधमव्याहतमखिलसंपदां बीजम् ।
चक्रादिलक्षणयुतं सर्वोत्तमपुण्यनिर्माणम्" ।।३।।

"निर्वाणसाधनं भुवि भव्यानामग्र्यमतुलमाहात्म्यम् ।
सुरसिद्धयोगिवन्द्यं वरेण्यशब्दाभिधेयं च" ।।४।। **[षोडशक-१५ श्लो.१-२-३-४] इति ।**

**ટીકાર્થ :-**

**ततः ..... निकृष्टत्वात्, ત્યારપછી=તમારા બિંબના આલંબનના ધ્યાન પછી, તમારા રૂપનું સ્મરણ કરાયે છતે=ધ્યાન કરાયે છતે, જગતમાં રૂપમાત્રની પ્રથા થતી નથી અર્થાત્ રૂપમાત્રને જોવાનો ભાવ થતો નથી; કેમ કે તેનાથી=તમારા રૂપથી, સર્વના રૂપોનું નિકૃષ્ટપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે ભગવાનના રૂપથી સર્વના રૂપો નિકૃષ્ટ કેમ છે ? તેથી કહે છે –

**सर्वोत्कृष्टत्वेनैव ..... ध्येयत्वात् । અને સર્વોત્કૃષ્ટપણાથી જ ભગવાનના રૂપનું ધ્યેયપણું છે.**

**तदाहुः - તેને=સર્વોત્કૃષ્ટ એવું ભગવાનનું રૂપ ધ્યેય છે તેને, ષોડશક-૧૫, શ્લોક-૧-૨-૩-૪માં કહે છે –**

"सर्वजगद्धितम् ..... चैव" ।। "સર્વ જગતને હિતકારી, અનુપમ, અતિશયના સમૂહવાળું, ઋદ્ધિઓથી સંયુત, સભામાં બોલતા=સમવસરણમાં ઉપદેશ આપતા જિનેન્દ્રનું રૂપ ધ્યેય છે, અને તેનાથી પર=ઉપરમાં કહેલ કર્મકાય અવસ્થાવાળા જિનેન્દ્રના રૂપથી પર, તત્ત્વકાય અવસ્થાવાળા=મુક્તિસ્થ એવા જિનેન્દ્રનું રૂપ ધ્યેય છે."

જિનેન્દ્રનું કર્મકાય અવસ્થાવાળું અને તત્ત્વકાય અવસ્થાવાળું રૂપ ધ્યેય છે, તેમ ષોડશક-૧૫, શ્લોક-૧થી બતાવ્યું. હવે તે બે અવસ્થામાંથી કર્મકાય અવસ્થાવાળા જિનેન્દ્રનું ધ્યાન કેવા સ્વરૂપે કરવાનું છે ? તે ષોડશક-૧૫, શ્લોક-૨-૩-૪થી સ્પષ્ટ કરે છે –

"सिंहासने ..... अत्यन्तम्" ।।

आधीनां ..... पुण्यनिर्माणम्" ।।

निर्वाणसाधनं ..... अभिधेयं च" ।। **इति ।**

"ત્રણ છત્ર અને કલ્પવૃક્ષની નીચે સિંહાસનમાં બેઠેલા, દેશના વડે જીવોના કલ્યાણ માટે સંપ્રવૃત્ત, અત્યંત કાંત, આધિઓનું=સંસારી જીવોની માનસિક પીડાઓનું, પરમ ઔષધ, અવ્યાહત=ન હણાય એવી અખિલ સંપદાનું બીજ, ચક્રાદિ લક્ષણોથી યુક્ત, સર્વોત્તમ પુણ્યથી નિર્માણ થયેલું, પૃથ્વીમાં ભવ્ય જીવોના નિર્વાણનું સાધન, અગ્ર્ય=પ્રધાન,

અતુલ માહાત્મ્યવાળું, દેવો અને સિદ્ધયોગીઓથી વંદ્ય, વરેણ્ય શબ્દથી અભિધેય=અર્હદ્, શંભુ, બુદ્ધ વગેરે શ્રેષ્ઠ શબ્દોથી અભિધેય, એવું જિનેન્દ્રરૂપ ધ્યેય છે, એમ ષોડશક-૧૫-૧ સાથે સંબંધ છે."

**इति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત શ્લોકના પ્રથમ પાદનું ટીકામાં સ્પષ્ટીકરણ કરીને ગ્રંથકારશ્રીએ બતાવ્યું કે ભગવાનની કર્મકાય અવસ્થાનું સ્વરૂપ પ્રતિમામાં જોયા પછી અન્ય દેવોની પ્રતિમામાં દેવપણાની બુદ્ધિ થતી નથી. કેમ થતી નથી ? તે યુક્તિથી સ્થાપન કર્યા પછી હવે ભગવાનનું ઉત્કૃષ્ટ રૂપ છે, તેનું દર્શન કર્યા પછી જગતનાં કોઈ રૂપો પ્રત્યેનું આકર્ષણ રહેતું નથી, તે બતાવવા અર્થે શ્લોકના બીજા પાદમાં ગ્રંથકારશ્રી કહે છે –

ભગવાનના બિંબનું આલંબન લઈને ધ્યાન કર્યા પછી ભગવાનનું લોકોત્તર રૂપ ચક્ષુ સામે ઉપસ્થિત થવાથી સંસારી જીવોનાં રૂપમાત્ર જોવા જેવાં જણાતાં નથી; કેમ કે ભગવાનના રૂપથી તે સર્વ રૂપો નિકૃષ્ટ છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાનનું તેવું ઉત્કૃષ્ટ રૂપ તો વર્તમાનમાં ચક્ષુથી દેખાતું નથી, તેથી તેમના રૂપનું ધ્યાન કર્યા પછી અન્ય રૂપ પ્રત્યે કેમ આકર્ષણ થતું નથી ? તેથી બીજો હેતુ કહે છે –

ભગવાનનું રૂપ સર્વોત્કૃષ્ટપણાથી જ ધ્યેય છે, તેથી તે સ્વરૂપે જે બુદ્ધિમાન પુરુષો ભગવાનને ઉપસ્થિત કરીને તેમના ધ્યાનમાં તન્મય થાય છે, તેથી તેમની સામે અન્ય રૂપો અસાર જણાય છે. માટે અન્ય રૂપો પ્રત્યેનું આકર્ષણ નષ્ટ થાય છે.

વળી ભગવાનનું જે સર્વોત્કૃષ્ટ રૂપ છે, તે પણ ધ્યાન દ્વારા તત્ત્વકાય અવસ્થામાં જવાનું કારણ છે, પરંતુ મોહધારાની વૃદ્ધિનું કારણ નથી. તેથી તેવા સ્વરૂપનું ધ્યાન કર્યા પછી સંસારી જીવોનાં તુચ્છ સામાન્ય રૂપો પ્રત્યે વિવેકીને કેવી રીતે આકર્ષણ થાય ? અર્થાત્ આકર્ષણ થતું નથી.

ભગવાનની કર્મકાય અવસ્થામાં વર્તતા ભગવાનના ઉત્કૃષ્ટ રૂપનું ધ્યાન કેવી રીતે કરવાનું છે ? તે ષોડશક-૧૫, શ્લોક-૧માં તેમજ ૨-૩-૪માં બતાવેલ છે. તેનો ભાવ આ પ્રમાણે છે –

* ભગવાન સર્વ જગતના હિતને કરનારા છે,
* અનુપમ રૂપવાળા છે,
* ચોત્રીસ અતિશયના સમૂહવાળા છે,
* આમર્ષૌષધિ આદિ ઋદ્ધિઓથી સંયુક્ત છે,
* સભામાં બેસીને જગતના જીવોને દેશના આપે છે.

આવા સ્વરૂપે પરમાત્માનું કર્મકાય અવસ્થારૂપે ધ્યાન કરવાનું છે, અને તેમાં તન્મયતા આવ્યા પછી ભગવાનની તત્ત્વકાય અવસ્થાથી ભગવાન ધ્યેય સ્વરૂપ છે તેનું ધ્યાન કરવાનું છે. અર્થાત્ ભગવાનનું

સર્વકર્મરહિત શુદ્ધ આત્મસ્વરૂપ છે, તેને અભિવ્યક્ત કરનાર યોગનિરોધકાળની ભગવાનની સિદ્ધ મુદ્રા છે, તેના અવલંબનથી તત્ત્વકાય અવસ્થાનું ધ્યાન કરવાનું છે. અને જેઓ કર્મકાય અવસ્થારૂપે પરમાત્માનું ધ્યાન કરે છે, તેઓને પુદ્ગલનાં બાહ્ય રૂપો પ્રત્યેનું આકર્ષણ નષ્ટ થાય છે. તેથી જગતમાં અન્ય કોઈનાં રૂપોને જોવાની મનોવૃત્તિ થતી નથી, પરંતુ સર્વ ગુણોથી અને સર્વ સમૃદ્ધિઓથી યુક્ત ભગવાનનું રૂપ જ તેઓને ચક્ષુ સામે દેખાય છે, અને ત્યારપછી તે મહાત્મા પરમાત્માની તત્ત્વકાય અવસ્થાથી પરમાત્માનું ધ્યાન કરે છે ત્યારે તેઓને શુદ્ધ આત્માનું પારમાર્થિક સ્વરૂપ ચક્ષુ સામે દેખાય છે, જેમાં મગ્ન થઈને તેઓ પરમસુખને અનુભવે છે.

ભગવાનની કર્મકાય અવસ્થાનું ધ્યાન કેવી રીતે કરવું, તે ષોડશક-૧૫, શ્લોક-૨-૩-૪માં બતાવ્યું, તેનો ભાવ આ પ્રમાણે છે –

* ત્રણ છત્ર અને કલ્પવૃક્ષની નીચે ભગવાન સિંહાસનમાં બેઠેલા છે,

* દેશના વડે જીવોના હિત માટે પ્રવૃત્ત છે,

* ચક્ષુને અત્યંત રમણીય લાગે તેવું કાંત તેમનું સ્વરૂપ છે,

* સંસારી જીવોને જે સર્વ આધિઓ છે, તેના માટે ભગવાનના સ્વરૂપનું દર્શન પરમ ઔષધ છે.

* ભગવાનનું રૂપ અવ્યાહત=હણાય નહિ તેવી સર્વ સંપત્તિઓનું બીજ છે અર્થાત્ ક્યારેય નાશ ન પામે તેવી ગુણસંપત્તિઓનું અને સિદ્ધઅવસ્થારૂપ આત્મસંપત્તિઓનું બીજ છે; કેમ કે પરમાત્માના સ્વરૂપને જોઈને તન્મય થયેલ જીવ વીતરાગ સર્વજ્ઞ બને છે, અને આત્માની ક્યારેય નાશ ન પામે તેવી પૂર્ણ સંપદાને પામે છે, તેનું કારણ ભગવાનનું રૂપ છે.

* ચક્રાદિ લક્ષણોથી યુક્ત છે=પુરુષમાં સંભવિત સર્વોત્તમ ૧૦૦૮ લક્ષણોથી યુક્ત છે.

* સર્વોત્તમ પુણ્યથી નિર્માણ થયેલું છે અર્થાત્ જગતમાં જીવોની જે પુણ્યપ્રકૃતિનું ફળ છે, તેમાં જે સર્વશ્રેષ્ઠ પુણ્ય છે, તેનાથી નિર્માણ થયેલું ભગવાનનું સ્વરૂપ છે.

* ભગવાનનું આવું શ્રેષ્ઠ સ્વરૂપ ભવ્ય જીવોના નિર્વાણનું કારણ છે.

* ભગવાનનું સ્વરૂપ અગ્ર્ય=જગતના સર્વ જીવો કરતાં શ્રેષ્ઠ છે.

* અતુલ માહાત્મ્યવાળું છે અર્થાત્ અન્ય જીવોનું રૂપ તો બીજાને મોહધારાની વૃદ્ધિ કરીને અહિત કરવાનું કારણ બને, જ્યારે ભગવાનનું સર્વશ્રેષ્ઠ પુણ્યથી પ્રાપ્ત થયેલું સ્વરૂપ અનેક જીવોના કલ્યાણનું કારણ બને તેવું અતુલ માહાત્મ્યવાળું છે.

* દેવો અને સિદ્ધયોગીઓ દ્વારા વંદ્ય ભગવાનનું સ્વરૂપ છે.

* જગતમાં જેટલા શ્રેષ્ઠ શબ્દો છે, તે સર્વશ્રેષ્ઠ શબ્દોથી વાચ્ય ભગવાનનું સ્વરૂપ છે.

હવે શ્લોકના ત્રીજા અને ચોથા પાદનો અર્થ કરે છે –

**ટીકા :-**

**तस्मात्=त्वद्रूपध्यानात्, द्रव्यगुणपर्यायसादृश्येन निश्चयतस्त्वन्मदभेदबुद्ध्युदयः स्यात्। तदुक्तं "जो जाणदि अरहंतं" [प्रवचनसार १-८० गा.] इत्यादि । ततः युष्मदस्मदपदोल्लेखो न भवति, ध्यातृध्यानध्येयानां त्रयाणामेकत्वप्राप्तेः ततः किञ्चिदगोचरं चिन्मयं ज्योतिः परब्रह्माख्यं स्फुरति, तत्स्फुरणेनैव सर्वक्रियाणां साफल्यात् ।**

**ટીકાર્થ :-**

**तस्मात् ..... स्यात् । તેનાથી=તમારા રૂપના ધ્યાનથી અર્થાત્ શ્લોકના પ્રથમ અને દ્વિતીય પાદથી કર્મકાય અવસ્થાવાળા ભગવાનના રૂપનું ધ્યાન કર્યું તેનાથી, દ્રવ્ય, ગુણ અને પર્યાયના સાદશ્યને કારણે=પરમાત્માના તત્ત્વકાય અવસ્થાવાળા સ્વરૂપ સાથે પોતાના શુદ્ધ આત્માના સ્વરૂપનું દ્રવ્ય, ગુણ અને પર્યાયથી સદશપણું હોવાને કારણે, નિશ્ચયથી=નિશ્ચયનયને અભિમત દૃષ્ટિથી, તમારી અને મારી વચ્ચે અભેદબુદ્ધિનો ઉદય થાય છે.**

**तदुक्तम् – તે=નિશ્ચયથી ભગવાનના રૂપના ધ્યાનથી ભગવાનની સાથે અભેદબુદ્ધિ થાય છે તે, પ્રવચનસાર-૧/૮૦માં કહેવાયું છે –**

"जो..... अरिहंतं" **इत्यादि** । "જેઓ અરિહંતને જાણે છે" **ઇત્યાદિ.**

**इत्यादिથી ગાથાનો અવશિષ્ટ ભાગ ગ્રહણ કરવો.**

**ततः ..... न भवति, તેનાથી=ભગવાનના રૂપના ધ્યાનથી ભગવાનની સાથે અભેદબુદ્ધિ થાય છે તેનાથી, યુષ્મદ્-અસ્મદ્ પદનો ઉલ્લેખ થતો નથી અર્થાત્ નિરાલંબનધ્યાનકાળમાં 'આ તમે છો' અને 'આ હું છું' એ પ્રકારના પદનો ઉલ્લેખ થતો નથી, પરંતુ પરમાત્માનું પારમાર્થિક સ્વરૂપ સ્વ આત્મામાં પરમાત્માના અવલંબનથી દેખાય છે, અને તેમાં ધ્યાન કરનાર યોગી તન્મય બને છે.**

અહીં પ્રશ્ન થાય કે નિરાલંબન ધ્યાનમાં યુષ્મદ્-અસ્મદ્ પદનો ઉલ્લેખ કેમ થતો નથી ? તેથી હેતુ કહે છે –

**ध्यातृ ..... एकत्वप्राप्तेः, ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એ ત્રણેના એકત્વની પ્રાપ્તિ છે.**

પૂર્વમાં કહ્યું કે પરમાત્માના સાલંબનધ્યાનથી નિરાલંબનધ્યાન પ્રગટે છે, ત્યારે યુષ્મદ્-અસ્મદ્ પદનો ઉલ્લેખ થતો નથી. ત્યાં પ્રશ્ન થાય કે નિરાલંબનધ્યાનમાં રહેલા યોગીને નિરાલંબનધ્યાનથી કેવો અનુભવ થાય છે ? તે જ સ્પષ્ટ કરે છે –

**ततः=તેનાથી=નિરાલંબનધ્યાનથી, કાંઈક અગોચર ચિન્મય પરબ્રહ્મ નામની જ્યોતિ સ્ફુરણ થાય છે.**

નિરાલંબનધ્યાન સંયમની સર્વ ક્રિયાઓનું અંતિમ ફળ છે, તે બતાવવા અર્થે કહે છે –

**तत्स्फुरणेन ..... साफल्यात् । તેના સ્ફુરણ વડે જ=પરમાત્માના નિરાલંબનધ્યાનથી કાંઈક અગોચર ચિન્મય પરબ્રહ્મ નામની જ્યોતિ સ્ફુરણ થાય છે તેના વડે જ, સંયમની સર્વ ક્રિયાઓનું સફળપણું છે.**

**ભાવાર્થ :-**

શ્લોકના પ્રથમ પાદમાં બતાવ્યું કે ભગવાનનું બિંબ હૃદયમાં ધારણ કરાયે છતે બીજા દેવોનાં બિંબો દેવ તરીકે ઉપસ્થિત થતાં નથી. વળી શ્લોકના બીજા પાદમાં કહ્યું કે ભગવાનનું બિંબ હૃદયમાં ધારણ કર્યા પછી તમારા બિંબના આલંબનથી ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરાયે છતે જગતનાં રૂપો અસાર જણાય છે. આ રીતે ભગવાનના બિંબને સ્મૃતિમાં લાવ્યા પછી અને ભગવાનનું સાલંબનધ્યાન કર્યા પછી તે સાલંબનધ્યાનથી નિરાલંબનધ્યાન કઈ રીતે પ્રગટે છે ? તે શ્લોકના ત્રીજા અને ચોથા પાદમાં બતાવતાં કહે છે –

કર્મકાયઅવસ્થાવાળા ભગવાનનું ધ્યાન કર્યા પછી ભગવાનની તત્ત્વકાય અવસ્થાનું જ્યારે ધ્યાન કરવામાં આવે છે ત્યારે યોગીને ભગવાનના જેવા દ્રવ્ય, ગુણ અને પર્યાયો પોતાનામાં પણ છે, તેવું સાદૃશ્ય દેખાય છે, અને તે સાદૃશ્યને કારણે નિશ્ચયનય પરમાત્માનો અને પોતાના આત્માનો અભેદ બતાવે છે. તેથી પરમાત્માની મૂર્તિમાં રહેલ તત્ત્વકાય અવસ્થાના અવલંબનથી જ્યારે યોગીને પોતાનામાં પણ પરમાત્માના જેવું સ્વરૂપ છે, તેમ દેખાય છે, અને યોગી નિશ્ચયનયનું આલંબન લઈને વિચારે છે, ત્યારે 'તમે ભગવાન છો અને હું તમારો ઉપાસક છું' એવી જે ભેદબુદ્ધિ છે, તે દૂર થાય છે, અને તમે અને હું એ બે વચ્ચે અભેદબુદ્ધિનો ઉદય થાય છે. તેથી પરમાત્માના ધ્યાનમાં વર્તતા યોગીને યુષ્મદ્-અસ્મદ્પદનો ઉલ્લેખ રહેતો નથી; કેમ કે એ વખતે ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એ ત્રણેના એકત્વની પ્રાપ્તિ છે.

તેનાથી=નિરાલંબનધ્યાનથી યોગીને કેવો અનુભવ થાય છે, તે બતાવતાં કહે છે –

યોગીની સામે ઉપાસ્ય એવા પરમાત્મા ઉપાસ્યરૂપે દેખાતા નથી, અને પોતે ઉપાસ્ય એવા પરમાત્માની સામે ઉપાસના કરવા બેઠેલ છે, તેવું દેખાતું નથી; પરંતુ પરમાત્મામાં રહેલ મોહથી અનાકુળ એવું જે પરબ્રહ્મ સ્વરૂપ, જે જ્ઞાનની જ્યોત છે, તે કાંઈક અગોચર એવી પોતાને સ્ફુરણ થાય છે અર્થાત્ વાણીથી કહી ન શકાય એવી, ચક્ષુથી દેખાય નહિ એવી, માત્ર સ્વઅનુભવથી અનુભવાય એવી નિરાકુળ ચેતનાનો અનુભવ થાય છે. તે વખતે યોગી આત્માની મોહના સ્પર્શ વગરની જ્ઞાનમય જ્યોતમાં ઉપયુક્ત થઈને સ્થિર કાંઈક અનુભવ કરે છે. તે અનુભવ આત્માના પારમાર્થિક સ્વરૂપને સ્પર્શે એવા શુદ્ધ આત્માના શ્રુતજ્ઞાનના ઉપયોગસ્વરૂપ છે, અને તે નિરાલંબનધ્યાનના અનુભવના સ્ફુરણથી જ સર્વ ક્રિયાઓનું સાફલ્ય છે; કેમ કે સંયમની સર્વ ક્રિયાઓ કરીને મોહથી અનાકુળ એવા આત્માને પ્રગટ કરવો છે, અને મોહથી અનાકુળ એવા જ્ઞાનના ઉપયોગમાં તન્મય થયેલ યોગી સંગ વગરની જ્ઞાનમય ચેતનામાં તન્મયભાવ પામે છે, તે શુક્લધ્યાનનો અંશ છે, અને તે પ્રકર્ષને પામીને કેવલજ્ઞાનનું કારણ છે. તેથી સર્વ ક્રિયાઓનું ફળ નિરાલંબનધ્યાન છે અને ધ્યાનનું ફળ કેવલજ્ઞાન છે.

પ્રસ્તુત શ્લોના ચારે પાદોનો ભાવ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

**अयं भावः-भगवद्बिम्बे हृदि धृते भगवद्रूपानुस्मरणं, तद्ध्याने च क्षीणकिल्बिषत्वान्नैश्चयिकद्रव्यगुण-पर्यायसाम्यपर्यालोचनायां 'त्वमहम् अहं त्वमि'त्यभेदज्ञानं समापत्तिरूपं भवति, तत्र चान्तर्जल्पे युष्मदस्मत्पदे उल्लिख्येते, ततश्च भिन्नत्वेन ज्ञातयोरभेदस्यायोग्यत्वज्ञाने युष्मदस्मत्पदयोर्वेदान्तिरीत्याऽखण्डब्रह्मणि जहदजहल्लक्षणायामन्तर्जल्पजं निर्विकल्पकसाक्षात्काररूपं ज्ञानमाविर्भवति, भेदनयार्थ-व्युत्क्रान्ताभेदग्राहिद्रव्यार्थोपयोगेन वा सोऽयमनालम्बनयोगश्चरमावञ्चकयोगप्रातिभमहिम्ना यद्दर्शनाद् भवति, सा भगवत्प्रतिमा परमोपकारिणी, तद्गुणवर्णने योगीन्द्रा अपि न क्षमाः इत्यावेदितं भवति । ननु कथमयमर्वाग्दृशां भगवत्प्रतिमादर्शनाज्जातप्रमोदानां प्राणिनां संभवति ? इषुपातज्ञातेन केवलज्ञानादर्वागेव तदभिधानात् उक्तं च -**

"द्रागस्मात्तद्दर्शनमिषुपातज्ञातमात्रतो ज्ञेयम् ।
एतच्च केवलं तज्ज्ञानं, यत्तत्परं ज्योतिः" ।।१।। **[षोड.-१५, श्लो.-१०] इति ।**

**सत्यं, तत्त्वतस्तदानीमेव संभवेऽपि योग्यतया प्रागप्युक्तौ बाधकाभावात् शुक्लध्यानवद्, योगानुभवश्चात्र साक्षीति किं वृथा वागाडम्बरेण ।।९९।।**

**ટીકાર્થ :-**

अयं भावः ..... आविर्भवति, આ ભાવ છે અર્થાત્ પ્રસ્તુત શ્લોકનો આ ભાવ છે -

ભગવાનનું બિંબ હૃદયમાં ધારણ કરાયે છતે ભગવાનના રૂપનું અનુસ્મરણ થાય છે, અને તેના ધ્યાનમાં=ભગવાનના રૂપના ધ્યાનમાં, ક્ષીણ કિલ્બિષપણાને કારણે=ક્ષીણ થયેલા પાપમળને કારણે, નૈશ્ચયિક દ્રવ્ય, ગુણ અને પર્યાયના સામ્યનું પર્યાલોચન કરાયે છતે=નિશ્ચયનયની દૃષ્ટિથી પરમાત્માના આત્મામાં અને પોતાના આત્મામાં દ્રવ્ય, ગુણ અને પર્યાય સમાન વર્તે છે, એ પ્રકારનું પર્યાલોચન કરાયે છતે, 'તું હું' અને 'હું તું' એ પ્રકારનું સમાપત્તિરૂપ અભેદજ્ઞાન થાય છે, અને ત્યાં=ભગવાનની સાથે સમાપત્તિરૂપ અભેદજ્ઞાનમાં, અન્તર્જલ્પરૂપે યુષ્મદ્-અસ્મદ્પદનો ઉલ્લેખ કરાય છે, અને ત્યારપછી ભિન્નપણારૂપે જ્ઞાત એવા યુષ્મદ્-અસ્મદ્પદના અભેદના અયોગ્યપણાનું જ્ઞાન થયે છતે, વેદાંતિની રીતિથી અખંડ બ્રહ્મમાં જહદ્-અજહદ્ લક્ષણા કરાયે છતે, અન્તર્જલ્પથી થયેલ નિર્વિકલ્પ સાક્ષાત્કારરૂપ જ્ઞાનનો આવિર્ભાવ થાય છે.

भेदनयार्थ .... भवति । અથવા ચરમઅવંચકયોગરૂપ પ્રાતિભજ્ઞાનના મહિમાથી ભેદનયના અર્થથી વ્યુત્ક્રાંત અભેદગ્રાહી દ્રવ્યાર્થના ઉપયોગથી તે આ અનાલંબનયોગ જેના દર્શનથી થાય છે, તે ભગવાનની પ્રતિમા પરમ ઉપકારી છે. તેમના ગુણના વર્ણનમાં=ભગવાનની પ્રતિમાના ગુણના

વર્ણનમાં, યોગીન્દ્રો પણ=તીર્થંકરો પણ, સમર્થ નથી, એ પ્રકારે આવેદિત થાય છે અર્થાત્ એ પ્રકારે પ્રસ્તુત શ્લોકના કથનથી આવેદિત થાય છે.

**ननु ..... तदभिघानात् ।** અહીં શંકા કરતાં ननु થી કહે છે – ભગવાનની પ્રતિમાના દર્શનથી થયેલા પ્રમોદવાળા એવા અર્વાગ્ દૃષ્ટિવાળા પ્રાણીઓને=છદ્મસ્થ જીવોને, કેવી રીતે આ=પ્રાતિભજ્ઞાન, સંભવે ? અર્થાત્ સંભવે નહિ; કેમ કે ઈષુપાતના દૃષ્ટાંતથી કેવલજ્ઞાનની પૂર્વે જ તેનું અભિધાન છે=પ્રાતિભજ્ઞાનનું કથન છે.

**उक्तं च**=અને ષોડશક-૧૫, શ્લોક-૧૦માં કહેવાયું છે –

"द्रागस्मात् ..... ज्योतिः" ।। **इति** "શીઘ્ર આનાથી=અનાલંબનયોગથી, પરતત્ત્વનું દર્શન ઈષુપાતજ્ઞાતમાત્રથી=બાણ મુકાવાના દૃષ્ટાંતમાત્રથી, જાણવું, અને આ=પરતત્ત્વનું દર્શન, કેવલ=સંપૂર્ણ, તે=પ્રસિદ્ધ એવું જ્ઞાન છે, જે=કેવલજ્ઞાન, તે પરંજ્યોતિ=પ્રકૃષ્ટ જ્યોતિસ્વરૂપ છે."

**इति** શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

ननु થી પૂર્વમાં શંકા કરી કે અર્વાગ્ દૃષ્ટિવાળા પ્રાણીઓને પ્રતિમાના દર્શનથી કેવી રીતે પ્રાતિભજ્ઞાન થઈ શકે ? તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

**सत्यं**, તમારી વાત સાચી છે,

**तत्त्वतः ..... शुक्लध्यानवद् ।** કેમ કે તત્ત્વથી=પરમાર્થથી, ત્યારે જ=કેવલજ્ઞાનની પૂર્વે જ, સંભવ હોવા છતાં પણ=પ્રાતિભજ્ઞાનનો કેવલજ્ઞાનની પૂર્વે જ સંભવ હોવા છતાં પણ, યોગ્યતાથી=કેવલજ્ઞાનની પૂર્વના પ્રાતિભજ્ઞાનની યોગ્યતાથી, પૂર્વમાં પણ કહેવામાં=પૂર્વમાં પણ પ્રાતિભજ્ઞાન છે એમ કહેવામાં, શુક્લધ્યાનની જેમ બાધકનો અભાવ છે અર્થાત્ જેમ શુક્લધ્યાન ક્ષપકશ્રેણીમાં આવે છે, આમ છતાં ક્ષપકશ્રેણીમાં આવતા શુક્લધ્યાનની પૂર્વભૂમિકાનું શુક્લધ્યાન પૂર્વમાં પણ આવે છે, તેમ કેવલજ્ઞાનની પૂર્વે થતા પ્રાતિભજ્ઞાન જેવું=કાંઈક તેવી યોગ્યતાવાળું પ્રાતિભજ્ઞાન પ્રતિમાના દર્શનથી સ્વીકારવામાં બાધકનો અભાવ છે.

**योगानुभवश्चात्र ..... वागाडम्बरेण ।।** અને અહીં=ક્ષપકશ્રેણીકાળભાવિ પ્રાતિભજ્ઞાનથી પૂર્વમાં પ્રાતિભજ્ઞાન થાય છે એમાં, યોગનો અનુભવ સાક્ષી છે, એથી વૃથા વાણીના આડંબરથી શું ?= વાણીથી તેને બતાવવા માટેના યત્નથી શું ? અર્થાત્ વાણીથી તે કહી શકાય તેમ નથી, પરંતુ યોગના અનુભવથી તે જણાય છે. ।।૯૯।।

**ભાવાર્થ :-**

પ્રસ્તુત શ્લોકસ્પર્શી ટીકા પૂર્ણ કર્યા પછી પ્રસ્તુત શ્લોકનો શું ભાવ છે, તે ગ્રંથકારશ્રી કહે છે –

ભગવાનનું બિંબ હૃદયમાં ધારણ કરાયે છતે ભગવાનના રૂપનું અનુસ્મરણ થાય છે.

આશય એ છે કે કોઈપણ વ્યક્તિમાં વર્તતા ભાવો ચક્ષુથી દેખાતા નથી. જેમ - કોઈ પુરુષ ક્રોધાવેશમાં હોય ત્યારે તે પુરુષમાં વર્તતો ક્રોધનો ભાવ ચક્ષુથી દેખાતો નથી, તોપણ તેની મુદ્રા ઉપરથી તેનામાં વર્તતા

ક્રોધનું અનુસ્મરણ થાય છે, અને જણાય છે કે આ પુરુષ ક્રોધી છે. તેમ ભગવાનના બિંબને જોઈને રાગાદિથી અનાકુળ એવા ભગવાનના સ્વરૂપનું સ્મરણ થાય છે; અને રાગાદિથી અનાકુળ એવા ભગવાનના સ્વરૂપમાં જેમને પક્ષપાત થાય છે, તે પુરુષનો રાગ ભગવાનના વીતરાગ સ્વરૂપમાં અત્યંત પ્રકર્ષવાળો થાય છે. તેથી તે પુરુષમાં ભગવાનના વીતરાગ સ્વરૂપનું ધ્યાન પ્રગટે છે, અને તે ધ્યાનને કારણે તે પુરુષના આત્મામાં મોહને પેદા કરાવનાર કાલુષ્ય ક્ષીણ થાય છે, તેથી નૈશ્ચયિક દ્રવ્ય, ગુણ અને પર્યાયનું પરમાત્મામાં અને પોતાના આત્મામાં સામ્ય છે, તેનું પર્યાલોચન પ્રગટે છે. તેથી ધ્યાનમાં રહેલા યોગીને 'તું હું છું' અને 'હું તું છું' એ પ્રકારનું સમાપત્તિરૂપ અભેદજ્ઞાન પ્રગટે છે. તે વખતે 'તું' 'હું' રૂપે અભેદબુદ્ધિ હોવા છતાં 'તું' 'હું' પદથી ભેદ પણ પ્રતીત થાય છે. તેથી તે યોગીના ઉપયોગમાં અંતર્જલ્પરૂપ યુષ્મદ્ અને અસ્મદ્પદનો ઉલ્લેખ છે અર્થાત્ 'તું અને હું એક છીએ' એ પ્રકારના ઉપયોગમાં તું અને હું એ બે શબ્દનો ઉલ્લેખ છે, અને તે ઉલ્લેખ બતાવે છે કે તમારી અને મારી વચ્ચે ભેદ પણ છે. તેથી તું અને હું એ પ્રકારનાં બે પદો પરમાત્મા સાથે પોતાના આત્માની અભેદ બુદ્ધિ કરવામાં બાધક છે, તેવું જ્ઞાન થાય છે. તે વખતે તે સાધક યોગી વેદાંતીઓની જે પદ્ધતિ છે, તે પદ્ધતિથી અખંડ બ્રહ્મમાં જહદ્-અજહદ્ લક્ષણથી યત્ન કરે ત્યારે અંતર્જલ્પથી થનારું નિર્વિકલ્પ સાક્ષાત્કારરૂપ જ્ઞાન આવિર્ભાવ પામે છે.

આશય એ છે કે વેદાંત દર્શનકારો બ્રહ્મને એક અખંડ માને છે, અને અખંડ બ્રહ્મ સાથે તન્મય થવા માટે જહદ્-અજહદ્ લક્ષણા દ્વારા તેઓ યુષ્મદ્ અને અસ્મદ્ પદનો ત્યાગ કરે છે. જેમ પોતાના આત્મામાં અને પરમાત્મામાં એક અખંડ બ્રહ્મ છે, તે અખંડ બ્રહ્મમાં त्वम् અને अहम् એ બે પદો ભેદને કરનારા છે, તેથી પરમાત્મામાં અને પોતાના સ્વરૂપમાં વર્તતા અખંડ બ્રહ્મનો ત્યાગ નહિ કરવારૂપ અજહદ્લક્ષણા, અને ત્વમ્ અને અહમ્ પદનો ત્યાગ કરવારૂપ જહદ્લક્ષણા દ્વારા, પરમાત્માના સ્વરૂપને જોવા માટે યોગી ઉપયુક્ત બને છે, ત્યારે પરમાત્મામાં અને પોતાનામાં અનુગત એવો એક અખંડ બ્રહ્મ તેને દેખાય છે. તે અખંડ બ્રહ્મસ્વરૂપને સ્પર્શે એવો અંતર્જલ્પ તે યોગીમાં વર્તે છે, તે નિર્વિકલ્પ સાક્ષાત્કારરૂપ જ્ઞાનસ્વરૂપ છે.

આનાથી એ ફલિત થાય છે કે ભગવાનની મૂર્તિના દર્શનથી પ્રથમ ભગવાનના રૂપનું અનુસ્મરણ થાય છે, અને તે ભગવાનના રૂપ પ્રત્યેનું અત્યંત આકર્ષણ થવાથી ભગવાનની કર્મકાય અવસ્થાવાળું ધ્યાન પ્રગટે છે, જેનાથી આત્મામાં ઘણા મોહનો નાશ થાય છે ત્યારે, નિશ્ચયનયને અભિમત એવું પરમાત્માસદૃશ દ્રવ્ય, ગુણ અને પર્યાયોનું સામ્ય પોતાના આત્મામાં યોગીને દેખાય છે, તેથી યોગી પોતાને પરમાત્મા સાથે અભેદરૂપે જાણે છે. ત્યારપછી વેદાંતીની પદ્ધતિથી અખંડ બ્રહ્મમાં તન્મય થાય છે ત્યારે, સર્વ વિકલ્પના સ્પર્શ વગરનું મોહથી અનાકુળ એવા જ્ઞાનનું સંવેદન થાય છે, તે નિર્વિકલ્પ સાક્ષાત્કારરૂપ છે.

આ રીતે ભગવાનની પ્રતિમા મહાકલ્યાણનું કારણ છે તેમ બતાવ્યા પછી, અથવાથી અન્ય રીતે પ્રતિમા કઈ રીતે કલ્યાણનું કારણ છે, તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભેદનયના અર્થથી વ્યુત્ક્રાંત એવા અભેદગ્રાહી દ્રવ્યાર્થના ઉપયોગ વડે ચરમઅવંચકયોગરૂપ પ્રાતિભજ્ઞાનના મહિમાથી અનાલંબનયોગ પ્રગટે છે. આવો અનાલંબનયોગ જે વીતરાગદેવની પ્રતિમાના દર્શનથી થાય છે,

તે ભગવાનની પ્રતિમા પરમ ઉપકારને કરનારી છે. તે પ્રતિમાના ગુણના વર્ણનમાં યોગીન્દ્રો પણ સમર્થ નથી, એ પ્રકારે આવેદિત થાય છે.

આશય એ છે કે ભેદનયની દૃષ્ટિ આત્માનો અને પરમાત્માનો ભેદ બતાવે છે અને પ્રથમ ભૂમિકામાં પરમાત્માની મૂર્તિને જોઈને ભેદનયની દૃષ્ટિ વર્તે છે. જ્યારે સાધક યોગી ભેદનયના અર્થથી ઉપરની ભૂમિકામાં જાય છે, ત્યારે અભેદગ્રાહી એવા દ્રવ્યાર્થના ઉપયોગ વડે પરમાત્માને જુએ છે, ત્યારે જેવું પરમાત્માનું સ્વરૂપ છે, તેવું પોતાનું સ્વરૂપ અભેદગ્રાહી દ્રવ્યાર્થના ઉપયોગથી તે યોગીને દેખાય છે. તેમાં તે તન્મય અવસ્થાને પામે ત્યારે અનાલંબનયોગ પ્રગટે છે. આ અનાલંબનયોગ ચરમઅવંચકયોગરૂપ પ્રાતિભજ્ઞાનના મહિમાથી થાય છે અર્થાત્ ભગવાનનો ઉપદેશ યથાર્થરૂપે પરિણમન પામે તે ચરમઅવંચકયોગ છે, અને તે ચરમઅવંચકયોગ જ્યારે જીવમાં પ્રગટે છે, ત્યારે ભગવાનના વચનના બળથી ભગવાનનું પારમાર્થિક સ્વરૂપ જોઈ શકે તેવી નિર્મળ પ્રતિભા પ્રગટે છે, અને તે પ્રતિભાના મહિમાથી યોગીને અનાલંબનયોગ પ્રગટે છે. આવો અનાલંબનયોગ પ્રગટ કરવામાં ભગવાનની પ્રતિમાનું દર્શન કારણ છે, માટે ભગવાનની પ્રતિમા પરમ ઉપકારી છે. તેથી તે પ્રતિમાના ગુણનું વર્ણન કરવામાં તીર્થંકરો પણ સમર્થ નથી.

અહીં શંકા થાય કે પ્રાતિભજ્ઞાન તો કેવલજ્ઞાનની પૂર્વે થાય છે, તેથી ભગવાનની પ્રતિમાના દર્શનથી જેમને પ્રમોદ થયો છે તેવા અર્વાગ્દૃષ્ટિવાળા જીવોને પ્રતિમાના દર્શનથી પ્રાતિભજ્ઞાન કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

પરમાર્થથી જે પ્રાતિભજ્ઞાન કેવલજ્ઞાનની પૂર્વે થાય છે, તે પ્રાતિભજ્ઞાન પ્રકૃષ્ટ મતિજ્ઞાનવિશેષરૂપ છે અને તે પ્રાતિભજ્ઞાનના બળથી તરત જ સાધક યોગીને મોહનું ઉન્મૂલન કરવા માટે સમર્થ બને તેવી દિશા દેખાય છે. તેવું પ્રાતિભજ્ઞાન કેવલજ્ઞાનની પૂર્વે જ થાય છે, તેની પૂર્વે થાય નહિ; પરંતુ ભગવાનની પ્રતિમાને જોઈને જેમને ભગવાનમાં રહેલા વીતરાગતાદિ ભાવો પ્રત્યે પ્રમોદ થાય છે અને તેના કારણે ભગવાનના ગુણોમાં તન્મયતા આવે છે, તેમને પણ કેવલજ્ઞાનની પૂર્વે થનારા પ્રાતિભજ્ઞાનના અંશ તુલ્ય પ્રાતિભજ્ઞાન થાય છે, જે કેવલજ્ઞાન વખતે થનારા પ્રાતિભજ્ઞાનનું કારણ છે. તેથી કેવલજ્ઞાનની પૂર્વભૂમિકામાં પણ પ્રાતિભજ્ઞાન સ્વીકારવામાં દોષ નથી.

આશય એ છે કે કેવલજ્ઞાનની પૂર્વે થતા પ્રાતિભજ્ઞાનમાં નિર્વિકલ્પ ઉપયોગ હોય છે, અને તે ઉપયોગ અસ્ખલિત શુદ્ધ આત્મતત્ત્વને જોવા માટે પ્રવૃત્ત એવા મતિવિશેષસ્વરૂપ હોય છે. તે ઉપયોગ એવો દૃઢ હોય છે કે કોઈ નિમિત્તને પામીને ચલાયમાન થતો નથી, પરંતુ અવશ્ય શુદ્ધ આત્માને જોઈને વિશ્રાંત થાય એવો હોય છે અર્થાત્ મોહનું સંપૂર્ણ ઉન્મૂલન કરીને કેવલજ્ઞાન દ્વારા શુદ્ધ આત્માને જોઈને વિશ્રાંત થાય તેવો હોય છે.

જ્યારે પ્રતિમાના દર્શનકાળમાં થતો અનાલંબનયોગ તત્સદૃશ હોવા છતાં તેવો દૃઢ ઉપયોગ નથી કે જેથી જીવ નિમિત્તોથી સ્ખલના ન પામે. વળી તે શુદ્ધ આત્માને જોવા માટે પ્રવૃત્ત થયેલો હોવા છતાં શુદ્ધ

આત્માને જોવાના કાર્ય સુધી અસ્ખલિત જઈ શકે તેવા સામર્થ્યવાળો પણ નથી, તોપણ આ પ્રાતિભજ્ઞાનથી સંચિત થયેલી શક્તિ કેવલજ્ઞાનની પૂર્વમાં થનારા પ્રાતિભજ્ઞાનનું કારણ બનશે. માટે પ્રતિમાના દર્શનથી થતા નિરાલંબનધ્યાનને પણ પ્રાતિભજ્ઞાન કહેલ છે.

જેમ - ક્ષપકશ્રેણીમાં જે શુક્લધ્યાન પ્રગટે છે, તેવું શુક્લધ્યાન ક્ષપકશ્રેણીની પૂર્વમાં નથી, તોપણ તે શુક્લધ્યાનના અંશ તુલ્ય શુક્લધ્યાન શુદ્ધઆત્મામાં તન્મય થનારા યોગીઓને ક્ષપકશ્રેણી પૂર્વે પણ પ્રગટે છે; તેમ પ્રાતિભજ્ઞાન પણ ભાવિમાં થનારા મહાપ્રાતિભજ્ઞાનનું કારણ બને તેવું પૂર્વભૂમિકામાં પ્રગટે છે.

ભગવાનની પ્રતિમાના દર્શનથી જેમને પ્રમોદ થાય છે અને તેના કારણે ભગવાનના ગુણોમાં તન્મયતાને પામે છે, તેવા યોગીઓને વર્તમાનમાં પણ પ્રાતિભજ્ઞાન થાય છે, અને તેમાં યોગનો અનુભવ સાક્ષી છે અર્થાત્ નિરાલંબનયોગનો અનુભવ સાક્ષી છે. એથી માત્ર શબ્દોનો આડંબર અર્થ વગરનો છે અર્થાત્ ભગવાનની પ્રતિમાના દર્શનથી વર્તમાનમાં પ્રાતિભજ્ઞાન થઈ શકે કે ન થઈ શકે ઇત્યાદિ વાણીની વિચારણા અર્થ વગરની છે; કેમ કે જ્યાં અનુભવ સાક્ષી હોય ત્યાં તેનો અપલાપ કરનારી વાણી કાંઈ સિદ્ધ કરી શકે નહિ. **॥૯૯॥**

**અવતરણિકા : -**

**उक्तमेव भावयन्नभिष्टौति –**

**અવતરણિકાર્થ :-**

**ઉક્તને જ ભાવન કરતાં=શ્લોક-૯૯માં કહેલ ભગવાનના બિંબના દર્શનથી થતી અવસ્થાને જ, ભાવન કરતાં, ગ્રંથકારશ્રી પ્રતિમાની સ્તુતિ કરે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૯૯માં ગ્રંથકારશ્રીએ કહેલ કે તમારું બિંબ હૃદયમાં ધારણ કરાયે છતે અન્ય દેવોના બિંબમાં દેવપણાની બુદ્ધિ થતી નથી અને તમારું સાલંબનધ્યાન કર્યા પછી ક્રમે કરીને નિરાલંબનધ્યાન પ્રગટે છે. તે કથનને જ ભાવન કરતાં ગ્રંથકારશ્રી પ્રતિમાની સ્તુતિ કરે છે.

**શ્લોક :-**

**किं ब्रह्मैकमयी किमुत्सवमयी श्रेयोमयी किं किमु,**
**ज्ञानानन्दमयी किमुन्नतिमयी किं सर्वशोभामयी ।**
**इत्थं किं किमिति प्रकल्पनपरैस्त्वन्मूर्तिरुद्वीक्षिता,**
**किं शब्दातिगमेव दर्शयति सद्ध्यानप्रसादान्महः ।।१००।।**

**શ્લોકાર્થ :-**

**આ પ્રતિમા શું બહ્નૈકમય છે ? શું ઉત્સવમય છે ? શું શ્રેયોમય છે ? શું જ્ઞાનાનંદમય છે ? શું ઉન્નતિમય છે ? શું સર્વશોભામય છે ? આ રીતે=આ પ્રકારે, શું શું એ પ્રમાણે કલ્પના કરવામાં તત્પર એવા કવિઓ વડે=ઉપાસકો વડે, જોવાયેલી તમારી મૂર્તિ, સદ્ધ્યાનના પ્રસાદથી 'કિં' શબ્દથી અતિગ એવા મહને=કિં શબ્દની મર્યાદાને ઓળંગી ગયેલ એવા જ્ઞાનને, બતાવે છે. ।।૧૦૦।।**

**ટીકા :-**

**'किम्' इत्यादिः-किं ब्रह्मैकमयी, एकं=प्रचुरं यस्यां सा एकमयी, ब्रह्मणा एकमयी=ब्रह्मैकमयी, स्वरूपोत्प्रेक्षेयम्, एवमग्रेऽपि किमुत्सवमयीत्यादौ । उत्सवादयोऽपि ब्रह्मविवर्त्ता एव नवरूपोत्प्रेक्षितास्तेन नाक्रमदोषः, उत्प्रेक्षितेनैव क्रमस्यातन्त्रत्वात्, यथामनोराज्यमेव तत्र क्रमप्रवृत्तेः, 'ब्रह्माद्वयस्यान्वभवत्प्रमोदम्' इत्यादाविवेति बोध्यम् । इत्थम्=अमुना प्रकारेण किम् ? किम् ? इति प्रकल्पनपरैः कविभिस्त्वन्मूर्तिरुद्वीक्षिता सती जिज्ञासानिवर्त्तकस्य रूपस्य कुत्राप्यलाभात् सद्ध्यानप्रसादान्निर्विकल्पकलयाधिगमात्, किं शब्दमतिगच्छति यत्तादृशं महः स्वप्रकाशज्ञानं दर्शयति, उक्तं च सिद्धस्वरूपं पारमर्षे-**"सव्वे सरा णियट्टंति तक्का जत्थ ण विज्जए, मई तत्थ ण गाहिआ, ओए अप्पइट्ठाणस्स खेयन्ने से ण सद्दे, न रूवे" **[आचा. प्र. श्रु. अ. ५] इत्यादि । स्वतः सिद्धत्वादेव तत्र च न जिज्ञासेति सकलप्रयोजनमौलिभूतपरब्रह्मास्वादप्रदत्वाद् भगवन्मूर्तिदर्शनं भव्यानां परमहितमिति द्योत्यते ।।१००।।**

**ટીકાર્થ :-**

'किम् इत्यादि - ..... किमुत्सवमयीत्यादौ । **શું બ્રહ્મૈકમયી પ્રતિમા છે ?**

**બ્રહ્મૈકમયીનો સમાસ સ્પષ્ટ કરે છે –**

**એક=પ્રચુર જેમાં છે તે એકમયી, બ્રહ્મની સાથે એકમયી તે બ્રહ્મૈકમયી=બ્રહ્મપ્રચુરમયી=બ્રહ્મથી અતિરિક્ત કાંઈ નથી એવી.**

આનાથી એ ફલિત થાય છે કે બ્રહ્મપ્રચુરમય જિનપ્રતિમા છે.

**આ=બ્રહ્મૈકમયી એ વિશેષણ, કિમ્ શબ્દના બળથી સ્વરૂપ ઉત્પ્રેક્ષા છે. એ રીતે આગળમાં પણ** किमुत्सवमयी **ઇત્યાદિમાં સ્વરૂપ ઉત્પ્રેક્ષા છે, એમ જાણવું.**

किमुत्सवमयी ઇત્યાદિમાં કેમ સ્વરૂપ ઉત્પ્રેક્ષા છે, તે સ્પષ્ટ કરે છે –

उत्सवादयोऽपि ..... अतन्त्रत्वात् । **ઉત્સવાદિ પણ બ્રહ્મના વિવર્તો જ નવા સ્વરૂપે ઉત્પ્રેક્ષિત છે, તેથી** किमुत्सवमयी **ઇત્યાદિ પણ સ્વરૂપ ઉત્પ્રેક્ષા છે એમ સંબંધ છે. તે કારણથી=ઉત્સવાદિ શબ્દો નવા સ્વરૂપે બ્રહ્મના વિવર્તો જ ઉત્પ્રેક્ષિત છે તે કારણથી, અક્રમદોષ નથી; કેમ કે ઉત્પ્રેક્ષિતપણું હોવાને**

**કારણે જ ક્રમનું અતંત્રપણું છે=કિં શબ્દથી ઉત્પ્રેક્ષા કરાઈ છે, તેથી તે ઉત્પ્રેક્ષામાં આ ક્રમે ઉત્પ્રેક્ષા કરાય એવો નિયમ નથી.**

અહીં પ્રશ્ન થાય કે ઉત્પ્રેક્ષામાં કેવો ક્રમ હોય ? તેમાં હેતુ કહે છે –

**यथामनोराज्यमेव ..... बोध्यम् । ત્યાં=કિં શબ્દથી ઉત્પ્રેક્ષિત કથનમાં, યથામનોરાજ્ય જ ક્રમની પ્રવૃત્તિ છે અર્થાત્ જે પ્રમાણે ઉત્પ્રેક્ષા કરનારની ઈચ્છા હોય તે પ્રમાણે ક્રમની પ્રવૃત્તિ છે.** 'ब्रह्माद्वैत નો પ્રમોદ અનુભવ્યો' **ઈત્યાદિ કથનમાં જે પ્રમાણે યથામનોરાજ્ય ક્રમપ્રવૃત્તિ છે તેમ અહીં પણ જાણવું.**

**इत्थं ..... दर्शयति । આ પ્રકારે=પૂર્વમાં किं ब्रह्मैकमयीથી માંડીને किं सर्वशोभामयी ઈત્યાદિ કહ્યું એ પ્રકારે, પ્રકલ્પનમાં તત્પર એવા કવિ વડે તમારી મૂર્તિ જોવાઈ છતી જિજ્ઞાસાનિવર્તકસ્વરૂપનો ક્યાંય પણ અલાભ થવાને કારણે સદ્ધ્યાનના પ્રસાદથી નિર્વિકલ્પકલયનો અધિગમ થવાથી=પ્રાપ્તિ થવાથી, કિં શબ્દને જે ઓળંગે છે તેવા મહને=સ્વપ્રકાશજ્ઞાનને, બતાવે છે=કિં કિં પ્રકલ્પનમાં પર એવા કવિ વડે જોવાયેલી છતી તમારી મૂર્તિ સ્વપ્રકાશજ્ઞાનને બતાવે છે.**

આ કથનથી શું દ્યોતિત થાય છે, તે સ્પષ્ટ કરે છે –

**उक्तं च ..... पारमर्षे - અને પારમર્ષમાં=આચારાંગમાં સિદ્ધનું સ્વરૂપ કહેવાયું છે –**

"सव्वे ..... न रूवे" **इत्यादि** સર્વ સ્વરો નિવર્તન પામે છે=સિદ્ધના સ્વરૂપને કહેવા માટે પ્રવૃત્ત થયેલા સર્વ શબ્દો સિદ્ધના સ્વરૂપને બતાવ્યા વગર નિવર્તન પામે છે, જ્યાં=સિદ્ધના સ્વરૂપને બતાવવામાં, તર્કો વિદ્યમાન નથી, ત્યાં= સિદ્ધના સ્વરૂપને બતાવવામાં મતિ ગ્રાહિકા નથી=ઔત્પાતિકી આદિ ચાર પ્રકારની મતિ મોક્ષની અવસ્થાને ગ્રહણ કરવા માટે સમર્થ નથી.

મોક્ષમાં કર્મસમન્વિત પુરુષનું ગમન થતું નથી, તે બતાવવા માટે કહે છે –

**ओए=મોક્ષ ઓજ રૂપ છે=અશેષ મલકલંકરૂપ ચિહ્નથી રહિત છે.**

વળી અપ્રતિષ્ઠાન એવા મોક્ષનો=કર્મનું જ્યાં પ્રતિષ્ઠાન નથી એવા મોક્ષનો, ખેદજ્ઞ છે=અશેષમલકલંકથી રહિત એવો પુરુષ ખેદ રહિત સિદ્ધ સ્વરૂપનું વેદન કરનાર છે.

અથવા

અપ્રતિષ્ઠાન નામનું જે નરક ત્યાંની સ્થિતિ આદિનું પરિજ્ઞાન હોવાને કારણે=સિદ્ધના જીવોને જ્ઞાન હોવાને કારણે, ઓજ=અશેષમલ-કલંકથી રહિત એવો પુરુષ=આત્મા ખેદજ્ઞ=અપ્રતિષ્ઠાન નામના નરકને ખેદ રહિત જાણનાર, છે.

અહીં અપ્રતિષ્ઠાન નરક કહેવાથી સિદ્ધનો જીવ સમસ્ત લોકને જાણનારો છે, એમ આવેદિત થાય છે. **(આચા. પ્ર. શ્રુ. અધ્યાય-૫, સૂત્ર-૧૭૦)**

વળી તે સિદ્ધનું સ્વરૂપ કેવું છે, તે આચારાંગમાં બતાવે છે –

તે શબ્દ નથી, રૂપ નથી **ઈત્યાદિ સિદ્ધનું સ્વરૂપ છે. (આચા. પ્ર. શ્રુ. અધ્યાય-૫, સૂત્ર-૧૭૧)**

**स्वतः ..... द्योत्यते ।। સદ્ધ્યાનના પ્રસાદથી પ્રતિમા મહને=સ્વપ્રકાશ જ્ઞાનને, કરે છે ત્યારે આચારાંગ પ્ર. શ્રુ. અધ્યાય-૫, સૂત્ર-૧૭૦-૧૭૧માં કહેલ સિદ્ધના સ્વરૂપનું જ્યારે સ્વતઃ સિદ્ધપણું હોવાથી જ ત્યાં=સિદ્ધના સ્વરૂપમાં, જિજ્ઞાસા રહેતી નથી=પૂર્વમાં किं ब्रह्मैकमयी ઈત્યાદિ દ્વારા કવિને જે જિજ્ઞાસા થયેલી તે જિજ્ઞાસા રહેતી નથી. એથી (પ્રતિમાનું) સકલ પ્રયોજનના મૌલિભૂત એવા પરબ્રહ્મના આસ્વાદનું આપનારપણું હોવાથી ભગવાનની મૂર્તિનું દર્શન ભવ્યોનું પરમહિત છે, એ પ્રમાણે દ્યોતિત થાય છે. ।।૧૦૦।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૯૯માં કહેલ કે ભગવાનના બિંબના દર્શનથી ક્રમે કરીને વાણીને અગોચર એવી પરં ચિન્મય જ્યોતિ ઉલ્લસિત થાય છે, તે નિર્વિકલ્પધ્યાનરૂપ છે. એ કથનને અન્ય શબ્દોથી પ્રસ્તુત શ્લોકમાં બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

શાસ્ત્રોના બળથી પરમાત્માનું સ્વરૂપ જેમણે જાણ્યું છે, તેવા કવિઓ પ્રતિમાને જોઈને ઉત્પ્રેક્ષા કરે છે કે 'શું આ પ્રતિમા બ્રહ્મૈકમય છે ? અર્થાત્ બ્રહ્મનું પ્રચુર=અત્યંત, સ્વરૂપ જેમાં છે તેવી છે ?'

આનાથી એ પ્રાપ્ત થાય છે કે પ્રતિમા પાષાણની બનેલી છે, પરંતુ એ પ્રતિમા જે મુદ્રાને બતાવે છે એ મુદ્રાવાળા પરમાત્માનું સ્વરૂપ પ્રતિમામાં કવિને દેખાય છે. તેથી વિચારે છે કે 'શું આ પ્રતિમા પ્રચુર બ્રહ્મમય છે ? અથવા શું આ પ્રતિમા ઉત્સવમય છે ?' અર્થાત્ સંસારી જીવો કોઈ આનંદનો પ્રસંગ હોય ત્યારે ઉત્સવમય હોય છે, તેમ આત્માના પારમાર્થિક સ્વરૂપની પ્રાપ્તિના ઉત્સવમય આ પ્રતિમા છે ?

'અથવા શું આ પ્રતિમા શ્રેયોમય છે ?' અર્થાત્ સર્વ કલ્યાણની પ્રાપ્તિમય છે ? 'અથવા શું આ પ્રતિમા જ્ઞાનના આનંદમય છે ? અથવા શું આ પ્રતિમા આત્માની પ્રકર્ષવાળી ઉન્નતિમય છે ? અથવા શું આ પ્રતિમા આત્માના પારમાર્થિક સ્વરૂપની શોભામય છે ?' આ પ્રકારે 'કિં' શબ્દથી પ્રતિમાના વિશેષ સ્વરૂપની કવિએ ઉત્પ્રેક્ષા કરી છે અર્થાત્ વિશેષ સ્વરૂપને જાણવાની જિજ્ઞાસા કરેલ છે.

આ રીતે किं ब्रह्मैकमयी ઇત્યાદિ શબ્દો દ્વારા પ્રતિમાના પારમાર્થિક સ્વરૂપને જોવામાં તત્પર એવા કવિ ભગવાનની મૂર્તિને ભગવાનના પારમાર્થિક સ્વરૂપની જિજ્ઞાસાથી જોવા યત્ન કરે છે, પરંતુ પરમાત્માના પારમાર્થિક સ્વરૂપની જિજ્ઞાસાનું નિવર્તક એવું સ્વરૂપ ક્યાંય પ્રાપ્ત થતું નથી અર્થાત્ શાસ્ત્રોના વચનોથી પ્રાપ્ત થતું નથી કે ગુરુના ઉપદેશથી પ્રાપ્ત થતું નથી; પરંતુ જ્યારે પ્રતિમાને જોવામાં તન્મય થવાથી સદ્ધ્યાનનો પ્રસાદ થાય છે, અને તેનાથી નિર્વિકલ્પ લય અવસ્થાની પ્રાપ્તિ થાય છે, ત્યારે જ્યાં 'કિં' શબ્દ ચાલ્યો જાય છે, એવા પ્રકારના સ્વપ્રકાશમય જ્ઞાનને પ્રતિમા બતાવે છે. અર્થાત્ પ્રતિમાના સ્વરૂપમાં તન્મય થવાને કારણે પરમાત્માની તત્ત્વકાય અવસ્થાના સ્વરૂપને જોવામાં કવિનો ઉપયોગ સ્થિર થાય છે. તેનાથી પોતાનામાં વિકલ્પોના કલ્લોલો શાંત થાય છે અને સર્વ સંગ વગરના જ્ઞાનના પરિણામનું પોતાને સ્વસંવેદન થાય છે. તે સ્વસંવેદનથી થતો જ્ઞાનનો પ્રકાશ કવિને મૂર્તિના દર્શનથી પ્રગટે છે. તેથી કવિને જણાય છે કે પ્રતિમાના દર્શનથી સંસારના સર્વ સંગને નહિ સ્પર્શનાર એવો અસંગપરિણામવાળો જ્ઞાનનો ઉપયોગ કંઈક

સ્થિર ભાવને પામતું વર્તે છે, તદ્ સદશ અને તેનાથી અતિશયવાળું મહાસ્થૈર્ય સિદ્ધઅવસ્થામાં શાશ્વતકાળ માટે છે. તેથી આ પ્રતિમા જેમની છે તે પુરુષ બ્રહ્મૈકમય છે, ઉત્સવમય છે, શ્રેયોમય છે ઇત્યાદિ ભાવોથી વીતરાગના સ્વરૂપનો બોધ થાય છે.

પૂર્વમાં તેવો સ્પષ્ટ બોધ ન હતો, તેથી જેમ સામાન્ય બોધપૂર્વક વિશેષની જિજ્ઞાસા થાય છે, તેમ કવિને શું આ પ્રતિમા બ્રહ્મૈકમય છે ? ઇત્યાદિ જિજ્ઞાસા થયેલ, અને તે જિજ્ઞાસાના બળથી પ્રતિમાના અવલોકનને કારણે તન્મય અવસ્થાના બળથી જે નિર્વિકલ્પ ઉપયોગ પ્રગટે છે, તેનાથી વીતરાગના પારમાર્થિક સ્વરૂપનો કાંઈક બોધ થાય છે.

તે કથનને જ આગમના વચનથી સ્પષ્ટ કરે છે –

આચારાંગ પ્રથમ શ્રુતસ્કંધ અધ્યાય-૫, સૂત્ર-૧૭૦-૧૭૧માં કહ્યું છે કે સિદ્ધ સ્વરૂપને જોવા માટે પ્રવૃત્ત થયેલા સર્વ સ્વરો=સર્વ શબ્દો, સિદ્ધના સ્વરૂપને બતાવ્યા વગર નિવર્તન પામે છે.

વળી વિચારકો તર્કના બળથી સિદ્ધના સ્વરૂપને જોવા માટે ઉદ્યમ કરે છે, પરંતુ સિદ્ધના સ્વરૂપને જાણવા માટે તર્કો સમર્થ થતા નથી.

વળી કોઈ પુરુષ ઔત્પાતિકી આદિ બુદ્ધિવાળો હોય અને સર્વ શક્તિથી તે બુદ્ધિ દ્વારા મોક્ષના સ્વરૂપને જાણવા પ્રયત્ન કરે તોપણ તે મતિ સિદ્ધના સ્વરૂપને ગ્રહણ કરી શકતી નથી.

અહીં પ્રશ્ન થાય કે તો પછી સિદ્ધનું સ્વરૂપ કેવું છે ? એથી કહે છે –

ઓજરૂપ છે=જ્ઞાનના પ્રકાશરૂપ છે, જે સર્વ પ્રકારના કર્મકલંકથી રહિત એક શુદ્ધ આત્મદ્રવ્યસ્વરૂપ છે.

વળી તે સિદ્ધનો આત્મા અપ્રતિષ્ઠાનનો ખેદ રહિત જાણનાર છે=જ્યાં કર્મોનું પ્રતિષ્ઠાન નથી તેવા પોતાના પારમાર્થિક મુક્ત સ્વરૂપનું વેદન કરનાર છે, અથવા અપ્રતિષ્ઠાન નામની નરક સુધીના સર્વ ભાવોને ખેદ રહિત જાણનાર છે=કોઈ પ્રકારના શ્રમ રહિત જ્ઞાનસ્વભાવને કારણે જાણનાર છે. અર્થાત્ લોકવર્તી સર્વ ભાવોનું યથાર્થ જ્ઞાન કરનાર છે.

વળી તે સિદ્ધનો આત્મા શબ્દસ્વરૂપ નથી, રૂપસ્વરૂપ નથી, ઇત્યાદિ દ્વારા આત્મા પુદ્ગલના ભાવોથી અતીત અરૂપી સત્તાસ્વરૂપ છે, તેમ બતાવેલ છે.

કવિને પ્રતિમાના દર્શનથી નિર્વિકલ્પ લય થવાને કારણે આવા પ્રકારની અરૂપી આત્માની સત્તાનો કાંઈક બોધ થાય છે. સિદ્ધનું આવું સ્વરૂપ જે શાસ્ત્રવચનોથી કે ઉપદેશ આદિથી સિદ્ધ થઈ શકતું નથી, તે નિર્વિકલ્પ ઉપયોગથી સ્વતઃ સિદ્ધ બને છે. તેથી પૂર્વમાં સિદ્ધ સ્વરૂપ વિષયક જે જિજ્ઞાસા હતી તે શાંત થાય છે.

આનાથી એ ફલિત થાય છે કે શાસ્ત્રઅધ્યયન, ઉપદેશ આદિ કે સંયમનાં સર્વ અનુષ્ઠાનોના પ્રયોજનમાં મુગટભૂત એવો જે પરબ્રહ્મનો આસ્વાદ, તે આસ્વાદ ભગવાનની મૂર્તિ આપે છે. તેથી ભગવાનની મૂર્તિનું દર્શન ભવ્ય જીવો માટે પરમહિત છે, એ પ્રકારે પ્રસ્તુત સ્તુતિથી દ્યોતિત થાય છે. **II૧૦૦II**

**અવતરણિકા :-**

**प्रार्थनागर्भां स्तुतिमाह –**

**અવતરણિકાર્થ :-**

**પ્રાર્થનાગર્ભસ્તુતિને ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૯૮ની અવતરણિકામાં કહેલ કે સાક્ષાત્ કેટલાક શ્લોકોથી ગ્રંથકારશ્રી પરમાત્માની સ્તુતિ કરે છે. તેથી શ્લોક-૯૮થી ૧૦૦ સુધી ભગવાનની મૂર્તિના દર્શનથી પોતાને જે ઉપકાર થાય છે, તે ઉપકારને અભિવ્યક્ત કરે તેવી પ્રતિમાની સ્તુતિ કરી. હવે ભગવાનની પાસે પોતાને શું અભીષ્ટ છે, તેની પ્રાર્થના છે ગર્ભમાં જેને, એવી સ્તુતિને કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

त्वद्रूपं परिवर्ततां हृदि मम ज्योतिः स्वरूपं प्रभो!
तावद्यावदरूपमुत्तमपदं निष्पापं नाविर्भवेत् ।
यत्रानन्दघने सुरासुरसुखं संपिण्डितं सर्वतो
भागेऽनन्ततमेऽपि नैति घटनां कालत्रयीसंभवि ।।१०१।।

**શ્લોકાર્થ :-**

**હે પ્રભુ ! મારા હૃદયમાં જ્યોતિસ્વરૂપ એવું તમારું રૂપ ત્યાં સુધી પરિવર્તન પામો, જ્યાં સુધી અરૂપ એવું નિષ્પાપ ઉત્તમ પદ આવિર્ભાવ પામે નહિ; જે આનંદઘનમાં=જે અરૂપ એવા નિષ્પાપ ઉત્તમ પદરૂપ આનંદઘનમાં, સર્વથી સંપિંડિત કાલત્રયી સંભવિ એવું સુર-અસુરનું સુખ અનંતતમ પણ ભાગમાં ઘટનાને પામતું નથી. ।।૧૦૧।।**

**ટીકા :-**

**'त्वद्रूपम्' इतिः-हे प्रभो ! मम हृदि त्वद्रूपं=तव रूपं परिवर्तताम्=अनेकधा ज्ञेयाकारेण परिणमतु, कियत् ? यावत् निष्पापं=क्षीणकिल्बिषं, अरूपं=रूपरहितमुत्तमपदं फलीभूतं, साधनीभूतं वाऽप्रतिपातिध्यानं नाविर्भवेत् तावत् । उत्तमपदमभिष्टौति- यत्र=यस्मिन्नानन्दघने=आनन्दैकरसे, कालत्रयीसंभवि सर्वतः सम्पिण्डितमेकराशीकृतं सुरासुरसुखमनन्तमेऽपि भागे घटनां नैति अनन्तानन्तमित्यर्थः । यदार्षं -**

"सुरगणसुहं समत्तं सव्वपिंडिअं (सव्वद्धापिंडिअं) अणंतगुणं ।
न य पावेइ मुत्तिसुहं णंताहिं वि वग्गवग्घूहिं" ।।

**तथा –**

"सिद्धस्स सुहरासी सव्वद्धापिंडिओ जइ हविज्जा ।

सोणंतवग्गभईओ सव्वागासे ण माइज्जा" ।। **[आवश्यकनिर्यु. गा. ९८१-९८२]**

**अत्र सर्वाद्धासंपिण्डनमनन्तवर्गभजनं सर्वाकाशमानं चानन्तानन्तरूपप्रदर्शनार्थं व्याबाधाक्षयसञ्जातसुखलवानामत्र मेलनाभावात्, वास्तवस्य निरतिशयसिद्धसुखस्य कालेन भेदस्य कर्त्तुमशक्यत्वात्, न हि न्यासीकृतधनकोटिसत्ता धनिनः कालभेदेन भिद्यते ।**

**ટીકાર્થ :-**

**हे प्रभो..... तावत्। હે પ્રભુ ! મારા હૃદયમાં તમારું રૂપ પરિવર્તન પામો=અનેક પ્રકારે જ્ઞેયાકારરૂપે પરિણમન પામો અર્થાત્ સમવસરણસ્થ કર્મકાય અવસ્થારૂપે અને યોગનિરોધરૂપ તત્ત્વકાય અવસ્થારૂપે પરિણમન પામો અથવા પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત અવસ્થારૂપે પરિણમન પામો.**

**ક્યાં સુધી પરિણમન પામો ? જ્યાં સુધી નિષ્પાપ=ક્ષીણકિલ્બિષ=ક્ષીણપાપમળ, અરૂપ=રૂપરહિત, ફળભૂત એવું ઉત્તમ પદ આવિર્ભાવ પામે નહિ અથવા સાધનભૂત એવું અપ્રતિપાતી ધ્યાન આવિર્ભાવ પામે નહિ, ત્યાં સુધી તમારું રૂપ મારા હૃદયમાં અનેક પ્રકારે પરિણમન પામો, એમ સંબંધ છે.**

**उत्तमपदमभिष्टौति - ઉત્તમ પદની સ્તુતિ કરે છે –**

**यत्र ..... अनन्तानन्तमित्यर्थः । જે આનંદઘનમાં=આનંદના એકરસમાં, કાળત્રયસંભવિ=ત્રણે કાળમાં થનારું, સર્વથી સંપિંડિત=સર્વથી એકરાશી કરાયેલું, સુર-અસુરનું સુખ અનંતમા પણ ભાગમાં ઘટનાને પામતું નથી અર્થાત્ સિદ્ધનું સુખ અનંતાનંત છે, એ પ્રકારનો અર્થ છે.**

**यदार्षं - જે કારણથી આર્ષ છે=આવશ્યકનિર્યુક્તિ ગાથા-૯૮૧-૯૮૨માં કહેલ છે –**

"सुरगणसुहं ..... वग्गवग्गूहिं" ।। "સર્વ અદ્ધાથી પિંડિત=સર્વકાળના સમયોથી ગુણિત, અનંતા વર્ગવર્ગથી વર્ગિત એવું અનંતગુણ, સમસ્ત=સંપૂર્ણ, સુરગણનું સુખ મુક્તિસુખને પામતું નથી."

✪ મુદ્રિત પુસ્તકમાં सव्वपिंडिअं પાઠ છે ત્યાં આવશ્યકનિર્યુક્તિ ગાથા-૯૮૧માં सव्वद्धापिंडिअं પાઠ છે, તે સંગત છે, તેથી તે મુજબ અર્થ કરેલ છે.

**तथा - અને**

सिद्धस्स ..... ण माइज्जा ।। સર્વ અદ્ધાથી પિંડિત=સર્વકાળના સમયોથી ગુણિત, સિદ્ધના સુખની રાશિ જો અનંતવર્ગથી ભાજીત હોય તોપણ સર્વ આકાશમાં=લોક અને અલોક સર્વ આકાશમાં, સમાય નહિ.

**अत्र ..... प्रदर्शनार्थं, અહીં=આવશ્યકનિર્યુક્તિના પાઠમાં, સર્વ અદ્ધાનું સંપિંડન અનંતવર્ગનું ભજન, સર્વ આકાશનું માન, અનંતાનંત સ્વરૂપના પ્રદર્શન માટે છે=સિદ્ધનું સુખ અનંતાનંત સ્વરૂપ છે, તે બતાવવા માટે છે.**

સર્વ અદ્ધાનું સંપિંડન કેમ થઈ શકે નહિ ? તેમાં હેતુ કહે છે –

**व्याबाधा ..... मेलनाभावात्, વ્યાબાધાના ક્ષયથી થયેલા સુખલવોનું=સુખના અંશોનું, અહીં=સિદ્ધના સુખની ગણના કરવામાં, મેલનનો અભાવ છે.**

કલ્પનાથી સિદ્ધસુખના અંશોનું મેલન કરીને અનંત છે તેમ કહ્યા પછી સિદ્ધઅવસ્થાના અનંતકાળના સમયો દ્વારા ગુણવા માટે દરેક સમયનું સુખ જુદું છે તે કહી શકાય નહીં. તે બતાવવા હેતુ કહે છે –

**वास्तवस्य ..... अशक्यत्वात्, વાસ્તવિક એવા નિરતિશય સિદ્ધસુખનું કાળથી ભેદ કરવા માટે અશક્યપણું છે.**

**न हि ..... भिद्यते । જે કારણથી ધનિકની ન્યાસીકૃત ધનકોટિની સત્તા કાળના ભેદથી ભેદાતી નથી.**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રી ભગવાનને પ્રાર્થના કરે છે કે તમારી મૂર્તિના દર્શનથી મને તમારા જે સ્વરૂપનો બોધ થયો છે, તે સ્વરૂપ અનેક પ્રકારે જ્ઞેયાકારરૂપે મારા હૃદયમાં પરિણમન પામો. આમ કહીને ગ્રંથકારશ્રીએ એ પ્રાર્થના કરી કે ભગવાનની કર્મકાય અવસ્થા અને ભગવાનની તત્ત્વકાય અવસ્થા પોતાના ચિત્તમાં સદા જ્ઞેયાકારરૂપે ઉપસ્થિત રહો, જેથી ભગવાનના સ્વરૂપ સિવાય અન્ય કોઈ વસ્તુ પોતાના હૃદયમાં ઉપસ્થિત થાય નહિ.

ભગવાનનું આવું સ્વરૂપ પોતાના હૃદયમાં ક્યાં સુધી ઉપસ્થિત રહે ? તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જ્યાં સુધી સર્વ કર્મના નાશથી થનારું રૂપરહિત એવું ઉત્તમ પદ, પરમાત્માના સ્વરૂપની ઉપસ્થિતિના ફળભૂત પોતાને પ્રાપ્ત થાય નહિ, ત્યાં સુધી ઉપસ્થિત રહો. આમ કહીને પોતાને મોક્ષપ્રાપ્તિ સુધી ભગવાનનું સ્વરૂપ હૈયામાં વર્તે તેવી ગ્રંથકારશ્રીએ પ્રાર્થના કરેલ છે.

વળી अथवा થી બીજો વિકલ્પ કરતાં કહે છે –

જ્યાં સુધી અપ્રતિપાતી ધ્યાન આવિર્ભાવ પામે નહિ, ત્યાં સુધી તમારું સ્વરૂપ મારા હૈયામાં વર્તો. આ બીજો વિકલ્પ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિના સાધનભૂત છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે જ્યાં સુધી ગ્રંથકારશ્રીને ક્ષપકશ્રેણીકાળભાવિ અપ્રતિપાતી એવું શુક્લધ્યાન પ્રગટે નહિ, ત્યાં સુધી ભગવાનનું સ્વરૂપ ચિત્તમાં સદા ઉપસ્થિત રહે, આ પ્રમાણે પ્રાર્થના કરીને સંસારના શીઘ્ર અંતના કારણભૂત એવા શુક્લધ્યાનની પ્રાપ્તિનું બીજ ભગવાનની પ્રતિમાનું દર્શન છે, અને તે દર્શનથી પોતાને શુક્લધ્યાનની પ્રાપ્તિ થાઓ, એ પ્રકારની પ્રાર્થનાગર્ભસ્તુતિ ભગવાન પાસે કરેલ છે.

વળી ભગવાનને પ્રાર્થના કરતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે અરૂપી એવું ઉત્તમ પદ મને મળે નહિ ત્યાં સુધી તમારું રૂપ મારા હૈયામાં અનેક રૂપે પરિણમન પામો. તેથી અરૂપી એવું ઉત્તમ પદ કેવું છે ? તેની સ્તુતિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જે અરૂપી એવા આનંદઘનરૂપ પદમાં ત્રણે કાળમાં થનારું સર્વ સુર-અસુરનું સુખ કલ્પનાથી એક રાશિ કરવામાં આવે તોપણ સિદ્ધના સુખના અનંતમા ભાગમાં ઘટનાને પામે નહિ, તેટલું અનંતાનંત સિદ્ધનું સુખ છે.

સિદ્ધનું સુખ અનંતાનંત છે તે કેમ નક્કી થાય ? તેથી ઉદ્ધરણરૂપે આવશ્યકનિર્યુક્તિ ગાથા-૯૮૧-૯૮૨ આપેલ છે, તેનો ભાવ આ પ્રમાણે છે –

આવશ્યકનિર્યુક્તિ ગાથા-૯૮૧માં કહેલ છે કે દેવોના સમૂહનું સુખ સર્વકાળના સમયોથી ગુણવામાં આવે અને જે સુખ પ્રાપ્ત થાય, તે સુખના અનંતાનંત વર્ગો કરવામાં આવે, જેથી તે સંખ્યા ઘણી મોટી પ્રાપ્ત થાય, તોપણ સિદ્ધના સુખના સમાન થતી નથી.

આનાથી એ ફલિત થાય છે કે બધા દેવોનું સર્વકાળનું સુખ એકઠું કરવામાં આવે તોપણ સિદ્ધના સુખના અનંતમા ભાગ જેટલું થતું નથી.

આવશ્યકનિર્યુક્તિ ગાથા-૯૮૧માં પ્રથમ દેવોના સમૂહના સુખની કલ્પના કરીને સર્વ અદ્ધાથી તેને ગુણીને તેનાથી અનંતગણું સિદ્ધનું સુખ છે, તેમ બતાવ્યું. હવે આવશ્યકનિર્યુક્તિ ગાથા-૯૮૨માં સિદ્ધનું જે સુખ છે, તેનો ભાગાકાર કરીને ઘણું ન્યૂન કરવામાં આવે તોપણ લોક-અલોક આકાશપ્રદેશોની સંખ્યા કરતાં અધિક છે, તે બતાવતાં કહે છે –

સિદ્ધના સુખની રાશિ=એક સમયમાં વર્તતા સુખનો સમૂહ, સર્વ અદ્ધાથી-કાળથી પિંડિત કરવામા આવે અર્થાત્ કોઈ આત્મા સિદ્ધ થાય તેના સિદ્ધાવસ્થાના સર્વકાળના સમયોની સંખ્યાથી તે સિદ્ધના સુખને ગુણવામાં આવે, તેટલું તે સિદ્ધના જીવનું સુખ કહેવાય. તે સુખને અનંતવર્ગથી ભાગવામાં આવે તો ઘણી નાની સંખ્યા થાય, તોપણ તે સિદ્ધનું સુખ લોકાકાશ અને અલોકાકાશના પ્રદેશોમાં સમાઈ શકે નહિ. આમ બતાવીને લોકાકાશ-અલોકાકાશ કરતાં અનંતગણું સિદ્ધનું સુખ છે, તેમ બતાવેલ છે.

આવશ્યકનિર્યુક્તિ ગાથા-૯૮૧-૯૮૨ના આ કથનમાં સર્વ અદ્ધાનું પિંડન, અનંતવર્ગનું ભાજન અને સર્વ આકાશના પ્રમાણ સાથે સિદ્ધના સુખની તુલના કરી છે, તે વાસ્તવિક રીતે થઈ શકે નહિ; તોપણ સિદ્ધનું સુખ અનંતાનંત છે, તે બતાવવા માટે કહેલ છે.

અહીં પ્રશ્ન થાય કે સિદ્ધના સુખનું સર્વ અદ્ધાથી પિંડન કેમ થઈ શકે નહિ ? તેથી કહે છે –

કર્મની બાધાના ક્ષયથી થયેલા સુખાંશોનું મેલન થઈ શકે નહિ અર્થાત્ જે ક્ષણમાં સિદ્ધનો આત્મા વ્યાબાધાના ક્ષયથી સિદ્ધ થાય તે વખતે જે સુખ થાય છે, તે સિદ્ધના સુખને સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિથી માંડીને ઉત્તરની સર્વ ક્ષણોથી ગુણીને અનંતગુણું કરવા માટે સિદ્ધના સુખને સર્વ અદ્ધાથી જે પિંડન કરેલ છે, તે વાસ્તવિક રીતે થઈ શકે નહિ; કેમ કે વ્યાબાધાના ક્ષયથી થયેલા સુખાંશો પ્રતિક્ષણ સિદ્ધના જીવોને અનુભવાતા છે, તોપણ તે સર્વનું મેલન થાય નહીં. ફક્ત સિદ્ધનું સુખ ઘણું અતિશયવાળું છે, તે બતાવવા માટે સિદ્ધના સુખાંશોનું મેલન કરેલ છે.

વળી, સિદ્ધનું સુખ સિદ્ધના જીવની અનંત ક્ષણોના સમુદાયથી મેલન થઈ શકે નહિ. કેમ થઈ શકે નહિ ? તેમાં હેતુ કહે છે –

વાસ્તવિક એવા નિરતિશય સુખનો કાલના ભેદથી ભેદ કરી શકાય નહિ અર્થાત્ પ્રથમ ક્ષણમાં આટલા સુખાંશો હતા, બીજી ક્ષણમાં તે દ્વિગુણા સુખાંશો થયા, ત્રીજી ક્ષણમાં તે ત્રિગુણા સુખાંશો થયા, એમ કરીને સર્વ ક્ષણોના સુખની સંખ્યા એકઠી કરીને ઘણી મોટી છે તેમ બતાવી શકાય નહિ. ફક્ત સિદ્ધનું સુખ કેટલું અનંતાનંત છે, તે બતાવવા માટે સિદ્ધના સુખનું સર્વ અદ્ધાથી પિંડન કરેલ છે.

સિદ્ધનું સુખ કાળના ભેદથી ભેદ કેમ કરી શકાય નહિ ? તેમાં દૃષ્ટાંત બતાવે છે –

જેમ કોઈક ધનિકે ક્રોડ ધનની સત્તા એકઠી કરેલી હોય અને તે ક્રોડ ધન તેમની પાસે દશ વર્ષ રહે તો પ્રથમ વર્ષમાં ક્રોડ ધન હતું, બીજા વર્ષમાં ક્રોડ ધન હતું, ત્રીજા વર્ષમાં ક્રોડ ધન હતું, એમ દશ વર્ષના ક્રોડ ધનથી ગુણીને તે દશ ક્રોડ સંખ્યાવાળું છે, તેમ કહી શકાય નહિ; પરંતુ તેમની પાસે હંમેશાં ક્રોડ ધન છે તેમ કહી શકાય. તેમ સિદ્ધના જીવોને પ્રતિક્ષણ નિરતિશય સુખ છે, તેમ કહી શકાય; પરંતુ દરેક ક્ષણના સમયોથી ગુણીને સિદ્ધના જીવોના સુખની સંખ્યા એકઠી કરીને મોટી કરી શકાય નહિ. ફક્ત સિદ્ધનું સુખ અનંતાનંત છે અને અનંતાનંત કાળ સુધી રહેનારું છે, તે બતાવવા માટે સર્વ અદ્ધાથી પિંડન કરેલ છે.

**ટીકા :-**

**तदाहुः यौक्तिकाः –**

"वाबाहक्खयसंजायसुखलवभावमित्थमासज्ज ।
तत्तो अणंतरुत्तरबुद्धीए रासि कप्पो सो (परिकप्पो)।।१।।

एसो पुण सव्वो वि हु णिरइसओ एगरूवमो चेव ।
सव्वाबाहाकारणक्खयभावाओ तहा णेयो ।।२।।

ण उ तह भिन्नाणं चिय सुक्खलवाणं तु एस समुदाओ ।
ते तह भिन्ना संतो खओवसम जाव जं हुंति ।।३।।

ण य तस्स इमो भावो ण हु सुक्खं पि परं तहा होइ ।
बहुविसलवसंजुत्ते (संविद्धं) अमयं पि न केवलं अमयं ।।४।।

सव्वद्धासंपिंडणमणंतवग्गभयणं च जं इत्थ ।
सव्वागासामाणं चणंतस(त)द्दंसणत्थं तु ।।५।।

तिन्नि वि पएसरासी एगाणंता तु ठाविया हुंति ।
हंदि विसेसेण तहा अणंतयाणंतया (अणंतया णं तया) सम्मं ।।६।।

तुल्लं च सव्वहेयं सव्वेसिं होइ कालभेए वि ।
जं जहा कोडीसत्तं तहा तं णासइ सुहुममिणं ।।७।।

(जह जं कोडीसत्तं तह छणभेए वि सुहुममिणं)

सव्वं पि कोडिकप्पियमसंभवठवणाइ जं भवे ठवियं ।

तत्तो तस्सुहसामी ण होइ इह भेअगो कालो ।।८।।

ता जइ तत्तो अहिगं (जइ तत्तो अहिगं) खलु होइ सरूवेण किंचि तो भेओ ।

ण हु अज्जवासकोडीसयाणं पि सो होइ" ।।९।।

(न वि अज्जवासकोडीमयाण माणम्मि सो होइ) ।। **[विंशिका-२० गा. ७-१५] इति ।**

**ટીકાર્થ :-**

**तदाहुः ..... यौक्तिकाः - તે પૂર્વમાં સિદ્ધના સુખનું વર્ણન કર્યું તે, યુક્તિકાર પૂ. આ. હરિભદ્રસૂરિ મહારાજ સિદ્ધસુખવિંશિકા ગાથા-૭થી ૧૫માં કહે છે –**

"वाबाहक्खय ..... परिकप्पो" ।। इत्थ=અહીં=સુખની રાશિના વિષયમાં, વ્યાબાધાના ક્ષયથી થયેલા સુખલવના ભાવને ગ્રહણ કરીને, ત્યારપછી તેનાથી=ગ્રહણ કરાયેલા સુખલવના ભાવથી, ઉત્તર બુદ્ધિ વડે રાશિની કલ્પના કરવી જોઈએ.

✪ પ્રતિમાશતક મુદ્રિત પુસ્તકમાં रासि कप्पो सो પાઠ છે, ત્યાં સિદ્ધસુખવિંશિકા-૨૦/૭માં रासि परिकप्पो પાઠ છે.

સિદ્ધસુખવિંશિકા-૨૦/૭માં સુખની રાશિ બુદ્ધિથી કઈ રીતે પ્રાપ્ત થઈ શકે તે બતાવ્યું. ત્યાં જિજ્ઞાસા થાય કે સિદ્ધમાં સુખની માત્રા કેટલી હશે ? તે બતાવવા સિદ્ધસુખવિંશિકા-૨૦-૮માં કહે છે –

"एसो पुण ..... नेओ"।। "વળી, સિદ્ધના સુખનો સર્વ પણ આ=સિદ્ધના સુખનો રાશિ નિરતિશય એકરૂપ જ છે."

સિદ્ધના સુખનો રાશિ આવો છે, તે કેવી રીતે જાણવું ? તેથી કહે છે –

સર્વ બાધાના કારણોનો ક્ષય થવાથી (સિદ્ધના સુખનો રાશિ) તે પ્રકારનો=નિરતિશય જાણવો.

સિદ્ધસુખવિંશિકા-૨૦-૮માં બતાવ્યું કે સિદ્ધનું સુખ નિરતિશય એકરૂપ છે. હવે તે સુખ એકરૂપ કેવી રીતે છે ? તે બતાવતાં સિદ્ધસુખવિંશિકા-૨૦-૯માં કહે છે –

"ण उ तह ..... जं हुंति" ।। વળી આ=સિદ્ધના સુખનો રાશિ, तह=તે પ્રકારે=જે પ્રકારે સંસારના સુખનો રાશિ જુદા જુદા સુખલવોનો સમુદાય છે તે પ્રકારે, ભિન્ન જ એવા સુખલવોનો સમુદાય નથી જ.

કેમ નથી ? તે બતાવતાં કહે છે –

જે કારણથી જ્યાં સુધી ક્ષયોપશમ છે ત્યાં સુધી તે=સુખાંશો, તે પ્રકારે ભિન્ન હોય છે.

સિદ્ધસુખવિંશિકા-૨૦-૯માં કહ્યું છે કે ક્ષયોપશમભાવ સુધી જ ભિન્ન એવા સુખલવો હોય છે. તેથી ક્ષાયિકભાવકૃત સિદ્ધનું સુખ ભિન્ન એવા સુખલવોનો સમુદાય નથી. ત્યાં પ્રશ્ન થાય કે સિદ્ધના જીવોને ક્ષયોપશમભાવ ન હોય તોપણ જે પ્રકૃષ્ટ સુખ છે, તે ક્ષયોપશમભાવવાળું માની લઈએ તો શું વાંધો છે ? તેથી સિદ્ધસુખવિંશિકા-૨૦-૧૦માં કહે છે –

"ण य ..... अमयं" ।। "અને તેને=સિદ્ધને, આ=ક્ષયોપશમભાવ નથી.

અહીં પ્રશ્ન થાય કે તોપણ ક્ષયોપશમભાવના પ્રકર્ષરૂપ જ પ્રકૃષ્ટ સુખ માની લઈએ તો શું વાંધો ? તેથી કહે છે –

અને ખરેખર પ્રકૃષ્ટ સુખ પણ તેવા પ્રકારનું=ક્ષયોપશમભાવવાળું નથી.

અહીં પ્રશ્ન થાય કે પ્રકૃષ્ટ સુખ ક્ષયોપશમભાવવાળું કેમ નથી ? તે હવે દૃષ્ટાંતથી બતાવે છે –

ઘણા વિષના કણિયાથી યુક્ત એવું અમૃત પણ માત્ર અમૃત નથી".

✪ પ્રતિમાશતક મુદ્રિત પ્રતમાં बहुविसलवसंजुत्ते પાઠ છે, ત્યાં સિદ્ધસુખવિંશિકા-૨૦-૧૦માં बहुविसलवसंविद्धं પાઠ છે, તે સંગત જણાય છે. તેથી તે મુજબ અમે અર્થ કરેલ છે.

સિદ્ધસુખવિંશિકા-૨૦-૬માં બતાવ્યું કે સિદ્ધના સુખનો રાશિ સર્વકાળથી ગુણવામાં આવે અને ત્યારપછી તેના અનંત વર્ગમૂળ કાઢવામાં આવે તોપણ સર્વ આકાશમાં સમાય નહીં, એટલા સિદ્ધના સુખના અંશો છે. ત્યારપછી ગાથા-૮ અને ૯મી ગાથાના પૂર્વાર્ધમાં બતાવ્યું કે સિદ્ધનું સુખ, સુખાંશોના સમુદાયરૂપ નથી, પરંતુ નિરતિશય એકરૂપ છે. આ બંને ગાથાનાં કથનો સ્થૂલદૃષ્ટિથી પરસ્પર વિરોધી દેખાય, પરંતુ તેનો વિરોધ નથી, તે બતાવવા માટે સિદ્ધસુખવિંશિકા-૨૦-૧૧માં કહે છે –

"सव्वद्धा ..... तद्दंसणत्थं तु" ।। અહીંયાં=સિદ્ધના સુખના વિષયમાં, સર્વકાળ વડે ગુણવું અને અનંતવર્ગભાજન=અનંત વર્ગમૂળ કરવું, સર્વ આકાશમાં નહિ માવું જે સિદ્ધસુખવિંશિકા-૨૦-૬નું કથન છે, તે અનંત એવા તેના=મોક્ષસુખના, દર્શન માટે કહેવાયું છે."

✪ પ્રતિમાશતક મુદ્રિત પુસ્તકમાં सद्दंसणत्थं तु પાઠ છે, ત્યાં સિદ્ધસુખવિંશિકા ગાથા-૧૧માં तद्दंसणत्थं तु પાઠ છે અને તે પાઠ સંગત જણાય છે. તેથી તે મુજબ અમે અર્થ કરેલ છે.

સિદ્ધસુખવિંશિકા-૨૦, શ્લોક-૧૧માં કહ્યું કે સર્વકાળપિંડનાદિ ત્રણે વાતો સિદ્ધના સુખની અનંતતા બતાવવા માટે ગ્રહણ કરેલ છે. તેથી ત્યાં પ્રશ્ન થાય કે ખરેખર સિદ્ધનું સુખ જે અનંત છે, તે કઈ સંખ્યાનું છે ? તે બતાવવા સિદ્ધસુખવિંશિકા-૨૦, શ્લોક-૧૨માં કહે છે –

तिन्नि वि ..... सम्मं" ।। "જ્યારે ત્રણે પણ પ્રદેશરાશિવિશેષથી સ્થાપિત એવું એક અનંતુ થાય, ત્યારે ખરેખર સિદ્ધના સુખની રાશિની જેવી અનંતતા છે, તેવી સમ્યગ્ અનંતતા થાય."

✪ પ્રતિમાશતક મુદ્રિત પુ. માં अणंतयाणंतया सम्मं છે, ત્યાં સિદ્ધસુખવિંશિકા ગાથા-૧૨ પ્રમાણે अणंतया णं तया सम्मं પાઠ સંગત જણાય છે, અને તે મુજબ અર્થ કરેલ છે.

સિદ્ધસુખવિંશિકા ગાથા-૧૨માં ત્રણ પ્રદેશરાશિથી સિદ્ધનું સુખ બતાવ્યું. ત્યાં તે ત્રણ પ્રદેશરાશિમાં કાળને ગ્રહણ કરેલ છે, અને તે કાળના ગ્રહણમાં જે જીવો જ્યારે સિદ્ધ થાય ત્યારથી માંડીને ભવિષ્યકાળના સમયોની સંખ્યાથી ગુણવાનું કહ્યું છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવો વર્તમાનમાં મોક્ષે ગયા છે, તેમના કરતાં પહેલાં મોક્ષે ગયેલા જીવોને કાળના સમયો અધિક પ્રાપ્ત થશે, તેથી વર્તમાનમાં જે સિદ્ધ થયા છે તેમના કરતાં પૂર્વના સિદ્ધોનું સુખ અધિક થાય. આ રીતે તો દરેક સિદ્ધના જીવોમાં સુખની તરતમતા સિદ્ધ થાય. જો તેમ સ્વીકારીએ તો સર્વ સિદ્ધનું સુખ નિરતિશય એકરૂપ છે, એમ જે ગાથા-૮માં કહેલ તે કથનની સાથે વિરોધ આવે. આમ સર્વ સિદ્ધના જીવોને નિરતિશય એકરૂપ સુખ સ્વીકારીએ તો પરસ્પર તરતમતા નથી એમ પ્રાપ્ત થાય છે, જ્યારે સિદ્ધના સુખના વર્ણનમાં કાળના સમયો વડે ગુણવાથી સિદ્ધના જીવોમાં

પરસ્પર તરતમતા પ્રાપ્ત થાય છે. તેથી તે વિરોધનો પરિહાર કરીને કઈ અપેક્ષાએ સર્વ સિદ્ધોનું સુખ સમાન છે ? તે બતાવતાં કહે છે –

'तुल्लं च ..... सुहममिणं" ।। અને કાળભેદ હોતે છતે પણ બધાનું આ=મોક્ષનું સુખ, સર્વ પ્રકારે સમાન છે, જે કારણથી તેવા પ્રકારનો ક્ષણભેદ હોતે છતે પણ જે પ્રકારે કરોડની સંપત્તિ સમાન છે.

અહીં પ્રશ્ન થાય કે કરોડ દ્રવ્ય સંખ્યાથી સમાન છે, તેથી બે કરોડપતિ સમાન છે તેમ કહી શકાય; પરંતુ સુખ એ બાહ્ય દ્રવ્ય જેવું નથી, પણ જીવના પરિણામરૂપ છે. તેથી સિદ્ધોના જીવોમાં પરસ્પર સુખના સંવેદનમાં તરતમતા સ્વીકારીએ તો શું વાંધો ? તેથી કહે છે –

આ=બધા સિદ્ધના જીવોનું સુખ સમાન છે, એ સૂક્ષ્મ છે.

✪ પ્રતિમાશતક મુદ્રિત પુસ્તકમાં ગાથા-૧૩નો ઉત્તરાર્ધ जं जहा कोडीसत्तं तहा तं णासइ सुहुममिणं ।। છે ત્યાં વિંશિકામાં जह जं कोडीसत्तं तह छणभेए वि सुहुममिणं પાઠ છે, તે સંગત જણાય છે, અને તે મુજબ અમે અર્થ કરેલ છે.

સિદ્ધસુખવિંશિકા ગાથા-૧૩માં કહ્યું કે સિદ્ધના સર્વ જીવોનું સુખ સમાન છે અને તે સૂક્ષ્મ બુદ્ધિથી ગમ્ય છે. તે જ સિદ્ધસુખવિંશિકા ગાથા-૧૪-૧૫થી બતાવે છે –

"सव्वं पि ..... कालो" ।। "જે કારણથી અસંભવ સ્થાપના વડે કરીને સર્વ પણ (સિદ્ધનું સુખ) કોડિ કલ્પિત સ્થાપિત થાય=કરોડની કલ્પનારૂપે સ્થાપિત થાય, તો તે સુખના સ્વામી થાય (કોડી સુખના સ્વામી થાય), અહીંયાં= સિદ્ધના જીવો કોડી સુખના સ્વામી થાય, એમાં કાળભેદક નથી."

"जइ ..... होइ" ।। "જો તેનાથી=કરોડની કલ્પનારૂપે સ્થાપિત એવા મોક્ષના સુખથી, ખરેખર કંઈક સ્વરૂપથી અધિક સુખ હોય તો (સિદ્ધના સુખનો પરસ્પર) ભેદ થાય.

હવે આ વાત દૃષ્ટાંતથી બતાવે છે –

આજે અને વર્ષ ક્રોડ પૂર્વે મરેલાઓના માનમાં=મરેલાઓની સ્થિતિમાં, તે ભેદ નથી જ. (તેમ આજે મોક્ષમાં ગયેલાઓના અને કરોડ વર્ષ પહેલાં મોક્ષમાં ગયેલાઓના સુખમાં ભેદ નથી.)

**इति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.**

✪ પ્રતિમાશતક મુદ્રિત પુસ્તકમાં ગાથા-૧૫માં ता जइ ततो अहिगं છે ત્યાં વિંશિકા ગાથા-૧૫માં जइ तत्तो अहिगं પાઠ છે, તે મુજબ અર્થ અમે કરેલ છે, તથા ગાથા-૧૫ના ઉત્તરાર્ધમાં ण हु अज्जवासकोडीसयाणं पि सो होइ છે ત્યાં વિંશિકા ગાથા-૧૫માં न वि अज्जवासकोडीमयाण माणम्मि सो होइ પાઠ છે, તે પાઠ સંગત જણાય છે. તેથી તે મુજબ અર્થ કરેલ છે.

**ભાવાર્થ :-**

સિદ્ધસુખવિંશિકાની સાક્ષી આપી, તેનો ભાવ આ પ્રમાણે છે –

કોઈ વ્યક્તિને કોઈ પ્રકારની બાધા હોય અને તે બાધા દૂર થાય તો તેને સુખ થાય છે, તે સુખલવ છે. એ રીતે અન્ય અન્ય વ્યાબાધાઓના ક્ષયથી અન્ય અન્ય સુખલવો થાય છે. આ રીતે સર્વ બાધાઓના ક્ષયથી

ઘણા સુખલવોનો સમુદાય થાય છે. તેવા સર્વ બાધાઓના ક્ષયથી થતા સુખના સમુદાયરૂપ સિદ્ધના જીવોનું સુખ છે. વસ્તુતઃ સિદ્ધનું સુખ સર્વ બાધાઓના ક્ષયથી થયેલું હોવાથી નિરતિશય એકરૂપ છે અર્થાત્ ચરમસીમાનું છે.

વળી સંસારનું સુખ અન્ય અન્ય સુખલવોના સમુદાયરૂપ છે, જે ક્ષયોપશમભાવમાં સંભવે છે; જ્યારે સિદ્ધનું સુખ તો સર્વ વ્યાબાધાના સંપૂર્ણ ક્ષયથી થયેલું હોવાથી સુખલવોના સમુદાયરૂપ નથી, પરંતુ નિરતિશય એકરૂપ સુખ છે.

સંસારી જીવોનું સુખ ઘણા સુખલવોના સમુદાયરૂપ છે, તેવું સિદ્ધને નથી. કેમ નથી ? તેમાં યુક્તિ આપે છે –

સંસારી જીવોનું સુખ અમૃત જેવું હોવા છતાં ઘણા વિષના અંશથી યુક્ત છે, માટે કેવલ અમૃત નથી. તેથી સંસારનું સુખ કેવલ સુખરૂપ નથી, પરંતુ વિષ જેવા દુઃખથી યુક્ત છે; અને મોક્ષમાં કેવલ સુખ છે; કેમ કે દુઃખથી યુક્ત નથી. માટે મોક્ષમાં સંસારી જીવોના જેવું ક્ષયોપશમભાવવાળું સુખ નથી.

**નોંધ :-** સિદ્ધસુખવિંશિકાના ઉદ્ધરણની ગાથા-૭ થી ૧૫ના વિશેષ ભાવાર્થ માટે વિંશતિવિંશિકા ઉત્તરાર્ધ, ગીતાર્થ ગંગાથી પ્રકાશિત થયેલું છે, તેમાં જોવું.

**ઉત્થાન :-**

પ્રસ્તુત શ્લોકમાં પ્રથમ પાદમાં અને દ્વિતીય પાદમાં ગ્રંથકારશ્રીએ પ્રાર્થના કરી કે તમારું રૂપ મારા હૈયામાં ત્યાં સુધી પરિવર્તન પામો કે જ્યાં સુધી મને નિષ્પાપ એવું ઉત્તમ પદ પ્રાપ્ત થાય નહિ; અને ત્યારપછી પ્રસ્તુત શ્લોકના ત્રીજા પાદમાં અને ચોથા પાદમાં તે નિષ્પાપ ઉત્તમ પદ આનંદઘનરૂપ છે, તેમ બતાવ્યું. તેનાથી શું ફલિત થાય છે, તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

**फलस्यानन्दघनत्वेन साधनस्यापि तथात्वं बोध्यम्, इत्थं चारूपध्यानरूपनिरालम्बनयोगायैव रूपस्तुतिरित्यावेदितं भवति, तथा च प्रतिमा स्वल्पबुद्धिनामित्यादि दर्शनेनापि न व्यामोहः कार्यः, निरालम्बनयोगादर्वाक् स्वल्पबुद्धेरेव तदधिकारसिद्धेः, सालम्बनयोगसंपादकत्वेनैव तस्याश्चरितार्थ-त्वादन्यथा केवलज्ञानकालाननुवर्त्तिश्रुतज्ञानमप्यनुपजीव्यं स्याद् देवानांप्रियस्येति न किञ्चिदे-तदित्यर्थः ।।१०१।।**

**ટીકાર્થ :-**

**फलस्य ..... तदधिकारसिद्धेः, ફળનું=ભગવાનની સ્તુતિના ફળનું, આનંદઘનપણું હોવાને કારણે સાધનનું પણ=આનંદઘનની પ્રાપ્તિના સાધનભૂત નિરાલંબનધ્યાનનું પણ, તથાપણું જાણવું= આનંદઘનપણું જાણવું; અને આ રીતે=ભગવાનની સ્તુતિથી પરંપરાએ પ્રાપ્ત થતું મોક્ષરૂપ ફળ**

**આનંદઘનરૂપ છે, તેમ સાધનનું પણ આનંદઘનપણું છે એ રીતે, અરૂપધ્યાનરૂપ નિરાલંબનયોગ માટે જ=પરમાત્માના અરૂપધ્યાનરૂપ નિરાલંબનયોગ માટે જ, જ્યોતિસ્વરૂપ ભગવાનના રૂપની સ્તુતિ છે=શ્લોકના પ્રથમ બે પાદમાં ગ્રંથકારશ્રીએ ભગવાનના જ્યોતિસ્વરૂપ રૂપની સ્તુતિ કરેલ છે, એ પ્રકારે આવેદિત થાય છે. અને તે રીતે=પરમાત્માની પ્રતિમાના દર્શનથી નિરાલંબનધ્યાન માટે ભગવાનના રૂપની સ્તુતિ થાય છે એમ પૂર્વમાં કહ્યું તે રીતે, "પ્રતિમા સ્વલ્પબુદ્ધિવાળા જીવો માટે છે" ઈત્યાદિ દર્શન વડે પણ=ઈત્યાદિ પદોના દર્શન વડે પણ, વ્યામોહ કરવો જોઈએ નહિ; કેમ કે નિરાલંબનયોગની પૂર્વે સ્વલ્પબુદ્ધિવાળાને જ તેના અધિકારની સિદ્ધિ છે=પ્રતિમાની ઉપાસનાના અધિકારની સિદ્ધિ છે.**

અહીં પ્રશ્ન થાય કે પ્રતિમા નિરાલંબનયોગની પ્રાપ્તિ માટે નથી, પરંતુ તેની પૂર્વે અલ્પબુદ્ધિવાળાને ઉપકારક છે, તેમ કેમ કહી શકાય ? તેથી બીજો હેતુ કહે છે –

**सालम्बन ..... चरितार्थत्वात्, સાલંબનયોગના સંપાદકપણાથી જ તેનું=પ્રતિમાનું, ચરિતાર્થપણું છે=પ્રતિમાનું નિરાલંબનયોગની પ્રાપ્તિનું કારણપણું છે.**

**अन्यथा ..... અન્યથા=પ્રતિમા સાલંબનયોગના સંપાદન દ્વારા જ નિરાલંબનયોગની પ્રાપ્તિનું કારણ છે, તેમ ન માનો, અને નિરાલંબનયોગની અનનુવર્તી પ્રતિમાની ઉપાસના છે, માટે બુદ્ધિમાનોને પ્રતિમાની ઉપાસના કરવા જેવી નથી, તેમ માનો તો, કેવલજ્ઞાનકાળનું અનનુવર્તિ એવું શ્રુતજ્ઞાન પણ દેવાનાંપ્રિયને=મૂર્ખને, અનુપજીવ્ય થાય=અનાધાર થાય, इति=એથી एतद्=એ="પ્રતિમા, સ્વલ્પબુદ્ધિવાળાઓને છે" એ પ્રકારના પદના દર્શનથી જેઓ વ્યામોહ કરે છે કે પ્રતિમા કલ્યાણનું કારણ નથી એ, અર્થ વગરનું છે. ॥૧૦૧॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ ભગવાનની સ્તુતિ કરતાં પ્રાર્થના કરી કે 'હે ભગવંત ! તમારું જ્યોતિસ્વરૂપ રૂપ મારા હૈયામાં ત્યાં સુધી પરિવર્તન પામો કે જ્યાં સુધી હું ઉત્તમ પદને ન પામું', અને ત્યારપછી તે ઉત્તમ પદ આનંદઘનરૂપ છે, તેમ બતાવ્યું. તેથી એ ફલિત થયું કે ભગવાનની સ્તુતિનું ફળ ઉત્તમ પદ છે, અને તે ઉત્તમ પદ આનંદઘનસ્વરૂપ છે. તેથી જેનું ફળ આનંદઘનસ્વરૂપ હોય તેનું સાધન પણ તત્સદૃશ હોય, તેથી તેનું સાધન એવું નિરાલંબનધ્યાન પણ આનંદઘનસ્વરૂપ છે, તેમ ફલિત થાય.

જેમ સિદ્ધઅવસ્થા આનંદઘનસ્વરૂપ છે, તેમ તેની પ્રાપ્તિના સાધનભૂત એવો નિરાલંબનયોગ પણ આનંદઘનસ્વરૂપ છે, અને તે નિરાલંબનયોગની પ્રાપ્તિ માટે ગ્રંથકારશ્રીએ ભગવાનના જ્યોતિસ્વરૂપ રૂપની સ્તુતિ કરેલ છે, એ પ્રકારનો અર્થ પ્રસ્તુત શ્લોકથી આવેદિત થાય છે.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે પ્રતિમાની સ્તુતિનું ફળ આનંદઘનસ્વરૂપ મોક્ષ છે, અને તેની પ્રાપ્તિનો ઉપાય નિરાલંબનયોગ છે, તે પણ આનંદઘનસ્વરૂપ છે, અને તે નિરાલંબનયોગની પ્રાપ્તિ માટે ગ્રંથકારશ્રીએ પ્રતિમાની સ્તુતિ કરેલ છે. તેથી "પ્રતિમાનો અધિકાર સ્વલ્પબુદ્ધિવાળાને છે" ઇત્યાદિ શાસ્ત્રવચનોના દર્શનથી વ્યામોહ કરવો જોઈએ નહિ અર્થાત્ કેટલાક અર્ધવિચારકો શાસ્ત્રમાં "પ્રતિમાનો

અધિકાર અલ્પબુદ્ધિવાળાને છે” એ પ્રકારનાં વચનોને જોઈને વ્યામોહ કરે છે કે પ્રતિમા ખરેખર ઉપાસ્ય નથી, પરંતુ મોક્ષના અર્થી જીવોએ તો શુદ્ધ આત્મભાવમાં જવા માટે જ ઉદ્યમ કરવો જોઈએ; અને જેઓ મંદબુદ્ધિવાળા છે, જેઓને ધર્મ કરવાનો અન્ય કોઈ ઉપાય નથી અને શુદ્ધ આત્માને સમજી શકે તેવા નથી, તેવા સ્વલ્પબુદ્ધિવાળાઓ માટે પ્રતિમા છે. આ પ્રકારનો વ્યામોહ કરવો જોઈએ નહિ; કેમ કે પ્રસ્તુત શ્લોકમાં ગ્રંથકારશ્રીએ નિરાલંબનયોગની પ્રાપ્તિ માટે પ્રતિમાના જ્યોતિસ્વરૂપ રૂપની સ્તુતિ કરી છે, તેથી નિરાલંબનયોગમાં જવાનો ઉપાય પરંપરાએ પ્રતિમા છે.

આ વ્યામોહ ઉચિત કેમ નથી ? અને શાસ્ત્રકારોએ સ્વલ્પબુદ્ધિવાળાઓને પ્રતિમા ઉપાસ્ય છે તેમ કહ્યું છે, તેનું તાત્પર્ય શું છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

નિરાલંબનયોગની પ્રાપ્તિ પૂર્વે સર્વ સાધકો સ્વલ્પબુદ્ધિવાળા જ છે. માટે નિરાલંબનયોગમાં જેઓ વર્તતા નથી, તેઓ સર્વને પ્રતિમાની ઉપાસના કરવાનો અધિકાર છે. તેથી શાસ્ત્રકારોએ જે અપેક્ષાએ સ્વલ્પબુદ્ધિવાળાને પ્રતિમા ઉપાસ્ય છે તેમ કહ્યું તે અપેક્ષાને છોડીને ઉપરમાં વર્ણન કરેલ છે તે પ્રકારની અન્ય અપેક્ષાથી પ્રતિમા ઉપાસ્ય નથી તેમ વ્યામોહ કરવો ઉચિત નથી.

નિરાલંબનયોગ પૂર્વેના સાધકો સ્વલ્પબુદ્ધિવાળા છે, અને તેઓને પ્રતિમાની ઉપાસના કરવાનો અધિકાર છે, તેમ પૂર્વમાં કહ્યું, એ કથનને દૃઢ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

પ્રતિમાનું સાલંબનયોગના સંપાદકપણા વડે જ ચરિતાર્થપણું છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે પ્રતિમાના અવલંબનથી સાધક યોગીને સાલંબનયોગ પ્રગટે છે, અને સાલંબનયોગના બળથી તે યોગી નિરાલંબનયોગમાં જઈ શકે છે; પરંતુ નિરાલંબનયોગની પ્રાપ્તિ પૂર્વે તે સાધક સ્વલ્પબુદ્ધિવાળા છે; કેમ કે શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપમાં તન્મય થઈ શકે તેવી બુદ્ધિ નથી. તેવા સાધકને પ્રતિમાના અવલંબનથી પ્રતિમામાં વર્તતા વીતરાગતા આદિ ભાવોને અવલંબીને સાલંબનયોગની પ્રાપ્તિ થાય છે, અને તેના બળથી તે યોગી નિરાલંબનધ્યાનને પ્રાપ્ત કરી શકે છે.

પ્રતિમાની ઉપાસના સાલંબનયોગના સંપાદન દ્વારા નિરાલંબનયોગની પ્રાપ્તિનું કારણ છે; તેમ ન માનો, અને નિરાલંબનયોગની અનનુવર્તી પ્રતિમાની ઉપાસના છે=નિરાલંબનયોગકાળમાં નહીં વર્તનારી પ્રતિમાની ઉપાસના છે, માટે બુદ્ધિમાનોએ પ્રતિમાની ઉપાસના કરવા જેવી નથી, તેમ માનો, તો કેવલજ્ઞાનકાળમાં અનનુવર્તી=કેવલજ્ઞાનકાળમાં નહીં રહેનારું એવું, શ્રુતજ્ઞાન પણ અનાધાર છે=મોક્ષના અર્થી માટે અનુપયોગી છે. એમ માનવું પડે, જે માની શકાય નહિ; કેમ કે શ્રુતજ્ઞાનના બળથી સાધકયોગી કેવલજ્ઞાન પામે છે. અને કેવલજ્ઞાનના બળથી યોગનિરોધ કરીને મોક્ષને પામે છે. તેમ આદ્ય ભૂમિકાના સાધકયોગી પ્રતિમાના આલંબનથી સાલંબનયોગને પ્રાપ્ત કરે છે, અને સાલંબનયોગના બળથી નિરાલંબનયોગને પ્રાપ્ત કરી શકે છે. આમ છતાં “પ્રતિમાનો અધિકાર સ્વલ્પબુદ્ધિવાળાને છે” તેમ કહીને પ્રતિમાનું આલંબન લેવામાં ન આવે, તો કેવલજ્ઞાન અનનુવર્તી એવા શ્રુતજ્ઞાનનું પણ આલંબન લેવું સાધક માટે અનુચિત સિદ્ધ થાય. તેથી “પ્રતિમાનો અધિકાર સ્વલ્પબુદ્ધિવાળાને છે” એમ કહીને પ્રતિમાની ઉપાસના અનાવશ્યક છે, એ પ્રકારનું કથન અર્થ વગરનું છે. **॥૧૦૧॥**

**અવતરણિકા :-**

ग्रन्थकर्त्तुः प्रशस्तिः –

**અવતરણિકાર્થ :-**

ગ્રંથકારની પ્રશસ્તિ –

**શ્લોક :-**

स्वान्तं शुष्यति दह्यते च नयनं भस्मीभवत्याननं,
दृष्ट्वा तत्(त्वत्)प्रतिमामपीह कुधियामित्याप्तलुप्तात्मनाम् ।
अस्माकं त्वनिमेषविस्मितदृशां रागादिमां पश्यतां,
सान्द्रानन्दसुधानिमज्जनसुखं व्यक्तीभवत्यन्वहम् ।।१०२।।

**અન્વયાર્થ :-**

**इह=જગતમાં, तत् (त्वत्) प्रतिमाम् दृष्ट्वा=તમારી પ્રતિમાને જોઈને कुधियामिति आप्तलुप्तात्मनाम्= જેઓ કુત્સિતબુદ્ધિવાળા છે, એથી પ્રાપ્ત કર્યો છે લુપ્ત આત્માને જેમણે એવાઓનું स्वान्तं शुष्यति= સ્વાન્ત=હૃદય શોષાય છે, नयनं दह्यते=નયન=આંખ બળે છે च=અને आननं भस्मीभवति=મુખ ભસ્મીભૂત થાય છે. तु=વળી रागाद्=રાગથી इमां=આને=પ્રતિમાને, पश्यतां अनिमेषविस्मितदृशां=જોતા એવા અનિમેષ વિસ્મિત દૃષ્ટિવાળા अस्माकं=અમને अन्वहम्=દરરોજ सान्द्रानन्दसुधानिमज्जनसुखं=સાંદ્ર એવા=સુંદર એવા આનંદરૂપ અમૃતમાં નિમજ્જનનું સુખ व्यक्तीभवति=વ્યક્ત થાય છે. ।।૧૦૨।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=જગતમાં, તમારી પ્રતિમાને જોઈને જેઓ કુત્સિતબુદ્ધિવાળા છે, એથી પ્રાપ્ત કર્યો છે લુપ્ત આત્માને જેમણે એવાઓનું હૃદય શોષાય છે, આંખ બળે છે અને મુખ ભસ્મીભૂત થાય છે. વળી રાગથી આને=પ્રતિમાને, જોતા એવા અનિમેષદૃષ્ટિવાળા અમને દરરોજ સાંદ્ર=સુંદર એવા આનંદરૂપ અમૃતમાં નિમજ્જનનું સુખ વ્યક્ત થાય છે. ।।૧૦૨।।**

**ભાવાર્થ :-**

જગતમાં ભગવાનની પ્રતિમાને જોઈને, પ્રતિમા પૂજનીય નથી તેવું માનનારા કુત્સિત બુદ્ધિવાળા લુંપકો=સ્થાનકવાસીઓ છે, અને તેમણે પોતાના આત્માના પારમાર્થિક સ્વરૂપનો લોપ પ્રાપ્ત કર્યો છે, આથી જ વીતરાગની પ્રતિમાને જોઈને તેઓને દ્વેષ ઉત્પન્ન થાય છે. દ્વેષને કારણે તેમનું હૈયું પ્રતિમાને જોઈને શોષાય છે, આંખોમાં બળતરા થાય છે અને મુખ ભસ્મીભૂત થાય છે, તેથી વારંવાર પ્રતિમાની ઉપાસનાની નિંદા કરે છે.

જ્યારે ગ્રંથકારશ્રીને વીતરાગભાવ પ્રત્યે અત્યંત રાગ છે, તેથી રાગથી આ પ્રતિમાને જોનારા છે, માટે વીતરાગનું વીતરાગસ્વરૂપ પ્રતિમામાં તેમને દેખાય છે. તેથી અનિમેષ વિસ્મિત દૃષ્ટિથી પ્રતિમાને જુએ છે, તેના કારણે પોતાના ચિત્તમાં રાગાદિ કલ્લોલો પ્રતિદિવસ શાંત થાય છે, જેથી તેમનું ચિત્ત ઉપશમભાવના રમ્ય આનંદરૂપ અમૃતમાં નિમજ્જન પામે છે અને તેના કારણે શાંતરસનું સુખ પ્રગટ થાય છે. **॥૧૦૨॥**

**શ્લોક :-**

मन्दारद्रुमचारुपुष्पनिकरैर्वृन्दारकैरर्चितां,
सद्वृन्दाभिनतस्य निर्वृतिलताकन्दायमानस्य ते ।
निस्यन्दात्स्नपनामृतस्य जगतीं पान्तीममन्दामयाऽ-
वस्कन्दात् प्रतिमां जिनेन्द्र ! परमानन्दाय वन्दामहे ।।१०३।।

**અન્વયાર્થ :-**

**जिनेन्द्र !=હે જિનેન્દ્ર ! स्नपनामृतस्य निस्यन्दात्=ન્હવણરૂપ અમૃતના નિસ્યંદથી=ભગવાનની પ્રતિમાના ન્હવણજળના છંટકાવથી, अमन्दामयाऽवस्कन्दात्=ઘણા રોગના અવસ્કંદથી અર્થાત્ જગતના જીવોના ઘણા રોગોને દૂર કરવાથી जगतीं पान्तीम्=જગતનું રક્ષણ કરતી, मन्दारद्रुमचारुपुष्पनिकरैः वृन्दारकैः अर्चिताम्=કલ્પવૃક્ષના સુંદર પુષ્પોના સમૂહથી દેવતાઓ વડે પૂજાયેલી सद्वृन्दाभिनतस्य=સદ્વૃંદથી નમાયેલા=સજ્જનોના સમુદાયથી નમાયેલા, निर्वृतिलताकन्दायमानस्य=મોક્ષરૂપી લતાના કંદસમાન એવા ते=તમારી प्रतिमां=પ્રતિમાને परमानन्दाय=પરમાનંદ માટે वन्दामहे=અમે વંદન કરીએ છીએ. ।।૧૦૩।।**

**શ્લોકાર્થ :-**

**હે જિનેન્દ્ર ! તમારી પ્રતિમાના ન્હવણજળના છંટકાવથી જગતના જીવોના ઘણા રોગોને દૂર કરવાથી જગતનું રક્ષણ કરતી, કલ્પવૃક્ષનાં સુંદર પુષ્પોના સમૂહથી દેવતાઓ વડે પૂજાયેલી, સજ્જનોના સમુદાયથી નમાયેલા, મોક્ષરૂપી લતાના કંદસમાન એવા તમારી પ્રતિમાને પરમાનંદ માટે અમે વંદન કરીએ છીએ. ।।૧૦૩।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ શંખેશ્વર પાર્શ્વનાથ પરમાત્માની પ્રતિમાની સ્તુતિરૂપે પ્રસ્તુત ગ્રંથની રચના કરેલ છે, અને તે પ્રતિમાની સ્તુતિ કરતાં કહે છે કે 'હે ભગવંત ! તમારી પ્રતિમા કલ્પવૃક્ષનાં સુંદર પુષ્પોના સમૂહથી દેવતાઓ વડે પૂજાયેલી છે.' આ પ્રમાણે બતાવીને ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા અનેક કાળ સુધી દેવતાઓ દ્વારા પૂજાયેલી છે, તે બતાવેલ છે.

વળી તે ભગવાન કેવા છે, તે બતાવતાં કહે છે કે ઉત્તમ પુરુષોના સમૂહથી નમાયેલા છે અને મોક્ષરૂપી લતાના કંદ સમાન છે, એવા પાર્શ્વનાથ ભગવાનની આ પ્રતિમા છે.

વળી, આ પ્રતિમા કેવા પ્રભાવવાળી છે, તે બતાવતાં કહે છે –

ભગવાનની પ્રતિમાના ન્હવણરૂપ અમૃતના છંટકાવથી જગતના જીવોનો ઘણા રોગોથી છૂટકારો થાય છે. તેથી ભગવાનની પ્રતિમા જગતના જીવોનું રક્ષણ કરનારી છે, અને આવી પ્રતિમાને પરમ આનંદ માટે અમે નમસ્કાર કરીએ છીએ.

અહીં વિશેષ એ છે કે પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાના જળના છંટકાવથી યાદવોની જરા દૂર થયેલી તેને સામે રાખીને ગ્રંથકારશ્રીએ કહેલ છે કે ભગવાનની પ્રતિમાના ન્હવણજળના છંટકાવથી ઘણા રોગો દૂર થાય છે, અને તેનાથી જગતનું રક્ષણ થાય છે, તેવી તમારી પ્રતિમા છે. **॥૧૦૩॥**

**શ્લોક :-**

> तपगणमुनिरुद्यत्कीर्तितेजोभृतां श्री-
> नयविजयगुरूणां पादपद्मोपजीवी ।
> शतकमिदमकार्षीद्वीतरागैकभक्तिः,
> प्रथितशुचियशःश्रीरुल्लसद्व्यक्तयुक्तिः ॥१०४॥

**અન્વયાર્થ :-**

**उद्यत्कीर्तितेजोभृतां श्रीनयविजयगुरूणां पादपद्मोपजीवी=ઉદ્યત્ અર્થાત્ ચમકતી કીર્તિના તેજથી ભરાયેલા શ્રી નયવિજય ગુરુના ચરણકમલની સેવા કરનારા, वीतरागैकभक्तिः=વીતરાગને વિશે એક ભક્તિવાળા, प्रथितशुचियशःश्रीः=વિસ્તાર પામેલ પવિત્ર યશરૂપી લક્ષ્મીવાળા, उल्लसद्व्यक्तयुक्तिः=ઉલ્લાસ પામતી વ્યક્ત યુક્તિવાળા, तपगणमुनिः=તપગચ્છના મુનિએ इदम् शतकम्=આ શતકને अकार्षीत्=કર્યું. ॥૧૦૪॥**

**શ્લોકાર્થ :-**

**ચમકતી કીર્તિના તેજથી ભરાયેલા શ્રી નયવિજય ગુરુના ચરણકમલની સેવા કરનારા, વીતરાગને વિશે એક ભક્તિવાળા, વિસ્તાર પામેલ પવિત્ર યશરૂપી લક્ષ્મીવાળા, ઉલ્લાસ પામતી વ્યક્ત યુક્તિવાળા, તપગચ્છના મુનિએ આ શતકને કર્યું. ॥૧૦૪॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રી મહામહોપાધ્યાયજી મહારાજાના ગુરુ પૂ. નયવિજયજી મહારાજા છે, જેમની કીર્તિ જગતમાં વિસ્તાર પામી રહી છે અર્થાત્ આ મહાત્મા ભગવાનના શાસનની સુંદર આરાધના કરનારા છે, એ પ્રકારના કીર્તિરૂપી તેજથી તેઓ ભરાયેલા છે, અને તેવા પૂ. નયવિજયજી ગુરુના ચરણકમળને સેવનારા ગ્રંથકારશ્રી તપગચ્છના મુનિ છે.

વળી ગ્રંથકારશ્રી વીતરાગ પ્રત્યે એક ભક્તિવાળા છે. તેથી વીતરાગની ભક્તિરૂપે પ્રસ્તુત ગ્રંથ રચેલ છે. વળી ગ્રંથકારશ્રીએ કાશીમાં અભ્યાસ કરીને વાદીને જીતીને ન્યાયવિશારદ વગેરે શુચિ એવી યશલક્ષ્મીને પ્રાપ્ત કરેલ છે.

વળી ન્યાયદર્શનના અભ્યાસને કારણે ઉલ્લાસ પામતી વ્યક્ત યુક્તિવાળા છે અર્થાત્ સર્વજ્ઞ ભગવંતના શાસ્ત્રો 'માત્ર સ્વદર્શનનાં છે', એમ કહીને સ્વીકારનારા નથી, પરંતુ ઉલ્લાસ પામતી વ્યક્ત યુક્તિઓ દ્વારા તેનો નિર્ણય કરીને તેના મર્મને જાણનારા છે. એવા પૂ. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજાએ આ શતક કર્યું છે.

પ્રસ્તુત પ્રશસ્તિના શ્લોકમાં ગ્રંથકારશ્રીએ 'યશશ્રી' શબ્દ દ્વારા પોતાના નામનું સૂચન કરેલ છે. **॥૧૦૪॥**

**ટીકા :-**

**शिष्टं काव्यत्रयं स्पष्टम् ।।१०२।।१०३।।१०४।।**

**ટીકાર્થ :-**

**शिष्टं काव्यत्रयं स्पष्टम् ।। કહેવાયેલાં ત્રણ કાવ્ય=શ્લોક-૧૦૨-૧૦૩-૧૦૪ સ્પષ્ટ છે, તેથી આ ત્રણ શ્લોકની ટીકા ગ્રંથકારશ્રીએ રચેલ નથી. ॥૧૦૨॥૧૦૩॥૧૦૪॥**

**।। इति श्रीप्रतिमाशतकं समाप्ताः (समाप्तम्) ।।**

# टीकाकर्तुः प्रशस्तिः

**ટીકાકારની પ્રશસ્તિ :-**

**શ્લોક :-**

जयति विजितरागः केवलालोकलीला-
कलितसकलभावः सत्यवादी नतेन्द्रः ।
दिनकर इव तीर्थं वर्तमानं वितन्वन्,
कमलमिव विकासिश्रीः जिनो वर्द्धमानः ।।१।।

**અન્વયાર્થ :-**

**विजितरागः=જેમણે રાગને જીત્યો છે એવા केवलालोकलीलाकलितसकलभावः=કેવલજ્ઞાનની લીલાથી જાણ્યા છે સકલ ભાવોને જેમણે એવા सत्यवादी=સત્ય બોલનારા नतेन्द्रः=ઈન્દ્રોથી નમાયેલા दिनकर इव वर्तमानं तीर्थं वितन्वन्=સૂર્યની જેમ વર્તમાન તીર્થનો વિસ્તાર કરતા कमलमिव विकासिश्रीः=કમલની જેમ વિકાસી શોભાવાળા એવા वर्द्धमानः जिनः=વર્દ્ધમાન જિનેશ્વર जयति=જય પામે છે. ।।૧।।**

**શ્લોકાર્થ :-**

**જેમણે રાગને જીત્યો છે એવા, કેવલજ્ઞાનની લીલાથી જાણ્યા છે સકલભાવોને જેમણે એવા, સત્ય બોલનારા, ઈન્દ્રોથી નમાયેલા, સૂર્યની જેમ વર્તમાન તીર્થનો વિસ્તાર કરનારા, કમલની જેમ વિકાસી શોભાવાળા એવા વર્દ્ધમાન જિનેશ્વર જય પામે છે. ।।૧।।**

**ભાવાર્થ :-**

ટીકાકાર મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજાએ વીરભગવાનના શાસનની સ્થાપનાથી માંડીને અત્યાર સુધીની પોતાની પાટપરંપરાની પ્રશસ્તિ કરેલ છે. પ્રસ્તુત પોતાની પરંપરાના આદ્ય ગુરુ વીરપરમાત્મા છે. તે કેવા ગુણોવાળા છે, તે બતાવતાં કહે છે –

વર્ધમાનસ્વામીએ રાગને જીતી લીધો છે, ઉપલક્ષણથી દ્વેષને પણ જીતી લીધો છે, અને કેવલજ્ઞાનના પ્રકાશથી સંસારના બધા ભાવોને જાણનારા છે. વળી સત્યવાદી છે, આ પ્રકારે બતાવીને ભગવાનનું વચન એકાંત પ્રમાણભૂત છે એમ સ્થાપન કરેલ છે; કેમ કે રાગાદિરહિત છે, યથાર્થભાવોને જાણનારા છે અને સત્યવાદી છે. માટે જે કાંઈ કહે છે તે સર્વ યથાર્થ જ કહે છે. માટે તેમનાં વચનો સંસારી જીવો માટે એકાંત ઉપકારક છે.

વળી ઇન્દ્રોથી નમાયેલા છે, વળી જેમ સૂર્ય જગતમાં પ્રકાશનો વિસ્તાર કરે છે, તેમ ભગવાન વર્ધમાનસ્વામી વર્તમાન તીર્થનો વિસ્તાર કરનારા છે. વળી જેમ કમલ વિકાસને પામે છે, તેમ ભગવાન પૂર્ણ વિકસિત એવી લક્ષ્મીવાળા છે. આવા વર્દ્ધમાન જિન જગતમાં જય પામે છે.

✪ પ્રસ્તુત શ્લોકમાં 'विजितरागः' વિશેષણ દ્વારા ભગવાનનો અપાયાપગમાતિશય બતાવેલ છે. केवलालोकलीलाकलित-सकलभावः વિશેષણથી જ્ઞાનાતિશય બતાવેલ છે. 'सत्यवादी' વિશેષણથી વચનાતિશય બતાવેલ છે અને 'नतेन्द्रः' વિશેષણથી પૂજાતિશય બતાવેલ છે.

**શ્લોક :-**

**तदनु सुधर्मस्वामिश्रीजंबूप्रवरमुख्यसूरिवरैः ।**
**शासनमिदं विजयते चारित्रधनैः परिगृहीतम् ।।२।।**

**અન્વયાર્થ :-**

**तदनु=ત્યારપછી=વીરભગવાન નિર્વાણ પામ્યા ત્યારપછી चारित्रधनैः सुधर्मस्वामिश्रीजम्बूप्रवरमुख्यसूरिवरैः= ચારિત્રરૂપી ધનવાળા સુધર્માસ્વામી, શ્રી જંબૂપ્રવર મુખ્ય સૂરિઓ વડે परिगृहीतम्=ગ્રહણ કરાયેલું इदं शासनं=આ શાસન विजयते=જય પામે છે. ।।૨।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી ચારિત્રરૂપી ધનવાળા સુધર્માસ્વામી, શ્રીજંબૂપ્રવર મુખ્ય સૂરિઓ વડે, ગ્રહણ કરાયેલું આ શાસન વિજય પામે છે. ।।૨।।**

**ભાવાર્થ :-**

તીર્થની સ્થાપના શ્રી વીરભગવાને કરી. તે વીરભગવાનથી પ્રવર્તતું એવું શાસન જય પામે છે, અને વીરભગવાન નિર્વાણ પામ્યા પછી ચારિત્રરૂપી ધનવાળા એવા સુધર્માસ્વામી, શ્રીજંબૂસ્વામી પ્રવર મુખ્ય આચાર્યોએ આ શાસન ધારણ કર્યું, અને તેઓએ ધારણ કરેલું આ શાસન વિજયને પામે છે. **।।૨।।**

**શ્લોક :-**

**क्रमात्प्राप्ततपाभिख्या जगद्विख्यातकीर्त्तयः ।**
**चान्द्रे कुले समभूवन् श्री जगच्चन्द्रसूरयः ।।३।।**

**અન્વયાર્થ :-**

**प्राप्ततपाभिख्या=પ્રાપ્ત કર્યું છે તપાનામ જેમણે એવા जगद्विख्यातकीर्त्तयः=જગતમાં વિખ્યાત કીર્તિવાળા, चान्द्रे कुले=ચાન્દ્રકુળમાં श्रीजगच्चन्द्रसूरयः=શ્રી જગચ્ચંદ્રસૂરિ क्रमात्=ક્રમથી=સુધર્માસ્વામી આદિની પાટપરંપરામાં ક્રમથી, समभूवन्=થયા. ।।૩।।**

**શ્લોકાર્થ :-**

**પ્રાપ્ત કર્યું છે તપાનામ જેમણે એવા, જગતમાં વિખ્યાત કીર્તિવાળા, ચાન્દ્રકુળમાં શ્રી જગચ્ચંદ્રસૂરિ ક્રમથી=સુધર્માસ્વામી આદિની પાટપરંપરામાં ક્રમથી, થયા. ।।૩।।**

**શ્લોક :-**

**मरालैर्गीतार्थैः कलितबहुलीलः शुचितपः-**
**क्रियावद्भिर्नित्यं स्वहितविहितावश्यकविधिः ।**
**प्रवाहो गङ्गाया इव दलितपङ्कव्यतिकर-**
**स्तपागच्छः स्वच्छः सुचरितफलेच्छः प्रजयति ।।४।।**

**અન્વયાર્થ :-**

**शुचितपःक्रियावद्भिः=પવિત્ર તપક્રિયાવાળા એવા, गीतार्थैः मरालैः=ગીતાર્થોરૂપી હંસોથી कलितबहुलीलः= કલિત બહુલીલાવાળો, नित्यं=હંમેશાં स्वहितविहितावश्यकविधिः=સ્વહિત માટે વિહિત આવશ્યક વિધિવાળો गङ्गाया प्रवाहो इव=ગંગાના પ્રવાહની જેમ दलितपङ्कव्यतिकरः=દલી નાંખ્યો છે કાદવનો વ્યતિકર જેણે એવો स्वच्छः=સ્વચ્છ सुचरितफलेच्छः=સુચરિત ફળની ઈચ્છાવાળો तपागच्छः=તપાગચ્છ प्रजयति=જય પામે છે. ।।૪।।**

**શ્લોકાર્થ :-**

**પવિત્ર તપક્રિયાવાળા એવા ગીતાર્થોરૂપી હંસોથી કલિત બહુલીલાવાળો, હંમેશાં સ્વહિત માટે વિહિત આવશ્યક વિધિવાળો, ગંગાના પ્રવાહની જેમ દલી નાંખ્યો છે કાદવનો વ્યતિકર જેણે એવો, સ્વચ્છ અને સુચરિત ફલની ઈચ્છાવાળો તપાગચ્છ જય પામે છે. ।।૪।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ પ્રથમ શ્લોકમાં વીરભગવાનની સ્તુતિ કરી, ત્યારપછી ભગવાનની પાટપરંપરામાં આવનારા સુધર્માસ્વામી આદિની સ્તુતિ કરી અને ક્રમથી તપગચ્છના આદ્ય શ્રી જગચ્ચંદ્રસૂરિ થયા, તેમની સ્તુતિ કરી. હવે તે તપાગચ્છ કેવો છે, તે બતાવીને તપાગચ્છની સ્તુતિ કરે છે –

પવિત્ર તપ અને ક્રિયાવાળા એવા ગીતાર્થ પુરુષોરૂપી હંસોથી કલિત બહુલીલાવાળો તપાગચ્છ છે. આમ કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે આ તપગચ્છમાં મોક્ષને અનુકૂળ એવી તપ-ક્રિયા કરનારા ગીતાર્થ પુરુષો થયા છે જેઓએ ભગવાનના શાસનનાં ઘણાં રહસ્યો પ્રાપ્ત કર્યાં છે, એવો આ તપાગચ્છ છે.

વળી આ તપાગચ્છમાં આત્માના હિત માટે આવશ્યક વિધિઓ નિત્ય સેવાય છે, તેવો આ તપાગચ્છ છે.

વળી, જેમ ગંગાનો પ્રવાહ કાદવને દૂર કરે છે, તેમ આ તપાગચ્છ આત્મામાં રહેલા મલિન ભાવરૂપી કાદવને દૂર કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે તપાગચ્છના પવિત્ર આચારો જેઓ પાળે છે, તેમનામાં મોહરૂપી કાદવ દૂર થાય છે અને તેમનો આત્મા સ્વચ્છ થાય છે.

વળી, આ તપાગચ્છ સ્વચ્છ છે અને સુચરિતના ફળની ઇચ્છાવાળો છે અર્થાત્ આ તપાગચ્છમાં રહીને જેઓ તપાગચ્છની મર્યાદાથી જીવે છે, તેઓ સ્વચ્છ જીવન જીવનારા છે અને સુચરિતના ફળને પ્રાપ્ત

કરવાના પરિણામવાળા છે અર્થાત્ સ્વચ્છ જીવન અને ઉત્તમ આચારોના ફળરૂપે સ્વર્ગ-અપવર્ગના ફળને પામનારા છે, તેવો આ તપાગચ્છ જગતમાં વિજય પામે છે. **॥૪॥**

**શ્લોક :-**

**समर्थगीतार्थसमर्थितार्थिज्ञानक्रियोद्‌बोधपवित्रितेऽस्मिन् ।**

**उत्कृष्टसप्ताष्टपरम्पराप्तशैथिल्यपङ्कादपि नास्ति शङ्का ।।५।।**

**અન્વયાર્થ :-**

**समर्थगीतार्थसमर्थितार्थिज्ञानक्रियोद्‌बोधपवित्रिते=સમર્થ ગીતાર્થોથી સમર્થિત થયેલા અર્થી સાધુઓની જ્ઞાન-ક્રિયાના ઉદ્‌બોધથી પવિત્ર થયેલા अस्मिन्=આમાં=તપાગચ્છમાં, उत्कृष्टसप्ताष्टपरम्पराप्तशैथिल्य-पङ्कादपि=ઉત્કૃષ્ટ સાત-આઠ પરંપરાથી પ્રાપ્ત સાધુઓમાં શૈથિલ્ય કાદવથી પણ शङ्का नास्ति=શંકા નથી. ।।૫।।**

**શ્લોકાર્થ :-**

**સમર્થ ગીતાર્થોથી સમર્થિત થયેલા, અર્થી સાધુઓની જ્ઞાન-ક્રિયાના ઉદ્‌બોધથી પવિત્ર થયેલા, આમાં=તપાગચ્છમાં, ઉત્કૃષ્ટ સાત-આઠ પરંપરાથી પ્રાપ્ત સાધુઓમાં શૈથિલ્ય કાદવથી પણ શંકા નથી. ।।૫।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૩માં પૂ. જગચ્ચંદ્રસૂરિથી તપાગચ્છ શરૂ થયો તે બતાવ્યું અને તે તપાગચ્છનું સ્વરૂપ શ્લોક-૪માં બતાવ્યું. હવે તે તપાગચ્છમાં સમર્થ ગીતાર્થ પુરુષો સાત-આઠ પાટપરંપરા સુધી થયેલા, જેનાથી સમર્થન પામેલા કલ્યાણના અર્થી સાધુઓ જ્ઞાન-ક્રિયાનું સેવન કરેલ, અને તેઓના જ્ઞાન-ક્રિયાના સેવનથી પવિત્ર થયેલો આ તપાગચ્છ છે. તે તપાગચ્છમાં ઉત્કૃષ્ટથી સાત-આઠ પાટપટંપરા સુધી શૈથિલ્યરૂપ કાદવની પણ પ્રાપ્તિ ન હતી. તેથી સંપૂર્ણ મલિનતા વગરના આચારવાળો સાત-આઠ પાટપરંપરા સુધી તપાગચ્છ હતો. **॥૫॥**

**શ્લોક :-**

**जाते मुनीन्दुप्रतिमारिवर्गे स्वर्गेशसाहाय्यामिव प्रपन्ने ।**

**आनन्दनन्दैर्विमलाभिधानैरिहोद्धृता सूरिभिरुग्रचर्या ।।६।।**

**क्रियामलेन पाखण्डैर्जगदेतद्विडम्बितम् ।**

**विमलैर्विमलीचक्रे विमलक्रियया पुनः ।।७।।**

**અન્વયાર્થ :-**

**मुनीन्दुप्रतिमारिवर्गे जाते=જિનેન્દ્રની પ્રતિમાનો શત્રુવર્ગ ઉત્પન્ન થયે છતે, स्वर्गेशसाहाय्यामिव प्रपन्ने=જાણે ઈન્દ્રની સહાયતા ન મળી હોય એવા, आनन्दनन्दैर्विमलाभिधानैः सूरिभिः=આનંદવિમલ સૂરિ વડે उग्रचर्या उद्धृता=ઉગ્ર ચર્ચા ઉદ્ધૃત કરાઈ. ॥૬॥**

**पाखण्डैः=પાખંડીઓ વડે क्रियामलेन=ક્રિયામળથી एतद् जगत्=આ જગત विडम्बितम्=વિડંબિત કરાયું, पुनः=વળી, विमलैः=આનંદવિમલ સૂરિ વડે विमलक्रियया=વિમલક્રિયાથી विमलीचक्रे=વિમલ કરાયું. ॥૭॥**

**શ્લોકાર્થ :-**

**જિનેન્દ્રની પ્રતિમાનો શત્રુવર્ગ ઉત્પન્ન થયે છતે જાણે ઈન્દ્રની સહાયતા ન મળી હોય એવા આનંદવિમલસૂરિ વડે ઉગ્ર ચર્ચા ઉદ્ધૃત કરાઈ. ॥૬॥**

**પાખંડીઓ વડે ક્રિયામળથી આ જગત વિડંબિત કરાયું, વળી આનંદવિમલસૂરિ વડે વિમલ ક્રિયાથી વિમલ કરાયું. ॥૭॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૫માં કહ્યું કે તપગચ્છની સાત-આઠ પાટપરંપરા સુધી સમર્થ ગીતાર્થો હતા, તેથી સાધુઓ જ્ઞાન-ક્રિયા શાસ્ત્રાનુસારી કરતા હતા, માટે શૈથિલ્યની શંકા વગરનો આ તપગચ્છ હતો. તે તપગચ્છમાં ત્યારપછી ભગવાનની પ્રતિમાનો શત્રુવર્ગ ઉત્પન્ન થયો, જે ભગવાનની પૂજામાં પાપ છે ઇત્યાદિ સ્થાપન કરીને ભગવાનના માર્ગને મલિન કરનારો થયો અને તે વખતે પૂ. આનંદવિમલ નામના સૂરિ થયા. તેઓ જાણે ઇન્દ્રની સહાયતા ન મળી હોય એવા અદ્ભુત સામર્થ્યવાળા હતા, અને તેઓએ ઉગ્ર ચર્યા=ઉગ્ર આચારો, દ્વારા પ્રમાદવાળી થતી ક્રિયાનો ઉદ્ધાર કર્યો.

આનાથી શું ફલિત થાય છે તે સ્પષ્ટ કરતાં શ્લોક-૭માં કહે છે –

પાખંડી પુરુષોએ ધર્મનાં અનુષ્ઠાનોને યથા-તથા કરીને ક્રિયામળ દ્વારા જગતને વિડંબિત કર્યું અર્થાત્ ધર્મ કરનારા જીવોને વિપરીત ક્રિયાઓ કરાવીને શુદ્ધ ક્રિયાઓનો વિનાશ કર્યો. તે વખતે આનંદવિમલસૂરિએ વિમલ ક્રિયા વડે જગતને પવિત્ર કર્યું અર્થાત્ ફરી તપગચ્છમાં નિર્મળ ક્રિયાઓ થવા લાગી. **॥૬-૭॥**

**શ્લોક :-**

**तदुरुपट्टनभस्तलभास्करो विजयदानगुरुर्विजयं दधौ ।**
**तपगणप्रभुता सुविदेहभूरिव बभूव यतो विजयोर्जिता ।।८।।**

**અન્વયાર્થ :-**

**तदुरुपट्टनभस्तलभास्करः=તેમના=આનંદવિમલસૂરિના, વિશાલ પટ્ટરૂપી આકાશમાં સૂર્ય જેવા विजयदानगुरुः=વિજયદાનગુરુ विजयं=વિજયને दधौ=પામ્યા, यतः=જેમનાથી सुविदेहभूरिव=સુવિદેહની ભૂમિની જેમ=મહાવિદેહની ભૂમિની જેમ, तपगणप्रभुता=તપગણની પ્રભુતા विजयोर्जिता=વિજયથી ઉર્જિત बभूव=થઈ. ॥૮॥**

**શ્લોકાર્થ :-**

**આનંદવિમલસૂરિના વિશાલ પટ્ટરૂપી આકાશમાં સૂર્ય જેવા વિજયદાનગુરુ વિજયને પામ્યા, જેમનાથી મહાવિદેહની ભૂમિની જેમ તપગણની પ્રભુતા વિજયથી ઉર્જિત થઈ. ॥૮॥**

**ભાવાર્થ :-**

પૂ. આનંદવિમલસૂરિની પાટપરંપરામાં દાનવિજય ગુરુ થયા, જેમનાથી ભગવાનના શાસનનો ધર્મ વિસ્તારને પામ્યો. તેથી તપગણની પ્રભુતા વિદેહની ભૂમિની જેમ વિજયથી ઉર્જિત થઈ=જેમ મહાવિદેહમાં અતિશયવાળા સાધુ હોવાને કારણે સુંદર ધર્મ પ્રવર્તે છે, તેમ તપગણમાં પણ મહાવિદેહને યાદ કરાવે એવો ધર્મ પ્રવર્તવા લાગ્યો. **॥૮॥**

**શ્લોક :-**

**येनाकब्बरभूधरेऽपि हि दयावल्लिः समारोपिता,**
**विश्वव्याप्तिमतीव भूरिफलिता धर्मोर्जितैः कर्मभिः ।**
**हीरः क्षीरसमुद्रसान्द्रलहरीप्रस्पर्द्धिकीर्तिव्रजः,**
**स श्रीमान् जिनशासनोन्नतिकरस्तत्पट्टनेताऽजनि ।।९।।**

**અન્વયાર્થ :-**

**येन=જેમના વડે धर्मौर्जितैः कर्मभिः=ધર્મથી ઉર્જિત કર્મો વડે अकब्बरभूधरेऽपि=અકબર ભૂધરમાં પણ=અકબર રાજામાં પણ, इव=જાણે विश्वव्याप्ति-मती=વિશ્વવ્યાપી ન હોય એવી भूरिफलिता=ભૂરિ ફળવાળી दयावल्लिः=દયારૂપી વેલડી समारोपिता=સમારોપણ કરાઈ, स श्रीमान्=તે શ્રીમાન क्षीरसमुद्रसान्द्रल-हरीप्रस्पर्द्धिकीर्तिव्रजः=ક્ષીરસમુદ્રની સાંદ્ર લહરીની સ્પર્દ્ધા કરનારી કીર્તિના સમુદાયવાળા हीरः=હીરસૂરિ जिनशासनोन्नतिकरः=જિનશાસનની ઉન્નતિને કરનારા तत्पट्टनेताऽजनि=તેમના પટ્ટનેતા=દાનવિજયના પટ્ટનેતા થયા. ॥૯॥**

**શ્લોકાર્થ :-**

**અકબર રાજામાં પણ ધર્મના ઉર્જિત કૃત્યોથી જાણે વિશ્વવ્યાપી ન હોય એવી ભૂરિ ફળવાળી દયારૂપી વેલડી જેમના વડે સમારોપણ કરાઈ, તે શ્રીમાન ક્ષીરસમુદ્રની સાંદ્ર લહરીની સ્પર્ધા કરનારી કીર્તિના સમુદાયવાળા હીરસૂરિ જિનશાસનની ઉન્નતિને કરનારા દાનવિજયના પટ્ટનેતા થયા. ॥૯॥**

**ભાવાર્થ :-**

ઘણી ભૂમિને ધારણ કરનાર હોવાથી અકબર રાજાને ભૂધર કહેવાય છે અને તેવા અકબર રાજામાં પૂ. હીરસૂરિ મહારાજે દયારૂપી વેલડી આરોપણ કરી. કઈ રીતે આરોપણ કરી, તે બતાવતાં કહે છે –

જ્યારે અકબર રાજાના મહેલમાં પૂ. હીરસૂરિ મહારાજ પધારે છે, ત્યારે જાજમ પાથરેલી હતી. તે વખતે અકબરની વિનંતી હોવા છતાં જાજમ ઉપર ન બેસતાં નીચે બેસે છે. તે વખતે ધર્મથી ઉર્જિત એવી દયાની ક્રિયા વડે ઘણા ફળવાળી દયાની વેલડી અકબર બાદશાહના હૈયામાં સમારોપિત કરી, જે દયાની વેલડી જાણે વિશ્વમાં વ્યાપીને રહેનારી ન હોય, તેવી હતી; કેમ કે અકબર બાદશાહના ફરમાનોથી તે દયાનું પાલન પર્યુષણાદિ પર્વના પ્રસંગોમાં સર્વત્ર થતું હતું. તે સર્વનું મૂળ બીજ પૂ. હીરસૂરિ મહારાજ હતા. તે હીરસૂરિ મહારાજ દાનવિજયજી મહારાજના પટ્ટનેતા હતા અર્થાત્ તેમની પાટે આવેલા હતા. ॥૯॥

**શ્લોક :-**

**लुम्पाकैर्दनुजैरिवातिदूरितैर्दूरेनिलीय स्थितं,**
**शम्भोर्दाम्भिकजृम्भदम्भदलने दम्भोलिराज्ञा धृता ।**
**पक्षोऽवादि शिलोच्चयैः किल निजः कुत्रापि नो दर्शितः,**
**सूत्रामाधिकधाम्नि हीरविजये सूरीश्वरे जाग्रति ।।१०।।**

**અન્વયાર્થ :-**

**सूत्रामाधिकधाम्नि हीरविजयेसूरीश्वरे जाग्रति=ઈન્દ્રથી અધિક તેજવાળા પૂ. હીરવિજયસૂરીશ્વરજી મહારાજા જાગૃત હોતે છતે=પૂ. હીરવિજયસૂરીશ્વરજી મહારાજા વિદ્યમાન હોતે છતે दाम्भिकजृम्भदम्भदलने= દાંભિકના જૃંભના દંભના દલનમાં=દાંભિકના વચનપ્રયોગના દંભના દલનમાં दम्भोलिः=વજ્રરૂપ शम्भोः आज्ञा धृता=શંભુની આજ્ઞા ધારણ કરાઈ=તપગચ્છના સાધુઓ દ્વારા ભગવાનની આજ્ઞા ધારણ કરાઈ. (જેના કારણે) दनुजैः इव=દાનવો જેવા अतिदूरितैः लुम्पाकैः=અતિપાપવાળા લુંપાકો વડે दूरे निलीय=દૂરમાં છૂપાઈને स्थितम्=રહેવાયું. किल=ખરેખર शिलोच्चयैः=પર્વત જેવા તેઓ વડે निजः पक्षः=પોતાનો પક્ષ अवादि=કહેવાયો, कुत्रापि=ક્યાંય પણ नो दर्शितः=બતાવાયો નહિ. ।।૧૦।।**

**શ્લોકાર્થ :-**

**ઈન્દ્રથી અધિક તેજવાળા હીરવિજયસૂરીશ્વરજી મહારાજા વિદ્યમાન હોતે છતે દાંભિકના વચનપ્રયોગના દંભના દલનમાં વજ્રરૂપ (તપગચ્છના સાધુઓ દ્વારા) ભગવાનની આજ્ઞા ધારણ કરાઈ. (જેના કારણે) દાનવો જેવા અતિ પાપવાળા લુંપાકો વડે દૂરમાં છૂપાઈને રહેવાયું. ખરેખર પર્વતના જેવા તેઓ વડે પોતાનો પક્ષ કહેવાયો (પરંતુ) ક્યાંય પણ બતાવાયો નહિ. ।।૧૦।।**

**ભાવાર્થ :-**

ઇન્દ્ર કરતા અધિક તેજવાળા પૂ. હીરસૂરીશ્વરજી મહારાજા વિદ્યમાન હોતે છતે દાંભિકોના વચનોના દંભના દલનમાં વજ્ર જેવી ભગવાનની આજ્ઞા સાધુઓ ધારણ કરતા હતા, તેથી તેવા સુસાધુઓનો પ્રભાવ જગતમાં વર્તતો હતો. તે વખતે દાનવો જેવા અતિ પાપી એવા લુંપાકનાં પ્રતિમાના લોપને કરનારાં વચનો કોઈ સાંભળે તેવી સ્થિતિ ન હતી, અને તેના કારણે પર્વત જેવા પણ લુંપાકો વડે પોતાનો પક્ષ પોતાના સમુદાયમાં કહેવાયો, પરંતુ લોકમાં ક્યાંય બતાવાયો નહિ. તેથી લુંપાકના વચનનો વિસ્તાર જગતમાં થતો અટક્યો. **॥૧૦॥**

**શ્લોક :-**

**तत्पदाभ्युदयकारिणोऽभवन् सूरयो विजयसेननामकाः ।**
**यैर्विजित्य नृपपर्षदि द्विजान् निर्मितं द्विजपतेर्द्विषद्यशः ।।११।।**

**અન્વયાર્થ :-**

**तत्पदाभ्युदयकारिणः=તેમના પદના અભ્યુદયને કરનારા=પૂ. હીરસૂરીશ્વરજી મહારાજના પદના અભ્યુદયને કરનારા, विजयसेननामकाः सूरयः अभवन्=પૂ. વિજયસેનસૂરિ થયા, यैः=જેમના વડે नृपपर्षदि=રાજાની સભામાં द्विजान् विजित्य=બ્રાહ્મણોને જીતીને द्विजपतेर्द्विषद्यशः=ચંદ્રને અદેખાઈ કરતા યશનું निर्मितम्=નિર્માણ કરાયું=ચંદ્રના યશ કરતાં પણ અધિક યશ પ્રાપ્ત કરાયો. ।।૧૧।।**

**શ્લોકાર્થ :-**

**પૂ. હીરસૂરીશ્વરજી મહારાજાના પદના અભ્યુદયને કરનારા પૂ. વિજયસેનસૂરિ થયા, જેમના વડે રાજાની સભામાં બ્રાહ્મણોને જીતીને ચંદ્રના યશ કરતાં પણ અધિક યશ પ્રાપ્ત કરાયો. ।।૧૧।।**

**શ્લોક :-**

**तत्पट्टालङ्करणा आसन् श्रीविजयदेवसूरिवराः ।**
**यैः कीर्तिमौक्तिकौघैरलङ्कृतं दिग्वधूवृन्दम् ।।१२।।**

**અન્વયાર્થ :-**

**तत्पट्टालङ्करणाः=તેમના પટ્ટના આભૂષણ સમાન=શ્રીવિજયસેનસૂરિના પટ્ટના આભૂષણ સમાન श्रीविजयदेवसूरिवराः आसन्=શ્રીવિજયદેવસૂરિવર થયા, यैः=જેમના વડે कीर्तिमौक्तिकौघैः=કીર્તિરૂપી મોતીઓના સમૂહથી दिग्वधूवृन्दम् अलङ्कृतम्=દિગ્વધૂના સમુદાયને અલંકૃત કરાઈ=બધી દિશાઓમાં તેમની કીર્તિ પ્રસરી. ।।૧૨।।**

**શ્લોકાર્થ :-**

**શ્રીવિજયસેનસૂરિના પટ્ટના આભૂષણસમાન શ્રીવિજયદેવસૂરિવર થયા, જેમના વડે કીર્તિરૂપી મોતીઓના સમૂહથી દિગ્વધૂના સમુદાયને અલંકૃત કરાઈ=બધી દિશાઓમાં તેમની કીર્તિ પ્રસરી. ।।૧૨।।**

**શ્લોક :-**

श्रीविजयसिंहसूरिः श्रीमान् विजयप्रभश्च सूरिवरः ।
तत्पट्टपुष्पदन्तावुभावभूतां महाभागौ ।।१३।।

**અન્વયાર્થ :-**

श्रीविजयसिंहसूरिः श्रीमान् विजयप्रभश्च सूरिवरः उभौ=શ્રી વિજયસિંહસૂરિ અને શ્રીમાન વિજયપ્રભસૂરિ એમ બે तत्पट्टपुष्पदन्तौ=તેમના પટ્ટમાં સૂર્ય-ચંદ્ર સમાન=શ્રીવિજયદેવસૂરિના પટ્ટમાં સૂર્ય-ચંદ્ર સમાન, महाभागौ=મહાભાગ્યશાળી अभूताम्=થયા. ।।૧૩।।

**શ્લોકાર્થ :-**

શ્રી વિજયદેવસૂરિના પટ્ટમાં સૂર્ય-ચંદ્રસમાન શ્રી વિજયસિંહસૂરિ અને શ્રીમાન વિજયપ્રભસૂરિ એમ બે મહાભાગ્યશાળી થયા. ।।૧૩।।

**શ્લોક :-**

श्री हीरान्वयदिनकृत्कृतिप्रकृष्टोपाध्यायास्त्रिभुवनगीतकीर्तिवृन्दाः ।
षट्तर्कीयदृढपरिरम्भभाग्यभाजः कल्याणोत्तरविजयाभिधा बभूवुः ।।१४।।

**અન્વયાર્થ :-**

श्रीहीरान्वयदिनकृत्=શ્રી હીરસૂરિની પરંપરામાં સૂર્યસમાન कृतिप्रकृष्टोपाध्यायाः=શ્રેષ્ઠ પંડિત ઉપાધ્યાય त्रिभुवनगीतकीर्तिवृन्दाः=ત્રણ ભુવનમાં ગવાયેલી કીર્તિના સમુદાયવાળા षट्तर्कीयदृढपरिरम्भभाग्यभाजः= ષડ્દર્શનના દૃઢ પરિશ્રમથી ભાગ્યશાળી कल्याणोत्तरविजयाभिधा बभूवुः=પૂ. કલ્યાણવિજય મહારાજ થયા. ।।૧૪।।

**શ્લોકાર્થ :-**

શ્રી હીરસૂરિની પરંપરામાં સૂર્યસમાન, શ્રેષ્ઠ પંડિત ઉપાધ્યાય, ત્રણ ભુવનમાં ગવાયેલી કીર્તિના સમુદાયવાળા, ષડ્દર્શનના દૃઢ પરિશ્રમથી ભાગ્યશાળી એવા પૂ. કલ્યાણવિજય મહારાજ થયા. ।।૧૪।।

**શ્લોક :-**

तच्छिष्याः प्रतिगुणधाम हेमसूरेः श्रीलाभोत्तरविजयाभिधा बभूवुः ।
श्रीजीतोत्तरविजयाभिधानश्रीनयविजयौ तदीयशिष्यौ ।।१५।।

**અન્વયાર્થ :-**

तच्छिष्याः=તેમના શિષ્ય=પૂ. કલ્યાણવિજય ઉપાધ્યાયના શિષ્ય, हेमसूरेः प्रतिगुणधाम=પૂ. હેમસૂરિ સમાન ગુણના ધામ જેવા श्रीलाभोत्तरविजयाभिधा बभूवुः=શ્રીલાભવિજય મહારાજ થયા. तदीयशिष्यौ=તેમના

શિષ્યો=શ્રીલાભવિજય મહારાજના શિષ્યો श्रीजीतोत्तरविजयाभिधानश्रीनयविजयौ=શ્રીજીતવિજય મહારાજ અને શ્રીનયવિજય મહારાજ થયા. ॥૧૫॥

શ્લોકાર્થ :-

પૂજ્ય કલ્યાણવિજય ઉપાધ્યાયના શિષ્ય પૂ. હેમસૂરિ સમાન ગુણના ધામ જેવા શ્રીલાભવિજય મહારાજ થયા. શ્રીલાભવિજય મહારાજના શિષ્યો શ્રીજીતવિજય મહારાજ અને શ્રીનયવિજય મહારાજ થયા. ॥૧૫॥

શ્લોક :-

तदीयचरणाम्बुजश्रयणाविस्फुरद्भारतीप्रसादसुपरीक्षितप्रवरशास्त्ररत्नोच्चयैः ।
जिनागमविवेचने शिवसुखार्थिनां श्रेयसे यशोविजयवाचकैरयमकारि तत्त्वश्रमः ॥१६॥

અન્વયાર્થ :-

तदीयचरणाम्बुजश्रयणाविस्फुरद्भारतीप्रसादसुपरीक्षितप्रवरशास्त्ररत्नोच्चयैः=તેમના=શ્રીનયવિજયના ચરણરૂપી કમળના આશ્રયથી સ્ફુરણ થતી સરસ્વતીના=ભગવાનની વાણીના પ્રસાદથી, સુપરીક્ષિત શ્રેષ્ઠ શાસ્ત્રરત્નોનો સમુદાય છે જેઓને એવા यशोविजयवाचकैः=યશોવિજય વાચકે शिवसुखार्थिनां= શિવસુખના અર્થી જીવોના श्रेयसे=શ્રેય માટે जिनागमविवेचने=જિનાગમના વિવેચનમાં अयम्=આ=ગ્રંથરચના કરી એ तत्त्वश्रमः=તત્ત્વશ્રમ अकारि=કર્યો. ॥૧૬॥

શ્લોકાર્થ :-

શ્રી નયવિજય મહારાજના ચરણરૂપી કમળના આશ્રયથી સ્ફુરણ થતી એવી સરસ્વતીના=ભગવાનની વાણીના, પ્રસાદથી સુપરીક્ષિત શ્રેષ્ઠ શાસ્ત્રરત્નોનો સમુદાય છે જેઓને એવા પૂ. યશોવિજય વાચકે શિવસુખના અર્થી જીવોના શ્રેય માટે જિનાગમના વિવેચનમાં આ તત્ત્વશ્રમ કર્યો. ॥૧૬॥

શ્લોક :-

पूर्वं न्यायविशारदत्वबिरुदं काश्यां प्रदत्तं बुधै-
र्न्यायाचार्यपदं ततः कृतशतग्रन्थस्य यस्यार्पितम् ।
भव्यप्रार्थनया नयादिविजयप्राज्ञोत्तमानां शिशुः,
सोऽयं तत्त्वमिदं यशोविजय इत्याख्याभृदाख्यातवान् ॥१७॥

અન્વયાર્થ :-

बुधैः=બુધો વડે पूर्वं=પૂર્વમાં न्यायविशारदत्वबिरुदं=ન્યાયવિશારદપણાનું બિરુદ काश्यां=કાશીમાં प्रदत्तम्=અપાયું. ततः=ત્યારપછી कृतशतग्रन्थस्य यस्य=કર્યા છે સો ગ્રંથો જેમણે એવા યશોવિજયજી

**મહારાજને बुधैः=બુધો વડે न्यायाचार्यपदम् अर्पितम्=ન્યાયાચાર્ય પદ અપાયું. सः=તે नयादिविजयप्राज्ञोत्तमानां शिशुः=નયવિજય પ્રાજ્ઞોત્તમના શિષ્ય यशोविजय इत्याख्याभृद्=યશોવિજયજી મહારાજે अयं=આ= ગ્રંથરચનાનો શ્રમ भव्यप्रार्थनया=ભવ્ય જીવોની પ્રાર્થનાથી आख्यातवान्=કર્યો. ॥૧૭॥**

**શ્લોકાર્થ :-**

**બુધો વડે પૂર્વમાં ન્યાયવિશારદપણાનું બિરુદ કાશીમાં અપાયું. ત્યારપછી કર્યા છે સો ગ્રંથો જેમણે એવા પૂ. યશોવિજયજી મહારાજને બુધો વડે ન્યાયાચાર્યપદ અપાયું. તે નયવિજય પ્રાજ્ઞોત્તમના શિષ્ય યશોવિજયજી મહારાજે આ ગ્રંથરચનાનો શ્રમ ભવ્ય જીવોની પ્રાર્થનાથી કર્યો. ॥૧૭॥**

**ભાવાર્થ :-**

પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા પૂ. નયવિજયજી મહારાજના શિષ્ય છે, તેથી તેમના ચરણરૂપી કમળનો આશ્રય કરનારા છે; અને તેમના ચરણના આશ્રયથી ભગવાનની વાણીનો પ્રસાદ તેમને પ્રાપ્ત થયો, તે વાણીના પ્રસાદથી ઉપાધ્યાયજી મહારાજે પ્રવર શાસ્ત્રોના રત્નોના સમૂહની પરીક્ષા કરી, તેથી જૈન શાસ્ત્રોના વિશારદ બન્યા. એવા પૂ. યશોવિજયજી મહારાજાએ શિવસુખના અર્થી જીવોના શ્રેય માટે ભગવાનના આગમના વિવેચનમાં આ ગ્રંથરચનાનો શ્રમ કરેલ છે.

વળી, ગ્રંથકાર ઉપાધ્યાયજી મહારાજા કાશીમાં ભણેલા ત્યારે કાશીના વિદ્વાનોએ તેમને ન્યાયવિશારદનું બિરુદ આપેલું છે, અને ત્યારપછી કાશીમાં સો ગ્રંથોની રચના તેમણે કરેલી, જેના કારણે તેમની વિદ્વત્તાથી પ્રભાવિત થઈને બુધ પુરુષોએ તેમને ન્યાયાચાર્યનું પદ આપ્યું છે. એવા વિશિષ્ટ બિરુદ અને પદના ધારક પૂ. શ્રી નયવિજય પ્રાજ્ઞના શિષ્ય પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે યોગ્ય જીવોની પ્રાર્થનાથી આ ગ્રંથ રચ્યો છે. આ પ્રમાણે સ્પષ્ટતા કરવાથી ગ્રંથકારશ્રી પોતાની મહત્તા બતાવતા નથી, પરંતુ પોતે ભણીને સંપન્ન થયેલા છે અને ભગવાનનાં વચનો યથાર્થ પ્રકાશન કરી શકે તેવા સામર્થ્યવાળા છે તેમ બતાવે છે, જેથીતેમનો ગ્રંથ આદેય બને અને યોગ્ય જીવોને ઉપકારક થાય. **॥૧૭॥**

**શ્લોક :-**

**अर्हन्तो मङ्गलं मे स्युः सिद्धाश्च मम मङ्गलम् ।**
**साधवो मङ्गलं मे स्युर्जैनो धर्मश्च मङ्गलम् ।।१८।।**

**અન્વયાર્થ :-**

**अर्हन्तो=અરિહંતો मे=મને मङ्गलं=મંગલ स्युः=થાઓ, सिद्धाश्च=અને સિદ્ધો मम=મને मङ्गलं=મંગલ (થાઓ) साधवो=સાધુઓ मे=મને मङ्गलं=મંગલ स्युः=થાઓ जैनो धर्मश्च=અને જૈન ધર્મ (મને) मङ्गलम्=મંગલ (થાઓ). ॥૧૮॥**

**શ્લોકાર્થ :-**

અરિહંતો મને મંગલ થાઓ, સિદ્ધો મને મંગલ થાઓ, સાધુઓ મને મંગલ થાઓ અને જૈન ધર્મ મને મંગલ થાઓ. ॥૧૮॥

श्रीरस्तु । भद्रमस्तु ।।

श्रीप्रतिमाशतकग्रन्थः समाप्तः ।।

✤ ✦ ✤

# परिशिष्ट-१ *

## मूलपद्यानामकारादिक्रमः ।।

| पद्यांशः | पद्यक्रमः | पृ. क्र. | पद्यांशः | पद्यक्रमः | पृ. क्र. |
|---|---|---|---|---|---|
| अक्षीणाविरतिज्वरा | ३० | ३५७ | ज्ञानं चैत्यपदार्थमत्र वदतः | ४९ | ६२५ |
| अत्रास्माकमिदं हृदि | ६१ | ७६१ | तत्पाणिग्रहणोत्सवे कृतमिति | ६६ | ८५९ |
| अन्यारंभवतो जिनार्चन० | ५७ | ६७८ | तपगणमुनिरुद्यत्कीर्तितेजोभृतां | १०४ | १५४५ |
| अर्थं काममपेक्ष्य धर्ममथवा | ५२ | ६४१ | तीर्थेशप्रतिमार्चनं कृतवती | ६५ | ८४२ |
| अर्हच्चैत्यमुनीन्दु० | ९ | १२१ | तेनाकोविदकल्पितश्चरणभृद्० | ४६ | ५६४ |
| अस्माकं त्वपवादमाकलयतां | ५५ | ६६० | तेषां न प्रतिमानतिः स्वरसतो | ७ | ९४ |
| आनन्दस्य हि सप्तमाङ्ग० | ६३ | ७९६ | त्वद्बिम्बे विधृते हृदि स्फुरति न | ९९ | १५१४ |
| इच्छा स्वस्य न नृत्य० | १९ | २६२ | त्वद्रूपं परिवर्त्ततां हृदि मम | १०१ | १५३२ |
| इत्येवं शुचिसूत्रवृन्दविदिता | ६८ | ११७९ | दर्शं दर्शमवापमव्ययमुदं | ९८ | १५०५ |
| इत्येवं नयभङ्गहेतुगहने | ९६ | १४९२ | दानादाविव भक्तिकर्मणि विभु० | २१ | २७५ |
| उत्फुल्लामिव मालतीं | ७९ | १२६० | दुग्धं सर्पिरपेक्षते न तु तृणं | २८ | ३४३ |
| एतेनैव समर्थिता जिनपतेः | ३९ | ५२५ | देवानां ननु भक्तिकृत्यमपि न | १८ | २५७ |
| एतेनैव समर्थिताऽभ्युदयिकी | ६७ | ८६५ | द्रव्यार्चामवलम्बते न हि मुनिः | २९ | ३५३ |
| एतेनेदमपि व्यपास्तमपरे | ९३ | १४४२ | धर्मार्थं सृजतां क्रियां बहुविधां | ५९ | ६९७ |
| ऐन्द्रश्रेणिनता प्रतापभवनं | १ | ४ | धर्मार्थः प्रतिमार्चनं यदि वधः | ६२ | ७७७ |
| किं नामस्मरणेन न प्रतिमया | ४ | ७४ | धर्माधर्मगते क्रिये च युगपत् | ८८ | १३१२ |
| किं ब्रह्मैकमयी किमुत्सवमयी | १०० | १५२७ | नात्र प्रेत्यहितार्थितोच्यत इति | १२ | १५९ |
| किं योग्यत्वमकृत्स्नसंयमवतां | ४० | ५४० | नामादित्रयमेव भावभगवत्० | २ | १२ |
| किं हिंसानुमतिर्न संयमवतां | २४ | ३१३ | नाना सङ्घसमागमात्सुकृतवत्० | ३२ | ४४८ |
| गर्त्तादङ्गविघर्षणैरपि सुतां | ३८ | ५२४ | नाशंसानुमतिर्दयापरिणति० | २६ | ३३१ |
| चैत्यानां खलु निश्रितेतरतया | ७२ | १२१० | नन्वेवं किमु पूजयापि भवतां | ५६ | ६७१ |
| चैत्यानां न हि लिङ्गिनामिव | ७३ | १२१२ | नन्वेवं प्रतिमैकतां प्रवदता | ७५ | १२३७ |
| चैत्येऽनायतनत्वमुक्तमथ | ७७ | १२५२ | नो नद्युत्तरणे मुनेर्नियमनात् | ३६ | ४९७ |
| ज्ञातैः शल्यविषयादिभिः नु भरता० | २२ | ३०१ | नो यात्र प्रतिमानतिर्व्रतभृतां | ४७ | ६१० |
| ज्ञानं चैत्यपदार्थमाह न पुन० | ८ | ९८ | पुण्यं कर्म सरागमन्यदुदितं | ९५ | १४६४ |

* આ ૧થી ૭ પરિશિષ્ટો દિવ્યદર્શન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પ્રતિમાશતક ગ્રંથમાંથી સાભાર લીધેલ છે અને પૃષ્ઠ ક્રમાંક ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧/૨/૩/૪ પ્રમાણે ગોઠવેલ છે.

| पद्यांशः | पद्यक्रमः | पृ. क्र. |
|---|---|---|
| पूजापूजकपूज्यसङ्गतगुण० | ३३ | ४५२ |
| पूजायां खलु भावकारणतया | ६० | ७०४ |
| पूर्णेऽर्थेऽपि विधेयता वचनतः | ८६ | १२९६ |
| प्रज्ञप्तौ प्रतिमानतिर्न विदिता | ६ | ९१ |
| प्रश्नव्याकरणे सुवर्णगुलिका० | ६४ | ८१२ |
| प्राक्पश्चाच्च हितार्थितां हृदि विदं० | ११ | १४७ |
| प्रामाण्यं न महानिशीथसमये | ४२ | ५४६ |
| प्राप्या नूनमुपक्रिया प्रतिमया | ६९ | ११८४ |
| बिम्बेऽसावुपचारतो निजहृदो | ७६ | १२४५ |
| भव्योऽभ्यग्रगबोधिरल्पभवभाक् | १५ | १८८ |
| भावेन क्रियया तयोर्ननु तयोः | ८२ | १२६८ |
| भावद्रव्यतया द्विधा परिणतिः | ८९ | १३१७ |
| भावोऽधर्मगतः क्रियेतरगते० | ८७ | १३०३ |
| भोः ! पापाः ! भवतां भविष्यति | ५३ | ६४२ |
| भ्रष्टैश्चैत्यकृतेऽर्थितः कुवलया० | ४३ | ५५१ |
| भ्रान्त ! प्रान्तधिया किमेतदुदितं | ४४ | ५५३ |
| मन्दारद्रुमचारुपुष्पनिकरैः | १०३ | १५४४ |
| मिश्रस्यानुपदेश्यतया यदि तदा | २५ | ३२१ |
| मिश्रत्वे खलु योगभावविधया | ९० | १३२५ |
| मूर्त्तीनां त्रिदशैस्तथा भगवतां | १० | १३५ |
| मोहोद्दामदवानलप्रशमने | ८० | १२६३ |
| यन्नद्युत्तरणं प्रवृत्तिविषयो | ३७ | ५१४ |
| यद्दानादिचतुष्कतुल्यफलता० | ४१ | ५४२ |
| यत्कर्मापरदोषमिश्रिततया | ४५ | ५५९ |
| यः श्राद्धोऽपि यतिक्रियारत० | ५८ | ६८९ |
| यागीयो वध एव धर्मजनकः | ५४ | ६५७ |
| या ज्ञानाद्युपकारिता विधियुता | ९४ | १४५८ |
| योगाराधनशंसनैरथ विधेः | ७१ | ११९३ |
| लिङ्गे स्वप्रतिबद्धधर्मकलनात् | ७४ | १२३२ |
| लुप्तं मोहविषेण किं किमु हतं | ३ | ५१ |
| वन्ध्याऽस्तु प्रतिमा तथापि विधिना | ७० | ११८९ |
| वाप्यादैरिव पूजना दिविषदां | १३ | १७० |
| वाहिन्युत्तरणादिके परपदे | ८३ | १२७२ |
| वाहिन्युत्तरणादिकेऽपि यतना० | ८४ | १२७७ |
| वैतृष्ण्यादपरिग्रहस्य दृढता | ३१ | ४४४ |
| वैयावृत्त्यतया तपो भगवतां | ४८ | ६१६ |
| वैयावृत्त्यमथैवमापतति वः | ५० | ६३२ |
| शक्रेऽवग्रहदातृता व्रतभृतां | १७ | २४९ |
| श्राद्धानां तपसः परं गुणतया | ५१ | ६३५ |
| श्राद्धेन स्वजनुःफले जिनमतात् | ८१ | १२६५ |
| सद्धर्मव्यवसायपूर्वकतया | १४ | १७३ |
| सद्भक्त्यादिगुणान्वितानपि सुरान् | १६ | २३७ |
| सत्तन्त्रोक्तदशत्रिकादिकविधौ | ३४ | ४५५ |
| सम्यग्दृष्टिरयोगतो भगवतां | ३५ | ४९५ |
| सर्वासु प्रतिमासु नाग्रहकृतं | ७८ | १२५६ |
| सावद्यं व्यवहारतोऽपि भगवान् | २० | २६६ |
| साधूनां वचनं च चैत्यनमन० | २३ | ३०३ |
| साधूनामनुमोद्यमित्यथ न किं | २७ | ३३५ |
| सिद्धान्ते परिभाषितो हि गृहिणां | ९१ | १३५२ |
| सेयं ते व्यवहारभक्तिरुचिता | ९७ | १४६९ |
| स्वान्तं ध्वांतमयं मुखं विषमयं | ५ | ८२ |
| स्वान्तं शुष्यति दह्यते च नयनं | १०२ | १५४३ |
| हिंसा सद्व्यवहारतो विधिकृतः | ८५ | १२८१ |
| हिंसांशो यदि दोषकृत् तव जड ! | ९२ | १३७५ |

# परिशिष्ट-२

## स्तवपरिज्ञापद्यानामकारादिक्रमः ।।


| पद्यांशः | पद्यक्रमः | पृ. क्र. | पद्यांशः | पद्यक्रमः | पृ. क्र. |
|---|---|---|---|---|---|
| अकसिणपवत्तगाणं | ११५ | १०५२ | इय कयकिच्चेहिंतो | १६५ | १११७ |
| अग्गाहारे बहुगा | १२८ | १०६९ | इय आगमजुत्तीहि | २०२ | ११७५ |
| अग्गी मा एयाओ | १४६ | १०९६ | इह मोहविसं घायइ | ८४ | १०१४ |
| अण्णे उ कसाईया | ९४ | १०३३ | इहराऽणत्थगं | ११२ | १०४८ |
| अत्थि जओ ण य | १४७ | १०९३ | इंदीवरम्मि दीवो | १७८ | ११३९ |
| अद्दिस्सकत्तिगं | १७२ | ११२७ | उचियाणुट्ठाणाओ | ४० | ९५१ |
| अपडिवडिय सुहचिंता | ९७ | १०२७ | उणत्तं न कयाइ वि | ७५ | १००१ |
| अप्पा च होइ एसा | १५२ | ११०३ | उद्दिट्ठकडं भुंजइ | ९३ | १०२२ |
| अप्पविरियस्स पढमो | १९३ | ११६२ | उवागाराभावे वि | १६४ | १११६ |
| अलमेत्थ पसंगेणं | ९६ | १०२६ | उस्सुत्ता पुण बाहइ | ६९ | ९९२ |
| असुह तरंडुत्तरण | ४५ | ९५८ | एअं च भावसाहुं विहाय | ५२ | ९६८ |
| अस्सीलो ण य | २०० | ११७२ | एएहिंतो अण्णे | ११४ | १०५१ |
| अह तेसिं परिणामे | १२१ | १०६० | एक्को वाऽऽयपएसो | ६२ | ९७९ |
| अह पाठोऽभिमउ च्चिय | १२६ | १०६७ | एगिंदियाइ अह | १२३ | १०६२ |
| अह तं ण एत्थ | १३३ | १०७५ | एगिंदियाइ भेओ | १५० | ११०० |
| अह तं ण वेइअं | १३४ | १०७७ | एत्तो च्चिय णिद्दिट्ठो | ८१ | १०१० |
| अहिगरणिवित्ति वि | १६६ | १११८ | एत्तो च्चिय णिद्दिट्ठो | १९८ | ११७१ |
| आणापरतंतो सो सा | ६७ | ९८८ | एत्तो च्चिय णिद्दोसं | १५७ | १११० |
| आराहगो य जीवो | ९९ | १०३० | एत्थमियं विण्णेयं | ६१ | ९७७ |
| आरंभवओ वि इमा | १४२ | १०९० | एत्थकमे दाणधम्मो | २०१ | ११७४ |
| आरंभच्चाएणं | १९७ | ११६९ | एयमिहमुत्तमसुअं | १ | ७९३ |
| आहेवं हिंसा वि | ११९ | १०५७ | एयम्मि पूइअंमि | २८ | ९२५ |
| इतरम्मि कसाईआ | ८८ | १०१७ | एयं च एत्थ एवं | ६४ | ९८१ |
| इय सव्वेणं वि सम्मं | ७ | ९०१ | एयस्स उ संपा० | १११ | १०४७ |
| इय मद्दवाइजोगा | ५८ | ९७४ | एयं पि न जुत्तिखमं | १२४ | १०६४ |
| इयरा उ अभिणिवेसा | ७० | ९९५ | एवं चिय भावथए | ३५ | ९३३ |
| इय दिट्ठेट्ठविरुद्धं जं | १४९ | १०९९ | एवं मणेण वयमाइ | ६० | ९७५ |

| पद्यांशः | पद्यक्रमः | पृ. क्र. |
|---|---|---|
| एवं चिय मज्झत्थो | ६६ | ९८७ |
| एवं दिट्ठंतगुणा | ८६ | १०१६ |
| एवं च वयणमित्ता | १३१ | १०७३ |
| एवं णिवित्तिपहाणा | १६१ | ११११ |
| एवं णो कहियागम० | १७९ | ११४० |
| एसा य होइ णियमा | १५५ | ११०८ |
| एसेह थयपरिण्णा | २०३ | ११७६ |
| ओसरणे बलिमाई | १०४ | १०३५ |
| कट्ठादि वि दलं | ८ | ९०२ |
| कडुओसहाइ जोगा | ४६ | ९६० |
| करणाइतित्रि जोगा | ५५ | ९७२ |
| कज्जं इच्छंतेण० | १०७ | १०४१ |
| कयमित्थपसंगेण | १९२ | ११६१ |
| कारवणेऽवि य तस्स | १२ | ९०७ |
| किं तेसिं दंसणेणं | १२७ | १०६८ |
| किं पुण विसिट्ठगं | १३७ | १०८१ |
| गीयत्थो य विहारो | ७१ | ९९६ |
| गीयस्स ण उस्सुत्ता | ७२ | ९९८ |
| गुणसमुदाओ संघो | २६ | ९२२ |
| चउकारणपरिसुद्धं | ८७ | १०१७ |
| चिइवंदण थुइवुड्ढी | २४ | ९२० |
| जइणो अदूसियस्स | ४४ | ९५६ |
| जइणो वि हु दव्वथय० | १०१ | १०३३ |
| जम्हा उ अभिस्संगो | ४३ | ९५५ |
| जम्हा समग्गमेयं पि | ६३ | ९८० |
| जयणेह धम्मजणणी | १५३ | ११०५ |
| जयणाए वट्टमाणो | १५४ | ११०६ |
| जयइ थयपरिण्णा | ६७ | ११७७ |
| जह उस्सग्गम्मि ठिओ | ६५ | ९९२ |
| जहेह दव्वथया | १३८ | १०८४ |
| जह वेज्जगम्मि | १९० | ११५८ |
| जिणभवणकारणविही | ३ | ८९७ |
| जिणबिंबकारणविही | २१ | ९१७ |
| जिणपूआइविहाणं | ३१ | ९२९ |
| जिणभवणाइविहाण | ४१ | ९५२ |
| जिणबिंबपइट्ठावण० | ४८ | ९६३ |
| जिणभवणकारणाइ वि | १०८ | १०४४ |
| जुत्तीसुवण्णयं पुण | ९० | १०२० |
| जे इह सुत्ते भणिया | ९१ | १०२० |
| जोए करणे सण्णा | ५४ | ९७१ |
| जो साहू गुणरहिओ | ९२ | १०२१ |
| जो चेव भावलेसो | १०६ | १०३८ |
| जो बज्झचाएणं | १९६ | ११६८ |
| जं वीयरागगामि अह | ३७ | ९३७ |
| जं पुण एयविउत्तं | ३८ | ९४० |
| जं एयं अट्ठारस० | ५३ | ९७१ |
| जं च चउद्धा | ११० | १०४६ |
| जं बहुगुणं पयाणं | १५९ | ११११ |
| जं वुच्चइ त्ति वयणं | १७० | ११२५ |
| जं सो उक्किट्ठपरं | ११५ | ११६५ |
| ण कयाइ इओ | १८० | ११४२ |
| ण करेइ मणेणाहार० | ५७ | ९७३ |
| ण य गीयत्थो अण्णं | ७३ | ९९९ |
| ण य भगवं अणुजाणइ | १०५ | १०३७ |
| ण य बहुआण वि | १२९ | १०७० |
| ण य रागाइ | १३० | १०७२ |
| ण य तेसिं पि | १३२ | १०७४ |
| ण य तव्वयणाओ | १३५ | १०७८ |
| ण य वेअगया चेवं | १४४ | १०९३ |
| ण य फलुद्देसपवित्तितो | १४५ | १०९४ |

| पद्यांशः | पद्यक्रमः | पृ. क्र. |
|---|---|---|
| ण य णिच्छओ वि | १७४ | ११३२ |
| ण य तं सहावओ | १७७ | ११३८ |
| ण हि रयणगुणा | १८६ | ११५३ |
| णिप्फन्नस्स य सम्मं | २३ | ९१९ |
| णिच्छयणया जमेसा | ९८ | १०२९ |
| णेवं परंपराए माणं | १८२ | ११४५ |
| णो पुरिसमित्तगम्मा | १७५ | ११३३ |
| णोभयमवि जमणाइं | १८४ | ११४८ |
| तस्स वि य इमो | ९ | ९०५ |
| तपुव्विया अरहया | २७ | ९२३ |
| तप्पूआपरिणामो | २९ | ९२६ |
| तत्तो य पइदिणं | ३० | ९२७ |
| तत्थ वि य साहुदंसण० | ४९ | ९६४ |
| तह तिल्लपत्ति० | ८० | १००५ |
| तम्हा जे इह | ९५ | १०२५ |
| तम्हा ण वयणमित्तं | १३६ | १०८० |
| तब्बिंबस्स पइट्ठा | १४० | १०८८ |
| तत्थ पहाणो अंसो | १६० | ११११ |
| तह संभवंतरूवं | १६८ | ११२१ |
| तव्वावारविरहियं | १७१ | ११२६ |
| तत्तो अ आगमो | १८१ | ११४३ |
| तह वेदे च्चिय | १८८ | ११५६ |
| तत्तो वि कीरमाणे | १९१ | ११५९ |
| ता एवं मे वित्तं | १९ | ९१३ |
| तारिसस्साभावे | २२ | ९१८ |
| ता एवं विरइभावो | ७४ | १००० |
| ता तं पि अणुमयं | १०९ | १०४५ |
| ता एइएँ अहम्मो | १४३ | १०९२ |
| ता अहिगणिवत्तीए | १६३ | १११५ |
| ता एयगया चेव | १६७ | ११२० |
| ताणीह पोरुसेयाणि | १७६ | ११३५ |
| ता एवं सण्णाओ | १८७ | ११५४ |
| ता तस्स पमाणत्ते | १८९ | ११५७ |
| ता संसारविरत्ता | ७६ | १००५ |
| ते तुच्छया वराया | १३ | ९०८ |
| तं कसिणगुणोवेयं | ८९ | १०१३ |
| तंतंमि वंदणाए | १०२ | १०३४ |
| दव्वे भावे य थओ | २ | ८९५ |
| दव्वे भावे अ तहा | ४ | ८९८ |
| दव्वथयभावथयरूवं | १०० | १०३१ |
| दव्वथयं पि काउं | १९४ | ११६३ |
| धम्मत्थमुज्जएणं | ५ | ८९९ |
| धम्मपसंसाए | १४ | ९०९ |
| नणु तत्थेव | ११७ | १०५५ |
| निप्फाइय जयणाए | २० | ९१५ |
| नंदाइ सुहो सद्दो | १० | ९०६ |
| पडिबुज्झिस्संति इहं | १८ | ९१२ |
| पढमाउ कुसलबंधो | ४७ | ९६१ |
| पडिबुज्झिस्संतऽण्णे | ५० | ९६५ |
| परमगुरुणो य आणं | ७७ | १००५ |
| पारिणामियं सुहं | १४८ | १०९८ |
| पीडाकरी त्ति अह | १२० | १०५८ |
| पीडागरी वि एवं | १४१ | १०८९ |
| पेच्छिस्सं एत्थ अहं | १७ | ९१२ |
| भवतोऽवि य सव्वन्नू | १८३ | ११४७ |
| भावे अइप्पसंगो | ३६ | ९३५ |
| भावत्थओ अ एसो | ५१ | ९६७ |
| भावं विणा वि एवं | ६८ | ९९० |
| भोगाइफलविसेसो | ३९ | ९४९ |
| भोमाइ नव जीवा | ५६ | ९७२ |

| पद्यांशः | पद्यक्रमः | पृ. क्र. |
|---|---|---|
| मग्गणुसारि पयाहिण | ८५ | १०१४ |
| मल्लाइएहिं पूआ | १०३ | १०३४ |
| लोगे अ साहुवाओ | १५ | ९०९ |
| वरबोहिलाभओ सो | १५८ | ११११ |
| वण्णायपोरुसेयं | १७३ | ११३० |
| विविहनिवेअण० | ३३ | ९३० |
| विहियाणुट्ठाणमिणं | ३४ | ९३२ |
| विहियाणुट्ठाणपरो | ७८ | १००५ |
| विसघाइरसायण० | ८३ | १०१२ |
| वेयवयणं तु णेवं | १६९ | ११२३ |
| वेयवयणम्मि सव्वं | १८५ | ११५२ |
| सत्तीए संघपूआ | २५ | ९२० |
| सव्वत्थ णिरभिसंग० | ४२ | ९५३ |
| सव्वत्थ णिरभिसंगो | ७९ | १००५ |
| सत्थुत्थगुणो साहू | ८२ | १०११ |
| सक्खाउ कसिण० | ११३ | १०४९ |
| सइ सव्वत्थाभावे | १३९ | १०८७ |
| सासयवुड्ढी वि इहं | १६ | ९११ |
| सा इह परिणयजल० | १५६ | ११०९ |
| सिय तत्थ सुहो | १२२ | १०६१ |
| सिय तं ण सम्म० | १२५ | १०६५ |
| सिय पूआओवगारो | १६२ | १११४ |
| सुद्धस्स वि गहियस्स | ११ | ९०६ |
| सुहगंधधूवपाणिय० | ३२ | ९३० |
| सुव्वइ अ वयररिसिणा | ११८ | १०५६ |
| सुद्दाण सहस्सेण वि | १५१ | ११०२ |
| सो तावसासयाओ | ६ | ९०० |
| सोइंदिएण एयं | ५९ | ९७५ |
| सो खलु पुप्फाइओ | ११६ | १०५३ |
| संतंपि बज्झमणिच्चं | १९९ | ११७२ |

# परिशिष्ट-३

## साक्षिपाठानामकारादिक्रमः ।।


| पद्यांशः | पृ. क्र. | पद्यांशः | पृ. क्र. |
|---|---|---|---|
| अइसयचरणसमत्था (विशेषा. भा. ७८६) | ८८ | अरिहंतसिद्ध (मरणसमाधिप्रकीर्णके) | ८७० |
| अकसिणपवत्तगाणं (महानि. अ. ३, आव. नि. १९४) | ५४०, ७२९, १३७९, १४२४ | अरिहंतचेइआणं (आवश्यकनिर्युक्तौ) | ३०४ |
| | | अर्थे सत्यर्थ० (काव्यप्रकाश ९/११/७) | १५०६ |
| अक्षयनीव्या (षोडशक ६/१५) | ४४६ | अर्पितानर्पितसिद्धेः (तत्त्वार्थ५/३१) | २११ |
| अज्झत्थे चेव (आचाराङ्ग १/५/२) | ६९७ | अयोगिकेवलिष्वेव | १२७४ |
| अट्ठारससहस्स (अड्ढाइज्जेसुसूत्र) | १००१ | अल्पबाधया बहू० (पञ्चलिङ्गी) | ४५२ |
| अट्ठावयमुज्जिते (आचाराङ्गनि. गा. ३३२) | ८६९ | अविरइं पडुच्च (सूय. द्वि. श्रु.) | १३७० |
| अणगारस्स णं भाविय० (भगवतीसूत्र १६/३/५७२) | ३९६ | अविसिट्ठं विय (विशेषा. भा. १९४३) | १३४३ |
| अणगारे णं भंते ! (भगवतीसूत्र ३/५/१६१) | १०९ | अविणीयमाणवंतो (विंशिका ७/६) | २८५ |
| अणुकंपा निव्वेओ (योगविंशिका गा. ८) | ७११ | असद्धर्मसंभावन (काव्यानुशासन ६/४) | ५२ |
| अणुमित्तो वि न | ११०३ | असदारंभपवत्ता (पञ्चाशक ४/४३) | ३६४ |
| अण्णत्थारंभवओ (पञ्चाशक ४/१२) | १४०५ | असुहक्खएणं (श्राद्धविधि गा. ६ वृत्तौ) | ११९७ |
| अतर्क्या लीलैशी (अष्टसहस्त्री) | १५१५ | अस्मिन् हृदये (षोडशक २/१४) | १७ |
| अत्र चतुर्थाध्ययने (महानिशीथ) | ५४८ | अह केरिसए (प्रश्नव्याकरण. अ. ८) | ६१८ |
| अत्थि णं भंते ! (प्रज्ञापना सू. २८०) | ३९९ | अहं च भोगरायस्स (दशवैकालिक २/८) | ८३७ |
| अदुत्तरं च णं (सूत्रकृताङ्ग २/२) | १३५४ | अहावरे तच्चस्स (सूत्रकृताङ्ग द्वि. श्रु.) | १३६० |
| अदुवा वायाउ (आचाराङ्ग १/८/१) | २८० | अहावरे तच्चस्स (सूत्रकृताङ्ग द्वि. श्रु.) | १३६९ |
| अन्धे तमसि | १०९६ | अहावरे दोच्चस्स (सूत्रकृताङ्ग द्वि. श्रु.) | १३५९ |
| अन्यस्त्वाहास्य (हारिभद्र राज्यादिअष्टक श्लो.१) | ५३१ | अहावरे दोच्चस्स (सूत्रकृताङ्ग द्वि. श्रु.) | १३६६ |
| अन्तर्वेद्यां (योगदृष्टि श्लो.११६) | ३५० | अहावरे पढमस्स (सूत्रकृताङ्ग द्वि. श्रु.) | १३६२ |
| अप्परिग्गहियदेवीणं | २०२ | अहागडाइ भुंजंति (सूत्रकृताङ्ग २/५/८) | २९५ |
| अपडिक्कंताए (महानिशीथ ३/१९) | ५०९ | अहन्नं भंते ! सूरियाभे (राजप्रश्नीयोपाङ्गे) | १९० |
| अप्रदाने हि (हारिभद्र राज्यादिअष्टक श्लो.२) | ५३२ | अथ परिप्रश्नार्थः (प्रश्नव्याकरणवृत्ति) | ६१८ |
| अप्रस्तुतप्रशंसा (काव्यप्रकाश १०/१५१) | ५५५ | आगमेनानुमानेन (योगदृष्टि श्लो.१०१) | १३ |
| अभवन् वस्तु (काव्यप्रकाश १०/९७) | १५० | आधीनां परमौषधं (षोडशक १५/१३) | १५१८ |
| अम्बडस्स णं (औपपातिक सू. ४०) | ८०८ | आया चेव अहिंसा (ओघनि. गा. ७५५) | ४०० |
| अयं जनो नाथ (अन्ययोग० २) | १४९६ | आसन्नसिद्धिआणं (श्राद्धविधि गा. ६ वृत्तौ) | ११९३ |
| अरिहंताई णियमा (आव. नि. १००७) | ५९ | आयरियउवज्झाए (कल्पभा. गा. ४१७७) | ६१८ |
| अरिहंतुवएसेणं (आव. नि. १००९) | ५९ | आलोअणा वियडणे (ओघनि. गा. ७९१) | ९२ |

| पद्यांशः | पृ. क्र. | पद्यांशः | पृ. क्र. |
|---|---|---|---|
| इत्थं चैतदिह (हारिभद्र राज्यादिदानाष्टक श्लो.८) | ५३८ | एवंविधेन यद्बिम्ब० (षोडशक-७/१४) | १४५९ |
| इत्थमाशयभेदेन (दानाष्टक- श्लो. ६) | २९१ | एवं होइ विरोहो | ८२२ |
| इन्द्रविश्वेतन (मीमांसकमतम्) | ४७३ | एस अणुमओ च्चिय (पञ्चवस्तुके १२१८) | ३०२ |
| इमाओ त्ति सुत्तउत्ता (बृहत्कल्पभा. ५६१९) | ५१९ | एस ठाणे अणारिए (सूयगडांग २/२) | १३५७ |
| इमीसेणं रयणप्पभाए (समवायाङ्ग १७ स्था.) | १२० | एसा ठिईओ (विंशिका ९/६) | ७३० |
| इष्टापूर्त्त न (अग्निकारिका- श्लो. ८) | ३५० | एसो पुण सव्वो (विंशिका २०/९) | १५३६ |
| इष्टापूर्त्तं मन्यमाना. (मुंडकोपनिषद् १/२/१०) | ३५१ | ओसण्णस्स गिहिस्स वि (उपदेशमाला गा. ३५२) | २८७ |
| ईश्वरीयाहुति० (न्यायमालायाम्) | ४८७ | ओसरणे बलिमाई (पञ्चवस्तुके गा. १२१९) | ३०२ |
| उच्यते कल्प (अष्टक-२७/२) | २९१ | ओहारमग्गरा० (बृहत्कल्पभाष्ये ५६३३) | ५१९ |
| उत्पद्यते हि सावस्था | २९१ | कइविहा णं भंते ! चारणा० (भगवतीसू. २०/९) | ८६ |
| उदयखयखओ (जीवाभिगमवृत्तौ) | १७३ | कति णं भंते ! किरियाओ (प्रज्ञापनासू. २८४ तः २८७) | ३८२ |
| उपमानाद् यदन्यस्य (काव्यप्रकाश १०/१५९) | १२२ | कमलमनंभसि (काव्यप्रकाशवृत्तौ) | ७७ |
| उवयारंगा इह (विं. विं. ८/१५) | १२०४ | कम्मं जोगनिमित्तं (विशेषा. भा. १९३५) | १३२९ |
| उवगारवगारि (विं. विं. ११/३) | १४५९ | कयरे ते जे (प्रश्नव्या. १/३) | ६५१ |
| एअत्रं इहभवे वा | १६८ | कश्चिदाहास्य (हारिभद्र दानाष्टक श्लो. १) | २९१ |
| एए तु तओ (सूत्रकृताङ्ग १/१/२/२७) | ४२७ | कर्मेन्धनं समाश्रित्य (अग्निकारिका श्लो. १) | ३४५ |
| एएसु भत्तिजुत्ता (मरणसमाधिप्रकीर्णके) | ८७० | कंचणमणिसोवाणे (महानिशीथ ३/५५) | ५४३ |
| एगया गुणसमियस्स (आचाराङ्ग १/५/४/१५८) | ९८३ | कहि णं भंते (भगवतीसूत्र १०/५) | १४६ |
| एगुप्पाएण तओ (विशेषा. भा. ७८७) | ८९ | कत्थइ पुच्छइ (दशवैकालिकनि. ३८) | ७१९ |
| एगोऽपहात्रे (उपदेशपद गा. २५४) | २१८ | काउं पि जिणायणेहिं (महानिशीथ ३/५७) | ५४३ |
| एतद् रागादिदं (योगबिन्दु १५९) | ११९६ | काके कार्ष्ण्य० | १७१ |
| एतदिह भावयज्ञः (षोडशक ६/१४) | ४५६ | कामं उभयाभावो (आवश्यकनिर्युक्ति श्लोक-११३४) | १२१६ |
| एतेहिं दोहिं (सूत्रकृताङ्ग २/५/९) | २९५ | किञ्चिच्छुद्धं (प्रशमरति श्लो. १४५) | २९९ |
| एत्तो च्चिय णिद्दोसं (पञ्चाशक ७/३५) | ५३६ | किञ्चेहाधिक० (हारिभद्र राज्यादिदानाष्टक-६) | ५३६ |
| एत्तो चरित्त (श्राद्धविधि गा. ६ वृत्तौ) | ११९७ | किं निस्साए णं भंते ! (भगवतीसूत्र ३/२) | १२३ |
| एत्तो च्चिय तत्तन्नू (श्राद्धविधि गा. ६ वृत्तौ) | ११९७ | किं मे पूर्वं श्रेयः (राजप्रश्नीयोपाङ्गवृत्ति) | १६३ |
| एयं तु जं० (महानिशीथ ३/१६) | ६५ | किं ते भंते ! जत्ता (भगवतीसू. १८/१० सू. ६४७) | ६१२ |
| एवं खलु देवाणु० (भगवती ३/९) | २०० | किं चेहुवाहिभेया (श्रावकप्रज्ञप्ति गा. ५२) | २११ |
| एवं न कश्चिद्० (हारिभद्रदानाष्टक श्लो. ८) | २९२ | क्रियाहेतुः पुष्टि. (षोडशक ३/३) | १४८४ |
| एवमुद्यतेतर (आव. नि. ११३०) | १२१५ | कृषिकरण इव पलालं (षोडशक ७/१६) | १४५९ |
| एयंविय जं चित्तो | ६९५ | केवलनाणेणत्थे (आवश्यकनि. ७८) | ४५ |
| एवं विवाह० (हारिभद्र राज्यादिदानाष्टक श्लो. ५) | ५३४ | | |

| पद्यांशः | पृ. क्र. |
|---|---|
| खड्डातडंसि विसमे (पञ्चाशक ७/३९) | ५३७ |
| गरहावि तहाजातीय० (आवश्यकनिर्युक्ति ६३) | ८१७ |
| गहणसमयम्मि जीवो (कर्मप्रकृतिसङ्ग्रहणि) | १३४४ |
| गंथिगसत्तापुण० (उपदेशपद गा. २५३) | २१८ |
| गिहिणो वेयावडियं (दशवैकालिकचूलिका २/९) | २८७ |
| गुणठाणठाणं (श्राद्धविधि गा. ६ वृत्तौ) | ११९७ |
| गुरुकारियाइं (सम्यक्त्वप्रकरणे) | १२०१ |
| गुरुपारतंतनाणं (पञ्चाशक ५/१) | २११ |
| गुरुवचनममलमपि | १४८ |
| गृहिणोऽपि प्रकृत्या (हारिभद्राष्टक २, वृत्ति) | ६९२ |
| चउवीसत्थए णं (उत्तराध्ययन अ. २९ गा. २३) | ३४ |
| चमरस्स णं भंते ! (भगवतीसूत्र १०/५) | १३९ |
| चरणकरणप्पहाणा (सम्मति. ३/६७) | २११ |
| चरिमसरीरो साहू (उत्तराध्ययननिर्युक्ति गा.२९०) | १०७ |
| चित्तमेव हि संसारो (शास्त्रवार्ता गा. ४०४) | ४२८ |
| चिन्तामणिः परोऽसौ (षोडशक २/१५) | १७ |
| चेइयकुलगण० (आवश्यकनिर्युक्ति गा. ११७९) | ६०८ |
| चेइयकुलगण० (आवश्यकनिर्युक्ति गा. ११०१) | ६२७ |
| चैत्यायतनप्रस्थापनानि (प्रशमरति ३०५) | ७४९ |
| चोएइ चेइयाणं (पञ्चकल्पभाष्य गा. १५७०) | ६८६ |
| छज्जीवकायसंजमु (आवश्यकनिर्युक्ति भाष्य गा. १९३) | ७२४, १४२१ |
| छप्पिय जीवनिकाए (सम्मतितर्क ३/२८) | २११, १३९१ |
| छव्विहे कप्पट्ठिई (बृहत्कल्पभाष्य अ. ६, सू. २०) | १९२ |
| छस्सहस्सा (जंबूद्वीप ५/११८) | २०४ |
| जइवि अ पडिमाओ (आवश्यकनिर्युक्ति गा. ११३५) | १२१७ |
| जइ वि जिणालये (महानिशीथ) | ५५६ |
| जइ वि य णिगिणे (सूत्रकृताङ्ग २/१/९) | ६५१ |
| जइ हीणं दव्वथयं (उपदेशरहस्य) | १०३८ |
| जक्खा हु वेयावडियं (उत्तराध्ययन १२/३२) | ६२१ |
| जनोऽयमन्यस्य (सिद्धसेनीयद्वात्रिं. ६/५) | ७७४ |
| जम्माभिसेग (आचाराङ्गनि. गा. ३३९) | ८६९ |
| जह गोयमाइयाणं (गुरुतत्त्वविनिश्चय गा. १५) | ३२ |
| जहा नवनगराइ (आवश्यकनि. चूर्णि) | १४२४ |
| जह वेलंबगलिंगं (आवश्यकनि. गा. ११३७) | १२१७ |
| जह वेगसरीरंमि वि (विशेषावश्यक भा. १९४५) | १३४४ |
| जहा एसा अरिहंतपडिमा | १०० |
| जह सावज्जकिरिया (आवश्यकनि. गा. ११३३) | १२१६ |
| जस्स णत्थि पुरा (आचाराङ्ग १/४/४) | १६८ |
| जा जयमाणस्स (ओघनिर्युक्ति गा. ७६०) | ३६९ |
| जाणं काएण (सूत्रकृताङ्ग १/१/२/२५) | ४२७ |
| जावंति चेइआइं (श्रावकप्रतिक्रमणसू. गा. ४४) | ८७६ |
| जाव च णं एस (भगवतीसूत्र) | ७०० |
| जा सम्मभावियाओ (बृहत्कल्पभाष्य गा. १११६) | ८७३ |
| जिनभवनं जिनबिम्बं (श्रावकप्रज्ञप्ति) | १४४५ |
| जिनोकस्तद्बिम्बं | १०० |
| जीवकिरिया दुविहा (स्थानांग. २/१/५९) | ४२४ |
| जीवा णं भंते ! (भगवतीसू. १/१) | ३६९ |
| जीवो गुणपडिवन्नो (आवश्यकनि. गा. ७९३) | १४८१ |
| जीवे णं भंते ! नाणा० (प्रज्ञापना-क्रियापद) | ४१४ |
| जे अ दाणं (सूत्रकृताङ्ग १/११/२०) | २७६ |
| जो उत्तमेहिं मग्गो (बृहत्कल्पभाष्य. गा. २४९) | १२५२ |
| जोगे जोगे (ओघनिर्युक्ति गा. २७८) | ७३१ |
| जो जाणदि अरहंतं (प्रवचनसार १/८०) | १५२१ |
| जो जहवायं (उपदेशमाला गा. ५०४) | २६ |
| जो जिणदिट्ठे (उत्तराध्ययन अ. २८, गा. १८) | ३४ |
| जो जीवे वि वियाणाइ (दशवैका. ४/१३) | १३७९ |
| जो पुण णिरच्चणो (उपदेशमाला गा. ४९३) | ६९३ |
| जो वि दुवत्थ० (बृ. कल्प. भा. गा. ३९९४) | ३४२ |
| जं जह सुत्ते (बृ. कल्पभा. गा. ३३१५) | २०९ |
| जं मोणं तं सम्मं (श्रावकप्रज्ञप्ति गा. ६१) | २२८ |
| जं णं समणो वा (अनुयोगद्वारसू. ३) | ८४६ |
| जं पुण एयवियुत्तं (पञ्चाशक ६/९) | ५६० |
| जं सक्कइ तं कीरई | ३२१ |

| पद्यांशः | पृ. क्र. |
|---|---|
| जं सम्मं ति पासहा (आचाराङ्ग १/५/३) | २७ |
| झाणं सुभमसुभं (विशेषावश्यकभा. १९३७) | १३३६ |
| ज्ञापकं चात्र (दानाष्टक श्लो. ५) | २९१ |
| ण इमं सक्कं (आचाराङ्ग १/५/३) | १३९१ |
| ण उ तह भिन्नाणं (विंशिका २०/१०) | १५३६ |
| णमो बंभीए (भगवतीसूत्र) | ५३, ७३ |
| णमो सुअस्स (भगवती सूत्रारंभे) | ४५ |
| ण य तस्स इमो (विंशिका २०/११) | १५३६ |
| ण वि ते पारिवज्जं (आवश्यकनि. गा. ४२८) | ४१ |
| ण हु तस्स तण्णिमित्तो (ओघनिर्युक्ति गा. ७५०) | ७०२ |
| ण हु सासणभत्ती (सम्मति ३/६३) | ७७२ |
| णिच्छयओ सम्मत्तं | २२९ |
| णिच्छयसम्मत्तं (विंशिका ६/१७) | ६३७ |
| णिरविक्खस्स (पञ्चाशक ४/१०) | ६९३ |
| णो कप्पइ अण्णउत्थिय० | १२५२ |
| णो कप्पइ णिग्गंथाण (स्थानांग. ५/२) | ५१६ |
| णो कप्पइ णिग्गंथाण (बृ. कल्पभा. ४/३२) | ५२१ |
| ण्हाणाइ वि (पञ्चाशक ४/१०) | ७३८ |
| तइया तइया (पूजाविंशिका गा. ७) | २२२ |
| तए णं केसीकुमार (राजप्रश्नीय सू. ७/८) | १६१ |
| तए णं से सूरियाभे (राजप्रश्नीय सू. २१/२२/२३) | २५९ |
| तए णमित्यादि (राजप्रश्नीय सू. २२ वृत्तिः) | २७४ |
| तए णं से सक्के (भगवती १६/२) | २५१ |
| तए णं सुबुद्धिस्स (ज्ञाताधर्म० १२/९२) | ६४६ |
| तए णं से आणंदे (उपासकदशाङ्ग १/७) | ७९९ |
| तए णं सा दोवइ (ज्ञाताधर्म० १/१६/१२५) | ८४५ |
| तए णं ते पंच० (ज्ञाताधर्म० १/१६/१२८) | ८५१ |
| तए णं सा भद्दा (ज्ञाताधर्म० ५/४/३६) | ८६० |
| तए णं सिद्धत्थे (कल्पसूत्रे सू. १०३) | ८६६ |
| तओ बुज्झ० गो० ! (महानिशीथ ३/४४) | ५४० |
| तत्थ णिओगो (गुरुतत्त्वविनि. गा. १४) | ३२ |
| तत्थ णं देवच्छंदए (जीवाभिगम ३/२/१३९) | ८८६ |
| तत्थ णं जे से (जीवाभिगम सू १८३) | १९३ |
| तत्थ णं जे से (सूय. द्वि. श्रु.) | १३७२ |
| तत्थावि से न याणइ (दशवैका. ५/२/४७) | २०९ |
| तत्थ पहाणो (पञ्चाशक ७/३८) | ५३७ |
| तत्थ खलु भगवया (आचाराङ्ग १/११) | ७८२ |
| तत्रासन्नोऽपि (षोडशक ६/६) | ४४५ |
| तत्र कर्मणि (आचाराङ्ग १/११ वृत्ति) | ७८३ |
| तदेवं प्रवरगोत्र० (न्यायकुसुमाञ्जलि) | १४९६ |
| तमेतं वेदानु. | ६६६ |
| तमेव सच्चं णीसंकं. (आचाराङ्ग) | १३७८ |
| तम्हा णिच्चसइए (विंशिका ९/८) | ७३० |
| तवसंजमेण (महानिशीथ ३/५६) | ५४३ |
| तवसंजमजोगेसु (व्यवहारभा. १/३३१) | ६१८ |
| तह तह वक्खाणेयव्वं (पञ्चवस्तुक गा. ९९१) | २०९ |
| तहारूवं समणं (भगवतीसूत्रे) | ७४१ |
| तस्मात्तदुपकाराय (राज्यादिदानाष्टक श्लो. ४) | ५३२ |
| ता जइ तत्तो (विंशिका २०/१६) | १५३७ |
| तित्थरया जिण (बृ. कल्पभा. १११४) | ८७२ |
| तित्थयरगुणा (आवश्यकनि. ११३०) | १२१५ |
| तित्थयराणं (आचाराङ्गनि. गा. ३३०) | ८६९ |
| तिन्नि वि पएसरासि (विंशिका. २०/१३) | १५३६ |
| तिर्यक्पंगु (जैमिनीयसूत्रे) | ४८६ |
| तिविहे ववसाए (स्थानाङ्ग ३/३/१८५) | १७५ |
| तुल्लं च सव्वहेयं (विंशिका २०/१४) | १५३६ |
| तुहवयणतत्तरुइ | २११ |
| तेणं कालेणं (ज्ञाताधर्मकथाङ्ग प्रथमवर्ग सू. १५४) | २०० |
| तेणं कालेणं ... सक्के (जंबूद्वीपप्रज्ञ० ५/१५) | २०३ |
| तेणं कालेणं सुरियाभे (राजप्रश्नीय सू. ४१-४४) | १५१ |
| ते फासे धीरो (आचाराङ्ग १/८/२) | २८० |
| तं मा णं तुमं (ज्ञाताधर्मकथा १/१६/१२९) | ८५४ |
| थयथुइमंगलेणं (उत्तराध्ययन अ. २९, सू. १४) | ३६ |
| थूभसयं भाउ० (आवश्यकनि. भा. गा. ४५) | ३०१ |

| पद्यांशः | पृ. क्र. |
|---|---|
| थंडिल्ले वि हु (विंशिका ८/१४) | १२४६ |
| दहतिग अहिगम (चैत्यवंदनभा० गा. २) | ४५६ |
| दव्वाणं सव्वभावा (उत्तराध्ययन २८/२४) | १३९१ |
| दव्वसुयं जं पत्तय० (बृहत्कल्पभा. गा. १७५) | ४५ |
| दव्वथओ भावथओ (आवश्यकनि. भा. १९२) | ७१९, १४१९ |
| दसविहे सराग० (स्थानाङ्ग. १०/३/७५१) | २१७ |
| दाणाइआ उ (विंशिका ६/२०) | १४५२ |
| दिट्ठो अ तीए (पञ्चाशक ७/४०) | ५३७ |
| दीधितिमधिचिन्तामणि (तत्त्वचिन्तामणि दीधिति) | ९ |
| दीक्षा मोक्षार्थ० (अग्निकारिकाष्टक श्लो. २) | ३४६ |
| दुहवो वि ते ण (सूत्रकृताङ्ग १/११/२१) | २७६ |
| देवगुणपरिन्नाणा (श्राद्धविधि) | ११९७ |
| देवगुणप्रणिधानात् (षोडशक ५/१४) | ८६० |
| देवतात्वं मन्त्र० (यौगमतम्) | ४६२ |
| देवोद्देशेनैतद् (षोडशक ६/१२) | ४५८ |
| देशं कालं (प्रशमरति श्लो. १४६) | २९१ |
| देशनादेशित (वाचस्पतिमिश्रमतम्) | ४८७ |
| देहादिनिमित्तं (पञ्चाशक ४/४५) | ७४५ |
| दो दिसाओ (स्थानाङ्ग २/१/७६) | ८१६ |
| द्रागस्मात् तद्दर्शनं (षोडशक १५/१०) | १५२३ |
| धन्नाणं विहिजोगो (श्राद्धविधि गा. ६ वृत्तौ) | ११९३ |
| धम्मकंखिए पुण्णकंखिए (भगवतीसूत्र शतक १-३-७, सू. ६२) | १४६५ |
| धर्माङ्गख्यापनार्थं (दानाष्टक श्लो. ३) | २९१ |
| धर्मार्थं यस्य वित्तेहा (अग्निकारिका श्लो. ६) | ३४८/६८० |
| धर्मश्चित्तप्रभवः (षोडशक ३/२) | १४८४ |
| नईसंतरणे | ५०३ |
| न कामभोगा (उत्तराध्ययन ३२/१०१) | ७१० |
| न च स्वदान० (दानद्वात्रिंशिका श्लो. १९) | २९२ |
| न णु मणवइकाय० (विशेषावश्यक भा. १९३६) | १३३१ |
| ननु नारकस्य (प्रज्ञापना क्रियापदवृत्तिः) | ४२० |
| न परीक्षां विना | ७७२ |
| न य साहारणरूवं (विशेषावश्यक १९३४) | १३२८ |

| पद्यांशः | पृ. क्र. |
|---|---|
| न वि संखेवो (आवश्यकनि. १००६) | ५९ |
| न हि कार्षापण० (पञ्चाशकवृत्तौ) | ६३५ |
| नागादे रक्षणं (राज्यादिदानाष्टक श्लो. ७) | ५३७ |
| नाणावरणिज्जस्स (आवश्यकनि. ८९३) | ८७१ |
| नामट्ठवणा० (आवश्यकनि. भा. १९१) | ७१७ |
| नियदव्वमउव्व० (भक्तप्रकीर्णके गा. ३१) | ८८१ |
| निर्वाणसाधनं (षोडशक १५/४) | १५१८ |
| नियमा जिणेसु (आवश्यकनि. ११३६) | १२१७ |
| निस्सकडम० (बृ. कल्पभाष्य गा. १८०४) | १२०१ |
| नीयावासविहारं (आवश्यकनि० गा. ११७५) | ६०८ |
| नृशंसदुर्बुद्धि० (अयोगव्यवच्छेद श्लो० १०) | ८०३ |
| नोत्सृष्टमन्यार्थं (अन्ययोगव्यवच्छेद श्लो० ११) | ६६४ |
| न्याससमये तु | १२४६ |
| पच्छा कडुअविवागा (उत्तराध्ययन १९/११) | १६८ |
| पढमेणं पंडगवणं (विशेषावश्यक भा. ७८८) | ८९ |
| पढमेणं माणुसोत्तर० (विशेषावश्यक भा. ७८९) | ८९ |
| पढमेणं नंदणवणं (विशेषावश्यक भा. ७९०) | ८९ |
| पढमा पढमा० (पूजाविंशिका गा. ६) | २२२ |
| पढमकरण० (पूजाविंशिका गा. ८) | २२४ |
| पढमाणुदयाभावो (विंशिका ६/१६) | ६३७ |
| पढमे दंडसमादाणे (सूत्रकृताङ्ग २/२/१७) | ७७८ |
| पराभवे तथा (आख्यातचन्द्रिकायाम्) | ४ |
| पराभिसन्धिमसंविदानस्य (अन्ययोग. श्लो. २०) | १४९२ |
| परिणामासयवसओ (विशेषावश्यक० गा. १९४४) | १३४४ |
| परिणामियं पमाणं (ओघनिर्युक्ति गा. ७६९) | ४०० |
| परिणमदि जेण दव्वं (प्रवचनसार १/८) | १४७९ |
| पापं च राज्य० (अग्निकारिकाष्टक श्लो. ४) | ३४७ |
| पावं च छिंदइ (आवश्यकनिर्युक्ति गा. १५२२) | ८१७ |
| पुढवी आउक्काऽ (आचाराङ्गनि० १२३) | ३६९ |
| पुत्तं पिया (सूत्रकृताङ्ग १/१/२/२८) | ४२७ |
| पुप्फवद्दलयं (राजप्रश्नीये) | १३७९ |
| पुव्वाणुपुव्वि० (आवश्यकनिर्युक्ति १००८) | ५९ |
| पुव्वगहियं च कम्म० (विशेषावश्यकभा. १९३८) | १३३७ |

| पद्यांशः | पृ. क्र. | पद्यांशः | पृ. क्र. |
|---|---|---|---|
| पुव्वाभिमुहो० (विशेषावश्यकभा. गा. ३४०६) | ८१७ | माहेसरीउ (आवश्यक नि. ७७२) | १०५६ |
| पुष्पामिषस्तुति० | ६७१ | मिथ्यात्वाविरति० (तत्त्वार्थ ८/१) | १३२९ |
| पूआविहिविरहाओ (श्राद्धविधि गा. ६ वृत्तौ) | ११९७ | मिथ्यादृष्टिभिराम्नातो (योगशास्त्र २/१३) | ६५७ |
| पूजया विपुलं (अग्निकारिकाष्टक श्लो. ३) | ३४७ | मुलछेज्जं पुण (विशेषावश्यक भा. १२४९) | ९२ |
| पंचहिं ठाणेहिं (स्थानाङ्ग ५/२/४२६) | २३९ | मूढनइयं सुयं० (आवश्यकनि. ७६२) | १४८४ |
| पंचहिं ठाणेहिं (स्थानाङ्ग ५/२/४२६) | २४४ | मूलनिमेणं (सम्मतितर्क १/५) | ४०९, १४७३ |
| प्रकाशितं यथैकेन | ७१७ | मोक्षाध्वसेवया (अग्निकारिकाष्टक श्लो. ७) | ३४९ |
| प्रमादयोगात् (तत्त्वार्थ. ७/८) | १४८४ | मोक्षायैव तु घटते (तत्त्वार्थकारिका श्लो. ५) | १४४४ |
| प्रतिमाश्च विविधाः (श्राद्धविधि गा. ६ वृत्तौ) | १२०१ | मोत्तूण आउयं (विशेषावश्यकभा. १९३९) | १३४० |
| प्रयाणभङ्गाभावेन (योगदृष्टिसमुच्चय श्लो. २०) | १४६५ | मंता जोगं काउं (उत्तराध्ययन ३६/२६३) | ११२ |
| प्रवृत्तिहेतुं धर्मं (विधिविवेके) | १२९६ | यः शासनस्य (द्वात्रिंशिका ६/३०) | ६७९ |
| प्रशमरसनिमग्नं | ७५ | यतनातो न च (षोडशक ६/१६) | ४३९ |
| प्राणी प्राणिज्ञानं (सूत्रकृताङ्ग वृत्तौ) | ४२७ | यदैवेतद्रूपं (अष्टसहस्री विवरण) | १५१५ |
| बंभीए णं लिवीए (समवायाङ्गे) | ५६ | यस्तृणमयीमपि (पूजाप्रकरणे) | १०५६ |
| ब्रह्माद्वयस्य | १५२८ | ये तु दानं (दानाष्टक श्लो. ७) | २९२ |
| भण्णइ एत्थ (पञ्चकल्पभाष्य गा. १५७१) | ६८७ | योगः शुद्धः (प्रशमरति श्लोक-२२०) | ३७७ |
| भण्णइ जिण० (पञ्चाशक ४/४२) | ७४५ | रायगिहे चलणे (भगवतीसूत्रे) | ५८ |
| भवट्ठिइभंगो (पूजाविंशिका गा. ९) | २२४ | लक्खणजुत्ता० (व्यवहारभाष्य उ. ६ गा. १८९) | १२०७ |
| भावच्चणमुग्ग० (महानिशीथ ३/३६) | ५४३ | लिंगं जिणपण्णत्तं (आवश्यकनि. गा. ११३१) | १२१६ |
| भावोऽयमनेन (षोडशक ३/१२) | ७११ | लिम्पतीव तमो० (बालचरित १/१५) | ५२ |
| भासा चउविह त्ति (भाषारहस्य गा. १७) | १३२१ | लोकोत्तरं तु निर्वाण० (षोडशक ७/१५) | १४५९ |
| भिक्खु य अण्णयरं (व्यवहारसूत्र १/३३) | ८२१ | वत्थगन्धम् (दशवैकालिक ७/२) | ५१७ |
| भिन्नविसयं णिसिद्धं (आवश्यकनि. १२२७) | १३१२ | वापीकूप० (योगदृष्टि० श्लो. ११७) | ३५१ |
| भूमिप्पेहण० (पञ्चाशक ४/११) | ७४१ | वाबाहक्खय० (विंशिका २०/८) | १५३६ |
| मत्प्रसूतिम् (रघुवंश १/७७) | ७९७ | वारिदस्तृप्तिम् (मनुस्मृति) | ७८४ |
| मणसा जे उ (सूत्रकृताङ्ग १/१/२/२९) | ४२८ | वासावासं पज्जोसवियाणं (स्थानाङ्ग ५/२/४१३) | ४९८ |
| मणेरिवाभिजातस्य (द्वात्रिंशिका २०/१०) | ४५१ | वितिगिच्छ० (आचाराङ्ग १/५/५ सू. १६१) | ३५८, १५०५ |
| मन्त्रन्यासश्च (षोडशक ७/११) | ४७१ | विनश्यन्त्यधिकं (राज्यादिदानाष्टक श्लो. ३) | ५३२ |
| महाफलं खलु (भगवतीसू. २/१) | ३४ | विभज्जवायं (सूत्रकृताङ्ग १/१४) | २९९ |
| महाजयं जयइ (उत्तराध्ययन १२/४२) | ४५८ | विशुद्धिश्चास्य० (अग्निकारिकाष्टक श्लो. ५) | ३४८ |
| मा मा संस्पृश | १३२ | विहिसारं चिय (धर्मरत्नप्रकरण गा. ९१) | ११९३ |
| मासब्भंतरतिन्नि य० (बृ. कल्प.) | ५१७ | वेदोक्तत्वान् (ज्ञानसार २८/३) | ६६७ |

| पद्यांशः | पृ. क्र. | पद्यांशः | पृ. क्र. |
|---|---|---|---|
| वेयावच्चं वावडभावो | ६१८ | सुरगणसुहं (आवश्यकनि. ९८१) | १५३२ |
| वेश्यानामिव विद्यानां | ३४० | सुव्वइ य (पञ्चाशक ६/४५) | ३०५ |
| व्यंग(ग्य)स्योक्तिः | २३७ | सुव्वइ दुग्गइ (पञ्चाशक ४/४९) | ६८४ |
| शुद्धागमैर्यथालाभं (अष्टक ३/२) | ६८३ | सुवण्णगुलियाए (प्रश्नव्याकरण ४ द्वार) | ८१४ |
| शुभाशयकरं (दानाष्टक श्लो० ४) | २९१ | सुस्सूस धम्मरागो (पञ्चाशक १/४) | ६३३ |
| सत्तेया दिट्ठीओ (विशेषावश्यकभा. २६९६) | १३०४ | सुंदरबुद्धीए कयं (उपदेशमाला गा. ४१४) | ९९२ |
| सत्ते सत्तपरिवज्जिया (प्रश्नव्याकरण १/३) | ६५१ | से अप्पबले (आचा० लोकविजयअध्ययन उ. २, सू. ७५) | ७९१ |
| समं योग्यतया (काव्यप्रकाश) | ४५६ | से नूणं भंते ! (भगवतीसू. १/३/३०) | १३९१ |
| समणेण य सावयेण (अनुयोगद्वार सू. २८ गा. ३) | ८४५ | से भयवं ! किं तित्थयरसंतियं (महानिशीथ अ. ५) | २५ |
| समणस्स णं भगवओ (आचाराङ्ग २/३/१७८) | ८६७ | से भयवं कयराए (महानिशीथ अध्य. ३) | ६६ |
| सम्यग्दर्शनसम्पन्न० | ८४६ | से भंते किं माई (भगवती ३/४) | ११३ |
| सर्वजगद्धित० (षोडशक १५/१) | १५१८ | से भयवं कयरे णं से सावज्जायरिए (महानिशीथ अ. ५) | ५६५ |
| सचरित्तपच्छातावो (आवश्यकनि. ६२) | ८१७ | से भयवं जइ णं ... (महानिशीथ अ. ५) | ५९३ |
| सणंकुमारे णं० (भगवतीसू. ३/१/१६७) | २५२ | से वसुमं सव्व० (आचाराङ्ग १/५/३) | २७ |
| सर्वत्र सम्यग्विधिः (श्राद्धविधिः) | ११९३ | से वंता कोहं (आचाराङ्ग १/१/४ सू. १२१) | १४८८ |
| सव्वे पाणा, सव्वे भूया | २६६ | सो उभयक्खय० (धर्मसङ्ग्रहणि गा. २६) | १४६९ |
| सव्वो पमत्तजोगो | ३६९ | संभावनमथो० (काव्यप्रकाश १०/१३७) | ५२ |
| सव्वत्थामेणं (बृ. कल्पभाष्य गा. ३१०७) (पञ्चकल्पभाष्य गा. १५७३) | ६८७ | संवच्छरचाउ० (उपदेशमाला गा. २४१) | ८८१ |
| सव्वे सरा (आचाराङ्ग १/५/६) | १५२८ | संजमठाणठियाणं (गुरुतत्त्वविनिश्चये) | १००२ |
| सव्वद्धा संपिंडण (विंशिका २०/१२) | १५३६ | संता तित्थयरगुणा (आवश्यकनि. गा. ११३२) | १२१६ |
| सव्वं पि कोडि० (विंशिका २०/१५) | १५३७ | संतिमे तओ (सूत्रकृताङ्ग १/१/२/२६) | ४२७ |
| ससिरविगह० | २०४ | संतगुणुकित्तणा (आवश्यकनि. गा. १९१) | १२१६ |
| सामर्थ्ये वर्णनायां (बृहत्कल्पभा. टीका) | २९१ | संसारिषु हि देवेषु (योगदृष्टि श्लो. १९१) | ४७१ |
| सामाइय ववसाए (स्थानाङ्ग ३/१८५) | १८१ | संवरनिर्जरारूपो | ६७६ |
| सामानिकैर्हस्यमानो (त्रिषष्टि १०/४/३१६) | २०८ | स्वपरव्यवसायि (प्रमाणनयतत्त्व.) | १२९१ |
| सारो चरणस्स (विशेषावश्यकभा. ११२६) | ५४५ | स्नानामुद्वर्त्तना० | ३६० |
| सिज्जंभवं गणहरं (दशवैकालिकनि. गा. १४) | ७५ | हत्थसयादागन्तुं (निर्युक्तौ) | ५०८ |
| सिन्धुसौवीरेषु (प्रश्नव्याकरण द्वार. ४) | ८१४ | हनुमदाद्यैर्यशसा (नैषधीयचरित्र ९/१२३) | १२२ |
| सिंहासने निविष्टं (षोडशक १५/२) | १५१८ | हिट्ठट्ठाणठिओ (गुरुतत्त्वविनिश्चय १/११४) | ११७ |
| सिद्धस्स सुहरासी (आवश्यकनि. ९८२) | १५३३ | होइ पओसो (श्राद्धविधि गा. ६ वृत्तौ) | ११९७ |
| सिद्धाणं णमो (उत्तराध्ययन अ. २०, गा. १) | ६० | | |

# परिशिष्ट-४

## ग्रन्थनिर्दिष्टग्रन्थनामानि ।।

अध्यात्ममतपरीक्षा
अष्टकवृत्ति
अष्टसहस्रीविवरण
अनेकान्तव्यवस्था
अलंकारचूडामणिवृत्ति
आख्यातचन्द्रिका
आचाराङ्गसूत्र
आचाराङ्गनिर्युक्ति
आचाराङ्गचूर्णि
आचाराङ्गवृत्ति
आवश्यकनिर्युक्ति
आवश्यकनिर्युक्तिवृत्ति
उत्तराध्ययनसूत्र
उत्तराध्ययनचूर्णि
उपदेशपद
उपदेशरहस्य
उपासकदशाङ्ग
औघनिर्युक्ति
औपपातिकदशाङ्ग
कर्मप्रकृतिसंग्रहणि
कल्पसूत्र
क्रियापद (पण्णवणा)
कूपदृष्टान्तविशदीकरण
गुरुतत्त्वविनिश्चय
चैत्यवंदनभाष्य
जैमिनीयसूत्र
जीवाभिगमसूत्र
जीवाभिगमसूत्रवृत्ति
जंबूद्वीपप्रज्ञप्ति
जंबूद्वीपप्रज्ञप्तिवृत्ति
ज्ञातासूत्र (ज्ञाताधर्मकथा)
ज्ञानसार
तत्त्वार्थसूत्र
दशवैकालिकसूत्र
दशवैकालिकनिर्युक्ति
दानाष्टक (हारिभद्राष्टक)
देवधर्मपरीक्षा
द्वात्रिंशिकाप्रकरण
धर्मपरीक्षा
धर्मसंग्रहणि
न्यायमाला
न्यायकुसुमांजलि
पण्णवणा
पण्णवणासूत्रवृत्ति
प्रश्नव्याकरणसूत्र
प्रश्नव्याकरणवृत्ति
पूजापञ्चाशक
पञ्चाशक
पञ्चवस्तुक
बृहत्कल्पभाष्य
भगवतीसूत्र (व्याख्याप्रज्ञप्ति)
भगवतीसूत्रवृत्ति
भावाग्निकारिका (हारिभद्राष्टक)
भाषारहस्य
महानिशीथसूत्र
महावीरचरित्र (त्रिषष्टिशलाकापुरुष)
योगदीपिका
राजप्रश्नीयोपाङ्ग
राजप्रश्नीयोपाङ्गवृत्ति
राज्यादिदानदूषणनिवारणाष्टक (हारिभद्र)
लोकविजयाध्ययन (आचारांग)
विचारामृतसङ्ग्रह
विशेषावश्यकमहाभाष्य
विंशिकाप्रकरण
व्यवहारसूत्र
व्यवहारसूत्रवृत्ति
सम्यक्त्वपराक्रमअध्ययन (उत्तराध्ययन)
संमतितर्कप्रकरण
समवायाङ्गसूत्र
सम्यक्त्वप्रकरण
सूत्रकृताङ्गसूत्र
सूत्रकृताङ्गवृत्ति
स्थानाङ्गसूत्र
स्याद्वादरत्नाकर
श्रावकप्रज्ञप्ति
श्रावकप्रतिक्रमणसूत्रचूर्णि
श्राद्धजीतकल्प
श्राद्धविधि
षोडशक
शास्त्रवार्तासमुच्चय

# परिशिष्ट-५

## टीकाकृन्निर्दिष्टग्रन्थकारादिनामानि ।।

| | | |
|---|---|---|
| अष्टकवृत्तिकृत् | धर्मसागर उपाध्याय | वाचस्पतिमिश्र |
| अभयदेवसूरिः | पंचलिंगीकार | वाचकवर (उमास्वातिजी) |
| उदयन | भद्रबाहुस्वामी | व्यास |
| काव्यप्रकाशकार (मम्मट) | मलयगिरि | रामदास |
| गन्धहस्ती | मीमांसक | श्रीहरिभद्रसूरि |
| जयचन्द्र | यौग | श्रीहिरसूरिजी |
| धर्मदासगणी | लघुजित् | श्रीहेमचन्द्राचार्य |

# परिशिष्ट-६

## काव्योपयुक्तालङ्कारनिर्देशः ।।

| | | |
|---|---|---|
| अतिशयोक्ति | निदर्शना | व्यतिरेक |
| अप्रस्तुतप्रशंसा | प्रतिवस्तूपमा | व्यङ्ग्य |
| उत्प्रेक्षा | रसनोपमा | संकर |
| उपमा | रूपक | समम् |
| काव्यलिङ्ग | विनोक्ति | यमक |

# परिशिष्ट-७

## ग्रन्थगतन्यायाः ।।

| | | |
|---|---|---|
| १ अजां निष्काशयतः | १२ गोलांगुलाभरणनिवेश | २३ फलवत्सन्निधाने |
| २ अनियोगपरोऽपि आगमः | १३ घृतं दहति | २४ फलप्रधाना समारंभा |
| ३ अनिषिद्धमनुमतम् | १४ जलं निंदामि पिबामि च | २५ बीजांकुरन्याय |
| ४ अर्धजरतीय | १५ तृणारणिमणिन्याय | २६ यावद्बाधं प्रामाण्यं |
| ५ अप्राप्तप्रापणविधिः | १६ नहि अयं स्थाणो. | २७ रत्नरत्नाकरदृष्टान्त |
| ६ इषुपातज्ञात | १७ नहि नीरोग. | २८ शृंगग्राहिका |
| ७ कृदभिहितोऽर्थो द्रव्यवत् प्रकाशते | १८ निम्नोन्नतन्याय | २९ सविशेषणे हि |
| ८ गले पादिका | १९ नचाशङ्का नचोत्तरम् | ३० सिंहावलोकित |
| ९ गृहपतिपुत्रबन्दिमोक्षण | २० पाशारज्जुन्याय | ३१ स्वशस्त्रं स्वोपघाताय |
| १० गृहप्रवेशेऽभ्युक्षणं | २१ प्रस्थकन्याय | |
| ११ गुडजिह्विका | २२ प्रतिबन्दीन्याय | |

એ જિનપ્રતિમા જિનવર સરખી, પૂજો ત્રિવિધ તુમે પ્રાણી,
જિનપ્રતિમામાં સંદેહ ન રાખો, વાચક જશની વાણી.

જિનપ્રતિમા જિન સરિખી જાણે, પંચાંગીના જાણ,
કવિ જસવિજય કહે તે ગિરુઆ, કીજે તાસ વખાણ.

- શ્રી યશોવિજયજી ઉપા.

જેહને પ્રતિમાશું નહીં પ્રેમ, તેહનું મુખડું જોઈએ કેમ,
જેહને પ્રતિમાશું નહીં પ્રીત, તે તો પામે નહિ સમકિત.

જેહને પ્રતિમાશું છે વેર, તેહની કહો શી થાશે પેર,
જેહને પ્રતિમા નહીં પૂજ્ય, આગમ બોલે તેહ અપૂજ્ય.

નામ થાપના દ્રવ્યને ભાવ, પ્રભુને પૂજો સહી પ્રસ્તાવ,
જે નર પૂજે જિનનાં બિંબ, તે લહે અવિચલ પદ અવિલંબ.

પૂજા છે મુક્તિનો પંથ, નિત નિત ભાખે ઈમ ભગવંત,
સહિ એક નર કવિના નિરધાર, પ્રતિમા છે ત્રિભુવનમાં સાર.

- શ્રી ઉદયરત્નજી ઉપા.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : (૦૭૯) ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in